૧૯૩૪ - 1934

અમારી મુરાદ.

સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂ. ૧-૮-૦

શ્રી જૈન યુથ લીંડીકેટનું મુખ પત્ર
તંત્રી:—ચંદ્રકાન્ત વી. મુતરીયા.

વર્ષ ૧ લું. અંક ૧ લો
સોમવાર તા. [illegible]-૧૯૩૪

સમાજને.... પીડતી.... રાસ્પુટીનશાહી.

અખિલ બ્રહ્માંડમાં 'ધર્મ' એ શબ્દ વધારે વ્યાપક બન્યો હતો. તેની ઢાલ નીચે શયતાનીયત, ઠગાઈગીરી, લૂંટ, વ્યભિચાર અને કિસ્સાખોરી ખુબ ફૂલીફાલી હતી. 'ધર્મ' રૂપ ઝેરથી માણસને બેભાન બનાવી તેના ઇજારદારો મનમાનતી લૂંટ ચલાવતા હતા. હજુ ગઇ કાલેજ પ્રતિહાસને પાને ચઢેલા સ્પેનમાં ધર્મના ઇજારદારો અજ્ઞાન માણસોને અનેક રીતે ભરમાવી તેની પાસેથી અમુક રકમ પડાવી તેને સ્વર્ગનો પરવાનો આપતા હતા, અબળાની મીલકત મેળવી તેમના ઉપર તાગડધિન્ના કરતા હતા, લોકોની પરલોક તરફ દ્રષ્ટિ ખેંચી, તેઓ આ લોકનો આનંદ લોગવતા હતા. આમ વર્ષો સુધી માણતાં એક દિવસ સ્પેન સફાળું ઉંઘમાંથી જાગ્યું, અને એકજ ઘાએ આ ધર્મના ઇજારદારોની ઇંદ્રજાળ તોડી તેને પહેરેલ લુગડે દેશપાર કર્યા. આજે એ સ્વર્ગના ઇજારદારો સ્વર્ગની ટીકીટ ખરીદવા માટે સ્પેનના સીમાડા ઉપર ઉભા રહી ઈશ્વરની પ્રાર્થના કરી રહ્યા છે. પરંતુ હજુ ઈશ્વરે સાંભળ્યું હોય તેમ જણાતું નથી.

બે દાયકા પહેલાંનો રૂશીયાનો ઇતિહાસ પણ તેવોજ કરૂણાજનક છે. એ સમયમાં સમગ્ર રૂશીયામાં રાસ્પુટીનની સત્તા ચાલતી. તેની લાલ આંખથી અનેક માણસોનાં માથાં ધડથી જુદાં થતાં, તેની કૃપા-દ્રષ્ટિથી અનેક માણસો અમીરાત ભોગવતાં, હુંકમાં તે વખતે રાસ્પુટીનનું વાક્ય એટલે ઈશ્વર વાક્ય તરીકે મનાતું. બુદ્ધ બાર પણ તેના વાક્યને ઉથલાવવાની કદિ હામ ભિડી શકતો નહિ; એટલે રાસ્પુટીનની સ્વચ્છંદતા દિન પ્રતિદિન વધવા લાગી. ઈશ્વરના પ્રતિનિધિ તરિકે જાહેર થઇ અનેક કુમારિકાઓનું કૌમાર્ય-વ્રત લૂંટયું. છેક રાજકુમારિકાઓને પણ પોતાની લાલસાની ગુલામ બનાવી. આમ મોજમોજાહ લૂંટતા રાસ્પુટીનનો અંતકાળ નજદિક આવ્યો અને રાજકુમારના હાથે ઠાર થતાં તેનું મુડદું નદીનાં પાણીમાં તણાયું. રશીયા ધર્મ ગુરૂઓના ત્રાસથી મૂકત બન્યું, ત્યારથી તેની પ્રગતિ દિનપ્રતિદિન વધતીજ રહી છે. આજે તેનું સ્થાન દુનિયાની સમર્થ સત્તાઓમાં મોખરે છે. આર્યાવર્તમાં પણ આજ સ્થિતિ છે. તેના લાખ લાખ ગામડામાં કોઈ એવું ગામ નહિ હોય કે જ્યાં સમાજને પૈસે તાગડધિન્ના કરનાર ધર્મના ઇજારદારો નહિ હોય, બહોંતેર લાખ આવાઓ આવા આર્થિક મંદાલીના સમયમાં પારકે પૈસે પરમાનંદ કરી રહ્યા છે.

જૈન સમાજ પણ તેનાથી વિમૂક્ત નથી. પ્રભુ મહાવીરના નામે કરોડો રૂપીઆ મેલાતો અને માંદાને બાંધવા પાછળ ખરચાઈ રહ્યા છે. જ્યારે સમાજ આર્થિક જંજાવાતમાં સપડાયો છે, બેકારી અને શારીરિક અસ્વસ્થતા તેને પીડી રહી છે, ત્યારે આ ધર્મગુરૂઓ ઉપધાન, ઉજમણાં, નવાં મંદિરો અને પુસ્તક પ્રતાને નામે ભદ્રિક લોકો પાસેથી લાખો રૂપિયા પડાવી તેનો મનમાનતો ઉપયોગ કરી રહ્યા છે. આ બીના જરાપણ ચલાવી શકાય તેમ નથી. યુવકોએ આ સમાજને પીડતી રાસ્પુટીનશાહીનો નાશ કર્યેજ છુટકો છે. સમાજના યુવકોએ આજે તેની સામે પડકાર કર્યો છે, તેની સત્તાના અંકોડા ધીમે ધીમે ઢીલા હામ ભીડી છે. જેમ જેમ લોકોની દ્રષ્ટિ પરલોક તરફથી ખસી આ લોક તરફ ચોંટતી જાય આ ધાર્મિક ગુંડાશાહીનો નાશ નજદિકને નજદિક આવતો જાય છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।

सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

તરૂણ જૈન.

સોમવાર તા૦ ૧-૧-૩૪

નૂતન વર્ષના પ્રભાતે.—

અમારી મુરાદ.

સમસ્ત વિશ્વમાં આજે ક્રાન્તિનાં આંદોલનો ફેલાઈ રહ્યાં છે, ડગલે અને પગલે તેનું વ્યાપક રૂપ થતું જાય છે, અને જેમ જેમ તેની વ્યાપકતા વધતી જાય છે તેમ તેમ જીનવાણીનો નાશ નજદીક બહુ નજદીક આવતો જાય છે, અને તે ઈચ્છનીય છે કારણ કે ભૂતકાળના આચારો, વિચારો, વિધિ-વિધાનો કે ક્રિયાઓ વર્તમાનકાળને બંધ બેસતી ન હોય તો તેનો નાશ કર્યેજ છુટકો છે. આજનો ઇતિહાસ બતાવી રહ્યો છે કે જગતની પ્રગતિને આડે જે કોઇપણ બાબત નડતી હોય તો તે જીનવાણીજ છે. એટલે તેનો સંપૂર્ણ નાશ કર્યા પછીજ જગત અને આપણે પ્રગતિના પંથે પડીશું.

આપણા સમાજમાં પણ દિન પ્રતિદિન એ જીનવાણી ભયંકર સ્વરૂપ પકડતી જાય છે, **શ્રીમંતશાહી** અને **સાધુશાહી** ના રૂપમાં એ પોતાનું તાંડવ નૃત્ય ખેલ્યેજ જાય છે, વર્ષોથી આપણો સમાજ આ ક્રૂર રાક્ષસોની સીતમ ચક્કીમાં પીસાયાજ કરે છે, અજ્ઞાન જનસમુદાય ઉપર તેઓ પોતાનું સામ્રાજ્ય ધર્મના નામે ચલાવ્યાજ કરે છે. ઉપરોક્ત રાક્ષસોએ પોતાની સત્તાના સિંહાસનો કાયમ ટકાવવા માટે ધર્મ, સમાજ અને સાહિત્યને એટલું વિકૃત બનાવી દીધું છે, કે તેની આગળ જૈન શબ્દ મૂકવો એ કુદરતનો મોટામાં મોટો અપરાધ કરવા જેવું છે. આ સ્થિતિ જરાયે ચલાવી લેવાય તેમ નથી. આ બાબત જ્યાં સુધી આમવર્ગ પાસે ન મૂકાય ત્યાં સુધી આ રાક્ષસોને દૂર કરવાના કોઇ સંજોગો નથી, એટલે પ્રચાર કાર્ય સિવાય તે બનવું અશકય છે; એ કામ યુવકોને ફાળે જાય છે; યુવકો ઉપર સમાજની મોટી આશા છે, કારણ કે વૃધ્ધો ધાર્મિક, સામાજિક અને આર્થિક આંધીમાં સપડાયા હોઇ સમયને ઓળખી આગળ ધપી શકે તેમ નથી. દુનિયાના દરેક સમાજો, રાષ્ટ્રો અને ધર્મની પ્રગતિ તે તે સમાજના, રાષ્ટ્રના અને ધર્મના યુવાનોથીજ થઇ રહી છે. યુવાની વ્યાપક જાય છે, તેમાં પ્રાણ છે, આત્મભોગ આપવાની તમન્ના પહોંચવાની મુરાદ છે. યુવાન એ શબ્દ કેટલો નિરૂત્સાહીમાં પ્રાણ પૂરે છે ! સ્વયં ગાંધીજી । મહાપુરૂષો કે જેઓ જીવન સંધ્યાના આરે પહોંચવાની તૈયારી કરી રહ્યા છે. તેઓ પણ પોતાને યુવાન તરીકે ઓળખાવવાનું ગૌરવ લઇ રહ્યા છે; આ યુવાનીનું મહત્ત્વ આપણા સમાજના તરૂણો સમજશે કે ?

આ બધી બાબતોનો વિચાર કરીનેજ તરૂણ જૈન અસ્તિત્વમાં આવ્યું છે. તેનો ઉદ્દેશ આ રાક્ષસોના નાશ ઉપરાંત સમાજના સળગતા પ્રશ્નો ચર્ચવાનો છે. આજનું બંધારણ બીન ઉપયોગી છે, તે નવેસરથી રચાય તે માટેના પ્રચારકાર્યની પણ અમને ઉમેદ છે. તદુપરાંત 'સાધુ સંમેલન'ની પણ ખૂબ બાંગ પુકારાઇ રહી છે. જો કે આ બાબત અનવી અમને તો કષ્ટસાધ્ય લાગે છે છતાં એ બાબત બને તો યુવકોના સ્પષ્ટ સિધ્ધાંતો તેની રહામે મૂકવા એક પેપરની પણ આવશ્યકતા હતી, ' તરૂણ જૈન ' એ આવશ્યકતા પૂરી પાડશે.

આપણામાં એક કહેવત કે ' બોલે તેનાં બોર વેચાય ' તેમ યુવકોએ પોતાની પ્રવૃત્તિ આગળ ધપાવવી હોય તો તેને લોકમત કેળવવો જોઇએ, તે માટે સ્વાભાવિક રીતે એક પત્રની જરૂરત ઉભી થાય છે. આ બાબત માટે 'તરૂણ જૈન'ના કોલમો હંમેશાં ખુલ્લાં રહેશે.

આપણો સમાજ એ એક એવો સમાજ છે કે વીસમી સદીના પ્રગતિકારક યુગથી ઘણોજ પછાત છે, અનેક નિરર્થક ચર્ચાઓ અને આંતરિક કલહોથી તેનું હાર્દ સડી ગયેલું છે, ખૂબ મતભેદ, આપસમાં ઇર્ષ્યા અને દ્વેષથી પક્ષભેદનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે, રૂઢિચુસ્તતાની જંજીરમાં સપડાયેલો ટુંકી દૃષ્ટિવાળો સમાજનો અમુક વર્ગ યુગ પ્રવાહથી તદ્દન વિમુખ ચાલી રહ્યો છે, અને તેમ કરી નિરર્થક સમય તેમજ પૈસાની બરબાદી કરી પોતાનો હ્રાસ કરી રહ્યો છે. અને તેમ કરી સારીયે આલમમાં સમાજ, ધર્મ અને સાહિત્યને નિંદનીય સ્થાને મૂકી રહ્યો છે. પ્રભુ મહાવીરની વિશ્વ બન્ધુત્વની દિવ્ય ભાવના તેમજ તેમના જગત વ્યાપક સુંદર સિધ્ધાંતોને કચડી રહ્યો છે. યુવકો માટે આ બીના અસહ્ય છે. તેણે તેની સામે ખૂબ આંદોલનો ઉભાં કર્યાં છે, છતાં હજુ પણ તે માટે પ્રયત્ન કરવાની જરૂર છે. છેલ્લી જૈન યુવક પરિષદ પછી યુવક પ્રવૃત્તિમાં ખૂબ ઓટ આવી છે. જો કે ભરતી ને ઓટ એ કુદરતનો અટલ નિયમ છે, પણ આ નિષ્ક્રિયતા હવે લાંબો વખત ચલાવી લેવી જોઇતી નથી. જ્યારે દરેક સમાજો પ્રગતિને પંથે પડી રહ્યા હોય, ત્યારે આપણા યુવકોનું મૌન કોઇપણ રીતે ઉચિત નથી, આપણે પણ કર્તવ્ય પંથે પડવાને કટિબધ્ધ થવું જોઇએ. 'તરૂણ જૈન' તે માટે માર્ગ દર્શન કરાવશે.

આપણે ત્યાં અનેક મંડળો છે, ફંડો છે; શાળાઓ છે, તેમાં ખૂબ સુધારણાને અવકાશ છે. એટલે 'તરૂણ જૈન' હંમેશાં નિડરતાથી તેના ગુણદોષમાં ઉતરશે. આમ અનેક દૃષ્ટિબિન્દુથી 'તરૂણ જૈન' અસ્તિત્વમાં આવ્યું છે.

'તરૂણ જૈન'ના પહેલા પેજ ઉપર જે ચિત્ર આપવામાં આવ્યું છે તેમાં ઉપરોકત બાબતો સમાવવામાં આવી છે. સમાજ અને ભાવી પ્રજા, જુના ધર્માધ્યક્ષો અને પટેલીઆઓના જુલ્મ અને બંધનમાં છે. 'તરૂણ જૈન' તેના બંધનો તોડી તેને પ્રગતિના માર્ગે વાળશે, બાળસૂર્ય તરૂણ વયનું સૂચન છે. આધુનિક નગરનો દેખાવ નવા યુગનું સૂચન છે.

પ્રગતિના શિખરેથી

મુનિ સંમેલન:—

આપણા સમાજમાં વર્ષોથી અનેક નિરર્થક ચર્ચાઓ ચાલે છે, એ ચર્ચાઓએ વર્ગભેદ ઉભા કર્યા, વર્ગભેદે દ્વેષ ફેલાવ્યો, અને દ્વેષે આજે સમસ્ત જૈન સમાજની છિન્નભિન્ન સ્થિતિ કરી મૂકી છે. આ બધી બાબતોના મૂળમાં સાધુઓ છે. શાસ્ત્રોને નામે તેઓએ ખૂબ મતભેદો જગાડયા છે, ખૂદ તેઓમાં પણ સમવિચાર નથી અને સૌ કોઇ પોતાના કર્તવ્યના બચાવ માટે શાસ્ત્રોની આડ ધરે છે, શ્રાવકોને એ શાસ્ત્રો જોવાની સત્તા નથી, એટલે તેમની અજ્ઞાનતાનો લાભ લઇ સમાજની સત્તા સાધુઓએ હાથ કરી, તેમાં પણ ઇર્ષ્યા અને હરીફાઇ જાગી, અમુક સાધુની કીર્તિ જોઇ પોતાને તેનાથી વધારે મહાન કહેવડાવવાને ખાતર અંગત બાબતોમાં ઉતરી પડયા, સેવકોના વર્તુલો તૈયાર કર્યા અને બિભત્સ તેમજ ગંદુ સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું; ખૂદ ઘરમાંજ આગ લાગી. એક ગુરૂના દશ શિષ્યો હોય તેમાંથી પણ ઐકયનો નાશ થયો. આમ દરેક રીતે સાધુતામાં સમાજ નિષ્ફળ નિવડયો ત્યારે સમાજનો અમુક સમજુ વર્ગ ભૂતકાળને દૃષ્ટિ સમક્ષ રાખી મુનિ સંમેલન ભરાય એમ ઇચ્છવા લાગ્યો, તે માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા, પરંતુ જ્યાં સુધી હૃદયની મલીનતા હોય ત્યાં સુધી તેમાં સફળતા કદિ મળેજ નહિ, આમ દરેક પ્રયત્નો નિષ્ફળ નિવડયા એટલામાં રહ્યા. જૈન મુનિ સંમેલન અજમેરમાં ભરાયું, તેઓએ સમયાનુસાર પોતાના કાયદા કાનૂનો ઘડયા; જ્યાં જ્યાં મતભેદો હતા, ત્યાં ત્યાં જુદી જુદી કમિટિઓ દ્વારા તેનો નિકાલ કરવા લાગ્યા અને ઘણાખરા મતભેદોને દૂર કરી સાધુ સંમેલનને લગભગ સફળ બનાવ્યું. એ પ્રસંગનો લાભ લઇ રહ્યા. કોન્ફરન્સનું અધિવેશન પણ ત્યાંજ ભરાયું અને સમાજનું મજબૂત બંધારણ બનાવ્યું. આ બંધારણની સત્તા નીચે સાધુઓને આણ્યા, ત્યારેજ સાધુઓ ઠેકાણે આવ્યા. આજે તેમના પ્રમુખ તે બંધારણના અમલ માટે ખૂબ જહેમત ઉઠાવી રહ્યા છે. આ સ્થિતિથી આપણા સમાજમાં પ્રેરણા મળી, મુનિ સંમેલન માટે ફરી ફરી પ્રયત્નો કરવામાં આવ્યા અને તેમાં સફળતા સાંપડી હોય તેમ કસ્તુરભાઇ મણીભાઇના 'મૂર્તિપૂજક જૈન સંઘોને વિનંતિ' નામના જાહેર નિવેદનથી જણાય છે. આ પ્રયાસ સ્તુત્ય છે, પરંતુ તેમને સફળ બનાવવા માટે પહેલાં અનેક મતભેદોનો નિકાલ લાવવો પડશે. દાખલા તરીકે જે જે સાધુઓએ સઘની મર્યાદાનો ભંગ કર્યો છે તેમને મુનિ સંમેલનમાં આમંત્રણ આપી શકાય કે નહિ ? મુનિ સંમેલન પહેલાં આ પ્રશ્નનો ઉકેલ લાવવો જરૂરી છે, કારણકે કેટલાક સાધુઓને પાટણ અને જામનગરના સંઘોએ જૈન સાધુ તરીકે નહિ માનવાનો પોતાનો અભિપ્રાય જાહેર કર્યો છે. આ બાબત જો અમદાવાદનો સંઘ લક્ષ્યમાં ન લે, તો સંઘ સંઘમાં અથડામણ ઉભી થશે. જામનગરના સંઘની આમન્યા અમદાવાદનો સંઘ આજે તોડશે તો આવતી કાલે જામનગરનો સંઘ અમદાવાદના સંઘની આમન્યા તોડશે, પાટણ તો મકકમ ઉભુંજ છે. આમ થવાથી એક બીજા સંઘોની આમન્યાઓ તૂટશે, નિરર્થક વિખવાદ ઉભો થશે, અત્યાર સુધીની અમદાવાદના સંઘની સર્વોપરિતા ઉપર ઝાંખપ લાગશે. એટલે અમદાવાદના સંઘને જો મુનિ સંમેલન સફળ બનાવવું હોય તો જે જે સાધુઓને જે જે સંઘોએ સંઘ બહાર કર્યા છે, તે તે સંઘોની તે તે સાધુઓ પાસે માફી મંગાવે અથવા તો સંઘ અને સાધુ વચ્ચેના વિખવાદને દૂર કરી સંઘોના ઠરાવો પાછા ખેંચી લેવરાવે. કદાચ ઘડીભર એમ માની લઇએ કે મુનિ સંમેલન ઠરાવો કરવામાં સફળતા મેળવે તો એ ઠરાવોને અમલમાં મૂકવા માટે સંઘ સત્તાની સર્વોપરિતા સ્વીકરાવવાની અનિવાર્ય આવશ્યકતા છે. જો સંઘ સત્તાની અવગણના કરવામાં આવે તો મુનિ સંમેલનનો કશો અર્થ નથી. એટલે મુનિસંમેલન સફળ ત્યારેજ થઇ શકે કે જે નિશ્ચયો તે કરે તેને અમલી કાર્યમાં મૂકવા તેની પાછળ કોઇ જબરજસ્ત સત્તાનું પીઠબળ હોય. આપણે વ્યવસ્થિત બની જો તેની પાછળ પીઠબળ ઉભું કરીએ તોજ તે સંમેલન સફળ થાય, અન્યથા તેની સફળતા ઉપર અમને જરાયે વિશ્વાસ નથી. અમને આશા છે કે મુનિ સંમેલનને નોતરનારાઓ તેની શકયતા તેમજ સફળતાની વિચારણા કરીનેજ આગળ પગલું ભરશે કે જેથી બીજો કશો ઉલ્કાપાત ન મચે.

યુવક પ્રવૃત્તિ

જગતમાં જ્યારે યુવક પ્રવૃત્તિનાં પૂર ફરી વળ્યાં છે, નવચેતન અને પ્રાણનો સંચાર થઇ રહ્યો છે, ત્યારે દિન પ્રતિદિન આપણામાં નિષ્ક્રિયતા આવી રહી છે. જ્યારે ચોમેર દાવાનળ સળગી રહ્યો હોય, જ્યારે આપણા નાશની નોબતો વાગી રહી હોય, ત્યારે આપણાથી ચૂપ કેમ બેસી શકાય તે સમજમાં આવતું નથી. આજે આપણી પ્રવૃત્તિમાં ખૂબ ઓટ આવી છે, આજે આપણી પાસે રચનાત્મક કોઇ જાતનો કાર્યક્રમ નથી. એ બાબત યુવકો માટે શરમાવનારી છે. સને ૧૯૩૧ ની યુવક પરિષદનો ઉત્સાહ આજે લગભગ મંદ થઇ ગયો છે. તે ઉત્સાહ કેમ મંદ થયો તેની વિગતોમાં ન ઉતરતાં અત્યારે તો માત્ર એટલીજ સૂચના આપવી બસ થશે કે જે સંજોગોમાં એ પરિષદનું કાર્ય પડી ભાંગ્યું હતું, એ સંજોગો પલ્ટાયા છે. તેના પ્રમુખ જેલમાંથી બહાર આવ્યા છે. તેની વર્કીંગ કમિટિના સભ્યો અને મંત્રીઓ બધા છૂટા છે. તેઓ જો પોતાની જવાબદારી સમજે અને કોઇ પણ જાતની, પરિષદના ધ્યેયને અનુસરીને પ્રવૃત્તિ હાથ ધરે તો યુવકોમાં કંઇક ઉત્સાહ પ્રગટે એમ અમે પ્રામાણિકપણે માનીએ છીએ. સમાજમાં આજે કાર્ય કરવાનાં અનેક ક્ષેત્રો અસ્તિત્વમાં આવ્યાં છે, તેમાનાં અમુક ક્ષેત્રો પસંદ કરી યુવક પરિષદની વર્કીંગ કમિટિ ઘણું ઘણું કરી શકે તેમ છે. તેનામાં શકિત છે, તે શકિતનો સદુપયોગ કરે એમ ઇચ્છવું અસ્થાને તો નથીજ. ત્યાર પછી યુવક પ્રવૃત્તિને વેગ આપવા તેનું સંગઠન સાધવા યુવક પ્રતિનિધિનું એક સંમેલન વડોદરામાં ભરાયું અને જૈન યુવક મહામંડળ અસ્તિત્વમાં આવ્યું. તેના બંધારણ માટે એક કમિટિ અને સેક્રેટરીઓની નિમણુંક કરવામાં આવી. તેમાં લગભગ ચૌદેક મંડળો જોડાયાં. એ મંડળો કેટલી પ્રગતિ કરી તે જાણવામાં આવ્યું નથી. જો કે તેના મંત્રીઓ ઉત્સાહી અને સેવાભાવી છે, છતાં જ્યાં સુધી કંઇ કાર્ય હાથ ધરવામાં ન આવે ત્યાં સુધી જનતાની દૃષ્ટિએ તેની કશી કિંમત નથી, એ બાબત કાર્યકર્તાઓ લક્ષ્યમાં લે એમ અમે ઇચ્છીએ છીએ.

પુરાતનવાદ નીચે સુરંગ ગોઠવો

—અમીચંદ

[જ્ઞાતિ અને ઘેાળના વતુ'ળેામાં વર્તમાન જૈન જગતમાં થવા જોઈતા ફેરફારોને લગતો શ્રી. અમીચંદ શાહનેા નીચેનેા અભ્યાસ પૂર્ણ લેખ જૈન આલમના યુવાનેા વાંચે, વિચારે અને લેખનેા ધ્વનિ અંતરની પ્રેરણા સાથે ઝીલવા યત્ન કરે. —તંત્રી.]

જગતની સપાટીપરના સર્વ ધર્મોમાં જૈન ધર્મ જ્ઞાતિ વાદને પેાષનારેા નથી પણ તેનેા કટ્ટર વિરેાધી છે એમ કહીએ તેા લગારે ખેાટું નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રમાંથી કેાઇપણ એ ધર્મ સ્વીકારી શકે છે અને જૈન સમાજમાં ભળી શકે છે. એટલે જૈન સમાજમાં ઉંચ, નીચ, દશા, વિશા ઓસવાળ, પેારવાળ ને શ્રીમાળી જેવા વાડાઓને સ્થાનજ નથી. છતાં અન્ય સમાજની દેખાદેખીથી અથવા અન્ય કારણેાવસાત ભૂતકાળમાં જ્ઞાતીના વાડા બંધાયા. ત્યારનેા હેતુ ગમે તેટલેા લાભદાયી હેાય પરંતુ આજ કાલ તે બંધનેા પડતીના પંથે લઈ જઇ પ્રગતિને રૂંધનારાં નિવડયાં છે, એટલે તે બંધનેાને તેાડી દરેકે મુક્તિ મેળવવીજ જોઇએ.

જ્ઞાતિ બંધનેાના અનિષ્ટ પરિણામેાથી તેને છેદવાનું કહેવામાં આવે છે ત્યારે તેના રખેવાળ સૂત્રધારેા અને લાગતા વળગતાઓ દલીલ કરે છે કે "ઘરડા ગાંડા નહેાતા, નાત તેા ગંગા છે એને ભાંગે તેનું ઘર ભાંગે" આવી વાયડી વાતેા કરી ભેાળી જનતાને ઊંધાં ભણાવનારા સાચી વાત છુપાવે છે, અથવા ચડતી પડતીનેા વિચાર કરવાની બુદ્ધિ ગિરેા મૂકી છે. નહિ તેા એમની નજર આગળ બળ તુટતુ જાય છે, ઉંચનીચના ભેદ વધતા જાય છે, વસ્તી ઘટતી જાય છે. એકંદર દરેક પ્રકારે પડતી દેખાય છે, છતાં એ સત્તાના શેાખીનેા એની સરી જતી સત્તાના બચાવ અર્થે આવાં ગુલાબાનેા ઉડાડી પડતા ઉપર પાટુ મારવા જેવી શેખી કરે છે. છતાં સત્તાના મદમાં ગળે ન ઉતરે તેા એમનીજ જ્ઞાતિનું પચ્ચીસ વર્ષથી આજ સુધીનું વસ્તી પત્રક જોઇ વાળે અને વસ્તી ઘટી હેાય તેા એના કારણ તપાસી વાડાના મેાહ છેાડી સમાજ ઉન્નતિના કાર્યમાં સાથ દે.

જ્ઞાતિ બંધારણેા અને રૂઢિ રક્ષકેાના ત્રાસથી સમાજની કેટલી પીછે હઠ થઇ છે તે જોઇએ.

જેઓ લગ્ન કરવાને નાલાયક છે એટલે વૃધ્ધ કે બુડથલ છે, રેાગી છે, તેઓ પૈસાના જોરે કે લાગવગથી એક ગભરૂ બાળા સાથે લગ્ન કરી તેની જીંદગી બરબાદ કરી શકે છે, ઢીંગલાઢીંગલી જેવાં નાનાં બાળકેાને પરણાવી શકે છે, આબરૂના ઓઠાં નીચે પારણામાં ઝુલતાં દુધમલ બાળકેાના વેવિશાળ થઇ શકે છે, બાળવિધવાને લગ્ન કરવાની પરવાનગી આપવાના નનૈયા ભણાય છે, ત્રણ ચાર વાર વરરાજા બની ચાર પાંચ બાળકના પિતા બનેલા ચેાથી પાંચમીવાર વરરાજા બની શકે છે, મેજર જેવી દિવાલેા ઉભી કરીને અનેક ઘરેાને તાળાં મારવા જેવી સ્થિતિ ઉભી કરી શકે છે. આ વસ્તી ઘટવાનાં મુખ્ય કારણેા છતાં એની રૂકાવટ બદલે આબરૂ લ્હાવા અને સત્તાના તુમાખ નીચે સમાજવિનાશક તત્વેાને પંપાળવામાં આવે છે.

જ્ઞાતિ બંધારણથી તેના વાડા બહાર દિકરી આપી શકાતી નથી, છતાં કેળવણી પ્રગતિનું કારણ લાગવાથી તેની પુત્રીને વાલી ભણાવે છે. પણ તેની ન્યાતમાં નજર કરતાં જ્યારે આગળ ભણતા છેાકરાઓનેા અભાવ જુએ છે ત્યારે પેાતાની દિકરીને જ્ઞાતની પરબનું પાન કરતી રેાકી દે છે, કારણ કે જ્ઞાતિ ભંગના નિયમેા અને રૂઢિ જુલ્મેાએ એને એવેા ડરપેાક બનાવી દીધેા છે કે એ સુરંગ મૂકતાં મુંઝાય છે. જ્યારે કેાઇ દિકરીના ભેાગે દિકરા પરણાવવા માગે છે, એટલે એ બિચારા ભાવિનેા વિચાર કર્યા સિવાય દિકરીનેા અભ્યાસ ઢુંકાવી નાખે છે. આ બધાનું મુખ્ય કારણ, જ્ઞાતિબંધારણની સંકુચીત મનેાદશા અને જુલ્મી કાયદાઓ છે, તેણે કન્યા કેળવણી રૂંધી છે, એમ કહેવું પડશે. જે સમાજ કન્યા કેળવણીમાં એકદમ પછાત હેાય તે ગમે તેવી મહેચ્છાઓ સેવે છતાં એ મહેચ્છાઓ આકાશ કુસુમવત્ જેવીજ નિવડે.

જ્ઞાતિ ભેદના વિચારેાએ, અમે મેાટા ને 'બીજા' નહાના ના ભેદભાવેા ખડા કર્યા છે; તેમ સાળવી, સાંડેસરા, ભાવસાર, પાટીદાર, વિગેરે ચૂસ્ત જૈનેા સાથે બેશીને જમતાં વટલાઈ જવાનું ભૂત ઉભું કર્યું છે. આથીજ ઉંચ નીચના ભેદભાવ પેદા કરી મતભેદ અને વેરવિરેાધ વધારી પેાતેજ પેાતાના પગપર કુહાડેા મારી પેાતાનેા પાયેા તેાડી પાડવા જેવું કર્યું છે. જે સમાજમાં 'સવિ જીવ કરૂં શાસનરસી' જેવી ઉંચ ભાવના છે તે સમાજને જ્ઞાતિ બંધારણ જેવા રૂઢિ રિવાજે સમાજના ચૈતન્યને હણી નાંખ્યું છે, શક્તિનેા ઉચ્છેદ કરી નાંખ્યેા છે, નાશ કર્યો છે.

હાલના જ્ઞાતિ બંધારણેા અને તેના નિયમેા જોઇશું તેા મુખ્યત્વે મેજર લેવાના, તેજ વાડામાં કન્યા લેવડ દેવડના, સગપણ અને લગ્ન અંગે આપલેના, જમણને લગતા, મરણ અંગે જમવા જમાડવા, વિગેરે હાનિકારક નિયમેા સિવાય ભાગ્યેજ કેાઇ જ્ઞાતિમાં કેળવણીને ઉત્તેજન આપનારા, સાદાઇ, સંયમ, રાષ્ટ્રભાવનાને ખીલવનારા, બાળ સગપણ, બાળ લગ્ન, વૃધ્ધ વિવાહ, એક ઉપર બીજી કરવાના વગેરે કુરિવાજોને રેાકનારા, નિયમેા બાંધ્યા હેાય; આ રીતે જ્ઞાતિ બંધારણથી બધી નુકશાનીનેા હિસાબ મૂકતાં નફામાં મીંડુ અને નુકશાનનેા પાર નહિ.

આ ઉપરથી સમજી શકયા હશેા કે હાલના જ્ઞાતિ બંધારણેા, તડેાને ઘેાળેાના વાડાઓ સમાજને વિનાશના પંથે ધસડી રહ્યાં છે. તેમાંથી સમાજનું રક્ષણ કરવા સંયમ અને શ્રધ્ધાથી લેાકમત કેળવી એ તંત્રને સુધારવા પ્રયત્ન કર્યેજ છૂટકેા છે. કદાચ એ તંત્ર નજ સુધરે તેા એના કહેવાતા કાયદા કાનુનેા, જીર્ણ બનેલ રીતરિવાજો અને રાક્ષસી રૂઢિઓની દિવાલેાને જમીનદોસ્ત કરવા સુરંગેા ગેાઠવવી જોઇએ, સાથે એક છત્ર નીચે સમાજને એકત્ર કરવા વિશાળ અને પ્રગતિકારક બંધારણ નીચે સંગઠનની મહેનત કરેા.

જ્ઞાતિરૂપી વાડાના રખેવાળેા માટે એજ રસ્તા છે. કાંતેા વર્તમાનકાળને અનુકૂળ એવેા વિશાળ સમાજ રચવામાં જ્ઞાતિઓને સાધનભૂત બનાવે યા તેા જ્ઞાતિ તંત્રનેા વિનાશ થવાદે.

વિશાળ અને પ્રગતિકારક બંધારણ ઉપર હવે પછી.

જંગલમાં મંગળ અને રાજા ચહાય સો કરે !

—પરમાણુંદ

[શ્રીયુત પરમાણુંદ કાપડીયાથી જૈનસમાજ ખૂબ પરિચીત છે, વિચારક તરીકે સારાયે જૈનસામાજમાં તેમનું સ્થાન મોખરે છે, અનેક વખતે તેમણે નૂતન વિચાર સરણી રજુ કરી ક્રાંતિનાં આંદોલનોને અસ્તિત્વમાં આણ્યાં છે, આ લેખમાં તેઓશ્રીએ, નવાં મંદિરો અને મૂર્ત્તિઓ પાછળ જે લાખો રૂપીયાનો લખલૂંટ નિરર્થક ખર્ચ કરવામાં આવે છે. તે આધુનિક પરિસ્થિતિમાં કેટલો બધો પ્રતિકૂળ છે, એ મંતવ્યને સૂચવતા પોતાના સ્પષ્ટ વિચારો રજુ કર્યા છે. —'તંત્રી.']

શ્રી શત્રુંજ્ય તીર્થની બાર ગાઉની પ્રદક્ષિણાએ જતાં શેત્રુંજી નદી ઓળંગ્યા બાદ ખોદાનેનેસ નામનું એક ગામડું આવે છે. તેની બાજુએ એક નાની સરખી સૂકી ઝાડપાન વિનાની ત્રિશંકુ ઘાટની ટેકરી છે, તેને કદંબગિરિના નામથી ઓળખવામાં આવે છે. તે ટેકરી ઉપર એક નાની સરખી દેરી છે. બાર ગાઉની પ્રદક્ષિણાએ જનાર યાત્રાળુઓ કદંબગિરિ અને આગળ ચાલતાં હસ્તગિરિ એ બન્ને સ્થળની યાત્રા કર્યા વિના રહેતા નથી. જેમ મોટા ગ્રહ સાથે નાનાં ઉપગ્રહો જોડાયલા હોય છે તેમ શ્રી શત્રુંજ્ય તીર્થનાં આ બે ઉપતીર્થો છે. કદંબગિરિની તળેટીમાં આવેલ ખોદાનેનેસ ગામ ભાવનગર અને પાલીતાણાની સરહદ ઉપર આવેલ હોવાથી ચોર લુટારૂને ભરાઇ બેસવા માટે એક ઠીક સગવડ પડતું સ્થાન ગણાય છે. આ ગામની આસપાસનો પ્રદેશ તદ્દન વેરાન છે, ઉનાળામાં અહિં પાણીની સારી રીતે ખેંચ રહે છે. આ ગામથી રેલ્વે લાઇન લગભગ પચ્ચીસથી ત્રીશેક માઇલ દૂર છે તેથી બહારની દુનિયાનો અહીં બહુજ ઓછો અવર જવર રહે છે.

આવા નિર્જન, નિર્વૃક્ષ અને નિર્જળ પ્રદેશનું ભાગ્ય એક દિવસ ઉઘડ્યું અને અનેક શિષ્યચક્રધર શ્રી વિજય નેમિસૂરિને આ સ્થળ ઉપર ભવ્ય દેવાલયો બાંધવાનો અને એ રીતે કોઇ રસ્તે ચાલ્યા જતા સાધારણ સાધુને એકાએક આચાર્ય બનાવી દેવામાં આવે તેવી રીતે કદંબગિરિને કલિકાળનું એક મહાતીર્થ બનાવી દેવાનો મનોરથ ઉપજ્યો. દર્શને આવતા શ્રીમાન શ્રાવક શ્રાવિકાઓ પાસે બસ એકજ વાત મુકવામાં આવતી કે કદંબગિરિમાં બાવન જિનાલય કરવું છે, અને તેમાં તમો શું ફાળો આપો છો ? પરિણામે કદંબગિરિના ખોળામાં આજે એક ભવ્ય બાવન જિનાલયની ધજાઓ ફરકી રહી છે અને તેના ધ્વજ દંડ ઉપરની ટેકરીઓ આચાર્યશ્રીનો મહિમા ગાઇ રહી છે આ જિનાલય અને તેને લગતી અંજનશલાકા અને પ્રતિષ્ઠામાં આશરે સાંડાત્રણથી ચાર લાખ રૂપિયાનો શ્રાવક સમુદાયને ખર્ચ થયો હશે એમ માનવામાં આવે છે. કદંબગિરિના તીર્થોદ્ધારનું પ્રકરણ હજુ એથી પણ મોટી રકમ બીજાં મંદિરો બંધાવવા પાછળ અને તેને લગતી પ્રતિષ્ઠા મહોત્સવો પાછળ ખરચવાની યોજનાનો ફાળો ચાલુજ છે અને તે ફાળાની ઝોળીમાં દ્રવ્યની ભરતી ભરાઇ રહી છે.

આમ જંગલમાં મંગળ ઉભું કરવાની સત્તા સર્વ સાધુઓમાં માત્ર શ્રી વિજયનેમિસૂરિનેજ વરી છે. પાનસર ગામ પાસે એક બહુ સુન્દર મૂર્તિ ખોદકામ કરતાં નીકળી આવી છે એવી ખબર આવી. મહારાજજીએ ઉદ્‌ઘોષણા કરી કે ત્યાં એક મોટું મંદિર અને ધર્મશાળા ઉભાં થવાં જોઇએ અને બે કે ત્રણ વર્ષમાં તે પ્રદેશની રોનક ફરી જાય છે. શેરીસામાં મૂર્તિ પ્રગટ થઇ અને મહારાજજીએ આદેશ કર્યો કે ત્યાં પણ એજ પ્રમાણે વિના વિલંબે ભવ્ય દેવાલય રચાવું જોઇએ અને બે પાંચ વર્ષમાં જોવામાં આવે છે તો શેરીસા પણ વર્તમાન કાળના તીર્થોમાં અગ્રપદે શોભી રહ્યું છે. તેઓના ધ્યાન ઉપર આવે છે કે બેડા માતર બહુ પ્રાચીન તીર્થ છે અને તેનો ઉધ્ધાર થવોજ જોઇએ અને તે પ્રમાણે ત્રણ ચાર લાખ રૂપિયા ખરચવાના શ્રીમાન તેમને વિના વિલંબે મળી આવે છે. તેમને એક કાળે લાગે છે કે તળાજાના ડુંગર ઉપર એક મંદીર પૂરતું નથી એટલે મહારાજના મંદિર મનોરથ પુરો પાડવાને કોઇ બ્હેન કે ભાઇ તરતજ નીકળી આવે છે અને મુખ્ય મંદિરની બાજુએ એક ભવ્ય જિનાલય બંધાઇ જાય છે. આવીજ રીતે કદંબગિરિ ઉપર મહારાજ કૃપા કટાક્ષ ફેંકી રહ્યા છે અને ભોળી શ્રાવક જનતા આજે તે સ્થળ ઉપર દ્રવ્યનો વરસાદ વરસાવી રહેલ છે. જે કાર્ય રાજા મહારાજાઓથી પણ નીપજવાં મુશ્કેલ છે, તે શ્રી વિજયનેમિસૂરિ માટે ખરેખર સહેલ છે !!!

પ્રશ્ન તો એ છે કે આજે જ્યારે દેશમાં દારિદ્રય, બેકારી અને ભુખમરો વધતો જાય છે, આપખૂદ સત્તાના નિયંત્રણ નીચે દેશ કચડાતો જાય છે અને દુષ્કાળ, બીમારી કુદરતી પ્રકોપો દેશના પ્રાણ ચુસતા જાય છે ત્યારે આપણા આચાર્ય મહારાજને આવાં મંદિરો અને મહોત્સવો સિવાય બીજું કશુંજ સુઝતું નથી અને તેમની આ ધુનમાંથી તેમને કોઇ રોકી શકતું નથી, કોઇ તેમને પૂછી શકતું નથી, કે મહારાજજી, આવી હાડમારીઓના સમયમાં આપ શ્રાવકો પાસે બીન જરૂરી મંદિરો ઉભાં કરવાં પાછળ શા માટે પૈસા ખરચાવો છો ? કોઇપણ કાર્યમાં રહેલું ધર્મ તત્વ તેને લગતી મર્યાદાને અવલંબીને ઉભું છે. એ મર્યાદા ઓળંગો એટલે એક કાર્ય ધર્મમય ગણાતું હોય એ અધર્મમય થઇ જાય છે. દાખલા તરીકે દાન દેવું તે ધર્મ ત્યાં સુધી ગણાય કે જ્યાં સુધી તમારૂં દાન પાત્રને પહોંચતું હોય પણ નિરૂદ્યમી બ્રાહ્મણોને જમાડવા પાછળ અને હરામખોર ભિક્ષુકોના પેટ ભરવા પાછળ તમે દ્રવ્ય વેર્યા કરો તો તે દાન ધર્મમય નથી રહેતું પણ તેમાં અધર્મનો અંશ ભળે છે. આવીજ રીતે જ્યારે ચોતરફ દુષ્કાળ વ્યાપી રહ્યો હોય અને અનેક માણસો ભુખે મરતાં હોય ત્યારે તેમની અવગણના કરીને તમે એક મોટો મહોત્સવ આદરો અથવા તો બીલકુલ બીન જરૂરી મોટું મંદીર ઉભું કરો તો તે કાર્યને કોઇ કદિ પણ ધર્મમય નહિ કહે. તોપછી અહિં પણ આપણે વિચારીએ કે દેશ તેમજ સમાજ ભારે કટોકટીના સમયમાંથી પસાર થાય છે; સમાજની અનેક જરૂરીયાતો વણપુરી આપણી સામે આવીને ઉભી છે; કેળવણી–ઉદ્યોગ–આરોગ્ય–આદિ અનેક વિષયમાં આપણે સર્વ દેશો કરતાં ખૂબ પછાત છીએ,— આ સર્વની ઉપેક્ષા કરીને આજે આપણને કદંબગિરિ જેવા તદ્દન બીન જરૂરી મંદીરો ઉભાં કરવાં કેમ

ધર્મનું શુદ્ધિકરણ.

—લાલચંદ જયચંદ વોરા.

અત્યારે સર્વ દિશાએ વિવિધ પ્રકારનું મંથન ચાલી રહ્યું છે. સૌ સૌના સ્વદેશીની પ્રગતિ અને પ્રચાર જગતભરના સમજુ અને બુદ્ધિવાદી મહારથીઓ મથી રહ્યા છે.

શક્તિશાળીઓ સત્તા મેળવવા માટે અને સત્તા થકી નિર્બળ પ્રજાઓનું રક્ષણ કરવા માટે અનેક પ્રકારની ગડમથલો કરી રહ્યા છે.

ત્યારે ધર્માચાર્યોની સ્થિતિ જગત ભરમાં દયાજનક થઇ પડી છે.

અર્થશાસ્ત્રની શુધ્ધિ કરવા જતાં મુડીલોલુપ અને લાલચુવર્ગ કોચવાશે, રાજકીય શુધ્ધિ કરતાં રાજ્ય દંડાઓને શરમાવું કે કરમાવું પડશે પણ ધર્મની શુધ્ધિ કરતાં કોઇને કોચવવાનું કે કરમાવાનું નહિ રહે, કારણ? કારણ તેમાં તો ધર્મના ઠેકેદારે પોતાને મરીને જીવવાનું છે. યજ્ઞમાં પોતેજ બલી બનવાનું છે.

અર્થ શુદ્ધિ કે રાજકારણની શુદ્ધિ અર્થે અથડામણો છે, લડાઇઓ છે. કંઇકે હોમવાનું છે, અન્યને પણ હોમવાના છે, ધર્મના શુદ્ધિકરણમાં દિવડો બળીને અન્યને પ્રકાશ આપે છે તેમ પોતાનેજ હોમાવાનું છે.

આ વસ્તુ સાચી હોય તો પછી આ બધી અવ્યવસ્થા અને અંધાધુંધી કેમ છે?

અર્થ શાસ્ત્રીઓ, કરોડોને નંવરાશની વેળા રોજ એક પૈસાનું કાંતવાનું કહે છે છતાં કેમ કોઇ કાંતતું નથી? અથવા કોઇકજ કાં કાંતે છે?

રાજદ્વારીઓ કરોડોને, કંઇક ભાગ ભૂખ્યા અર્થે રાખ્યા પછી, નિર્બળ અર્થે થોડો સમય આપ્યા પછી, ખાવાનું કે આરામ કરવાનું કહે છે. કેમ સૌ સમુદાય ટગરટગર એક બીજાની રાહ જોઇ રહ્યા છે? અથવા બહુજ અલ્પ જીવો યજ્ઞમાં અર્પે છે?

અને– અને ધર્માચાર્યો, ધર્મનો ધુબ્બરો ધરાવનારા શા માટે 'સર્વત્યાગ' (?) કરી અહિં તહિં વિચરી રહ્યા છે?

ધર્માચાર્યો કહે છે 'ધર્મ જીવશે તો સર્વ જીવશે, ધર્મને જીવતો રાખો.

બીજી બાજુ ધર્મ એમ કહે છે કે 'મારૂં અવલંબન જે કરશે તેણે ખપી જવું પડશે. ધર્મ સાથે વિશાળ અપાસરા અને આડંબર ન હોય, ધર્મ પાસે ગદ્દગદીયા થાય તેવી મલમલ કે કાશ્મીરી શાલો ના હોય, ધર્મ પાસે મિષ્ટ ભોજનો ના હોય. ધર્મ પાસ હજારો હાજીયા ના હોય.

છતાં આપણે સગી આંખે જોઇએ છીએ કે આ બધું ધર્માચાર્યો (!) અને એવી ઉપાધી ધરાવનારા વર્ગ પાસે મોજુદ છે.

આ કોયડો ઉકલતો નથી.

કારણ કે અત્યારના ધર્મના ઠેકેદારોના મોટાસમૂહમાં પુરૂષાર્થ નથી. તેઓ તેમની રૂઢી અને વ્યવહારને જાળવી રાખવા માટે ધર્મનું ઓઠું આગળ ધરવા માગે છે અને એ રીતે પોતાની જાતને—દેહને અને અંગતસ્વાર્થને અથવા અહંભાવને પોષવા માગે છે.

તેઓમાં ધાર્મિકતાનો અંશ માત્ર હોય તો કેશરીયાજી કે પાલીતાણા શામાટે જગતમાં જગબત્રીસીએ ચડે? તેઓમાં પુરૂષાર્થ હોય તો એ શાસનનો અદનો સીપાહી શામાટે ભૂખે ટળવળે? તેઓમાં ધર્મ–તેજ હોય તો શામાટે જૈન જગત અજ્ઞાન રહે? તેઓમાં વિદ્યા હોય તો શામાટે જૈનો પોતાની બાળાઓને વેચી વેચીને પેટ ગુજારો કરે? તેઓમાં સામર્થ્ય હોય તો શામાટે તેઓ અહિંસાના બીરૂદને લજવે?

પણ તેઓ જીભથી, મૌનથી કે કર્તવ્યથી કબુલ કરે છે કે એ પુરૂષાર્થ તેઓમાં નથી. અને એ મેળવી શકે તેમ નથી, મેળવવા પ્રયત્ન કરશે કે કેમ તે શંકાવાળું છે.

એટલે 'તરૂણ–જૈને' સમજવું જોઇએ કે ભલે ધર્મ વગોવાય, ભલે ધર્મને નામે કહેવાતા ધર્મ ગુરૂઓ પ્રજામાં વિષ રેડે, ભલે ધર્મને નામે અત્યાચાર કરે, ભલે તેઓ વાડાઓમાં ગોંધી રાખવા પ્રયત્નો કરે, ભલે તેઓ આપણને નાસ્તિક કહે, ભલે તેઓ કંદમૂળની અને રાત્રી ભોજનની બાધા આપ્યા કરે, ભલે તેઓ ધર્મના જલસાઓમાં દંડધારી થઇને આગળ ચાલે.

ચાલવા દો! અને ધર્મને ખૂબ વગોવવા દો! ત્યારેજ ધર્મનો ઉદય થશે. દેશ કાળ અને નૈતિકતાને વિચાર્યા વિના તેઓ પોતાની પ્રતિષ્ઠા માટે બધું કરશે. એ અજ્ઞાનતાને લઇ દયાપાત્રજ લેખાવા જોઇએ.

પણ 'તરૂણ જૈને' તો કાલ્પનિક ઇશ્વરની પૂજામાં વિહરવાને બદલે, પ્રત્યક્ષ મનુષ્યની, દુબળાની સેવા–પૂજા કરવામાંજ રાચવાનું છે. નાગા, ભૂખ્યા અને અજ્ઞાન જનની રક્ષા કરવામાં ડહાપણ માનવું જોઇએ.

ગાંધીજી રેંટીયાદ્વારા નિર્મળ રોટલી મેળવી લેવાનું કહે છે, અસ્પૃશ્યતાની–ધિક્કારની ભાવનાને ભૂંસીને પ્રેમ અહિંસાને પ્રતિષ્ઠા આપવા કહે છે. આ વસ્તુ જગતને અત્યારે નહાની લાગે છે પણ એવી નહાનકડી ગણાતી ભાવનાથીજ જગતમાં વિશ્વવ્યાપી ક્રાન્તિ થઇ છે. તરૂણ જૈન આ વસ્તુ સમજે અને સમજે એટલે આચારમાં મેલે. આજે આટલી પ્રાર્થના.

સુઝે છે? શું આપણા હૃદય તથા બુદ્ધિ બહેર મારી ગયાં છે? શું આપણે નરી આંખે આપણા ભાઇભાંડુઓનાં દુઃખ જરાપણ જોઇ શકતા નથી? જે જૈન પ્રજા માટે આપણે આવાં મોટાં મંદિરો બાંધીએ છીએ તે જૈન પ્રજા કેટલી છિન્નભિન્ન થઇ ગઇ છે અને સંખ્યા બળમાં ક્ષીણ થતી રહી છે. તેનું પણ આપણને ભાન નથી? દુનિયા આજ આપણને હસે છે; તિરસ્કારે છે; જ્યાં ત્યાં હડધૂત કરે છે. આવાં મંદિરો આજના કાળમાં એક પ્રકારનો ધાર્મિક વિલાસ છે. જ્યારે આપણું અસ્તિત્વ ટકાવવાનુંજ તુમુલયુધ્ધ ચાલી રહ્યું છે, જ્યારે ભિન્નભિન્ન પ્રકારનાં દુશ્મનો આપણને ચોતરફ ઘેરો ઘાલીને બેઠા છે ત્યારે આપણને આવો વિલાસ કેમ સુઝે અને કેમ શોભે?

એટલા માટે શ્રી વિજયનેમિસૂરિને મારી સવિનય વિજ્ઞપ્તિ કે મંદીર, મૂર્તી અને મહોત્સવના એકાન્તિક નાદથી છુટા થઇ આંખ ઉઘાડીને ફરતા જતા દેશકાળને નિરખો અને આપની લાગવગ, પ્રતિષ્ઠા અને શક્તિ મંદીરો ઉભા કરવા પાછળ નહિ પણ માણસો ઉભા કરવા પાછળ–ક્ષીર્ણ વિક્ષીર્ણ થતા જૈન સમાજને સંગઠિત કરવા પાછળ– અને જે તત્કાળ ચિન્તવવા જેવા છે. તે પ્રશ્નોની ગ્રંથિઓ ઉકેલવા પાછળ ખરચો. કૃપા કરીને સમજો કે જૈન સમાજ કે જનસમાજ આપની પાસે ઉજળાં વસ્ત્ર પહેરીને આવતા શ્રીમંતોનો માત્ર બનેલ નથી પણ તેની પાછળ અનેક ભાઇઓ છે કે જેને આવતી કાલે શું ખાશું તેની પારાવાર મુંઝવણ છે, અનેક એવી બહેનો છે કે જેના પ્રાણ દારિદ્રય અને રૂઢિબંધન તળે રૂંધાઈ રહ્યાં છે, અનેક એવાં બાળકો છે કે જે પોષણ અને શિક્ષણના અભાવે જન્મ્યાં એવાંજ મરવાને સરજાયેલાં છે. આજના યુગના એજ પ્રશ્નો છે, દારિદ્રય નિવારણ અને અજ્ઞાન નિવારણ, તદર્થે જે થાય તેજ ખરો ધર્મ છે અને તદર્થે જે દેખાય તેજ ખરૂં દાન છે. જે પ્રવૃત્તિનું પરિણામ દારિદ્રય નિવારણ નથી કે અજ્ઞાન નિવારણ નથી તે ધર્મ નથી પણ ધાંધલ છે. તેથી જૈન બંન્ધુઓને પણ સપ્રેમ વિજ્ઞપ્તિ કે આવું ધાંધલ જ્યાં ચાલતું હોય ત્યાં તેનો સખ્ત વિરોધ કરો; પ્રમાદ કરી, ચાલતું હોય તેમ ચાલવા દેવા માં આપણે ઉત્તરોત્તર અવનતિ તરફ ધસડાઇ રહ્યા છીએ. ગતાનુગતિક સમાજમાં મૌનસેવન વસ્તુસ્થિતિમાં સંમતિ પુરવા બરોબર લેખાય છે. માટે કદંબગિરિ જેવાં શ્વેત હસ્તિઓ ઉભા થતા હોય ત્યાં તમારો વિરોધ નિડરપણે રજુ કરવા કદિપણ ન ચૂકો.

"સામાજીક બળતા પ્રશ્નો"

લે. રા. "ચી"

સમાજનો વિચાર કરતાં અનેક પ્રશ્નો આંખ સમક્ષ ઉભા થાય છે; કયા લેવા અને કયા નહિ તેજ મુશ્કેલ છે. સમાજ આજે એ પ્રશ્નો વિચારશે કે ક્રમ તે પણ એક કોયડો છે. આજે તે આંતરિક ગૃહ કલહમાં પડેલો છે, રોગિષ્ટ છે. જેમ રોગીને પથ્ય પાળવાનું કહેતાં તે મોં મરડે તેમ સમાજને તેના હિત કે વિકાસ માટે જે કાંઇ કહેવામાં આવે તેથી તે ઉશ્કેરાઇ જાય છે. આમ છતાંય સમાજને જે સીધા પ્રશ્નો આજે કે કાલે વિચારવાના છે તે પ્રશ્નો ચર્ચવાજ જોઇએ.

પ્રથમ પ્રશ્ન કેળવણીનો લઇએ. સરકારી હેવાલો આપણે કેળવણીમાં પછાત નથી તેમ કહે છે; પારસી પછી બીજો નંબર આપણો છે અર્થાત્ આપણી સંખ્યા કેળવણીમાં સારી છે. આ વાત અર્ધ સાચી છે. આપણે તો વાણીઆના દિકરાઓ છીએ એટલે વ્યવહાર પુરતું શબ્દ અને આંકડાનું જ્ઞાન આપણે લઇએ છીએ. આ કેળવણીને જો કેળવણી કહીએ તો તેમાં આપણી સંખ્યા સારી છે તેની ના નજ કહી શકાય. પરંતુ પારસી કોમની કેળવણી સાથે આપણી સરખામણી કરવી એ તો વિચિત્ર છે; તે કોમના કેળવાયલાની સંખ્યા આપણા જેવા કેળવણી પામેલાની સંખ્યા નથી; તે તો શબ્દ અને આંકડાની કેળવણી ઉપરાંત માનસિક, બુધ્ધિ વિષયક કાયિક કેળવણી પામેલાની સંખ્યા છે, આપણી સંખ્યા તો અધૂરા ઘડા છલકાય તેની સંખ્યા છે. પરિણામે એક લાખની વસ્તીવાળી પારસી કોમનું અસ્તિત્વ ગણવામાં આવે છે જ્યારે ચાર લાખ કે બાર લાખની વસ્તી હોવા છતાં જૈન કોમનું અસ્તિત્વ સ્વીકારવામાં નથી આવતું. પરિણામ એ થાય છે કે આપણા સમાજમાં સંસ્કૃતિ, બુધ્ધિ, તેજસ્વિતા, વિચારશીલતા આદિનો અભાવ છે; અને કોઇ તેવી વ્યકિત હોય તેની ઉપેક્ષા કરવામાં આપણે કૃત્યકૃત્ય સમજીએ છીએ. આપણે તેમના કરતાં વધારે ડહાપણના ઇજારદાર છીએ એમ માની લઇએ છીએ. આ ઉપરાંત આપણામાં વિવેક સારાસારની તુલના કરવાની શકિત નથી રહી; તે પણ આ અધકચરી કેળવણીનો પ્રતાપ છે. ન ભણેલ વર્ગ જે હોય તેને જે કહેવામાં આવશે તે તે શ્રદ્ધાથી સ્વીકારશે; કેળવાયેલ વર્ગ તે બાબત વિચાર કરી તેમાંથી સત્ય ગ્રહણ કરી બાકીનું ફેંકી દેશે, જ્યારે અધકચરો કેળવાયેલ વર્ગ સાચું પણ નહી સ્વીકારે તેમજ ખોટું પણ નહી સ્વીકારે, તે તો દંભ આચરશે. સમાજની આજની આપણી જે દશા છે તેનું મુખ્ય કારણ આપણી અધકચરી કેળવણી છે.

બીજો પ્રશ્ન આપણા આરોગ્યનો છે. દરેક જગ્યાના દવાખાનાના દરદીને જાતવાર કરવામાં આવે તો ૫૦/ ઉપરાંત જૈન દરદીઓ જણાશે. આ પ્રશ્ન સૂચવે છે કે આપણી જીવન શકિત ખૂબ ન્યુન છે. જીવનશકિત–પ્રાણશકિત–ચૈતન્ય વધુ કાર્યકર બને તે માટે વ્યાયામ માટે પ્રબંધ કરવા છતાં 'આરંભે શૂરા'ની કહેવત આપણે સાચી પાડી છે, પછી તે સંસ્થાઓ બંધ થઇ છે કે તે મરવાના વાંકે જીવે છે. આજે ભૂતકાળની આંગણાની રમતો નથી, વિદ્યાર્થીઓને ફરવાનો શોખ નથી. શાળામાં ફી આપવા છતાં તેની રમતોનો સમય આપણને અનુકૂળ ન હોવાથી આપણે તેનો લાભ લેતા નથી. આ સંજોગોમાં આપણે શું કરવું તે મૂંઝવણ છે. વ્યાયામ શાળા સુધી જતાં આપણાં બાળકો શરમાય કે સંકોચાય છે; તેમનામાં ત્યાં જવાની વૃત્તિ કે બળ નથી; આટલું જે ન કરે તે વ્યાયામ તો કરેજ કયાંથી?

આટલી નિરાશા છતાં આપણાં બાળકોની પ્રાણશકિત વધુ કાર્યકર બનાવવી હોય તો આ પ્રશ્ન ફેંકી દીધે ચાલે તેમ નથી. આપણે બાળકોમાં રમવાનો શોખ જગાડો, તે શોખ જગાડવા બાળકોને રમવાનું વાતાવરણ અને સગવડ આપો, તેના માટે બાળકિડાંગણો પોળેપોળે કાઢો. પરિણામે બાળકોમાં સુખશિલિયા વૃત્તિ લોપ પામશે, સાહસ વધશે, હાથ મહેનત કરવાની વૃત્તિ જાગશે, હરિફાઇ જન્મશે, તેજસ્વિતા આવશે અને ત્યારપછી વ્યાયામશાળાની શરૂઆત કરવામાં આવશે તો તે સતત ચાલ્યા કરશે. આમ બનશે ત્યારે જીવનમાં ઝુઝવામાં અનેરો આનંદ આવશે.

ત્રીજો પ્રશ્ન આપણી બેકારીનો છે. વેપારપ્રધાન કોમને પણ બેકારી સ્પર્શે છે. આ પ્રશ્ન કેમ ચર્ચવો તે મૂશ્કેલ છે છતાં તે યથામતિ અને યથાશકિત ચર્ચવો તો જોઇએજ. આપણી બેકારીનાં બે કારણ છેઃ– (૧) મૂળ ધંધાનો નાશ અને (૨) વેપારના સાધનોનો અભાવ. આમાં આપણું અધકચરું જ્ઞાન પણ ઉમેરાવું જોઇએ. આ માટે સમાજ ધારે તો ઘણું કરી શકે; પરંતુ આજે તો સમાજ એટલે ધણી–વર વિનાની જાન છે; અને સમાજ આલો હશે ત્યાં સુધી આ પ્રશ્નનો ઉકેલ શકય નથી. કેળવણી અંગે સગવડો થઇ છે, થાય છે અને થશે છતાં માબાપની બેકારી દીકરાની કેળવણીપર કાપ મુકે છે, ત્યાં સુધી આ પ્રશ્ન ગૂંચવણ ભર્યો છેજ. સમાજમાં કેળવણી પ્રતિ ઉદાસીનતા છે, ધંધા અને વેપાર ખીલવવા અને તે માટે સાધનોની સગવડ કરવી તે પ્રકારની ભાવના નથી ત્યાં સુધી આ પ્રશ્નની વધુ ચર્ચા અસ્થાને છે. એક વસ્તુ આમાં એવી છે તે પ્રતિપાદન કર્યા વિના નથી રહેવાતું,

સમાજ પર કેટલાંય માણસો ટીપટપરાંથી નભે છે અને અર્થકામનો ઉપદેશ કરવાની ના કહેનાર સાધુઓ સમક્ષ આ ટીપો ભરાય છે, આ વસ્તુ અસહ્ય છે. આવાં માણસોને રાહત મળે તેની ના ન હોય પણ તે સ્થાનિક સંઘો તરફથી, એટલે તે જ્યાંનો વતની હોય ત્યાંની આજુબાજુની પ્રજા પર તેનો બોજો પડવો જોઇએ. દૂરદૂરના માણસો આવી વ્યકિતઓને સહધર્મીવાત્સલ્યના નામે મદદ આપે તેમાં આપનાર તો ધર્મબુદ્ધિથી આપે છે એટલે કાંઇ નથી ગુમાવતો, પણ લેનાર ઠગ નીકળે તો સમાજમાં તેવી સંખ્યા વધવાનો ભય સ્પષ્ટ રહે છે. આવો ભય ટાળવાનો સુગમ રસ્તો આવી વ્યકિતઓને સ્થાનિક સંઘો મારફત મદદ કરાવવી તેજ છે. બીજું પ્રજાની કોઇપણ વ્યકિતને ટીપટપરાં પર નભતો કરવો તે એક નીતિ અને સામાજિક ધ્યેય દૃષ્ટિએ ગુન્હો છે. સમાજ પર અશકત, પાંગળા, અંધ, શકિતહીન એવાંનો બોજો તો હોયજ છે અને તે બોજો ઉપાડવો તે સમાજનો ધર્મ પણ છે; પરંતુ સશકત માણસોને ટીપટપરાં પર નભતો કરવામાં

ક્ર....ણિ....કા....ઓ

વ્યક્તિ કે સમાજ ?

આધુનિક જગતની પ્રત્યેક બાબતમાં, મનુષ્ય જીવનના અણુએ અણુમાં આજે વ્યક્તિવાદ ઘુસી ગયો છે. વ્યક્તિ પોતાને દરેક કાર્યની અંદર લાભ કેમ મળે તેજ જુએ છે. પોતાને લાભ થાય તેથી સારા સમાજને નુકશાન થતું હોય તોપણ તેની તેને પડી નથી. સમાજવાદે આ બધું સમજાવ્યું છે એવું નથી. આપણા પૂર્વજોએ જગત સમક્ષ ધરી 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના મૂકી છે. પ્રભુ મહાવીરના સિદ્ધાંતો પણ આપણને એજ શીખવે છે. એણે તો સમાજવાદ કરતાં પણ ઉચ્ચ ભાવનાનો રાહ આપણને બતાવ્યો છે. વ્યક્તિ પર સમાજનું પ્રાધાન્ય સદીઓ થયાં આપણા ધર્મમાં સ્વીકારવામાં આવ્યું છે. અમુક વ્યક્તિના લાભને બાતર સમાજના હિતને કોઈપણ પ્રકારે નુકશાન ન જોઈએ.

મનુષ્યના જન્મથી કે મરણ સુધીની સઘળી બાબતો જોશો તો તમને તે બધી વ્યક્તિવાદ પરજ રચાએલ જણાશે. આપણે આજે મહાવીરનો ધર્મ-પંથ ભૂલ્યા છીએ. આમ શાથી ? તેના વિચાર કરવા કોઇ દિવસ પ્રયત્ન કર્યો છે ? શા માટે એક પાસે તેની જરૂર કરતાં વધુ મિલકત અને બીજાને જરૂરીયાત પુરતું પણ નહિજ ? હજારો અર્ધભૂખ્યાં ટળવળે છે; હજારો નગ્ન ફરે છે ત્યારે અમુક વ્યક્તિઓને તેમને બીનજરૂરી મીલકત નકામી કાઢવામાં રખોપાવાનો શું હક્ક ? ધર્મને નામે કરવામાં આવતાં અનેક ખોટાં ખર્ચો ઉપર વિચાર કરશો તો આ સત્ય સમજાશે, કદાચ અમુક વ્યક્તિઓને "ગોબરીયા

આપણે માણસને ઓળખ્યો બનાવીએ છીએ અને બનાવી જોઈએ આપણા પર બોજો વધારીએ છીએ. આવાં માણસોને મદદ આપવીજ હોય તો તેની પાસેથી યોગ્યરૂપ કામ લઈને આપવી કે જેથી લેનારને આત્મસંતોષ રહે કે તેણે કમાણી કરી આપ્યું છે અને આપનારને એ સંતોષ રહે કે એક બેકાર મનુષ્યને મેં કામ આપ્યું છે. આટલું સ્વીકારાય તો સમાજમાં જે ભિક્ષા માગવાની વૃત્તિ ઘર કરી બેઠી છે તે આપો આપ નીકળી જાય.

આ ઉપરાંત આપણો સમાજ બૂબ ટાપટીપિયો છે અર્થાત્ મોજશોખમાં, દેખાદેખીમાં, હરીફાઇમાં નકામા નાણાં બૂબ ખર્ચે છે. સમાજે જરૂર મોટલો વિચાર કરવો જોઇએ કે તેની પ્રવૃત્તિથી સમાજનું કેટલું હિત સધાશે; સમાજના કયા વર્ગને તેનાથી રોજી મળશે; સમાજનો કયો વર્ગ તેનો લાભ લઇ તેથી ભાવિમાં શું પોતાનું કે પરનું હિત સાધશે. ક્રિયાકાંડનાં નામે રૂપિયા ખર્ચવાની અપેક્ષાજ હોય તેને ખર્ચવાની ના ન પાડતાં તેમાં પોતાના જ્ઞાતિ બન્ધુઓને તે દ્વારા રોજી પ્રાપ્ત કરાવવા, તે સ્વાર્થી લાગે પરમાર્થ કરી શકે તેવું કરાવવા પ્રયત્નો થવા જોઇએ.

આટલા પ્રયત્નો સમાજ માટે હાલ તો બસ છે. આનું કાંઇ પરિણામ દેખાય તો બીજા અનેક નવા પ્રયત્નો થઈ શકાશે.

આજે ધર્મને નામે, સમાજને નામે થતા લાખુલૂંટ ખર્ચો પાછળ સમાજ હિતનો ઉદ્દેશ હોતો નથી; પરંતુ કીર્તિનો, બાપદાદાની આબરૂનો ઉદ્દેશ હોય છે. સમાજ હિતનો ઉદ્દેશ હોય તો પણ એવા બીન જરૂરી મોટા ખર્ચોથી એ ઉદ્દેશ કદિ સાધી શકાયજ નહિ.

મહાવીરનો એ સાચો અનુયાયી:—

સર્વ જાતી જીવો એકજ પિતાના પુત્રો-બન્ધુઓ છીએ, એવો, એ સાચું મહાવીર સ્વરૂપ જોવાની તાકાદ ધરાવનાર પુરૂષનો અમૂલો આદર્શ હોય છે; અને એ જીવનમંત્રને નજર આગળ રાખીનેજ પ્રવૃત્તિ તે કરે છે. તેને કજીયા-કંકાસ શામાટે ? કપટ શામાટે ? ધન-વૈભવનો મદ શા માટે ? હીનબન્ધુઓ પણ તેનાજ ભાઇઓ છે. તેમને શા માટે એ તિરસ્કારે ? એમને તિરસ્કારવા એ ગરિબના બેલી પ્રભુને-પિતા મહાવીરને-તિરસ્કારવા બરોબર છે. તેમના પ્રત્યે સ્નેહભાવ દર્શાવી, તેમના ઉરને ઉત્સાહ આપી તેમને ઉત્કૃષ્ટતાની અનેરી ટોચે ચઢતીની પરાકાષ્ટાએ લઇ જવા માટેજ તે હંમેશાં મંથન કરે છે. તેવાંજ સ્વપ્નોપન્યો રહે છે.

સાચા સેવકને:—

જો તમારે સમાજની ઉન્નતિ કરવી હોય તો માલ મિલકત સંબંધી તમારા મગજમાં જે ખૂબ સજ્જ થઇ બેઠું છે, તેને બસેડી મૂકવું જોઇએ. સર્વ પ્રકારની સત્તા પૈસાના હાથમાં છે; અને તે ન્યાય મૂકત છે એવી જે તમારી સમજ છે, તે સમજને તમારા મસ્તકમાંથી તિલાંજલિ મળવી જોઇએ. **તમારે સમજવું જોઇએ કે લાખો માણસો કામના બોજા નીચે કચડાઇ મરતાં હોય છતાં ઉંચા પ્રકારના વસ્ત્ર પહેરી લહેર કરવી એ લજ્જાસ્પદ છે. તમારા ચિત્તમાં ઠસવું જોઇએ કે હજારો માણસો ક્ષુધાથી મરણ પામતાં હોય ત્યારે પાળેલાં કુતરાંને શીરાપુરી ખવડાવવાં એ અયોગ્ય છે.** સામાન્ય જનોમાં આજે જે અરાજ વિચારો સારા તરિકે રૂઢ થયેલા છે. તેનો મૂળ સહિત ઉચ્છેદ થઇ નવા વિચાર જન્મ પામશે ત્યારેજ હાલની બરાબોટની કલ્પના ફેરવાશે; એવી ફેરફારીનાં ચિન્હ હવે દેખાવા પણ લાગ્યાં છે. તમોને પસંદ પડો, કે ન પડો પણ કાળ તમને એવી ક્રાન્તિ તરફ ઘસડીજ રહ્યો છે. સામાન્ય જનોનાં ચિત્ત હવે એ નવિન વિચારો તરફ વળવા લાગ્યાં છે. સ્ત્રીઓના મનમાં પણ આ નવા વિચારનું બીજારોપણ થયું છે. હવે તેનાં વૃક્ષ થવાનોજ વિલંબ છે.

માનવ જીવનને માટે અતિ આવશ્યક એવાં કર્તવ્યથી પુરૂષો વિમુખ રહેશે તો માનવ જાતિનો સંહારજ થવાનો; અને સ્ત્રીઓ પણ એ જવાબદારી નહિ ઓળખી લે તો એ સમય બેકાદ પેઢી સુધીમાંજ આવી પહોંચશે.

આ પત્ર મોહનલાલ પાનાચંદ શાહે પ્રવીણ સાગર પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈનયુથ સોસાયટિ માટે કરીયાણાબજાર તુલસી ભુવન, પહેલે માળે મુંબઇ નં. ૨ તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

સંમેલનના મૂળમાં

સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતનં યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો | વાર્ષિક રૂા. ૧-૮-૦ | શ્રી જૈન યુથ સીંડીકેટ (જૈન સમિતિ)નું મુખ પત્ર | તંત્રીઃ—ચંદ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૧ લું અંક ૨ જો | મંગળવાર તા૦ ૧૬-૧-૩૪

આવતી-કાલનો-સમાજ

જગતનાં વિશિષ્ઠ આંદોલનો આજે નૂતન માનવીનાં ઘડતર એ સમાજમાં વ્યકિતવાદ કે એક હથ્થુ સત્તાના ચોકઠાં નહિ હોય, એ સમાજમાં અનેકને ભોગે એક માલેતુજાર નહિ બની શકે, એ સમાજમાં ધર્મને નામે થતાં લાખો રૂપીઆનાં ફંડોનું અસ્તિત્વ નહિ હોય, એ સમાજમાં સ્ત્રીઓની ગુલામી નહિ હોય, એ સમાજ માયકાંગલો અને બેકાર નહિ હોય—પરંતુ બુદ્ધિવાદમાં માનતો સ્વાવલંબની એ સમાજ હશે, જેમાં ઔદ્યોગિક અને વ્યવહારિક કેળવણીની સ્થળે સ્થળે સંસ્થાઓ હશે, વ્યાયામ શાળાઓ અને રમ્મત ગમ્મતના સાધનોદ્વારા પ્રાપ્ત થયેલ શકિત સંચયથી લોખંડી શરીરો હશે, સંતોષ અને શાન્તિનાં સમ્રાજ્ય પ્રવર્તતાં હશે, મહાવીરની વિશ્વબંધુત્વની દિવ્ય ભાવનાના પ્રતિબિંબની રૂપરેખા દોરાયેલ હશે, સ્ત્રી કેળવણી અને જેની સમાનતા સ્વીકારવામાં આવી હશે, સંઘ સત્તાની સર્વોપરિતાને મહત્વ અપાયું હશે, આર્થિક જોહેચણીમાં દરેકને સમાનતા હશે, માનવમાત્રના કલ્યાણની ભાવના હશે. સમયાનુકૂળ નૂતન શ્રદ્ધાનાં પૂર ઓસરવા માંડયા છે. સમગ્ર માનવ સમૂહ હિલોળે ચઢયો છે, યુગયુગના બંધનો તોડવા માટે અનેક જાતના પ્રયત્નો થઇ રહ્યા છે. ભૂતકાળના સુવર્ણયુગ પાછળની ઘેલછા અદૃશ્ય થઇ વર્તમાન કાળની અવ્યવસ્થા સાલવા લાગી છે, સમસ્ત સમાજો, રાષ્ટ્રો, જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિ તરફથી એ અવ્યવસ્થાને દૂર કરવાનો ભગીરથ પ્રયત્ન થઇ રહ્યો છે. આપણા સમાજમાં પણ જાણ્યે અજાણ્યે એજ ક્રિયાઓ ચાલી રહી છે, જબ્બર ધર્ષણ ચાલી રહ્યું છે અને તેમાંથી આવતી કાલનો સમાજ સર્જાઇ રહ્યો છે.

સ્વાગતમ્

નવયુગના પ્રસવકાળને ટાણે 'તરૂણ જૈન' મશાલધારી જૈન યુવકોનું વિચારબળ પ્રચારવા, સામાજીક બંધનો, ધાર્મિક દંભો અને જુનવટની વિઘ્નકારી જંજીરોનું છેદન ભેદન કરવા પ્રગટે છે, તે પ્રસંગ સૌ કોઇ માટે આહલાદનો છે, ઉમંગનો છે.

એક બાજુ આર્થિક મંદીનું સામ્રાજ્ય વ્યાપ્યું છે, બીજી તરફ મૂડીવાદની નકકર દિવાલો છે, ત્રીજી પાસ સમાજ અને જ્ઞાતિનો વિકાસ રૂંધતો રાહુ અને ચોથી બાજુ ધર્મને નામે શાહી આડંબરો અને અંધ રીતે થતા લખલુટ ખર્ચો. આમ ચોપાસ જકડાતું પામર જંતુ-માનવી એકજ રીતે મુકિત મેળવી શકે અને તે વિચાર સ્વાતંત્રથી, વિકસિત પુરૂષાર્થથી અને સમુહબળના સંગીન ટેકાથી—તરૂણોનો નાદ સુણાવતું 'તરૂણ જૈન' આ દિશા પ્રતિ ધપે તો તેની Carecr જરૂર યશસ્વી નિવડે.

હું ઇચ્છું છું કે 'તરૂણ જૈન' સમાજની નામધારી સંસ્થાઓને અને તેના સ્વનિર્મિત વડાઓને ખુલ્લા સ્વરૂપમાં જાહેર કરી તેમની સાન ઠેકાણે લાવે. સત્તાધારી શ્રીમંતોનાં બેરખાંપણાનો સામનો કરતાં પાછી પાની ન કરે, સમાજના દ્રવ્ય વ્યય—અને દ્રવ્ય સંગ્રહ માટે ઉત્પાદક (Productive) યોજનાઓ ઘડી સમાજ આગળ મુકે, અમલ કરાવે અને વેડફાઇ જતી જનશકિતનો સુંદર ઉપયોગ થાય તેવા પ્રસંગો યોજી સુષુપ્ત સમાજમાં ચેતનની ચીનગારી પ્રગટાવે. આ ટાણે અશાન્તિ અને અસંતોષ આવશ્યક છે. આપણા દુષણો—આપણી નિષ્ક્રિયતા—આપણો મલીન વર્ગભાવ—આ સર્વ ભભકી ભસ્મ થશે ત્યારેજ સાચી શાન્તિ અને સાચો સંતોષ તરૂણને હશે અને ત્યારેજ નવયુગનો પ્રસવ નિર્વિઘ્ન નિવડશે.

—મશાલધારી.

એ સમાજમાં અનેક ભંદિરો અને કરોડો મૂર્તિઓને સ્થાન નહિં હોય! એ સમાજમાં ઉપધાન અને ઉજમણાંને સ્થાન નહિં હોય! એ સમાજમાં સાધુશાહી અને શ્રીમંત શાહીનું વર્ચસ્વ નહિં હોય, એ સમાજમાં સંઘ કાઢવાના અને જમણ અંગેના નિરર્થક દ્રવ્ય વ્યયની તમન્ના નહિં હોય, એ સમાજમાં રૂઢિની ગુલામી નહિં હોય, ઇશ્વરપૂજાને બદલે માનવ-બંધારણ અસ્તિત્વમાં આવ્યું હશે. પૂજાના મૂલ્ય અંકાયા હશે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર બેઠો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

તરૂણ જૈન

મંગળવાર તા૦ ૧૬-૧-૩૪

સંમેલનના મૂળમાં

જૈન સમાજમાં આજે 'મુનિસંમેલન' સંબંધી ખૂબ ચર્ચાઓ થઇ રહી છે, સ્થળે સ્થળે તે સંબંધી ખૂબ વિચારણાઓ ચાલી રહી છે, જો કે મુનિસંમેલનની આવશ્યકતા તો લગભગ બધાએ સ્વીકારે છે છતાં અત્યારે તે કબખતનું છે, તેમ સમાજનો મોટો ભાગ માની રહ્યો છે. સાધુ સંમેલનની સફળતાનો આધાર શુદ્ધ ભૂમિકા ઉપર રહેલ છે. જ્યાં સુધી શુધ્ધ ભૂમિકા તૈયાર કરવામાં ન આવે ત્યાં સુધી એ કામ સફળ ન થઈ શકે. આજે શુધ્ધ ભૂમિકાનો તદ્દન અભાવ છે. જ્યારે સાધુ સમાજ ઉપર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે પ્રભુ મહાવીરના એ ઉત્તરાધિકારીઓની હાલત દયાજ માગી રહે છે. ક્યાં ભગવાન મહાવીરની અને તેમનાં સિધ્ધાંતની સાધુતા અને ક્યાં આજના કહેવાતા સાધુઓની સાધુતા! એ બંનેમાં આકાશ પાતાળ જેટલું અંતર છે.

મુનિ સંમેલનની આવશ્યકતા એટલા માટે હોવી જોઇએ કે તેમની આજે જે વિકૃત દશા છે, તે દૂર થાય; તેમનાં આચાર, વિચાર, ઉચ્ચાર જે જુદા જુદા છે તેનું એકીકરણ થાય, સ્વચ્છંદતા અને શિથિલતાએ જે પ્રવેશ કર્યો છે, તે નષ્ટ થાય, સંઘસત્તાની જે ખુલ્લી રીતે અવગણના થઇ રહી છે, તે પુનઃ સ્થાપીત થાય, આપસમાં જે વૈર વિરોધ, ઇર્ષ્યા અને મતભેદનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે, તેમનું અસ્તિત્વ દૂર થાય; ગેરવ્યાજબી અને નિરર્થક દ્રવ્યનો વ્યય થઇ રહ્યો છે, તે અટકે, અને સમાજના પુનરૂત્થાન માટેની તૈયારી થાય. આ બાબતો માટેજ મુનિ સંમેલનની જરૂર છે.

જ્યારે આગામી મુનિ સંમેલનની જે તૈયારીઓ ચાલી રહી છે, તેમાં ઉપરોક્ત ઉદ્દેશ ન સ્વીકારાયો હોય તેમ માનવાને પૂરતાં કારણો છે, પહેલું તો એજ કે મુનિસંમેલન શા માટે ભરવામાં આવે છે તે સંબંધી સમાજ પાસે કશી રૂપરેખા ધરવામાં આવી નથી, કઇ દૃષ્ટિએ કાર્ય શરૂ થવાનું છે? તેથી સમાજને ખૂબ અંધારામાં રાખવામાં આવ્યો છે, ખૂદ સાધુઓને પણ ખબર નથી કે અમને આમંત્રણ શા માટે કરવામાં આવ્યું છે, એટલુંજ નહીં પણ સમાજમાં પણ સંમેલન માટે ખૂબ આશંકાઓ થઇ રહી છે. કોઇ કહે છે કે કહેવાતા શાસન પ્રેમીઓનું આ બધું તૂત છે. વડોદરાની સરકાર તરફથી સગીર દીક્ષા પ્રતિબંધનો જે કાયદો અમલમાં મૂકાયો છે, તેને દૂર કરવાના આ બધા પ્રયત્નો છે; અને તેમાં નેમિસૂરિને આગેવાની આપી કામ કાઢી જવાની વેતરણ છે. કોઇ કહે છે કે આમાં અમુક વ્યક્તિઓનો વ્યક્તિગત સ્વાર્થ સમાયેલ છે એટલે તેઓએ આ ચોકઠું ગોઠવ્યું છે, કોઇ કહે છે કે નેમિસૂરિને સાર્વભૌમ થવાના કોડ જાગ્યા છે, હજારો મૂર્તિઓ અને મંદિરોના શિલા લેખો ઉપર પોતાનું નામ કોતરાવવાની તાલાવેલી લાગી છે; પોતાની અને પોતાના શિષ્ય સમુદાયના અગ્ર ગણ્ય સાધુઓની મૂર્તિઓ સ્થાપન કરવાનો મોહ જાગ્યો છે, આ બધી ઇચ્છા પુરતીના બદલામાં મુનિ સંમેલન ભરવાની તેમણે ઘોષણા કરાવી છે. જો આ બાબતો સત્ય હોય તો અમારે કહેવું જોઇએ કે મુનિ સંમેલનનો કશો અર્થ નથી. તે નિષ્ફળ થવાનેજ સર્જાયું છે, તેની કોડીનીયે કિંમત નથી. આ બાબતો સ્પષ્ટ ખુલાસો માગે છે.

જે સંમેલનના મૂળમાં સોદાગીરીના ભણકારા વાગી રહ્યા છે એ સંમેલનની સફળતામાં વિશ્વાસ કઇ રીતે બંધાય? તે સમજમાં આવતું નથી. સંમેલન માટેની ભૂમિકાઓ પણ તૈયાર કરવામાં આવી નથી, જેમકે એકજ ગુરૂના ચાર શિષ્યોમાં આજે ફાટફુટ છે, તેમનું એકીકરણ પણ સધાયું નથી. સમગ્ર મુનિ સંમેલનના સંગઠન પહેલાં દરેક આચાર્યોએ પોત પોતાના સમુદાયનું સંગઠન સાધવાની જરૂર છે, પદવી મોહ અને અલગ અલગ અખાડાની અજબ ધૂન લાગી રહી છે, તેમને કાબુમાં રાખવાની આનવાર્ય આવશ્યકતા ઉભી થઇ છે, સાધુ સાધુમાં જે ઉચ્ચ નીચના ભેદભાવ પ્રવર્તી રહ્યા છે તે માનસ દુર કરવાના પ્રયત્નો થવા જરૂરી છે, દિનપ્રતિદીન અહમિન્દ્રત્વની ભાવના જે ખીલી રહી છે, તેમને દુર કરવાની અગત્ય છે, જડતાને દુર કરી સરળતા ખીલવવાની આવશ્યકતા છે, સંકુચિત દૃષ્ટિ દુર કરી વિશાળ ભાવના કેળવવા પ્રયત્નો થવા જરૂરી છે, આધુનિક યુગમાં શું કર્તવ્ય હોઇ શકે? તે માટેના આંદોલનો ઉભાં કરવાં જોઇએ. હૃદયમાં જે મેલ ભર્યો છે તે મેલ દુર કરી સર્વ સામાન્ય પ્રશ્નો તરફ દૃષ્ટિ ખેંચવી જોઇએ, જગતના વાતાવરણમાં રસ લેતાં શીખવવું જોઇએ, ત્યાર પછીજ સમસ્ત મુનિ સંમેલનની આવશ્યકતા ઉભી થાય છે, જ્યાં સુધી ઉપરોકત પ્રશ્નોનો નિકાલ કરી શુધ્ધ ભૂમિકા તૈયાર કરવામાં ન આવે ત્યાં સુધી સમાજને આવાં મુનિ સંમેલનથી કશો લાભ થવાનો નથી. સંમેલનમાં સમાજે હ્રારનો શુધ્ધ આશય હોવો જોઇએ.

જેને વ્યક્તિગત ઉન્નતિ સાધવી છે અર્થાત આત્મોન્નતિની જે માનવીને તાલાવેલી લાગી હોય છે, તેને સંમેલનની જોડે શી નિસ્બત હોય છે? તે તો પોતામાં મસ્ત હોય છે, તે આવી ધમાલમાં પડતો નથી. તેને આવી ધમાલ પ્રિયકર હોતી નથી, તે તો મહાવીરનું માર્ગ દર્શન આચરણમાં ઉતારતોજ હોય છે. આવા સાધુઓનો સમાજમાં લગભગ અભાવ છે. આવા સાધુઓ સંમેલનમાં જરાયે રસ ન લઇ શકે, તેને રસ લેવાની કશી જરૂર રહેતી નથી. ત્યારે આ મુનિ સંમેલનની બાબત કેમ અસ્તિત્વમાં આવી તેમની વિચારણા જરૂરી છે.

આજનો યુગ અંધ શ્રધ્ધાનો યુગ નથી. બુધ્ધિવાદે તેના ઉપર સખ્ત ફટકા લગાવ્યો છે. સમસ્ત આલમ આજે વિચાર કરતી થઇ ગઇ છે. આજની ધાર્મિક પદ્ધતિ અને તેના અધિકારીઓ સમાજને પ્રગતિ તરફ ધસડી રહ્યા છે કે તેની પ્રગતિ રૂંધી રહ્યા છે. તેની વિચારણા ચાલી રહી છે. ઉપરોકત બન્ને બાબતો આજે સમસ્ત સમાજને ખુંચી રહી છે, કેટલાક સમાજોમાં એ બાબતો સ્હામે ખૂબ આંદોલનો ઉભાં થઇ રહ્યાં છે, જૈન સમાજ

બધુ માટે જુઓ પાનું ૭ મું

પ્રગતિના શિખરેથી

કેસરિયાજી પ્રકરણઃ—

આપણા આંતરિક કલહના પરિણામમાં આપણે એક પછી એક તીર્થો ક જે આપણા પૂર્વજોનો અમૂલ્ય વારસો છે તે ગુમાવતા રહ્યા છીએ, આપણી નિર્બળતાનો લાભ લઇ ઇતર લોકો પોતાની નેમમાં ફાવતાજ રહ્યા છે, તહેના પૂરાવામાં કેસરિયાજી પ્રકરણ મોજુદ છે. કેસરિયાજી તીર્થ આપણા હાથથી જવા બેઠું છે. છતાં તે સંબંધી સમાજમાં કંઇપણ હીલચાલનાં ચિન્હો પણ જણાતાં નથી, આ નિષ્ક્રિયતા આપણે માટે ખૂબ શરમાવનારી છે, દેવ, ગુરૂ અને ધર્મને માટે પ્રાણ પાથરનારા શાસન સુભટો (!) અને તહેમના ગુરૂઓ કેસરિયાજી માટે કેમ મૌન છે? શું તહેમનું એ તીર્થ નથી, તહેમને એ તીર્થ સાથે લાગતું વળગતું નથી? અયોગ્ય દીક્ષા માટે જેટલી દોડધામ, જેટલું પ્રચાર કાર્ય અને તહેની પાછળ મરી ફીટવાની જેટલી તમન્ના સેવાઇ છે, તહેનો દશમો ભાગ પણ કેસરિયાજી પ્રકરણ માટે કરવામાં આવ્યો છે? 'ના'જ કહેવી પડશે. આ બાબતજ તહેમની શાસન પ્રિયતાનો દંભ ખુલ્લો પાડે છે, છતાં પણ હજુ છેક મોડું થયું નથી. ફાગણ વદિ ત્રીજના મુનિ સંમેલન આ. મેમિસૂરિના નેતૃત્વમાં મળે છે, એ પ્રસંગે આ વસ્તુ છણવાનો મોકો મળશે, એ પ્રકરણ અંગે સાધુઓ શું કરી શકે તે માટેનો રાહ હીઝ હોલીનેસ, જગદ્‌ગુરૂ, યોગલબ્ધિસંપન્ન, રાજ રાજેશ્વર, અનંત જીવ પ્રતિપાળ, શાસન સમ્રાટ (!) વિજય શાન્તિસૂરીશ્વરજી મહારાજે આંકી દીધો છે. તહેમણે એક ઘોષણા કરી છે કે "જ્યજ્ઞર ફાગણ સુદિ તેરસ પહેલાં જો કેસરિયાજી પ્રકરણ સંબંધી સંતોષકારક નિવેડો નહિ આવે તો અધ્યાત્મવાદનું છેલ્લામાં છેલ્લું હથીયાર અણશણ વ્રતનો હું અંગીકાર કરીશ." આજનો સાધુ સમુદાય માટે આ ખરેખર કસોટીનો પ્રસંગ છે. ભૂતકાળમાં અનેક આચાર્યો અને સાધુઓએ શાસનને ઉજ્જવળ બનાવવા પોતાના કિંમતિ જીવનનો ભોગ આપ્યો છે. શાંતાચાર્ય મહારાજ આજે તહેમના પૂરોગામીઓના પંથે વિચરી રહ્યા છે. જો દરેક સાધુ મહારાજને કેસરિયાજી પ્રકરણમાં શાસનની હીલણા જણાતી હોય તો તહેમણે ગહેત્તર છે કે તેમનાથી કંઇ ન બની શકે તો અણશણ વ્રતની ઘોષણા કરવી. પાંચસો સાધુઓનું અણશણવ્રત જરૂર સમાજમાં ચેતન લાવશે એટલુંજ નહિ પણ કેસરિયાજી તીર્થમાં ડખલ કરનારાઓના હૃદયમાં પણ તહેનો પ્રભાવ પડશે. ગૃહસ્થો હજુ રહ્યા. અધ્યાત્મવાદના હથીયારનો આશ્રય ન લઇ શકે પણ સાધુઓ કે જેઓને અધ્યાત્મવાદમાંજ રમણ કરવા શિવાય બીજું કશું કામ નથી. તેઓ માટે આ મૂશ્કેલીનું કામ નથી. યોગીરાજ શાંતિવિજયજી મહારાજના અણશણની વાતજ હજુ અહાર આવી છે. ત્યાંતો ઢઢ્ઢાજી જેવા પ્રૌઢ સમાજના લીડરનું હૃદય કમકમી ઉઠે છે અને તા૦ ૨૮-૧૨-૩૩ ના શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપરના પત્રમાં તેઓશ્રી જણાવે છે કે "અત્યારે યોગીશ્વરના અણશણવ્રતનો કટોકટીનો સમય ઉભો થયો છે, ત્યારે જૈન સમાજનું લક્ષ્ય મુનિસંમેલન ઉપર બેંચાય તે આજ્ઞાની નથી. એક તરફ તેઓમાંના એકનું અણશણવ્રત ચાલતું હોય અને બીજી બાજુ સંમેલન ભરાય તે અતિ અનુચીત ગણાશે. માટે સંમેલન હાલ બંધ રાખવું અથવા મુલતવી રાખવું અને શેઠ આણંદજી કલ્યાણજી, ફોન્ફરન્સ, જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયા વગેરેના પ્રતિનિધિઓની એક ફોન્ફરન્સ તત્કાળ ભામણવાડજીમાં મેળવી યોગ્ય પગલાં લેવાં અને યોગીશ્વરની અતિ ઉત્તમ જીંદગીનો બચાવ કરવો." આ પત્રની નકલ ફોન્ફરન્સ ઉપર પણ મોકલવામાં આવી છે. ઢઢ્ઢાજીની આ અપીલનો જવાબ શું મળ્યો તે હજુ જાણવામાં આવ્યું નથી પણ ત્યારે ફોન્ફરન્સની વર્કીંગ કમીટી ઉપરોક્ત પ્રશ્ન માટે મળી હતી, અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર તાર કરી કેસરિયાજી પ્રકરણ અને યોગીશ્વર શાંતિવિજયજીના અણશણવ્રત સંબંધી પ્રત્યુત્તર મંગાવ્યો છે. તેમજ તાત્કાલિક સંયુક્ત બેઠક ભરવાનો અભિપ્રાય દર્શાવેલ છે એ ઉપરાંત મુંબઇમાં શેઠ કીકાભાઇ પ્રેમચંદ તથા શેઠ શાન્તિદાસ આસકરણ વગેરે અગ્રેસરોને મળી કેસરિયાજી પ્રકરણમાં તેઓનો શો અભિપ્રાય છે? તે જાણી પગલાં ભરવાં માટે વિચારણા ચાલી રહી છે. કુંક સમયમાંજ આ બાબત માટે અજમાણું પડશે, યોગીશ્વરના અણશણથી કેસરિયાજી સંબંધી આટલો ઉહાપોહ થયો છે. જો સમસ્ત સાધુ ગણ અણશણની ઘોષણા કરે, તો કટલી ચીનગારીઓ ઉડે?

તીર્થ સંબંધીની આપણી આ કંગાલ દશામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પણ જવાબદાર છે. કારણ કે તહેની સદી જુની પદ્ધતિ કોઇ મુત્સદ્દીને છાજે તેવી નથી. કોઇપણ કાર્યમાં સમૂહ બળથી જે સંગીનતા આવે છે તે લાગવગ શ્રીમંતાઇ કે અધિકારીઓની ખુશામતથી આવતી નથી એ ખુબ ખ્યાલમાં રહે. આજે જો એ પેઢીએ આમ વર્ગને વિશ્વાસમાં લઇ આગળ પગલું ભર્યું હોત તો આ સ્થિતિ આવત નહિ, દરેક કાર્ય પાછળ સંગીન બળ હોય તોજ એ કાર્ય ફળીભૂત થાય. હજુ પણ સમાજને એ જણાવવું જરૂરી છે કે તહેમણે કેસરિયાજીના પ્રશ્નના સંબંધમાં કેટલી પ્રગતિ કરી? સમાજને અંધારામાં રાખ્યે કંઇ દેહાડા નહિ વળે. અમો ઇચ્છીએ છીએ કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યકર્તાઓ આ બાબત લક્ષ્યમાં લે, અને સાથે સાથે યુવકોને પણ અમારે કહેવું જોઇએ કે કેસરિયાજી અંગે તેઓ શું કરી શકે? તે સંબંધી વિચારણા કરી યોગ્ય રાહ નક્કી કરી આગળ ધપે.

સૂચના

તંત્રી ખાતાને લગતો સઘળો પત્રવ્યવહાર નીચેને શીરનામે કરવો.

તંત્રીઃ—"તરૂણ જૈન"
ઠેઃ—૮૧. નાગદેવી ક્રોસલેન.
મુ. મુંબઇ નં. ૩.

જોઇએ છેઃ—

તરૂણ જૈન માટે વિશ્વાસુ એજન્ટોની અને સાચા સમાચાર આપનારા સેવાભાવી યુવકો, પોસ્ટેજ આપવામાં આવશે.

લખોઃ—વ્યવસ્થાપક તરૂણ જૈન
૮૧. નાગદેવી ક્રોસલેન
મુંબઇ નં. ૩.

અમદાવાદનો.....પત્ર.

—અમદાવાદી,

ભાઇશ્રી !

તમારા તંત્રીપણા નીચે નીકળેલું "તરૂણ જૈન"નો પ્રથમ અંક જોતાં એ ઉપયોગી થઇ પડશે એમ લાગે છે, રૂઢિચુસ્તો અને હાજી 'હા' કહેનારાઓના પેટમાં આ પહેલાજ અંકથી ફાળ પડી લાગે છે.

આપણા સમાજમાં જ્યારથી અમુક સાધુઓએ ગેરવ્યાજબી વર્તણુંકની શરૂઆત કરી ત્યારથી સમાજમાં મતભેદ અને ઘર-કલેશના દાવાનળની શરૂઆત થઇ. તેને શાન્ત કરી શાન્તિ સ્થાપવા કોઇ ઠેકાણેથી સાધુ સંમેલનના સુર નીકળતા અને શમી જતા. આખરે વડોદરા રાજ્યે અયોગ્ય દીક્ષા પ્રતિબંધનો કાયદો પસાર કર્યો, ત્યારે રૂઢિચૂસ્તોએ સંમેલન માટે મંત્રણાઓ શરૂ કરી, દોડાદોડી આદરી અને મુનિ સંમેલન ભરવાની હવા ફેલાવી, ઘડીકમાં આશા અને ઘડીકમાં નિરાશામાં હવા પલટાતી. આખરે સમ્રાટ સૂરિના ત્રણ હજાર મૂર્તિઓના કરારથી બધું ઠેકાણે પડયું અને ખાનગીમાં તારીખ પણ નકકી થઇ.

ત્રણહજાર મૂર્તિઓના કરારથી તમે ચમકતા નહિ, કારણ કે આપણા સમ્રાટસૂરિને કદંબગિરિને પાલીતાણા જેવું ભવ્ય બનાવવું છે, તેમ નવાં નવાં તીર્થો ઉભાં કરવાની મહેચ્છા છે એટલે ત્રણ હજાર મૂર્તિઓની જરૂરતો ખરીજ ને ? આથી ભકતો પાસે તેનું સાટું કરી જેપુર ઓર્ડરો અપાયા.

અમારા નગરશેઠ વિચારશીલ, મુત્સદ્દી અને શાણા છે, છતાં આવા જોખમદારી ભરેલાં પ્રશ્નના અંગે અમદાવાદના શ્રી સંઘની સંમતિ સિવાય અમુક શેઠીયાઓની સમંતિથી સંમેલનની જોખમ-દારી ઉચકી ત્રીસેક આગેવાનો સાથે પાલીતાણા ગયા. સમ્રાટ-સૂરિને આગેવાની લેવા વિનંતિ કરી ને સૂરિજીએ હા પાડી કે તરતજ સંમેલનનું મુહૂર્ત એકજ મિનીટમાં ફાગણ વદ ૩ નું કહાડી આપ્યું. આથી ઘણાને નવાઇ લાગી કે આમાં કંઇ ભેદ છે ? શું પહેલેથી આ બાબત નકકી તો નહી થઇ હોય ? અને વિધિ માટે આ ફારસ ભજવાયું હશે ? ગમે તેમ હોય પણ સંમે-લનના મુહૂર્તની તારીખ ફાગણ વદ ૩ બહાર પડી અને અમારા નગરશેઠે હિન્દુસ્તાનના જૈન શ્વેતાંબર મૂર્તિ-પૂજક સંઘને વિનંતિ કરનારૂં ટુંકું ને ટચ વિનંતિ પત્ર બહાર પાડયું. એટલે અમદાવાદના આંગણે ફાગણ વદ ૩ ના દિને સાધુ સંમેલન ભરાશે એ તો નિર્વિવાદ—છતાં તેના પરિણામ માટે લોકો અનેક પ્રકારના તર્ક વિતર્ક ઉઠાવે છે. કોઇ કહે છે—સમ્રાટસૂરિએ શ્રી સંઘની પ્રગતિ માટે સાધુ સંમેલન ભર-વામાં જે આગેવાની લીધી છે. તે માટે તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે. આચાર્ય વિજય વલ્લભ સૂરિ જે દિવસે ભાવનગરમાં પધાર-વાના હતા તેના આગલા દિવસે સમ્રાટસૂરિ ઘોઘા તરફ કુચ કરવા કમર કસે છે; ત્યારે ભાવનગરના આગેવાનો વિનવે છે: "સાહેબ આવતી કાલે વિજય વલ્લભ સૂરિ પધારે છે. માટે આપ બે દિવસ રોકાઇ તેમની સાથે સાધુ સંમેલન અંગે બાંધ છોડ કરશો તો કંઇક લાભ થશે," ત્યારે સમ્રાટ સૂરિ 'આજનું મુહૂર્ત ચોખ્ખું છે' એમ મુહૂર્તના ઓઠા નીચે ભાવનગર છોડી જાય એ મનોદશા સમાજમાં શંકાનેજ સ્થાન આપે ને ?

કોઇ કહે છે—સમ્રાટ સૂરિને આમંત્રણ કરવા સીધાવેલ ત્રીસ ગૃહસ્થોમાંથી શ્રી વિજયવલ્લભસૂરિને આમંત્રણ આપવા નગરશેઠ, વૈરાટી અને સકરાભાઇ ત્રણજ જણ જાય એ પણ પ્રથમથીજ સંકુચિત મનોદશાનો પડઘો નથી પાડતું ?

કોઇ કહે છે—કેસરિયાજીના પ્રકરણે ગંભીર રૂપ પકડવાથી તોડ નહિ નીકળે તો શ્રી શાન્તસૂરિ ફાગણ શુદ ૧૩ ના દિને અનશન વ્રત લેવાના છે. તે સંબંધમાં ચેતવણીના રણશિંગા તરીકે શ્રી ઢઢ્ઢા સાહેબ અને કોન્ફરન્સ ઓફીસે અત્રે તારો અને કાગળો લખ્યા છે. છતાં તે સંબંધમાં મૌનજ સેવાય છે એટલે આથી પણ કંઇક ગંભીર પરિણામની આશંકાઓ થઇ રહી છે.

રૂઢિચૂસ્તો છડેચોક બોલે છે કે "વડોદરા નરેશે પસાર કરેલ સગીર દીક્ષા પ્રતિબંધ નિબંધ રદ કરાવવા સંમેલન ભરવાની મહેનત થાય છે" અને સંમેલન અંગે ધાલમેલ પણ તેજ બીરાદરોની છે. એટલે આ ધમાલ આ બાતરજ કેમ ન થતી હોય ?

કોઇ કહે છે—પાટણ અને જામનગરના શ્રીસંઘે સાગરજી, લબ્ધિસૂરિ, રામાવજય અને પ્રેમવિજય વિગેરે કેટલાક સાધુઓને અસાધુ તરીકે જાહેર કર્યા છે. તેને આમંત્રણ કરવાથી સંઘો સંઘોની વચમાં કલેશ ઉભો થશે. બળતામાં ઘી હોમાશે અને એકબીજાની આમન્યાઓ તૂટવાની પણ ધાસ્તી લાગે છે.

કોઇ કહે છે—એકવાર આપણા મુનિવરોને ભેગા થવા દો, આંખેઆંખ મળવા દો એટલે આંખની શરમ લાગશે અને કંઇક રસ્તો કહાડી સમાજની ડુબતી નૌકા તારશે.

કોઇ કહે છે—કશું થવાનું નથી. જ્યાં પેટા વંદણાનું ઠેકાણું નથી, જ્યાં એક બીજાના પેટમાં મેલ છે, જ્યાં ખરાને ખરૂં કહેનારાને બદલે પક્ષાપક્ષી છે, મ્હારૂં એ સાચું અને તહારૂં એ ખોટું એવી મનોદશા છે ત્યાં શું ઉકળવાનું છે ? ખાલી સામૈયાં જમણ વિ. પાછળ લાખોનો ધુમાડો થશે અને કુજેતી થશે કારણ કે સંઘ સત્તાની અવગણના કરનારનો મોટો ભાગ છે.

આ પ્રમાણે જેને ફાવે તેમ અનેક પ્રકારની શંકાઓ કર્યે જાય છે. અત્યારે તો ગામ હિંલોળે ચડયું છે.

સાધુ સંમેલનની આવશ્યકતા છે. એકત્ર થવાની ખાસ જરૂર છે પણ મોં જોવા નહિ, આંખ મીલાવવા નહિ, સમાજની ખરી કમાણીના પૈસાનો ધુમાડો કરવા નહિ પણ આજે સાધુસમાજમાં કુસંપનાં મૂળીયાં ઉંડાં ઉતરતાં જાય છે, ભ્રષ્ટાચારીઓ છડેચોક મોજ ઉડાવી રહ્યા છે, કોઇ શાસ્ત્રોના મનગમતા અર્થો કરી અનર્થો કરી રહ્યા છે, કોઇ અયોગ્ય દીક્ષા પાછળ ઘેલા બન્યા છે, કોઇ પદવીઓની પાછળ મોહાંધ થયા છે, કોઇ મંદિરોની મૂર્તિ-ઓમાં વધારો કરવામાંજ રચ્યાપચ્યા છે, કોઇને ગુરૂ બનવાની અને પોતાના મંદિરોની સ્થાપના કરવાની તાલાવેલી લાગી છે, કોઇ સ્વચ્છંદતા સાથે ગેરવ્યાજબી પ્રવૃત્તિઓ આદરી રહ્યા છે અને મોટા ભાગને ગુજરાતમાંજ ભરાઇ રહી મોજ માણવાનો રોગ લાગુ પડયો છે. આ પરિસ્થિતિ આજે સાધુ સમાજની છે. એટલે તેમાંથી સાધુ સમાજને ઉગારી લેવાની જરૂર છે અને તેના અમલ માટે સંઘના વડપણની જરૂર છે. જો સંઘ સત્તાનો સ્વીકાર કરવામાં ન આવે તો વડોદરાના સાધુ સંમેલને કરેલા ઠરાવોની જે સ્થિતિ આજે થઇ રહી છે તેજ સ્થિતિ આની પણ થાય. પણ હું ભૂલું છું. અત્રે એને લગતા એટલે સાધુ શુધ્ધિને લગતા ઠરાવો થાય એ તો અસંભવિત છે કારણ કે કોઇ કોઇને કહી શકે એવી શકિત ધરાવનારો માનવા દેખાતો નથી. સૌના પેટમાં દગો છે એટલે મને તો સાધુ સંમેલનનું ભાવિ ઉજળું દેખાતું નથી. બાકી સૌને સારી બુધ્ધિ સુઝે અને નિખાલસ ભાવે વિચારોની આપ લે કરી, સંમેલન સાધુ સંસ્થાની ઉન્નતિ માટે પાર ઉતરે તો સાધુ સમાજનું ભાવિ ઉજ્જવળ ગણાય અને આપણે એજ ઝખ્મીઓ પરંતુ બાજી જો બગડી તો સુધરવી મુશ્કેલ છે.

"સાધુ સંમેલન અને સંઘ બંધારણ"

આજે આપણી સમક્ષ સાધુ સમ્મેલનને લગતા વિધવિધ વાતોના વાયરા વાઇ રહ્યા છે, એ પૈકી શું સત્ય છે અને શું અસત્ય છે એ તો આપણે ભાવિમાં જ નિશ્ચિત કરીશું. અત્યારે તો આપણે સમ્મેલન સફળ થવાને અંગે જે તટસ્થપણે વિચારો રજુ કરવાના હોય તે રજુ કરીએ એજ ઉચિત લેખાય,

આજના સાધુ સમ્મેલન સાથે સંઘ બંધારણ અને સંઘ સત્તાનો પ્રશ્ન અતિ વિકટ રીતે સંકળાઇ ગયો છે. એટલે સાધુ સમ્મેલનને આ વિકટ કોયડાનો ઉકેલ કઇ રીતે લાવવો એ ખાસ વિચારવા જેવી વસ્તુ છે. જો આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં સાધુ સમ્મેલન નિષ્ફળ નિવડે તો એ ધ્યાનમાં રાખી લેવું કે–એક જથ્થામાં દેખાતો ચતુર્વિધ શ્રી સંઘ બે વિભાગમાં વહેંચાઇ જશે. એક તરફ શ્રાવક–શ્રાવિકા સંઘ રહી જશે અને બીજી તરફ સાધુ–સાધ્વી સંઘ રહી જશે. અલબત્ત બન્નેય વિભાગમાં અમુક પ્રમાણમાં ભેળસેળ તો રહેશેજ, તેમ છતાં જે જે પક્ષમાં રહેશે તે, તેના તરફજ વજન આપશે. અહીં હું એ કહેવા જરાય ઇચ્છતો નથી કે–અમુક પક્ષ પ્રામાણિક છે કે અમુક પક્ષ અપ્રામાણિક. એ નિર્ણય તો સાધુ સમ્મેલનને એકત્રિત કરનાર અને તેમાં ચનાર બુધ્ધિમાન અને સ્થિતપ્રજ્ઞોજ કરશે. માફ કહેવું માત્ર એટલુંજ છે કે–આજે જૈન સંઘને અમુક હદ સુધી જે બે વિભાગમાં વહેંચાયેલો જોઇએ છીએ એ બે ભાગલાઓ કાયમના થઇ ન જાય અને શ્રમણ ભગવાન વીર–વર્ધમાને એક જથ્થામાં વ્યવસ્થાપિત કરેલ શ્રી સંઘનો એટલે કે સાધુસંઘ અને શ્રાવકસંઘનો પરસ્પરનો સદ્‌ભાવ ભર્યો સંબંધ જોખમાઇ ન જાય એ માટે ખાસ વિચારીને કામ લેવું. જો સાધુ સમ્મેલનના લાગતાવળગતાઓ આ બાબત તરફ આંખ મિંચામણા કરશે તો તેનું પરિણામ અતિ કટુ આવશે. આ કારણથી મારી સાધુ સંમેલનની પવિત્ર યોજના માટે યત્ન કરનારાઓ પ્રત્યે નમ્ર વિનંતી છે કે–તેઓ આ પ્રશ્નનો ઉકેલ ખૂબ સાવધાનતાથી કરે. આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં લૂખા શાસ્ત્રો કામ નહિ આવે, પ્રાચીન પુરૂષોનાં નામો કે તેમનાં કામની લૂખી વાતોય કામનહિ આવે, પરંતુ પ્રાચીન પુરૂષોએ અર્થાત્ આચાર્યો અને શ્રાવકોએ વખતો વખત પરસ્પરનો મીઠો સંબંધ વધવા માટે એક બીજાનું ગૌરવ કેટલું વધાર્યું છે? અને એક બીજાનો મોભો જાળવવા કેટલી નમ્રતા અને કેટલી સરળતા દેખાડ્યાં છે એ વિચારવું પડશે.

આજે પાટણ અને જામનગરના શ્રી સંઘનો અને અમુક મુનિવરોનો પરસ્પરનો સંબંધ જે રીતે કડવાશ ભર્યો બન્યો છે અને તે સાથે જે એક બીજા ગામના શ્રી સંઘો અને મુનિવરોનો સંબંધ પણ આજે કડવાશમાં પરિણમતો જાય છે આ બધાયનાં વાસ્તવિક કારણો તપાસી આ કડવાશનો અંત કેમ આવી શકે? એ વિચારવું અતિ આવશ્યક છે. સંમેલનના મૂળમાં આ પ્રશ્નના નિર્ણયને મુખ્યપણે અવકાશ હોવો જોઇએ જેથી જૈન શ્રી સંઘનું ઐક્ય અવ્યવચ્છિનપણે જે રીતે ચાલ્યું આવ્યું છે તેવુંજ ચાલુ રહે.

પ્રાચીન કાળમાં જ્યારે જ્યારે આવાં સંમેલનો ભરાયાં છે. ત્યારે ત્યારે ઉભય સંઘે અર્થાત્ સાધુ સંઘે અને શ્રાવક સંઘે એક બીજાનો મોભો જાળવીને અને સહકાર સાધીને જ વાતો કરી છે, અને એવાં સંમેલનોમાં સંઘ શાંતિનો કે સંઘના ઐકયનો પ્રશ્ન મુખ્ય સ્થાને ન હોય તો એ સંમેલનની કિમ્મત પણ શી હોઇ શકે? જ્યાં સુધી પરસ્પરના હૃદયમાં શાંતિ ન આવી હોય, એક બીજા પ્રત્યે દૃષ્ટિમાં સ્નેહ વરસતો ન હોય કે પરસ્પરને એક બીજાની ધાર્મિકતામાં વિશ્વાસ સરખોય ન હોય ત્યાં સુધી એવા એકત્રિત થયેલા સમ્મેલન દ્વારા કાર્ય પણ શું થઇ શકે?

આજે અમુક પક્ષે અમુક સાધુઓને અધર્મી, નાસ્તિક, ઉત્સૂત્રભાષી આદિ વિશેષણોથી નવાજતો હોય. આખાય શ્રી સંઘને અધર્મી હાડકાના માળા તરીકેજ માનતો હોય અને તેની અવગણના કરતો હોય, આખાય યુવકવર્ગને ધર્મ વિરોધી તરીકે વગોવતો હોય એ પરિસ્થિતિમાં સમસ્ત શ્રી સંઘમાં પરસ્પરનો મેળ સાધવા માટે અને શાંતિ સ્થાપવા માટે કેવો માર્ગ લેવો જોઇએ એ ખાસ વિચારવા જેવું છે.

આજના સમ્મેલનમાં શ્રી સંઘની વ્યાખ્યા, તેની સત્તા અને બંધારણનો નવેસરથી નિર્ણય કરવાનો સમય આવી પડયો છે. જો પ્રાચીન કાળના ચાલ્યા આવતા રિવાજ પ્રમાણે એક બીજાની પ્રમાણિકતા ઉપર વિશ્વાસ રાખી એક બીજાનું ગૌરવ જાળવીને સમજાવટથી કામ લેવાયું હોય તો આજે આ પ્રશ્નને જે ઉગ્રરૂપ લીધું છે તે ન લેત હવે તો એ પ્રશ્ન એટલો વિકટ થઇ ગયો છે કે–એનો નિર્ણય કર્યેજ છૂટકો થઇ શકે. જો આ પ્રશ્ન અધુરો રહેશે તો સમ્મેલન પણ અધુરૂંજ સમજવું. જો શ્રીસંઘ બે ભાગમાં વહેંચાઇ જશે તો સાધુ સમ્મેલને કરેલા ઠરાવો કે નિયમો અધ્ધરજ લટકશે અને એની કશીજ કિમ્મત નહિ રહે.

મને તો લાગે છે કે–સમ્મેલન ભરાવા અગાઉ પાટણ અને જામનગરના શ્રી સંઘ સાથે જે મુનિવરોને કડવાશ ઉભી થઇ છે, તેનો ફેંસલો કરી લેવામાં આવ્યો હોત તો વધારે ઉચિત ગણાત. જેથી આ વિષમ પ્રશ્ન સમ્મેલનને હરકત કર્તા ન થાત. હજુય સમ્મેલન ભરવાની તિથિને બદલીને આ બાબત તરફ લક્ષ્ય આપવામાં આવશે અને એ માટે યત્ન કરવામાં આવશે તો વધારે ઠીક થશે.

આપણી પરાપૂર્વની ચાલી આવતી પ્રણાલી મુજબ મારો સામાન્ય અભિપ્રાય એવો છે કે–સાધુ સંઘે શ્રાવક સંઘનો મોભો જાળવવો જોઇએ અને એ રીતે શ્રાવક સંઘે સાધુ સંઘનો પણ મોભો જાળવવો જોઇએ. જો આ વસ્તુ બરાબર લાગતી હોય તો એ નિયમને અનુસરીને કોઇપણ બાબતનો મધ્યસ્થ તોડ લાવવો મુશ્કેલ નહિ થાય એમ મને લાગે છે. પણ જો પરસ્પર એક બીજાનો મોભો જાળવવા માટે ઇન્કાર કરવામાં આવશે તો આ પ્રશ્નનો ઉકેલ કોઇ રીતેય આવી શકે તેમ નથી.

આજે એ પ્રશ્ન વિચારવા જેવો છે કે–જો સ્થાનકનો સાધુ સંઘ પૂર્વના સાધુ સંઘની પેરે શ્રાવકસંઘની માફા ગૌરવ જાળવે નહિ રાખે તો એ સાધુસંઘની માફા ગૌરવ વગેરેને અત્યારનો શ્રાવક સંઘ પણ શી રીતે જાળવશે. જ્યાં અકિત વ્યકિત એક બીજાનો મોભો જાળવે એ માટે શાસ્ત્રકારોએ અનેક જાતના નિયમો ઘડયા હોય ત્યાં આજે આખાય સંઘનો મોભો તોડવા પ્રયત્ન થાય એ કેટલે અંશે ઉચિત ગણાય? એ વિચારવુંજ જોઇએ.

પ્રાચીન ગ્રંથોનું અવલોકન કરતાં આપણને એવા ઉલ્લેખો મળી આવે છે કે–તે તે નગરના વાસ્તવ્ય સંઘોની સ્થાપેલી મર્યાદાઓ અને કાયદાઓને સાધુસંઘ પ્રમાણિત કરતો હતો. અને એ રીતે આજે પણ શ્રીસંઘની મર્યાદાઓને વખતો વખત માન્ય કરવામાં આવી છે અને માન્ય કરવીજ જોઇએ.

આજે વર્ષોથી સાધુ સંઘની જે અનાથ અને સ્વછંદ દશા ચાલી રહી છે એ જોતાં એમ ચોકકસ લાગે છે કે–એ અનાથ

રાધનપુરના અવનવા.

આવતા ચાર માસની અંદર કહેવાય છે કે રાધનપુરના આંગણે જૈન શાસનની શોભાની વૃદ્ધિ માટે ઉદ્યાપન અને બીજાં ધાર્મિક કાર્યોની પાછળ એક જંગી રકમ ખરચાવાની છે. ઉદ્યાપન ઉજવવાનું પ્રધાન ધ્યેય જ્ઞાન અને ચારિત્રની ભાવનાઓની જવલંત પ્રેરણા પ્રસરે, અને સમાજના અનુયાયીઓ અને શાસનની વધતી જતી શોભા જોઈ તેના પ્રસ્તુત પંથી તરીકેના સંસ્કારો દ્રઢ થાય. પરંતુ જ્ઞાનની મુખ્ય ભાવનાને આપણે આ સ્થળે વિસરતા હોઇએ તેવું લાગે છે. જેઓ આ પ્રસંગો ઉજવવા ધારે છે તેઓને અમારી નમ્ર વિનંતી છે કે ખરચવા ધારેલી રકમની સાથે સાથે તેઓ રાધનપુરમાં તેજસ્વી યુવકો ઉત્પન્ન કરતી વિદ્યાભુવન નામની સંસ્થા છે કે જેની અંદર ધાર્મિક, સામાજિક અને વ્યવહારીક શિક્ષણ આપવામાં આવે છે તેવી એક ધાર્મિક સંસ્થાને પૈસાના અભાવે તુટી પડતી બચાવવાનું લક્ષ્યમાં લે તો વધારે સારૂં.

આ આવતા વૈશાખ મહિનામાં રાધનપુરમાં સુધારક ગણાતા શ્રીમંત જૈન ગૃહસ્થોને ત્યાં લગ્ન પ્રસંગો છે. તે પ્રસંગે તેઓ શ્રીમાનો તરફથી એક સારી રકમ ખરચાવા સંભવ છે અને તે પ્રસંગે રાધનપુરી જૈન શ્રીમંતો રાધનપુરમાં ભેગા થશે, તો આ સુધારક શ્રીમંત જૈન ગૃહસ્થો કે જેઓનો મૂળ ઉદ્દેશ કરકસર કરવાનો અને પુરાણી પ્રથાઓ નાબુદ કરવાનો છે તેઓ પોતાનો ઘરથીજ પહેલ કરી નકામા ખરચા ન કરતાં તેને બદલે એક સારી જેવી રકમ વિદ્યાભુવનમાં લગ્ન પ્રસંગો ઉપર ભેટ આપી તેને પગભર થવામાં સહાયભૂત થશે એવી આશા છે. ખરેખર ખેદની વાત છે કે રાધનપુરી શ્રીમંતો કે જેઓ સખાવતે બહાદુર કહેવાય છે અને મુંબઇના દરેક બજારોમાં જેઓ અગ્ર

દશામાંથી સાધુ સંઘને ઉગારી લેવા માટે તેના ઉપર શ્રાવક શ્રી સંઘનો પ્રામાણિક અંકુશ જરૂર હોવો જોઇએ.

આજે સાધુ સમ્મેલન મેળવવા માટે અમદાવાદનો શ્રી સંઘ પ્રયત્ન કરી રહ્યો છે પણ જ્યાંસુધી તે, એક બીજા ગામના સંઘો સાથે ઐકય સાધી સાધુઓ ઉપરની કોઇની પણ શરમ રાખ્યા સિવાય પ્રામાણિક અંકુશ નહિ મુકે-મુકી શકે ત્યાંસુધી વર્ષોથી સ્વચ્છંદ બનેલ સાધુ સંઘ તેમના સરળ આમંત્રણને માન્ય કરી સમ્મેલનને સફળ બનાવવામાં સક્રિય ભાગ આપશે અથવા મદદ કરશે એ આશા કેટલે અંશે સરળ થશે એ તો ભાવિમાં જ તેઓ જોશે.

આજે સાધુસંઘ જે સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે એના ઉપર અંકુશ મુકવા માટે કોઇનીયે તાકાત દેખાતી નથી, એનું વાસ્તવિક કારણ જો તપાસવામાં આવે તો તે માત્ર એકજ છે કે શ્રાવક સંઘ પોતાનું ઐકય સાધી શકયો નથી. આજે સમસ્ત શ્રી સંઘોનું ઐકય સ્થાપવા માટે શ્રાવક સંઘે પોતાનું ઐકય સાધવું અતિ જરૂરનું છે. એ ઐકય સત્વર સધાવો એ આશા સાથે આ લેખ સમાપ્ત કરવામાં આવે છે. અને આ પછીના બીજા લેખમાં સંઘ બંધારણના અંગભુત તરીકે ગણાતી "સમ્મેલનમાં સાધુઓનો અવાજ" ને લગતી કેટલીક હકીકતનું સ્પષ્ટીકરણ કરવામાં આવશે.

પાટણ. લેખક;

મુનિ પુણ્યવિજય.

ગણ્ય ભાગ ભજવે છે, તેઓ સુધારાના અને કેળવણીના પ્રખર હિમાયતી હોવા છતાં પોતાનાજ ઘરે પોતાના ભાઇઓને ભવિષ્યના શહેરીઓ બનાવવા માટે કોઇ પણ જાતનું કેળવણીનું સાધન નથી અને જે છે તે પણ નામાંને અભાવે બંધ જેવી સ્થિતિમાં છે તો ઉપરોકત પ્રસંગ ઉપર રાધનપુરમાં એકત્ર થનાર શ્રીમંત ગૃહસ્થો તરફથી જરૂર વિદ્યાભુવનને પગભર કરવા માટે પ્રયત્ન કરવામાં આવશે અને વિદ્યાભુવનને એક બોર્ડીંગના રૂપમાં ફેરવી વિદ્યાર્થીઓને ફ્રી કેળવણી મળે એવી ગોઠવણ કરવા વિનંતિ છે.

૨. હાલમાં શ્રી વિજય વલ્લભસૂરિજી કે જેઓ આવતા ચોમાસા દરમ્યાન પંજાબ સંઘની પ્રચંડ વિનંતીથી પંજાબ ઉપરી જવા સંભવ છે, તેઓશ્રીને રાધનપુરના યુવાન બંધુઓ અને શ્રીમંત જૈન ગ્રહસ્થોએ ખાસ મહેનત કરી આ વખતનું તેમનું ચોમાસું રાધનપુરમાં થાય એવી ગોઠવણ કરવી જોઇએ કે જેથી ઘણા લાંબા વખતે તેમના સમાગમનો રાધનપુરી જૈન પ્રજાને લાભ મળે.

૩. રાધનપુર શ્રી જૈન નૃત્ય ગાયન મંડળી આ વખતના નાતાલના તહેવારો ઉજવવા શંખેશ્વર મુકામે ગયેલ જે વખતે રાધનપુરના નામદાર નવાબ સાહેબ બહાદુરનો મુકામ પણ ત્યાંજ હતો. તેઓશ્રી તરફથી ઉપરોકત મંડળી જ્યાં સુધી ત્યાં રહે ત્યાં સુધી જમણ આપવા ફરમાસ કરી હતી. પરંતુ મંડળીએ ફકત એકજ જમણ સ્વીકાર્યું હતું, અને સાંભળવા મુજબ મંડળી શંખેશ્વરજી રહે ત્યાં સુધી શંખેશ્વરજીની આજુબાજુ કોઇપણ માણસ શિકાર ન કરે એવું ફરમાન બહાર પડયું હતું. શંખેશ્વરજીની નજીક વાઘેલ નામે ગામ શિકાર માટે ખાસ પ્રખ્યાત છે, તેમજ એજન્સીના પુરોપીયન અમલદારો વગેરે દરેક નાતાલ વખતે ત્યાં શિકાર કરવા આવે છે. તેવીજ રીતે આ વખતે પણ ત્યાં એકઠા થએલા પરંતુ નામદાર નવાબ સાહેબે પોતાની જૈન પ્રજાની લાગણી ન દુભવવા માટે ઉપલું ફરમાન બહાર પાડી ખરેખર એક પ્રજા ભકત રાજવી તરીકે અમર નામના મેળવી છે અને ભવિષ્યમાં પણ શંખેશ્વર જેવા મહાન તીર્થની આજુબાજુમાં શિકાર ન થાય એવું ફરમાન બહાર પાડી પોતાની જૈન પ્રજાને નહીં પરંતુ સમસ્ત હિંદની જૈન પ્રજાને આભારી કરશે.

આજે કેટલા વખતથી રાધનપુર પાંજરાપોળનું કામ જૈનોમાં પડેલ મતભેદને અંગે બહુજ શિથિલ ચાલતું હતું જેથી તેને સારૂં નુકસાન ગયું હતું પરંતુ ચાલુ વર્ષે તે કામ ઉત્સાહી ગણેવાતા દરેક ભાઇએ પોતાના મતભેદને બાજુએ મુકીને એક સાથે હાથમાં હાથ મીલાવીને ઉપાડી લીધું હતું અને તેની શુભ નિશાની તરીકે રાધનપુર અને બીજા ગામોમાંથી આજે લગભગ પચાસ હજાર મણ ગવાર ભેગો કરવામાં આવ્યો છે અને હજુ ડેપ્યુટેશન તો દરેક ગામની મુલાકાત લઇ ગવારનો ખરડો કરી રહેલ છે અને સાંભળવા પ્રમાણે પાંજરાપોળને સારી મદદ મળી ગઇ છે. તો તેવીજ રીતે દરેક કાર્યો જો જૈન ભાઇઓ સાથે મળી કરે અને મતભેદને ભૂલી જાય તો રાધનપુરમાં સુખના સુર્યનો ઉદય થશે.

કેટલાક શ્રીમંત જૈન ગૃહસ્થો તરફથી રાધનપુરમાં ચાલતી આદિજીન સંગિત મંડળીને પણ ખાસ પગભર થવા માટે મદદ કરવામાં આવી છે.

કેટલાક વખતથી બંધ પડેલ કેળવણીનો ફેલાવો કરવાના ઉદ્દેશવાળુ સ્ટુડન્ટસ બ્રધરહુડ પણ ખોલવા માટે પ્રયત્ન ચાલુ કરવામાં આવેલ છે અને રાજ્યનો સહકાર મળી જતાં તેનું કામ શરૂ કરવામાં આવશે અને કેળવણીનો ફેલાવો કરવામાં તે બળવાન શકિતવાન થાય એમ રાધનપુરના યુવાનો ઇચ્છે છે.

લી॰ રાધનપુરી.

'વર્તમાન જોગ'

આજના અનિશ્ચિત વાતાવરણમાં 'શું લખવું' એ પણ એક પ્રશ્ન નથી? સમાજની ડમમગ ડોલતી નૈયા કિનારે પહોંચશે કે ખડક સાથે અથડાઇ યાતો ખરાબે ચઢી વમળમાં ફસાઇ સદાને માટે કાળ ઉદધિમાં સમાઇ જશે! 'શું થશે?' એ પ્રશ્ન કયા હૃદયમાં નહીં ઉદ્‌ભવતો હોય? પરંતુ ગમે તેવી સંશયાત્મક મનોદશા પ્રવર્તતી હોય, ગમે તેવી વિષમ પરિસ્થિતિ અસ્તિત્વ ધરાવતી હોય, ડંડાગાર વાતાવરણમાંથી ગમે તેવા નિરાશાના સુર ઉઠતા હોય, ત્યાં પણ યુવાનોનો જીવન મંત્ર એકજ હોઇ શકે અને તે 'પ્રગતિ.'

ઘણાય દિવસોથી જેની આગાહીઓ થઇ રહી હતી તે 'મુનિ સંમેલન' હવે તુરતમાં ભરવાની જાહેરાત થઇ ચુકી છે. ખચીતજ 'શ્રમણ સંઘ' આવી રીતે એકત્ર થઇ વિચારણા કરતો થાય તે પ્રશંસનીય છે. પરંતુ મને લાગે છે, કે 'મુનિ સંમેલન' જો સફળજ બનાવવું હોય તો તે પહેલાં પ્રથમ 'આચાર્ય સંમેલન' થવાની જરૂર હતી. કારણ કે હજુ તો એ પ્રશ્ન ઉભો છે કે આપણા આચાર્ય મહારાજોમાં એકતા છે ખરી? સંમેલનના યોજકો યા વ્યવસ્થાપકોએ આ પ્રશ્ન વિચાર્યો હશે. કદાચ ઉંડાણ નહીં માપ્યાં હોય! કારણ કે એક અદનો શ્રાવક પણ જવનિકા પાછળ ડોકીયું કરતાં જોઇ શકે છે, કે શ્રાવકોને 'વિતરાગતા' ના ઉપદેશ આપનારાઓનાં હૃદયને 'વિતરાગતા' ના પાસ નથી બેઠા. આવિધાન ભલે કટુ હશે પણ તેમાં સત્ય રહ્યું છે એ 'મુનિ સંમેલન' ની પૂર્ણાહુતિ થયે સહમજતાં વાર નહી લાગે?

તરૂણ મિત્રો, આપણી ફરજ સ્પષ્ટ છે. સમાજની પ્રગતિને રોકી બેઠેલી શ્રીમંતશાહી, આચાર્યશાહી અને રૂઢિવાદની જંજીરોને તોડવાનાં સ્વપ્ન સેવો છે ત્યારે નવી જંજીરો તો નથી ઘડાતી? વર્તમાન યુગનાં પ્રચાર સાધનો પ્રેસ અને પ્લેટફોર્મને મોઢે ડુચા દેવાની તરકીબો તો નથી રચાતી? જંજીરોના અંકોડા વધુ મજબુત બનાવવાના પ્રયત્ન તો નથી થતા? એટલી તકેદારી આપણે રાખવી પડશે. સમયે 'બળવો' પોકારવો પડશે, પછી તે ચાહે તે 'વ્યકિત' સ્હામે હોય!

જૈન યુવાનો ખૂબ યાદ રાખો કે, અનેકાન્ત દર્શનનો પેગામ તે મોતનો ડંડાગાર પંજો નથી; પણ પ્રત્યેક યુગને, પ્રત્યેક કલ્યાણકારી પરિવર્તનને' પ્રત્યેક વિચાર ક્રાન્તિને–જેટલે દરજ્જે તેમાં સત્યની ઝાંખી થાય તેટલે દરજ્જે તેને–મંજુર રાખનાર પ્રાણવાયુ છે. સર્વજ્ઞના શાસનોના મન ગમતા અર્થો કરવાની ચેષ્ટા ભલે થયા કરે પણ સહમજી લેવાય કે સર્વજ્ઞનાં શાસનો ત્રિકાલ બાધિત હોવા છતાં એ શાસનોને સહમજવામાં, તેનાં રહસ્યો ઉકેલવામાં આપણી અલ્પ બુદ્ધિ, એકલું અક્ષરજ્ઞાન, વેષ, પદવી કે શુષ્ક ક્રિયાઓ એ બધું એકાન્તે અપૂર્ણ છે, સાથે જરૂર છે–ખૂદ અંતરમાંથી ઉદ્‌ભવતી સ્વતંત્ર વિચારણાની સત્ય જ્યોતના–આત્માની ચિરાગનાં અજવાળાનાં સહકારની.

જૈન જગતપર આજે સ્થિતિ ચુસ્તતાનાં, વિચાર સંકોચ અને અંધશ્રધ્ધાનાં હીમ પથરાયાં છે, તેથી સ્હેજ પણ **ગફલાતની** કે પીછે હઠ કરવાની જરૂર નથી. કારણ કે એ ઠંડી જડતાને ભેદવા–જરૂર છે જૈન સમાજમાં વિચાર ક્રાન્તિનાં આંદોલનો ફેલાવવાનો પ્રબળ પ્રયત્ન કરવાનો. તરૂણ જૈન જનતાને માથે આ જેવી તેવી જવાબદારી નથી. અને એ પણ સત્ય છે. કે આ જવાબદારી હવે તો ઉઠાવ્યેજ છુટકો છે. તરૂણ જૈનો પોતાનુ કર્તવ્ય નહીં બજાવે?

૧૪-૧-૩૪. **વિનયકાન્ત ગાંધી.**

સાહિત્ય સમીક્ષા:—

મુનિરાજ શ્રી વૃધ્ધિચંદ્રજીનું જીવન ચરિત્ર :—લેખક:- શેઠ કુંવરજી આણંદજી. પ્રગટકર્તા:- **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.** મું. ભાવનગર–કાઠીયાવાડ.

મુનિશ્રી વૃધ્ધિચંદ્રજી મહારાજથી જૈન સમાજ ખૂબ સુપરિચિત છે, તેમનું વૈરાગ્યથી ભરપુર ચરિત્ર આમાં આપવામાં આવ્યું છે, શ્રીયુત કુંવરજીભાઇ ઉપરોકત મુનિશ્રીના સમાગમમાં ખૂબ આવેલ છે. એ સમાગમના સંસ્મરણો આમાં ખૂબ તાજા થયેલ છે. એકંદરે વૈરાગ્ય પિપાસુઓ માટે આ ચરિત્ર પ્રકાશન આવકાર દાયક છે.

ધાનેરામાં અપૂર્વ ઉત્સવ અને સ્વ. સુરજમલભાઈ ઝવેરીને નિવાપાંજલિ:— પ્રકાશક:- ધાનેરા સમિતિ. કિંમત ૦–૫–૦ પાંચ આના. c/o (સી) ન્યુ ફોરાસ રોડ. દુકાન નં ૧૫૮, મુંબઇ નં. ૭

ઉત્તર ગુજરાતમાં પાલણપુર પાસે આવેલ ધાનેરામાં તા૦ ૨૫–૫–૩૩ ના રોજ એક ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. તેમાં સંવાદો, હાસ્યરસના પ્રયોગો અને ભાષણો થયાં હતાં તે સંબંધીના લેખો સાથે તહેનું વર્ણન આ પુસ્તકમાં આપ્યું છે, સાથે કેટલાક તે પ્રસંગના ફોટાઓ પણ મૂકવામાં આવ્યા છે. આમાં સ્વ. શેઠ સુરજમલભાઇને નિવાપાંજલિ પણ આપવામાં આવી છે અને તેમાં સ્વ. ના સંસ્મરણાઓને બહુ સારી રીતે સંકળવામાં આવ્યાં છે. એકંદર આ પુસ્તકની પાછળ ખુબ શ્રમ લેવાયો છે અને જેટલું બની શકે તેટલું સુંદર બનાવી જનતા સમક્ષ ધરવામાં આવ્યું છે. આ પ્રયાસ અભિનંદનીય છે, સો પૃષ્ટો સાથે અનેક ફોટાઓ જોઇ પાંચ આના કિંમત નજીવી જણાય છે.

વિજયનું રહસ્ય :– લેખક અને પ્રકાશક:– શ્રીયુત માવજી દામજી શાહ. મુખ્ય ધર્મ શિક્ષક આણુ. પી. પી. જૈન હાઇસ્કુલ મુંબઇ. મૂલ્ય ૦–૨–૦

લક્ષ્મી ઇચ્છતા યુવાનો માટે પ્રાથમિક કયા કયા ગુણોની આવશ્યકતા છે તે માટે લેખકે આ પુસ્તિકામાં ઠીક ઠીક પ્રયાસ કર્યો છે. લક્ષ્મીના ઉમેદવાર યુવાનો માટે આ પુસ્તિકા ખુબ ઉપયોગી છે.

ગૃહસ્થ જીવન :- લેખક અને પ્રકાશક:- શ્રીયુત માવજી દામજી શાહ. મુખ્ય ધર્મ શિક્ષક. આણુ. પી. પી. જૈન હાઇસ્કુલ મુંબઇ મુલ્ય ૦–૩–૦ ત્રણ આના.

મધ્યમ કોટિનું ગૃહસ્થ જીવન સુખી કેમ બની શકે? તે માટેના આમાં વિચારપૂર્ણ ઉપાયો સુચવવામાં આવ્યા છે. આ નાનકડી પુસ્તિકા ગૃહસ્થ જીવન જીવીઓ માટે અતિ આવશ્યક છે.

પાલણપુર નરેશને :– લેખક:– રા. તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી. પ્રકાશક:– પાલણપુરી મિત્ર મંડળ દેવકી ભુવન, ધનજી સ્ટ્રીટ મુંબઇ નં. ૩

પાલણપુરના ના. નવાબસાહેબને અનુલક્ષીને ભાઇ તારાચંદે 'પ્રબુધ્ધ પાલણપુર' માં એક પત્ર પ્રગટ કર્યો હતો, એ પત્રને ટ્રેકટના રૂપમાં બહાર પાડવામાં આવેલ છે. પત્ર ખુબ નિડરતાથી લખાયો હોઇ ઘણોજ ઉપયોગી છે. તહેમાં પાલણપુર સ્ટેટના ખાતાઓની સાચી સમીક્ષા કરવામાં આવી છે. ના. નવાબ સાહેબ આ પત્ર ઉપર ધ્યાન આપે તોજ પત્રનો ઉદ્દેશ પાર પડે. સમસ્ત પાલણપુર સંસ્થાનના વાસીઓ માટે આ ટ્રેકટ ઉપયોગી છે.

નૂતન સમાચારો

અમદાવાદ—મહાશુદિ બીજના અત્રે શ્રી સંઘની એક મીટીંગ બોલાવવામાં આવી હતી કે જેમાં લગભગ સોથી સવાસો માણસોની કંગાળ હાજરી હતી. કામનો પ્રારંભ કરતાં શ્રીયુત નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇએ જણાવ્યું હતું કે "હું કેટલાક આગેવાનો સાથે કેટલાક આચાર્યોને મળી આવ્યો છું અને બીજા કેટલાક આચાર્યોને વિનંતી કરવા જવાનો છું. તે સિવાય પાટણ જામનગર અને ખંભાતના શ્રી સંઘો વગેરેનું સમાધાન કરવાનો હું યત્ન કરી રહ્યો છું સમાધાન થાય તો બહુ સારી વાત છે." અહિં દરેક જ્ઞાતમાંથી સોએ દશ દશ પ્રતિનિધિ સ્વાગત માટે લેવા ઠરાવ્યું હતું મીટીંગનું કામ લગભગ અડધા કલાકમાં ખલાસ કરી આદેશ્વર ભગવાનની જે બોલાવી મીટીંગને બરખાસ્ત કરવામાં આવી હતી. અમદાવાદ જેવી જૈન પુરી કે જ્યાં લગભગ જૈનોના વીશ હજાર ઘર છે ત્યાં શ્રી સંઘની મીટીંગમાં આવી કંગાળ હાજરી આશ્ચર્યજનક ગણાય. આથી સંમેલન માટે ત્યાં કેવોક રસ છે તે જણાઇ આવે છે. આ સંમેલન પાછળ કોઇ ભેદી રમ્મત રમાઇ રહી છે, જનતાને એમ લાગે છે કે આ સંમેલન વડોદરાનો દીક્ષાનો કાયદો રદ કરાવવા માટેજ મેળવવામાં આવે છે.

—**વડોદરા**— સરસુબા શ્રીયુત મણીલાલ બાલાભાઇ નાણાવટીએ પોતાની પુત્રીને જ્ઞાતિ બહાર પરણાવવાથી તેઓશ્રીનો તથા લગ્નમાં ભાગ લેનાર તેમના કુટુંબીજનોનો જ્ઞાતિએ દંડ કર્યો છે. આથી રા. મણીલાલભાઇએ જ્ઞાતિના અગ્રેસરો ઉપર અમદાવાદની કોરટમાં રૂ. એકનો આંક ભરી ફરીયાદ નોંધાવી છે.

પુના— અત્રેના એક બંધુ લગભગ પાંચેક હજાર માઇલની હિંદુસ્તાનની મુસાફરી પગે ચાલીને કરી હસણા પાછા ફર્યા છે, તેમનો બહુજ સારો સત્કાર થયો હતો.

ઘાટકોપર :— પં. ભક્તિ વિજયજી મહારાજ અત્રે બે ત્રણ મુમુક્ષુઓને દીક્ષા આપવાની વેતરણમાં પડયા હોય તેમ જણાય છે. એક વખત વ્યાખ્યાનમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે અમદાવાદમાં મુનિ સંમેલન ભરાઇ રહ્યું છે, તેમાં મારે જવું જોઇએ પણ તમે જો અહિં આ બંધુઓને દીક્ષા અપાવવાનો પ્રબંધ કરતા હો તો સંમેલનમાં ભાગ લેવાની મારી ઇચ્છા નથી, જૈન સાધુઓનું કેવા પ્રકારનું માનસ છે. તે જાણવા માટે આ દાખલો બસ થશે દીક્ષાવેલા સાધુઓને શાસનની કશી પડી નથી તેમને તો એકજ ધૂન લાગી છે કે કઇ રીતે અમારો પરીવાર વધે?

કુદરતનો કારમો પ્રકોપ:—બંગાળ, બીહાર અને ઓરીસા કે જ્યાં એક વખત કરોડો જૈનોની વસ્તિ હતી અને ગૌતમ ઇન્દ્રભૂતિના પચાસ હજાર શિષ્યો વિચરી અહિંસા મહાધર્મનો વાવટો ફરકાવતા હતા, તે ભૂમિમાં કુદરતો કારમો પ્રકોપ આજે ઉતરી રહ્યો છે, ધરતીકંપથી લાખો માણસો પાયમાલ થયાં છે, હજારો માણસો મરી ગયાં છે અને હજારોને ઇજા પહોંચી છે, કોઇ મહા પ્રલયકાળ આવી પહોંચ્યો હોય તેમ મોંઘીર અને મુજફરપુર જેવા માતબર અને રમણીય નગરોનો નાશ થયો છે, એકપણ ઘર બચવા પામ્યું નથી. લોકો ઘર છોડી કડકડતી ઠંડીમાં ચોગાનનો આશરો લઇ રહ્યાં છે તેની આજુ બાજુના ગામડાંની બહુજ કરૂણાજનક સ્થિતિ છે. જે ધરતીકંપથી ગંગાના અગાધ પાણી પણ જમીનમાં ગરક થઇ ગયાં હતાં એ ધરતીકંપે શું અત્યાચાર નહિ કર્યો હોય! એની કલ્પના કરવી પણ અત્યંત ભયંકર છે. રાહતનું કાર્ય ચાલુ થયું છે પણ કુદરતના પ્રકોપ સ્હામે માનવીનું શું ગજું!

વેરાવળ—અત્રેથી ગીરનારની યાત્રા માટે અનેક સ્થળે નામના (?) મેળવેલ મોહનસૂરિના નેતૃત્વની નીચે છરી પાળતો સંઘ નીકળ્યો હતો અને ગામોગામ સંઘ જમણો થયાં હતાં. આવા આર્થિક બેહાલીના સમયમાં આવો હજારો રૂપીઆનો દુર્વ્યય અસ્થાને છે. શું સંઘ કાઢનાર ભાઇઓને સમાજની કરૂણ દશાનો જરાયે ખ્યાલ નથી? જુનવાણી સ્વરૂપો જ્યાં સુધી સમાજમાં અસ્તિત્વ ધરાવે છે ત્યાં આવા નિરર્થક વ્યયો અનિવાર્ય છે.

યુવકોને આહ્વાન—

આજે સમાજમાં મુનિ સંમેલનના પડઘમ જોરશોરથી વાગી રહ્યાં છે, ચારે તરફ વિધ વિધ પ્રકારના તર્ક વિતર્કો થઇ રહ્યા છે, મુનિ સંમેલન તરફ સમાજનો મોટો ભાગ આશંકાની નજરે નિહાળી રહ્યો છે, કલેશ, કંકાશ અને અશાંતિનું વાતાવરણ પ્રસરી રહ્યું છે, અને કેસરીયાજી પ્રકરણ જેવાં તીર્થ પ્રકરણોનાં પ્રશ્ન અતિ વિકટ બની રહ્યો છે ત્યારે યુવક સંઘોને મૌન કેમ પાલવી શકે? યુવાનો ઉપર તો સમાજની ખુબ આશાઓ છે, યુવકો એ સમાજના હાથપગ છે, હાથપગ વગરનું કલેવર શું કરવાનું હતું! હવે ચુપકીદી તોડવાનો સમય આવી લાગ્યો છે, સમાજનું ભાગ્યવિધાન યુવકો ઉપરજ નિર્ભર છે. તેમણે હવે તૈયારી કરવી ઘટે.

સારાયે જગતમાં એ વસ્તુસ્થિતિ ઉપસ્થિત થઇ છે કે નવ લોહિયા યુવકો સિવાય એ પરિસ્થિતિનો કદાપી અંત આવી શકેજ નહિ, દરેક સમાજે અને જ્ઞાતિઓની એ દશા છે, અને યુવકો તેમાં આગેવાની લઇ રહ્યા છે, આપણા સમાજની આગેવાની પણ હવે યુવકોએ લેવાની ઘડી આવી લાગી છે જે જવાબદારી આજે યુવકો ઉપર આવી પડી છે. તેને સંપૂર્ણપણે અદા કરવાને યુવકોએ જરૂર તૈયાર થવું જોઇએ. સૌથી પહેલાં દરેક ગામના યુવક સંઘોએ નવેસરથી મુનિસંમેલન સ્હામે પોતાનો અવાજ રજુ કરવાની જરૂર છે, મુનિ સંમેલન સંબંધી યુવકોની શી માન્યતા છે. તે જનતા સમક્ષ જાહેર કરવી જોઇએ કે જેથી જનતા ભ્રમણામાં ન પડે અને સાથે સાથે આત્મભોગ આપવાની ભાવના કેળવી મેદાનમાં આવવાની આવશ્કયતા છે. નિષ્ક્રિયતા નહિ ચાલી શકે.

યુવક

યુવક :— (સમાજ અંક) વર્ષ ચોથું. અંક. પેલો. તંત્રીઓ :- શ્રીયુત ચુનીલાલ પરશોત્તમદાસ શાહ વડોદરા :— શ્રીયુત મોહનલાલ બાપુભાઇ પટેલ. વડોદરા. કિંમત ૦-૯-૦

મહા ગુજરાતનું ઉપરોકત માસિક આજે ચાર ચાર વર્ષથી ગુજરાતની સેવા બજાવી રહ્યું છે. સામાજીક ક્રાન્તિ માટે 'યુવક' ગુજરાતને અપૂર્વ ફાળો આપ્યો છે, ચાલુ વર્ષના પ્રથમ અંક પાછળ 'યુવક'ના તંત્રીઓએ ખૂબ મહેનત લઇ તેને સમાજ અંક તરીકે જનતાને ચરણે ધરી અસાધારણ સેવા બજાવી છે. જુદી જુદી દૃષ્ટિએ લખાયેલ ક્રાન્તિકારક લેખોની પસંદગી કરી આ અંકને ખુબ સમૃધ્ધ બનાવવામાં આવ્યો છે, અમે દરેક સામાજીક ક્રાન્તિ ઇચ્છતા બન્ધુઓને આ અંક વાંચવાની મજબૂત ભલામણ કરીએ છીએ.

રાજનગરની રંગભૂમિ માં—

—મણીલાલ એમ. શાહ.

ભાઇશ્રી,

ઘણાં લાંબા વખતથી શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુ સંમેલન ભરવાના ભણકારા વાગી રહ્યા હતા આચાર્ય શ્રીનેમિસૂરિ પાસે શાસનપક્ષી ભાઇઓના અગ્રગણ્ય નેતાઓની દોડધામ શરૂ થઇ હતી. ના. ગાયકવાડ સરકારે બાળદીક્ષાનો કાયદો અમલમાં મુકાયાની જાહેરાત કરતાની સાથેજ આ દોડધામ શરૂ થઇ અને સમાજના નામે ગમે તે ભોગે સાધુ સંમેલન મેળવવા તાલાવેલી લાગી, કેટલીક ધામધુમ લાગવગ, વચનો વિગેરે આપીને એને માટે આ. નેમિસૂરિને અમદાવાદના નગરશેઠ મારફતે સંમેલન ભરાવાનું જાહેર આમંત્રણ અપાયું અને ફાગણ વદી ૭ની તારીખ એને માટે જાહેર કરવામાં આવી. આ આખા ષડયંત્રને અંગે અનેક પ્રકારના દાવપેચ ખેલાયા છે જે હું આપને હવે પછી જણાવીશ પણ હમણાં મારા ઉપર આપે જે જવાબદારી નાખી છે એટલે કે મ્હારી અમદાવાદની મુસાફરીમાં સાધુ સંમેલન અંગે જે કાંઇ માહિતી મળે તે લખવા કહેલું, તેને લગતી કરેલી તપાસનું પરિણામ નીચે મુજબ છે. જે જનતાની જાણ માટે જાહેર કરવાની આવશ્યકતા છે.

(૧) સૌથી પ્રથમ જૈનપુરી ગણાતા અમદાવાદમાં આ સંમેલન ભરાવાનું છે એવી જાહેરાત થયાપછી અમદાવાદના જૈન ભાઇઓમાં જે ઉત્સાહ હોવો જોઇએ તેવાં કોઇ ચિન્હ જણાતાં નથી. ફક્ત ગણ્યાં ગાંઠ્યા શાસન પક્ષી ભાઇઓ આ બાબતમાં નગરશેઠને બંગલે સંમેલનના અંગે થતા કામકાજની ખબર મેળવવા જાસુસી રૂપે આવે જાય છે. નગરશેઠ ચેતે તો વધુ સારૂં.

(૨) અમદાવાદના જૈન ભાઇઓ કહે છે કે અમદાવાદના સંઘના નામે આમંત્રણ આપ્યું છે. પરંતુ એકપણ વખત સંઘને બોલાવવામાં આવ્યો નથી તેમજ તેમની આગળ સાધુ સંમેલન ભરવા સંબંધી કોઇપણ કહેવામાં આવ્યું નથી તથા ગોઠવણ–વ્યવસ્થા અંગે પણ કહેવામાં આવ્યું નથી, એટલે તેઓનું માનસ આ સંમેલન તરફ તદ્દન બેદરકારી ભર્યું જ જણાય છે. કારણ કે તેઓ માનેછે કે પાંચ પચીશ ભાઇઓને અમદાવાદના નામે આમંત્રણ કરવાનો કાંઇ અધિકાર નથી. નગરશેઠ પોતાના નામે આમંત્રણ આપી શકે પણ જો અમદાવાદના નામે આમંત્રણ આપવાનું હોય તો અમદાવાદના જૈન ભાઇઓની સંમતિ પહેલેથી સંઘ મેળવી તેમણે લેવી જોઇતી હતી.

(૩) વળી સાધુ સંમેલનના અંગે જે ખરચો થવાની વાત બહાર આવી છે તેથી પણ કેટલા વિચારવંત અગ્રગણ્ય ભાઇઓ ચોંકી ઉઠયા છે, અને સમાજની કંગાલીયતમાં વધારો થાય એવા ખરચાળ માર્ગો તરફ પોતાનો અણગમો દેખાડે છે.

(૪) સંમેલનને માટે આ. નેમિસૂરિ પાસે આમંત્રણ આપવા જનાર ગૃહસ્થોમાં પણ આ સંમેલનની સફળતા વિષે ભય છે. કયા મુદ્દાઓ ઉપર ચર્ચા અને નિરાકરણ કરવાં સંમેલન મળવાનું છે તેની તેઓને પણ ખબર નથી. તેઓ કહે છે કે અમને દબાણથી કહેવામાં આવ્યું અને અમો શરમની ખાતર ગયા.

ઉપરની તપાસના અંગે મ્હારો વિચાર ખુદ નગરશેઠને મળી આ બાબત ઉપર કાંઇ વધુ પ્રકાશ મેળવી શકાય તો સારૂં એમ સમજી તેમની મુલાકાત લેવાનો વિચાર થવાથી હું નગરશેઠને મળ્યો. લગભગ કલાક સવાકલાકની લાંબી વાતચીતના અંગે નગરશેઠ તરફથી નીચેની બાબતોના ખુલાસા મળ્યા.

સ. સાધુ સંમેલન મેળવવા પ્રયત્ન કરવાનું કારણ?

જ. લાંબા વખતથી સાધુઓ જુદીજુદી રીતે ઉપદેશ આપતા હતા તેથી એક સરખો ઉપદેશ બધા સાધુઓ તરફથી અપાય એ નક્કી કરવા.

સ. ભાવનગર મુકામે આ. નેમિસૂરિ આ. વલ્લભસૂરિને મળી શકત છતાં નેમિસૂરિ કેમ ન મળ્યા?

જ. તેને માટે શ્રાવકોની કસુર છે. બંન્ને આચાર્યો મળી શકે તેવો પ્રબંધ રા. મોતીચંદ કાપડીઆ કરે છે એમ જણ્યું છે. તમો મુંબઇમાં એ સંબંધી તેમને મળી ખુલાસો મેળવી શકશો.

સ. સંમેલનમાં ચર્ચવાના મુદ્દાઓ કાંઇ નક્કી થયા છે કે?

જ. ના. એ મુદ્દાઓ તો આચાર્યો ભેગા થઇ નક્કી કરશે.

સ. આચાર્યો કયારે ભેગા થવાનું આપ ધારો છો?

જ. લગભગ મહાવદમાં.

સ. કોણ કોણ આવશે?

જ. હું નક્કી કહી શકું નહિં.

સ. સાંભળ્યું છે કે જુદા જુદા ગામના સંઘોને આપ આમંત્રણ આપવાના છો.

જ. હા, તે ખરૂં છે.

સ. જુદા જુદા સંઘોને આમંત્રણ આપવાનું કારણ?

જ. તેઓ ભેગા થએલા મુનિરાજોના દર્શનનો લાભ લે અને સંમેલન જે ઠરાવો કરે તે તેઓની આગળ વાંચી સંભળાવવા માટે.

સ. આ ઠરાવોમાં સાધુ શ્રાવક બેઉના હિતના ઠરાવો હોય તો આવેલા સંઘો તેમાં કાંઇ ફેરફાર સુચવી શકે અને કરાવી શકે કે?

જ. ના, તેઓથી તેમ થઇ શકે નહિ. અમલ કરવો ન કરવો તેમની મુન્સફીની વાત છે.

સ. આપને નથી લાગતું કે આમ કરવાથી તો હાલના કોઇપણ ઝગડાનું પરિણામ સમાધાનમાં આવી શકે નહિ અને ઝગડાઓ ઉભા રહે.

જ. હા. તેમ થાય ખરૂં પણ ઝગડાઓ ચાલુ રહેવાના, માનવ સ્વભાવજ ઝગડાળુ છે. કોઇ સદીમાં ઓછા ઝગડા હોય છે.

સ. આ સંમેલનમાં દરેક સાધુ આવી શકશે કે?

જ. હા, પણ જે સાધુ આચારથી ભ્રષ્ટ હશે તે તો નહિંજ.

સ. આપને કોઇ એવી રીતે પુરવાર કરી બાત્રી કરી આપે કે અમુક સાધુ કુદરત વિરૂધ્ધ કૃત્ય કરે છે તો તેને આપ ભ્રષ્ટ ગણો કે નહિં?

જ. આના માટે નિર્ણય કરવાનું મારા માટે મુસ્કેલ છે. બાકી એવા ભ્રષ્ટ ગણાયજ.

સ. સંમેલન નિષ્ફળ નિવડે તો આર્થિક મંદિના વખતમાં કરેલા ખર્ચો માટે આપ શું ધારો છો?

જ. લાખ બે લાખનું પાણી થાય એમ તો જરૂર કહું અને બીજો સમાજ આપણને હસે પણ ખરો પણ આ અખતરો છે, અને એવા અખતરામાં વખતે લાખ બેલાખ ખરચાય તો તે ચલાવી લેવા જેવું ગણાય.

લાંબી વાતચીતનો ટુંકસાર ઉપરના સવાલ જવાબમાં આપ્યો છે. પછી હું મુનિ વિદ્યા વિજયજી મહારાજ કે જેઓ હાલ આ બાબતમાં અમદાવાદમાં ચર્ચાઓ કરે છે, તેઓની પાસે કાંઇક જાણવા માટે ગયો. તેઓશ્રી એ કહ્યું કે સાધુ સંમેલન મોહું ભરાય તો હરકત નહિં પણ તેની સફળતા માટે તો સંમેલન મેળવવા ઇચ્છતા સાધુ અને શ્રાવકોએ પુરો અને ભગિરથ પ્રયત્ન કરવો જોઇએ. જ્યારે જઇ દરેક અગ્રગણ્ય સાધુઓને મળવું જોઇએ. તેઓની પાસેથી વિરૂધ્ધ અને તરફેણની દલીલો, વાતચીતના મુદ્દાઓ સાંભળી, એક બીજાને સમજાવી, સંમેલન તરફ પ્રેમ દેખાડે તેમ કરવું જોઇએ. પણ આમાનું કાંઇ થયું નથી.

જાગૃત સમાજ એ દંભ નહિ ચલાવી લે!

—શાન્તિકુમાર.

જૈન સમાજમાં દીક્ષાની ઘેલછા અને ધર્માન્ધતા છેલ્લા થોડાક વર્ષોથી ખુબ વ્યાપી, એથી કલહનાં મૂળ ઘરઘરમાં નંખાયાં. સામાજિક તેમજ ધાર્મિક જીવનમાં અસ્તવ્યસ્તતા પ્રસરી અને નિર્નાયકતાનો લાભ લઈ ધર્માન્ધ સાધુઓએ વિષના મૂળ ઉંડા નાખ્યાં. એથી પિતા મહાવીરનો ખીલેલો હરિયાળો બાગ વેરાન થવાની ઘડી પર આવી પહોંચ્યો. આ બધું આમને આમ ચાલ્યાજ કરે તો સમાજનો નાશ નજદિકના ભાવિમાં આવી પહોંચે એ નિર્વિવાદ હતું ચાલી રહેલી આ અરાજકતા મિટાવવા એકજ રસ્તો રહ્યો હતો અને તે! સાધુ સંમેલન.

એ માટે સૌ કોઇ ઇચ્છતું કે ઉચ્ચ ભૂમિકા તૈયાર કરી મધ્યસ્થતા જાળવી એક ચોક્કસ આચાર્યોની ગોળમેજી ભરવી અને તેમાં દરેકનાં હૃદય અરસપરસ મળે, ખૂબ વિચારણા કરે, પ્રથમ પાટણ અને જામનગરના ઝઘડા પતાવી પછી કલહ ન વધે ને સમાજમાં શાન્તિ ફેલાવે તેવી યોજના તૈયાર કરી તે સૌની સહી અનુસાર જૈન. શ્વે. મૂ. મુનિ સંમેલન અમદાવાદ યા અન્ય સંઘના નગરશેઠની સહી સાથે ભરવું. આમ થાય તોજ સમાજ પ્રગતિમય બને અને ચિરંજીવ શાન્તિ શ્રીસંઘમાં ફેલાય. પણ આજે વસ્તુ સ્થિતિ તદ્દન વિપરીત બની. ઉપર મુજબની કશી પણ પ્રાથમિક તૈયારી વગર અમદાવાદના નગરશેઠ અમુક માણસો સાથે ગુફતગો કરી પરંપરાની રીત મુજબ આપમેળે આગેવાની લઇ આ. નેમિસૂરિ પાસે મુહૂર્ત કઢાવવાના અને આમંત્રણ બહાર પાડવાના સ્વાંગ સજી બહાર આવે છે, ને! સમાજનો પ્રત્યેક વિચારશીલ માનવી આ નવા નાટકથી મૂગ્ધ બની જાય છે.

આ આખાય નાટકની પાછળનો ઇતિહાસ જોશો તો જણાશે કે કહેવાતા ધર્માચાર્યોનું કેવળ કાવતું છે. સંમેલનના નામે ભેગા થઇ મન ગમતા ઠરાવો કરવાનું, આખા સાધુ સમુદાય અને સમાજના નામે ચેલાંચલનની પાગલતા નિભાવવાનું. સુધારકો સામે વ્યૂહ રચના કરવાનું, શઠયંત્ર છે. સાધુ સંમેલન ભરી તેઓને નથી શિથિલાચારીઓને કાઢવા, કે નથી ગોચરી કે વંદન વ્યવહારમાં ઉદાર બનવું, નથી સમયોચિત ધાર્મિક સુધારણા કરવી કે શિષ્યોની ઘેલછા મિટાવવી, તેમ નથી શ્રી સંઘની કે તેમની ઉન્નતિ થાય તેવાં પગલાં લેવાં અગર સાધુ સમાજનું સંગઠ્ઠન કરવું. કેવળ હતા ત્યાંના ત્યાંનું સૂત્ર સન્મુખ રાખી મનફાવતી રમતો રમવી છે. આજનો જાગૃત સમાજ આવા દંભ નહિ ચલાવી લે!

સમાજને વિશ્વાસમાં લેવો હોય, સાચેજ શાન્તિ ફેલાવવાની તમન્ના જાગી હોય તો હજી વહી ગયું નથી. મતમતાંતર છોડી ઉદાર ભાવે કામ લ્યો. ભલે બે માસ મોડું થાય પણ વ્યવસ્થિત મુનિશ્રી વિદ્યાવિજયજીએ સુચવેલ યોજના અનુસાર યા અન્ય રીતે સૌને સાથે લઇ વિશ્વાસ સંપાદન કરો, નહિતો? આગેવાનીના ફુટ્યા ઢોલ નભનાર નથી. આર્યાવર્તના સમસ્ત જૈન સંઘના નામે પોલ ચલાવવાના, સત્તા ચલાવવાના, ધમકીઓના, દિવસો હવે વહી ગયા છે. એનાથી કોઇ ડરવાનું નથી. આજે કહાયને! પાટણ કે જામનગર સંઘનું અમદાવાદનાં નગરશેઠ અપમાન કરી સંઘ બહાર કરેલા સાધુઓને આમંત્રણ આપશે, સામૈયા કરશે, તો! યાદ રાખજો કે આવતી કાલે તમારી કિમ્મત કોડીની થશે, અને સંઘ સત્તા જેવી વસ્તુ નહિ રહે. આજ તમે જેવું વર્તન બીજા સંઘો તરફ રાખશો તેવુંજ વર્તન દરેક સંઘ અમદાવાદના સંઘ તરફ રાખશે, શંકાની નજરે જોશે અને આગેવાનીની રહી સહી પ્રતિષ્ઠા પણ જશે.

યુવાનો, સુધારકો આવતી કાલની આશા છે. તેમને તરછોડી કયાં લગી તમે દોડી શકવાના? એ મોટા ભાગનો એક સમુહ છે. દુનિયા પ્રગતિનાં પંથે કુચ કદમ કરે છે, એ બધું અટકાવી શકાશે નહિ. સાચેજ સમાજને વ્યવસ્થિત કરવો હોય તો ખોરંબે ચઢેલા નાવને કુશળ નાવિકની જેમ બુધ્ધિનો ઉપયોગ કરી કિનારે પહોંચાડવા વિચારો. એમાં કડીયાના ચુના કે સુથારની મરામત ટકશે નહિ. એ નકલી મરામતો ઉલટું નાવ ડુબાડશે.

આટલા પડઘમ છતાં આ નાટકના સૂત્રધારો નજર સમક્ષ તો જૈન આલમના યુવાનો! રખે આ બળમાં ફસાતા. તમારા આત્માને પૂછી કુચ કદમ કર્યે રાખો. વિજય તમારોજ છે. આજની કટોકટીની પળે ચુંપડીદિ તોડી ધ્યેય વગરના એક પક્ષીય સંમેલનના ઉભા કરેલા તૂતનો સામનો કરી બાજીગરોની રમત ખુલ્લી પાડો, તમારો અવાજ વ્યક્તિગત કે સામુદાયિકરીતે બહાર પાડો, સ્પષ્ટ મંતવ્ય રજુ કરો, અને સાધુશાહી, શ્રીમંતશાહી અને એક હથ્થુ કોરડે સમાજનું નાવ ચલાવવા ઇચ્છતા પટેલીઆઓને પડકારી સાફ સાફ સુણાવી દો કે જ્યાં સુધી હૃદય પલટો ન થાય, દંભ જુઠાણા કે દાવપેચની રમતો રમાશે ત્યાં લગી આવા અનેક સંમેલનો બોળાકૂપ અને ભય સમાન છે; એવાં સંમેલનોમાં અમારો સાથ નથી. અમારે તો મલીન તત્ત્વો મિટાવી હૃદયની શાન્તિ થાય તેવા સંમેલનો જોઇએ છે. અત્યારની સંમેલન ભરવાની પદ્ધતિ એ બ્રમજાળ તેમજ પાવરધા બનેલાઓની સંતાકૂકડી જેવી રમત છે.

સાધુઓ પણ સમજી શકતા નથી કે અમારે શામાટે મળવાનું છે? હું આ. નીતિસૂરિને મળ્યો. તેઓએ કહ્યું કે નગર શેઠ આવ્યા અને કહ્યું કે મહારાજ સંમેલનમાં પધારજો. બીજી કાંઇ પણ વાતચીત થઇ નથી. આમ અંધારામાં સાધુઓને રાખીને તેઓ સંમેલન કેમ સફળ બનાવશે એ હું સમજી શકતો નથી. છતાં હું તો મારા વિચારો જાહેરમાં અને પેપરોમાં ખુલ્લી રીતે પ્રગટ કરું છું.

આ સાધુ સંમેલનને સફળતાપૂર્વક પાર પાડવા અને સમાજમાં સાચી શાન્તિ સ્થાપવા ઇચ્છતા હોય એવા તેના કાર્યકર્તાઓએ સમાજને અને સાધુઓને મળી તેમની વચમાં રહેલા વૈર ભાવો કેમ નાબુદ કરી શકાય તે માટે પુરતો પ્રયાસ કરવો જરૂરી છે. ઘરમાં બેઠાં બેઠાં કોઇને મળ્યા સિવાય એની મેળે વેરભાવો, કદાગ્રહો દુર નહિ થાય, માનવ સ્વભાવજ એવા પ્રયાસો માગે છે અને એ કર્યેજ છૂટકો છે. એવા ભાવથી કરેલો પ્રયાસ જરૂર સફળ થશે. સંમેલન ભરાવાનો ટાઇમ બે ચાર મહિના દુર દેખાય તો હરકત નહિ પણ બધાના કદાગ્રહો મટી જઇ શુધ્ધતાથી સાધુ ધર્મને હાલ શું યોગ્ય છે તે વિચારી શકે એવી ભૂમિકા તૈયાર થઇ જવી જોઇએ. સ્થા. ભાઇઓના સાધુ સંમેલન માટે જે જહેમત, જે સેવાભાવ અને જે અડગ નિશ્ચયતા ભાઇ દુલ્લભજી ઝવેરીએ બતાવી હતી તેવા સેવાભાવી ભાઇઓએ બહાર આવવાની જરૂર છે. લાંબુ થયું છે એટલે વધુ હવે પછી લખીશ.

તા. ૬ અમદાવાદથી અતરે આવીને હું રા. મોતીચંદભાઇને મળ્યો હતો અને તેઓ પાસે આ. નેમિસૂરિ. અને આ. વિજય વલ્લભસૂરિને ભેગા થવા બાબત ખુલાશો પૂછતાં તેઓશ્રીએ નીચે મુજબ ખુલાશો કર્યો છે, "હું આ. નેમિસૂરિને મળ્યો તે વખતે આ. વલ્લભ વિજયજી તો વઢવાણ સુધી પહોંચી ગયા હતા એટલે એમને સાથે મળવાનો પ્રસંગ હતોજ નહિ. બાકી તો નેમિસૂરિને સંમેલન સફળ બનાવવા માટે ઘણી ઉપયોગી સૂચનાઓ મેં કરી છે. ઉપરાંત ચોક્કસ કાર્યક્રમ સમાજની જાણ માટે બહાર પાડવા સૂચવ્યું છે. એમ કર્યા સિવાય તો સંમેલન સફળ થવાનું મ્હને અશક્ય લાગે છે." એમ જણાવ્યું છે."

સા....મા....જી....ક....વા....ચૂ....રા

—કહેવાય છે કે આચાર્યશ્રીનેમિસૂરિજીને કદંબગિરિ ઉપર મંદિર નગર વસાવવાનો દોહદ જાગવાથી જયપુર ત્રણ હજાર મૂર્તિઓનો ઓર્ડર આપવામાં આવ્યો છે અને તેના સંબંધમાં ઉડતી અફવા છે કે મુનિ સંમેલનની આગેવાનીના મૂલ્ય તરીકેજ ઉપરોકત ઓર્ડર અપાયો છે કે જે મૂર્તિઓની અંજન શલાકા સૂરિજીના હસ્તક થશે અને તેના ઉપરના લેખમાં સૂરિજીનું નામ અમર થશે (?)

× × × ×

—પાટણ અને જામનગરના સંઘોના ઠરાવો મુનિ સંમેલન માટે ખૂબ બાધક બન્યા છે કારણ કે ઉપરોકત સંઘોએ સાગરજી, રામવિજયજી અને લબ્ધિ સૂરિ વગેરે સાધુઓનો વ્યવહાર કાપી નાંખેલ છે. આ સંઘના ઠરાવોની ખૂબ અવગણના કરવામાં આવી. હવે છેલ્લી ઘડીએ એ ઠરાવો પાછા ખેંચી લેવરાવવાની ખૂબ દોડધામ થઇ રહી છે. શાસન સુભટો (?) અનેક કાવાદાવા અને છળ પ્રપંચ કરી રહ્યા છે. પાટણનાં મુંજલો હવે સફળ થવા દે તેમ લાગતું નથી.

× × × ×

—કહેવાય છે કે મુનિ સંમેલન સંબંધી આમંત્રણ પત્રિકાઓ તો છપાઇ ગઇ છે, પરંતુ એ આમંત્રણ પત્રિકા શાસન સુભટો (?) ની સીધી દેખરેખ નીચે તૈયાર થઇ હોઇ સમયવાદી સાધુ અને યુવકોની પ્રવૃત્તિને રૂંધવા સાધુ સંમેલનની જરૂર છે એવું છપાયેલ જોઇ કોઇ બુધ્ધિશાળી ભાઇએ એ આમંત્રણ પત્રિકા નહિં વહેંચવાની સલાહ આપી છે.

× × × ×

—કહેવાય છે કે અમદાવાદનું મુનિ સંમેલન એક પક્ષીય થશે કારણ કે આમંત્રિત કરનાર સદ્‌ગૃહસ્થો હજુ કોઇપણ આચાર્યને પ્રત્યક્ષ રીતે વિનંતિ કરવા ગયા હોય તેમ જાહેર થયું નથી. ખૂદ અમદાવાદમાં બિરાજતા સાધુઓનો પણ એ બાબત માટે ઉકળાટ છે.

× × + +

—કહેવાય છે કે મુનિ સંમેલન ભરવાની અત્યારે શું જરૂર છે? સાધુ સાધુમાં આજે વિખવાદની આગ જલી રહી છે, યુગબળ રહામે મોરચા માંડનાર સાધુનો સંમેલનથી સમાજને શું લાભ થવાનો હતો? કેવળ આવા આર્થિક બેહાલીના ટાઇમમાં સમાજના ચાર પાંચ લાખ રૂપીઆનું પાણી થશે.

+ × × ×

—સંભળાય છે કે ખૂદ અમદાવાદના શ્રી સંઘમાં પણ મુનિ સંમેલન માટેનો સખ્ત વિરોધ છે, જ્યારે સમાજમાં મોટા મતભેદો ઉભા થયા હોય, સમાજ જુદી જુદી ભાવણીમાં વિભકત થયો હોય અને સંઘ સત્તાની અવગણના કરવામાં આવતી હોય ત્યાં આવા સંમેલનોથી કશો અર્થ સરવાનો નથી. નગરશેઠ કસ્તુરભાઇએ અમુક વ્યકિતઓનો સહકાર સાંધી વ્યકિતગત આ સંમેલન ભરવાની જાહેરાત કરી છે, ત્યારે પછી પંણ ખૂબ મુસ્કેલીઓ ઉભી થવા લાગી છે, કે જે સંઘના સહકાર વગર ટળવી મુસ્કેલ છે.

× × X X

—કહેવાય છે કે અમદાવાદના મુનિ સંમેલનમાં રૂઢિ ચુસ્તોના પક્ષના લગભગ તમામ સાધુઓને એકત્રિક કરવાની દોડધામ થઇ રહી છે, કોઇ રાધનપુર દોડે છે તો કોઇ સુરત તરફ પગલાં માંડે છે. પરંતુ રૂઢિ ચુસ્તોમાં પણ ખૂબ મતભેદ છે. સાગરજી અને દાનસૂરિ વચ્ચે ખૂબ વિખવાદ વધ્યો હોય તેમ વાતાવરણ ઉપરથી જણાય છે. રામવિજયજી અને દાનસૂરિમાં પણ વિખવાદ હોવાનું બહાર આવ્યું છે.

× × × +

—હમણાં હમણાં પ્રભુની મૂર્તિઓને બદલે ગુરૂની મૂર્તિઓ અને પોતાની મૂર્તિઓ ભરાવવાનો સાધુઓને મોહ લાગ્યો છે. આ વાયરો દરેક સાધુઓમાં ફેલાતો જાય છે. પરિણામે દરેક ગામમાં આવી મૂર્તિઓનો રાફડો ફાટશે એમ જણાય છે. યુગ પ્રવાહને નહિ સમજનારા આવા કીર્તિમોહી અને લાલચુ સાધુઓ (!) માટે સમાજે શા માટે વિચાર ન કરવો જોઇએ?

× × × ×

—કહેવાય છે કે આ. વલ્લભસૂરિનો ભાવનગરમાં જે દિવસે પ્રવેશ મહોત્સવ હતો, તેને આગલે દિવસે આ. નેમિસૂરિ પોતાના ખડીયા પોટલા બાંધી ઘોઘા તરફ કુચ કરી ગયા હતા. શા માટે શ્રી નેમિસૂરિએ શ્રી વલ્લભસૂરિને મુલાકાત નહિં આપી હોય? તે માટે અનેક તર્ક વિતર્ક થઇ રહ્યા છે. કોઇ આ. નેમિસૂરિ રૂઢિ ચૂસ્તોની જાળમાં સપડાયેલ હોવાથીજ આમ બન્યું હશે એમ કલ્પી રહ્યા છે. સાચું ખોટું જ્ઞાની જાણે.

× + × +

ચકચૂલ

૨ જા પાનાનું ચાલુ

પણ એ સમાજમાંનો એક છે. તેણે નૂતન દૃષ્ટિથી હાલની ધાર્મિક પદ્ધતિ અને તેના અધિકારીઓને ખૂબ કશી જોયા છે. તેમાં તેને ઉપરોકત બંને બાબતો સમાજની પ્રગતિને બાધક છે, એમ જણાયું છે, એટલે તેનો સજ્જડ વિરોધ કરી રહ્યો છે. તેનું સ્થાન કે જે જૂની માન્યતાઓ અને રૂઢિઓ ઉપર નિર્ભર છે. તેને તોડી રહ્યો છે અને તેથી ધર્મના અધિકારીઓ કે જેમનો અંગત સ્વાર્થ જોખમાઇ રહ્યો છે, સ્થાન ભ્રષ્ટ થવાની અણી આવી રહી છે; તેની સહામે મુડીવાદનો આશ્રય લઇ તેઓ તરફથી આ બધી પેરવીઓ થઇ રહી છે. ધર્મના નામે વર્ષો સુધી જે સાર્વભૌમત્વ અજ્ઞાનજનતા ઉપર ભોગવ્યું છે. તેના રક્ષણ માટેજ આ બધી તૈયારીઓ થઇ રહી હોય એમ માનવાને અનેક કારણો છે. યુવકોએ આ પડકાર ઝીલવોજ પડશે. મરણી સાધુશાહીનો આ છેલ્લો પ્રયત્ન છે, અને યુવકોએ એ પ્રયત્નને નિષ્ફળ બનાવવા માટે કટિબધ્ધ થવું જોઇએ.

યુગના...પ્રધાન....નાદો–

ઓસરતી સત્તા.

ધર્માધ્યક્ષોની સત્તાનાં નીર ઓસરવા માંડયાં છે, એમની આંધળી મોહિનીનાં તેજ ફીકાં પડતાં જાય છે; એમને 'સર્વસ્વ' માનવાની વૃત્તિઓ વિજળીની ત્વરાએ સાફ થતી જાય છે; એમની પ્રત્યેનો ભક્તિભાવ પાણીના પરપોટાની જેમ સમીજવા લાગ્યો છે; અને એમના ચશ્માઓથી જોવાને ટેવાયેલો જન સમુહ હવે મુક્તિ માગે છે.....કારણ આજનો ધર્માધ્યક્ષ 'જગતનો તારણહાર' મટી ચૂકયો છે, ધર્મની પ્રતિભાનો 'રખવાળ' એ હવે નથી રહ્યો, 'ધર્મ સમ્રાટ' તરીકે રાજ્ય ચલાવવાની શક્તિઓ એ હવે નથી ધરાવતો, અને ધર્મ અને સમાજ એની સાથે જયવંત વર્તે એ ઉમદા ભાવનાઓ એના જીવનમાંથી શોધી નથી જડતી.

આજે એ કયાં છે?

ધર્મના ઓઠાં નીચે સમાજમાં હજારો બાલકોને શક્તિ વિહોણાં અને પ્રકાશ વિહોણાં કરતો એ લાગે છે, અનેક અગણ્ય ભાવો સાથે સંસાર કિનારે પગ મુકતાં નરનારીઓને અંધ શ્રદ્ધા અને અંધ ભક્તિના ચશ્માઓ ચડાવતો એ દેખાય છે, સમાજનાં લાખો નરનારીઓના જીવનસુખ ભોગે સમાજનું અઢળક દ્રવ્ય જુનવાણી સ્વરૂપોને પોષવામાં અને કેવળ એની પ્રતિષ્ઠા અને એની મહત્તા વધારતાં કાર્યોમાં પાણીની જેમ વપરાતું લાગે છે. એટલે કે સમાજના આત્માને પ્રાણ વિહોણો કરી મૂકતાં લગભગ તમામ જુનવાણી સ્વરૂપોનો એ પ્રેરક લાગે છે..... સમાજના વર્તુળો અને પેટા ગચ્છો પાડવામાં કે ચેલા ચેલીઓ મુંડવાની ભયંકર ક્ષુધામાં એ એની શક્તિઓને સમાવી દેતો લાગે છે. એ એની સત્તા, એની લોભ વૃત્તિને વિકસાવવા પ્રતિપળે સર્વ શક્તિઓનો વ્યય કરતો લાગે છે ને આમ જનસમુહના પીડિતોની મોરલીએ નાચી સમાજ જીવનને ખાખ કરતો લાગે છે.

એમને હકક નથી.

એટલે એ ધર્માધ્યક્ષને હવે જનસમુહની વતી શબ્દ પણ ઉચ્ચારવાનો હકકે નથી; જનસમુહના કલ્યાણ માટે એ જીવન જીવે છે એમ પોકારવા, ધર્મગુરૂઓથી ત્રાસી ઉઠેલો જનસમુહ ના પાડે છે; ધર્મ અને સમાજનું એ રક્ષણ કરે છે એ સાંભળવા આજનો જનસમુહ હવે તૈયાર નથી, અને પરિધાન કરેલ ભેખ વંદનીય છે એ રીતે જોઇ એને ચલાવી લેવા આજનો જનસમુહ સાફ ના પાડે છે.

એ ન જોઇએ.

જે ધર્મગુરૂઓ વિશાળ માનવ સમુદાયમાં સુખશાન્તિનું સામ્રાજ્ય ન પ્રવર્તાવી શકે એ ધર્મગુરૂઓ ન જોઇએ; જે ધર્મગુરૂઓ યુગના વિચારોને ન જીરવી શકે એ ધર્મગુરૂઓ ન જોઇએ; જે ધર્મગુરૂઓ વિકાસ અને પ્રગતિના માર્ગોને અવરોધે એ ધર્મગુરૂઓ ન જોઇએ; જે ધર્મગુરૂઓ સત્તા, પદવી અને લોભના કીચડમાં પડયા રહે એ ધર્મગુરૂઓ ન જોઇએ; જે ધર્મગુરૂઓ વિશ્વબન્ધુત્વની પ્યારી ફોરમો ન ઉડવા દે એ ધર્મગુરૂઓ ન જોઇએ; અને જે ધર્મગુરૂઓ અહિંસાના સાચા પ્રવર્તકો ન બની રહે એ ધર્મગુરૂઓ ન જોઇએ.

મુંગો પોકાર.

પુરાણાયુગમાં રચાએલી સ્મૃતિઓની જાળમાં ફસાવાના દિવસો હવે વહી ચૂકયા છે; વીરલ આત્માઓને નામે ચડેલાં દંભ, છેતરપીંડી અને અજ્ઞાનતાનાં ઓવારણાં હવે નાબુદ થતાં જાય છે. અને અંધ શ્રધ્ધા અને અંધ ભક્તિનાં પડળો હવે વિખરાતાં જાય છે. આજનો જન સમુહ સાફ શબ્દોમાં મુંગી રીતે પોકાર કરે છે:–"**તમે શાન્ત રહો. અમને અંદર અંદર લડાવી ન મારો. બહારની દુનિયામાં અમારા પ્રતિષ્ઠા અમને જાળવવા દો. અમને હવે આગે કદમ માંડવા દો. અમારે તમારી આજે જરૂર નથી. તમારા આત્મામાં પ્રવેશો. તમારી સર્વ શક્તિઓ ખીલવો અને પછીજ અમારા સાચા તારણહાર તરીકે રણ મેદાને આવો.**

"તું પણ! બ્રુટસ!"

સુપ્રસિદ્ધ સરદારશિરોમણી જુલિયસસીઝર રોમનસલ્તનતનો સર્વ સત્તાધીશ બન્યો ત્યારે તેને નિર્મૂળ કરવાની કેટલાક ઇર્ષ્યાળુ સત્તાધિકારીઓ ખટપટ કરવા લાગ્યા અને રોમન રાજ્ય સભા અમુક દિવસે મળે ત્યારે સૌએ સાથે મળીને તેના ઉપર કાતિલ હુમલો કરવાનું એક મોટું કાવતું તેઓએ રચ્યું. આ કાવત્રામાં જુલિયસ સીઝરનો પરમ મિત્ર બ્રુટસ પણ સામેલ થયો. રાજસભા મળી; કાવત્રાખોરોએ એકાએક સીઝરના શરીર ઉપર ખંજરોનો હલ્લો કર્યો; સીઝર સૌ કોઇના પ્રહાર ઝીલતો ટટ્ટાર ઉભો રહ્યો પણ છેવટે જ્યાં બ્રુટસ કે જેને તે પોતાનો પરમ મિત્ર અને સાચા દિલનો સાથી ગણતો હતો તેને પણ પોતાના શરીરમાં ખંજર ભોકતો દીઠો કે તરતજ તે ઘુમ પાડી ઉઠયો કે 'તું પણ! બ્રુટસ!' અને એકાએક તે ધરતિ ઉપર ઢળી પડયો.

આજે શ્રી વિજયવલ્લભસૂરિ સુધારકના સાથી અને નવી કેળવણીના પક્ષકાર મનાય છે; તેમણે અનેક સ્થળોએ આધુનિક કેળવણી લેવાની સગવડો આપનારી સંસ્થાઓ સ્થાપી છે; તેઓ મોંઘાં જમણવારો, મહોત્સવો અને ઉજમણાંના વિરોધી તરીકે જગજાહેર છે. કાળની કોઇ એવી વિચિત્ર ઘટના બની રહી છે કે ઝવેરી નગીનદાસ લલ્લુભાઇ તરફથી પાલણપુરમાં મહા સુદ ૧ ના દિવસથી એક મહાન ઉદ્યાપનમાં આશરે રૂા. ૨૦,૦૦૦ થી ૨૫૦૦૦ નો ખર્ચ થવા સંભવ છે. આ ઉદ્યાપનના પુરોહિત તરીકે ભાગ લેવા માટે પાલીતાણાથી શ્રી વિજયવલ્લભસૂરિ કેટલાક દિવસ પહેલાં નીકળી ચુકયા છે અને 'ડબલ વિહાર' કરીને પણ તેઓ વખતસર પાલણપુર પહોંચી જવા વધી છે.

શ્રી વિજયનેમિસૂરિ કે સાગરાનંદજી, રામવિજયજી કે વિજયલબ્ધિસૂરિનું આવા પ્રસંગે અધિષ્ઠાન હોય તો તે કલ્પી શકાય તેમ સમજી પણ શકાય. પણ વિજયવલ્લભ સૂરિ પણ આવા મહોત્સવના સુત્રધાર બને તે જોઇને વિચારકે દુનિયા આશ્ચર્યથી ચમકી ઉઠે અને ઘુમ પાડી ઉઠે કે 'મહારાજ, આપનો પણ આવામાં સહકાર?' આ સર્વ જોઇને સુધારક વર્ગ સાધુ જગત્ વિષે રડી ઉઠે છે અને સવિશેષ ખિન્ન પામે છે કે આજે સામાજિક પરિવર્તન નિપજાવવાની તાકાત સાધુમાં નથી–માત્ર શ્રાવકમાંજ છે. લોકાભિપ્રાયથી સૌથી વધારે ડરતું પ્રાણી જૈન સાધુ છે. જૈન સાધુમાં અહિંસા છે. પણ બળ નથી. ત્યાગ છે પણ નિડરતા નથી. સંસાર છોડયો છે પણ સમાજ સંપ્રદાયની ગુલામગીરી ચાલુજ છે. સાધુ વર્ગની આવી મર્યાદિત તાકાત ધ્યાનમાં લઇને આ બનાવ ઉપરથી સાધુવર્ગના કોઇપણ નવવિચારને ટેકો હશે તો પણ તે ટેકો પાંગળોજ હોવાનો, એટલો ધડો આપણે લઇએ તો બસ છે.

તા૦ ૧૨–૧–૩૪
મુંબઇ

પરમાણુંદ

આ પત્ર મોહનલાલ પાનાચંદ શાહે પ્રવીણસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈનયુથ સીંડીકેટ માટે કરીયાણાવજાર તુલસી ભુવન, પહેલે માળે મુંબઇ નં. ૨ તરફ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

સંસેલનના મૂળમાં (૨)

Reg. No. B. 3220

સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂા. ૧-૮-૦

શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર
તંત્રી:—ચંદ્રકાન્ત વી. સુતરીયા.

વર્ષ ૧ લું અંક ૩ જો.
ગુરૂવાર તા૦ ૧-૨-૩૪

ભૂ-ત-કા-ળ-ની.....ભૂ-તા-વ-ળ.

હજુ ગઇ કાલ સુધીની એ વાત હતી, માનવ માત્રને ભૂતકાળનાં સંસ્મરણો યાદ કરવાં બહુ ગમતાં હતાં. ગઇ કાલનો વિકસિત પુરૂષાર્થ તેમને આહલાદકારી લાગતો હતો. જીવનના ભૂતકાળના અને પૂર્વજોની જાહોજલાલીના યશોગાન ગાઇ ગૌરવ લેવામાં આવતું હતું, સમયનો મ્હોટો ભાગ આમજ વ્યતીત થતો હતો, તેમાં કર્યાયે ન્હોતો કર્તવ્યને સાદ, કે માનવતાને સ્થાન. કેવળ આત્મશ્લાઘા અને પ્રકૃતિ પોષણ શિવાય તેનો કશો અર્થ ન્હોતો. એ રીતે વિરાટ જગતનો પામર માનવી પોતાની આદર્શ વિહોણી જીવન લીલાને સમાપ્ત કરતો હતો, ક્રાન્તિના વિશિષ્ઠ આંદોલનો તેને અસર કરતાં ન્હોતાં અને જુન વાણીમાં માનવ સમાજનું નાવ એમને એમ ચાલ્યા કરતું હતું, ખરેજ આ વસ્તુ સ્થિતિ નુકસાનકારક હતી.

વર્તમાનકાળ 'એ' યુવાનીનો વસંતકાળ છે, તેમાં યુવાની ખીલી રહી છે કર્તવ્ય પરાયણતાના પરાગની સૌરભ ચોતરફ ફેલાઇ રહી છે, એ સૌરભથી આશા, પ્રેરણા અને આદર્શના ફોલ્લાઓ ચણાઇ રહ્યા છે, કે આશાભર્યો યુવાન એ સૌરભથી દિગન્તને ગજવે છે. મહાત્માજી કે ટાગોર જેવા મહા પુરૂષો જીવન સંધ્યાને આરે હોવા છતાં પણ પૂર્ણપણે યુવાનીના સાજ સજે છે. વૃદ્ધાવસ્થાને કયાંયે સ્થાન નથી, અરેબીયન નાઇટસની જેમ જાણે કોઇ મહાન જાદુગરે જાદુ કર્યું હોય તેમ સર્વત્ર યુવાનીજ દેખાય છે અને તેના તાપમાં ભૂતકાળની પ્રબળ ભૂતાવળો બળીને ખાખ થઇ રહી છે. માનવ માત્રને આ પ્રસંગ આહલાદજનક-કલ્યાણકારી છે. કારણ કે પ્રણાલિકાવાદની વજ્રમયી જંજીરો તોડી પામર માનવ વિરાટ બનતો જાય છે. આ સંકળનામાં કુદરત જબ્બર સાથ આપી રહી છે.

પ્રણાલિકાવાદના પ્રબળ પૂજારી સમા આપણા સમાજમાં પણ એ ચીનગારીઓ ઉડી છે, વાતાવરણને સંક્ષુબ્ધ બનાવી મૂકયું છે, જુનવાણી સ્વરૂપના કિલ્લા નીચે તેણે સુરંગની ગરજ સારી છે, અને જુનવાણી સ્વરૂપોમાં પોતાની સલામતી વાંચતા સમાજના આપમેળે બની બેઠેલા માન્ધાતાઓના સિંહાસનો ડોલાવી નાખ્યાં છે. વર્ષો થયાં અડ્ડો જમાવીને પડેલા પુરાણવાદના પુડ્યા ઉડાવી દીધા છે અને તેને આધારે જીવતા ધર્માધિકારીઓની પામરતાને ખુલ્લી કરી નાખી છે. આ પરિવર્તન નરી આંખે જોવા છતાં પણ ભૂતકાળની ભૂતાવળની ભવ્ય માયા જાળમાં સપડાયેલ એ પામર જંતુ પોતાની નબળાઇઓ ઉપર ઢાંકપિછોડો કરી સમયના પરિવર્તનની રહામે લુલો બચાવ કરી રહેલ છે, મરતાં મરતાં પણ ભૂતકાળની ભવ્ય સ્મૃતિઓ (?) બચાવવાની કોશીષો કર્યા કરે છે, પણ કરાલ કાળ એ કશાની પરવા કર્યા વિના નિરંતર પોતાનું કામ કર્યે જાય છે.

ધર્માધિકારી આ વસ્તુ સ્થિતિથી બરાબર વાકેફ હોવા છતાં પણ માનવ પ્રકૃતિ સુલભ નબળાઇઓને વશ થઇ એ નિરંતર જુનાવણી સ્વરૂપોને પોષવામાંજ પોતાની શક્તિઓ ખર્ચે છે, આમ આઘાત પ્રત્યાઘાતમાં સામાજિક શક્તિનો હ્રાસ થઇ રહ્યો છે. સમાજે હવે આમ ભૂતકાળની ભૂતાવળની પાછળ પોતાની શક્તિનો નિરર્થક હ્રાસ વધુ વખત નહિ ચલાવી લેવો જોઇએ. યુવાની એ કાર્ય કરશે, જેમ જેમ યુવાનીનો દિનકર સમાજગગનાંગણમાં ખીલતો જશે તેમ તેમ જુનવાણીનો અંધકાર નષ્ટ થતો જશે, અને એક દિવસ એવો આવશે કે તમામ ભૂતકાળની ભૂતાવળનો સંપૂર્ણ નાશ થયો હશે એ દિવસ બહુ દૂર નથી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

તરૂણ જૈન.

ગુરૂવાર તા૦ ૧-૨-૩૪

સંમેલનના મૂળમાં

(૨)

કેટલાક ભાઇઓ તરફથી એવી સૂચનાઓ મળી રહી છે કે "મુનિઓ પોતાનું સંમેલન ભરે તેમાં આપણે શા માટે વિરોધ કરવો જોઇએ ?" આ સૂચના સરસ લાગે છે, તેમાં તથ્ય જરૂર છે, પણ આ સૂચના કરનાર ભાઇઓએ સમજવું જોઇએ કે આ મુનિઓનું સ્થાન સમાજના જીવનવાણી સ્વરૂપમાં માનતા વર્ગમાં સવિશેષ છે અને તેવા વર્ગને આગળ કરી તેઓ સમસ્ત સમાજના નામથી બધું કરી શકે તેવી પરિસ્થિતિ ઉભી કરી શકે તેમ છે. આ વસ્તુ સ્થિતિ સમાજ માટે ભયજનક છે. સાધુઓ આપસમાં મળે, સમાનતાના પાઠો પઢે, વિચારોની આપ લે કરે અને સમાજના પુનરૂત્થાન માટે પ્રશ્નોની વિચારણા કરે તેમાં આપણે વાંધો ન હોય, અર્થાત મુનિ સંમેલન માટે અમારો કશો વિરોધ નથી. મુનિ સંમેલન ભરાય એ બાબત અમે ઇષ્ટ સમજીએ છીએ પણ એ મુનિ સંમેલનની કાર્યવાહી તરફ અમારો વિરોધ છે. એ જે રીતે આજે મેળવવામાં આવે છે, તેની સામે અમારો પ્રબળ વિરોધ છે.

સાધુઓને આમંત્રણ આપવામાં પણ મોટે ભાગે પક્ષપાત સેવવામાં આવ્યો છે. દાખલા તરીકે સુરતમાં શ્રી સાગરનંદજીને આમંત્રણ આપવા નગરશેઠ જાતે ગયા અને ત્યાંજ બિરાજતા શ્રી વિજયેન્દ્રસૂરિજીને આમંત્રણ પત્રિકા સ્વયંસેવકદ્વારા મોકલવામાં આવી. નગરશેઠે તેમની પાસે જવામાં આવશ્યકતા સ્વીકારી નહિ. આ વસ્તુ સ્થિતિ પક્ષપાત સૂચવે છે. નગરશેઠને માટે દરેક આચાર્યો સરખા હોવા જોઇએ. તેમણે તો મોટા નાના કે વિદ્વાન બધાની સમાનતા સ્વીકારવી જોઇએ.

જે આમંત્રણ પત્રિકા બહાર પાડવામાં આવી છે તેમાં ગોળગોળ કારણ જણાવાયું છે, ખાસ પ્રશ્નોનું સૂચન કરવામાં આવ્યું નથી. તેમાં લખવામાં આવ્યું છે કે " હાલમાં કેટલોક સમય થયો આપણામાં કેટલેક અંશે અનિચ્છનીય વાતાવરણ થયું છે, આપણા અવિચ્છિન્ન પ્રભાવશાળી ત્રિકાલાબાધિત શ્રી વિતરાગ શાસનમાં એટલું પણ છાજે નહિ જેથી શાંતિ માટે **એક મુનિ સંમેલનની ખાસ જરૂર** છે. તેમ ઘણા વખતથી આપણા મુનિ મહારાજાઓમાં ચર્ચાતાં તેઓશ્રીની ઇચ્છાનુસાર અમો શ્રી સંઘે શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક મુનિઓનું સંમેલન અત્રે ભરવાનું નકકી કર્યું છે. આ આમંત્રણનો કશો અર્થ નથી, પરંતુ સમાજને અંધારામાં રાખી આવા સંમેલનોદ્વારા સમસ્ત સમાજના નામે મનમાનતું કરાવવાની પેરવીઓ છે હેના પૂરાવામાં સંભળાયું છે કે "મુનિ સંમેલનની સાથે દરેક ગામોના સંઘોની એક સભા અમદાવાદના શ્રીમાન નગરશેઠના પ્રમુખપણા નીચે મળે અને સંમેલને જે ઠરાવો કર્યા હોય તે તેની પાસે કબુલ કરાવવાં" તેવો પ્રકારના પ્રયત્નો પણ બહુજ મોટા પ્રમાણમાં થઇ રહ્યા છે. આ બાબત અમદાવાદમાં બનવી મૂસ્કેલ નથી. કારણ કે પહેલાં પણ તેવા દાખલાઓ બન્યા છે. અમુક સમય પહેલાં શેઠ આણંદજી કલ્યાણજીનું નવું બંધારણ ઘડવા સમસ્ત હિંદના જૈન સંઘોના આગેવાનોની એક સભા બોલાવવામાં આવી હતી તે સમયે પહેલેથીજ એવું તંત્ર ગોઠવવામાં આવ્યું હતું કે ઠરાવરૂપે મુકાતા બંધારણ વિરૂદ્ધ કોઇ ઉભો થઇ બોલવા તૈયાર થતો તો તેને તરતજ બેસાડી દેવામાં આવતો હતો. કાર્યવાહકો પોલીસ પાર્ટીને પણ લાવ્યા હતા. આમ મુત્સદ્દીગીરીથી મન માનતું બંધારણ પાસ કરવામાં ફાવી ગયા હતા. આ વખતે પણ તેવું નહિ કરે તેની શા ખાત્રી ? બીજું શ્રી વિજયનેમિસૂરિની સર્વોપરિતા અને ખુબ લાગવગ છે, ત્રીજું સોસાયટી પણ ત્યાં મોટા પ્રમાણમાં પ્રયત્નશીલ છે, ચોથું ત્યાં જે લોકો આવશે તે બધા સાધારણ રીતે સાધુઓ તરફ હમદર્દી ધરાવતા હશે. તદુપરાંત ત્યાં અંધશ્રદ્ધાળુઓનો તોટો નથી આમ દરેક રીતે રૂઢિચુસ્તો માટે અમદાવાદ ખુબ અનુકૂળ છે અને તે દ્રષ્ટિએજ આ બધા દાવો નંખાતા હોય તેમ માનવાને ખૂબ વિશ્વસ્તનીય કારણો મળે છે. જેમ જેમ દિવસો જતા જાય છે અને સંમેલનની તિથિ નજીક આવતી જાય છે તેમ તેમ નવી નવી અફવાઓનો જન્મ થતોજ જાય છે તેનું કારણ જનતાને તેની કાર્યવાહી ઉપર જરાયે વિશ્વાસ નથી. ખાસ કરીને તેના કાર્યવાહકોએ જનતાને વિશ્વાસમાં લેવા ખાતર તેની કાર્યવાહી જાહેર પાડવાની અનિવાર્ય જરૂર છે.

યુવકની દ્રષ્ટિએ તો આ સંમેલન ચાહે તેવા ઠરાવો કરે છતાં નિષ્ફળજ નિવડવાનું છે, કારણ કે સાધુઓ કદિપણ પ્રણાલિકાવાદનો ભંગ કરશે નહિ. પ્રણાલિકાવાદમાંજ તેમની સલામતિ છે, ગમે તેવા સુધારક વિચાર ધરાવનાર સાધુ હોય છતાં તે તરફ યુવકોનો જરાયે વિશ્વાસ નથી. લોકવાયકાથી જો કોઇ વધારેમાં વધારે ભીરૂ પ્રાણી હોય તો તે જૈન સાધુ છે તેનાથી ખુલ્લી રીતે પ્રણાલિકાઓનો કદિ વિરોધ નહિ થઇ શકે. પછી તે પ્રણાલિકા સારી હોય યા બરાબ, એ પ્રણાલિકાથી સમાજને લાભ થતો હોય કે નુકસાન પણ એ પ્રણાલિકાને અનુસરણ કરવામાંજ પોતાનું હિત જોશે એટલે મોટે ભાગે નિડરતાનો અભાવ છે અને જે નિડરછે, તેનો અવાજ ત્યાં કોણ સાંભળશે કે કેમ તે એક પ્રશ્ન છે. આમ વિધ વિધ રીતે વિચારતાં યુવકોને મન નિરર્થક વ્યય શિવાય મુનિ સંમેલનનું કશું સંગિન પરિણામ જણાતું નથી. કેવળ યુવક પ્રવૃત્તિને દાબી દેવાનો આ ભયંકરમાં ભયંકર પ્રયત્ન કરવામાં આવે છે. એટલે સમસ્ત યુવક સંઘોએ, યુવક પ્રવૃત્તિમાં માનતા યુવાનોએ તેમજ તેને વેગ આપનારાઓએ જરાયે સમય ગુમાવ્યા શિવાય એકત્ર બળ જમાવવાની જરૂર છે. અને જરૂર જણાય તો એકત્ર બળનો ઉપયોગ કરવામાં જરાયે પાછી પાની નહિ કરવા માટે સજ્જ થવું ઘટે. અમને આશા છે કે યુવકો સંવેળા ચેતશે અને સમાજમાં જે યુવક પ્રવૃત્તિ કુંઘવા જમાનાસ્ત કાવતરૂં રચાઇ રહ્યું છે તેને જમીનદોસ્ત કરવા માટે પૂરેપૂરા તૈયાર થશે અને સમાજને કોઇ ભયંકર જંઝાવાતના વમળમાં ફસાતો અટકાવશે. આટલું કરવું એ યુવકોનો પરમધર્મ છે.

પ્રગતિના શિખરેથી.

ભયંકર આફત—બિહાર અને ઓરિસાના ધરતીકંપની જેમ જેમ વિગતો બહાર આવતી જાય છે તેમતેમ ત્યાંની કરૂણ દશાનો ખ્યાલ જનતાને આવતો જાય છે. કુદરતે ઉપરોકત ભૂમિ ઉપર કારમો કેર વર્તાવ્યો છે. તેણે લગભગ પચ્ચીસ હજાર માનવીઓના અમૂલ્ય જીવનનો ભોગ લીધો છે એટલુંજ નહિ પણ ઘરબાર માલ મીલ્કત વગેરેમાં હદબહારનું નુકશાન કર્યું છે. આખા ગામોનાં ગામોને વેરાન બનાવી મૂકયાં છે, ખેતરોમાં રેતી ભરી દીધી છે. નીરને અપેય બનાવી મૂકયાં છે અને તેવાં બીજાં કૈક કૈક દાનવી કૃત્યો કર્યાં છે, આપણા તીર્થ સ્થાનોમાં પણ તેની અસર થઇ છે, આવે સમયે આપણી માનવ પ્રત્યેની સ્પષ્ટ ફરજ ખડી થાય છે. એ ભૂમિના કંગાલ અને નિરાધાર માનવીઓ માટે હમદર્દી બતાવવા 'પુલ નહિ તો પુલની પાંખડી' પણ કંઇક આપવાની આવશ્યકતા ઉભી થાય છે. મુંબઇ જૈન સ્વયંસેવક મંડળે આ બાબત તાત્કાલિક ઉપાડી લીધી છે અને જેટલો બને તેટલો વધારેમાં વધારે ફાળો આપી માનવી માનવી પ્રત્યેની પોતાની ફરજ અદા કરી છે તે માટે મંડળને ધન્યવાદ ઘટે છે પરંતુ એથી આપણી ફરજ પૂરી થતી નથી. સમાજની દરેક વ્યકિત પોતાનું કર્તવ્ય સમજી બિહાર ઓરિસા સંકટ નિવારણ ફંડમાં યથાશકિત ફાળો આપી કુદરતના કારમા અત્યાચારનો ભોગ બનેલ માનવીઓના આશીર્વાદ મેળવે તેમ અમે ઇચ્છીએ છીએ.

ચિત્રકળા પ્રદર્શન:—ચિત્રકળા એ માનવીની રસવૃત્તિ ઉશ્કેરવાનું તેમજ પ્રેરણા મળવાનું સ્થાન છે, આર્યાવર્તમાં આ કળા ખૂબ ફુલીફાલી હતી, તેમાંયે જૈન સમાજે આ કળાને ખૂબ અપનાવી છે, જ્યાં જ્યાં પ્રસંગો ઉપસ્થિત થયા ત્યાં ત્યાં તેને સ્થાન અપાયું છે, મંદિરો અને હસ્તલિખિત પ્રતો આજે તેની ખાત્રી આપે છે પણ એ ભૂતકાળની વાત છે. વર્તમાન કાળમાં એ કળા ખીલવવાની ખુબ જરૂર છે. તે માટે પ્રમાણિક પ્રયત્નો થવા જરૂરી છે, ઇતર સમાજે શિલ્પકારોને ઉત્સાહ તેમજ સમાજને એ કળામાં પાવર્ધા થવાની પ્રેરણા આપવા માટે પ્રદર્શનોની ગોઠવણ કરે છે, આપણે પણ તેમનું અનુકરણ કરવાની જરૂર સ્વીકારી હોય તેમ અત્રેની બાબુ પન્નાલાલ પુનમચંદ હાઇ સ્કૂલના ચિત્રકળા પ્રદર્શનથી જણાય છે. આ ચિત્રપ્રદર્શનની વિશેષતા એ હતી કે તેમાં જૈન વિદ્યાર્થીઓએજ સંપૂર્ણ ભાગ ભજવ્યો હતો અને જુદી જુદી જાતના રમકડાં, લાકડાનું કોતરકામ, કાગળ ઉપરનાં ચિત્રો પ્રેક્ષકોને આનંદ આપતાં હતાં, સ્કૂલના વ્યવસ્થાપકોનો આ પ્રયાસ સ્તુત્ય છે, વિદ્યાર્થીઓને ઉત્સાહ મળે અને ભવિષ્યમાં તેઓ મહાન શિલ્પકાર બને તે માટેના આવા પ્રયત્નો અત્યંત જરૂરી છે.

સ્ત્રી સમાજની અધોગતિ.

છેલ્લા દાયકા પહેલાંનાં વસ્તિપત્રકમાં બાર લાખ જૈનોનો અડસટો કાઢવામાં આવ્યો હતો, ત્યારે આર્યાવર્ત્તની બત્રીસ કરોડની વસ્તી હતી જ્યારે છેલ્લા વસ્તિપત્રકમાં ત્રણ કરોડનો વધારો બતાવે છે, એટલે કુલ પાંત્રીસ કરોડ માણસના ભારત વર્ષમાં ચાલુ વસ્તી છે, ત્યારે જૈન સમાજની ગણનામાં લગભગ એનો એજ આંકડો આવીને ઉભો રહ્યો છે, જૈન સમાજમાં કુલ ૧૨૫૧૩૪૦ સ્ત્રીપુરૂષો છે; તેમાં ૬૪૪૬૧૧ પુરૂષો અને ૬૦૬૭૨૯ સ્ત્રીઓ છે; ૩૨૪૧૬૮ પુરૂષો તેમજ ૨૦૫૫૪૩ સ્ત્રીઓ અવિવાહિત, અને ૨૬૬૯૪૧ પુરૂષો અને ૨૬૭૫૧૦ સ્ત્રીઓ વિવાહિત છે: ૫૨૬૦૩ પુરૂષો વિધુરો અને ૧૩૪૨૪૫ વિધવાઓ છે. આ આંકડા ચોંકાવનારા છે. તેમાંયે સ્ત્રી સમાજની સ્થિતિ તો બહુજ કરૂણાજનક છે. લગભગ નવમો ભાગ વિધવાઓનો છે તેમાં પણ બાળવિધવાઓનું પ્રમાણ ઘણું છે. જે સમાજના બંધારણથી સ્ત્રીઓને આમ અન્યાય થઇ રહ્યો હોય, તેના સ્ત્રીત્વને છુંદવામાં આવતું હોય, એ બંધારણનો નાશ કરવામાંજ સમાજનું કલ્યાણ છે. સ્ત્રી એ પુરૂષની અર્ધાંગના કહેવાય છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં તેના સાથની માનવ માત્રને અનિવાર્ય જરૂર પડે છે, તે સ્ત્રીઓને જો સ્વતંત્ર જીવન ન જીવવા દેવામાં આવે, તેને સમાનતા ન અપાય અને ઘરના એક ખુણામાં કેદીની માફક ગોંધી રાખવામાં આવે તો તેનું પરિણામ બહુજ વિષમ આવે એ સ્વાભાવિક છે. આજની આપણી અધોગતિ અમુક અંશે તેને આભારી છે, આ બાબત માટે ખૂબ વિચારવાની જરૂર છે. સમાજનો આ સળગતો પ્રશ્ન બન્યો છે, તે માટે ઉપાયો લેવાજ જોઇએ. આપણે ઘણી ઘણી વાતો કરી, પ્લેટફોર્મ અને પેપરોદ્વારા ખૂબ ખૂબ જાહેરાતો કરી, છતાં આપણે હતા ત્યાંના ત્યાંજ છીએ. એક તસુએ આગળ વધ્યા નથી, તેનું કારણ આપણી નિષ્ક્રિયતા છે. સમાજનો આમ દિન પ્રતિદિન હ્રાસ થતો નિહાળી રહ્યા છીએ છતાં પેટમાંયે પાણી હાલતું નથી. એ આપણી બેદરકારી છે. વસ્તિગણત્રીના ઉપરોકત આંકડા જોઈ જો સમાજનું હિત જરા જેટલું પણ હૈડે હોય તો, જે બંધારણથી ઉપરોકત આંકડાવાળી પરિસ્થિતિ ઉભી થઇ છે તે બંધારણનો કોઇ પણ હિસાબે નાશ થવોજ જોઇએ. જે બંધારણથી આપણો નાશ નજીક ને નજીક આવતો હોય, તે બંધારણ ઉપરથી ગમે તેટલું સારૂં અને મજબૂત હોય છતાં તેને સ્પર્શ કરવામાં પણ પાપ છે. કાયદાઓ અને બંધારણો સમાજની રક્ષાને માટે છે. એ જો સમાજના ભક્ષક બનતાં હોય તો તેનું અસ્તિત્વ એક મીનીટ પણ ન ચલાવી લેવાય. યુવકો માટે એ સાદ છે. તેનું એ પરમ કર્તવ્ય છે.

અમારી મૂશ્કેલીઓ:—પ્રેસ અને બીજી મૂશ્કેલીઓને અંગે અમે 'તરૂણ જૈન'ના નિયમિત અંકો આપી શકયા નથી, તે માટે અમે અમારા ગ્રાહકોની ક્ષમા માગીએ છીએ. હવે એ બધી મૂશ્કેલીઓ દૂર થઇ છે અને વાંચકોને 'તરૂણ જૈન'ના નિયમિત અંકો મળે તે માટેના દરેક પ્રયત્નો કરવામાં આવશે. ચોથા અંકથી તરૂણ જૈન તદ્દન નિયમિત થશે તેની અમે ખાત્રી આપીએ છીએ.

વીરશાસનની ચાલબાજી.

અમારા પહેલા અંકના અગ્રલેખની અમુક લીંટીઓ લઈ વીરશાસનના મહા સુદિ પંચમીને શુક્રવારના સોળમાં અંકના ૨૩૭ મા પેજમાં 'પ્રસંગ રંગ'ના હેડીંગ નીચે બહુજ ઉંધો અર્થ કરવામાં આવ્યો છે. તેમાં 'સાધુશાહીને' બદલે 'નોકરશાહી' શબ્દ ઘુસાડી દઇ સરકારને ઉશ્કેરવાની ચાલબાજી કરવામાં આવી છે. 'તરૂણ જૈન'નો રાજકરણમાં પડવાનો જરાયે ઉદ્દેશ નથી, તેનો ઉદ્દેશ સામાજિક અને ધાર્મિક શુદ્ધિકરણનો છે. આટલો ખુલાસો બહાર પાડવો અમે જરૂરી સમજીએ છીએ.

નવ નોકારશી અને સત્તર સામૈયાં.

આજ કાલ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જગતમાં આગામી મુનિ સંમેલનનું આંદોલન બહુ જોસભેર ફરકી રહ્યું છે. કેટલાક એમ માને છે કે મુનિસંમેલન ભરાશે ત્યારે ભગવાન મહાવીર સ્વામીના સમવસરણની આપણને ઝાંખી થશે અને ચોથો આરો વર્તશે આ પ્રસંગે મુનિમહારાજાઓને આમંત્રણ આપનારી ભારે કિંમતી કંકોત્રીઓ તૈયાર થઇ રહી છે. અમદાવાદમાં એકત્ર થનાર મુનિવરોનાં દર્શનાર્થે ગામે ગામ અને શહેરે શહેરથી શ્રાવકોની સ્પેશ્યલો દોડી આવશે એમ કેટલેક ઠેકાણે સ્વપ્નો સેવાઈ રહ્યાં છે એમ સંભળાય છે કે આ પ્રસંગને પહોંચી વળવા હજારો રૂપિયાનો અમદાવાદ શહેરમાં ફંડફાળો થઇ રહ્યો છે. કેટલાક ધારે છે કે એ પ્રસંગે ઓછામાં ઓછી નવ તો નોકારશીઓ થશે અને મોટા મોટા આચાર્યોના નાનાં મોટાં સત્તર સામૈયાં નિકળશે.

આ બધી ધમાલ શા માટે? એવો તો કયો મોટો ઇદરીયો ગઢ જીતવો છે કે આ બધો આરંભ સમારંભ અને કલ્પનાના કિલ્લાઓ રચાઈ રહ્યા છે? આ સંમેલન શા હેતુથી બોલાવવામાં આવે છે તેની કોઇને ખબર છે ખરી? આ સંમેલનમાં કયા કયા વિષયો ચર્ચવાના છે એની કાંઇ માહિતી મળી શકે ખરી? લોકો એટલું જ જાણે છે કે ફાગણ માસમાં સૂરિ સમ્રાટ શ્રી વિજયનેમિસૂરિના પ્રમુખપણા નીચે ઋદ્ધિ પરંપરા અને જુનવાણીના કીલ્લા સમાન અમદાવાદ શહેરમાં અનેક મુનિવરોને એકઠા કરવાની યોજના ચાલી રહી છે. આ સંમેલનમાં શું કરવું–શું ન કરવું–તે સર્વ કાંઇ જાણી જોઇને કે અજાણપણે સંદિગ્ધ રાખવામાં આવ્યું છે. કેટલાક એમ ધારે છે કે આ સંમેલનનો હેતુ જુના વિચાર અને ઋદ્ધિ પરંપરાની શૃંખલાઓને વધારે મજબૂત બનાવવા સિવાય બીજો કશોજ નથી. માટે તેને તોડી પાડવા માટે યુવકોએ અને નવ વિચાર ધરાવનારાઓએ પહેલાંથી કમર કસીને તૈયારી કરવી જોઇએ

અન્ય કેટલાક તેથી ઉંધીજ કલ્પના કરે છે કે આવું સંમેલન ભરાઈ શકે એજ શક્ય નથી અને કદાપિ મળે તો પણ આ માન્ધાતાઓ એકત્ર મળીને કશો પણ નિર્ણય કરે એ શક્યતાના પ્રદેશની બહારની વાત છે, હજુ થોડાજ દિવસ પહેલાં અનેક શિષ્ય ચક્રધર શ્રી વિજયનેમિસૂરિ અને શ્રી મદ્વિજ્યાનંદસૂરિના પટ્ટધર શ્રી વિજયવલ્લભસૂરિ બાજુ બાજુ ઘસીને ભાવનગર પાલીતાણાના પ્રદેશથી પસાર થયા છતાં એકમેકને મળી પણ ન શકયા તો પછી જ્યાં બે પક્ષના બે આચાર્યો પણ મહેલાઇથી મળી શકતા નથી ત્યાં આટલા બધા માન્ધાતાઓ શી રીતે એકત્ર મળવાના હતા કે સંયુક્ત નિર્ણય ઉપર આવવાના હતા? આ સાધુ પરિષદ કેમ મળશે અને શું કરશે તેની અમને બહુ ચિન્તાજ નથી. અમને ભય છે તે એટલોજ છે કે 'ખોદ્યો ડુંગર અને કાઢયો ઉંદર' એવુજ કાંઇ મુનિ સમેલનના અંગે થવા ન પામે. એમ થશે તો જાગૃત દુનિયાને જૈનકોમ પોતાની હાંસીનું એક નવું પ્રકરણ પૂરૂ પાડશે. હાંસી, જૈન કોમની હાંસી થવા ન દેવી હોયતો પ્રથમ તો નોકારશી સામૈયાનાં સર્વ પ્રોગ્રામોને તિલાંજલિ અપાવી જોઇએ. પચ્ચાસ સો મુનિઓ એકત્ર મળવા માંગતા હોય તેમાંજૈનકોમેપાંચપચ્ચાસ હજારનો ધુમાડો શા માટે કરવો જોઇએ! બીજું સંમેલન ભરીને કાંઇ પણ કામ કરવું હોય તો આગેવાન સાધુઓએ પહેલાં ખાનગી રીતે મળીને સંમેલનની ચોકકસ રૂપરેખા નકકી કરવી જોઇએ. આ જાતની રૂપરેખા નકિક કર્યા સિવાય જે સંમેલન ભરાશે તો તે કેવળ રાંધુમેળો થશે અને સાધુઓનાં ડહાપણ અને મુર્ખાઇઓનું ચિત્ર વિચિત્ર પ્રદર્શન થશે. ત્રીજું એ પણ દરેક આચાર્યે અને સાધુઓએ સમજી લેવું જોઇએ કે આવાં સંમેલનો ત્યારેજ ભરાઈ શકે છે અને ફત્તેહમંદીથી પારઉતરી શકે છે કે જ્યારે પોતાની મોટાઇનું અને પોતાના મન્તવ્યોનું મમત્વ સંમેલનમાં ભાગ લેનાર દરેક વ્યક્તિ દૂર કરીને આવે અને એકાંત લોક કલ્યાણની દૃષ્ટિએ આપણે શું કરવું જોઇએ અને કેમ વર્તવું જોઇએ એજ ધ્યેયથી ભિન્ન ભિન્ન વિષયો ચર્ચી નિર્ણયો સાધવામાં આવે. સાધુઓ સર્વ કાંઈ ત્યાગે છે તેના બદલામાં તે પોતાના મગજમાં અહંતાના તરંગોનો સંગ્રહ કરે છે, અનેક મસ્તકો જોને નમે તે કાળા માથાના માનવીનું મગજ અભિમાનથી ભમી જાય એ તદ્દન સ્વાભાવિક છે, આવી દશા, આજે આપણા સાધુઓની થઇ છે આમ હોવાથી જો આ સંમેલન સર્વ પક્ષના સાધુઓનું ભરાય તો તે એક રીતે ઇષ્ટ છે કે તેવા સંમેલનથી કેવળ અહંતાના હાથી ઉપર અસ્વાર થઇને વિચરતા આચાર્યો અન્ય સાધુઓ સાથે સમાન ભૂમિ ઉપર બેસતા શિખશે અને ભિન્ન ભિન્ન વિચારોની લેવડ દેવડથી પોતપોતાના વિચારોમાં કાંઇક નવીન બુદ્ધિનો અંશ ઉતારશે.

પણ એવું સર્વપક્ષી સાધુ સંમેલન, એવું અહંકાર વિમોચન અને એવી જગકલ્યાણની શુદ્ધ બુદ્ધિની ભાવના આજે તો કેવળ સ્વપ્ન સમાન છે. આજે જે કાંઇ હીલચાલ ચાલી રહી છે તેનાં આદિ ચિન્હો ઉપરથી પરિણામ નવકારશી અને સામૈયાનું ધાંધલ અને ધુમાડો. સાધુઓના વિસંવાદની વિવૃદ્ધિ, ઋદ્ધિ પરંપરાની કિલ્લેબંદી વધારે મજબૂત કરવાનો પ્રયત્ન અને સરવાળે જૈન કોમની હાંસી સિવાય બીજું કાંઇ વિશેષ દેખાતું નથી. માટે જૈન કોમને આવી જાહેર જગતની હાંસીથી બચવા અમારી ચેતવણી છે. સાધુઓમાં શાણપણ હોય તો અમદાવાદ જેવા જાહેર સ્થળને બદલે કોઇ બીજા એકાન્ત સ્થળમાં મળે અને તેમના વર્ગના ખાસ પ્રશ્નોના પ્રથમ નિકાલ આણે. અમદાવાદ જૈન સંઘમાં શાણપણ હોય તો આવો ખરચાળ શંભુમેળો ઉભો કરવાને બદલે અગ્રેસર સાધુઓને એકત્ર કરીને સાધુ સાધુ વચ્ચેના સંબંધની અને સાધુ અને સંઘ વચ્ચેની મર્યાદા નકકી કરવા પૂરતી ભૂમિકા તૈયાર કરવા જેટલીજ ગોઠવણ કરી આપે અને તેમાં કાંઇક સફળ અને સંગીન પરિણામ નિપજ્યા બાદ મોટા સંમેલનની યોજના વિચારે.

સંમેલનના ભણકારા સાંભળતાં મને ઉપજતા વિચારોની આ છણાવટ ભાઇ નોંધ ઉપર આશા છે કે જૈન બંધુઓ પૂરતું ધ્યાન આપશે.

સુધારીને વાંચવું.

અમારા પહેલા અંકના પાંચમાં પેજમાં રા. પરમાનંદ કાપડીયાના લેખનું હેડીંગ જંગલમાં મંગલ અને રાજા સહાય સો કરે' એમ જે છપાયું છે તેને બદલે જંગલમાં મંગલ યાને રાજા સહાય સો કરે' એમ વાંચવું.

મ્હારૂં સ્વપ્ન—

—કેદારનાથ

સપ્તગ્રહ યોગે જેમ બિહાર અને ઓરિસાની ભૂમિને સાફ કરી તેમ મારા પલંગ ઉપર પણ પોતાનો લોખંડી પંજો જમાવ્યો અને જેવો હું એ પલંગમાં પડ્યો કે તરતજ એ ગોળ યોગના પ્રતાપથી બંદા તો ઘોરવાજ લાગ્યા, પણ એ ઘોળયોગ ભૂલ્યો, ગોળ યોગ એમ કંઈ કોયરાં જોખવા થોડોજ છે એમ હતો, તેણે તો કલ્પનાના ઘોડા પુરપાટ દોડાવી મૂક્યા, બંદા સ્વપ્નદેવી સાથે સ્વારીએ ચઢ્યા અને ઉંચે ને ઉંચે વધુ ઉંચે જવા લાગ્યા, મ્હને ડર લાગ્યો કે આ ગગનગમન કયાંક આપણું પરલોકગમન ન કરી બેશે. પણ નસીબદેવી સાથે હતાં, તેવો અકસ્માત કંઈ બન્યો નહિં, હું આગળને આગળ ચાલ્યો, દૂરથી કંઇક મંદિરનગર જેવો દેખાવ નજરે નિહાળ્યો, મ્હને ત્યાં જવાનું મન થયું. હું એ મંદિરનગર તરફ આગળ વધ્યો, ચાંદની રાત હતી, આકાશ શુભ્ર હતું, આફતાબ પોતાના અમૃતમય કિરણોની ચાદર પૃથ્વી ઉપર બીછાવી રહ્યો હતો, પ્રકૃતિદેવીનું નૃત્ય આંખને આનંદ આપતું હતું. એટલામાં એક એરોપ્લેનનો અવાજ કાને અથડાયો, જરા ઉંચે જોયું તો એ એરોપ્લેન પાસે ને પાસે આવતું ગયું અને ઉપરથી પસાર થઇને પાસેના કોઈ ઉપવનમાં ઉતર્યું. મ્હને વિચાર થયો કે નિશબ્દ વાતાવરણમાં એરોપ્લેન કયાંથી ? સંખ્યાબંધ વિચારો આવ્યા અને પાણીના પરપોટાની માફક લય થયા, કૃત નિશ્ચય કરી જે દિશા તરફ એ વિમાન ઉતર્યું તે તરફ હું ચાલ્યો, થોડેક દૂર ગયો ત્યાં તો પચાસ સો ઘરનું એક ગામ આવ્યું. એ ગામને પાદરે એરોપ્લેન ઉતર્યું હતું, અને તેમાંથી એક વ્યકિત કે જે આંધ્રેઇ જેવી દેખાતી અને ગુજરાતી પાંધોટું માથે મૂક્યું હતું તે ઉતરી અને ગામમાં ગઇ. હું પણ તેની પાછળજ ચાલ્યો, તે એક ઉંચા મકાનના ઓટલા પાસે અટકી અને કોઇને ઘુમ મારી, જવાબમાં બારણું ખૂલ્યું અને તે વ્યકિતને અંદર લીધી. બંદા તો બહારજ રહ્યા. છપ્પનીયા દુકાળ જેવી આ ટાઢમાં આપણા તો હોંસકોસ મારવાડીને ત્યાં ગીરો મૂકી દીધા. (જોકે ત્યાં કોઇ મારવાડી તો હ્હોતો. પણ મ્હેં કલ્પના સૃષ્ટિમાં તેનું આકર્ષણ કર્યું) હવે અંદર કઇ રીતે પેસવું તે મુઝવણ થઇ પડી, બારી એક પણ ખુલ્લી ન હતી. કારણ કે ત્યાં પણ જ્યોતિષી ઘુવાનો ગોળયોગ ફરી વળ્યો હતો, મગજને ખૂબ કસી જોયું પણ કોઇ રસ્તો ન મળ્યો. હાથપગ ખૂબ પછાડ્યા પણ નિરર્થક. એટલામાં એ બારણું પુન ઉઘડ્યું અને એક શ્વેત વસ્ત્રધારી હાથમાં કુંડી લઇ બહાર નિકળ્યા. એ પ્રસંગનો લાભ લઇ બંદા અંદર ઘૂસ્યા. અંદરનું દૃષ્ય જોયું અને ખ્યાલઆવ્યો કે આ તો પ...હે...લા છે. એક રૂમમાં બે ત્રણ શ્વેત વસ્ત્રધારી અને પહેલી વ્યકિતકંઇક ગુફ્તેગો કરી રહી હતી, માનવ પ્રકૃતિ અનુસાર મ્હને પણ તે સાંભળવાની ઇચ્છા થઇ અને તે બાજુ મ્હારી કર્ણેન્દ્રિયને સતેજ કરી હું એક ખુણામાં લપાઇ રહ્યો. પહેલી વ્યકિતએ કહ્યું કે મહારાજ ! ગજબ થયો, વિરોધનો ભયંકર વંટોળીયો ચઢ્યો છે, આપણી તેમમાં આપણે ફાવીશું કે કેમ ? એ પણ હવે સંશય જેવી વાત છે, જુવાનીયાઓ લઇ દઇને આપણી પાછળ મંડ્યા છે. એમ કહી બે ત્રણ છાપાંઓ મહારાજ પાસે મૂક્યાં, એ છાપાંઓ જોઇ મહારાજના મુખ ઉપર ગ્લાની ફરી વળી, પહેલી વ્યકિતએ આગળ ચલાવ્યું કે મહારાજ મેં આ બધું કલ્પ્યું હતું પણ હવે આપણે શું કરવું તે અંગેની વિચારણા માટેજ હું આપની પાસે આવ્યો છું. આપ જાણો છો કે ખૂદ અમારા અમદાવાદમાં પણ આ બાબત માટે સખ્ત વિરોધ ઉઠ્યો છે, જવાબમાં મહારાજે આશ્વાસન આપ્યું અને કહ્યું કે ગમે તેમ થાય પણ આપણે ધારેલું કામ તો કરવુંજ જોઇએ. ચાહે તેટલો જાહેર છાપાઓ પોતાનો અભિપ્રાય જનતાને જણાવે, ગમે તેટલો આપણા કાર્ય વિરૂદ્ધ લોકમત કેળવાય, પણ એ બધાની મને જરાયે દરકાર નથી, હું મ્હારા મનનું ધાર્યું કરવાનોજ છું. મ્હેં જે વચન આપ્યું છે, અને જે આમંત્રણ પત્રિકા મ્હારા નામ સાથે બહાર પડી છે, તેને હું બરાબર વળગી રહીશ. તમે જાણો છો કે મુનિ સંમેલનનું ફળ ગમે તે આવે મારે તેની જાડે કશી નિસ્બત નથી, જો કે મ્હને ખ્યાલ છે કે અમારા સાધુઓમાં ખૂબ ફાટ્યાં છે. મ્હને તેમાં સફળતા સાંપડવી અશકય છે. સાગરજી અને દાનસૂરિ મ્હારા પ્રબળ વિરોધીઓ છે પણ તેમના પક્ષના સમર્થન માટેનો અંગત સ્વાર્થ હોઇને તે કોઇ પણ જાતની આમાં મૂસ્કેલી ઉભી કરે તેમ હું માનતો નથી છતાં પણ કદાચ મૂસ્કેલી ઉભી કરે તો આપણને દાવ ખેલતાં કયાં નથી આવડતા, એટલે તેમનો ભય તો મ્હને જરાયે નથી. સિદ્ધિસૂરિ, નીતિસૂરિ કે વલ્લભસૂરિ સરળ પ્રકૃતિના હોઇને મુનિ સંમેલનના કામમાં એ પોતાનો સંપૂર્ણ સાથ આપશે કારણ કે શાસનની ઉન્નતિના બ્હાને આ લેકિા આપણા છત્ર નીચે આવશે એટલે સાધુસમુદાય તો બધો એકત્ર થઇ શકશે તેમાં મુસ્કેલી જેવું કંઈ નથી. હવે વિરોધમાં ફક્ત હાલનો નવજુવાન વર્ગ છે, જોકે તેને અવગણી શકાય તેમ નથી, તેને નહિ મનાવવામાં અમારો સર્વનાશ રહેલો છે એમ હું પ્રમાણિકપણે માનું છું. હવે જો તેનું સાંભળવામાં આવે તો રૂઢિચૂસ્તો કે જેનાથી અમારૂં નાવ ચાલે છે, શાસનોન્નતિ(?)ની અમારી મુરાદો પર આવે છે તે વર્ગને અવિશ્વાસ પેદા થાય અને તેથી અમારૂં ગાડું આગળ ન ધપે એટલે રૂઢિચૂસ્તોની પીઠ ઠાબડવા શિવાય કોઇ રસ્તો નથી. વળી પેલી ત્રણ હજાર મૂર્તિઓ માટેની વ્યવસ્થાની તમને ખબર છે ને ? એ બધી મૂર્તિઓ કદંબગિરિ બેસાડવી છે. તેમાં લાખો રૂપિયાની જરૂર પડશે અને તે રૂપીઆ આવા જલસા વગર કયાં મળવાના હતા ! મુનિ સંમેલનના નામથી સમસ્ત હિંદમાંથી રૂઢિચૂસ્તો એકઠાને આવશે એ રૂઢિચૂસ્તો પાસેથી મૂર્તિઓ અને મંદિરો પાછળ આપણે જેટલા રૂપીઆ ખર્ચાવવા ધારીશું તેટલા ખર્ચાવી શકીશું, વળી તમે જાણો છો કે પેઢીનું તેમજ મહુવાનું આપણી ઉપર કરજ છે. આ બધું નાણું આપણે કોઇ પણ હિસાબે ઉભું કરવુંજ પડશે. જો કે આ બધામાં જુવાનીઆઓની ડખલ ડગલે ને પગલે ઉભી થશે પણ તેઓ કર્તવ્ય પરાયણ નથી. ખાલી બોલવા શિવાય તેઓ કશું કરી શકે તેમ નથી, મ્હારો એવો અંગત અભિપ્રાય છે. એટલે તેમની વધારે પડતી બીક રાખવા જેવું કશું નથી. કદાચ યુવકો મજબૂત દેખાય તો આપણે કયાં કોઇ જાતનું બંધારણ બહાર પાડ્યું છે ? પાછડી ફેરવતાં કયાં વાર લાગે છે ! છાપાઓના વિરોધમાં આપણે કશું બોલવાનું નથી. જો કે જૈન પત્ર અને જૈન જ્યોતિ

તરંગ કલ્લોલ:—

—તરંગી.

ઓહ ! મી. તંત્રીજી ! તમે તો મને સમુદ્રના અગાધ જળમાંથી શોધી કાઢયો, પણ મહેરબાની કરીને મારા માથે કશી જવાબદારી ન નાખશો, એટલી મહેરબાની બદલ હું તમારા બાપના બાપનો આભાર માનીશ સમજ્યા કે !

x x x

લે કર વાત, આ તો ચતુરભાઇ ચપડાસી અચાનક ઝુટી નિકળ્યા અને વીરશાસનના ચારે ખૂણા ફરી વળ્યા. પણ મારૂં બેટું કયાંયે જૈનત્વ ન દેખાયું, કયાંથી દેખાય ! ઠુંઠી દ્રષ્ટિના ચશ્મા ચડાવેલ હોય અને રામજી પ્રેમજીની ફેકટરીમાંથી તૈયાર થયેલ માલને ઠેકાણે કરવો હોય, ત્યાં બરી વસ્તુ સ્થિતિ કયાંથી રહેમજાય ? ચતુરભાઇની ચકોર દ્રષ્ટિ પહેલાં તો 'તરૂણ જૈન' ઉપર પડી જણાય છે, કારણ કે તમેના ફ્રંટ પેજની ચાર લીટી લાઇ જાણે કોઇ ધારીયો ગઢ જીત્યા હોય તેમ તમેના ઉપર બહાર લીંટીનું પૂરાણ અડાવી દીધું છે છે, બુદ્ધિ કોઇના બાપની !

x x x

પણ ચતુરભાઇનું ધર્મશાસ્ત્ર કોઇ જુદી દ્રષ્ટિનું જણાય છે. તમેને મન તો ગરીબોના મોઢાંમાંથી બટકુ રોટલો અને છાસ્યું છાશ પણ ઝુટવી લેનારા માલેતુજારો—ગરીબોને ભોગે લખોપતિ બનનારા પોતાની મોટી મિલ્કતમાંથી હજાર એ હજાર કે પાંચ દશ હજાર રૂપીયા ચતુરભાઇના ચાર ખૂણામાં વસતા કોઇ પુરોહિતોદ્વારા ખર્ચાવે, ઉપધાન ઉજમણાં અને નવાં

નમ્ર ભાષામાં ટકોર કર્યા કરે છે અને તે દ્વારા લેખકો પોતાનુ માનસ વ્યક્ત કર્યા કરે છે. પણ હમણાં મુંબઇથી યુવકોનું જે નવું છાપું નિકળ્યું છે તેમાં કુંવરજીભાઇના પરમાનંદે મારા માટે ખુબ કટાક્ષો કર્યા છે. શું જમાનો આવ્યો છે ! ગઈ કાલના છોકરાઓ અમારા જેવા વર્ષોથી ચારિત્ર પાળી રીઢા થયેલાઓની સામે કટાક્ષ કરતા શીખ્યા છે. હજુ તો એનો પહેલોજ અંક નિકળ્યો છે બરૂને ! વારૂં જોયું જશે. તમે એક કામ કરો ? હજુ તમે સંઘ મેળવ્યો નથી, બરૂં કે ? સંઘ મેળવો અનેસ્વાગત માટે સમિતિ ઉભી કરો, અને સંઘનો સહકાર સાધો ત્યાર પછી હું આવીશ ત્યારે બધું થઇ રહેશે. આ આદેશ લઇ પહેલી વ્યકિત એરોપ્લેનમાં પોતાને પંથે પડી. આપણે પણ બહાર પડયા. મુનિ સંમેલનના સૂત્રધારોનું માનસ પારખી મને તો એમજ થયું કે આ સંઘ મક્કા પહોંચશે કે નહિ ? સ્વપ્નદેવીની આ મુસાફરીમાં મેં મને પોતાને રાજનગરમાં જોયો, અહિ શાસન સુભટોની છાવણીમાં તરખાટ મચેલો જણાયો વાતાવરણ બહુજ સંક્ષુબ્ધ જણાયું. તમેમને પણ અવિશ્વાસ હોય તેમ જણાયું, તેમની મુરાદમાં ફાવશે કે કેમ એ એમને મન પ્રશ્ન થઇ પડયો છે. છતાં પણ કંઇક સાથ મળશે એમ ધારી તેઓ મુનિ સંમેલનનું ડોલચું ખેંચી રહ્યા છે, રાજનગરની રંગભૂમિમાં કંઇક વધારે ટહેલવાની ઇચ્છા થઇ પણ પડેલા કાલોતરીયાએ આવીને સખ્ત ગ્રહયોગ તોડી નાંખ્યો. નિંદ્રા અને સ્વપ્નદેવી બન્ને અદશ્ય થયાં. બંદા પોતાના આરામ-ગાહમાં ટાઢથો રક્ષણ મેળવી રહ્યા હતા ને ઉષાના આછા અજવાળાં પૃથ્વી ઉપર ઉતરી રહ્યાં હતાં.

મંદિરો બંધાવે, એજ સાચું જૈનત્વ જણાય છે. આ વસ્તુ સ્થિતિ જૈનત્વ કોને કહેવાય તમેની અજ્ઞાનતા સૂચવે છે.

x x x

આ હિસાબે તો જ્યારે ઉપધાન, ઉજમણાં કે નવાં મંદિરો માટે સ્થાનજ નહોતું ત્યારે ચતુરભાઇનું જૈનત્વ કયાં હતું ? સમુદ્રના અગાધ જળમાં કે માઉન્ટ એવરેસ્ટના શિખર ઉપર ! ચતુરભાઇના દિવ્ય જ્ઞાન પ્રમાણે જો જૈનત્વની વ્યાપ્તિ કરવામાં આવે તો એમ થાય કે 'જ્યાં જ્યાં ઉપધાન, ઉજમણાં અને રામજી પ્રેમજીની ફેકટરીનો માલ ખપતો હોય ત્યાં ત્યાં જૈનત્વ છે, અને જ્યાં જ્યાં તમેનો અભાવ છે ત્યાં ત્યાં જૈનત્વ નથી. ચતુરભાઇની આ વ્યાપ્તિ જો માનવામાં આવે તો પછી ઉપધાન અને ઉજમણાં તો અર્વાચીન છે, પ્રાચીનતાનું ઇતિહાસ સાક્ષી આપતો નથી, એટલે જૈનત્વ હતુંજ નહિં એમને ? વાહ! ચતુરભાઇ વાહ ! અધુરો ઘડો છલકાય, એ આનું નામ.

x x x

હવે ચતુરભાઇની ચાર ખૂણાની ચર્ચા આગળ વધે છે, કેવળ ફ્રંટ પેજને સ્પર્શીનેજ એ નથી અટકયા પણ અગ્રલેખની છુટી છવાઇ સાડાતેર લીંટી એકઠી કરી વીરશાસનનું કોલમ ભરેલ છે, અને તમેના ઉપર ટિપ્પણ કરી કોઇ અજબ શાસ્ત્રો તરીકેની પ્રતિભા દાખવેલ છે. ઉપરોક્ત લીંટીઓમાં 'સાધુશાહી'ને બદલે 'નોકરશાહી' શબ્દ ધુસાડી દીધેલ છે. આ મુત્સદ્દીભરેલી ચાલબાજી સત્તાવાળાને ઉશ્કેરવાની તો નથીને ! કે ઠુંઠી દ્રષ્ટિના ચશ્મા અને જૈનત્વની ધૂનમાં આંધળીયા કરેલ છે ! ચતુરભાઇ ! આનો જવાબ તમારી સાક્ષાત સરસ્વતી (?) સ્વરૂપ જબાન આપશે કે !

x x x

ને ચતુરભાઇએ એ તેર લીંટીથી 'તરૂણ જૈન'ની લાયકાતનું માપ કરેલ છે. એટલુંજ નહિ પણ પાતાળ ફાડીને પણ 'પ્રસંગરંગ'માં શ્રીમંતશાહીનો અને સાધુશાહીના નાશનો અર્થ કરી કમાલ કરી છે. તેઓની સામાન્ય બુદ્ધિ શ્રીમંતશાહીનો નાશ એટલે બોલશેવીઝમ સમજે છે, પણ આ બાબત બોટી છે. શ્રીમંતશાહીનો નાશ એટલે પટેલશાહીનો નાશ કે જે સમાજમાં આપખૂદી ચલાવે છે. અને સાધુશાહીનો નાશ એટલે સેતાનશાહી પ્રવર્તાવવી 'એ' નહિં પણ આજકાલના સફેદ કપડાં નીચે છુપાયેલા સાધુતાના પવિત્ર ઝબ્બા નીચે સેતાનીયતભરી ચાલબાજી ચલાવી સમાજને ત્રાહિ પોકરાવતા સેતાનોની સેતાનીયતનો નાશ એ અર્થ છે. ચતુરભાઇનું કાળજું ઠેકાણે હોય તો આ બાબત રહેમજવી મૂશ્કેલ નથી. પણ દુઃખે છે પેટ અને કુટાય છે માથું ! તમેમાં તરંગીનો શો દોષ ?

x x x

વળી પાછું કયાં છે જૈનત્વ ? ચતુરભાઇનો એ પ્રશ્ન તો ઉભોજ રહ્યો, ચતુરભાઇ ચોવીસ હાથનો ચોફાળ ઓઢી તમેના બાપનો બાપ અને તમેના બાપના નામની પોક મૂકે તો પણ જ્યાં સુધી રામજી પ્રેમજીની ફેકટરીમાં એ હશે ત્યાં સુધી જૈનત્વ તમેને તમેના શિવાય કયાંયે દેખાવાનું નથી, પછી ભલે આલમના ચારે ખૂણા ફરી વળે. પણ આલમમાં ફરવાની તમેને ફુરસદ કયાં છે !

નૂતન સમાચારો.

અમદાવાદ—અત્રેની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદાર પ્રતિનિધિ શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઇ લખી જણાવે છે કે ઘણા વખતથી અંબાજી કુંભારીઆજી યાત્રાએ જતા યાત્રાળુઓ પૈકી યાત્રાળુઓ પાસેથી આબુજીની યાત્રા બદલનો આબુજીની યાત્રાએ જવાના છો કે જઇ આવ્યા છો તે સોગનપૂર્વક પૂછીને માથા દીઠ રૂા. ૦-૬-૦ આનાનો વધારાનો કર લેવામાં આવતો હતો. હાલમાં સુરતના દેવીભક્ત ઝવેરી અમીચંદ મોતીચંદે તે કર હાલના દાંતાના મહારાણા શ્રી ભવાનીસિંહજીને પ્રસન્ન કરી માફ કરાવ્યો છે તે બદલનો માતા-મહાલકારીના ઝવેરી અમીચંદભાઈ પરના પત્રની નકલ સૌની જાણ માટે પ્રગટ કરીએ છીએ

નંબર ૨૨૮ નેક નામદાર શ્રી મહારાજા-ધિરાજ શ્રી મહારાણાજી શ્રી ભવાનીસિંહજી સાહેબ બહાદુર સ્વા. દાંતા ભવાનગઢ વી શ્રી માતાજી મહાલકારી કોર્ટ.

રા. રા. દેવીભક્ત શ્રી અમીચંદભાઇ

જત લખવાનું કે આપને જાણતાં આનંદ થશે કે નામ દાર શ્રી હજુર સાહેબ બહાદુરને આપની રૂબરૂ અરજ ઉપરથી નામદાર શ્રી હજુર સાહેબ બહાદુરે શ્રી માતાજીએ આવતાં યાત્રાળુઓ પૈકી જૈનો પાસેથી માઉન્ટ આબુની જાત્રા કરવા બદલ મુંડકા ઉપરાંતનો જે હક્ક લેવાતો, તે માફ કરવામાં આવ્યો છે, અને તેવી મતલબનો હુકમ નંબર ૯૧ તા. ૬-૧-૩૪ નો અમારી તરફ આવી ગયો છે. તે જાણશો તા૦ ૧૩ માહે જાન્યુઆરી સને ૧૯૩૪.

સહી.

નથુસીંઘ જી.

માતાજી મહાલકારી.

સંઘ સેવાના આવા ઉમદા કાર્ય માટે સંઘ તરફથી અમે ઝવેરી અમીચંદભાઇને સહર્ષ ધન્યવાદ પાઠવીએ છીએ અને જૈનો પરનો આ વધારાનો કર ઉદાર ચિત્તે માફ કર્યા બદલ ના. મહારાણાશ્રીનો પણ આભાર માનીએ છીએ.

—અત્રે ડોશીવાળાની પોળમાં ડોકીયું કરતા એક ભાઇ લખી જણાવે છે કે અમારી પોળમાં બીરાજતા ઉપાધ્યાયજી તથા અન્ય સાધુની પૂરી ખાત્રી છે કે અમદાવાદ મુકામે ભરાતું સાધુ સંમેલન ફળીભુત થવાનું નથી. તે માટે ઉપાધ્યાય પ્રેમવિજય તથા બીજા સાધુઓ પ્રયત્ન કરી રહ્યા છે. શ્રી લબ્ધિસૂરિ, શ્રી દાનસૂરિ તેમજ શ્રી રામવિજય અમદાવાદ આવે એટલે શાસ્ત્રાર્થની તૈયારી માટેની બધી ગોઠવણો કરી શ્રી સાગરજીને શાસ્ત્રાર્થની ચેલેંજ અપાશે, વિશેષમાં દાનસૂરિના સંઘાડાના બધા સાધુ પાકે પાયે માને છે કે આ જીંદગીમાં શ્રી વલ્લભસૂરિ સાથે કે કાન્તિવિજયજી સાથે બનવાનું નથી અને કોઇ દિવસ સંપ થવાનો નથી. આ બાબત માટે શ્રી નગરશેઠનું લક્ષ્ય ખેંચાય તેમ ઇચ્છું છું.

મુંબઇ—શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આશ્રય નીચે ચાલતા મહાવીર સ્ટુડન્ડસ યુનિયને પોતાનું છઠ્ઠું સ્નેહ સંમેલન ગ્રોન. મી. જસ્ટીસ હરીલાલ જે. કણીયાના અધ્યક્ષપણા નીચે તા૦ ૨૮ મી જાન્યુઆરીએ ઉજવ્યું હતું. તે પ્રસંગે આખો હોલ ચીકાર ભરાઇ ગયો હતો, આ પ્રસંગે વિદ્યાર્થી-ઓએ અંગ કસરતના જુદા જુદા પ્રયોગો કરી બતાવ્યા હતા એક વિદ્યાર્થીએ લોઢાની સાંકળ તોડતાં શ્રીયુત મણીલાલ એમ. શાહ તરફથી તે વિદ્યાર્થીને અગ્યાર રૂપીઆ ઇનામ આપવામાં આવ્યું હતું. ધાર્મિક પરીક્ષા પારિતોષિક પ્રદાન સમારંભ પણ એ સાથે જોડવામાં આવ્યો હતો.

ખંભાતમાં કલેશ ઉભોજ છે.

પન્યાસ શ્રી રિદ્ધિમુનિજીની સાધુ સંમેલનમાં જવાની ખુલ્લી ના.

અમદાવાદના નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇએ ખંભાતની વીશા શ્રીમાળી ન્યાતનો ઝગડો પતાવ્યો એ ખુશી થવા જેવું છે પણ લાંબા વખતથી ચાલ્યો આવતો અત્રેની પાંચે ન્યાતોનો કલેશ નગરશેઠે પતાવ્યો નથી. ખરો કંકાસ છે તે તો ઉભોજ રહ્યો. કહેવાય છે કે ખંભાતનું સોસાયટી ટોળું ઓસવાળ પોર-વાળ વગેરેને સાથે લેવા ના પાડતું હોવાથી નગરશેઠ એ બાબતમાં કશું કરી શકયા નથી. આ બાબતમાં ઘટતું કરવા અત્રેના શ્રી રતીલાલ બેચરદાસે નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇને ફરી ખંભાત આવવા માટે વિનંતિ કરી છે, કારણ કે ખરો આ કલેશ પતા-વવાનો છે. એક ન્યાતનું પતવું તેમાં મુશ્કેલી ન્હોતી પણ પાંચે ન્યાતોનો. કલેશ પતાવવો એમાંજ ખરી મુશ્કેલીઓ છે.

અત્રે જ્યારે નગરશેઠ આવ્યા ત્યારે ખરતર ગચ્છના પન્યાસ શ્રી રિદ્ધિમુનિજી પણ અહિંજ હતા તો પણ નગરશેઠે તેમની પાસે જવું ઉચિત માન્યું નહિં. અને આમંત્રણ આપવા મી૦ કડીઆને મોકલ્યા, જ્યાં પક્ષપાતનો મેલ ભર્યો હોય ત્યાં સફળતાની કઇ જાતની આશા રાખી શકાય ? પંન્યાસ રિદ્ધિ-મુનિજી સંમેલનમાં જવાની ખુલ્લી ના પાડે છે, જૈન સમાજ સાવધાન ! જ્યાં આવી દાવપેચની રમતો રમાતી હોય ત્યાં સાચા સાધુ સહકાર કેવી રીતે આપી શકે ? શ્રી રિદ્ધિમુનિજી અત્રેથી અમદાવાદ તરફ ન જતાં સુરત તરફ વિહરી ગયા છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની મળેલી સામાન્ય સભા અને નવા વર્ષ માટે ચુંટાયેલી કાર્યવાહક કમીટી.

તા૦ ૨૧-૧-૩૪ ને રવિવારના રોજ વાર્ષિક સામાન્ય સભાની એક મીટીંગ સંઘની ઓફીસમાં શ્રીયુત નાનજી શામજી શાહના પ્રમુખપણા નીચે દિવસના ત્રણ વાગે (સ્ટા. ટા) મળી તેમાં સર્વાનુમતે નીચે મુજબ કામકાજ થયું હતું:—

૧ સંવત ૧૯૮૯ ના કારતક શુદ ૧ થી આસો વદ ૦)) સુધીનો ઓડીટ થએલો હિસાબ, સરવૈયું અને રિપોર્ટ પાસ કરવામાં આવ્યો હતો.

૨ સંવત ૧૯૮૯ ની સાલની કાર્યવાહક સમિતિએ કરેલા ઠરાવ મુજબ કાર્યવાહક સમિતિની ચુંટણી થઇ હતી.

૩ સેક્રટરીઓની નીચે મુજબ ચુંટણી કરવામાં આવી છે

૧ મણીલાલ એમ. શાહ

૨ અમીચંદ બેચરદાસ શાહ

૩ રતિલાલ સી. ઝોઝારી

૪ ઓડીટરોની નીચે પ્રમાણે ચૂંટણી થઇ હતી.

૧ નાનચંદ છગનલાલ શાહ

૨ જીવતલાલ ચંદ્રભાણ ઝોઝારી.

ગત વર્ષની કાર્યવાહક કમીટી અને ઓડીટરોનો તેમણે કરેલ કામકાજ માટે આભાર માનવામાં આવ્યો હતો. બાદ પ્રમુખશ્રીનો ઉપકાર માની સભા વિસર્જન થઇ હતી.

મેનેજીંગ કમીટીમાં ચૂંટાયેલ સભ્યોના નામ આવતા અંકે.

વિચારનાં વહેણ.

આપણે સુધારક છીએ ?

સ્વજાતને સુધારક કહેવડાવતા એવા સજ્જનોના વૃંદ સહ હું બેઠો હતો. ઠંડો પહોર હતો. સમિર સુસવતો હતો અને દરેક વહેણે સ્ત્રી ઉન્નતિ અર્થે શા શા સુધારા કર્યા સમાજમાં ને ઘરમાં, તેની અનુક્રમે કથા કહેતા હતા.

એકે કહ્યું એણે સુધારો કર્યો અને રજા આપી એની સ્ત્રીને લાજ નહિ કાઢવાની ને વડિલો સમક્ષ બેસવાની.

બીજાએ કહ્યું એણે સુધારો કર્યો પોષાકમાં એની સ્ત્રીને એણે રજા આપી બાંય વિનાનાં બ્લાઉઝ પહેરવાની અને મરજી પડે તો શિર નહિ ઢાંકવાની.

ત્રીજાએ કહ્યું; એણે સુધારો કર્યો અને એની સ્ત્રીને એના (પુરૂષના) પુરૂષ મિત્રો સાથે પત્તાં કે ચીજ, બીલીયર્ડ કે રેમ રમવાની પરવાનગી આપી.

ચોથાએ કહ્યું એણે સુધારો કર્યો ને પરવાનગી આપી, એની સોળ વર્ષની પુત્રીને કોટ ને પાટલુન પહેરવાની ને પુરૂષ વેષ પહેરવાની.

પાંચમાએ કહ્યું એણે સુધારો કર્યો અને પરવાનગી દીધી એની પત્નીને વાળ બોબ્ડ કરાવવાની અને તેના પુરૂષ મિત્રો સાથે ફરવાની.

ફરતી ફરતી આંગળી મારી સામે આવી થોભી મેં શા સુધારા કર્યા અને સ્ત્રી ઉન્નતિમાં મેં શો ફાળો દિધો એ મારે કહી બતાવવાનો હતો.

મેં કહ્યું ક્ષમા દેજો સ્પષ્ટ કથનને મારી અગાઉના વકતવ્યને વિચારતાં મને લાગ્યું છે કે આપણે કોઇ સુધારકજ નથી'

સ્ત્રીને પરવાનગી દેવાનો કાયદો જ્યાં સુધી પુરૂષ હાથમાં રાખી રહ્યો છે ત્યાં સુધી સ્ત્રી સ્વતંત્ર નથી એ છે ઝાંઝવાનાં જળ. માત્ર સ્ત્રીઓને તમારી ઇચ્છા મુજબ તમે પરવાનગી આપો છો, અને સુધારક ગણાવવાનો ગર્વ લેવાય તે સારૂ તમે એને કેળવો છો. **હું તો ઇચ્છું છું કે પુરૂષ સ્ત્રીને શિક્ષામણ દેવ નો અને પરવાનગી દેવાનો કાયદો જતો કરે તો સ્ત્રી જલ્દી સ્વતંત્ર આપમેળે બની રહે.** આજે તો સ્ત્રી સુધારાને બ્હાને તમે એને કાંતો ગુલામજ બનાવો છો અગર તો તમને શોભા દેતું ફર્નિચર બનાવી મૂકો છો.'

પરિવર્તન કેમ થાય ?

જ્યોત્સના મુખ્ય તેરની છોકરી છે. એનો દમીયલ પતિ, ડોકટરની આજ્ઞા અવગણીને બીડી પીવી છોડતો નથી અને શરીરની પાયમાલી કરી રહ્યો છે. જ્યોત્સનાની વિનવણી એને એ માનતો નથી.

ગઇ પરમ દિને જ્યોત્સના, હું ને એનો પતિ બેઠા હતા. મારી ને એના પતિની આશ્ચર્યમુગ્ધ અજ્ઞતાની વચ્ચે જ્યોત્સનાના પતિએ બીડી માગી ત્યારે—એક બીડી એણે પતિને દીધી અને બીજી બીડી જ્યોત્સનાએ પોતાનાં હોઠોમાં મૂકી સળગાવી.

અમે ડમકમી રહ્યા. સત્કારી ગણાતી એક સ્ત્રી આમ બીડી પીએ એ અણગમતી વાત હતી. જ્યોત્સનાનો પતિ તો ખૂબ ખીજ્યો. એ છેકજ અસંસ્કારી બની ગયો અને જ્યોત્સનાને ગાળો દેવા માંડ્યો.

બીડીનો દમ લઇ, ધુમાડો કહાડતાં હસતી હસતી જ્યોત્સના બોલી, આપને બીજી વાનું કારણ શું છે, હું પણ આપની જેમ બીડીમાં રસ લેવાનો નિશ્ચય કર્યો છે. અને મારી ઇચ્છા છે કે બીડીદેવીને આરાધવામાં હું આપને સંપૂર્ણ સાથ દઉં. સારા કામમાં સ્ત્રીઓએ પુરૂષને સાથ દેવો એવી ધર્માજ્ઞા છે."

તમને કાંઇ આગ્રહનો ખ્યાલ છે,' પતિએ પૂછ્યું.

'હું આપને પૂછું છું કે જીવન કરતાં આગ્રહ મોટી છે?' જ્યોત્સનાએ પૂછ્યું અને એની ચારેગમ ધુમાડાના ગોટેગોટા ખડા કર્યા.

એક પળ બે પળ, અને પતિનો ગુસ્સો ઉતરી ગયો. એણે મારી સમક્ષ પ્રતિજ્ઞા લીધી બીડી નહિ પીવાની, અને જ્યોત્સનાના દાર્શનિક કટાક્ષ પર ને એની હિમ્મતપર મેં એને અભિનંદન દીધાં.

વર્ષો જૂની વસ્તુઓનું પરિવર્તન સહમજાવટથી નથી થતું, નવી દુનિયા ફૂદરતને સર્જવાની હોય છે ત્યારે ધરતીકંપના **આંચકા** લાગે છે. જુનું વિનાશ વહોરે છે અને નૂતન સર્જાય છે. વિચારોના પરિવર્તનને સારૂ બડબોર માણસ પ્રગટે છે એ ધીરે ધીરે આંચકા મારે છે સમાજને સમાજ ખળભળી ઉઠે છે ને પરિવર્તન થાય છે. કાર્લ માર્કસ એવો આંચકા મારનાર હતો. એણે નવાં સત્યોથી જનત ખળભળાવી મુકયું—અને આજે એ ખળભળાટથી થએલું પરિવર્તન આપણે જોઇ શકીએ છીએ. આજે જવાહરલાલ પંડીત આપણે ત્યાં આંચકા દેવામાં કુશળ ગણાય છે. શાંત વાતાવરણને એ ધીરે રહી એક આંચકો દે છે અને લાંબી મુદત સુધી ખળભળાટ થતો જાહેર પત્રોમાં આપણે જોઇ શકીએ છીએ. બનાર્ડ શો એવોજ કુશળ આંચકાદેનાર છે.

તમારે સ્થપાએલા સિધ્ધાંતોનું, જુની માન્યતાઓનું પરિવર્તન કરવું હોય તો સૌ એકાએક ચમકી ઉઠે એવા એ જુની માન્યતાઓને જડમૂળથી હચમચાવી દે એવા આંચકા મારતાં શીખી લેવું જોઇએ. એકે એક સુધારક, એકે એક પરિવર્તનકારમાં તમે એ કળાને ખૂબ વિકસેલી જોઇ શકશો.

સાધુઓ પર સ્વામિત્વ :—

જૈન સાધુઓનો પ્રશ્ન જરા વિકટ બનતો જાય છે. ક્રિશ્ચિયન ધર્મમાં પાદરી બનતાં પહેલાં કેટલી કસોટીમાંથી પસાર થવું પડે છે અને છેલ્લે જ્હોને સત્તા આપવામાં આવી છે તે પૂરતી કસોટી પછી એને પાદરી બનાવે છે. આપણા જૈન ધર્મમાં એવી કોઇ કસોટી નથી અને એવું કોઇ બંધારણ નથી ગમે તે સાધુ, ગમે તેહને ઓઘો ને મુપત્તિને ચોળપટ્ટો આપી સાધુ બનાવી દે છે અને એવા ગમે તેહવા સાધુનાં ખાદ્યને સાધનો પૂરાં પાડવા માટે સમાજ બંધાયલો ગણાય છે.

આ મૂળ સ્થિતિજ ખોટી છે. આ જાતનાં સાધુઓને આપણે રોટલો નહિજ પૂરો પાડવો જોઇએ. ગમે તેમ સ્વેચ્છાચારે સાધુઓ મુંડીને આપણી પર કોઇ બોજો વધારી મૂકે એ આપણે નહિજ ચલાવી લેવું જોઇએ અપૂર્ણ

તારાચંદ.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ રેશમ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ દુકાન નં ૨૪ મુંબઇ નં. ૨ તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

સમાજની ડૂબતી નૌકા. Reg. No. B. 3220.



સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા અર્પવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો | વાર્ષિક રૂા. ૧-૮-૦ | શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર | તંત્રી:—ચંદ્રકાન્ત વી. સુતરીયા | વર્ષ ૧ લું અંક ૪ થો | શુક્રવાર તા૦ ૧૬-૨-૩૪

"હું"—પહેલો પુરૂષ એક વચન.

વ્યાકરણથી પર એવી રીતે 'હું' ના હું ત્રણ વિભાગ પાડું છું.

પહેલો અહિંસા પરમો-ધર્મ'ના પરમ ઉપાસકનો નમ્ર ને નિસત્વ હું; જ્હે એની જાતને ક્ષુદ્ર માને ને પામરતા અનુભવે. વિશાળ જગતમાં અલ્પાંશ અનુભવતો એ એને કશાય હિસાબનો ના ગણે ને નમ્રતાના ભારમાં એટલો લચી રહે કે એનાં હાડકાં સિધાં ઉભાં રહી શકે નહિ ને જન્મથી તે જીવન પર્યંત એ પાંગળો બની રહે.

'અહમ્'ની ચાંપથી જ્હેની ગર્દન અક્કડ રહે છે ને અકારણ પ્રત્યેક સુકૃત્યનો યશ તેને શિરે ઓઢવા મથતો માનવી એ બીજો 'હું' છે. એ હું અશક્તિમાન છતે એની જાતને જગત્ શિરોમણી મનાવવા પ્રયત્ન કરતો હોય છે. આવા માણસોમાં બુદ્ધિનું સ્થાન મૂર્ખાઈએ લીધું હોય છે એનામાં કશી આવડત ના મળે. એના મગજમાં અભિમાન એટલું ભરાઇ રહ્યું હોય છે કે સદ્ સંસ્કાર ને જ્ઞાનને પ્રવેશવાને માર્ગ ના મળે. એવા 'હું' જગત્ની અવનતિના કારણરૂપ હોય છે. કોઇકની ચોપાટનાં એ સોગઠાં હોય છે. કોઇ કુશળ કાવત્રાંબાજના એ સરસ રમકડાં બની રહે છે. અક્કડતાના મોહમાં ને કુશળતાના દંભમાં એ સદાય સૌનું સત્યાનાશ વાળે છે.

અમદાવાદના નગર શેઠ સમગ્ર હિન્દની જૈન કોમના સંઘપતિ નથી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ઠરાવ:—

તા. ૨-૨-૩૪ ના વીરશાસન પત્રના અઠારમાં અંકમાં છપાયું છે કે, "અમદાવાદના નગર શેઠ સમસ્ત હિન્દુસ્તાનના સંઘપતિ છે" આ લખાણ તદ્દન સત્યથી વેગળું અને જનતાને ગેર રસ્તે દોરવનારું છે એમ તા. ૧૧-૨-૩૪ ના રોજ મળેલ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ જાહેર કરેછે. અને વધુમાં જણાવે છે કે હિંદના સંઘોએ અમદાવાદના નગરશેઠને સમગ્ર આર્યાવર્તના જૈન સંઘપતિ તરીકે કદિપણ સ્વીકાર્યા નથી, તેથી આવા ભ્રમણાજનક હેવાલોથી સાવચેત રહેવા અપીલ કરે છે.

ત્રીજો, સ્વશક્તિએ સભાન ને સ્વમાનશાળી 'હું' એના 'હું" માં ગગનચુંબી મહત્વાકાંક્ષા ને વિસામાહિન પુરૂષાર્થ સમાયો છે. એ કાર્યો કરે છે ને પ્રતિભા પાડે છે. એ મ્હેનત હ્યે છે ને એની મ્હેનત કલ્યાણકારી નિવડે છે. આગળને આગળ એને ધપ્યે જવાની હોંશ છે ને સ્વજાતમાં એને ખૂબ શ્રદ્ધા છે. એની જાતને એ અપકવ સુવર્ણ માને છે સ્વજાતને તપાવીને, ટીપાઇને જગત્ને શણગારવાના એ અભિલાષ સેવે છે. એને ક્ષેત્રે એ ભાત પાડે છે ને કર્તવ્યની સૌરભ ભર્યો એ જીવનઅન્તે પણ વાતાવરણમાં મઘમઘી રહે છે.

વિચારનાં વાદળ હ્રમને ઘેરી વળે ત્યારે નક્કી કરજો, હ્રમારો 'હું' કયા પ્રકારનો છે? અને આમાંથી કઇ જાતનો 'હું' હ્રમને ગમે છે? અને એ નક્કી થયે જીવન ધ્યેય સહેલાઇથી નક્કી થઇ શકશે પછી એ ધ્યેયને પહોંચવા આરતે કદમ કે ઝડપી કદમની હ્રમને યોગ્ય લાગે હ્યેવી કુચ હ્રમારે કરવાની બાકી રહેશે.

ગ્રાહકોને સૂચના.

'તરૂણ જૈન'ના ચાર અંકો આપને મોકલવામાં આવ્યા છે, પાંચમાં અંકથી વી. પી. કરવાનું અમે નક્કી કર્યું છે. તો જે ભાઇને તરૂણ જૈન ના ગ્રાહક ન બનવું હોય તે મહેરબાની કરીને અમને લખી જણાવે કે જેથી અમારે વી. પી. ના ખોટા ખર્ચમાં ઉતરવું ન પડે બીજું તંત્રી ખાતાને લગતો બધો પત્રવ્યવહાર નીચેને શીરનામે કરવો. તંત્રી 'તરૂણ જૈન' C/o ૮૧ નાગદેવી, ક્રોસ લેન, મુ. મુંબઇ નં. ૩

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरई ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

તરૂણ જૈન.

શુક્રવાર તા૦ ૧૬-૨-૩૪

સમાજની ડૂબતી નૌકા.

જુગ જુની એ વાત છે સમુદ્રના અગાધ જળની સપાટી ઉપર કોઇ નૌકા હસતી રમતી આવી રહી હતી. એ નૌકામાં સોળ મહત્ત્વાકાંક્ષી માનવીઓ અરબસ્તાનના કિનારેથી સમુદ્રના પેટાળમાં જઈ સાચાં મોતીઓ અને રત્નો લઇ સ્વદેશ તરફ સીધાવી રહ્યા હતા. એ સોળે માનવીઓ ચાર ચારની સંખ્યામાં ચાર વિભાગમાં વહેંચાઇ ગયા હતા. સૌ કોઇ પોતાના વિભાગમાં અનેક જાતની રમ્મત ગમતો કરી સમય પસાર કરી રહ્યા હતા. એ ચાર વિભાગમાંના એક વિભાગનું મોતી અને રત્નો તરફ ખૂબ આકર્ષણ થયું, અને તેણે મોતી અને રત્નોને હાથ કરવા માટે વિધવિધ જાતના ઉપાયો યોજવા માંડયા; બીજા, ત્રીજા અને ચોથા વિભાગમાં પણ એજ પ્રમાણે ભૂખ જાગી. સૌ કોઈ ષડ્યંત્રો રચવા લાગ્યા અને એક બીજા આપસઆપસમાં ખૂન વહાવવાની તક શોધવા લાગ્યા. અમાવાસ્યાની કાળી રાત્રી સમુદ્રની સપાટી ઉપર કાળી ચાદર બીછાવી રહી હતી, સમીર કોઇ ભયંકર ઉલ્કાપાતની આગાહી કરી રહ્યો હતો, અને સમુદ્રના નીર મોજાં દ્વારા ખુબ ઉછળી રહ્યાં હતાં ત્યારે નૌકામાં રહેલ એક વિભાગે બીજા વિભાગ ઉપર હલ્લો કર્યો, બીજો વિભાગ પણ સાવધ હતો. તેણે પૂરતી સાવચેતીથી એ હલ્લાનો સામનો કર્યો, આ ધમાધમમાં બીજા બે વિભાગો પણ સાવધ થયા, લડત ભયંકર સ્વરૂપમાં આવી ગઇ. કોઇ એવો તટસ્થ માનવી ત્યાં નહોતો કે જે આ સત્તાશોખીન અને મહત્ત્વાકાંક્ષી માનવોને સમજાવી ઠેકાણે લાવે. તેમાં કોઇ શાણો આદમી નહોતો કે જે આ કલેશ પતાવવાને સમર્થ હોય, કોઇ અભાગી પળે આકાશ ઘનઘોર વાદળથી છવાયું, વિદ્યુત અને વર્ષાએ વાતાવરણ પલ્ટી નાંખ્યું, સખ્ત વંટોળીયો અને વાવાઝોડાએ નૌકાને અરાબે ચઢાવી દીધી; અને એ કોઇ સમુદ્રના છૂપા ખડક સાથે અથડાઇ ભાંગીને ભૂકકો થઇ ગઇ ત્યાંસુધી પહેલા મહત્ત્વાકાંક્ષી માનવીઓ આપસમાં લડતાજ રહ્યા. પોતાને બચાવવાનો પણ કોઇએ પ્રયત્ન કર્યો નહિ, કારણ કે કોઇનું યે લક્ષ્ય એ બાજુ નહોતું. જ્યારે ડૂબવાની પળ આવી અને બચવાની કોઇપણ જાતની આશા નહોતી ત્યારે કંઇક ભાન આવ્યું, પણ હવે બહુ મોડું થઇ ગયું હતું. બચવા માટે ઘણા તડફડીયાં માર્યાં પણ નિરર્થક. પરિણામમાં સોળે માનવીઓ અઢળક દ્રવ્ય સાથે સાગરના નીરમાં અદૃશ્ય થયા.

મુનિસંમેલનને આ કિસ્સો આબાદ લાગુ પડે છે તેની નૌકા અનેક આશાઓ અને સમાજ પ્રગતિના સંદેશાઓ લઇને આવી રહી છે, તેનો કોઇ સુકાની નથી, તેમાં કોઈ તટસ્થ માનવી નથી. સૌ કોઇ વિચાર કરી રહ્યા છે કે આપણું શું ? તેમાં ભાગ લેનારાઓ અનેક વિભાગોમાં વિભક્ત છે, કોઇ સૂરિસમ્રાટ થવાની મહત્ત્વાકાંક્ષા સેવે છે તો કોઇને સત્તાની મહાન ભૂખ લાગી છે, કોઇ પોતાના પક્ષને મજબૂત કરવાની વેતરણમાં પડયા છે તો કોઇ પોતાની વિદ્વત્તા દેખાડવા ખાતર શાસ્ત્રાર્થ માટેની તૈયારીઓ કરી રહ્યા છે. અનેક સૂરીશ્વરો અને મુનીશ્વરો વ્યક્તિગત સત્તા અને મહત્ત્વાકાંક્ષાની ભયંકર ભઠ્ઠીમાં જળી રહ્યા છે, તેમને સમાજની કશી પડી નથી, યુગપ્રવાહ કઇ દિશામાં વહે છે તેની ગમ નથી બસ એકજ ધૂન લાગી છે મ્હોટાઇની. બહુજ કટોકટીનો સમય ઉભો થયો છે, નૌકા તરી પાર થશે કે અર્ધે રસ્તેજ ખડક સાથે અથડાઈ ભાંગી ભૂકકો થશે એ પ્રશ્ન આજના સમાજને મૂંઝવી રહ્યો છે.

સૂરીશ્વરો અને મુનીશ્વરોની આ આંતરિક ખટપટમાં સમાજ અનેક વિભાગોમાં વિભકત થઇ ગયો છે. જુદાં જુદાં વર્તુલો અસ્તિત્વમાં આવ્યાં છે. સૂરીશ્વરોની મહત્ત્વાકાંક્ષામાં આ વર્તુલોનો શેત્રંજના પ્યાદાની જેમ ખૂબ ઉપયોગ થઇ રહ્યો છે, અને આમ સામાજિક શકિતનો આંતરિક કલહમાં હ્રાસ થઈ રહ્યો છે. ઇતર સમાજો આ સ્થિતિ ઇ જૈન સમાજની હાંસી ઉડાવે છે છતાં એ સ્થિતિ તરફ જરાયે લક્ષ્ય દોરાયું હોય તેમ માનવાને કારણો નથી.

જૈન સમાજની અધોગતિ આજની નથી પરંતુ જ્યારથી સાધુઓ સમાજના ગાઢ પરિચયમાં આવ્યા, સમાજની અજ્ઞાનતાનો લાભ લઇ ધર્મને નામે તેને અંધશ્રદ્ધાનું ઝેર પાયું. અને ધાર્મિક કેળવણીને બહાને પોતાના સત્તાના સિંહાસનો મજબૂત બનાવી સામાજિક દરેક કાર્યોમાં પોતાની આણ વર્તાવી. ત્યારથીજ થઇ રહી છે. બબ્બે હજાર વર્ષના વહાણાં વાયાં છતાં હજુ એ સ્થિતિમાં જરાયે ફરક પડયો નથી, આશામાં ને આશામાં હજારો વર્ષ ગયાં છતાં પરિસ્થિતિ દિનપ્રતિદિન બગડતીજ રહી છે, આ પરિસ્થિતિ હવે નહિ ચલાવી લેવી જોઇએ

સમાજે સાધુઓને અંગે ખૂબ સહન કર્યું છે, કોઇ સારા અર્થશાસ્ત્રીને તેના સ્વેચ્છાચાર અને સત્તાની સાઠમારીના અંગે થયેલ આજસુધીના ખર્ચનો અડસટ્ટો કાઢવાનું કહેવામાં આવે તો ચોંકાવનારા આંકડાઓ બહાર પડે, સમાજમાં આજે જે બેકારી, બેહાલી અને આર્થિક જંઝાવાતનો પવન ફુંકાયો છે, તેનું મૂળ કારણ એ છે. જે દ્રવ્યનો ધુમાડો ધર્મના નામે તેમના તરફથી કરવામાં આવ્યો છે તેટલા દ્રવ્યથી સમાજનું એક પણ બાળક કેળવણી વગરનું ન રહે, સમાજમાં કોઇ બેકાર ન રહે. આ વસ્તુસ્થિતિ હજુપણ સમાજ સમજી જાય તો પરિસ્થિતિ કંઇક સુધરી શકે.

આજે પણ સાધુઓ પાછળ દર વર્ષે જેટલી રકમ ખર્ચવામાં આવે છે, તેના ઝેરીલા ઉપદેશો અને પ્રકૃતિને પોષવા માટે જેટલા દ્રવ્યનો ધૂમાડો કરવામાં આવે છે તેનાથી જૈન સમાજમાં એક સારામાં સારી જૈન યુનિવર્સિટિ સ્થાપી શકાય અને કેળવણીનો પ્રશ્ન આપોઆપ ઉકેલાઇ જાય.

યુવકજગત્ આ પરિસ્થિતિથી સફાળું ચોંકી ઉઠયું છે. અંધશ્રદ્ધાનાં પડળોને દૂર કરવા ભગીરથ પ્રયત્નો થઇ રહ્યા છે અને તેમાં મ્હોટે ભાગે સફળતા સાંપડી રહી છે. વિચારોમાં ક્રાન્તિ આવી રહી છે. યુવકોની આ જીત કંઇ જેવી તેવી નથી.

છતાં હજુ ઘણું કરવાનું છે. તેની જે છૂટી છવાઇ શકિતઓ વેરણ છેરણ થઈ ગઇ છે તેને એકત્ર કરી સમૂહબળથી સામનો કરવાનો સમય આવી પહોંચ્યો છે. સત્તા ભૂખ્યા પામર માનવીઓની આપસની લડાઇમાં સમાજની નૌકા જે ડૂબવાની અણી ઉપર આવી રહી છે, તેને તેના પંજામાંથી છોડાવી કોઇ બરાબે એ નૌકા ન ચઢી જાય તેની તકેદારી રાખી સહીસલામત સામે પાર પહોંચાડવાની અમૂલ્ય પળ આવી રહી છે. શું યુવકો આ પળનો ઉપયોગ નહિ કરે ? ડૂબતી નૌકાને બચાવવાનું કામ યુવકોને ભાગે જાય છે. તેને બચાવે કે ડૂબાડે એ તેની મુન્શરીની વાત છે.

સાધુ સંમેલનનું બંધારણ અને કાર્યપદ્ધતિ.

જે સાધુ સંમેલનના ભણકારા દિગંતમાં સંભળાઇ રહ્યા છે જેની સંમેલન માટેની ધામધૂમ અને દોડાદોડી જોરશોરથી ચાલી રહી છે, જે સંમેલનને માટે તેના સૂત્રધારો આકાશ પાતાળ એક કરી રહ્યા છે, તે સાધુ સંમેલનની જરૂરીયાત આજ ઘણાં વર્ષો થયાં સમાજને આવશ્યક લાગતી હતી. કારણ કે જેઓ આ સંસાર છોડી ત્યાગી બન્યા છે, જેઓ આત્મકલ્યાણની ઉન્નત ભાવના માટેજ જીવે છે, તેઓમાંજ નાના મોટા, ઉંચા નીચા આદિની અહંભાવ વધારવાની ભાવનાએ વર્ષો પહેલાથી ઘર કરવા માંડયું હતું, અને તેમાં પોતપોતાના ભક્ત શ્રાવકોને સંડોવી તેઓના પૈસાટકાની કોર્ટો આદિદ્વારા ખરાબી કરી, એ કલુષિત ભાવનાને એટલા ઉગ્રસ્વરૂપમાં તેઓએ મૂકી દીધી કે સમાજ છિન્ન ભિન્ન થઈ પક્ષાપક્ષીમાં વહેંચાઇ ગયો. આટલું પણ જાણે સંપૂર્ણ હોય નહિ તેમ સાગરજીએ ગુજરાતમાં આવી આસ્તિક નાસ્તિકની ચર્ચા ઉપાડી, સમાજે તેઓના કહેવાના વ્યાજબી પણ માટે પુરાવા માગ્યા, પરંતુ તેમની હંમેશની ટેવ મુજબ એના સીધા ઉત્તરો નહિ આપતાં લડાયક મનોદશા અખત્યાર કરી. બીજી બાજુ અયોગ્ય દીક્ષા, દ્રવ્ય, સંઘસત્તાની અવગણના, ચારિત્રની શિથિલતા આદિ પ્રશ્નોની શાસ્ત્રોથી અસંબદ્ધ અને મનમાનતી ચર્ચા ઉપસ્થિત કરી. આથી જૈન સમાજમાં યુવકોના લોહી ઉકળી ઉઠયાં અને સમાજ નૌકા મધ્ય સમુદ્રે તોફાનમાં સપડાઇ ખરાબે ચઢી જવાની અણી ઉપર આવી પહોંચી.

જે સાધુસમુદાય પૂજ્ય મનાતો, તેની આ અધમ સ્થિતિ જોઇ એક પક્ષની એવી મજબૂત માન્યતા થઈ કે આ સ્થિતિમાં સુધારો થવા માટે સાધુઓએ અવશ્ય એકત્ર મળી કંઇક તોડ કહાડવો જોઇએ અને એ રીતે સાધુ સંમેલનની આવશ્યકતા સમાજને લાગવા માંડી, પરંતુ કોઇ તેને વ્યવસ્થિત સ્વરૂપમાં કે મૂર્તસ્વરૂપમાં મૂકી નિખાલસ ભાવે તે પરત્વે પ્રવૃત્તિ આદરી શકતું નહિં. કારણ કે જેઓ આ વસ્તુ સ્થિતિનો તોડ કાઢવા ઇચ્છતા હતા તેઓ પણ એમ સમજતા કે, સાધુઓમાં ઘણા મોટા અને અનિચ્છનીય મતભેદો છે, તેઓને સંપ્રદાય સંપ્રદાયની વચ્ચે આહાર પાણી લેવાનો સંબંધ નથી. એટલુંજ નહિ પણ બીજાનો લાવેલો આહાર વાપરવાથી પણ વટલાઇ જવા જેવી સ્થિતિ હતી. એક બીજાનાં મસ્તકો નમવાં જોઇએ ત્યાં આંખો લડતી હતી. આ વસ્તુસ્થિતિ જેઓ સમજતા હતા તેઓ સાધુઓને એકત્ર કરવાની હિંમત કરી શકતા ન હતા.

આખરે અમદાવાદના નગરશેઠે સાધુઓને એકત્ર કરી, એક સંમેલન ભરવાનું ગમે તે કારણે માથે લીધું, પરંતુ અમારે કહેવું જોઇશે કે નગરશેઠે આ ઉતાવળ કરી છે અને કેટલેક અંશે કાચું કાપ્યું છે. તેઓએ જે ઉતાવળ અને શૈલી અખત્યાર કર્યાં છે અને એ વાતાવરણમાં જે રંગ દેખાય છે તે જોતાં તેઓના લક્ષ્ય બિન્દુથી ઉલટાંજ પરિણામ આવે તો ના કહેવાય નહિ.

છતાં નિરાશ ન થતાં સમગ્ર હિન્દુસ્તાનમાંથી જેઓનો પ્રભાવ સાધુ સમુદાય ઉપર પડે તેવા પાંચ કે સાત અગ્રગણ્ય શ્રાવકો પ્રથમ દરેક આચાર્યને મળે, તેમના દરેક તકરારી પ્રશ્નો સાંભળે, ખૂબ વાટાઘાટ કરી તેમનો નિવેડો લાવવા પ્રયત્ન કરે, ત્યાર બાદ જ્યાં શ્રાવકોની દોડધામ ન હોય, અમુક સાધુઓની કિલ્લેબંદી જેવું ન હોય તેવા એકાદ સ્થળને પસંદ કરી ત્યાં આગેવાન આચાર્યોને ભેગા કરી પરસ્પર નિખાલસ ભાવે, ઉંચ નીચના ભેદ રાખ્યા સિવાય ખુલ્લાં દિલે ચર્ચા કરે, જેઓ માનાપમાનનો બલિ આપી નમતું આપવા તૈયાર ન હોય તેમને તે પ્રભાવશાળી શ્રાવકો શામ, પ્રેમ દંડાદિથી જીતી લઇ વાતાવરણ નિર્વિકાર બનાવે અને ત્યાર બાદ તે આચાર્યોની સહીથીજ સાધુ સંમેલન બોલાવે. જ્યાં બહુજ ધામધૂમ ન હોય તેવું સ્થળ પસંદ કરે, અને આમંત્રણની સાથેજ કોઇ પણ ગચ્છ કે સંપ્રદાયને બાધ ન આવે એવા પ્રકારના ઠરાવોનો ખરડો અને બંધારણ પણ બહાર પાડે અને દરેક સંપ્રદાયના પ્રતિનિધિ સાધુઓ તેમાં અવશ્ય ભાગ લે અથવા (જેઓ ન આવી શકે તેઓ) સંદેશા દ્વારા સહાનુભૂતિ દર્શાવે. આ રીતે સર્વને એકત્ર કરે અને તેઓમાંથીજ એક નિડર, તટસ્થ, સેવાભાવી અને જૈનધર્મની તેમજ સાધુ સમુદાયની હંમેશને માટે પ્રગતિ ઇચ્છનારા ચારિત્રશીલ સાધુની પ્રમુખસ્થાન માટે વરણી થાય અને તેઓના દરેક કાર્યને ભેગો થયેલો સાધુ સમુદાય માન આપે, અને થયેલા ઠરાવો દરેક ગામના સંઘોનું બંધારણ નક્કી કરી તે મારફત અમલ કરાવવાનું આગેવાન શ્રાવકો હાથ લે તો અમારી મજબૂત માન્યતા છે કે એકત્ર થયેલું સાધુ સંમેલન સાચું અને ઐતિહાસિક નિવડે અને સમાજ-નૌકાને તારી શકે.

આ વસ્તુસ્થિતિ લખવી જેટલી સહેલી છે તેટલી ઉત્પન્ન કરવી સહેલી નથી. અમોએ ઉપર જણાવ્યું તેમ પ્રથમ તો તેના માર્ગમાં નાના મતભેદોરૂપી જે કાંટાઓ વેરાયા છે, સંઘ સત્તા, જામનગર પાટણ આદિના ઝગડા, આહારપાણી સંબંધ, વંદનવિધિ, આવા આવા અંતરાયોને દૂર કરી પ્રથમ ભૂમિકા સાફ કરવાની ખાસ જરૂર છે. એ અંદર અંદરના વાંધાઓની પતાવટ થઇ જાય તો પરસ્પર શાન્તિ અને પ્રેમને સ્થાન મળે, અને એટલું થાય તોજ બીજા વિષયો ઉપર નિખાલસ ભાવે તેઓ ચર્ચા કરી તોડ લાવી શકે.

વળી સાધુ સંમેલનના સૂત્રધારોએ એક મુખ્ય મુદ્દો ખાસ વિચારવા જેવો છે, ને તે એ કે સાધુ સંમેલન સાચું પ્રતિનિધિત્વવાળું બનાવવું હોય તો દરેક સંઘાડા દીઠ અમુક સંખ્યાનાજ પ્રતિનિધિઓ આવી શકે. કોઇ નજીકમાં હોય તેના ઘણા અને કોઇ દૂર હોય તેનો એકપણ પ્રતિનિધિ ન હોય તેવું બનવું ન જોઇએ. જો એ રીતે સંખ્યાબળમાં પ્રતિનિધિત્વનું પ્રમાણ સરખું રાખવામાં ન આવે તો જેઓ નજીક હોય તેઓ સંપૂર્ણ સંખ્યામાં દાખલ થઇ પોતાની બહુમતિથી જે ફાવે તે કરી શકે, અને લઘુમતિને તો કોઇ દાદ પણ ન આપે, અને એમ થતાં એ સંમેલન નહિ પણ શંભુમેળા જેવું થઇ દ્રવ્ય અને સમયનો નિરર્થક વ્યય કરવા જેવું થાય. તે ઉપરાંત સાધુ સંમેલને કરેલા ઠરાવો કાગળ ઉપરજ ન રહે અને તેનો યોગ્ય અમલ થાય તે માટે સંઘસત્તાનો સ્વીકાર થવો જોઇએ. સંઘસત્તાના નામથી જેઓ ચમકે તેઓ ભૂતકાળ તરફ દ્રષ્ટિ કરશે તો સમજશે કે ભૂતકાળમાં સંઘસત્તાનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને તે સત્તા વિના ઠરાવોનો યોગ્ય રીતે અમલ થવોજ અસંભવિત છે.

લી. સેવકો, પ્રચાર કમીટી,
શ્રી મું. જૈ. યુ સંઘ.

મુનિ સંમેલન અંગેની વિચારણા.

અમદાવાદના એક આગેવાન શેઠ કસ્તુરભાઇ તરફથી મુનિવર્ગને આમંત્રણ માટે વિનંતિપત્ર બહાર આવતાં સમાજમાં ઘણીજ ગેરસમજ ઉભી થઇ હોય તેમ જણાય છે. કહેવાતી શાસન પાર્ટીના આગેવાનોની આવી હીલચાલ માટેની દોડધામ જાણીતી છે. તેમાં વિશેષ આગેવાનો મળતાં તેમણે અંદરોઅંદર ઠરાવ કર્યો અને આચાર્ય નેમિસૂરિને આમંત્રણ આપવા લગભગ ત્રીસ ગૃહસ્થોનું ડેપ્યુટેશન ભાવનગર ગયું. રસ્તામાં બોટાદ આવતું હતું કે જ્યાં શ્રી વિજયવલ્લભસૂરિ બિરાજતા હતા ત્યાં ફક્ત આમંત્રણ માટે ત્રણજ ગૃહસ્થો ગયા. આ પરિસ્થિતિ વિચારણીય છે.

મુનિ સંમેલન માટે અમદાવાદનો શ્રીસંઘ મળીને કોઇપણ જાતના ઠરાવ ઉપર આવ્યો હોય તેમ બહાર આવ્યું નથી, છતાં આમંત્રણો અપાઇ ચૂકયાં છે, એટલે સંઘ મેળવી તે માટેની સ્વતંત્ર વિચારણા કરવામાં આવે તે તો બેહુદું જણાય છે છતાં સંઘના સહકાર વગર મુનિ સંમેલનની સફળતામાં નવાણું ટકાનું જોખમ છે એ દેખીતું છે.

ખરી રીતે જોતાં આ સંમેલન કેવળ મુનિઓનું હોવાથી સંઘને વચ્ચે પડી દુઃખ ઉભું કરવા જેવું અને નકામો મોભો તોડવા જેવું રહેતુંજ નથી. એટલે મુનિઓની આમંત્રણપત્રિકામાં સંઘને વચ્ચે લાવવો ઇષ્ટ નથી. સાધુઓના નામથીજ આમંત્રણ પત્રિકા બહાર પડવી જોઇએ.

મુનિ સંમેલન શું કરવા માંગે છે, મુનિ સંમેલન શા માટે મળે છે તે હજુ નક્કી કરવામાં આવ્યું નથી. છતાં કંઇ પડદા પાછળ દોરી સંચાર થઇ રહ્યા હોય અને સંઘ સત્તાની અવગણના કરવાના કંઇ દાવ ખેલાઇ રહ્યા હોય તો તે મુરાદ બર આવે એમ મને જણાતું નથી.

પહેલાં સ્વ. આચાર્ય કમલસૂરિએ પોતાના સમુદાયનું એક સંમેલન વડોદરા મુકામે ભર્યું હતું તેનો કેવો ફેજ થયો છે તે આજે આપણે બધા જાણીએ છીએ. આ સંમેલનનો પણ તેવો કરૂણ ફેજ ન આવે તે માટે લાગતા વળગતાઓએ તકેદારી રાખવી જોઇશે.

આ સંમેલનમાં સાધુઓ અંગેના કયા વિષયો (?) ચર્ચાવા જોઇએ તેની મહેં એક નોંધ કરી રાખી છે. જે આ પ્રમાણે છેઃ—

૧. અત્યારે આપણા સાધુ જગતમાં શિષ્ય મંડળની સંખ્યાથી મોટાઇના માપ મપાતાં હોવાથી યોગ્યાયોગ્યનો પ્રશ્નજ ઉભો થવા દેવો નહિ અને જે આવે તેને મૂંડવાની પ્રવૃત્તિ ચાલુ કરવા માટે વિચારણા કરવી.

૨. સાધુઓના અહંભાવને પોષવા જે પદવી અને ટાઇટલોની હારમાળા ગોઠવાઇ છે, તે ઓછી છે. એટલે તે શબ્દો શોધવા માટે કોઇ નવીન અલંકાર શાસ્ત્રની શોધ કરવી.

૩. વંદન વ્યવહારને અંગે એક બીજા મુનિવરો મળી શકતા ન હોવાથી ખૂબ મુશ્કીબતો ઉભી થાય છે. એટલે આ વંદન વ્યવહારની પ્રથાને નાબૂદ કરવી

૪. મુનિઓ એક સાથે આહાર વિહાર કે બીજું કોઇપણ કામ અલગ સંપ્રદાયો સાથે કરી શકતા નથી. તો આ આફત ટાળવા માટે કોઇ કીમીયાગારની શોધ કરવી.

૫. હમણાં જુવાનીઆઓ જે મુનિઓને ચારિત્ર ભ્રષ્ટ તરીકે જાહેર કરે છે, તે બેહુદું છે, એટલે મુનિઓની સ્વચ્છંદ પ્રવૃત્તિઓને પોષવા કોઇ ઢાલ આડી ધરવી. અને ગાડું કેમ ગબડયે જાય તે માટેની વિચારણા કરવી.

૬. ગાળાગાળી, આપખૂદી અને તોફાની વર્તન કયાં સુધી ઉચિત મનાય? તેની મર્યાદા નક્કી કરવી.

૭. આપણી જાહોજલાલી અને કારકિર્દીને ઉની આંચ ન આવે તે માટે લોકમત પ્રચારવા છાપાં કાઢવાં કે નહિ? તે માટે નિશ્ચય કરવો.

૮. જ્ઞાન કે ઉપગરણના બહાના નીચે પોતાની અંગત માલીકીની કેટલી હદ સુધીની મિલકત વધારવી કે જે પરિગ્રહ ન ગણી શકાય? (રૂપીઆની કિંમતમાં સંખ્યા નક્કી કરવી.)

૯. જિન મંદિરોને બદલે ગુરૂ મંદિરો કરવાં કે નહિ? અને ગુરૂ મંદિરોમાં પોતાની મૂર્તિઓ શા માટે નહિ બેસાડવી? તેનાં કારણો રજુ કરવાં.

૧૦. જિન મંદિરોમાં ઘણીએ મૂર્તિઓ અપૂજ્ય રહે છે છતાં નવાં મંદિરો અને નવી મૂર્તિઓ પોતાના નામને ખાતર શા માટે ન કરાવવી? તે માટે વિચારણા કરવી.

૧૧. ઉછામણીની બોલીથી ઉત્પન્ન થતા દ્રવ્યનો સાતે ક્ષેત્રોમાં જે વ્યય થાય છે. તે ફક્ત આપણા માટેજ અનામત કાં ન રહે? તે માટે વિચાર કરવો

૧૨. આજકાલ ઉચ્છૃંખલ શિષ્યોને ઠેકાણે લાવવા ગુરૂઓને સદ્ધર પરવાનો કાં ન અપાવવો? ગુરૂ ગમે તેવો અત્યાચાર કરે છતાં શિષ્યથી કશું બોલાયજ નહિ તેમ નિશ્ચય કરવો.

૧૩. શિષ્યો વધારવા માટે ભગાડવા, સંતાડવા વગેરેની પ્રથા જાણીતી છે. આ પ્રથા ચાલુજ રાખવી અને ગૃહસ્થો કદાચ ખટપટ ઉભી કરે તો તેને કઇ રીતે સમજાવવા એ પહેલેથી વિચારી લેવું દાખલા તરીકે એવો જવાબ આપી શકાય કે અમે કંઇ જાણતા નથી, અમે નિર્દોષ છીએ, તેવો દંભ સેવવા માટે પહેલેથી વિચારી જોવું કે જેથી ખળભળાટ શાંત થાય.

૧૪ સંઘસત્તા મુનિઓની સ્વચ્છંદ પ્રવૃત્તિમાં આડે આવતી હોવાથી તેનો નાશ કરવો અને પોતાના ભક્ત મંડળનો એક નવો સંઘ બનાવવો અને તે વર્તુલમાં જે દાખલ ન થયેલ હોય તે માટે શું નક્કી કરવું તેની વિચારણા આવશ્યક છે.

૧૫. ગૃહસ્થોએ શાસ્ત્રો વાંચવાથી મુનિઓની આચાર વિચાર વગેરેની પોલ ખુલ્લી પડી જાય છે એટલે એ શાસ્ત્રો વાંચવાની મનાઇ કરવી.

૧૬ કોઇ પણ શાસ્ત્રોના તરજુમા ન કરાવવા કે જેથી સામાન્ય જનતા શાસ્ત્રો જાણતી થઇ જાય.

૧૭. ગચ્છભેદ દિન પ્રતિદિન વધારવા, કારણ કે તેથી તેમના કર્તવ્યોનો ઢાંક પીછોડો થશે.

૧૮. આમ વર્ગને કેમ ચૂસાય? તે માટેના નવા નવા માર્ગો વિચારવા. જો કે ઉપધાન, ઉજમણાં વગેરે તો રાજમાર્ગો છેજ પણ તે શિવાય બીજા માર્ગો નક્કી કરવા.

૧૯. માનતા, બાધા, આખડી વગેરે વહેમો જે ધર્મને નામે થયેલ છે તે નાબૂદ કરવાં કે તેના પરથી થતી આવક જાવકનો વેપારી હિસાબ ગણી તેને અનુમોદન આપતા રહેવું.

૨૦. તીર્થ રક્ષા માટે આપણે કશી જવાબદારી લેવી નહિ

૨૧. શ્રાવકો સુખી હશે તો આપણને અને પ્રભુને ગણકારશે નહિ માટે શ્રાવકો કેમ દુઃખી થાય તે માટે વિચારણા કરવી.

૨૨. આધુનિક કેળવણીથી અંધશ્રદ્ધા ઓછી થાય છે, વેશ અને જડક્રિયાઓને બદલે ગુણપૂજા દાખલ થાય છે અને સાધુતા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના માપથી અંકાવવા લાગે છે. આ પરિસ્થિતિ ટાળવા માટે આધુનિક કેળવણીનો વિરોધ કરવો.

૨૩. સાધ્વીઓને આપણી સાથે રાખવાથી અનેક આફતો ઓછી થશે. દાખલા તરીકે કાંપ કાઢવો, વગેરે બાબતો માટે ઘણી સરળતા થશે એટલે દરેક સંપ્રદાયોના સાધુ અને સાધ્વીને સાથે વિહરવા અંગેની વિચારણા કરવી.

—આચાર્ય નથ્થુભાઇ સૂરિ.

ધર્મનું શુદ્ધિકરણ

——લેખક લાલચંદ જયચંદ વોરા.

['વ્હોરા' એક સારા વિચારક અને લેખક છે. તેમણે અનેક વખતે પ્રબુદ્ધ અને જૈન પત્રોમાં લેખો લખી જનતામાં સ્થાન મેળવ્યું છે. ધર્મનાં શુદ્ધિકરણમાં એ ખૂબ ઉંડા ઉતર્યા છે, અમે વાંચકોને આ લેખ વિચારપૂર્વક વાંચવાની ભલામણ કરીએ છીએ. 'તંત્રી']

(૨)

પ્રથમ લેખમાં જણાવ્યા મુજબ ધર્મ સદ્‌વર્તન માગે છે. ધર્મ સદ્‌વિચાર માગે છે. બાહ્ય નિશાનીઓ હોઇ શકે પણ તે અતિ ગૌણ છે; અને તે બાહ્ય સ્વરૂપો દેશ-કાળ અનુસાર બદલે પણ છે.

ધર્મ સંસ્થાઓ કે સાધુ સંસ્થાઓ, અનાથ અને અજ્ઞાનની સેવા સુશ્રુષા અર્થે હોય છે અને એ સંસ્થાઓની હસ્તી સેવા અને શુદ્ધિ અર્થે હોવી જોઇએ. સાદુ અપરિગ્રહી જીવન, કૌટુંબિક ભાવના, સત્યની ઉપાસના, અહિંસામય આચાર, બ્રહ્મચર્ય, નમ્રતા, શ્રદ્ધા અને એવા ધર્મ અને નીતિના ભવ્ય હેતુઓથી સંસ્થા બંધાય છે.

પણ અત્યારે આપણે જોઇએ છીએ કે ધર્મના ઠેકેદારો અથવા ધર્મની પછેડી ઓઢી અહિતહિં વિચરનારાઓ ધર્મ અને નીતિના ભાગલા પાડી રહ્યા છે. અત્યારના સાધુઓ ધર્મના નશાની પ્યાલી હાથમાં લઇ સત્તા ચલાવી રહ્યા છે અને એથી ધર્મ હારી બેઠેલા જણાય છે અને એની નિશાનીરૂપે સમાજનો નવયુવાન વર્ગ બધો ધર્માચાર્યો પ્રતિ શંકાની નજરે નિહાળી રહ્યો છે

સોનું એ શુદ્ધ સોનું જ છે, પણ ફરી ફરીને શુદ્ધ થવા માટે અને સમય પરત્વે તેને ભઠ્ઠીમાં શેકાવું પડે છે. તેમ અત્યારે ધર્મનું બાહ્ય સ્વરૂપ કાયા પલટો માગે છે. ધર્મના શોધક અને ઉપાસકને નાસ્તિકતા અને એવી કેટલીએ ઝાળમાંથી પસાર થવાનો સમય આવી ચુકયો છે.

ધર્મસ્વરૂપનો કાયા-પલટો કઇ રીતે થાય ? સાધુ સંમેલનથી થશે ? શ્રાવક સંમેલનથી થશે ? કે બન્નેના સાથ સંમેલનથી થશે ? સાધુ કહેવાતા વર્ગની નિંદા કે ટીકા કરવાથી થશે ? છાપાઓ દ્વારા જબ્બર પ્રચાર કાર્યથી થશે ? કે કોઇ રાજ્યના કાયદાથી થશે ?

મને લાગે છે કે આપણે ગમે તેટલા આકળા થઇએ ! આમાનો કોઇ માર્ગ એ ધર્મ-સ્વરૂપનો સાચો પ્રાણ નથી.

ધર્મનું શુદ્ધિકરણ, વ્યક્તિ વિકાસ અને મરીને જીવવાની જીજ્ઞાસામાં છે. ધર્મનું શુદ્ધિકરણ યુવકગણના તપ, ત્યાગ અને પુરૂષાર્થમાં છે, ધર્મનું શુદ્ધિકરણ પોતે પોતાના ગુરૂ થવામાં છે. અને વ્યવહારથી જોઇએ તો ?

તો પણ આપણને અત્યારના સાધુકે ધર્માચાર્યો સાચુ ભાન કરાવી રહ્યા છે. તેઓ અંદર અંદર લડે એ સમાજને શું શીખવે છે? તેઓ ગુણતત્ત્વોને નિરખ્યા વિના સંખ્યાબળ વધારવાનો ક્ષુદ્ર પ્રયત્ન કરે તે શું સૂચવે છે ? તેઓ હરિજનોને કે બીહાર ઓરિસા જેવા ભયંકર ભૂકંપના સંકટગ્રસ્ત લોકોને સહાયક ન બની શકે એ સમાજને કેવો પાઠ આપી શકે ?

સેવાના આ યુગમાં, સાધુ સમુદાયે શાસ્ત્રાર્થ કે દલીલ કરવાનો સમય છે કે સેવાના માર્ગમાં સમાધિ લેવાનો અમૂલ્ય અવસર છે ?

સાચા સાધુએ કે સાધ્વીએ અત્યારે વિદેશીકે હિંસાથી ખરડાએલા પુંઠીઆ નીચે કે આરસની તખ્તીઉપર અતિ કિંમતિ આસન ઉપર બીરાજી 'પ્રમાણ-પ્રમાણ મુનિરાજ'ના પોકારો સાંભળી કે લાંબી ચૌડી પદવીઓની ઉપાધીઓથી રાચવાનું નથી, તેમ સાચા જીજ્ઞાસુ શ્રાવકે કે શ્રાવકાએ સાધુ સંમેલન મેળવવા માટે આડા બેસ નાખી ફરવાનું નથી. અત્યારે તો સમાજની સર્વ દિશાઓ બદલવાની અનિવાર્ય અગત્યતા છે આવે સમયે આપણી વ્યક્તિગત્ કે સામુદાયિક, આર્થિક કે સામાજીક શક્તિ વેડફાય એ પોશાય તેમ નથી.

એટલે કે ધર્માચાર્યો ધર્મકે શાસ્ત્રોને નામે જાણ્યે અજાણ્યે સમાજ ઉપર જે અત્યાચારો કરી રહ્યા છે તેનો સામનો કરવો જોઇએ. તેઓના હાથમાંથી સત્તાની પ્યાલી આપોઆપ સરી પડે તેવા પ્રયત્નો થવા જોઇએ.

જેમ રાજાઓની સભામાં તેના આપ્તજનો સ્વતંત્ર વિચારો દર્શાવી શકતા નથી તેમ અત્યારના આચાર્યોની આસપાસ બેઠેલા સાધુઓ ઇચ્છવા છતાં પોતાના વિચારો દર્શાવી શકતા નથી રામવિજયકે સાગરાનંદો, સૂરીશ્વરોકે મુનિવરોની આસપાસ બેઠેલા યુવાન સાધુઓની મેંઢા જેવી સ્થિતિ મેં નિહાળી છે

હજુ થોડાજ દિવસો પહેલા શ્રી વિજયનેમિસૂરિના પ્રધાન શિષ્ય તેમના કેટલાક શિષ્યો સહિત બીરાજેલા. સાધુ સંમેલનમાં પહોંચવા અર્થે તેઓ ત્વરાથી કૂચ કરી રહ્યા હતા. ધર્મના શુદ્ધિકરણ અર્થે મારે લાંબી અને મીઠી ચર્ચા થયેલી. આવી વેળા જેમ પિતાપુત્ર પોતાના વિચારો છૂટથી ચર્ચી શકે તેટલોએ અવકાશ તેમના શિષ્યોને મળતો નથી.

હાલના સાધુઓમાં આમ અમલદારીનો કેફ અને અહંભાવ વિષે ઘણું લખી શકાય પણ એવી વ્યક્તિગત્ કોઈ ચર્ચામાં ઉતરવું એ અયોગ્ય જણાવાથી નામ પણ આલેખતો નથી.

પણ એટલું તાત્પર્ય નિકળે છે કે જેમ દવાનું નામ લેવાથી કે તેના ગુણ ગાવાથી આરોગ્ય પ્રાપ્ત થતું નથી, પણ તેનું સેવન કરવાથી, પથ્યાપથ્યના નિયમો જાળવવાથીજ નિરોગી થવાય છે, તેમ ખાંડાની ધાર જેવો ગણાતો ધર્મ કે ધર્માચાર માત્ર સ્ત્રી પુત્રાદિનો, માલ મિલ્કતનો ત્યાગ કરવાથી નથી સચવાતો, સાથે સાથ લોકેષણાનો મોહ છોડવો જોઇએ. કુટુંબના કે પૈસાના બાહ્ય ત્યાગથી ઘણીવેળા સમાજ ઉપર વધુ અત્યાચાર થયા છે, કારણ કે અંદરની વાંચ્છના જ્યાં સુધી જ્ઞાનપૂર્વક મરી નથી, ત્યાં સુધી પોતાના સુખ સગવડો શોધવા પાછળ, શિષ્યો અને સાધનો વધારવાની વૃત્તિ રહે છે વળી આવા ધર્માચાર્યોની આંતરિક નબળાઇ અનેક રીતે જામતી જાય છે. કંચન અને કામના ત્યાગી હોવાના કારણે તેઓ પોતાને ઉચ્ચ માનતા થાય છે અને સંસારી જનોને કીચ્ચડમાં પડેલા માને છે. તેઓ શાસ્ત્રોને અને વેશને આગળ ધરી, સમાજ પાસે પોતાની પ્રતિષ્ઠા અને આગેવાની સાચવી રાખવાના પ્રયત્નો નિત્ય કરે છે.

અત્યારે કંઇક આવી સ્થિતિ હોવાથી ધર્મનું શુદ્ધિકરણ આવશ્યક છે, અનિવાર્ય છે અને સ્વાભાવિક છે. એ શુદ્ધિકરણના કિરણો ખુણે ખાંચરે પણ પ્રસરી રહ્યાં છે.

યુવાનો અને યુવતીઓજ આ કાર્યને મદદ આપી શકશે, યુવાનો અને યુવતીઓજ દંભના દેખાવોને ફગાવી શકશે, યુવાનો અને યુવતીઓજ વિચાર, વાણી અને વર્તનનો સમન્વય કરી શકશે અને એમ કરી નવું સંસ્કરણ નિપજાવી શકશે.

શ્રી જૈન યુવક મહામંડળ.

આમંત્રણ.

શ્રીમાન્,

મુંબઇ તા. ૮–૨–૩૪.

સવિનય વિજ્ઞપ્તિ કે હાલમાં આપણી સમાજમાં અમદાવાદ મુકામે સાધુ સંમેલન ભરવાની તૈયારીઓ ચાલી રહી છે, તેની આમંત્રણ પત્રિકા બહાર પડી ચૂકી છે. તેની શબ્દ રચના, તેના સૂત્રધારોનું મૌન અને વીરશાસનની તે અંગેની રમત જોતાં આપણાથી મૌન બેશી રહેવાય નહિ. આથી આપણા મહામંડળની તા. ૬–૧–૩૪ ના રોજ મળેલ કાર્યવાહક કમીટીએ ફાગણ શુદ ૫ ને રવિવારના રોજ **જનરલ મીટીંગ** બોલાવવાનો નિર્ણય કરેલ હોવાથી મહામંડળમાં જોડાયેલ સંસ્થાઓના પ્રતિનિધિઓની એક સભા (જનરલ સભા) મુંબઇ મુકામે ફાગણ સુદી ૫ ને રવીવાર તા. ૧૮–૨–૩૪ ના રોજ ભરાશે તેમાં પધારવાનું આમંત્રણ કરતાં અમને હર્ષ થાય છે.

ઠરાવના મુખ્ય મુદ્દાઓ.

૧. સાધુ સંમેલન બીન બંધારણી અને વગર પ્રોગ્રામે એકઠું થતું હોવાથી તે ઉપર વિચાર કરવા.

૨. સાધુ સંમેલન અંગે તેના આગેવાનો જે પદ્ધતિથી કામકાજ કરે છે તે સંબંધમાં વિચાર કરવા.

૩. અમદાવાદના નગરશેઠ સમસ્ત હિન્દુસ્તાનના સંઘોના સંઘપતિ છે, એવું વીરશાસન કહે છે તે અંગે વિચાર કરવા.

૪. આ સંમેલન અંગે શ્રાવક સમુદાયને બીન બંધારણથી નોતરી સમગ્ર શ્રાવક સમુદાયના નામે કંઇપણ ઠરાવ કરે તો તે અંગે વિચાર કરવા.

૫. આ બાબત અંગે યુવક પરિષદ ભરવી કે કેમ તે માટે વિચાર કરવા.

આ કટોકટીના પ્રસંગે આપની સલાહ અને હાજરીની ખાસ જરૂર છે, તો આપ આપની સંસ્થા તરફથી વધુમાં વધુ બે પ્રતિનિધિઓ મોકલી આભારી કરશો.

ઠેકાણું:–
૨૬–૩૦, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ ૩.

લી. સેવકો,
જમનાદાસ અમરચંદ ગાંધી.
મણીલાલ એમ. શાહ.
મંત્રીઓ, મહામંડળ.

તા. ક.—આપ તરફથી આવનાર પ્રતિનિધિઓના નામ ઠેકાણા સહીત ફાગણ શુદ ૩ સુધીમાં ઉપરના ઠેકાણે મોકલી આપશો.

સં. ૧૯૯૦ ની શ્રી મુંબઇ જૈન યુવક સંઘની મેનેજીંગ કમીટીના ચૂંટાએલા સભ્યોના નામ.

૧ મણીલાલ એમ. શાહ
૨ પરમાનંદ કુંવરજી કાપડીયા
૩ ચન્દ્રકાન્ત વી. સુતરીયા
૪ સ્વરૂપચંદ એન. શ્રોફ
૫ લાલજી કેશવજી ચીનાઇ
૬ ચીમનલાલ શીરચંદ શાહ
૭ પુનમચંદ મોતીચંદ શાહ
૮ મોહનલાલ પાનાચંદ શાહ
૯ વલ્લભદાસ પુલચંદ મ્હેતા
૧૦ અમીચંદ એમચંદ શાહ
૧૧ રતીલાલ સી. કોઠારી
૧૨ કેશવલાલ મંગળદાસ શાહ
૧૩ ઉમેદચંદ દોલતચંદ બરોડીયા
૧૪ મોહનલાલ દીપચંદ ચોકસી
૧૫ વીરચંદ મેલાપચંદ શાહ
૧૬ તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી
૧૭ માણેકલાલ એ. ભટેવરા
૧૮ ગોકલદાસ મગનલાલ શાહ
૧૯ મનસુખલાલ હીરાલાલ લાલન
૨૦ વીરજી પાલણજી નાગડા

આ શુદ્ધિકરણનું કાર્ય કયું ?

અત્યારના ધર્માચાર્યો કહે છે ચાલતી આવેલી પ્રણાલિકા કે જે માત્ર અત્યારે દ્રવ્ય પૂજા સ્વરૂપેજ રહી છે તેને વળગી રહો, કોઇક દહાડે ભાવ પ્રગટશે, આડંબરો ચાલવા દો, શાસન દીપશે, પ્રણાલિકા મુજબ સાધુ–સેવા કરો, મોક્ષ સધાશે.

અમારો અંતરાત્મા એ બધું કરવાની ના પાડે છે. માત્ર અંતરાત્મા ના પાડે છે એટલુંજ નહિં પણ અમને હવે એ બધું પોસાઈ શકે તેમ નથી. દ્રવ્ય પૂજાના બાહ્ય સાધનો વિના, આડંબરના દંભ વિના અમને બધું કરવા દો ધર્માચાર્યો, તેમના શાસ્ત્રો, અને વાગ્બાણો વિના યુવાનોએ પોતે પોતાનાજ ગુરૂ બનીને પોતાનો રાહ નક્કી કરવાનો સમય આવી લાગ્યો છે.

તમો કહેશો આતો ચોખ્ખો શાસનની પ્રણાલિકાનો ભંગ થયો અમને કહેવા દો કે પ્રણાલીકાનો સવિનય અનાદર એ યુગધર્મને, પ્રાણ છે. નિત્ય નૂતન જીવન જોવું રાખવા માટે પુરૂષાર્થ જોઇએ અને પુરૂષાર્થ, હંમેશાં સત્યના સિધ્ધાંતોને ટલ રાખીને નિત્ય નવું સર્જન કર્યેજ જાય છે. એ સર્જન કાર્યમાં મનુષ્યત્વનો વિકાસ છે, ધર્મનું શુદ્ધિકરણ છે.

અત્યારના ધર્માચાર્યોને પોતાના અંતરાત્માથી ઉલટું ચાલવું પડે છે. તેઓ સમજી જાય છે કે ગરીબોને ભોગે તાલેવંત મઝા કરે છે, સ્ત્રી–સ્વાતંત્ર્યના ભોગે પુરૂષો ઘણી પદુ ભોગવી શકે છે, પ્રજાશક્તિને કચરીને રાજાઓ મહાલી શકે છે અને અજ્ઞાન સમુદાયને આંધળા રાખીને સાધુઓ ગુરૂપદ પામી જાય છે. એટલેજ ધર્મ આજે વગોવાય છે, અને છતાં ધર્માચાર્યોમાં આંતરિક નબળાઈ ખરીરીતે ભરી હોવાથી પોતાનો કે સમાજનો, સામાજીક કે આર્થિક ઉદ્ધાર કરી શકતા નથી, બતાવી શકતા નથી.

દેશ કે સમાજને અર્થે એક સૈનિક જેલમાં જાય અને તે ત્યાં અન્ય કેદીઓને સ્પર્શ કરે કે રોટી વહેચાર કરે તેમાં ધર્મ હારી ગયાનું કે તે સૈનિકનું અધઃપતન થયું એમ, આજનો અર્થાત જુનો સાધુ સમાજ કહી શકે ! ખાદીનું વસ્ત્ર કે મીલનું વસ્ત્ર હર કોઇ પ્રત્યે તેમને રાગદ્વેષ શામાટે હોય ? એવી નબળી વાતો એ કરી શકે ?

એટલે કોઇપણ પુરૂષ સાચી સાધના ઇચ્છે કે ઝંખે તેણે બાહ્ય અને લાગ્યના નિયમો નવેસરથી નક્કી કરે તો બીજા દરેક ઉપકરણોમાં અહિંસા અને સત્યની દૃષ્ટિએ નક્કી કરવા જોઇએ આ શુદ્ધિકરણની એક નિશાની છે.

અને માનવસમાજની સેવા અને મૂક્તિ કાજે કોઇએ માણસને તેના જન્મના કારણે નીચ કેમ કહી શકાય ? કોઇ માણસ પોતાને નીચ કહેવડાવતો હોય, તેને તેની નીચતામાંથી ઉચ્ચતામાં લઇ જવાના હરેક પ્રયત્નો કરવામાંજ ધર્મનું શુદ્ધિકરણ શકય છે.

—: નૂતન સમાચારો :—

દેહગામ:—અત્રે અમદાવાદ જતાં કેટલાક મુનિવરો અને સૂરીશ્વરોનું એક નાનું સાધુ સંમેલન ભરાવાના સમાચારો બહાર આવ્યા છે, તેમાં આચાર્યશ્રી નીતિસૂરિ, હર્ષસૂરિ, વલ્લભસૂરિ, કૃપાચંદ્રસૂરિ, માણિક્યસિંહસૂરિ, ઋદ્ધિસાગરસૂરિ, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી, શ્રી હંસવિજયજી ઉપાધ્યાયજી શ્રી દેવવિજયજી, મુનિશ્રી જગચ્ચંદ્રજી, ગણાધીશ હરિસાગરજી, ઉપાધ્યાયશ્રી સુમતિસાગરજી, મુનિશ્રો વિદ્યાવિજયજી વગેરે સોએક મુનિવરો ભાગ લેશે આ સંમેલન લગભગ ફાગણ શુદિ અગ્યારસ લગભગ ભરાવા વકકી છે. અમદાવાદના મૂહુર્ત સંમેલનમાં કયા કયા વિષયો ચર્ચવા યોગ્ય છે તેનો આ ગ્રૂપ વિચાર કરશે.

અમદાવાદ:—મુનિ સંમેલન માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે, છતાં અનેક જાતના તર્કવિતર્કો થઇ રહ્યા છે. એક બાજુથી શ્રી દાનસૂરિ, શ્રી પ્રેમવિજયજી અને રામવિજયજીને આચાર્ય પદવી આપવાની ખટપટ કરી રહ્યા છે ત્યારે બીજી બાજુ સાગરજીના રીસામણા શરૂ થયાં છે. આચાર્ય નેમિસૂરિએ હજુ ઘોલેરા છોડયું નથી. કોઇમાં અમુક આચાર્યો ભેગા મળવાની વાત પડતી મેલાયાનું સંભળાયું છે. સંમેલન અંગે નગરશેઠ ખૂબ જહેમત ઉઠાવી રહ્યા છે. તેમની જોડે સોસાયટી સંઘ પણ ખૂબ ખટપટ કરી રહેલ છે. જોઇએ પલ્લું કઇ બાજુ નમે છે ?

વડોદરા:—અત્રેના જૈન યુવક સંઘની એક જનરલ સભા રા. લાલચંદ ભગવાનદાસના પ્રમુખપણા નીચે તા. ૧૧-૨-૩૪ ના રોજ મળી હતી તેમાં સર્વાનુમતે નીચે મુજબ ઠરાવો થયા હતા.

૧. અમદાવાદના નગરશેઠ 'સમગ્ર હિંદના સંઘપતિ' છે એવું વીરશાસનના તા. ૨-૨-૩૪ અંક ૧૮ માં પ્રસિદ્ધ થયેલું છે તે ખોટું છે એવું અમે માનીએ છીએ.

૨. નેક નામદાર શ્રી મહારાજાધિરાજ મહારાણાશ્રી ભવાનીસિંહજી સાહેબ બહાદુર સંસ્થાન દાંતા.

વિ. આપ નામદારે માઉન્ટ આબુની યાત્રાએ આવતા જૈનો પાસેથી મૂંડકાવેરા ઉપરાંતનો કર લેવાનું માફ કર્યાનો હુકમ કર્યો છે. તેને માટે આપ મહારાણાજીનો શ્રી વડોદરા જૈન યુવક સંઘ આભાર માને છે.-ઉત્તમચંદ નગીનચંદ ઝવેરી, ઓનરરી સેક્રેટરી શ્રી વડોદરા જૈન યુવક સંઘ.

સુરત:—શ્રી વિજયેન્દ્રસૂરિએ સંમેલનના આમંત્રણનો અસ્વીકાર કર્યો છે, તેમણે બીહાર અને ઓરિસ્સા માટે ઉપદેશ કરતાં સારી જેવી રકમ એકઠી થઇ હતી. ગોપીપુરામાં શ્રી ચંદ્રપ્રભુના મંદિરમાં અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયેલ છે. શ્રી આનંદસાગરસૂરિએ અમદાવાદ તરફ વિહાર કર્યો છે,

બામણવાડા:—અત્રેથી શ્રી શાન્ત્યાચાર્યજી મહારાજ કેસરીયાજી તરફ વિહાર કરી ગયા છે. તેઓશ્રી કેસરીયાજી તીર્થ સંબંધી સંતોષકારક નિવેડો નહિ આવે તો અણસણ કરશે એમ સંભળાય છે, સૂરિજી સાથે મારવાડના કેટલાક સંભવિત ગૃહસ્થો પણ છે, કે જેઓ મહારાજ શ્રી જોડેની મંત્રણાંમાં ભાગ લે છે, કેસરીયાજી નો મામલો રંગ ઉપર ચઢશે એમ જણાય છે.

ખંભાત:—અત્રેની પાંચ ન્યાતોમાંહજી સમાધાન થયું નથી અને કલેશ ઉભોજ છે. નગરશેઠ અત્રે આવ્યા ત્યારે એ વાત તેમના લક્ષ્ય ઉપર લાવવામાં આવી હતી. પરંતુ નગરશેઠ તો કેવળ સોસાયટી અને સંઘ વચ્ચેનો ઝગડો પતાવી વિદાય થયા હતા. જોકે આ ઝઘડો પણ સાચીરીતે પત્યો છે કે કેમ એ એક પ્રશ્ન છે.

પાલીતાણા:—મુનિસંમેલન અંગે સાધુઓ અમદાવાદ તરફ જતા હોઇ અત્રેના ઉપાશ્રયો અને ધર્મશાળા ખાલી થઇ રહી છે, સાધ્વીઓના ટોળેટોળાં અમદાવાદ તરફ જઇ રહ્યાં છે. એટલે અંશે પાલીતાણા હળવું બન્યું છે.

ભાવનગર:—મુનિસંમેલનને અત્રેનો સંઘ શંકાની નજરે નિહાળી રહ્યો છે. અહિં વિધ વિધ જાતની લોક વાયકાઓ સંભળાય છે. કોઇ કહે છે કે સાધુઓ બધા ભેગા થઇ, ડાંડા ઉડાડશે. જો આમ બને તો જૈન સમાજની પ્રતિષ્ઠાને હાની પહોંચશે. વાતાવરણમાં કંઇ ઉલ્લાસ નથી. અત્રે એક ભાઇએ પોતાના નાના ભાઇની વહૂનું ખૂન કર્યાનું કહેવાય છે, છ દિવસ સુધી આ બાબત ગામમાં ચર્ચાયા પછી અમુક યુવકો આ બાબત માટે શ્રી પટ્ટણી સાહેબ પાસે ગયા હતા, અને યોગ્ય કરવાની વિનંતિ કરી હતી, શ્રી પટ્ટણી સાહેબે આ બાબત ઉપર ધ્યાન આપ્યું ત્યારેજ ઉપરોકત ભાઇની ધરપકડ કરી બેડીયો નાંખી ભર બજાર વચ્ચેથી લઇ જવામાં આવ્યા હતા. પોલીસ ખાતાએ છ દિવસ સુધી આ બાબત માટે કેમ કશું ન કર્યું ? એ એક પ્રશ્ન થઇ પડયો છે. ઉપરોકત ભાઇ સોસાયટી પક્ષના આગેવાન મનાય છે.

જામનગર:—સંભળાયું છે કે અત્રેના શ્રીસંઘ અને સાગરજી વચ્ચેના ઝગડાનું નિરાકરણ ન થાય ત્યાંસુધી મુનિ સંમેલન માટે અહિં સારી આશા નથી. તેમજ સંમેલનની બાબતમાં જામનગરનો શ્રીસંઘ ઉદાસીન છે.

પાટણ:—અત્રે શ્રી વલ્લભસૂરિ પધાર્યા હતા. તેઓશ્રીએ પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજ અને શાંત મૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ જોડે સંમેલન બાબતમાં ખબ ગુપ્ત મંત્રણાઓ કરી હતી. અહિંથી તેઓશ્રીએ પ્રવર્તકજી શ્રી કાન્તિવજયજી મહારાજ જોડે અમદાવાદ તરફ વિહાર કર્યો છે. શ્રીસંઘે સંમેલનમાં તેમને ભાગ લેવાની સંમતિ એ શરતે આપી છે કે પાટણના શ્રીસંઘની પ્રતિષ્ઠાને કોઇપણ જાતની હાની ન પહોંચે.

ધાટકોપર:—પંન્યાસ શ્રી ભકિતવિજયજી મહારાજે કોઇ બે ભાઇઓને દીક્ષા આપી પરિવારમાં વૃદ્ધિ કરી છે. અહિંથી તેઓ શ્રી અમદાવાદ મુનિસંમેલનમાં ભાગ લેવા માટે વિહાર કરી ગયા છે. સંભળાય છે કે તેઓશ્રીને પણ રાજનગરની રંગભૂમિમાં આચાર્ય પદવી લેવાનો પાઠ ભજવવો પડશે. સારી વાત છે.

પાલણપુર:—અત્રેના એક ગૃહસ્થો એક બૈરી હોવા છતાં ફરીવાર લગ્ન કર્યા છે, દુઃખની વાત તો એ છે કે એ બંધુ સુધારક હોવાનો દાવો કરે છે. પાલનપુરના શ્રીસંઘે આ બાબત કેમ ચલાવી લીધી, એ સમજાતું નથી. કોઇ બાઇ પુનર્લગ્ન કરવા તૈયાર થાય, તો જે સંઘ આકાશ પાતાળ એક કરી મૂકે છે. તેજ સંઘ જ્યારે એક બૈરી ઉપર બીજી બૈરી કોઇ લાવે છે ત્યારે મૌન રહે છે. આ બાબતથી નથી જણાતું કે આધુનિક સંઘબંધારણો લક્ષ્મીનંદનો માટેજ છે. તેમને દરેક પ્રકારની સગવડો પૂરી પાડે છે અને બીજ લક્ષ્મીવાનોના દરેક હકકોનું ભક્ષણ કરે છે આ વીશમી સદી જેવા વિજ્ઞાન યુગમાં પણ આવા કિસ્સાઓ બને એ અનિચ્છનીય છે. પાલણપુરના યુવકો આ સંબંધી કંઇ ઉહાપોહ કરશે કે ?

સ્થાનિક:—અત્રે જૈન યુવકસંઘની મેનેજીંગ કમીટીએ અમદાવાદના નગરશેઠ સમગ્ર હિંદના સંઘપતિ નથી, એવી જાતનો ઠરાવ કર્યો છે. યુવક મહામંડળની જનરલ સભા પણ અત્રે ભરાવાની વકકી છે.

યુગના...પ્રધાન...નાદો–

(૨)

ચડેલાં આંધળા પડળોઃ—

સમાજના સૂત્રધાર તરીકે ધર્માધ્યક્ષ વંશપરંપરાથી મનાતો આવે છે. સમાજના તારણહાર તરીકે ધર્માચાર્યની પૂજા થાય છે. સમાજના કલ્યાણદાતા તરીકે ધર્મસમ્રાટને વંદનાઓ થાય છે. સમાજના જીવનપાલક તરીકે ધર્મસ્તંભના વચનોને શિરે ચડાવવામાં આવે છે ને એને ધર્મ ભાવનાઓની જવલંત મૂર્તિ તરીકે સ્વીકારી પ્રભુની જેમ પૂજવામાં આવે છે. ધર્મના સાચા રખેવાળ તરીકે સ્વીકારી એની આજ્ઞાઓને શિરસાવંદ્ય કરવામાં આવે છે. આ ધર્માધ્યક્ષ, આ ધર્માચાર્ય, આ ધર્મસમ્રાટ કે આ ધર્મસ્તંભ સમાજઆત્માને કઈરીતે પ્રેરણાના પિયુષ પાય છે. કઈરીતે સમાજ જીવનને અજવાળે છે એ એની ભિતરોજ સમાજ દશાનું આબેહુબ પ્રતિબિંબ પાડે છે, એ ભિતરોમાંજ સમાજના અણુએ અણુએ એનાં છૂપાએલાં પાપો ભભૂકી ઉઠતાં લાગે છે. ને ત્યાંજ સમાજની કણેકણ, સમાજ છાતીપર ચડી બેઠેલા ધર્માધ્યક્ષથી દબાયેલી, પીસાયેલી, કંપતી લાગે છે. ને સાફ શબ્દોમાં એ પડઘો પાડે છે કે આ જાતના ધર્માધ્યક્ષની આજે અમને જરૂર નથી.

એનાં સાચાં પ્રતિબિંબ ધર્માધ્યક્ષને લાગુ પડેલા રોગો પાડે છે. કારણ એના જીવને સમાજ જીવન જીવાય છે, એના વિચારે સમાજ જીવન ઘડાય છે. એટલે એ રોગોમાંથીજ સમાજનો હણાતો આત્મા જણાશે. સમાજના લૂટાતાં રસકસ ખુલ્લાં થશે, સમાજના ઝાંખા પડતા પ્રકાશ અને તેજ પ્રગટ થશે. ને એમાંથીજ સમાજ જીવનના સાચાં રહસ્યો સમજાશે. એટલે કે એ પૃથક્કરણ હણાતા સમાજ જીવનનું સાચું દર્શન દેશે. સમાજની આંખે કયાં સુધીનાં આંધળા પડળો ચડયાં છે એનાં પ્રતિબિંબ પાડશે. ને એની ઉપર રાખવામાં આવતી આશાઓ, ઘડાતા મનોરથો કેટલા આકાશ કુસુમવત છે, કેટલા મૃગજળ સમાન છે એ પણ દીવાની જ્યોત જેમ ઝબુકી ઉઠશે

લાગુ પડેલા રોગોઃ—

આજના ધર્માધ્યક્ષને લાગુ પડેલા રોગોમાં સાત નજરે આવે છે. રોગગ્રસ્ત માનવીની જેમ સારું નરસું પારખવાની એની શક્તિઓ બુઠ્ઠી બને છે; એ એની કર્તવ્ય દિશાઓ ભૂલે છે, ને જન સમાજને શ્રાપરૂપ બને છે. એટલે કે એ રોગોનાં અસ્તિત્વ હશે ત્યાંસુધી સમાજના બાલકોનો કિલકિલાટ, ઉલ્લાસ અને સ્ફુર્તિ મરીજવાનાં. સમાજ આત્મ વિહોણો અને પ્રકાશ વિહોણો નજરેજ ચડવાનો, ને સમાજ જીવન દિનદિન બળીને ખાખ થઇજ જવાનું.

જુનવાણી સ્વરૂપોની પૂજનો રોગઃ—

જુનવાણી સ્વરૂપોની પૂજા એ એનો પ્રથમ રોગ છે. જીર્ણ વસ્ત્રોને ફેંકી બાલસ્વરૂપે ઉજળો રહેનારો એ અંતરમાં ઉતરેલાંઓને ફેંકતાં ધ્રૂજી ઉઠે છે. સૈકાઓજીર્ણ વિચારોને, પુરાણજુનાં શાસ્ત્રોની સડેલી માન્યતાઓને, ને યુગનાં મૂલ્ય ન આંકતાં પ્રગતિબાધક કૃત્યોને ત્યજતાં એ કંપી ઉઠે છે. એટલે કે જુનું એટલે સોનું એ માને છે. જવાહીરના જેમ એની રક્ષા કરે છે. ને આમ ભૂતકાલની પૂજા પરજ એ જીવન રચે છે, ભૂત સ્મૃતિઓને ટેકે એનું જીવન નભે છે, ભૂતનાં સંસ્મરણોની એ સ્વર્ગીય કથાઓ તરીકે સેવાપૂજા કરે છે. ભૂતકાળની ભૂતાવળોને એ જીવનમાં પ્રાણ પૂરનારી-જીવનમાં ચેતનના ફુવારાઓ ઉડાડનારી સંજીવની માને છે. ને આ રીતે જનસમુહને એ સડેલી માન્યતાઓ, એ ગંધાતા વિચારો બાંધી રાખે છે, ખીલતાં જીવન પુષ્પોને એમાં ભરાવી દે છે.

એનું પરિણામ એ છે કે આ જાતનાં મંતવ્યો સેવનારો એ ધર્માધ્યક્ષ, આ જાતનાં કર્તવ્યમાં સાદ પૂરનારો એ ધર્માચાર્ય આવતી કાલની પ્રજાઓના ઉગતા મનોરથનું ખૂન કરે છે, આવતી કાલના સમાજોની સુશક્તિઓને હણી નાખે છે. આવતી કાલની વિકસતી કળીઓમાં એ સડો મૂકે છે, ને તેજ વિહોણાં, શક્તિ વિહોણાં કરી મૂકે છે. ને એ બધાનો શ્રાપ એને શિરે રહે છે.

મૂંડવાનો રોગઃ—

મૂંડવાનો રોગ અતિ ભયાનક છે. રખડું, લાલચું કે ચારિત્ર વિહીન માનવીને પણ આ રોગ પોતાના પંજામાં ઝડપતાં કંપતો નથી. બાળવયમાં જેનાં જીવનો બાળપુષ્પોની જેમ વિકસતાં હોય, કૌમાર્યવયમાં જેનાં જીવનો કૂદકે અને ભૂસ્કે ઘડાતાં હોય, ને યૌવનમાં સંસારના રસકસ લૂંટાતા હોય–જીવનના આહલાદો અનુભવાતા હોય ત્યાં તો લાલચો આપી એ રોગગ્રસ્ત એના પ્રેમમાં પૂરી દે છે. એને દુનિયાના પ્રકાશમાંથી ઉપાડી લે છે. ને આમ એનું જગત સૌન્દર્યના આસ્વાદનનું ભાગ્ય લૂંટાઇ જાય છે.

એને લૂંટતાં, એના જીવનને જળતાં એનું રૂવાંડું એ ફરકતું નથી. માત્ર એ તો આમ બેકારોની વૃદ્ધિ કરે છે, લાલચુઓને ઉત્તેજે છે, ને કૌવતહીન માનવીઓને પોષે છે આમ ધર્મને નામે એ એક પ્રકારનો વેશ્યાવાડોજ જમાવે છે કે જ્યાં જે આવે તે ખપે, જે આવે તેને મૂડી દેવાય. આ રોગ સમાજની શક્તિઓને ચૂસી લે છે. સમાજને એ રોતીચૂર બનાવે છે.

આર્થિક શોષણ રોગઃ—

સૈકાઓ જુના વિચારોને ટકાવવા, એના હુંપદમાં બિછાવેલી જાજોને સુરક્ષિત રાખવા સમાજના ભોગે, સમાજના બાળકોના ભોગે, સમાજના યુવાનોના ભોગે, સમાજની વિધવાઓના ભોગે ને સમાજનાં ભૂખમરાથી બનતાં માનવપ્રાણીઓના ભોગે આજનોએ ધર્માધ્યક્ષ પાણીની જેમ સમાજનું અઢળક દ્રવ્ય વહેતું કરાવે છે. મંદિરોને નામે, તીર્થોને નામે, ઓચ્છવ પ્રતિષ્ઠાઓને નામે, જમણવારોને નામે, ઉપધાન અને પૂજાઓને નામે, વરઘોડાઓ અને સામૈયાંને નામે કે પદવી દાનોના સમારંભ ટાણાંઓને નામે સમાજનું લાખો અને કરોડોનું ધન એ લૂંટી લે છે.....જે ધનમાંથી સમાજના લાખો અપંગ માનવીઓને રમ્ય સૃષ્ટિમાં કિલ્લોલ કરતાં કરી શકાય, જે ધનમાંથી ફોડાની જેમ ઉભરાતી કંગાળ વિધવાઓના જીવનોમાં પ્રાણ પૂરી શકાય, ને જે ધનમાંથી આજની ઉગતી પ્રજાના ભવ્ય મનોરથો ઘડી આવતી કાલનાં સાચાં સર્જન સર્જી શકાય; તે ધન આજે લાલસાઓને પોષવા, સંકુચિત મનોદશાના આવરણોને ઢાંકવા વેડફાઇ રહ્યું છે. જે દિવસે આ રીતે ખર્ચાતા ધનનો આંકડો મૂકાશે, ત્યારે સમાજની માટીનું અણુએ અણુ કંપી ઉઠશે, સમાજની રગેરગ પ્રજવળી ઉઠશે, સમાજનું રૂવાંટે રૂવાંડું, ધબકી ઉઠશે. આ રોગનો નાશ થાય તો સમાજના એકપણ બાળકને, એકપણ માનવીને, એકપણ સ્ત્રીને કે એકપણ વિધવાને કંગાળ મનોદશાનાં હૃદયભેદક ચિત્રો અહીં કરવાનો સમય નહિ આવે એમ નિર્વિવાદપણે કહી શકાય છે. (ચાલુ)

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ રેશમ બંજર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં ૨૪, મુંબઇ નં ૨, તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

Reg. No. B. 3221.

સમાજ ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂા. ૨-૮-૦

શ્રી જૈન યુથ સોંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર
તંત્રી:—અંબકલાલ વી. મુતરીયા.

વર્ષ ૧ લું અંક ૫ મો
ગુરૂવાર તા. ૧-૩-૩૪

જ્વાળામુખી ઉરનાં ઊંડાણમાં

પૃથ્વી ઉપરનાં અનિષ્ટ તત્વો જ્યારે વાતાવરણને મલીન બનાવી મૂકે છે, ત્યારે ધરતીને ચીરીને ધીકતો જ્વાળામુખી પ્રગટે છે. આ જ્વાળામુખી અકુદરતી તત્વોનો નાશ કરવા માટે કુદરતી રીતેજ પ્રગટે છે, એટલે તેના વિસ્તારમાં કોઇનીયે તાકાત નથી કે જઇ શકે. એ ધીકતા જ્વાળામુખીની જ્વાળામાં સપડાયેલ કોઇ પણ તત્વ બચી શકતુંજ નથી, અને એ ભીષણ સંહાર લીલા આચરી પોતાનું કાર્ય પૂર્ણ કરી પાછો ધૂપાઇ જાય છે. આ રીતે જ્યારે અનિષ્ટ તત્વો જોર કરી જાય છે, ત્યારે ત્યારે ધરતીનું પેટાળ ચીરીને પણ એ પોતાનું કાર્ય કરી જાય છે. અનંત કાળથી આ ક્રમ ચાલ્યોજ આવે છે, એ ક્રમને પલટાવવાની બાળચેષ્ટા કરનાર અનેક પામરો પોતાના અમૂલ્ય જીવનથી હાથ ધોઇ બેઠા છે. એ નિર્જીવ સત્ય છે.

સમાજના ઉરમાં પણ એ જ્વાળામુખીનું અસ્તિત્વ જરૂર છે, જ્યારે જ્યારે સમાજમાં અનિષ્ટ તત્વો વધી પડે છે, તેના બેહાલ દેહને સૂંથવાના પ્રયત્નો થાય છે, તેનાં માંસ અને રકતનું શોષણ કરવામાં આવે છે, શ્રીમંતશાહી અને સાધુશાહી પૂર્ણસ્વરૂપે પ્રગટી આમજનતાના હકકોને ઠોકરે મારી તેના હાડપિંજરો ઉપર, તેની અજ્ઞાનતા ઉપર ધર્મનો ઓપ ચઢાવી બહેલાવો બંધાવવામાં આવે છે, શાસ્ત્રોના અર્થો કરી તેને વિકૃત સ્વરૂપમાં રજુ કરી જનતાના આત્માને છૂંદી નાખવામાં આવે છે, આલોકની દ્રષ્ટિ છોડી બીજા લોક તરફ દ્રષ્ટિ ખેંચી જનતાને કર્તવ્ય વિમુખ કરવામાં આવે છે ત્યારે આ જ્વાળામુખી અચાનક ફૂટી નીકળે છે. ને તમામ અનિષ્ટ તત્વો અને પાખંડને જલાવી નાંખે છે, પાખંડ ઉપર નભતા પામરોની પાખંડલીલા કડડડડ ભૂસ ભાંગીને ભૂકકો થાય છે, અને જ્વાળામુખી તરફ આપ વરસાવતા એ પામરો કાળના ગર્ભમાં અલોપ થાય છે.

સાગરાનંદજીના સમુદાયમાં ફાટેલો જ્વાલામુખી

એવા સમાચાર આવ્યા છે કે સાગરાનંદજીના પ્રધાન શિષ્ય ચંદ્રસાગરજીએ ગુણસાગરના સાહેતાને એવા લગાડનારાં કૃત્યો જોઇ તેને કાઢી મૂકવા માટે સાગરજીને જણાવ્યું હતું પરંતુ સાગરજીએ એ બાબત તરફ લક્ષ્ય નહિં આપ્યું એટલે ચંદ્રસાગરજી અને બીજા વીશ સાધુઓ ગુણસાગર ઉપર તૂટી પડયા હતા. તેમાં સાગરજી વચ્ચે પડયા હતા એટલે તેમને પણ થોડી પ્રસાદી મળી હતી. એક શ્રાવકને પણ માર પ્રસાદનું બહાર આવ્યું છે, સાગર સમુદાયમાં જ્યારે અનિષ્ટ તત્વે જાગ્રત થઇ ત્યારે આ જ્વાળામુખી પ્રકટી એ અનિષ્ટ તત્વને જલાવવા ભીષણ સ્વરૂપ ધારણ કર્યું છે. દરેક અનિષ્ટ તત્વો રહ્યાસહ્યા એ લાલઘૂમ્મ થઇ જાય છે.

જૈન સમાજ ઉપર વિચારપૂર્વક દ્રષ્ટિપાત કરવામાં આવે તો જણાશે કે આજે તેનો નિર્જીવ દેહ મલીન વાતાવરણો અને પાખંડી તત્વોથી ઘેરાઇ ગયો છે. તેના અણુએ અણુમાં તેના રોમેરોમમાં પાખંડ અને બ્હેમ ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યા છે. એ બ્હેમ, એ પાખંડ અને એ મલીન વાતાવરણ જ્વાલામુખીને આમંત્રણ આપી રહ્યાં છે. બહુજ નજદિકના ભવિષ્યમાં આ જ્વાળામુખી સમાજના ઉરમાંથી બહાર પ્રગટશે અને તમામ બ્હેમ અને પાખંડનો નાશ કરી સમાજમાં પ્રગતિના કિરણ પ્રકાશશે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरई ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર બેઠો થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

—: તરૂણ જૈન. :—
ગુરૂવાર તા. ૧-૩-૩૪

દેહગામની મંત્રણા.

જ્યારથી વગર પ્રોગ્રામનું મુનિ સંમેલન મળવાની વાત બહાર આવી છે ત્યારથી સમાજની દરેક વ્યક્તિમાં કુદરતી રીતિજ આશંકાઓ પેદા થઇ રહી છે. હેમાં 'અમદાવાદના નગરશેઠ સમગ્ર હિંદના સંઘપતિ છે' એ વસ્તુસ્થિતિએ જબ્બર ઉલ્કાપાત મચાવ્યો છે. સાધુઓમાં પણ એ માટે વિધવિધ જાતની શંકાઓએ ચિંતા ઉપજાવી છે. એક બાજુ યુવકોનો પ્રકોપ સળગી ઉઠયો છે ત્યારે બીજી બાજુ મૃદુ સાધુઓમાં પણ પ્રોગ્રામ નક્કી કરવાનો વસવસો પેદા થયો છે. આમ બે બાજુના ઘર્ષણથી સંમેલનનું નાવડું તોફાને ચઢયું છે. કઈ બાજુએ નાવડું ખેંચાશે એ જણાવવું અત્યારે કવખતનું છે. એ અરસામાં અમદાવાદમાં ઠીક ઠીક જાગૃતિ આવી રહી છે, અત્યાર સુધી સંમેલન પ્રતિ જે ઉદાસીનતા હતી, હેમાં કંઇક રસ ઉત્પન્ન થયો છે. અને સંમેલન અવસ્થિત કેમ બને ? સંમેલનમાં કયા કયા વિષયો ચર્ચવા યોગ્ય છે ? સંમેલનનો ઉદ્દેશ શું ? વગેરે બાબતો નકકી કરવા દેહગામમાં ભેગા થવા માટે દરેક સાધુને આમંત્રણ આપવામાં આવ્યું હતું અને હેમાં કેટલાક સાધુઓએ ભેગા થઈ પ્રાથમિક ચર્ચા કરી હતી, જો કે આ બાબત માટે પરિણામ ગમે તેવું ગણવામાં આવતું હોય છતાં સંમેલન બોલાવનારાની મનોદશા ઉપર આ બીનાથી સખ્તજ કટકો પડયો છે. નગરશેઠ અને શ્રી નેમિસૂરિએ પણ અમુક આચાર્યોને કોઇ જેવા મધ્યસ્થ સ્થળે ભેગા કરી વિચારોની આપલે કરી કંઇક રાહ નકકી કરવા માટે પ્રયત્ન કર્યો હતો. પરંતુ અત્યાર સુધી એ પ્રયત્નમાં સફળતા મળી નથી. શ્રી નેમિસૂરિ જે એમ માનતા હતા કે મ્હારા ફરમાનથી અમુક આચાર્યો કોઇમાં મળશે એ ગણત્રી ઉંધી પડી છે અને ચૂપચાપ અમદાવાદ આવી જવું પડયું છે. અહિં દાનસૂરિ, સિધ્ધિસૂરિ, મેઘસૂરિ, પંન્યાસ ધર્મવિજયજી વગેરે છે, છતાં આ અહમિન્દ્રો એક બીજાને હજુ મળી શકયા નથી, એજ બતાવી આપે છે કે સંમેલન નિર્વિઘ્ને પસાર થાય એ માનવું ભૂલભરેલું છે.

આવી પરિસ્થિતિમાં દેહગામમાં ભેગા મળેલા સાધુઓ તરફ સહેજે લક્ષ્ય ખેંચાય છે. એ મંત્રણામાં ભાગ લેનાર સાધુઓ જુદા જુદા ગચ્છના, વિચારના અને સમુદાયના હોવા છતાં પણ જે અપૂર્વ શાન્તિ અને ઉત્સાહ બતાવ્યો છે એ સારાયે સમાજ માટે આશાજનક છે, એમ કહેવું જરાયે વધારે પડતું નથી.

આશ્ચર્યની બીના તો એ છે કે કલ્પનામાં પણ ન આવી શકે તેવા સાધુઓ કે જેઓ અત્યાર સુધીમાં કદિ પ્રગતિશીલ તરીકે બહાર આવ્યા નથી હેવા સાધુઓની દેહગામની મંત્રણામાં આગેવાની છે, એ બીના યુવકો માટે ઉત્સાહજનક છે. આજ સુધી જે એમ કહેવામાં આવતું હતું કે પ્રગતિશીલ સાધુ અમુક ગણ્યા ગાંઠયાં છે પરંતુ દેહગામની મંત્રણામાં ભાગ લેનાર મુનિરાજોની સંખ્યા જોતાં એ ભૂલ હવે સ્પષ્ટ જણાવા લાગી છે. આ બધા પ્રગતિઇચ્છતા મુનિઓને સંગઠિત કરવામાં અમદાવાદ જૈન યુવક સંઘે ખૂબ જહેમત ઉઠાવી એ કાર્ય સરળ બને તે માટેના પ્રમાણિક પ્રયત્નો કરવામાં કચાશ રાખી નથી એ માટે હેને ધન્યવાદ ઘટે છે.

દેહગામની મંત્રણાથી અમદાવાદમાં સંમેલન નોતરનારાઓની છાવણીમાં ખૂબ તરખાટ મચ્યો હતો. હેમને એ ભય હતો કે કદાચ મુનિ સંમેલનને નામે દેહગામમાં હરાવો પસાર કરી સાધુઓ જો વિખરાઈ જાય તો અમદાવાદનું આમંત્રણ અધ્ધરજ લટકતું રહે, એ પરિસ્થિતિએ હેમને ખૂબ મૂંઝવ્યા હતા અને એ મૂંઝવણ દૂર કરવા માટે દેહગામમાં થતું સંમેલન કેમ તૂટી પડે તે માટેના અનેક પ્રયત્નો, કાવાદાવા પ્રપંચજાળ, મુત્સદ્દીગીરી અને માણસો દોડાવવાની પ્રવૃત્તિ ધમધોકાર ચાલુ કરી દીધી હતી. દેહગામમાં ભાગ લેતા સાધુ મુનિરાજોને એક બીજાથી વિરૂધ્ધ સમજાવી દેહગામની મંત્રણા તોડી પાડવાની પેરવીઓ કરી હતી. અમુક સાધુઓને અમદાવાદ તરફ રવાના કરવા માટે કુટનીતિનો પણ આશ્રય લેવામાં આવ્યો હતો અને દેહગામ અમદાવાદનું હરીફ ન બને તે માટે ખૂબ સાવચેતી ભર્યાં પગલાં લેવામાં આવ્યાં હતાં. પણ દેહગામમાં ભેગા થતા સાધુઓનો એ ઉદ્દેશ હતોજ નહિ. હેમનો માત્ર એકજ ઉદ્દેશ હતો કે 'સંમેલન અવસ્થિત કેમ બને' તે માટેની પ્રાથમિક વિચારણા અંગે તેઓ એકત્ર મળ્યા હતા. એટલે સંમેલનના સૂત્રધારોની દોડધામ નિષ્ફળ નિવડી હતી અને સાધુઓ પ્રાથમિક ચર્ચામાં સફળતાથી આગળ વધ્યા છે.

જ્યારે એક બાજુથી સમગ્ર હિંદના સંઘોને ત્યાં ત્યાં જ મુનિવરો વિચરતા હોય હેમને અમદાવાદ તરફ જવાનું કહેવાની સૂચના અપાય છે. બહુમૂલ્ય આમંત્રણપત્રિકાઓ બહાર પાડી સાધુ સંમેલન ભરવાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે બીજી તરફ એકજ વિચારના મળતા સાધુઓનું સંમેલન તોડી પાડવા વિધવિધ જાતના નીચતા ભર્યા પ્રયત્નો કરવામાં આવે છે. આ બીનાથી સહેજે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સંમેલન નોતરનારાઓ પ્રમાણિક છે કે અપ્રમાણિક ? જો પ્રમાણિક હોય તો દેહગામમાં પ્રાથમિક વિચારો કરવા મળતા સાધુઓ એક બીજા વધારે નિકટ પરિચયમાં આવે તે માટે સરળતા કરી આપવી જોઇતી હતી કે જેથી સંમેલન સફળ થઈ શકે. પરંતુ હેમ ન કરતાં હેથી ઉલ્ટીજ દિશાને પસંદ કરી હતી, એટલે મુનિ સંમેલન પાછળ કોઈ ભયંકર કારસ્થાન છે હેમ કલ્પવામાં કંઇ મુશ્કેલી નડતી નથી.

કેટલાક મુનિઓ કે જેઓ અમદાવાદના સૂત્રધારોની મુત્સદ્દીભરી ચાલબાજી પારખી ગયા છે તેઓએ દેહગામ મુકામે એકત્ર થઇ સમાજ અને શાસનનો ફેસ્લો ન થાય તે માટે અગત્યની મંત્રણાઓ કરી છે. જો કે ત્યાં શું નકકી થયું એ હજુ સત્તાવાર બહાર પડયું નથી છતાં હેમાં ભાગ લેનાર વ્યક્તિઓની મનોદશા જોતાં સંઘ સત્તાને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું હશે, સંઘસત્તા જો સ્વીકારવામાં નહિં આવે તો સંમેલનથી સાધુઓની હાલ જે દશા છે હેથી પણ અત્યંત ભયંકર બૂરી સ્થિતિ થશે અને જે હાલ આજે યતિઓના છે હેવી સ્થિતિ ઉપસ્થિત થશે. એટલે સંમેલનના સુત્રધારો જો અંગત સ્વાર્થને બાજુએ મૂકી સમાજ અને શાસનની પરિસ્થિતિનો ખ્યાલ કરી આગળ પગલું ભરશે તોજ સંમેલન સફળતાને વરશે નહિ તો હેમને માટે કયાંયે સ્થાન નથી એ સમજી લેવું ઘટે.

પ્રાસંગિક.

કેસરીયાજી તીર્થ:—

ગુજરાતને છોડીને સમાજના મોટા ભાગનું લક્ષ્ય કેસરીયાજી તરફ ખેંચાયું છે અને શ્રી શાંતિવિજયજી મહારાજના અણસણ નિશ્ચયે ખૂબ ખળભળાટ મચાવ્યો છે. ગુજરાત આ બાબત માટે આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર વિશ્વાસ ધરાવતી હોઇ સાધારણ રીતે ઉદાસીનતા સેવે છે. પરંતુ કેસરીયાજી માટે ઉદાસીનતા સેવવી એ અત્યારે અયોગ્ય છે. ત્યાંની અનેક સાચી ખોટી ખબરો મળે છે છતાં તીર્થ જોખમાઇ રહ્યું છે એ વાત નિર્વિવાદ છે. એટલે તહેને માટે સમાજમાં ખૂબ પ્રચાર કાર્યની અનિવાર્ય આવશ્યકતા ઉભી થાય છે. એ માટેની ઢીલ આપઘાતકારક નિવડશે, એ અરસામાં કેસરીયાજી તીર્થના પંડ્યાઓએ ભોળા યાત્રીઓને ભરમાવવા માટે પ્રચારકાર્ય આદરી દીધું છે અને 'કાબુલાલ અદરવી પૂજારી' ના નામથી પત્રિકા બહાર પાડી તહેમાં જણાવવામાં આવ્યું છે કે, 'આ તીર્થના સંબંધમાં આજ દિવસ સુધી જે કાંઇ ચળવળ થઈ છે તે બધી ખોટી છે. એ બધું વિઘ્નસંતોષીઓનું કાર્ય છે. તીર્થમાં કોઇ પણ યાત્રાળુને જવા માટે પ્રતિબંધ નથી.' આવી બીના કેટલી અસત્યથી ભરપુર છે તે છાનું નથી. આવી પત્રિકાઓ બહાર પાડી કેસરીયાજીના પંડ્યાઓ જાગૃત જનતાને નહિ ફસાવી શકે, તહેની મુરાદ કદિ પાર નહિ પડી શકે, તહેમણે જે આજીવિકાનું સાધન નભાવવું જ હોય તો આવા ઘૃણાત્મક પ્રયત્નો છોડી દઇ જૈન જનતાને સંતોષ થાય તહેવા પ્રયત્નો આદરી દેવા જોઇએ. રાજ્યને અંગે, શ્રી. શાન્ત્યાચાર્યજી મહારાજ સદેશો પાઠવે છે કે "રાજાએ પ્રજા સાથે પિતા પુત્ર જેવો સંબંધ રાખવો એ પરમાત્માનો કાયદો છે પાલણપુર નવાબ મુસ્લીમ હોવા છતાં મારા પરત્વે સારી લાગણી ધરાવે છે અને પોતે પ્રજા સાથે એક નવાબ તરીકે નહિ પણ સેવાભાવી મનુષ્ય તરીકે વર્તે છે અત્યારે ઉદેપુરના રાણા સાથે શ્રી કેસરીયાજી તીર્થ માટે જૈનો વચ્ચે જે અશાંતિ ફેલાઈ છે તેના સાન્ત્વન માટે જૈન સાધુ તરીકે મારી ફરજ હોઇ હું ધર્મપ્રેમી મહારાણા પાસે ભિક્ષા માગવા જાઉં છું. સૌ ભાઇ બહેનો શાંતિ રાખે અને આપણું આ કાર્ય શાંતિથી વિજયવંત થાય, તહેમ પરમાત્મા પાસે અરજી કરું છું' એટલે શ્રી શાન્ત્યાચાર્યજીની ભિક્ષા વૃત્તિને સફળતા મળે છે કે કેમ? એ જોવાને થોભવાનું પસંદ કરીએ છીએ.

ગ્રાહકોને સૂચના.

'તરૂણ જૈન'ના ચાર અંકો આપને મોકલવામાં આવ્યા છે, પાંચમાં અંકથી વી. પી. કરવાનું અમે શરૂ કર્યું છે. તો જે ભાઇને **તરૂણ જૈન**ના ગ્રાહક ન બનવું હોય તે મહેરબાની કરીને અમને લખી જણાવે કે જેથી અમારે વી.પી.ના ખોટા ખર્ચમાં ઉતરવું ન પડે બીજું તંત્રી ખાતાને લગતો બધો પત્રવ્યવહાર નીચેને શીરનામે કરવો.

તંત્રી **'તરૂણ જૈન'** C/o ૮૬ નાગદેવી ક્રોસ લેન,,
મું. **મુંબઇ નં.** ૩.

સ્વર્ગવાસ:—

પાટણમાં છેલ્લા થોડા સમયથી માંદગી ભોગવતા શાન્ત મૂર્તિ પૂજ્ય શ્રી હંસવિજયજી મહારાજના સ્વર્ગવાસની નોંધ લેતાં અમને અત્યંત દીલગીરી થાય છે. આજના સાધુઓમાં તહેમનું ચારિત્ર વખણાતું, તહેમની શાન્તિપ્રિયતા માટે સમગ્ર સમાજને માન હતું, તહેમની આખી જીંદગીમાં તેઓશ્રી ખટપટથી દૂર રહ્યા હતા. સમાજના આવા વિષમ વાતાવરણમાં પણ તેઓ શ્રી તટસ્થ રહી શકયા હતા. પંચાવન વર્ષથી મહુંમ નિષ્કલંક ચારિત્રની આરાધના કરતા હતા. આજના સાધુઓમાં જે ગણ્યા ગાંઠયા સર્વમાન્ય સાધુઓ છે તહેમાં તહેમનું અગત્યનું સ્થાન હતું. હાલની સાધુઓની શિથિલતા તહેમને ખૂબ સાલતી હતી, તે દૂર કરવા માટે મહુંમે એમની રીત પ્રમાણે ખૂબ પ્રયત્ન કરેલ છે. અનેક પુસ્તકો રચી વિદ્વત્તાનો જનતાને તહેમણે ખૂબ લાભ આપ્યો છે. જગતમાં જેની જોડી બહુજ મૂશ્કેલીથી મળે તેવા શાંત ચારિત્રશીલ, અનુભવ વૃદ્ધ વિદ્વાન અને સર્વમાન્ય પુરૂષના 'સ્વર્ગવાસથી' જૈન સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. અમે મહુંમના આત્માને શાંતિ મળો એમ ઇચ્છીએ છીએ.

પૃષ્ટ ચોથાનું ચાલુ

શોધીએ? ધર્મનું નામ લઇને કે બાહ્ય ઉપકરણોને લઈને ફરનારા માનવીઓ પાસેથી એ વસ્તુ લાધવાની છે?

જગતગુરૂ તરીકે જેની નિત્ય છડી પોકારાય છે એવા શારદા પીઠના શંકરાચાર્ય સાથે થોડા દિવસ પહેલાંજ મારે કારણ વશાત્ ગોષ્ઠી થયેલી. બાળ વિધવા કે હરિજન એવા પછાત વર્ગનો પ્રશ્ન હતો. તેમણે વાત કરતાં કરતાં એકરાર કર્યો કે એક મનુષ્ય તરીકે જો બોલું તો આ નિર્દોષો પ્રત્યે એમની હમદર્દી છે, પણ ધર્મની પાટે બેસીને કે ધર્મનું શાસ્ત્ર હાથમાં લઇને એમનાથી કશું ન કહી શકાય અને આ પાત્રો અને શાસ્ત્રો ફગાવી દેવા જેવી એમની શક્તિ નથી હોતી. એટલે જ્યાંસુધી યુવકમાં નવી શક્તિ અને વૃત્તિ પેદા ન થાય ત્યાંસુધી બીજો કયો રસ્તો?

ટુંકામાં નિત્ય નવું સર્જન કરનારો પુરૂષાર્થવાદી તેજ યુવક, અને જે તરી તથા તારી શકે એવી પ્રાણશક્તિનો સંગ્રહ કરનારો તેજ તરૂણ. આવી વ્યક્તિઓ પોતાના પ્રાણને પણ હોડમાં મૂકી ધર્મનું શુદ્ધિકરણ કરશે તેમાં શંકા નથી.

એટલે અત્યારે મુનિ સંમેલન કે શ્રમણ સંમેલન ભલે ભરાય! યુવક શક્તિના ટેકા વિના તે યોજાય છે માટેજ તે ત્યાજ્ય છે. સમાજના પ્રાણ બળરૂપ યુવક અને તરૂણ શક્તિનો તિરસ્કાર કરીને તેમાંથી કોઈ શક્તિ પ્રગટવાની નથી; ધર્મ વૃત્તિ તો નથીજ જાગવાની. યુવકની પ્રાણશક્તિ જ્યારે વિકસવા દેવા માટે મોટેરાએ તક આપવી જોઇએ, તેવી વેળા તેને રૂંધવાનો પ્રયત્ન થાય છે એ ખરેખર શોચનીય છે. યુવકવર્ગ અત્યારે તો આ સંમેલનને કશું મહત્વ ના આપે અને સમજુ શ્રીમંતો પણ દૂર રહે એજ હિતાવહ છે.

અત્યાર વેળા આપણી પ્રાણશક્તિ ન વેડફાવી જોઇએ પણ એને વિકસાવવા માટે બીજું સ્વતંત્ર સંયોજન થવું જોઇએ.

લાલચંદ જયચંદ વોરા.

ધર્મનું શુદ્ધિકરણ.

(૩)

ધર્મ શુદ્ધિના બાહ્ય સાધનો દેશકાળ અનુસાર બદલાવવા માટે કેવા ભગીરથ પ્રયત્નોની આવશ્યકતા છે તેની કંઈક કલ્પના ગયા લેખમાં શરૂ કરેલી અને એ વસ્તુ લંબાવતા ક્ષોભ થાય છે. એવી ગંભીર વસ્તુઓ અને સલાહ સૂચના આલેખવાને હું અધિકારી છું ખરો ? પણ આ વિચારણા માટે થોભતો નથી માત્ર વિચાર રજુ કરું છું અને સૌ પોત પોતાની પરિસ્થિતિને અનુકૂળ રહી, પ્રમાણિકપણે અને વિશુદ્ધ ભાવનાથી કાર્ય કરે એટલું ઇચ્છી આગળ ચાલુ છું

એ વસ્તુ સાચી છે કે અંશતઃ ધર્મની સાચી વૃદ્ધિ થતી હોય અને કરોડોની સામગ્રી લય પામતી હોય તો સરખામણીમાં અંશતઃ ધર્મની વૃદ્ધિ ઇષ્ટ છે. પણ ધર્મના સાચા પરીખ આપણે રહ્યા નથી. જ્યાં ધર્મ શુધ્ધિનું નિશાન નથી, વ્યાપાર વ્યવહાર અને ક્રિયાઓમાં નીતિનો સુમેળ નથી ત્યાં અંશતઃ વૃદ્ધિ હોય તો ધર્મને નામે આપણી આંખ સામે લાખોનો માનવ સંહાર કેમ થઇ શકે ? નિર્દોષોની કતલ કેમ થાય ? ધર્મીપણાની સામે અધર્મ કેમ ટકી શકે ?

પણ સૌ કોઇ કબુલ કરશે કે આપણામાં ધર્મ જેવી વસ્તુને સ્થાને ધર્માભાસ અને પામરતા પેઠાં છે અને તેથીજ આપણે બધું નરી આંખે નિહાળી રહ્યા છીએ.

ધર્મ, કદિ અર્થ, કામ અને મોક્ષનો વિરોધી હોઇ શકેજ નહિ. ધર્મ તો અર્થ કામનો રક્ષક છે બન્નેને વિશુદ્ધ રાખનાર છે. ધર્મ થકી અર્થની હાની કદિ ન થાય

આપણે ત્યાં પ્રત્યક્ષ નિહાળી રહ્યા છીએ, દર દશ સેંકડે હિંદમાં એક બાળક જન્મે છે અને દર પંદર સેંકડે એક બાળકનો સંહાર થાય છે.

હું અહિં સંહાર શબ્દ વાપરું છું તેનું કારણ વાસ્તવિક છે. બાળકનો સંહાર (મૃત્યુ) થાય છે, તે બાળકની ભૂલ કિંવા મૂર્ખતાને કારણે નહિ, પણ માબાપ કે જેઓ તેના સર્જક છે તેનીજ મૂર્ખતા અને ભૂલોના કારણે થાય છે. એટલે બાળકના મૃત્યુ માટે કોઇપણ વધુ જવાબદાર કે સંહારક હોય તો તેના માબાપોજ છે. પ્રતિવર્ષ ૬૦ લાખ બાળકો જન્મે અને ૬૦ લાખ જન્મતાંજ મરણ પામે એ ભયંકર ભૂલ નથી ?

અન્ય દેશોના પ્રયોગોથી સિદ્ધ થયું છે કે માણસની બેદરકારી અને મૂર્ખતાથીજ મરણ પ્રમાણમાં ફેરફારો થઈ શકે છે એક સુવાવડથી માતાનું આયુષ્ય ઓછામાં ઓછું છ માસ ઘટે છે અને છેલ્લા દાયકામાં આપણા દેશમાં રા૦ કરોડ જન સંખ્યા વધી એટલે રા૦ કરોડ જન્મ વધ્યા ત્યારે જન્મતાંજ બાળ–મૃત્યુની ગણત્રીએ ૭૦ કરોડ સુવાવડ થઇ અને દરેક સુવાવડ પાછળ ૭ માસ આયુની ક્ષતિ ગણવામાં આવે તો, કેટલો ગજબ માનવ સંહાર થાય છે તેનો કંઈક ખ્યાલ આવે, વળી સુવાવડમાં દર સેંકડે ૨૫ ટકા કસુવાવડો થાય છે અને દર હજારે ૩૭ બહેનો સુવાવડમાંજ મરણને શરણ થાય છે. કસુવાવડોથી અનેક રોગો જીવનભર ભોગવવા પડે છે અને એ વારસામાં મળવાથી પ્રજાની નિર્બળતા વધતીજ જાય છે.

આ બધી વસ્તુ બતાવવાનો હેતુ એકજ છે કે સાચી સર્જકશક્તિ વડેજ પ્રાણવાન વ્યક્તિઓ પેદા થઇ શકે છે. આ મનુષ્યની સર્જનશક્તિ એટલે બધે અવળે રસ્તે વેડફાઇ જાય છે કે તે જન સંખ્યામાં અલ્પમત્ત ઉમેરો કરે છે પણ સાથોસાથ પ્રાણ શક્તિનો વિનાશ કરે છે.

આ તો દેશ દ્રષ્ટિએ થયું. આમજ સામાજિક દ્રષ્ટિએ આપણે જો અડસટ્ટો કાઢીએ તો આ બધા કાર્યો પાછળ સમાજના આગેવાનોની જવાબદારી ઘણે અંશે વધી જાય છે, બલ્કે સમાજના આ હ્રાસ માટે આચાર્યોજ જવાબદાર છે.

એટલે સાધુગણ માત્ર સમાજની લક્ષ્મીજ નથી વેડફી નાખતા પણ સમાજની સર્જન શક્તિ, પ્રાણ-શક્તિ અને યુવક શક્તિનો નાશ કરે છે, કારણ કે જ્યારે ગરિબાઈ અને પામરતામાં સડતો સમાજ પોતાના બાળબચ્ચાને પુરતો પૌષ્ટિક ખોરાક પણ નથી આપી શકતો, ત્યારે દેખાવ પુરતો ધર્મનો ઢોલ અને ધન્ય લાખને સમાજની શક્તિઓને વધારે ક્ષયરોગનો શા માટે પ્રયત્ન થાય છે ? જ્યારે અમારો સમાજ બીજા સમાજ સાથે ટકી રહેવા, સુરક્ષિત રહેવા યોગ્ય નથી ત્યારે આચાર્યોએ પોતાના આચારો વડે સમાજની યુવક પ્રજાની ભેર લેવી જોઇએ કે તેમની ભૂલો કાઢવી જોઇએ ? યુવક ગણને દોરવાની શક્તિ તેમનામાં ન હોય તો તેઓએ સવેળા ખસી જવાની જરૂર છે.

આ રીતે ધર્મ વૃદ્ધિ સંભવીજ કેમ શકે ?

સમાજ કે વ્યક્તિનો દોષ કાઢવે આરો આવે તેમ નથી. સમાજ હંમેશ નેતૃત્વ યાને ઐશ્વર્ય માટે ઝંખે છે અને જ્યારે તેમને ભુલાવામાં નાખવામાં આવે છે ત્યારે તેઓ નામધારી કે બુદ્ધિશાળી વ્યક્તિઓને પદવીઓ આપી ઋણમુક્ત થાય છે. પણ એ જવાબદારી ઓઢનારે આ બધા ઋણો પાછા વાળવા માટે પોતાના દેહ અને પ્રાણશક્તિ ઘસી નાખવા જોઇએ. આમ કરવાને બદલે આચાર્યો શું કરે છે ? તેઓ નાના કે અજ્ઞાનને પોતાથી હલકા ગણે છે. જો નાનાને નાનેરા ગણે તો તો તેમની અનેક જાતની વિટંબણાઓ દૂર કરવી જોઇએ. નાનેરાને પ્રથમ ભાગ આપવો ઘટે છે પણ જ્યારથી આપણે નાનેરાને અસ્પૃશ્ય અને અંત્યજ ગણ્યા ત્યારથી સમાજદેહ ક્ષીણ થયો, ધર્મ–વિમુખ થયો

એક સમય એવો હતો કે જે વેળા શરીર સંઘયેણ બળવાન હતાં આ બળને નહિ જીરવી શકતા અને તેથી તેઓ અનેક સ્ત્રીઓ સાથે લગ્ન પણ કરતાં. આ વસ્તુને મર્યાદિત કરવા શરીર સંઘયેણ અને પ્રાણશક્તિ ટકાવી રાખવા માટે આચાર્યોએ કંદમૂળ આદિ માદક પદાર્થો છોડવાની સાધના આદરી, આજે આપણે અનેક અજાણી દવા પીશું, અજાણ્યા હાથથી તૈયાર થતી વસ્તુઓનો ઉપભોગ કરીશું. ભ્રષ્ટ એવી કંદની ખાંડ ખાઇશું, પરંતુ મધ કે માખણ જેવી બાળ–ભોગ્ય વસ્તુઓને મુનિમહારાજની શરમને ખાતર ધરમથી હાંકી કાઢશું. કેટલી વિચાર શિથિલતા !

વસ્તુ દેખાવમાં ઝીણી લાગે છે પણ મહત્વની છે. ખોરાક કે વસ્ત્ર જેવી જીવન વ્યવહારની બાબતમાં નવી દ્રષ્ટિએ દેશ–કાળ પરત્વે સમાજના લાભાલાભની દ્રષ્ટિએ જે વર્ગમાં પુરૂષાર્થ નથી, ફેરફાર સૂચવવાનો વિવેક નથી ત્યાં ધર્મ જેવી વ્યક્તિગત અને ગંભીર બાબતમાં આપણે ક્યાંથી આશરો

જૂઓ પૃષ્ટ ત્રીજું

સ્ત્રી જાતિમાં આવેલી જાગૃતિ

પ્રભા–નાથાલાલ લગ્ન સામે પ્રચંડ વિરોધ

સ્ત્રીઓની જાહેર સભા

મહાજનો, યુવકો અને પુરૂષવર્ગની કાઢેલી ઝાટકણી

લગ્ન એ કરીયાણાનો સોદો નથી.

પ્રભા નાથાલાલ લગ્નથી જૈન સમાજમાં વિરોધના વંટોળીયે એવી તો ઉગ્રતા પકડી છે કે જે બહેનો આજ સુધી મુંગે મોઢે દરેક અન્યાય સહન કરતી તેઓ તરફથી તા. ૨૫–૨–૩૪ ને રવીવાર ના રોજ બપોરના અઢી વાગે શ્રી માંગરોળ જૈન સભાના હોદ્દામાં શ્રીમતી લીલાવતી બહેન દેવીદાસના પ્રમુખપણા નીચે વિરોધ પ્રદર્શીત સભા ભરવામાં આવી હતી. સભાનો હૉલ વખત પહેલાં ભરાઇ જવાથી ઘણી બહેનોને નિરાશ થવું પડયું હતું.

શરૂઆતમાં સભા બોલાવનારાઓની વતી શ્રીમતી લીલાવતી અમૃતલાલ શાહે આમંત્રણ વાંચી સંભળાવ્યા બાદ બહેન ચંદ્રાની દરખાસ્તથી અને સૌ. ચંપાબહેન હીરાલાલ દલાલના ટેકાથી શ્રીમતી લીલાવતી દેવીદાસની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.

તાલીયોના ગડગડાટ વચ્ચે પ્રમુખશ્રીએ પ્રમુખનું સ્થાન લીધા બાદ કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું

કુ. ચંદ્રા બહેન અમીચંદ શાહે શરૂઆત કરતા જણાવ્યું કે આપ સૌ જાણો છો કે આપણી સમાજમાં ભાઈ નાથાલાલે એક પત્નીની હૈયાતી હોવા છતાં જે ફરીવારના લગ્ન કર્યા છે તે સામે આપણે આપણો પ્રબળ વિરોધ રજુ કરવા એકઠા થયા છીએ. જે ઠરાવ આપ સમક્ષ મૂકવા હું ઉભી થઈ છું તે અંગે મારે કહેવું જોઇએ કે આ લગ્ને પત્ની હૈયાત છતાં પતિપત્નીની પવિત્ર ફરજથી ભ્રષ્ટ થઈ એક બાઈને રીબાવવાનું કૃત્ય કર્યું છે. બીજી પત્ની તરીકે આવનાર બહેને પણ સમસ્ત સ્ત્રીજાતીને નીચુ જોવડાવનારૂં કૃત્ય કર્યું છે તેટલુંજ નહિં પણ મારે કહેવું જોઇએ કે આપણી સમાજ કન્યાકેળવણીમાં બીજી સમાજો કરતા ઘણીજ પછાત છે છતાં જે નાંમની સ્ત્રી કેળવણી તરફ લક્ષ આપે છે તેને સખ્ત ધોકા પહોંચાડયો છે.

આવાં લગ્નો આપણી પવિત્ર લગ્નની પ્રણાલિકાને, આર્ય સંસ્કૃતિને, છિન્ન ભિન્ન કરવાના પ્રયત્ન સરખાં છે. એક બાજુ એક બાઈના અંતરમાં અગ્નિજ્વાળા સળગી રહી છે, ત્યારે બીજી બાજુ એ યુગલ આનંદમાં મહાલી સ્ટીમરદ્વારા યુરોપના પંથે પડી ચુકયા છે. માણસની નિર્દયતાની હદ કયાં સુધી ? એ સુધારાવાદીમા ખપતા ભાઈ, સ્ત્રી જાતીને ગુલામ ગણી રીબાવવા માગે છે ? એવાઓની આવી વર્તણુકથી આપણે સાફ કહેવું જોઇએ કે આ વીસમી સદી છે, સોળમી નથી, એટલે આજસુધી પુરૂષ જાતીના પગ નીચે સ્ત્રી જાત દબાઇ છે, કચરાઈ છે, રીબાઈ છે, હવે એ સહન કરી લે તેમ નથી.

પુરૂષ જાતને સુધરવુંજ પડશે અને નહિં સુધરે તો એ જમાનો આવી રહ્યો છે કે તેમને ફરજ પડશે.

જે બ્હેને લગ્ન કર્યું છે, એ બ્હેન કેળવાયેલાં છે છતાં એ ભૂલી ગયા લાગે છે કે પોતે પોતાની એક બ્હેનનેજ રીબાવી તેનું આખું જીવન બગાડે છે. મને તો નવાઇ જેવું લાગે છે કે આવું અઘટિત પગલું કેમ ભર્યું હશે ?

લગ્ન એ સોદો નથી. એ કંઈ ગાંધીની દુકાનનું કરીયાણું નથી કે ન ગમતા માલનું પડીકું બદલી શકાય. એ તો સંસાર નૌકાને પાર પાડનાર પવિત્ર બંધન છે. એના ઉપર આખું જીવન અવલંબી રહ્યું છે. તેથી તો આપણી આર્ય સંસ્કૃતીમાં પતિ પત્ની એક બીજાને વફાદાર રહે છે. એટલે એક ઉપર બીજી લાવવી એ ફરજમાંથી પતિત થવા જેવું કૃત્ય છે આપ જાણતા હશો કે જે યુરોપ ભારતસંસ્કૃતિ કરતાં ઉતરતું છે તેજ યુરોપમાં હૈયાત પત્ની ઉપર બીજી લાવવી હોય તો કાયદો ના પાડે છે છતાં પણ સંયોગો વસાત છૂટા છેડા કરે તોજ બીજી વખત પરણી શકે. પરંતુ આપણામાં તેવા કાયદાના અભાવે પુરૂષવર્ગ સ્ત્રીવર્ગને જુલ્મની એડી નીચે કચરે છે તેમ કહેવું લગારે ખોટું નથી.

કોઈ બાળવિધવા બ્હેન પુનર્લગ્ન કરશે તો પુરૂષવર્ગની નાતો અને મહાજનો લાલપીળાં થઈ દોડધામ આદરે છે. જ્યારે પુરૂષવર્ગ સ્ત્રી જાતીને ગમે તેટલો અન્યાય કરશે તો પણ એ મૌનજ સેવે છે. જુઓ આ લગ્નથી એક બ્હેનને ખૂબ અન્યાય થયો છે છતાં એ પુરૂષો ચુપચૂપ બેસી રહ્યા છે, જાણે કશું બન્યુંજ ન હોય.

આટલા ટુંક નિવેદન બાદ હું આપની સમક્ષ નીચેનો ઠરાવ મૂકું છું:—

ઠરાવ:—પાલનપુરના ઝવેરી નાથાલાલ ડાહ્યાભાઈ જેઓએ સંતાનસહ પત્નિ હોવા છતાં તાજેતરમાં બીજી વારનું લગ્ન કર્યું છે તે તરફ જૈન બ્હેનોની આ જાહેર સભા સખ્તમાં સખ્ત નાપસંદગી બતાવે છે, તેમ તેઓના પ્રથમ પત્ની બ્હેન જાસુદપર જે કષ્ટ આવી પડયું છે તે પ્રત્યે આ સભા હૃદયપૂર્વક હાર્દિક દીલસો જી દર્શાવે છે,

ઠરાવને ટેકો આપતાં કુ. સરસ્વતી મણીલાલ પરીખે જણાવ્યું કે:—

આપની સન્મુખ જે દરખાસ્ત મૂકાઈ છે તેને ટેકો આપવા આવી જાહેર સભામાં પ્રથમ વારજ ઉભી થઉં છું એટલે ભૂલચૂકની ક્ષમા કરશો.

એક પુરૂષ પોતાને સ્ત્રી અને પુત્ર પુત્રી હોવા છતાં એની તુચ્છ વૃત્તિઓ ખાતર એક અબળાના જીવનને ધૂળમાં રગદોળવું પડે, તેના બાળકોનાં ઉગતાં આનંદને છેદવું પડે, પોતાને છતાં પતિએ વિધવા કરતાં પણ બૂરી દશામાં એને નિરાધાર જીવન ગાળવું પડે, તેના જેવો બીજો કરૂણ પ્રસંગ કયો હોઈ શકે ? અને તેવા પ્રસંગ લાવનાર સ્ત્રીજ હોય ત્યારે તો નિષ્ઠુરતાની પરિસીમાજ ગણાય.

પુરૂષ જાતિના આવા નિર્દયી સ્વભાવની આપણને માહિતી છે; પરંતુ બ્હેન પ્રભા જેવી એક કેળવાયેલી ગણાતી કન્યા જાતિદ્રોહ કરે અને એમની માતા જેવા સંસ્કારી ગણાતાં બ્હેન આવા કાર્યમાં મૂખ્ય ભાગ ભજવે એ ખરેખર ! સ્ત્રીજાતિ અને કેળવણીનું ભયંકર અપમાન છે. મારૂં દૃઢપણે માનવું છે કે આવા લગ્નો લગ્નની પવિત્ર ભાવના સાચવવા બદલે કેવળ રૂપ, બુધ્ધિ કે વૈભવ વિક્રય કરવા સમાન છે. શુધ્ધ સ્નેહ તે સ્નેહીનું બલીદાન માગે છે ત્યારે આ બનાવમાં તો એકને માટે બીજાનો સ્નેહ ઝુંટવાય છે. બ્હેન પ્રભાને ખરો સ્નેહ હતો તો તે જેને પ્રેમ માને છે તેની પત્નીનું મુંગું બલીદાન લેવા બદલે પોતાને પરોપકારમાંજ જીવન ગાળવું જોઇતું હતું.

આવા લગ્નમાં માનનાર પુરૂષો તરફથી એક એવી દલીલ કરવામાં આવે છે કે અમે કેળવાયેલા, સંસ્કારી અને આગળ પડતા વિચારના હોઇએ ત્યાં ડગલે અને પગલે સ્ત્રી સહકારની જરૂર રહે. જ્યારે સ્ત્રી જુના વિચારની, બીન કેળવાયેલી હોય ત્યાં સહકાર શી રીતે થાય ? આ દલીલ નથી પણ બચાવની બોદી બારી છે. આવો વિચાર લગ્ન પહેલાં કરવાનો હોય છે. પછી તો ન્યાયમૂર્ત્તિ રાનડે કે મહાત્માજી જેમ પોતાની પત્નીને દરેક રીતે તૈયાર કરવીજ જોઇએ, કારણ કે તેને પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું છે, જેણે પોતાના પતિના સુખમાં સુખ માન્યું છે. તેને લાગણી, ધીરજ અને સહનશીલતાથી પોતાના જીવન—સાથી તરીકે તૈયાર કરી અન્યના માર્ગદર્શક બનવું જોઇએ. ત્યારેજ ખરો સુધારો થઇ શકે.

હંમેશનો અનુભવ છે કે આટ આટલાં જુલ્મો છતાં સ્ત્રીજાતિ ઉદાસીનતાથીજ જુએ છે, અને એ હદ ઉપરની ઉદારતાજ બ્હેનો તરફના અન્યાયનું મુખ્ય કારણ બની છે. તેને લઇનેજ આ લગ્ન જેવા પ્રસંગો બનવા લાગ્યા છે, ન્યાયની લડત માટે કડક બનવું જોઇએ અને નકામી ઉદારતાનો આપણે ત્યાગ કરતાં શીખવું જોઇએ. કેવળ પુરૂષોની દયા ઉપર જીવવાનું હવે પાલવે તેમ નથી. સંયમમાં રહીને આપણે પુરૂષોને બતાવી આપવું છે કે અત્યાર સુધી તમે અમારો કાવે તેમ દ્રોહ કર્યો, અમે ખૂબ સહન કર્યું હવે તમારી શીરજોરી સામે બંડ ઉઠાવીશું જ. બ્હેન પ્રભા અને નાથાલાલના આ લગ્ન એ સ્ત્રીઓના જીવન વિકાસને રૂંધનારું નિંદ્ય કૃત્ય ગણી તેનો મારા તરફથી સખ્ત વિરોધ કરૂં છું. આ લગ્નદ્વારા શ્રી નાથાલાલના આગલા પત્નિ બ્હેન જાસુદને આઘાત થયો છે તેના તરફ મારી અંતઃકરણ પૂર્વકની દીલસોજી સાથે તેને વિનંતિ કરૂં છું કે પોતાના બાળકોને ઉત્તમ પ્રકારની કેળવણી આપી આદર્શ શહેરી બનાવે. પોતે પણ યોગ્યરીતે તૈયાર થઇ અન્યાયો સામે બ્હેનોને જગાડી સ્ત્રી ઉન્નતિમાં સક્રિય ફાળો આપે. અંતમાં પાલણપુરના યુવાન બંધુઓ અને સમાજના અગ્રગણ્યોને પ્રસંગોચિત થોડું કહી મારૂં વકતવ્ય સમાપ્ત કરીશ. યુવાનો જેને સુધારો માને છે તેવા સુધારા કરનારને અભિનંદન આપવા માટે એકદમ ઝુકાવી દેનાર સુધારાપ્રેમી યુવકોએ હજુ સુધી આવા ગેરવ્યાજબી લગ્ન માટે કાંઇ પણ સક્રિય પગલાં લીધાં નથી, કશી હિલચાલ કરી નથી, એ પુરૂષ અને પૈસાના પક્ષકારની મનોવૃત્તિ સૂચવે છે. પાલણપુરના જૈન સમાજના અગ્રગણ્યો હજુ કયાં સુધી ઉંઘશે! સંબંધ અને ધનિકોના પક્ષપાતરૂપી પડળો આંખ આગળથી હવે કયારે દૂર કરશે ? ધનના અભિમાનથી સમાજના તેમજ દેશના અને ધર્મના ઠરાવો છડેચોક ભંગ કરીને પણ સમાજમાં સામી છાતીયે ચાલે અને કંઇ પણ ન કરે એ તો નિર્બળતાજ સૂચવે છે. લાગે છે કે સમાજની ન્યાયની દોરી મુખ્યત્વે પુરૂષોના અને તેમાંય ખાસ કરીને ધનિકોના હાથમાં હોવાથી તેમના વિરૂધ્ધ ન્યાય તોળવો તે તેમને માટે કઠીન હોય.

પરંતુ તેઓ ભૂલી જાય છે કે ન્યાય તોળનારજ જો અન્યાય કરે તો વાડ ચીભડા ગળ્યા બરાબર છે. આ અને આવા બનાવોથી સમાજ છિન્નભિન્ન થઈ છે અને કઈ સ્થિતિએ ગબડશે તે તો ભવિષ્ય કહેશે. પરંતુ પાણી પહેલાં પાળ બાંધવા માટે સમાજના આગેવાનો કંઈ કરશે કે ? હજુ પણ પાલનપુરનો સમાજ જાગે અને આવા કાર્યો સામે મક્કમ પગલાં લે, નહિ તો આવા અનેક બનાવો બનશે અને તેથી બીજા સમાજોમાં પાલણપુરના સમાજનું સ્થાન તદ્દન છેવાડું જશે, નામોશી ભર્યા આક્ષેપો સાંભળવા પડશે, આવા કાર્યોની સામે બંડ જાગશે, તે ભાગ્યેજ યાદ આપવાનું હોય, બાદ–

સૌ. લીલાબ્હેન સંઘવીએ વિવેચન કરતાં જણાવ્યું હતું કે આપણી આગળ જે દરખાસ્ત મુકાણી છે તેને વધુ અનુમોદન આપતાં મારે કહેવું જોઇએ કે ચંદ્રા બ્હેન અને સરસ્વતી બ્હેને વાનીઓ પીરસી દીધી છે, એટલે મ્હારે વધુ પીરસવાનું રહેતું નથી, છતાં મુખવાસ તરીકે કંઇક પીરસીશ, બ્હેનો કોઈનાએ લગ્ન સાંભળતાં હર્ષ થાય પણ આ લગ્નની વાત સાંભળીને લોકોમાં હર્ષને બદલે કોઇ જુદીજ વસ્તુ દેખાય છે. જો કે કોઈ સામાન્ય ભાઇએ આવી રીતના લગ્ન કર્યાં હોત તો જરૂર શેરીયાઓ ! ખળભળી ઉઠત, મોવડીઓ તેની રેવડી દાણાદાણ કરી નામત પણ પૈસા આગળ સૌ અંજાઇ જાય છે. કેટલાક લોકો કહે છે કે જોડલું વિલાયત પણ ગયું, હવે મિટિંગ ભરવાથી શું ? એ કહેનાર સમજે કે તેઓ વિલાયત જાય કે અહિં રહે પણ વિરોધ તો ગમે ત્યારે થઇ શકે છે. એમ સમજીનેજ સ્ત્રીઓ વિરોધ દર્શાવવા ભેગી થઈ છે. બાદ બાળાબ્હેન કનૈયાલાલના વધુ અનુમોદન થયા પછી પ્રમુખશ્રીએ હરાવ પર મત લઇ સર્વાનુમતે પસાર થયાનું જાહેર કર્યું હતું.

પ્રમુખશ્રીનું વક્તવ્ય:–બ્હેનો ! આ મિટિંગ ખુશાલીની નથી પણ એક ભાઇએ સંતાનસહ પત્નિ હોવા છતાં કરેલ લગ્ન સામે ધૃણાની નજરે જોવા આપણે સૌ એકઠા થયા છીએ. બધી બ્હેનોએ ખૂબ કહી નાંખ્યું છે. એટલે હું ટુંકમાંજ પતાવીશ. પતિ હૈયાત છતાં એક સ્ત્રીની વિધવા જેવી સ્થિતિ, બ્હેનો આપ સૌ વિચાર કરશો તો લાગશે કે આપણી સ્ત્રીજાતિ તરફ કેટલો બધો અન્યાય થઈ રહ્યો છે. કોઇ વિધવા બ્હેનને પુનર્લગ્ન કરવું હોય તો તે કરી શકે છે, પણ પતિ હૈયાત હોવા છતાં વિધવા જેવી થયેલી બ્હેન શું કરી શકે ? આવાં લગ્ન છે. તેની સામે લોકોએ ઉલ્કાપાત કરવો જોઇએ. છતાં આજ સુધી પુરૂષવર્ગે કાંઈ કર્યું નથી તે તેમને માટે શરમભરનાઇ છે. પત્ની એ ગાંધીના કરીયાણાની વસ્તુ નથી. એક સ્ત્રી સાથે લગ્ન ગ્રંથીથી જોડાયા એટલે તે આખા જીવન સુધીનો પ્રશ્ન બને છે. છતાં એ ભાઇ તો ભ્રમર જેવા થયા લાગે છે, જેમ ભ્રમર એક ફુલ સુંઘીને બીજાને સૂંઘવા જાય છે. તેમ આ ભાઇએ કર્યું છે. એટલે એ લગ્નનો પવિત્ર હેતુ સમજતા નથી પણ બજારૂ ચીજ જેવું સમજ્યા લાગે છે, નહિં તો આવું મૂર્ખાઈ ભરેલું પગલું ભરતજ નહિ, જે બ્હેને લગ્ન કર્યું છે તેણે પણ લાંબો વિચાર કર્યા સિવાયજ પગલું ભર્યું છે.

જે બ્હેનો તેને કેળવાયેલી બ્હેન તરીકે ઓળખાવે છે તેઓ સમજે કે તેણે સાચી કેળવણી લીધેલી નહિં હોય પણ ઉપલકીયા ગોખણપટ્ટીથી અક્ષર જ્ઞાન લીધું હશે. નહિં તો આવા અઘટિત પગલામાં સાથજ નહેત પણ એણે તો આ પગલાથી એક બ્હેનની પરિસ્થિતિ ભયંકર કરી છે. છતાં એ ધારે તો તે બ્હેનને પોતાની વડીલ બ્હેનના સ્થાને સ્થાપે. શોક તરીકે ન જોતાં એ સમજે કે એ બ્હેન એટલે પોતાની સખિની, છતે ધણીએ વિધવા જેવી સ્થિતિ કરવા પોતેજ કારણભૂત છે, એટલે પોતે પેલી બ્હેનના હિતને વિચારે, કોઇકે મને કહ્યું કે આ બ્હેનને સ્નેહ હતો, પ્રેમ હતો એથી પરણ્યા. મને લાગે છે. કે એમ હોય તો આમ લગ્નમાં જોડાતજ નહિ પણ સાચા સ્નેહી તરીકે જીવનભર ભાઇબ્હેન તરીકે સાથે રહેત અને કોઇના જીવનને દુઃખી કરવા તત્પર થાતજ નહિ. બ્હેનો, આપણી નબળાઇનો લાભ લઇને પુરૂષવર્ગ આપણને અન્યાય કરી રહ્યો છે એ આપણે જાણીએ છીએ છતાં રહી રહીને હવે તે સામે આપણે પોકાર ઉઠાવવાની શરૂઆત કરી છે, સૌ બ્હેનોને અપીલ કરૂછું કે આપણે આપણી નબળાઇઓ ત્યજાવી દઇને સ્ત્રી જાતિની પ્રગતિમાટે રચનાત્મક કાર્ય કરવું જોઇએ.

જુના વિચારના માણસો, એમજ સમજવાના કે આ બધું ભણતરનું પરિણામ, આ થયેલા લગ્ને તેમને કારણ આપ્યું એટલે કેળવણીની વગોવણી થાય એ સ્વાભાવિક છે, તે બ્હેને કેળવણીને લજવી છે, શોભાવી નથી. તે બ્હેન મુંબઇમાં આવેલ, ત્યારે કોઇએ મને કહેલું કે એક ભાઇ એક પર બીજી લાવ્યા છે અને કેળવાએલા છે તે બ્હેનને જોવાં હોય તો ચાલો. પણ મને ખબર નહિ કે થોડાજ દિવસોમાં તે સામે મીટીંગ મળશે અને મારે હાજરી આપવી પડશે. નહિં તો જરૂર જોઈ આવત. છેવટમાં આપ સૌ બ્હેનોએ આ વિરોધ ઉઠાવનારી સભામાં આટલી મોટી સંખ્યામાં હાજરી આપી વિરોધ દર્શાવ્યો છે, તે વ્યાજબી કર્યું છે, એમ હું માનું છું. આપણી પ્રગતિનો, હકકોનો આધાર પુરૂષો ઉપર રાખવા કરતાં સ્વબળ ઉપરજ આપણે કદમ માંડવા જોઇએ. તોજ પ્રગતિ કરી શકીશું. આટલું બોલી હું મારૂં વક્તવ્ય પૂરૂં કરૂં છું બાદ પ્રમુખ અને પધારેલી બ્હેનોનો આભાર માની સભા વિસરજન થઈ હતી.

રા-ધ-ન-પુ-ર-ના....અ-વ-ન-વા.

શેઠ નાગરદાસ પુંજમલના લગ્નને માટે રાધનપુર જૈન કલબ તરફથી જે હેન્ડબીલ બહાર પડયું હતું તે બાબતમાં તપાસ કરતાં જણાય છે કે ભાઈ નાગરદાસે લોકલાગણીને માન આપી પોતાની વૃદ્ધ ઉંમરે હાલ લગ્ન કરવું મોકુફ રાખ્યું છે. ભવિષ્યમાં જો એ કુછંદે ચઢી લગ્ન કરવાની મૂર્ખાઈભરી વિચારણા ન કરે તો અભિનંદનને પાત્ર છે.

૨ અત્રેની પાંજરાપોળનાં એક આગેવાન કાર્યકર્તાને ત્યાં થોડા વખત પહેલાં આશરે દશ હજારની ચોરી થયેલ. તે બાબતમાં નામદાર નવાબ સાહેબ તરફથી ચાંપતાં પગલાં લેવાનું પોલીસ ખાતાં ઉપર ફેરવાણ થતાં છેવટે રાધનપુરમાં આજે વીશ વરસથી નોકરી કરતા બલોધન મહાલના બાહોશ ફોજદાર આનંદરાવભાઇએ કેટલાક મુદ્દા માલ સાથે એ ચોરી પકડી છે, ઉપરની ચોરી આજે છેલ્લાં પંદર વર્ષમાં રેકર્ડ સમાન છે. આ ચોરીને પકડવા માટે નામદાર નવાબ સાહેબે જે ઇતેજારી બતાવી જવાબદારી અદા કરી છે તે માટે તે નામદારને અભિનંદન ઘટે છે.

૩. રાધનપુર આદિશ્વરજીના દેરાસરની શેરીના ઉપર જે મેડો બાંધવામાં આવ્યો છે, તેમાં ખર્ચ થયેલ રૂપીયા શેમાંથી વપરાયા છે ? કેટલો ખર્ચ થયો છે ? તેનો હિસાબ કેમ બરાબર બહાર પડતો નથી ? સાંભળવા મુજબ તે મકાન ઉપર દેવદ્રવ્ય ખાતાના નવ હજાર રૂપીયા ખર્ચાયા છે અને આજે નવ હજાર ખરચનાર એજ ભાઇઓ પાઠશાળા માટે એ મકાન લેવા તૈયાર થયા છે અને તેની કિંમત ચારથી પાંચ હજાર આંકે છે. ઉપરની બાબતમાં સત્ય શું છે ? નવ હજારનું મકાન પાંચ હજારમાં વેચી દેવદ્રવ્ય ખાતાને નુકશાન આપવાની સાગર ગચ્છને શું જરૂર છે ? ઉપરની બાબતમાં યોગ્ય ખુલાસો અને હિસાબ બહાર પાડવાની હું લાગતાવળગતાઓને ચેતવણી આપું છું

૪ સાગર ગચ્છના ટ્રસ્ટીઓની બે ખાલી પડેલી જગ્યાએ શેઠ મણીલાલ મોતીલાલ અને શેઠ રતીલાલ વાહીલાલની ચુંટણી કરવામાં આવી છે.

૫. શ્રી વિજય વલ્લભસૂરિને ચાતુર્માસ માટે નિમંત્રણ આપવાની હીલચાલ ચાલી રહી છે. સંભવ છે કે શેઠ કકલભાઇ ન્યાલચંદના ઉજમણા પ્રસંગે તેઓશ્રીની પધરામણી થશે

૬ વિદ્યાભુવનની બાબતમાં સંભળાય છે કે હજુને પગ ભર કરવા માટે હિલચાલ શરૂ થઈ ગઇ છે. સ્થાનિક શ્રીમંતો તે માટે પૂરતો સાથ આપશે એ આશા વધારે પડતી નથી. કેળવણી ખાતાને પગભર કરવામાંજ સમાજનું કલ્યાણ છે.

૭ અત્રે અનેક શ્રીમંતોને ત્યાં લગ્ન પ્રસંગો છે. તેમને ત્યાં સ્વદેશી ચીજો વાપરવાની હું વિનંતિ કરૂં છું. આશા છે કે મ્હારી વિનંતિ ઉપર ધ્યાન આપી દરેક ચીજો સ્વદેશીજ વાપરવામાં આવશે.

૮. અત્રેની ભોજનશાળાના કાર્યવાહકોની બહુજ દખલગીરી અને ડાયરશાહી ચાલે છે, પૂરતો હિસાબ પણ બહાર પડતો નથી. સાંભળવા પ્રમાણે અંદર કંઇક ધાલમેલને અંગે શેઠ સારાભાઇ તપાસ કરવા આવ્યા છે, તેઓશ્રી તપાસ કરી હિસાબ વગેરે બહાર પાડી જમનારાઓની અગવડોને દૂર કરશે એ આશા વધારે પડતી નથી.

સંમેલન માટેના પ્રશ્નો.

શ્રી સાધુ સમેલનમા સ્વીકારવા યોગ્ય સુધારાઓ નીચે મુજબ ઉધ્ધૃત કરૂં છું.

૧. મૂળ વ્રતો પૈકી એકેય વ્રતનો પણ જેણે ભંગ કર્યો હોય અને તેવું જે સ્થળે સાબીત થાય ત્યાં તેવા સાધુને ત્યાંના સ્થાનિક સંઘને તેનો સાધુ વેશ છીનવી લેવાનો અખત્યાર છે તેવું ઠરાવવું જોઇએ.

૨. શ્રી જૈન મંદિરાદિ તમામ સંસ્થાઓમાં નોકરી કરી પગાર લે તે શાસ્ત્ર સંમત છે અને કરનાર શ્રી સંઘને અને તે સંસ્થાને લાભદાયી છે તેમ ઠરાવવું જોઇએ.

૩. સાધુઓએ હરકોઈ વિદ્વાન સાધુ પાસે ગચ્છકે પરગચ્છનો ભેદ ન ગણતાં પરસ્પર ભણવા ભણાવવાનું ઠરાવવું જોઇએ અને પંડિતો રાખી ભણાવવાની પધ્ધતિ બંધ કરવાનું ઠરાવવું જોઇએ.

૪. શ્રી ઉપાશ્રયમાં સાધુઓ વિદ્યમાન હોવા છતાં સ્વપરગચ્છના બીજા સાધુઓને ઉતરવાનું સ્થાન આપવાનું ઠરાવવું જોઇએ.

૫ આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિએ ઉપદેશકો તૈયાર કરવા માટે ગુરૂકુળ સ્થાપવાનું ઠરાવવું જોઇએ કે જેમાં યતિ સાધુ કે શ્રાવક કોઇ પણ સ્વપર ધર્મના શાસ્ત્રો શીખીને જગતમાં ઉપદેશ કરવા નીકળી શકે.

૬. આધુનિક વૈજ્ઞાનિક ઢબે જૈન ઐતિહાસિક અને સૈધ્ધાંતિક તત્ત્વોનું સ્પષ્ટ નિરૂપણ કરી શકે તેવું સાહિત્ય નજીવી કિંમતે જગતની તમામ ભાષાઓમાં પ્રકાશીત કરવાનું ઠરાવવું જોઇએ.

૭ એક એવું જ્ઞાન મંદિર મધ્યસ્થળે સ્થપાવવાનું ઠરાવવું જોઇએ કે જ્યાં તમામ જ્ઞાન ભંડારોના મહત્વના ગ્રંથની એક એક નકલ રાખવી જોઇએ અને તેનો જૈનેતર વિદ્વાનો સહેલાઇથી ફ્રી લાભ લઈ શકે તેવો પ્રબંધ થવો જોઇએ.

૮. જે સાહિત્ય સાધુ સાધ્વીનું પ્રગટ થાય તેનું પ્રકાશન થયા પહેલાં શ્રી સંઘે નીમેલી કમિટિ દ્વારા તપાસરાવ્યા બાદ મંજુરી મળેથીજ પ્રસિધ્ધ કરવાનું ઠરાવવું જોઇએ.

૯. જૈન ધર્મ જાતિ અને વર્ણભેદને માનતો નથી તેથી જગતના કોઇ પણ અન્ય ધર્મીને જૈન બનાવ્યા બાદ અને જૈનો જે અજૈન બન્યા છે તેમને જૈન બનાવ્યા બાદ શ્રી સંઘમાં સમાનતાથી સમાન હકકો પ્રાપ્ત કરી શકે તેવું ઠરાવવું જોઇએ અને સાધુઓ અને ઉપદેશકોએ નવા જૈનો બનાવવાનો અવિરત પરિશ્રમ ઉપદેશ દ્વારાએ કરવાનું ઠરાવવું જોઇએ.

૧૦. સાધુઓ અને સાધ્વીઓએ વસ્ત્રો શુધ્ધ ખાદીનાં લેવાનાં અને સ્વદેશી વસ્તુઓ લેવાનો અનિવાર્ય નિયમ ઠરાવવો જોઇએ.

દેવદ્રવ્ય જેમ જૈન શ્રીમંતોને અને અન્ય ધર્મીઓને ધીરાય છે તે બંધકરી બેકાર શ્રાવકોને લોન રૂપે ધંધાર્થે ને વિદ્યાર્થીઓને સ્કોલરશીપ રૂપે આપવાનું અને તમામ સંસ્થાઓમાં લોન રૂપે આપવાનું ઠરાવવું જોઇએ.

૧૨. સાધુઓએ પોતાના નામથી પુસ્તકોનો સંગ્રહ ન રાખવાનું ઠરાવવું જોઇએ અને હોય તે જ્ઞાન ભંડારોમાં આપી દેવા જોઇએ.

૧૩. સાધુઓ અને સાધ્વીઓએ અમુક ક્ષેત્રમાં સંકોચાઈ ન રહેતાં સર્વત્ર વિચરવું જોઇએ કે જેથી જે જૈનો અજૈન બને છે તે બનતા બંધ પડી જાય.

નિવેદક
કાલીદાસ નાથાચંદ. બ્યાવર.

આવતી કાલનો યુવાન.

લેખક—શ્રીયુત મૂળચંદ આશારામ વૈરાટી.

આવતી કાલનો સાચો યુવક બહાદૂર અને નિર્ભય હોવો જોઇએ, રૂઢિના ભાર નીચે દબાયેલો નહિ પણ કર્તવ્યનો સ્વતંત્ર ઉપાસક હશે. એ ઉછાળો લેખક કે વકતા નહિ હોય પણ ગંભીર વિચારક હશે. છેલ્લામાં છેલ્લી શોધના સાધનોનો તે ઉપયોગ કરી જાણતો હશે.

તે માટે આવતી કાલના સાચા યુવકે સ્કૂલ કે કોલેજમાં નહિ શીખવાતી એવી કેટલીએક જરૂરી કળાઓ શીખવી જોઇએ.

આવતીકાલના પ્રત્યેક યુવાને કસરતથી પોતાનું શરીર સુદ્રઢ બનાવવું જોઇએ કે જેથી કરીને હુલ્લડો કે તોફાનોમાં સહીસલામત પોતાનો બચાવ કરવા અને એવાં તોફાનોમાં ફસાયેલા મનુષ્યોને બચાવી લેવા માટેની તાલીમ મળે, લાઠી પણ સારી રીતે ફેરવી જાણવી જોઇએ, નિશાન પણ તાકતાં શીખી જવું જોઇએ.

તરવાની કળામાં પણ નિપુણ બનવું જોઇએ કે જેથી પાણીથી નિર્ભય થવાય. જીવન ખીલવવા માટે એ અગત્યનું છે, પાણી માટેનો જે ભય હોય છે તે ભયને દુર કરવા જરા પણ મૂંઝાયા શિવાય પાણીમાં ઝંપલાવતાં, સારી રીતે ડૂબકીઓ મારતાં, ઓછામાં ઓછું અડધો માણસ સુધી વગર થાકે તરવાનો નિર્દોષ આનંદ મેળવવા દરેક યુવકે કટિબદ્ધ થવું જોઇએ. સાથે સાથે સામાન્ય હોડી કે મછવો ચલાવી લેતાં શીખી લેવું જોઇએ.

પ્રત્યેક યુવકે ઝાડ ઉપર ચઢી જાણવામાં, અગ્નિના ભયમાંથી સલામતીપૂર્વક બચી જાણતાં અને બીજાને બચાવી જાણતાં શીખી લેવું જોઇએ.

હાલના જમાનામાં તમામ વાહનોમાં યોગ્ય અનુકુળ અને ભયંકર વાહન મોટર છે, એ મોટર ચલાવવાનું, તેને રિપેર કરવાનું અને તેને લગતું અગત્યનું કામ શીખી લેવું જોઇએ, કે જેથી કાર્ય ઝડપથી થઇ શકે. જો કે આજે આપણે મોટર ચલાવવાની વાત કરીએ છીએ પણ આવતી કાલે એરોપ્લેન સંબંધી પણ જ્ઞાન મેળવવું પડશે એરોપ્લેન એ આવતી કાલના સમાજ માટે એક અગત્યનું વાહન થઇ પડશે એ ભૂલવું જોઇતું નથી.

ઘરની સામાન્ય ભાંગફોડને સુધારી લેતાં આવડવું જોઇએ એ માટે જુદા જુદા ઓજારોને વાપરવાની કળાનું પણ સામાન્ય રીતે શીખી લેવું જોઇએ.

નાની ટુકડીઓમાં પહાડો અને જંગલોમાં યુવકોએ નીકળવું જોઇએ અને લૂંટારૂઓથી, જંગલી પ્રાણીઓથી, ભૂખમરાથી અને રસ્તો ભૂલવાના ભયમાંથી કેમ સલામત નિકળાય ? તે માટેના અનુભવોની કસોટીમાંથી પસાર થવું જોઇએ. સામાન્ય રીતે રસોઇની કળા પણ હસ્તસિદ્ધ કરવી જોઇએ.

પ્રત્યેક યુવાને પોતાના પગ ઉપર ઉભાં રહેતાં શીખી લેવું જોઇએ અને પોતાનો નિર્વાહ સ્વતંત્ર રીતે ચલાવવો જોઇએ, તે માટે ગૃહ ઉદ્યોગનું વિજ્ઞાન આવશ્યક છે. યુવકે સામાન્ય સભાની અંદર પોતાના વિચારો જણાવવા પૂરતી વકતૃત્વ કળાને શીખી લેવી જોઇએ અને સામાન્ય નિબંધ લખતાં પણ તેને આવડવું જોઇએ. ડ્રોઇંગના જ્ઞાનથી પણ સામાન્ય રીતે તે વંચિત રહેવો જોઇએ નહિ.

આવતી કાલ અને આજના યુવાનને સ્વચ્છતા અને આરોગ્યતાનું જ્ઞાન સંપૂર્ણપણે શીખવું જોઇએ કે જેથી દગલે અને પગલે જે ડોકટરોને બોલાવવા પડે છે તે નહિ બોલાવવા પડે, અને તે રીતે આર્થિક ફાયદો થશે. ઝાડો રોપવાનું અને ઉછેરવાનું જ્ઞાન પણ યુવકે મેળવવું જોઇએ.

આવતી કાલના યુવાને આધુનિક વિજ્ઞાનથી વંચિત નહિ રહેવું જોઇએ અને સામાન્ય રીતે સહનશીલતા અને શાન્તિને જીવનમાં કેળવવી જોઇએ.

ગાયનકળા પણ યુવકોના જીવનમાં જરૂરી છે એટલે આત્મસંતોષ પૂરતી આ કળા પણ શીખી લેવી જોઇએ કે જેથી કરીને જ્યારે મગજ ઉપર કોઇ પણ જાતનો બોજો આવીને પડયો હોય ત્યારે આ ગાયનકળાનો આશ્રય લઇ મગજને તાજગી આપી શકાય અને નવરાશનો ટાઇમ ગમ્મતમાં પસાર થાય. એકાદ વાજીંત્ર ઉપર કાબુ મેળવવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

કોઇ પણ કાર્યમાં પછી ચાહે તેવું કાર્ય હાથ ધર્યું હોય તો તેમાં એકાગ્રતાં કેળવવી જોઇએ. એકાગ્રતા વગર કોઇ કાર્ય સિદ્ધ થઈ શકતું નથી જો કોઇપણ કાર્યમાં સંપૂર્ણ સફળતા મેળવવી હોય તો એકાગ્રવૃત્તિ ખૂબ કેળવવી જોઇએ. ભારતવર્ષના અનેક મહાપુરૂષો એકાગ્ર વૃત્તિ કેળવીનેજ બન્યા છે. એટલે પ્રત્યેક યુવક માટે આ કળા અગત્યની છે.

પ્રત્યેક યુવાને પોતાનું જીવન નૈતિક બનાવવું જોઇએ નૈતિક જીવન પ્રગતિમાં ખૂબ સાથ આપે છે અને યુવાન પ્રગતિના શિખરની અનેરી ટોચે પહોંચે છે.

કર્તવ્યશીલતા, એકવચનીપણું વગેરે ગુણો પણ જીવનમાં ખૂબ જરૂરી છે. આ ગુણો શિવાય જનતામાં કદિ છાપ પડી શકેજ નહિ. કોઇપણ કાર્યમાં આ બે બાબતોની અનિવાર્ય આવશ્યકતા છે. એટલે યુવકોએ કર્તવ્ય પાલનમાં મોખરે રહેવું જોઇએ. સત્યભાષી તેમજ એકવચની બનવું જોઇએ. આમ અનેક પ્રકારની વિધવિધ કળાઓ શીખી લઇ યુવકોએ પ્રગતિશીલ બનવું જોઇએ.

પહોંચ.

જૈન વિદ્યાર્થી આશ્રમ—સુરતનો અઠ્યાર, બાર અને તેરમાં વર્ષનો રિપોર્ટ તેની મેનેજીંગ કમિટિ તરફથી પ્રગટ કરનાર ઓનરરી સેક્રેટરી શ્રી હરિલાલ શીવલાલ શાહ બી.એ. (ઓનર્સ) એસ. ટી. સી. તરફથી મળ્યો છે.

શ્રી બાળમંદિર:—બગસરા સન ૧૯૩૩ નો વાર્ષિક હેવાલ તેના પ્રકાશક શ્રીયુત લલ્લચંદ જયચંદ વોરા અને કૃષ્ણલાલ વેલજી ઝાટપાર તરફથી મળ્યો છે.

શ્રી જૈન પાઠશાળા અને લાયબ્રેરી;—જુન્નેરનો સંવત ૧૯૮૭ ના માગસરથી સંવત ૧૯૮૮ ના આસો વદિ અમાવાસ્યા સુધીનો રિપોર્ટ તેના સેક્રેટરી શ્રીયુત રમણલાલ ચુનીલાલ કહુસકર અને કેશવલાલ પાનાચંદ શાહ તરફથી મળ્યો છે.

વૈરાગ્ય શતક:—લેખક શાહ માવજી દામજી મુખ્ય ધર્મ શિક્ષક બી પન્નાલાલ પૂનમચંદ જૈન હાઇ સ્કૂલે મુંબઇ. મૂલ્ય ૦—૨—૦ સમાલોચના અવકાશે આપવામાં આવશે.

મેં શું જોયું ? —

દ્રષ્ટા:–સ્વપત્ની શાસનસમ્રાટ્ આચાર્યશ્રીનન્દ્યુભાઇ સૂરિ.

પ્રતિક્રમણથી પરવારી હું આત્મજ્ઞાનમાં લીન હતો. ગુણસ્થાન ક્રમારોહના પગથીયા ફૂદી ફૂદીને હું ચડતો હતો. એ અરસામાં મારી રૂમના એક ખૂણામાંથી મીરઝાપુરના દલાલો ગુણગુણ કરી મારા શરીરને ફોલી ખાતા હતા બીજી તરફથી કોઇ મધપૂડામાંથી માંખીઓ ઉડીને મારા અમૂલ્ય રક્તના ટીપે ટીપાંનું શોષણ કરતી હતી. કીડીઓ પણ કેમ ન જાણે તેહના બાપનું કંઈ લેણું કાઢી આવી ન હોય તેમ મ્હને ચટકા ઉપર ચટકાઓ ભરી રહી હતી. આ તમામ આસુરી શક્તિએ મ્હારા ઉપર સ્વેચ્છિત ચઢાઇ આદરી હતી પરંતુ બંદા તેહની પરવા કર્યા શિવાય આગળ વધ્યેજ જતા હતા. મનસ્વી રીતે મ્હારા આત્માના પરમાણુંઓ વિકસ્યેજ જતાં હતાં, અને હું કોઇ વિરાટ શક્તિશાળી માનવી કેમ ન હોઉં તેહની કલ્પના ખડી થવા લાગી. એકાએક મ્હારા આંતર ચક્ષુ ખૂલ્યાં, મ્હને અમદાવાદ પ્રદેશ સુધીનું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. આ જ્ઞાન પ્રાપ્ત થતાંજ ક્ષપકશ્રેણિમાં આગળ વધવું આપણે છોડી દીધું અને અમદાવાદ તરફ આપણો ઉપયોગ ચાલુ રાખ્યો.

મેં શું જોયું !

સાધુઓનાં ટોળે ટોળાં આવી રહ્યાં હતાં, કોઇના હાથમાં સરસ વડવાઇનાં જાડા ડાંડાઓ શોભી રહ્યા હતાં કોઈ સરબત્તી મલમલને પીતરંગમાં રંગી તેહની ચાદરને શોભાવી રહ્યા હતા. કોઇના ખભા ઉપર ગધ્ધા જેટલો ભાર લાદવામાં આવ્યો હતો, કોઇના ખભા ઉપર પસ મહીનાની ચાદર શોભી રહી હતી. આમ રંગ બેરંગી વસ્ત્રોમાં મ્હાલતા એ મહારથીઓ જાણ્યે કોઇ પડરગદ ઉપર ચઢાઇ ન લઇ જતા હોય એ ચાલમાં કુચ કરતા હતા. દશ અને પંદરના જુથમાં આ ભડવીરો અમદાવાદના ઉદ્યાનમાં શોભતા હતા અને તેહમના પાંચ દશ ભકતોનું ટોળું કે જેમના ઉપર ગુજરાતી પાયેાટાંઓ શોભી રહ્યાં હતાં તેઓ એકાદ હુમડુમીયા સાથે સાધુઓને તેહમના નિયત રથળે પહોંચાડતા હતા. કોઇ કોઇ ગાંડી ભકતાણીઓ તો આ મોટાં જુથોને જોઇ ગાંડી ઘેલી થઇ જતી હતી.

નગરને ચૌટે:—

સાધુઓનાં આ જુથોને જોઇ નગરજનો આશ્ચર્યમાં ગરકાવ થતાં હતાં. કોઇ કહેતું હતું કે ચોથો આરો અમદાવાદના પાદરે બેસી ગયો છે. કોઈ કહેતું હતું કે હવે માલપાણી ઉડાવવાનો ઠીક મોકો સાંપડયો છે. બીજી તરફ વળી જુદુંજ સંભળાતું હતું, લોકોમાં ગમગીની જણાતી હતી. વિચારશીલ માણસો આ વગર અંકુશના જુથોને જોઇને અનિષ્ટ શંકા કરતાં હતાં, કે આ કાફલો શી રીતે દ્વારિકા પહોંચશે ? કોઇ જનો આ ટોળાં જોઇ નગરશેઠ તરફ શ્રાપ વરસાવતા હતા, એટલુંજ નહિં પણ આ નગરશેઠનું પગલું કયાંક અમદાવાદના સંઘનું નાક ન કપાવે એ માટેની ચિંતા કરી રહ્યા હતા નાનાથી મોટા સુધી દરેક માનવી આ પરિસ્થિતિ ગંભીરપણે વિચારી રહ્યા હતા, ત્યાં એક મૈાલવી સાહેબ કે જેમની દાઢી સફેદ હોઈ જરૂ અવસ્થામાં પહોંચી ગયા હતા તેહમણે આ સાધુમહાત્માઓની ફોજની ફોજ જોઈ કોઇ ટિખ્ખળ ખોરને પૂછયું. અમ્મે યે ઇતને ફકીર લોકકી જમાત આઇ હૈ તો કયા તુમારે વહાં કોઈ બડે ધરમેં સાદી હોા રહી હૈ ! હૈ કયા ? ઇતને ઇલમખાજ યહાં કયોં ખુલાયે જા રહે હૈ ? પેલા આદમીએ શુધ્ધ ગુજરાતીમાં જવાબ આપ્યો, મૈાલવી સાહેબ આ બધું ધાડું અંદરો અંદર ખૂબ લડીને બોખરૂં થઇ ગયું છે અને એક બીજાના ગુન્હાઓની ફરીયાદ કરવા નગરશેઠ પાસે આવી રહ્યાં છે. આ લોકો સાદી બાદી કરતા નથી અને નહાના છોકરાઓ પાસે રાખે છે. આ જવાબ સાંભળી મૈાલવી સાહેબ ખૂબ હસ્યા અને દાઢી ઉપર હાથ ફેરવતા ખૂદાનું નામ લઇ ચાલતી પકડી.

ઉપાશ્રયોમાં:–

બહુ મૂલ્ય ચંદરવા પૂઠીઓથી ઉપાશ્રયોના હોલો શણગારાઇ રહ્યા હતા, દરેક પોળના શ્રાવકો ધમાલમાં પડયા હતા, આપણી પોળના મહારાજ પણ સંમેલનમાં ભાગ લેવાના છે તે જોઇને પોળના લોકો આત્મ સંતોષ અનુભવતા હતા, અને પ્રેમલા પ્રેમલીઓ જાણે સ્વર્ગની ટીકીટ રીઝર્વ ન કરાવવી હોય તેમ દોડાદોડી કરી રહી હતી. આ રીતે કોઇ મહા પ્રજ્ઞનો મહોત્સવ ઉજવાતો હોય તેટલાજ દમામથી આ બધી બાબતો બની રહી હતી, બજારમાં બદામ, નાળીયેર અને પતાસાની પણ ખૂબ પૂછપરછ થતી હતી, ટીપ ટપોરાં માટે પણ પર્યાપ્ત તૈયારીઓ ચાલી રહી હતી. આમ રાજનગરની રંગભૂમિમાં કોઇ અવનવા દ્રશ્યની કલ્પનાઓ થઇ રહી હતી.

સાધુઓની ચર્ચા:–

સાધુઓ પણ ખૂબ ચર્ચાઓ કરી રહ્યા હતા, કોઇ કહેતું હતું કે તમે શિથિલ છો, અને અમેજ ખરા સાધુ છીએ ત્યારે પેલાઓ જવાબમાં જણાવતા હતા કે તમારામાં સાધુતા છેજ કયાં, દંભ ભર્યો છે, આમ એક બીજામાં બોલાચાલી વધી પડતાં ડાંડા ન ઉડે તે માટે શ્રાવકો વચ્ચે પડી એક બીજાને છોડાવી રહ્યા હતા. કોઇ પોતાની આજુબાજુ શાસ્ત્રોના મોટા પોથાઓ જમાવી જાણે સિધ્ધસેનના અવતાર ન હોય તેમ પગ ઉપર પગ ચઢાવી નસ્કોરાં ફૂલાવી રહ્યા હતા અને પોતાના શિષ્ય પાસે બણગાં ફૂંકી રહ્યા હતા. જો.....વિજય, આમાં ત્રીજની સંવત્સરી કઇ રીતે માની શકાય ? પહેલા આગમોધ્ધારકનું પૂંછડું લગાડનાર આવે તો તેહની સાથે શાસ્ત્રાર્થ કરવા તયાર છું. આમ શાસન સેવાને બદલે વ્યકિતવાદમાં ઘસડાતો આ મુનિવર્ગ કોઇ ધીકતા જવાળામુખી સાથે રમ્મત કરી રહ્યા હતો.

નગરશેઠને ઓંગલે:—

અહિંની ધમાધમ, વિચારણા, દોડાદોડી, સાંજથી સવાર સુધીની અવર જવર વગેરે કોઇ રણસંગ્રામના સેનાપતિના તંબુની કલ્પના કરાવતું હતું. દરેક જાતની આજ્ઞાઓ અહિંથીજ બહાર પડતી હતી, રંગભૂમિની વ્યવસ્થાની લગામ અહિંજ હતી પણ દોરી સંચાર કોઇ જુદીજ દિશાથી થઇ રહ્યો હતો.

—અપૂર્ણ

નૂતન સમાચાર.

દેહગામ:—અત્રે શ્રી નીતિસૂરિજી, શ્રી વલ્લભસૂરિજી, શ્રી ઋધ્ધિ સાગરસૂરિજી, આચાર્યશ્રી કેસરવિજયના સમુદાયના પંન્યાસ લાભવિજયજી, પંન્યાસશ્રી ન્યાયવિજયજી, મુનિરાજશ્રી વિદ્યાવિજયજી, પંન્યાસશ્રી કલ્યાણવિજયજી, મુનિરાજશ્રી પૂણ્યવિજયજી, મુનિરાજ જયન્ત વિજયજી વગેરે સંખ્યાબંધ મુનિવરો અમદાવાદ મળનાર બૃહદ્ સંમેલન અંગેની પ્રાથમિક ભૂમિકાઓ તૈયાર કરી રહ્યા છે. એ મંત્રણામાં ભાગ લેવા પહોંચવાને અશક્ત એવા સૂરીશ્વરો અને મુનિવરો પોતાની સંમતિ પાઠવી રહ્યા છે અને એ રીતે મંત્રણા બહુજ સફળ રીતે આગળ વધી રહી છે.

અમદાવાદ:—અત્રે સંમેલનમાં ભાગ લેવા માટે શ્રી નેમિસૂરિજી, દર્શનસૂરિજી, ઉદયસૂરિજી, નંદનસૂરિજી, શ્રી સિધ્ધસૂરિજી, શ્રી મેઘસૂરિજી શ્રી દાનસૂરિજી, શ્રી સાગરાનંદજી, પંન્યાસ શ્રી ધર્મવિજયજી વગેરે આવી ગયા છે શ્રી લબ્ધિસૂરિજી આજકાલમાં જ આવશે, તે સિવાય બીજા સાધુઓ આવી રહ્યા છે. જો કે આટલા આચાર્યો એકજ સ્થાનમાં હોવા છતાં હજુ એક બીજાને મળ્યાની વાત બહાર આવી નથી. (૨) શ્રી નીતિસૂરિને દેહગામની મંત્રણામાં ભાગ નહિ લેવા માટે અનેક પ્રકારથી દબાણ કરવામાં આવ્યું હતું અને ત્યાં સુધીનું સંભળાયું છે કે જો નીતિસૂરિ દેહગામની મંત્રણામાં ભાગ લે તો તેમને લુહારની પોળના ઉપાશ્રયમાં ઉતરવા દેવા નહિ, એ પ્રકારની ધમકી આપી છે. આવી ધમકી આપનાર આપખુદો તરફ લુહારની પોળની જનતાએ ખૂબ વિરોધ ઉઠાવ્યો છે. (૩) શ્રી નેમિસૂરિને મળવા માટે કેટલાક પેથડના તંત્રી ગયા હતા ત્યારે સૂરિજી મહારાજ ખૂબ ઉકળાટમાં હતા. તંત્રીઓ અને સૂરિજી વચ્ચે સંમેલનની બાબતમાં કંઈ વાટાઘાટ નિકળતાં સૂરિજી એકદમ બોલી ઉઠયા હતા કે અને પક્ષો નગરશેઠ પાસે આવ્યા હતા, ત્યારેજ સંમેલન ભરવાનું નક્કી કરી નગરશેઠે આમંત્રણ કર્યું છે. તેમાં મારી કશી જવાબદારી નથી અને પક્ષોને સંપ કરવો હોય તો કરે તેમાં મને શું છે. ત્યારે એક તંત્રીએ કહ્યું કે સંમેલન સફળ નહિ થાય તો બહુજ પરિસ્થિતિ ખરાબ થશે, ત્યારે સૂરિએ જણાવ્યું હતું કે ખરાબ શું થવાનું છે, સારૂં ભલે ન થાય, આથી વધારે ખરાબ થવાનું નથી. સૂરિજીની આકૃતિ તરફ નિહાળતાં સંમેલન પ્રતિ તેમની શંકાઓ તેમને ચિંતા ઉપજાવી રહી હતી એમ જણાતું હતું. દેહગામ સંબંધી પણ તેમણે ઉપરા ઉપરી પ્રશ્નો કર્યા હતા અને પરિસ્થિતિનું માપ કાઢવા પ્રયત્ન કર્યો હતો. દેહગામની મંત્રણાથી સૂરિ ખૂબ ગભરાયા હોય તેમ જણાયું. (૪) ડોશીવાળાની પોળમાં વિદ્યાશાળામાં શાસ્ત્રાર્થ માટેની ખૂબ તૈયારીઓ ચાલી રહી છે. શ્રી જંબુવિજયજીને પંન્યાસપદ અર્પણ કરવામાં આવ્યું છે. શ્રી રામવિજયજી અને પ્રેમવિજયજીને આચાર્ય પદવી આપવાનું ચમણાં તો માંડી વાળ્યું છે. દરમ્યાન સાગરાનંદજીએ શ્રી દાનસૂરિ ઉપર ૧૮૦ પ્રશ્નો તૈયાર કરી મોકલી આપ્યાનું બહાર આવ્યું છે. (૫) સાગરાનંદજી અને ચંદ્રસાગરજી વચ્ચે જે તકરાર થઈ હતી તેના સંબંધમાં અત્રેથી નગરશેઠ ગયા હતા. અત્યારે તો ગુરૂ શિષ્ય વચ્ચેની એ તકરાર ઉપર રાખ નાંખવામાં આવી છે. ભવિષ્યમાં બને તે ખરૂં ? (૬) પૂજ્ય શ્રી હંસવિજયજી મહારાજના સ્વર્ગવાસનો તાર મળતાં અત્રે એકદમ સનસનાટી ફેલાઈ હતી. સારાયે શહેરમાં પાખી પળાઈ હતી અને ઉજમબાઈની ધર્મશાળાની ધર્મશાળામાં દેવવંદનની ક્રિયા કરવામાં આવી હતી. (૭) વીરશાસનના તંત્રી ઉપર શ્રી ક્ષત્રિકુંડ તીર્થના મુનિમજીએ જે બદનક્ષીની ફરીયાદ માંડી હતી, તેના સંબંધમાં વીર શાસનના તંત્રીએ માફી માગી છે.

પાટણ:—અત્રે પૂજ્યશ્રી હંસવિજયજી મહારાજના સ્વર્ગવાસથી સંઘમાં આશ્ચર્યજનક ગમગીની ફેલાઇ હતી. સખ્ત હડતાલ પડી હતી. મુસલમાન ભાઇઓની હોટલો સુધ્ધાં બંધ હતી. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ ઉપર જ્યાં જ્યાં આ ગમગીન સમાચારો પહોંચ્યાં હતા ત્યાં ત્યાંના શોકજનક સંખ્યાબંધ તારો અને કાગળો આવી રહ્યા છે.

ભાવનગર:—અત્રેથી આત્માનંદ પ્રકાશના તંત્રી વલ્લભદાસ ગાંધી અને જૈન પત્રના તંત્રી શ્રીયુત દેવચંદ દામજી કુંડલાકર દેહગામ ખાતેની મંત્રણામાં ભાગ લેવા ઉપડી ગયા છે, નેમિસૂરિએ અત્રે જે નોકરશી વગેરેમાં લાખ રૂપીયાનું પાણી કરાવ્યું છે તેના સંબંધમાં શ્રી નેમિસૂરિ ભાવનગરથી અમદાવાદ પહોંચ્યાં પછી ટીકાઓ થઈ રહી છે. જનતા જ્યાં સુધી સૂરિઓની શરમમાં તણાય છે ત્યાં સુધી આવા નિરર્થક ખર્ચાઓ અનિવાર્ય છે.

સુરત:—અત્રે પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ પધાર્યા છે, તેઓશ્રી મુંબઇથી અમદાવાદ થતાં મુનિ સંમેલનમાં ભાગ લેવા માટે વિહાર કર્યો હતો. પરંતુ ટાઇમ બહુજ દૂંકો હોવાથી મુનિ સંમેલનમાં ભાગ લઇ શકશે નહિ તેવા સમાચાર બહાર આવ્યા છે. ફાગણ સુદી દશમીના દિવસે બે સાધુને વડી દીક્ષા આપવામાં આવી છે.

સ્થાનિક:—અત્રે પ્રભા—નાથલાલ લગ્ન પ્રસંગે ખૂબ ચકચાર પેદા કરી છે. તેનો વિરોધ દર્શાવવા પાલનપુરી બહેનો તરફથી શ્રીમતી લીલાવતી દેવીદાસના પ્રમુખપણા નીચે માંગરોળા સભાના હોલમાં તા. ૨૫-૨-૩૪ રવિવારે એક સ્ત્રીઓની સભા બોલાવવામાં આવી હતી. (૨) શ્રી હંસવિજયજી મહારાજના સ્વર્ગવાસ માટે શોક દર્શાવવા એક સભા તા. ૨૬-૨-૩૪ ના રોજ બોલાવી હતી, કે જેમાં સમાજ તરફથી શોકદર્શક ઠરાવ કરવામાં આવ્યા હતા. (૩) શ્રી જૈન વિશ્રામ મંદિરની જનરલ સભા તા. ૧૧-૩-૩૪ રવિવારની રાત્રે સ્થા. ૮ વાગે માંગરોળા સભાના હોલમાં ભરવામાં આવશે. તે વખતે મજકુર સંસ્થાના નાણા શ્રી જૈન સ્વયંસેવક મંડળને સોંપી દેવાનો તા. ૮-૧૦-૩૩ ની મળેલ મેનેજીંગ કમિટિએ ઠરાવ કરેલ, તે બાબત મૂકાશે.

છેલ્લા ખબરો:—(અમારા ખાસ પ્રતિનિધિ તરફથી)

આ. નીતિસૂરિજી. આ. વિજયવલ્લભસૂરિજી. આ. રિધ્ધિસાગરજી. મુનિમહારાજ વિદ્યાવિજયજી, પં. લાભવિજયજી આદિ સર્વે મુનિ મહારાજાઓ ચોકસ નીર્ણય પર સાધુ સંમેલન માટે આવ્યા છે. અને આજરોજ અમદાવાદ જવા સારૂ વિહાર કરશે, જુદી જુદી મંત્રણાદ્વારા સંમેલન અવસ્થાપૂર્વકનું અને તેવી રૂપરેખા નક્કી કરી છે.

(12)

યુગના પ્રધાન..નાદો—

પદવીઓના રોગ:—

કેવળ અંધશ્રધ્ધાઓને પ્રેરાઈ ગુજરાતી કે હિન્દી દીક્ષનેરીમાં પ્રાપ્ય થઈ શકે એટલા ભારોભાર શબ્દોથી જૈન સમુહની વતી અમુક વ્યકતીઓ આજના ધર્માધ્યક્ષને નવાજે છે.

એ અર્થી પદવીઓનાં મૂલ્યો કઇ રીતે આંકવાં—અહિંસાના પૂજારી તરીકે કે સમાજના નૂરના લુટારા તરીકે ! ધર્મના રખેવાળ તરીકે કે ધર્મના સંહારક તરીકે ! વિશ્વાસ પ્રેમના દાતા તરીકે કે સાંકડી મનોદશાના પોષક તરીકે ! સાગરના ગાંભીર્ય તરીકે કે ખાબોચીયાના છીછરા પણા તરીકે ! ક્ષમાના અવતાર તરીકે કે અધડાઓના ઉત્પાદક તરીકે ! નૂતન ભાવનાઓના સર્જક તરીકે કે જુનવાણી રૂઢિઓના પ્રેરક તરીકે !.....આનો કોણ જવાબ દેશે ? આજતની પદવીઓ એને 'મોટા' માનતો બનાવી દે છે. એને 'સર્વસ્વ' માનવાની વૃત્તિઓ કેળવે છે. અને તેથી સમાજની સાચી સેવાથી એ વંચિત બને છે. આ જતના રોગો સમાજમાં કુસંપનાં બીયાં વેરે છે. સમાજ ભાવનાઓનો નાશ કરે છે.

'હું પદ'નો રોગ:—

એ એની જતને બીજો 'મહાવીર' માને છે. 'મહાવીર'ના લેખમાં જાણે કે 'મહાવીર' લપેટાયા છે એમ માની એ વર્તાવ કરે છે, એ એની જતને આટલી મહાન માની બીજાઓને ક્ષુદ્ર માને છે. એના ગુલામો માને છે. આ જતના રોગમાં બીજા ધર્માધ્યક્ષની કીર્તિ કે તેજને એ નથી સાંખી શકતો, ને સમાજને તો એની બરદાસ ઉઠાવનારૂં, એના આદેશોને શિરસ્સાવંદ્ય કરનારૂં માનવ પ્રાણી માને છે. ને આમ સદીઓ જુનાં શાસ્ત્રોના અનર્થો ઉપજાવી એનો કકડો સાચો કરાવે છે.

'વાતોડીયાપણું' રોગ:—

'આપણો ધર્મ મહાન છે. આપણો ધર્મ વિશાળ છે. આપણો ધર્મ અહિંસા પરમોધર્મ છે. એ સર્વ શ્રેષ્ઠ છે. ધર્માધ્યક્ષ એ મહાવીરનો અનુયાયી છે; એટલે એને મહાવીરને પાટલે બેસાડીને પૂજવો જોઇએ, એને સર્વસ્વ માનવો જોઇએ, એની વિરૂધ્ધ શબ્દપણ ન ઉચ્ચારાય, એના ચક્ષમાંથી દુનિયાના માનવીઓને નિરખાય, ને એમાંથીજ અન્ય ધર્મોને પેખી શકાય.' આ જતની મનોદશા સેવતા ધર્માધ્યક્ષને પૂછીએ છીએ કે ધર્મના કેટલાં ગૂઢ તત્વો, કેટલા પ્રમાણમાં કર્તવ્યમાં આજે દેખાય છે ? ધર્મની વિશિષ્ટાઓ આજે ક્યાં ગૌરવવંતા સ્થાન ભોગવે છે ? ધર્મની દિવ્ય ભાવનાઓને કોણે મૂર્તિમંત કરી છે ? અહિંસાના કેટલાં સૂત્રો આજે માનવ જીવનમાં તરવરે છે ? કેટલા ધર્માધ્યક્ષ મહાવીરના લેખને દીપાવે છે ? કેટલા ધર્માધ્યક્ષ મહાવીરની ભાવના ઓને અજવાળે છે ? કેટલા ધર્માધ્યક્ષ જગતના ઇતિહાસે ચઢ્યા છે ?.....આ જતનું વાતોડીયાપણું સામાન્ય જનતાને આંધળે માર્ગે દોરે છે. આજતનું બહુ બોલાપણું સમાજ, ધર્મની કિંમતને ઝાંખી પાડે છે- સત્યની લગનીને વાતો કરનારા કરતાં સત્યનો એક પાલક સમાજ જીવનને અજવાળે છે. ધર્મ ભાવનાઓને પ્રકાશવંતી કરે છે.

લોભવૃત્તિ રોગ:—

મહાવીરના અનુયાયી તરીકે ઓળખાવ્યા પછી પણ એ ધર્માધ્યક્ષને આવતી કાલની ચિંતાઓ ઘેરી લે છે. આવતી કાલના ભવિષ્ય માટે એ ઝુરે છે. સંસારમાંથી વિરક્ત થએલ એ સંસારી ઘટમાળાઓ માટે સખેદ આંસુડાં સારે છે. મહાવીરના પંથે પડતો એ એના આહારપાણીની, એના કપડાંલત્તાંની, એની સાધન સામગ્રીની ત્રેવડમાં રહે છે. સામગ્રીઓપર એ માલિકહક્ક સિધ્ધ કરે છે. આ જતના માનસવાળો ધર્માધ્યક્ષ સુંદર ભોજનોપર, દીપી ઉઠતા પોષાકોપર અને વિધવિધ સામગ્રીઓપર મોજ ઉડાવે છે. મહાવીરનાં, દુબળું દીપું ન દેખતાં અને કડકડતી ઠંડીમાં પણ શરીર પુરૂં ન ઢંકાય એવાં અપરિગ્રહવાળાં બાળકોને દેખીને પણ એ કંપતો નથી; એનો અપરિગ્રહવ્રતની, ત્યાગની વીરકથાઓ સંભળાવે છે. આ જતના માનસવાળો ધર્માધ્યક્ષ સમાજ જીવન પર કલંકનો ઓપ ચઢાવે છે, આ જતનો અપરિગ્રહવ્રતધારી ધર્માધ્યક્ષ સમાજમાં બેકારીના ઉપદ્રવને જન્માવે છે.

રોગોના નિદાન:—

સમાજને તમારે સેવાનાં છાંટણાઓ છાંટવાં હોય, સમાજને તમારે ઉન્નતિના માર્ગે પ્રયાણ કરાવવું હોય ને ધર્મને તમારે હૃદય ભાવોથી અલંકૃત કરવો હોય, આંતરિક રંગોએ રંગવો હોય તો સમાજહાર્દમાં તમારે માટે ઉજળું સ્થાન છે. સમાજ જીવનમાં તમારે માટે માનવંતો માર્ગ છે. એ ભાવનાઓને ચેતનમય કરતાં, એ મનોરથોને મૂર્તિમંત કરતાં રોગોના નિદાન સ્વયંભૂ પ્રકાશી ઉઠશે.

સમાજ આત્માને પ્રાણવિહોણો બનાવતાં જુનવાણી સ્વરૂપોને જીર્ણવસ્ત્રોની જેમ શોધી શોધીને ફેંકી દો. પદવીઓના લોભોમાંથી નાશી ભાગો, ચેલા ચેલીઓ મૂંડવાની લોહી તરસી ભૂખને મારી હટાવો. સમાજધન સમાજ બાળકો માટે છે. એ ભાવનાને મૂર્તિમંત કરો. ને યુગ ભાવનાઓને જીવનમાં પ્રધાનપદ આપો.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ શ્રી કલાપી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સોસાયટ માટે ન્યુ રેશમ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, રૂમ નં. ૨૪, મુંબઈ નં. ૨, તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

Reg. No. B. 3220.



સમાજ ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂા. ૧-૮-૦

શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર
તંત્રીઃ—ચંદ્રકાન્ત વી. સુતરીયા.

વર્ષ ૧ લું અંક ૬ ઠ્ઠો
શુક્રવાર તા. ૧૬-૩-૩૪

જ...ડ...વા...દ...ની.....જ...હાં...ગી...રી...કે.....ચેતનની ચીનગારી?

જગતના વિશાળ પટમાં જેટલા ધર્મો છે, જેટલી સોસાયટીઓ છે, જેટલા વાડાઓ, ન્યાતો, ગચ્છો અને તડાંઓ છે તે તમામ માનવ સમાજની ઉન્નતિ માટે છે, તેની રચનાનો ઉદ્દેશ કેવળ માનવ જાતના હિતનોજ હોય છે. પણ જ્યારે તે તે ધર્મો, ગચ્છો, સોસાયટીઓ કે વાડાઓનાં આગેવાન કાર્યકર્તાઓ સ્વાર્થાંધ બને છે, સત્તાના સિંહાસનોનો મોહ જાગે છે અને એ સ્વાર્થ અને મોહને પોષવા માટે ન કરવા લાયક કાર્યો એ જ્યારે કરે છે, ત્યારે તે તે ધર્મમાં, ગચ્છમાં કે સોસાયટીઓમાં રહેલો સમજુ વર્ગ એ કાર્ય તરફ બંડ જગાડી પડકાર કરે છે, જનતાને સાચી વસ્તુસ્થિતિથી વાકેફ કરવાનો પ્રયત્ન કરે છે. આ પ્રયત્નને એ લોકો તરફથી નાસ્તિકવાદ, જડવાદની જહાંગીરી કે એવાં બીજા પેટંટ શબ્દોથી નવાજી જનતાને ભોળવી, દાબી દેવાનાં મનસુબાઓ રચાય છે. અનંત કાળથી આ બાબતો ચાલીજ આવે છે. આ વીશમી સદીમાં પણ એ માનવ પ્રકૃતિનું અસ્તિત્વ કાયમ છે, પણ આજના વિજ્ઞાન યુગમાં એ પ્રકૃતિ સફળ થઇ શકતી નથી; એ પ્રકૃતિને વેગ મળી શકતો નથી એટલે આત્મસંતોષ પૂરતીજ એ પ્રકૃતિ કાર્ય કરે છે.

જૈન સમાજમાં પણ આજે એ સ્થિતિનું પુનરાવર્ત્તન થઈ રહ્યું છે, તેના ધર્મના તત્વો ઉપર ઓપ ચઢાવી ધર્મને બદલે અધર્મ આચરાય રહ્યો છે, સાધુતાને નામે કુસાધુતા પોષાય રહી છે, શાસ્ત્રોના અર્થને બદલે અનર્થો થઈ રહ્યા છે, ધર્મ કરણીને બહાને લાખલૂંટ નિરર્થક વ્યય થઇ રહ્યો છે અને મોક્ષનો પરવાનો આપવાની એજંસીઓ જાણે કેમ ન મળી હોય તેમ મોક્ષની લાલચ આપી નાનાં અને કુમળી વયનાં બાળકોને દીક્ષા આપી તેના જીવનને છૂંદવામાં આવી રહ્યાં છે. અને સમસ્ત સમાજ જ્યારે ત્રાસી રહ્યો છે, ત્યારે સમાજનો જાગૃત આત્મા ચીનગારીઓ મૂકે છે, સ્વાર્થાંધ સત્તાધિકારીઓની રહેમતથી જનતાને વાકેફ કરવાનો સમજુ વર્ગ તરફથી પ્રયત્ન થાય છે, તેના તરફથી થતાં લાખલૂંટ ખર્ચાઓ તરફ પડકાર કરવામાં આવે છે અને ધર્મને નામે થતી પ્રત્યેક અધર્મ કરણીઓથી જનતાને પરિચીત કરવામાં આવે છે, ત્યારે એ પ્રવૃત્તિને જડવાદની જહાંગીરી તરીકે ઓળખાવવાની સ્વાર્થાંધ વ્યક્તિઓ તરફથી પ્રવૃત્તિ આદરવામાં આવે છે. પણ સમાજનો જાગૃત આત્મા એ વસ્તુસ્થિતિથી આજે અજાણ નથી એટલે તેને જડવાદની જહાંગીરી તરીકે ન ઓળખતાં ચેતનની ચીનગારી તરીકેજ ઓળખી રહ્યો છે. એ ચીનગારીઓ સમાજના તમામ અનિષ્ટ તત્વોનો સામનો કરી રહી છે, અને તેના તાપમાં તમામ સ્વાર્થાંધ વ્યક્તિઓની લીલાઓ બળી રહી છે. તેનો ઉકળાટ આજે ચોતરફ જોવાઇ રહ્યો છે, કોઇ તેને નાસ્તિકવાદના નામથી દાબવાના મનસુબા ઘડી રહેલ છે, કોઈ જડવાદના નામે તેની વગોવણી કરી રહેલ છે, કોઇ સુધારકશાહીના નામે તેનો સામનો કરવાને કટિબધ્ધ થઈ રહેલ છે, પણ ચીનગારી આગળને આગળ રૂકાવટ વગર ધપતીજ જાય છે. જ્યાં જ્યાં એના તણખા વેરાય છે, ત્યાં ત્યાં સ્વાર્થાંધ વ્યક્તિઓની પ્રવૃત્તિ નિષ્ફળ થતી જાય છે અને યુગપ્રવાહને નહિ સમજતી એવી એ વ્યક્તિઓ આ ચીનગારીથી ભડકી કોલાહલ મચાવી મૂકે છે. પણ એણે સમજી લેવું ઘટે કે આ ચેતનની ચીનગારી છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरई ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર બેઠા થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

—: તરૂણ જૈન. :—

શુક્રવાર તા. ૧૬-૩-૩૪

સાધુ સંમેલન.

જૈન સમાજ જ્યારે સંમેલનની વર્ષોથી ઝંખના કરી રહ્યો હતો, તે સંમેલન ફાગણ વદિ તૃતીયાથી અમદાવાદને આંગણે શરૂ થયું છે. અમદાવાદના સંઘપતિના આમંત્રણને માન આપી લગભગ સાડાત્રણસો સાધુઓ ત્યાં એકત્ર મળ્યા છે. જૈન સમાજમાં આજે જે કલહ, કંકાશ અને અશાંતિનું વાતાવરણ પ્રસરી રહ્યું છે, તેના મુખ્ય સૂત્રધારો અમદાવાદના મુનિ સંમેલનના મંડપમાં સામ સામી છાવણીમાં ગોઠવાઇ ગયા છે, અને એ રીતે બન્ને પાર્ટીને ભેગી મળી વિચાર કરવાની પરિસ્થિતિમાં મૂકનાર અમદાવાદના નગરશેઠ અને તેમનું મંડળ અભિનંદન લઇ શકે છે.

પરંતુ જે ઉદ્દેશથી સંમેલન બોલાવવામાં આવ્યું હતું સંમેલન પાસેથી સમાજ જે વાંચ્છી રહ્યો હતો એ આ સંમેલનની કાર્યવાહી જોતાં મળી શકશે કે કેમ એ મોટો પ્રશ્ન થઇ રહ્યો છે. સંમેલનનું બંધારણ પણ એવું સુસંબધ્ધ નથી કે કોઇ પણ જાતનું કંઇ કાર્ય થઇ શકે.

પહેલાં એમ નક્કી કરવામાં આવ્યું હતું કે આટલા બધા સાધુ કરતાં જો સમુદાય દીઠ બબ્બે પ્રતિનિધિ લેવામાં આવે તો કામ સરળતાથી ઉકેલી શકાશે અને એ વિચારણાથી બહોત્તેર પ્રતિનિધિઓની ચૂંટણી થઇ, પણ તેની બેઠક પણ નિરર્થક ગઇ અને કાર્ય કરવાની ઝંખનાવાળા સાધુઓને એમ જણાયું કે આ સંખ્યા પણ મોટી છે, એટલે તે પ્રશ્ન ફરીવાર વિચારણા માટે ઉપસ્થિત થયો. ત્રીશ પ્રતિનિધિઓ ચૂંટાયા, અને કાર્ય આગળ વધારવા માટે પ્રયત્નો થયા, પરંતુ કાર્ય કરવા માટે આ બધા રસ્તા ખોટા છે. જ્યાં સુધી એક બીજામાંથી મનના મેલ નિકળ્યા નથી, શાસ્ત્રજ્ઞતાનો એક બીજાને અહંકાર છે, અને શાસન કરતાં વ્યક્તિત્વમાં વિશેષ મોહ છે ત્યાં સુધી કશું કાર્ય થઇ શકે એ આકાશ કુસુમવત છે. એટલે એ સંમેલન કોઇપણ જાતનું કાર્ય કરી શકે એ આશા વધારે પડતી લાગે છે. બીજી બાબત એ છે કે કોઇપણ ઠરાવ મૂકાય અને તેને સર્વાનુમતિ મળે તોજ એ પાસ થઈ શકે, નહિતર નહિ, આ બાબત પણ મોટી છે, કારણ કે એક પક્ષ જે ઠરાવ રજુ કરે તેનો બીજો પક્ષ વિરોધ કરે, એટલે બહુમતિનું ધોરણ સ્વીકારવું જોઇએ, તોજ સંમેલન સફળ થાય. આવી વિચારસરણીને અંગેજ સંમેલન અત્યાર સુધી વર્તમાન પત્રોનો વિરોધ કર્યા સિવાય કશું સંગીન કાર્ય કરી શકેલ નથી.

આ સંમેલનમાં કેટલાક સાધુઓને શાસ્ત્રાર્થ કરવાનો બહુજ મોહ છે, અને કોઇપણ ઠરાવ આવે તો કહે છે કે એ શાસ્ત્ર સંમત છે કે નહિ? તેનો પ્રથમ પ્રશ્ન મૂકાય છે. હવે એ સંબંધમાં શાસ્ત્રાર્થ કોણ કરે, અને શાસ્ત્રાર્થ કંઈ બે દહાડામાં થોડોજ પતી જવાનો છે, તે સિવાય તેમાં મધ્યસ્થ જોઇએ વગેરે અનેક બાબતો એવી છે કે જે સંમેલનની સફળતામાં ખૂબ આશંકાઓ પેદા કરે છે; એટલે ઠરાવોમાં પણ ખૂબ મૂશ્કેલી છે. આમ દરેક બાબતમાં જો શાસ્ત્રોને આગળ કરવામાં આવે તો કામ કેમ થઈ શકે? વારંવાર શાસ્ત્રોની વાતો કરનારા પણ આજે શાસ્ત્રોના ફરમાન અનુસાર ચાલે છે કે કેમ? એ બાબત શા માટે વિચારવામાં આવતી નથી? એવી કેટલીયે બાબતો છે કે જે શાસ્ત્રોના ફરમાન વિરૂધ્ધ પરંપરાના નામથી ચલાવવામાં આવે છે. જે ઠરાવો પોતાને સાનુકૂળ ન હોય તેને શાસ્ત્ર સંમત નથી એમ કહી ઉડાવી દેવામાં આવે છે અને જ્યારે સામી બાજુથી શાસ્ત્ર વિરૂધ્ધ આચરણનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, ત્યારે પરંપરાના નામથી બચાવ કરવામાં આવે છે. આ કઇ જાતનું માનસ? શાસ્ત્રોમાં પણ કેટલીક બાબતો તે કાળ અને તે સમયને ઉદ્દેશીનેજ લખાયેલ હોય છે. એવી કોઇ બાબત હાથમાં લઇ વારંવાર શાસ્ત્રને આગળ કરી તેનો દુરૂપયોગ કરવામાં આવે એ કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી, જૈન શાસ્ત્રો કોઈ બાબત કદિ એકાન્તે પ્રતિપાદન કરતાંજ નથી.

ત્રીજી બાબત એ છે કે આ ત્રીશજણની કમીટીમાં કોઇ આગેવાન નથી, જેને કાવે તે બોલે, જેની ઇચ્છામાં આવે એ ઠરાવો રજુ કરે, એ આજના યુગને બંધ બેશે એવું બંધારણ નથી આ વસ્તુસ્થિતિ સંમેલનને ઝાંખું બનાવી મૂકે છે, સાડા ત્રણસો સાધુઓ ભેગા થયા છતાં કોઈ એવો પ્રતિભા સંપન્ન સાધુ નથી, કોઇ નિસ્પૃહ મહાત્મા નથી કે જે આ નિર્ણાયક ટોળાને કાબુમાં રાખી શકે. આ બાબત સાધુ સમાજ માટે શરમ જનક છે.

જૈન સમાજના, ધર્મના અને સાહિત્યના ઉધ્ધારના આધારભૂત જેમને માનવામાં આવે છે, તેમની આવી પામરતા જોઇ ખરેખર આશ્ચર્ય થાય છે. સારીયે આલમમાં જૈન સાધુતા સર્વોત્કૃષ્ટ મનાય છે; એ સાધુતાનું લીલામ આજે અમદાવાદમાં થઈ રહ્યું છે અને તેની મૂર્ખાઈ ઉપર સારીયે પ્રજા હસી રહી છે; છતાં પણ કોઇપણ જાતની શાન આવા હોય તેમ આચરણ ઉપરથી જણાતું નથી. આ પ્રશ્ન જેવો તેવો નથી, જ્યાં સુધી સંઘ સત્તાને પુનઃસ્થાપીત કરવામાં નહિ આવે, સમાજનું બંધારણ નવેસરથી ઘડવામાં નહિ આવે, ત્યાં સુધી સમાજની આબરૂનું લીલામ આ રીતે થયાજ કરવાનું છે. સમાજે હવે આ સાધુઓ ઉપર કુંજ પાડવાની અનિવાર્ય આવશ્યકતા છે. શામાટે સાધુઓનું આ રીતનું આચરણ કે જે સમસ્ત આલમમાં સમાજને નીચું જોવડાવનાર છે, તે ચાલવા દેવું જોઇએ! તેમને જણાવી દેવું જોઇએ કે હવે તમે સમજી જાવ, નહિતર સમાજમાં તમારું સ્થાન તમારે શોધવું પડશે, અમે ઇચ્છીએ છીએ કે સાધુ સંમેલનનો સમજુ વર્ગ આ બાબતો માટે વિચાર કરે અને પરિસ્થિતિને વધુ બગડતી અટકાવે.

જ્ઞાતિમાંથી રાજીનામું.

(જ્ઞાતિ સંસ્થાઓ અગાઉના જમાનામાં જરૂરી હશે પણ આજના પ્રગતિ અને વિજ્ઞાનવાદી યુગમાં એ કેવળ બીનજરૂરી છે. માટે એની દિવાલો ભેદાવવી જોઇએ. તેની શરૂઆતમાં જૈન કોમના જાણીતા વિચારક ભાઇ પરમાનંદ કાપડીયાએ ભાવનગરની વીશાશ્રીમાળી મોટી નાતના મંત્રી શ્રી કુંવરજી શાહ ઉપર મોકલાવેલ રાજીનામું વાચકો સમક્ષ રજુ કરીએ છીએ. તંત્રી)

આ પત્ર લખું છું તેનું પ્રયોજન નીચેની વિગતોથી સ્પષ્ટ થશે.

આપણા દેશમાં એક કાળ એવો હતો કે જ્યારે રેલ્વે, તાર કે ટપાલની અત્યારે જેવી સગવડ વર્તે છે તેવી કોઇપણ પ્રકારની સગવડ નહોતી. એક સ્થળેથી અન્ય સ્થળે જવા આવવાનો વ્યવહાર મુખ્યત્વે કરીને બળદગાડીથી ચાલતો. સામાન્યરીતે પ્રજા પોત પોતાનાં વતનને વીંટળાઇને જીવન નિર્વાહ કરતી. આવી પરિસ્થિતિ વચ્ચે સમાન સંસ્કારના ધોરણે રચાયલાં જ્ઞાતિ મંડળો મર્યાદિત ભૌગોલિક ક્ષેત્રમાં પોત પોતાનાં દીકરા દીકરીઓની આપલેનો વ્યવહાર કરતાં એ તદ્દન સ્વાભાવિક અને દેશ કાળનાં સંયોગોને અનુરૂપ હતું.

આજે પૂર્વકાળની પરિસ્થિતિમાં અનેક પરિવર્તનો થઈ ગયાં છે. આજ કાલ દિનપ્રતિદિન વધતી જતી રેલ્વે, તાર અને ટપાલની સગવડોથી કન્યાની લેવડદેવડને લગતી ભૌગોલિક હુંકી મર્યાદા અર્થ વિનાની બનતી જાય છે. ઉપર જણાવેલ જ્ઞાતિ મંડળો એક કાળે સમાન સંસ્કાર, રૂઢિ વ્યવહાર અને પરંપરાના ધોરણો ઉપર રચાતાં હતાં. આજે જે જ્ઞાતિ મંડળોનાં જળાં આખા દેશ ઉપર પથરાઇ પડયાં છે તે સર્વની ઘટના આવા કોઇપણ ધોરણ ઉપર અવલંબતી દેખાતી નથી. દાખલા તરિકે આજના દશાશ્રીમાળી, વીશાશ્રીમાળી, ઓશવાળ કે પોરવાડ વચ્ચે નામ ભેદ શિવાય બીજો કશો સંસ્કારભેદ દેખાતો નથી. બીજી બાજુએ એકજ જ્ઞાતિમાં ભિન્ન ભિન્ન ધર્મ અને સંપ્રદાયના માણસો પણ એકઠા થએલાં જોવામાં આવે છે. દાખલા તરિકે આપણે ત્યાંના દશાશ્રીમાળી વાણીઆઓમાં કેટલાક મૂર્તિપૂજક જૈન, કેટલાક સ્થાનકવાસી જૈન અને કેટલાક વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ માલુમ પડે છે અને એમછતાં તેઓ અંદર અંદર કન્યાની આપલે કરે છે. વળી એક કાળે સમાન વ્યવસાય, વ્યાપાર કે ઉદ્યોગના ધોરણે જ્ઞાતિઓનાં નિર્માણ થતાં, પણ આજે જ્ઞાતિ જનોના વ્યવસાયમાં પણ એવી કશી એકરૂપતા દ્રષ્ટિ ગોચર થતી નથી, તેથી ગુણ લક્ષણના દ્રષ્ટિ બિન્દુએ જ્ઞાતિજનોને પરસ્પર આકર્ષે અને જોડાયેલા રાખે એવું કશું તત્ત્વ હાલ રહ્યું નથી. કન્યાની લેવડ દેવડમાં ધર્મ, ભાષા કે દેશની મર્યાદા સમજી શકાય છે, કારણકે પ્રત્યેક ધર્મ, દેશ કે ભાષા ચોકકસ સંસ્કારોના પ્રતીક હોય છે. પણ આજની નજીક નજીકની જ્ઞાતિઓમાં પરસ્પરનાં ભેદક આવાં કોઇ પણ લક્ષણો દેખાતાં નથી. આ કારણથી કન્યાની લેવડદેવડ અમુક જ્ઞાતિમાંજ થવી જોઇએ તે મન્તવ્યમાં રૂઢિ પરંપરા શિવાય બીજું કાંઇપણ વાસ્તવિક કારણ મારા ધ્યાન ઉપર આવતું નથી. અને તેથી પોતાનાં બાળકોને વરાવવા સંબંધમાં વર્તમાન જ્ઞાતિનું વર્તુલ સ્વીકારીને ચાલવાની મારી બુધ્ધિ ચોખ્ખી ના પાડે છે.

મુંબઇ જેવા પચરંગી શહેરનો વસવાટ પણ પોત પોતાના વતનને લગતી જ્ઞાતિ કે ધોળનાં બંધનોની ઉપેક્ષા કરવા પ્રેરે છે. કન્યાની લેવડદેવડ સાધારણ રીતે પરસ્પર પરિચિત કુટુંબોમાંજ થઇ શકે છે. અમારી જેવાના પરિચિત કુટુંબો ઘણુંખરૂં આપણી જ્ઞાતિનાં હોતાં નથી; અને આપણી જ્ઞાતિના કુટુંબો ઘણુંખરૂં વતનવાસી હોવાથી અમને પરિચિત હોતાં નથી. આ કારણે મુંબઇ જેવા મોટા શહેરમાં વસનારાને સ્વાભાવિક રીતે પોત પોતાનાં ધોળ તોડવાનું સવિશેષ પ્રલોભન રહે છે.

આજે વળી છોકરા છોકરીઓ મોટી ઉમ્મર સુધી કુંવારા રહીને અભ્યાસ કરતા હોય છે. આ છોકરા છોકરીઓના સંબંધો જોડવામાં કેવળ માબાપના અભિપ્રાયો કે વલણો કામ લાગતા નથી. પોતાના બાળકોની ઇચ્છા અને વલણ ધ્યાનમાં રાખીને ચાલવું એ જે માબાપો પોતાનાં બાળકોને મોટી ઉમ્મર સુધી કુંવારા રાખીને ભણાવવા માગતા હોય તેમનો ખાસ ધર્મ થઈ પડે છે. આ સંયોગોમાં માબાપની ધોળના વર્તુલને વળગીને ચાલવાની ઇચ્છા હોય તોપણ તે પ્રમાણે વર્તવાનું તેમના માટે લગભગ અશક્ય થઈ પડે છે કારણકે મોટી ઉમ્મરનાં બાળકો ઉપર લગ્ન વિષયમાં કદિપણ બળાત્કાર થઇ શકતોજ નથી.

આવા મારા વિચારો અને આવા મારા સંયોગો હોઇને આપણી જ્ઞાતિની મર્યાદાના વર્તુલથી નિરપેક્ષ રીતે મારી દીકરીઓના યોગ્ય કાળે વિવાહ સંબંધો યોજવાનો હું વિચાર ધરાવું છું. આજના કાળમાં કન્યાની આપલેની અમુક નક્કી કરેલી મર્યાદા ઉપરજ આખી જ્ઞાતિની ઇમારત ઉભેલી હોઇને આ પ્રકારની છૂટ જ્ઞાતિની અંદર રહીને લેવી તે કોઇ પણ રીતે ઉચિત ગણાય નહિં. હું તો ઇચ્છું છું કે આજના પરિવર્તન પામેલા કાળ સંયોગોમાં ભિન્ન ભિન્ન જ્ઞાતિઓ કન્યાઓની લેવડ દેવડને લગતા પ્રતિબંધો દૂર કરીને મારા જેવાનો માર્ગ સરળ કરે પણ જ્ઞાતિઓની વર્તમાન મનોદશામાં આવી ઇચ્છા કેવળ આકાશકુસુમવત્ લેખાય. તેથી મારા માટે આજે એકજ માર્ગ છે કે મારી દીકરીઓનો જ્ઞાતિના વર્તુલથી નિરપેક્ષ રીતે વિવાહ સંબંધ યોજવાની હું પ્રવૃત્તિ કરૂં તે પહેલાં મારે આપણી જ્ઞાતિમાંથી રાજીનામું આપવું.

આ મુજબ હું આપને વિનંતિ કરૂં છું કે આ પત્ર મળતાં પંદર દિવસની અંદર આપણી જ્ઞાતિની સભા બોલાવી આ મારૂં રાજીનામું આપે રજુ કરવું અને જ્ઞાતિના એક સભ્ય તરિકેની સર્વ જવાબદારી અને અધિકારોથી મને મૂક્ત કરવો. જો ઉપર જણાવેલ મુદત સુધીમાં મારૂં રાજીનામું મંજુર કરવામાં નહિં આવે તો જાહેર જનતાને જાણ કરવા ખાતર આ પત્ર મારે છાપાઓમાં પ્રગટ કરવો પડશે અને હું તે દિવસથી મારી જાતને જ્ઞાતિને લગતા સર્વ બંધનોથી મૂક્ત થયેલો ગણીશ.

અહિં સ્પષ્ટ કરવાની જરૂર છે કે આ રાજીનામા સાથે મારા પિતા, ભાઈ કે અન્ય વડિલોને કશો પણ સંબંધ નથી અને તેથી આ પત્ર આપને મળે ત્યારથી પંદર દિવસ બાદ હું જે કંઈ કરૂં તેની સર્વ જવાબદારી અને જોખમદારી મારે એકલાને શિર રહે છે.

મુંબઈ,
તા. ૬-૨-૩૪.

પરમાનંદ કુંવરજી.

ગમ્મદા વાદ્દનો—પત્ર

ભાઇશ્રી:—

હુતાશણીના ધૂપધાન પછી સાધુ સંમેલનના મંગળા ચરણ તરીકે શ્રી નેમિસૂરિ, શ્રી સાગરાનંદજી, શ્રી લબ્ધિસૂરિ વિગેરે મોટા બીરૂદધારીયો બેન્ડ, સરણાઇઓ ને સાંબેલાના હાકમાર ભરેલા સામૈયાથી નગર પ્રવેશ કર્યો, ત્યારે શ્રી વિજય વલ્લભસૂરિ અને શ્રી નીતિસૂરીશ્વરજીએ કોઇ જાતના આડંબર વિના નગર પ્રવેશ કર્યો આથી જૈન અને જૈનેતર સમાજમાં કંઇક ચર્ચાનો વિષય થઇ પડયો. લોકો તો પચરંગી, એટલે જેને જેમ ફાવે તેમ ફેંકે રાખે છતાં સમજુ માણસો એટલું તો કબૂલ કરતા કે કેશરીયાજી તીર્થના પ્રશ્નને ગંભીરસ્વરૂપ પકડવાથી શ્રી શાન્તિસૂરિ જેવા અણસણ વ્રત આદરે અને આ સૂરિઓ આવા આડંબરને ઉત્તેજન આપે તે તેમના માટે શરમાવનારૂં તો ખરૂંજ?

જેઓ પોતાના એક દિવસના દીક્ષિત સાધુને ગમે તેવા લાયક સાધુને પણ વંદન કરવાનો વિરોધ કરતા તે આજે પોતાની પાર્ટી મજબૂત કરવા દરેક સ્થળે પોતાના શિષ્યોને વંદન કરવા મોકલે છે એપણ મુત્સદ્દીજ પણને?

પાલીતાણા આવૃત્તિ જેવો કંઇક છાણીમાં કિસ્સો બનતાં સાગરજી અને એમના શિષ્યોની વચમાં અરસપરસ મેથીપાકની લહાણી થતાં સાગરજીના પ્રધાન શિષ્ય ચન્દ્રસાગરજી બેંગણીસ શિષ્ય સાથે જુદા પડી અત્રે ઝાંપડાની પોળમાં ઉતર્યા છે ત્યારે ગુરૂજી નેમિસૂરિ સાથે પાંજરાપોળના ઉપાશ્રયે ઉતર્યા છે. છતાં ગુરૂજીએ એવું ષડયંત્ર ગોઠવ્યું છે કે ચન્દ્રસાગર પેલું પ્રખ્યાત પ્રકરણ સંમેલનમાં ન ઉપાડે. છતાં ભણકારા એમ સંભળાય છે કે વખતે એ ષડયંત્ર બુઠ્ઠા શસ્ત્ર જેવું નિવડે તો નવાઇ નહિ.

સાધુ સાધ્વીઓની પધારામણી શ્રીફળપતાસાંની પ્રભાવના, સામૈયાના જલસા, માલમીષ્ટાન્ન ઉડાવવાની મજા—વિ—આવી ધમાધમ નિહાળી બિચારા ગભરૂ જેવા બાળજીવો તો ચોથા આરાની સરખામણીની વાતો હાંકે રખે છે. એમને એ થોડીજ ખબર છે કે ચોથો આરો કેવો હતો! તેના માનવી કેવાં સરળ હતાં! એ તો એકે બીરદાવલીની શરૂઆત કરી કે પછી પૂછોજમાં. ખુશામતખોરોનો સ્વભાવજ એવો હોય છે.

એકયમાંજ જેઓ ઉન્નતિ સમજે છે તેઓને ઘણા ભાગે માનાપમાન સ્પર્શી શકતા નથી એટલે શ્રી વિજયદાનસૂરિના આમંત્રણને માન આપી શ્રી વિજયવલ્લભસૂરિ તેમના બે શિષ્યો સાથે મળવા ગયા અને અર્ધી કલાક સુધી ખાનગી મંત્રણા ચાલ્યા બાદ સમાધાનના પ્રથમ પગલાં તરીકે બન્ને જણે સાથે મળીને સંમેલનમાં જવું એમ નક્કી કરી વિખુટા પડયા. વાત વાયરો લઇ ગયો, અને સમાજ જાણે મહા વિજય થયો હોય તેમ આનંદમાં આવી ગયો પણ તે આનંદ ઘડીનોજ રહ્યો. શ્રી દાનસૂરિ તો પોતાની ટુકડી જમાવીને સંમેલનમાં પહોંચી ગયા એટલે જે મંત્રણા માટે શુભ પરિણામની આશા રખાતી હતી તે હાલમાં ધૂળમાં મળી છે એમ લખું તો ખોટું નહિં.

જે ઘડીની કાગના ડોળે રાહ જોવાતી હતી તે ફાગણ વદી ૩ તો મધ્યાન્હનો વખત થતાંજ જેમ કોઇ મોરચા માંડવા અથવા કિલ્લો સર કરવા લશ્કરી ટુકડીઓ કૂચ કરે તે મુજબ જુદી જુદી ટુકડીઓએ મંડપ તરફ કૂચ કરી હતી તેમાં પહેલી ટુકડી શ્રી નેમિસૂરિ અને શ્રી સાગરાનંદની તો પહેલેથીજ ત્યાં જઇને બીરાજી હતી, બાદ પગથીયાના ઉપાશ્રયેથી બીજી ટુકડીમાં શ્રી વિજયલબ્ધિસૂરિ, શ્રી વિજયદાનસૂરિ અને વિજયકનક સૂરિની ટુકડી ડહેલાના ઉપાશ્રયથી પાસેજ થઇને મંડપ તરફ ગઇ હતી. જ્યારે ત્રીજી ટુકડી ડહેલાના ઉપાશ્રયે એકત્ર થઇ મંગલાચરણ કરી શ્રી વિજયનીતિસૂરિ. શ્રી વિજયવલ્લભસૂરિ વિ—ની હતી અને ચોથી શ્રી ચન્દ્ર સાગર વિ—ની હતી. આમ ચાર ટુકડીમાં વહેંચાયેલા સાધુઓ સંમેલનના મંડપમાં પધાર્યા.

અમારા નગરશેઠ, અને અમારા સંઘના સંઘપતિના બંગલાના કમ્પાઉન્ડમાં (જેને નગરશેઠનો વંડો કહેવામાં આવે છે) સાધુ સાધ્વી અને શ્રાવક શ્રાવિકા મળી લગભગ સાતથી આઠ હજાર માણસો બેસી શકે તેવો ભવ્ય મંડપ ઉભો કરવામાં આવ્યો છે, અને તેની બાજુમાં એક નહાનો પણ મનોહર, સુંદર રીતે શણગારેલો, મુનિવરો માટે મંડપ ઉભો કરવામાં આવ્યો છે. તેમાં બાનગી મંત્રણાને અંગે ત્રણ ઓરડીઓની ગોઠવણ કરવામાં આવી છે, સાથે પહેલા દીવસની બેઠકમાં મોટા મંડપની અંદર ચતુર્વિધ સંઘની હાજરીમાં બે કલાક સ્નાત્ર વિધિ કરીને મુનિવરો એમના મંડપમાં દાખલ થયા બાદ મંડપના દ્વાર ઉપર રાખેલ પડદા નાખી દઇ મુનિ મંડપ બંધ કરવામાં આવેલો, એટલે બંધ બારણે બાનગી મંત્રણાઓ ચાલી છતાં છાપાના ભૂત કાંઇ છાના રહે? તેણે તો બીજેજ દિવસ પ્રભાતમાં વિગતવાર નામ સાથે છાપી માર્યું. એટલે રૂદ્ધિ ગ્રસ્ત મુનિવરોમાં ખળભળાટ થયો અને સમ્રાટ સૂરિના ઉતારે શ્રી રામવિજયજીએ જઇને નગરશેઠને બોલાવી સંમેલનની કાર્યવાહી છાપાઓમાં આવવા માટે ફરિયાદ કરી પરંતુ નગરશેઠે રોકડું પરખાવી દીધું કે ચારસો સાધુઓમાં કોનો હાથ પકડું? અને તે છાનું પણ કેમ રહી શકે?

પહેલા દિવસનાં કામકાજથી લોકોમાં નિરાશાએ સ્થાન લીધું હતું અને લોકો અનેક શંકા કુશંકાઓ ઉઠાવતા પરંતુ બીજા દિવસે બહોંતેર પ્રતિનિધિઓની વિષય વિચારણી સમિતિ નિમતાં લોકોમાં કંઇક શ્રધ્ધા બેઠી છે. છતાં નાવતો ગોકા બાકીજ છે.—**લી. નવનીત**

પામરની પામરતા.

કેસરીયાજી તીર્થની ઉભી થયેલી ગંભીર પરિસ્થિતિ અંગે આચાર્ય શાન્તિસૂરિએ આત્મભોગની વેદીપર ઉપવાસ આદરેલા, તે અંગે અભિનંદન દર્શાવવા સાધુ સંમેલનમાં ઠરાવ મૂકાયો, આ ઠરાવ શ્રી રામવિજયને ખૂબ ખૂંચ્યો. તેથી શાસ્ત્રના ઓઠાં નીચે ઝનુની હુમલો કરતાં કહે છે કે "શાસ્ત્ર વિરૂધ્ધની વાતો સાંભળી મારી છાતીમાં ખંજર ભોંકાય છે.

વાત વાતમાં શાસ્ત્રની વાતો કરી ભોળી જનતાને ભમાવનારની મનોદશા આ પ્રસંગે ખૂલ્લા સ્વરૂપમાં ઉઘાડી પડે છે. આત્મ કલ્યાણની સાધના અર્થે અનંત મુનિવરોએ અણસણ કર્યાનું ઇતિહાસ કહે છે. સંઘ ઉપર આફતો આવતાં અનેક મુનિવરોએ હથિયાર પકડયાના, સંઘ અને તીર્થો માટે ભોગ આપ્યાનાં ઉદાહરણો મળે છે. આથીજ પૂર્વાચાર્યોએ—તે મહાપુરૂષોના ગુણાનુવાદ ગાયા છે. જ્યારે વર્તમાન કાળમાં એક મુનિવર તીર્થ રક્ષા અંગે આત્મભોગની વેદી ઉપર ઉપવાસ આદરે ત્યારે આ મહાપુરૂષ(!) ની છાતીમાં ખંજર ભોંકાય છે, એ પામરની પામરતા નહિ તો બીજી શું? કમજોરીના પ્રભાવે એ રસ્તે ન જઈ શકીએ, પણ જનારની પ્રશંસા બદલે પીઠ પાછળ હિચકારા હુમલો. એ તો અવધીજ ગણાય.

જેને ગુજરાતમાં પડી રહી આછાં મુલાયમ વસ્ત્ર પહેરવાં છે અને અનેક સ્વાદ કરવાછે, તે બિચારા પામર મનુષ્યો બલીદાનની શી કિંમત કરી શકે! તે તો તેને ઉતારીજ પાડે ને! સાચા ત્યાગીઓથી આ અંગે ઉદાસીનતા સેવાયજ નહિ અને સેવે તો ત્યાગના મૂલ્ય ઘટે.

મેં શું જોયું?

નથ્થુભાઇ સૂરિ.

વિશાલ સામયાનો બંધાયો હતો, એક પછી એક ટુકડી આવી રહી હતી, સાધુઓને માટે ખાસ મંડપ બાંધવામાં આવ્યો હતો, અને તેમાં નગરશેઠના હુકમથી એક પછી એક ટુકડી પેલા મંડપમાં જઇ રહી હતી. બધા ગયા એટલે ચારે તરફથી પડદા નાંખી દેવામાં આવ્યા હતા. અંદર બધા ગોઠવાયા અને મૌન પથરાયું. એક બીજા એક બીજાના મોઢા સામે તાકી રહ્યા હતા, માટીનાં પૂતળાંઓને એક ઓરડીમાં પૂર્યાં હોય તેવી સ્થિતિ હતી. લગભગ વીશેક મીનીટ આમ પસાર થઇ અને એક પંન્નાખી આવાએ પોતાનું પ્રવચન ઉભા થઇને શરૂ કર્યું. શ્રમણો! આપણે દૂર દૂરથી અહિં આવ્યા છીએ તે મૌન રહેવા માટે નહિ. આપણે કાર્ય કરવું છે, માટે કાર્યની શરૂઆત કરવી જોઇએ. ત્યા તો સામી પાર્ટીના એક સાધુ બોલ્યા કે એમને બોલો. પેલા આવાજી બોલ્યા કે મહાત્માઓ! હું આપ બધાનાં દર્શન કરવા ઉભો થયો છું, મને દર્શન કરવા દો. ત્યાર પછી એક ટિપ્પણી મૂર્તિ હું ન ભૂલતો હોઉં તો સૂરીશ્વર અને સમ્રાટના કર્ત્તા ઉભા થયા અને કહ્યું કે અમારા દેહગામના રૂપમાં લગભગ વીશેક સમુદાયોએ ભાગ લીધો છે, અને તેઓએ અમુક ઠરાવો કર્યા છે તે આપની સમક્ષ હું મૂકું છું. તેમાં પહેલો ઠરાવ એ છે કે "કેસરીયાજીના સંબંધમાં આચાર્ય શ્રી શાન્તિસૂરિજીએ જે અણસણ વ્રત આદર્યું છે તેને આ સંમેલનનો પ્રસ્તો ટેકો છે અને પોતની સહાનુભૂતિ જાહેર કરે છે. જો કે મૂળ ઠરાવ આ હતો કે નહિ તેની મને માહિતી નથી, પણ તેનો ભાવ આજ હતો એમ હું છાતી ઠોકીને કહી શકું છું. આ ઠરાવ માટે શ્રમણોમાં ખૂબ ઉહાપોહ થયો, કેલાહલથી આખોયે મંડપ ગાજી ઉઠ્યો અને એક ટિપ્પુજી કે જે પ્રવચનકાર કહેવાય છે, તેઓએ કહ્યું કે ઠરાવ થાય તેની હરકત નથી, પણ બધું શાસ્ત્રીય રીતે થવું જોઇએ. આપણી સમક્ષ જે ઠરાવ મૂકવામાં આવ્યો છે, તે શાસ્ત્રસંમત છે કે નહિ તેની તપાસ થવી જોઇએ. ત્યારે ફરી પાછા પંન્નાખી ઉભા હાથ જોડવા ઉઠ્યા અને કહ્યું કે શ્રમણો આપણે ઝીણી બાબતમાં શાસ્ત્રની વાત કરીશું તો આપણો પત્તો ખાશે નહિ. વળી અહિં આપણે બધા શાસ્ત્રાર્થો કરવા ભેગા મળ્યા નથી. શાસ્ત્રાર્થોજ જો કરવા હોય તો અમને પહેલેથી સૂચના આપવી જોઇતી હતી, પણ અમને તેવી સૂચના મળી નથી. ત્યાં પુનઃ ટિપ્પણખોર વ્યકિત ઉભી થઇ અને કહ્યું કે જ્યારે કેસરીયાજી તીર્થ જઇ રહ્યું છે અને શાન્ત્યાચાર્યજી અણસણ કરીને બેઠા છે ત્યારે આગમોના પોથાની વાત થઇ રહી છે, બહુજ અફસોસની વાત છે. ત્યાં સભામાંથી અવાજ ઉઠ્યો કે આવા કેટલાક સ્વચ્છંદી અને સ્વેચ્છાચારી શિથિલ સાધુઓ આગમોને પોથા કહે છે, માટે પોથા શબ્દ પાછો ખેંચાવો. ત્યાં બીજી તરફથી કોઇ બોલ્યું કે સ્વેચ્છાચારી અને સ્વચ્છંદી શબ્દ પાછો ખેંચાવો. આમ જાણે પાણીપતનું મેદાન કેમ ન બનતું હોય તેવો દેખાવ થઇ રહ્યો હતો. ત્યાં પાછો આ નિર્યાયક ટોળામાં કોલાહલ થયો અને પંન્નાખી આવા બન્ને પાર્ટી તરફથી શબ્દો પાછા ખેંચવા લાગ્યા અને કહ્યું કે હવે આપણું કાર્ય આગળ ચાલવું જોઇએ. ત્યાં પેલા છીંકણીનો સડાકો લેતા અદ્ધી હાથના આગમોધ્ધારક બોલ્યા કે રામવિજયજી કહે છે કે એ શાસ્ત્ર સંમત છે કે નહિ?

સમસ્ત અમદાવાદ શહેરમાં આ વાત પ્રસરી ગઇ અને શાસ્ત્ર સંમત છે કે નહિનો મેનીયા અને મેનીન જાઇટીશનો રોગ એમ બંન્ને વ્યાપક બન્યા. કોઇ બે સાધુ સંમેલનમાંથી ઉપાશ્રયે જતા હતા. રસ્તામાં પેશાબ લાગવાથી મૂતરડીમાં પેઠા.ત યાં શંકાને નાબૂદ કરી બહાર નીકળ્યા, કોઇ અમદાવાદીએ જોયા. એ સાધુઓ વિદ્યાશાળામાં ગયા અને પેલાએ બીજા દિવસે રામજી મહારાજને પૂછ્યું કે મહારાજ સાધુઓ મૂતરડીમાં મૂતરે એ શાસ્ત્ર સંમત છે કે નહિ? આપ આ લાકડાનાં ડાંડા રાખો છો એ શાસ્ત્ર સંમત છે કે નહિ? જવાબમાં પેલા અમદાવાદીને બે લપડાક મળી. કોઇ બે દોસ્તારો સાથે જતા હતા. એકને ઇચ્છા થઇ જાજરૂ જવાની, બીજા મિત્રે કહ્યું કે તું જાજરૂ જાય છે એ શાસ્ત્ર સંમત છે કે નહિ? અમદાવાદ શહેરના માણેકચોકમાં એક માણસનું બીસ્કું કતરાયું. ચાર પાંચ કેસરીયા ચાંલ્લા ભેગા થયા અને વિચારવા બેઠા કે આ શાસ્ત્ર સંમત છે કે નહિ? તેમાંથી એક જણે કહ્યું કે પૂછો રામવિજયજીને. રવિવારના પોરમાં હજુ તો દાંતણ થતાં હતાં ત્યાં દોશીવાળાની પોળમાં એક સાધુ તરપણી લઇને નિકળ્યા અને કોઇએ પૂછ્યું કે મહારાજ આ રવિવારના નિકળવું એ શાસ્ત્ર સંમત છે કે નહિ! અહિંથી બે માઇલ દૂર સાબરમતીને તીરે શુધ્ધ સ્થંડીલ ભૂમિ હોવા છતાં અહિં વાડાઓમાં સ્થંડિલ જવાય છે એ શાસ્ત્ર સંમત છે કે કેમ? નહાના નહાના સાધુઓ જોડે જે અકુદરતી કાર્યો થાય છે એ બધાં શાસ્ત્ર સંમત છે કે નહિ? કોઈ કેકાણે લગ્નોત્સવ ઉજવાઈ રહ્યો હતો. શ્રિખંડ અને પૂરીનું જમણ હતું. એક માણસે શ્રિખંડની ત્રણ વાટકી ઉડાવી અને ચોથી વાટકી લેવાની તૈયારી કરતો હતો ત્યાંજ કોઇએ કહ્યું કે ભાઇ એ શાસ્ત્ર સંમત છે કે નહિ? કોઈ બે ભાઇઓ લડતા હતા તેમાં ત્રીજા માણસે આવીને કહ્યું કે, ભાઇઓ સબૂર? આ બધું જે થાય છે એ શાસ્ત્ર સંમત છે કે નહિ તેની પહેલાં તપાસ થવી જોઇએ. પણ ત્યાર પહેલાં તો પેલાનો લમણો રંગાઈ ગયો હતો, કોઈ માણસના ઘરમાં ચોર પેઠો હતો. સ્ત્રીએ પુરૂષને કહ્યું કે સાંભળો છો કે આ પેલો તમારો કાકો પેઠો છે, તે આખુંય ઘર ખૂંદીને સાફ કરી નાંખશે. પુરૂષે કહ્યું કે સબૂર કર, પહેલાં એ તપાસવા દે કે ચોર પેઠો છે એ શાસ્ત્ર સંમત છે કે નહિ? કોઈ ભાઈ બીમાર પડયા હતા કોઇએ કહ્યું કે વૈદ્યને બોલાવો, પહેલાએ કહ્યું કે શાસ્ત્ર સંમત છે કે નહિ? કોઇએ કોઈ મુનિને પૂછ્યું કે મહારાજ, તમે આ આલીશાન મકાનમાં ઉતરોછો, ષટ્રસ યુક્ત ભોજન કરો છો, દિવસના ચાર ચાર વખત આહાર થાય છે, કબાટોના કબાટો તમારા નામે ખડકાય છે, એ બધું શાસ્ત્ર સંમત છે કે નહિ? આમ શાસ્ત્ર સંમતનું પૂરાણ ચાલી રહ્યું હતું અને શ્રમણોની મૂરખાઈ ઉપર ગામ હસી રહ્યું હતું. અપૂર્ણ.

પબ્લીક દાનધર્મ બ્યુરો.

લે. વિમળભાઇ મૂળચંદ વૈરાટી.

જૈન સમાજમાંથી વરસ દિવસે લાખો રૂપીયા દાન ધર્મને નામે ખર્ચાય છે, છતાં જૈન સમાજમાં એવી કોઈ સંસ્થા નથી કે જ્હેને દર વર્ષે દાન માટે સમાજ પાસે અપીલ બહાર ન પાડી હોય. તેનાં કારણો તપાસતાં જણાય છે કે આજે દાન કરનારને કઇ સંસ્થા કે કયા ખાતામાં કેટલી જરૂર છે, તેની પૂરતી માહિતી નથી. બીજું કોઇ ગૃહસ્થ તરફથી દાન માટે કંઈક રકમ કાઢવામાં આવે છે ત્યારે તે ગૃહસ્થ જેતે લાગવગ ધરાવનાર વ્યક્તિના હસ્તક જે સંસ્થા હોય છે તેમાં જરૂર હોય કે ન હોય છતાં એ રકમનો મોટો ભાગ લઇ જવામાં આવે છે, અને જરૂરીયાતવાળી બીજી સંસ્થાઓ રહી જાય છે, તે રકમમાંથી તેને કશું મળતું નથી. આમ સમાજમાં અનેક સંસ્થાઓ જન્મે છે અને દ્રવ્યના અભાવે ટૂંકું જીવન જીવી મરણ પામે છે.

સમાજ પાસે કેટલાયે કેળવણી ફંડો છે. રોગાતરશીયો અને આરોગ્ય માટે એવાં અનેક છૂટા છવાયાં ફંડો છે. એ બધાં ફંડોની વ્યવસ્થા એકજ સંસ્થા મારફતે થવાની આવશ્યકતા છે. એ સંસ્થા મધ્યસ્થ અને સમાજમાં સર્વ માન્ય જોઇએ. જૈન સમાજમાં તેવી પ્રતિહિત સંસ્થાઓનો ટોટો નથી. તેવી એકાદ સંસ્થાદ્વારા. એક વગદાર કમીટી નીમીને પબ્લીક દાન ધર્મ બ્યુરો ખોલાય અને તે પ્રત્યેક સંસ્થાની પૂરતી તપાસ કર્યા પછી કઇ સંસ્થાને કેટલા પૈસાની જરૂર છે, તે કોઇ પણ જાહેર પેપરદ્વારા આમ જનતાને વારંવાર જાહેર કર્યા કરે. તપાસ પણ ખાતાવાર જાહેર કરે. દાખલા તરીકે જ્ઞાનખાતામાં પૈસાની આવશ્યકતા હોય તો જે ભાઇને એ ખાતામાં પૈસા ખરચવાના હોય તેને સુભીતા પડે. આમ પ્રત્યેક ખાતાઓની વિભાગવાર જાહેરાત કર્યા કરે તો જ્હેને જે ખાતામાં પૈસા ખરચવા હોય એ પૈકી જેમાં પૈસાની આવશ્યકતા હોય તેમાં આપે. આમ દરેક સંસ્થાઓને બહુ સારી રીતે પોષણ મળી શકે અને અપીલ બહાર પાડવાની જરૂરત રહે નહિ. બીજી રીત એ છે કે કયા ભાઇને કયા ખાતામાં કેટલા રૂપીઆ ખરચવાના છે તેની તપાસ કરી તે તે ખાતાઓનું લીસ્ટ તે ભાઈ ઉપર મોકલી આપે અને સાથે કમીટી જે ખાતામાં પૈસાની જરૂરત હોય તે માટે નોંધ પણ કરે કે હાલ આ સંસ્થાને પૈસાની જરૂર છે. પછી તે ભાઇને જે શરતે નાણાં ખરચવાં હોય તે રીતે કમીટી તે દ્રવ્યનો ઉપયોગ કરે. તે શિવાય સમાજને જરૂરી કેટલાયે ખાતાં હજુ અસ્તિત્વમાં આવ્યાં નથી. દાખલા તરીકે બેકાર જૈનો માટે 'રાહત ફંડ' નથી. આ ખાતું ખોલવાની ખાસ જરૂર છે. વિધવા બ્હેનોને માટે આજીવિકા પૂરતું સાધન અને કેળવણી ફંડ પણ ખોલવાં જોઇએ અને તે દ્વારા હુન્નર ઉદ્યોગને કેળવણી અપાવવી જોઇએ. કમીટી એ માટે પ્રયત્ન કરે, પ્રત્યેક શહેર અને ગામોમાં પોતાની શાખા ખોલે અને જેમ બને તેમ તે કમીટી વ્યાપક બને તો આજે લાખો રૂપીયા જે નિરર્થક વેડફાઇ જાય છે, દાન ધર્મને નામે હજારો રૂપીયાનું પાણી કરવામાં આવે છે, કલેશ કંકાશ અને બીભત્સ સાહિત્ય માટે નાણાં ફાજલ પાડી શકાય છે, તેને સ્થાન નહિ રહે અને દરેક સંસ્થાઓ બહુજ સુંદર રીતે સુવ્યવસ્થિત બની શકશે. નાણાં ખર્ચનાર દાતેશ્વરીઓનો ઉદ્દેશ ફળીભૂત થશે. સમાજ આ મ્હારી નહાનકડી સૂચના ઉપર ધ્યાન આપે એ જરૂરી છે.

વર્તમાનિક :—

વડોદરા:—મહિલા સમાજના આશરા નીચે જૈન બ્હેનોની એક સભા સૌ. હિરાકોર બ્હેન પ્રાણલાલ ડૉકટરના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં પાંચ ઠરાવો પાસ થયા હતા.

૧. શાન્તમૂર્તિ શ્રીહંસવિજયજીના અવસાનથી શોક પ્રદર્શીત કરનારો. ૨ કેશરીયાજી તીર્થ અંગે ઘટતું કરવા વડોદરાના સંઘને વિનંતિ કરનારો, ૩ શાન્તમૂર્તિ શ્રી શાન્તિવિજય આચાર્યના અણસણથી ફાગણ વદિ ત્રીજે અણસણ દિન ઉજવવો અને તપ જપ અને, ધ્યાન કરવા અંગે. ૪ કેશરીયાજીનો નીકાલ ન આવે ત્યાં સુધી કેશરીયાજી ન જવાનો, વિ. બાબત સંઘને વિનંતિ કરનારો. ૫ કેશરીયાજી તીર્થ અંગે ન્યાય માગવા રાણાને વિનંતિ કરનારો.

શ્રા જૈન યુવક સંઘની સભા તા. ૨૫ મીએ મળી હતી અને ઉપરોક્ત મતલબના ત્રણ ઠરાવો કરવામાં આવ્યા હતા.

પાટણ :—શ્રી પાટણ જૈન યુવક સંઘની બાંહેધરી નીચે જૈનોની એક જાહેર સભા નગરશેઠ કેશવલાલ અમરચંદના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં શાન્તમૂર્તિ શ્રીમદ્ હંસવિજયજી મહારાજશ્રી, શ્રીમાન મોહનલાલ મોતીચંદ અને ભાઈ શ્રી જેઠીંગલાલ બાપુલાલના અકાળ અવસાનથી શોક પ્રદર્શીત કરનારા ત્રણ ઠરાવો સર્વાનુમતે પાસ કરવામા આવ્યા હતા.

રાધનપુર :—નાગરદાસ પૂંજમલ પ્રકરણે પાછો પડ્યો ખાધો છે. નાગરદાસ ભાઈ જેવા વૃધ્ધને પરણાવી દેનારા દલાલો પાછા કન્યાની ગોઠવણ કરવાના કામે લાગી ગયા છે. તેઓ એક બાળકીનો ભવ બગાડવાના બૂરા કામમાંથી ખસી જાય તો સારૂં. સાગર ગચ્છના વહીવટ માટે લોકમાં બહુજ અફવાઓ ચાલે છે. આગલા વહીવટ દરમિયાન સોના ચાંદીની પાટો ગૂમ થયાની વાતો બહાર આવી છે છતાં હજુ બીન બંધારણેજ વહીવટ ચાલે છે. એ બંધારણસર વહીવટ જોવા રાધનપુરની જનતા ઇચ્છી રહી છે,

અમદાવાદ :—સંમેલનનું નાવડું તોફાનમાં સપડાયું છે. હજુ કોઇપણ રાહ નક્કી થયો નથી, અંધારામાંજ ફંફાયા કરે છે. દશ દશ દહાડાઓ વિતવા છતાં હજુ કંઇપણ ઠરાવ ઉપર આવ્યું હોય તેમ જણાયું નથી. સાધુઓના સેંકડો ઠરાવો મુનિ સંમેલન ઉપર ગયા હતા; એ ઠરાવોમાંથી દશ કે અગ્યાર ઠરાવો ચૂંટી બાકીના ઠરાવો શ્રી નેમિસૂરિજી મહારાજે ફગાવી નાંખ્યા છે. શ્રાવક સંમેલન બોલાવવાની બાબત તો હજુ અધ્ધરજ લટકે છે કારણ કે જ્યાં સુધી સંમેલન કોઇપણ જાતના નિશ્ચય ઉપર આવે નહિ ત્યાં સુધી શ્રાવક સંમેલન નિરર્થક છે.

અત્રેના જાણીતા આગેવાન શેઠ મૂળચંદ આશારામ વૈરાટીનાં પુત્રી પ્રિયદર્શનાનાં લગ્ન શેઠ મોહનલાલ હેમચંદ ચકલીના પૌત્ર ભાઇ કાન્તિલાલ સાથે કરવામાં આવ્યાં છે. બ્હેન પ્રિયદર્શનાએ ઉંચી કેળવણી લીધી છે.

બીજું વડોદરાના સુપ્રસિધ્ધ ઝવેરી ઉમાભાઈ લીલાભાઈના લઘુ બંધુ રાવજીભાઇના નામથી ઓળખાતા સુરેન્દ્રભાઇના લગ્ન શેઠ કાલીદાસ ઉમાભાઈ ઝવેરીના સુપુત્રી બ્હેન સુલોચના સાથે કરવામાં આવ્યાં છે. આ લગ્ન પરસ્પરની સંમતિથી થયાં છે. ભાઇશ્રી સુરેન્દ્ર ગ્રેજ્યુએટ છે અને બ્હેન સુલોચના પણ સારી કેળવણી પામેલાં છે. આમ બન્નેનો મેળ સમાજને સારી શાશા આપે છે. અમે ઇચ્છીએ કે આ બન્ને લગ્નો સુખરૂપ નિવડો

સામાન્ય અધિવેશન :— જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું સામાન્ય અધિવેશન એપ્રીલની અધ્યવચમાં ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે. અને તેને માટે એક કમીટી નીમવામાં આવી છે.

વેપારી કેળવણીની યોજના.

લે. ચિ. દ. શાહ.

આપણો જુનો વેપાર સ્થાનીક સંજોગો પર આધાર રાખી ચાલતો હતો. તે ચલાવવામાં આજના જેવી ગુંચવણ પહેલાં ન હતી આજનો વેપાર સ્થાનિક સંજોગો ઉપરાંત આંતરરાષ્ટ્રીય સંજોગો પર ખૂબ આધાર રાખે છે અને તે ઉપરાંત તે વેપારના વિકાસ માટે તેણે અનેક પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે, અનેક ગુંચવણ ભરી સ્થિતિ ઉભી કરી છે. આપણો હાલનો વેપાર વિકસાવવો હોય, આપણા હાથમાંથી સરી પડેલ વેપાર પાછો આપણા હાથમાં લેવો હોય તો આપણે આજની પધ્ધતિનું વેપારી શિક્ષણ લીધેજ છૂટકો છે; આ પરિસ્થિતિમાંથી વેપારી શિક્ષણની યોજનાનો જન્મ થાય છે.

આજના યુગમાં અંગ્રેજી ભાષા એ વેપારમાં ખાસ જરૂરની છે તે કારણે અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન તથા વેપારી પત્ર વ્યવહાર પણ અંગ્રેજીમાં આવડતો હોય તોજ આંતર-રાષ્ટ્રીય વેપાર કરી શકાય. તે કારણે અંગ્રેજી ભાષાનું વ્યાકરણ, નિબંધ, પત્ર વ્યવહાર, ટૂંક નોંધ અને સામાન્ય અંગ્રેજીનો અભ્યાસ ફરજીયાત કરવો જોઇએ. આ ઉપરાંત સ્થાનિક વેપાર માટે આપણી પ્રાંતિક ભાષા અર્થાત ગુજરાતી અને દેશના વેપાર માટે હિંદી ભાષાનું પણ અંગ્રેજીની માફક પૂરતું જ્ઞાન હોવું જોઇએ આ કારણથી વેપારી શિક્ષણના અભ્યાસ ક્રમમાં અંગ્રેજી, ગુજરાતી અને હિંદી એ ત્રણે ભાષાને પુરતું સ્થાન આપવુંજ જોઇએ.

વેપારમાં ગણત્રીની વારંવાર જરૂર પડતી હોવાથી આંક, લેખાં અને ગણિત એ વિષય વિના વેપારી શિક્ષણ નભેજ નહિ એટલે એ વિષયનું રસપ્રદ શિક્ષણ વેપારી શિક્ષણની યોજનામાં હોવુંજ જોઇએ.

રાજ્ય બંધારણ એ પણ વેપારમાં અગત્યનો ભાગ ભજવે છે, સ્વતંત્ર દેશો પોતાના રાજ્ય બંધારણના પ્રતાપે પોતાના અનેક ઉદ્યોગો, વેપારી વહાણવટું, વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપાર વધારવા શું શું કરી શકે છે તેનો અભ્યાસ કરવા તથા પરતંત્ર દેશોપર તેનો વિકાસ રૂંધવા શું શું કરવામાં આવે છે તે જાણવા પુરતું આ વિષયનું અભ્યાસ ક્રમમાં સ્થાન છે. હિંદના રાજ્ય બંધારણનું પુરું જ્ઞાન અને બ્રિટીશ પાર્લામેન્ટનું તથા સામ્રાજ્યના બીજા દેશોમાં કેવાં બંધારણો છે તેનો ટૂંક ખ્યાલ આપ્યા વિના વિદ્યાર્થીઓ આપણા ઉદ્યોગ, વેપાર, વહાણવટા આદિની પ્રગતિ કેમ સધાતી નથી તે સમજી શકે નહિ તેથી તેનું સ્થાન વેપારી શિક્ષણમાં હોવુંજ જોઇએ.

ગુજરાતી અને અંગ્રેજી એ બે પ્રકારના નામાને તો વેપારી શિક્ષણમાં સ્થાન હોયજ તેની કોઇથી ના ન પાડી શકાય; અને તે ઉપરાંત એ બે પ્રકારની પધ્ધતિમાં સમાનતા તથા ભેદ શો છે તે પણ જાણી શકાય તે માટે પણ તેની આવશ્યકતા છે. નામાના જ્ઞાન વિના વેપાર કરવો કે વેપારીને ત્યાં નોકરી કરવી એ અશકય છે. રોકડ રકમની આપલે, માલનો વિનિમય, આવક અને ખર્ચનાં જુદાં જુદાં ખાતાં, તે સર્વની ઉપયોગિતા, જમાખર્ચી હવાલા અને કાચાંપાકાં સરવૈયા આદિ કેમ લખી તૈયાર કરવાં એ તો જાણવુંજ જોઇએ. આમાં પણ અંગ્રેજી નામાનાં જે અંશ ઉપયોગી હોય તે ગુજરાતી નામામાં આ મેળવવામાં આવે તો તે વિશેષ મદદરૂપ થાય તેમ છે. માટેજ વેપારી શિક્ષણની યોજનામાં આ વિષયો તો હોયજ.

વેપારી ભૂગોળ અને વેપારનાં મૂળ તત્વો વિના તો ચાલેજ નહિ. વેપાર એટલે વસ્તુઓની લેવડ દેવડ—વિનિમય; આમ હોવાથી દેશ દેશની વસ્તુઓની નિપજ, વપરાશ, આયાત, નિકાશ, આ સર્વનાં કારણો દરેક દેશોના ઉદ્યોગો સંબંધી, માહિતી, તેના વિકાસ માટેની જરૂરિયાતો કે તેમાં વિઘ્નરૂપી કારણો, દેશની ખેતી, વેપાર અને ઉદ્યોગના વિકાસ માટે રાજ્ય અને પ્રજા શું કરી શકે, તેની અવનતિ માટે કેવા માર્ગો રાજ્ય કે પ્રજા લ્યે, તે સર્વ જાણવાની પણ જરૂર છે; આ ઉપરાંત આજના લાવવા લઇ જવાનાં સાધનો—તાર, ટપાલ, ગાડાં, મોટર, રેલ્વે, સ્ટીમર અને તેના માર્ગો આદિ પણ જાણવા જોઇએ; પરદેશ મોકલવાની વસ્તુઓ અને પરદેશથી આવતી વસ્તુઓ કયે માર્ગે સસ્તી રીતે મોકલી કે લાવી શકાય આ બધા વિષયોની માહિતી ભૂગોળજ આપે.

વેપારનાં મૂળ તત્વોના વિષયમાંથી વેપારીને આવશ્યક ગુણો, જુદી જુદી જાતના વેપાર, ભાગીદારી અને કંપનીના વેપારના વહીવટ, સહકારી સંસ્થાઓ, બેંકો, તેની સાથેની લેવડ દેવડ કેમ કરી શકાય; આયાત–નિકાશના વેપારી પોતાના વેપાર કેમ કરે, પરદેશના માલ કે નાણાં મંગાવવા કે મોકલવા શું કરવું પડે, શેર બજારો અને તેની ઉપયોગિતા; ટ્રસ્ટો, કમ્બાઇનો, પૂલો, રિંગ, કાર્ટેલ આદિ શું છે અને તેણે દેશ પરદેશના વેપારમાં શું ભાગ ભજવ્યો છે વગેરેનું જ્ઞાન આ વિષયમાં હોય છે. આ વિષય વિના વેપારી કામ નજ કરી શકે એટલે આ વિષયનું સ્થાન વેપારી શિક્ષણમાં અગત્યનું છે એટલુંજ નહિં પણ તેમાં વારંવાર દુનિયામાં થતાં ફેરફાર અનુસાર અનુભવથી ઉમેરો કરતા રહેવાની પણ તેટલીજ આવશ્યકતા છે.

અર્થશાસ્ત્ર યાને સંપત્તિશાસ્ત્ર એ આખો માનસ્ શાસ્ત્રનો વિષય છે, મનુષ્યના ઐહિક પ્રશ્નો અને તેના કોયડાઓનું તેમાં પૃથ્થકરણ છે. આ વિષય અગાધ છે. તેની જુદી જુદી શાખાઓ પણ છે. આજના આંતરરાષ્ટ્રીય પ્રશ્નોમાં આર્થિક પ્રશ્નો મુખ્ય છે અને આ આર્થિક પ્રશ્નો કેવી રીતે ગૂંચવાય છે અને તેનો ઉકેલ કેમ કરી શકાય તેજ મુખ્ય બાબતો આમાંથી મળે છે. આપણી મૂળ જરૂરિયાતો, આપણી કાર્ય ક્ષમતાની જરૂરિયાતો, આપણી શોખની જરૂરિયાતો, એ ત્રણે વચ્ચેનો ભેદ, ઉત્પત્તિનાં સાધનો—મૂડી, મજુરી અને જમીન; તેનો પરસ્પર સંબંધ, દરેકની અગત્યતા કેટલા પ્રમાણમાં હોઈ શકે, કિંમતનો સિધ્ધાંત, માંગ અને આવકની વહેંચણી; શરાફી અને બેંકીંગ; આર્થિક પ્રશ્નો અને રાષ્ટ્રીય આવક ખર્ચ, દેશ દેશનાં નાણાં ચલણ આ બધાય પ્રશ્નો ખૂબ ગૂઢ છે અને આંતરરાષ્ટ્રીય વેપારમાં આ બધાય પ્રશ્નો પરસ્પર એટલી અસર કરે છે કે તે આપણે સમજી શકતા નથી. આવા વિષયની વેપારી શિક્ષણમાં ઉપયોગિતા હોય તેની ના નજ પાડી શકાય.

વિચારનાં વહેણ.

લોકમતને માન આપવાનું મહને ઘણીવેળા કહેવામાં આવે છે. લોકાચારે વર્તવાની મહને ઘણીવેળા સલાહ આપવામાં આવે છે અને આ બધું હું નથી માનતો તેથી મહને ઘણા લોકો ગાળો બોલે છે.

આ સલાહો મહને ઓછી સ્પર્શે છે છતાં વિચારતો કરી મૂકે છે. હું ઘણી વેળા વિચારું છું છતાં **લોકમત ને** લોકાચાર શી વસ્તુ છે એ મહને હજુ સુધી સમજાયું નથી.

લોકમત ને લોકાચારના કાંઇ બંધારણ નથી. સંસારના સઘળાં માનવીઓ કોઇ એક માર્ગના પથીક નથી હોતાં. દર બાર ગાઉએ જહેમ ભાષા બદલાય છે તહેમ દર પાંચ પગલે પ્રત્યેક આદમીના રાહ જુદા હોય છે. કોઇપણ એક આદમીનું જીવન જુઓ, એના જીવનના Mile stones જુઓ, એની સિધ્ધાંત માન્યતા અને વર્તન જુઓ, એ તમામ એના પિતાથી, એના કોઇપણ વડિલથી, એના કોઇપણ ગુરૂથી ભિન્ન હશે. અને છતાં એ માણસ લોકમતને, લોકાચારને માન આપવાની વાતો કરતો હશે.

અને હું તો એમ પણ પૂછવા માગું છું કે લોકમત ને લોકાચારનાં કોઈ ચોકકસ માપ બનાવી આ લોકો માનવીને બીજાં બનાવવા માગે છે? એ માને છે શું? જીવનની તમન્ના-ને ચેતનને લોકાચાર ને લોકમતની ચારણીએ ગળી આ સૌ શું જડ બનાવવા માગે છે?

વળી જહે માણસ, પરાપૂર્વથી ચાલી આવતી રૂઢિનો સિધ્ધાંત ભક્ત હોવા છતાં વર્તન જુદું રાખે છે—કારણ કે સમયાધિન બની પલટાયા વિનાનો કોઇ માનવી મહેં જોયો નથી—એને મન લોકાચાર ને લોકમત, તહેના સિવાય બીજાને અનુસરવાની વસ્તુ હોય છે.

આ બધા પછી લોકમત ને લોકાચાર સદૈવ મહને અવગણવા યોગ્ય લાગ્યાં છે.

× × × × ×

આજ રીતે ધર્મ પણ રેવડી રેવડી બન્યો છે. ખાવું તો ધર્મ પ્રમાણે, સૂવું તો ધર્મ પ્રમાણે, બોલવું તો ધર્મ પ્રમાણે, લગ્ન તો ધર્મ મુજબ, વિધુરાવસ્થા પણ ધર્મ મુજબ અને આમ કેટલીક પરંપરાની રૂઢિમાં રહેજે સુધારો કર્યો તો અધર્મ.

બુધ્ધિનાં બાર બંધ થતાં નથી. અને પ્રશ્ન થાય છે ઋષભદેવજી વર્ત્યા તે ધર્મ કે મહાવીરજી વર્ત્યા તે ધર્મ. વલ્લભવિજયજી કહે છે તે ધર્મ કે રામવિજય કહે છે તે કે નેમિસૂરિ કહે છે તે ધર્મ? ધર્મ કયો? કોની રીતે વર્તીએ તો ધર્મી કહેવાઇએ? અને એકની રીતે વર્તતાં બીજો અધર્મી નહિ કહે તહેની ખાત્રી શી?

આમ ધર્મ ને અધર્મ નકકી કરવો મુશ્કેલ છે. તહેની રીત મુજબ જહે નથી વર્તતો તે તમામને દરેકે અધર્મી કહ્યા છે. વલ્લભવિજયજી રામવિજયની રીતોમાં અધર્મ માને છે. રામવિજય વલ્લભવિજયજીને ધર્મવિરોધી મનાવે છે. મહાવીરના અનુયાયીઓ બૌધ્ધ, વૈષ્ણવ, ઈ. તમામ ધર્મોને વગોવે છે. બીજા ધર્મના ધુરંધરો મહાવીરના ધર્મને વગોવે છે, અને અ. બધા વિતંડાવાદમાં ધર્મનો પ્રાણ ફંગોળાય છે ને બુધ્ધિ જરી માનવી બળવાખોર બને છે. અને એની શ્રધ્ધા ઉઠી જાય છે. કોઇક વખત તો શાસ્ત્રો—જહેની કિંમત આ લેખથી વિશેષ કરીજ નથી—ના થોકે થોક કુદી જઇને એ ધ્યાનત વર્ષાવે છે એ માનવી પર કે જહેણે ધર્મ અધર્મનાં દ્વંદને જન્માવ્યાં.

* * * * *

આજ વસ્તુ નીતિ અનીતિમાં પણ છે. આપણી રીતથી ભિન્ન પ્રકારે ચાલનારને અનીતિવાન કહેવામાં આવે છે.

—લોકાચાર, લોકમતને ધર્મની જયમ નીતિ અનીતિનાં પણ ચોકકસ માપ નથી. જુદું બોલવું ઘણા ધર્મધુરંધરો ને પણ આવશ્યક મનાયું છે—ને છતાં એને પ્રાસંગીક નીતિ માનવામાં આવી છે. વ્યભીચાર ને અનીતિના મુખ્યાંગ તરીકે માનવામાં આવે છે છતાં આજના સાધુઓના વ્યભિચાર જગ જાણ્યા છતાં એને નિભાવી લેવાનો ધર્મ મનાય છે. અમદાવાદમાં એકઠા થએલા સાધુઓ તપાસો અને અકુદરતી તે કુદરતી વ્યભિચાર નહિ કર્યો હોય એવા અલ્પાંશ વિના બીજા સાધુઓ નહિ મળે—અને છતાં નીતિવાન ગણાઈ એ બધા આજના ધર્મના રક્ષકો બની બેઠા છે. અને એમના ચારિત્રની વાત કરવામાં પણ અનીતિ મનાય છે.

\+ \+ \+ \+ \+

એટલે લોકાચાર ને લોકમતનો અર્થ એ છે કે નીતિવાન અને ધર્મીષ્ઠ બનવા કરતાં **કહેવડાવવા** તરફ વિશેષ લક્ષ્ય આપવું. જીવનના બે વિભાગ પાડો; એકપર અંધાર પિછોડો બીછાવો, ચોરી કરો ને ગળાં કાપો, વ્યભિચાર કરો ને ગમે તે કરો પણ એ વસ્તુ છૂપી હોવી જોઇએ. કોઇ જાણે ને પૂછે તોપણ જુદું બોલી એવું કંઇક કર્યું હોય તો પણ ઇન્કાર કરતાં શિખો. તહેમે જહે રીતે વર્તતા હો તે કોઇને કહો નહિ અને બીજાં તહમારી જયમજ વર્તતા હોય તો એની બદબોઈ શરૂ કરો. આમ થાય તો તહમે લોકમતને માન આપી શકશો, લોકાચારે અણિશુધ્ધ વર્તી શકશો.

× × × × ×

આજનો જુવાન આ કેમ સહે? વ્યાજબી રીતે એ આ લોકમતને સાંભાળવાનીય ના પાડશે. અને લોકાચારના ચીલા ઉપરવટ સ્વતંત્ર રીતે એનો માર્ગ ઘડશે. એ માન આપશે એને જહે એને માન આપવાની પ્રેરણા કરે. એ ચાલશે એ રસ્તે જહે રસ્તે એની સ્વતંત્રતા ફંગોશે નહિ. આજનો જુવાન એ બીબું નથી. આજનો જુવાન એ પૂતળું નથી. કોઇથી એ ઢળશે નહિ, કોઇના દોરી સંચારે એ નૃત્ય નહિ કરે. જહેને ખળભળવું હોય તે ભલે ખળભળે. એના વર્તનથી ભલે જૂનવાણીના પાયા હચમચી ઉઠે ને પુરાણની જડિત દોસ્તી થાય. એનો માર્ગ કોઇ રૂંધી નહિં શકે.

તારાચંદ.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સોસાયટિ માટે ન્યુ રેશમ બિલ્ડર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪, મુંબઈ નં. ૨, તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

વિનાશકારક જ્ઞાતિ સંસ્થાઓ.

Reg. No. B. 3220.

સમાજ ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂા. ૧-૮-૦

શ્રી જૈન યુથ સીડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર
તંત્રીઃ—ચંદ્રકાન્ત વી. મુતરીયા.

વર્ષ ૧લું અંક ૭ મો
રવિવાર તા. ૧-૪-૩૪

અધર્માચાર્યોને પદભ્રષ્ટ કરો?

"ધર્મોદ્ધારકોનો અને ધર્માચાર્યો વચ્ચેની લડાઇનું ઇતિહાસમાં કેટલીયેવાર પુનરાવર્તન થયું છે. ત્રણ હજાર વર્ષ પુર્વે હીબ્રુ એમોન્સે ધર્માંધતા ત્યજી દઈ, સધ્ધર્મને પંથે વળવાનો પોતાના રાષ્ટ્રને પડકાર કરતાં કહ્યું કે 'હું ધર્મગુરૂ કે નેતા નથી.'"

"હું દુરાચારને ધિક્કારૂં છું. મહને તમ્હારી દેવપૂજાની વિધિઓ પ્રત્યે ઘૃણા છૂટે છે. ન્યાયના સ્રોતને અસ્ખલિત રહેવા દેજો એવી પ્રભુવાણી તમ્હેમણે આચારભ્રષ્ટ ધર્માચાર્યોને સૂણાવી હતી."

ઘણા સુધારકોએ આમજ અધર્મ ધર્મગુરૂઓના કપટ અને દંભ સામે પોકાર કર્યો હતો."

મહાન સંસાર સુધારક કરસનદાસ મૂળજીની શતાબ્દિ પ્રસંગે ઉચ્ચરાયેલા સર સયાજીરાવના એ શબ્દો છે.

ભારતવર્ષમાં ધર્મથી જેટલો માનવ આકર્ષાય છે તેટલો બીજા કોઈથીએ આકર્ષાતો નથી. આમ ધર્મગુરૂઓની મહાન જવાબદારી છે. તમ્હેમનામાં જો સડો હોય તો આખાયે સમાજમાં સડો ઘૂસે છે. તમ્હે સાફ હોય, વ્યવહારૂ હોય, નેક દિલ હોય અને પોતાની જવાબદારી સમજતો હોય તો સમાજ પ્રગતિ તરફ આગળ ધસે છે. એટલેજ અનેક સમાજ સુધારકોએ, મુત્સદીઓએ ધર્મગુરૂઓના અનીતિમય આચરણની જ્યારે જ્યારે પ્રસંગ મળ્યો છે ત્યારે ત્યારે સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી છે. સર સયાજીરાવનો પણ એજ ઉકળાટ છે.

જૈન સમાજ પણ આજે એજ પરિસ્થિતિનો ભોગ બન્યો છે. ધર્મગુરૂઓની અમર્યાદિત લાલસાઓ. તમ્હેને પોષવા માટેના કાવાદાવાં અને પ્રપંચની હાડમારીમાં સમાજની પ્રગતિ રૂંધાઇ ગઇ છે. રૂઢિચૂસ્ત અને પૂરાણવાદી પક્ષને ધર્મના મીઠા અને મધુરા આકર્ષણથી ભોળવી મોક્ષ અને સ્વર્ગ મેળવવાની જાળ બિછાવી દમ્બિત સિધ્ધિ માટેની દુકાનદારી ચલાવી રહ્યા છે, એટલુંજ નહિ પણ વેપારીઓમાં જેમ એક બીજામાં ઇર્ષ્યા હોય તમ્હેમ આ ધર્મગુરૂઓમાં પણ ખૂબ ઇર્ષ્યાની આગ જલી રહી છે. એક ધર્મગુરૂ બીજા ધર્મગુરૂને જનતાની દૃષ્ટિએ હલકો પાડવા માટે ગમે તેવા કાવાદાવાં કરતાં પાછો નહિ હટે. આમ ધર્મગુરૂના શિષ્યમોહ, કીર્તિ, પુસ્તક પરિગ્રહ, પદવીઓનો મોહ, અહંભાવ અને વ્યક્તિત્વમાં સમાજનું કલેવર ચૂસાઇ રહ્યું છે. અને એ હાડપિંજર જેવા છતાં પણ તમ્હેની આદત જતી નથી. આમને આમ ધર્મગુરૂઓની સાઠમારીથી છેલ્લાં પચ્ચીસ વરસનો ઇતિહાસ તપાસવામાં આવે તો જણાશે કે સમાજના વ્યાપાર રોજગારનો લગભગ નાશ થયો છે. ઋધ્ધિ ચાલી ગઇ છે, સંપ અને ભ્રાતૃભાવનાને સ્થાને ઇર્ષ્યા અને વૈરે સ્થાન લીધું છે, તેમજ રાજકરણમાં કયાંયે સ્થાન નથી. એ રીતે આપણી ખૂબ પીછેહઠ થઈ ગઇ છે. જ્યાં સુધી જનતાની દૃષ્ટિએ ધર્માચાર્યોનાં આચરણો ઉઘાડાં નહિ પડે ત્યાં સુધી આમને આમ ચાલ્યાજ કરવાનું, એટલે યુવકોની અનિવાર્ય ફરજ છે કે ધર્માચાર્યોના અધર્માચરણો ખૂલ્લાં કરી તમ્હેને જનતાની દૃષ્ટિથી પદભ્રષ્ટ કરે. સમાજનો ઉત્કર્ષ ત્યારેજ થશે કે જ્યારે પાખંડ તમ્હેમ અને રૂઢિચુસ્તતાનો સંપૂર્ણ નાશ થશે.

શ્રી વિજય શાન્તિસૂરિ મહારાજને અભિનંદન.

તા. ૨૧-૩-૩૩ ની રોજ મળેલ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક કમીટીએ નીચેનો ઠરાવ સર્વાનુમતે પાસ કર્યો છેઃ—

"શ્રી કેશરીયાજી તીર્થ માટે શ્રી વિજય શાન્તિસૂરિ મહારાજ જે આત્મભોગ આપી રહ્યા છે તે માટે તેઓશ્રીને આજની મળેલી કાર્યવાહક કમીટી અભિનંદન આપે છે અને તેઓશ્રીના કાર્યમાં સફળતા ઇચ્છે છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरई ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

—: તરૂણ જૈન. :—

રવિવાર તા. ૧-૪-૩૪

વિનાશકારક જ્ઞાતિ સંસ્થાઓ.

ભાઇ પરમાનંદદાસનું રાજીનામું.

જગતભરના પ્રગતિકારક વાતાવરણમાંથી પ્રેરણા મેળવી દરેક સમાજે પોતાનામાં રહેલાં કુતરવો-કુરૂઢિઓને દફનાવી નિર્મળ સંસ્કૃતિ ઉત્પન્ન કરવાની તમન્ના સેવી રહ્યા છે અને તે માટેની વિચારણાઓને વેગ આપી આમજનતાને કેળવવાનો પ્રયત્ન થઇ રહ્યો છે.

જૈન સમાજ એ અનેક જ્ઞાતિઓથી બનેલો સમાજ છે, તેમાં પણ અનેક હાનિકારક રિવાજોનું અસ્તિત્વ છે. આ રિવાજો સામે છેલ્લા દસકામાં પ્રચંડ વિચારબળ ઉત્પન્ન કરવામાં આવ્યું છે, સમાજનો પ્રત્યેક યુવાન એ વિચારતો થયો છે, કે આપણામાં જેટલી હાનિકારક વસ્તુઓ હોય તે બધી દૂર કરવી જોઇએ, તે પૈકી જ્ઞાતિ સંસ્થા પણ પ્રગતિ-બાધક છે, એમ માન્યતા વધતી જાય છે, તેનું જ એ પરિણામ છે કે એ સંસ્થામાંથી સમાજમાં પ્રૌઢ વિચારક મનતા ભાઇ પરમાનંદદાસે રાજીનામું આપ્યું છે.

ભાઇ પરમાનંદદાસ એ રાજીનામા માટે કારણો દર્શાવતાં કહે છે કે "જ્ઞાતિ સંસ્થાઓ જ્યારે અસ્તિત્વમાં આવી ત્યારે ભૌગોલિક ક્ષેત્ર બહુ ટુંકું હતું અને તેમાં પોતાની દીકરા દીકરીઓનો આપલેનો વ્યવહાર કરતા, પણ આજે વિજ્ઞાનયુગમાં એ ભૌગોલિક ટુંકી મર્યાદા અર્થહિન બનતી જાય છે, તે મંતવ્યમાં રૂઢિ પરંપરા શિવાય બીજું કંઇ પણ વાસ્તવિક કારણ મારા ધ્યાન ઉપર આવતું નથી. અને તેથી પોતાના બાળકોને વરાવવા સંબંધમાં વર્તમાન જ્ઞાતિનું વર્તુલ સ્વીકારીને ચાલવાની મારી બુદ્ધિ ચોખ્ખી ના પાડે છે." ભાઇ પરમાનંદદાસની આ દલીલ કંઇ વજુદ વગરની નથી, જ્ઞાતિ સંસ્થાઓનું અત્યારનું ધોરણ જોતાં છોકરાં છોકરીને વરાવવાં શિવાય તેનું કંઇ કાર્ય નથી. જે જમાનામાં જ્ઞાતિ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી, ત્યારે કદાચ તેનો પ્રમાણિક ઉદ્દેશ હશે પણ આજે તો એ સંસ્થા શ્રીમંતોને સ્વેચ્છિત વિહાર કરવાની કિલ્લે બંદીરૂપ બની ગઇ છે. એ સ્થિતિ બહુ વિનાશકારક છે. આજનો યુવાન એ વસ્તુ જરાયે સાંખી શકે નહિ.

બીજું જ્ઞાતિ સંસ્થાઓએ જે સાંકડાપણું આણ્યું છે તેથી સમાજ છિન્નભિન્ન થઇ ગયો છે, તેની પ્રગતિ રૂંધાઇ ગઇ છે, જ્ઞાતિ સંસ્થાઓનું અસ્તિત્વ હોવાથીજ કન્યાવિક્રય અને વૃધ્ધ વિવાહરૂપ રાક્ષસો સમાજના કલેવરને કોતરી રહ્યા છે. બાળલગ્ન જેવી કુરૂઢિથી આવતી કાલના નાગરિકોનું હીર ચૂસાઇ રહ્યું છે. અમે ઉંચા અને બીજા નીચાના ભેદભાવો ખડા થયા છે. જ્ઞાતિ સંસ્થાનું અસ્તિત્વ જમીનદોસ્ત થાય તો આ કુરૂઢિઓનો કાચી મિનિટમાં નાશ થાય.

આધુનિક જ્ઞાતિ બંધારણોના નિયમો ઉપર દૃષ્ટિપાત કરીશું તો મુખ્યત્વે જણાશે કે મેજર લેવાના, તેજવાડામાં કન્યાં લેવડદેવડ કરવાનાં, સગપણ અને લગ્નઅંગે આપલેના, જમણને લગતા, મરણઅંગે જમવા જમાડવાના વગેરે વિનાશકારક રિવાજ શિવાય ભાગ્યેજ કોઈ નાતોમાં સારા નિયમો હશે. આ અધઃપતનની ઉંડી ખાઇ તરફ ઘસડતા નિયમોને પોષતી જ્ઞાતિ સંસ્થાઓને તોડવીજ જોઇએ.

ધાર્મિક દૃષ્ટિએ પણ આ જ્ઞાતિ સંસ્થાઓ તદ્દન બીન ઉપયોગી છે, ધર્મ ઉપર તેણે સજ્જડ ફટકો લગાવ્યો છે. જૈન ધર્મ એ જ્ઞાતિ પ્રધાન નથી પણ ગુણ પ્રધાન છે, ગમે તે માણસ જૈન ધર્મી બની શકે છે, પરંતુ જ્ઞાતિઓ તેના સભ્યો શિવાયના નવા ધર્મીઓ માટે અનેક મુશ્કેલીઓ ઉભી કરે છે. જ્યારે જ્ઞાતિ સંસ્થાઓ નહોતી ત્યારે જૈન ધર્મ બહુ વ્યાપક હતો. આજે તે બીલકુલ મર્યાદિત બની ગયો છે. ધર્મના ભોગે જ્ઞાતિઓ પોષાઇ રહી છે. આ બાબત અનિચ્છનીય છે.

ભાઇ પરમાનંદદાસે જ્ઞાતિઓના વિનાશકારક પરિણામો જોઇ સમાજનું એ બાજુ લક્ષ્ય ખેંચી તેમજ તેમાંથી રાજીનામું આપી યુવાનોને જે પ્રેરણા આપી છે, તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે. રાજીનામાના આવા કિસ્સાઓ એક નહિ પણ સંખ્યાતીત બનશે ત્યારેજ આવા વાડાઓ, તડો, અને ગચ્છોના તંત્રો પડી ભાંગશે.

પ્રગતિનાં સ્વપ્નાં સેવતા યુવકોએ તો આ જ્ઞાતિઓને છેલ્લી સલામ કરી યુગને બંધબેસતાં નવાં બંધારણો ઘડવાં પડશે, અને તેના છત્ર નીચે સમસ્ત સમાજને આણવાનો પ્રબળ પુરૂષાર્થ કરવો પડશે, ત્યારેજ રૂઢિ રાક્ષસો અને તેને પોષતી જ્ઞાતિઓ જગતમાંથી ભૂંસાઇ જશે. જ્ઞાતિઓના ત્રાસમાંથી જ્યારે સમાજ મુક્ત થશે ત્યારે કોઇ સ્વર્ગીય વાતાવરણ સમાજમાં ઉદ્‌ભવશે. ઉલ્લાસ, આનંદ, અને ચૈતનનો તનમનાટ પ્રગટી પ્રગતિની અનેરી ટોચે ઘસડી જશે.

સુધારીને વાંચવું.

તા. ૨૬-૩-૩૪ ના અંકના છેતાલીસમાં પેજ ઉપર વર્તમાનિકના હેડીંગ નીચે અમદાવાદના લગ્ન સંબંધી જે ખબરો પ્રગટ થયા છે તેમાં ખબરપત્રીની ભૂલથી શેઠ મોહનલાલ હેમચંદ ચકલી છપાયું છે, તેને બદલે શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી એમ વાંચવું.

પ્રાસંગિક.

કોન્ફરન્સનું આગામી અધિવેશનઃ—આજે સમાજમાં વિષમ વાતાવરણ પ્રસરી રહ્યું છે, મુનિ સંમેલન માટે પણ નિરાશાના સૂરો સંભળાય છે, ચોતરફ અશાંતિ, કલેશ અને વિચારભેદોનો દાવાનળ સળગી રહ્યો છે, ફેસરીયાળા; શેત્રુંજ્ય વિગેરે અનેક તીર્થોનો પ્રશ્ન વિકટ બનતો જાય છે, વેપાર વાણિજ્ય અને રાજકરણમાં ખૂબ પીછે હઠ થઇ રહી છે ત્યારે મોહમયીને આંગણે વૈશાખ વદમાં કોન્ફરન્સે અધિવેશન ભરવાનો કરેલો ઠરાવ નિરાશામાં કંઈક આશાનો સંચાર કરે છે.

આજના પ્રગતિકારક યુગમાં જગતના બીજા સમાજો જ્યારે પોતાનું સંગઠ્ઠન સાધી આગળ ધપી રહ્યા છે, ત્યારે આપણો સમાજજ એક એવો સમાજ છે કે જે આંતર કલહની આગમાં સળગી રહ્યો છે, નિર્બાયકતા પ્રસરી રહી છે, સામુદાયિક શક્તિ છિન્ન વિછિન્ન થઇ રહી છે, એ અરસામાં કોન્ફરન્સનું અધિવેશન ભરાય એ ખૂબ ઇચ્છનીય છે. અત્યારે સમાજનું સુકાન જો કોઇ પણ સંસ્થા સંભાળી શકે એવી હોય તો તે આપણી કોન્ફરન્સ છે, તેમાં સમગ્ર હિંદના સંઘોનું પૂરતું પ્રતિનિધિત્વ છે. એટલે તેમાં સમાજ હિતેચ્છુઓએ સંપૂર્ણ રીતે પોતાનો સહકાર આપવો એ અનિવાર્ય ફરજ થઈ પડે છે,

આ અધિવેશન એવી વિષમ પરિસ્થિતિમાં મળે છે કે તેને સફળ બનાવવા માટે ખૂબ સાવચેતી રાખવી પડશે, સમાજની નાડ તપાસી તેને યોગ્ય રાહે વાળવા માટે માર્ગ દર્શન કરાવવું પડશે અને તે માટે જેટલા વ્યવહારૂ ઉપાયો હોય તેનીજ વિચારણા કરવી જરૂરી છે.

આજે સમાજને ઠરાવોની હારમાળાની જરૂર નથી, પણ કાર્યની જરૂર છે. કોન્ફરન્સને સ્થપાયાં ત્રીસ ત્રીસ વર્ષનાં વહાણાં વાયાં છતાં જનતાને સીધી રીતે લાભ મળે તેવું કોઇ રચનાત્મક કાર્ય થયું હોય તેમ અમારી જાણમાં નથી. કોન્ફરન્સ જેવી માતબર અને પ્રતિષ્ઠિત સંસ્થામાં આ નિષ્ક્રિયતા શોભતી નથી, તેના ત્રીસ વરસના ઇતિહાસમાં કયાંએ ઠરાવોનો અમલ કરાવવાનો એકાદ બે અપવાદ સિવાય પ્રયત્ન થયો હોય એમ બન્યું નથી. ઠરાવો ઘડવા કે શબ્દોની મારામારી કરવી, એ કંઈ કાર્ય નથી કે ઠરાવોનો મોટો ઢાંડો કરવાથી સમાજનું દાળદર ફીટી જવાનું નથી. પરંતુ જે કંઈ ઠરાવો થાય એ ઠરાવો પાછળ ખૂબ પીઠબળ ઉભું કરવાની ખાસ અગત્ય છે, ઘેરઘેર પ્રચાર કાર્ય કરી કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરાવવો જોઇએ તોજ નિષ્ક્રિય સમાજમાં કંઈક પ્રાણનો સંચાર થાય. કોન્ફરન્સના સુકાનીઓએ સમજવું જોઇએ કે કોન્ફરન્સ એ અમુક રકમ આપી કે પ્લેટફોર્મ ગજવી આગળ આવવાનો ક્લાસ નથી, પરંતુ સમાજની દાઝ જેને રગે રગે વ્યાપી હોય, સમાજ ઉન્નતિનાં જે પ્રતિદિન સ્વપ્નાં સેવતાં હોય તેવા નિષ્કલંક, ચારિત્રશીલ, સેવાભાવી માણસોને ક્ષેત્ર મેળવી આપનાર સાધન છે અને તેવા સેવાભાવીઓદ્વારાજ પ્રચાર કાર્ય થઇ શકે.

અધિવેશનમાં અનેક જાતના વિષયો ઉપસ્થિત થશે, અનેક જાતની વિચારણા રજુ થશે, તેમાંથી સમયાનુકૂળ અને વ્યવહારૂ વિચારણાજ હાથ ધરાવી જોઇએ, તે અંગેની વિચારણા આવતે અંકે કરીશું.

યુવક પરિષદઃ— કોન્ફરન્સનું ચૌદમું અધિવેશન મેળવવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે, તેની સાથે યુવકો પણ જાગૃત થયા છે, તેમણે પણ મોતીની પરિષદ ભરવાનો નિર્ણય બહાર પાડયો છે અને કામ ચલાઉ મંત્રીઓ નીમી સ્વાગત સમિતિના સભ્યો નોંધાવવાનું શરૂ કરી દીધું છે,

અત્યારનું વાતાવરણ જોતાં યુવક પરિષદ પણ ઘણી લાભકારક નિવડશે, કારણ કે યુવક માનસનો પરિચય અત્યારે સમાજને થાય એ બહુ જરૂરી છે. યુવકોમાં પણ અનેક જાતનું માનસ પ્રવર્તિ રહ્યું છે, તે માનસને કેન્દ્રિત કરી સંગઠ્ઠન સધાય તો પ્રગતિ બાધક બળો રહામે ખૂબ સામનો કરી શકાશે.

સમાજ આજે અનેક સમસ્યાઓમાંથી પસાર થઇ રહ્યો છે, વિવાદાસ્પદ અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે, એ બધા પ્રશ્નો છણી કંઈક રચનાત્મક કાર્યક્રમ યુવકો હાથ ધરશે તો સમાજને પોતા તરફ આકર્ષી શકશે. જો કે કોન્ફરન્સ એ કાર્ય કરશે પણ યુવકોને તેનાથી સંતોષ થશે નહિ, એટલે તેમણે યુવક પરિષદદ્વારા મેન્ડેટ તૈયાર કરી પોતાનું બળ જમાવી વહીલો રહામે કોન્ફરન્સમાં જઇ બાથ ભીડવાની અનિવાર્ય આવશ્યકતા છે અને તેથી સમાજના દરેક ભાઇઓ કે જેઓ યુવક માનસ ધરાવતા હોય તેમણે મોહમયીને આંગણે ભરાતી આ પરિષદમાં ભાગ લેવા મોટી સંખ્યામાં ઉતરી પડવાની અનિવાર્ય ફરજ થઇ પડે છે. અને તેથી અમે યુગબળને માનનારા દરેક સંઘો, મંડળો અને સંસ્થાઓનું લક્ષ્ય ખેંચીએ છીએ કે તેઓ મુંબઇખાતે ભરાતી યુવક પરિષદમાં પોતાનો સક્રિય ફાળો આપે. જો કે હજુ પરિષદ મળવાની તારિખ, સ્વાગત પ્રમુખ અને પ્રમુખની વરણી જાહેર થઇ નથી, પરંતુ એક બે દિવસમાં જાહેર થશે.

મુનિ સંમેલનઃ—જેમ જેમ દિવસો લંબાતા જાય છે તેમ તેમ જનતાનો વિશ્વાસ સાધુઓ પ્રત્યેથી ઉઠતો જાય છે, દિવસો થયા વિચાર વિનિમય કરતું મુનિ સંમેલન હજુ કોઇ પણ જાતના રાહ ઉપર આવ્યું નથી, એ બાબત સાધુ સંસ્થાને એળ લગાડનારી છે. જ્યાંસુધી શાસ્ત્રદૃષ્ટિનો એકાન્તવાદ સેવવામાં આવશે અને ત્રિકાલાબાધિત, અવિછિન્ન પ્રભાવ શાળી વગેરે શબ્દોનો વ્યામોહ નહિ જાય ત્યાં સુધી કોઇ પણ જાતનું કાર્ય થાય એમ અમે માનતા નથી, ચાર સાધુની કમીટીએ જે ઠરાવો ઘડીને રજુ કર્યા છે અને જૈન જ્યોતિદ્વારા જે બહાર આવ્યા છે, તે જો સાચી વાત હોય તો એ ઠરાવો સમાજની હાલની પરિસ્થિતિને જરાયે અનુકૂળ નથી. વીશમી સદીમાં જીવવું અને ચૌદમી સદીની વિચારણાઓ કરવી એ મૂર્ખાઇ છે. સંમેલનને સફળ બનાવવું હોય તો યુગબળને પીછાનવુંજ પડશે. વર્તમાન પરિસ્થિતિનો વિચાર કરી દેશકાળને અનુકૂળ બનવુંજ પડશે, એમ નહિ કરવામાં આવે તો વીશમી સદીમાં નહિ જીવી શકાય. યુગબળનાં મૂલ્ય આંકવાંજ પડશે. સમાજમાં શાન્તિ સ્થાપવાનો માત્ર એકજ ઉપાય છે અને તે દેશકાળને માન આપવાનો. અમે ઇચ્છીએ છીએ કે હજુ પણ મુનિ સંમેલનના ધૂરાવાહકો સમજી જાય અને તેની ખૂંચી ગયેલી નૈયાને તરતી કરે. આ નોંધ લખાઇ ગયા પછી સંમેલનમાં નવ જણાની કમીટી નિમવાના સમાચાર બહાર આવ્યા છે, અને તેમાં શ્રી નેમિસૂરિ, શ્રી નીતિસૂરિ, શ્રી વલ્લભસૂરિ, શ્રી ભૂપેન્દ્રસૂરિ, શ્રી સિદ્ધિસૂરિ, શ્રી દાનસૂરિ, શ્રી સાગરાનંદસૂરિ, શ્રી જયસૂરિ અને શ્રી સાગરચંદ્રજીની નિમણુંક કરવામાં આવી છે. આ કમીટીને સરમુખત્યારી સોંપવામાં આવી છે. જોઇએ આ કમીટીનું શું પરિણામ આવે છે!

શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ તરફથી ઉજવાયેલી મહાવીર જયંતિ.

જાણીતા વક્તાઓના વિવેચનો.

કેસરીયાજી તીર્થ માટે પસાર થયેલો ઠરાવ.

તા. ૨૮-૩-૩૪ ને બુધવારના દિને શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના આશ્રય નીચે શેઠ અમૃતલાલ કાળીદાસના પ્રમુખપણા નીચે ગોડીજી મહારાજના ઉપાશ્રયના હોલમાં મહાવીર જયંતિ ઉજવવામાં આવી હતી, તે પ્રસંગે માનવ મેદનીથી હોલ ચીકાર ભરાઇ ગયો હતો. શરૂઆતમાં ભાઇ મોહનલાલ ચોકસીએ આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવ્યા બાદ શ્રીયુત પાદરાકરની દરખાસ્તથી અને તે દરખાસ્તને ટેકો મળ્યા બાદ પ્રમુખશ્રીએ પ્રમુખસ્થાન લીધું હતું. ત્યારબાદ કેશરીયાજી તીર્થનેઅંગે પ્રમુખસ્થાનેથી નીચે પ્રમાણે એક ઠરાવ મૂકવામાં આવ્યો હતો. 'શ્રી શાંતિવિજયજીએ કેસરીયાજી તીર્થના ઝગડા સંબંધમાં હેનો શાંતિથી નિવેડો લાવવની પ્રવૃત્તિ આદરી છે હેમાં આજની આ સભા સહાનુભૂતિ દાખવે છે અને સફળતા ઇચ્છે છે.' ઉપરોક્ત ઠરાવના ટેકામાં પ્રમુખે વિવેચન કરતાં જણાવ્યું કે શ્રી શાન્તિવિજયજીએ જે પગલું ભર્યું છે તે સ્તુત્ય છે અને તીર્થ સ્થાનોના રક્ષણને અંગે આપણે હેમને સહાય આપવી જોઇએ. ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો. ત્યારબાદ પ્રભુ મહાવીર જન્મ સંબંધી બોલતાં હેમણે જણાવ્યું કે સમાજ ઉપર હેમના અગણિત ઉપકાર છે, એમાં મારી બુધ્ધિ કંઇ વિચારી શકે હેમ નથી. આઠ વર્ષ અગાઉ આ જયંતિ ઉજવવા અમદાવાદમાં મળેલી પ્રચંડ મેદની જોતાં મ્હને લાગણી થઇ ત્યારે હું પ્રમુખ હતો, તે વખતે પાદરાકર બોલવા ઉભા થતાં ડાંડા ઉછળ્યા. આ રીતે ઝગડો કરીએ તો મહાવીરના અનુયાયી તરીકે કહેવડાવવાનો હક્ક નથી. આપણામાં જે વૈમનસ્ય વધતું જાય છે, તે મહાવીર પ્રભુના જીવનનું અનુકરણ કરી, કાઢવા માગીએ તો હેમ કરી શકીએ છીએ. અન્યનાં ગુણ દોષ જોવા કરતાં પ્રેમથી પરસ્પરને જીતવા એ સારૂં છે. પ્રેમ આપણામાં વધવાથી આપણે સફળતા મેળવશું. તે પછીના સાત વર્ષોમાં કલહે બીજ રોપેલું. હવે એ કલહને મીટાવવાની જરૂર સર્વને લાગી અને સર્વની સંભાવના એકતાની થતી જાય છે અને આપણામાં શાંતિ સ્થપાતી જાય છે, એ આનંદની વાત છે. નિરાશ થવાનું કારણ નથી. મારે પૂજ્ય મુનિઓને વિનંતી કરવાની કે જૈન જાતિનું કલ્યાણ અને ઉન્નતિ ઇચ્છતા હો તો કલ્યાણકાર્ય કરીને ઉઠજો!

જૈન પરિષદ પણ હવે જાગૃત થઇ છે. હેણે જૈન સમાજના સળગતા પ્રશ્નોનો તાત્કાલિક નિર્ણય કરવાનો છે. અને હેમાં આપ સર્વ અવશ્ય સહકાર આપીને સમાજની ઉન્નતિમાં સહાયક થશો. આ ઝગડાનો નિકાલ આવે તો જયંતિ જે ઝિન્નતાથી આજે ઉજવાય છે તે આવતે વર્ષ એકતાથી ઉજવાય એમ હું માનું છું, તેથી સુંદર શરૂઆત થશે.

અત્યારે જૈન સમાજના બેકારીના અને અન્ય અટપટા પ્રશ્નોનું નિરાકરણ કરવાની જરૂર ઉભી થઇ છે. વક્તાએ અંત્રે યુવાનોને દોરીને સંયમ કેળવવા અને મહાવીર પ્રભુના જીવનનું અનુકરણ કરવાની ભલામણ કરી હતી. ત્યારબાદ તેઓશ્રીને બહારગામ જવાનું હોવાથી ચાલી ગયા હતા અને રણછોડભાઇ રાયચંદ ઝવેરીના પ્રમુખપણા નીચે આગળ કામ ચલાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇએ જણાવ્યું કે મહાવીરના સિધ્ધાંતનું અનુકરણ કરવું જોઇએ. હેમણે અમૂલ્ય બોધપાઠ આપણને આપ્યો છે. એમણે માતાપિતા પ્રત્યેની પોતાની ફરજ બજાવ્યા પછીજ દીક્ષા લીધી. સંઘ વ્યવસ્થા ઉપર હેમણે બોલતાં જણાવ્યું કે જૈન શાસન જયવંતુ વર્તે છે હેનું મુખ્ય કારણ મહાવીર પ્રભુએ કરેલી સંઘ વ્યવસ્થાને લીધેજ છે. એ બંધારણને લીધેજ આપણે વિદ્યમાન છીએ. હજુ આપણે દશ લાખ રહ્યા છીએ અને હેમાંથીએ ઓછાં થતાં જઇએ છીએ. હજુ પણ સાવચેત નહિ રહીએ તો પરિણામ વિષમ છે, ભાવિ નિરાશામય છે. એકતાથી શાસન ચિરકાળ સુધી રહેશે. પણ તે માટે હાલની સ્થિતિથી એ નહિ ટકાવી શકાય. એ યુગમાં વેદ વાંચવાનો અધિકાર બ્રાહ્મણો સિવાય કોઇનેયે નહોતો, પણ આપણે ત્યાં તો દરેકે દરેક માનવ જૈન શાસનમાં સરખોજ ગણાય છે. મોક્ષનો અધિકાર સૌને સરખો છે. પણ તે માટે સંયમ જોઇએ. વ્યવસ્થાને અભાવેજ બૌધ્ધ ધર્મ હિંદમાંથી બહાર ગયો અને આપણે વ્યવસ્થાને લીધેજ હજુ સુધી ટકી રહ્યા છીએ. પણ શાસનમાં જે સડો કે અનિષ્ટ ઘૂસી ગયાં હોય હેને સદંતર નિર્મૂળ કરીને જૈન શાસન જયવંતુ વર્તાવવું એ આપણી ફરજ છે.

ત્યારબાદ શ્રીયુત માવજી દામજી શાહે પોતાનો નિબંધ વાંચી સંભળાવ્યો હતો અને સમયાનુકૂળ વિવેચન કર્યું હતું. ત્યારબાદ પંડિત ભરાલાલ ભાઇએ પણ સ્યાદ્વાદ ઉપર ખૂબ લંબાણ વીવેચન કર્યું.

ત્યારપછી ચંદ્રકાન્ત મુતરીયાએ મહાવીરના જીવન ઉપર બોલતાં જણાવ્યું કે જ્યારે જ્યારે માનવ સમાજની અધોગતિ થાય છે ત્યારે ત્યારે જગતમાં કોઇ મહાન પુરૂષનું અવતરણ જરૂર થાય છે, ભગવાન મહાવીરના જન્મકાળમાં ખૂબ યજ્ઞયાગાદિ ચાલતા હતા. હિંસાનું જોર પ્રસરી રહ્યું હતું અને ધર્મના નામે ખૂબ ધતીંગો ચાલી રહ્યાં હતાં. આવી પરિસ્થિતિમાં મહાવીરનો જન્મ થયો હતો. હેમણે ધતીંગો સ્વામે ખૂબ પ્રચાર કર્યો હતો. અને ધર્માંધતાનો નાશ કર્યો હતો, હિંસાને નિર્મૂળ કરવાને માટે પ્રચંડ પુરૂષાર્થ કર્યો હતો. હરિભદ્રસૂરિ જેવા સમર્થ આચાર્ય કહે છે કે મને મહાવીરમાં પક્ષપાત નથી અને કપિલાદિ ઋષિ મહર્ષિઓમાં દ્વેષ નથી પરંતુ યુક્તિઓવાળું જેમનું વચન છે, તેજ ગ્રહણ કરવા યોગ્ય છે. પ્રભુ મહાવીરના શાસનમાં દરેક બાબતો યુક્તિથી સમજાવવામાં આવી છે. ત્યારબાદ રણછોડભાઇએ ઉપસંહાર કરતાં જણાવ્યું કે પ્રભુ મહાવીરના ગુણોનું આપણે અનુકરણ કરતાં શીખીએ તો આપણું કલ્યાણ થઇ જાય. ત્યારબાદ મોહનભાઇ ચોકસીએ પધારેલા સદ્‌ગૃહસ્થો, પ્રમુખ અને ગોડીજીના ટ્રસ્ટીઓનો આભાર માન્યો હતો અને મહાવીર પ્રભુના જયધોષ વચ્ચે સભા વિસર્જન થઇ હતી.

ભાવિક બનવાનો સ્હેલો ઉપાય.

મદારી ને જાદુગરની ધ્રૂજમની લકડીના ખેલો તો તમે જોયા હશે; 'ફક્ત ૨૪ કલાકમાં' અદ્‌ભૂત શક્તિ આપનારી દવાઓ વિષે તો તમે વાંચ્યું હશે, પણ હું તમને એથીયે વધુ સારા ને અજબ ઉપયોગી ઉપાયો બતાવું. ઉપાયો છે બહુ સહેલા અને કંઈ પણ ખર્ચ વિનાના; અને તમને ફાયદો પણ ઘણો થશે. 'સસ્તુ ભાડું.....'

ઠીક ત્યારે; તમારે લોકોમાં નામના મેળવવી છે ? આખી દુનિયા એકી અવાજે વખાણ કરે એવા થવું છે ? સ્ત્રીઓમાં તમે આદર્શ તરીકે પૂજાઓ એવો ઉપાય જાણવો છે ? સ્ત્રીઓ તો શું, બાળકો, વૃધ્ધો, જુવાનો—બધાય તમને માનની નજરે જુવે એમ કરવું છે ? તો મારી સલાહ છે કે તમે 'ધાર્મિક' બની જાઓ, તમે આજથીજ ભાવિક બનવાની શરૂઆત કરો. પણ તમે પૂછો છો એ તે કેમ બનાય; ધાર્મિક તે કાંઈ બન્યા બનાતું હશે ?—અરે, હા, ભાઇ, હા, બન્યાજ બનાય છે. વેગનો ભરાય એટલા ધાર્મિક પુરૂષો એમ એક સહેલા નુસ-ખાને લીધેજ બની ગયા છે; અને ધાર્મિક, ભાવિક, થયા પછી તો તમારી વાહ વાહનું તો પૂછવુંજ શું ?

ત્યારે આજથીજ તમે દહેરે જવા માંડો; તમને મન નથી થતું એમ કહો છો ? અરે મનની કયાં વાત છે ? તમે જવા તો માંડો—બસ આપોઆપ વાગે જજો—જ્યારે લોકો જતા હોય અને તમને બરાબર જોઇ શકે એમ હોય ત્યારે; અને જતી વખતે બને તો ઘરથી નાહી કરી, ઉઘાડું (કાળું કે ધોળું ગમે તે ધોળું હશે તો ઠીક પડશે) શરીર રાખી, એક લાલ, પીળું; કે વાદળી રેશમી ધોતીયું પહેરજો, હાથમાં એક નાનકડી ચળકતી થાળી લેજો, બે પૈસાનાં અંદર ફુલ મૂકજો, એક નાની વાટકી, ઇપણ અંદર રાખજો, અને તમારા ઘરથી મંદીર સુધી મહાલતા મહાલતા મંદિરે જજો જો જો, કંઈ ભૂલ થાય નહિં, હસતા પણ નહિં, બહુ ગંભીર રહેજો. મનમાં હસવું હોય તો છૂટ છે. લોકો તમારી સામે જોઇ રહે પણ તમે તેમના તરફ ધ્યાન નથી આપતા એમજ લાગવા દેજો. મનમાં પૂજા કરવાનીજ ઇચ્છા નથી એમ કહો છો ? અરે પણ ભલા આદમી, અહિં તો કંઈ ઇચ્છાની વાત નથી, તમારે સારા ધાર્મિક, ભાવિક કહેવડાવવાનો ઉપાય છે.

—અથવા તમારે એમ પૂજા કરવા ન જવું હોય તો બીજો ઉપાય છે. નવરાશે મંદિરમાં સૌથી વધુ લોકો ભરાય છે ને ! બસ ત્યારે એ વખતે મંદિરે જજો ! શરીરે થઈ શકે તેટલી જગ્યાએ મોટા કે નાના, ગમે તેવાં ચાલ્લાં કરી મંદિરનું કેશર વપરાય તેટલું વાપરજો. એનો અર્થ શો એમ પૂછો છો ? અરે ભાઇ, એનો અર્થ જાણીને તમારે શી જરૂર છે ? તમારે તો સારા ને ભાવિક કહેવડાવવું છે ને ? ચાલ્લાં કરી મંદિરમાં પરમેશ્વરની મુખ્ય મૂર્તિની સામે બધા દેખી શકે એવી રીતે બેસજો. બને તો ઉંટની જેમ બેસજો એકાદ સ્તવનની ચોપડી સામે પડી હોય તે ઉઘાડજો અને બને તેટલાં મોટા, બાગે—બુલંદ—અવાજે.....પુકારવા માંડજો. કેમ, શું છે ?—તમારી સંગીતની ત્યાં પરીક્ષા થવાની નથી. ગધેડા જેવો સ્વર કાઢીને પણ મોટે અવાજે સ્તવન પુકાર્યાજ કરજો. તમારે તો ભાવિક થવું છે ના ! શું બોલ્યા, 'એ સ્તવનનો અર્થ સમજતા નથી, તેના જેવો ભાવ મનમાં સ્ફૂરતો નથી' અરે, ભલા આદમી તમારે કયાં અર્થ સમજવાની જરૂર છે ? ભાવિક થવું હોય તો કંઈ અર્થ સમજવાની જરૂર નથી, તમે તમારે મેં કહ્યું. એ પ્રમાણે કરો ને, તમારે તો ભાવિક થવું છે ને ! આ પ્રમાણે રોજ મંદિરે જઇને સ્તવનો ગાવાની 'પ્રેકટીસ' પાડો. પછી જોઇ લ્યો. થોડાજ વખતમાં મંદિરે આવતી સ્ત્રીઓને લાગશે 'ઓ હો.....ભાઈ તો બહુ ભાવિક છે' અને એમના મનમાં એમ લાગ્યું એટલે તો 'ઘડીના છઠ્ઠા ભાગ'માં આ પ્રજાને જાહેર ખબરની જેમ વાયરલેસથી ખબર પહોંચી જશે કે '.....ભાઇ ભાવિક છે'.

સ્પેશીયલ અંક.

યુવક પરિષદ અને જૈન શ્વેતાંબર કોન્ફરન્સને માર્ગદર્શક થઇ પડે તેવા પ્રશ્નોની છણાવટ માટે આવતી તા. ૩૦-૪-૩૪ ના દિને 'તરૂણ જૈન' નો ખાસ ઢળદાર સંગ્રહવા લાયક સ્પેશીયલ અંક નિકળશે માટે સર્વે લેખકોને અને વિચારકોને પોતાના વિચારો લેખોદ્વારા મોકલવાનું આમંત્રણ કરીએ છીએ.

એટલે તા. ૧૬-૪-૩૪ નો અમારો રાખેલો મુજબનો અંક બંધ રહેશે. —તંત્રી.

ક્રાન્તિ કે શાન્તિ.

નવ યુવાનો અને યુવતીઓ ! જગતમાં પ્રકાશ અને પ્રેરણા, ઉલ્લાસ અને આનંદ, શક્તિ અને સાહસની તમે મૂર્તિઓ છો. તમારે તમારી એ શક્તિનું માપ કાઢી લેવાનું છે. દુનિયાને ફેરવી નાંખવાનું, દેશને બદલાવી નાંખવાનું, સમાજને પલ્ટાવી નાંખવાનું, કામ તમારેજ કરવાનું છે. તમારે શિર એ ઇશ્વર નિર્મિત ધર્મ છે, ક્રાંતિ એ જુવાનોનો જીવન મંત્ર છે. જીવનના સર્વ ક્ષેત્રે. બેહદ્દ મૂલ્યોને ખોટાં ભાવનાઓને, ખોટી સત્તાઓને, ખોટાં બંધનોને તોડવાનું કામ તમારે માથે મૂકાયું છે.

તમે કહેશો કે 'આ શાન્તિ ખોટી છે ? ક્રાન્તિ, બળવો, ભયંકર છે; શાન્તિજ સારી છે.' હા, શાન્તિજ સારી છે. પણ જુઓછો ને કે આ શાન્તિ મૃત્યુની શાન્તિ છે. નિર્બળતાની શાન્તિ છે. નિદ્રાની ઘેનની, કમજોરીની શાંતિ છે ? એ શાન્તિ આપણને નહિં જોઇએ. એના કરતાં વધુ વધુ ઉચ્ચ શાન્તિ, શક્તિ અને સામર્થ્યમાંથી પ્રકટતી શાન્તિ આપણને જોઇએ—અને એવી શાન્તિ લાવવા અર્થે આપણે અત્યારે ક્રાન્તિ કરવી પડશે. જીવનના સર્વ ક્ષેત્રે બળવો કરવો પડશે.

પણ એ બળવો હિંસક નહિં જોઇએ, હિંસક બળવો આપણને અને બીજાને પશુ બનાવી દેશે. છતાંયે આપણે તો ક્રાન્તિજ કરવી છે. તેથી અહિંસક બળવો, અહિંસક ક્રાન્તિ, શાન્તિ ક્રાન્તિ એજ અત્યારના જુવાનોને હાથ રહેલો માર્ગ છે. જીવન ધર્મ છે

—દલપત કોઠારી.

મેં શું જોયું ?

(ગતાંકથી ચાલુ)

નથ્થુભાઇ સૂરિ.

બીજા દિવસે નિયંત્ત કરેલા સમયે મુવાઓનું એક પછી એક ધાડું આવવા લાગ્યું. આખોયે મંડપ ચીકાર ભરાઇ ગયો. શરૂઆત ચાલીશ લોગસ્સના કાઉસગ્ગથી થઇ. અડધો કલાક મૌનનો પસાર થયા પછી નાટકી એંકર્ટીંગમાં કવિકુલ ફીરિટે પોતાનું પ્રાચીન પુરાણ શરૂ કર્યું અને જણાવ્યું કે આપણે કંઈ કાર્ય કરવું જોઇએ, લોકો વાટ જોઇ રહ્યા છે કે આ બાવાઓ શી વસ્તુ બહાર પાડે છે. ત્યારબાદ પંજાબી મુવાએ વિષય વિચારિણી સમિતિની ચર્ચા શરૂ કરી અને તે માટે નિર્ણય કરવાનું કહ્યું પણ વિષય વિચારિણી સમિતિ એટલે શું ? એમ કેટલાક સાધુઓ આપસ આપસમાં પૂછી રહ્યા હતા, જેમણે ઉપાશ્રયની ચાર દિવાલમાં રહીનેજ પાટ ઉપર પગ ઉપર પગ ચઢાવી પોથાના બેચાર પાના હાથમાં પકડી અગડંબગડં ચલાવી જી લખ્યે ? ના પોકારોજ સાંભળ્યા હોય તેમને ઉપાશ્રયની બહાર શું બની રહ્યું છે તેનો ખ્યાલ પણ કયાંથી આવે, સામુદાયિક કાર્ય કેમ થાય, બંધારણો કોને કહેવાય, એ ત્યારેજ સમજાય કે ઉપાશ્રયની બહાર શું બની રહ્યું છે. તેનું જ્ઞાન હોય, પણ આ બાવાઓ અહંભાવ, શ્રાવકોની ખુશામત, પુસ્તકપાનાં અને ચેલા ઉપર હાથ ફેરવતાં નવરા પડે ત્યારે બહાર ડોકીઉં કરેને?

એક સાધુએ વિષય વિચારિણી સમિતિની વ્યાખ્યા કરી બતાવી અને કહ્યું કે કોંગ્રેસ, કોન્ફરન્સ અને તેવા બીજા બંધારણસરના અધિવેશન કે પરિષદો ભરાય છે, તેમાં પ્રતિનિધિત્વ માંગવામાં આવે છે અને તેમાંથી વિષય વિચારિણી સમિતિ નીમવામાં આવે છે વગેરે વિવેચનાત્મક દૃષ્ટિએ કહી બતાવ્યું પણ કેટલાક સાધુઓએ કહ્યું કે પ્રતિનિધિત્વ ને પ્રતિનિધિત્વ અમારે તો એવું કંઇ કરવું નથી, સીધે સીધું ચલાવોને ? અમારે તો દીક્ષાનો કરાવ પાસ થાય એટલે થયું. પણ આ શબ્દો તરફ કોઇનું લક્ષ્ય દોરાયું કે નહિ તેની બહારા અવધિજ્ઞાનથી બહને માહિતી મળી શકી નહિ, એટલામાં એક સૂરિદેવને કંઇક વાછૂટ થઈ અને બાજુમાં કોઇ ટિખળી વ્યક્તિએ કહ્યું કે મહારાજ! વાલ વધારે પડયા કે શું ? પાંજરાપોળ બાજુમાંજ છે, એમ કહી હસવા માંડયું, પણ ત્યાં તો શોરબકોર થયો, ગમે તે કરો, આપણે તો કામ કરવું છે. શાસ્ત્રીય બાબતોનો નિર્ણય કરવો છે. અનિચ્છનીય વાતાવરણ દૂર કરવું છે, અને તે માટે ચાહે તે પધ્ધતિ લો. અડી બડી દાઢીવાલા સૂરિદેવો કંઇક કાનમાં ઘૂસપૂસ કરવા લાગ્યા ને કવિકુલ ફીરિટનો અવાજ ગાજ્યો "જે કંઇ થાય એ બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થવું જોઇએ" પંજાબી મુવાને આ વાત ન રૂચી અને તેમણે ચલાવ્યું કે વિષય વિચારિણી સમિતિ સિવાય ચાલી શકતું હશે ? એ નવી પધ્ધતિ છે માટે તેનો સ્વીકાર ન કરવો એ ઠીક નથી. બધા મુવાઓ ટેબલ લઇને બેઠા છો એ પ્રાચીન પધ્ધતિ છે ? ત્યાં તો મંડપમાંના બધા બાવાઓને જર્મનીના જોધ્ધા માનનાર વિમલરંગે રંગ જમાવ્યો અને કહ્યું કે પ્રાચીન પધ્ધતિ શી હતી ? હે સમજ્જનો ! તેનો જવાબ આપવાને કોઇ સમર્થ ફાજલ પાડી શકયું નહિ, અને થોડી ક્ષણો મૌનમાં પસાર થઈ, દરેક જણ આ ચર્ચામાં રસ લઇ રહ્યા હતા, એટલામાં છીંકણીનો સડાકો લેતા બડી દાઢીવાલે સૂરિસમ્રાટ બોલ્યા, હવે આ બધી માથાકૂટ જવા દો, પ્રાચીન પધ્ધતિ લો કે અર્વાચીન આપણે તો કામ કરવું છે એટલે કયા કયા વિષયો ચર્ચવા એ નક્કી કરો, તેનો નિર્ણય નહિ, દરેક સમુદાય દીઠ બબ્બે પ્રતિનિધિ લો અને દરેકે એ વાત માન્ય રાખી, પ્રતિનિધિની ચૂંટણી થવા લાગી. એક ગુરૂના બે શિષ્યો હોય અને તેઓ જુદા હોય તો તેમનું પણ પ્રતિનિધિત્વ સ્વીકારાયું. સાડા ત્રણસો સાધુઓમાં બેંતેરી પ્રતિનિધિઓ બન્યા. આમ સમય પૂરો થયો અને પ્રતિનિધિત્વનો ગર્વ લેતાં સૌ વિખરાયા. આ ચૌદમી સદીમાં જીવતા સાધુ સંમેલનના બીજા દિવસની કારવાહી ઉપર ગામમાં ખૂબ ચર્ચા શરૂ થઇ, પ્રાચીન 'પધ્ધતિ પ્રમાણે થવું જોઇએ' એ શબ્દો ઉપર બધાને ગમ્મત થઇ અને વાત વાતમાં તેનો ઉપયોગ કરવા લાગ્યા, ગઇ કાલે જેમ શાસ્ત્ર સંમત છે કે નહિ ? નો મેનીયા લાગ્યો હતો, તેમ આજે પ્રાચીન પધ્ધતિનો યથેચ્છ ઉપયોગ થઇ રહ્યો હતો, કોઇએ કહ્યું કે નગરશેઠના ચોગાનમાં મુનિસંમેલન માટે જે મંડપ બંધાયો છે તેમાં પ્રાચીન પધ્ધતિ પ્રમાણે બધું થયેલ છે? કોઇએ કહ્યું કે પૂછો કવિકુલ ફીરિટને! કોઇ એક માણસનું ઘર પાડવાનું હતું, તેણે બીજા કોઇને પૂછ્યું કે કઇ રીતે પડાવવું ? ત્યારે પેલાએ કહ્યું કે બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થવું જોઇએ, કોઇ બે મિત્રોને એક માણસે જમવાનું આમંત્રણ આપ્યું, બન્ને મિત્રો એક સાથે બોલી ઉઠયા કે બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થવું જોઇએ, કોઇ માણસને ત્યાં લગ્ન હતાં, વરરાજાને પોંખવાની તૈયારી ચાલી રહી હતી, ત્યાં સાસુની કોઇ સ્નેહનપણીએ કાનમાં ફુંક મારી કે બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થવું જોઇએ, કહેવાની જરૂર નથી કે વરરાજાનું નાક એક ચોખા જેટલું લાંબું વધ્યું હતું. કોઇ મહારાજ સવારના તરપણી લઇને દૂધ વ્હોરવા નિકળ્યા, કોઇ ભાઇએ પ્રશ્ન કર્યો, મહારાજ ! આ બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થાય છે ? તમે જે તમારા પાત્રો ઉપર લાલ કાળા કે સફેદ રંગો ચઢાવો છો, એ બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે છે ? તદ્દન નવાં સરબત્તી મલમલ ઉપર પાઘડા પીળા રંગ ચઢાવી ફરો છો, દશ દશ અને પંદર રૂપીઆની ફાઉન્ટીન પેન અને સ્વાન ઇન્ક વાપરો છો, એ બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થાય છે? મ્હોટાં મ્હોટાં વ્યાખ્યાનો છપાવી મોટા પ્રવચનકાર કહેવડાવો છો, શું એ પ્રાચીન પધ્ધતિ અનુસાર છે ? જુદી જુદી જાતના ફોટાઓ પડાવો છો, તૈલ ચિત્ર દોરાવો છો અને મ્હોટા એન્લાર્જ કરાવો છો, એ બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે છે? ગુરૂમંદિરોને નામે ગુરૂની અને તમારી પોતાની મૂર્તિઓનો ઓર્ડર આપો છો, આ બધુ પ્રાચીન પદ્ધતિથી થાય છે ? મચ્છરોના ત્રાસથી બચવા મચ્છરદાનીનો ઉપયોગ થાય છે એ અર્વાચીન પધ્ધતિ છે કે પ્રાચીન? શરીર સ્વેજ નરમ થતાં ડૉકટરોને ત્યાં વાણીયાઓને દોડાવવામાં આવે છે, આ બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણેજ થાય છે ને? પેલા ભાઇની આ બધા પ્રશ્નોની હારમાળા સાંભળી મ્હને થયું કે બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થવું જોઇએ? [અપૂર્ણ]

વર્તમાનિક.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

ચૌદમું અધિવેશનઃ—મુંબઇ મુકામે મળનારા શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ચૌદમા અધિવેશનની સ્વાગત સમિતિની પ્રથમ સભા તા. ૨૬–૩–૩૪ ગુરૂવારે રાતના મું. ટા. ૭–૩૦ કલાકે કોન્ફરન્સ ઓફીસમાં મળી હતી જે વખતે શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં સ્વાગત સમિતિના પ્રમુખ ચુંટણી સંબંધે વિચારણા થતાં શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલે રા. રા. શેઠ અમૃતલાલ કાલીદાસને સ્વાગત પ્રમુખ ચુંટવા દરખાસ્ત રજુ કરી હતી જેને શેઠ ચીનુભાઇ લાલભાઇ સોલીસીટરનો ટેકો મળતાં શેઠ શ્રી અમૃતલાલ કાળીદાસને વિનંતિ કરતાં તેઓએ પ્રમુખસ્થાન લીધું હતું. પ્રમુખ શેઠ અમૃતલાલે યોગ્ય શબ્દોમાં આભાર પ્રદર્શિત કર્યા બાદ કોન્ફરન્સ મહાદેવીની ઉપયોગિતા વિષે સચોટ અસરકારક રીતે વિવેચન કરતાં જણાવ્યું હતું કે કોન્ફરન્સથીજ કોમમાં બળ આપી શકાશે, આપણા માટે નવીન યુગ ઉઘડવાનો છે. સૌએ સમાજની ઉન્નતિ માટે ઘણાજ ઉત્સાહથી કામ કરવાની જરૂર છે તેમ થશે તો કોન્ફરન્સ સફળ થશે આદિ વિવેચન થયા પછી અધિવેશનની વ્યવસ્થા અંગે મુખ્ય મંત્રીઓ, ઉપપ્રમુખો તથા જુદી જુદી કમીટીઓ નીચે મુજબ નીમવામાં આવી હતી.

મુખ્ય મંત્રીઓની ચુંટણી માટે શ્રી સાકરચંદ ઘડીયાળીની દરખાસ્તને ચીનુભાઇ લાલભાઇના ટેકો મળતાં શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી, શેઠ મોહનલાલ જી. ઝવેરી, શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ અને ડૉ. પુનશી હીરજી મૈશેરીની સર્વાનુમતે ચીફ સેક્રેટરીઓ તરીકે ચૂંટણી થઈ હતી.

ઉપપ્રમુખઃ—શેઠ રવજી સોજપાળ, શેઠ મકનજી જે. મહેતા. શ્રી મોહનલાલ હેમચંદ ઝવેરી, શ્રી હેમચંદ મોહનલાલ ઝવેરી, શ્રી નાનજી લધાભાઇ, શ્રી ભભૂતમલ ચત્રાજી, શ્રી મણીલાલ મોતીલાલ મૂળજી, શ્રી મેઘજી સોજપાળ, શ્રી લલ્લુભાઇ દીપચંદ ઝવેરી, શ્રી મુલાખચંદ નગીનચંદ કપૂરચંદ, શ્રી હીરાચંદ વસનજી, શ્રી શાંતિદાસ આશકરણ, શ્રી રતનચંદ ખીમચંદ ઝેલાંશિા, શ્રી કરમશી પાચોરીઆ, શ્રી પુરૂષોત્તમ સૂરચંદ, શ્રી મૂલચંદ છગનલજી, શ્રી અચલદાસ ચમનાજી, શ્રી કસ્તૂરચંદ કેશરીચંદ શરાફ અને ડૉ. ટી. ઓ. શાહ. બાદ ઉતારા ભોજન કમિટી ૧૨ સભ્યોની નીમવામાં આવી હતી જેના સેક્રેટરીઓ તરીકે શ્રી વીરચંદ કેવળભાઇ અને શ્રી મુલાખચંદ વનાજી નીમવામાં આવ્યા હતા. મંડપ ટિકીટ કમિટી ૧૧ સભ્યોની નીમવામાં આવી તેના મંત્રીઓ મેસર્સ ડાહ્યાભાઇ સુરજમલ ઝવેરી અને શ્રી નરોત્તમ બી. શાહ નીમવામાં આવ્યા. ફાઇટ રેઝોલ્યુશન કમિટિ ૧૩ સભ્યોની નિમવામાં આવી તેના મંત્રીઓ મેસર્સ મોહનલાલ દલીચંદ દેશાઇ એટવોકેટ અને ચીનુભાઇ લાલભાઇ શેઠ સોલીસીટરની નિમણુંક કરવામાં આવી. મેડિકલ કમિટી ૬ સભ્યોની નિમવામાં આવી તેના મંત્રી ડૉ. ચીમનલાલ એન. શેઠની નિમણુંક કરી. પ્રચાર અને પ્રકાશન સમિતિ ૭ સભ્યોની નિમવામાં આવી અને તેના સેક્રેટરીઓ તરીકે શ્રી ઓધવજી ધનજી શાહ અને શ્રી સાકરચંદ માણેકચંદ ઘડીઆળીની નિમણુંક કરી, બાદ ફંડ કમીટી નીમવામાં આવી હતી, તથા વોલંટિયર સ્વયંસેવકોની વ્યવસ્થા અંગેનું કામ શ્રી હિરાભાઇ રામચંદ મલબારી અને મણીલાલ જેમલભાઇને સોંપવામાં આવ્યું હતું. સ્વાગત સમિતિના સભ્યોની શી ધારણ અનુસાર છે તે મુજબ રાખવા ફરમાવાબાદ અધિવેશનની પ્રોવિઝનલ તારીખો તા. ૫–૬ અને ૭. મે ૧૯૩૪, પ્રથમ વૈશાખ વદ ૭, ૮ અને ૯, શનિ. રવિ અને સોમ નક્કી કરી. બાદ અધિવેશનના પ્રમુખ તરીકે અજીમગંજ નિવાસી સુપ્રસિધ્ધ શેઠ બાબૂસાહેબ નિર્મલકુમારસિંહજી નવલખાની સર્વાનુમતે ચૂંટણી કરવામાં આવી હતી. બાદ ખર્ચઆદિની મંજુરી ચીફ સેક્રેટરીઓને આપી આજની સભાના પ્રમુખ સાહેબનો આભાર માનવા શ્રી હિરાચંદ વસનજીએ દરખાસ્ત રજુ કરતાં તેને શ્રી વાડીલાલ સાંકળચંદ વોરાએ ટેકો આપ્યાબાદ આભારમાની સભા ઉત્સાહ વચ્ચે વિસર્જન થઈ હતી.

> **શ્રી જૈન યુવક પરિષદ ભરવાનો નિર્ણયઃ**—તા. ૨૫–૩–૩૪ ના રોજ દિવસના ત્રણ વાગે ભાઇ ઉમેદચંદ દોલતચંદ અરોડીયાના પ્રમુખપણા નીચે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ઓફીસમાં એક મીટીંગ મળેલી અને સર્વાનુમતે ઠરાવ થયો કે:– "શ્રી જૈન યુવક મહામંડળ અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સહકારથી અખિલ ભારત જૈન શ્વે. મૂ. પૂ. યુવક પરિષદ કોન્ફરન્સના અધિવેશનની આસપાસ ભરવી અને સ્વાગત સમિતિ ઉભી કરવા તેમજ પ્રાથમિક કામકાજ કરવા કામ ચલાઉ મંત્રીઓ તરીકે ભાઇ મણીલાલ એમ. શાહ અને ભાઇ અમીચંદ ખેમચંદ શાહની નીમણુંક કરવામાં આવી છે.

ઝવેરી મોહનલાલ ભગવાનદાસ ઝવેરી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા ડૉ. પુનશી હીરજી મૈશેરી ચીફ સેક્રેટરીઓ સ્વાગત કમિટિ.

ભાવનગરથી શેઠ કુંવરજી મૂળચંદ લખી જણાવે છે કે:– "આપના તા. ૧૬–૩–૩૪ ના અંકમાં 'જ્ઞાતિમાંથી રાજીનામું' એ હેડીંગ નીચે ભાઇશ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ અત્રેની નાતને કરેલી અરજીની વિગત આપી છે. મજકુર અરજી મને મળેલી, મેં તે નાત રૂબરૂ મૂકેલી પરંતુ અહિંની નાતમાં બે પક્ષ છે. મેં મારી નાતના સેક્રેટરી તરીકે નાત બોલાવેલી તે સામે સામા પક્ષ તરફથી વાંધો ઉઠતાં તે વાંધો નાત રૂબરૂ રજુ કરવામાં આવ્યો, જેથી મજકુર અરજીનું નિરાકરણ ન થતાં બન્ને પક્ષે પોતાના તરફથી મેમ્બરો મોકલવા અને એકઠા થવું એમ નિર્ણય થયો. દરમ્યાન મેં નાત સમક્ષ મારૂં સેક્રેટરી તરીકેનું રાજીનામું મૂકયું છે.

શ્રી જૈન દવાખાનું પાયધુની, મુંબઇ:—આ દવાખાનાનો ગયા ફેબ્રુઆરી માસમાં ૧૪૬૪ દર્દીઓએ લાભ લીધો હતો, જેમાં ૫૩૦ પુરૂષ દર્દીઓ, ૪૮૯ સ્ત્રી દર્દીઓ અને ૪૪૫ બાળક દર્દીઓ હતા, દરરોજ દર્દીઓની સરેરાશ હાજરી '૫૨' થઈ હતી.

સાચો સુધારોઃ–ધર્માચાર્યો અને જુદી જુદી સંસ્થાઓ દૈવી ભાવનાને અનુસરે અને ગ્રંથો પણ એવીજ ભાવનાને પોષે એ સાધવામાં આપણે મદદ કરવી જોઇએ. દુરાચાર સામે તો ઝઝુમવુંજ જોઇએ. પરંતુ તેમ કરવાનો શ્રેષ્ઠ માર્ગ સદ્‌વર્તનને ઉત્તેજિત કરવાનો છે. મારા પોતાના અનુભવથી મને માલુમ પડયું છે કે સત્યને શૃંખલાથી મુક્ત કરવું, સુષુપ્ત આત્માને જાગૃત કરવો અને શક્ય હોય તો લાક્ષણિક અર્થ બરોબર સમજી ખોટા અર્થ પાછળ રહેલા સત્યાર્થને શોધી કહાડવો, એ સુધારો સાધવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

સદ્‌ધર્મની કેળવણીની આવશ્યકતાઃ– જેમના હાથમાં મનુષ્યોના આત્મા સોંપાય છે. તેઓ જેઓ મનુષ્ય શરીર સંભાળનારા છે તેમના જેવીજ કેળવણી લે એવા પ્રબંધ માટે આગ્રહ કરવાનો સમય આવી પહોંચ્યો છે. ઉપદેશકોને કોણ ઉપદેશ દેશે? સાચી માનવતાનું સમર્થન કરવાનો અને ધાર્મિક સ્થળોમાં તથા ધર્મનું શિક્ષણ આપતી સંસ્થાઓમાં વધુ સારા પ્રકારની ઈશ્વર વિદ્યા અને નીતિ શાસ્ત્રની સ્થાપના કરવાનો આપણે સંસારીઓ માટે સમય આવી પણ કેમ ન પહોંચ્યો હોય? શું શાળાઓએ આવા ધર્મજ્ઞાનનું કેંદ્ર ન બનવું જોઇએ ?

હિન્દુત્વની પુનરૂક્તિઃ–શું હિન્દુત્વની પુનરૂક્તિનો સમય આવી પહોંચ્યો છે ? "કૃશ મનુષ્યને પોષવો પરંતુ માતેલા સાંઢને નહિ. પોતાને માટે શારીરિક અને માનસિક દૃષ્ટિએ યોગ્ય હોય એવા પુરૂષ સાથેજ સ્ત્રીના લગ્ન કરવાં એ જીવન શ્રેયસ્કર છે અનિષ્ટકર નહિ, યુવાનો તથા યુવતીઓને દાંપત્યારોગ્ય શાસ્ત્ર અને નીતિના પાઠો શીખવવા, મહાન જીવન વૃક્ષના મૂળ સમા સ્ત્રી તથા બાળકોને માનસિક તથા નૈતિક વિકાસ માટે વધુ તક આપવી. દરેક સ્ત્રી કે પુરૂષ ધ્યેયનું સાધન નહિ પણ ધ્યેયજ છે એ સિધ્ધાંતનું સમર્થન કરવું" આ બધા આદર્શો હજી પણ અપ્રાપ્ય રહ્યા છે. તેમનો આદર્શો તરીકે પણ હજી સ્વીકાર થયો નથી.

માનવ સુષુપ્તતાઃ– માનવ સુષુપ્તતા ભયંકર છે અને માનવીઓનું દોઢડહાપણ ઘણીવાર મૂર્ખતાભર્યું અને ક્રૂર થઇ પડે છે. "સ્વાતંત્ર્યની ભૂમિ એથેન્સે પોતાના મહાનમાં મહાન પુત્રના રક્તથી પોતાનાં હાથ રંગ્યા, પયગંબરોની ભૂમી ઇઝરાયલે કેટલાયે પયગંબરોના ખૂન વહેવડાવ્યાં" ઇઝરાયલના મહાન પુત્ર કહી ગયા છે કે, "તમારા વડીલોએ પયગંબરોનાં ખૂણ લીધા છે અને તમો તેમનાં સ્મારક બાંધો છો." પોતે જ્યારે 'ઝે' માં જાય છે ત્યારે પોતે વાનરને ટોપી ઉતારી માન અર્પે છે અને મનુષ્યો માટે ક્ષમા ચાહે છે એવા બર્નાર્ડ શોનાં કથન સાથે પણ સહાનુભૂતિ દર્શાવ્યા વગર રહેવાતું નથી,

યુરોપ, ચીન અને ભારતના સત્યના શહીદોઃ– સોક્રેટીસથી જેરેમીયા અને ઇશુ અને પોલથી ગેલીલીઓ અને જોન ઓફ આર્ક, સદ્‌વર્તન અને સત્ય ખાતર આપત્તિ વ્હોરી લેનારાઓનું શું ભવ્ય સરઘસ ? આ બધા સત્યને માટે શહીદ બન્યાં છે, ન્યાત બહાર, પંકતી બહાર કે દેશપાર થયેલાઓ તો અસંખ્ય છે. સહિષ્ણુ અને આતિથ્ય પ્રેમી ચીનની ભૂમિ જ્યાં તર્કવાદને વધુ પડતી અગત્યતા આપવામાં આવે છે ત્યાં પણ પ્રથમ સમ્રાટ જેવા મહાન રાજકર્તાઓ વાંગચ્યાન શીન જેવા મહાન મુત્સદ્દીઓ તથા લીપો અને સુતુંગપો જેવા મહાન કવીઓને અપમાનિત કરવામાં આવ્યા હતા, અને તેમને દેશવટો પણ સહેવો પડયો હતો. આપણા ધીર અને નમ્ર રાષ્ટ્રને પણ દંતકથામાંના હરિશ્ચંદ્ર અને પ્રહલાદ, ઇતિહાસમાંના નરસિંહ મહેતાઓ, તુકારામો, કબીરો અને પંતુલીઓ માટે પણ આવીજ કથા કહેવાની છે ને ? આ સર્વેએ સત્યને ખાતર ઘણું સહન કર્યું હતું.

પત્રકારિત્વઃ–દૈનિક પત્રો ઉપરાંત બીજું કશું ન વાંચનાર પુરૂષો, સ્ત્રીઓ, અને બાળકોમાં છાપ પાડી શકાય એવાં મતો પર દિન પ્રતિદિન સમુહ–સૂચનનું પ્રાબલ્ય એ શું શુભ કે અનિષ્ટ માટે અમાપ શક્તિ નથી ? કોહેલું માંસ શોધનાર કોહલાની વૃત્તિવાળો પત્રકાર હોય તો તે આખા રાષ્ટ્રમાં ઝેર પ્રસારી શકે છે. જો તે કુલીનતા અને સુંદરતાને વરેલો હોય તો તે જ્યોતિર્વાહક થઇ પડે છે. જો આપણે દિનપ્રતિદિન જે કંઇ વાંચીએ તેમાં શ્રેયની શોધ અને અનિષ્ટનો ત્યાગ કરીએ તોજ તેમને આપણે વિજયી બનાવી શકીએ. હું આ સાફ સાફ શબ્દોમાં મારે જે કહેવાનું છે તે કહી નાખીશ. આપણે હલકાં વર્તમાન પત્રોનો બહિષ્કાર કરવો જોઇએ પોતાનાં કુટુંબીઓનાં ભાણામાંજ દરરોજ ઝેર કોણ પીરસશે ? જો અસત્ય સામે સત્યની, સંગ્રામ સામે શાન્તિની, અન્યાય સામે ન્યાયની, વિષય સામે પ્રેમની, ઘેલછા સામે શાણપણાની આ મહાન જેહાદ જીતવી હોય તો એ જેહાદને ટેકો આપનાર વર્તમાન પત્રો આપણને અવશ્યક છે, નહિં તો મનુષ્ય પોતાનો ધ્વંશ કરશે અને આટલા શ્રમે આપણે મેળવેલી સિદ્ધિઓ હતી ન હતી થઈ જશે.

× × × ×

આપણે પૂર્વ અને પશ્ચિમમાંથી જેટલું શિક્ષણ લહી શકાએ, તેટલું શિક્ષણ ગ્રહણ કરવું જોઇએ. અતડાપણું અશકત પ્રજા ઉત્પન્ન કરે છે.

ગેરવ્યાજબી પ્રતિબંધોઃ–ગેરવ્યાજબી પ્રતિબંધોએ આપણને કેટલું નુકશાન કર્યું છે ? મુખ્યત્વે આપણી સ્ત્રીઓ સાચી કેળવણીથી વંચિત રહેતી હોવાને લઇને કેટલાં જખ્મ થઈ ગયા છે ? આપણે હેમનામાં હેમ પોષીએ છીએ અને અજ્ઞાનનાં બી રોપીએ છીએ. પરંતુ તેઓ પણ હવે સ્વતંત્ર વિચાર કરતી થઈ છે.

* * * *

જ્યારે મનુષ્યો ગંભીર પ્રશ્નો વિચારવાની હિંમત કરે છે અને સત્ય ગમે તે માર્ગે લઇ જાય તો પણ તેને અનુસરે છે ત્યારે તેઓ ઇતિહાસ સર્જે છે. નવીન તેમજ ચેતનાત્મક તત્ત્વોને મૂકત કરે છે. એક મહાન ચિંતકે કહ્યું છે તેમ 'તમારે સત્ય જાણવું જોઇએ, તેજ તમને મૂકત કરશે.'

—**સર સયાજીરાવ.**

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ શ્રી કલાપી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સોસાયટિ માટે ન્યુ રેશમ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪, મુંબઈ નં. ૨, તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.



આગામી પરિષદના અધ્યક્ષશ્રીના ફોટા.

અનુક્રમણિકા

	વિષય.	લેખકનું નામ.	પૃષ્ટ.
૧	છેલ્લું સ્વપ્નું.	... ...	૫૭
૨	આગામી પરિષદો	શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયા	૫૮
૩	યુવક બંધુ	શ્રી મણીલાલ એમ. શાહ	,,
૪	જનતાનું કર્તવ્ય અને જૈન કોન્ફરન્સ	શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયા સોલીસીટર ...	૫૯
૫	આગામી પરિષદના અભિનેતાઓ.	... ...	૬૦
૬	યુવકોને	શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ.એલ.બી. એડવોકેટ તંત્રી (જૈન યુગ)	૬૧
૭	આજનો બળવાખોર યુવક	શ્રી વીરચંદ મેળાપચંદ બેરીસ્ટર બી. એ બાર-એટ-લો.	૬૩
૮	સમાજની આધુનિક સમસ્યા...	તંત્રી	૬૫
૯	ઝીંડુ પાડો	શ્રી લાલચંદ જયચંદ વોરા	૬૯
૧૦	ક્રાન્તિની સફળતાનાં સૂત્રો	શ્રી ન્યાયવિજયજી	૭૦
૧૧	જલ્સો ખતમ	શ્રી તારાચંદ કોઠારી તંત્રી 'પ્રબુધ્ધ'–પાલનપુર ...	૭૩
૧૨	યૌવન અને વિકટ પ્રશ્નો	શ્રી ડાહ્યાલાલ વેલચંદ મહેતા	૭૪
૧૩	આવતી યુવક પરિષદ	શ્રી જયન્તિલાલ ડી. શાહ	૭૫
૧૪	સંયુકત જૈન મહાસંઘ	શ્રી મણીલાલ મોહનલાલ ઝવેરી	૭૭
૧૫	યુવક માનસની આદર્શ પ્રતિમા	શ્રી મનસુખલાલ હિરાલાલ લાલન	૭૮
૧૬	સિંધુ પ્રદેશમાં જૈન ધર્મ	શ્રી નાથાલાલ છગનલાલ શાહ	૮૦
૧૭	બંધારણની નૂતન યોજના	શ્રી અમીચંદ ખેમચંદ શાહ	૮૧
૧૮	નવલોહીયા જૈન યુવાનોને	શ્રી રતીલાલ બી. શાહ	૮૫
૧૯	મુંબઇમાં ભરાતી કોન્ફરન્સ વિષે કંઇક	શ્રી ભોગીલાલ એમ. પેથાપુરી	૮૬
૨૦	મહાશક્તિ પ્રગટ કરો	શ્રી ધીરજલાલ ટોકરશી શાહ તંત્રી 'જૈન જ્યોતિ'	૮૭
૨૧	વર્તમાન જોગ	શ્રી વિનયકાન્ત ગાંધી	૮૯
૨૨	સુધારણા માટે ક્ષેત્ર વિશાળ છે	શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી	૯૨
૨૩	પરિષદનો પડકાર	શ્રી ભાઇલાલ બાવીશી તંત્રી 'તણખા' ...	૯૩
૨૪	જિન મંદિર વિરૂધ્ધ ગુરૂમંદિરો	શ્રી વલ્લભદાસ પુલચંદ મહેતા	૯૫
૨૫	આવતી કાલના વિધાયકોને...	શ્રી નાનુભાઇ મોતીલાલ	૯૭
૨૬	કોણ જીવશે ? આવતી કાલના સર્જકો... ...	કનૈયાલાલ	૯૮

સુધારીને વાંચવું.

૧ ૬૫ મા પેજ ઉપર 'સમાજની આધુનિક સમસ્યા' એમ વાંચવું.

૨ ૬૯ મા પેજ ના અનુસંધાનમાં ૭૨ મું પેજ વાંચવું

૩ ૭૫ મા પેજ ઉપર આવતી યુવક પરિષદ એમ વાંચવું

ચિત્ર પરિચય.

ટાઇટલ પેજ ઉપરનો જે બ્લોક આપેલ છે તેમાં નવ સૃષ્ટિનો સરજનહાર યુવાન તમામ જુનવાણી સ્વરૂપોનો નાશ કરી તેને સંતોષની નજરે જોઇ રહે છે.

અને પોતાના સાથીઓને પડકારે છે. કોન્ફરન્સના અન્તે પ્રમુખોના ફોટાઓ કોન્ફરન્સ ઓફીસના સૌજન્યથી અમને મળ્યા છે.

તમે પર્યુષણપર્વ આધુનિક દૃષ્ટિએ ઉજવવા માંગો છો ?

તમે પંડિત સુખલાલજી ને ઓળખો છો ?

તેમના નેતૃત્વમાં 'પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો' (વર્ષ ત્રીજું) તૈયાર થયેલ છે, જેમાં તદ્દન નવીનજ વ્યાખ્યાનમાળા આપવામાં આવેલ છે.

ધર્મ અને સમાજ ... ... પં. સુખલાલજી.
શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે ફેરશો ... ,,
આસ્તિક અને નાસ્તિક શબ્દનો મીમાંસા.... ,,
સર્વ ધર્મનાં મૂળ સિધ્ધાન્તો ... સૌ. વેણીબ્હેન કાપડીઆ
અધ્યાત્મ... ... ... શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર.
ધર્મનો ભ્રમ ... ... ડૉ૦ પ્રાણજીવનદાસ મહેતા
જૈન ધર્મની વિશાળતા ... શ્રી ઉમેદચંદ બરોડીયા.
જૈન ધર્મનાં પરિવર્તનો અને તેનાંપરિણામો ... ... શ્રીમોહનલાલ દલીચંદ દેશાઇ
અસ્પૃશ્યો અને જૈન સંસ્કૃતિ... પં. સુખલાલજી.
અસ્પૃશ્યો અને હારીજત ,,
ધર્મોમાં ભિન્નતા ... ... પં. દરબારી લાલજી
જૈન ધર્મ ઉપર અન્ય ધર્મનો પ્રભાવ પં. નાથુરામજી
જૈનધર્મકી કુંજી કિસકે હાથમેહૈં બાબુ સુરજ ભાનુ વકીલ

કિંમત આઠ આના ૦–૮–૦

મળવાનું ઠેકાણું:—
શ્રી મુંબઇ જૈન યુવકસંઘ
૧૯૦ ધનજી સ્ટ્રીટ,
મુંબઇ, ૩.

ખાસ વધારો.

Reg. No. B. 3220.



સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૦ા આનો] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર તંત્રી:—ચંદ્રકાન્ત વી. સુતરીયા. [શુક્રવાર તા. ૧૩-૪-૩૪

શ્રી જૈન શ્વે મૂ૦ યુવક પરિષદ.

યુવાનોને પડકાર.

બંધુઓ! આપણા સમાજની હાલત આજે બહુજ કંગાળ બની ગઇ છે. જગતના બીજા સમાજો જ્યારે પ્રગતિ તરફ કૂચ કરી રહ્યા છે, ત્યારે આપણે પાછળ હઠી રહ્યા છીએ એ બાબત વિચારણા માગે છે. આપણે જગતની ઝડપી કૂચકદમ જોડે સાથ આપવો જોઇએ. વિચારભેદ તો હંમેશાં માનવ માત્રમાં રહે છે. પણ વિરૂધ્ધતા ન જોઇએ. વિરૂધ્ધતાને અંગે અનેક સામાજિક પ્રશ્નો છણાવટ વગરના પડી રહ્યા છે. એ પ્રશ્નોની જોડે આપણો જીવન મરણનો સવાલ છે. એટલે તેનો કોઇ પણ રીતે નિકાલ લાવવોજ પડશે.

જીવનમાં ચેતન પૂરાય, તનમનાટ અને ઉલ્લાસનાં પૂર ફરી વળે તેવો સમય વારંવાર પ્રાપ્ત થતો નથી. વસંતકાળ વર્ષમાં એકજ વખત આવે છે. એ વસંત જેમ પ્રાણુમાત્રમાં જીવનતાજગી બક્ષે છે તેમ કોન્ફરન્સોના અધિવેશનો કે યુવક પરિષદ યુવાનોને વસંત સમા માનવાં જોઇએ. અને તેમાંથી પ્રેરણા મેળવી કર્મયોગી બનવું જોઇએ.

આજની નિષ્ક્રિયતા આપણે માટે આપઘાતક નિવડશે. જગતના પ્રગતિશીલ આંદોલનોની તાજગી ભરી હવામાં આપણે ચૂપ બેસી રહીએ એ અસંભવ છે.

શા માટે આપણે સામાજીક પ્રશ્નો તરફ મૌન રેહેવું જોઇએ?

આજની આપણી પરિસ્થિતિ બહુજ વિકટ છે, આંતરકલહો અને નિરર્થક ચર્ચાઓમાં આપણી શક્તિ વેરણ છેરણ બની ગઇ છે, કુરૂઢિઓ અને હાનિકારક રિવાજોથી સમાજનું પૂર હણાઇ રહ્યું છે, પ્રચલિત લગ્નગ્રંથીના પ્રભાવે આવતી કાલના નાગરિકોના જીવન શુષ્ક બની રહ્યાં છે. બેકારી અને ભૂખમરો પોતાનો લોખંડી પંજો સમાજ ઉપર પ્રસારી રહ્યો છે. વિધવાઓનો આર્ત્તનાદ વિશ્વાતક બળો સાથે અથડાઇ રહ્યો છે. અને ચોતરફ કેમ જાણે કયામતના દિવસો નજીક ન આવી રહ્યા હોય તેમ વાતાવરણ ગમગીન બની રહ્યું છે. આવી પરિસ્થિતિમાં જીવનને આગળ ધપાવવું શક્ય છે?

જ્યાં જ્યાં યુવાનોનું અસ્તિત્વ હોય, જ્યાં જ્યાં નવલોહીયા યુવાનોનાં જુથ હોય અને જ્યાં જ્યાં નવસર્જનનાં સ્વપ્નાં સેવાતાં હોય ત્યાં ત્યાં આવી પરિસ્થિતિ જરાયે ન ચાલી શકે!

આજનો સમાજ જર્જરિત બની ગયો છે, યુગબળના પડઘાથી હૈયું અંધારણ ખખડી પડયું છે, હૈયાને પુનર્જીવન આપવાનું, હૈયાને નવેસરથી રચવાનું કાર્ય યુવકોને ફાળે જાય છે. અને યુવકોની એ ફરજ થઇ પડે છે.

જગત્ ભરમાં આજે ક્રાન્તિની બાંગો પુકારાઇ રહી છે. પુરાણવાદના પ્રુડ્યા ઉડાવી હૈયાને સ્થાને યુગાનુરૂપ વિચારણાને સ્થાન અપાઇ રહ્યું છે, જીવનના પ્રત્યેક ક્ષેત્રોમાં તે વ્યાપક બની રહી છે. હૈયામાંથી પ્રેરણા મેળવવા આપણે કટિબધ્ધ થવાની અત્યંત આવશ્યકતા છે.

આપણે આ યુગમાં જો જીવવા માંગતા હોઇએ તો જે રીતે આજ સુધી જીવ્યા છીએ તે રીતે નહિ જીવી શકીએ. આપણું જીવન યુગાનુરૂપ બનાવવુંજ પડશે. આપણા જીવનના પ્રત્યેક અંગો સુદૃઢ બનાવવાં પડશે. આજની માયકાંગલી વૃત્તિને દૂર કરી ઉદાર અને કર્ત્તવ્યની સૌરભભરી વૃત્તિ કેળવવી પડશે. સંકુચિતતા અને કુલીનતાના ભેદભાવ ખડા કરનારી દિવાલોને તોડી સમાનતાના પાઠો પઢવા પડશે. બીજા સમાજો જોડે સહકાર અને સહનશીલતાની ભાવના કેળવવી પડશે.

ઉપરોક્ત બધી બાબતો વિચારવા માટે મુંબઇને આંગણે જૈન શ્વે. મૂ. યુવક પરિષદ મેળા પહેલા અઠવાડીયામાં ભરાઇ રહી છે. તેમાં નૂતન આંદોલનને ઝીલનારા, પ્રગતિબળો પીછાણનારા અને નવસર્જન કરવાનાં સ્વપ્નાં સેવનારા જુવાનો એકત્ર થશે. એ પ્રસંગનો લાભ લેવાનું સમાજના પ્રત્યેક જુવાનોનું કર્ત્તવ્ય થઈ પડે છે, હૈયાને સફળ બનાવવાની જૈન યુવાનો ઉપર ફરજ આવી પડે છે. એ ફરજને અદા કરવા કોઈ પણ યુવાન પાછો નહિ હઠે. એ આશા વધારે પડતી નથી.

ચંદ્રકાન્ત વી. સુતરીયા.
મંત્રી–પ્રચાર સમિતિ.

સમાજની પરિસ્થિતિ.

યુવાનોને પડકાર.

તા. ૧૩-૪-૩૪.

વર્ત્તમાનયુગ તે વિજ્ઞાનનો યુગ છે, વિજ્ઞાનયુગનો જમાનો તે આદર્શ યુવકોને પ્રેરણા સિંચનનો કાળ છે, અત્યારે જગતભરના દરેક ધર્મો, દરેક સમાજો કુદકે-ભુસકે કદમભર કદમ આગે વધી રહેલ છે, ત્યારે આપણો એક વખતનો આદર્શ જૈન સમાજ દરકદમ પીછે હઠ કરી રહેલ છે, પૂર્વકાળમાં જૈન ધર્મ, જૈન સમાજ ઉન્નતિના શિખરે પહોંચ્યો હતો, અત્યારે તેજ ધર્મ, તેજ સમાજ ઉંડી ગર્ત્તામાં જઇ પડયો છે, પ્રત્યેક સમાજમાં દર વર્ષે સંખ્યાબંધ માણસોનો વધારો થાય છે, ત્યારે આપણી સમાજમાં પ્રતિ વર્ષ આઠ હજારનો ઘટાડો થાય છે, આનું કારણ શું? સમાજમાં નેતાનો મોભો ધરાવતી કોઇ પણ વ્યક્તિએ તે કારણ તપાસવા સરખો પણ વિચાર કર્યો છે? શા માટે કરવો જોઇએ? સમાજની અત્યારે શું સ્થિતિ થઇ રહી છે? બાદશાહ અકબરના સમયમાં એટલે સતરમી સદીમાં ચાલીસ લાખ જૈનોની સંખ્યા હતી, જ્યારે વીસમી સદીમાં એટલે માત્ર ત્રણજ સદીમાં બાર લાખના આંકડા (તે પણ પૂરાં નહિ) ઉપર આવી રહી છે, છતાં સમાજ નેતાઓની નિદ્રા કેમ નહિ ઉડતી હોય? અત્યારે કોઇને આ સ્થિતિ સંબંધી પૂછવામાં આવે તો એકજ ઉત્તર મળશે કે એ તો પાંચમાં આરાનો પ્રભાવ છે, પાંચમો આરો માત્ર જૈન સમાજને જ નડે છે? બીજી સમાજો માટે નથી? કોઇ બુદ્ધિશાળી પુરૂષ દીર્ઘવિચારણા કરશે તો સહેજે જણાઇ આવશે કે આ બધાના નાશનું કારણ સમાજને મુંઝાવી રહેલા અનેક પ્રશ્નો જ છે. સમાજમાં બેકારીનો વાયરો વાયરલેસની ગતિએ પૂર જોસમાં ચાલી રહ્યો છે, જેના પરિણામે જૈન સમાજના કેટલાંય ભાઇ-બહેનોને આજીવિકાનાં સાંસાં પડે છે, કેટલાય બચ્ચાંઓને અભ્યાસ માટે સાહિત્યના અભાવે (અભણ રહી) મૂર્ખતામાં જીવન વ્યતીત કરવું પડે છે, કેટલીય બહેનોને આજીવિકાના અભાવે મજુરી કરવાં છતાં પેટ પૂરતું અનાજ પણ મળતું નથી, જેથી છેવટે રીબાઇ રીબાઇ પરધર્મમાં ચાલી જાય છે, ચાલી જાય છે એટલુંજ નહિ, પણ પોતાના જૈનપણાના સંસ્કારોને તદ્દન ત્યજી દે છે અને જૈન ધર્મની પૂર્ણ નિંદક બની જાય છે; આવા કટોકટીના સમયે મુંબઇના આંગણે જૈન યુવક પરિષદ ભરવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહેલ છે, તે વખતે યુવકોનું પરમ કર્ત્તવ્ય એ છે કે સમાજને કયા પ્રશ્નો મુંઝવી રહ્યા છે? સમાજને અત્યારે શાની જરૂર છે? બેકારી, વૈરભાવ, ઇર્ષ્યા, કુસંપ ઇત્યાદિની અટકાયતને માટે શું કરવું જોઇએ? બહેનો (સધવા હો કે વિધવા હો) જે અન્ન-વસ્ત્ર વિના ટળવળી રહેલ છે, દિનપ્રતિદિન પરસમાજમાં ચાલી જાય છે તેને અટકાવવા માટે શું કરવું જોઇએ? આવાં આવાં અનેક પ્રશ્નો દ્રષ્ટિ સમીપ આવીને ઉભાં છે તેનો નિકાલ લાવવા શું કરવું જોઇએ? યુવકો ચૈતન્યમૂર્તિ ગણાય છે પણ તે દુધનાં ઉભરા જેવી તો નજ હોવી જોઇએ, સમાજના નેતા તરીકે ગણાતા વૃધ્ધોની શરમમાં દબાવાનો સમય હવે રહ્યો નથી. તેઓને તો હવે સ્પષ્ટ શબ્દોમાં જણાવી આપવું જોઇએ કે તમારી જોહુકમીએ, તમારી આપખુદ સત્તાએ સમાજનું સત્યાનાશવાળી નાંખ્યું છે, હવે તમારા તે દિવસો વહી ગયા છે, અમારી શક્તિનો ઉપયોગ અમારી સમાજની પૂનરૂરચનામાં કરીશું અને સમાજનું નવસર્જન પૂર્વવત્ બનાવીશું.

દરેક દેશના યુવાનોને મારી નમ્ર વિનંતિ છે કે સમાજના સળગતા પ્રશ્નોનો નિકાલ લાવવા માટે મુંબઇના આંગણે ભરાતી "જૈન યુવક પરિષદ" માં ભાગ લેવા સંખ્યાબંધ યુવાનો ઉતરી પડો. અને પરિષદમાં તમારો અવાજ ઉઠાવો! પરિષદદ્વારા મુંઝવતા પ્રશ્નોનો નિકાલ માગો. યુવક બંધુઓ! નવસર્જન તમારા હાથમાંજ છે.

અનુકરણીયદાન:—મંચેર (પુના) નિવાસી શ્રી આનંદરામજી માનમલજીની સુપુત્રીના તા. ૧૧-૩-૩૪ ના થયેલ વિવાહની ખુશાલીમાં ઉપરોક્ત બંધુએ લગભગ દરેક જૈન પત્ર હોમજ એકાદ બે બીજા પત્રો ઉપર પાંચ પાંચ રૂપીયાની ભેટ મોકલી છે. જો આ દાન પેપરો તરફ સહાનુભૂતિ તરીકે મોકલાયા હોય તો એ દાન અનુકરણીય છે. આજે પત્રો કઇ રીતે જનતાને નિયમિત મળી શકે છે એ હોના વ્યવસ્થાપકો અને માલિકોને જ ખબર પડે છે. જૈન પેપરોની જે સ્થિતિ છે, એ સ્થિતિ અસહ્ય છે. આપણે ત્યાં જે મફતીયા વાંચનનો શોખ છે હોનોજ એ પ્રતાપ છે. પેપરોને જો જીવાડવા હોય તો જનતાને કંઇક આવા દાનની પ્રથા પાડવીજ પડશે.

પં. ધર્મવિજયજીનો સ્વર્ગવાસ:—હોલાના ઉપાશ્રયવાળા પં. શ્રી ધર્મવિજયજી મહારાજ કે જેઓ અમદાવાદ મુનિ સંમેલનમાં ભાગ લેવા પધાર્યા હતા, તેઓશ્રીનું તા. ૬-૪-૩૪ના દિને રસ્તામાં અવસાન થયું છે. તેઓશ્રી ચારિત્રશીલ, વિદ્વાન અને મિલનસાર સ્વભાવના હતા. અમે પ્રાર્થીએ છીએ કે તેઓશ્રીના આત્માને શાંતિ મળો!

સાધુ સંમેલનના ઠરાવો.

શું તે અનિચ્છનીય વાતાવરણ દૂર કરશે કે?

દિવસો થયા જે સંમેલનના સત્તાવાર ઠરાવો સાંભળવા તાલાવેલી લાગી રહી હતી, જે ઠરાવોના પ્રભાવથી અનિચ્છનીય વાતાવરણ દૂર થવાની આશાઓ સેવાઇ રહી હતી, એ ઠરાવો આખરે શ્રી નગરશેઠના નેતૃત્વ નીચે સત્તાવાર પ્રગટ થઇ ચૂકયા છે. એ ઠરાવો અને તેહની પાછળનો અર્થ વિચારતાં અમને જણાય છે કે આ ઠરાવોથી અનિચ્છનીય વાતાવરણ દૂર થવું શકય નથી, ખાસ કરીને સમાજમાં અયોગ્ય દીક્ષા, સંઘસત્તા અને દેવદ્રવ્ય આ ત્રણ પ્રશ્નોને અંગે ખળભળાટ સર્જયો હતો. અયોગ્ય દીક્ષાના સંબંધમાં ખૂબ લખાઇ ગયું છે એટલે તે સંબંધી કંઇ ન લખતાં દીક્ષા સંબંધમાં સંમેલનનો ઠરાવ વિચારીએ.

દીક્ષા પ્રકરણ.

આઠથી સોળ વર્ષ સુધી માતાપિતાની અથવા જે સમયે જે વાલી હોય તેની રજા સિવાય દીક્ષા આપી શકાય નહિ, કારણ કે ત્યાં સુધી 'શિક્ષા નિરૂદ્ધિકા' લાગે છે.

આઠ વર્ષથી સોળ વર્ષવાળાની દીક્ષામાં દીક્ષા લેનારના માબાપ અથવા તો વાલીની લેખિત સંમતિ લેવી. જે ગામમાં દીક્ષા આપવાની હોય, ત્યાંના સ્થાનિક પ્રતિષ્ઠિત બે શ્રાવકો દ્વારા લેખિત સંમતિ પ્રમાણે લેખિત સંમતિ આપનાર દીક્ષા લેનારના ખરા માબાપ અથવા તો વાલી છે, તેનો નિર્ણય જે ગામનો તે હોય ત્યાં આદમી મોકલી નિર્ણય કરાવે અને નિર્ણય થયા પછી દીક્ષા આપવી. દીક્ષા લેનારની યોગ્યતાની પરીક્ષા સામાન્યરૂપે પોતે કર્યા પછી વધારે સંમતિને માટે દરેક ગચ્છવાળાએ પોતાના સંઘાડા સિવાયના બીજા સંઘાડાના બે આચાર્યો અથવા તો વડિલોની પાસે યોગ્યતાની પરીક્ષા કરાવી સંમતિ મેળવી દીક્ષા આપવી.

૧. દીક્ષા લેનારને દીક્ષા આપી ગ્રહણ શિક્ષા તેમજ આસેવન શિક્ષા માટે સોળ વર્ષ પર્યંતની ઉમ્મર સુધી શ્રુત પર્યાયસ્થવીર સાધુઓની પાસે રાખવો યોગ્ય છે. જો તેહના પિતાદિ નિકટ સંબંધી સાધુ થયેલ હોય અને તે તેહની બરાબર રક્ષા કરી શકે તેમ હોય તો એ સાધુને એના પિતાદિની પાસે પણ રાખવામાં વાંધો નથી.

૨. સોળ વર્ષ પછી દીક્ષામાં શાસ્ત્રોક્ત નિરૂદ્ધિકા લાગતી નથી તો પણ હાલનું આ આખું બંધારણ કેટલાક અંશે થયેલ અનિચ્છનીય વાતાવરણને લઇને ઠરાવરૂપે બાંધવામાં આવ્યું છે તેનેજ અનુસરતું ઠરાવવામાં આવે છે કે સોળથી અઢાર વર્ષ સુધીના દીક્ષા લેનારને પણ તેના વાલીની રજા સિવાય હાલમાં દીક્ષા આપવી નહિ.

૩. અઢાર વર્ષની પછીની ઉમ્મરવાળો દીક્ષા લેનાર માતા, પિતા, બહેની, ભાર્યા વગેરે જે નિકટ સંબંધી હોય તેની અનુમતિ મેળવવા માટે તે તે પ્રયત્નો કર્યા છતાં પણ અનુમતિ ન મળે તો દીક્ષા લઇ શકે છે.

૪. દીક્ષા લેનારને પોતાની સ્થિતિને અનુસારે પોતાના વૃધ્ધ માતાપિતા, સ્ત્રી અને નાનાં પુત્ર પુત્રીનાં નિર્વાહનો પ્રબંધ કરેલો હોવો જોઇએ.

૫. દીક્ષા દેનારે દીક્ષા લેનારમાં અઢાર દોષ પૈકીના કોઇ દોષ ન હોય એ ધ્યાનમાં રાખવું.

૬. દીક્ષા ઋતુ અધ્યકાળમાં, તીથિ, નક્ષત્રાદિ મુહૂર્ત જોઇ શુભ દિવસે આપવી.

૭. વયની અપેક્ષાએ અતિ વૃધ્ધાવસ્થા ન થાય ત્યાં સુધી દીક્ષા આપવી.

૮. પદસ્થ. વડિલ કે ગુરૂ ત્રણમાંથી ગમે તે એકની મૃત્યુ સિવાય દીક્ષા આપવી નહિ."

દીક્ષા માટેનો ઉપરોક્ત ઠરાવ અયોગ્ય દીક્ષાએ ઉત્પન્ન કરેલ અનિચ્છનીય વાતાવરણને દૂર કરે તેમ કોઇ પણ શાણો માણસ કબુલ કરી શકે તેમ અમે માનતા નથી, કારણ કે આજનું અનિચ્છનીય વાતાવરણ અઢાર વરસની અંદરનાને દીક્ષા આપવામાં આવે છે તે માટે છે. ઠરાવમાં જણાવવામાં આવ્યું છે તેમ આઠથી સોળ વરસની અંદરનાને સંમતિ વગર દીક્ષા નહિ આપવી તેમ કહે છે. પણ શ્રી રામવિજયજી પડકાર કરીને કહે છે કે અમે આઠથી સોળ વરસની અંદરનાને સંમતિ વગર દીક્ષા આપતાજ નથી એટલે ઉપરોક્ત ઠરાવનો એટલો વિભાગ નિરર્થક પૂરવાર થાય છે, બાકીની જે તેમાં વિધિ કરવાની કહી છે એ કોઇ પણ સાધુ રમત રમીને કરી શકે છે તેમાં કોઇ જાતની મુશ્કેલી નડે તેમ અમને લાગતું નથી, એટલે એ ઠરાવ કોઇ પણ રીતે આજના વાતાવરણને શાંત કરે એ આશા વ્યર્થ છે. સાધુઓ કોઇ પણ દિવસ લોક અવાજને માન આપે એ માનવું જ ખોટું છે. રેતીમાંથી કદિ તેલ નિકળી શકે ખરૂં કે? મહિના સુધી ખૂબ મંત્રણા કર્યાબાદ બાંધીના બેલની માફક ત્યાંના ત્યાંજ છે, એક તસુભર પણ આગળ વધ્યા નથી. આ સાધુઓ રાજ્યદંડ સિવાય કોઇ પણ રીતે અંકુશમાં આવે તેમ માનવાને અત્યારે કશા કારણો નથી. તેમનો શિષ્ય મોહ તેમને લોક અવાજને માન આપતાં અટકાવે છે. એટલે દીક્ષા નિયમનનો કાયદો જે રીતે વડોદરાના શ્રીમંત

શ્રી કેસરીયાજી તીર્થ:–કેસરીયાજી સંબંધનો પ્રશ્ન વિકટ બનવાથી પુનઃ શ્રી શાંતિસૂરિજી મહારાજે ઉપવાસ શરૂ કર્યા છે. શ્વેતાંબર મૂર્તિપૂજક વિધિપૂર્વક, ધ્વજદંડ અને બોલી વગેરેનું દ્રવ્ય જે પંડયાઓ લઇ જાય છે તે પ્રશ્નો માટે આ ઉપવાસનો આરંભ જણાય છે.

બાળ વિધવા ગુમ:–સુરતમાં હરીપરામાં રહેતા સ્વ. જૈન નથુભાઇની પુત્રી હીરા જે બાળ વિધવા હતી તે છેલ્લા ત્રણ ચાર દિવસથી ભેદભરેલી રીતે ગુમ થઇ છે. હીરાની ઉંમર તેર વરસની છે, તેની ઇચ્છા પુનર્લગ્ન કરવાની હોવા છતાં પણ સગા સંબંધીઓના અયોગ્ય દબાણથી એ ઇચ્છા અમલમાં મૂકી શકી નહોતી. પ્રથમ તેહણીએ આપઘાત કરવાની પણ કોશીષ કરી હતી. ફરજીયાત વૈધવ્યના હિમાયતીઓને અર્પણ.

સરકારે કર્યો છે, તે સ્થાનિક ધારા સભાઓદ્વારા સરકારની ધારાપોથીમાં ઉપર ચઢાવવો જરૂરી છે. સિદ્ધી રીતે સાધુઓ માને એ આકાશ કુસુમવત્ છે.

બીજો ઠરાવ દેવદ્રવ્યને અંગે છે તેમાં જણાવવામાં આવ્યું છે કે:—

૧. દેવદ્રવ્ય, જૈનચૈત્ય તથા જીનમૂર્તિ સિવાય બીજા કોઇ પણ ક્ષેત્રમાં ન વપરાય. ઠરાવના આટલા ભાગ માટે તો સમાજના મોટા ભાગનો વિરોધ નથી.

૨. પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે કેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય. આ વ્યાખ્યા બોટી છે. પ્રથમ તો દેવદ્રવ્ય એ શબ્દજ સંબધ્ધ નથી. પ્રભુને વળી દ્રવ્ય શાં? બોલી એ કોઈ શાસ્ત્રીય બાબત નથી. પછી તેને માટે આટલો આગ્રહ શા માટે?

સ્વર્ગસ્થ આચાર્ય શ્રી વિજયધર્મસૂરિએ તે માટે પડકાર કરીને કહ્યું છે કે "પૂજા, આરતિ વગેરેની બોલાતી બોલીની આવક અગર જે સંઘ ઠરાવ કરે તો સાધારણ ખાતામાં લઇ જઇ શકે, તેમાં શાસ્ત્રીય બાધ નથી." છતાં દેવદ્રવ્યની વ્યાખ્યા આવી કેમ કરવામાં આવી તે સમજમાં આવી શકતું નથી. ઉપધાનમાળાદિની ઉપજને પણ દેવદ્રવ્યમાં લઇ જવાનો સંમેલને અભિપ્રાય ઉચ્ચાર્યો છે. આ ઇંદ્રિયસ્તતા નહિ તો બીજું શું કહી શકાય? અમે એમ કહીએ છીએ કે સાધુઓને દેવદ્રવ્ય સંબંધી અભિપ્રાય ઉચ્ચારવાનો શો અધિકાર છે? દેવદ્રવ્યની ભરતી શ્રાવક કરે છે, તેની વ્યવસ્થા પણ શ્રાવક કરે છે અને તેનો ઉપયોગ પણ એજ કરે છે તેમાં સાધુઓને વચ્ચે શા માટે આવવું જોઇએ?

સંઘસત્તા:—"શ્રમણ પ્રધાન જે સંઘ તે શ્રમણસંઘ એટલે સાધુ છે પ્રધાન જેમાં એવા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘ તે શ્રમણસંઘ."

૨. શ્રી ચતુર્વિધસંઘને કરવા લાયક કાર્યોમાં શ્રી ચતુર્વિધસંઘની મુખ્ય સત્તા છે.

૩. સકલસંઘ શ્રાવક સંઘની શ્રાવક શ્રાવિકાના સમુદાય ઉપર શાસન ચુનાની બાબતમાં યોગ્ય કરવા પૂર્ણ સત્તા રહેશે. પણ શ્રાવકસંઘ સાધુ સાધ્વી પ્રત્યે રાજા સમાન, માતાપિતા સમાન, ભાઇ અને મિત્ર સમાનપણે શુભાશયે વર્તવું યોગ્ય છે.

૪. સાધુ સાધ્વીઓ ઉપર તેમના સંઘાડાના વડિલની કુલ સત્તા છે.

કારણ વિશેષે આચાર્ય અગર સંઘાડાના વડિલની આજ્ઞાથી શ્રાવકસંઘ તે સંઘાડાના સાધુ પ્રત્યે જરૂરી ફરજ અદા કરી શકશે, તેમજ કોઈ સાધુ સાધ્વી અત્યંત અનુચિત કાર્ય કરે તોજ તે સમયે શ્રાવકસંઘ ઉચિત કરી શકે છે પણ આનો દુરૂપયોગ થવો જોઇએ નહિ.

ઉપરોક્ત ઠરાવમાં કોઇ પણ રીતે સંઘ સત્તાનો સ્વીકાર થયો નથી. જે સંઘ સાધુ સાધ્વીને માતાપિતા તરીકે પાળે છે, જેમના ઉપર તેમનો આર્થિક તમામ પ્રકારનો બોજો છે, અને તેમને દરેક પ્રકારના સાધનો પૂરાં પાડે છે. તેમની વ્યવસ્થાને પણ માન આપવાને ઉપરોક્ત ઠરાવમાં કશું જણાવવામાં આવ્યું નથી. સાધુઓને જો સંઘસત્તાનો સ્વીકાર કરવાનો હોય તો માત્ર એકજ ઉપાય છે અને તે એકે જ્યાં સુધી તેઓ સંઘસત્તાનો સ્વીકાર ન કરે ત્યાં સુધી તેમનો બહિષ્કાર કરવો. આજના સ્વેચ્છાચારી સાધુઓને જો કેકાણે લાવવા હોય તો માત્ર એજ રાહ છે. બાકી સાધુઓના સંયમી જીવન માટે, તીર્થના રક્ષણ માટે, સાધુ સંસ્થામાં જ્ઞાનાદિના પ્રચાર અંગે, શ્રાવકોન્નતિ, પરસ્પર ઐક્યની વૃધ્ધિ, ધર્મ ઉપર થતાં આક્ષેપો અને ધર્મમા રાજસત્તાનો પ્રવેશ એ ઠરાવોને અંગે કંઈ અશાંત વાતાવરણ ઉત્પન્ન થયું નથી. આ ઠરાવોની સ્હામે સુધારક સાધુ શા માટે મૈાન રહ્યા તે કંઈ સમજમાં આવતું નથી. શ્રીમાન વિદ્યાવિજયજી જેવા વિચક્ષણ પુરૂષો આવા ઠરાવો સંબંધી કેમ કંઇ નિવેદન કરતા નથી? તેમણે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવી ઘટે છે. નવ જણાની સરમુખત્યાર કમીટીમાં સુધારક પક્ષનો વિશ્વાસ ધરાવનાર તરીકે શ્રી વિજયવલ્લભસૂરિને માનવામાં આવ્યા હતા. ઉપરોક્ત ઠરાવો ઉપર સહી કરી વલ્લભસૂરિએ સુધારક પક્ષનો વિશ્વાસઘાત કર્યો છે. તેમણે પ્રમાણિકપણે બોક આઉટ કરવો જોઇતો હતો.

૪ એક સમુદાયનો સાધુ બીજા સમુદાયમાં રહી શકે નહિ. પરંતુ કેવળ અભ્યાસ કરવા જતો હોય, તો અભ્યાસ અર્થે સાથે રાખી શકાય.

જે સાધુનો કોઇ વડીલ ન હોય, તેને બીજા સમુદાયના સાધુ રાખી શકે છે.

૫. જીર્ણોદ્ધાર માટે સાધુઓએ ઉપદેશ આપવો. સાધારણ દ્રવ્યની વૃદ્ધિ થાય તેવો ઉપદેશ આપવો; મંદિરની પ્રાચીનતા ભંસાય નહિં તે માટે ઉપદેશ આપવો.

૬. વડિલોએ પોતાના સાધુઓને આગમોનો અભ્યાસ કરાવવો, વડિલોએ પોતાના સાધુઓની જેમ દર્શન શુધ્ધિ વધે તેમ પ્રયત્ન કરવો. બ્રહ્મચર્યાદિ ચારિત્રમાં વૃધ્ધ થાય તેમ કરવા વડિલોએ પ્રયત્ન કરવો. સાધુઓએ વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોષાદિ વગેરેનો અભ્યાસ કરવા માટે સંસ્થા બોલવાનો ઉપદેશ આપવો.

૭. સાધુઓએ શ્રોતાને મિથ્યાત્વ કે પાપની વૃત્તિનું પોષણ ન થાય તે ધ્યાનમાં રાખી વિતરાગ પ્રણિત ધર્મ પ્રધાન દેશના આપવી.

૮. શ્રાવક શ્રાવિકાની ભક્તિ કરવા સાધુઓએ ઉપદેશ આપવો.

૯. વ્યાખ્યાનાદિમાં આક્ષેપ કરવા નહિ, લેખોમાં ભિન્નતા ન દેખાય તેવી રીતે વર્તન રાખવું. છાપામાં સામ સામા આક્ષેપો લખવા કે લખાવવા નહિ અને બંને ભેગા થાય ત્યાં યોગ્ય ઉચિત સાચવવું.

૧૦. ધર્મ તથા તીર્થ ઉપરના આક્ષેપોનો પ્રતિકાર કરવા શ્રી આગરાનંદસૂરિ, શ્રી વિજયલબ્ધિસૂરિ, પં. શ્રી લાવણ્ય વિજયજી મુનિશ્રી વિદ્યાવિજય, મુનિશ્રી દર્શનવિજયજી એ પાંચની કમીટી નીમવામાં આવી છે, તેમણે મળીને નિયમાવળી કરવી.

૧૧. ધર્મમાં રાજસત્તાના પ્રવેશને અયોગ્ય ગણવામાં આવ્યો છે. હાલના અનિચ્છનીય વાતાવરણ માટે આ પટ્ટક નિમિત્તે આ નિયમો કર્યા છે. આ નિયમો વિરૂધ્ધ કોઈ કરશે નહિ, કરવા કે કરાવવા પ્રયત્ન કરવો નહિ. તેની નીચે શ્રી વિજયનેમિસૂરિજી, શ્રી વિજયવલ્લભસૂરિજી, શ્રી વિજયનીતિ સૂરિજી, શ્રી વિજય ભૂપેન્દ્રસૂરિજી, શ્રી આગરાનંદ સૂરિજી, શ્રી સિધ્ધિસૂરિ, શ્રી દાનસૂરિ, શ્રી જયસિંહસૂરિજી અને શ્રી સાગરચંદ્રજીની સહી છે.

શ્રી જૈન યુવક પરિષદ્

જાહેર સભાનો અહેવાલ.

તા૦ ૮-૪-૩૪ રવિવારના રોજ રાત્રિના આઠ વાગે શ્રી માંગરોળ જૈન સભાના હોલમાં જૈનોની એક જાહેર સભા શ્રી વીરચંદ મેળાપચંદ શાહ બાર-એટ-લોના પ્રમુખપણા નીચે મળી હતી. તેમાં "શ્રી જૈન યુવક પરિષદ અને કોન્ફરન્સ" એ વિષય ઉપર નીચેના વક્તાઓએ વિવેચન કર્યું હતું.

શ્રી અમીચંદ ખેમચંદ શાહે શરૂઆત કરતાં જણાવ્યું કે કેટલાક લોકો કહે છે કે પરિષદ કોન્ફરન્સની દેખાદેખીથી ભરવામાં આવે છે, કોન્ફરન્સને હલકી પાડવા માટે ભરવામાં આવે છે, તો મારે કહેવું જોઇએ કે આવી વાતો કરનાર લોકો સમાજને ઉંધે રસ્તે દોરવા માટે એક પકારનું વૃત ચલાવે છે. પરિષદ ભરવાનો હેતુ કોન્ફરન્સને હલકી પાડવાનો નથી તેમજ દેખાદેખી પણ નથી. આજથી બે માસ ઉપર શ્રી જૈન યુવક મહામંડળે ઠરાવ કર્યો હતો કે સાધુ સંમેલન પુરૂ થયા પછી એક માસમાં અનુકૂળ સ્થળે શ્રી અખિલ ભારત જૈન યુવક પરિષદ ભરવી. એ ઠરાવાનુસાર પરિષદ ભરવાનું તો કોન્ફરન્સના અધિવેશન પહેલાંજ નક્કી થઇ ગયું હતું. હા એટલું ખરૂં કે કોન્ફરન્સ અહીંયા ભરાય છે એ તકનો લાભ લઇને અમોએ મુંબઇના આંગણે પરિષદ ભરવાનો નિર્ણય કર્યો છે. આથી આપને ખાત્રી થશે કે પરિષદ હરીફાઇમાં નથી ભરાતી. આજે જગતના પ્રવાહનો પ્રગતિના પંથે ધપાવવામાં યુવાનો કુચકદમ કરી રહ્યા છે. ત્યારે જૈન સમાજમાં સામાજિક બદીઓ અને ધર્મના નામે થતી ગેરવ્યાજબી ચર્ચાઓ અંગે જૈન યુવકને આવી પરિષદોદ્વારા એનો અવાજ રજુ કરી સમાજને જાગૃત કરવામાં આગળ ધપવાની જરૂર છે. જો કે વૃધ્ધો સુધારણા ઇચ્છે છે. સમાજ પ્રગતિ ઇચ્છે છે પરંતુ તેમનો વેગ ધીમો હોવાથી તેઓ ધીમેધીમે પગલાં ઉપાડવાની ભલામણ કરે પણ યુવાને તો એની યુવાનીને શોભે તેવાંજ પગલાં ઉપાડવાં રહ્યાં, છુટકો જ નહિ.

આપણી જૈન મહાસભાએ આજ સુધી જે કાંઇ કાર્ય કર્યું છે તેને માટે અમોને માન છે. તેનો વેગ ધીમો હશે, તો તેનો વેગ વધારવામાં, તેના પાયામાં સીમેન્ટ પૂરવામાં યુવાનો પાછા નહિ પડે. યુવાનો સમજે છે કે તે અમારી મહાસભા છે. તે અને અમે એકજ છીએ.

આપણા સમાજમાં ઘર કરીને બેઠેલી અનેક રૂઢીઓ અને બંધનો સમાજ પ્રગતિને રૂંધી રહેલ છે, દાખલા તરિકે આપણા જાતિ અને ધોળાના તંત્રો તરફ નજર કરશો તો આપને ખ્યાલ આવશે કે તે તંત્રો મૂડીવાદને પોષનારા છે, આજે એ તંત્રમાં દશ વર્ષનો બુઢ્ઢો બાર વર્ષની બાળા સાથે લગ્ન કરવા બહાર પડે તો એની ઉજાણીમાં ભાગ લેવાશે. બાળબચ્ચાં સાહ એક પત્નિ હૈયાત હોવા છતાં તેના ઉપર બીજી કરનારઓને માન સેવાશે, એટલે એના કાયદા અને કાનુનો સમાજ પ્રગતિને રૂંધનારા છે. એ તંત્રો જ્યાં સુધી સુધરે નહિ અથવા તૂટે નહિ ત્યાં સુધી સમાજ પ્રગતિ મુશ્કેલ છે, કન્યા કેળવણી એ સમાજનો મુખ્ય પ્રશ્ન છે અને એ કેળવણીની રૂકાવટ કરનાર આવા તંત્રો છે, આ સિવાય સમાજ વૃધ્ધવિવાહ, પ્રેતજમણ, બાળલગ્ન, ખોટા ખર્ચા, રડવું, કૂટવું ઇત્યાદિ અનેક કુરિવાજોથી દબાઇ રહ્યો છે, સાથે બેકારી પણ દબાવી રહી છે.

દીક્ષા, દેવદ્રવ્ય, સંઘ સત્તા, ધર્મના નામે થતાં બીનજરૂરી ખર્ચા. આ દરેક પ્રશ્નો વિચારણા માગે છે, તેમાં દીક્ષા, દેવદ્રવ્ય, અને સંઘસત્તા વિ. ગંભીર પ્રશ્નોની વિક્ષારણા આપણા જ્ય મુનિવરોએ અમદાવાદમાં કરી છે, આજે જૈન જ્યોતિના બહાર પડેલા વધારામાં જે ઠરાવો બહાર આવ્યા છે તે જો સત્ય હોય તો પણી વલોવવા જેવું લાગે છે. પણ જ્યાં સુધી સત્તાવાર ઠરાવો બહાર ન પડે ત્યાં સુધી તે ઉપર બોલવું નિરર્થક છે, છતાં એટલું તો સાફ સાફ કહેવું જ પડશે કે પૂજ્ય મુનિવરોની પરિષદે કરેલ ઠરાવો રમત વગરના સાચાજ ઠરાવો હશે તો યુવાનો શીરે ચડાવશે. અને થાકેલા મુસાફર જેવા કે સમાજને બનાવવા સંરીખા હશે તો યુવાનો સમાજને સાવધ કરવામાં પાછા પગલાં નહિ ભરે, પછી ભલે માલેતુજાર શેઠીયા હોય કે મુનિવરો હોય, એને તો સાચા રાહે કુચ કરેજ છુટકો. આ કુચ સહેલી નથી. આ રાહ સુંવાળો નથી. પણ તે ખડબચડો એને કાંટાવાળો છે, તે ઉપર વૃધ્ધો કુચ નહિ કરી શકે, યુવાનો જ કુચ કરશે, એટલે સામાજિક અને ધાર્મિક પ્રગતિ કરવી એ સહેલી વસ્તુ નથી, તેની સુધારણા અંગે યુવાન સંગઠ્ઠનની ખાસ જરૂર છે. અને એ સુધારણા તથા સંગઠન આવી પરિષદો દ્વારા જ થઇ શકે છે, આ પરિષદ ભરવાનો હેતુ આપણી શ્રીમતી કોન્ફરન્સને હલકી પાડવાનો નથી. પરંતુ તેને પુરેપુરો સહકાર આપીને મજબુત કરવાનો જ યુવાનોનો નિરાધાર છે. પછી હલકી પાડવા જેવી વસ્તુજ ક્યાં છે?

આ પરિષદ ઠરાવો કરશે અને એની શક્તિ અનુસાર રચનાત્મક કાર્યક્રમ તૈયાર કરી સમાજ આગળ મૂકશે, યુવાન બંધુઓ! તમારે આંગણે પરિષદ ભરાય છે. કોઇની શરમાશરમીમાં આવ્યા સિવાય તમારા વિચારો છુટથી રજુ કરવા અને બનતું કરી છુટવા જરૂર બહાર આવશો અને પરિષદને કૃતેહમંદ બનાવશો. પરિષદ યુવાનો અને યુવતિઓની છે, છતાં જેઓ બાળસ કરશે કે દૂર ઉભા રહી જોયા કરશે તેને પસ્તાવું પડશે, હવે જોયા કરવાનો કે પ્રમાદ સેવવાનો વખત નથી,

ત્યારબાદ શ્રી ડાહ્યાલાલ એમ. મહેતાએ પ્રાથમિક વિવેચન કર્યા પછી કહ્યું હતું કે-ઇતિહાસની પળ ગમે તે હોય પણ તે નિમિતે સમાજમાં જે બનાવો બની રહ્યા છે. તે દરેકે વિચારવા જેવા તો છેજ, સાધુ સંમેલન ભરાઇ ગયું. સાધુઓના પ્રશ્ન ઉપર આજે જૈન સમાજમાં ભારે મંથન થઇ

શ્રી જૈન યુવક પરિષદ્.

તહેમાં મૂકવાના ઠરાવોને લગતા મુદ્દાઓ.

છેલ્લી સ્વાગત સમિતિ તરફથી ઠરાવ સમિતિને આપવામાં આવેલ સત્તાની રૂએ પરિષદમાં થનારા ઠરાવોના મુદ્દાઓ નક્કી કરવા માટે તહેની એક મીટિંગ શ્રીયુત વીરચંદ મેળાપચંદ શાહ બેરીસ્ટરના પ્રમુખપણા નીચે મળી હતી, તે પ્રસંગે કમીટિના દરેક સભ્યોએ હાજરી આપી હતી અને નીચેના મુદ્દાઓ નક્કી કરવામાં આવ્યા હતા.

ઠરાવોનો પ્રદેશ:-દેશકાળ અનુસાર આવશ્યક વિચારોના તેમજ આચાર વ્યવહારના પરિવર્તન કાર્યને લગતા વિષયો, આપણા સમાજને લગતા સહ-ત્વના બનાવો, યુવક સંઘોના બંધારણ તથા તેમના ક્ષગતી પ્રવૃત્તિઓ.

ધાર્મિક:-જૈન કોન્ફરન્સ, મુનિ સંમેલન, કેશરીયાજી, અયોગ્ય દીક્ષા, દેવદ્રવ્ય, બીનજરૂરી મંદિરો, યુરૂમંદિર, આંગીકેશર, સાધુઓનો પુસ્તક પરિગ્રહ, સાધ્વીઓ અને સંઘસત્તા, સાર્વજનિક ફંડો.

સામાજિક:-પ્રતિજ્ઞા સુચક, બાળ લગ્ન, વૃધ્ધલગ્ન રડવું કુટવું, પ્રેતભોજન, અસ્પૃશ્યતા.

અભિપ્રાય સુચક:-ફરજીયાત વૈધવ્ય. કન્યાની લેવડ દેવડ અને જ્ઞાતિ બંધન, કન્યા અને સ્ત્રીને વારસાહક્ક, બાળ રાજપણુ.

ઉપરના મુદ્દાઓ અને તહેને લગતા ઘડવાના ઠરાવો સંબંધમાં જે કોઇ ભાઇ બ્હેનને સુચનાઓ કરવી હોય, તહેમને મંત્રી 'ઠરાવ સમિતિ' ૬. ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, જૈન યુવક સંઘની ઓફીસમાં મુ. મુંબઇ નં. ૩ એ શીરનામે તા. ૨૦-૪-૩૪ સુધીમાં મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

પરમાનંદ કુંવરજી કાપડીઆ, મંત્રી 'ઠરાવ સમિતિ'

રહ્યું છે. તે તદ્દન સાચું છે. પણ સાધુ અને શ્રાવકો ભેગા મળીને આજેજ કામ કરે છે, સાધુ સંમેલન પડી ભાંગવાની તૈયારીમાં હતું પણ સદ્‌ભાગ્યે તેમનામાં સાદી સમજ આવી અને તેઓએ મળીને કાંઇક ઠરાવો કર્યા, પછી ભલે તે ઠરાવો પ્રગતિ તરફ લઈ જતા હોય કે ન લઇ જતા હોય પણ જે તેમનામાં સાદી સમજ આવી તેજ પ્રગતિનું ચિન્હ છે. અને તેથી જે કોઇ પણ સાધુ ઠરાવ વિરૂદ્ધ કાર્ય કરે તો તેને સાધુ સંસ્થામાંથી બરતરફ કરવો જોઇએ. પણ તે હજી સુધી નથી થયું. શું સાધુઓના સ્વાંગથી આપણો ધર્મ ટકશે ? હરગીજ નહિ, ગૌતમસ્વામિનો દાખલો આપીને તેઓશ્રીએ સમજાવ્યું હતું કે પોતાનો ઉદ્ધાર પોતાને હાથે જ થાય છે. સાધુતાના સ્વાંગમાં પ્રભુતાનો વાસ નથી, પણ જે જીવન સત્ય અને વ્રતોથી ભરપૂર છે ત્યાંજ ખરી સાધુતા કે પ્રભુતાનો વાસ છે. આજનો સાધુ એ સાધુ નથી. પણ સાધુના સ્વાંગમાં ફરતા દંભી સાધુઓ છે. આપણા મુરબ્બીઓ જો યુવાનોનો સાથ લેશે, તેની મર્યાદાઓ સ્વીકારશે તોજ તેઓ આગળ ધપી શકશે. ત્યારબાદ શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીએ યુવક સંગઠનની આવશ્યકતા ઉપર ખૂબ અસરકારક વિવેચન કરતાં કહ્યું હતું કે વિદ્યુત વેગે ચાલતા આજના યુગમાં આપણે માત્ર વિચાર કરીને બેસી રહેવાનું નહિ પાલવે. એક ભાઇએ કહ્યું કે યુવાનો નવસર્જક છે. હું કહું છું કે યુવાનો નવસર્જક નથી. એ નવસર્જકતા તો ગાંધીજીના જેટલો ત્યાગ હોય ત્યારે જ આવી શકે છે, ભલે નવસર્જન આપણે ન કરી શકીએ પણ જીર્ણોદ્ધાર કરીએ તો પણ ઠીક છે, યુવાનોને કાર્ય કરવા માટે અત્યારે અનેક ક્ષેત્રો છે પણ તે બધાને મજબૂત સંગઠનની આવશ્યકતા છે. અને તે સંગઠન કરવા ખાતર આપણી પરિષદ ભરાય છે. માટે ભલે પરિષદમાં થોડાકજ ઠરાવો થાય પણ તેનો અમલ રચનાત્મક કાર્ય કરીને પૂરેપૂરો થવો જોઇએ.

શ્રી માણેકલાલ–એ–ભટેવરાએ મરાઠીમાં યુવક પરિષદની આવશ્યકતા ઉપર અને તેણે શું કરવું જોઇએ તે ઉપર સરસ વિવેચન કર્યું હતું. બાદ શ્રી વલ્લભદાસ પુરૂષોત્તમદાસ મહેતાએ યુવક સંગઠનની આવશ્યકતા ઉપર સારો પ્રકાશ પાડ્યો હતો. અને તેઓએ કહ્યું હતું કે કોન્ફરન્સના આગેવાનો આગળ પડતા ડરે છે તે એમનું ડરપોકપણું યુવાનોનો સાથ નથી માટેજ છે. પણ હવે એવો સમય આવી પહોંચ્યો છે કે તેઓએ યુવાનોનો સાથ લીધા વગર છુટકોજ નથી. જો તેઓએ આગે કદમ કરવી હોય તો યુવક પરિષદ કોન્ફરન્સના ટેકા રૂપ છે એમ હું તો કહું છું. યુવાનો વિના હવે કોન્ફરન્સનું ગાડું ચાલવાનું નથી. આશા રાખું છું કે સૌ ભાઇઓ ભરાતી આપણી યુવક પરિષદને સંપૂર્ણ સાથ આપશે.

શ્રી ચંદ્રકાન્ત –વી–મુતરીયાએ જણાવ્યું કે ધરતીકંપના આંચકાની જેમ યુવાનોના વિચારો આજે સમાજમાં આંચકો ખવરાવે છે, ભલે પછી તે રચનાત્મક કાર્ય કરે યા ન કરે, જો કે રચનાત્મક કાર્યને પહેલી અને છેલ્લી સૌથી અગત્યની જરૂર છે પણ તેથી આપણે વિચારો નજ કરવા તેમ નથી, વિચારો સમાજને કાંઇક આંચકો લગાડશે અને તેમાંથી કાંઇકને કાંઇક થશેજ. જેમ વરસાદનું પાણી જમીન ઉપર પડીને ચાલ્યું જાય છે. નદીઓ પૂર ઉભરાઇને ખાલી થઈ જાય છે. પણ તેની પાછળ પાણી જમીનને ભીનાશમય બનાવી જાય છે, અને નદી લીલી હરીયાળી જમીન મૂકી જાય છે. તેમ યુવકો વિચાર કરવા માટે ભેગા થાય તેમાં કાંઈ ખોટું નથી, તે મુંબઇની જમીનને લીલી તો બનાવશે અને તેમાંથી કાંઇ અમલી કાર્ય પણ થશેજ.

ત્યારબાદ શ્રી પ્રમુખ સાહેબે ખૂબ મનનીય વિવેચન કર્યું હતું, આજે આંદોલનો ખૂબ ઉભરાઇ રહ્યા છે, પછી તે આપણને અવસર્પિણી તરફ લઈ જાય કે ઉત્સર્પિણી તરફ, પણ આનંદની વાત તો એ છે કે હવે યુવાન વિચાર કરે છે કે હું કઇ જગ્યાએ છું, કઇ સ્થિતિમાં છું ! આપણે એમ ન માનવું જોઇએ કે ધર્મમાં ખામી છે. જે ભગવાને આવતી કાલની આગાહી કરીને એવી સંઘ રચના કરી હતી કે જેનો જોટો આજે મળવો અશક્ય છે, તે સંઘ સત્તા આજે છિન્ન ભિન્ન થઈ ગઇ છે, જે સાધુ સંસ્થાની ઉપર આપણા માનસનો આધાર હતો તે સાધુ સંસ્થામાંથી આજે માનસજ ઉઠી ગયું છે. જે શ્રાવક સમુદાયમાં એકતા હતી તે શ્રાવક સમુદાય આજે અસ્તવ્યસ્ત થઈ ગયો છે. જે શ્રીમંતોને ત્યાં છપ્પન ઉપર ભૂંગળો વાગતી હતી તેને આજે રોટલી કે વસ્ત્ર મળવા કઠણ થઇ પડયા છે, આ બધો વિચાર જો જૈનો કરે તો તે પોતે કયાં છે ? કઇ સ્થિતિમાં છે તેનો તેને પુરેપુરો ખ્યાલ આવે. જૈન એટલે વિજેતા. વિજેતાનો અર્થ એ નથી કે આખી દુનીયાનું રાજ્ય પોતાના બળથી પ્રાપ્ત કરે, પણ આત્માની અંદર એવી અનેક શક્તિઓ રહેલી છે કે તેના ઉપર પોતાના બળથી કાબુ મેળવે, તે શક્તિનો સદ્‌ઉપયોગ કરી શકે તેજ વિજેતા છે. માટે સાચી ક્રાન્તિ અને વિચાર આંદોલનો ફેલાવવાની અગત્યતા છે, માત્ર વિચાર આંદોલનોથી નથી પતી જતું પણ રચનાત્મક કાર્યનીયે તેટલી જરૂર છે. આજે વિધવાને ખાવાને પૂરતું અન્ન મળતું નથી અને પહેરવાને પૂરતું કપડું પણ મળતું નથી, તે બિચારી પોતાની એબ ઢાંકવા ખાતર બટકુક લુગડું પોતાના શરીરે વિંટાળીને જીવન વ્યતિત કરે છે.

જગત આજે પ્રગતિને પંથે છે તેમાં આપણે પ્રગતિ સાધવી છે એટલે કે આપણે આગળ ધપવું છે તે માટે આપણી યુવક પરિષદ ભરાય છે, જગતમાં બળવાખોર કોણ નથી ? સૌ કોઇ એક યા બીજી રીતે બળવાખોર છે જ. મુડદામાં ચૈતન્ય લાવવા માટે જે કાંઇ કરવું પડે અને તેને જો બળવો કહેવામાં આવે તો અમે એવા બળવાખોર થવા માંગીએ છીએ.

જે સાધુઓ આજ સુધી સમાજને પ્રગતિ તરફ નથી લઈ ગયા તેને સાફ સાફ સુણાવી દેજો કે તેઓ સાધુના સ્વાંગને લજવી રહ્યા છે, તેમને પડકાર કરીને તેમનો સ્વાંગ ઉતારી લેજો. જે દિવસે તમો તમારી પાત્રતા સાબીત કરશો તે દિવસે અમો તમોને તમારો સ્વાંગ પાછો સોંપશું અથવા તો તમારા તે સ્વાંગને માથું નમાવીને વધાવી લઇશું. માટે આપણી યુવક પરિષદ આ બધી વસ્તુનો યુવકને છાજે તે રીતે વિચાર કરવા ભરાય છે અને તેમાં સાચા યુવાનોનો સાથ મળે એવું ઇચ્છું છું.

છેવટે ચંદ્રકાન્ત વી. મુતરીઆએ પ્રમુખનો તેમજ સભાજનોનો આભાર માન્યો હતો, અને પછી જે જાહેર સભાઓ ભરવામાં આવે તેમાં પધારવા વિનંતિ કરી હતી. ત્યારબાદ સભા વિસર્જન થઈ હતી.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુગ સીંડીકેટ માટે ન્યુ બુક્સ, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪, મુંબઇ નં. ૨, તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

Reg. No. B. 3220



સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

વાર્ષિક લવાજમ ૧-૮-૦ આજની છુટક નકલ ૪ આના.] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર તંત્રીઃ—ચંદ્રકાન્ત વી. સુતરીયા. [વર્ષ ૧ લું અંક ૮-૯ મો. મંગળવાર તા. ૧-૫-૩૪.

છેલ્લું સ્વપ્નું.

એ સ્વપ્નમાં જોયું જરી, મુજ તેજ યુવાની ભર્યું
આઝાદ માનવજાત કરવા, ઉગ્ર તપ મેં આદર્યું
સારું જગત મેં જોઈ લીધું, એક દૃષ્ટિ માત્રમાં
સર્વત્ર જોયો ધર્મ ઝંડો, રાષ્ટ્ર, દેશ, સમાજમાં
આ ! હા !
વીરનાં સંતાન ખંડે, ખંડ ખળભળાવતા !
સત્ય શાન્તિ ને અહિંસા, પાઠ પુન્ય શીખાવતા !
આદર્શ સઘળે વિશ્વવંદ્ય, વિરાગી સાધુભાવના !
ને જગત જોયું ચૂમતું, ચરણો મહા વીતરાગના !
ધન્ય એનું જીવન જગમાં !
ધન્ય ક્ષણ એ જીવનની !
ને જીવનયાત્રા સફળ જગમાં,
અમર એવાં જીવનથી !
આખું જગત આઝાદ દીઠું !
જગત જ્યોતિર્ધર્મ દીઠું !
ને વિશ્વધર્મ સિવાય જગમાં
ધર્મ બીજો નહીં દીઠો !
આબાદ ? હા ? સારા જગતમાં, એકશાસન વીરનું ।
જ્યોતિ અખે ચમકિત તણી, સામ્રાજ્ય સઘળે સંઘનું !
વીર ને વીરાંગના સ્વાતંત્ર્ય ભાવે સંચરે !
આનંદ લીલા લહેર કરતાં માનવો નજરે પડે !
ને દૂર દૂર સ્મશાનમાં,
બળતાં ભયંકર આગમાં,
સહુ દ્વેષ, રોષ, ગુમાન, કુટી ચુસ્તતા !
ભડભડ બળે ભડકા કલહ સંહારતા !
ને જાગીને શું જોઉં છું ?
એ જુવાની ચાલી ગઇ ! ને હાડપીંજર હું રહ્યો. !
આરે ઉભો આ જીવનના ! સુખ મૃત્યુ પોકારી રહ્યો !
મહાદુઃખ સાગરમાં ડુબ્યો !
સુખ સ્વપ્ન એ ભુલી ગયો !
સેવ્યાં હતાં એ સ્વપ્ન સઘળાં,
પૂર જુવાની મહીં !
તેં આજ નિદ્રામાં ફરીથી,
સ્વપ્ન દેવી ગઇ કહી !
ઓ માત ! ક્યાં ચાલી ગઇ ?
સુખ સ્વપ્ન શું ખેંચી ગઇ !?
એ સ્વપ્નમાં ને સ્વપ્નમાં, ચિરકાળ સુવાદે મને !
નથી જાગવું કે જીવવું, એ સ્વપ્નમાંજ ખુશાવને ?
એ સ્વપ્ન સાચાં પાડનારી, જુવાની ચાલી ગઇ !
ને કાર્ય કરવાની બધી, શક્તિ નિરર્થક વહી ગઇ !
તેથીજ સુંદર સ્વપ્ન આ, ક્ષણ માત્રનો આરામ છે !
ને 'જાગવું' કે 'જીવવું' એ અતિ ભયાનક શબ્દ છે !
શું ?
યુવાની માત્ર સ્વપ્ના સેવવાની છે ?
કે જાગીને એ સ્વપ્ન સાચાં પાડવાની છે ?
ભડવીર !
સાચા વીરના સંતાન !
એ સ્વપ્ન સાચા પાડવા તૈયાર થા !
યુગ એ ગયો—ઉંઘી અને આદર્શ સ્વપ્નાં સેવવાનો !
યુગ આજ છે !—જાગી અને સ્વપ્ન સાચાં પાડવાનો !
જગતને પ્રેરણા પાવા !
જગતમાંહે અમર થાવા !
લઈ લે સત્યની દીક્ષા,
અને સેવા તણી ભીક્ષા,
લે ! ચાલ ! ઓ યુવાન !
અલૌકિક એ જીવન પથ છે ! અલૌકિક એ વિજય પથ છે !

† રત્નત્રયીની જ્યોતિ.

આગામી પરિષદો

આવતા મે માસના પ્રારંભમાં બે પરિષદો ભરાનાર છે. (૧) શ્રી જૈન યુવક પરિષદ (૨) શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ. આ બન્ને પરિષદો જૈન સમાજના એક વિભાગ શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજકોની છે. આ બન્ને પરિષદો વિષે થોડી સમજણ રજુ કરવામાં આવે તો કેટલીક ભ્રાન્તિઓ દૂર થાય અને પ્રત્યેક પરિષદની ઉપયોગીતા વિષે જૈન સમાજને સાચો ખ્યાલ આવે.

બન્ને પરિષદો ભરવાની જરૂર કેટલીય વખતથી ઉભી હતી. શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગની પ્રથમ યુવક પરિષદ સ્વ. ડૉ. નગીનદાસ જે. શાહના પ્રમુખપણા નીચે ઇ. સ. ૧૯૨૪ માં મળી હતી. ત્યાર પછી ઇ.સ. ૧૯૩૧ ના ડીસેંબરમાં તેવીજ બીજી યુવક પરિષદ બોલાવવાની યોજના ઘડી હતી પણ તે પરિષદ એકજ વિભાગની ન રહેતાં ત્રણે વિભાગની માન્યવર શ્રી મણિલાલ કોઠારીના પ્રમુખપણા નીચે ભરાણી હતી. ત્યાર બાદ એકપણ યુવક પરિષદ બોલાવવાનું હજુ સુધી બની શક્યું નહોતું. આ પરિષદ તેમજ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ બોલાવવાનું તાત્કાલિક ઉત્તેજન કારણ તો તાજેતર ભરાએલ મુનિસંમેલનછે-મુનિસંમેલનના કોલાહલે જૈન સમાજને ધર્મ તેમજ સમાજને લગતા કોમી પ્રશ્નો ઉપર ફરીથી વિચાર કરવાની પ્રેરણા આપી છે. એ પ્રેરણાનો લાભ લઇને બન્ને પરિષદો પોતપોતાના દૃષ્ટિ બિન્દુ થી આપણા સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નોની વિચારણા કરે, ચર્ચા ચલાવે અને નવા વિચારો તેમજ નવા કાર્યક્રમો રજુ કરે એ ખરેખર ઇચ્છવા યોગ્ય અને આવકારદાયક છે. યુવક પરિષદનો મુખ્ય કાર્યપ્રદેશ વિચાર ક્રાન્તિ છે, આપણામાં જડ ઘાલી બેઠેલી અનેક માન્યતાઓ છે. તેને વશ થઇને આપણે સમાજચક્રને જુની પુરાણી ધરેડમાં ચલાવ્યે જઇએ છીએ અને દિનપ્રતિદિન આપણે અનેક રીતે ઘસાતા જઇએ છીએ. જગતની એકદમ ફરતી જતી સ્થિતિ આપણી સામાજિક રચનામાં, તેમજ ધાર્મિક વ્યવહારોમાં અનેક મૌલિક ફેરફારો માંગે છે, આ ફેરફારો પ્રથમ વિચારમાં થવા જોઇએ. ત્યાર પછીજ વિચારનું પ્રતિબિંબ વર્તન વ્યવહારમાં ઉતરે. ધાર્મિક જીવનને દંભ, પાખંડ, જડતા અને અંધશ્રધ્ધાએ પોલું કરી નાંખ્યું છે અને દેશકાળની જરૂરિયાતો એક દિશાની છે, જ્યારે આપણે બીજી દિશાએજ હજુ આપણું ગાડું હંકારી રહ્યા છીએ. આપણી કૃદ્ધિગ્રસ્તતા બે પ્રકારની છે. એક તો આપણી દૃષ્ટિ આપણા સમાજ પુરતી સંકીર્ણ બની રહે છે. આપણા દેશના હિતાહિતની આપણને ભાગ્યેજ ચિન્તા સ્પર્શે છે. દેશનું ગમે તે થાઓ આપણી દુનિયા આપણા સાંપ્રદાયિક વર્તુલની ત્રિજ્યામાંજ બંધાયલી છે. આપણા દેશના હિતાહિત સાથે આપણા વ્યક્તિગત કે સામાજિક જીવનને કેટલો ગાઢ સંબંધ છે તેનું આપણને અને ખાસ કરીને આપણા સાધુઓને કશું ભાન હોતું નથી. તેથીજ આપણી કોમી પ્રવૃત્તિઓ કોમનો સાચો ઉધ્ધાર કરવાને બદલે કોમ કોમ વચ્ચે ઝેર વધારવામાંજ પરિણામ પામે છે. કોમી પ્રવૃત્તિઓ હાથ ધરવા છતાં તેમાં આખા દેશની અવદશા નિપજાવનાર કોમી ઝેર જરાપણ પ્રવેશ થવા ન પામે એની ચોકી કરવાનું કામ આજના યુવકનું છે. એ જ્યાં જાય, જે પ્રવૃત્તિ હાથ ધરે, જે કાર્યમાં ભાગ લે, જે સંસ્થાને સહકાર આપે ત્યાં તે પહેલી સરત એ મૂકે કે હું મારા દેશહિતને બાધ આવે તેવી કોઈ પણ કોમી પ્રવૃત્તિમાં સાથ નહિ આપું એટલુંજ નહિ પણ તે પ્રવૃત્તિ જ્યાં જ્યાં દેખાશે ત્યાં ત્યાં તેને તોડી પાડવામાંજ મારો ધર્મ રહેલો છે એમ સમજીને વર્તીશ. આ રીતે એક તો કાલબધ્ધ કૃદ્ધિગ્રસ્તતામાં પ્રગટ થતી કોમ સંકીર્ણતા સામે આજના યુવકે લડવાનું છે બીજું આ પણામાં જે વિચાર જડતા આવી ગઈ છે. જે છે તે સારૂ છે. મૂળનું છે, તેમાં ફેરફાર કરવો થયો નથી અને આજે થઇ શકેજ નહિ. પછી કૃદ્ધિ પરંપરા ધર્મને લગતી હોય કે સમાજ વ્યવસ્થાને લગતી હોય જે જેવું હોય તેને ચલાવવામાંજ ધર્મ માને અને કોઈ પણ પ્રકારના ફેરફારને સાતમી નરકે જવા જેટલું પાપ લેખે, આવી અજ્ઞાન મૂલક, અને અવનતિકારક વિચાર જડતા અથવા તો ફેરફાર ભીરૂતાનાં પડળો તોડ્યા સિવાય આપણી પ્રગતિની આશા અને ભાવના ફોગટ છે. આ બન્ને પ્રકારની કૃદ્ધિગ્રસ્તતા સંકીર્ણતા સામે સીધ્ધો હલ્લો કરવાનું કામ–નવી ભાવના નવા વિચારોને મૂર્ત સ્વરૂપ આપવાનું કામ–પ્રત્યેક કોમના યુવકોનું છે. આજે વાતાવરણમાં કોઈ જુદીજ તરલતા દેખાય છે; કોઇ જુદા પ્રકારના વિચાર તરંગો ઉછળે છે; જુનાની જમીન દોસ્તી અને નવાનાં આકાશચુંબી ચણતરો એવીજ કોઈ તમન્ના નવજીવનને શોધતી નૌજુવાનોના દિલને ધબકાવી રહી છે. આ તરૂણ માનસને વ્યકત કરવાનું કામ યુવક પરિષદનું છે. ગઇ કાલે શું હતું તે વ્યકત કરવાનું કામ કોમ સેવામાં વૃધ્ધ બનેલા મહારથીઓનું છે; આવતી કાલે શું આવવાનું છે એની ઝાંખી કરાવવાનું કામ કેવળ ભાવના અને મહત્વાકાંક્ષાના પ્રદેશમાં વિચરતા યુવાનનું છે. આપણે આશા રાખીએ કે આગામી યુવક પરિષદ આવા માનસને મૂર્તસ્વરૂપ આપે અને સમાજ માટે નવ વિચારની અનેક દિશાઓ ઉઘાડે.

હવે યુવક પરિષદની પાછળજ મળનાર શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનો વિચાર કરીએ. કોન્ફરન્સનું ધ્યેય અને કાર્યપ્રદેશ સાધારણ રીતે કોમના સર્વ વિભાગોને સંગઠિત કરવાનો અને રચનાત્મક કાર્યયોજના કરવાનો છે. આ સંસ્થાનું વલણ

યુવક બન્ધુ,

આજના શુભ અવસરે સારી સમાજની આંખ તારા તરફ મીટ માંડે છે. સમાજના ફંધાતા રાહને તું તારા **ઐક્ય બળથી સંગઠિત કરી** સમાજની ઉન્નતિને ગતિ આપજે. સમાજના નુકશાનકારક તત્વોને ઉડાવી દઇ સમાજને પ્રગતિકારક સાચા તત્વોથી સંરક્ષિત કરી, વાણી અને કલમના વ્યભિચાર બેસવાને બદલે વાણીને સંયમથી અને કલમને કરકસરથી વાપરજે. ઢાંકિકતા ભરેલી સમાજની પ્રગતિનો નાશ કરતી કૃદ્ધિઓને પોષવાને બદલે વહેલામાં વહેલી તકે તેનો નાશ કરજે. ધાર્મિકતાના શુધ્ધ તત્વોને ગ્રહણ કરી તેના ખરાબ અંશોનો નાશ કરી સમાજને **અંધશ્રધ્ધામાંથી** જાગૃત કરજે.

અને સેવાની કિંમત માગ્યા સિવાય, ઇચ્છવા સિવાય જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં સેવા કરવા દોડી જજે. સંપૂર્વક વિનયથી તહારી સેવા સમાજને આપજે. ખરા ત્યાગની કિંમત આંકી એવો ત્યાગ જ્યાં જ્યાં જુએ ત્યાં ત્યાં માથું નમાવજે અને ખરા ત્યાગ સિવાય સાધુ જીવનને કલંકિત કરનાર રાત દિવસ પ્રપંચી કાવાદાવાથી સમાજમાં વેરઝેર ફેલાવનાર ત્યાગીને તહારી બધી શક્તિઓ ભેગી કરી. યોગ્ય શાસન કરજે.

હલ્લા યુવક, સાચું માનજે કે સમાજને એવા સેવા ભાવી બન્ધુની જરૂર છે., અને સમાજ તારી પાસે એવી સેવાની માગણી કરે છે. એ સેવા આપવાનો શુભ અવસર આજે આ પળે, તને મળ્યો છે. તેને વધાવી લે મુંબઇમાં મળતી યુવક પરિષદમાં પહોંચી અને સેવક તરીકે તારી શક્તિ એ પરિષદ મારફત સમાજને ચરણે ધર.–**મણીલાલ.**

સાધારણરીતે જુના અને નવા વિચારોનો સમન્વય સાધવાનું હોય છે અને તે તેનું બંધારણ વિચારતાં તદ્દન સ્વાભાવિક છે એમ કહેવા કોઈ કબુલ કરશે. આજે વ્યક્તિને કે કોમને માટે આંતર કલહ દિનપ્રતિદિન તિવ્રતર થતો જાય છે. બળવાન નિર્બળોને દાબે છે; શ્રીમંત ગરીબને દબાવે છે, મોટા વર્ગો નાના વર્ગોના પ્રદેશો ઉપર આક્રમણ કરી રહેલ છે. જે વર્ગ કે કોમ અંદરથી સંગઠિત નથી તે સંખ્યા અને સત્ત્વ બન્ને બાજુએ ઘસાતી જાય છે; તે અંદરથી અને બહારથી બન્ને રીતે ઘસાની જાય છે. અંદર અંદરના ભેદો કોમના અવયવોને શિથિલ કરી નાંખે છે. બહારથી વિપુલ સંખ્યાવાળી મોટી કોમો નાની નબળી કોમોને પોતામાં સમાવતી જાય છે. આજે જૈન કોમની આવીજ કંઈક દશા વર્તે છે. જૈન સમાજના ત્રણ વિભાગ શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી અને તે પ્રત્યેકના અવાન્તર અનેક ભેદો વર્તે છે. જૈન કોમની સંખ્યા નહાની અને તે વળી નહાની નહાની સંખ્યામાં નાના મોટાં ગામડાંઓમાં વસેલ છે. આજુના અન્ય વર્ગોના સહવાસ તેમજ દુષ્કાળના પરિણામે તથા નાના વર્તુલમાં કન્યાની લેવડ દેવડની અગવડો વધતી જતી હોવાના કારણે અનેક જૈનો આજે પણ જૈન મટી અજૈન થઈ રહ્યા છે. સંગઠિત બળના અભાવે રાજ્ય કે સરકારમાં જૈન કોમની લાગવગ દિન પ્રતિદિન ઘટતી જાય છે. આજ કારણે તેમ એકતાના અભાવને લીધે જૈનેનું એકપણ પર્વ સરકાર માન્ય થઈ શકતું જ નથી. તીર્થો એ જૈનોની અણમોલ મીલ્કત છે. જૈનો જ્યાં તીર્થો સંબંધી અંદર અંદર લડતા હોય ત્યાં રાજ્યોનાં કે સરકારનાં તીર્થો ઉપરનાં આક્રમણોને શી રીતે અટકાવી શકે? અહિંસાનો પ્રચાર કે જૈન ધર્મનો ફેલાવો જૈનો એકત્ર બનીને કરી શકતાજ નથી. વસ્તી પત્રકોમાં બીજી કોમોની સંખ્યાઓ વધતીજ જાય છે. ત્યારે જૈનોની સંખ્યા ઉત્તરોઉત્તર ઘટતી જાય છે. આ બધાનું કારણ એકજ છે કે આપણા આપણા સમુહને સુગ્રથિત રાખે, દોરે તથા આખા સમુહની વતી ખરેખર બોલી શકે એવી સર્વમાન્ય પ્રાણવાન સંસ્થા આપણે ઉભી કરી શકયા નથી અથવા તો એવા આશયવાળી સંસ્થા કોન્ફરન્સ ઉભી થઇ છે અને કેટલાંય વર્ષોથી કામ કરી રહી છે છતાં આપણે તેને સંગીન બળ કે ગતિ આપી શકયા નથી. કોન્ફરન્સે અત્યાર સુધી કેટલુંક કામ કર્યું છે એમ છતાં પણ સમસ્ત હિંદના પ્રતિનિધિત્વવાળી સંસ્થા એટલે કોન્ફરન્સ—એ દૃષ્ટિબિન્દુથી વિચારતાં કોન્ફરન્સથી નિષ્પન્ન કાર્ય બહુ અલ્પ લાગે છે, પણ તે કાર્ય—અલ્પતાનો દોષ ખરી રીતે કોન્ફરન્સનો નથી—તે દોષ આપણો પોતાનોજ છે, કોન્ફરન્સના કામને આપણે ઉપાડયું નથી; સ્થાનિક મમત્વ અને સાધુઓના સાધારણ રીતે વિરોધી ઉપદેશને વશ થઇને આપણે કદિ કોન્ફરન્સને સંગીન ટેકો આપ્યો નથી. કોન્ફરન્સને સંપૂર્ણપણે કોમની પ્રતિનિધિ થવા દીધી નથી. પછી જે કાંઇ કોન્ફરન્સે કર્યું છે તેથી વધારેની આશા રાખવી તે કેવળ ગાંડપણ છે, આપણા દેશમાં જેમ હજુ રાષ્ટ્ર ભાવના લોક હૃદયને સંપૂર્ણપણે સ્પર્શી નથી, તેવીજ રીતે આપણે આપણા સ્થાનિક કોશેટામાંથી છૂટા થઇને સમસ્ત જન સમાજરૂપી વિશાળ આકાશમાં ઉડતા થયા નથી અને આજે બોતરફના તુમુલ કલહ યુધ્ધમાં ટકી રહેવા માટે કોમી સંગઠનનું માનસ એટલે કે કોન્ફરન્સ-માનસ આપણે કેળવ્યું નથી અને તેથી જૈન સમષ્ટિને ઘાતક બોતરફ ઘેરાયલાં વાદળો આપણી આંખે કદિ જોઇ શકતા નથી. કોન્ફરન્સ નથી કોઇ એક પક્ષની સંસ્થા, નથી તેના બંધારણ, કરવા ધારો તેવા ફેરફારોની અશક્યતા; દરેક પ્રશ્નો બહુમતીથી નિર્ણય થઈ શકે છે. માટે દૂર રહેનારા બંધુઓ! નજીક આવો અને કોન્ફરન્સ કાર્ય સાથે જોડાઓને જૈન સમાજની સંખ્યા હાનિ અને તેથી પણ વધારે શોચનીય સત્વહાનિ અટકાવો.

પરમાનંદ કુંવરજી કાપડીયા.

જનતાનું કર્તવ્ય અને જૈન કોન્ફરન્સ:

-મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.

કેટલીક જગ્યાએ એવી માન્યતા છે કે જૈન કોન્ફરન્સ એકદેશીય સંસ્થા છે તેથી તેમાં ભાગ લેવો એ રાષ્ટ્રભાવનાને હાનિ પહોંચે છે. આ સૂચનામાં તથ્યાંશ છે, પણ તેમાં વિચારવા યોગ્ય તત્ત્વ પણ ઘણું છે જૈન કોન્ફરન્સ એ વિભાગીય સંસ્થા તો જરૂર છે, પણ એ કોમીય સંસ્થા નથી. આ તફાવત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે, દાખલા તરીકે આપણા લુહાણા ભાઈઓની કે સુતારોની કોન્ફરન્સ હોય તેના જેવી એ કોમીય સંસ્થા નથી. જૈન એ દર્શન છે, તત્ત્વજ્ઞાન છે, ફીલસુફી છે. એ દર્શનમાં જેની માન્યતા હોય તે જૈનો કહેવાય છે.

એ જૈનો એકઠા મળીને ધાર્મિક ઉન્નતિને કેન્દ્ર સ્થાને રાખી ચર્ચા કરે, વિચાર વિનિમય કરે, યોજનાઓ કરે. એ જૈન કોન્ફરન્સનું કામ છે. એમાં એકદેશીય ભાવનાને સ્થાન સહજ રહે, પણ એના સુકાની સંભાળ રાખે તો રાષ્ટ્ર ભાવનાને અવિરોધપણે બજાવી શકાય તેવી તે સસ્થા છે, અને એમાં કોમીય તત્ત્વ જરાપણ આવતું નથી. દાખલા તરીકે એમાં ગમે તે જ્ઞાતિના વાણીઆ, બ્રાહ્મણ, ભાવસાર, પાટીદાર, કણબી વિગેરે સર્વ એક પ્રભુના અનુયાયીઓ એક વ્યાસપીઠ પર બેસે છે અને વિભાગોને ભૂલી જઈ જન સુધારણા માટે વાતાવરણ ઘડે છે.

જૈન દર્શનના અનેક પ્રશ્નો ચર્ચા અને નિર્ણય માંગે છે. એનું સાહિત્ય અત્યંત વિશાળ હોઇ ચર્ચા માંગે છે. એનો સ્યાદ્વાદ સમજવા યોગ્ય છે, એના કર્મના સિધ્ધાંતો મૌલિક છે, એના સાત નયોનો વાદ ન્યાયના છેલ્લામાં છેલ્લા સૂત્રોને પણ વિચારમાં પાડી દે તેવો છે, એનો જગત્કર્તૃત્વનો નિર્ણય અસાધારણ મહત્તાથી ભરપૂર છે, એનો વ્યક્તિ વિકાસમાર્ગ પુરૂષાર્થને પૂરેપૂરો અવકાશ આપનાર છે, એનો સપ્તભંગીનો વિસ્તાર વિચારકને પણ ઉંડાણમાં ઉતારે તેવો છે. એ ઉપરાંત એનું પ્રાકૃત તેમજ સંસ્કૃત સાહિત્ય ગૌરવથી ભરેલું છે, એનું ગુજરાતી સાહિત્ય વિશાળ છે, એનાં દુહા, સ્વાધ્યાય, છંદ, સવૈયા, સ્તવન, સ્તુતિ, ચૈત્યવંદનો અપાર છે, એના મુનિઓએ આખાં જીવનો સાહિત્ય સેવામાં ગાળ્યાં છે, એની જ્ઞાન સમૃધ્ધિ કદિ ઉપેક્ષા ન કરાય તેવી વિશાળ. વિસ્તૃત અને હૃદયંગમ છે.

એ ઉપરાંત એનાં તીર્થો અનોખું સ્થાન ધારણ કરે છે. દુનિયામાં એના સાહિત્યનો વિસ્તાર ઘણો ઓછો થયો છે. વ્યાપારી કોમોએ એના સાહિત્યને બહાર લાવવા પ્રયત્ન કર્યો નથી અથવા ઘણો ઓછો કર્યો છે. એવા અનેક દેશીય કાર્યો એ કોન્ફરન્સે જનતાના લાભને અંગે કરવાના છે.

(જુઓ પૃ. ૬૫)

આગામી પરિષદના અભિનેતાઓ.

૧. બાબુ નિર્મલ કુમારસિંહજી–નવલખા

અજીમગંજના એક મ્હોટા એ જમીનદાર છે, નવલખા કુટુંબના પ્રખ્યાત્ નથીરા બાબુ સાહેબ રાયધનપતસિંહજી ના એ બેજે આવેલ પુત્ર છે. ૩૦ વરસની ભર યુવાન વય હોવા છતાં આજે વિચારે અને વર્તને એ પ્રૌઢ છે. સન ૧૯૨૨ માં ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે એમણે પોતાનું જાહેર જીવન શરૂ કર્યું અને પ્રાન્તીય કીર્તિ પ્રાપ્ત કરી. સન ૧૯૨૬ માં ચિત્તરંજન સેવા સદન નામક એક હોસ્પીટલ બાંધવા માટે મહાત્માજીને ચરણે રા. ૧૦૦૦૦ નું એમણે દાન કર્યું છે, ત્યારથીજ એમનું આખુંયે કુટુંબ ખાદીને ખૂબ મહત્વ આપે છે. તેમણે એક ખાદી ભંડાર સ્થાપી જનતાને સસ્તી અને શુધ્ધ ખાદી પૂરી પાડવાનું પણ પુણ્ય ઉપાર્જન કર્યું છે. કલકત્તા, બંગાળ આદિ ખાદી કાર્યાલયોને સહાય આપી ખૂબ આશીર્વાદ મેળવ્યા છે. મુર્શીદાબાદના રેશમના ઉદ્યોગનો પુનરૂધ્ધાર કરવાનો યશ પણ તેમનેજ છે. કેળવણીના તેઓ પૂરા હિમાયતી છે, અને પોતાના પ્રત્યેક ગામોમાં પોતાના ખર્ચથી કેળવણી સંસ્થાઓને એ પોષે છે. સ્ત્રી કેળવણીમાં પણ ખૂબ રસ લે છે અને પોતાના મ્હેલના એક વિભાગનાં કન્યાશાળા ચલાવે છે.

સામાજિક કાર્યમાં તેઓશ્રી ખૂબ રસ લે છે, જૈન જ્ઞાન ભંડારની તેમણે સ્થાપના કરી છે અને તેમાં દશહજ્જર રૂપીયાનો ફાળો આપ્યો છે. સન ૧૯૨૯ ના એપ્રીલમાં પોતાની જમીનદારી અને આસપાના ગામોમાં દુષ્કાળનું દારૂણ સંકટ આવી પડેલ, તે વખતે તેમણે આશરે દશહજ્જર માણસને નાતજાતના ભેદભાવ વગર ઓગષ્ટ સુધી અનાજ પૂરૂં પાડ્યું હતું. આ સિવાય પણ એમણે કેટલાંક દાન કર્યાં છે. અજીમગંજની જૈન શ્વેતાંબર સભાના એ પ્રમુખ છે, પાવાપુરીના નિર્વાણના મેળા પ્રસંગે મહાવીર સેવક મંડળના પ્રમુખ તરીકે એમની સેવા જાણીતી છે. જીયાગંજની એમ ઈ. સ્કૂલના એ ઉપપ્રમુખ છે, અને અજીમગંજ જીયાગંજ મ્યુનિસિપાલીટીના સભાસદ હોવા ઉપરાંત બ્રીટીશ ઇન્ડીયન એસોસીએશન, કલકત્તા, કલબ અને તેવી બીજી સંસ્થાઓના સભ્ય છે, અને જાહેર ક્ષેત્રોમાં હીકહીક દ્રવ્યોનો વ્યય કરે છે. આ ઉપરાંત શોધખોળ, અને પૂરાતની વસ્તુ પ્રત્યે પણ તેમને પુરો શોખ છે. આવા એક દાનવીરની ફોન્ફરન્સના બોદમા અધિવેશનના પ્રમુખ તરીકેની વરણી થઇ છે. તેમના પ્રત્યે આજના યુવાનો એજ આશા રાખે છે કે ફોન્ફરન્સની આજ સુધીના પ્રણાલિકામાં કંઇક સમયાનુકૂળ પરિવર્તન કરી તેને સમગ્ર સમાજમાં વ્યાપક બનાવે. બાબુ નિર્મલકુમાર સિંહજી જુવાન છે અને જુવાન પાસે આજનું જગત શું માગે છે એ જાણવાની જરૂર કંઇ રહે છે ખરી ?

૨. ડૉ. અમીચંદ છગનલાલ શાહ.

યુવક પરિષદની સ્વાગત્ સમિતિ મળે છે. આગામી યુવક પરિષદનું પ્રમુખપદ શોભાવી શકે એવા માણસની શોધ મંડાય છે. હાથણી કળશ ઝાલીને જાણે માણસને સુંઘવા મંડે છે અને એક પછી એક સુંઘતી સુંઘતી એ એક આદમી પસંદ કરે છે. ડૉ. અમીચંદ પર સ્વાગતની હાથણી કળશ ઢોળે છે. ડૉ. અમીચંદ યુવક પરિષદના પ્રમુખ ચૂંટાય છે.

કોણ છે એ ડૉ. અમીચંદ ? યુવક છે ખરા.? આપણા કાર્યને એ દીપાવી શકશે ? સ્વાભાવિક પ્રશ્નો ઉદ્ભવે છે.

એમ તો ડૉ. અમીચંદની વય છે પચાસ વર્ષની. પણ આજની યુવાનની વ્યાખ્યા વયના ધોરણે નથી થતી. શરીર ભલે વૃધ્ધતા ધારણ કરતું હોય, એનો ઉત્સાહ, એની વિચારણા તો યુવાનની છે ને ? અને એ એક દૃષ્ટિએજ એમની વરણી થઇ છે.

ડૉ. અમીચંદ સુરતના છે. કૌટુંબિક મૂસ્કેલીઓ સહતાં સહતાં એમણે વિદ્યાભ્યાસ કર્યો હતો. આંખના અપ્રતિમ ડૉકટર મથુરાદાસના હાથ નીચે મોંઘા માં એમણે બે વાર તાલીમ લીધી હતી. એ આસીસ્ટન્ટ સીવીલ સર્જન પણ છે. આંખના ડાકટર તરીકે દશ વર્ષ એમણે કાર્ય કર્યું.

પણ એમની સ્વભાવિક વૃત્તિ વ્યાપાર તરફ હતી. એમના બન્ધુની સાથે 'ચન્દુલાલ એન્ડ કંપની' ના નામે એમણે કાપડના વણાટનો ધંધો શરૂ કર્યો. એ ધંધો ઉત્તરોત્તર વિકસાવી આજે તેઓ ૧૦૦ પાવર લુમ્સનું રેશમી કાપડ વણાવવાનું કારખાનું ચલાવે છે.

આ એમની ધંધાદારી વિકાસની વાતો આપણે બહુ મહત્વની નથી. ધંધાદારી સફળતાની સુગંધે આપણી હાથણી ભોળવાઈ નથી. આપણે મહત્વનાં છે કેવળ એમનું જાહેર જીવન અને વિચાર વર્તન.

એ 'નેશનાલીસ્ટ' છે. બે બે વાર એ સુરતની મ્યુનિસિપાલીટી ના સભ્ય ચૂંટાયા હતા. સુરતના સંઘ તરફથી એ આણંદજી કલ્યાણજી ની પેઢીમાં પ્રતિનિધિ છે સુરતની 'જયકુંવર જ્ઞાન ઉદ્યોગ પાઠશાળા' ના એ ટ્રસ્ટી છે. સુરતના 'લેડી વિલીંગ્ડન અશકતાશ્રમ' ના એ છે ઇ. સ. ૧૯૨૩ થી આજ લગી માનદ મંત્રી. આમ અનેક વિધ જાહેર ક્ષેત્રે એમનું જીવન વિસ્તરેલું છે.

વિચારે પણ એ સુધારક છે. અને અક્રિય થવાના ભોગે વિચાર મક્કમતા સાચવી રાખે છે. વયેવૃધ્ધ ડૉ. અમીચંદ વિચારે સાવ જુવાન છે.

એવા ડૉ. અમીચંદ આપણી યુવક પરિષદના પ્રમુખપદે આવે છે.

આ વેળાની પરિષદ જૈન સમાજને નવ વિચારણાના આંચકા આપવાની છે. જોઇએ ડૉ. અમીચંદ સફળ નાવિક તરીકે હોડી હંકારે છે કે નહિ? ક્રાન્તિના હોડકાના કુશળ સુકાની એ બનશે અને હોડકાને ઇચ્છીત ક્રાન્તિ માર્ગે સફળ રીતે હંકારશે એ આશાઓએ એમની પસંદગી થઇ છે. આ આશાઓ કેટલી ફળશે એ હવે જોવાનું બાકી રહે છે.

૩. શેઠ અમૃતલાલ કાળીદાસ.

શ્રી અમૃતલાલ જૈન આલમમાં 'અમુભાઇ' ના હાડકા નામે ખૂબ જાણીતા છે. સ્વભાવની સરસતા, મોહક વાકચાતુર્ય, અને ભાવનાઓના બળે જેમણે જુવાનોનાં તેમજ વૃધ્ધોનાં દિલ જીત્યાં છે. (જુઓ પૃ. ૬૭)

યુવકોને!

યુવક! હવે, બનો ન ભૂ પર ભાર
ઉઠો શુભ સન્દેશ સુણાવો
વીરનો નવલો વેશ સજાવો
હવે સૂતો છે કોણ? જગાવો
નૂતન શક્તિ પ્રચાર–યુવક! હવે.

સમય વહ્યા અતિ સૂતાં સૂતાં
કાયર બનીને રોતાં રોતાં
ગૌરવ વૈભવ ખોતાં ખોતાં
સહતાં અત્યાચાર–યુવક! હવે.

આંખ મીંચી મૃષ મીતિ રાખી
પડ્યા રહી ગુલામી સાંખી
ફેંકી દો કંઇ વીરતા દાખી
કરીને પાદ પ્રહાર–યુવક! હવે.

સત્યમાર્ગમાં યદપિ પ્રલય હો
તેનો તમને કંઇ ના ભય હો
માર્ગ તમારો મંગલમય હો
સહુને સુખ દેનાર–
યુવક! હવે, બનો ન ભૂપર ભાર.

[શશિના એક હિંદી કાવ્યનો થોડા
સુધારા સાથ ગુજરાતી અનુવાદ]

જગતમાં અનેક દેશો જે શુભ પ્રયાણ કરી રહ્યા છે તેમાં તે તે દેશના યુવકોનો સક્રિય અને સજીવ ફાળો છે. આપણા દેશના ભવિષ્ય માટે પણ તેના યુવકોની કર્મવીરતા જેટલે અંશે પ્રકટ થશે તેટલે અંશે દેશની ભાવી ઉજ્જ્વલતા પ્રાપ્ત થશે. સમાજ, ધર્મ અને દેશ–એ ત્રણેના અનેક બળતા પ્રશ્નો છે તેનું નિરાકરણ યુવકોના બળ અને સાહસ પર અવલંબે છે. યુવકો તે દેશની વિભૂતિ છે. ઉઠો–ખડા થાઓ, જાગૃત થાઓ, અને ક્રૂચ કદમ કરી આગળ વધો એવી યુવકો પાસે માગણી છે.

કોઇપણ વિષય, વસ્તુ કે વ્યક્તિ પર ગમે તેવી અને ગમે તેટલી ટીકા–નુકતેચીની કરવી એ સહેલી છે, તે પર પૂર્ણ વિચાર કરી સુધારા વધારા રૂપે સૂચના કરવી એ તેથી અઘરૂં છે, અને જે કંઇ ટીકા કરવા જેવું, સુધારા વધારા રૂપે સૂચન કરવા જેવું લાગે તે કરી બતાવવું એ સૌથી અઘરૂં છે. ટીકા–સૂચના–ઉહાપોહ ચર્ચા વગેરે કરવાનો અધિકાર યુવકોને તેમજ બધાને છે, પણ તે અધિકાર વાપરવા સાથે વાણીમાં સંયમ, વિનય અને સૌમ્યતા હોય તો ટીકા શોભે છે અને તે પર લક્ષ પણ સાંભળનારા આપે છે; પણ જો તેઓ કરી બતાવે તો તેમની ક્રાંતિના યશસ્વી સૂત્રધાર બને છે.

સામાન્યતઃ જુવાનીમાં અશાંતિ, અસંતોષ અને અસહિષ્ણુતા હોય છે. પશ્ચિમ દેશમાં જ્યાં જુઓ ત્યાં યુવકોના બળવાના નાદ સંભળાય છે. સાંસારિક સુખને માટેનાં સર્વ સાધન મેળવી તે સુખની પ્રાપ્તિ માટે તે જમાનાની જરૂરીઆતોની ઉપલબ્ધિ માટે તેમની ક્રાન્તિ હોય છે. આ ક્રાન્તિ પ્રત્યે ઘણા ભીતિ દાખવે છે, કારણ કે તેઓ તેને પૂરી સમજી શકતા નથી. કેટલાક તો જરા હાસ્ય કરી તે પ્રત્યે ઉપેક્ષાથી જુએ છે; અને જાણે તે એક ઉકાળો હોય તે થોડીવારમાં શમી જશે એમ ગણે છે. આવી ઉપેક્ષા કે અવહેલના ઇષ્ટ નથી. તેમણે યુવકોના જોશને ડહાપણભરી નિયંત્રણાથી સાચી દિશાએ વાળવો જોઇએ.

જુની રૂઢિઓ કે જે પૈકી કોઇ એક કાલે કદાચ ઉપયોગના કારણે જન્મી હોય, યા જે ઘણા માણસોએ અનિષ્ટ અને અનિવાર્ય સંજોગોને આધીન થઇ સ્વીકારી હોય, યા અજ્ઞાન વડે ઠીક સમજી ચાલુ કરવામાં આવી હોય તે આજના જમાનાના દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ નિરખતાં ઉપયોગી નથી એમ પ્રતીત થાય તો તેની ગુલામીમાં રહેવા કરતાં તેની સામે 'બળવો' કરવો–વિરોધ કરી તેને દૂર કરવા ઝઝૂમવું એ આજના યુવાનોનું કર્ત્તવ્ય છે. જે પ્રથાઓ નિરર્થક છે–સમાજના હિતને બાધક છે અને વિકાસ કે પ્રગતિમાં આડખીલી રૂપ હોય તેને ચાલુ રહેવા દેવી એ વિનાશને માર્ગે જવા જેવું છે. તેનો અંતકાળ જેમ બને તેમ સત્વર લાવવો ઘટે.

આ સાથે એ પણ વિચારવાનું રહે છે કે કોઇપણ પ્રથાને તોડી નાંખ્યા પછી તેને સ્થાને જે યોગ્ય વસ્તુ ખપે તે મૂકી ન શકાય તો પૂર્વની તોડેલી પ્રથામાં જે કાંઇ હિતકર તત્વો હોય તે આપણે ગુમાવી બેસીએ છીએ. તોડવું સહેલું છે, બાંધવું મૂશ્કેલ છે એટલે એક અશુભના વિનાશ સાથે બીજી શુભ વસ્તુની રચના કરવા જેટલી કુનેહ અને દીર્ઘદૃષ્ટિતા વાપરવી જોઇએ. એક બાલક પણ કોઇ વસ્તુનો નાશ કરી શકે છે, પણ તેની પુનર્રચના કરવા માટે ડાહ્યા અને દૃઢ માણસની જરૂર રહે છે.

અમુક પરંપરાનો નાશ યુવકોને હાથે થઇ જાય તો તેમ કરવામાં જ્ઞાન વૃધ્ધ મોટેરાઓ સામે તેઓ બળવો કરતાં જોવામાં આવે છે. મોટેરાનો અનુભવ કે ડહાપણ કામે લગાડવા જેટલું શાણપણ તેઓ બતાવતા નથી. એથી વિષમ સ્થિતિ જન્મે છે. તેમનો સહકાર કે આધાર રાખી તેઓ આગળ વધ્યે જાય તો મનુષ્ય હિતના વિકાશમાં તેમની ધગશ, કર્મવીરતા અને દૃઢતા જબરો ફાળો આપે છે એ નિઃસંદેહ છે. પણ આમ કરવામાં એક દુઃખ એ છે કે ઘણી વખત મોટેરાઓ જલ્દી આગળ વધવા માગતા નથી અને વિલંબ બહુ કરે છે અને પુનર્ઘટનાનું કાર્ય કરવાનું જોઇએ તેટલું સામર્થ્ય ધરાવતા નથી, એટલે મોટેરાઓ જ્યાં પડ્યા છે ત્યાં તેમને રહેવા દઇ યુવકો ક્રૂચકદમ કરવા મંડી જાય તો તેઓ વ્યાજબી છે; કારણ કે જો તેમ ન કરે તો હિલચાલ વધે નહિ, સમાજ સ્થિતિસ્થાપક રહે અને માનવતા અવિકસિત રહે. વળી યુવકોના પક્ષમા બીજી વાત એ છે કે તેઓ પોતાને અનિષ્ટ લાગતી વસ્તુનો વિનાશ કરવા ધર્યા જવાનું જે કાર્ય કરે છે તેની પાછળ ઘણા વખતથી ભાવેલા મહાન ઉમદા આદર્શ અને સેવેલાં સ્વપ્નાં હોય છે. આ સ્વપ્નાં યુવકોને જીવનની અસ્વચ્છતા અને શુષ્કતાનો વિરોધ કરી પોતાની આસપાસનું જગત કેમ વધુ સુંદર અને સંપૂર્ણ બને તે માટે કંઇ જરૂર કરી બતાવવાની સજીવતા પ્રત્યે વિના વિલંબે વહન કરાવે છે.

આ કારણે યુવકોને આપણે અપનાવવા જોઇએ; તેમને આપણા માનવ કુટુંબના એક અંગ તરીકે સ્વીકારવા જોઇએ, અને તેઓ એક જૂદો વર્ગ છે કે જેની સાથે આપણે કંઈ લેવાદેવા નથી એમ ગણી તેઓને અલગ રાખવા ન જોઇએ. જો કે તેઓ પોતાને એક પૃથગ્ વર્ગ તરીકે માને છે, છતાં પણ આપણે તેમને જુદા તરીકે લેખી અસ્પર્શ્ય રાખવા ન જોઇએ. જો તેમ થશે તો ભવિષ્યમાં એવી સ્થિતિ થવાનો સંભવ છે કે યુવકો જોસમાં ને જોસમાં કોઇની સલાહ કે સહાનુભૂતિ લીધા વગર આગળ ચાલ્યા જાય અને તેમાં પોતાના પગલાંની અયોગ્યતા સમજાય, એવી સમજણમાંથી નિરાશા પણ ઉદ્ભવે એ નિરાશાથી અગાઉ સેવેલી માનવતાની ઉચ્ચ ભાવનાઓ ઉડી જાય અને પરિણામ જોખમકારક આવે.

પોતાનાં પગલાંનું ગેરવ્યાજબીપણું યુવકોને ધીમે ધીમે સમજાય તો દેશના કે સમાજના જેના હિત અર્થે સમજીને તે યુવકોએ કાર્ય કર્યું હોય તેને તે ગેરવ્યાજબીપણાનો ખગ વાળવાનો સમય મળે છે. વર્ષોનાં વર્ષો ચાલ્યા જાય છે, તેમ તેમ આપણને પ્રતીતિ આવે છે કે ભૂતકાળથી છૂટા થઇને આપણે કાર્ય કરી નહિં શકીએ અગર તો ભવિષ્ય સર્જવા તદ્દન નવેસરથીજ પ્રારંભ કરવો અશકય છે. ભૂતકાળના અનુભવ અને પ્રયાસોમાં જે સાધનો લડવા માટે યોગ્ય લાગ્યાં હોય તે સાધનો વડે લડવાનું છે, અને લોકોની જે મનોદશા ઘણા સમયથી ઘડાઇ હોય તે દશાને ધ્યાનમાં રાખી લડવાનું છે. આપણી આસપાસ નિહાળીશું તો દરેક દેશમાં એવું જણાશે કે માથું ઉંચકવાનું પ્રધાન કારણ દરેક ચીજની અને ખાસ કરી ભવિષ્યની બીન સલામતી છે.

વર્ત્તમાનમાં દુઃખો અનેક છે. રાષ્ટ્ર અને રાજ્ય વચ્ચે રહેતી અશાંતિ, દેશની નાણા સંબંધી ખરાબ સ્થિતિ, ધર્મ-પર અશ્રધ્ધા, વેપાર, કળા કે ધંધાઓમાં કમાણીનો અભાવ, બેકારી વગેરે અનેક સંજોગો, કારણોને લઇને યુવકોના દિલમાં અસંતુષ્ટતા રહે એ સ્વાભાવિક છે. પ્રજા તેમને સંભરી ન શકે, રાજ્યપણ નોકરી આપી ન શકે અને દર વર્ષે યુનિવર્સિટીમાંથી હજારો યુવાનો પદવી લઇ કામ ધંધા વગરના રહે એટલે તેમની શકિત કોઇ કામમાં ન આવે ને અસંતોષ વધ્યા કરે એ સ્વાભાવિક છે. તેમાં અણમેલ લગ્ન-સમાજની રૂઢિઓ, લગ્નાદિનાં ખર્ચો વગેરે મૂરકેલીઓ વધારે છે.

આ વસ્તુસ્થિતિમાં યુવકો એકદમ સુધારો–પરિવર્તન માગે છે કે જેથી તેમની બધી મૂરકેલીઓનો અંત આવે. તેમને ક્ષણિક સાન્ત્વનો, ધીમે ધીમે સુધારો, કે ધીરજપૂર્વક વિલંબ ગમતાં નથી, જોઇતાં નથી. પૂર્ણ સુધારો ને તે એકદમ વિના વિલંબે સુધારો તેમને જોઇએ છે અને તેથી તેઓ અધીરા બને છે. તેમને 'અધીરા તે બાવરા ને ધીરા તે ગંભીર' એવી એવી કહેવતો અને ડહાપણનાં વચનો સાંભળવા ઇચ્છા નથી.

સુભાગ્યે પૂર્વ દેશના યુવાનોમાં ધર્મના સંસ્કાર છે, તેઓ પોતાના પયગંબરો-તીર્થંકરો–મહાપુરૂષોનાં પવિત્ર વચનોમાં શ્રધ્ધા ધરાવે છે અને તેમાંથી જીવન સંતોષ મેળવે છે, એટલુંજ નહિ પણ પોતાનાં ધર્મશાસ્ત્રોનાં વાકયોમાં નવીન ભાવના, નવા આદર્શો અને નૂતન સંસ્કારો પેખે છે અને તેમની સત્ય ગવેષણા કરવામાં પ્રયત્નશીલ થાય છે. આથી પશ્ચિમ દેશના યુવકોમાં જેટલો અસંતોષ અને જેટલાં અસહ્ય વેદન હોય છે તેટલા પ્રમાણમાં પૂર્વના દેશના યુવકોમાં જોવામાં આવતું નથી.

ત્યારે હિન્દના જૈન યુવકોએ શું કરવું જોઇએ? એના ઉત્તરમાં એ ટુંકામાં કહી શકાય કે રાષ્ટ્રત્વ અને જૈનત્વની વિશાળ ભાવનાને પૂરતું પોષણ મળે એવે પ્રબંધ તેમણે પોતાની કૃતિથી કરવો જોઇએ. યુનિવર્સિટીની પદવી માટે અભ્યાસ કરનારા યુવકોને પૂછો કે તમે ખાદી કેટલી અપનાવી છે? સ્વદેશી વસ્ત્ર અને બીજે કેટલા પ્રમાણમાં વાપરો છો? રાષ્ટ્રીય સેવામાં–હરિજન સેવા, વગેરેમાં શો ફાળો આપ્યો છે? સમાજના બળતા પ્રશ્નોમાં સુધારાની ગતિને પોતાના ચારિત્ર્યથી કેવો વેગ આપ્યો છે? વિદેશી નેકટાઇવાળા સ્વાંગ તજ્યા છે કે નહિ?–એના સાચા ઉત્તરથી તેમની મનોદશા સમજાશે. બીજી બાજુ કોઇ પોતાની કન્યા આપવાની ઇચ્છા બતાવે ત્યારે તેનો સ્વીકાર થવા પહેલાં પોતાને વિલાયત જવા માટે યા વિશેષ અભ્યાસ કરવા માટે કેટલાં નાણાં આપી શકો છો એવા સોદા કોઇ ભાઇઓ તરફથી થાય છે એવી ખબર મળતાં—'વરવિક્રય'ના દાખલાઓ દેખાતાં હૃદયને ત્રાસ ઉત્પન્ન થાય તેમ છે, અને હવે ઘણાઓ પોતાની શિક્ષિત અને પ્રેમથી ઉછરેલી કન્યાઓને માટે વર શોધવા ગ્રેજ્યુએટો, અંડર ગ્રેજ્યુએટો તરફ અગાઉ નજર દોડાવતા તે બીજી ગયા છે અને તેમના પ્રત્યે અણગમો બતાવે છે. આવી હૃદય-દારક સ્થિતિનો 'વરવિક્રય'નો સંયોગ લેશ પણ ઉભો થયો હોય તો તેને નિર્મૂળ કરવાની જરૂર છે. હવે તો યુવાનો–સુશિક્ષિત કે અલ્પ શિક્ષિત યુવાનોએ ઉત્તમ સંસ્કારો કેળવી સમાજ અને દેશના અલંકાર બનવું ઘટે અને સેવાભાવી બની જૂલ્મ સામે ઝૂઝી તેનાં બધાં સંકટ સહન કરી બીજાના આદર્શ બનવું જોઇએ.

જૈન યુવક પરિષદ શ્રી મણીલાલ કોઠારી જેવા રાષ્ટ્રીય સેવક અને સેવાભાવી જૈનના પ્રમુખપણા નીચે ૩૧--૧૨--૩૧ અને ૧--૧--૩૨ ને દિને ભરાઇ હતી અને તેમાં અનેક ઠરાવો થયા હતા. તે ત્રણે ફિરકાના યુવકોની પરિષદ હતી. અત્યારે ત્રણે ફિરકાની મળીને માત્ર જૈન શ્વે. મૂ. યુવક પરિષદ ભરાય છે, તો અગાઉની ત્રણે ફિરકાની યુવક પરિષદનું શું થયું? તેણે કરેલા ઠરાવોનું શું થયું? શું તે પરિષદ મૃત થઇ છે એમ સમજવું? યુવકોના સામ્યવાદમાં તો ભિન્નતાનો પ્રવેશ હોવો ન જોઇએ.

ઉપરની વાતનો ખુલાસો સંચાલકો પ્રગટ કરશે એમ ઇચ્છી રચનાત્મક કાર્ય આ એક ફિરકાની યુવક પરિષદ શું કરી શકે એ પર વિચાર કરવાનો રહે છે. પ્રથમ તો તે ફિરકાની મહાપરિષદ ભરાય છે, તેને સક્રિય અને સફળ બનાવવા માટે દૃઢ પ્રતિજ્ઞા કરવી ઘટે. તે મહાપરિષદ લોક-શાસનને ઉચિત બંધારણવાળી છે અને તેમાં યુવકોને સ્થાન છે એટલુંજ નહિ પરંતુ તેઓ ખરેખર કાર્ય કરવાની ધગશ અને વીર્યવાળા હોય તો તેમાં તેમને અગ્રસ્થાન છે. વિશેષમાં તેમણે તેમાં પોતાનું યોગ્ય સ્થાન મેળવી પોતાના વિચાર અને પ્રસ્તાવ માન્ય રખાવવા માટેનો પ્રચાર કરવાનો છે. પોતાના પ્રસ્તાવો આદર્શરૂપે કરવા કે સક્રિય કૃતિમાં મૂકી શકાય તેવા મર્યાદિત કરવા એ બાબતનો નિર્ણય કરી તે પ્રમાણે ઘડવા ઘટે. આ ઘડવામાં દેશ અને સમાજ બન્ને નજર સામે રાખવા વાસ્તવિક છે.

સમાજના પ્રશ્નોમાંથી અમુક અમુક પ્રશ્ન પરના પ્રસ્તાવ પાર પાડવા માટે એક દશેક યુવાન ભાઇઓની જુદી જુદી સમિતિ નિમી હોય તો તે દ્વારા વધારે પ્રચાર અને સજીવતા-વાળું કાર્ય થઇ શકશે. દા. ત. આંતર્જાતીય વિવાહનો પ્રશ્ન લઇએ. શ્રીમાળી કે બીજી વણિક જાતિના યુવકો યુવતિઓ અરસપરસ લગ્ન ગ્રંથિથી બંધાઇ શકે છે. તેવાં વિવાહો વધુ સંખ્યામાં થાય એ માટેના પ્રયત્નો કરવામાં આવે તો તે પ્રત્યે પ્રગતિ કરી શકાય તેમ છે. વળી દરેક મોટા મોટા શહેરમાં પોતાના યુવક સંઘો સ્થાપી તે દ્વારા ને શહેરમાં અને તે શહેરની આસપાસનાં ગામડામાં પ્રચાર કાર્ય કરવું જોઇએ.

યુવકોની પોથીમાં શૂરવીરતા, વીરોચિત ઉત્સાહ સાથે રચનાત્મક અમલી કાર્ય રકતાક્ષરે લખાયેલ હોય. તેઓ સમાજ સેવાને અંગે ને રાષ્ટ્રસેવાને અંગે ભાવ અને ભક્તિ સદાય સેવે અને બન્નેની ઉન્નતિ વિનય, નમ્રતા અને સંયમમાં વૃધ્ધિ કરતા રહી અવશ્ય જેમ બને તેમ શીઘ્ર સાધે એ પ્રેભુ પ્રત્યે પ્રાર્થના. **મોહનલાલ હલીચંદ દેશાઇ.**

આજનો બળવાખોર યુવક.

ભારતવર્ષનો યુવકવર્ગ હવે જાગૃત થયો છે. નવી પ્રેરણા, નવી શક્તિ અને નવી મદદ પ્રગટ થઇ ચુકી છે. હિંદુસ્તાનની એકે એક સંસ્થામાં જુના વિચારોને બદલે નવા વિચારોને સ્થાન મળવા લાગ્યું છે એવા વખતે જૈન જેવી ડાહી અને વેપારી કોમમાં નવો પવન નહિ ફુંકાય એ તદ્દન અસંભવિત છે. એ પવન ફુંકાઇ રહ્યો છે અને કાયમ ફુંકાવાનોજ. એને રોકવા જેટલા પ્રયત્નો થવાના તેટલા તદ્દન વ્યર્થજ જવાના, એમાં શંકા જેવું કશુંએ નથી. નૂતન વર્ગ જુનાઓની મર્યાદા રાખી મોંઢે ડુચો મારવાનું સહન કરી શકે તેમ નથી. જુનાઓ પાસે કાર્યનો હિસાબ તેઓ માગશે અને કાર્ય પ્રવૃત્ત થઇ તેઓ આગળ વધશે. સત્યની પ્રેરણાથી આજનો યુવક પ્રચંડ ક્રાન્તિ કરી મૂકશે, ત્યારે તેવા પ્રચારને રોકવું એ તદ્દન અશક્ય છે.

આજના યુવકને ક્રાન્તિવાદી અને બળવાખોર લેખવામાં આવે છે. યુવક પોતે પણ પોતાની જાતને એ પ્રમાણે ગણવામાં આનંદ માને છે.

બળવાખોરનો અર્થ જો એમ કરવામાં આવતો હોય કે સારૂં અને નરસું સમજ્યા વગર ખરૂં શું અને ખોટું શું એનો વિચાર કર્યા વગર, કોઇપણ વસ્તુનો નાશ કરવાને પ્રેરણા થતી હોય તો એને હું બળવાખોર ગણવામાં અભિમાન માનતો નથી. સમાજમાં જે કંઇ છે, એ બધુંજ ખરાબ છે એમ માનવું એ પણ ખરો બળવો નથી પરંતુ બળવાખોરનો અર્થ જો એમ કરવામાં આવતો હોય કે મૃત દેહની અંદર ચૈતન્ય પ્રગટાવવું, ઉંઘતા સમાજની અંદર જાગૃતિ લાવવી, સદીઓથી હાનિકારક રૂઢિઓથી દબાયેલા સમાજને બચાવવાના પ્રયત્નો કરવા, એ સમાજનું એક અંગ કદાચ અજ્ઞાનતાને લઇને બીજા અંગને અત્યાર સુધી જે ત્રાસ અને જુલમ આપી રહ્યું હોય એ ત્રાસ અને જુલમમાંથી એ અંગને બચાવીને, શરીરની અંદર પૂર્ણ જોશથી લોહી વહેવડાવવાના પ્રયત્નો કરવા એને જો બળવો કહેવામાં આવતો હોય તો જરૂર આજનો યુવક બળવાખોર થવામાં આનંદ માને છે. એટલુંજ નહિ, પરંતુ અભિમાન માને છે અને માનશે. ધર્મને નામે જ્યારે જ્યારે અધર્મ થતો હશે, પુણ્યને નામે દાંભિકતાનું સેવન થતું હશે, સમાજ અને ધર્મની ઉન્નતિના નામે સમાજની અવગતિ અને અધોગતિના કાર્યો થતાં હશે, ત્યારે ત્યારે આજનો યુવક એવા કાર્યોની સામે બળવો કરવામાં પોતાનો ધર્મ માને છે. અમે બળવાખોર એ રીતે છીએ કે જે રીતે માર્ટીન લ્યુથરે યુરોપની પ્રજાને અને યુરોપના ધર્મને પોપશાહીના જુલ્મમાંથી બચાવ્યું. દેશ કાળને અનુસરવું અને સમયને ઓળખવો એને જો બળવો કહેવામાં આવતો હોય તો જરૂર અમે બળવાખોર છીએ.

ખરો જૈન ભયથી જરાએ ડરતોજ નથી જે પ્રમાણે સિંહ લીલીછમ વાટિકામાં જન્મતો નથી અને રહેતો પણ નથી, એ વાટિકા મેના પોપટને માટે ભલે સુખનું સ્થાન હોય પરંતુ સિંહને માટે તો એ એથી ઉલ્ટું જ છે. બહાદુર પુરૂષો હિમ્મતથી પોતાના વિચારો વ્યકત કરતી વખતે ભય કે જોખમનો જરાએ ડર રાખતાજ નથી. કોઇપણ શક્તિમાન અને બહાદુર પ્રજાને જોશો તો લડાયક વૃત્તિ પ્રકૃતિરૂપે તેનામાં તમોને માલુમ પડશે, તેજ પ્રમાણે જે વખતે જૈન સમાજ પૂર્ણ જાહોજલાલી ભોગવતો હતો ત્યારે એકે એક જૈનની અંદર એક અજબ પ્રકારની 'ખુમારી' હતી. એ 'ખુમારી' એ હતી કે જેના વડે એ ખુમારીના ધારણ કરનારમાં દુઃખ સહન કરવાની શક્તિ તથા સાહસિક પ્રકૃતિ આવતી હતી, તેમજ દુઃખનો સાક્ષાત્કાર થાય એવા પ્રયોગો દ્વારાજ તેઓ 'આનંદ' ઢુંઢવાનો પ્રયત્ન કરતા હતા. એ 'ખુમારી' તે હતી કે જેના વડે પ્રભુ મહાવીરે સૌધર્મ ઇંદ્ર જેવાની મદદ મેળવ્યા વગર ફકત પોતાના બળ પરજ મુસ્તાક થઇને મુકિત મેળવી. મહાન ફીલોસોફર નિત્શેનું સૂત્ર એ હતુ કે (The Secret of a joyful iife is "to live Dangerously") આનંદમય જીવનનું છુપું રહસ્ય સંકટોમાંજ જીવન જીવવું એ છે. પુરૂષ તે છે કે જે 'ભય' અને 'રમત' એની માગણી કરે છે. આ સૂત્રોનું રહસ્ય જૈન સમાજને આદિ અનાદિથી સમજાયું છે તે મહાવીરનું જીવન પૂરવાર કરે છે.

જે સમાજની અંદર આવા પ્રકારની ખુમારી છે કે જે ખુમારી અનેક તીર્થંકરો ગણધરો અને ચૌદ પૂર્વધારીઓની ઉત્પત્તિ માટે આભારી હતી તે સમાજમાં સદાય ધર્મની જાહોજલાલી રહેવાની, તે સમાજની અંદર એકે એક વ્યકિત સુખી હોયને 'આનંદ મગ્ન' રહેવાની. આજનો યુવક એ ખુમારી રાખવાનો પ્રયત્ન કરે છે અને એ પ્રયત્નમાં આવતા હજારો વિઘ્નોને દૂર કરીને જરૂર સફળતા પ્રાપ્ત કરશે. આજનો યુવક માને છે કે ધર્મની જાહોજલાલી ત્યારેજ હોઇ શકે કે જ્યારે સમાજ ઉન્નતિના શિખરે હોય છે. જ્યાંસુધી સમાજ ગરીબાઇમાં રીબાતો હોય ત્યાં સુધી એવા સમાજ પાસેથી ધર્મની ઉન્નતિની આશા રાખવી એ પણ ફોગટ છે.

કમનશીબે જૈન સમાજમાં એક એવો વર્ગ ઉત્પન્ન થયો કે જ્યારે જ્યારે સમાજની ઉન્નતિના કંઇપણ પ્રયત્નો આરંભાય ત્યારે ત્યારે એ વર્ગ એમ કહેશે કે આ ઉન્નતિના પ્રયત્નો એ "મિથ્યાત્વની" વાતો છે, ધર્મથી વિરૂધ્ધ છે. અને જે કંઇ પ્રયત્નો થાય છે એ "શાસ્ત્રીય પધ્ધતિ" થી થતા નથી. જે એક જૈન બીજા જૈનના દુઃખી દુઃખ થતો નથી, બીજાની ગરિબાઇ જોઈ પોતાના આત્માસાથે કલેશ કરતો નથી. એ ગરિબાઇને મટાડવાના પ્રયત્નો કે વિચાર કરતો નથી, તો એ અહિંસા ધર્મનો ઉપાસક કહેવડાવવાને કઇ રીતે લાયક છે એ હું સમજી શકતો નથી. સમાજમાં કેળવણી નથી, સમાજ દુઃખી છે, સમાજ ગરીબ અને કંગાળ છે. આજે હરિફાઇના જમાનામાં જો આપણો સમાજ આ રીતે ચાલશે તો વધારે વખત નહિ નભી શકે. "દેશ કાળને અનુસરીને" અમુક સુધારા વધારા કરવા આવશ્યક છે. "સમ-

ચને ઓળખવો" એ સૌથી આવશ્યક છે. આ પ્રમાણે વિચારો દર્શાવનારાઓને જો કહેવાતા "શાસન પ્રેમીઓ" મિથ્યાત્વી કહેતા હોય, અધર્મી કહેતા હોય તો તેમના મિથ્યાત્વ અને અધર્મની વ્યાખ્યા શું છે, એ મને તો સમજાતું નથી.

જૈન સમાજનો ઇતિહાસ પણ બતાવી આપે છે કે જ્યારે જ્યારે સમાજ પૂર્ણ સુખી હતો ત્યારે ત્યારે જૈન ધર્મ પણ પુરી જાહોજલાલી ભોગવતો હતો. જે વખતે વિમળશાહ, જગડુશાહ, ખેમાશાહ, કે ભામાશા જેવા જૈન સમાજની અંદર પાકયા હતા તે વખતે, એ સમાજનું ગૌરવ પણ અનેરૂંજ હતું. જે વખતે હેમચંદ્રાચાર્ય, હિરવિજયસૂરિ કે કાલિકાચાર્ય જેવા દેશકાળને અનુસરનારા અને સમયને ઓળખનારા આચાર્યો હતા એજ વખતે ધર્મની જાહોજલાલી હતી. આજના શાસન પ્રેમીઓની દૃષ્ટિએ તો એ આચાર્યોના વર્તનો પણ શાસ્ત્રીય પધ્ધતિએ નહિજ કહી શકાય પરંતુ હેમચંદ્રાચાર્ય એ મહાન આચાર્ય હતા. એ વિષે આજે કોઇને જરાએ શંકા નથી એને પગલે જો હાલના આચાર્યો પણ કામ કરે તો હાલનો સમાજ પણ કોઇ અનેરી ઉન્નતિ ભોગવતો થાય. એમાં જરાએ શંક નથી. પરંતુ સાધુ વર્ગમાંથી આજે અમુક સાધુઓને સમાજની ઉન્નતિ કરતાં પોતાની કીર્તિ કેમ વધે એની લગની લાગી છે. એજ કીર્તિ મોહ સમાજમાં કંકાસનું કારણ છે. પોતાની કીર્તિની ખાતર પોતાના નામનાં ગુરૂમંદિરો બંધાવવાં છે, મોટા મોટા ઓચ્છવો અને ઉજમણાં કરી લાખોના ધુમાડા કરવા છે કે ચેલા ચેલીઓના લશ્કરો વધારવા છે. અમો ઓચ્છવ કે ઉજમણાંના વિરોધી નથી, ધર્મનું ગૌરવ વધે એમાં અમારો વિરોધ નથી, ધર્મનાં ગીતો ગવાય એના વિરોધી નથી પરંતુ જે વખતે સમાજ ગરિબાઇમાં સબડતો હોય, એ વખતે અમુક વ્યક્તિઓની અંધશ્રધ્ધાને પોષણ આપીને, તેઓની પાસે લાખોનો ધુમાડો કરાવવો એની સામે અમારો વિરોધ છે. સમાજ કેળવણીમાં પાછો પડે છે, દિવસે દિવસે બહુ દુઃખી થતો જાય છે એવા વિચારો એ કીર્તિ—લોભીઓને કદિ આવ્યા છે ખરા!

સમાજને કેળવણી આપો, સુખી કરો, ધનવાનો પેદા કરો. એવી શકિત સમાજમાં પેદા કરો કે જેથી સમાજ પોતાની મેળેજ ધર્મનું ગૌરવ સાચવવા લાખોનો ખર્ચ કરશે. એ વખતે કહેવાની જરૂર પણ નહિ રહે, અને જો એમ થાય તો અમને જરૂર એમ લાગે કે આજ જે કંઈ થાય છે એ ધર્મનું ગૌરવ જ વધારે છે. પરંતુ આજ તો નિચોવાયલા સમાજને વધારે નિચોવવામાં આવે છે. મોટી રૂઢિઓમાં બંધાયલા સમાજને વધારે જકડવામાં આવે છે. અત્યારેજ ગરિબાઇમાં સબડતા સમાજને વધારે ગરિબાઇમાં હડસેલવામાં આવે છે. આંખ ઉઘાડીને જોવાના પ્રયત્નો કરતાં સમાજને તેની આંખો બંધ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. અજ્ઞાનતાના અંધકાર સેવતા સમાજને વધારે અંધકારમાં રખવાની કોશીષો થાય છે. અમારો વિરોધ આ વસ્તુઓ સ્હામે છે. અમારો વિરોધ 'સાધુ' શબ્દ પરતો નથીજ. પરંતુ સાધુ શબ્દને ધારણ કરીને અસાધુતાના કર્તવ્યો કરનારી વ્યક્તિઓ પ્રત્યે છે. અમારો વિરોધ ધર્મ પરત્વે નથી. ધર્મના નામે ચાલી રહેલા દંભો પરત્વે છે.

'જનતા', 'શ્રાવક' અને 'સાધુ' એ ત્રણે શબ્દો ગુણ સૂચક છે, જાતિસૂચક નહિ અને એક બીજાની અપેક્ષા એજ અસ્તિત્વ ધરાવે છે. જનતાની અપેક્ષાએ શ્રાવક છે અને શ્રાવકની અપેક્ષાએ સાધુ છે. બાકી વસ્તુતઃ જનતા શ્રાવક અને સાધુ તમામ 'મનુષ્યો' છે, **અને મનુષ્ય-સમાજથી બહાર છે નહિ, તેમજ પોતાને ગણી શકે નહિ.** તફાવત ગુણ શકિતનો છે. જનતા ગુલામ માનસ ધરાવે છે અને તેથી ગુલામ જીવન ગુજારે છે. સાધુ સ્વતંત્ર માનસ ધરાવે છે અને શાહી જીવન ગુજારે છે. શ્રાવક ગુલામી જીવનમાંથી છૂટી શાહી જીવનની જીત કરવા નીકળેલો પથિક છે. તે હજી 'જૈન' નથી. ભાવી જૈન છે.

'જનતા' એ સામાન્ય ગણ છે કે જેનામાં હજી જીવનના ડંખ પામવા છતાંય ડંખનું ભાન નથી ઉગ્યું, અને છુટકારાની ઇચ્છાય નથી જાગી. 'શ્રાવક' તે છે કે જેનામાં છુટકારાની ઇચ્છા જાગી ચૂકી છે. કોઇએ નાખેલાં કે અનાયાસ આવેલાં બંધનો સ્હામે 'બળવો' જેનામાં જાગી ચુકયો છે અને હવે તે પોતાની પસંદગીથી કોઇની તાબેદારીમાં જાય તેની સહાયથી તે બંધનો તોડવા તલપી રહ્યો છે.

અને સાધુ તે છે કે જે 'બળવા'ખોરને આશ્રય આપવા સદા તત્પર અને ખુશી છે તથા શકિતમાન છે-બળવાખોરને 'પ્રેરિતગતિ'માંથી મૂકત કરી 'ગતિમાં'--પોતાની શકિતમાંથી ઝરતી ક્રિયામાં--મૂકી આપવા સદા તૈયાર અને કુશળ છે. આમ મુકિતની ઉમેદનો બળવો ઉત્પન્ન કરનાર તેનેજ સાચો સાધુ કહી શકાય.

શ્રાવકમાં જ્યારે જ્ઞાન શકિત અને ક્રિયા શકિત પ્રકટે ત્યારે—એ બે પાંખો ફૂટે ત્યારે—તે 'વ્યકિત' અથવા 'જૈન' કહેવાય. 'જન' પર બે પાંખો--બે માત્રાઓ--બે તાકાદો—કર્મયોગ અને જ્ઞાનયોગની બે ભાવનાઓ—ફૂટતાં તે જૈન આપોઆપ બને છે. આવો જૈન સારાયે જગત પ્રત્યે ભકિતયોગની ભાવનાથી જુએ છે. ધર્મ સંસ્થા તે છે કે જે સારાયે જગતને—આવું જૈન—જગત બનાવવા પ્રયત્ન કરે છે. આમ ઉત્તમ ભાવના પ્રગટ થવી એજ ખરો બળવો —ખરો 'જૈન' તે છે કે જેનામાં એ બળવો કયારનોય જાગી ચૂકયો છે. જેનું જીવન સ્વતંત્ર છે અને આદર્શ સમાન છે એજ ખરો જૈન.

—વીરચંદ મેળાપચંદ
બી. એ. બાર-એટ-લો.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरई ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

—: તરૂણ જૈન. :—

મંગળવાર તા. ૧-૫-૩૪

સમાજની અધુનિક સમસ્યા

સારિયે આલમમાં આજે યુવાનીનો વસંતકાળ પ્રસરી રહ્યો છે, નવચેતન, આનંદ, તનમનાટ અને ઉલ્લાસના આંદોલનોની હારબ્ધ દિગન્તમાં પ્રસરી રહી છે, સ્થળે સ્થળે નવસર્જનનાં સોનેરી સ્વપ્નાઓ સેવાઇ રહ્યાં છે, સામાજિક ક્રાંતિના રણજંગ મંડાઇ ચૂકયા છે, પુરાણવાદના પ્રચંડ અને મજબૂત પાયાઓ ડગમગી રહ્યા છે, જુનવાણી સ્વરૂપોની દિવાલો જમીનદોસ્ત થઇ રહી છે, અંધશ્રધ્ધા, વ્હેમ અને પાખંડના પોપડા ઉખડી રહ્યાં છે, એજ બતાવી આપે છે કે સર્જનયુગનાં મંડાણ થઇ રહ્યાં છે.

જૈન સમાજમાં પણ કર્તવ્યનાદ સુણાઇ રહ્યા છે, જગતના આંદોલનનાં પડઘા તેના યુવાન માનસ ઉપર પડી રહ્યા છે, અને નૂતન પ્રેરણા મેળવી ગગનગામિની કલ્પના સૃષ્ટિમાં ઉડ્યન થઇ રહ્યું છે, અને ચોમેર અશાંતિ, કલહ, વિખવાદ અને વિચાર ભિન્નતાના પરિણામે ભયંકર ભેદ ભાવ ખડો થઇ રહ્યો છે. વર્ષાઋતુમાં જેમ વરસાદ પહેલાં ભયંકર ગડગડાટ અને વિદ્યુતનાં ચમકારા પછી વરસાદ વરસી ચોમેર શાન્તિ પ્રસરાવે છે, તેમ આજની અશાન્તિ, કલહ અને વિખવાદ પછી-આવતી કાલે જરૂર તેમાંથી નવસર્જન થઇ શાન્તિના પૂર રેલાવશે. સમાજમાં કોઇ અજબ ચેતન આણશે.

સમાજની આજની સમસ્યા કાંઇ સહેલ નથી, તેનો ઉકેલ કરવા કોન્ફરન્સો, પરિષદો, સંમેલનો વગેરે મળે છે, છતાં તેમાં સફળતા મળતી નથી અને એથી ઘણી વખત તેની પાછળ દોડનારા નિરાશ બને છે, પણ એ બાબત ઠીક નથી, યુવાનોને નિરાશ થવાની કાંઇ આવશ્યકતા નથી, રચનાત્મક કાર્યક્રમના અભાવે જે કાંઇ ઠરાવો કરવામાં આવ્યા હોય તેનો અમલ થઇ શકતો નથી, પણ જ્યારે રચનાત્મક કાર્યક્રમ અમલમાં આવશે ત્યારે જરૂર એ ઠરાવો વ્યાપક બન્યા હશે, તેની પાછળ ચેતન હશે, પણ એ બાબત માટે ખૂબ તપશ્ચર્યાની જરૂર છે. જ્યાં સુધી આત્મભોગના પાયા ઉપર સેવાભાવનું ચણતર ન થાય ત્યાં સુધી એ બાબત અશકય છે. પણ આજે જે અશકય હોય છે તે આવતી કાલે શકય બનશે, ત્યાં સુધીમાં ખૂબ વિચાર આંદોલનો ખડાં કરવાની જરૂર છે. ધરતીકંપના આંચકાની જેમ આપણે વિચારોના આંચકા લગાવતાં શીખવું જોઇએ, કોઇ જવાબદેરો અને બોજો અમુક વખત બહાર રહી વિચાર આંદોલનો પ્રગટાવી જાય છે અને અલોપ થાય છે. પણ તેમણે વહાવેલાં આંદોલનો માનવીને વિચાર સાગરમાં તરતો મૂકી દે છે, વિચારોમાં જ્યારે ક્રાન્તિ આવશે ત્યારે આચારોમાં આપોઆપ ક્રાન્તિ આવી જશે., તેને શોધવા નહિં જવું પડે, અત્યારની કોન્ફરન્સો અને પરિષદોમાં જરૂર ચેતન રેલાય છે, જ્યાં તેના અધિવેશનો ભરાય છે, ત્યાં તો ખૂબ ચીનગારીઓ ફેલાય છે, આસપાસનું વાતાવરણ ચેતનવંતુ બને છે, અને જે સમાજની જોડે તેને નિસ્બત હોય છે, તે આખાયે સમાજમાં કોઇ નવીન જાતનો કર્તવ્ય નાદ સુણાઈ રહે છે, ભલે એ નાદ વરસાદના પાણીની માફક વીલીન થઈ જાય, પણ વરસાદ જેમ ઉકળાટને શાંત કરી જાય છે, તેમ એ નાદ આપણને કર્મયોગી બનવાનો પડકાર જરૂર કરી જાય છે; એ નિર્મળ સત્ય છે એટલેજ અમે અગામી યુવક પરિષદ અને કોન્ફરન્સના ચૌદમાં અધિવેશનનું સ્વાગત કરીએ છીએ, તેને સત્કારીએ છીએ.

આ કોન્ફરન્સ અને પરિષદમાં સમાજની વર્તમાન પરિસ્થિતિ ખૂબ ચર્ચાશે અને તેને ઉકેલવાનો પ્રયત્ન થશે, તેમાં અમે પણ અમારો સાથ પૂરાવીએ છીએ, અને નીચેના મુદ્દાઓ તરફ લક્ષ્ય ખેંચવાનું આવશ્યક સમજીએ છીએ.

સંખ્યાબંધ મંદિરો અને દેવ દ્રવ્ય :—જૈન સમાજના વર્તમાન વસ્તિપત્રને હિસાબે લગભગ બાર લાખ સભ્યો છે, તેમાંથી દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથી સંપ્રદાયને બાદ કરવામાં આવે તો લગભગ મૂર્તિપૂજક સાડત્રણ લાખ સભ્યો રહે છે. આ સાડાત્રણ લાખ સભ્યો માટે આર્યાવર્ત્તમાં નાના મોટાં લગભગ ચાલીસ હજાર મંદિરો છે, કરોડો ઉપરાંત મૂર્તિઓ છે, પ્રત્યેક મૂર્તિપૂજક રોજ લગભગ ત્રીશ મૂર્તિઓની પૂજા કરે તોજ એ મૂર્તિઓ પૂજ્ય બની રહે, નહિ તો અપૂજ્યજ રહે આ મંદિરો અને મૂર્તિઓ પાછળ દર વર્ષે ૨૦ થી ૨૫ લાખ રૂપીઆ ખર્ચ કરવામાં આવે છે, જ્યારે બીજી બાજુ સમાજ ભયંકર ભૂખમરાની ભઠ્ઠીમાં જળી રહ્યો છે, ગઈ કાલે જે સમાજના હાથમાં આર્યાવર્ત્તના વેપાર વાણિજ્યનો ૧/૩ ભાગ હતો તેની પાસે આજે વેપાર વાણિજ્ય જેવી કોઇ ચીજ નથી, જેના હાથમાં ભારતની ત્રીજા ભાગની સંપત્તિ ફરતી તે આજે વસ્ત્ર વગરનો કંગાલ બન્યો છે, વિધવાઓ આજીવિકાના સાધનના અભાવે પોતાની જાતને વેચવાને પણ તૈયાર થાય છે, કેટલાક જૈન કુટુંબો પોતાના પેટને ખાતર પોતાના બચ્ચાંઓ વેચવાને પણ પાછી પાની કરતાં નથી, આવી પરિસ્થિતિ છે ત્યાં લાખો રૂપીઆ પાણીના માફક મંદિરો પાછળ ખર્ચાયાજ કરે છે, દેવ દ્રવ્યને નામે સમાજની કરોડો રૂપીયાની નીક એ બાજુજ વહી રહી છે, કે જે દ્રવ્યનો ઉપયોગ કશોજ નથી. દેવ દ્રવ્ય એ શબ્દજ ખોટો છે. દેવ એટલે વિતરાગ પ્રભુ, રાગદ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ વિગેરેથી મૂકત પૂર્ણાત્મા, તેનું દ્રવ્ય સંભવીજ કેમ શકે ? દેવદ્રવ્ય ચૈત્યવાસીઓએ ધૂસાડેલ છે. તેમની આવકના સાધન માટે, તેમની વ્યાપારિક બુધ્ધિથી ઉપરોકત શબ્દ અસ્તિત્વમાં આવ્યો છે. તેની પાછળ એટલો બધો વ્હેમ ઉભો કર્યો કે દેવદ્રવ્ય બીજા

કશામાં વપરાયજ નહિ. આ બ્હેમે સમાજ ઉપર પ્રભુત્વ પ્રસાર્યું અને કરોડો રૂપીઆ જૈન સમાજના હોવા છતાં જૈનેતરો તહેનો ઉપયોગ કરી રહ્યા છે. આ વસ્તુસ્થિતિ અસહ્ય છે. શા માટે જૈન કુટુંબો માટે તહેનો ઉપયોગ લોન ધીરવામાં ન કરવામાં આવે, તહે સમજમાં આવતું નથી. તે સિવાય નવા મંદિરો બાંધવાનું તો લગભગ બંધજ થવું જોઇએ. નવા મંદિરો પાછળ પુન્ય ઉપાર્જન કરવાનું પ્રલોભન મૂકાયું છે. આ જાતનું આપણું માનસ પલ્ટો માંગે છે, હવે પુન્ય ઉપાર્જનનાં નવા રાહ આંકવા ઘટે છે, કારણ કે દેશ કાળમાં ખૂબ પરિવર્તન થયું છે.

લગ્ન પ્રણાલિકા:—માનવ જીવનમાં સ્ત્રીને પુરૂષનો સહકાર અનિવાર્ય છે અને પુરૂષને સ્ત્રીનો સહકાર જરૂરી છે. એક બીજાનું જીવન નાવ સહકારથીજ ચાલી શકે છે એટલેજ આર્યાવર્તની સંસ્કૃતિમાં લગ્નને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું અને જીવનના દરેક પ્રસંગોમાં તહેને સર્વોત્તમ પ્રસંગ ગણવામાં આવ્યો છે. દાંપત્ય જીવનનાં મીઠા મધુરા લ્હાવા માણવા એ સંસારનુ શ્રેષ્ઠ સુખ ગણવામાં આવ્યું છે. તહેની પાછળ એક અતિ પવિત્ર નેમ રાખવામાં આવી છે અને તે માનવજીવનનો વિકાસ, પણ આજના લગ્નો તરફ અવલોકન કરવામાં આવે તો અચૂક જણાશે કે વિકાસને બદલે નિકાસ થઇ રહ્યા છે, પ્રગતિ રૂંધાઇ ગઇ છે. વડિલોની જોહુકમીએ, જ્ઞાતિ પટેલની સત્તાંધતાએ, તહેમજ શ્રીમંતશાહીના ઝગમગાટથી અંજાઇ કેટલીએ નિર્દોષ કુંવારિકાઓના જીવનને ધૂંદી નાખવામાં આવેલ છે, તહેના કુંમળા હૃદયને તોડી પાડવામાં આવ્યું છે, તહેના આદર્શને ખૂંચવી લેવામાં આવ્યો છે, કંઇક કોડભરી યુવતીઓને ઘરની ચાર દિવાલ વચ્ચે જીવતી દાટી દેવામાં આવી છે, કેટલાએ આશા ભર્યા થનથનાટીયા યુવાનોના જીવનને ધૂળમાં રગદોળી દેવામાં આવ્યાં છે, કેટલાયે યુવાનોને નિરસ અને નિષ્પ્રાણ બનાવી મૂકયા છે અને અકાળે જગત ઉપરથી તહેનું અસ્તિત્વ મિટાવું દીધું છે. આ પ્રણાલિકામાં ફેરફાર કરવો જરૂરી છે. પ્રથમ તો જે યુવક અને યુવતી એક બીજાનો સહચાર વાંછતા હોય તહેમણે આપસમાં એક બીજાને સમજી લેવાની જરૂર છે. દાખલા તરીકે કોઇ આદર્શઘેલો યુવક કુમુદસુંદરીની પત્ની તરીકે કલ્પના કરતો હોય અને તહેને સ્થાને બીન કેળવાયલી, અણઘડ કોઈ વળગાડી દેવામાં આવે તો તહેનું જીવન ખારૂં બની જાય છે; એજ રીતે કોઇ કોડભરી કેળવાયેલ યુવતી સરસ્વતીચંદ્ર જેવા પતિઓની કલ્પના સૃષ્ટિમાં ઉડ્ડયન કરતી હોય અને તહેણીને કોઇ અભણ અને ચેતન વગરના યુવક જોડે સાંધી લેવામાં આવે તો કઈ પરિસ્થિતિ ઉત્પન્ન થશે ? બીજું એક બીજાના સ્વભાવથી પરિચિત થવું જોઇએ. જ્હેની જોડે પોતાના જીવનની નૌકા જોડવાની છે, જ્હેની પરમ મૈત્રીમાં જીવન વિતાડવાનું છે, તહેને ઓળખ્યા વગર કઇ રીતે ડગલું ભરી શકાય ? આજે વડિલોના વિશ્વાસ ઉપર હજારો યુવાનો લગ્ન જીવનના મધુરા લ્હાવાથી હાથ ધોઇ બેઠા છે, એ વધારે પડતા વિશ્વાસનું પરિણામ છે, શા માટે એ વિશ્વાસ વડિલો ઉપર મૂકવો જોઇએ ? એથીએ વધારે ભયંકર તો જ્ઞાતિસંસ્થા તહેમજ તહેને નિભાવતી શ્રીમંત પટેલશાહી છે, તહેનો પણ નાશ શા માટે ન કરવો જોઇએ કે જેથી યુવાનનો માર્ગ નિષ્કંટક બને અને દાંપત્ય જીવનનું સાંચુ સુખ માણી શકે. એટલે યુવાન કે યુવતી જાતે પોતાના સહચારી કે સહચરી શોધી લે એ વધારે જરૂરી છે.

વિધવાઓનો વિકટ પ્રશ્ન:—આપણી કુલ વસ્તિનો લગભગ ચોથો ભાગ વિધવાઓનો છે તહેમાંયે ૧૦ વરસની ઉંમરથી માંડીને પંદર વરસની ઉમ્મર સુધીની લગભગ હજારથ બારસો વિધવા છે, પંદરથી પચીસ વરસની ઉમ્મરની વિધવાની સંખ્યા લગભગ ચારથી પાંચ હજાર છે. અને ૨૫થી ૩૫ ની અંદર લગભગ દશ હજાર વિધવાઓ છે અને ૩૫ વરસની ઉમ્મર ઉપરની વિધવા લાખ ઉપરની સંખ્યામાં છે, આ વિધવાઓના મોટા ભાગનું જીવન અતિ કરૂણ છે. સમાજના રૂઢિ બંધને તહેના ઉપર ઘોર અત્યાચાર ગુજર્યો છે, તહેના હકકો છીનવી લીધા છે, તહેની સ્વાધિનતાને અવરોધી છે, તહેની માનવતાને અવગણી છે એટલું જ નહિ પણ તહેને જીવતી દફનાવવા સુધીની ધૃષ્ટતા સેવી છે, આ બાબત આજના યુવાનને મંજુર નથી, શા માટે તહેના ઉપર અત્યાચાર ગુજારવામાં આવે છે ? શું તે નિર્બળ છે માટે ? શા માટે તહેના હકકો છીનવી લેવામાં આવ્યા છે ? સમાજનો તહેણે કંઇ ગુન્હો કર્યો છે ? શા માટે તહેની માનવતાને અવગણવામાં આવે છે, શું તહેનામાં હૃદય નથી ! શા માટે તહેણીને જીવતી દફનાવવામાં આવી છે, શું તહેનામાં પ્રાણ નથી ! પુરૂષ સમાજે જે કોઇ ઘોરમાં ઘોર પાપ કર્યું હોય તો આ વિધવાઓ ઉપરના અત્યાચારનું છે. સ્ત્રીનો ધણી મરી જાય પછી તહેનાથી સારા લુગડાં ન પહેરાય, ફરાય હરાય નહિ, સહામી મળે તો અપશુકનીયાળ કહેવાય, લગ્નાદિ પ્રસંગોમાં લાભ લઈ ન શકે, બહાર જઇ શકે નહિ, કોઇપણ પુરૂષ જોડે વાત ન કરી શકે, તે શણગાર ન સજી શકે, તે સારૂં ખાઇ ન શકે અને તેવા બીજા કંઇક નિયમો વિધવાઓ માટે પુરૂષ સમાજે ઘડયા છે અને તે પણ પોતાની કાયમની ગુલામીના સ્વીકાર માટે. પુરૂષ મરી જાય છતાં તહેની યાદગીરી માટે તહેણે ફરજીયાત ઉપરોકત નિયમ પાળવાજ પડે, જ્યારે સ્ત્રી મરી જાય તો પુરૂષ સ્મશાનમાં ચાંલ્લા કરે છે, મોજ માણે છે અને ફરીવાર કોઇપણ યુવતિની જોડે લગ્ન ગ્રંથીથી જોડાઇ પોતાનું ગાડું ગબડાવે છે. આ તે કઈ જાતની મનોદશા ! જે પુરૂષ તહેને ફરજીયાત વૈધવ્ય પળાવવાની મનોદશા સેવે છે, તહેજ પુરૂષ તહેની પાછળ હવસની ગુલામીમાં અંધ બની તહેની અસહાય દશાનો લાભ લઇ અનેક પ્રકારના કાવાદાવા, છળ, પ્રપંચ અને મુત્સદ્દીગીરીના દાવો નાંખી તહેના શરીરને ચૂંથવા સુધીના મનોરથો સેવે છે, તહેની જાળમાં તહેણીને ફસાવે છે. અનેક પ્રકારના કુકર્મો તથા ગર્ભપાત સુધીની સ્થિતિએ તહેને મૂકી દે છે. છતાં પણ જ્યારે લોકાપવાદની શિરપર ઝુઝતી તલ્વાર દૂર થતી નથી ત્યારે આપઘાત સુધ્ધાં પણ કરવા માટે ઉશ્કેરી મૂકે છે. આટ આટલાં પાપ કરવા છતાં પણ એ પુરૂષ સમાજમાં પૂજ્ય બની રહે છે, વ્યવહારૂ કહી શકાય છે, ઇજ્જતદાર ગણાય છે અને લોકાપવાદ તહેને સ્પર્શી શકતો નથી, તહેનો અર્થ શું ? શું ત્યારે સમાજનું નૈતિક બંધન એટલે લોકાપવાદથી દૂર રહી

ગમે તેવું સ્વચ્છંદી આચરણ કરવું એ છે? આજનો યુવાન આવાં પોલાં અને ગીરીમીટીયાં નૈતિક બંધનો નિભાવવાની સાફ સાફ ના સૂણાવે છે. અને ફરજીયાત વૈધવ્ય પાળતી બહેનો માટે તેનું સંયમી જીવન કેળવાય, તેમજ પ્રમાણિકપણે આજીવિકા મળતી રહે તેવા પ્રકારનાં સાધનો પૂરા પાડવાની જરૂર છે. તેની માનવતાનો સ્વીકાર કરવાની આવશ્યકતા છે. આપણે જેમ મનુષ્ય છીએ તેમ એ પણ મનુષ્યજ છે, આપણે જેટલા અધિકાર ભોગવીએ છીએ તેટલા તેને પણ અધિકાર આપવા જોઇએ.

સ્ત્રી કેળવણી:—જ્યારે સમસ્ત વિશ્વમાં સ્ત્રીઓ આગળ પડતો ભાગ લઈ રહી છે, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પુરૂષોને સાથ આપી રહી છે, પુરૂષ જેટલી ઉંચામાં ઉંચી કેળવણી મેળવી શકે તેટલી સ્ત્રીઓને કેળવણી અપાઈ રહી છે, ત્યારે આર્યાવર્ત્તમાં અને તેમાંયે જૈન સમાજમાં સ્ત્રી કેળવણી પ્રત્યે બહુજ દુર્લક્ષ્ય આપવામાં આવ્યું છે. આજે જૈન સ્ત્રી બહુ બહુ તો સામાન્ય ત્રણ ચાર ચોપડીનું ગુજરાતી અને ધાર્મિક પ્રતિક્રમણ, નવ તત્વ, દંડક અને કર્મગ્રંથ સુધીનું જ્ઞાન મેળવે છે અને ઉદ્યોગમાં રસોઇ શિવાય કંઇજ નહિ. આ બાબત ઠીક નથી, આટલા સામાન્ય જ્ઞાનથી વીશમી સદીના વાતાવરણથી એ તદ્દન પર રહે છે, અથવા તો પરિસ્થિતિથી અજ્ઞાત રાખવામાં આવે છે, સમાજ માટે આ વસ્તુ બહુજ વિઘાતક છે, કારણ કે આવતી કાલના નાગરિકાની એ શિક્ષિકા છે, પારણામાંથીજ જે બાળકને શૌર્યરસ, વીરરસના પાન કરાવવાં જોઇએ ત્યારે તેને 'ચૂપ રહે' બાવો આવ્યો, આવી રીતે ડરાવવામાં આવે છે. રે! પારણામાંથીજ નિર્માલ્ય બનાવી દેવામાં આવે છે, અને મ્હોટો થતાં એ સંસ્કારો કાયમ રહે છે, એ ભીરૂ બની જાય છે, અને સમાજ દિનપ્રતિદિન નિર્માલ્ય બનતો જાય છે. બીજી બાબત ધર્માંધતા, વ્હેમ અને પ્રણાલિકા પૂજન કેળવણીના અભાવે કાયમ રહ્યા કરે છે. પુરૂષ ગમે તેટલો કેળવાયેલ હોય, નવયુગના વિચારોમાં માનતો હોય, વ્હેમ, ધર્માંધતા અને પ્રણાલિકાને પૂજનને તિરસ્કારતો હોય છતાં ઘરના મહારાણી તેને પોપતાં હોય એટલે દિનપ્રતિદિન અસમાનતા વધતી જાય છે, જીવનનું ચેતન હણાતું જાય છે. સ્ત્રી એટલે પ્રજનનો સંચો, પુરૂષ સમાજને હવસ તૃપ્ત કરવાનું સાધન અને વગર પૈસાની ગુલામડી તરીકે જ તેનું સ્થાન રહે છે. સમાજના આજના ધાર્મિક વિખવાદોથી કેટલાયે સ્ત્રી પુરૂષોમાં કલહના છાંટણા છંટાયાં હશે, એ બધીન કેળવણીનો પ્રતાપ છે. ત્રીજી બાબત ઉદ્યોગના અભાવે કેટલીયે વખત સંયોગો તેને નીતિ ભ્રષ્ટ જીવનમાં મૂકી દે છે. જો તેને કંઇક ગૃહ ઉદ્યોગનું શિક્ષણ અપાયું હોય તો કદિ પણ તે સંયોગોને આધિન થઇ નીતિ ભ્રષ્ટ જીવન સ્વીકારશે નહિ.

આમ દરેક રીતે સ્ત્રી કેળવણી વગર સમાજની પ્રગતિ તદ્દન અશક્ય છે. સમાજ જો સાચે સાચી પ્રગતિ ઇચ્છતો હોય, ઉન્નતિ તરફ આગળ ધપવાની તમન્ના હોય તો સ્ત્રી કેળવણીને પ્રધાન સ્થાન આપવું જ પડશે.

સંઘસત્તા:—વિચાર સ્વાતંત્ર્યમાં ભલે આપણે માનતા હોઇએ, પણ વ્યવસ્થાનો ભંગ આપણાથી નજ થઈ શકે, આપણું આચરણ એવું તો નજ હોવું જોઇએ કે જેથી બીજાને નુકશાન થાય. જે વ્યવસ્થાને આપણે સહર્ષ સ્વીકારી, એક બીજાના સહકારથી નભતા સમાજ જીવનને આપણે વધાવ્યું જેના નૈતિક બંધનને શિર ઉપર ચઢાવ્યું અને ત્યારબાદ આપણને એ ખૂંચતું હોય, તો તેમાં બંધારણીય રીતે પરિવર્તન કરવાના માર્ગો લેવાવા જોઇએ, નહિ કે તેમાંથી અલગ પડીને; કોન્ફરન્સ, પરિષદ કે સંમેલનમાં આપણે વિચાર ભેદ પુષ્કળ જોઈ શકીશું પણ તેથી કંઇ કોન્ફરન્સને કે પરિષદને જરાયે આંચ આવતી નથી. તેવીજ રીતે સંઘસત્તા આપણા માર્ગ વચ્ચે આવતી હોય તો તેને અવગણીને નહિ પણ સમજાવટથી બંધારણીય રીતે તેમાં પરિવર્તન આણીનેજ આપણો માર્ગ સાફ કરવો ઘટે. પ્રભુ મહાવીરે જે રીતનું સંઘ બંધારણ ઘડ્યું છે, તેનું અસલ સ્વરૂપ બહુજ સરસ છે, તેઓશ્રી સંઘસત્તાના બહુમાન માટે સમવસરણમાં દેશના દેતાં પહેલાં નમો તિથ્થસ્સ કહીને સંઘને નમસ્કાર કરે છે. ગઇ કાલ સુધી એ બંધારણનો બરાબર અમલ થતો રહ્યો છે, જ્યારે એ બંધારણને અવગણવામાં આવ્યું ત્યારથીજ સમાજનું અસ્તિત્વ ભયમાં મૂકાયું છે, તેમાં ભાગલા પડ્યા છે, તેની શક્તી વિભક્ત બની ગઇ છે, તેનું રક્ત ચૂસાઈ ગયું છે, તેનો આત્મા જડ બની ગયો છે; તેને પુનર્જીવન આપવાની જરૂર છે, સંઘસત્તા પુનઃ સ્થાપિત કરવાની આવશ્યકતા છે. તે સિવાય કોઇ પણ પ્રશ્નનો સર્વમાન્ય ઉકેલ નહિ થઇ શકે, અથવા તો કોઇ પણ ઠરાવનું અમલી કાર્ય અશક્ય બનશે. સંઘસત્તાથીજ ઠરાવો અમલમાં આવી શકે, સર્વાંગિક વિકાસ સાધી શકાય.

શારીરિક વિકાસ:—આપણી પ્રગતીના કારણોમાં શારિરીક વિકાસ પણ એક અગત્યનું કારણ છે.આજના જાપાને ઉન્નતિ સાધી હોય તો તેના લોખંડી શરીરોનાજ પ્રતાપ છે. માયકાંગલા અને નિર્માલ્ય શરીરોથી કદિ પ્રગતિ સધાતી નથી. એટલેજ પ્રગતિશીલ દેશોમાં ત્યાંની સરકારો શારીરિક વિકાસ તરફ ખૂબજ ધ્યાન આપે છે, ત્યારે એ દૃષ્ટિએ આપણે વિચારીશું તો આપણે ખૂબ પછાત છીએ. જગતના સમાજોમાં વધારેમાં વધારે મરણ પ્રમાણ આપણા સમાજનુંજ આવે છે, તેનું કારણ શરીર સ્વાસ્થ્યથી આપણે બિલકુલ અજ્ઞાત છીએ. શારીરિક વિકાસમાં આપણે બેદરકાર છીએ. એ સ્થિતિ જરાયે ચલાવી શકાય નહિ. આજે દિનપ્રતિદિન શારીરિક વિજ્ઞાન આગળ વધતું જાય છે. શરીરોની સુક્ષ્મમાં સુક્ષ્મ થતી ક્રિયાઓ સંબંધી જ્યારે શોધખોળો થઈ રહી છે, ત્યારે આપણે તેનાથી બેદરકાર રહેવું પાલવી શકે તેમ નથી. આપણે પણ લોખંડી શરીરો ઉત્પન્ન કરવા માટે પ્રયત્નશીલ થવું જોઇએ. શરીર સ્વાસ્થ્યનું સામાન્ય જ્ઞાન આપવા માટે પેમ્ફલેટો, નાનાં ટ્રેકટો અને તેને લગતા સાહિત્યને પ્રગટ કરવાની જરૂર છે. સ્થળે સ્થળે વ્યાયામશાળાઓ ખોલી તેમાં સમાજને રસ ઉત્પન્ન કરવાની આવશ્યકતા છે અને તેમ કરી આજના માંયકાંગલા, નિર્માલ્ય અને પોતાનું રક્ષણ કરવાને પણ અશક્ત એવાં નિસ્તેજ શરીરોમાં શક્તિ, વિકાસરૂપ દીવેલ પૂરવાની જરૂર છે. શારીરિક શક્તિમાં જ્યારે આપણે વિકાસ સાધીશું ત્યારે માનસિક શક્તિ આપો આપ કેળવાતી જશે. આપણી શક્તિમાં જ્યારે આપણને વિશ્વાસ

આવશે ત્યારે આપણે નિર્ભય બની શકીશું. જગતમાં એવી કોઇ શક્તિ નહિ હોય કે જે આપણને ડારી શકે,

આર્થિક પરિસ્થિતિ:—સમાજની આર્થિક પરિસ્થિતિ પણ બહુજ ખરાબ છે, વેપાર ધંધા પડી ભાંગ્યા છે, ઔદ્યોગિક સાહસનો અભાવ છે, જગતની વિશ્વવ્યાપી મંદીએ અનેક માનવીઓને બેકાર અને બેહાલ બનાવી દીધા છે. મોટા મોટા માલેતુજાર દેશોમાં પણ એ બાબતે ખૂબ વ્યાપક સ્વરૂપ પકડયું છે; તેની સામે ખૂબ ઉપાયો લેવામાં આવે છે, તે સ્થિતિમાં પલટો આણવા ચબરાક ભેજાઓ પ્રયત્ન કરી રહ્યાં છે. પણ હજુ જોઇએ તેવી પ્રગતિ થઇ નથી. આપણા ઉપર પણ તેની ખૂબ અસર થઇ છે અને બેકાર દશા પોતાનો લોખંડી પંજો સમાજ ઉપર લંબાવ્યેજ જાય છે. આ સ્થિતિમાંથી ઉગરવા માટે આપણે ઔદ્યોગિક બનવું પડશે, હુન્નર ઉદ્યોગનું શિક્ષણ મેળવવું પડશે, ઉચ્ચ કેળવણીની વ્યવહારિક કેળવણી સાથે સ્વતંત્ર રીતે આજીવિકા ચાલી શકે તે માટે ઔદ્યોગિક વિકાસ પણ સાધવોજ પડશે. આજ તો ધંધો, સટ્ટો અને શરતના મેદાન બન્યા છે કે જ્યાંથી હજારો માનવીઓ પાયમાલ બન્યા છે, અસંતોષથી જીવન વેડફી નાખ્યું છે અને વગર પસીને નસીબ અજમાવવાની ધૂનમાં જીવનથી હાથ ધોઇ નાંખવા પડયા છે. પુરૂષાર્થ વગર નશીબ કદિ પણ સાથ આપતું નથી. સટ્ટો એ પુરૂષાર્થ નથી પણ જુગાર છે, બીજાનું ખીસ્સું કાતરવાની આપણી નેમ તેમાં રહેલી છે. જ્યાં સુધી એ જાતની અપ્રમાણિકતા આપણે સેવીશું ત્યાં સુધી આર્થિક પ્રગતિ સધાવી અશક્ય છે. આપણે જો આર્થિક પરિસ્થિતિની સુધારણા માગતાં હોઇએ, આપણે જો પ્રમાણિકતાથી જીવન વ્યતીત કરવાની ભાવના સેવતા હોઇએ તો આપણે સટ્ટા અને શરતના મેદાનો છોડી સાચા પુરૂષાર્થી બનવું પડશે. નસીબ ઉપર આધાર નહિં રાખતાં પસીનો ઉતારતાં શીખવું પડશે. માનવ પોતેજ પોતાનો ભાગ્ય વિધાતા છે, એ જે જાતનું જીવન ઘડવા માગશે તે જાતનુ જીવન એ ઘડી શકશે, તેમાં કોઇનીયે રૂકાવટ કે શિરજોરી નહિ ચાલી શકે. કોઇ પ્રમાણિક પ્રયત્નમાં કદાચ સફળતા ન. મળે તો આપણે સમજવું જોઇએ કે આપણો એ પ્રયત્ન બરોબર નથી. પણ તેથી નશીબ ઉપર દોષનો ટોપલો ઓઢાડવો એ ઉચિત નથી. આર્થિક વિકાસ આપણો પુરૂષાર્થજ સાધી શકશે જેટલે અંશે આપણે ઉદ્યોગી બનતાં જઇશું તેટલે અંશે આપણો આર્થિક વિકાસ થતો જશે.

દાનની પ્રથા:—આપણે ત્યાં ચાર પ્રકારના ધર્મના સાધનો છે. તેમાં દાનને અગત્યનું સ્થાન અપાયું છે, અને તે દેવદ્રવ્યની ભરતીમાં, સંઘ જમણમાં, સંઘો કાઢવામાં, ઉપધાન ઉજમણાં કરવામાં મૂર્ત્તિઓ પધરાવવામાં, ધાર્મિક પુસ્તકો છપાવવામાં, સાધુઓની ઇચ્છાઓ તૃપ્ત કરવામાં થાય છે. આ બાબતો પાછળ ધર્મની કલ્પના કરવામાં આવી હતી. ગઇ કાલ સુધી એ દાન ભલે આવશ્યક હોય પણ આજના યુગને અનુકૂળ એ દાન નથી. આજના મહત્વાકાંક્ષી અને આદર્શઘેલા યુવકોને એ દાન મંજુર નથી. તેને સમાજનો આર્થિક વિકાસ સાધવા હુન્નર-ઉદ્યોગશાળાઓ, કેળવણી સંસ્થાઓ, વ્યાયામશાળાઓ, વિધવાશ્રમો, રક્તપિત્તયાશ્રમો અને માનવ સમાજની તમામ પ્રકારની અસમાનતાઓ ટાળવા માટે જે જે સાધનો ઉપયોગી, જણાય એ તમામ સાધનો પાછળ જે દાન અપાય તેની પાછળજ પુન્યોપાર્જનની કલ્પના સર્જાવી ઘટે છે. આજના યુગની એ સમજ્યા છે.

અને હવે

ડાહ્યાલાલ એન્ડ કું૦

પ્રીન્સેસ સ્ટ્રીટ, દવાવાળા બીલ્ડીંગમાં પોતાની નવી દુકાન ખુલ્લી મુકાયાની જાહેરાત કરે છે.

હોસ્પીટલો મ્યુનીસીપાલીટીઓ, વેપારીઓ, ડાકટરો વગેરેને બધી જાતની દવાઓ ઓજારો વગેરે યોગ્ય કિંમતે, અને ખાત્રીલાયકરીતે પૂરાં પાડી, ડાહ્યાલાલનું મથક તમને સંતોષ આપશે.

મુંબઇની જૈન પરિષદોમાં ભાગ લેવા આવનાર ગૃહસ્થોને ડાહ્યાલાલની દુકાનની મુલાકાત લેવા વિનંતિ છે.

DAHYALAL & COMPANY.

WHOLESALE & RETAIL CHEMISTS & DRUGGISTS,

phone: 26449
grams: "DAHYALCO."

Post Box No. 2027

PRINCESS STREET, BOMBAY.

જૈન માલેકો
જૈન મુડી
જૈન વ્યવસ્થા

છીંડુ પાડો.

ખાતમુહૂર્ત જેવો કોઈ મંગળ પ્રસંગ હોય ત્યારે કેટલીક ધાર્મિક વિધિઓ કરવા માટે એવા વર–વધુને પસંદ કરવામાં આવે છે કે જેના બન્ને પક્ષે માતા પિતા હૈયાત હોય, બન્ને નિરોગી હોય, પુત્રવાન હોય અને ઐશ્વર્યવાન હોય!

સંઘ–ચતુર્વિધ સંઘની કલ્પના પણ આવીજ છે. એ માત્ર કલ્પના નથી પણ સમાજ દરેક રીતે કુશળ હોય ત્યારે સંઘ, સંઘના સુડોળ સ્વરૂપમાં હોય.

અત્યારની સ્થિતિમાં પરિષદો ભરીએ કે સંમેલનો યોજીએ, કન્વેન્શનો કરીએ કે કોન્ફરન્સો બોલાવીએ, એ બધું ટોળા સ્વરૂપેજ કહી શકાય.

પણ આપણી ભાવના આ ટોળાને ટોળું કહેવડાવવા કે રાખવા નથી ઇચ્છતી, આપણે વ્યવસ્થિત સ્વરૂપે સંઘની સ્થિતિ જોવા–કરવા માગીએ છીએ અને તેથીજ આપણે બહુ વિધ વિચારો કરીને વાતો કરવાની છે અને એ વાતો વ્યવહારૂ સ્વરૂપે ગમે તે ભોગે અમલમાં મૂકવાની જરૂર છે.

આવી સ્થિતિમાં કાર્યકરો ઉપર, કોન્ફરન્સ કે પરિષદના અધિકારીઓ યા સેવકો ઉપર ગંભીર જવાબદારી ઉતરે છે. સમાજ અને રાષ્ટ્ર ગંભીર પરિસ્થિતિમાંથી પસાર થઇ રહેલ છે, એવી વેળાએ જો કેવળ લોક લજ્જાના ભયથી આ બધું પતાવી દેવામાં આવશે તો સમાજના અને ઈશ્વરના દ્રોહી લેખાઇશું.

સંઘની સુવ્યવસ્થિત સ્થિતમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, સર્વને સ્થાન હોવું જોઇએ, પણ અત્યારે આપણે વધુ નહિ તો બેજ શક્તિઓને આગળ આવવા દઇએ તો તેમાં ચારે શક્તિઓ સમાય જાય છે. આ બે શક્તિ તે સ્ત્રી અને પુરૂષ. એટલે સાધુ, સાધ્વી શ્રાવક શ્રાવિકા સર્વ સમાયા છે.

સામાજીક કે ધાર્મિક ઉત્કર્ષમાં એકની બીજા વિના પૂર્તિ નથી. એકબીજાનો સ્વાભાવિક અને સ્વતંત્ર સહકાર વિના સંઘની સ્થિતિજ ન કલ્પી શકાય.

આ બે શક્તિનો સમન્વય કરવા છતાંયે બન્નેની ગુણ ઉપાસના તદ્દન સમાન છે. શ્રધ્ધા, વિવેક અને કર્તવ્ય–નિષ્ઠા એ ત્રણે ગુણોના વિકાસમાં અને સાધનામાંજ, શ્રાવક–શ્રાવિકા શબ્દરૂપે નહિ પણ હેતુસિધ્ધિ માટે આવશ્યક છે.

સાધુ–સાધ્વી શબ્દ અત્યારે આ સ્થળે નહિ મુકવાનું કારણ સાધુ તરીકેની વિચારણા અને ભૂમિકા એટલી બધી ઉંચી હું માનું છું કે એ વ્યક્તિગત સ્વરૂપેજ રહેવી જોઇએ. વળી અત્યારની સ્થિતિમાં સાધુ કે સાધ્વી, મોટે ભાગે, શ્રાવક શ્રાવિકાના વ્યવહારથી તદ્દન અસ્પૃશ્ય રહેવા માગે છે. શ્રાવક-શ્રાવિકાને પોતાથી નીચી ભૂમિકામાં ગણવા માગે છે ત્યારે આપણે માનપૂર્વક વંદન કરી, આપણે વ્યવહારૂ માર્ગ ઉકેલી આગળ વધીએ એમાંજ શોભા છે.

હવે આપણે જોઇએ કરીએ તો માલૂમ પડે છે કે જુને ચીલે ગાડુ ચાલી શકે તેમ નથી, જુના ચીલાઓ એટલા બધા ઉંડા અને અંધકારભર્યા થયા છે કે ત્યાં ચાલવાથી ગાડુ ઉંધુજ વળી જાય, નવો રાહ, પુરૂષાર્થવાદી મેળવી શકીએ અને એ વિચારણા અર્થેજ આવા સંમેલનો યોજાય છે.

રાજાને પ્રજાને સહકાર અને મમત્વ વિના ચાલવાનું નથી, સાધુને શ્રાવકના સહકાર વિના ચાલવાનું નથી. શ્રાવક અર્થાત પુરૂષ વર્ગથી સ્ત્રી સમાજ વિના આગળ ધપી શકાય તેમ નથી. તેમ વડિલવર્ગ ગમે તેટલો બુધ્ધિ કુશળ હોય છતાં યુવક વર્ગ વિના ચાલવાનું નથી.

એક વેળા રાજા લાખોનો પાલનહાર ગણાતો અને સાધુ કરોડોનો તારનાર લેખાતો. પુરૂષ સ્ત્રીનો દેવ ગણાતો અને વડિલના પુન્યાયે બાળ પ્રજાનું સંરક્ષણ થાતું, ઘરડા ગાડા વાળીતાં અને છોકરાંથી છાશ ન પીવાતી.

આજે પ્રજાતંત્રના વિકાસ યુગમાં ઉપરની જુની પ્રણાલિકા આપણાથી ઝીલાય તેમ નથી. ઉપરના ધોરણનો ક્રમે ક્રમે કેમ દુરૂપયોગ થયો, અર્થાત મધ્યકાળમાં એ બધી ભૂલો કેમ થવા પામી એ વિચારવાનો કે આલેખવાનો આ ઇતિહાસ યુગ નથી.

આ યુગ પ્રજા તંત્રનો છે, છોકરાને છાશ પીતી જોવાનો છે, અને શ્રધ્ધા, વિવેકપૂર્વક કર્ત્તવ્યનિષ્ઠા સાધવાનો છે. શ્રાવક સમાજની આ કોન્ફરન્સ પ્રત્યે અનેક વિધ સમાજે જુદી જુદી દૃષ્ટિએ જોવા માટે આતુર બનેલી છે.

આજે આપણે નવું છીંડુ શોધીએ અને અનેક નાની મોટી સમાજને માટે માર્ગ કરી શકીએ તો કેવું સારૂં!

થોડા મુદ્દાઓ વિચારીએ.

૧. બાહ્ય ક્રિયાકાંડોમાં ગમે તેટલા ભેદો હોવા છતાં શ્વેતાંબર, સ્થાનકવાસી કે દિગંબર જૈનનો ત્રિવેણી સંગમ સાધીએ એવા સંજોગોમાં છીએ.

૨. આપણી શિક્ષણ સંસ્થાઓમાં બની શકે ત્યાં ફોઇપણ જૈનને દાખલ કરવાનું ધોરણ રાખીએ અને એથી આગળ વધીને ૧૦ થી ૧૫ ટકા જેટલી જગ્યા તો અન્ય કોમના એટલે ગરિબ જૈનેતરને પણ દાખલ કરી કરાવી શકીએ.

૩. કન્યા કેળવણીને વધારે વિસ્તૃત અને કન્યાઓને સ્કોલરશીપ આપવાનો પ્રથમ ચાન્સ આપીએ.

૪, કેળવણીની સંસ્થાઓ જ્યાં જ્યાં બની શકે ત્યાં સ્વતંત્ર જવાબદારી અને સ્વયં–શિક્ષણ પધ્ધતિએ યોજીએ. આટલું કાર્ય કરવાની શક્તિ અત્યારનો જૈન જૈનેતર વિદ્વાનોમાં જરૂર છે.

૫. દેવદ્રવ્ય એ સમાજે, પોતાના ઉત્કર્ષ અર્થે આપેલું દ્રવ્ય છે અને સમાજ કે સંઘ (જે પચ્ચીસમો તીર્થંકર છે) તે અમુક ટકા બાળ પ્રજાની કેળવણી માટે ઉપયોગ કરે તો અત્યારની ઘડીએ એ સર્વોત્કૃષ્ટ છે. બાળકોને વીસ પચ્ચીસ વર્ષ સુધી, પાળવાનો, કેળવણી આપી સ્વાશ્રયી બનાવવા દરેક વ્યક્તિ મથે છે તે, વ્યાપારી દૃષ્ટિએ, તેમાં સમાજ અને વ્યક્તિ ઉભયનો ઉત્કર્ષ છે. માટે આ દૃષ્ટિએ દેવદ્રવ્ય એ ઝગડાનું નહિ પણ શાન્તિ અને વિવેકભર્યા ઉપયોગનું દ્રવ્ય લેખાવું જોઇએ.

"ક્રાન્તિની સફળતાનાં સૂત્રો.

—મુનિશ્રી ન્યાયવિજયજી.

અત્યારે દુનિયામાં ક્રાન્તિનાં પ્રચંડ મોજાં ઉછળી રહ્યાં છે, જ્યાં નજર નાખો ત્યાં એ મહાદેવીનો પ્રતાપ નજરે ચઢે છે. દરેક નવયુવક ક્રાન્તિનાં સ્વપ્નાં સેવે છે; ક્રાન્તિમાંજ તેને જીવનનું ઉત્થાન ભાસે છે; માત્ર જીવનનુંજ નહિં કિન્તુ માનવ જાતિનું અને સારી આલમનું ઉત્થાન તેને એમાંજ દેખાય છે. આજે ક્રાન્તિનો શંખનાદ જોરશોરથી ફુંકાઈ રહ્યો છે. વૃધ્ધો એના અવાજથી કાંપે છે, રૂઢિવાદીઓને એના શબ્દ માત્રથી પ્રસ્વેદ છૂટે છે; જ્યારે નવયુવાનોને એ શબ્દ નવચેતન અર્પે છે; તેના ઉત્સાહનો પારો એ શબ્દ સાંભળતાંજ ચઢવા માંડે છે; એ શબ્દ સાંભળીને તે નાચવા અને કૂદવા માંડે છે.

યુવાનોને વર્તમાન સમાજમાં, રાજમાં રાજ્ય પ્રથામાં, ધર્મમાં, વર્તમાન પ્રણાલિકાઓમાં અને ઠેઠ વર્તમાનમાં ઘડાતા જીવનમાં, જીવન સંસ્કારમાં અને તેના મૂળમાં ક્રાન્તિની આવશ્યકતા અનિવાર્ય લાગે છે. એ સિવાય અન્ય મુક્તિપથ તેમને હાથ નથી લાગતો.

આ ક્રાન્તિ શું ચીજ છે, તેનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે થાય, જીવનમાં કેવી રીતે ઉતરે અને એથી શું ફલ નિષ્પત્તિ થવાની છે તેનો પુરો વિચાર કરવાની જરૂર છે. કેટલાય નવયુવાનો ક્રાન્તિ ક્રાન્તિનાં બણગાં ફુંકે છે, જોર જોરથી ચિલ્લાય છે પરન્તુ તે મહાનુભાવોને એની ખબર નથી કે ક્રાન્તિ કેવી હોય, "ક્રાન્તિ કિસ ચિડીયાકા નામ હૈ" એટલું પણ નથી જાણતા.

ક્રાન્તિની વ્યાખ્યા કરતાં એક સમર્થ વિદ્વાન લખે છે કે "માનવજાતિને ગુલામીમાં, પરાધીનતામાં જકડી રાખનાર જે જે રૂઢિઓ, પ્રણાલિકાઓ છે; માનવ જાતિના વિકાસ રૂંધી નાંખનાર, માનવજાતિને ચુંગળાવી મારનાર, માનવ જાતિને અંધકારની ઉંડી ગર્તમાં ધકેલનાર, પાખંડ, ઢોંગ કે મિથ્યા આડંબરને પોષનાર, ધર્મના નામે અધર્મને પ્રચારનાર ઉન્નતિના પ્રકાશના આવરણ, આચ્છાદન સમી દરેક વસ્તુ, દરેક પ્રણાલિકા દરેક રૂઢિ, સમાજ, રાજ કે ધર્મને, તેમાં રહેલાં અનિષ્ટ તત્વોને ઉખેડીને ફેંકી દેવા, એ અનિષ્ટ તત્વોને જલાવી દેવાં, એથી ઘડાયેલા માનસનો વિનાશ કરવો, અને જેનાથી સાચી આઝાદી, સાચી મુક્તિ, સાચો વિકાસ, સાચો ધર્મ–શુધ્ધ ધર્મ અને ઉન્નતિનો સાચો પ્રકાશ ફેલાય–જેનાથી પ્રાપ્ત થાય એનુંજ નામ સાચી ક્રાન્તિ છે. ક્રાન્તિનો એજ સાચો અર્થ છે અને એવીજ ક્રાન્તિ માટે પ્રયત્ન કરવો કે તેની પાછળ જીવન અર્પવું એમાંજ મઝા છે, એજ ધર્મ છે."

આજ વસ્તુને આપણે ટુંકાવીએ તો એટલુંજ કહી શકીએ કે જેનાથી સાચી આઝાદી, સાચી મુક્તિ, સાચી ઉન્નતિ, સાચો પ્રકાશ અને સાચો શુધ્ધ ધર્મ પ્રાપ્ત કરી શકાય એનુંજ નામ ક્રાન્તિ છે.

આ ઉદાર ભાવના જેનામાં હોય, આ વસ્તુ પ્રાપ્ત કરવાની જેને તમન્ના હોય, તે યુવાન હો કે વૃધ્ધ, બાલ હો કે પ્રૌઢ હો, તે અવશ્ય ક્રાન્તિ કરી શકે છે, તે સર્વે યુવાન કહેવડાવવાના અધિકારી છે. માત્ર ઉમ્મરમાં યુવાન કિન્તુ વિચારો અને આચારોમાં જેનું માનસ ગુલામી પસંદ કરતું હોય, જેને પરાધીનતાની સુવર્ણ શ્રૃંખલા અને અંધકાર પસંદ હોય તેને યુવાન કહેવડાવવાનો લગારે અધિકાર નથી. જેનું માનસ લગારે બહારના પ્રકાશને ઝીલી શકતું નથી. ઝીલવા તયાર નથી, સાચી વસ્તુને સ્વીકારવા અને આચરવા તૈયાર નથી તેને ક્રાન્તિનો ઉચ્ચાર સરખોય કરવો એ અનધિકાર ચેષ્ટા માત્ર છે એમ મારૂં નમ્ર મન્તવ્ય છે.

સાચી ક્રાન્તિથી કોઇ ભડકશોમાં, એમાં લગારે બ્હીવા કે ડરવા જેવું નથી. જ્યાં સત્યની ઉપાસના છે ત્યાં ડરવા કે બ્હીવા જેવું શું છે ! આપણામાં કેટલાય મહાનુભાવો એવા છે કે ક્રાન્તિના ઉચ્ચાર કે શ્રવણ માત્રથી ડરે છે, કાંપે છે, પણ યાદ રાખજો કે જ્યારે જ્યારે અન્યાય અનીતિ, અધર્મ કે પરાધીનતા, ગુલામી વધે છે ત્યારે આ ક્રાન્તિ અનિવાર્ય છે. તમે ડરો કે ન ડરો, પણ તે તો થવાનીજ છે માટે તમો તેને વધાવો, અભિનંદો અને સાચી ક્રાન્તિ માટે તત્પર બનો.

ઓ મહાવીરના સુપુત્રો ! ઓ મહાવીર શાસનના ભાવિ સ્થંભો ! લગાર આપણા પરમ પિતા પરમાત્મા મહાવીર દેવના જીવન તરફ લક્ષ આપો, એ પુરૂષસિંહ જે વખતે ભારતમાં બ્રાહ્મણશાહીનું જોર હતું, હિંસા મહાદેવી (?) નું સામ્રાજ્ય ફેલાતું હતું, ધર્મરાજ્યનું સિંહાસન ડોલાયમાન થઇ રહ્યું હતું; સ્વર્ગ અને નરકના ઇજારા બ્રાહ્મણોના હાથમાં હતાં; તેમની પૂજા કરનાર, સત્કારને સન્માન કરનાર, તેમને લાડુ ખવડાવનાર કે મિષ્ટાન્ન આપનાર અને તેમનાં વચનોને ઝુકી ઝુકી જીલઝે કરનાર સીધ્ધો સ્વર્ગ કે મોક્ષમાં જઈ શકતો; ગુરૂઝમ વાદનાં પડઘમ જોરશોરથી વાગી રહ્યાં હતાં, એની વિરૂધ્ધ એક પણ હરફ ઉચ્ચારનાર નરકમાં કે નીચ યોનિમાંજ જવાનો એવાં સર્ટીફીકેટો—પ્રમાણ પત્રો ભૂદેવોના હાથમાં હતા. સ્વર્ગ અને નરક એમના હાથની કઠ પુતલી જેવાં ગણાવા લાગ્યાં હતાં. જે વખતે શ્રમણતા, સાધુતા, ત્યાગ, પરોપકાર અને સૈવાને બદલે ભોગ, મોજ વિલાસ અને સ્વાર્થ સાધના જ મુખ્ય મનાતી તેવી વિકટ પરિસ્થિમાં એ રાજકુમાર શ્રમણતાનો આદર્શ, સાધુતાનો પાઠ, ત્યાગનો મંત્ર, પરોપકારનો યજ્ઞ અને મંત્રદૃષ્ટા બની જગતને સંદેશ પાઠવે છે કે "દરેક પ્રાણી મુક્તિનો અધિકારી છે; દરેક પ્રાણી પોતાનું કલ્યાણ શ્રેય પોતાના જીવન વિકાસથી સાધી શકે છે; કોઇએ પણ તેનો ઇજારો કે ટેકો નથી રાખ્યો. આગળ વધીને કહ્યું કે **"समभाव भावि अप्पा लहई मोक्खं न संदेहो"** પણ યાદ રાખજો આટલું સત્ય અને આવી સ્પષ્ટ વાદિતા શક્તિ કેટલાં કષ્ટો અને પરિષહો પછી પ્રાપ્ત થઈ છે ? માત્ર મોટી મોટી વાતો કરવાથી, થોડાં ભાષણો કરવાથી, ક્રાન્તિ ક્રાન્તિના પોકારો કરવા માત્રથી આ શક્તિ નથી આવી કિન્તુ વર્ષો પર્યંત મહાન તત્વ ચિંતવન, ઘોર તપશ્ચર્યા, અપૂર્વ ત્યાગ, એકલા અટુલા પરિભ્રમણ, ભયંકર પરિષહો, મરણાંત કષ્ટો સહ્યાં, માનાપમાનની લગારે તમન્ના ન રાખી, કદિયે મૌન ન છોડયું, **क्षमा वीरस्य भूषणम्** એ કદિયે

ઉચ્ચાર્યા સિવાય આદર્શ ક્ષમા પોતાના જીવનથી, ચરિતાર્થ કરી બતાવી; શાન્તિ, સહનશીલતા માટે કદિયે ઉપદેશ ન આપતાં પોતાના જીવનને તદાકાર, તન્મય બનાવ્યું અને જ્યારે સર્વજ્ઞ, સર્વદર્શી થયા ત્યાર પછીજ સત્ય પ્રકાશ્યું. જીવન વિકાસનો માર્ગ, જીવનના ઉત્થાનનો સાચો પથ રજુ કર્યો.

આવા સમર્થ પુરૂષસિંહના સુપુત્ર હોવાનું અભિમાન રાખનારા નવયુવાનો લગાર જાગો, જૂઓ અને તમારો કર્તવ્ય પથ નિર્ણીત કરો. વધારે બોલવા અને લખવા કરતાં, ભાષણો અને ઉપદેશો આપવા કરતાં, ક્રાન્તિ ક્રાન્તિના માત્ર પોકારોજ કરવા કરતાં પહેલાંજ તમારા જીવનમાં, તમારા આચારમાં એવી સુંદર વસ્તુ ગુંથો; એવું આદર્શ જીવન ઘડો કે તમારા વગર કહ્યે તમારા આદર્શ જીવનને માર્ગે બીજા ચાલે. તમે જે સત્ય વદો છો, જે સત્ય તમને પ્રિય છે અને જે સત્યને માટે તમે લડો છો તે સત્યના ઉચ્ચારમાંજ કૃતિશ્રી ન માનશો. પરન્તુ એ સત્ય તમારા જીવનમાં ઉતારી તેને આચારમાં મૂકશો આચારમાં ઉતારવા મથશો. એકવાર મહાત્મા ગાંધીજીએ લખ્યું હતું કે "હજારે નવસો નવ્વાણું આદમી સાચું કહેવાના હીમાયતી હોય છે, સાચુ બોલવુ. સાચું બોલવું એમ જોર શોરથી કહે છે પરન્તુ સમયે સાચું બોલી આચારમાં મૂકનાર તો હજારે એકજ નીકળે છે."

આપણા નવયુવાનો માટે હમણાં કેટલાય સમયથી એક મોટી ફર્યાદ સંભળાય છે અને તે ફર્યાદ એ છે કે "તેઓ કહે છે ઘણું અને કરે છે થોડું" જેટલું બોલે છે તેટલું જીવનમાં ઉતારતા નથી. બોલે છે ઘણું અને કરે છે થોડું આ ફર્યાદ દૂર કરવાની ખાસ જરૂર છે. દાક્ષિણ્ય અને ભીરૂતાનો ત્યાગ કરી કંઇક રચનાત્મક સુંદર કાર્ય કરવાની જરૂર છે. પરન્તુ એક વિદ્વાને કહ્યું છે તેમ "યદિ જગતને સુધારવાની ઇચ્છા તમારા મનમાં હોય તો પહેલાં તમે પોતે સુધરો." બીજી ફર્યાદ એ છે કે તેઓ સત્ય કહેતી વખતે નૈતિક હિમ્મત અને વાણીનો સંયમ નથી જાળવતા. લેલીન, મુસોલીની, કમાલપાશા, ડીવેલેરા અને ટોલ્સ્ટોય આદિએ મહાન ક્રાન્તિને જન્મ આપ્યો છે, મોટાં સિંહાસનો ડોલાવ્યાં, મહાન સત્તાધિશોને જમીનદોસ્ત કર્યા. કિન્તુ ભાષણો, લાવા વર્ષાવતી ભાષાઓમાં ભાષણો વધારે નથી. એને જેટલું કહ્યું છે તેનાથી વધારે કરી બતાવ્યું છે, કરી બતાવવા ભારે પ્રયત્ન ઉઠાવ્યો છે અને આત્મ બલિદાન આપતાં પણ પાછી પાની નથી કરી. નગ્ન સત્ય આકરામાં આકરૂં સત્ય પણ હિમ્મત પૂર્વક, લગારે ડર્યા સિવાય પરન્તુ પૂરા સંયમથી કહ્યું છે, જેવું કહ્યું છે તેવું વર્તન રાખ્યું છે. વાણી અને વર્તન એકજ રાખ્યાં છે.

યદિ આપણી યુવક પ્રવૃત્તિને સફલ કરવી હોય, ઉન્નતિનાં પ્રચંડ મોજાં ઉછાળવાં હોય, અધર્મ, અન્યાય, અનીતિ, ગુલામી અને અંધકાર સામે ક્રાન્તિની સળગતી મસાલ લઇ ઉભા રહેવું હોય, તેની સામે બરાબર પડકાર કરવો હોય, સમાજને કોરી ખાની એ રૂઢિઓને દફનાવવી હોય તો સૌથી પહેલાં આપણા યુવાનોએ વાણી અને વર્તન એક કરવાં પડશે. વાણી અને વર્તનની ભિન્નતા એક ક્ષણ પણ નહિં નિભાવી લેવાય. સાથેજ પરસ્પરનો સહકાર, સંગઠ્ઠન પ્રેમ, સુવિશુધ્ધ પ્રેમભાવના જોઇશે. આ સિવાય કોઇપણ પ્રવૃત્તિ કોઇપણ કાર્ય સફલ થવાનું નથી એ ચોકકસ માનશો.

આવીજ રીતે જીવન શુધ્ધિની પણ પરમ આવશ્યકતા છે. સત્યાગ્રહની છેલ્લી લડતે આ પાઠ બરાબર શિખ્યો છે. જીવન શુધ્ધિ એ તો ક્રાન્તિનો પાયો છે. યદિ પાયામાં કચાશ હશે તો સમજજો તમારી ઇમારત—ભલે ગમે તેટલી મજબુત હશે પણ એ ક્ષણજીવીજ નિવડવાની. આજ આપણા નવયુવાનો જે વખતે કોલેજોમાં અભ્યાસ વિદ્યાધ્યયન કરતા હોય છે તે વખતે કેટકેટલી કલ્પનાઓ, વિવિધ તરંગો, તાજગી અને જોમ ભર્યું હોય છે. યુવાનીનું બળ, ગૌરવ અને પ્રતિભા ચમકતી હોય છે. કિન્તુ તે સાથેજ એ આશાના લાડકવાયાને ત્યાંજ કેટલાંક એવાં વ્યસનો લાગુ પડે છે કે તે કુંપક સમયમાંજ અકાલ વૃધ્ધ બને છે. તેની શકિત, હિમ્મત અને ભાવના દબાઇ જાય છે, માટે ચારિત્રની શુદ્ધિ—જીવનની પવિત્રતામાંજ ક્રાન્તિની સફલતા સમાઇ છે એ ન ભૂલશો. યદિ સાચેજ ક્રાન્તિ સફલ કરવી છે, ક્રાન્તિની પાછળ ભેખ લેવો છે, તેની પાછળ જીવનનું સર્વસ્વ અર્પવું છે તો તેને માટે તમારૂં જીવન શુધ્ધ રાખવા પણ એટલીજ હિમ્મતથી કટિબધ્ધ રહેશો.

આ સિવાય આપણા યુવાનો પાશ્ચાત્ય અનુકરણ કરવામાં કેટલીકવાર બહુ ઉતાવળા બનેલા જોવાય છે. નર્યું અનુકરણ કરવામાં કેટલીકવાર આપણે જબરજસ્ત ભૂલ ખાઇ જઇએ છીએ તેનો આપણને લેશ પણ ખ્યાલ નથી રહેતો. તેમાંય તેમને જુનું એટલું બધુંજ ખરાબ અને નવું એટલું બધુંજ સારૂં લાગે છે, પણ બધે તેવું નથી હોતું. જુનું પણ કેટલીકવાર બહુ મહત્ત્વનું અને ઉપયોગી હોય છે. કિન્તુ જ્યાં જ્યાં અનિષ્ટ તત્વો ઘૂસી ગયાં હોય, જ્યાં બીન ઉપયોગી અને નુકશાનકારક પ્રણાલિકાઓ દાખલ થઈ ગઇ હોય, મૂળ શુધ્ધ વસ્તુને આચ્છાદીત કરનાર રૂઢિઓ જડ ઘાલીને બેઠી હોય તેની સામે બળવો કરવાની જરૂર છે, તેને સુધારવાની જરૂર છે. આંગળી સડે તો કાંઇ હાથ ન કાપી નંખાય તેમ થોડી અનિષ્ટતાથી કે અશુધ્ધિથી સારી વસ્તુનો વિનાશ કરવાનો પ્રયત્ન કરવો તેમાં જોખમ છે, ડહાપણ નથી. એમાં તો સૂકા ભેગું લીલું બળી જવાની સંભાવના છે. માટે એકલું અંધ અનુકરણ કરવામાં પણ ફાયદો નથી.

ઓ! યુવાનો? તમે સત્ય નિર્ભિકતાથી કહેજો, સત્ય કહેતાં લગારે પાછી પાની ન કરશો, પરન્તુ વાણી સ્વાતંત્ર્યના નામે સ્વચ્છંદતા ન ખેલશો. વાણીનો સંયમને મર્યાદા, વિનયને વિવેક કદિયે ન ભૂલશો. એથી **તમારી પ્રતિભાને, સત્ય પ્રિયતાને ઝાંખપ નહિં લાગે.** એ ગુણો તમને કાર્ય શકિતમાં મદદગાર થઇ પડશે. તમારી સેવાને અને કાર્યશકિતને ચમકાવશે.

યુવાનો! જાગ્રત થાઓ, અત્યારે કર્મયુગ છે. કંઇક કાર્ય કરી બતાવો. શ્રી મહાવીર દેવના શાસનમાં અત્યારે શકિત સંપન્ન યુવકોની જરૂર છે. સાચા ક્રાન્તિકારોની અનિવાર્ય આવશ્યકતા છે. આજે જૈન ધર્મના ઉપાસકો દિનપ્રતિદિન ઘટતા જાય છે. જૈન ધર્મના પ્રચારની આ સુંદર તક વખતે વીરના ઉપાસકો માત્ર ગુજરાત કચ્છ અને કાઠીયાવાડ રાજપુતાનાના નાનકડા સકંજામાં જઇ પડ્યો છે. તેને બહાર ફેલાવી ભારતમાં અને ભારતની બહાર તેનો પ્રચાર કરનાર કર્મવીર, ધર્મવીર યુવકોની જરૂર છે. અત્યારે ખંડનમંડનમાં, સામાજીક કલહોમાં શકિતનો વ્યય કરવા કરતાં રચનાત્મક પધ્ધતિએ જૈન ધર્મના પ્રચારકાર્યમાં લાગી જાઓ.

યુવાનો! તમારા ઉપર મહાવીરના શાસનના પ્રચારની મહાન જુમ્મેદારી રહેલી છે. તમારી આ પરિષદ ભારતના યુવાન જૈનોનો સુંદર સહકાર મેળવી પ્રેમ અને સદ્‌ભાવનાથી એકયતાની શૃંખલામાં જોડાઇ તમારો યોગ્ય કર્તવ્ય પથ નિર્ણિત કરે એ જરૂરી છે, મહાવીરના સાચા સુપુત્ર બનો, આવેશ અને પ્રવાહમાં ન તણાતાં, માત્ર વ્યાખ્યાન પીઠોજ ન ગજવતાં એવો સુંદર અને શકય કાર્યક્રમ યોજજો કે જેથી તમારૂં ભાવિ ઉજ્જવલ બને.

અન્તમાં ઓ મહાવીર શાસનના ભાવિ રથંભો, તમારી આ પરિષદ એવો સુંદર અને સરલ ક્રમ યોજે કે જેથી ભારતના જૈનો તમારા કાર્યમાં સહકાર આપે અને ત્યાંથી પ્રેરણા લઇ જગતમાં જૈન ધર્મનો વિજયધ્વજ ફરકાવવા કટિબધ્ધ થાઓ એ શુભેચ્છાપૂર્વક વિરમું છું.

૬. તીર્થનો પ્રશ્ન ગમે તેટલો મહાન હોય પણ જ્યાં સુધી સમગ્ર હિંદનો રાજકીય પ્રશ્ન એરણ પર છે, ત્યાં સુધી જૈનો આ પ્રશ્નને ગૌણ કરી નાખે અને જ્યાં જ્યાં જૈનો જૈનો વચ્ચેજ વૈમનસ્ય છે ત્યાં પંચ દ્વારાએ નિર્ણય શોધે અથવા તીર્થ ઉપરની રાજકીય સત્તા જતી કરે એજ ઠીક છે. જ્યાં રાજ્ય સાથે ઝગડો છે ત્યાં સાધુ પુરૂષોએ બલી આપવાના છે અને જ્યાં અન્ય વ્યક્તિઓ સાથે ઝગડો છે ત્યાં ધક્કા મારીને ખસેડવામાંજ પુરૂષાર્થ છે.

૭. દીક્ષાની દિશામાં અયોગ્ય દીક્ષા સામે ઠીક પ્રચાર કાર્ય થયું છે અને એ પ્રચાર શકિત જીવતી જાગતી રાખવા માટે કોન્ફરન્સે પ્રચાર કાર્ય કરવું જોઇએ.

૮, કોન્ફરન્સે કે પરિષદે જૈન સમાજના વાણિજ્ય ઉદ્યોગની ખિલાવટ માટે એક સબળ સંસ્થા અને બેંક સ્થાપવાં જોઇએ.

૯. વૈધવ્ય ફરજીયાત નહિ પણ મરજીયાત છે અને એવી બાળ વિધવાઓને પુનર્લગ્ન માટે ઉત્તેજન આપવું જોઇએ.

૧૦. ખાદી એ રાષ્ટ્રનું ઐકય અને ગરિબોનો વિસો હોઇને તેમજ જૈન દૃષ્ટિએ માત્ર નહિ, પણ માનવ હિતની દૃષ્ટિએ અહિંસાની–નમ્રતાની–ઉદ્યમની નિશાની હોઇને દરેકે સ્વીકારવી જોઇએ. તેમજ અસ્પૃશ્યતા નિવારણ માટે જેટલો વ્યકિતગત પ્રયત્ન થાય તેટલો કરવો જોઇએ.

૧૧. જૈન સમાજની સેવા અને એ માટે જો સાચી પ્રજ્ઞા હોય તો તે પ્રાયશ્ચિત રૂપે સાધવાની છે. જૈન કોન્ફરન્સ અને યુવક પરિષદના વિચારોમાં ગમે તેટલો મતભેદ હોય પણ તેથી એક બીજા પ્રત્યે દ્વેષ અને વૈમનસ્યની લાગણી ન ફેલાય તે સર્વને જોવાનું છે. અત્યારે ઉભય એકબીજાના શુભહેતુને પોષક થવું જોઇએ.

આગલી કોઇપણ કોન્ફરન્સના ઠરાવો મળ્યા નથી એટલે એ વિચારણા કે ટેકા વિના જે વિચારો અત્યારે ધર્મ,સમાજ અને રાષ્ટ્રની દૃષ્ટિએ વિશ્વ કલ્યાણના હિતને અવિરોધી ગણાય છતાં જૈન સમાજના કલ્યાણના ગણાય તે આલેખ્યાં છે. તેમાં સારૂં તે મારૂં એ ન્યાયે વાંચક જુએ એવી પ્રાર્થના છે.

દરેક વસ્તુમાં ધર્મ અને શાસ્ત્રની વાતો લાવવામાં આવતી હતી, આજે જ્યારે સમાજનો મોટો ભાગ પેટના વ્યવહાર માટે ભીડમાં પડયો છે, ત્યારે તેને માત્ર ધરમની કે આધ્યાત્મિક વાતો કેમ રૂચે? આજે જૈનના મોટા ભાગને પોતાને જૈન કહેવડાવવામાં પણ ગૌરવ રહ્યું નથી. આજે એ મહા મંથનકાળમાંથી પસાર થાય છે. તેનું હૈયું આજે કઠણ નથી બન્યું, પણ વધારે મૃદુ બન્યું છે, એ મૃદુતાનો લાભ કોન્ફરન્સ કે યુવક પરિષદ લે, સત્કારે અને જૈન સમાજની પ્રતિષ્ઠા ફરી સ્થાપે એમ ઇચ્છી હાલતો વીરમું છું. અસ્તુ.

—લાલચંદ જયચંદ વોરા.

શ્રી જૈન યુવક પરિષદ.

ક્યાં સુધી ઉંઘીશ?

જ્યારે અંધકાર વિદારી સુર્યોદય થઇ ચૂકયો છે,
જ્યારે પ્રગતિનાં પૂર ચોમેર પ્રસરી રહ્યાં છે;
જ્યારે આનંદ ને તનમનાટ નવસર્જન કરી રહ્યાં છે,
જ્યારે ચેતનભરી હવા તાઝગી બક્ષી રહી છે;
જ્યારે રૂઢી, વ્હેમ ને પાખંડના પાયા તૂટવા માંડયા છે,
જ્યારે સંગઠ્ઠનથી નુતન યુગ સર્જાઈ રહ્યો છે;
જ્યારે સર્વાંગિક વિકાસ સધાઇ રહ્યો છે,

ત્યારે

ઓ જૈન યુવાન!

તું ક્યાં સુધી ઉંઘીશ?

મે મહિનાના પહેલા અઠવાડીઆમાં મુંબઇને આંગણે પ્રગતિનાં આંદોલનો પ્રસરાવવા જૈન યુવાનો એકત્ર થાય છે.

જાગીને જો જૈન યુવાન!

—પ્રચાર સમિતિ.

જલ્સો ખતમ !

એક, બે, ત્રણ.....તેર અધિવેશન થયાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સનાં અને ચૌદમું અધિવેશન કેટલીક પ્રાથમિક મુશ્કેલી પછી, મુંબઈ આંગણે ભરાય છે.

મહને ગમ નથી પડતી આ કોન્ફરન્સ કરે છે શું ? યુગબળને એણે પિછાણ્યાં છે કે જૈનોની ઉન્નતિને સારૂ એણે કાંઈ કર્યું છે ?

એના રિપોર્ટ્સ અને આજની જૈનોની સ્થિતિ, ઉપરના પ્રશ્નોનો નકારાત્મક જવાબ દેશે. એ સ્થિતિ અને અરાજકતા કહેશે આપણને કોન્ફરન્સે રાહ નથી દર્શાવ્યો, સુકાન તો લીધું નથી તો ઉન્નતિ તો સાધીજ કેમ શકે ?

અને એ વસ્તુ સાવ સાચી છે. કોન્ફરન્સ ઉપયોગી મનાઇ હોત, જૈનોને જરૂરની લાગી હોત તો એના આ ચૌદમા અધિવેશનને સારૂ આટ આટલી તકલીફ કાં પડત ?

મહારી નજરે પાલણપુર પડે છે. કોન્ફરન્સને પાલણપુર આંગણે, પાલણપુરીઓની ઇચ્છા વિરૂધ્ધ ભરવાના કેટકેટલા પ્રયાસો કરવામાં આવ્યા હતા ? શી શી યુક્તિઓ રચાઇ હતી ? અને છતાંય એ ચાતુર્ય જાળમાં કોઇ સૂરીશ્વરની નારાજગીના ભાગે પણ પાલણપુરીઓ ન ફસાયા. આ તમામ મહારી અંગત માહિતીની વસ્તુઓ છે.

આ વસ્તુઓ—જેને આમંત્રણ દેવાનો કોઈ ઉત્સાહ ન સેવે એવી સંસ્થાએ જૈન સમાજનું કાંઈએ હિત કર્યું છે એમ મનાવવાની મૂર્ખાઇ કોણ કરે છે ?

અલબત્ત એણે અધિવેશનો ભર્યાં છે એ નક્કર વસ્તુ છે. એણે જ્ઞાન વિહિન લક્ષ્મીપતિઓને પ્રમુખની ખુરશીએ શોભાવ્યા છે એ પણ માહિતીની વસ્તુ છે. એણે ફરાવોના લાંબા લચ લપેટા પણ કર્યા છે એ ન વિસારી શકાય એવી વાત છે. એણે મંડપો બનાવ્યા છે ને મંચ પરથી અડી અડી વાતો કરાવી ઉપદેશામૃત દીધાં છે. સામાન્ય જૈન સમાજને આશા આપી છે.....અને એવા દરેક ત્રણ દિવસની ધમાલ પછી જલ્સાને ખતમ કર્યો છે.

અને એ જલ્સો ખતમ થાય છે પછી કાંઈ કરવાનું રહેતું નથી. પછી તો કોન્ફરન્સ જીવે છે એમ માલમ પડે છે જ્યારે એના મંત્રીઓ કોઇ રાજા મહારાજાઓને તારો કરે છે ત્યારે. રાજાઓને તારો કરવા સિવાય—અધિવેશનના જલ્સ.ઓ પછી-કાંઇ કાર્ય કરવાનું કોન્ફરન્સ ઓફીસને રહેતું નથી.

કોઇ નિરાશાવાદી પ્રશ્ન કરશે—જો કાંઇ કરવુંજ ન હોય તો આ ખર્ચો શો ? આ હારો શો ? આ સમય ને શક્તિનો વ્યય શો ? ને શા માટે ?

હું એને સકારણ જલ્સો કહું છું. અને જલ્સાઓ જોવાની મહને મઝા પડે છે. જલ્સો હોય, લહેર ને ગમ્મત હોય-તો સમયને શક્તિની ને પૈસાના વ્યયની હું કદિ ચિંતા ન કરૂં.

એમેય આપણે ત્યાં પૈસા તો ઘણા પડેલા છે. અને આમાં પૈસા વપરાય છે મુખ્યત્વે એ માણસોના કે જેમને પૈસા કમાવાનો શ્રમ નથી સેવવો પડતો. વળી એ લોકો પૈસા ખર્ચે છે તે પુણ્ય કરવા, સ્વર્ગમાં સીટ રિઝર્વ કરાવવા અને આ લોકમાં નામના મેળવવા. આવા લોકોના પૈસા આમ જલ્સાઓ જોઇવી વપરાવી દેવા એ ભાવના જો કોન્ફરન્સના આકરકોની હોય તો હું એમને ધન્યવાદ આપવા ઇચ્છું છું. કારણ કે સૌને જલ્સો જોવા મળે છે અને વપરાતા પૈસાનો મોટો ભાગ મજુરી મારફતે ગરીબોને પહોંચે પડે છે.

આ સિવાય અભ્યારીને આવા જલ્સાઓ ઉપયોગી બને છે. જે ગામે કોન્ફરન્સ ભરાય તે ગામ કે તેની આજુબાજુ કેટલા લખપતિઓ વસે છે એની ગોળખ ને પ્લેટફોર્મ પર બેઠેલામાંથી હહેમની ગણત્રી કરી શકાય છે. થરડાતા અવાજે એક પછી એક ટેકા આપવા ઉભા થતા માનવો કેમ કરી એમની એવકુશીની જાહેરાત કરી શકે છે એ જોવા મળે છે. આગેવાનો બનવા મથતા માનવો જોઇ પેટ પકડી હસી શકાય છે. પ્રમુખનાં ભાષણ વાંચનો તો આ જલ્સાઓનો ખરો રંગ જમાવે છે.

એટલે કે આ બધું જલ્સો કરવા, આનંદ કરવા, ચોઘાક મુકી માણસોની પ્રસિધ્ધી કરવા કે ડૉકટર ને સોલીસીટરને વકિલની ધંધાદારી જાહેરાત કરવા થતું હોય તો કોઇએ એમાં વાંધો નહિં લેવો જોઇએ.

પણ જલ્સાની દૃષ્ટિ સિવાય, ગંભીરતાથી જૈન જીવનની ઉન્નતિ અર્થે આ નાટક ભજવાતાં હોય તો ઘડી વિચાર વિના બંધ થવાં જોઇએ કે એનો રાહ બદલી દેવો જોઇએ.

જૈનોની સ્થિતિ દરાવોથી સુધારવાની કોઈ ભૂલ ન કરે. જૈનોની સ્થિતિ સુધારવા તો જૈન સમાજનો તલ સ્પર્શી અભ્યાસ જોઇએ. આજનાં મુંઝવતા પ્રશ્નોના ઉકેલ સારૂ ઝીણવટ ભરી દૃષ્ટિ જોઇએ, સહૃદયતા જોઇએ ને હમદર્દી જોઇએ ને યુગબળનું ભાન જોઇએ.

એને સારૂ તો પરલોક ભૂલી આ લોકને સુખી બનાવવા પ્રયત્ન કરવો જોઇએ. પાલિતાણા ને કેસરીયાજી ને સાધુના પદ્ધિદાનો જરા ધ્યાન ખેંચે છે એથી વિશેષ હાડપિંજર સ્વરૂપે ફરતા આપણા યુવાનો, આપણી બહેનો ને આપણાં બાળકોને નવપલ્લવિત કરવા રોકાવું જોઇએ,

પત્થરના આલિશાન મંદિરો, ભગવાનને દિપાવતા જર જવાહિર ને મુગટો ને મૂર્તિની પંચરામણીઓ પાછળ શક્તિ ખર્ચવાની આજે જરૂર નથી. એ બધ્ધાને માનનારા નહિ હોય. એમના પૂજનારાઓ સંખ્યાબળે ઘટતા જતા હશે તો એ મંદિરો ને મૂર્તિઓની કિંમત કહ્યાં રહેવાની છે ? પૂજનારા ન હોય તો પ્રભુની કિમ્મત શી છે ?

દેવદ્રવ્યો વિષે ચર્ચા કરવાની જરૂર નથી. દ્રવ્ય દેવનું કેમ હોઇ શકે ? દ્રવ્ય રાખે તે દેવ શાનો ? સમાજે આપેલું એ દ્રવ્ય છે—સમાજ હિતાર્થે એ ખર્ચાવું જોઇએ.

આપણા સમાજનો માનવી ભૂખે મરતો હોય, અનુયાયી ને પૂજક શરદીથી સંરક્ષાવા પણ કપડાં ન પામી શકતો હોય તે વેળા વિતરાગ ગણાતા ભગવાનને જર જવાહિર શાં ? એ શોભા શી ? એ ઘેલછા શી ? એ પાગલતા દૂર કરવી જોઇએ.

આજે જૂની શ્રધ્ધાઓનાં મૂલ્ય પરિવર્તન થવાં જોઇએ. પૈસો પૈસો કરી આવેલો એ પૈસો સમાજની શારીરિક ને માનસિક ઉન્નતિ પાછળ ખર્ચાઇ જવો જોઇએ.

એ પૈસાના ન તો ગંજ ખડકાવા જોઇએ, પૈસા દેનારજ ભૂખે મરે ત્યારે ન એ પૈસા સરકારી લોનોમાં જમા કરાવવા જોઇએ, પ્રજાને પરલોકનો આણુંદ ને કલ્યાણના ભ્રમમાં ફસાવી ન એ પૈસે કોઇ આ લોકના આણુંદ ને કલ્યાણના તાગડધિન્ના કરે. આ બધું નહિં થવા દેવું જોઇએ.

કોન્ફરન્સના કુલ્લરદારો સમાજની નાડ પકડે ને પારખે ને શક્તિ હોય તો સેવા કરે—નહિ તો કુલ્લરો જતો કરે.

અને એમને સમાજની કાંઇ પડીજ ન હોય તો સામાજિક ઉન્નતિની વાતો મૂકે દે અને નિર્દોષ જલ્સાઓ ભલે જોઇવે. એ જલ્સાઓદ્વારા એમની હૈયાતિ જગત્‌ને ભલે જણાવે ને ભલે એમની ધંધાદારી જાહેરાતો કરે. પણ હેતુ સાવ સ્પષ્ટ હોવો જોઇએ. પછી ભલે જલ્સો થાય ને ખતમ થાય. —તારાચંદ.

યૌવન અને વિપ્રકોપ.

"Almost every thing that is great has been done by youth." BENJAMIN DISRAELI.

કોઈ પણ પાશ્ચિમાત્ય યુવક સ્વપ્ન કે કલ્પના સૃષ્ટિમાં પણ થરથર કંપી ઉઠે એવી આજના જૈન યુવક યુવતિની પરિસ્થિતિ હોવા છતાં, સમાજ એ તરફ અનહદ, નિષ્ઠુર બેદરકારી બતાવે છે, એ જોઈ સમાજના સાચા જૈનત્વ વિષે મને તો હંમેશ વસવસોજ રહ્યા કરે છે. લાડથેલી કુમારાવસ્થા ઓળંગી, યુવક કહેવરાવવાની શરૂઆત થાય તે પહેલાં તો સમાજે તેનું યૌવન લગભગ છીનવીજ લીધું હોય છે. સોળથી વિસ વર્ષનો સંસારનો બીન અનુભવી યુવક, હાસ્ય કે ચલિત ચિત્ર તરીકે નહિ પણ દૃષ્ટિ સમક્ષ, બાલ્યવયના લગ્નથી એક પત્ની, બે કે વધુ બાળકો, અભ્યાસ, ગ્રહકંકાસ, જીવન ગઠમથલ, બેકારી, કૌટુમ્બિક વિટંબનાઓ અને બીજા અનેક પ્રકારના બોજા તળે લદાયેલો હોય, ત્યારે **સમાજ ઉત્કર્ષમાં** તેની પાસેથી શું આશા રાખી શકાય ?

સમાજના મોટા ભાગનું યૌવન આમ એક યા બીજા કારણે ચૂર્ણ વિચુર્ણ થઇ જવાથી અકાળે વૃધ્ધત્વ પામ્યું હોય, ત્યારે સમાજમાં યુવક પ્રવૃત્તિની હિલચાલની તમામ જવાબદારી માંડમાંડ સદ્ભાગ્યે એવાં ફાંસાઓમાંથી બચેલા કે એવી સ્થિતિનો ભોગ બનવા છતાં તેના સામે પડકાર કરનારા યુવકોના શિરે આવી પડે છે. સહર્ષ તેને વધાવી લઈ, ભવિષ્યની અનેક ઉજ્જવળ આશાઓ આપતા નવલોહિયા સમાજ દિપકોને સાચી વસ્તુસ્થિતિ સમજાવી અને કર્તવ્યરાહ બતાવવાની ફરજ સમજી અનેક યુવક સંઘો કે પરિષદોને એ જન્મ આપે છે. આદર્શને ચૂસ્તપણે વળગી કાર્યસાધના માટે એ સંઘોને જીવ સટોસટની કુરબાનીના સંગ્રામ ખેલતાં કવચિત રૂદ્ધિગ્રસ્તોના બલિદાન પણ થવું પડે છે; પણ ફરીને એકમાંથી અનેક વેગવતિ પ્રવૃતિને ઉભી કરતાં એ જુની કિલ્લેબંધીને ધસમસાટ જમીન દોસ્ત કરી તેના અસ્તિત્વનું નામ નિશાન પણ ભૂંસી નાખી, વિજયધ્વજ ફરફર ફરકાવે છે. યુવક પ્રવૃત્તિનું બળ સાગરની માઝા મૂકયા પછીનાં પરિણામ જેવું અગાધ છે, એ રૂદ્ધિગ્રસ્તો નજર ભૂલે.

ચારે બાજુ દાવાનળ સળગ્યો છે; જૈન સમાજમાં જન્મેલ કોઇ માનવી ઉચ્ચ ભાવનામય જીવન જીવવા કોઇક માર્ગદર્શકની શોધ ચલાવે તો તેને નિરાશાના ઉદધિમાંજ ઉતરવું પડે. મહાન માર્ગદર્શક શ્રીવીરના ફકત વેશમાંજ સમાયેલા અનુયાયીઓમાં, કેવળ પક્ષાપક્ષીનાં હુંપદને લીધે શાસ્ત્રની પારંગતાના ફાંકામાં, કાનના પડદા ચીરી નાંખે તેવા શબ્દોમાં રમખાણ મચાવી આખાયે જૈન સમાજને છિન્ન-ભિન્ન કરી નાખવાની રાક્ષસી ભાવના જાગી છે, અને તેમની પાછળ અંધ શ્રધ્ધાના પૂરમાં જૈનત્વની નકલ કરનાર ગાડરીયા જમાત સ્વવિનાશમાં સાથ દે છે.

ઘોર અંધારી રાત્રીમાં દૂરદૂર ઝીણો અને સાવ ઝાંખો દેખાતો દિપક પણ વાટભૂલ્યા મુસાફરને માર્ગદર્શન કરાવી આગળ વધવાની હિંમત આપે છે, તો પછી સાચા યુવકોએ સમાજના ચક્રગોળ અનીચ્છનીય વાતાવરણને દૂર કરી જૈનત્વના રાહ દર્શાવવા લીલી બત્તી ધરી છે તે શું નહિ કરે ? યૌવનના આસ્વાદો લેતા એ જૈન યુવકો સામુદાયિક સંગઠનથી એક એવું અદ્‌ભૂત વિજળીક બળ ઉભું કરશે કે, જે અરેબિયન નાઇટસની કથાઓમાં આવતા મહાસાગરમાં હજારો માઇલ દૂર વિહરતાં વહાણોમાંનો લોખંડને પોતાની તરફ ઘસડી લાવતાં લોહ ચૂંબકના પહાડોની જેમ અંતરિક્ષમાંથી કે આકાશ પાતાળમાંથી સાવ નગ્ન સત્ય શોધી કાઢી સમાજ સમક્ષ બેધડક રજુ કરશે.

યુવકોના પૂર્ણ ઝડપી વિજાના અભાવે, સમાજ ગેર-વ્યવસ્થાની એક પણ ખામી તેની તિક્ષ્ણ નજર બહાર છે, એમ માનવાની કોઇ ભૂલ ન કરે. સમાજમાં જેને સાર્વ ભૌમત્વ જાળવવું છે તેઓ અણુસમજુ, કાચા, બીન અનુભવી નથી, અનેક ઘટમાળોમાંથી પસાર થયેલા બાયેલ મુત્સદ્દીઓ છે. યુવાનોને ઉગતાજ બેસાડી દેવા, અનેક પ્રકારના ભય ઉપસ્થિત કરી, અન્યોન્યના રક્ષણાર્થે અમુક પ્રકારની ચોકકસ કિલ્લેબંધી કરી છે, તેજ ધર્માચાર્યો અને ધનિકોનો અદ્‌ભૂત સંગમ છે. **એકે બાપ, નર્ક, યમરાજ દેવ, દેવી પ્રારબ્ધ વિગેરે અનેક ભયના દંડુકાથી સમાજના કોમળ આશાભર્યા બાળક બાળિકા ઝડપી લેવા અને વાકચાતુર્યથી યુવક યુવતિઓને આંજી દેવાના પ્રયત્ન આદર્યા છે, ત્યારે સાગરીતવર્ગે સામાજિક બહિષ્કાર, કોર્ટ દાવા, પોલીસ, બરતરફી, વ્યાપાર અને બાદ્ય વસ્તુઓના અટકાયતથી યુવકોને હારવા, અને લગ્નની મહાન્ મીજલસો, લગ્નલટ બત્રીસી, જમણો, ગગનચૂંબી મહેલાતો, બાગ બગીચાની ભવ્ય રોશનીઓ અને બીજી અનેક આકર્ષક પ્રવૃત્તિઓ આદરી સમાજના અણવડ વિભાગ ઉપર અંધાર પછેડો ઓઢાડી પોતાનું સ્થાન સાચવવાને તનતોડ મહેનત આદરી છે.** જેઓ પોતાની જાતને વધુ પડતી સમજુ માનવે છે, એવા તટસ્થો ભલે આ સત્તાધારીઓથી બીએ કે અંજાય પણ આધુનિક જૈન યુવક યુવતિઓએ તો અભયનો મહામંત્ર જપી ત્રણે વર્ગની સાન ઠેકાણે આણવાનો નિરધાર કર્યો છે. અભયી બન્યા સિવાય આવી મહાન દિવા-લોને ચીરી નાંખી, નવસર્જન કરવું બહુજ વિકટ છે.

યુવાનોને ફકત આટલોજ સામનો કરવાનો હોત તો કયારનોયે સમાજ વેગવંતો બની ગયો હોત, પણ જેમ આ યુગના યુવકની શકિત વધુ ખિલતી જાય છે, તેમ તેની સામે અનેક વિકટ જંગો પણ ખડા થાય છે. જીવન અસ્તિત્વ માટે જ્યારે કોઇ જૈન યુવકને અનેક જગ્યાએ રોટી મેળવવાના ફાંફાં મારવા છતાં જરૂર પૂરતું કામ મળતું નથી. ત્યારે તેના હૃદયના ચૂરેચૂરા થઈ જીવનનો રહ્યો સહ્યો ઉત્સાહ પણ નાશી જાય છે. આવી સ્થિતિ માટે એક યુગના દુનિયાના વ્યાપારને હાથમાં રમાડનારી કોમને શરમજનક નથી તો શું છે ? શું કોમ પાસે એનાં સઘળાં બાળકો સુખે જીવી શકે તેટલું દ્રવ્ય નથી ? છે. તો તેનો ઉપયોગ કઇ દિશાએ થાય છે ? જ્ઞાની પુરૂષાર્થી અને યૌવન મસ્ત હોવા છતાં આ કાતિલ બેકારી યુવકનું શારીરિક અને માનસિક હીર ચૂસી લે છે. તે સમયે જો પ્રથમ ઉકેલ

આવતી યુવક પરિષદ્.

યુવક પરિષદ્ ભરવાનું નક્કી થયું છે એટલે યુવક પરિષદ્માં શું શું વિચારણા કરવી એ મહત્વનો પ્રશ્ન થઈ પડ્યો છે. યુવાન તો એજ કહેવાય કે જ્યાં જ્યાં જુલ્મ, પાપ, અન્યાય અને અનાચાર જુએ ત્યાં ત્યાં જાનના જોખમે સામે થઈ એ જુલ્મો અટકાવે.

જૈનોની અંદર જે કુસંપના બી ઉગેલા છે તે ખરેખર સમાજનું દુર્ભાગ્ય સૂચવે છે. પરિષદ્ વગર કે સંગઠ્ઠન વગર કોઈ કાળે સમાજની કે દેશની ઉન્નતિ થઈ શકશે નહિ. કેવળ પોકાર કરવાથી પરિષદો નહિ ભરાય. તેની પાછળ આત્મ બલિદાનની શક્તિ હોવી જોઈએ બહેક, સંગઠ્ઠન બળ અને વ્યવસ્થા બળ હોવું જોઈએ.

જૈન સમાજની પડતી દશા જે કારણોને આભારી છે તે ઉપર સમાજ હિતેચ્છુઓએ વિચારણા કરવાની ખાસ જરૂર છે. આજે નથી સંગઠ્ઠન બળ કે વ્યવસ્થા બળ, એટલે

તેનો નહિ થાય તો બીજી અનેક પ્રવૃત્તિઓ હવામાં બાચકા ભરવા સમાન થઈ પડશે.

યુવકનો જેટલો એકારી કરણ ફેજ આણી રહી છે. તેથી કેટલાએ દરજ્જે વિશેષ આજની અસમાન લગ્ન પ્રણાલિકા જૈન યુવતિઓનો વિધ્વંસ કરી રહી છે. વયનાં અને વિચારનાં કજોડાએ કોમળાંગીઓના શિરે જીવનભરના અસહ્ય દુઃખો સહન કરવાની ફરજ પાડી છે. ગૃહ ગૃહમાં પતિપત્નીના કલહોથી સામુદાયિક ઉપયોગી શક્તિ આવ નકામી ચાલી જાય છે. એટલુંજ નહિ પણ પત્ની-શિક્ષા (Wife-beating) અને પત્ની-ત્યાગના સુલભ, સરળ અને સમાજ-માન્ય વલણને સારા અને સંસ્કારી ગણાવતા યુવાનો અંગીકાર કરે છે, ત્યારે મને તો જૈનત્વનો કયાંયે છાંટો દેખાતો નથી. કેવલ યુગલનાજ આંતરિક કલહનાં પરિણામ એકલી યુવતિનેજ ભોગવવાનાં હોત તોપણ જરૂર ચલાવી લેવાત, પણ કેમ જાણે નિર્દોષ ગર્ભસ્થ અને સુકુમાર યુવતિઓને કુદરતી પ્રસૂતિ અને શારીરિક દર્દોનાં દુઃખ ઓછાં હોય, તેમ પુરુષો તરફથી કાયદા અને નિયમનના ઓઠાં તળે ધોધમાર ત્રાસ આપી તેમનાં જીવન ખતમ સુધી અગ્નિ નાંખવાના રોજના રોજ બનતા બનાવોથી જૈન સમાજનું નાવ કઈ દિશાએ વહે છે, એ સમજવું પણ મુશ્કેલ થઈ પડે છે.

લગ્ન એ અખતરો છે; તો તેનાં સુખદ પરિણામ પુરુષ ભોગવે અને દુઃખદ પરિણામ સ્ત્રી ભોગવે એ કયા જમાનાનો ન્યાય છે? કોઈ કાળે કદાચ એ ઠીક મનાઈ હશે, પણ આજે તો દિલ દિલમાં હૈયાહોળી સળગાવનાર અનેક કુરૂઢિમાંની એ 'લાજ'ની દુષ્ટ અને નિષ્ઠુર પ્રથાએ જૈન કોમમાં કયા અનિષ્ટો પ્રવેશ નથી કરાવ્યાં? કૌટુમ્બિક ભાવનાના જડમૂળમાં કરવત મૂકનારી એ જુનવાણી દિવાલને નવયુગની સ્વતંત્ર નારી કેમ સાંખી શકે? કુટિમ્બનો અન્ય અનેક સ્ત્રીની સાથે છૂટથી વાર્તાલાપ કરે છે ત્યારે પોતાના સંસ્કાર (?) જેમાં ઉતારવાના છે, તેવી વધુઓને છાતી સરસી ઘુમટામાં ઘેરાયેલી રાખવાની દુષ્ટતા શું કામ કરતા હશે? આ સ્થિતિ ત્રાસદાયક અને અસહ્ય છે, એટલુંજ નહિ પણ વહેલામાં વહેલી તકે તેને તિલાંજલી આપવાની જરૂર છે. ભાવનાશિલ, સુકુમાર અબળાઓનો નિરંતર વહેતાં ઉનાં આંસુથી કાતિલ બનેલા એ શ્રાપો, આવી જંજીરો ઉપર વર્ષે, અને તમામ દુર્ગોને તોડી પાડી ખંડીયેર બનાવવા યૌવનને વરેલો પ્રગતિ વાંચ્છક યુવાન નિષ્ઠુર બંધનોને એક એક ઝટકો, કટકો મારી પોતાનો રાહ સાફ કરી લે એમ આજનો યુગ પોકારે છે. —લે. ડાહ્યાલાલ વેલચંદ મહેતા.

સમાજની અધોગતિ થઈ રહી છે. આ કારણો વિષે વિચારણા કરવી એ આ લેખનો વિષય છે.

ગર્ભ કાલનુંજ સાધુ સંમેલન પચ્ચીસ પચ્ચીસ દિવસ થયા પણ પોતાના અંગત વિચારો જણાવવા અસમર્થ નિવડ્યું છે. ઇન્દ્રિયસ્તોની આપખુદીએ સમાજનું નૂર હણી લીધું છે. આજે સમાજ ઉન્નતિપર હોય એવું એ કે ચિન્હ દેખાતું નથી. બહેક વિનાશના પંથે વેગભરી ગતિ થઈ રહી છે. આપણા જેવા બહાદુર યુવકોના વીર નાદથી આખો દેશ ગાજવો જોઈએ. જે સમાજમાં કર્તવ્ય શિક્ષા અને શૌર્ય જ્ઞાન નથી તે સમાજ પહેલોજ તળીયે બેસવાનો છે.

આજે જૈનોમાં ફીરકાઓના ઝગડા, ગચ્છોના ઝઘડાં, સાધુ સંસ્થાના ઝગડા, શ્રાવકોના ઝગડાં, એમ દરેક ક્ષેત્રમાં કુસંપના વાદળ છવાઈ રહ્યા છે. એને મટાડવાનો માત્ર વ્યવહાર અને સાદો ઈલાજ સંગઠ્ઠન છે. આજે છિન્નભિન્નતાથી જૈન સમાજમાં વિચિત્ર સૂરો નીકળે છે. અને જૈન જે ફાટ્યું ને હાંકયે રાખે છે. જેનું કોઈ સાંભળનાર નથી, નથી કોઈ સાર, આ બધી સમાજની અંધાધુંધી છે. સંગઠ્ઠન સૂત્રના દોરપર જૈન જીવન શરૂ થશે ત્યારેજ સમાજનું નવજીવન શરૂ હશે.

યુવકો પરિષદ્ના કાર્યમાં પોતાનો યથોચિત ભોગ આપવા તૈયાર થાય અને સાચા મીશનરીનું દળ તૈયાર થઈ પ્રેમ અને સહાનુભૂતિના પાઠો ભણાવવા અને જનતાને જાગૃતિમાં લાવવા બહાર આવે.

હું ઇચ્છું છું કે પરિષદ્માં નીચેના ઠરાવો કરવામાં આવે તો સમાજને અને દેશને ઘણા હિતકર થઈ પડશે.

(૧) **ખાદી પ્રચાર:**—એટલે હાથકતામણ અને વણાટને ઉત્તેજન.

(૨) **દીક્ષાની વય:**—અઢાર વર્ષની ઠરાવવી અને જ્યાં જ્યાં અઢાર વર્ષથી નીચેનાં બાળક-બાળકીઓને દીક્ષા અપાતી હોય ત્યાં જાનના જોખમે જુવાનોએ જંગ ખેલવો.

(૩) **જૈન સાહિત્યનો વિકાસ:**—(ક) બાલ સાહિત્યનું પ્રકાશન કરવું (ખ) સમજી શકે તેવા પુરુષ અને સ્ત્રીઓ માટે જૈનીઝમના સિધ્ધાંતના પુસ્તકો દરેક ભાષામાં તૈયાર કરવાં. (ગ) જૈનીઝમના સિધ્ધાંત દરેક પ્રજા સમજી શકે તે માટે ત્રણ ભાષામાં સામયિક પત્રો શરૂ કરવા. (૧) અંગ્રેજી (૨) હિન્દી (૩) ગુજરાતી.

(૪) **સામાજિક સુધારા:**—(ક) બાળલગ્નને સમાજમાં સ્થાન હોવું ન જોઈએ, (ખ) વૃધ્ધ લગ્ન, કન્યાવિક્રય કજોડાં લગ્નના દંભી અને પાપી રિવાજો બંધ થવા જોઈએ. પુનર્લગ્નનો કાયદો સમાજ આગળ ધરવો જોઈએ ૩૦ વર્ષ સુધી કોઈપણ જૈન વિધવાને પુનર્લગ્નની છૂટ મળવી જોઈએ. પુરુષોને જેટલો હક્ક છે તેટલો સ્ત્રીઓને કેમ હોવો ન જોઈએ. (ઘ) ૪૦ વર્ષ સુધીનો પુરુષ માત્ર લગ્ન કરી શકે એટલીજ માત્ર છૂટ હોવી જોઈએ અને તે ઉપરાંતની ઉમ્મરના લગ્ન થતાં હોય ત્યાં ત્યાં ઉત્સાહી વીરોએ પહોંચી જઈ લગ્ન અટકાવવા કટિબધ્ધ થવું જોઈએ.

(૫) **પરચરણ વિષયો:**—(ક) સ્ત્રીઓ ગૃહ ઉદ્યોગ, શિક્ષણ અને બાલ પરચુરણ કાર્યો આદરી શકે માટે વનિતા-વિશ્રામની સ્થાપના કરવી અને તે અંગેનો સર્વ કાર્યક્રમ જૈન સ્ત્રી મંડળને હસ્તક હોવો જોઈએ, (ખ) રેડિયોસરવીસ દ્વારા વિદ્યાર્થીઓને ઉત્તેજન મળવું જોઈએ. (ગ) દહેરાસર અને બીજા ધાર્મિક કાર્યનો બોજો યુવાનો પર રાખવો જોઈએ. (ઘ) યુવાનો તરફથી એક રજીસ્ટર બેંક જોઈએ જેમાં દરેકયુવાન પોતાના પૈસા અનામત રાખી શકે. (ચ) આ પરિષદ્ને અંગે એક સંઘ સ્થાપવો જોઈએ જેનું નામ અખિલ ભારત જૈન યુવક સંઘ રાખવું જોઈએ, તેની શાખાઓ દરેક પ્રાંતમાં રાખવી જોઈએ અને સભાસદ પાસેથી વાર્ષિક રૂા. ૧-૦-૦ લેવો જોઈએ.

સૌ ભાઈ બહેનો પરિષદ્ની સફળતા ઇચ્છશે એ આશા સાથે વિરમું છું. —જયન્તિલાલ ડી. શાહ.

ક્રાઉન લાઈફ ઑફ કેનેડા.

કેનેડા, યુનાઇટેડ સ્ટેટસ ઑફ અમેરિકા, અથવા તો ઇંગ્લેંડમાં ત્યાંના વીમાના ધંધામાં પ્રતિષ્ઠા ધરાવતા ઓધ્યેદારો ક્રાઉન વીમા કંપનીની જેટલી કદર આંકે છે તેના કરતાં વિશેષ કદર બીજી કોઇ કંપનીની આંકતા નથી.

પ્રિમિયમના દર ઘણાજ સસ્તા અને પોલીસીની શરતો ઘણી જ ઉદાર છે. કંપનીની નફા સહિતની પેઇડ-અપ કરાવેલી પોલીસીઓ ઉપર પણ તેની મુદત પાકતાં સુધી બોનસ ચાલુ રહે છે.

કંપનીની વિના પ્રિમિયમે પૂરેપૂરી રકમનો વીમો અનેક વર્ષો સુધી ચાલુ રાખવાની શરતો ઘણી જ ઉદાર અને આકર્ષક છે.

અમારી પોલીસીઓ બીજાની સાથે સરખાવી જુઓ.

આબરૂદાર અને અનુભવી ગૃહસ્થોએ એજન્સીની શરતો માટે ચીફ એજન્ટની સાથે પત્રવ્યવહાર કરવો.

ક્રાઉન લાઈફ ઇન્સ્યુરન્સ કંપની

ટોરોન્ટો : કેનેડા

ચાલુ વીમો ડોલર ૧૩૮,૮૨૧,૯૧૫.૦૦
અસલ્યામત ડોલર ૧૮,૮૯૩,૦૮૧.૦૦

હિન્દના વડા એજન્ટ:—
ટી. ડબલ્યુ બ્રઝ.
૧૨, રેમ્પાર્ટ રો, ફોર્ટ, મુંબઇ.

ટેલીફોન નં. ૨૪૧૭૬.

મુંબઇ ઇલાકાના મુખ્ય એજંટસ:—
સી. ટી. શાહ એન્ડ કું.
૧૨ રેમ્પાર્ટ રો, ફોર્ટ, મુંબઇ.

વિગતો માટે લખો, રૂબરૂ મળો યા ટેલિફોન કરો.

"Federation of Jain Sanghs."
યાને
સંયુક્ત જૈન મહા સંઘ.

—શ્રીયુત મણીલાલ મોહનલાલ ઝવેરી

આપણી શ્વેતાંબર જૈન કોન્ફરન્સનું અધિવેશન ભરવાનું નક્કી થયું છે. કોન્ફરન્સ ભરાશે ત્યારે જૈનોને લગતા અગત્યના વિષયોની ચર્ચા થશે અને ઠરાવો થશે. ૩૦ વર્ષથી અવારનવાર આ પ્રમાણે કોન્ફરન્સના અધિવેશનો ભરાય છે, પણ તેના સંચાલકોના પ્રયત્નોની ખામીના લીધે કે આપણા જૈન સમાજની બેદરકારીના લીધે; સાધુઓની છેલ્લા અમુક વર્ષોથી સમાજમાં કડવાશ ફેલાવતી પ્રવૃતિના લીધે કે સમાજ આગળ વધતો નથી તેના લીધે, કોન્ફરન્સના ઠરાવોનો અમલ કોઇ કરતું નથી. સાધુઓએ કરાવેલા સંઘોના ઝઘડાના લીધે ગામે ગામના સંઘોમાં વૈમનસ્ય ફેલાઇ ગયું છે, અને અત્યારે જૈન સમાજ છિન્ન ભિન્ન દશામાં આવી ગયો છે.

આવી છિન્ન ભિન્ન સ્થિતિમાં આપણી સામાજીક તેમજ ધાર્મિક ઉન્નતિ કેમ થઇ શકે તે સવાલ દરેક જૈનને મુંઝવે છે.

કોન્ફરન્સ કે તેવીજ કોઇ બીજી સંસ્થાની જરૂર અનિવાર્ય છે. સતત પ્રચાર કર્યા સિવાય પ્રજા તેમાં રસ લેતી થાય તેવો સંભવ નથી. આપણો યુવક આ કાર્યમાં અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે.

કોન્ફરન્સને સુધારીને, તેમાં ફેરફાર કરીને પ્રજાને તેમાં રસ લેતી કરી શકાય તેવી એક યોજનાની રૂપરેખા દર્શાવવાનો આ લેખમાં ઉદ્દેશ છે અને તે નીચે પ્રમાણે છે.

જૈનોની ખરેખરી સત્તા દરેક દરેક શહેરના સંઘના હાથમાં છે. આ સંઘો પોતપોતાની હદમાં જૈનોને લગતા કોઇ પણ સવાલોનો નીકાલ કરી શકે છે અને તેના ઠરાવોનો અમલ કરાવી શકે છે. ગામેગામનો સંઘ તે શહેરના દરેક દરેક જૈન ઘરનો પ્રતિનિધિ હોઇ તેના હાથમાં સદીઓથી આ સત્તા આવેલી છે,

કોન્ફરન્સ આ સંઘોનો એક 'મહા સંઘ' બનાવી સત્તા-બળવાળી એક કેન્દ્ર સંસ્થા ઉભી કરી શકે છે. આ સંસ્થાને "Federation of Jain Sanghs" નું નામ આપી શકાય.

જો આ જાતનું ફેડરેશન થઇ શકે તો દરેક દરેક જૈન પ્રજાના પ્રતિનિધિ હોવાનો દાવો કરી શકે તેવી સંસ્થા ઉભી થાય, તેનાથી પર અન્ય કોઇ સત્તા હોઇ નહિ.

જૈનોનાં ધામ, મુંબઇ, સુરત, અમદાવાદ, વડોદરા, પાટણ, પાલણપુર, ભાવનગર, રાધનપુર વિગેરે શહેરોના સંઘોનાં લાભની વાત હોઇ આ યોજનાનો વિચાર આગામી અધિવેશન વખતે તે સંઘોના આવેલા પ્રતિષ્ઠિત ગૃહસ્થોની એક સભામાં કરવાની જરૂર છે.

ઉપરના શહેરોમાંથી મુખ્ય ચાર કે તેથી વધુ શહેરોની સંમતિ મળે આ ફેડરેશન તરતજ ઉભું કરવું અને તેમાં બીજા સંઘો આવે તેમ દાખલ કરવા. એકે એક સંઘને સામટાજ ... કરવા રાહ જોવા જરૂર નથી. એક વખત ઉપર જણાવેલા સંઘોનું ફેડરેશન થાય તો બાકીના સંઘોને તેમાં જોડાવવું અનિવાર્ય થઇ પડે.

એવો ડર બતાવવામાં આવે છે કે અમદાવાદનો સંઘ આ જાતના ફેડરેશનમાં જોડાવવાની આનાકાની કરશે, કારણ કે આણંદજી કલ્યાણજીની પેઢીનું કામ તેઓ સંભાળતા હોઇ તેઓ પોતાની સત્તામાં બીજા શહેરોના સંઘોને ભેળવવા રાજી નથી પણ જો બીજા મોટા શહેરોના સંઘો આ ફેડરેશનમાં જોડાય તો એકલા અમદાવાદના સંઘને તમામ જૈનોની વતી બોલી શકવાનો હક્ક રહે નહિ. આ હક્ક જતો અટકાવવા તેમજ એકત્ર જૈનોના ભલાની ખાતર તેમાં ફરજીયાત જોડાવવું પડે. સતત મહેનતથી આ કાર્ય પાર પાડી શકાય.

ફેડરેશન "Indian National Congress" ના બંધારણ મુજબનું હોઇ શકે. ફેડરેશનમાં દરેક દરેક શહેરની વસ્તીના પ્રમાણમાં દર હજારે એક પ્રતિનિધિ મોકલે, ચૂંટણી દર વર્ષે થાય.

ફેડરેશન દર વર્ષે એક વખત મળે. તેનો પ્રમુખ બધાજ સંઘોની બહુમતિથી ચુંટાયેલો હોઇ શકે. પ્રતિનિધિઓની એક અખિલ હિંદ સમિતિ અને તે સમિતિએ ચૂંટી કાઢેલ એક કાર્યવાહક સમિતિ બનાવી શકાય, જે આખું વર્ષ કાર્ય કરે.

ફેડરેશનની કાર્યવાહક સમિતિ પોતેજ આણંદજી કલ્યાણજીની પેઢીનું કામ સંભાળી લે અથવા તો ફેડરેશનની હકુમત નીચે અત્યારની પેઢીના સભ્યો સાથે પોતાના સભ્યો રાખી પેઢીનું કાર્ય કરે.

ફેડરેશન અખિલ હિંદના જૈનોના ધાર્મિક તેમજ સમાજીક સવાલોનો નીકાલ કરી શકે જેવા કે:—

૧. શહેરોની અંદરના કુસંપો દૂર કરવા.
૨. મંદિરોને લગતા પ્રશ્નો.
૩. સાધુઓને લગતા પ્રશ્નો.
૪. તીર્થોને લગતા પ્રશ્નો.
૫. દરેક શહેરના જૈનોની પેટા જ્ઞાતિઓને એકત્ર કરવાનો પ્રશ્ન.
૬. જૈનોની આર્થિક ઉન્નતિ કરવાનો પ્રશ્ન.

ફેડરેશનમાં જોડાયેલા સંઘોએ તેમાં પસાર કરેલા દરેક ઠરાવો માન્ય રાખવા જોઇએ. મતભેદ ઉભો થતાં પોતાની બહુમતિ મેળવવા પ્રયત્ન કરવો પણ એક વખત પસાર થયેલા ઠરાવો પ્રમાણે દરેક દરેક જૈને વર્તવું જોઇએ.

કોન્ફરન્સનું અધિવેશન મળે તે પહેલાં આ યોજના ઉપર ચર્ચા થાય તે ઇચ્છવા યોગ્ય છે, કે જેથી આ અધિવેશનમાં આ વિષયનો ઠરાવ લાવી શકાય.

યુવક માનસની આદર્શ પ્રતિમા.

ઋતુઓની રાણી વસંત, વર્ષભરના શ્રમથી વિશ્રાંત આત્માઓને આરામ અને ઉલ્લાસની ભૂમિકા સમી વસંત, વર્ષમાં એક વારજ આવે છે. પરંતુ લાવે છે સાથે આલ્હાદ જનક વાતાવરણ, ચેતનના કિરણો અને વિકસિત કુસુમોની સૌરભ. એ ઋતુરાણીના આગમનની સાથેજ દશે દિશામાંથી કિલકિલાટ કરતા પક્ષીઓનાં મધુર સંગીતો અને નવ વિકસિત કુસુમોના પરાગની રમ્ય સુગંધીઓ વાતાવરણને ઉલ્લાસિત અને પ્રેરણાત્મક બનાવી દે છે. પરંતુ એ કુદરતની કૃતિ યુવક હૃદયોને જેટલાં ઉલ્લસિત બનાવે છે, તેથી વિશેષ અંતરાત્માઓને ઉલ્લસિત બનાવનારી, ભાવનાઓની ભવ્ય રોશનીઓનો અણમૂલો પ્રકાશ આપનારી આદર્શોની વિહાર ભૂમિ સમ ઓપતી અને પ્રતિક્ષણે જેનાં આગમનની આતુરતાથી રાહ જોવાતી હોય એવી કોઇ પણ રમ્ય વસ્તુ હોય તો તે યુવકોના પ્રાણ સમી યુવક પરિષદજ હોઇ શકે.

આજે મુબઇ નગરીના રમ્ય આંગણે એ મહોદેવીનાં મંદિરના કીર્તિસ્તંભ રોપાય છે, એનાં મંદિરના પ્રવેશદ્વારે આજે અનેક યુવાનો પોતાની સુદૃઢ ભાવનાઓથી એ મહાદેવીની ભક્તિ કરવા પગલાં પાડી રહ્યાં છે અને વિધવિધ વિચારોરૂપ નૈવેદ્યના થાળ લઇ ઉભા રહ્યા છે, અને એઓનાં હૃદયના ઉંડાણમાંથી એકજ ધ્વનિ નીકળે છે કે એ પરિષદ મહાદેવી અમારાં માનસની આદર્શ પ્રતિમા કેમ બની શકે ? એ ધ્વનિને મૂર્તસ્વરૂપ આપવા માટે, એ ભાવનાઓની સિધ્ધિને અર્થે યુવક શકતીઓ અનેક પ્રકારનાં મનોરથો સેવી રહ્યા છે. અને તેઓ પોતાનું સમગ્ર ધ્યાન એ આદર્શ પ્રતિમાના ઘડતર પાછળજ આપી રહ્યા છે. અને એ ઉપરથી સહેજે આશા રાખી શકાય કે એ શકિતઓની એકાગ્રતાના પરિણામે અવશ્ય એ પ્રતિમા એવી તેજોમયી બનશે કે જેથી એ મહાદેવી યુવકોની મહેશ્વરી આરાધ્ય પ્રતિમાજ બની રહેશે. અને સાથે સાથે એ આશાને ફળી ભૂત કરવા માટે યુવાનોએ અનેક વિચારોરૂપી હથીઆરો અને અવનવી ભાવનાઓની રંગબેરંગી પીંછીઓનો યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. એ નિઃસંશય છે.

આજે જગતભરમાં નવયુગની નોબતો ગડગડી રહી છે, એ પોતાના ભીષણ નાદથી જગતને પ્રગતિને પંથે પ્રયાણ કરવા આવ્હાહન કરી રહી છે, અનેકવિધ પ્રગતિનાં પૂરો જુના કચરાપુજને સાફ કરતાં આગળ ધસી રહ્યાં છે. જુની પ્રણાલિકાઓ, જુની રૂઢીઓ અને જુની સત્તાશાહીઓ સામે દેશભરના યુવાન વર્ગે કયારનાએ મોરચાં માંડી દીધા છે, અને એઓની અનેકવિધ પ્રવૃત્તિઓએ સત્તાશાહીના કિલ્લાઓમાં ગાબડાંઓ પાડી દીધા છે. આજે કોઈ એવી જુની પ્રણાલિકાની બેડીઓ હસ્તિ નહિ ધરાવતી હોય કે જેની સામે યુવકોએ પોતાના વિચારોના હથોડાઓ ઠોકયા નહિ હોય અને આજે કોઇ પણ એવો યુવાન અસ્તિત્વ નહિ ધરાવતો હોય કે જે શેહશાહી અને સત્તાશાહીની ભીષણ ચકકીમાં પોતાની સ્વતંત્રતાના ચૂરા કરાવવા ઇચ્છતો હોય આવા પ્રગતિમય સમયે શું જૈન યુવાનો પાછળ રહી ધોંયા કરશે ? શાંતો વિતંડવાદમાં યુવાનીનો અમૂલ્ય સમય ગુમાવી અંધકારની કાળી છાંયાને આવરાતી પોતાની આસપાસ જોઇ રહેશે નહિ, કદાપિ નહિ. જૈન યુવાનોને એ હરગીજ પાલવી શકે નેમ નથી, જન યુવાનોને પણ પ્રગતિના રમ્ય હિંચકે હિંચવાની તમન્ના જાગી છે. એટલુંજ નહિ પણ તેઓને એનાં મિષ્ટ ફળો ચાખવાની એટલી બધી તીવ્ર ઇચ્છા વ્યાપી છે કે, એ કોઇ પણ ભોગે એ મેળવવા તલસી રહ્યા છે. તેઓ જાણે છે કે તેઓનાં માર્ગમાં અનેક વિઘ્નોની વાડો ઉભી થવા પામશે, અનેકવિધ મૂશ્કેલીઓની ધારાઓ પણ વર્ષશે અને કોઇ કોઇ ક્ષણે નિરાશાની કાળી છાંયાઓ પણ છવાએલી દેખાશે પરંતુ તેઓ એટલું મજબુત આત્મબળ ધરાવે છે અને તેઓનો એટલો દૃઢ નિશ્ચય છે કે એ સઘળી મૂશ્કેલીઓ અને વિઘ્નોનો સામનો કરી પોતાના ધ્યેયની નૌકા સહીસલામત પાર ઉતારશે.

આજે જૈન યુવાનોનો કસોટીનો કાળ આવી ચડયો છે, પરિષદને આદર્શ પ્રતિમારૂપ બનાવવાની તમન્ના સેવનારા યુવકો માટે આજે એક એવી ઘડી આવી ઉપસ્થિત થઇ છે કે જો તેઓ પોતાના ધ્યેય પ્રત્યે, પોતાની આદર્શ ભાવનાઓ પ્રત્યે એકાગ્રતા રાખી પોતાના કર્તવ્ય માર્ગ ઉપર ખડા રહેશે. કોઇપણ જાતનો અહંભાવ કે મમત્વની જરાપણ કદરૂપી છાંટ પોતાના વિચારોની વર્ણ પીંછી પર નહિ લાગવા દેશે, અને એ રીતે પોતાના વિચારોરૂપ પીંછીઓથી એ મહાદેવીમાં ધ્યેયના પ્રાણ પૂરશે તો આશા છે કે જરૂર એ પરિષદ મહાદેવી યુવક માનસની આદર્શ પ્રતિમા બનશે અને દેશભરના યુવાનો દેવીનાં પવિત્ર ધામની યાત્રાએ આવી પોતાને કૃતકૃત્ય થયેલા માનશે.

—મનસુખલાલ લાલન.

શરદીને હાંકી કાઢવા માટે

જેનો ઇન હેલર



'સોએ સો ટકા ખાત્રી.'

વખત તથા નાણાં બચાવવા માટે

શરદી, સળેખમ, તાવ, ઇન્ફ્લ્યુએન્ઝા ઉધરસ, માથાનો દુખાવો વીગેરે દર્દો ઉપર ફકત થોડી મીનીટ સુંઘવાથી ચમત્કારીક ફાયદો કરે છે. આ ટયુબ ગમે ત્યાં બીસામાં રાખીને લઈ જઇ શકાય છે, અને દેખાવમાં સુંદર છે.

સોલ એજન્ટ:—

ડાહ્યાલાલ એન્ડ કું૦ દવાવાળાઓ.

પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ.

વર્ષો થયાં સુપ્રસિધ્ધ થયેલો હિંદી બનાવટનો

રજીસ્ટર્ડ નં. ૪૪.

વીર બામ

તથા

જવાહીર બામ

સંધીવા, માથાનો દુઃખાવો. ચસકા આવવા, શરદી, સળેખમ, સાંધાનો તથા ગળાનો સોજો, કમ્મર, પીઠનો દુઃખાવો, ઇન્ફ્લ્યુએન્ઝા, ઘા વાગવેા તેમજ છાતીનો દુઃખાવો વિગેરે તમામ દરદો ઉપર ઘણોજ અકસીર ઇલાજ છે.

ઘણાંએ સર્ટીફીકેટો માંહેલું એક સર્ટીફીકેટ

તમારો વીરબામ મેં વાપર્યો છે અને મને પાકી ખાત્રી થઈ છે જે માથા તેમજ શરીરના તમામ દરદો તથા સંધીવાનો અકસીર ઇલાજ છે.

લી. જૈન ઓસવાળ સોસાયટીના ડીસ્પેન્સરી ખાતાના મેનેજર,

મી૰ એમ. ડી. પારેખ.

મુંબઇનાં એજન્ટો.

વીઠલદાસ નારણદાસ—જુમા મસ્જીદ.
વીઠલ સ્ટોર્સ—૨૮, બજારગેટ-કોટ.
રતીલાલ ગોવિંદજી—કરીયાણા બજાર.
એચ. એમ. શાહ—નળ બજાર.

વીરબામ ફેકટરી.

પ્રોપ્રાયટર—મોહનલાલ પાનાચંદ શાહ.

કરીયાણા બજાર, તુલસી ભુવન, પહેલે માળે—મુંબઇ નં. ૩.

સિન્ધુ પ્રદેશમાં જૈન ધર્મ.

પુરાતન કાળમાં આ પ્રદેશ "પાતાલન" નામથી ઓળખાતો હતો તેને વર્તમાનમાં સિન્ધુ નામથી ઓળખાવવામાં આવે છે. ઐતિહાસિક યુગ પહેલાં એટલે આજથી ચાર હજાર વર્ષો ઉપર જૈન ધર્મનો પ્રચાર આ પ્રદેશમાં સારા પ્રમાણમાં થયેલ હતો પરંતુ તે સમયનો ઇતિહાસ આજે જૈનોના સેંકડો સાધુઓ હોવા છતાં જાણવામાં આવી શકતો નથી. પુરાતન સમયમાં જૈનધર્મનો પ્રચાર કરવા નિર્ગ્રંથો, શ્રમણો, તપસ્વીઓ અને ભિક્ખુઓ દ્વારા આખાયે ભારતવર્ષ ઉપરાંત એશિયા ખંડમાં ફેલાએલ હતો. તેમ જૈનધર્મની આબાદી માટે સ્તુપો, વિહારો, ગુફાઓ, મંદિરો, મૂર્તિઓ અને શિલાલેખો કોતરાવી યાને સ્થાપત્ય કરાવી જેઓ પોતાના નામો અમર કરી ગએલ છે, જે તપાસવા તેમજ શોધવા માટે વર્તમાનનો સાધુ સમાજ તદ્દન બેદરકાર છે. આથી કરીને તેઓ પ્રમાણભૂત ગણાતા જૈન ઇતિહાસનું ગૌરવ જાણી શકયા નથી તેમ બીજાઓને યોગ્યરીતે બતાવી શકતા નથી.

જૈન સાહિત્યમાં સિન્ધુનો સૌવીરદેશના માટે ઘણે ઠેકાણે ઉલ્લેખો થયેલ મળી આવે છે, તેમજ તે પ્રદેશના જૈન અવશેષો આપણા ઇતિહાસમાં ઘણાજ ઉપયોગી અને રસદાયક છે. જે પ્રદેશમાં જૈનધર્મ એક અગ્રસ્થાન ભોગવતો, તે પ્રદેશમાં વર્તમાનમાં એક જૈન શ્રમણ–સાધુનો વિહાર થતો જોવામાં કે સાંભળવામાં આવતો નથી, આ પ્રદેશમાં આજથી ચારસો વર્ષો આસપાસ ખરતર ગચ્છના જૈનાચાર્યો દ્વારા સારા પ્રમાણમાં જૈન ધર્મનો પ્રચાર થતો અને તેમના ઉપદેશથી આ પ્રદેશના ધનિક જૈનોએ હિમાલયમાં આવેલ કાંગડા તીર્થનો સંઘ મોટા ખર્ચે લાવ્ય ગએલ હતા. જુઓ, વિજ્ઞપ્તિ ત્રિવેણી. લેખક મુનિ જિનવિજયજી.

પુરાતન અવશેષો:—

૧. ખોડિસર નામનું ગામ કે જે થરપારકર જીલ્લામાં આવેલ છે તેના જૈન મંદિરોનો શિલાલેખ સંવત ૧૫૦૫ અર્થાત્ ઇસવીસન ૧૪૪૯ની સાલનો મળી આવેલ છે. અહિંયા સરકારી શોધખોળ ખાતાને ચાર જૈન મંદિરો મળી આવેલ તે મંદિરો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપતાં તેની પુરાતન ઐતિહાસિક શિલ્પકળાનો નાશ થયેલ, જેનાથી સિન્ધના કલેકટર સાહેબે તે સામે પોતાનો સખ્ત વિરોધ સરકારી છાપામાં બતાવ્યો હતો.

૨. 'દેરાઉલ' નામનું ગામ, જીલ્લા બાવલપુરમાં આવેલ છે. તેના જૈન મંદિરનો શિલાલેખ વિક્રમ સંવત ૧૩૮૯ ના ફાગણ મહિનાનો મળી આવેલ છે જે ખરતરગચ્છના જૈનાચાર્ય શ્રી જિનકુશલસૂરિના સમયનો છે.

૩. 'હાલા' એ નામનું ગામ હૈદ્રાબાદ જીલ્લામાં આવેલ છે. જ્યાં જૈન મંદિર ઉપરાંત જૈનાચાર્ય શ્રી જિનકુશલસૂરિની પાદુકા છે.

૪. 'હારેા' એ નામનું ગામ આ પ્રદેશમાં આવેલ છે જે પુરાતન સમયમાં પારીનગર નામથી પ્રખ્યાત હતું. જેના મંદિરનો શિલાલેખ વિક્રમ સંવત ૧૪૩૨નો ઐતિહાસિક છે. આ મંદિરના અવશેષો કરાંચી મ્યુઝીયમમાં પડેલા છે.

૫. 'વીરાવહ' નામનું ગામ આ પ્રદેશમાં છે. અહિંયા જૈન મંદિરો પુરાતન સમયમાં ઘણાં હતાં, તેનો ઇતિહાસ ઇ. સ. ૪૫૦ નો મળી આવેલ છે.

૬. 'મુલતાન' કે જે આ પ્રદેશમાં મોટું શહેર છે જ્યાં પ્રાચીન સમયમાં જૈન મંદિર હતું તેમજ જૈનોની વસ્તી પણ સારા પ્રમાણમાં હતી ત્યાં સંવત ૧૬૬૮માં મૃગાવતી ચરિત્રના કર્તા શ્રી સમયસુંદર લખે છે કે:—

—સિન્ધુ શ્રાવક સદા સૌભાગી
ગુરૂ ગચ્છકેરા બહુ રાગી.

૭. આબકરા કે બગશેર નામ જે બક્કર હોય તો તે હૈદ્રાબાદથી ઇશાનકોણમાં સક્કર પાસે જૈનોનાં પવિત્ર સ્થળ તરીકે છે.

(ભૂ. હ. પ્રષ્ઠ ૭૮).

૮. 'વારાવાન' એ સ્થળ થરપારકર જીલ્લામાં આવેલ છે. અહિંના નાશ પામેલ જૈન મંદિર અંદરની એક મૂર્તિ મંદિર બનાવનારની શિલ્પકળાના નમુનાવાળી મળી આવેલ છે તેના પરનો શિલાલેખ વિક્રમ સંવત ૧૨૭૧ ના વૈશાખ વદ ૪ નો કોતરાએલ છે. આ મૂર્તિ મુંબઇ પ્રીન્સ ઓફ વેલ્સ મ્યુઝીયમમાં છે.

આ સિવાય કેટલાએક જૈન મંદિરો, મૂર્તિઓ અને શિલાલેખો ભૂમિના પડો નીચે દટાએલ પડ્યા છે. અને જેટલા શોધખોળ ખાતાને હાથ આવ્યા છે તે અવશેષો કરાંચી મ્યુઝીયમમાં રાખવામાં આવેલ છે. ઉપર બતાવેલ શિલાલેખો પુરાતત્ત્વના અભ્યાસીઓ તેમજ ઇતિહાસ પ્રેમીઓને ઉપયોગી થઇ પડશે એમ ઇચ્છું છું.

નાથાલાલ છગનલાલ શાહ
જૈન ઇતિહાસના અભ્યાસી, પાલણપુર.

માત્ર ત્રણ શબ્દો

N. R. G.
એન. આર. જી.

એટલે

શક્તિ
સ્ફુર્તિ
અને
જુવાની આપનારૂં અજોડ ટોનીક.

સાતમા એડવર્ડના રાજ્ય તબીબે તે બનાવ્યું છે. પ્રોફેસર બ્રાઉન સીકવર્ડ તેને બાવી લાયક વર્ણવ્યું છે. N. R. G. એન. આર. જી. તમારા દવાવાળા પાસેથી મેળવો. સહેલાઇથી ગળી શકાય તેવી ગોળીઓના આકારમાં જાણે તંદુરસ્તી અને ઉલ્લાસ તમને આવી મળશે.

Sole Agent:—
N. R. G. Laboratories,
P. O. Box No. 2027, Bombay.

બંધારણની નૂતન યોજના.

—અમીચંદ.

[રા. અમીચંદભાઇએ તરૂણ જૈનના પહેલા અંકમાં 'પુરાતનવાદ નીચે સૂરંગ ગોઠવો' એ હેડીંગ નીચે એક લેખ લખ્યો હતો, તેમાં તેમણે આધુનિક બંધારણ યુગાનુરૂપ નથી, તેને સ્થાને નવીન બંધારણની જરૂર છે, એમ જણાવ્યું હતું અને તે માટેની એક યોજના રજુ કરવાનું વચન આપ્યું હતું, તે પ્રમાણે તેઓશ્રીએ ખૂબ અભ્યાસ કરીને મનન પછી આ લાંબી યોજના તૈયાર કરી છે. કોન્ફરન્સનું ચૌદમું અધિવેશન અને યુવક પરિષદના ટાણે આ યોજના વિચારાય એ ઇચ્છનીય છે. અમને આશા છે કે નૂતન બંધારણ ઇચ્છતા પ્રગતિપિપાસુ યુવકો માટે નવીન બંધારણની આ યોજના ખૂબ માર્ગદર્શક થઈ પડશે. **તંત્રી.**]

જ્ઞાતિ અને ઘોળોના વાડા બાંધીને તેના રક્ષણ માટે ગેરવ્યાજબી કાયદા કાનુનોની દિવાલો ઉભી કરી સમાજની થતી પડતીના કારણોવાળો એક લેખ 'તરૂણ જૈન' ના પહેલાજ અંકમાં મેં લખેલો, ત્યારે વિશાળ અને પ્રગતિકારક બંધારણ ઉપર પછી લખવાની ખાત્રી આપેલી. એટલે તેની સુધારણાઅંગે બંધારણનો ખરડો તયાર કર્યો તે રજુ કરૂં તે પહેલાં તેનો આશય આ છે.

હાલની જ્ઞાતિઓ અને ઘોળો ભેદ ભાવવાળી સંકુચિત દશા ફગાવી દઇ વિશાળતામાં આવે તો ભેદભાવ ટળે; અને બન્ધુભાવ વધે. આથી જૈન ધર્મ પાળનાર દરેક મ્હારો બન્ધુ છે, દરેકને ભેદભાવવાળી બીલકુલ અગવડ છેજ નહિ, એવી ભલી લાગણીનું વૃક્ષ પુલે, ફાલે ને સમાજ દરેક પ્રકારની પ્રગતિ સાધી શકે.

જુનાં તંત્રોમાં સુધારણા કરવા યુવાનો શક્તિ પૂરતો આ યોજનાનો ઉપયોગ કરી શકે.

જ્ઞાતિના રખેવાળો જુના તંત્રોને સુધારવાની દાદ નજ આપે તો જ્ઞાતિ અને ઘોળોને ન માનનારા બન્ધુઓ તથા બ્હેનોનું સંગઠન કરી જૈન ધર્મ પાળનાર સાથે રોટી વ્યવહાર તથા બેટી વ્યવહાર કરવાના મુદ્દા ઉપર એક વ્યવસ્થિત સંસ્થા ઉભી કરી સંકુચિત સ્થિતિ નાબુદ કરે.

ઉપરના હેતુથીજ સને ૧૯૩૩ ની સાલમાં એક યોજના તૈયાર કરવામાં આવેલી અને તેને મે માસમાં મ્હારી અને મણીલાલ એમ. શાહની સહીથી લગભગ સો ભાઇ બ્હેનોને ખાનગી મોકલવામાં આવેલી.

આ પ્રમાણે ખાનગીમાં મોકલવાનો એજ આશય હતો કે આની કોઇ પણ યોજના સમાજ પાસે રજુ થાય તે પહેલાં સમાજના અનુભવી અને વિચારક બંધુઓની કસોટીએ ચઢી એ વધારે શુધ્ધ બને. આથી લગભગ ચાળીસ ભાઇઓએ સુધારા વધારા સૂચવેલા તે નજર સન્મુખ રાખીને મૂળ યોજનામાં ફેરફાર કરી મૂકું છું અને ઇચ્છું છું કે વાંચકવર્ગ ધીરજપૂર્વક વિચારે અને જ્યાં જ્યાં સુધારા વધારા કરવા લાગે તે સૂચવે અને એ તંત્રો સુધારવા અનતું કરે.

૧ નામ—શ્રી જૈન સુધારક સંઘ.

૨. **ઉદ્દેશ**;—જૈન સમાજમાં અંતરગત જ્ઞાતિઓ અને ઘોળોના સંકુચિત ક્ષેત્રમાંથી વિશાળ ક્ષેત્રમાં આવવા, જૈન સમાજનું સંગઠન, કન્યા લેવડદેવડનો વ્યવહાર, ભોજન, શુધ્ધિ, આર્થિક સુવ્યવસ્થિત કેળવણી વિગેરે સમાજ પ્રગતિના દરેક બનતા ઉપાયો યોજવા, સાથે રાષ્ટ્રભાવના ખીલવવા બનતું કરવું.

૩. **સભ્ય**;—જ્ઞાતિ, તડો અને ઘોળો નહિ માનનારા, જૈન ધર્મના અનુયાયી કોઇપણ ભાઇ કે બ્હેન નીચેના નિયમાનુસાર સમાજમાં સભ્ય થઈ શકશે.

૧. જૈનધર્મ પાળનાર ગમે તે જૈનમાંથી અઢાર વર્ષની ઉમ્મર ઉપરના ભાઇ અને સોળ વર્ષની ઉમ્મર ઉપરનાં બ્હેન સભ્ય થઇ શકશે.

૨. સભ્ય થનાર દરેક ભાઇબ્હેને પોતાની સહી સાથેનું પ્રતિજ્ઞાપત્ર ભરીને દાખલ ફી સાથે મોકલી આપવું જે કાર્યવાહી સમિતિમાં પાસ થયા બાદ સભ્ય ગણાશે.

૩. દાખલ ફી રૂા. ૧૦) લેવામાં આવશે,

૪. જૈનેતર ધર્મના કોઇપણ ભાઇ તેમજ બ્હેન જૈન ધર્મનો સ્વિકાર કરી આ સંસ્થના સભ્ય થઇ શકશે.

૪. **સંમેલન**:—સામાન્ય સભા વર્ષના આખર દિવસોમાં સંસ્થાના સમગ્ર સભ્યો ઉપર અઠવાડીયા પહેલાં આમંત્રણો મોકલી અમુક સ્થળે સંમેલન ભરવામાં આવશે, તેમાં આખા વર્ષના કામકાજનો હેવાલ, ઓડીટ થયેલો હિસાબ રજુ કરવામાં આવશે. તેને મંજુરી મળ્યા બાદ એક વર્ષ માટે સંસ્થાનો વહિવટ કરવા એક પ્રમુખ, ઉપપ્રમુખ, બે મંત્રીઓ અને એક ખજાનચી એમ પાંચ ઓબ્ધેદારો સહ એક કાર્યવાહી સમિતિ નીમશે. જુના અને નવા નિયમો અંગે

આવેલ ખરડાઓ ઉપર ચર્ચા કરી નિકાલ કરશે, સમાજની ઉન્નતિઅંગે ચર્ચા કરી. આખી સાલનો કાયક્રમ નકકી કરશે.

૧. આ સભાનું કામકાજ વધુમાં વધુ ત્રણ દિવસ સુધી ચાલશે. તેમાં પ્રમુખસ્થાને સંસ્થામાંથી કોઇ પણ સભ્યને બેસાડી શકાશે.

૨. સંસ્થાના વહિવટી નિયમોમાં ફેરફાર તથા બીજા સામાન્ય ઠરાવો બહુમતિથી થશે.

૩. જે ઠરાવો સભ્યોને કાનુન તરીકે બંધન કરનારા પાસ કરવામાં આવશે, તે દરેક સભ્યને (હાજર કે ગેરહાજર) પાળવાના હોવાથી તેવા નિયમોને સભામાંથી સભ્યોના પંચોતેર મત મળશે તો તે પાસ થયા ગણાશે અને દરેકને લાગુ પડશે.

૪. સભ્યને કાનુન તરીકે લાગુ પડતા જુના નિયમોમાં ફેરફાર કરવાને અંગે તેમ નવા દાખલ કરવાના હોય તેનો ખરડો દરેક સભ્યે સંમેલન મળવાના બે માસ અગાઉ મંત્રીઓ ઉપર મોકલી આપવો પડશે, એવી રીતે આવેલા ખરડાઓની નકલ સંમેલન મળવાના એક માસ પહેલાં મંત્રીઓ દરેક સભ્યને મોકલી આપશે, તેના ઉપર સંમેલનમાં ચર્ચા થશે, ઠરાવ થશે, અને કમીટી નિમાશે. બે મહિના પહેલાં નહિ મોકલેલા ખરડા લેવામાં નહિ આવે.

૫. સગપણના કરાર:—

૧. દીકરીનું સગપણ તેની સંમતિ લઇ સોળ વર્ષની ઉમ્મર પછીજ કરી શકાશે,

૨. દીકરાનું સગપણ તેની સંમતિ લઇને અઢાર વર્ષની ઉમ્મર પછીજ કરી શકાશે.

૩. સગપણ કરતી વખતે કોઇ પણ જાતના પૈસા ટકા આપવા લેવાનો તેમ કોઇપણ પક્ષે કપડાં કે દાગીના આપવા લેવાનો વ્યવહાર નહિ કરતાં ફકત સંસ્થાની ઓફીસમાં બન્ને પક્ષે સગપણની નોંધ કરાવવી.

૪. કમીટીએ સગપણના નકકી કરેલા ફોર્મ ઉપર છોકરા છોકરીના વાલીઓ તેમજ સગપણ થનાર છોકરા છોકરીઓની સહી સાથેનું ફોર્મ રજુ કરવું અને તે નોંધ ફાઇલ કરવામાં આવશે, ફોર્મ નોંધાવવાના રૂા. ૫ પાંચ દરેક પક્ષ પાસેથી લેવામાં આવશે. વાલીવારસના અભાવે ફોર્મ ઉપર છોકરા છોકરીની સહી ચાલશે.

૫. સગપણ કર્યા પછી વર કે કન્યામાં ખોડખાંપણ આવે કે બંધારણાનુસાર કેળવણી ન લીધી હોય તો સગપણ રદ્દ કરનાર મંત્રીને સૂચના મોકલશે અને મંત્રીઓ યોગ્ય તપાસ પછી સંમતિ આપશે તોજ સગપણ રદ્દ કરી શકાશે.

૬. જૈનેતર સાથે સગપણ કરનાર કોઇપણ ભાઇ કે બ્હેન, સભ્યની પેટા કલમ ચોથી મુજબ વિધિ કરીને તેમની સાથે સગપણ કરી શકશે.

૬. લગ્નના કરાર:—

૧. કન્યાનું લગ્ન અઢાર વર્ષની ઉમ્મર પછીજ કરી શકાશે.

૨. દીકરાનું લગ્ન બાવીસ વર્ષની ઉમ્મર પછીજ કરી શકાશે.

૩. કુમાર કે કન્યા અભ્યાસ કરતાં હશે તો તેના વાલીઓ (બંને પક્ષમાંથી કોઇ પણ) કોઇ પણ વ્યક્તિ ઉપર લગ્ન કરવાનું બીલકુલ દબાણ કરી શકશે નહિ.

૪. લગ્ન કરવા પહેલાં વાલીઓએ અગર લગ્ન કરનારાઓએ સંસ્થાની ઓફીસમાં લાગો ભરી લગ્નચીઠ્ઠી મેળવીને લગ્ન કરવાં.

૫. લગ્ન કરનાર ભાઇએ વિમાની કોઇ પણ સધ્ધર કું. માં ઓછામાં ઓછા રૂા. ૧૦૦૬ એક હજારનો વિમો પોતાના નામનો ઉતરાવી તેમ પોતાની પત્નીના નામ ઉપર ચઢાવેલો હોવાની ખાત્રી કર્યા બાદ લગ્નની ચીઠ્ઠી આપવામાં આવશે.

૬. પ્રથમ લગ્ન કરનાર બન્ને પક્ષો તરફથી સંસ્થાને દરેક જણે રૂા. ૧૦૬ એકસો એક લાગાના અને પ્રથમ લગ્ન પછી જેટલી વાર લગ્ન થાય તેટલીવાર બન્ને પક્ષો સંસ્થાને રૂા. ૫૬ એકાવન આપવા પડશે.

૭. લગ્ન પ્રસંગે બન્ને પક્ષોએ મોટા આડંબર, મોટા જમણવાર ઇત્યાદિ નકામા ખર્ચ ન કરતાં તદ્દન સાદી રીતેજ લગ્ન કરી એકજ દિવસમાં લગ્ન સમારંભ પતાવી દેવો અને તે પ્રસંગે લાગા સિવાય વધુમાં વધુ રૂા. ૨૦૬ બસો એક સુધીનો ખર્ચ કરી શકાશે.

૮. લગ્ન પ્રસંગે કન્યાપક્ષ પોતાની પુત્રીને દાગીના, કપડાં વિગેરે જે આપવું હશે તે આપી શકશે. પરંતુ વરનો બાપ અથવા વાલી તરીકે જે હોય તે વરવધૂ લગ્ન કરીને ઘેર આવ્યા પછીજ જે આપવું હશે તે આપી શકશે.

૯. લગ્ન શુધ્ધ ખાદીમાંજ કરી શકાશે.

૧૦. લગ્ન પ્રસંગે વાલીઓ, સગાસ્નેહિઓ તરફથી લુગડાંની ભેટ આવે તો તે શુધ્ધ ખાદી કે શુધ્ધ સ્વદેશીમાંજ (મીલનું સુતર અને મીલનો કે હાથનો વણાટ) આપી શકાશે.

૧૧. લગ્ન પ્રસંગે બિભત્સ અને લાગણી દુભાવે તેવાં ગીતો નહિ ગાતાં લગ્ન પ્રસંગને છાજે તેવાં ઉત્તમ ભાવનાવાળા ગીતો ગાઇ શકાશે.

૧૨. લગ્ન વખતે પરણનાર બ્હેન લાજ ઘુમટો કઢાડી શકશે નહિ.

૧૩. પોતાની સ્ત્રી હયાત હશે ત્યાંસુધી કોઇ પણ પુરૂષ બીજી સ્ત્રી કરી શકશે નહિ.

૧૪. કોઇ પણ કુમાર કે કુમારિકાના લગ્ન વખતે ઉમ્મર સંબંધી વાંધો પડશે, અથવા બન્નેમાંથી કોઇને અસાધ્ય રોગ લાગુ પડયો છે એમ ડોકટર કે વૈદ્ય મત આપશે તો સ્વતંત્ર સમિતિ તપાસ કરીને જે નિર્ણય આપશે તે છેવટનો ગણાશે.

વિધુરના નિયમો:—

૧. વિધુર થનાર ભાઇ વિધુર થયા પછી પત્નીના શોક અંગે એક વર્ષ સુધી સગપણ કે લગ્ન કરી શકશે નહિ.

૨. પાત્રિસ વર્ષ ઉમ્મર પછીના કોઇ પણ વિધુર કુવારી કન્યા સાથે લગ્ન કરી શકશે નહિ.

૩. પચાસ વર્ષની ઉમ્મર ઉપરનો વિધુર કે કુવારો કોઇ પણ જાતનું લગ્ન કરી શકશે નહિ.

૮. **વિધવાના નિયમોઃ—**

૧. પોતાના પતિની મિલ્કતનો હિસ્સો દીયર, જેઠ કે સાસરાના કબજામાં હોય અને પોતાને સંતતિ ન હોય તો તે મિલ્કતમાંથી પોતાના દીયરના ભાગે જે મીલ્કત આવે તેમાંથી ૧/૨ હિસ્સો લઇ શકશે અને તે મેળવવામાં મૂશ્કેલીઓ આવશે તો સંસ્થાના મંત્રીઓને અરજી કરશે કે જેઓ સ્વતંત્ર સમિતિ નીમી તે અંગે ઘટતું કરશે.

૨. જે વિધવા બ્હેનને કોઇ પણ વાલી, વારસ નહિ હોય, તેમ આર્થિક સ્થિતિની મૂશ્કેલી હશે તેવી લેખિત અરજ મંત્રીઓને મળશે તો સંસ્થાની આવકમાંથી સમિતિના હુકમ અનુસાર મદદ કરવામાં આવશે.

૩. સંસ્થા તરફથી તેમજ સભ્યને ત્યાં થતાં દરેક સારા પ્રસંગોમાં સધવા જેટલોજ લાભ વિધવા બ્હેન લઇ શકશે.

૪. લગ્નઅંગે પુરૂષ જેટલા સમાન હક્ક રહેશે.

૯. **મરણના નિયમોઃ—**

૧. કોઇ પણ સભ્યને ત્યાં મૈયત થતાં તેણે એક માસની અંદરમાં મરણની વિગત સંસ્થાના ચોપડે લખાવવી પડશે.

૨. મરણ પ્રસંગે કૂટી શકાશે નહિ.

૩. મરણ પ્રસંગે બેસણું, પથાણું નહિ નાખતાં ફક્ત જે દિવસે મૈયત થાય તેજ દિવસે સ્નાન, સૂતક કહાડીને મરનાર આત્માને શાન્તિ પ્રાપ્તવા યોગ્ય સ્થાને શાન્તિ પ્રાપ્તવી.

૪. મરણ પાછળ નહાના યા મોટા કોઇ જાતના વરા કરી શકાશે નહિ, તેમ કોઇ પણ સ્થળે મરણ પાછળ થતાં કોઇ પણ વરામાં આ સંસ્થાના સભ્ય બીલકુલ ભાગ લઇ શકશે નહિ.

૧૦. રજીસ્ટર નિયમઃ—આ સંસ્થાની વસ્તિની સઘળી યાદી માટે એક રજીસ્ટર રાખવામાં આવશે જેમાં જન્મ, મરણ, સગપણ, લગ્ન, અભણ ભણેલા વિગેરેની યાદી કરવામાં આવશે અને દરેક તે સભ્ય નોંધાવશે.

૧૧. સંસ્થા છોડનારઃ—સંસ્થામાંથી કોઇ પણ સભ્યને રાજીનામું આપીને કે બંધારણ વિરૂધ્ધ વર્તાવ કરવાથી સંસ્થા છોડવી પડી હોય તેવા સભ્યો સંસ્થામાં ફરીથી દાખલ થવા પ્રતિજ્ઞાપત્ર ભરી દાખલ ફી સાથે મંત્રીઓ ઉપર મોકલી આપશે. મંત્રિઓ સમિતિમાં એ રજુ કરશે અને સમિતિને વ્યાજબી લાગશે તો સમિતિ જે કાંઇ રૂપિયા લેવાનું ઠરાવે તે દાખલ થનારે આપવા પડશે.

૧૨. **કેળવણીઃ—**સંસ્થાના સભ્યોએ પોતાના બાળકોને ઓછામાં ઓછી નીચે મુજબ ફરજિયાત કેળવણી આપવી પડશે.

૧. કન્યાને પ્રાથમિક સાથે પાંચ અંગ્રેજી સુધી.

૨. છોકરાને મેટ્રીક સુધી.

૧૩. લાજ ઘુમટો તે પડદાનો રિવાજ રાખી શકશે નહિ.

૧૪. દરેક સભ્યે પોતાના દેશમાં બનેલું કાપડ વાપરવું પડશે પણ પરદેશી કાપડ વાપરી શકાશે નહિ.

૧૫. સંસ્થાની આવક અને ભંડોળનો ઉપયોગ કેળવણી અને બીનરોજગારને બ્રર્થે વળગાડવામાં બરશે.

૧૭ **વહિવટી નિયમોઃ—**૧, **વહિવટઃ—**(૧) સંસ્થાનો દરેક પ્રકારનો વહિવટ સંસ્થાની પહેલી બેઠકે નકકી કરી આપેલા (પસાર કરેલા) નિયમાનુસાર કાર્યવાહિ સમિતિ કરશે. (૨) સંસ્થાના વહિવટનો હેવાલ સંસ્થાનો કોઇપણ સભ્ય સંસ્થાની ઓફીસમાં આવીને જોઈ શકશે, અને તેને નિયમ વિરૂધ્ધની ખામી જણાયતો તે કાર્યવાહિ સમિતિનું ધ્યાન બેંચશે. છતાં કાર્યવાહિ સમિતિ ધ્યાન નહિ આપે તો સંમેલન વખતે બે મહિના પહેલાં પોતાનો રિપોર્ટ મંત્રીઓ ઉપર મોકલી આપશે, અને મંત્રીઓ આવી બાબતો સંમેલનમાં રજુ કરશે. (૩) સંસ્થાની માલિકીનાં બેંકમાં થતાં નાણામાંથી ૧/૪ ભાગ સ્થાયી ફંડ ખાતે લઈ જવો. બાકીના ત્રણ ભાગમાંથી ઓફીસ બર્ચ બાદ કરતાં તમામ રકમ સંસ્થાના સભ્યોના હિત અંગેજ એટલે કેળવણી, વિધવાશ્રમ આર્થિક સહાય, આરોગ્ય વિગેરેમાં બરચવા.

૨. **સ્વતંત્ર સમિતિઃ—**સ્વતંત્ર સમિતિની વ્યાખ્યા નીચે મુજબ નકકી કરવામાં આવે છેઃ—(૧) સમિતિ ત્રણ સભ્યોની બનશે. (૨) ત્રણમાં એક સભ્ય ફરિયાદ પક્ષે સામાન્ય સભામાંથી પસંદ કરેલા સભ્ય રહેશે. બાકીના બે સભ્યોમાં એક સંસ્થાના કાયમી પ્રમુખ અને એકને કાર્યવાહક સમિતિ સામાન્ય સભામાંથી ચૂંટશે. એ મુજબ ત્રણ સભ્યોની બનેલી સમિતિને સ્વતંત્ર સમિતિ કહેવામાં આવશે. (૩) સ્વતંત્ર સમિતિ અરજદારની અરજીઓ, જુબાનીઓ, વિગેરે લેશે. અને જુબાનીઓ વિગેરે ઉપર સહીઓ લેશે. કોર્ટ કેસોણે તપાસ માટે જવું પડશે તો અરજદારોના બર્ચે જશે અને પૂરતી તપાસ કરી સર્વાનુમતે નિર્ણય આપશે તે છેવટનો ગણાશે.

૩. **કાર્યવાહક સમિતિઃ—**આ સંસ્થાના ઉદ્દેશને અમલમાં મૂકવા જે જે કરવાની જરૂર લાગશે તે પ્રમાણે કરવા તથા સંસ્થાનો તમામ વહિવટ કાર્યવાહક સમિતિ કરી શકશે. (૧) પોતામાંથી તેમ સામાન્યમાંથી સમિતિઓ નીમશે. (૨) સમિતિનું કોરમ ૧૩ સભ્યોનું ગણાશે. (૩) નોટીસ ઉપર મૂકેલાંજ કામો રજુ કરી શકાશે. (૪) કાર્યવાહક સમિતિના ૧૩ સભ્યોની કારણ દર્શાવેલી અરજી આવતા મંત્રીઓ અઠવાડીયામાં સમિતિ બોલાવશે. મંત્રીઓ નહિ બોલાવે તો અરજી કરનાર બોલાવી શકશે. કોરમના અભાવે મુલતવી રહેલી આવી સભાની અરજી રદ થયેલી ગણાશે. (૫) સભાની નોટીસ ત્રણ દિવસ પહેલાં કહાડવામાં આવશે. (૬) ચાલુ વર્ષ દરમ્યાન બોર્ધ્વેદારો અથવા સમિતિના સભ્યોની જગ્યા કોઇ પણ કારણસર ખાલી પડશે તો તેની પૂરવણી કાર્યવાહક સમિતિ કરી શકશે. (૭) કાર્યવાહક સમિતિનું કામકાજ બહુમતિથી કરશે.

૪. **મંત્રીઓની સત્તા**:—સંસ્થાના મંત્રીઓના નિયમ નીચે મુજબ છે:—(૧) કાર્યવાહક સમિતિની સુચનાનુસાર સંસ્થાના ઉદ્દેશોને અમલમાં મૂકવા જુદી જુદી પ્રવૃત્તિઓનો અમલ કરશે. (૨) યોગ્ય લાગશે ત્યારે, તેમજ પ્રમુખ સૂચના કરશે ત્યારે કાર્યવાહક સમિતિ બોલાવી શકશે. (૩) કાર્યવાહક સમિતિની સૂચનાનુસાર હિસાબ રાખશે તેમજ વહિવટ કરશે. (૪) સંસ્થાના કોઇપણ ખર્ચ માટે એકી વખતે રૂા. રપ્ પચીસ ખરચી શકશે. પરંતુ તે ઉપરાંત ખર્ચની જરૂર લાગશે તો પ્રમુખની સંમતિથી રૂા. ૧૦૧ સુધી ખરચી શકશે. (૫) વર્ષની આખરે મંત્રીઓ હિસાબ ઓડીટ કરાવી ઓડીટ થયેલો હીસાબ અને રિપોર્ટ કાર્યવાહક સમિતિમાં મૂકશે અને સમિતિની બહાલી મળ્યા પછી તેને સંમેલનમાં રજુ કરશે, બાદ છપાવી દરેક સભ્યને રિપોર્ટ પહોંચતો કરવા ગોઠવણ કરશે.

૫. **પ્રમુખ**:—સામાન્ય મંડળનાં નિયમો નક્કી કરી લેવા.

૬. **ખજાનચી**:—સામાન્ય મંડળનાં નિયમો નક્કી કરી લેવા.

૭. ઓડીટર:—કાર્યવાહક સમિતિના સભ્ય ન હોય એવા બે ગ્રહસ્થોની ઓડીટર તરીકે દર વર્ષે કાર્યવાહક સમિતિ નિમણુંક કરશે.

૧૮. **નિયમ વિરૂધ્ધ વર્તનાર**:—આ સંસ્થાના જે નિયમો સભ્યોને કાયદા તરીકે લાગુ પડતા હશે તેવા નિયમો વિરૂધ્ધ વર્તનાર સભ્યની તપાસ માટે મંત્રીઓની સૂચના ઉપરથી કાર્યવાહક સમિતિ પોતામાંથી તેમ સામાન્ય સભામાંથી ત્રણ સભ્યોની તપાસ સમિતિ નિમશે. અને તે સમિતિ પૂરતી તપાસ કર્યા પછી નિર્ણય આપશે તે છેવટનો નિર્ણય ગણાશે.

જૈન બંધુઓને ખુશ ખબર

આપનું સુંદર અને સફાઇબંધ

પ્રીંન્ટીગ કામ

જેવું કે બીલ બુકો, લેટર બુકો, આંકડાઓ, કવર, કાર્ડ, ફેન્સી વીઝીટીંગકાર્ડ, ઇંગ્લીશ ગુજરાતી હીંન્દી વીગેરે કામ કરાવતાં પહેલા અમારી મુલાકાત લેવા ચુકશો નહીં.

ધી કલાપી પ્રીંન્ટીગ પ્રેસ.

નં. ૫૩ સુતારચાલ, મુંબઇ નં. ૨.

શ્રી નવજીવન કાગદો કું.

એકાઉન્ટ બુક મરચંન્ટ.

સુતારચાલ, મુંબઇ નં. ૨.

અનેક રોગની એકજ દવા.

જીવનધારા!!

ઝાડો, ઉલટી, ચુંક, શરદી, સુળ, અજીર્ણ, હાથ, પગ, માથું તથા બદનનો દુઃખાવો, દાંત–દાઢની પીડા, સંધીવા, દરેક જાતના તાવ, પાણીવિકાર, ઝેરી ડંખ, પ્રમેહ, પદર, અશકિત, ખાંસી, દમ, શ્વાસ, ગડ, ગુમડાં, ઘા, લોહી નીકળવું, હરસ, મોંઢાની તથા બાળ–મોરીની દુર્ગંધી, ચાંચડ–માંકડની પીડા, ઇત્યાદિક અનેક રોગની બાત્રી-પુર્વક એકજ દવા.

કીંમત—મોટી બાટલી રૂા. ૧॥, અડધી બાટલી રૂા. ૧. નાની બાટલી રૂા. ૦॥.

શકિત માટે સૌથી સરસ!!

અમૃત ગુટીકા.

વીર્ય વીકારનાં તમામ દરદો જડમુળથી દુર કરી બદન તાકાદથી ભરપુર અને પ્રફુલ્લીત થાય છે નિસ્તેજ ચહેરાને કાન્તીવાન અને ઓજંદી બનાવે છે. મગજની કમજોરી, બદનનો દુઃખાવો, માંદગી પછીની નબળાઈ અરૂચી, અપચો ઇ. અનેક પ્રકારની નબળાઇઓ દુર કરી નસોની શીથીલતા મટાડે છે દરેક રૂતુમાં એક સરખો ગુણ આપે છે.

કીંમત ૩૨ ટીકડાઓની ટપાલના રૂા. ૨.

મહીલા જીવન!!

સ્ત્રીઓના સર્વ રોગોને દુર કરનાર

અનુભવસિદ્ધ ઉપાય.

રજસ્વલાની તકલીફ, સુવારોગનો ત્રાસ, શ્વેત યા રક્તપ્રદર, કસુવાવડ, પેટ તથા પેડુ–કમરનો તથા આખા શરીરનો દુઃખાવો, જીર્ણજ્વર, બદન ફીકું, બેચેની, ઇ. અનેક વિકારો દુર કરી બદન તાકાતથી ભરપુર અને ગર્ભ ધારણ કરવા લાયક બનાવે છે.

કીંમત રૂા. ૨.

દરેક દવાનું ટપાલ ખર્ચ જુદુ રજીસ્ટર્ડ ટ્રેડ માર્ક 'જેનસ' નં. ૩૦૨ તપાસીને ખરીદ કરજો.

જે. એન. શેઠના—નડીયાદ.

(બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે)

દરેક શહેરમાં જાણીતા દવાના વેપારીઓને ત્યાં વેચાય છે.

નવલોહીયા જૈન યુવાનોને.

ઓ પ્રભુ મહાવીરના સાચા સંતાન તરીકે ઓળખાવનારા જૈન યુવાન! તું ઘોર નિદ્રામાં કયાં સૂઇ રહ્યો છે! જરા જાગૃત થા અને તારા સમાજની થઇ રહેલી દુર્દશા તરફ નજર કર અને તારી નસોમાં યુવાન તરીકેનું લોહી પ્રગટાવ. તને મુંબઇના જૈન યુવાનો પોતાને આંગણે યુવક પરિષદ ભરવા આમંત્રણ આપે છે તેને તું વધાવી લે અને યુવાનોના ટોળે ટોળાં લઇ તું મુંબઇના આંગણે ઉતરી પડી એ પરિષદ મૈયામાં તારો અવાજ રજુ કર અને સમાજમાં સંગઠ્ઠનનું બળ સર્જવ.

દીક્ષા.

સમાજમાં જેનાથી આગ સળગી રહી છે, જેનાથી ઘેર ઘેર કલેશના આંધણો મૂકાયાં છે, કોર્ટ દરબારમાં લાખો રૂપીયાનું જેણે પાણી કરાવ્યું છે એ પ્રશ્નને હજી એમને એમ રહેવા દેવો એ યુવકો માટે નામોશી નહિં તો બીજું શું કહેવાય? યુવકોએ તો આ વખતે ખૂબ જાગૃત થવાની જરૂર છે. અને સંઘના એ સુકાનીઓને સાફ સાફ જણાવી દો કે જો તમો અઢાર વરસની અંદરના બાળકને અપાતી દીક્ષા બંધ નહિ કરો અથવા સંઘના હાથમાં લગામ નહિં દો અને સાધુઓનાજ હાથમાં રહેવા દેશો તો અમારે વંઠોદરાની માફક ફરજીયાત બીજા રાજ્યો પાસે દીક્ષા માટે અંકુશ મુકાવવોજ પડશે અને પછીથી તમારી પોકળ દલીલો યુવાનોને કંઇ અસર કરી શકશે નહિ. સાધુઓને તો હજી નાના બાળકોને મૂંડવાની અભિલાષા છે. નિંદાની જેને પડીજ નથી, આટલી આટલી ધમાલ જોઇ અરે સાધુ સંમેલન જે ઠરાવો કરે તે પણ પાળવાની જેની સાફ ના હતી, તેવા સાધુઓને પણ શું તું સાધુ તરીકે સ્વીકારી શકશે? હરગીઝ નહિ. સાધુઓને પણ તું કહી દે કે પાટણમાં હાથકડી સુધી પહોંચેલો મામલો બીજે સરકારી વગરભાડાની કોટડી સુધી ન પહોંચે એ ખૂબ ખ્યાલ રાખજે. વડોદરાનો કાયદો જોઇ આંખ ઉઘાડો તો સારૂં, નહિં તો બીજા રાજ્યોને ફરજીયાત માથું મારવું પડશે અને જૈન સમાજનો મોટો ભાગ તેને વધાવી લેશે તે નક્કી સમજજે.

ઓ યુવાન! તું આજીજી, વિનંતિ અને કાલાવાલા કરી તારા સંઘના સુકાનીઓને સમજાવ અને તારી પરિષદ દ્વારા પણ ઢંઢેરો પીટાવ કે **યુવાનો બાળદીક્ષાનો ખુલ્લો વિરોધ જાહેર કરે છે.** તેમ છતાંએ જો એ સુકાનીઓ તારા અવાજને ન માને અને ઠોકરે મારે તો તું પણ ખુલ્લી બાનીએ તેમનો સામનો કરજે અને બતાવી દે જે કે યુવકોમાં કેટલું ચૈતન્ય છે?

જ્ઞાતિ બંધારણ.

ઓ વહાલા યુવક બન્ધુ! આજે તારી જ્ઞાતીની એ સંકુચિત મનોદશા તરફ નજર કર–દશા વીશાના ભેદભાવોને ભૂલી જા, જુની પુરાણી રીતોને અલવીદા કરી દે અને જ્યાં જ્યાં કુરિવાજો લાગે ત્યાં ત્યાં તેનું નિકંદન કરવા તય્યાર થા અને તેમ કરતાં જ્ઞાતિના એ રીઝર્વડ તકીયાવાળા આગેવાનોનો સામનો કરવો પડે તો તે કર. તારામાંથી બીકને તિલાંજલી આપી તું હવે નિડર બન. **પ્રભુવીરનો સંતાન બીકણ તજ હોવો જોઇએ.** તેને તો વીરતાજ શોભે. જો તું બીકને બાજુ ઉપર મૂકીશ તો આ દુનિયાની કોઇપણ વસ્તુ એવી નથી કે જે તને ડરાવી શકે. જેને ડર નથી તેને ડરાવનાર કોઇજ નથી. માટે વીરતાથી બહાર પડ અને ખુલ્લી રીતે આગળ ધપી કહે કે જમાનાને ઓળખી જ્ઞાતિનું સુકાન નહિં ચલાવવામાં આવે તો અમારે તેનો ભંગ કરવો પડશે અને કદાચ ધાર કે તે સુકાનીઓ સાથે લ્હારે અથડાવવું પડે તો તે તને શું કરી શકશે? તેમની પાસે સંઘ અને ન્યાતબહાર સિવાય બીજા હથિયારો તો નથીને? પણ ભાઇ, તે હથિયારો હવે તો બુઠ્ઠા થઇ ગયા છે, ન્યાત અને સંઘ બહાર મૂકવાના તેમના બાણો હવામાં અધ્ધર લટકતા થઇ ગયા છે. માટે હવે તો જ્ઞાતિનું બંધારણ સીધું દેશકાળને અનુસરીનેજ થવું જોઇએ અને તે સુધારવા માટે યુવકોના બિષણ અવાજની જરૂર છે, સુકાનીઓના બહેરા કાનને બૂબ ઢોલ વગાડી જાગૃત કરવાની જરૂર છે અને તે છતાંએ ન જાગે તો "માંગ્યા મળે નહિ તો છીનવી લઇ બતાવો," એ રીતે કામ થાય તો યુવાનો ધારશે તેમ કરવાને સમર્થ નિવડશે અને જ્ઞાતિમાં સુધારો પણ કરી શકશે.

સંગઠ્ઠન.

દુનીયાની એ વધુ અગત્યતા જે કોઇ વસ્તુની યુવાનોને જરૂર હોય તો તે સંગઠ્ઠનનીજ. સંગઠ્ઠન વગર આપણે કંઇજ નથી કરી શકવાના. સમાજની સાચી સેવા કરવી હોય તો ગામે ગામના યુવકોના સહકારની બૂબ જરૂર છે. એ હાથ વગર તાળી પડતી નથી, તેમ એકબીજાના સહકાર વગર કાંઇ થઇ શકતું નથી અને સહકાર અર્થેજ આવી પરિષદો ભરાય છે અને તેની બાસ આવશ્યકતા પણ છેજ. આ વખતની યુવક પરિષદમાં બૂબ ઉત્સાહ છે. લાંબા વખતથી સમાજમાં સળગી રહેલા પ્રશ્નોનું નિરાકરણ પણ યુવાનોએ આ પરિષદ દ્વારા કરવાનું છે. કેટલાક પ્રશ્નોમાં દરેક સ્થળના યુવકોના વિચારો એકત્ર થાય અને કોઇ પ્રશ્નમાં બહુ મતભેદ પડે તો તે પ્રશ્નને હાલ મુલતવી પણ રાખવો એમાંજ ખરૂં ડહાપણ છે અને તેથીજ મહામુસીબતે આટલું જામેલું બળ પણ મજબુત બનશે. બાકી ઠરાવોની હારમાળાની કાંઇ કિંમત નથી. બરી કિંમત તો તેના પાલન કરાવવાની છે. તમે ગમે તેટલા ઠરાવો કરો પણ સમાજ તેને પાળશે નહિ તો તેની કિંમત કેટલી! માટે ઠરાવો થોડા કરો પણ પછી તેને માટે બૂબ પ્રચાર કરો અને ફેરફેર પળાવવા સખ્તમાં સખ્ત મહેનત કરો તોજ તેની બરી કિંમત ગણાશે. જેથી યુવક પરિષદના સંચાલકોને પીછે હઠ નહિ કરતા થોડા પણ મક્કમતાથી પળાય તેવાજ ઠરાવોનો બરડો ઘડવા અને હિંદભરના જૈન યુવાનોને પણ સંગઠ્ઠનનો પાયો મજબુત કરવા અર્થે આ વખતની મે માસના પહેલા અઠવાડીયામાં ભરાતી જૈન યુવક પરિષદમાં મુંબઇને આંગણે ઉતરી પડવા હું વિનંતિ કરૂં છું.

લી૦ **રતીલાલ બી. શાહ.**
બંભાત તા૦ ૧૪–૪–૨૪.

મુંબઇમાં ભરાતી કોન્ફરન્સ વિષે કંઈક?

—ભોગીલાલ પેથાપુરી.

આજે આપણે લાંબા સમયથી જે અવસરની રાહ જોઈ રહ્યા હતા તે અવસર આપણી નજીક આવતો જોઇ સ્વાભાવિક આનંદ થયા સિવાય નહિ રહે.

અને એ શુભ અવસર એટલે મુંબઇના આંગણે પ્ર. વૈશાખ વદી ૭-૮-૯ ના ઓલ ઇંડીયા જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અને ઓલ ઇન્ડીયા જૈન યુવક પરિષદ આ બન્ને અવસરો ખરેખર જૈન કોમના માટે એક મહત્વનો વિષય ગણાય

પરંતુ એ બન્ને શ્રીમતી કોન્ફરન્સો ભરાયાથી ઓછુંજ કોમનું દારિદ્ર ફીટવાનું છે! હરાવોની હારમાળા કે સ્ટેજો ગજાવવાથી ઓછુંજ કોમનું કલ્યાણ થઇ જવાનું છે? પરંતુ તેની પાછળ સમસ્ત જૈન પ્રજા તનમન ધનથી એ હરાવો પાળવા તૈયાર થાય અને ત્રણ દિવસમાં પીસેલા લોટની વાનગીરૂપે જનતા આગળ રજુ થાય ત્યારેજ કોન્ફરન્સના અધિકારો તેમજ જૈન જગત સંતોષ પામે.

આ અગાઉ તેર કોન્ફરન્સો થઇ તેમાં છેવટની કોન્ફરન્સ જે જુન્નેર મુકામે મળી તે ઇતિહાસમાં યાદગાર નિવડે તો ના કહેવાય નહિ. તે વખતની ભય ભરેલી સ્થિતિ જોતાં આપણી જૈન કોમ આવી એક હિતેચ્છુ સંસ્થા ટકાવી શકશે કે કેમ એ એક શંકાનો વિષય હતો. દિવસો પસાર થતા ગયા અને શંકાનો નાશ થતો ગયો અને અત્યારે એ સ્ટેજ પર આવી ઉભા કે એક બાજુ અમદાવાદે સાધુ સંમેલનને ઉત્તેજન આપ્યું, મુંબઇ થોડા દિવસબાદ સમસ્ત જૈન પ્રજાને નોતરવા કંકોત્રી દાખવી રહ્યું છે, "સ્વાભાવિક પ્રશ્ન ઉઠશે કે શા માટે?" ભેગા થઇ હરાવોની હારમાળા કરવા નહિ, સ્ટેજો ગજાવી બે દિવસ ધામધૂમ કરવા નહિ, લાંબા લાંબા ભાષણો સાંભળવા નહિ, પરંતુ અત્યારની આપણી ભયંકર સ્થિતિનો ખ્યાલ કરાવવા, તેનો નાશ કરવા, બેકારી જેવા કપરા સંજોગો દૂર કરાવવા, વેરઝેર વધતા અટકાવવા અને કુંકમાં આપણી સાધુસંસ્થા આપણી જૈન કોમની રગેરગ ઓળખી ઉન્નત અવસ્થા પ્રાપ્ત કરાવવા.

આ બાબતમાં હું એક પ્રશ્ન જનતા આગળ રજુ કર્યા સિવાય રહી શકતો નથી. ગુજરાત એ જૈનોની સારામાં સારી સંખ્યા ધરાવે છે, અમુક ટકા બાદ કરતાં ઘણી ઓછી એવી પ્રજા છે કે જે મુંબઇ સુધીનો ખર્ચ કરી લાભ લઇ શકે. હાલના બેકારીના સમયમાં ગરીબ વર્ગને આ ખર્ચા જરૂર ભારે પડે, ત્યારે એવાં પગલાં લેવામાં આવ્યાં હોત કે થોડા ખર્ચમાં ગરીબ પ્રજા પણ સારો લાભ ઉઠાવી શકે એટલે કે મુંબઇ અધિવેશન ન ભરતાં અમદાવાદ અગર નજીકના કોઇ સ્થળે નક્કી કરવામાં આવ્યું હોત તો ત્યાં કરતાં અહિંયા સારો લાભ બીજી જનતા ઉઠાવી શકી હોત. આવા એક મહત્વના પ્રશ્ન પર વિચાર ચલાવવામાં નહિ આવ્યો એજ માત્ર દુઃખનો વિષય ગણાય.

આટલું કહ્યાબાદ કોઇ ભાઇ એમ ન માની લે કે મુંબઇ કોન્ફરન્સ ભરાય છે ને કંઇ પણ કાર્ય નહિ કરી શકે? બેશક ચૌદમું અધિવેશન ઘણુંજ ભાગ્યશાલી નિવડ્યું છે. કાર્યકર્તાઓ બાહોસ, કેળવાએલા અને મુત્સદ્દીઓ મલ્યા છે. કોન્ફરન્સનું નાવ સહીસલામત કીનારે આવે તેમાં સહેજે સંશયને સ્થાન નથી.

મારે તો આ કોન્ફરન્સ અંગે એ વિનંતિ કરવાની કે જુન્નેર કોન્ફરન્સ પછી કોન્ફરન્સનો એક પક્ષ તરફથી બહિષ્કાર પોકારવાનું જણાય છે, તેનો પ્રથમ નિર્ણય કરી લેવો જરૂરનો છે. કારણ કે એક વખત બહિષ્કાર પોકાર્યા બાદ જ્યાં સુધી પાછો ખેંચી લે ત્યાં સુધી એ પક્ષના સદ્‌ગૃહસ્થો આવી શકે નહિ. અને માનો કે આવે તો કોન્ફરન્સને શું સાથ આપવાના હતા! એ કાર્ય કર્તાઓજ સમજી જાય-અને યોગ્ય પગલાં લે એ વધારે સારૂં ગણાય.

આવા સમયમાં અધિવેશન ભરાય એ સૌ કોઇ વધાવી લે તેમાં નવાઇ નથી અને જાહેર પ્રજાને મારી વિનંતી છે કે આ અધિવેશનનો લાભ લઇ તનમન ધનથી એમાં થએલાં હરાવોનો અમલ કરી પોતાની ઉન્નત અવસ્થા પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાઓ.

યુવક પરિષદ:—થોડું યુવક પરિષદ માટે પણ લખું તો અસ્થાને નહિ ગણાય. સ્વભાવિક ધરેડ પધ્ધતિના અને ખાસ કરીને વિરોધીઓને યુવક શબ્દથી હૃદયમાં, ફાળ પડવાનો સંભવ ખરો! કારણ કે તે વર્ગ યુવકોને અધર્મી! નાસ્તિક, દેવગુરૂની નિંદા કરવા વાલો પક્ષ માને છે. પરંતુ જ્યારે એ પોતાના આત્મા સાથે એક દિલ થાય છે ત્યારે તે કબુલ કરે છે કે યુવકો અધર્મી નથી પણ ધર્મી છે, નાસ્તિક નથી પણ આસ્તિક છે, દેવગુરૂની નિંદા કરવાવાલા નથી પણ પોસાએલી દાંભિકતા-શિથિલતાનો સડો સાફ કરનાર છે. આ કડવું સત્ય દરેકને સમજાશે કે જે પોતાની બુધ્ધિ પર વિચાર કરવાનું છોડે છે તેને બાકી બીજાની ઉછીની બુધ્ધિ પર જીહાજીહા કરવાની પડી ગએલી ટેવ આ વસ્તુ સમજતાં જરૂર ઇન્કાર કરશે.

આટલું લખવાનું કારણ એ કે યુવક શબ્દનો કોઇ અવળો અર્થ કરી ન લે. મે માસના પ્રથમ અઠવાડીયામાં આનું અધિવેશન મુંબઇના આંગણે ભરવાનું નક્કી થએલું છે.

યુવકોમાં યુવાનીનું જોમ હશે, આપણે યુવક તરીકે જગતમાં જીવવાનો અધિકાર ધરાવતા હશું અને આપણા દિલમાં સાચી પ્રજાની દાઝ હશે તો આપણે એ કોન્ફરન્સ, એ પરિષદમાં ભાગ લેવા અને આપણી બનતી મદદ આપવા ચૂકીશું નહિ.

આશા છે કે કાર્યકર્તાઓ તથા જનતા હૃદયપૂર્વક આવકાર આપશે.

'મહાશક્તિને પ્રગટ કરો.'

—શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

યુવકશક્તિ એ જગતની મહાશક્તિ છે. એને માટે કશુંજ અશક્ય નથી. પ્રચંડ પશુબળ ઉપર મુસ્તાક બનેલા શાસનોને એ ઠોલાવી શકે છે, તેની પુનઃરચના કરી શકે છે; રૂઢિના લોખંડી ચોકઠા ઉપર ટકી રહેલા સમાજ જીવનને એ પલટી શકે છે; બાવા આદમના વખતથી પણ જુના ગણાતા ધર્મોનીય એ કાયાપલટ કરી શકે છે. ભૂમંડળ ઉપર કોઇપણ મનુષ્ય કૃત એવું બંધારણ નથી જેને આ મહાશક્તિ મનધારી સ્થિતિમાં પલટી ન શકે.

પરન્તુ એ મહાશક્તિ આજે હજુ સુષુપ્ત અવસ્થામાં છે. એના ઉપર નિષ્કર્મણ્યતાના પડળો મજબુતાઇથી વીંટાઇ ગયા છે એથી એ પોતાના સત્ય સ્વરૂપે પ્રગટી શકતી નથી. કદી કદી એ નિષ્કર્મણ્યતાના પડળો પરિષદાદિ નિમિત્તોથી ઘસાય છે અને એ મહાશક્તિના આછા ચમકારા દૃષ્ટિગોચર થાય છે. પરંતુ ફરી પાછી નિષ્કર્મણ્યતા વ્યાપી રહેતા એ મહાશક્તિનું મૂળ સ્વરૂપ દબાઇ જાય છે.

આજના યુવકનું કર્ત્તવ્ય એ મહાશક્તિને કોઇપણ ભોગે સાચા સ્વરૂપમાં પ્રગટ કરવાનુંજ હોઇ શકે. કેવળ વિચારો, કેવળ વાતો કે કેવળ ફરાવો એ કાર્ય નહિં કરી શકે. એ માટે તો મજબુત પાયે રચનાત્મક કાર્ય ઉપાડવું જોઇએ અને તેની સાધનામાં જીવતાં દફનાઇ જવું પડશે. આગામી પરિષદનો એકજ હેતુ હોઇ શકે—સંગીન પાયે રચનાત્મક કાર્ય કરી આ મહાશક્તિને પ્રગટ કરવાનો. મારા નમ્ર મત પ્રમાણે પરિષદે એક દ્વિવાર્ષિક યોજના ઘડી કાઢવી જોઇએ અને તેમાં કેટલી સફળતા મળી છે તેનો જવાબ બે વર્ષ પછી પુનઃ જૈન યુવક પરિષદ ભરીને લેવો જોઇએ. દ્વિવાર્ષિક યોજનામાં ઓછામાં ઓછા અમુક કામો કરવાનો નિર્ણય થવો જોઇએ જેની રૂપરેખા હું નીચે મુજબ દોરું છું.

(૧) ૫૦ યુવક સંઘો ઉભા કરવા.

આપણા સમાજમાં આજે જોઇએ તેટલી વિચાર જાગૃતિ નથી—સ્વતંત્રરીતે વિચાર કરવાની શક્તિ નથી. એ વસ્તુ કેળવાય તે માટે ગુજરાત, કાઠીયાવાડ અને મહારાષ્ટ્રમાં થઇને ઓછામાં ઓછાં ૫૦ નવા યુવક સંઘો સ્થાપન કરવા જે બધા 'યુવક મહામંડળ' સાથે જોડાઇ જાય.

(૨) યુવક મહામંડળનું મુખપત્ર કાઢવું.

આ બધા યુવક સંઘોને વિચાર બળ પૂરવા, અન્ય યુવક સંઘોની પ્રવૃત્તિથી વાકેફ રાખવા અને સમાજમાં યોગ્ય આંદોલન કરવા એકમુખ પત્ર કાઢવું જે ઓછામાં ઓછું સાપ્તાહિક હોય અને પ્રમાણમાં સસ્તું હોય.

(૩) શિક્ષણની પ્રવૃત્તિને વેગ આપવો.

યુવક સંઘોએ જૈન સમાજમાં જે જે સંસ્થાઓ જ્ઞાનનો પ્રચાર કરી રહી છે તેને પોતાની શક્તિ મુજબ સાથ આપવો અને પોતે ઓછામાં ઓછી:—

૫ આદર્શ પાઠશાળા--કુમાર કુમારિકાઓ માટે.

૫ શ્રાવિકાશાળા--મોટી ઉમ્મરની સ્ત્રીઓને માટે.

૫ રાત્રીશાળા અથવા પ્રવચન શાળા--મોટી ઉમ્મરના પુરૂષો માટે.

૫ લાયબ્રેરીઓ--વાંચનનો શોખ વધારવા માટે.

૧ વિધવાશ્રમ.

જુદા જુદા સેન્ટરોમાં ત્યાંના સ્થાનિક કાર્યકર્ત્તાઓની મદદથી ખોલાવવા.

(૪) અયોગ્ય પ્રવૃત્તિઓનો પ્રતિકાર કરવો.

જ્યાં યુવક સંઘ હોય ત્યાં એકપણ વૃધ્ધ લગ્ન, બાળલગ્ન, પ્રેતભોજન કે અયોગ્ય દીક્ષા ન થઇ શકે તેની તકેદારી રાખવી. ઉડાઉ ખર્ચ થતો હોય ત્યાં સમજપૂર્વક એ ખર્ચ બીજા રસ્તે થાય તેવા પ્રયાસો કરવા. ધર્મના નામે સ્વચ્છંદની પ્રવૃત્તિઓ આવતી હોય ત્યાં તેની અટકાયત કરવી.

(૫) સેવા પ્રવૃત્તિ.

જ્યાં જ્યાં યુવક સંઘો હોય ત્યાં ત્યાં તેઓ, ત્યાંની વિધવા બહેનોની દશા તપાસી મદદગાર થાય, બેકાર ભાઇઓને ઠેકાણે પાડવામાં મદદ કરે, અજ્ઞાન માબાપોને પોતાના છોકરાંઓને ભણાવવાની તથા તે માટે યોગ્ય સ્થળો બતાવવા વગેરેની મદદ કરે; ઉત્સવ, રોગચાળો કે તોફાન ફાટી નીકળે તેવા પ્રસંગોને પહોંચી વળવા સેવાદળ કે સ્વયંસેવક મંડળ ઉભા કરી તેને નિયમિત ચલાવે.

આ વસ્તુ ઓછામાં ઓછી ને આસાનીથી પાર પડી શકે તેવી છે તેમ છતાં તેમાં યુવકોની કસોટી, જરૂર રહેલી છે.

કોઇપણ જાતના રચનાત્મક કાર્યમાં આત્મભોગ--સ્વાર્પણ જોઇએ છે ને આજના જૈન સમાજમાં એવો કેટલો વર્ગ છે તે આ કાર્યક્રમમાંથી તરી આવશે. જો બે વર્ષમાં ઉપર જણાવેલું કાર્ય આપણે સાંગોપાંગ પાર ઉતારી શકીશું તો સમાજના મોટા ભાગને આપણી સાથે લીધો હશે અને તેથી બે બે વર્ષ પછી, વિધવાશ્રમો, શાળાઓ, ઉદ્યોગનું શિક્ષણ, સાહિત્યપ્રકાશન, બેકારીનો પ્રશ્ન વગેરે હાથ ધરી ઉત્તરોત્તર આગળ વધી શકીશું.

આશા છે કે આગામી પરિષદમાં દરેક યુવક રચનાત્મક કાર્યક્રમ કરવાનો નિર્ણય કરીનેજ હાજરી આપશે.

કરકસર એ બીજો ભાઈ છે

કયાં કરકસર ચાલી શકે? મોજશોખમાં પણ જરૂરીઆતની વસ્તુમાં તો થોડે નફે સંતોષ રાખનાર વેપારી સાથેજ કામ પાડવાથી આપણને ફાયદો થાય છે.

ચશ્મા એ પણ એક જરૂરીઆતની વસ્તુજ ગણાય

માટે

જરૂર અમારૂં નામ, ઠેકાણું યાદ રાખો,

મનસુખલાલની કું.

ઉત્તમ, પ્રમાણમાં સસ્તા અને સારા વૈજ્ઞાનિક શોધખોળમાં પંકાયલા એવા લેન્સીસના ચસ્મા તૈયાર કરવાવાળા, કચકડાની તરેહવાર કમાનો આંખને રાહત આપી નજરમાં વધારો કરનાર, મોટા વિજ્ઞાન વિશારદોથી શોધાયેલ કાચ વિગેરે મશીનરીથી તૈયાર કરવામાં આવે છે.

અમારી વિશેષતાઃ—'માલિકની જાત દેખરેખ અને કાર્ય કુશળત્વ' એ અમારી વિશેષતા છે.

ગુજરાત, કાઠીયાવાડ, હિન્દુસ્તાન, બર્મા, સિલોન, આફ્રીકા આ દરેક ઠેકાણે અમારા સંતોષી ગ્રાહકોનો વસવાટ છે.

ડૉકટરોના નંબર પુરતીસંભાળ અને કાળજીપૂર્વક બનાવવામાં આવે છે.

ઠેકાણું—

૩૫૬, કાલબાદેવી રોડ,

કલ્યાણ ભુવન, **મુંબઈ નં. ૨.**

ટેલીફોન નં.—૨૧૫૦૩. તારનું સીરનામું—બાઇફોકલ્સ.

વર્તમાન જોગ.

(૧)

x x x જો અમારા ત્યાગીઓ 'જ્ઞાન ભિક્ષુ' મટી 'માન ભિક્ષુ' ન બન્યા હોત તો જૈન ધર્મ પાળનારો સમાજ ઉન્નતિના શિખરે હોત! વિશાળતાના પાયા ઉપર રચાએલો જૈન ધર્મ સંપ્રદાય મટી વિશ્વ ધર્મ બન્યો હોત!!...હું તો એટલે સુધી કલ્પના કરી શકું છું કે: અન્યાય, અસમાનતા અને અત્યાચાર સહામે ઉગ્રપણે ચાલી રહેલી આજની હિંસક કે અહિંસક લડતોય કદાચ અશક્ય બની હોત!!! પરંતુ અમારા 'ગુરૂદેવો' વિવેક દૃષ્ટિ ભૂલ્યા અને—

વિવેક ભ્રષ્ટાનાં વિનિપાત શતઃ મુખં।

x x x

x x x અમારા ધાર્મિક અને બીજા સાહિત્યની કેવી શોચનીય દશા છે તેનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે ખરેખર બહુ દુઃખ થાય છે. ભંડારો કે કહેવાતાં જ્ઞાનમંદિરોમાં પડ્યાં પડ્યાં ઉધ્ધઈ અને બીજાં જંતુઓનો ભોગ બનતું કે વિના ઉપયોગે જીર્ણ બનતું અમારૂં એ અણમોલ વિપુલ સાહિત્ય કેટલુંય નાશ પામ્યું છે—પામી રહ્યું છે, તેને ઉધ્ધારવાનાં કે વર્તમાન વિજ્ઞાન યુગનાં લભ્ય સાધનો દ્વારા તેને વિશ્વ સાહિત્યમાં રજુ કરવાના પ્રયત્નો કરવાને બદલે અમારા ગુરૂદેવોને 'ગુરૂ મંદિરો' ઉભાં કરી અમર નામના કરવાની તાલાવેલી લાગી છે. એ માનસ શું સૂચવે છે? x x

* * *

—અને ખરેખર જે સમાજમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જેવાં આકરાં વ્રત આચરવાની પ્રતિજ્ઞાથી બધ્ધ થયેલ એક હજ્જર સાધ્વીઓ અને છસો સાધુઓ પોતાના આદર્શ જીવનથી બીજાને પોતાના જીવન. ઉન્નત બનાવવાની પ્રેરણા આપી રહ્યાં હોય: જ્ઞાનની સતત ઉપાસના દ્વારા સત્યની ઝાંખી કરી અન્યને જીવન સિધ્ધિનો અણમોલ મંત્ર સંભળાવી રહ્યાં હોય: 'આત્મવત્ સર્વ ભૂતેષુ'ની મધુર ખંજરી જીવનમાં અહર્નિશ બજી રહી હોવા છતાં 'વિતરાગતા' કેળવી જે જીવન જનતાને દોરી રહ્યાં હોય, તે સમાજ અધોગતિની ઉંડી ગર્તા તરફ ધસડાઈ રહ્યો હોય એમ બને ખરૂં?? પણ ના. હકીકતમાં જૈન સમાજના શ્રમણ--સંઘ? ની પરિસ્થિતિ ઉલ્ટી છે, અને તે પાંત્રીસ દિવસ થયા ભરાઇ રહેલી 'મુનિ સમ્મેલન'ની નિષ્ફળ બેઠકો દ્વારા જૈન જગતને રોશન થઇ ચૂકયું છે. x x

'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ' એ નામના પુસ્તકમાં પંડિત બહેચરદાસે જે મનનીય વિચારો અને ઉપયોગી નોંધો ટપકાવી છે તેનાં પ્રકાશના આધારે ભૂતકાળમાં દૃષ્ટિપાત કરીએ કે આત્મમસ્ત આનંદઘનજી અને શ્રીમદ્ યશોવિજયજીના અનુભવના ઉદ્ગારો વાંચી સાર ખેંચીએ તો એટલું તો સહેલાઇથી સમજી શકાય તેમ છે કે, જનજગત—ખાસ કરી સાધુ સંસ્થાની વર્તમાન પરિસ્થિતિનો ભૂતકાળમાં તદ્દન અભાવ હતો એમ તો બન્યુંજ નથી તેમ એ પરિસ્થિતિમાં પલ્ટો લાવનાર મહાન વ્યક્તિઓ કોઇ દેવલોકમાંથી વિમાને ચઢી ઉતરી આવી હોય એવો ઉલ્લેખ પણ નથી. પરંતુ તે તે સમયના મહાપુરૂષોએ વિકટમાં વિકટ સંજોગોનો સામનો કરી વાતાવરણને પલ્ટો આપવાના પ્રયત્નો કર્યા છે. અને તેમાં સફળતા મેળવી છે. એ સ્પષ્ટ હકીકત છે, એટલે કે આજે જે ઉણપ છે તે એ છે, કે આજના ગુંચવાએલા કોકડાને ઉકેલવાની સહનશીલતા ધરાવનાર, વર્તમાન પ્રવૃત્તિના ફળરૂપ રચાતું જૈન સમાજનું ભાવિ દૂર ક્ષિતિજમાં નિહાળી શકવા જેટલી વેધક દૃષ્ટિ ધરાવનાર, અને સમય દુરાગ્રહો અને પક્ષપાતોને ખોળી પી નિષ્પક્ષપાતપણે નિર્ણય ઉચ્ચારનાર કોઇ મહાન વિભૂતિની. અને એ 'મહાન વિભૂતિ' બનવાની લાયકાત આજના આપણા એ સૂરિપુંગવોમાંથી કોઇપણ નથી બતાવી શકયા, એ ઓછું શોચનીય છે?

x x x

—'મુનિ સંમેલન'ની નિષ્ફળતાનો સાર, 'શ્રમણ સંઘ'ની નિર્નાયકતા અને નિર્નાયકતાનું પરિણામ. ત્રુટિઓ--નિર્બળતાઓનું પોષણ, સ્વેચ્છાચાર, બાહ્યાડંબર, અને વેષની વિડંબના. જૈન જગતે છેલ્લાં થોડાં વર્ષોમાં આ શિથિલાચારને પોષણ આપી ખૂબ ફાલવા દીધો છે. અરે! એટલુંજ શા માટે? શિથિલાચારનાં અનુગામી ફળો આપણે નિહાળ્યાં છે. એ વિષમ ફલોનો કટુ સ્વાદ પણ આપણે ચાખ્યો છે. હવે જો આપણી આંખ ઉઘડી હોય તો એ વિષવેલી--શિથિલાચાર--ને ઉખાડી ફેંકી દેવી એ એકજ સુવિહિત માર્ગ છે. એ કાર્ય જો 'મુનિ સંમેલન' દ્વારા સાધ્ય ન થાય તો 'જૈન મહાસભા'એ એ કાર્ય હાથ ધરી સ્પષ્ટ નિર્ણયો ઉચ્ચારવા ઘટે છે. 'શ્રમણ સંઘ'ને 'શુધ્ધ કાંચન' બનાવવામાં જેટલો વિલંબ લાગશે તેટલો એ સંસ્થાનો અને સરવાળે આપણે આપણોજ ઝડપી વિનાશ નોતરી રહ્યા છીએ એમ કહેવું એ જરાયે વધારે પડતું છે ખરૂં?

x x x

—અને આજનો ગુરૂડમવાદ કે મુડીવાદ એટલું નોંધી લ્યે કે શ્રમણ સંઘનો અમુક ભાગ બાદ કરતાં બાકીનામાંથી જે 'બદમો' ઉડી રહે છે તેને 'પીળાં વસ્ત્ર' કે સ્વામીવાત્સલ્ય'ના જમણવારો હવે ઢાંકી નહિ શકે. આજનું યુગબળ કંઇ ઓર છે અને જે વિચાર સરણીનાં આંદોલનો ગઇ કાલે ભારતના કિનારે અથડાઇ પાછાં વળતાં હતાં તે આજે ભારત વર્ષ પર ફરી વળ્યાં છે અને એ વિચાર પ્રચારની અસરથી જૈન યૌવન મૂકત છે, એમ માનવું એ ચોકખી મૂર્ખાઇ છે. યૌવન જ્યારે બંડખોર બને છે, ત્યારે શું કરી શકે છે તે જગતમાં થઈ રહેલાં પરિવર્તનોના ઇતિહાસથી વાકેફ કોઇપણ સમજી શકે તેમ છે. 'શ્રમણ સંઘ'ને જો પોતાનું વર્ચસ્વ કાયમ રાખવું હશે તો ઉપાશ્રયની ચારે દિવાલો છોડી જગતના ચોકમાં ઉભા રહેવું પડશે, પોતાનુ શ્રેષ્ઠત્વ સાબીત કરવાની સબળી કસોટીઓમાંથી તેમણે પસાર થવું પડશે, અને શ્રમણ ભગવાન મહાવીરનો પવિત્ર વેષ ધારણ કરી એમના પવિત્ર નામને કલંકિત કરવા સરખું જીવન જીવવા છતાં, તેમના નામે પુજાવાનો મોહ તેમણે છોડવોજ પડશે. યૌવન સાચા ત્યાગીઓને પૂજશે--વેષધારીઓને નહિ. જૈન યૌવન આજના સૂરિ સમ્રાટો, ષડ્દર્શન પારંગતો, કવિકુળ કિરિટો અને આગમોધ્ધારકોને પડકાર આપે છે કે, 'જગત

અશાન્તિના દાવાનળમાં ધમી રહ્યું છે. મહાવીરની વાણી એ પરમશાન્તિનો સંદેશ છે. તાકાત હોય તો જગતને એ સંદેશ પહોંચાડો અને વિશ્વભરના વંદનને લાયક બનો? અગર તો તમારી નિર્બળતાઓનો એકરાર કરી જ્યાં સુધી સમાજનો અંધ શ્રધ્ધાળુ વર્ગ તમને પોષે ત્યાં સુધી ભલે પોષાવ? પણ પ્રગતિના અવરોધક બનો નહિતર તમારૂં સ્થાન હવે સલામત નથી.' x x x

(૨)

જૈન ધર્મ પાળનારો સમાજ એ વ્યાપારી ગણાય છે અને તે લગભગ સત્ય છે. વ્યાપારી બુધ્ધિ નફા–નુકશાનની ગણત્રી પ્રથમ કરે છે. કહો કે નફો દેખી સ્વાભાવિકજ તે લલચાય છે. અને આવા પ્રકારની ગણત્રીને આપણે જીવનના પ્રત્યેક અંગમાં અગત્યનું સ્થાન આપ્યું હોવાથી નફાની 'સલામતી શોધનારનો પુરૂષાર્થ' હણાય છે.' એ ન્યાયે આપણે પ્રારબ્ધવાદી બન્યા છીએ. અને એનું સીધું પરિણામ એ આવ્યું કે જીવનમાં વિકાર પેઠો. જ્યાં વિકાર પેસે ત્યાં વિકાસ અટકી પડે છે. એટલે કે આપણા જીવનના પ્રત્યેક અંગમાં વિકાર પેસવાથી જીવનનો વિકાર થવાને બદલે ક્ષય થઈ રહ્યો છે. વિકારને અટકાવી ક્ષયને રોકવાનો છે, અને પોષક તત્ત્વો દાખલ કરી વિકાસ સાધવાનો છે. આ સૌ સહમજે છે પણ એ માર્ગે હજુ આપણે–યુવાનો કે 'જૈન મહા સભા' પગલાં કેમ નથી માંડી શકતા એ વિચારવાનું બાકી છે. જૈન મહાસભાની સ્થાપના થયે ત્રીસેક વર્ષ વીતી ગયાં છે. તે દરમીયાન તેનાં તેર અધિવેશન થઈ ચૂકયાં છે. યુવાનોએ પણ સમગ્ર જૈન સમાજના યુવકોની પરિષદ ભરી છે અને તેર તેર અધિવેશનથી જેમ 'જૈન મહા સભા' સુંદર શબ્દોમાં હરાવો પસાર કરે છે તેમ યુવાનોએ પણ કર્યું છે. અલબત્ત પરિષદના અધિવેશન પછી તુરતજ સંજોગો પલટાયા હતા એ સત્ય હકીકત છે. પરંતુ એ 'સત્ય'ને આપણે કબુલ કરવું ઘટે છે કે આપણે પ્રગતિને માર્ગે ઝાઝાં ડગ નજ ભરી શકયા હોત? કારણ કે આપણે કાંઇ પણ ક્રિયાત્મક પગલાં ભરીએ તે પહેલાં પ્રચાર અને સંગઠ્ઠનની પરમ આવશ્યકતા હતી.

સાચી યા ખોટી મારી એ માન્યતા છે, કે 'જૈન મહાસભા'ના ભારેખમ વાતાવરણમાં 'જુન્નેર અધિવેશને' થોડું યુવાન લોહી ઉમેર્યું' અને ઇચ્છાએ કે અનિચ્છાએ એ નવા લોહીના પ્રતાપેજ જૈન મહાસભાને અવારનવાર પોતાના અસ્તિત્વ માટે હુંકાર કરવો પડયો છે. જૈન મહાસભાનું એ સદ્‌ભાગ્ય છે, કે તેના સંચાલકોમાં સુશિક્ષિત, સંસ્કારી અને શ્રીમંતવર્ગનું સુંદર મિશ્રણ થયું છે. અને જો જૈન સમાજનું સદ્‌ભાગ્ય હવે ઉઘડવાનુંજ હોય તો એ સંચાલકો 'ધ્રુજીયેર પોલીટીશીયન' મટી કાર્યરત કાર્યવાહકો બની જાય તો આજેજ નહિ પણ દશેક વર્ષે તો જૈન સમાજની રડતી સુરત પર તન્દુરસ્તીની લાલાશ દેખાય ખરી? 'યુગબળ'ને પિછાણનાર આપણા સુકાનીઓ હવે તો ઝુકાવશેજ એટલી શ્રધ્ધા રાખીએ!

એટલું તો નિર્વિવાદ છે, કે ભારતીય જૈન જનતાની સાચી પ્રતિનિધિરૂપ સંસ્થા તે 'જૈન મહાસભા' જ છે. પરંતુ તેને જીવંત–વધુ ચેતનમય બનાવવાની પરમ આવશ્યકતા છે. અને આમ કરવા માટે જૈન મહાસભાએ ભારેખમપણું છોડી યુવાનો સાથે સહકાર સાધી લેવાનો છે. આ સહકાર ત્યારેજ મળી શકે કે જ્યારે જે વિચારોથી યૌવન રંગાએલું છે તે વિચારોને અને તેમણે નક્કી કરેલા ધ્યેયને જૈન મહાસભા અપનાવી લ્યે. બીજું આપણી રાષ્ટ્રીય મહાસભાના ધોરણપર પ્રાન્ત, જીલ્લા તાલુકા અને ગામડાઓમાં જૈન મહાસભાની સમિતિઓ સ્થાપવામાં આવે અને જૈન મહાસભાના અધિવેશનમાં તે તે સમિતિઓ દ્વારાજ પ્રતિનિધિઓ ચૂંટાઇને આવે એવા પ્રકારનો બંધારણમાં સુધારો કરવો ઘટે છે. કારણ કે જો આમ થશે તો વ્યવસ્થિતપણે કાર્ય ચલાવવામાં ઘણી સરળતા થઈ પડશે અને જૈન મહાસભાની કાર્યવાહક સમિતિએ કરેલા પ્રત્યેક ઠરાવનો ગામે ગામ પડઘો પડશે. તેમજ જે પ્રચાર કાર્યદ્વારા આપણે ધ્યે. જૈન સમાજને એક અને અખંડ બનાવવા માગીએ છીએ તે કાર્ય સહેલાઇથી થઈ શકશે. અલબત્ત વર્તમાનકાળે કેટલાક શહેરોમાં આપણા શ્રાવકસંઘની છિન્નભિન્ન દશા છે, એ સત્ય છે. અને તેને અંગે મૂકકેલીઓ તો આવશેજ પરંતુ તેવા સ્થળોમાં આપણા સુકાનીઓ ધારશે તો પોતાની હાજરીથી ઘણી અસર પાડી શકશે. દૂર બેઠાં જેટલો આ પ્રશ્ન વિકટ દેખાય છે તેટલો વિકટ આ પ્રશ્ન નથી એમ મને લાગે છે અને કદાચ વિકટ હોય તો પણ શું? **સાચા દિલના પ્રયત્ન પાસે કશુંય અશકય હોઇ શકેજ નહિ** એ શ્રધ્ધાથી પ્રેરાઇ હવે તો ઝુકાવેજ છૂટકો છે.

અને ખાસ અગત્ય છે, તે જૈન મહાસભાના એક મુખપત્રની. 'જૈનયુગ' નું અસ્તિત્વ એટલા માટેજ છે. પરંતુ તેને પાક્ષિકમાંથી અઠવાડિક બનાવવાની સાથે તેની 'નીતિરીતિ' માં પણ જબ્બર પલ્ટો લાવવો ઘટે છે. 'જૈન યુગ' સાચેજ જો જન મહાસભાનું મુખપત્ર હોય, અને જૈન મહાસભા એ જૈન સમાજની પ્રતિનિધિ સંસ્થા હોય તો જૈન સમાજના પ્રત્યેક ઉકેલ માગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં તેણે શા માટે ડરવું જોઇએ? જૈન સમાજના વાતાવરણમાંથી ઉઠતા સૂરને તેમાં શા માટે સ્થાન ન મલવું જોઇએ? અને ઉગતી જૈન પ્રજાના હૃદય સહમજવા માટે તેમના વિચારોને શા માટે તેમાં સ્થાન ન આપવું જોઇએ? જૈન યુગના મુખ્ય લેખકોમાં એવી વ્યકિતઓ છેજ કે જેઓ ધારે તો જૈન યુગનું તંત્ર એકલે હાથે જરૂર સંભાળી શકે તેમ છે. પંથ ભૂલેલા પથિક જેવી કોમને માર્ગપર લાવવાની જવાબદારી જેના શીર પર નખાએલી છે, તે જૈન યુગને પ્રત્યેક અઠવાડીએ પ્રત્યેક જૈન વાંચવા જો આતુર ન બને તો તેનું અસ્તિત્વ ન હોય તેજ ઉચિત છે. અર્થાત્ જૈનયુગના તંત્રમાં જબ્બર પરિવર્તનને પૂરો અવકાશ છે અને તે થશે ત્યારેજ તે જૈન મહા સભાનું સાચું મુખપત્ર બની શકશે એ ખુલ્લું છે.

યુવાનોની સેવાવૃત્તિનો સહકાર, જૈન મહાસભાની વિશેષ વ્યાપકતા, અને તેના મુખપત્રની નિડરતા, આ ત્રણેનો જો સમન્વય સધાય તોજ જૈન સમાજના પ્રગતિના માર્ગપર કંઇક પ્રકાશ પથરાશે, અન્યથા નહિ. અને ત્યારેજ આપણા આજેજ ઉકેલ માગતા પ્રશ્નો, જેવા કે, તીર્થરક્ષા અને દેવદ્રવ્ય, શારીરિક સંપત્તિ અને આર્થિક સ્થિતિ, કેળવણી અને વ્યાપાર ઉદ્યોગ, વૃધ્ધ લગ્ન અને પુનર્લગ્ન, સ્ત્રી કેળવણી અને ગૃહઉદ્યોગ, બાળઉછેર અને મરણ પ્રમાણ ઇ. સંબંધમાં ક્રિયાત્મક પગલાં લઈ શકાશે. ઉપરના પ્રત્યેક પ્રશ્નો વખતો વખત જાહેરમાં ઠીક ઠીક ચર્ચાયા છે એટલે વધુ ચર્ચાને આ લેખમાં સ્થાન ન આપતાં એટલુંજ કહેવું બસ થશે કે

આપણા એ પ્રશ્નોનો ઉકેલ લાવ્યેજ છૂટકો છે–જો ભાવી ભારતના એક સુદૃઢ અને વ્યવસ્થિત અંગે તરીકે આપણે જીવવું હોય તો. x x x

જૈન મહાસભાના બૈદામા અધિવેશનની સાથે સાથે થવે. જૈન યુવક પરિષદ પણ ભરવાની છે. પરિષદના સંચાલકો યુવાનોને આહ્વાહન આપી રહ્યા છે. અને યુવાનો પરિષદ ટાંકણે મુંબઇને આંગણે ઉતરી પડી પરિષદને સફળ બનાવવામાં પોતાનો સાથ આપશેજ, એમાં શંકાને સ્થાન હોઈ શકેજ નહિ. પરંતુ જૈન મહાસભા જો પુરાણી પધ્ધતિએજ કાર્ય ચલાવવા માગતી હોય–પોતાની પ્રણાલિકાનો ભંગ કરતાં અચકાતી હોય તો યુવાનોએ ત્યાં પણ કમર કસવીજ રહી. જૈન મહાસભાના કાર્યને અવરોધવા નહિ, પણ તેમાં પ્રાણ પુરી જીવંત બનાવવા અને તેના માટે યુવાનોએ આજે ઉકેલ માગતા પ્રત્યેક પ્રશ્નોની સર્વાંગી વિચારણા કરી પરિષદમાંજ તે તે પ્રશ્નોને અંગે ક્રિયાત્મક ઠરાવો કરી પરિષદનો 'મેન્ડેટ' મેળવી મહાસભાના અધિવેશનમાં હાજર થવું. ત્યાં પોતાની વિચારણા–પોતાનો પક્ષ રજુ કરવો. ઠરાવો પાસ થાય કે ન થાય તેના લોભમાં ન તણાતાં જે વિચારોથી મહાસભા મુંઝાતી હોય, જે વિચારો જાહેર કરતાં મહાસભા ડરતી હોય તે વિચારોનો નિડરપણે ત્યાં ઘોષ કરવો. કેટલા પ્રણાલિકાવાદીઓ કે મુડીવાદીઓ આ વર્તણુંકથી જરૂર અકળાશે પણ એ અકળામણને ઘોળી પી જવી એજ યુવાનોનો ધર્મ છે–કર્તવ્ય છે. કારણ કે એવા મુઠ્ઠીભર માનવ મગતરાંજ ખરીરીતે તો સમાજની પ્રગતિના અવરોધક હોય છે–પોતાની નિર્બળતાના કારણે કે કેટલા પાછળની વ્યક્તિઓના દોરી સંચાલનથી પ્રેરાઇને. એટલે એવાઓની અવગણવા એ સ્વચ્છંદતા નહિ પણ યૌવનનો અનેરો અધિકાર છે. એટલું યુવાનો સહેજ રાખે.

—અને પ્રત્યેક તરૂણ જૈન યાદ રાખે કે આજે નહી તો આવતી કાલે તમારે મહાસભાનું સુકાન સંભાળવાનું છેજ. તો આજેજ તે હાથ કરવાની તક શા માટે ગુમાવવી? **જો તમારામાં કાર્ય કરવાની ધગશ છે, સમાજને ઉન્નતિના પન્થે દોરી જવાની તમન્ના છે, તો નિડર અને નમ્ર બની, સંયમી અને સેવાભાવી બની કર્તવ્યમાં લાગી જાય, ફતેહ તમારી છે. યૌવનના અદમ્ય ઉત્સાહના પૂરને અવરોધનારી તાકાત આજે મરી પરવારી છે.**

પરંતુ 'લાલબત્તી' સમા એ શબ્દો સદાય સ્મરણમાં રહે કે: **'કેવળ ઉત્સાહ આવેશ કે ઉતાવળ કોઇપણ કાર્યને વણસાડે છે...કોઇપણ કાર્યને સાંગોપાંગ પાર ઉતારવા માટે જરૂર છે 'ઠંડી તાકાતની આત્મ સમર્પણની તૈયારીની.'** એટલે યુવાનો ખૂબ વિચારે, પુષ્કળ ચર્ચાઓ કરે, પણ ઠરાવો કરવામાં બહુજ સંયમી બને. 'સુંદર શબ્દોથી ભરપુર ઠરાવો'નો મોહ દુર કરે અને જે નિર્ણય ઉચ્ચારે તેને અમલમાં મૂકવા માટે જોઇતી ઠંડી તાકાતનું પ્રથમ માપ કહાડે કે જેથી 'આરંભ શૂરા' એ વિશેષણને લાયક આપણે ન બનીએ. x x x

—અને છેલ્લે,

પહેલા પંથોમાં સફર કરવાનો ન મહિમા,
હળાયાં ક્ષેત્રોમાં હળ ફરી ફર્યે શી અધિકતા!
ખીલે જ્યારે સાચી **જીવન પ્રતિભા અંતરતટે**
નવા પંથો કાપે, અવનવીન ક્ષેત્રો સરકરે.'

(પ્રસ્થાનમાંથી)

એ પુનિત ભાવ સાથે યુવાનો પરિષદ પ્રતિ પગલાં માંડે એજ અભ્યર્થના. —'વિનયકાન્ત ગાંધી.'

હેરંજ ૧૨–૪–૩૪.

(પૃષ્ટ ૯૨ નું અનુસંધાન)

ઠરાવો પ્રતિ તરતજ દોડવાની, ઢીલાશ ફગાવી દેવા એ આતુર પણ થવાનો છતાં પરિણામ સંતોષજનક સાંપડવાનું કે? જ્યાં લગી શ્રાવક સંઘમાં તડાં છે અને મોટા ભાગનું વલણ યુવક માનસને અનુકૂળ નથી થયું ત્યાં લગી મારી સમજથી ઠરાવની ઢીલાશ કે કહણાશમાં સમય વ્યતીત કરવા કરતાં એટલાનો પણ અમલ મજબુતાદથી થાય અગર ઠરાવે તેવા જાગૃત થાણા અને ચોકીદારો ઉભા કરવાની આવશ્યક છે.

જ્ઞાનનામા પાંચમા ક્ષેત્ર માટે મુખ્ય તથા કરવાનું એટલું છે કે આપણો જે અણમૂલો વારસો તાડપત્રો–પ્રતો કે ગ્રંથાકારે ભંડારોમાં દબાઈ રહેલો છે તેને હવે સત્વર બહાર આણી જૈન–જૈનેતર સમાજમાં એનો પ્રચાર થાય એવી રીતે એની સજાવટ કરી, અને ત્યાં સુધી સસ્તા મૂલ્યે વિદ્વત્તના ચારે ખૂણા સુધી પહોંચાડવાના યત્નો આરંભવા જોઇએ. મોટા શહેરોમાં નમુનેદાર પુસ્તકાલયો ઉભા કરવા જોઇએ. સાધુ કે શ્રાવકની વ્યક્તિગત માલિકીમાંથી મૂકત કરી પ્રાચીન ભંડારોને સંઘ સમસ્તની માલિકીને દેખરેખ હેઠળ મૂકવા જોઇએ. શોધખોળ ખાતા ઉભા કરી, શકય હોય તેટલા પ્રમાણમાં પ્રત્યેક વાતને ઐતિહાસિક શૃંખલામાં બધ્ધ કરવાનો પ્રયાસ સેવવો જોઇએ. જો કે યુવકવૃંદ માટે આમાં ઘણું ગજાની ઉપરવટ છે છતાં શકિત અનુસાર એ આમાં પોતાનો ફાળો જરૂર આપી શકે.

સાત ક્ષેત્રોમાંના શ્રાવક–શ્રાવિકા એટલે સર્વ કાંઇ–એમાં જેમ વ્યવહાર ને નિશ્ચય સમાવાના તેમ ઉત્સર્ગ ને અપવાદ પણ. એને ઉપર મુજબ ધાર્મિક બાબતો ઉપરાંત સમાજને લગતી ને રાષ્ટ્રને લગતી ફરજો પણ અવશ્ય વિચારવાની, એના વિચારનો તો અંત પણ ન આવે; છતાં યુવક માનસ જો એટલું નિર્ધાર કરે કે જ્યાં વૃધ્ધો કે પ્રૌઢો અટકી જાય, ત્યાંથી એક પગલું આગળ આપણે ભરવું તો લાંબી હારમાળાનો જરાપણ ભય ન રહે. વળી ચર્ચાના વમળમાં અટવાયા કરતાં એ સીધો રસ્તોજ શોધે એટલું તરતજ અવધારી લે કે જ્યાં લગી દરેક મોટા શહેરોમાં, અને એની આસપાસના ગામોમાં, યુવક સમૂહોમાં જાગૃતિ આણીને એ બધાને પધ્ધતિસરના સંગઠનમાં બધ્ધ કરવામાં ન આવે, ત્યાં લગી જે જાતની અસર ઉપજાવવાની ધારણા છે એ અસંભવિત રહેવાની–આજે બીજારોપણ અને તે પૂર્વે ભૂમિકા શુધ્ધ કરવામાં જેટલું બળ ખરચવાનું છે એટલું ચણતરના વિચારમાં જરૂરનું નથી. પાકુ ચણતર ચણવુંજ હોય તો પાયાની મજબુતી જરૂરની છે. એ માટેનો સમય વ્યય ક્ષંતવ્યજ છે.

ચવાઇ ને વેડફાઈ જતું ધાર્મિક ધન, દેશકાળને પ્રતિકુળ માર્ગે વેડફાઈ જતું દ્રવ્ય, જ્ઞાતિ તંત્રોમાં ચાલી રહેલ ધરારશાહી, વિધવાઓના કાપો, બાળને વૃધ્ધ લગ્નોના અગ્નિકુંડ, સંઘ જેવી સંસ્થામાં બંધારણનો અભાવ, ધાર્મિક કે વ્યવહારિક કેળવણીમાં પછાત દશા, આર્થિક ઉન્નતિ માટેના સાધનોનો અભાવ આદિ બાબતોમાં યુવકોજ સુંદર પરિણામ દેખાડી શકે પણ તે ત્યારેજ શક્ય બને કે એમાં હાર્દિક રસ ધરાવતાં સંખ્યાબંધ મંડળો નિયમિત કામકર્તા ઉભા થાય. આર્ય સંસ્કાર તરફ દૃષ્ટિ કરતાં યુવક–યુવતિઓના જુદા મંડળો પહેલી તકે રચવાની જરૂર છે, તોજ ઉપરોકત પ્રશ્નોનો નિચોડ આણી શકાશે. જ્યાં ફ્હેમના જળાં પથરાયલાં છે ને રૂઢિ રાક્ષસી જડ ઘાલી બેઠી છે અને જ્યાં પટેલશાહીના પગ દંડા જોરમાં પડે છે ત્યાં પડકાર કરનાર યુથોજ જોઇએ. એજ રીતે ખાદીને અપનાવવા સારૂ પણ ઉપાયો લેવાવા જોઇએ. સ્વદેશી વ્રતથી યુવકોએ તો આગળ જવુંજ જોઇએ, અસ્પૃશ્યતાને હાંકી કહાડવા સારૂ પણ દૃઢતાથી કદમ ભરવા ઘટે.

મોહનલાલ દીપચંદ ચોકસી.

સુધારણા માટે ક્ષેત્ર વિશાળ છે.

મુંબઇના આંગણે યુવક પરિષદના રણદુંદુભિ ગડગડી રહ્યાં છે એ ટાણે, નવયુવાનો સામે ઉગતા ને આશાભર્યા તરૂણો–અરે જેમની શીરાઓમાં ધસારા બંધ રકત વહી રહ્યું છે, જેમના શરીરો કામ કરવાની તમન્નાથી ધગી રહ્યાં છે એવા યુવકો સામે સુધારણાના ક્ષેત્રનો અંગુલી નિર્દેશ કરવો એ અસ્થાને નજ હોઇ શકે,

નવસર્જન ને સુધારણાને પરસ્પર સંબંધ હોવા છતાં એ ઉભય જુદીજ વસ્તુઓ છે અને એ ઉભયની સિધ્ધિના માર્ગો પણ ભિન્ન છે એટલું કહી, સુધારણા કયા પ્રકારે શકય બને એ વિષય હાથ પર લઇએ, આજે એ કથવાની ભાગ્યેજ આવશ્યકતા હોય કે આ ગાંધીયુગમાં માત્ર ઠરાવોની કીંમત કોડીની પણ નથી રહી! જે ઠરાવો પાછળ આમ પ્રજાનું પીઠબળ નથી એ કદાચ સુંદર ગીરામાં અલંકૃત કરાયેલા હોય અને એની રજુઆત કરનાર શિક્ષિત પુરૂષો હોય છતાં એના મૂલ્ય કૂટી બદામનાજ છે! કારણ કે આજનો જન સમાજ પ્રત્યક્ષ પરિણામ જોતો થયો છે. રચનાત્મક કાર્યથી જેમ રાષ્ટ્ર પ્રગતિશીલ બન્યું છે, તેમ આજે તે સમાજને પણ એજ ધોરણ પર લઇ જવા માંગે છે, એટલા સારૂજ કેવળ ઠરાવોથી હવે તેને ધરપત નથી વળતી. એ ઠરાવોનો અમલ કરાવનાર સેવાભાવીઓ મેળવવા તે આતુર બન્યો છે. આજે જૈન સમાજને કિનારે ઉભા રહી દિશા દેખાડનારની જરૂર નથી; પણ પોતાની વચ્ચે આવી સતત કાર્ય કરી બતાવનાર, ને પથરાયેલી સુષુપ્તિ દૂર કરી, નવચેતનાના પૂર વહેવરાવી, વધુ નહિં તો એક પગલું સમાજને આગળ કૂચ કરાવનાર કાર્યકરોની અગત્ય છે.

સમાજની આ ભૂખ ભાંગવા સારૂં કોન્ફરન્સ ને પરિષદોના અધિવેશનોની અગત્ય છે. નહિં તો એવા સફેદ હાથીને આવા સમયમાં પોષવા એ જરૂર વગર વિચાર્યું કાર્ય કહી શકાય. યુવકો મોખરે રહેવાના અભિલાષી છે. તેથીજ આ પ્રશ્ન તેમની આંખો સામે પ્રથમ ઉપસ્થિત થાય છે કે સમાજની આ પીડા તેઓ ટાળવા ઇચ્છે છે કે કેમ? અધિવેશન ટાણે એ માટે કમર કશવાની તેમની મનોભાવના છે કે નહિ? આ પ્રશ્નના વ્યાજબી જવાબમાંજ યુવકોની સારીયે કાર્યવાહીના મૂલ્ય અંકાવાના છે, એ વાત કોઇની પણ સ્મૃતિ બહાર ન જાય, એટલું સુચવી સુધારણા વિષયમાં ઉંડા ઉતરીએ

બગાડને દુર કરી વસ્તુને મૂળ સ્વરૂપમાં મૂકવી એનું નામ સુધારણા–આ વ્યાખ્યા સાથે એટલું જણાવીએ કે પ્રત્યેક વસ્તુને સમયના વહેવા સાથે જરૂરના કે વગર જરૂરના પણ કંઇને કંઈ આવરણો ચઢતાં જાય છે. તેથીજ સમયે સમયે એ આવરણોમાંથી નકામા–બિનજરૂરીઆતના–ને ખંખેરી નાંખી, આવશ્યક જણાય તેવા નવાનો ઉમેરો કરી વસ્તુનો ટકાવ ચાલુ રાખવો પડે છે. વ્યવહાર પ્રધાન જગતમાં આજ ધોરી માર્ગ સમષ્ટિ માટેના રાહમાં કેવળ નગ્ન સત્ય, એ સત્ય છતાં કદરૂપજ દેખાય છે એટલુંજ નહિં પણ સમાજના મોટા ભાગને સ્વીકાર પણ નથી થતું, માટે બુધ્ધિમાન પુરૂષોએ માનવદેહને ઢાંકવા સારૂ જેમ વસ્ત્રોની આવશ્યકતા સ્વીકારી છે તેમ દરેક તાત્વિક પ્રથાને દેશ–કાળને અનુરૂપ ચોકઠામાં બેસાડીને જનતા સમક્ષ રજુ કરી છે. આ રવૈયો પરંપરાના નામે અદ્યાપિ સુધી ચાલુ છે. એટલે એમાં પરિવર્તનને અવકાશ હોવા છતાં એ રવૈયો ચાલુ રાખવોજ પડવાનો એ પણ નિશ્ચિત વાત છે. આમ વર્ગ–કે જે જ્ઞાન-સમજણ, વિચારણા અને વર્તન આદિમાં મધ્યસ્થ કક્ષાએ હોય છે તેને માટે આકર્ષણરૂપ આજ સુંદર ને સરળ માર્ગ છે. જો આ વાત બરાબર ગળે ઉતરી જાય તો બળતા પ્રશ્નોના ઉકેલનું ક્ષેત્ર તદ્દન સરલ થઈ જાય તેમ છે. ભૂતકાળની પ્રથાને જરાપણ નિંદ્યા વગર ચાલુ કાળને બંધ બેસતી બાબતનો નિર્ધાર કરી શકાય તેમ છે. આ કાર્ય જેટલું પ્રેમ ભાવે અને પરસ્પરની સમજુતીથી થાય તેટલુંજ તેનું પરિણામ સુંદર ને આશાજનક આવવાનું–'Slow but steady ધીમું છતાં મજબુત' એ સિધ્ધાંત અહિં લાગુ પડવાની જરૂર છે. એ ધોરણે સાત ક્ષેત્રમાંના 'પ્રતિમા અને ચૈત્ય' એ એને લઇએ તો એટલું તો સૌ કોઇ કબુલે કે ઉભયની જરૂર તો છે કેમકે એ વિના જૈન ધર્મ ઉભોજ ન રહી શકે. તો પછી સુધારણા કયાં કરવી એ સવાલ ખડો થાય અને તરતજ દેખાય કે આજે જે રીતે અવલંબનના મહાન સાધન તુલ્ય જિન પ્રતિમાને બેડોળ ચક્ષુઓ લગાવી કે મનગમતા ટીલી ચીટકાવી, એના પર હદ ઉપરાંતના કેશરના ડપકા મૂકી કે ચાંદીના ખોલાઓ ચઢાવી અથવા તો આંગી પ્રજાને નામે માત્ર ગાડરીયા વૃત્તિનું અનુકરણ કરી જે ક્રિયાઓ કરાઇ રહી છે એ બધીમાં ફેરફાર કરવાની અગત્ય છે. ચૈત્ય યા મંદિરમાં જોશું તો ત્યાં પણ આપણી વાણીયા વૃત્તિએ પૂર્વકાળની કળા તથા શિલ્પને સ્થાને માત્ર ચાંદી, પિત્તળ ને વિદેશી લાદીઓ ખડકવા માંડી છે. કદાચ ચિત્રોના આલેખન કરાવાશે તો એમાં કળાને નામે તો મોટું મીંડું! કોઈ પણ જાતના ઢંગધડા વગરના ચિત્રો અને એમાં પૂરાયેલા રંગ? ઉપરાંત આજના દેવાલયો એ આત્મ કલ્યાણ સાધવાના નિવૃત્તિ ધામો કરતાં મન ભ્રમણ કરાવનારા પ્રવૃત્તિગૃહો જેવાં થતાં ચાલ્યા છે. પૂજકો અને એમની કરણીઓ પરત્વે પણ ઘણું લખી શકાય.

પણ એ બધામાં સુધારણા કરવા સારૂં માત્ર કલમ પકડે નહિં ચાલે–જ્યાં આ બધું સતત ચાલી રહે છે ત્યાં ધીરજ ધરી પ્રવેશવું પડશે અને કટુ વેણોની વર્ષા વચ્ચે ઉભા રહી પ્રેમ ભાવે સુધારણાનો ધ્વજ દલીલ પુરસ્સર ફરકતો કરવો પડશે. તોજ કંઇક થઇ શકશે.

સાધુ–સાધ્વી ક્ષેત્રોમાં પણ આજે જે જાતની નિર્નાયકતા-પરિગ્રહવૃત્તિ–માનપાનની ભૂખ–પરસ્પરની અસૂયા અને પરંપરાગત કરણીઓનો મોહ દૃષ્ટિ ગોચર થાય છે. એ જોતાં સુધારણાનું કાર્ય વિશાળ છે અને પૂર્ણ સફળતા તો ત્યારેજ લાધવાની કે જ્યારે એમાં પણ સમજુ અને કેળવાયેલા તથા ત્યાગ વૃત્તિવાળા બન્ધુઓનો પ્રવેશ થાય. એ પવિત્ર જીવન ક્ષાંલિકતા ઉપર છેલ્લા આડંબર વગરનું બને કે તરત એની સુંદર છાપ પડવાની--એનો આધાર હૃદયના રંગવાળા મુનિઓ પરજ અવલંબે, ઇંદ્રિય દમન કે નાના પ્રકારના સંયમથી દુર ભાગનાર આપણો યુવકગણ આમાં કેટલી હદે વિજય પ્રાપ્તિ કરવાનો? અલબત એની ચક્ષુઓ મુનિ સંમેલનના ઠીલા

(જુવો પૃ. ૯૧)

પરિષદનો પડકાર.

"ઉતરી પડજો, યુવકો, ટોળેટોળાં ને જુથેજુથ, ખૂણે ને ખાંચેથી, દશે દિશાથી, મહારે આંગણુલે. ક્રાન્તિકારી કિશોરો, મહારે આંગણે મંડાવાના મોરચા ક્રાન્તિના—એમાં તમારો સાથ ને સહકાર આપવા ઉતરી પડજો. ઓ બળવાખોરો, એ જુનવાણી ને જીર્ણ બદ્દિઓ સામે બળવા જગાવવા ને મહારવટાં ખેડવા, અવનવા ઉત્સાહને ઉલ્લાસભર્યા આવજો.

'જૈન' કે'વાતો જુવાન જો આજે નહિં જાગે તો જગત એને જવાબદાર લેખશે. મહાયુધ્ધોના મહાપરાજ્ય એક જે પીછેહઠ કરે છે એને શિર આવે છે ને મહાવિજય પણ જે એક આગળી આવી માથું આપે છે એને આભારી છે. માટે એકેએક મહાવીરનો અનુયાયી એ મહાવીરના મહા-સુત્રો ને સિધ્ધાંતોનાં સત્ય સાચા સ્વરૂપમાં જોવા ને સમજવા મહારે આંગણે ઉતરી પડે."

નિર્જીવ ને જડ વસ્તુમાંયે ચૈતન્યના અનુભવ થવા એ એકદમ અસામાન્યતા કે અતિશયોક્તિ તો ના કે'વાય. કાંઇક તહેમાંય તથ્ય તો છે. કવચિત એ અચેતનતાઓ કાંઇ અનેરાં ચૈતન્ય પ્રેરે છે ને મહા પરિણામો નિપજાવે છે. કે પછી એ ચેતનાત્મના પ્રતિધ્વનિયે હોય!

આગામી યુવક-પરિષદ અચેતન તહોય એમાં ચૈતન્ય પ્રેરતા પ્રાણ છે, બળ છે. એમાં અનેક ચેતનાત્માઓમાં મહા-ચૈતન્ય પ્રકટાવવાની શકિત છે. એકજ ચિનગારી મહા-જવાળા ઉદ્‌ભાવે તમ એ પણ અનેક હૃદયોમાં ક્રાન્તિ-જવાળા પ્રકટાવી શકે. ઉંઘતાઓને જગાડવાનો, અજંપાને ઉભાડવાનાં ને ઉભાને પડકારવાનાં ને ઝઝુમવાનાં એમાં ઓજસ છે. નિર્માલ્યમાં મહાશિકત પ્રેરવા, ભિરૂઓમાં નિડરતા રેડવા, કે ડરપોકમાં બળવા ને બંડ જગાવવા એ સમર્થ છે. ત્યારેજ એ અચેતન ચેતનોને પડકારે તે?

"ને શા સારૂ તહમને પડકારું છું? મેળા મળી ધોંધાટ કરવાને ધમાલ મચાવવા, નહિ. કે અર્થહીન ને પોકળ મોટી મોટી વાતો કરી વિખેરાઇ જવા નહિ. અથવા તો વૈમનસ્ય ને દ્વેષભરી કમિટીઓને ચર્ચાઓને અંતે ઝઘડા કરી લડી મરવા કે યાદવાસ્થળીઓ કરવા નહિ.

બાપુઓ, તહમને બોલાવું છું:—

ઐકય સારૂ : સંગઠ્ઠન સારૂ : કાર્ય સારૂ.

એકેએક યુવક સાંકળના આંકડાઓ જયમ સામાન્ય હિત માટે સંકળાય ને સાંકળ જયમ સામટું બળ વાપરી મહારો ઉદ્દેશ બર લાવે.

ને મહારો ઉદ્દેશ તો જાણો છોને?

જુઓ, મીટ માંડી જુઓ ત્યાં.....ગભરાઓ નહિ. એ આપણો મહાપિતા—જૈન--સમાજ--અસહ્ય દુઃખોને પીડા-ઓથી રીબાઇને પીડાઇ રહ્યો છે. મહાઘોર અંધકારમાં સબડી રહ્યો છે. એનાં ગાત્ર ગળી રહયા છે. આત્મા મુંઝાઇ રહ્યો છે. પ્રાણ પીડા પુકારી રહ્યો છે. "બચાવો?" છે ભ્રમો. નથી સાંભળતો? જુઓ, તહમને સાદ કરી રહ્યો છે. "આહ! અહિં આવો, મહારા બાળોની જોઇ, મહારી હાલત જોઇ? કયાં મહારી પૂર્વની જગવિજયાત જાહોજલાલી ને કયાં આજની કંગાલિયત! 'પૃથ્વિનો પિતા ટુકડા રોટલા માટે ટળવળે' એ આજે મહારી સ્થિતિ છે. શી દુર્દશા! જોઇ શકો છો? આંહો.....

જોયું ને સાંભળ્યું? નવલોહીયાઓ? તોયે ઉકળ્યાં કે? ધિરજધરો, હજુ વધુ ઉકળશે.

ને જાણો છો એ મહાપિતાના મહાપીડકો?

પહેલો પીડક ધર્મ. હસો છો? સહમજશો એટલે રોષે ભરાશો. ધર્મ એ મહા પાલક છે પરન્તુ જ્યારે એ વિકૃત પામે છે ને અધર્મરૂપે આચરાય છે, 'ધર્મને નામે ધતિંગ' ચાલે છે, ત્યારે ધર્મ એ મહાપીડક બને છે.

ધર્મના સ્થંભો—મહામુનિઓ, ને ટેકાઓ--તહમે. સ્થંભો ચળે ને ટેકાઓ નમે તો ઇમારત કયમ કરી ઉભી રહે? ને અધર્મની ઓથે તો સમાજ પીડાયજને? આજે એ બન્યું છે. ધર્મના પડદા પાછળ અધર્મની ભૂમિકાપર કાંઇક અધર્મ-નાટયો ખેલાય છે.

સ્થંભો ચળ્યા—

આજે આત્મશ્લાઘા ને આત્મ--પ્રતિષ્ઠાએ અનેક મુનિ-ઓને ચળાવ્યા છે. ને એની આપ્તિ અર્થે શું શું ના કરવું પડે? કોઇને ચેલાઓની સંખ્યા વધારવામાં પોતાનું મહત્વ જણાય; કોઇને ઉજમણા ને ઉત્સવોમાં ખોટા મોટાં ખર્ચો કરાવવામાં મહ-તા લાગે; કોઇને દિવ્ય આંગીઓ રચાવવામાં ને વરઘોડા કઢાવવામાં મોટાઇ ભાસે તો કોઇને આંધ શ્રધ્ધાળુઓને અજ્ઞાનીઓ પાસે વ્રતો મોટી સંખ્યામાં પળા-વવામાં આત્મ--પ્રતિષ્ઠા વધતી લાગે. આમાં સહમજવશે કોઈ 'ધર્મ'નો અંશ શામાં છે? ને એનાં પરિણામો શાં નિપજે છે?

ચેલાઓ મુંડવાં પાછળ શા અધર્મ, અનીતિ ને દંભ નથી થયા? જુઠાણાં, દંભ, ચોરી, કપટ, ઝઘડા, ટંટા...કયાં નથી બન્યા? એની પાછળ વમનસ્યને દ્વેષના બીજ રોપાયા સમાજ આખોય છિન્નભિન્ન થઇ ગયો. એના ભાગલા પડી ગયા. ને ચેલા-મુંડકાએ આ સ્થિતિ પોષી, ને ઉપદેશ દ્વારા ઉછેરી માત્ર પોતાની પ્રતિષ્ઠાને કારણે. આ પરિસ્થિતિ હોય ત્યાં સમાજની દુર્દશા સ્વાભાવિક નથી શું? સાધુઓ આ અધમ લાલસા ના સેવે તો? ને કુદરતી ક્રમને અનુસરે તો? તો માત્ર જૈન-સમાજનું નહિ પરંતુ 'સારાય જન-સમાજનું કલ્યાણ થાય.

ઉજમણાં, ઉત્સવો, ને વરઘોડાઓ પાછળ નિરર્થક લાખોના ખોટા ખરચાઓ થાય છે માત્ર એ ઘડીની પ્રતિષ્ઠાને વાહવાહ ખાતર. એ મોટા ને ખોટા ખરચાઓ અટકે ને એનો સદુપયોગ વિદ્યાલયોમાં, ગુરૂકુળોમાં, હુન્નરો ને કળા-ઓમાં ને નિરાધાર રઝળતાઓ પાછળ થાય તો સમાજને ઉન્નતિને શિખરે પહોંચતા કી વાર?

ટેકાઓ નમ્યા—

આવશ્યક કેળવણી અને જ્ઞાનના અભાવે તહમે પરવશ બન્યા ને અન્ય--દોર્યા દોરવાયા. ધર્મના આવશ્યક અંગોના અજ્ઞાને ને ધર્મગુરૂઓના તહમને અજ્ઞાનાંધકારમાં રાખવાને પરિણામે તહમે અંધશ્રધ્ધામાં દોરવાયા. ને પરિણામે અધર્મ-ને ધર્મને નામે સેવ્યો. અંતે આ પરિણામ ના આવે? હવે જાગો, ને અંધશ્રધ્ધા ત્યાગી તહમારી વિવેક બુધ્ધિને અનુસરો.

બીજા આર્થિક પીડક—

જગતશેઠ ને જગડુશાના અઢળક દ્રવ્યભર્યા ભંડારો ને પેટ--પોષણ પાછળ વલખા મારતો આજનો વાણીયો--સરખાવો. આ આર્થિક સ્થિતિ છે આજે જૈન-સમાજની. જૈનોનો મ્હોટો ભાગ આજે કંગાલિયતમાં સબડે છે. જ્યારે નહાનો ભાગ તાગડધિન્ના કરે છે ને અંધશ્રધ્ધા દોરાયા વરઘોડા કે ઉજ-મણા ને દેવદ્રવ્યમાં પૈસાનો ઉપયોગ કરી લાખોનો ધુમાડો

કરે છે. આ વિરોધી તત્વો વચ્ચે સમાજ કેવી રીતે ઉંચા પાયરીએ હોય?

ને ક્યાં છે એ પાવરધા જૈનોનાં વ્યાપાર ઉદ્યોગો? ક્યાં છે એ વહાણવટાં ને ક્યાં છે એ દેશ–પરદેશના વ્યવહાર? ક્યાં ઉડી ગયા સહુ? ને શા કારણે? કુસંપ, ધર્મ–દંભ, ને કેળવણીનો અભાવ. પાછાં મેળવો એ, નવયોહીયાઓ. કાં હસતા'તાને? આંખો લાલ કયમ થઇ? ખામોશ રાખો હજુ—

ત્રીજો પીડક અધુરી કેળવણી—

વ્યવહારૂ ને ધાર્મિક કેળવણી યોગ્ય સ્વરૂપ ને યોગ્ય પ્રમાણમાં આજે જૈનોના બચ્ચાઓ નથી પામતા.

સામાન્ય વ્યવહારૂ પ્રાથમિક કેળવણી મુસ્કેલીઓ વેઠી પણ બાળકોને આપે. પરંતુ આર્થિક અગવડતાને લીધે ઉચ્ચ કેળવણી અશક્ય બનતાં અભ્યાસ એ અધુરી કેળવણીએ અટકે. કયાં ને કેટલા છે આજે જૈન–વિદ્યાલયો? ગણ્યા ગાંઠયા. કેળવણી એજ કોઇપણ સમાજ, દેશ કે જાતિનો ઉન્નતિ–વિધાતા છે. ને તો શા સારૂ બને તેટલી વધારે કેળવણી–સંસ્થાઓ ઉભી ના કરવી? આર્થિક મુસ્કેલી છે? શા સારૂ એ નિરર્થક પડી રહેલા–દેવ–દ્રવ્યના પૈસા ને ઉજમણાઓ પાછળ ખરચાતા લાખો રૂપીઆ સમાજોન્નતિ સારૂ કેળવણી માટે ના વાપરવા? દેવ–દ્રવ્યના પૈસા પડયા પડયા કટાશે કાં ચોરાશે. કેળવણી પાછળ ખરચાતા, એમાંથી સમાજના સ્થંભો ઉદ્ભવશે.

ચોથો રાજકીય પીડકઃ—

બતાવો કોઇ ભામાશા ને વિમલમંત્રી આજે? જુના સમયમાં જૈનોનો રાજકાર્યમાં મોટો હિસ્સો હતો: "ડાહીમાના દિકરા" રાજવર્ગમાં ડહાપણના દરિયા ગણાતા ને માન પામતા. આજે એ રાજકીય જાહોજલાલી ક્યાં છે? રાજકીય તત્વ એ કોઇપણ સમાજ કે દેશની ઉન્નતિ માટે મોટો ભાગ ભજવે છે.

નવયુવકો, આ સિવાય બીજા કેટલાય નહાના નહાના પીડકો એ મહાપિતાને રેંસી રહ્યા છેઃ—કુરૂઢિઓ ને કુરિવાજો, ફરજીયાત વૈધવ્ય, પુનર્લગ્ન—નિષેધ, બાળ લગ્ન, દેહ—લગ્ન.

એ મહાપિતા—સમાજ—ના આ પીડનોનો નાશ કરવો ને એની પૂર્વની જાહોજલાલી માટે યત્નો આદરવા. એ મ્હારો ઉદ્દેશ; ને એ માટે આમન્ત્રુ છું મ્હારે આંગણે ઉતરી પડવા.

કાં રોપ ને જોમ ચડયાં કે? એ ઉતારજો સમાજની ઉન્નતિ સારૂ મથવામાં ને જુનવાણી ને જીર્ણ બદ્દિઓને છેદવામાં.

જો જો ડરતા નાંહ.

તમને ધરડીયાઓ ઉછાંછળા, સ્વચ્છંદી ને અકકલ–હીન કહેશે ને તમને વારશે ને અવરોધશે. એ ગણકારતા નહિ. એ ભલે ધવાઇ ચૂકયા. તમારે નવી ઘટનાઓ કરવાની છે.

આવજો, આમન્ત્રું છું.

—ભાઇલાલ બાવિશી.

જેને જનતા સંપુર્ણ જાણે છે
તેને શું તમો નથી જાણતા?

ન જાણતા હો તો અમારી એકજ મુલાકાત આપને હંમેશ
માટે સંતોષનું સ્થાન આપશે.

અમારે ત્યાં દેશી તેમજ ઇંગ્લીશ પધ્ધતિના ચોપડાઓ
રોજમેળ, ડાયરીઓ, એકાઉન્ટ બુકો તેમજ દરેક જાતની
સ્ટેશનરી કીફાયત ભાવે મનપસંદ મળી શકશે.

નોંધી લેશો—

નવજીવન કાગદીની કું૦.
તથા
કલાપી સ્ટેસનરી માર્ટ.

સુતાર ચાલ, મુંબઇ.

જિન મંદિર વિરૂદ્ધ ગુરૂમંદિરો.

વલ્લભદાસ પુલચંદ મહેતા

જિન પૂજા:—કોઇ અતિ સમર્થ વિચક્ષણ પુરૂષે તીર્થંકરનું નિયમિત સ્મરણ અને નિત્ય અભ્યાસથી જ્ઞાન મળે અને ચારિત્ર્ય ઉપર અસર થાય તે ભાવથી જિન પ્રતિમા અને જિનાલયોનો આરંભ કર્યો. આ સ્મરણ ચિન્હોમાં સર્વ ગુણોનો આરોપ કરી મનુષ્ય કર્મબંધનથી મુકત થવા પ્રયત્ન કરે. કદાચ તેમાં ભલે તો તેની યાદી માટે શુધ્ધ વાતાવરણ ઉત્પન્ન કરવા જિન પ્રતિમાની શરૂઆત થઇ અને જિન પ્રતિમા જિનપ્રભુ સરખીજ તારણહાર ગણી જ્ઞાન અને ભકિત માટેનું સ્થાન શરૂ થયું.

પણ આમાં વ્હેમ અને અંધશ્રધ્ધાના પ્રભાવે મૂળભૂત વસ્તુને ભૂલી જઇ પ્રભુને સંસારી ભાવે આંગી રચાવા લાગી, કોટ અને જનકીટ, લોકેટો અને ઘરેણાં ચડવાં લાગ્યાં અને આમ વિતરાગમાંથી સરાગતા ઉત્પન્ન થતી ચાલી. ગુણના પૂજનને બદલે દેહનાં પૂજનમાંજ કર્તવ્યની ઇતિશ્રી મનાવા લાગી અને જ્ઞાન, દર્શન અને ચારિત્રની ભાવના ભૂલી જઇ તેને સ્થાને ઋધ્ધિ સમૃધ્ધિનો જગમગાટ ચઢવા લાગ્યો. આજ તો પ્રભુની આંગી બહુ સરસ બની હતી, તેવી વાતોમાં જનતાને આનંદ પડવા લાગ્યો, પણ ગુણનું સ્મરણ ન રહ્યું. આમને આમ કેટલીયે વિસંવાદી વાતોથી પ્રભુના પ્રભુત્વ ઉપર ઝાંખપ લગાડવામાં આવે છે. એટલેથીજ ન અટકતાં હવે મુનિવર્ગ તરફથી પ્રભુનીમૂર્તિઓને બદલે ગુરૂમૂર્તિઓ ભરાવવાની પ્રણાલિકા શરૂ થઇ ગઇ છે, અને સ્થળે સ્થળે આજે અનેક ગુરૂમૂર્તિઓ જોઇ શકાય છે.

પહેલાના જમાનામાં ખાસ કોઇ મોટા સાધુ કાળ કરી જતા ત્યારે તેમની પાદુકા મૂકવામાં આવતી હતી, પણ તે બહુજ જુજ. આપણે હિરવિજયસૂરિ અને સેનસૂરિ જેવા પ્રખર શાસનપતિઓની મૂર્તિઓ શોધવા જશું તો કયાંયે નજરે નહિ પડે. પાછળથી કદાચ કોઇએ એકાદ મૂર્તિ ભરાવી હશે, પરંતુ તે તેમની પ્રતિકૃતિને અનુકૂળ તો નહિજ. જે રીતની ભગવાનની મૂર્તિઓ હોય છે, તે રીતની કદાચ એકાદ મૂર્તિ મળી આવશે. હેમચંદ્રાચાર્ય જેવા આસન્નોપગારી મહાત્માની મૂર્તિ પણ આપણને કવચિતજ સાંપડશે. આ બાબત શું બતાવે છે ? જેણે સાડા ત્રણ કરોડ શ્લોકની રચના કરી, જેણે કુમારપાલ મહારાજ જેવા ચક્રવર્તિ રાજાને પ્રતિબોધ કરી અઢાર દેશોમાં અહિંસા મહાદેવીનો વાવટો ફરકાવ્યો હતો, એવા મહાત્માઓની મૂર્તિઓ ભરાવવાનું સંઘે કદિ વિચાર્યું નથી. આર્યસુહસ્તિ અને આર્યમહાગિરિ જેવા મહર્ષિઓ કે જેઓ પૂર્વધર હતા અને જેમના ઉપદેશાનુસાર સંપ્રતિ જેવા સમ્રાટોએ સવા લાખ મંદિરો સ્થળે સ્થળે બંધાવ્યાં, તેઓએ જો ધાર્યું હોત તો તેઓ પોતાની લાખો મૂર્તિઓ ભરાવી શકત, પૂજાવી શકત અને કરોડો માનવીઓના એ દેવ બની શકત, પણ એ મહર્ષિઓ આત્માર્થી હતા, તેમને કીર્તિની લાલસા નહોતી, પૂજાવાની તમન્ના નહોતી, તેઓ પોતાના સંયમમાં ખૂબ રત રહેતા હતા, તેઓ એવું અભિમાન કદિ પણ લેતા નહોતા કે સમાજનું અમે કલ્યાણ કરીએ છીએ, સમાજનું કલ્યાણ કરવાની જવાબદારી અમારી છે. તેઓ તો એમજ સમજતાજ ચાલતા કે આપણે આત્મકલ્યાણ માટેનીજ જવાબદારી છે, જગતના કલ્યાણ જોડે આપણે કશી નિસ્બત નથી આવી માન્યતા ઉપરજ તેઓ બધા અલિપ્ત રહેતા, જગતના વાતાવરણથી તેમજ આડંબર પ્રવૃતિઓથી હંમેશાં દૂર રહેતા અને તેમનો ઉતારો નગર બહારના ઉદ્યાનમાં રહેતો. સંસારથી વિરકત થઇ કોઇ આત્મા જતો તો તેઓ અમૃત જેવી ધર્મદેશના સંભળાવતા. આવા પ્રકારના એ મહર્ષિઓ હતા, ત્યારે આજે તદ્દન તેથી વિપરિતજ દૃશ્ય બહું થાય છે. આજના સાધુઓ એ ધર્મ સેવે છે કે અમે સમાજનું કલ્યાણ કરવાની જવાબદારી લઇ કરીએ છીએ. આવા ધર્મને અંગે ગુણપૂજનને બદલે વેશ પૂજાએ સ્થાન લીધું. એવા અજ્ઞાનાંધકારને લીધે કીર્તિની લાલસાનો મોહ વધતો ચાલ્યો. આત્મકલ્યાણ તરફનો રસ્તો મૂકાયો. જિન પ્રભુની અદ્વૈતિક જગવવાને બદલે, પોતાની–ગુરૂમૂર્તિઓ તૈયાર કરાવવાની હરીફાઇ ચાલી રહી દેખાય છે. ફલાપિ કહે છે તેમ જગત્ અને જગતની કીર્તિ બન્ને પોલાં છે—એવાં પોલાણમાં પેસી જનાર જગતની કીર્તિ કહેજે મેળવી શકે છે. તે મુજબ પ્રભુની મૂર્તિના જકડજમાળને લીધે, પોતાની છદ્મસ્થ અવસ્થામાં તે મુજબ પૂજાવાના મોહ જન્મેલ છે. આવી કીર્તિની લાલસા પોષવા, વિચક્ષણ મુનિઓ ગૌતમ સ્વામિથી માંડી બીજી મૂર્તિઓ બનાવીને પોતાની મૂર્તિ પણ બેસાડી શકાય તેવી રમતો રમવા માંડી છે અને તેમના અંગત આશ્રીતો તેમના હથિયાર બને છે.

આવી રીતે ગુરૂમૂર્તિરૂપે ગુરૂપૂજા શરૂ થતાં ભગવંતની મૂર્તિપૂજાની માન્યતાને સખ્ત કટકો પડવા પૂરેપૂરો સંભવ છે. મૂર્તિપૂજા વિરોધીને આવી રીતની ગુરૂપૂજા મદદરૂપ થશે. અને ભગવંતની મૂર્તિપૂજાને ઝાંખપ લગાડનાર બને તે પહેલાં સમાજ ચેતી જાય અને આ હરીફાઇ આટલાથી અટકે તેમ સવેળા ચેતવણી આપવાનું નમ્ર ભાવે નિવેદન રજુ કરૂં છું. કદાચ કીર્તિ લાલસા જાગૃત કરવામાં સફળ બનશે, તો ભવિષ્યમાં સમાજમાં કેટલો કુસંપ ઉભો કરશે અને એ ગુરૂમૂર્તિની શી દશા થશે એ કલ્પના કરવી કમકમાટી ઉપજાવે તેમ છે.

ફરીથી મુનિવર્ગને છદ્મસ્થ અવસ્થાની મૂર્તિપૂજા બંધ કરવા વિનંતિ કરી વિરમું છું.

(અનુસંધાન પૃ. ૯૫)

જૈન કોન્ફરન્સ સંસ્થાની જરૂરીઆત આ દૃષ્ટિએ ઘણી મોટી છે. જો એ નિરર્થક ચર્ચા વાર્તામાં પડી ન જાય તો તેને માથે જવાબદારી ઘણી મોટી છે. એ જવાબદારીને પહોંચી વળવા યોગ્ય શકિત એ સમષ્ટિ બંધારણ વગર કદિ પ્રાપ્ત કરે તેમ નથી. એ સર્વગ્રાહી બંધારણને ગમે તે નામે સંબોધવામાં આવે, પણ એવા બંધારણ પૂર્વકના સર્વગ્રાહી પ્રગતિવાહક બંધારણની જરૂર વિશ્વશાન્તિ માટે, જનતાના હિત માટે આવશ્યકીય છે.

એના એક અહિંસાના સિધ્ધાંતનો વિસ્તાર કરવામાં આવે તો જનતાની અત્યારની અનેક ધુંચવણો નીકળી જાય તેમ છે. આવાં અનેક કારણોથી જૈન કોન્ફરન્સ સંસ્થાને પોષવાની આવશ્યકતા સર્વને શીરે છે અને એમાં સમસ્ત પ્રજાનું હિત છે. આવી વિશાળ ભાવનાથી જનતાના આશિર્વાદ પૂર્વક આ સંસ્થાને પ્રગતિ આપવામાં આવે તો અલ્પકાળમાં એ ઘણું કરી શકે તેવી એ સંસ્થા છે. એને અપનાવવા બનતા સર્વ દિશાના પ્રત્યેક પ્રયત્ન કરવાની અને જૈન દર્શનને ઉન્નત સ્થાન અપાવવાની પ્રત્યેક બન્ધુની ફરજ તરફ આ વખતે ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે,

જાણીતી અને માનીતી

ધી ઇન્ડીયન ગ્લોબ

ઇન્સ્યુરન્સ કંપની લીમીટેડ.

ડીપાર્ટમેન્ટસ

લાઇફ, ફાયર, મોટર, મરીન.

ઇન્ડીયન ગ્લોબ, જીંદગીના વીમા સસ્તા દરે અને બધાને માફક આવે તેવા પ્લાનોમાં વીમા ઓફર કરે છે, આગના, મોટરના અને દરીયાઇ વીમા ઘણાજ મધ્યમ દરે લે છે. ઉપરાંત ચોરી, લુંટફાટ વિગેરે એકસીડંટના વીમા લેવાની સગવડ કરેલ છે.

ઘરાકો તથા એંજંટોને દરેક જાતની સરળતા આપવામાં આવે છે અને દાવાઓ તુરત ચુકવવામાં આવે છે.

લખો યા મળો:—

હેડ ઓફીસ, ૨૮, એપોલો સ્ટ્રીટ,

કોટ, મુંબઇ.

બ્રાંચ ઓફીસો:—કલકત્તા, લાહોર અને રંગુન,

મેનેજીંગ એજંટસ:—

વીજયસીંહ ગોવીંદજીની કંપની.

આગામી પરિષદના અભિનેતાઓ. [૬૦ માનું અનુસંધાન]

એમનામાં તનમનાટ છે, જાડેર જીવનની ભૂખ છે, મહત્વાકાંક્ષા છે. અને શક્તિ પણ છે. એ તમામનો ઉપયોગ જૈન જનતાના ઉત્કર્ષ અર્થે એ કરી રહ્યા છે.

શેર બજારમાં એ જાણીતા દલાલ છે, અને મધ્યસ્થતાની એમની આંટ એટલી છે કે બજારના આંતર ઝઘડાઓ એમની લવાદીપર મૂકતાં કોઇને સંકોચ થતો નથી. શેર બજારમાં ડીરેકટર ઉપરાંત વાઇસ પ્રેસીડન્ટ તરીકે પણ એ ચૂંટાયા હતા.

જૈન શ્વેતાંબર કોન્ફરન્સના દ્વિતીય અધિવેશન વેળા સ્વયંસેવક તરીકે કોન્ફરન્સના કાર્યમાં એમણે રસ લેવા માંડ્યો. અને તે પછી 'સમાજના સીપાઈ' બનીને એ એકધારી સેવા આપ્યા કરે છે. ભારતીય જૈન સ્વયંસેવક પરિષદના એ એક વેળા પ્રમુખ પણ હતા. અમદાવાદમાં વિસા ઓસવાલ જ્ઞાતિની કલબનું ઉત્પાદન કરી, કેળવણી અને દવાખાનાની સંસ્થાઓ એ ચલાવી રહ્યા છે. સારાભાઇ મોદી વિદ્યોત્તેજક સહકારી મંડળના તેઓ પ્રમુખ છે.

આણંદજી કલ્યાણજીની પેઢીના તેઓ એક આગેવાન વહિવટ કર્તા છે. શત્રુંજયના પ્રકરણમાં એમણે સારો ભાગ ભજવ્યો હતો. લાલબાગ, મહાવીર જૈન વિદ્યાલય, શ્રી મોહનલાલજી જૈન સેંત્રલ લાયબ્રેરી ઈ. સંસ્થાઓના એ ટ્રસ્ટી છે.

જૈન શ્વેતાંબર કોન્ફરન્સના એ મુખ્ય મંત્રી છે. અને આ વેના કોન્ફરન્સના ચૌદમા અધિવેશનના એ સ્વાગત પ્રમુખ ચૂંટાયા છે.

એમને જોતાં એમની વિચારણા જોતાં એમની ભાવના જોતાં, એમની શક્તિને–તનમનાટ જોતાં કોન્ફરન્સ એ એમને યોગ્ય ક્ષેત્ર નથી એમ લાગી આવ્યા વિના રહેતું નથી.

શ્રી. અમૃતલાલમાં નવજુવાનનું માનસ છે, વેગ છે, મહને લાગે છેકે કોન્ફરન્સમાં મહત્તા મેળવવાનો વિચાર માંડી વાળી શ્રી અમૃતલાલ આપણા જુવાનોના માર્ગદર્શક અને તો જૈન જનતાની સેવા કરવાની એમની ભાવનાઓ જલ્દી સફળ થશે.

આવતી કાલના વિધાયકોને:—

આઝાદીની અહલેક પુકારવાનો સમય માનવજાત માટે લહેના જીવનના અણમોલ પ્રસંગ તરીકે લેખાવો જોઇએ, આઝાદી માટે મરી ફીટવાની આવતી કાલના વિધાયકને તાકાત કેળવવી પડશે. ત્યારેજ સામાજિક કુરૂઢિઓ વજ્રલેપ સમા જુનવાણી સ્વરૂપો અને જગતની પ્રગતિને રૂંધતી પ્રત્યેક શક્તિ વિઘાતક બળથી નષ્ટ થશે. જ્યાં સુધી યુવક શક્તિનાં પૂર સમાજમાં નહિ ફરી વળે ત્યાં સુધી સમાજ પ્રગતિનાં કદિપણ દર્શન કરી શકશે નહિ. એટલે આવતી કાલના પ્રત્યેક વિધાયકોને મારી નમ્ર વિનંતિ છે કે તમારી આસપાસ ગમે તેવી પરિસ્થિતિ હોય, તમે ચાહે તેવા સંયોગોમાં હો, પણ જીવનમાં આઝાદીનાં પૂર વહેવડાવવા માટે હંમેશાં કટિબધ્ધ રહેજો. અને જ્યારે જ્યારે એ અમૂલ્ય પ્રસંગ સાંપડે ત્યારે ત્યારે હાથથી જતો ન કરશો. તેમાંજ તમારી, સમાજની અને સમસ્ત માનવજાતની મહત્તા છે.

—નાનુભાઇ મોતીલાલ.

૪ શ્રી કકલભાઈ વકીલ.

ભરાવદાર ઉપસેલું મ્હોં, મોટી આંખોવાળો સૌમ્ય ચહેરો, જરાક ભરાવદાર છતાં સમપ્રમાણ શરીર, બંધ કોલરનો કોટ, લાંબી દિવાલની ખાદીની ટોપી અને પતળા ધોતીયામાં 'ઢાવકા' ચાલે ચાલતી એક વ્યક્તિ યુવક સંઘની ઓફીસમાં પ્રવેશે છે. ઓફીસમાં બેઠેલા સૌ એને માન આપે છે. આગામી યુવક પરિષદના એ સ્વાગત પ્રમુખ છે.

જહેમ યુવાનીનું એમનાનાં જોમ છે છતાં તરવરાટ છોડી એમની ચાલ ઢાવકી બની છે એમજ એમના વિચારોમાં ક્રાન્તિની ચીનગારીઓ ભરી છે છતાં એ બધું છૂપાવીને વિચારે એ ઢાવકા બની રહ્યા છે; વ્યાપારીની સૌને સંતોષવાની કુનેહ એનું કારણ છે.

કકલભાઇની જીવન નોંધ યુવાનોને ઉત્સાહ પ્રકટાવે એવા છે. Thaker & Co. પુસ્તકવાળાને ત્યાંની નોકરીમાંથી, રેલ્વેના યુડસ ખાતાની નોકરી અને ત્યાંથી રેશમનો વ્યાપાર અને વળી એક કુદકો અને એક્સપોર્ટ ઈમ્પોર્ટનું કાર્ય, ત્યાંથી એક કુદકો ને શેર બજારના દલાલ. આ એમની અસંતોષ વૃત્તિ અને આગે ધપવાની ધગશ બતાવે છે. શેર બજારમાં કકલભાઇ જાણીતી વ્યક્તિ છે અને શેરબજારના ડીરેકટર તરીકે પણ છ વર્ષ એમણે કાર્ય કર્યું છે.

આ ધંધાદારી ધગશમાંથી યુવાનો ભલે પ્રેરણા મેળવે પણ સ્વાગત પ્રમુખને સારૂ આટલીજ લાયકાત બસ નથી. જાહેર જગ્યાઓનો મુખ્ય આધાર જાહેર સેવાપર અવલંબે છે.

એમણે રાધનપુર જૈન મંડળ સ્થાપ્યું ઇ. સ. ૧૯૧૧ માં અને ત્રેવીસ વર્ષ સુધી મંત્રી તરીકે એકધારી સેવા બજાવી. મુંબઇમાં જૈનોને સસ્તા ભાડાના મકાનો પુરા પાડવા જૈન સેનીટરી એસોસીએશનની સ્થાપના કરી એમણે ચારસો કુટુંબને વસવાની અને મંદિર, ઉપાશ્રય, દવાખાનાની સવડ કરી દીધી. મંત્રી તરીકે એમણે એ યશસ્વી કાર્ય કર્યું. શ્રી મોતીચંદ કાપડીયાની ગેરહાજરી દરમ્યાન મહાવીર વિદ્યાલયનું કાર્ય એ સંભાળતા. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ ની સ્ટેન્ડીંગ કમીટીમાં, મહાવીર જૈન વિદ્યાલયમાં, જીવદયા મંડળીમાં, જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયામાં કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે એ યથાશક્તિ સેવાઓ આપે છે સાન્તાકુઝની એજ્યુકેશનલ સોસાયટી અને પીપલ્સ એસોસીએશનમાં પણ એમણે કેટલીક સેવાઓ બજાવી છે.

સામાજીક કુરૂઢિઓ સામે થવા અને અયોગ્ય દીક્ષાની શિથ્થેલા સાધુઓની પાગલતા મીટાવવા મુંબઇમાં ઈ. સ. ૧૯૨૯ માં યુવક સંઘની સ્થાપના થઇ. એ યુવક સંઘના સ્થાપકોમાં શ્રી કકલભાઇ એક હતા અને આજ લગી યુવક સંઘના ચેતનવંતા સભ્ય છે.

જુવાનીનો કાળ પચ્ચીસી આસપાસનો' ગણાય છે. કકલભાઇને જે જાણે છે તે કહી શકશે કે જુવાનોના નેતા તરીકે જોઇતી જુવાની એનામાં ચાલીસ વર્ષ પછી પ્રકટી છે. વિનાશની ઉદ્દામતા નહિ પરંતુ અણુનમ સુધારકની મક્કમતા એમનામાં છે.

યુવકસંઘને કોઇક જાદુગર મળી આવે તો કકલભાઇમાંથી લક્ષ્મીની અસંતોષતા અને વ્યાપારી ઢાવકાઇ ખેંચી કહાડીને ફગાવી દેવાની હું સૂચના આપું, અને એના પ્રયોગોમાં જાદુગર સફળ નિવડે તો કકલભાઇ યુવાનોના અજબ્બ નેતા બની જાય એટલાં એનાં છૂપાઇરહેલીશક્તિનાં ઝહેણ વહે છે, તે પૂર જોષમાં વહેવા માંડશે એમાં કંઇ શક નથી.

કોણ જીવશે.....? આવતી કાલના સર્જકો.

—શ્રી કનૈયાલાલ.

'જુના'ને દફનાવો—

પ્રત્યેક સમાજમાં રૂઢિઓની કિલ્લેબંદીઓ દુનિયાના પ્રકાશોને-જગતનાં અજવાળાંઓને રૂંધી રહી છે. આગેકદમ માંડતાં જગતનાં પગલાંઓને પુરાણા કાળની આપણી રૂઢિઓની દિવાલો આજે રૂકાવટ કરે છે. રૂઢિઓના પૂજકો અને એના વંશવારસો ધર્મ અને શાસ્ત્રોની મોહક જાળમાં માનવ પ્રજાને ફસાવી, એના દેહને એનાં બંધનોએ બાંધી દુનિયાની રોશનીથી વિશાળ માનવ જાતને નિરન્તર દૂરજ રાખતા લાગે છે. આમ જુનવાણી સ્વરૂપો અને જીર્ણ-વિચારો આવતી કાલની પ્રજાના મૂળમાં સડે. મૂકે છે. આવતી કાલની ઉગતી પ્રજાના મનોરથોનું એ ખૂન કરી રહ્યાં છે.

દુનીયાના પ્રકાશો અને અજવાળાંને ન દેખનાર, આવતી કાલની ઉગતી પ્રજાનાં માનસ ન સમજનાર સાધુશાહી અને સમાજશાહીના ખપ્પરમાં કેટ કેટલાં માનવીઓના મનોરથો અને ભાવનાઓનાં બલિદાનો દેવાતાં હશે ? દુનિયાના પ્રકાશ અને તેજને ન દેખનારાઓ સ્વરક્ષાને કાજે માનવ સમુદાયને બંધનોએ બાંધનારાઓ, જુનવિચારો અને વર્તનોને શાસ્ત્રો અને ધર્મના ઓથા નીચે ભરાવનારાઓ કેટકેટલાં માનવીઓને જડવાદોમાં જકડી એમનાં જીવનોને જલાવતા હશે ? ને આમ સ્વરક્ષાને કાજે પોતે સિદ્ધ કરેલા માર્ગોને ટકાવવાને કાજે કેટકેટલા ધર્માધ્યક્ષો, કેટકેટલા જ્ઞાતિ પટેલો સમાજની છાતી પર ચડી બેસીને એને પીસતા હશે ?

પણ કુદરતની પ્રકૃતિ અનુસાર જુનવાણી વિચારો અને જુનવાણી સ્વરૂપો ઉંડાણમાંથી દુનિયાના તેજમાં પ્રકાશવંતાં થવા ચીસો પાડે છે.—જુનું એટલું બધું દફનાવી દેવું જોઇએ. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાંથી રૂઢિઓનાં બંધનોને, જુનવાણી સ્વરૂપોને અને પ્રગતિબાધક વિચારોને સળગાવી દેવા જોઇએ. ને ભૂતકાળના વંશવારસોને અને રૂઢિઓના પૂજકોને આવતી કાલની ઉગતી પ્રજાની ખાતર પણ ત્યજવા જોઇએ.

આજે—

પુરાણકાળના વિચારો અને વર્તનો જગતનાં અજવાળાંઓને જીવનમાં પાથરવા નથી દેતાં. એના ઉત્પાદકો મુઠ્ઠીભર માનવીઓ એમની સ્વાર્થસિધ્ધિ માટે કાનુનો અને કાયદાઓ ઘડે છે, ફરમાનો બહાર પાડે છે, ને સારાયે માનવ સમાજને પ્રકાશવિહોણો અને શક્તિવિહોણો એ બદલ રહેવું પડે છે.

સ્ત્રીઓને—આજે પુરૂષોનાં રમવાના રમકડાં તરીકે ઉછેરવામાં આવે છે એ રીતે એનું લાલનપાલન થાય છે. એને માટે કાયદાઓ રચવામાં આવે છે, ને એને જીવન દોરવાના માર્ગો બતલાવવામાં આવે છે. આમ એને પુરૂષોની દયાપર, એની કૃપાપર જીવન જીવવાનું શીખવાડવામાં આવે છે.

ધર્મના ઇજારદારો આજના યુવાનને, આજના વિચારકો નાસ્તિક, ધર્મવિહોણા, વિવેકશૂન્ય કહેવામાં, અને પોતાને શાસનરક્ષિત, ધર્મપ્રેમી, મહાવીરપુત્ર અને બીજાં કેટલાંએ વિશેષણોથી નવાજવામાં ધર્મની સેવા બજાવે છે ! મહાવીરના આંગણાને અજવાળે છે !!

મહાવીરના ભેખમાં લપેટાયેલો સાધુ એને બીજો મહાવીર માની જનસમુહ સાથે વર્તાવ કરે છે, જનસમુહને અંધ શ્રધ્ધા અને વ્હેમનાં પડળો આંખે ચડાવી એ એની, એના સિધ્ધાન્તોની રક્ષા કરે છે. ધર્મ અને શાસ્ત્રોને એનાં એ હથિયારો બનાવે છે.

મંદીરોને નામે, પ્રતિષ્ઠા ઓચ્છવોને નામે, ધર્માદા ઓના પૈશાઓને નામે, વરઘોડા અને સામૈયાનાં નામે, જમણોને નામે આજે જૈન સમાજમાં લૂંટ ચાલે છે. આજની અને આવતી કાલની પ્રજાના ભોગે એ બધું પોષવામાં આવે છે.....મંદીરો અને ધર્માદાના પૈસાઓથી કોઈ મીલો ચલાવી શકે, કોઈ મોટરો દોડાવી શકે, કોઇ સ્વ સુખોમાં લૂંટાવી શકે એમાંથી કેશો લડવામાં અને આપફનાં પોલાં ચણતર ચણવા લાખો અને કરોડો રૂપિઆનો ધુમાડો થઇ શકે—એ બધું શાસ્ત્ર સંમત છે, એ બધું વીતરાગ દેવોએ ભાખ્યું છે; પણ હીર હણાતા જૈન સમાજને, ભુખેમરતાં જૈન બાલકોને, ધંધા વિહોણા અનેક જૈન બિરાદરોને, ટુકડા રોટલા માટે ઝુરતી વિધવાઓને, અજ્ઞાનતાના અંધારાપામાં ગોથાં ખાતાં માનવપ્રાણીઓને એનો લાભ ન મળવો જોઇએ. કારણ એ બધું શાસ્ત્ર વિરૂધ્ધ છે, ગુરૂદેવો ના પાડે છે..... આ જાતની જડમાન્યતાઓથી સમાજના દેહને પોષી મુઠ્ઠીભર માનવીઓ સમાજના અને ધર્મના 'શત્રુઓ' તરીકે વર્તી રહ્યા છે.

આવતી કાલે:—

આવતી કાલે વર્ષોનાં બંધનો અને વર્ષોના જડવાદો આજના યુવાન જગતથી કાચા તાંતણા જેમ તુટશે, આવતીકાલે જુન વાણીસ્વરૂપો અને વિચારો ભસ્મિભૂત થશે. સમાજશાહીનાં જુલ્મી ફરમાનો અને એક પક્ષી કાનુનો કચરાની ટોપલીમાં ફેંકાશે. ને આમ જીવનમાં અજવાળાં ઉતારવામાં રોકાવટ કરતી ભૂતકાળની આજ્ઞાઓ અને કાનુનોને એ કાર્યમાંથી ભુસી દેશે.

સ્ત્રી અને પુરૂષનું સમન્વય સ્વીકારવામાં આવશે. સ્ત્રી પુરૂષમાટે કાનુનો નહિ ઘડે. પુરૂષ સ્ત્રી માટે કાનુનો નહિ ઘડે. સમાનતાના ધોરણે બન્ને એકી સાથે પર્વતોની ભેખડોને કુદી જીવનસિધ્ધિઓને **પ્રા**પ્ત કરશે.

આવતી કાલે પક્ષાપક્ષીનાં, વેરઝેરનાં બીજો મજ્જામાંથી બાલીને ખાખ થશે. મોટા નાનાને, શ્રીમંત ગરીબને એની એડીઓ નીચે એ નહિ કચરી શકે. ને આજનો આપખુદ ધર્માધ્યક્ષ અને સમાજસંચાલક આવતી કાલે ધૂળ ચાટતો હશે. એની પ્રજા અને એનાં ફરમાનો જીવનમાં શોધ્યાં નહિ જડે.

મંદીરોને નામે અને અંધશ્રધ્ધાને નામે ચુસાતી પ્રજા આવતીકાલે શક્તિશાલી અને પ્રાણવાન હશે. જડવાદોને નામે પ્રકાશવિહોણી બનતી પ્રજા આજના યુવાન જગતથી આવતી કાલે જીવનમાં અજવાળાં પાથરશે. પ્રકાશ અને ચેતનના પુવારાઓને જીવનમાં ઉડતા મૂકશે..... ને આમ આવતી કાલની પ્રજા સ્વતંત્ર અો પ્રાણવાન હશે, શૌર્યવાન અને પ્રકાશવંતી હશે.

આવતી કાલના સર્જન—

જડતા અને જુનવાણી સ્વરૂપોમાં ઘડાએલાં જીવનોમાં નુતનતા અને અસ્મિતા લાવવાની આશાઓ કેટલી આકાશ કુસુમવત્ છે એ સત્ય આજે વર્ષોથી કાર્યકરતા નોજુવાનો પુરૂં પાડે છે. ને ઉંડાણથી એ પોકારે છે—જુનવાણીસ્વરૂપોના પૂજકોને સુધારવાની તમન્ના છોડી દો. એને માટે વેડફાતી શક્તિઓ ઉગારીલો. ને આવતી કાલનાં સર્જન કરવામાં, આવતી કાલનાં જીવત ઘડતર અને જીવનસિધ્ધિઓ નુતન ધોરણે, નુતન જીવન આદર્શોએ ઘડવા પાછળ મંડી જાઓ.

ને આ દિશામાં જેટલું કામ યુવક પરિષદ અને કોન્ફરન્સ કરશે તેટલુંજ કાર્ય ચિરસ્મરણીય લેખાશે. તેટલુંજ કાર્ય આવતી કાલની થનગનતી પ્રજાને માટે આશીર્વાદરૂપ મનાશે. પરિષદો અને કોન્ફરન્સો આંતરિક ઝઘડાઓને છોડી જૈનોનાં લાખો મુંગા માનવીઓના અંતરમાં પ્રવેશશે તો એમના જીવન ધન્ય મનાશે.....આગામી પરિષદ અને કોન્ફરન્સમાં યુવાન માનસનાં સ્પષ્ટ પ્રતિબિંબ પડવાંજ જોઇએ. ને આવતી કાલના સર્જનના વિચારો ત્યાં થનગનવા જોઇએ. બન્નેમાં એકજ જાતનો આત્મા થનગનવો જોઇએ. એ વિનાની કાર્ય સિધ્ધિઓ અને સેવાના મંત્રો અધુરા ગણાશે.

એકજ આત્મા:—કોન્ફરન્સો અને યુવક પરિષદો, મંડળો અને સંસ્થાઓનાં રૂપો ભલે જૂજવાં હોય; પણ એ બધાંમાંથી 'પ્રાણ' તો એકજ થનગનવો જોઇએ, એ બધાંમાંથી પ્રાણુમય અને ચેતનવંતી શક્તિઓ તો એકજ ધોરણોના માર્ગે વધવી જોઇએ. દેહ ભલે જુદા રંગોએ રંગાતા હોય, પણ 'આત્મા' એ તો એકજ જેવાં માનવ સમુદાયની કાર્યસિધ્ધિઓનાં પ્રતિબિંબ પાડવાં જોઇએ. પ્રત્યેકના કાર્યપ્રદેશો ભલે અનોખા હોય, કાર્યસિદ્ધિના રાજ્યમાર્ગમાં ભલે ભિન્નતા હોય; પણ કાર્યસિદ્ધિઓ અને જીવન ધ્યેયોમાં સામ્યતા હોવી જોઇએ. આવી કોન્ફરન્સો આવી પરિષદો જનસમુદાયના કલ્યાણ માટે ભલે જીવતી રહે. લોકગણમાં ચેતન અને પ્રકાશ રેલવવા માટે ભલે પ્રકાશતી રહે.

કોણ જીવશે?

આવતી કાલની પ્રજાના જીવનમનોરથો અને જીવન સિધ્ધિઓથી બરાબર વાકેફ થનારને જીવવાનો હક્ક છે. જુનાને દફનાવનારી અને નવાનાં સર્જન કરનારી વ્યક્તિને જીવવાનો હક્ક છે, ને વ્યક્તિ સ્વાતંત્ર્યના નાદોને બરાબર પીછાણનારને જીવવાનો હક્ક છે. આવતી કાલની ઉગતી પ્રજાના માનસોને નુતન મનોરથો અને નવીન અભિલાષોથી જે ઘડવા માગે છે; જીવનસિધ્ધિઓ સાધવા સમયનાં સાધનોની ઉપયોગીતા જે સમજે છે, તેને માનવ પ્રજા માટે જીવવાનો હક્ક છે.

પરિષદ અને કોન્ફરન્સ નુતન જીવનભાવનાઓએ અને નવીન જીવન ઘડતરોએ આવતી કાલનાં સર્જન કરશે તો એનાં કાર્યો આવતી કાલની પ્રજાની રગેરગેમાં જવલંત રહેશે. આવતી કાલની પ્રજાના સાચા સૈનિક તરીકે, જીવન વિધાયક તરીકે એ જીવશે. ને એમનું જીવન, એમના જીવન સિધ્ધાન્તો, ને એમની જીવનસિધ્ધિઓની આવતી કાલની ઉગતી પ્રજા 'પૂજા' કરશે. ને એમાંથી પ્રેરણા મેળવી યુગના પ્રધાન નાદોને માન આપી જીવનમાં પ્રકાશને નોતરશે. એટલે કે આવતી કાલની પ્રજાના જીવનોમાં આ જાતના સર્જન સંસ્કારાઓ જીવતા જાગતા રહેશે.

KOHINOOR

COLOGNE Water.

અસલ બનાવટનું શુદ્ધ વનસ્પતિ જન્ય

કોહીનુર બ્રાહ્મી તેલ.

મેડનેસને તેમજ થાકેલા મગજને આરામ અને ઠંડક આપે છે તેમજ પડતા વાળને અટકાવી વધારે છે.

તાવ, તિલ્લી, બરોળ, કમળો તેમજ પેટના દર્દો માટે

કોહીનુર આરામે-તિહાલ

શકિતની અપુર્વ દવા છે.

કોહીનુર રત્નાંજન પેન બામ

શરદી, માથાનો દુખાવો, કળતર વિગેરે શારીરિક દુઃખાવા ઉપર બાસ ગુણકારી.

કોહીનુરની બીજી સુપ્રસિધ્ધ બનાવટો.

સૈાંદર્યતા વધારી ચામડીને સુવાળી રાખનાર સુવાસિક

અનમ્સ ક્રેમ

હંમેશાં વાપરો.

વાળને સુશોભીત ચમકતા રાખવા ખુશબોદાર

કોહીનુર બ્રીલીયન્ટાઈન

વાપરો.

કોહીનુર ક્ષારાસવ

મંદાગ્નિ, અજીર્ણ, શ્વાસ, દમ, વિગેરે માટે અકસીર છે.

ઝાડો સાફ લાવી ઉંઘ લાવે છે, લોહી વધારનાર મધુર અને સ્વાદીષ્ટ શક્તિકારક દવા છે.

દરેક જાતની લાલ અગર કાળી દરાજ માટે

કોહીનુર કીસોરીંગા

અકસીર મલમ છે.

દરેક દવાવાળાને ત્યાંથી મળશે.

બનાવનાર:—**કોહીનુર વર્કસ.**

મુંબઇ નં. ૩.

શ્રી જૈન યુવક પરિષદ્

૨૬–૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

યુવક પરિષદ્‌માં હાજરી આપ

પ્રેરણાના પિયુષ પીવા;
પ્રગતિના આંદોલન મચાવવા;
પ્રબુદ્ધતા પ્રગટાવવા—

નવચેતનની ફોરમ ઝીલવા;
નવયુગની નોબતો ગડગડાવવા;
નવ સર્જનના મંડાણ કરવા—

વાણી સ્વાતંત્ર્યનો અધિકાર મેળવવા;
વિચારોને વિકાસ સાધવા;
વર્તનના ભેદ ઉકેલવા—

સમાજને ગૌરવાન્વિત કરવા;
સમાજને સુદૃઢ કરવા;
સમાજમાં પ્રાણ રેડવા—

ધર્મની વિશુદ્ધિ કરવા;
ધર્મને અવિભક્ત બનાવવા;
ધર્મને જીવન સાનુકૂળ બનાવવા—

ક્રાંતિના મંત્ર ગુંજવા;
કર્તવ્યના ચીલા પાડવા;
કર્મયોગ આદરવા—

કયાં સુધી ઉંઘીશ
જાગીને જો જૈન જુવાન!
સમય તને સાદ કરે છે;
યુવક પરિષદ્‌માં હાજરી આપ–

મે. તારીખ ૨-૬-૪-૧૯૬૪ વૈશાખ વદ ૪–૫–૬ ના રોજ યુવક પરિષદ્ મુંબઇને આંગણે ભાટીયા મહાજનવાડી, કાલબાદેવી રોડ, મળે છે.

—પ્રચાર સમિતિ—

તા. ૩૦-૪-૬૪.

મુંબઇમાં
અપ-ટુ-ડેટ ગુજરાતી,
ઇંગ્લીશ, મરાઠી,
હિન્દી છાપવાનું
કામ
કરનાર.



શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ

મેનજી સ્ટ્રીટ, મુંબઇ નં.

સસ્તુ, શુધ્ધ
અને
સુંદર કામ
માટે એક વખત
કામ આપી ખાત્રી
કરવા વિનંતી છે.

અમારા તરફથી પ્રસિધ્ધ
થયેલા લગભગ બસો
પુસ્તકોનું સુચી પત્ર
તદ્દન મફત મળશે.

જૈન ધર્મને લગતા
સંસ્કૃત, પ્રાકૃત, માગધી, ગુજરાતી પુસ્તકો
પોથી આકારે તથા પુસ્તક આકારે
મળવાનું તથા છપાવવાનું એકજ
ઉત્તમ સ્થાન.

પંડિત હિરાલાલ હંસરાજ.

જૈન ભાસ્કરોદય પ્રેસ.
જામનગર
(કાઠીયાવાડ.)

ઓઘા માટે ઊન.

મોક્ષમાં જવું હોય તો, સાધુસંઘે ઠરાવ કર્યા મુજબ
વર્તન કરવું હોય તો, સ્વચ્છ ઊન ઓઘા માટે
મોકલવામાં આવશે.

ભાવ તથા નમુના માટે લખો:—

ઇન્ડીયન યાર્ન સપ્લાઇગ ડીપો.
પોસ્ટ બોક્ષ નંબર ૭૭૦.
મુંબઇ.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ શ્રી કલાપી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુગ સીરીકેટ માટે ન્યુ બુકસ્ટર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪, મુંબઇ નં. ૨, તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

સમાજનો રોગ.

Reg. No. B. 3220

સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

વાર્ષિક લવાજમ ૧-૮-૦ છુટક નકલ ૧ આનો.] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર [વર્ષ ૧ લું અંક ૧૦-૧૧ મો મંગળવાર તા. ૧૬-૫-૩૪

જુવાન છો ?

જુવાન કોઇ કોમનો નથી. જુવાનીના આદર્શમાં કોમને સ્થાન નથી. કોમી સંસ્થાઓ વિકસાવવા જતા માણસ કોમી બની જાય . એ કોમી તત્ત્વ નહિ જોઇએ.

જુવાન આંખો મીંચીને ચાલે નહિ. ઉઘાડી આંખ, ઉઘાડું મન, અને ઉઘાડું હૃદય એ જુવાનીનાં લક્ષણો છે. એ લક્ષણો ધરાવનારો માણસ ૧૦૦ વરસનો હોય તો યે જુવાન છે, અને એ લક્ષણ નહિ ધરાવનારો માણસ ૨૫ વરસનો હોય તોયે જુવાન નથી.

***

તમારા દિલમા શું છે અને તમે શું કરવા માંગો છો, તેની તમે ચોખવટ ન કરો, ત્યાં સુધી તમે સાચા માર્ગે નથી જવાના, નથી જઈ શકવાના.

અમુક માણસે કે મુનિએ શું કહ્યું છે તે સમજી લ્યો; શા માટે કહ્યું છે તે તપાસી લ્યો; આજના જમાનામાં એ ઉપયોગી છે કે નહિ તે નક્કી કરી લ્યો. અને પછી તમે તમારું કાર્ય કરો.

***

૨૫૦૦ વર્ષ પહેલાં કહેલી વાત આજ સ્વીકારવા યોગ્ય નથી. એ મહાવીર પ્રભુએ કહી હોય તોય સ્વીકારવા યોગ્ય નથી, અને કોઈ અદના આદમીએ કહી હોય તોયે સ્વીકારવા યોગ્ય નથી.

મહાવીર આજે જીવતા હોત, તો તેમણે શું કર્યું હોત એ તપાસીને, સમજીને, નક્કી કરીને, એ દૃષ્ટિએ આપણે આગળ ચાલવું જોઇએ.

કોણ બચાવે ?

જ્યાં જોઇએ ત્યાં અંધકાર નજરે પડે છે. વ્યક્તિગત જીવનમાં જ્યાં ને ત્યાં, દંભ અને ડોળ નજરે પડે છે; ખુશામત અને ભીરૂતા દેખાય છે; વાણિયાશાહી ગણત્રીઓ અને ક્ષુદ્ર વાસનાઓ તરવરે છે; જીવનની સર્વ ભવ્ય ભાવનાઓ આદર્શો ને સિદ્ધાંતોનો નાશ થયો લાગે છે.

નાના નાના વાડા, મૂર્ખા ધનનંદનોની સત્તા, લગ્નને નામે વ્યભિચાર, વિધવાઓનાં કરૂણ રૂદન, બાલીકાઓનાં બંધનો, યુવકોની સ્વતંત્રતા ઉપર તરાપ, અસ્પૃશ્યતા ઇત્યાદિ કલંકો આપણા સામાજીક જીવનને કલુષિત કરી રહ્યાં છે. આખો સમાજ આ પાપોથી, દંભોથી કકળી રહ્યો છે.

ધર્મગુરૂઓની સત્તા, તેમના ઝગડા, દ્વેષો, નાટકી અને વિચિત્ર કર્મકાંડો, દંભ, અસત્ય અને અનાચારનાં અનેક કાર્યો ધર્મને કલુષિત કરે છે. આપણું ધાર્મિક જીવન તો અધોગતિના ઉંડા ખાડામાં જઇ પડયું છે.

આ બધામાંથી કોણ બચાવે ?—સમાજ, ધર્મ, દેશ રાહ જુએ છે અને આર્ત્તનાદે ઘૂમો પાડે છે—આ બધામાંથી કોણ બચાવે ? જુવાન જવાબ દેશે ? —દલપત કોઠારી.

જુવાન કોને કહેવો ? જ્ઞાન શોધો છો ? તમે શોધો છો એ જ્ઞાન ઉપાશ્રયોમાંથી નથી મળવાનું. એ તો ખાબોચિયાં છે. એ પાણી ગંધાઇ ઉઠયાં છે. એ નીર ઉપર નવા પ્રકાશનું એક પણ કિરણ નથી પથરાતું.

તમારે તમારી જ્ઞાનપિપાસા તૃપ્ત કરવા વિશાળ સરોવરો જોઇએ—ખાબોચિયાં નહિ, વિશાળ વારિધીઓ જોઇએ. એ જળનું તમે પાન કરો અને કોમની ગલ્લીઓ છોડી જગતના ચોકમાં આવો.

જુવાન દંભનો દુશ્મન હોય છે. જ્યાં દંભ જુઓ ત્યાં એને ખુલ્લો કરો; અને પાપને ઢાંકણ આપતા પડદાઓ તોડી નાંખો; જુવાનનો આ રાહ છે. તમે જુવાન હો તો આ રાહે ચાલો.

અમૃતલાલ શેઠ

[જૈન યુવક પરિષદમાં આપેલા ભાષણમાંથી]

સૂચના.—આ અંક સાથે યુવક પરિષદના પ્રમુખ શ્રી. અમીચંદ છગનલાલ શાહ તથા સ્વાગત પ્રમુખ શ્રી. કકલભાઇ બી. વકીલના ભાષણો ફ્રેંચવામાં આવ્યાં છે, એ તરફ ગ્રાહકોનું લક્ષ્ય ખેંચવામાં આવે છે. —વ્યવસ્થાપક.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरई ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

—: તરૂણ જૈન. :—

બુધવાર તા. ૧૬-૫-૩૪

સમાજનો રોગ.

જ્યારે કોઇ માનવી રૂગ્ણ શૈયા ઉપર પડયો હોય, અનેક જાતની વ્યાધિઓ લાગુ પડી હોય, અને એ જર્જરીત અને નિસ્તેજ થતો જતો હોય ત્યારે તેમાંથી બચાવવા ભિન્ન ભિન્ન વૈદ્યો અને હકીમો પાસે તેનો ઇલાજ કરાવવા માટે પ્રયત્ન કરવામાં આવતો હોય તેવા પ્રકારની સ્થિતિ આજે આપણા સમાજની છે. તે અનેક વ્યાધિઓનો ભોગ થઇ પડયો છે, દિનપ્રતિદિન તેની સ્થિતિ વિકટ બનતી જાય છે. તેમાંથી ઉગારવા સંમેલનો, પરિષદો અને અધિવેશનો દ્વારા પ્રયત્ન થઇ રહ્યા છે. પરંતુ એ પ્રયત્નમાં કયાં સુધી સફળતા મળશે એ કહેવું અત્યારે કઠણતનું છે. અલબત્ત પ્રયત્નો પ્રમાણિક છે, તેમાં જરાયે શક નથી. પરંતુ એકલા પ્રમાણિક પ્રયત્નો સફળતા અપાવતા નથી, તેની જોડે કાર્ય સાધકતાની પણ અનિવાર્ય જરૂર છે. પરિષદ અને અધિવેશનના પ્રમુખના ભાષણો એ દૃષ્ટિએજ છણાવાં જોઇએ, તેનું મૂલ્યાંકન કાર્યસાધક રીતેજ થવું જોઇએ.

સૌથી પ્રથમ આપણે યુવક પરિષદના સ્વાગત પ્રમુખનું ભાષણ તપાસીએ. એ ભાષણમાં શ્રીયુત કકલભાઇએ સમાજને સાફ સાફ વાતો સંભળાવી છે, અને સળગતા પ્રશ્નોમાં અયોગ્ય દીક્ષા, મુનિ-સંમેલન, દ્રવ્યવ્યય, શિક્ષા-પ્રચાર, બાળવિધવા, રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર, હાનિકારક રિવાજો, સ્ત્રીઓ અને કન્યાઓને વારસા હકક, સ્વદેશી અને રાષ્ટ્ર સેવા, અસ્પૃશ્યતા, તીર્થોના ઝગડાનો ઉકેલ, વગેરે પ્રશ્નો છણી તે કાર્યસાધક કેમ બને તે માટેના વ્યવહારૂ ઉપાયો પણ બતાવ્યા છે. પ્રમુખ શ્રીયુત અમીચંદ છગનલાલ શાહે પણ એક વિચારકને શોભે એ રીતે એક વિચાર સરણી રજુ કરી છે અને તેમાં સમાજની આધુનિક પરિસ્થિતિનો ખ્યાલ આપી સમાજના એક પછી એક સળગતા પ્રશ્નોનો વ્યવહારૂ રીતે ઉકેલ કરવાનો વ્યાજબી પ્રયત્ન કર્યો છે, અને તેમાં સ્વાગત પ્રમુખે છણેલા વિષયો ઉપરાંત સ્ત્રી કેળવણી, ધાર્મિક શિક્ષણ ધાર્મિક મિલ્કત તથા સંસ્થાઓનો વહીવટ, જમણવાર અને સ્વયંસેવક મંડળ, કેશર, જૈન બેંક અને જૈન વીમા કુંપની, સાધુ સંસ્થા. ગુરૂમંદિરો અને જ્ઞાન મંદિરો, આપણા મંદિરો તેમજ આર્થિક સંજોગો વગેરે વિષયો ઉપર ખુબ વિવેચન કર્યું છે, આ બન્ને વ્યાખ્યાનો આ અંક સાથેજ જોવામાં આવ્યા છે.

કોન્ફરન્સના સ્વાગત પ્રમુખ શ્રીયુત ચમનભાઇને સમાજની આજની અશાન્તિ ખુબ સાલે છે. અને તે સામે તેમણે પોતાનો ખુબ ઉકળાટ રજુ કર્યો છે. સમાજની આધુનિક પરિસ્થિતિ માટે હમદર્દી દાખવી છે. શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી, યુવકો અને શાસન પક્ષને બે શિખામણની વાતો કહી છે. અંતમાં શ્રી નવલખાજીનો પરિચય આપી ઉપસંહાર કર્યો છે. ધાર્મિક વિષયોમાં તેઓશ્રીએ અજ્ઞાનતા દાખવી છે. પ્રમુખશ્રી નિર્મળ કુમારસિંહજી નવલખાએ સૌમ્ય ભાષામાં સમાજને અચ્છો રાહ બતાવ્યો છે, તેઓ કહે છે કે "આપણે જૈન છીએ, ભગવાન મહાવીરના ઉપાસક છીએ તો રૂઢિઓની ગુલામી છોડીને સમાજોન્નતિની પ્રત્યેક બાબત નિઃસંકોચપણે સ્વીકારવી જોઇએ. હું એમ નથી કહેતો કે દરેક નવી બાબતો આંખો બંધ કરી સ્વીકારી લેવી. મારૂં તો એટલુંજ કહેવાનું છે કે કોઇ પણ પુરાણી વાતને પુરાણી હોવાના કારણસરજ પાળવી નહી, અને પ્રત્યેક નવી વાતને તે નવી હોવાના કારણે ન સ્વીકારવી એમ થવું ન જોઇએ. નવા અને જુનાનો ભેદ છોડીને સમાજ હિત જેથી સંભવે તેનો નિઃસંકોચ સ્વીકાર કરવો એવી મ્હારી નમ્ર પ્રાર્થના છે." આમ કરી આધુનિક આંદોલનો ઉપર પણ તેમણે પોતાની દૃષ્ટિ દોડાવી છે, એટલુજ નહિ, પણ સમાજની નાડ તપાસતા આજુબાજુના સંજોગો ઉપર પણ દૃષ્ટિપાત કર્યો છે, અને તે બધાના સારરૂપ વિદ્વત્તાભર્યું પ્રવચન કર્યું છે. પ્રારંભમાં પ્રભુ મહાવીરને સુધારક શિરોમણી તરીકેની અંજલી સમર્પી છે અને તેમાં સામાજીક સુધારણા, સ્ત્રી સુધારણા, રાષ્ટ્ર સુધારણા, સંઘવ્યવસ્થા, વગેરે વિષયોને ચર્ચ્યા છે. ત્યારપછી ગુરૂભક્તિનો મહિમા ગાયો છે અને તેમાં મુનિ-સંમેલન સંબંધી મધ્યસ્થ દૃષ્ટિથી ઉલ્લેખ કર્યો છે અને દીક્ષાના સંબંધમાં મુનિ-સંમેલને કરેલા ઠરાવથી ખુશ થઈ સાધુ મુનિરાજોને હજારો ધન્યવાદ આપ્યા છે, અને કાર્ય સફળતાનો રસ્તો આંકયો છે. સુધારણાને આવશ્યક માની છે. આપણી જન સંખ્યા ઘટવાના કારણો શોધવાની જરૂર જણાવી છે, શિક્ષણની સમસ્યાનો પણ ઉકેલ કરવાનો પ્રયત્ન કર્યો છે, વિધવાઓ તરફ હમદર્દી દાખવી છે, આંતરજાતીય વિવાહને આવકારદાયક ગણ્યો છે. પ્રચાર કાર્ય અને શુધ્ધિને મહત્ત્વનું કાર્ય માન્યું છે, સંગઠનને સમાજ પ્રગતિના અંગ તરીકે સ્વીકાર્યું છે, ધર્માદાખાતા, જૈન બેંક, વ્યક્તિગત પુસ્તકાલય, તીર્થોના ઝઘડાઓ, અને કેશરીયાજી પ્રકરણ વગેરે ઉપર પણ ઠીકઠીક વિચાર કર્યો છે.

શ્રી મહિલા પરિષદના પ્રમુખ શ્રીમતી મંગળા બ્હેને પણ મહિલાઓને જેમ આપે એવું સુંદર વકતવ્ય રજુ કર્યું છે. સ્ત્રીઓને હાલમાં મુંઝવતા કયા કયા પ્રશ્નો છે તે સંબંધી વિગતવાર અભ્યાસ કરીને તેના દોહન રૂપે પોતાનું વ્યાખ્યાન ગુંથ્યું છે. પ્રથમ સ્ત્રી કેળવણી આવશ્યક છે, એમ માનતાં સમાજને તેનો અમલ નહિ કરવા માટે સજ્જડ કટકો લગાવ્યો છે, અને સ્ત્રી કેળવણીની અત્યંત આવશ્યકતા બતાવી છે. તેમાં હુન્નર, ઉદ્યોગ અને જુદી જુદી કળાઓને હસ્તગત કરવાની સૂચના કરી છે, કુરિવાજો જેવા કે લાજ, પડદાનો રિવાજ, રડવાકુટવાનો રિવાજ, વિગેરે હાનિકારક રિવાજ દુર કરવાની ભલામણ કરી છે, સ્ત્રીઓના વારસા હકકના સંબંધમાં સ્ત્રીઓનો અવાજ રજુ કર્યો છે, એક પર બીજી સ્ત્રી કરવાની છૂટ સામે ત્યાનત વરસાવી છે, બાળ લગ્ન અને વૃધ્ધ લગ્ન ઉપર સખ્ત અણગમો જાહેર કર્યો છે. વિધવાઓની સ્થિતિ રજુ કરી તેમના રચનાત્મક કાર્યક્રમ દ્વારા નિકાલ લાવવાની અપીલ કરી છે અને બોટા ખર્ચો નાબુદ કરવા માટે વિનંતી કરી છે.

ઉપરોકત બધા પ્રેમુખોના ભાષણો પછી પરિષદોમાં અને અધિવેશનોમાં સંખ્યાબંધ ઠરાવોની હારમાળા અસ્તિત્વમાં આવી છે. આ બધા ઠરાવો થવા માત્રથીજ કંઇ સમાજ પ્રગતિશીલ બનશે નહિ, પરંતુ એ ઠરાવો પાછળ લોકમતને કેળવવો પડશે, એ ઠરાવો અનુસાર કામ કરવાની જનતાની ભાવના જગાડવી પડશે નહિતો શ્રી મંગળા બ્હેન કહે છે તેમ " એ ઠરાવો અનુસાર કામો કરવાની આપણી શુધ્ધ નિષ્ઠાનું એ ઠરાવો પાછળ બળ ન હશે તો એ કાગળીનાં ચીથરાંજ સમજજો."

નોંધ.

ઝેરનો કટોરો:—

બાપુજી જ્યારે ગોળમેજી પરિષદમાં ભાગ લેવા વિલાયત સિધાવ્યા ત્યારે રાષ્ટ્રકવિ શ્રી. મેઘાણીએ 'ઝેરનો કટોરો' એ નામનું એક હૃદય તલસ્પર્શી કાવ્ય રચ્યું હતું. જે પરિસ્થિતિમાં એ કાવ્ય રચાયું હતું એજ પરિસ્થિતિ ફૉન્ફરન્સના ચૌદમા અધિવેશનમાં યુવકો માટે ઉપસ્થિત થઇ હતી. કેટલાક વડિલ અને મુરબ્બી મનાતા આગેવાન પુરૂષો યુવકોને ઉતાવળીયા, ધાંધલીયા, ઉધ્ધત અને અવિચારી તરીકે સંબોધતા હતા. મુઠ્ઠીભર માણસો યુવકપ્રવૃત્તિને નામે વૃત ચલાવી રહ્યા છે એમ માનતા અને મનાવતા હતા. તેઓને આ અધિવેશન વખતે યુવકશક્તિ અને તેની વિચારકતાનો સાક્ષાત્કાર થયો હશે. રાત અને દિવસ ઉજાગરાઓ વેઠીને ફૉન્ફરન્સના અધિવેશનને સફળ બનાવવામાં યુવકોએ જે ફાળો આપ્યો છે, તે ફૉન્ફરન્સની તવારિખમાં સોનેરી અક્ષરોએ કોતરાઇ રહેશે. આમ છતાં પણ તેની કાર્યવાહી તરફ આંખમીચામણું આપણાયા થઇ શકે તેમ નથી. વિષયવિચારિણી સમિતિમાં યુવકોનો મોટો ભાગ ચૂંટાઇને આવ્યો હતો. યુવક પરિષદના ઠરાવો જે પાસ થયા હતા, તેમાંથી બની શકે તેટલા ઠરાવો ફૉન્ફરન્સમાં પસાર કરાવવાનો મેન્ડેટ હતો, તેમ છતાંયે સૌ કોઇ વ્યક્તિ તરીકે સ્વતંત્ર હતા. ચાહે તેવો ઠરાવ વિષયવિચારિણી સમિતિમાં લાવી શકાય તેમ હતો અને તેને મોટા પ્રમાણમાં ટેકો મળે તેવા સબળ કારણો હતાં, છતાં યુવકોએ ઉતાવળ કરી નથી, ઉશ્કેરણીનું કોઇ જાતનું કારણ આપ્યું નથી અને મધ્યસ્થ રીતે ફૉન્ફરન્સના કાર્યકર્તા વડિલોને અનુકૂળ પડે તેજ જાતના ઠરાવો ઘડવામાં અને પાસ કરાવવામાં સાથ આપ્યો છે, એટલુંજ નહિ પણ વડિલો તરફથી ઉશ્કેરણીના અનેક કારણો મળવા છતાં પણ એ કડવા ઘુંટડા મોજથી પી ગયા છે, અને દેવદ્રવ્યાદિ વિષયોમાં યુવકોની વિચારણાને અનુકૂળ ઠરાવ પાસ થવા છતાં પણ કેવળ વડિલોના માનની ખાતર એવા ઠરાવો પાછા ખેંચી લેવામાં આવ્યા છે. મુનિ સંમેલનના ઠરાવના સંબંધમાં પણ અનેક સુધારાઓ રજુ થયા હતા, પરંતુ અમુભાઇની અપીલને માન આપી એ સુધારાઓ પણ પાછા ખેંચી લેવાયા હતા. આમ દરેક રીતે યુવકોએ નમતું આપી અધિવેશનને વડિલોની દૃષ્ટિએ સફળ બનાવવામાં પોતાનો સંપૂર્ણ ફાળો આપ્યો છે. યુવકોની આ વિનયશીલતા વડિલોની દૃષ્ટિએ ભલે ન આવે, પરંતુ તેમણે જે અંધારણને બાજુ પર રાખી આપખુદી અને મગજનું સમતોલપણું ગુમાવ્યું હતું, તે માટે તેઓએ શરમાવું જોઇએ. આજે પ્રજાતંત્રના જમાનામાં શ્રીમંતશાહી કે પટેલશાહીના દહાડા પૂરા થયા છે. સમજવું જોઇએ કે સમાજે કોઇનેયે આપખુદીનો પરવાનો આપ્યો નથી. વિષયવિચારિણી સમિતિમાં કોઇ કોઇ વખત વડિલો સભ્યતાની બહાર જઇ યુવકોને દાબવાનો પ્રયત્ન કરતા હતા. એ પરિસ્થિતિને જોઇ કે યુવકોએ પોતાની સ્વાભાવિક વૃત્તિ ઉપર કાબુ રાખી ભૂલી જવા માટે નિર્ધાર કર્યો છે, છતાં ભવિષ્યમાં એવા પ્રસંગો ન બને તે માટે અમે વડિલોને ચેતવણી આપવાની અમારી ફરજ સમજીએ છીએ. કોઇનાયે સિંહાસનો અમર રહ્યાં નથી, ભલભલા માન્ધાતાઓનાયે પાણી ઉતરી ગયાં છે તો આપણે કોણ માત્ર?

યુવકોએ આ વખતે તો આ ઝેરનો કટોરો પચાવ્યો છે અને તે માટે વ્યાજબી રીતે તે મગરૂર થઇ શકે. પરંતુ વડિલો માટે તો આ કસોટીનો કાળ છે. ભવિષ્યમાં તેવા પ્રસંગો ઉપસ્થિત ન થાય તે માટે તેમને કાળજી રાખવી જોઇએ.

છાત્રાલય સંમેલન:—

સમાજમાં અનેક છાત્રાલયો છે, પણ તેનું જેવું જોઇએ તેવું પરિણામ લાવી શકાતું નથી. તેના અનેક કારણો છે, અને તેમાં તેનો અભ્યાસક્રમ, ગૃહપતિની યોગ્યતા, છાત્રાલયનો દૈનિક કાર્યક્રમ, તાલીમ આપવાની ખામી વગેરે મુખ્ય છે. આ બધી બાબતોનો સામુદાયિક દૃષ્ટિએ ઉકેલ લાવવો જરૂરી છે. આજે શિક્ષણનો પ્રશ્ન બહુજ વિકટ બન્યો છે. આજની ચાલતી શિક્ષણપધ્ધતિ વિદ્યાર્થીને પગભર બનાવતી નથી એ અનુભવનો વિષય છે, છતાં તેમાં હજુ સુધી દિશાસૂચન થયું નથી. આમ છાત્રાલયના દરેક મુંઝવતા પ્રશ્નોનો નિકાલ કરવા તે વિષયના નિષ્ણાત અનુભવીઓનાં સંમેલનની આવશ્યકતા રહે છે. આ આવશ્યકતાની પૂરતી માટે પાટણમાં ત્રણ છાત્રાલય સંમેલનો ભરાઇ ચૂકયાં છે, અને લેખો. નિબંધો દ્વારા એ પ્રશ્નોને ઉકેલવાના પ્રયત્નો થઇ રહ્યા છે. એ પ્રયત્નોને વ્યાપક બનાવવા અને કંઇક નવિન રાહ સાંપડે તે માટે ચતુર્થ છાત્રાલય સંમેલન નવિન માનસશાસ્ત્ર તથા જાતીય વિજ્ઞાનના પ્રખર અભ્યાસી શ્રી દક્ષિણામૂર્તિના મુખ્ય ગૃહપતિ આચાર્ય અને સમર્થ લેખક શ્રીયુત હરભાઇ ત્રિવેદીના નેતૃત્વ નીચે તા. ૧૯, ૨૦, ૨૧ મે સન ૧૯૩૪ ના દિવસોમાં પાટણ મુકામે ભરાવાનું જાહેર થયું છે. આ બાબતને અમે આવકારદાયક ગણીએ છીએ. આવા એક શિક્ષણ અને છાત્રાલયના પ્રખર અનુભવી પ્રમુખ પાસેથી છાત્રાલયોના ગૃહપતિઓને, કાર્યવાહક સમિતિના સભ્યોને, તેમજ વ્યવસ્થાપકોને ઘણુંજ છાત્રાલયના સંબંધમાં જાણવાનું મળશે, ઉકત પ્રસંગે શ્રી. મોતીભાઇ અમીન, શ્રીમતી શારદાબ્હેન, શ્રી. સુમંત મ્હેતા, શ્રી. રામનારાયણ પાઠક, શ્રી. ભાટે સાહેબ, શ્રી. ભોગીલાલ ઠાકર, શ્રીમતી સવિતાબ્હેન, શ્રી. રવિભાઇ, શ્રી. નાનાભાઇ, શ્રી. ગીજુભાઇ, શ્રી. અમૃતલાલ શેઠ વગેરેને પણ ખૂબ આગ્રહપૂર્વક આમંત્રણ અપાયાં છે. સંમેલન પ્રસંગે વિદ્વાન વિચારકનાં વ્યાખ્યાનો ગોઠવવાની યોજના પણ થશે. આ બધી ગોઠવણ કરવા માટે તે સંમેલનના કાર્યકર્તાઓને અમે ધન્યવાદ આપીએ છીએ અને ઇચ્છીએ છીએ કે છાત્રાલયના પ્રત્યેક પ્રશ્નોનો વ્યવહારૂ ઉકેલ લાવવામાં સફળ નિવડે.

ચતુર્થ છાત્રાલય સંમેલન પાટણ:—

ચતુર્થ છાત્રાલય સંમેલન પાટણ મુકામે તા. ૧૯, ૨૦, ૨૧ ના રોજ શ્રી. હરભાઇ ત્રિવેદીના પ્રમુખપણા નીચે ભરાવાનું નકકી થયું છે, તે પ્રસંગે આવનાર ભાઇબ્હેનો પોતાની સાથે એક બિસ્તરો તથા લોટો લાવવાની વિનંતી છે. છાત્રાલય સંમેલનમાં આવનાર ભાઇબ્હેનો માટે જમવાની વ્યવસ્થા થશે તે માટે ત્રણ દિવસનો સામટો ચાર્જ રૂા. ૧-૪-૦ રાખવામાં આવ્યો છે. દૂધ વગેરેની વ્યવસ્થા તેમાં આવી જાય છે. સંમેલનને સફળ બનાવવા તેમાં સક્રિય ભાગ લઇ આપનો પૂરેપૂરો સહકાર આપવા ચૂકશો નહિ.

લી. સેવકો,
કુલચંદ હરીચંદ દોશી
મણીલાલ માધવજી દવે
ચીમનલાલ દલસુખભાઇ શાહ
મંત્રીઓ.

સુધારીને વાંચવું.

"તરૂણ જૈનના અધિવેશન અંકમાં 'નુતન બંધારણની યોજના' એ હેડીંગ નીચેના રા. અમીચંદ શાહના લેખમાં અઢારમી લાઇનમાં લખવામાં આવેલ છે કે સને ૧૯૩૩ ની સાલમાં એક યોજના તૈયાર કરવામાં આવેલી તેને બદલે સને ૧૯૩૨ ની સાલમાં એક યોજના તૈયાર કરવામાં આવેલી તેમ વાંચવું"—પ્રકાશક.

પરિષદ્‌ની કાર્યવાહી.

અલબેલીના આંગણે ઘણા લાંબા વખતથી જેની મીટ માંડીને જૈનો રાહ જોઇ રહ્યા હતા તે કોન્ફરન્સ અને પરિષદોનું એક જૈન અહવાડીયું ઘણીજ સરસ રીતે ઉજવાયું. મુંબઇના ઘોંઘાટ અને કોલાહલમય વાતાવરણમાં જે કે આ અહવાડીયે પોતાનો ઘોંઘાટ વધાર્યો પણ તે ઘોંઘાટ જ હતો કોલાહલ નહતો, અને તે ઘોંઘાટ પણ યુવાનોના વિચાર–આંદોલનો પ્રસરાવવાનો હતો એટલે નિરર્થક નહતો.

યુવાનોનું લોહી તપેલું હોય છે, તેની નાડીનો વેગ તિવ્ર હોય છે, તેની કામ કરી નાખવાની ધગશ અપાર હોય છે એટલે કેટલાકો એમ માની લે છે કે તેઓ સ્વચ્છંદી બનીને કે ઉધ્ધત થઇને આડું અવળું વેતરી નાખશે, પણ તે આ અહવાડીયામાં તેમની કાર્ય કરવાની ઢબથી જોઇ શકયા હશે કે યુવાન વિચારવંત છે, સહિષ્ણુ છે અને શાન્તિનો પાઠ પૂરેપૂરો પઢેલો છે.

આ અહવાડીયાની શરૂઆત કાલબાદેવી ઉપર આવેલી ભાટીયા મહાજન વાડીમાં જાત મહેનતથી બાંધેલા સાદા પણ આકર્ષક મંડપમાં આકાશના છત્ર નીચે શ્રી જૈન યુવક પરિષદથી થઇ. આમાં ભાગ લેવાને કાઠીયાવાડ, ગુજરાત, મારવાડ, મહારાષ્ટ્ર, બંગાળ, રજપૂતાના ઇત્યાદિ પ્રાંતોમાંથી આશા ને ઉલટભર્યા યુવકો આવ્યા હતા. હેમનામાં ઉત્સાહ અને ઉમંગ દેખાતા હતા. કાંઇક કરવાની સાચી ધગશ અને સમાજમાં સાચી ક્રાન્તિ ફેલાવવાની ઉમેદ એમના મુખારવિંદ ઉપરથી સ્પષ્ટ થતી હતી અને સાથે સાથે ઉતાવળા થયા વગર કાંઇક ખમી ખાવાની વૃત્તિ અને પીઢપણું જણાતું હતું. હોતું જણાતું તેમનામાં સ્વચ્છંદીપણું કે ઉધ્ધતાઇનું નિશાન અને હોતી લાગતી અવિવેકીપણાની કે અધુરા વિચારની ખામી અને તેથીજ ઇદ્રિયસ્તોની આંખ ઉઘાડે તેવા તેમજ યુવક માનસને ઝળકાવી મૂકે તેવા એકવીસ હરાવો મતભેદ હોવા છતાં ઘણી શાન્તિથી અને નિખાલસતાથી પસાર કર્યા.

પરિષદમાં થયેલા કામકાજનો હેવાલ:—

શ્રી જૈન સ્વયંસેવક મંડળના બેન્ડે મધુર સૂરોથી પ્રમુખનો સત્કાર કર્યા બાદ બાળીકાઓએ 'દિવ્ય શક્તિના ચેતન ઝરણા, રગરગ રેલવનારા'ના મધુર અને ભાવવાહી ગીતથી પરિષદના કાર્યનો પ્રારંભ થયો હતો.

સૌથી પહેલા આમંત્રણપત્રિકા વંચાયા બાદ સ્વાગત સમિતિના પ્રમુખ શ્રીયુત કકલભાઇ બી. વકીલે પોતાનું મનનીય વક્તવ્ય વાંચી સંભળાવ્યું હતું (કે જે આ અંકની સાથે આપવામાં આવ્યું છે) ત્યાર બાદ શ્રી. વીરચંદ પાનાચંદ શાહે પ્રમુખસ્થાન માટે ડો. અમીચંદ છગનલાલ શાહની વરણી કરવાની દરખાસ્ત મૂકી હતી અને તેને જુદા જુદા પ્રાંતોના ભાઇઓ તરફથી અનુમોદન આપ્યું હતું. આથી શ્રી. અમીચંદ છગનલાલ શાહે પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. ઉપરનો વિધિ થયા બાદ સહાનુભૂતિના દેશપરદેશથી આવેલા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા. આ પછી પ્રમુખશ્રીએ પોતાનું મનનીય અને મહત્વપૂર્ણ ભાષણ વાંચી સંભળાવ્યું હતું (કે જે આ સાથે મોકલવામાં આવ્યું છે) ત્યાર બાદ નીચેના હરાવો પસાર થયા હતા:—

નીચેના ચારે હરાવો પ્રમુખ સ્થાનેથી રજુ કરવામાં આવ્યા હતા અને સર્વાનુમતે પસાર થયા હતા.

૧ સ્વ. નગીનદાસ શાહ.

જૈન સમાજમાં યુવક પ્રવૃત્તિના ઉત્પાદક અને પ્રથમ જૈન યુવક પરિષદના પ્રમુખ ડો. નગીનદાસ જે. શાહના અકાળ અવસાન સંબંધે આ પરિષદ તીવ્ર શોકની લાગણી જાહેર કરે છે; તેમણે જૈન કોમની કરેલી અનેક સેવાઓની આ પરિષદ સાદર નોંધ લે છે, અને તેમના પવિત્ર આત્માને પરમ શાન્તિ ઇચ્છે છે.

૨ અમારૂં ધ્યેય અને કાર્યપ્રદેશ.

અમો જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના આ પરિષદમાં એકત્ર થયેલા પ્રતિનિધિઓ જાહેર કરીએ છીએ કે જૈન સમાજ અમારી પરિષદનું મુખ્ય કાર્યક્ષેત્ર છે એમ છતાં પણ અમે સમગ્ર દેશહિતના રચનાત્મક કાર્યક્રમને બને તેટલો ટેકો આપીશું, અમારી કોઇ પણ સામાજિક કે ધાર્મિક પ્રવૃત્તિ સમગ્ર દેશહિતને કદિ પણ બાધક નહિ હોય અને કોઇ પણ ધાર્મિક યા સામાજિક રૂઢિ, પરંપરા, વ્યવહાર કે આચારમાં દેશકાળને અનુસારે પરિવર્તન ઘટાવવામાં જુની માન્યતાઓ કે સામાજિક સંઘર્ષણ અમારો કદિ પણ રોધ કરી નહિ શકે.

૩ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

આ પરિષદ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના આગામી અધિવેશનને સંપૂર્ણ ફત્તેહ ઇચ્છે છે અને કોન્ફરન્સની સંસ્થાને સહકાર આપવા તથા પરિષદના ધ્યેય અને કાર્ય પ્રદેશને વિરોધ ન આવે તે રીતે તેના કાર્યક્રમને બને તેટલો પાર પાડવા જૈન યુવકોને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

૪ બિહાર પ્રત્યે સહાનુભૂતિ.

બિહારમાં થયેલા ધરતીકંપના કારણે સંકટમાં સપડાયલા બંધુઓ પ્રત્યે આ પરિષદ હાર્દિક સહાનુભૂતિ દર્શાવે છે અને એમને રાહત આપવા માટે દેશભકત બાબુ રાજેન્દ્રપ્રસાદના નેતૃત્વ નીચે ઉભા થયેલા ફંડમાં વિશેષ ને વિશેષ ફાળો આપવાની જૈન સમાજને આગ્રહ ભરી વિનંતિ કરે છે.

નીચેનો હરાવ પાંચમો શ્રી જવાહરલાલ જૈની વતી શ્રી ભગવતમલે રજુ કર્યો હતો.

૫ કેશરિયાજી પ્રકરણ.

શ્રી કેશરિયાજી તીર્થના સંબંધમાં ઉદેપુર રાજ્યે કરેલા આક્રમણ સામે આ પરિષદ સખ્ત વિરોધ જાહેર કરે છે અને તે આક્રમણ સામે યોગિરાજ શ્રી શાન્તિવિજયજીએ જે દૃઢતાપુર્વક વિરોધ રજુ કર્યો છે તે માટે તે મુનિવરને આ પરિષદ ધન્યવાદ આપે છે. અને જ્યાં સુધી આ તીર્થના પ્રશ્નનો રાજ્ય તરફથી સંતોષજનક નીકાલ ન થાય ત્યાં સુધી કેશરીયાજીના મંદિરમાં એક યા બીજી રીતે કોઇએ કશું પણ દ્રવ્ય મૂકવું નહિ.

ઉપરનાં ઠરાવને શ્રી મણીલાલ જયમલ શેઠે અનુમોદન આપ્યું હતુ અને જણાવ્યું હતું કે પાલીતાણાનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો ત્યારે જેવી જાગૃતિ ઉત્પન્ન કરી હતી તેવી જાગૃતિ લાવવાની અને દરેક જાતના સ્વાર્થ ત્યાગ માટે તૈયાર રહેવાની જૈન સમાજને અપીલ કરી હતી.

વધુ ટેકા અપાયા બાદ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

નીચેનો ઠરાવ છઠ્ઠો શ્રી મહાસુખભાઇ ચુનિલાલે રજુ કર્યો હતો અને તેના ઉપર સારૂં વિવેચન કરીને સર્વાનુમતે ઠરાવ પસાર કરવાની વિનંતિ કરી હતી.

૬ સ્ત્રીઓનો વારસા હક્ક.

આપણા હિન્દુ કાયદા શાસ્ત્રમાં સ્ત્રીઓને પિતાની કે પતિની મીલ્કતમાં કશો પણ વારસા હક્ક આપવામાં આવ્યો નથી એ સ્ત્રી જાતિને ભારે અન્યાય કરવામાં આવ્યો છે, તે અન્યાય દૂર કરી સ્ત્રી જાતિને વારસા હક્ક હિન્દુ ધારાપોથીમાં દાખલ કરાવવાને લગતી હિલચાલને આ પરિષદ અંતકરણથી ટેકો આપે છે, અને આ સંબંધમાં ગાયકવાડ સરકારે જે કાયદો કર્યો છે તે માટે આ પરિષદ ગાયકવાડ સરકારને ધન્યવાદ આપે છે.

ઉપરના ઠરાવને અનુમોદન આપતાં શ્રીમતી લીલાવતી દેવીદાસ કાનજીએ જણાવ્યું હતું કે આજ સુધી સ્ત્રીઓ અજ્ઞાન હોવાથી તેમના ઉપર ચાલતો જુલ્મ સહી લેતી. પરંતુ હવે જો પુરૂષો વધુ વખત અમારી સ્થિતિ પ્રત્વે આંખ મીચામણા કરશે તો સ્ત્રીઓ પુરૂષોની દાદાશાહી ચલાવી લેશે નહિ.

આ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

૭ જૈન સાધુઓનો પુસ્તક પરિગ્રહ.

જૈન મુનિઓ પોતપોતાના પુસ્તક ભંડારો ઉભા કરે છે જેનો સમાજને કે અન્ય સાધુઓને બીલકુલ લાભ મળતો નથી તેથી તે પ્રથા એકદમ નાબુદ કરવાની જરૂર છે અને તેના બદલે તે તે ભંડારો સ્થાનિક સંઘોએ હસ્તગત કરીને મુખ્ય મુખ્ય શહેરોમાં. અભ્યાસી સાધુઓ અને શ્રાવકોની જરૂરિયાતને પહોંચી વળે તેવાં જ્ઞાન મંદિરો ઉઘાડવાની ખાસ આવશ્યકતા છે એમ આ પરિષદ જાહેર કરે છે.

ઉપરનો ઠરાવ સાતમો શ્રી મણિલાલ મોહનલાલ બાદરાકરે રજુ કર્યો હતો અને તેઓએ જણાવ્યું હતું કે મુનિવરો પુસ્તક ભંડારના બહાના નીચે બેંકોમાં મોટી રકમ જમા કરાવે છે અને આ વસ્તુ વડોદરાની દીક્ષા સમિતિ સમક્ષ નોંધાયેલી જુબાની ઉપરથી સાબીત થઇ છે. માટે જે જાતનો બીજાપુરમાં આદર્શ પુસ્તક ભંડાર છે અને જેનો અંત્યજથી માંડી દરેક વર્ગ છુટથી ઉપયોગ કરી શકે છે તે જાતની વ્યવસ્થા અને ઉપયોગ આપણા પુસ્તકભંડારોનો દરેક સ્થળે થવો ઘટે છે. માટે આ ઠરાવ કરવાની ખાસ જરૂર છે.

ઉપરના ઠરાવને શ્રી. ચંદ્રકાંત વી. સુતરીયાએ ટેકો આપ્યો હતો. અને જણાવ્યું હતું કે સાધુઓ માટે આ જાતના ઠરાવ મુકવા પડે તે ઘણી શરમની વાત છે.

વધુ ટેકા આપતાં શ્રી. ધીરજલાલ ટોકરશીએ જણાવ્યું હતું કે મુનિ મહારાજો પૈસા રાખી ન શકે પણ જરૂર પડે ત્યારે સંઘરી રાખેલા પુસ્તકો આપીને જોઇતી રકમો મેળવી શકે છે, એવો પુસ્તક વેચવાનો મારા ધંધાને અંગે મારો અનુભવ છે, પણ એ પુસ્તક કોઇ જિજ્ઞાસુને અભ્યાસ કરવા માટે મળી શકતા નથી. મુનિધર્મના સિધ્ધાંતનું રક્ષણ કરવાનો સિધ્ધાંત આ ઠરાવમાં અંતર્ગત રહેલો છે. બાવાજીની લંગોટીમાંથી ખેતર કેમ થયું તેનું ઉદાહરણ આપીને વક્તાએ જણાવ્યું હતું કે નાના એવા અપવાદમાંથી મુનિઓએ મોટા પુસ્તક ભંડારો અને કોઠીઓ બનાવી છે. અને પૈસા સંગ્રહવાના તથા છોકરાઓને સંતાડવાના કામમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પુસ્તક ભંડારોની પાછળ જે બીજો સડો વ્યાપી રહ્યો છે તે નાબુદ કરવાને આ ઠરાવનો મંડાણ છે.

મત લેવાતાં ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

નીચેનો ઠરાવ આઠમો પ્રમુખસ્થાનેથી રજુ કરવામાં આવ્યો હતો અને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૮ વધારે પડતાં નવાં જિન મંદિરો.

આજકાલ ખાસ જરૂર નથી ત્યાં જિન મંદિરો બંધાવવામાં આવે છે અને જિન બિંબો ભરાવવામાં આવે છે તે સામે આ પરિષદ સખ્ત વિરોધ જાહેર કરે છે.

નીચેનો ઠરાવ નવમો શ્રી. વીરચંદ મેળાપચંદ શાહે રજુ કર્યો હતો.

૯ ગુરૂમંદિરો-ગુરૂપ્રતિમા.

અત્યારે જ્યાં ત્યાં ગુરૂમંદિરો ઉભાં કરવામાં આવે છે અને ગુરૂપ્રતિમાઓ સ્થાપવામાં આવે છે તે સામે આ પરિષદ સખ્ત વિરોધ રજુ કરે છે.

ઉપરનાં ઠરાવને રજુ કરતાં શ્રી. વીરચંદ મેઘાપચંદ શાહે જણાવ્યું હતું કે જૈન હંમેશા નિડર હોય છે અને તે સાધુઓને પણ જ્યારે અવળે માર્ગે ચડે છે ત્યારે રોકી શકે છે એવું આપણે આ ઠરાવ પસાર કરીને સાબીત કરી આપવું જોઇએ.

તેને અનુમોદન આપતાં શ્રી. વલ્લભદાસ પુલચંદ મહેતાએ જણાવ્યુ હતું કે જૈન મુનિઓમાં પોતાની પ્રતિમાઓ અને પગલાંઓની સ્થાપના કરાવી પૂજા કરાવવાનો મોહ વધતો જાય છે. પ્રભુ અને પ્રભુનાં ગણધરનાં નામે કમાણી કરવાની પ્રથા હવે શરૂ થઈ છે પણ તે થોડા વખતથીજ શરૂ થઈ છે અને તેને અત્યારથીજ આપણે ડાંભી દેવી જોઇએ. અંધશ્રધ્ધાનો ખોટો લાભ લેવામાં આવે છે. જિન મંદિરને નુકસાન કરીને પણ પોતાની પૂજા કરાવવાની સાધુઓની હરીફાઇ સામે યુવકો આજે પોતાનો રોષ વ્યકત કરે છે અને તેઓને આહ્વાહન કરે છે કે આ વૃત્તિ બંધ કરો.

બાદ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

૧૦ ફરજીયાત વૈધવ્ય.

આપણા સમાજમાં ફરજીયાત વૈધવ્યની પ્રથા કેટલાય કાળથી ચાલી આવે છે તે પ્રથા સામે આ પરિષદ પોતાનો સખ્ત વિરોધ રજુ કરે છે, અને જે વિધવા બહેનો પુનર્લગ્ન કરવા ઇચ્છતી હોય તેમને બનતી મદદ કરવા આ પરિષદ યુવક બંધુઓને ભલામણ કરે છે.

ઉપરનો ઠરાવ શ્રીયુત બી. એન. મૈશ્રીએ રજુ કર્યો હતો અને તે સંબંધી જુસ્સાદાર ભાષણ કરતાં જણાવ્યું હતું કે જેટલા સાધનો પુરૂષોને આપવામાં આવે છે તેટલાં સાધનો જો સ્ત્રીઓને આપવામાં આવે તો હિંદ એક નહિં પરંતુ સેંકડો સરોજિનીઓ ઉત્પન્ન કરી શકે. પુરૂષોના જીવનમાં જે ઝેર ભર્યું છે તે નાબુદ કર્યા પહેલાં ફરજીયાત વૈધવ્યની માગણી સ્ત્રીઓ પાસે કરવાનો પુરૂષોને અધિકાર નથી. સ્ત્રીની ચિતાની રાખપર લગ્નના સાટાં કરનાર પુરૂષો કયા મોઢે સ્ત્રીઓને કહે છે કે તમે વૈધવ્ય પાળો અને દિવ્ય સ્ત્રીઓ બનો? આજે મુંબઇની મ્યુનિસિપાલીટીની ગટરોમાંથી જે મૃત બાળકો મળી આવે છે તે બાળકોના ખુન માટે સમાજના આગેવાનોપર ફોજદારી કોર્ટમાં દાવો મંડાવવાની જરૂર છે. સમાજના સમજ્યા જો આગેવાનો નહિ સમજે તો સમયની લાતો તેમને સમજાવશે.

સ્ત્રીઓને માટે ફરજીયાત વૈધવ્ય પાળવાના બંધન આપણે કેમ કરી શકીએ તે હું સમજી શકતો નથી. ૬૦ વર્ષની વયે ૧૨ વર્ષની બાળાઓને પરણાવનારા પુરૂષો કયા મ્હોંઢે યુવાન વિધવાઓને કહી શકે કે તમે વિધવા ધર્મ પાળો. કીડી અને કંસારીનું રક્ષણ કરનારા જૈનોને મનુષ્યના જીવનનો નાશ થાય તેમાં પાપ નથી લાગતું? બાળકોના ખુન કરવાની ફરજ વિધવાઓને સમાજ પાડી રહ્યા છે અને તે માટે સમાજના આગેવાનોજ જવાબદાર છે, ચૌદ વર્ષની વિધવાઓનો ઉધ્ધાર જો વિધવાશ્રમો ખોલવાથી થઇ શકતો હોય તો વિધુરો માટે પણ એવી પાંજરાપોળો ખોલી શકાય. હિંદમાં જે સ્થિતિ હરિજનોની છે તે આપણી સ્ત્રીઓની છે. જે રત્ન જેમ છોકરીને ઉછેરી એક માતાએ પુરૂષને હવાલે કરી અને પુરૂષ પક્ષે પણ ઘરમાં એક લક્ષ્મી આવી એમ માની તેનો સત્કાર કર્યો, તેને એ પુરૂષ મરણ પામતાંજ ઠોકર મારવી એ કેટલું નિર્દય કામ છે? જે એનો ફરજીઆત વૈધવ્ય પાળવાથી કંટાળી હોય તેમને રાહત આપવાની આપણી ફરજ છે. તેમ ન કરીએ તો તેઓ જે પાપો કરે તેના જવાબદાર આપણેજ ગણાઇએ. ભગવાન મહાવીરે અહિંસાને પરમ ધર્મ કહ્યો તે અહિંસા ભાવ આપણે સ્ત્રીઓ માટે પણ ન બતાવીએ તો આપણને મહાવીરના પૂજક કહેવડાવવાનો હક્ક રહેતો નથી. આશા છે કે તમો સર્વે આ ઠરાવને વધાવી લેશો.

આ ઠરાવને શ્રીમતી રત્નબ્હેન મૈશ્રીએ ટેકો આપતાં જણાવ્યું હતું કે કોઇ પણ વિધવા બ્હેન ધર્મ ધ્યાનમાં ચિત્ત રાખી જીવન ગાળે તો તેના જેવું ઉત્તમ બીજું કાંઇ નથી પણ જે બ્હેનોથી તેનું પાલન ન થઇ શકે તેમ હોય તેમને તેમ કરવાની ફરજ પાડવી એ દુરાચારનું કારણ હોઇ ને પાપ છે. માટે આ ઠરાવ કરવામાં આવે છે.

વધુ ટેકો આપતાં શ્રીમતી લીલાવતી દેવીદાસ કાનજીએ જણાવ્યું કે વિધવા એક બાજુથી પતિ ગુમાવે અને બીજી બાજુથી સમાજ તેને હડધુત કરે તે કોઇ પણ રીતે ચલાવી શકાય તેમ નથી. ફરજીઆત વૈધવ્યથી જે પાપો છુપી રીતે થાય તેને માટેનો દોષ સમાજનો જ ગણાય. માટે જેને ઇચ્છા હોય તેને પુનર્લગ્ન કરવાની છુટ આપવાથી સેંકડો વિધવાઓ સન્માર્ગે અનેક પ્રકારનું ઉપયોગી જીવન પાળી શકશે પણ તેને રૂંધી રાખવાથી કાંઇ લાભ નથી. પણ પુષ્કળ હાનિ જ છે માટે આપ સર્વે આ ઠરાવ પસાર કરશો.

આ ઠરાવને શ્રી. મણીલાલ જયમલ શેઠે અને શ્રી. દેવીદાસ સાગરમલે વધુ ટેકા આપ્યો હતો.

આ ઠરાવનો શ્રી. મણિલાલ ખુશાલચંદે વિરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે જે કંઇ દલીલો અત્રે રજુ કરવામાં આવી છે તે હિન્દુ સમાજ અને રિવાજને આધારે થઇ છે તે જૈન સમાજને લાગુ પડતી નથી. તે સિવાય શ્રી. કેશરીચંદ જેશિંગલાલ તથા શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસીએ વિરોધ કર્યો હતો પણ છેવટે મત લેવાતાં ઠરાવ વધુ મતે પસાર થયો હતો.

૧૧ દેવ દ્રવ્ય.

અત્યાર સુધી એકત્ર થયેલા દેવદ્રવ્યનો ઉપયોગ મંદિર નિભાવ, જીર્ણોદ્ધારોદ્ધાર તેમજ તીર્થ રક્ષા પરત્વે મર્યાદિત રાખીને હવે પછી મંદિરમાં ભંડાર ખાતે જે દ્રવ્ય ઉત્પન્ન થાય તે દેવ દ્રવ્ય તરીકે ગણવું અને મંદિર યા ઉપાશ્રયમાં બોલીથી એકત્ર થતું દ્રવ્ય સાધારણ દ્રવ્યજ ગણવું અને એ દ્રવ્ય સાત ક્ષેત્રમાંથી જે કોઇ ક્ષેત્રને જરૂર હોય તે ક્ષેત્રમાં વાપરી શકાય એવો પ્રબંધ રચવા સ્થળ સ્થળના સંઘોને આ પરિષદ આગ્રહ કરે છે.

ઉપરનો ઠરાવ શ્રી મહાસુખભાઇ ચુનિલાલે રજુ કર્યો હતો અને જણાવ્યું હતું કે આ ઠરાવ ઘણા વખતથી ચર્ચાઇ રહ્યો છે અને તેમાં ઘણા મતભેદો પણ ઉભા થવા પામ્યા છે. સાધુ સંમેલને પણ આ ઠરાવ ઉપર ચર્ચા કરી છે. વધુમાં તેઓશ્રીએ બોલીના દ્રવ્યનો થતો ગેરઉપયોગ સમજાવ્યો હતો અને તેને સાધારણ દ્રવ્ય તરીકે ગણવાને જણાવી જે ક્ષેત્રમાં તેની જરૂર હોય ત્યાં વાપરવાનો આગ્રહ બતાવ્યો હતો. આ પ્રથા કેવળ વાણીયા વૃત્તિથીજ દાખલ થઇ છે. માટે આપ સૌ આ ઠરાવ પસાર કરશો.

ઉપરના ઠરાવને ટેકો આપતાં શ્રી કેશવલાલ મંગળચંદ શાહે જણાવ્યું હતું કે શ્રી મહાવીરની આજ્ઞાઓમાં પણ પરિસ્થિતિ બદલાતા મહાન આચાર્યોએ ફેરફાર કર્યાના અનેક દાખલાઓ છે. તેજ રીતે હવે આપણે દેવદ્રવ્યના ઉપયોગના સંબંધમાં પણ સમયાનુસાર ફેરફાર કરવાની જરૂર પૂરેપુરી ઉભી થઇ છે.

ઠરાવને વધુ અનુમોદન આપતાં શ્રી. મોહનલાલ ચોકશીએ જણાવ્યું હતું કે દેવદ્રવ્યનો ઉપયોગ કરવાનો આપણને હકક નથી એ ખરૂં છે પણ આપણે જોઇએ છીએ કે આજે તો એ દેવદ્રવ્યનો ઉપયોગ લોકો મીલોમાં કે પોતાની લાગવગ. વાળાઓને ત્યાં ધીરધાર કરવામાં કરે છે તો તેના કરતાં જે કોઇ ક્ષેત્રમાં એ નાણાનો ઉપયોગ થવાની જરૂર હોય ત્યાં તેનો ઉપયોગ થાય એવી ગોઠવણ કરવી એ આપણો ધર્મ છે.

ઉપરના ઠરાવનો શ્રી. છોટાલાલ પ્રેમજીએ વિરોધ કરતાં જણાવ્યું હતું કે આ ઠરાવથી એમ કહેવામાં આવે છે કે બોલી વગેરેમાં જે દ્રવ્ય આવે તેને દેવદ્રવ્ય નહિ ગણતાં સાધારણ દ્રવ્ય તરીકે ગણવું પણ અમદાવાદના મુનિ સંમેલને

તેમ નહિ કરવા ફરાવ્યું છે એ જોઇ આ ફરાવ પસાર કરવો એ વ્યાજબી ગણાય નહિ. યુવકોને હું વિનવું છું કે, જુવાનીના આવેશમાં આવી ફરાવ પસાર કરવા તમે તત્પર ના થશો.

બાદ ફરાવ ઉપર મત લેતાં ફરાવ બહુમતિથી પસાર થયો હતો.

૧૨ સ્વ. વીઠલભાઇ પટેલ અને સેનગુપ્તા.

દેશભકત સેનગુપ્તા તથા વીઠલભાઇ પટેલના ખેદજનક અવસાન માટે આ પરિષદ શોકની લાગણી જાહેર કરે છે અને તે બન્ને મહાશયોએ દેશની કરેલી ઉજ્જવલ સેવાની સાદર નોંધ લે છે.

ઉપરનો ફરાવ પ્રમુખ તરફથી રજુ કરવામાં આવ્યો હતો અને સર્વાનુમતે પસાર થયો હતો.

૧૩ દીક્ષા નિયમન.

(ક) દીક્ષા નિયમન વિષે પોતાના રાજ્યમાં કાયદો કરવા માટે આ પરિષદ શ્રીમંત સરકાર નામદાર ગાયકવાડને ધન્યવાદ આપે છે અને અન્ય દેશી રાજ્યોને તેમજ હિન્દી સરકારને આ દિશાએ કાયદાઓ ઘડવા આ પરિષદ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

(ખ) અઢાર વર્ષની અંદરની વ્યક્તિને દીક્ષા આપવાની સર્વથા અટકાયત થાય, મોટી ઉમ્મરના દીક્ષાના ઉમેદવારને દીક્ષા લેતાં પહેલાં નજીકનાં સગાઓની સંમતિ મેળવવાનું ફરજીઆત બને અને જ્યાં દીક્ષા આપવાની હોય તે ગામ યા શહેરના સંઘની સંમત્તિ શિવાય કોઇ પણ શ્રાવક યા શ્રાવિકાને દીક્ષા આપી શકે નહિ એવી સર્વત્ર ઘટના નિપજાવવાને લગતી લાગત ચાલુ રાખવા યુવકોને આ પરિષદ આગ્રહ કરે છે.

ઉપરનો ફરાવ મહાસુખભાઇ ચુનિલાલે રજુ કર્યો હતો અને તેના સમર્થનમાં તેઓએ જણાવ્યું હતું કે શ્રીમંત ગાયકવાડ સરકારે બહુ તપાસ કર્યા પછીજ દીક્ષા નિયમનનો કાયદો પસાર કર્યો હતો, એ કાયદો પસાર કરાવી ધર્મદ્રોહી સુધારકોએ સાધુઓને જેલમાં સડાવવાનું કામ કર્યું છે એવો આક્ષેપ કરનારાઓએ કાયદો વાંચ્યા વિનાજ એ આક્ષેપ કર્યો હોય તેમ જણાય છે. ધર્મની બાબતમાં સરકારી દખલગીરી હોવી ન જોઇએ એ વાત અહિં છે પણ ઘણી ઘણી વિનંતિ કરવા છતાં ભયંકર બનાવો બનતાજ રહ્યા અને સાધુ સાહેબોને નમી નમીને કહ્યું તો પણ તેમણે ના સાંભળ્યું. મહાજનના ફરાવો પણ ધ્યાનમાં ન લીધા, એટલુંજ નહિ પણ ઉલ્ટા અમારા સામે મુકદ્દમાઓ મંડાયા ત્યારેજ અમારે સરકારને વ્હારે ધાવાની અરજ કરવી પડી અને સરકારે પુરતી તપાસ કર્યા પછી કાયદો ઘડયો અને તે માટે જૈન સમાજ તેની હંમેશની ઋણી ગણાશે.

ફરાવને ટેકો આપતાં શ્રી. મોતીલાલ વીરચંદ શાહે જણાવ્યું હતું કે અયોગ્ય દીક્ષીત સાધુઓ પૂજ્ય ગણાય અને આખીય સાધુ સંસ્થા સડી જાય એ સ્થિતિ યુવકવર્ગ હવે સહન કરી શકે તેમ નથી.

વધુમાં શ્રી રતીલાલ બેચરદાસે ફરાવને અનુમોદન આપ્યું હતું અને મત લેતાં ફરાવ બહુમતીથી પસાર થયો હતો

૧૪ મુનિ સંમેલન.

મુનિ સંમેલનમાં પસાર થયેલા ફરાવો જૈન સમાજની વર્તમાન જરૂરિયાતોને પહોંચી વળવાને કોઇ પણ રીતે પુરતા નથી. એમ આ પરિષદની માન્યતા છે છતાં પણ દીક્ષા આપવાના સંબંધમાં અમુક નિયમો સ્વીકારીને તે વિષયમાં હાલ પ્રવર્તતી અતંત્રતા દુર કરવા તરફ મુનિ સંમેલને પ્રાથમિક પગલું ભર્યું છે અને શ્રાવક સંઘની ચોક્કસ પ્રસંગે સાધુ સાધ્વી ઉપર આ સંમેલને સત્તા સ્વીકારી છે એ બાબતની આ પરિષદ નોંધ લે છે અને જે મુનિઓ અત્યાર સુધી પરસ્પર મળી શકતા નહોતા તેઓ આજે સંમેલન રૂપે મળ્યા એ ઘટનાને આ પરિષદ આવકારદાયક અને અભિનંદન યોગ્ય ગણે છે.

ઉપરનો ફરાવ શ્રી ધીરજલાલ ટોકરશી શાહે રજુ કર્યો હતો અને જણાવ્યું હતું કે દુનિયાની ખટપટમાં રચ્યા પચ્યા ન રહે અને કોઇપણ જાતની સામાજિક રૂઢિ રિવાજ તે માન આપે નહિ તેજ મુનિ કહેવાય અત્યારે તો એથી ઉલ્ટુ પરિણામ નજરે પડે છે. અમદાવાદમાં મુનિ સંમેલન ભરાયું અને જ્યારે તેની સમક્ષ એક સો દશ ફરાવોના કાગળોના થોકડા રજુ થયા ત્યારે કોપાએલા મુનિશ્રીએ એ ફરાવો ફાડી નાખવા ફરમાવી દીધું અને તેના ઉપર કાંઇ પણ વિચાર ન કરતાં માત્ર પોતાના અગીયાર મુદ્દા ઉપર વિચારણા કરવાનેજ લાગવગ અને ખટપટ શરૂ રાખેલા અને દેવદ્રવ્યની વેડફાતી કરોડોની મિલ્કતને આંઉ થઇ જતી અટકાવવાની બાબત ઉપર જરા પણ ધ્યાન અપાયું નહિં ઉલ્ટું શ્રમણ સંઘના બ્હાના નીચે શ્રાવક સંઘને સકંજામાં સપડાવી સાધુઓએ પોતાના વિચારો સમાજ ઉપર ઠોકી બેસાડવા કોશીશ કરેલી છે.

આ ઉપરાંત સાહિત્ય પ્રકાશન, જૈનોની બેકારી, નવા જૈનો બને તે વિષે શું કરવું આવા પ્રશ્નો અંગે કાંઇ પણ વિચાર ન કર્યો એ છતાં એ સાધુ મહારાજોઓને આટલો વિચાર કરવાની પણ ઇચ્છા થઇ માટેજ આપણે એ ઘટનાને આવકાર આપીએ છીએ.

આ ફરાવને શ્રી. સારાભાઇ મોહનલાલ દલાલે તથા શ્રી. વિમળભાઈ મુળચંદ વૈરાટીએ ટેકો આપ્યો હતો.

મત લેતાં ફરાવ બહુમતિથી પસાર થયો હતો.

નીચેના ફરાવ ૧૫ અને ૧૬ પ્રમુખસ્થાનેથી રજુ થયા હતા અને સર્વાનુમતે પસાર થયા હતા.

૧૫ કોમી એકરૂપતા.

આજે મોટા વર્ગોની હરીફાઇમાં નહાના વર્ગોને સ્વતંત્ર કોમો તરીકે ટકી રહેવાનો પ્રશ્ન દિનપ્રતિદિન મુશ્કેલ બનતો જાય છે. આવી તીવ્ર સ્થિતિકલહવાળી પરિસ્થિતિમાં આપણી જૈન સમાજના પેટા વિભાગોને પુષ્ટ કરે અને વધાર્યા કરે તેવી અનેક માન્યતાઓ અને વ્યવહાર પધ્ધતિઓ આખી જૈન સમાજનો સત્વ અને સંખ્યાની દૃષ્ટિએ હ્રાસ કરી રહેલ છે. આ હ્રાસમાંથી બચવા ખાતર આ પરિષદ જૈન સમાજના ત્રણે ફીરકાઓ એકરૂપ બને તેવા પ્રયત્નો કરવા આગ્રહ કરે છે.

૧૬ જમણવાર.

જૈનોના જે કોઇ સામુદાયિક જમણવારમાં જૈનં ધર્મ પાળતા તેજ સમુદાયના કોઇપણ વિભાગને ન નોતરવામાં

આવે તો તે જમણુવારમાં જૈન યુવકોએ કશો પણ ભાગ લેવો નહિ.

૧૭ કન્યાની લેવડ—દેવડ.

કન્યાની લેવડ–દેવડનો વ્યવહાર સરળ કરવા સંબંધમાં આ પરિષદ વિશેષતઃ એમ જણાવે છે કે કન્યાની લેવડ–દેવડને મર્યાદિત કરતાં જ્ઞાતિબંધનો આજની અનેક રીતે પરિવર્તન પામેલી સામાજિક પરિસ્થિતિ સાથે બંધ બેસતા નથી, એટલુંજ નહિ પણ આપણી પ્રગતિના રોધક છે એમ આ પરિષદ માને છે અને તેથી તેવા જ્ઞાતિબંધનો તોડીને પણ કન્યા લેવડ–દેવડનું ક્ષેત્ર સમસ્ત જૈન સમાજ સુધી વિસ્તારવા અને વ્યાપક બનાવી દેવા જૈન યુવક બન્ધુઓને આ પરિષદ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઉપરનો ઠરાવ સત્તરમો શ્રી અમીચંદ ખેમચંદ શાહે રજુ કર્યો હતો અને તેને શ્રી મણીલાલ વાડીલાલ નાણાવટીએ ટેકો આપ્યો હતો

આ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

નીચેના ઠરાવ ૧૮, ૧૯ અને ૨૦ પ્રમુખસ્થાનેથી રજુ થયા હતા અને સર્વાનુમતે પસાર થયા હતા.

૧૮ સામાજિક પ્રતિજ્ઞા.

આ પરિષદમાં એકત્ર થયેલા અમો પ્રતિનિધિઓ જણાવીએ છીએ કે:—

(૧) કોઇપણ બાળલગ્ન, વૃધ્ધવિવાહ, કન્યાવિક્રયમાં કે વરવિક્રયમાં (દોરા ટીકા) અમો હવેથી કદિ ભાગ નહિ લઇએ.

(૨) મરણ પાછળ અમર્યાદિત રડવા કુટવામાં અમો સહકાર નહિ આપીએ તેમજ તેને લગતા જમણુવારમાં અમે ભાગ નહિ લઇએ.

(૩) અમો સદા સ્વદેશી વસ્ત્રો વાપરીશું.

૧૯ હાનિકારક પ્રથાઓ.

કેટલાક કેકાણે ચાલી રહેલ નીચેની હાનિકારક પ્રથાઓ જેમ બને તેમ જલ્દીથી દૂર કરવા માટે આ પરિષદ યુવક બન્ધુઓને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

બાળલગ્ન, સ્ત્રીના મરણ પાછળ તાત્કાલિક સગપણ, અસ્પૃશ્યતા, લગ્નાદિ પાછળ વધારે પડતા ખર્ચો, એક કરતાં વધારે પત્ની કરવાનો રિવાજ.

૨૦ કન્યાવિક્રય નિર્બન્ધક બિલને ટેકો.

એસેમ્બ્લીના અંદર કુંવર રઘુવીરસિંહજીએ જે કન્યાવિક્રય અને અણમેળ વિવાહ નિર્બન્ધક બિલ દાખલ કરેલું છે અને જે જુન ૧ લી સુધી લોકમત અજમાવવા માટે જાહેર કરેલું છે તેને આ પરિષદ વધાવી લે છે અને એસેમ્બ્લીના સભ્યોને વિનંતિ કરે છે કે કન્યાઓના રક્ષણાર્થે અને સમાજના હિત માટે આ બીલ પાસ કરવાની કોશીષ કરે.

નીચેનો ઠરાવ ૨૧ મો શ્રી પુલચંદ હરિચંદ દોશીએ રજુ કર્યો હતો અને તેને શ્રી ચંદ્રકાન્ત વી. સુતરીયાએ ટેકો આપ્યો હતો.

૨૧ કાર્યવાહી.

આપણી પરિષદે પસાર કરેલા ઠરાવોને મૂર્ત સ્વરૂપ આપવા તથા તેનો પ્રચાર કરવા શ્રી જૈન યુવક મહામંડળને ભલામણ કરે છે.

ઠરાવ ઉપર મત લેતાં બહુમતિએ ઠરાવ ૨૧ મો પસાર થયો હતો

ઠરાવો પસાર કરવાનું કામ ખતમ થયા બાદ ઉપસંહારમાં પ્રમુખશ્રીએ જે કોઇ ભાઇ યા બહેને પરિષદને સફળ બનાવવા માટે ફાળો આપ્યો હોય તે દરેક ભાઇ બહેનનો આભાર માન્યો હતો અને પોત પોતાના વિચારોમાં સહેજસાજ ફેરફાર કરી એક બીજા સાથે મેળ લેતા થવાનો આગ્રહ કર્યો હતો. ત્યારબાદ સ્વાગત પ્રમુખ શ્રી કકલભાઇ બી. વકીલે પરિષદના પ્રમુખનો, મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ તથા સેવીકા બહેનોનો તથા મુંબઇના વર્તમાનપત્રોનો આભાર માન્યો હતો. તે ઉપરાંત હાલાઇ ભાટીઆ મહાજન વાડીના ટ્રસ્ટીઓએ વાડીનો ઉપયોગ કરવા દીધો તે બદલ તેઓનો આભાર માન્યો હતો. આ વખતે શ્રી કકલભાઇએ મુંબઇ જૈન યુવક સંઘ ઇચ્છા ધરાવતી બહેનોને પુનર્લગ્ન કરવાના કામમાં મદદ કરવાની જે યોજના ઘડે તેમાં મદદ કરવાને રૂા ૧૦૦૧ ની સખાવત જાહેર કરી હતી.

પ્રમુખ તરફથી પણ પસાર થએલા ઠરાવોનું શ્રી જૈન યુવક મહામંડળ પ્રચારકાર્ય કરે તે માટે રૂા ૨૦૧ ની ભેટ જાહેર કરી હતી.

અંતમાં દરેક હાજર રહેલા અને સહકાર આપેલા ભાઇ બહેનોનો અંતઃકરણપૂર્વક આભાર માની 'શ્રી મહાવીર સ્વામીની જય', 'જૈન યુવક પરિષદની જય' વગેરે પોકારો વચ્ચે પરિષદની પૂર્ણાહુતિ થએલી પ્રમુખે જાહેર કરી હતી અને સભા આનંદભેર વિસર્જન થઇ હતી.

તા. ૮-૫-૩૪ ના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં વડોદરાના માજી સરસુબા શ્રી મણીલાલ બાલાભાઇ નાણાવટીના પ્રમુખપણા હેઠળ કોન્ફરન્સ તેમજ યુવક પરિષદના પ્રમુખોને અભિનંદન આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયાએ જણાવ્યું હતું કે શ્રી શ્વેતાંબર કોન્ફરન્સના પ્રમુખ શ્રી નિર્મળકુમારસિંહજીએ અને શ્રી જૈન યુવક પરિષદના પ્રમુખ ડો. અમીચંદ છગનલાલ શાહે પોતાનું કામ ઘણી સુંદર રીતે પાર ઉતાર્યું છે તે તેમની કુનેહને આભારી છે અને તેમના જેટલા વખાણ કરીએ તેટલા ઓછાં છે ત્યાર બાદ તેઓશ્રીએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં હાલમાં ચાલતા કાર્યક્રમનો તથા ચાલુ પરિસ્થિતિનો ટુંકમાં સારો ખ્યાલ આપ્યો હતો અને વિદ્યાલયને મદદ કરવા વિનંતિ કરી હતી અને વધુમાં શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાએ વિદ્યાલયને પોતાનાથી બનતી સહાય કરવાને અપીલ કરી હતી. આ વખતે વડોદરા રાજ્યના દીક્ષા સમિતિના પ્રમુખ શ્રી રા. બા. ગોવિંદભાઇ હાથીભાઇ હાજર હતા અને તેઓને બે શબ્દ બોલવાનો પ્રમુખે આગ્રહ કર્યો હતો. તેથી તેઓશ્રીએ વડોદરા રાજ્યમાં દીક્ષા સંબંધી કાયદો કેવી રીતે પસાર થયો તે ઉપર પોતાનો અંગત અનુભવ સ્પષ્ટ રીતે રજુ કર્યો હતો અને વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે જૈનો નગારાં ને તગારાંમાં. પોતાનું શ્રેય માને છે એટલે કે વરઘોડા કહાડવામાં અને મંદિરો બંધાવવા તેટલામાંજ પોતાની ફરજ પુરી થયેલી માને છે, તેને બદલે તમો જૈનો આવી કુળવણીની સંસ્થાઓ ઉભી કરીને તેને પગભર બનાવવી જોઇએ.

ત્યાર બાદ પ્રમુખશ્રીએ પ્રાસંગિક વિવેચન કરીને કોન્ફરન્સ તેમજ પરિષદના પ્રમુખોને હારતોરા પહેરાવ્યા હતા અને સભા વિસર્જન થતાં ગાર્ડન પાર્ટીમાં ભાગ લેવા સૌ પધાર્યા હતા.

(૩) દરેક દેરાસર કે જૈન સખાવતી ખાતા માટેએ સમિતિ નામે એક ટ્રસ્ટીઓની અને બીજી વ્યવસ્થાપક એમ જુદી જુદી રખાય તો એક નાણાં સારા સ્થળે સાચવવા પર લક્ષ રાખે અને બીજી તેને વાપરવા વસુલ કરવા વગેરેની વ્યવસ્થાપર ધ્યાન આપે. આમ થતાં સુંદર પ્રબંધ થઇ શકશે.

(૪) નાનું દેરાસર કે સખાવતી ખાતું હોય તો તેના હિસાબનું સરવૈયું દર વર્ષે લખી પોતાની આગળ પડતી જગ્યાએ રાખેલ પાટીયા પર ચોડવું અને મોટા દેરાસર કે ખાતાંનો ઘણો મોટો વહીવટ હોય ત્યાં તેનો હિસાબ છપાવી પ્રગટ કરવો. આમ થવાથી વહીવટદારોપર કોમને રહેતો અવિશ્વાસ અને તેથી મુકાતા આક્ષેપો દૂર થશે અને તેમનું સ્વમાન અને પ્રતિષ્ઠા સચવાશે.

બીજી બાજુ જૈનોના સમાવેશવાળા હિંદુ કોમનાં ટ્રસ્ટો અને ધાર્મિક તેમજ સખાવતી ખાતાંઓને લગતો કાયદો મુસલમાન ભાઇઓના વકફ એક્ટ જેવો યા 'રજીસ્ટ્રેશન ઓફ ચેરિટિઝ એન્ડ ટ્રસ્ટસ' જેવો ઘડવાની જરૂર છે કે જેથી તેના વાર્ષિક ઓડિટેડ હિસાબો કોર્ટમાં રીતસર ફાઇલ થવાની જરૂર પડે, અને થયેલ ટ્રસ્ટો અને તેની મિલ્કતનું જાહેરનામું (ડેકલેરેશન) આપવું પડે. આમ થતાં લાખો રૂપીઆ બરબાદ થતાં અટકશે, વહિવટ સુધારો વ્યવસ્થિત થશે. જુના હિસાબો ફેરવી નંખાશે નહિ અને વહીવટદારોને પોતાની જોખમદારીનું સંપૂર્ણ ભાન થશે, અને ટ્રસ્ટ કરી જનાર આત્માઓને વફાદાર રહી સમાજનું હિત સાધી શકાશે.

૧૦ શ્રી કેશરિયાજી તીર્થ.

(૧) શ્રી કેશરિયાજી તીર્થ કે સંરક્ષણ કે વિષય મેં જગદ્-ગુરૂ યોગ-લબ્ધિ-સમ્પન્ન સૂરિ સમ્રાટ્ યોગિરાજ આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજય શાન્તિસૂરિજી મહારાજને અપને આધ્યાત્મિક બલ તથા મહતી તપસ્યા કે બલકા સમર્થ પરિચય વ આત્મભોગ દેકર જિસ અપૂર્વ શાન્તિ કે સાથ જૈન સમાજ મેં જો તાત્કાલિક શાન્તિ ફૈલાને કા શુભ પ્રયત્ન કિયા હૈ ઔર જૈન સમાજકા ગૌરવ બઢાયા હૈ ઉસકે લિયે યહ કોન્ફરેન્સ અપની ભક્તિ પૂર્વક પ્રણુતિ પ્રગટ કરતી હૈ.

(૨) શ્રી કેશરિયાજી કે મન્દિર પર ધ્વજા દંડ ચઢાને કે વિષય મે કુછ સમય પહલે કમીટી તહકીકાત હો ચુકી થી ઔર પરંપરા કે અમલ દરામદ મૌજુદ હોતે હુવે ભી કોન્ફરન્સ કી તરફ મેં પુનઃ કમિશન મુકરર કરનેકી આવશ્યકતા નહીંથી તથાપિ મેવાડ રાજ્યને કમિશન નિયુક્ત કિયાહૈ, યહ કોન્ફરન્સ મહારાણા સાહબસે પ્રાર્થના કરતી હૈ કિ હમારે તમામ હકહકુક વ સબુતોંકો ધ્યાનમેં રખતે હુવે ઇન્સાફ દેકર હમેં કૃતજ્ઞ કરેં.

(૩) પૂજારી પંડોકે વિષયમેં પહેલે **જબ જબ તનાજે** પૈદા હુવે હૈ, હમેશા જૈન શ્વેતામ્બરોંને ચુકાદે દેકર રાજ્યસે **તસ્દીક કરાએ હૈ.** ઇસ વકત પૂજારી પક્ષકો કે બાબત દેવસ્થાન **મહકમાસે** રિપોર્ટ માંગી ગઇ હૈ ઉસ વિષયમેં જૈન શ્વેતામ્બરિયોં કો અપના દૃષ્ટીકોણ સન્મુખ રખનેકા પૂર્ણ અવસર પ્રદાન કર ફૈસલા કરનેકા યહ કોન્ફરંસ શ્રીમાન મહારાણા સાહબ સે નમ્રતાપુર્વક પ્રાર્થના કરતી હૈ.

(૪) શ્રી કેશરિયાજી તીર્થ જૈન શ્વેતામ્બર સંઘકા પૂર્ણ માલકીયતકા તીર્થ હૈ. ઇસકે પ્રબંધ કે લિયે સંવત ૧૯૩૪ કે રિયાસત મેવાડકે નિજી ઇસ્તિહાર કે ખિલાફ સ્વાધિકાર કમિટી કે બજાય એડવાઇજરી કમિટી બનાને ઔર સમસ્ત શ્વેતામ્બર સદસ્યોં કી જગહ આધે દિગમ્બર સદસ્ય કરને કી આજ્ઞા મેવાડ રાજ્યને ઉદ્ઘોષિત કી હૈ. વહ જૈન શ્વેતામ્બરોં કે હકહુક વ સત્તાઓં પર આઘાત પહુંચાને વાલી વ અશાન્તિ ફૈલાને વાલી હૈ, ઇસલિયે યહ કોન્ફરન્સ ઇસકે પ્રતિ અપના ઘોર વિરોધ પ્રગટ કરતી હે ઔર ઇસ વિષય મેં શ્રી જૈન શ્વેતામ્બર સંઘ કી સબ બાતોં કો ધ્યાનપુર્વક નિષ્પક્ષ ભાવ સે મનન કર ન્યાય કર પૂર્વ પ્રમાણ જૈન શ્વેતામ્બરિયોં કી સ્વાધિકાર કમિટી નિયુક્ત કરને કે લિયે યહ કોન્ફરન્સ શ્રીમાન મહારાણા સાહિબ સે નમ્રતાપૂર્વક વ રાજ્યનિષ્ઠા સહિત પ્રાર્થના કરતી હૈ.

૧૧ उदयपूरके महाराणा सा. को अभिनंदन.

हिन्दू सूर्य्य मेवाडाधिपति हिजहायनेस **महाराजाधिराज** महाराणा सर **भूपालसिंहजी बहादुर** G. C. S.I,K.C.I.E. ने परम योगिराज सूरि सम्राट् आचार्य श्री १००८ श्री विजय शान्तिसूरजी महाराज कों श्री केशरियाजी तीर्थ संबंधी उचित न्याय देनेका आश्वासन देकर तारीख २९ मार्च १९३४ को मोती महल पधार कर स्वहस्त से उनकें अनशन का पारणा कराके न्याय परायण महाराणा साहब ने अपनी धर्म परायणता का परिचय देते हुवे अपने धर्म राज्यका गौरव वृध्धि किया इस लिये यह कोन्फरन्स उनके प्रति अपनी कृतज्ञता प्रगट करती है और वहां के उन राज्य कर्म्मचारियों को जिन्होने उक्त कार्य को सफल करने में सहायता पहुँचाई है यह कान्फ्रेन्स अपना सादर धन्यवाद अर्पण करती है।

१२ विहार भूकंप संबंधी.

(१) गत जनवरी मासमें घटनेवाले भारी भूकम्पके कारण विहार प्रदेशकी प्रजाको जो सबसें अधिक संकट और दुःख सहन करना पडा है उसके लिये यह कॉन्फरन्स अपने उन संकटग्रस्त देश बंधुओं के साथ हार्दिक समवेदना प्रगट करती है और जिनजिन जैन बंधुओने आजतक इन संकटग्रस्त देश भाईयोकें सहायतार्थ यथाशक्ति जो कुछ मदद पहुंचाई हैं उनका अनुमोदन और अभिनंदन करते हुए साथहीमे जैन समाज से यह कॉन्फरन्स विज्ञप्ति करती है कि इस कार्यमें अभी बहुत कुछ सहायताकी आवश्यकता होनेसे उसकें लिये भरसक प्रयत्न किया जाय।

(२) गत जनवरी मासमें जो भयानक भूकम्प हुआ उसमें विहार प्रदेशके राजगृह, चंपापुरी, पावापुरी इत्यादि प्रायः सभी जैन तीर्थोंमें मंदिर और धर्मशाला वगैरह धर्मस्थानोंको बहुत कुछ क्षति पहुंची है। उस क्षतिकी पूर्ति करने के लिये, कलकत्ते के जैन श्वेतांबर संघने जो अपनी उद्योग शीलता और धर्म प्रियताका पूरा परिचय देते हुए शीघ्रही "श्री जैन श्वेतांबर तीर्थ (भूकम्प) जीर्णोद्धार कमिटी" कायम कर हानिग्रस्त तीर्थ स्थानोंका उद्धार करने

निमित जो शुभ प्रयत्न शुरू कर दिया है उसके लिये, कलकत्तेके श्री जैन श्वेतांबर संघको यह कॉन्फरन्स धन्यवाद देती है और उक्त कमिटीमे सहयोग देनेवाले सभी सदस्योंका अभिनंदन करती है और साथमें समस्त जैन श्वेतांबर संघसे आग्रह पूर्वक अपील की जाती है कि उक्त कमिटी के कार्य में सब प्रकार की आवश्यक सहायता देने के लिये यथा शक्ति पूर्ण प्रयत्न किया जाय.

૧૩ श्री केसरियाजी तीर्थपर "बोली"

पुजारी पंडो का "बोली" की आमदनी के बाबत जबतक निकाल नहो जावे उस वक्ततक श्री आत्मानंद जैन महासभा, पंजाब. श्री अजमेर केशरीयाजी तीर्थ सुधारक कमिटी वगेरे जगह जगह के संघोनें "बोली" न बोलनेका ठराव किया है उसकें साथ यह कोन्फरेन्स सहमत है और अन्य स्थलों कें संघोको उपरोक्त संघोंकें ठरावकें मुवाफिक ठहराव करे व उनठहरावोकें अनुसार पाबंदी करनेकें वास्ते भारपूर्वक भलामण करती है.

૧૪. કેળવણી સંસ્થાઓનું સંગઠ્ઠન અને પરસ્પર સહકાર.

એવી સ્થિતિ જોવાય છે કે જુદી જુદી સંસ્થાઓ સ્વતંત્ર રીતે કાર્ય કરવાથી કેટલાકને વધુ પડતી મદદને સગવડ મળી જાય છે અને ઘણા મદદ અને સગવડ વગર રહી જાય છે, વળી કેટલી અને કઇ સંસ્થાઓ વિદ્યમાન છે તે પણ ઘણા અભ્યાસાર્થીઓને ખબર ન હોવાથી તેનો લાભ તેઓ લઇ શકતા નથી. સર્વેને યોગ્ય અને જરૂર જેટલી મદદ અને સગવડ મળી શકે તે માટે એ જરૂરનું છે કે:—

(૧) સ્કોલરશીપ આપતાં બધાં ખાતાંઓનું 'ફેડરેશન' થવું જોઇએ અને તે 'ફેડરેશન' નિયત કરેલા નિયમાનુસાર સર્વે ખાતાના ધોરણ મુજબ સ્કોલરશિપની વહેંચણી કરે. એ જો ન બની શકે તો તે ખાતું એક બીજાના સહકારથી એકજ ધોરણે અને વ્યવસ્થાથી કાર્ય કરે.

(૨) જે જે છાત્રાલયો આદિ શિક્ષણ સંસ્થાઓ છે, તેઓ પોતાનું સંમેલન ભરી પોતાનું સંગઠ્ઠન કરે અને સમાજમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓને લાભ મળે અને તેમનું ચારિત્ર્ય આદર્શરૂપ થાય તે માટે ઘટતા નિયમ કરે.

(૩) એક સંસ્થા કે ખાતાનો લાભ લેનાર બીજી સંસ્થા કે ખાતાનો લાભ અણઘટતી રીતે ન લે, અને એક સંસ્થામાંથી આવેલને બીજી સંસ્થા લાભ આપે એ વ્યવહાર રાખવો.

(૪) સર્વે સંસ્થાનું સંગઠ્ઠન સાથે નિરિક્ષણ થઇ સુધારાવધારા સુચવાય તથા દરેકની માહિતી પૂરી પાડવામાં આવે એવો પ્રબંધ કરવો.

૧૫. શ્રી. આણંદજી કલ્યાણજીનું બંધારણ.

શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢીનું છેલ્લું બંધારણ ઘડાયાને લગભગ ૨૨ વર્ષ જેટલો ગાળો થયો છે તે દરમ્યાન અનેક સ્થિતિ સંજોગ બદલાયા છે અને તેના બંધારણનો અનુભવ મળ્યો છે તો તેને અનુકુલ રહી તેમાં આવશ્યક ફેરફાર થવાની જરૂર છે તો તે પેઢીના સંચાલકો તેમાં યોગ્ય અને સમયોચિત ફેરફાર સુધારા વધારા કરવાનો પ્રબંધ કરશે અને વહિવટદાર પ્રતિનિધિની કમિટીમાં અમદાવાદ સિવાયના બીજા સ્થાનના મેમ્બરો પણ લેશે એમ આ કોન્ફરંસ આગ્રહપુર્વક ભલામણ કરે છે અને બ્યાજબી સમયમાં બંધારણમાં ફેરફારનો પ્રબંધ ન થાય તો કોન્ફરંસની સ્થાયી સમિતિમાંથી અનુભવીઓની પેટા-સમિતિ નિમી આવશ્યક ફેરફારોનો ખરડો તૈયાર કરી સ્થાયી સમિતિની મંજુરી મેળવી શ્રી. આણંદજી કલ્યાણજીને યોગ્ય થવા માટે મોકલી આપવો.

નોટ;—આ ઠરાવની નકલ શેઠ આણંદજી કલ્યાણજી ઉપર મોકલી આપવી.

૧૬. સંઘની ખરી વ્યાખ્યા અને તેનું સ્થાન. (Status)

સકળ સંઘ એ વ્યાપક અને વિશાળ ધાર્મિક સંસ્થા છે. સમાજશાસ્ત્રની દૃષ્ટિએ કોમ તરીકે પડેલો વિભાગ નથી. તે સંસ્થામાં શિક્ષણની, ક્રિયાદિ આચાર વિસ્તારનારી, સંઘની મિલ્કતોનો વહીવટ કરનારી, સાહિત્ય પ્રકાશન અને પ્રચારની, ધર્મપ્રચારની સંસ્થાઓનો સમાવેશ થાય છે અને તે બાહ્ય આઘાતોમાંથી બચાવનારી યોગ્ય પ્રવૃત્તિને ઉત્તેજન આપી અયોગ્ય પ્રવૃત્તિને અંકુશમાં રાખનારી, તથા વિવાદાસ્પદ બાબતોનો પક્ષપાતિસર નિર્ણય કરનારી છે, તેમાં દરેક જૈનનું પ્રતિનિધિત્વ છે અને દરેક જૈનના લાભ તથા હકક છે. તે દેશકાળ અને સંજોગો પ્રમાણે પોતાના નિયમાદિમાં ફેરફાર કરી શકે છે અને બને તો સર્વાનુમતિથી, નહિ તો બહુમતિથી કાર્ય કરી શકે છે.

૧૭. પુસ્તક ભંડાર.

(૧) નામદાર ગાયકવાડ સરકારે જેસલમીર અને પાટણના ભંડારો તપાસરાવી તેના અહેવાલ છપાવી બહાર પાડવા કોન્ફરન્સની વિનંતિનો સ્વીકાર કર્યો છે તે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

(૨) દરેક ગામ અને શહેરમાં ઉપાશ્રયાદિમાં તેમજ ભંડારોમાં હસ્તલિખિત પુસ્તકો છે તે સર્વની વિગતવાર દરેક ગ્રંથ ને દાબડાને અંક આપી ટીપ તૈયાર કરાવવાની અને તે દરેકની ટીપની એક નકલ કોન્ફરન્સ ઓફિસને પુરી પાડવાની તે તે ઉપાશ્રય, ભંડાર આદિના વહિવટદારને વિનંતિ છે.

(૩) તે ભંડારના પુસ્તકનો લાભ જૈન તેમજ જૈનેતર સર્વે અભ્યાસી નિયત શરતોએ લઇ શકે તેનો તેમજ તેની નકલ કે ફોટો લઇ શકે તેવો પ્રબંધ કરવા દરેક ભંડારના વહીવટદારોને આગ્રહપૂર્વક ભલામણ છે.

(૪) જૈન તેમજ અજૈન વિદ્વાનોને પ્રગટ કે અપ્રગટ જૈન પુસ્તકો મેળવવા માટે બહુ હાડમારી ભોગવવી પડે છે તો તે માટે જૈન કોન્ફરન્સ ઓફિસે તે સંબંધી જરૂરી માહિતી પુરી પાડવાની યા મેળવી આપવાની વ્યવસ્થા કરવી.

(૫) કોઇ પણ વ્યકિતના ખાનગી કે અંગત માલેકીના તેમજ અમુક ગચ્છના ઉપાશ્રયાદિનાજ ગણાતા પુસ્તક ભંડારોની અત્યાર સુધીની પરંપરાથી સાધુ સાધ્વીને તેમજ બીજાઓને તે તે ભંડારના અંતર્ગત

પુસ્તકોનો લાભ પૂરો મળતો નથી તેથી સાધુ સાધ્વીને પોતાને માટે સામાજીક દ્રવ્યથી, પુસ્તકો વસાવવા પડે છે અને તે સાચવવા, સાથે રાખવા આદિનો પરિગ્રહ પણ સેવવો પડે છે--આ વિષમતા દૂર કરવા માટે દરેક પુસ્તક જ્યાં ખરીદાય તે તેનો ખપ પુરો થયે ત્યાંના સંઘના ભંડારમાં સુપ્રત કરવાની પધ્ધતિ પ્રચલિત થવાની જરૂર છે.

૬. જે જે જૈન મુનિઓ પોતપોતાના પુસ્તક ભંડારો ઉભા કરે છે, જેનો સમાજને કે અન્ય સાધુઓને બિલકુલ લાભ મળતો નથી તેથી તે પ્રથા એકદમ નાબુદ કરવાની જરૂર છે અને તેના બદલે તે ભંડારો હસ્તગત કરી મુખ્ય મુખ્ય શહેરોમાં અભ્યાસી સાધુઓ અને શ્રાવકોની જરૂરીઆતને પહોંચી વળે તેવાં જ્ઞાન મંદિર ઉઘાડવાની ખાસ આવશ્યકતા છે એમ આ કોન્ફરન્સ જાહેર કરે છે.

૭. દરેક ભંડાર સાર્વજનિક થાય, તે ઉપરાંત તેનાં પુસ્તકો ઉધઇ આદિથી તેમજ અગ્નિ વિગેરેથી સંરક્ષિત રહે તે માટે 'ફાયરપ્રુફ' પાકા મકાનમાં તેને રાખવાની અને વખતો વખત અને વર્ષમાં એક વખત અને ખાસ કરી જ્ઞાનપંચમીને દિને તેને તપાસી જોઇ જવાની વ્યવસ્થા થવી ઘટે છે.

૮. આપણા સાધુ--સાધ્વી અને શ્રાવક--શ્રાવિકાઓના ધાર્મિક સામાજીક, અને નૈતિક શિક્ષણ માટે એક સારી ધાર્મિક મધ્યસ્થ પુસ્તકાલય (Central Library)ની જરૂર છે કે જેમાંથી દરેક વિષયનાં ઉપયોગી પુસ્તકો જરૂર વખતે ગામે ગામ તેમને મલી શકે. સાધુ સાધ્વીઓને પર્યટન કરવાનું હોવાથી તેમના વિહારમાં કેટલેક ઠેકાણે જોઇતાં પુસ્તકો નથી મલી શકતાં, તેમજ તેઓને પગે વિહાર કરવાનો હોવાથી પુસ્તકોનો જથ્થો સાથે પણ રાખી શકાતો નથી, માટે તેમને જ્યારે જોઇએ ત્યારે અને જ્યાં જોઇએ ત્યાં ઉપયોગી પુસ્તકો મોકલી આપવાની ગોઠવણ હોવી જોઇએ.

૧૮. સાહિત્ય પ્રચાર.

૧. જૈનોની શાસ્ત્રભાષા પ્રાકૃત અર્ધમાગધીનાં તેમજ અન્ય જૈન પુસ્તકો પોતાના અભ્યાસક્રમમાં રાખવા માટે મુંબઇની યુનિવર્સિટી, કાશીની યુનિવર્સિટી તથા ક્વીન્સ કોલેજ તેમજ અન્ય યુનિવર્સિટીનો ઉપકાર માનવામાં આવે છે.

૨. આપણામાં એક પારિભાષિક કોષ નથી સહાયથી કે જેની જીજ્ઞાસુઓ આપણા ધર્મગ્રંથો તથા દાર્શનિક ગ્રંથોનો સરલતાથી અભ્યાસ કરી શકે માટે તેવો ગ્રંથ તેમજ ગુજરાતી હિંદી આદી દેશી ભાષામાં એક એવો સંપૂર્ણ ગ્રંથ નથી કે જે એકજ ગ્રંથના વાચનથી જીજ્ઞાસુ જૈન દર્શનનાં રહસ્યોને યોગ્ય રીતે સમજી શકે માટે તેવો ગ્રંથ વિદ્વાનો પાસે લખાવી પ્રગટ કરવાની અતિ આવશ્યકતા છે.

૩. જૈન સમાજ સંસ્કૃત કે પ્રાકૃતાદિ શ્રમ સાધ્ય ભાષાઓનો અભ્યાસ કરી તેવા ગ્રંથો વાંચે એવો સંભવ ધીમે ધીમે દૂર થતો જાય છે એટલા માટે પ્રચલિત ભાષામાં મૂળ ગ્રંથો લખવા લખાવવાની આવશ્યકતા છે.

૪. તદ્દન છેલ્લી અને નવી ઉપયોગી વિવેચનાત્મક પધ્ધતિએ મૂળ પુસ્તકો છપાવવાં.

૫. પસંદ કરેલ ખાસ પુસ્તકોનાં લોક ભાષાઓમાં અનુવાદ કરવા.

૬. પ્રાચીન અને અર્વાચીન સાહિત્યનાં ઉંડા અભ્યાસથી મહત્વ પૂર્ણ નવ સાહિત્ય પ્રચલિત ભાષામાં રચવું.

૧૯. જૈન બેંક.

જૈન સેંટ્રલ કો--ઓપરેટિવ બેંક લિમિટેડની જે યોજના રજુ થઈ છે તેને આ કોન્ફરન્સ બહાલી આપે છે અને તેનો અમલ કરવા કાર્યવાહી સમિતિને સત્તા આપે છે.

૨૦. શારદા એકટ.

શારદા એકટનો જોઇએ તેવો અમલ થતો નથી તેમજ તેવો કાયદો દેશી રજવાડામાં ન હોવાથી ત્યાં જઇ લગ્ન કરનારાં મા--બાપો તે કાયદાની ચુંગાલમાંથી બચી જાય છે તો તે કાયદાનો અમલ કરવા કરાવવા માટે લોકોએ તથા સામાજીક મંડળોએ સાવધાન રહેવું ઘટે છે અને દેશી-રાજ્યો તેવો કાયદો પોતાના રાજ્યમાં કરી તેનો બરાબર અમલ કરશે એવી તેમને વિનંતિ કરવામાં આવે છે.

૨૧. સ્વદેશી.

આ કોન્ફરન્સ દરેક જૈન ભાઇ તથા બહેનને ખાસ આગ્રહ કરે છે કે શુદ્ધ ખાદી અગર તો સ્વદેશી કાપડ તથા જરૂરીઆતની બધી દેશમાં બનેલી ચીજો તેમણે વાપરવી.

૨૨. દ્રવ્ય વ્યયના સાચા પ્રકારોનું દિશા સૂચન.

જૈન સમાજ અનેક ધનાઢ્યો ધરાવે છે અને તેમાં દાન નિમિત્તે પુષ્કળ દ્રવ્યનો પ્રવાહ વહે છે પરંતુ તે જે માર્ગે વહે છે તેથી સમાજનું પુરેપુરૂં હિત સાધી શકાતું નથી માટે તે પ્રવાહ જુદા અને સમાજને ઉપયોગી માર્ગે વહેતો રહે તો બીજી સમાજો કરતાં જૈન સમાજની પ્રગતી સર્વ પ્રકારે ટપી જાય આટલા માટે એ ઇષ્ટ અને આવશ્યક છે કે:—

(૧) શ્રીમંતો અને પરોપકાર વૃતિવાળા ભાઇ બહેનો પોતાના દ્રવ્યનો વ્યય ઉત્પાદક, કાર્યસાધક, અને સમાજની સ્થિતિ સુધારવાના માર્ગે કરે દા. ત. મોટી વસ્તીઓવાળાં શહેરમાં શ્રાવક શ્રવિકા માટે સસ્તા ભાડાની ચાલીઓ, મફક કે ઓછા ખર્ચે દવા વગેરેનાં સાધન મળે તેવા દવાખાનાં, સુવાવડ ખાતાં, અનાથ ગૃહો, આરોગ્ય ગૃહો, તથા સ્કુલો--હાઇસ્કુલો, વિદ્યામંદિર, છાત્રાલયો, વ્યાયામશાળા વગેરેના સ્થાપનમાં વ્યય કરવાથી સમાજને હિતકારક થઇ શકશે.

(૨) સાધારણ દ્રવ્યમાંથી દરેક ખાતામાં જરૂર પ્રમાણે વ્યય કરી શકાય છે તેથી દરેક જૈને સાધારણ ખાતાને પુષ્ટિ આપવા ખાસ લક્ષ આપવું એવી આ કોન્ફરન્સ ભલામણ કરે છે.

(૩) ઘણે સ્થળે એમ જોવાય છે કે દેવદ્રવ્ય વગર જમીનગીરીએ અંગ ઉધાર ધીરવામાં આવે છે એ પ્રથા યોગ્ય નથી તો દેવદ્રવ્યનાં નાણાં સાધારણ ખાતાને તથા જૈનોને યોગ્ય જમીનગીરી ઉપર વ્યાજબી વ્યાજે ધીરવાં ઘટે.

(અપૂર્ણ.)

[૧૧૫ મા પાનાનું અનુસંધાન]

જેટલી વિધવાઓ વિદ્યમાન છે. તેઓની શિક્ષા–દીક્ષા આદિના પ્રબન્ધની વાત તો જુદી રહી, પરંતુ તેથી ઉલ્ટું તેઓની સાથે ઘણા કુટુંબો દાસી જેવો વ્યવહાર રાખવામાં આવે છે. તેઓને માંગલિક કાર્યોમાં સામેલ થવાનો નિષેધ છે, અને ઘણીખરી વિધવાઓ તો ભૂખમરાનાં ત્રાસથી પણ રીબાઇ રહી છે. તેઓને જોઇને પાષાણ હૃદય પણ પીગળી જાય છે. સમાજ તેઓ તરફ ઉપેક્ષા દૃષ્ટિથી જુએ છે. આ કારણથી તેનું ભયંકર પરિણામ આવે છે.

x x x x

જૈન ધર્મ સામ્યવાદનું પ્રતિપાદન કરે છે; પરંતુ અતિશય ખેદનો વિષય છે કે તેમાં પણ નીતિ–ઉપનીતિ, જ્ઞાતિ–પેટાજ્ઞાતિ તથા પ્રાંત ભેદોએ ઘર કરેલ છે. એક પ્રાંતની જૈન સમાજ બીજા પ્રાંતની જૈન સમાજ સાથે બેટી વ્યવહાર કરતી નથી.

* * * *

પરિણામ એ આવે છે કે બાળ વિવાહ, વૃદ્ધ વિવાહ, કજોડું, કન્યા વિક્રય તો વધેજ છે પરંતુ સાથે સાથે સમાજમાં વ્યભિચારના ફેલાવાથી બળ અને વિર્યનો પણ નાશ થાય છે. અને અંતમાં એવા પ્રકારના ઘસારાથી, આપણી જ્ઞાતિઓની થતી ક્ષતિથી ભયંકર પરિસ્થિતિ અનુભવાય છે. સર્વે પ્રકારના ભેદ ભાવોને શીઘ્ર તીલાંજલી આપી દરેક જૈન–પછી તે ગમે તે જ્ઞાતિ–પેટાજ્ઞાતિ–સંપ્રદાયો અથવા પ્રાંતનો હોય, તેની સાથે ભાણા તથા બેટી વ્યવહાર નિઃસંકોચપણે શરૂ કરીજ દેવો જોઇએ, જેથી વિવાહ ક્ષેત્ર વિસ્તૃત થઇ જવાથી ઉપર દર્શાવેલી હાનીઓ દૂર થઈ જશે.

[૧૧૭ મા પાનાનું અનુસંધાન]

ઠરાવ નં. ૬. વિધવાઓની સ્થિતિ.

આપણા જૈન સમાજમાં વિધવાઓની સ્થિતિ મોટે ભાગે નિરાધાર અને અસંતોષકારક હોવાથી આ પરિષદ ઠરાવ કરે છે કે:—

વિધવા બહેનોની–

(૧) આર્થિક સ્થિતિ સુધારવા.

(૨) સામાજિક અને વ્યવહારિક પ્રસંગોમાં ભાગ લેવા દેવા અને

(૩) પોતાના વ્યક્તિગત વિકાસ કરવા તેમને ભણતરની તેમજ બીજી વ્યવસ્થા કરી આપવા, સાસરા પક્ષના તેમજ પીઅર પક્ષના સંબંધીઓએ ઘટતાં પગલાં તુરત લેવાં જોઇએ. વિધવાની સ્થિતિ તથા સન્માન વધારવા બનતાં દરેક સક્રિય પગલાં પહેલી તકે લેવાની આ પરિષદ ખાસ ભલામણ કરે છે,

રજુ કરનાર:— શ્રી. મેનાબ્હેન નરોતમદાસ.

અનુમોદન આપનાર:—શ્રી સુલોચના મોદી.

ઠરાવ નં. ૭ કન્યાવિક્રય.

પૈસાના લોભથી કે કુરૂઢીને વશ થઇ કેટલાંક માણસો કન્યાનો વિક્રય કરે છે. આ રિવાજ સૌથી વધારે જંગલી અને રાક્ષસી છે. એ બદીને મૃતપ્રાય કરવા તેની વિરૂદ્ધ ખૂબ જોરદાર પ્રચારકાર્ય કરવાની પ્રથમ જરૂર છે એમ આ સભાનું માનવું છે. જે જે સ્થળે આવા પ્રસંગો બનતા હોય ત્યાંના સમજુ તેમજ પ્રતિષ્ઠિત સ્ત્રીપુરૂષોએ એની સામે પ્રચંડ વિરોધ કરવો જોઇએ તથા એવું કાર્ય કરવા બળવાન પ્રયત્નો કરવા જોઇએ એમ આ પરિષદ ઠરાવે છે. એવા પ્રયત્નો કરનારને આ પરિષદ પોતાની સહાનુભૂતી, સહકાર અને બનતી મદદની ખાત્રી આપે છે.

રજુ કરનાર:— શ્રી સુલોચનાબ્હેન અમૃતલાલ કાલીદાસ

અનુમોદન આપનાર:—શ્રી પ્રાણકોરબ્હેન પ્રાણલાલ

ઠરાવ નં. ૮. બાળલગ્ન.

બાળલગ્ન પ્રતિબંધક કાયદો વડી ધારાસભાએ પસાર કર્યો છે છતાં અત્યંત દિલગીરીની વાત છે કે હજી બાળલગ્ન થયા કરે છે. સામાજિક હિતના કાયદાનો અમલ બરોબર થાય તે માટે સમાજના પ્રતિષ્ઠિત માણસોએ સહકાર કરવો જોઇએ એમ માની આ પરિષદ ઠરાવે છે કે જે જે સ્થળે બાળલગ્નો સિવાજ વિશેષ હોય ત્યાં સ્થાનિક આગેવાન ગ્રહસ્થોની સમિતિ બાળલગ્નની અટકાયત માટે નિમવી. આ બાબત શ્રી શ્વેતાંબર કોન્ફરન્સના સંચાલકો ઘટતાં પગલાં સત્વર લેશે એવી આ પરિષદ ભલામણ કરે છે.

રજુ કરનાર ; શ્રી. ગુણીયલબ્હેન દેસાઇ

અનુમોદન આપનાર ; શ્રી. પ્રભાવંતી શેઠ

ઠરાવ નં.૯. અનિષ્ટ જ્ઞાતિબંધનો.

આ પરિષદનો એવો સ્પષ્ટ અભિપ્રાય છે કે આપણાં જૈન સમાજમાં કન્યાઓની આપલે માટે જે સંકુચિત વાડાઓ પડી ગયા છે તે અનિષ્ટ છે તથા આખી જૈન સમાજની પડતીમાં મહત્વનો ભાગ ભજવે છે. સંકુચિત જ્ઞાતિબંધનોને લીધે ઘણી વખત બાળ લગ્નો તથા કજોડાંઓ કરવાની ફરજ પડે છે અને તેથી હવે એ બંધનો નષ્ટ કરી છોકરીની આપલેનું ક્ષેત્ર બહોળું એટલે આખી જૈન સમાજનું બનાવવું એ શ્રેયસ્કર છે. આ સ્થિતિમાં આ—પરિષદ આપણી સમાજમાં હસ્તી ધરાવતાં એ જ્ઞાતિબંધનો દૂર કરવા ઘટતી દિશામાં પગલાં લેવાનું ઠરાવે છે.

રજુ કરનાર :— શ્રી. તારાબ્હેન ચીમનલાલ શેઠ

અનુમોદન આપનાર:— શ્રી. તારાબ્હેન સૌ. દેસાઇ

ઠરાવ નં. ૧૦. વૈધવ્ય.

આપણી જૈન કોમમાં ઘણાજ વર્ષો થયાં કરજીઆત વૈધવ્યની જે રૂઢિ પડી ગઇ છે તે અત્યારના દેશકાળના સમયને જોઇને અનઉચિત છે. તેથી આ પરિષદ માને છે કે વૈધવ્ય કરજીયાત નહિ પણ મરજિયાત હોવું જોઇએ.

રજુ કરનાર :— શ્રી. માણેકબ્હેન સોભાગમ મરચંટ

અનુમોદન આપનાર :—શ્રી. લીલાવતી કેવીદાસ કાનજી

આટલું તો જાણજો

પરિષદો અને અધિવેશનના સમાચારો બહુજ વધી જવાથી આ વખતનો અંક લગભગ પાંચ ફોરમનો બનાવવામાં આવ્યો છે, એટલે આ અંકને દશમો અને અગ્યારમો ગણી આવતો બારમો અંક તા૦ ૧૬–૬–૩૪ ના દિને બહાર પડશે.

શ્રી જૈન મહિલા પરિષદમાં પસાર થએલા ઠરાવો.

આ આખ્યાય અમદાવાદીયામાં સૌથી અગત્ય અને મહત્વની વાત તો એ બની કે જૈન મહિલાઓએ પોતાની અલગ પરિષદ ભરીને સ્ત્રીશક્તિને ઢીપાવે તેવા કોન્ફરન્સથી એક ડગલું આગળ વધીને ઠરાવો કર્યા. જે મંડપમાં કોન્ફરન્સ ભરાણી હતી તેજ મંડપમાં જૈન મહિલાઓએ પોતાની અલગ પરિષદ ભરી હતી, આખો મંડપ સ્ત્રીઓથી ઉભરાઇ જતો હતો. આ ઉભરાઇ જતા સ્ત્રી સમુદાયના ઉપર કોઇ અનેરા ભાવ અને તમન્ના જણાતી હતી. કુરૂઢિઓની જંજીરોમાં જકડાઇને આજ સુધી હણાઇ રહેલા સ્ત્રીત્વને મૂક્ત કરવાની તિવ્રતા ભાસતી હતી અને તેથી વધારે તો પોતાનો અવાજ સ્વતંત્ર રીતે વ્યક્ત કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે એ જાતનો ઉલ્લાસ તેમનામાં અપાર જણાતો હતો. અને તેથીજ તેઓએ માત્ર એકાદ ઠરાવ સિવાય બધાયે ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા હતા. ઠરાવોનું સમર્થન કરતા ઘણી બ્હેનોએ પોતાના આંતરનાદ ઠાલવ્યા હતા અને સાફ સાફ શબ્દોમાં સૂણાવી દીધું હતું કે હવે અમને પીડતી એ રાક્ષસી રૂઢિઓ અમારે નહિં જોઇએ. અમો હવે જાગ્યા છીએ, અમો પણ પુરૂષની હરોળમાં આવી શકીએ તેમ છીએ એવી અમોને પ્રતીતિ થઇ છે. ટુંકમાં તેઓએ નારીજાતિને ઉજાગર કરે તેવા મતભેદ વગર અને શાન્તિથી એકાદના અપવાદ સિવાય દશ ઠરાવો પસાર કર્યા હતા.

શરૂઆતમાં ગુલાબબ્હેન મકનજી મહેતાએ પોતાનું સ્વાગતનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું અને પધારેલી બ્હેનોને હાર્દિક આવકાર આપ્યો હતો. ત્યાર બાદ મહિલા પરિષદના પ્રમુખ શ્રી. મંગળાબ્હેને પોતાનું સ્ત્રી સમાજમાં ચેતન લાવે તેવું અને સ્ત્રીઓની સ્થિતિનું સચોટ બ્યાનવાળું વક્તવ્ય વાંચ્યા સિવાય મ્હોંટેથી ઘણી સારી રીતે સમજાવ્યું હતું.

ત્યાર બાદ નીચેના ઠરાવો પસાર થયા હતાં:—

ઠરાવ નં. ૧. કન્યા કેળવણી

જૈન સ્ત્રીઓની આ પરિષદ માને છે કે આપણી સમાજમાં કન્યાઓની કેળવણી પ્રત્યે જેટલી કાળજી લેવાવી જોઇએ તેટલી હજી લેવામાં આવતી નથી. કન્યાકેળવણી સિવાય આપણી સમાજનો ઉત્કર્ષ કરવો એ અશક્ય છે એવો આ પરિષદનો અભિપ્રાય છે. કન્યા કેળવણીની પ્રગતિ રોકવામાં કેટલેક અંશે સમાજના કન્યા કેળવણી વિષેના વ્હેમો પણ જવાબદાર છે અને તેથી આદર્શ ગૃહિણી બનાવવી એ કન્યા કેળવણીનું મુખ્ય ધ્યેય હોવું જોઇએ અને છે. એમ આ પરિષદ જાહેર કરે છે. વર્તમાન જીવનની જરૂરીઆતો લક્ષમાં લઇ કન્યાઓની કેળવણી બાબત જૈન સમાજમાં સાચી જાગૃતિ આણી તેને વિશેષમાં વિશેષ ઉ-તેજન મળે તેવાં પગલાં લેવાનું આ પરિષદ ઠરાવે છે.

પ્રમુખસ્થાનેથી.

ઠરાવ નં. ૨. રડવા કૂટવાનો ચાલ.

મરણ નિમિત્તે જાહેર રીતે રડવા કૂટવાનો રિવાજ અસભ્ય અને બેહુદો છે તથા ધાર્મિક દૃષ્ટિએ તેથી કર્મબંધન થાય છે એમ જૈન સ્ત્રીઓની આ પરિષદ માને છે. આ અનિષ્ટ રિવાજે જૈન સમાજમાં વહેમ અને અજ્ઞાન વધાર્યાં છે અને સાધારણ રીતે વખતનો અપવ્યય થયો છે અને સ્ત્રીઓની શારીરિક તંદુરસ્તીને હાનિ પહોંચી છે. આમ હોવાથી રોવા કુટવાનો કુચાલ જૈન સમાજમાંથી જડમૂળથી નાશ કરવાનો આ પરિષદ નિશ્ચય જાહેર કરે છે. અને તે માટે એ હાનિકારક રૂઢિથી થતા ગેરફાયદાની સમાજની સ્ત્રીવર્ગને સમજ આપવા તથા એ દિશામાં બીજાં યોગ્ય પગલાં લેવાનું આ પરિષદ ઠરાવે છે.

રજુ કરનાર:— શ્રી જડાવબ્હેન કેશવજી દેવજી

અનુમોદન આપનાર:—મીસીસ મોહનલાલ ઝવેરી

ઠરાવ નં ૩. લાજ પડદા.

સ્ત્રીઓને માટે લાજ પડદાનો રિવાજ આપણા સમાજમાં છે તે અર્થ વગરનો છે એટલુંજ નહિ પણ તે સ્ત્રીસ્વાતંત્ર્યના સિધ્ધાંત ઉપર સીધાં આક્રમણ રૂપ છે. આ વહેમી રિવાજે આપણી સમાજની સ્ત્રીઓને કૌટુંબિક સુખ અને આનંદથી વંચિત તથા જરૂરી સામાન્ય જ્ઞાન વિહીન અને પછાત રાખી છે. જૈન સમાજની દરેક સમજુ સ્ત્રીને આ પરિષદ આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે તેમણે તેમની શક્તિ અનુસાર આ કુચાલ જૈન સમાજમાંથી નાબુદ કરવા પ્રયત્નો કરવા. વધૂમાં એ રૂઢિનો નાશ કરવા શક્ય તેટલા પ્રયત્નો કરવાનું આ પરિષદ ઠરાવે છે.

રજુ કરનાર:— શ્રી લીલાવંતીબ્હેન દ્વેવીદાસ કાનજી

અનુમોદનુ આપનાર:—શ્રી. દીવાળીબ્હેન વૃજલાલ

ઠરાવ નં. ૪. લગ્ન અને બીજા પ્રસંગે થતા ખોટા ખર્ચો

જૈન સમાજમાં લગ્ન અને બીજા પ્રસંગે મ્હોટા મ્હોટા ખર્ચો જુદી જુદી દૃષ્ટિથી કરવાનો ચાલ પડી ગયો છે. લગ્ન તથા એવા બીજા અનેક ધાર્મિક પવિત્ર અને ગંભિર પ્રસંગો બને તેટલી સાદી રીતે ઉજવાવા જોઇએ એ આ પરિષદનો અભિપ્રાય છે. એવા પ્રસંગોએ ખોટા ખર્ચો કરવાથી તે પ્રસંગોનું ધાર્મિક મહત્ત્વ અને ગાંભિર્ય નષ્ટ થાય છે એમ આ પરિષદ માને છે. આર્થિક તેમજ સામાજિક દૃષ્ટિએ જોતાં પણ એવા પ્રસંગોએ ખોટા અને મોટા ખર્ચો હાનિકારક છે. આ પરિષદ તેથી એમ ઠરાવે છે કે તેવા ખર્ચો ઓછા કરી બચતી રકમોનો ઉપયોગ સમાજમાં કેળવણી પ્રચાર તથા બીજાં લોકોપયોગી કામોમાં કરવામાં આવે.

રજુ કરનાર:— શ્રી. લલિતા લક્ષ્મીચંદ દમણીયા.

અનુમોદન આપનાર:—શ્રી. સુલોચના મોદી.

ઠરાવ નં. ૫. સ્ત્રીઓના વારસા હક્ક.

જૈન સ્ત્રીઓની આ પરિષદ એમ માને છે કે વારસા હકકના કાયદામાં સ્ત્રીઓની સ્થિતિ અન્યાયી રીતે પરતંત્ર બનાવી મૂકવામાં આવી છે, આને પરિણામે પોતાના પતિ, સસરા કે પિતાની મ્હોટી દોલત હોવા છતાં સ્ત્રીઓની સ્થિતિ ઘણી વાર લાચાર બની જાય છે. આ સ્થિતિ વહેલામાં વહેલી તકે દૂર કરવા તે બાબત ઘટતો ખરડો વડી ધારાસભામાં પસાર કરાવવા યોગ્ય પગલાં લેવાની આ પરિષદની ભલામણ છે.

રજુ કરનાર:— શ્રી. ગુલાબબ્હેન મકનજી મહેતા.

અનુમોદન આપનાર:—શ્રી. કુસુમબ્હેન મંગળદાસ મુનશી

મહિલા પરિષદ્‌ના અધ્યક્ષપદેથી

તમો સર્વ કોઇ સ્વીકારશો કે જ્યાં સુધી સ્ત્રીઓ કેળવાઇ ન હશે ત્યાં સુધી આપણી તો શું પણ કોઇપણ સમાજની ઉન્નતિ અશકય છે. ઘણાં માબાપો પોતાની પુત્રીઓ શાળામાં પ્રાથમિક ત્રીજું કે ચોથું ધોરણ પૂર્ણ કરે ત્યાં તો તેમને શાળામાંથી ઉઠાડી લે છે. આમ કરી પોતાની પુત્રીને જરૂર જેટલી કેળવણી આપ્યાનો તથા તેમ કરી પોતાની માબાપ કે વાલી તરીકેની ફરજ અદા કરવાનો સંતોષ માને છે, પરંતુ એમ માનવું, એવો સંતોષ લેવો એ ભૂલ છે. યંત્રવાદ તથા જડવાદના પ્રગતિમય આ જમાનામાં વિધવાઓ, કુમારીકાઓ અને સૌભાગ્યવતી સ્ત્રીઓને પણ પોતાના ભરણ પોષણાર્થે એક નહિ તો બીજો ઉદ્યોગ કરવો પડે છે.

મુંબઈ જેવા સ્થળોમાં તો સ્ત્રીઓને દરેક રીતે સગવડ પડતી શિક્ષણ સંસ્થાઓ ચાલુ છે. આપણી સમાજની મુંબઈ-નિવાસી સર્વ જૈન બહેનોને આ શિક્ષણવર્ગોનો લાભ લેવાની મારી આગ્રહપૂર્વક વિનંતિ છે. ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળમાં ચાલતો ફર્સ્ટએડના વર્ગ જેવો વર્ગ આપણા મહિલા સમાજના આશરા હેઠળ પણ ચલાવી શકાય. પરંતુ તમારામાંના ૧૫ થી ૨૦ બહેનો જો એ વર્ગમાં જોડાવા તથા તેનો નિયમિત લાભ લેવા તૈયાર હો તો એવો વર્ગ ખોલવાની તાકીદે વ્યવસ્થા થશે તેની હું તમોને ખાત્રી આપું છું.

* * * *

ઘણા જુના વખતથી આપણી સમાજમાં કેટલાક કુરિવાજો પ્રચલિત થયા છે. આ રિવાજો દૂર કરવા જોઇએ એમ ઘણી બહેનો સમજે છે. છતાં લોકાચારના ડરથી આગળ પડવાની હિમ્મત કરી શકતાં નથી. જે ખરાબ રૂઢિઓ આપણને ત્યાગવા જેવી લાગતી હોય તેનો જરૂરી નૈતિક હિમ્મત દર્શાવી ત્યાગ કરવો એ આપણી ફરજ છે. આમ થશે તોજ અને ત્યારેજ આપણી સમાજનો અભ્યુદય થશે. અને આપણું સામાજિક જીવન વધારે સુખમય અને સરળ બનશે. લાજ અને પડદાનો રિવાજ આ વીસમી સદીમાં પણ ઘણે ભાગે પ્રચલિત છે. આવો રિવાજ હવે જડમૂળથી નીકળી જાય એ ખાસ અગત્યનું છે. આગળના વખતમાં પરદેશથી ચઢી આવતી કેટલીક પ્રજાઓના જુલ્મને લીધે આ રિવાજ તે વખતની પ્રજાએ ઉચિત ધારીને ગ્રહણ કર્યો હશે. પરંતુ અત્યારના વખતને અનુસરી હવે એ અનાવશ્યક છે. આ રૂઢિએ આપણાં પુરૂષ તથા સ્ત્રીવર્ગના માનસમાં એવી જડ ઘાલી છે કે તેની અવાસ્તવીકતાની ખાત્રી થવા છતાં તે દૂર કરવી એ એક મૂશ્કેલીનું કાર્ય થઇ પડયું છે. ઘરમાં લાજ કાઢતી બહેનો સીનેમા, નાટકો કે બીજે કોઇ સ્થળે જાય ત્યારે લાજ કાઢવાની જરૂર જોતી નથી, તો પછી ઘરનાં આપ્તજનો વચ્ચે વડિલોની હાજરીમાં લાજ કાઢવાની જરૂર હોય એ સાધારણ બુધ્ધિને પણ ગમ્ય નથી. આ ચાલથી વડિલોની માનમર્યાદા સાચવી શકાય છે એમ કેટલાક જુના વિચારના લોકો બચાવ કરે છે. આ બચાવ તદ્દન લૂલો છે. આપણાજ દેશની બીજી સમાજ તેમજ જ્ઞાતિઓના રીતરિવાજો તપાસવાથી તમને ખાત્રી થશે કે અનેક હિન્દુ સમાજોમાં લાજ કાઢવાનો રિવાજ ન હોવા છતાં તેમની સમાજમાં નીતિરીતિ તથા માનમર્યાદા યોગ્ય રીતે જળવાઇ રહ્યાં છે. કોઇક જગ્યાએ જો તેમાં ઉણપ જણાતી હોય તો તે લાજ કાઢવાના રિવાજની ગેરહાજરીને આભારી નથી. એ કુચાલથી આપણી સમાજની સ્ત્રીઓ પોતાના વડિલોના જ્ઞાનનો લાભ મેળવી શકતાં નથી, બહારની દુનિયા જોઇ શકતાં નથી એટલે દરેક રીતે પછાત અને અજ્ઞાન રહે છે. તેઓ જોઇતો આનંદ અને સામાન્ય જ્ઞાન પણ મેળવી શકતાં નથી. ઘરની સર્વ વ્યકિતઓ સાથે બેસી ખુલાસાઓ તથા વિચારની આપલે કરી શકાય, કૌટુંબિક આનંદ અનુભવી શકાય, તેનાથી એક બિચારી ઘરની વહુ વંચિત રહે છે અને એ રીતે કુટુંબનું ભવિષ્ય બગડે છે. કુટુંબની બધી વ્યકિતઓ એકત્રિત થઇ નિર્દોષ આનંદ કરે અને ઘરની વહુ એક ખુણે બેસી મુંઝાય એ આ જમાનાનો એક જુલમ છે. હિન્દુ સંસારમાં હજી સ્ત્રીઓ જોઇએ તેટલી સ્વતંત્ર થઇ નથી. હજી સ્ત્રીઓ ઉપર પુરૂષોનું આધિપત્ય ચાલુ છે, એટલે પુરૂષવર્ગને પણ ભલામણ કરીએ છીએ કે તેમણે પણ સમાજનો સડો નાબુદ કરવા બનતા પ્રયત્નો કરવા જોઇએ.

x x x x

હિન્દુઓને લગતા કાયદામાં હાલ સ્ત્રીઓને વારસા હિસ્સામાં બીલકુલ હકક નથી. સ્ત્રીઓ કુમારી અવસ્થામાં બાપ, કાકા કે ભાઇઓની દયા ઉપર જીવે છે અને વિધવાઓ સાસરામાં વડિલોની અગર પોતાના પુત્રોની મહેરબાની ઉપર જીવન ગાળે છે. સત્તા એક એવી વસ્તુ છે કે તે ધારણ કરનાર માણસની બુદ્ધિને ઘણી વખતે તે ખરાબ રસ્તે ચઢાવે છે. અને એ રીતે સત્તાધારી પુરૂષો નિરાધાર સ્ત્રીઓ ઉપર પોતાની સત્તાનો અમલ ચલાવવાનું ચૂકતા નથી અને એ રીતે સ્ત્રીઓને ઘણું સહન કરવું પડે છે. મહાશય હરીબીલાસ શારદાએ એ કાયદામાં સ્ત્રીઓને વારસા હકક પ્રાપ્ત થાય એવી જાતનો સુધારો કરવા ઘણી વખત પ્રયત્નો કર્યા હતા પરંતુ હજી પણ આપણા દુર્ભાગ્યે સ્વાર્થલોલુપ અને સંકુચિત હૃદયના પુરૂષો દેશમાં હસ્તિ ધરાવે છે એટલે મહાશય શારદાના પ્રયત્નોને ફ-તેહ મળી નહિ, પણ એથી આપણે હિમ્મત હારવાની નથી. સ્ત્રીઓનાં સ્વમાન અને વ્યકિતત્વને હણતો આ એક ગંભીરમાં ગંભીર અન્યાય છે. એકજ બાપનાં છોકરાંઓમાં છોકરો સર્વ મિલ્કતનો ભોગવટો કરે અને છોકરી બીચારી ભાઇની કે વડિલોની દયા ઉપર જીવે એના જેવો આ જગતમાં ભાગ્યેજ કોઇ બીજો અન્યાય હશે. હાલના જડવાદી અને અર્થપ્રધાન જમાનામાં આ પ્રશ્ન ઉપર સ્ત્રીઓના બીજા ઘણા પ્રશ્નોનો આધાર રહેલો છે. કોઇ જગ્યાએ પોતાની સ્વતંત્ર મિલ્કત ધરાવવાનો હકક સ્થાપિત ન થયો હોઇને એક હિન્દુ સ્ત્રી જ્યાં જાય ત્યાં નિરાધાર સ્થિતિમાં જીવન પસાર કરે છે. ઘણા પુરૂષો હાલ સ્ત્રીઓને સમાન હકકો આપવાનાં બણગાં ફુંકે છે પરંતુ આપણે એવી ખોટી વાતોની જરૂર નથી, પુરૂષોના માનસમાં ખરેખરો ફેરફાર થયો છે એમ ત્યારેજ આપણને ખાત્રી થશે કે જ્યારે સ્ત્રીઓના સમાન હકક ઉપર આક્રમણ કરનાર હિન્દુ લૉ જેવા કાયદામાં ફેરફાર કરવામાં આવશે.

x x x x

Reg. No. B. 3220

સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

વાર્ષિક લવાજમ ૧-૮-૦ છુટક નકલ ૧ આનો.] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર [વર્ષ ૧ લું અંક ૧૨ મો શનિવાર તા. ૧૬-૬-૩૪

વિવેક અને સભ્યતા.

લેખક :—શ્રી મણીલાલ મોહનલાલ ઝવેરી

જૈનોના મંદિરની વાત છે. સૌ પોતાના આત્માની ઉન્નતિ કરવા માટે નિરંજન નીરાકારની ભાવના ઉત્પન્ન કરતી પ્રતિમાની પૂજા કરવા ભેગા મળ્યા હોય: નિરંજન પ્રભુને પૂજવામાં રાગદ્વેષ ન હોય. રાગદ્વેષ દૂર કરવા માટેજ પૂજા કરવી જોઇએ તે સમજીને બધા ભેગા થયા હોય. આત્મા બધાનો સરખો ગણાય. પ્રભુની પૂજા કરવાનો તમામ આત્માનો સરખો હક્ક કબુલ રખાય. આ વખતે પ્રભુની સૌથી પહેલી પૂજા કરવાનો હક્ક વેચાય અને તે ધનાઢ્ય પોતાની લક્ષ્મીના જોરે ખરીદે. પોતે બધાને ઉભા રાખી પહેલી પૂજા કરી લે. બધા અધીરાઇથી જોયા કરે. મનમાં મનમાં કચવાતા રાગદ્વેષ વધાર્યા કરે. જેને હૃદયમાં લાગણી થાય તે આવો હક્ક ખરીદતા અટકે તો ?

જૈનોને લગતીજ વાત છે. પૂજા કરનારાનાં ટોળાં ધક્કા મારી એક બીજા ઉપર પડે, ધાંધલ કરે. પ્રતિમા ઉપર પડી જતાં દીવાલના ટેકાથી બચે, નીચે પડતા પ્રતિમાના ટેકાથી બચે. એક બીજા અથડાય, કેસર બરાસ ભરેલી વાટકીઓ ઢોળાઇ જાય. હાથમાં રાખેલી સળગતી અગરબત્તીઓથી કોઇ દાઝી જાય. ફુલની થાળીઓમાંના ફુલ પડી જાય. શો આપણો વિવેક ! શી આપણી રાગદ્વેષ દૂર કરવાની ભાવના અને તે માટેની પ્રવૃતિ ? કોઇ અમલદાર કે રાજાને મળવા કે તેને ભેટ ધરવા ભેગા થયા હોઇએ તો આમ થઇ શકે ? એક પછી એક એમ ક્રમવાર પ્રતિમા આગળ જઇ શાંતિથી પૂજા ન થાય ? ક્રમવાર આપણો વારો આવતા સુધીની ધીરજ આપણે ન રાખી શકીએ ?

જૈનોના ઉપાશ્રયની વાત છે. રાગદ્વેષ જેને જીતેલા છે તેવા મુનિ પાસે આત્માની ઉન્નતિ અર્થે વ્યાખ્યાન શ્રવણ કરવા ભેગા થઇએ. ભાવિક શ્રાવક શ્રાવિકાઓ ક્રમવાર આવી બેઠા હોય. આપણે મોટા ગણાતા હોઇએ કે આપણે પોતાને મોટા માની લીધા હોય. બધાને ખૂંદતા, આપણા પગનો સ્પર્શ કરાવતા બહાદુરીથી આગળ વધેજ જઇએ. અરાબર આગળ વધી જગ્યાના અભાવે બીજાઓને કચરતા બેસીએ. લોકો ગણ ગણે "વહેલા આવવું હતું ને;" શી આપણી મોટાઇની શોભા ?

મુનિ વ્યાખ્યાન વાંચતા હોય. શ્રાવિકાઓ વાતો કરેજ જાય. મુનિનો અવાજ પહોંચી ન શકે ? "અવાજ ન કરો" ની બૂમો પડયે જાય. થોડી થોડી વારે કલબલાટ વધી પડે. મુનિને વ્યાખ્યાન બંધ કરવું પડે. શી શ્રોતાઓની વ્યાખ્યાન સાંભળવાની ભાવના ?

મુનિ રાગદ્વેષને જીતનારા ગણાય. ભાવિક શ્રાવકો તેમને તે ભાવનાની જીવતી પ્રતિમા ગણી બહુમાન કરે. મુનિ અન્યધર્મીઓને તેમજ ઉદ્દામ પક્ષવાળા શ્રાવકો પ્રત્યે બીભત્સ અણછાજતી ભાષા વાપરે. પોતે જે વેષ પહેર્યો છે તે લજ્જાય છે તેનું ભાન ભૂલી જાય. રાગદ્વેષ તજવાને બદલે તેના ધંધારદાર બની જાય. ભાવિકો ઉપર કેવી છાપ પડે ?

વ્યાખ્યાન પુરૂં થયે સ્ત્રી અને પુરૂષો એકજ દરવાજેથી અથવા વધુ દરવાજા હોય તો બધા દરવાજેથી એક સાથે ઉપાશ્રયમાંથી બહાર નીકળવા પ્રયત્ન કરે, ધક્કા ધક્કી થાય, સ્ત્રીઓ અને-મુનિના બે બોલ સાંભળવા આવેલા-બાળકો કચરાઇ જાય, પડી જાય, ચગદાઇ જાય. પ્રભાવના કરનાર પ્રભાવના વ્હેંચી ન શકે. તેની પેંડા, પતાસા કે બદામ ભરેલી માટલી ફૂટી જાય. તેને બારણા આગળની જગ્યા છોડી ખસી જવું પડે. વિવેકથી હારબંધ ઉભા રહી જગ્યા મળે તેમ બહાર જઇએ તો પાંચજ મિનિટમાં બધું પતી જાય. ઉપાશ્રયે જઈ, મુનિનું વ્યાખ્યાન સાંભળી, આટલી સ્થિરતા આપણે ન રાખી શકીએ ? એ જમાનાને આવતા કેટલાં વર્ષો જોઇશે ?

(લેખકની હવે પછી પ્રસિધ્ધ થનારી 'અટકી પડેલું ગાડું' નામની લેખમાળામાંથી)

—: તરૂણ જૈન. :—
શનિવાર તા. ૧૬-૬-૩૪

પ્રચારકાર્યની આવશ્યકતા.

જગતના ઉન્નત સમાજો તરફ નજર કરતાં જોઈ શકાય છે કે તે તે સમાજના કાર્યવાહકોનું પ્રચારકાર્ય જોરદાર હોય છે, ઝીણામાં ઝીણી બાબતથી આમવર્ગને વાકેફ રાખવામાં આવે છે, સમાજ પ્રગતિના માર્ગોને વિચારવાની તેની શકિત ખીલવવામાં આવે છે, સમાજની પ્રત્યેક વ્યકિત પછી તે બાલ હો કે વૃધ્ધ હો, યુવાન હો કે યુવતી હો, સ્ત્રી હો કે પુરૂષ હો, સમાજનું હિતાહિત વિચારતી થઇ જાય છે. પરિણામે સમૂહની વિચારક શકિતથી અમુક રાહ નિયત થાય છે અને સમાજને એ રાહ ઉપર ધસડી જવા પ્રયત્ન કરવામાં આવે છે. તેને માટે નિયમિત પ્રચાર કાર્ય પ્રેસ અને પ્લેટફોર્મદ્વારા ચાલુ કરવામાં આવે છે. મોટાં મોટાં શહેરોમાં તો દૈનિક પેપરો, સાપ્તાહિકો, માસિકો દ્વારાજ લોકમત કેળવવો આસાન થઇ પડે છે, જ્યારે દૂર દૂર ગામડામાં કે જ્યાં જાહેર પેપરો બીલકુલ પહોંચી શકતાં નથી ત્યાં સભાઓદ્વારાજ પ્રચાર થઈ શકે છે.

પચાશ કે સાઇઠ વરસ પહેલાંજ જેનો જન્મ થયો છે તેવા આર્યસમાજની પ્રગતિનો ઇતિહાસ તપાસવામાં આવશે તો જણાશે કે કેવળ ઉપરોકત બે બાબતોજ કારણભૂત છે. ગામડે ગામડે આર્યસમાજના મીશનો સ્થાપવામાં આવ્યાં છે. નાની નાની ટ્રેકટો, જાહેર પેપરો, સભાઓ દ્વારા આર્યસમાજના સિધ્ધાંતો પ્રતિપાદન કરવામાં આવે છે, નિયમિત તેની મહાસભા મળે છે, સમયાનુકૂળ રાહો નકકી થાય છે, કાર્યક્રમો ઘડાય છે અને અમલમાં મૂકાય છે. આમ પચાશ વરસ પછી એ સમાજના ચાલીશ લાખ સભ્યો નોંધાયા છે.

ક્રિશ્ચિયન મીશન પણ ગામડાઓમાંજ કાર્ય કરી રહેલ છે. બીલકુલ અજ્ઞાન ભોળી અને જંગલી જનતાને તેના જીવન ક્ષેત્રમાં અનેક પ્રકારની રાહતો આપી ક્રિશ્ચિયન ધર્મમાં રસ લેતાં કરી મૂકે છે અને તેની જિજ્ઞાસા તૃપ્ત થાય તે માટે નાનાં મોટાં પુસ્તકો પાણીના મૂલ્યે વેચાય છે. છેલ્લાં સવાસો વરસમાં આર્યાવર્ત્તમાં ચાર કરોડ માનવીઓ એ સમાજના સભ્ય બનેલ છે. આમ અનેક પંથો પ્રચાર દ્વારા ભારતમાં પગભર થયા છે અને પ્રચારના અભાવે અનેક સમાજોનું અસ્તિત્વ પણ નાબૂદ થયું છે. આમ જેટલી તલ્વારમાં શકિત નથી તેટલી કલમમાં શકિત છે. અફઘાનીસ્તાનના તખ્ત ઉપર મહુંમ રાજા નાદીરખાન કેવળ કલમના જોરેજ બીરાજી શકયા હતા. પાશ્ચિમાત્ય દેશો આ વસ્તુસ્થિતિ પિછાણી શકયા છે અને તેથીજ તે દેશોમાં જેટલા પ્રગતિમાન બળો અસ્તિત્વ ધરાવે છે તે બધા પ્રચારકાર્યને ખૂબ મહત્ત્વ આપે છે. મુસોલીની ને હિટલર, મેકડોનાલ્ડ અને રૂઝવેલ્ટ વગેરે જે પ્રધાનસ્થાન ભોગવે છે, તેમાં પ્રચારકાર્યનો મ્હોટો હિસ્સો છે. પ્રત્યેક ધર્મ પ્રચારકો, સમાજ સંસ્થાપકો અને મ્હોટી મ્હોટી શહેનશાહતોના રક્ષણહારો પ્રચારકાર્યનો ખૂબ આશ્રય લે છે. આમ પ્રચારકાર્યનું ખૂબ મહત્ત્વ છે.

આપણા સમાજમાં પણ યુવકોએ એ પરિસ્થિતિ પિછાણી છે. જાહેર પેપરો દ્વારા, કોન્ફરન્સો અને પરિષદો દ્વારા એ પોતાના ધ્યેયને પહોંચી વળવા માટે ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે અને પ્રગતિનાં સોનેરી સ્વપ્નાઓ સેવી રહ્યા છે. તેથી કોન્ફરન્સો અને પરિષદો મળે છે, વાતાવરણ મધમધી ઉઠે છે, લોકમત જાગૃત થાય છે, અને ઉત્સાહનાં પૂર રેલાય એ જાતનાં આંદોલનો પ્રગટે છે. કાર્યકર્ત્તાઓ મહિનાઓ પહેલાં લોકમત કેળવવાનો પ્રયત્ન કરે છે અને ત્રણ દિવસની મહેફિલ ગોઠવાય છે. તેમાં તમામ પ્રકારના સામાજીક પ્રશ્નોને કસોટીની એરણ ઉપર ચઢાવવામાં આવે છે અને અમુક પ્રકારના ઠરાવોની હારમાળાનો જન્મ થાય છે, કાર્યકર્ત્તાઓ આત્મસંતોષ અનુભવે છે. આમ મહેફિલના દિવસોમાં તો ઉત્સાહના મહાસાગર પ્રગટે છે. પણ મહેફિલ પછી ?

અત્યાર સુધીના આપણા અનુભવો કહે છે કે જે ઉત્સાહ, જે ચેતન મહેફિલમાં અને મહેફિલ પહેલાં હોય છે, એ ત્યારબાદ નિરૂત્સાહ અને નિશ્ચેતનના રૂપમાં ફેરવાય જાય છે. કાર્યકર્તાઓ શાંત થઈ જાય છે, પ્રચારકાર્ય અટકી પડે છે, લોકો પોતપોતાના કામમાં પડી જાય છે, પરિણામમાં ઠરાવો કાગળ ઉપરજ રહે છે, તે આગળ વધી શકતા નથી, કાર્ય કરવાની આપણી એ ઉણપ છે.

સામાજિક ઠરાવો તે પણ આપણે આપણા આચરણમાં મૂકી શકતા નથી. આ બાબત હવે પલ્ટો માંગે છે. આપણે રાહો નકકી કર્યા તે રાહે પ્રથમ આપણેજ એટલે કાર્યકર્ત્તાઓએજ પગલાં માંડવા જોઇએ અને તે સંબંધી ખૂબ પ્રચારકાર્ય કરવું જોઇએ. સમાજની પ્રત્યેક વ્યકિતના કાને કોન્ફરન્સ અને પરિષદનો સંદેશ સૂણાવવો જોઇએ. કોન્ફરન્સ અને પરિષદના સુકાનીઓની એ ફરજ છે, તેનું એ પરમ કર્તવ્ય છે. એ ફરજ જેટલે અંશે અદા થાય તેટલે અંશે કોન્ફરન્સ અને પરિષદની સફળતા છે. અને એ ફરજ જો બજાવવામાં ન આવે તો કોન્ફરન્સ અને પરિષદો નિષ્ફળ છે એટલું સહમજવાની જરૂર છે.

આપણે જો જીવવા માંગતા હોઇએ, જગતના બીજા સમાજોની હરોલમાં રહેવા ઇચ્છતા હોઇએ, આપણા સમાજને ઉન્નત સમાજ બનાવવાની તમન્ના હોય, તો પ્રચારકાર્ય અનિવાર્ય છે. આપણી પરીષદોનો સંદેશ ઘેર ઘેર પહોંચાડી સંગઠનની પવિત્ર સાંકળમાં સમાજની પ્રત્યેક વ્યકિતને જોડવાની પરમ આવશ્યકતા છે; એ બધું કરવાની યુવકોની પવિત્ર ફરજ છે. એ ત્યારેજ થઇ શકે કે જ્યારે કંઇક આત્મભોગ આપવાની ભાવના સ્ફુરે. તેમાં બધાયે કંઇ સરખો ભોગ તો નજ આપી શકે. પરંતુ કોઇ ટેબલ વર્ક કરે, કોઇ પ્લેટફોર્મો ગઝવે, કોઈ ગામડાને પોતાની સેવાનું કેન્દ્ર બનાવે. આમ જેને જે રીતે રૂચે એ રીતે સેવા કરવા તત્પર થાય તો પ્રચારકાર્ય બહુજ સુંદર થઇ શકે, આપણું સંગઠન સધાય અને તેમાંથી ખૂબ શકિત પેદા થાય. પણ ખૂબ ધ્યાન રાખવું જોઇએ કે આપણે જે કંઇ કરીએ, જે કંઇ બોલીએ તેમાં દંભની ગંધ પણ ન હોવી જોઇએ. આજે એક દોકડાભાર કામ કરવું અને સો દોકડાભાર ઢોલ પીટવો એ જાતનું માનસ છે તેને બદલવું જોઇએ ; તોજ આપણે ઉન્નતિનાં પંથે પડી શકીશું. જ્યાં સેવાભાવ હોય ત્યાં નામની તમન્ના ન હોય, તેને ઢોલ પીટવાનું ન ગમે, એ તો કાર્યમાંજ રચ્યો પચ્યો રહે. આટલી નિર્મળ સેવા ભાવના જાગશે ત્યારેજ આપણે આપણા ધ્યેયને પહોંચી વળીશું ; અને જ્યાંસુધી નામનો મોહ રહેશે ત્યાંસુધી ધાંચીના બેલની માફક આપણે જ્યાંના ત્યાંજ રહીશું એટલું ખ્યાલમાં રહે.

સાહિત્ય સમીક્ષા.

તેરહ કાઠિયે :—લેખક અને પ્રકાશક પંડિત કાશીનાથ જૈન; આદિનાથ હિન્દી–જૈન–સાહિત્યમાળા. મુ. બંબોરા, પોસ્ટ ભીંડર (મેવાડ). મૂલ્ય અમૂલ્ય.

જૈન શાસનમાં તેર કઠીયારાની કથા પ્રસિધ્ધ છે તે ઉપરથી ભાઈશ્રી કાશીનાથે સરલ હિન્દી ભાષામાં નવીન પધ્ધતિથી ઉપરોકત ગ્રંથનું આલેખન કર્યું છે. નૈતિક દૃષ્ટિએ પ્રજા જીવનને આવા નાના ગ્રંથો ખૂબ ઉપયોગી છે.

આનંદ શ્રાવક :—લેખક અને પ્રકાશક પંડિત કાશીનાથ જૈન :–આદિનાથ હિન્દી–જૈન–સાહિત્યમાળા. મુ. બંબોરા–પોસ્ટ ભીંડર (મેવાડ) મૂલ્ય અમૂલ્ય.

પરમાત્મા મહાવીરના દશ શ્રાવકોમાં આનંદ શ્રાવકને મુખ્ય માનવામાં આવેલ છે, હેનું આ ગ્રંથમાં વિસ્તૃત જીવન આલેખવામાં આવ્યું છે.

વિદાય સમયે :—પ્રકાશક–સેક્રેટરીઓ. ધા. સં. વ્યા. ભા. સમિતિ. આમાં ધાનેરા સંવાદ, વ્યાયામ, ભાંપણ સમિતિનો આવક જાવકનો સંપૂર્ણ હિસાબ તેમજ રૂપરેખા આપવામાં આવી છે.

પાખંડી ધર્મ એ માનવજાતને ઝેરરૂપ છે :—સંપાદક : વૃજલાલ એન. શાહ. ધાનેરા સમિતિની આ પાંચમી પત્રિકા છે. પ્રચાર અર્થે આવી પત્રિકાઓ ઉપયોગી છે.

જૈન કોણ થઇ શકે? મુળ લેખક પંડિત જુગલકિશોરજી મુખ્તયાર પ્રકાશક :–મંત્રી દિગંબર જૈન યુવક સંઘ નવાપરા, સુરત. મૂલ્ય ૦–૧–૦ એક આનો.

જૈન મિત્ર મંડળ દિલ્હી તરફથી જૈન કોન હો સકતા હૈ! એ નામની એક હિન્દી ટ્રેકટ બહાર પડી હતી. હેનું શ્રીયુત મુળચંદ કરસનદાસ કાપડીયાએ ગુજરાતી ભાષાન્તર કર્યું છે.

આ નાની પુસ્તિકામાં સંસારનો કોઇ પણ માનવ જૈન થઇ શકે એ બાબતનું વિસ્તૃત વિવેચન કર્યું છે.

અહિંસા :—મુળ લેખક પં. કૈલાસચંદ્રજી શાસ્ત્રી. ભાષાન્તર કર્તા :–શ્રી નવનીતલાલ હાકારદાસ મોદી અને જયન્તિલાલ રતીલાલ રેશમવાળા. પ્રકાશક :–જયન્તિલાલ સાકરચંદ ચુડાવાળા તથા ખીમચંદ ચંદુલાલ ઝવેરી મંત્રીઓ દિગંબર જૈન યુવક સંઘ નવાપરા સુરત. મૂલ્ય ૦–૧–૦ એક આનો.

આમા અહિંસાનું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

પોલ પત્રિકા :—સન. ૧૯૩૨ સપ્ટેમ્બરની પેલીથી તા. ૨૪ ઓગસ્ટ સન ૧૯૩૩ સુધીની ફાઇલ તંત્રી નાગરદાસ ગઢીઆ. ઠે. ગાંધા બીલ્ડીંગ મસ્જીદ બંદર રોડ, માંડવી મુંબઇ ૩. કિંમત રૂા. ૧૦–૦–૦ દશ રૂપીઆ. પોલ પત્રિકા માટે અમે અમારો અભિપ્રાય આગલા અંકમાં જણાવી ગયા છીએ.

શ્રી જૈન વિવાહ વિધિ :—છપાવી પ્રસિધ્ધ કરનાર શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. ભાવનગર. કિંમત ૦–૨–૦ બે આના.

—માંગરોળ ને વડોદરામાં છપાવેલા વિવાહ વિધિ ને લગ્ન વિધિને આધારે અર્થ સહિત તમામ મંત્રોને સંપૂર્ણ વિધાન યુક્ત લગ્ન સંબંધી વિવરણ ઉપરોકત પુસ્તકમાં આપવામાં આવ્યું છે, એટલે જૈન સમાજને ખૂબ ઉપયોગી છે.

સમાચારો.

અમદાવાદ :—વીશાશ્રીમાળી મિત્ર મંડળના પ્રમુખ તરીકે શેઠ શકરાભાઇ લલ્લુભાઇ ચૂંટાયા છે અને તેઓશ્રીએ મંડળને રૂા. ૩૬૦૦ આપ્યા છે.

પાલણપુર :—અત્રે વેલુભાઇ બીલ્ડીંગમાં તાજેતરમાં સ્થપાયેલ તરૂણ જૈન સંઘની એક સભા બોલાવવામાં આવી હતી. શરૂઆતમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યુવાનોના નૂતન સંગઠનના દરેક પ્રકારના કાર્યોને ફુ-તેહ ઇચ્છતો તાર વાંચી સંભળાવ્યો હતો. ત્યારબાદ શ્રી ડાહ્યાભાઇ વેલચંદ મહેતાએ સંઘનો ઉદ્દેશ અને કાર્ય સમજાવ્યા હતા અને સામાજિક ઉન્નતિ સાધવાના કાર્યમાં પ્રગતિ કરવા માટે અપીલ કરી હતી. અમલીકાર્ય માટે એક સ્ત્રી પુસ્તકાલય અને વાંચનાલય સ્થાપવાની હીલચાલ ઉપાડી લેવાને તેઓશ્રીએ જણાવ્યું હતું. આ માટેની યોજના બહારગામથી મંગાવવામાં આવી છે. ત્યારબાદ શ્રી બેધારામની સૂચનાથી સંઘના મંત્રી તરીકે સ્થાનિક કાર્યકર્તા શ્રી ભોગીલાલ બક્ષીની ચૂંટણી થઇ હતી.

મુંબઇ :—સુણતરના જૈન બન્ધુઓએ શ્રી માલાજી ધરમાજી પાંથાવાડાવાલાના અધ્યક્ષપણા નીચે 'શ્રી સુણતર જૈન સેવા સમાજ મુંબઇ' એ નામની એક સંસ્થા સ્થાપી છે. તેનો મુખ્ય ઉદ્દેશ સમાજ, ધર્મ અને દેશની બને તેટલી સેવા કરવાનો છે. તેની ઓફીસ પારસી ગલ્લી, ધનજી સ્ટ્રીટ, કેસર બીલ્ડીંગ પહેલે માળે રાખવામાં આવી છે.

પાયધુનીનું જૈન દવાખાનું, એપ્રીલ તથા મે માસનો રીપોર્ટ :—ઉપરોકત દવાખાનામાં ગયા એપ્રીલ માસમાં ૬૪૭ પુરૂષ દર્દી, ૫૧૬ સ્ત્રી દર્દી તથા ૫૮૫ બાળક દર્દીઓ મળી કુલે ૧૭૪૩ દર્દીઓએ લાભ લીધો હતો. દરરોજની સરેરાશ દર્દીની હાજરી ૫૮ ની થઇ હતી. મે માસમાં કુલે ૧૫૬૩ દર્દીઓએ લાભ લીધો હતો જેમાં ૫૯૧ પુરૂષ દર્દીઓ, ૪૧૨ સ્ત્રી દર્દીઓએ તથા ૫૬૦ બાળક દર્દીઓ હતા દરરોજની સરેરાશ દર્દીની હાજરી ૫૦ ની થઇ હતી.

અમદાવાદના મુનિ સંમેલન પછી ઘણા ખરા મુનિવરોના ચાતુર્માસ લગભગ નકકી થઇ ગયાં છે, હેમાં આચાર્ય શ્રી વિજય નીતિસૂરિજી, આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિજી, ન્યાયતીર્થ મુનિરાજશ્રી ન્યાય વિજયજી આદિ મુનિ મંડળનું ચાતુર્માસ મુંબઇ નકકી કરવામાં આવ્યું છે. આ મુનિરાજો લાંબો વિહાર કરી મુંબઇની આસપાસ આવી પહોંચ્યા છે અને જેઠ વદ એકમ સુધીમાં મુંબઇ આવી પહોંચશે. આચાર્ય નીતિસૂરિજી ગોડીજીના ઉપાશ્રયમાં ચાતુર્માસ કરશે જ્યારે આચાર્ય વિજયેન્દ્રસૂરિજી તથા ન્યાયતીર્થ મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ પાયધુની ઉપર આવેલ આદિશ્વરજીની ધર્મશાળામાં ચોમાસુ કરશે.

સ્વીકાર.

વીણા :—(સાપ્તાહિક) તંત્રી બાળકૃષ્ણ બી. ભટ્ટ. વ્યવસ્થાપક :–અમૃતલલાલ શાહ. વાર્ષિક લવાજમ રૂા. ૨–૮–૦ અઢી રૂપીઆ. મળવાનું ઠેકાણું. C/o વીણા ઓફિસ (અમૃત પ્રિન્ટરી) રેવડી બજાર, રંગવાળા મારકીટ. અમદાવાદ નં. ૨.

જૈનોદય—સચિત્ર માસિક–સંપાદિકા સૌ. કંચનગૌરી સંઘવી. ઠે. નળબજાર પોલીસ ચોકી સામે મુંબઇ નં. ૬ લવાજમ વાર્ષિક રૂા. ૧–૮–૦ દોઢ રૂપીયો.

ધર્મનું શુદ્ધિકરણ

કોઇ કહેશે ધર્મ જેવી મહત્વની વસ્તુને ખોરાકના લાભાલાભની શી જરૂર છે? ધર્મજ્ઞની અંતિમ સ્થિતિ અણશણ હોઇ શકે, પણ જ્યાં અત્યારે ધર્માચારનું ખોળીયું બદલવાની અને નવેસરથી રચવાની જરૂર છે ત્યાં ખોરાકના પ્રશ્નો ચર્ચ્યા વિના આગળ વધી શકાય તેમ નથી.

જેમ એક જીર્ણ વસ્ત્ર બદલાવવું પડે અને નવું વસ્ત્ર ધારણ કરવું પડે ત્યારે વચ્ચે ક્ષણભર નગ્નાવસ્થાની અવસ્થા સ્વીકારવી પડે છે, તેમજ જો ધર્મવૃક્ષને ફરી સજીવન કરી સર્વ શુધ્ધિ માગતા હોઇએ તો વચ્ચેની નાસ્તિકતાની સ્થિતિ પણ કલ્પી લેવી પડશે. આ સ્થિતિ એકાંતિક છે અને અપરિહાર્ય છે.

હવા, પાણી, ખોરાક અને પ્રકાશ એ આપણો મુખ્ય ખોરાક ગણી શકાય, જેના વિના એક દિવસ પણ ચાલી શકતું નથી. આ ખોરાકોમાંથી પ્રાણશક્તિ પેદા થાય છે, જે પ્રાણશક્તિ વડે મનુષ્યત્વનો વિકાશ થાય છે. અન્ન તેવું મન, પાણી તેવી વાણી અને પ્રકાશમાંથી પ્રાણોદ્‌ભવ થાય છે. આ પ્રાણશક્તિને નિત્ય સ્વચ્છ રાખવા માટે માનવ પુરૂષાર્થ આવશ્યક છે.

હવે અત્યારે આપણે જે ખોરાક લઇએ છીએ તે ન્યાયોપાર્જીત છે? જે આહાર વિહારના ઉત્સવો ઉજવીએ છીએ તે શરીર શ્રમમાંથી નિતરેલા છે? અત્યારે યાત્રાઓ અને ગૌશાળાઓ પાછળ ધર્મને નામે વ્યય થઇ રહેલો છે, તેનો કંઈ અર્થ છે? જે ઉપાર્જન અને વ્યય પાછળ દેશ-કાળની દ્રષ્ટિએ વિવેક નથી, વિચાર નથી અને માત્ર ગાડરની માફક લીંટેલીંટે ચાલવાની રૂઢ પ્રણાલીકા છે ત્યાં પ્રાણશક્તિનો ઉદ્‌ભવ કયાંથી થઈ શકે? અને સમાજના કોઇ પણ વર્ગને સુખ, શાન્તિ અને સમૃધ્ધિ કેમ સંભવે?

જો ધર્મ-પ્રાણ જીવંત હોય, તો ધર્માચાર્યોની આ અવદશા ન હોય. અત્યારની ગરીબીથી, માણસ જનવર જેવો બની માત્ર લગ્ન વ્યવહારના ઉત્સવમાં રોકાઇ ગયો છે, અર્થાત ગરીબ, જનવરની માફક હડધૂત થાય છે, મધ્યમવર્ગ અશિષ્ટ અને અસ્થિર થયો છે, શ્રીમંત સાવ મનુષ્યત્વ હિન બન્યો છે.

આ સ્થિતિનો ઉગારો કરવો હોય તો આપણે નવુંજ સર્જન કરવું પડશે, એકડે એકથી શરૂ કરવું જોઇએ.

એટલે આપણા પાસે બાળકનો, બાળક માટેના પોષણ માટે દુધનો, બાળકના રક્ષક થવાની આવડતનો અને બાળકના શિક્ષણનો નવી દ્રષ્ટિએ વિચાર કરવાનો છે. આજ સુધી આપણે બાળકના દિકરાના, સ્ત્રીના અને આપણાથી જે જે બુધ્ધિમાં કે પૈસામાં નહાના હતા તેને ઉતરતા ગણ્યા, માલિક બન્યા અને તિરસ્કાર્યા તેથી આપણે પણ હડધૂત બન્યા અને પરિણામ આજે સારો સમાજ ભોગવી રહેલ છે. આજે આપણને મહાત્મા ગાંધી જેવી વિશ્વવંદ્ય વ્યક્તિએ ભાન કરાવ્યું કે, જેઓ આપણાથી નાના કે નિચા છે તેઓ હલકા નથી, પણ ભાંડરડાં છે, નાનેરા છે અને તેઓ આપણા જેટલાજ અથવા આપણાથી પણ વધારે આત્મલક્ષી હોઇ શકે છે. પણ આ બધું કલ્પવું મુશ્કેલ છે, તેથી આપણે આપણાથી નાનેરાને હલકા નહિ ગણવા. તેઓના આપણે માલિક નહિ પણ રખવાળ બનવું અને તેમની વિશેષ પ્રકારે સેવા કરવી, તેમને જરા મદદ કરી આપણાસમ બનાવવા પ્રયત્ન કરવો.

આ કાર્ય તે ધર્મના શુધ્ધિકરણનું છે. આ વસ્તુ તોજ બની શકે જો આપણે આપણાથી નાનેરાનો, તેમના હિતનો પ્રથમ વિચાર તેમને માટે આપણે તન, મન અને ધન ન્યોછાવર કરીએ.

પણ એ કોઇ દાન દેવાથી થતું નથી. પાંચ પૈસા દેવા એ સ્થુળ દાન છે. સાચું દાન તો તન, મનની સેવાથી થઈ શકે. મનુષ્ય એજ યજ્ઞ છે. એટલે મનુષ્યે પોતાની આધ્યાત્મિક અને શારીરિક સંપત્તિને પરાર્થે વાપરવી એ મુખ્ય દાન છે અને તે ત્યાગના નામથી ઓળખીએ તોજ શોભી ઉઠે. અને જ્ઞાન વિના ત્યાગ સંભવી શકે નહિ, ચારિત્ર વિના ટકે નહિ અને તન્મય થયા વિના સિધ્ધ થાય નહિ.

પણ આ બધી ધર્મની વાતો જુની જેવી લાગે છે. અત્યારે તો સમાજને બુધ્ધિથી સમજી શકાય તેવું પ્રત્યક્ષ પ્રમાણ જોઇએ છે.

ખોરાક માટે ધારો કે આપણે ગાયનું દુધ પસંદ કર્યું પણ એના વાછડા માટે એક છાંટોય ન રહેવા દીધું તો પરિણામ એ આવે કે ગાયનો વંશ નાબુદ થાય અને પરિણામે મનુષ્યનો પણ થાય. મનુષ્યનો થાય? ખરી રીતે ગાયની પાસેથી આપણને દુધ લેવાનો કંઇ અધિકાર ખરો? માતા પોતાના બચ્ચા માટેજ દુધ આપે છે. પણ મનુષ્યે થોડો વધારે પુરૂષાર્થ કર્યો, પોતાના ખોરાકમાંથી ગાયને ભાગ આપ્યો, તેની સુશ્રુષા કરી અને દુધ વિશેષ ઉત્પન્ન કર્યું આ દુધ ઉપર તેમનો હક્ક થઇ શકે તે સમજાય તેવી વાત છે પણ જો તેના વાછડા માટે કશુજ રાખવામાં ન આવે તો તે પ્રત્યક્ષ હિંસાજ કહી શકાય. અને ગાય તો ઠીક, તેને માટે આપણે પાંજરાપોળો ચલાવી સંતોષ મેળવીએ છીએ. વાસ્તવિક વિચારથી જોઇએ તો પાંજરાપોળો એ રીબાવીને મારવાના કતલખાનાજ હોય છે, તેમાંથી ઓલાદ સુધારવાનો, દુધ વધારવાનો વિવેકજ નથી. એટલે આ સંતોષ ભારરૂપ લાગવો જોઇએ અને વાછડાઓ જે દ્વારાએ આપણે ધન ધાન્ય ખાઇએ છીએ, તેનો કદિ વિચાર સરખો પણ કર્યો છે?

આપણે તો મોટરમાં બેસી બળદનું પોષણ બંધ કરીએ છીએ, બજારના દુધ ખરીદ કરી ગૌ હિંસા કરીએ છીએ, બિસ્કીટ આદિ અનેક અજાણી વસ્તુ લાવી ઘરનો દ્રોહ કરીએ છીએ. આજ અમારા જૈનો સામાયિક, પ્રતિક્રમણ પૂજા અને પોસહ પરાણે અને શરમાશરમીએ કરાવવામાં ધર્મ માની બેઠા છે અને ક્ષણે ક્ષણે મનુષ્યત્વ હિણાતું જોવામાં આવે છે. ટેંટા જેવી માયકાંગલી પ્રજા પેદા કરવા માટે, અયોગ્ય લગ્ન સમારંભો ગોઠવવામાં મજા માની બેઠા છે અને આચાર્યો અને મુનિવરો અમારી આ દીન-હીન સ્થિતિમાં ધર્મનો બોધ સંભળાવી રહ્યા છે.

સાચા મુનિવરે તો ખાદીના અને હાથનાજ કાંતેલા જાડા વસ્ત્રો પરિધાન કરી શ્રમજીવનનો પાઠ સમાજને શિખવવો ઘટે છે અને પ્રમાણિક રોટલો કેમ પેદા કરી શકાય એ પદાર્થપાઠ આપવો જોઇએ છે.-**શ્રી લાલચંદ જયચંદ વોરા**

નારી જીવનનાં જીવતા દોઝખ.

— શ્રી ડાહ્યાભાઇ વેલચંદ મહેતા

દેવલોક, સ્વર્ગ કે જન્નતની મીઠી આશા માનવીના દીલમાં આનંદ ઉલ્લેકાવી મૂકે તે કરતાં નર્ક, દોઝખ કે જહન્નમનાં અદૃષ્ય મહા ભયાનક તત્વો મનુષ્યના હૃદયને કેટલાં થરથરાવી–કંપાવી મૂકે છે? એ ગૂઢ સત્તાઓ હો કે ન હો! પણ તેનાં જીવતાં જાગતાં સ્વરૂપો આ લોકમાં કયાં ઓછાં છે? સમસ્ત પ્રાણી–જીવનને અંકુશમાં રાખવાં કુદરતે જે દુઃખો સમર્પ્યાં છે, તે ઉપરાંત **પુરૂષજાતે** પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જાણ્યે અજાણ્યે **નારી જીવન** ઉપર જે વેદનાઓ સકળતાથી લાદી દીધી છે તે ધર્મ શાસ્ત્રોમાં વર્ણવાતાં નર્કોના દુઃખો કરતાં જરાયે ઉતરતી નથી.

કેટલાંક અન્ય ધર્મશાસ્ત્રોએ નારી જીવનની "મોક્ષ-શ્રેણી" માં શંકા ઉઠાવી. સ્ત્રીઓને સ્વર્ગ અને દેવલોક શાં? 'નરકની ખાણ' ને વળી મૂક્તિ શી? જૈન ધર્મશાસ્ત્રે પડકાર દીધો. 'જૈન ધર્મ સ્વતંત્રતાની પરિસીમા છે. સ્ત્રી જીવનને તો શું પણ જેને લોકોએ "**ચાંડાલ**" જાતિ કહી તેને અને પશુજીવનને પણ સ્વર્ગ અને મોક્ષ મળી શકે છે.' નહિ ઉચ્ચ, નહિ નીચ, જીવનો જન્મ જાતિથી; ગુણે ઉચ્ચ, ગુણે નીચની જવલંત ભાવનાઓથી દિશાઓ ગજવી મૂકી, અનેક નારી રત્નો સ્વર્ગ અને મોક્ષમાં ગયાના દાખલા શાસ્ત્ર સિધ્ધ કરી બતાવ્યા—પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના માતાશ્રી મારૂદેવીએ કોઇપણ કાળના કોઇપણ પુરૂષ કરતાં સહેલાઇથી મોક્ષ મેળવ્યું છે, તે કરતાં **નારી** જીવનના અદ્ભૂત મનોબળના વિજયનો વિશેષ કયો દાખલો આપવો? શ્રી બાહુબલી જેવા વિજય સિદ્ધ યોગીને પણ રાહ ભૂલતાં શ્રી બ્રાહ્મી અને સુંદરી નામની તેમની બે બહેનોએ એકજ માર્મિક ટકોરે સડસડાટ મોક્ષ ભણી દોડતાં કરી મૂકયા એ પણ નારી જીવનનો પુરૂષ જાતિ ઉપરનો કાંઇ ઓછા ઉપકારવાળો દાખલો છે? અને તેટલાજ મહત્વવાળો શ્રી મલ્લી કુમારી (નાથ) નો તીર્થંકર પદ મેળવ્યાનો જૈન ધર્મશાસ્ત્રોમાં સ્ત્રીશકિતનો પૂર્ણ ખ્યાલ આપતો સાવ અજોડ દાખલો છે.

* * *

પરિવર્તન

કાળના કાળ વહી ગયા, ચારે બાજુ અંધારા જામ્યાં, અજ્ઞાનનાં પૂર પ્રવર્તી રહ્યાં, ધર્મને નામે નિર્દોષ પર જુલ્મ ગુજરી રહ્યો, શારીરિક શકિતનો ઉપયોગ પશુબળ જેવો થવા લાગ્યો ત્યારે પ્રભુ મહાવીરે જૈન ધર્મના આદેશોને પુનર્જીવન અર્પ્યું. નવરચના કરવા પ્રથમ સ્ત્રી જીવનનો ઉધ્ધાર કર્યો અને ફરી એકવાર મહા સતીઓનાં જુથોએ વિશ્વપર દેખાવ દીધો. એ દિવસોએ વહી ગયા.....જુદા જુદા કાળે પુરૂષજાતિ નારી જીવનપર ભાન ભૂલી જે તાંડવ નૃત્ય આદરી રહી હતી, તેનું ફકત સમયોચિત ફેરફાર સાથે આજે પણ પ્રભુ મહાવીરના આદેશો ભૂલાઇ જતાં દિગદર્શન થવા લાગ્યું. ફરી એકવાર **પુરૂષના પ્રાધાન્યપણાનો અહંભાવ,** ધર્મજીવનને કોતરી નાખી, નારી જીવનને નશીબે–જૈનત્વને વિસારી મૂકીને પણ **ગુલામીની વિધવિધ જંજીરો** ખડકી રહ્યા છે.

વિકાસ વિરોધક પ્રત્યાઘાતી બળો.

જન્મે 'પત્થરાઓ' ને મોજ શોખની ભાવના શી? સાપના ભારાઓને છૂટાપણું કેવું! સ્ત્રીઓના સમાન હકકની વાહિયાત વાતો શી? નારીને સ્વતંત્રતાજ શી? **જુનવાણી રૂઢિચુસ્તોનો આજે પણ એ સર્જન જુનો રૂદન પ્રલાપ ગાજી ઉઠે છે.** ચારે કોર ખંડીયેરોની અખંડ ચોકી કરતા એ પહેરેગીરો ફરી ટટાર થવા પ્રયત્ન કરે છે... અને કયાંક કયાંકથી તો અભિમાની સત્તાધિશોના મુખમાંથી શૂરો પર શૂરો નિકળે છે. (૧) "કન્યાઓને શિક્ષણ કેવાં? છોકરીઓને કયાં વિલાયત રળવા જવું છે કે ભણવાની જરૂર પડે? સ્વતંત્રતાની વાતો કરનાર પુરૂષોની **સભામાં** કોઇપણ સ્ત્રીએ જવું નહિ...જાય તો ન્યાત બહાર" (૨) અન્ય સ્થાને ધર્મી ગણાવાને હરહંમેશ પ્રયત્ન કરતા પુરૂષો નારીજીવન પરજ અવિશ્વાસ મૂકતાં ઉપાશ્રયોના દ્વારે "વ્યાખ્યાનના સમય સિવાય સ્ત્રીઓએ અંદર જવું નહિ" ના પાટીયાં મારે છે (અને પોતાના પૂ. મુનિઓની કેવી કિંમત આંકે છે એ પણ આવેશમાં ભૂલી જાય છે) (૩) વળી કોઇ સ્થાને પુરૂષો ઉપર આધાર નહિ રાખતા મહિલા સમાજ સ્વવિકાસ, સ્વોન્નતિ અને પ્રગતિનાં પગરણ માંડતો હોય ત્યારે ભડકી ઉઠેલી શૂરવીર, (!) હરપળે ધર્મીપણાનોજ દાવો કરતી સાચે સ્વરૂપે જુનવાણી ગાડરીયા જમાત, પડદા પાછળથી, જેની ઓળખાણ માટે પાંચ પાંચ પેઢીનાં નામો ગોઠવવામાં આવે એવી કોઇ બાબતે હથિયાર બનાવે છે, તેના મુખેથી સાચા સ્વરૂપને સમજ્યા વિના પુરૂષજાતને જરાયે અડે નહિ અને નારીજીવનને શીક્ષા કરતા ભાવવાળી, કુદરતની–કર્મસત્તાની જાણ્યે અજાણ્યે ઠેકડી કરાવે છે અને અન્ય દર્શનીયોને પણ ઘડીભર પેટ પકડીને હસાવી મૂકે છે, ત્યારે કોઈ ધર્મી યુવાનો કહેવરાવવાની સસ્તી કીર્તિ મેળવવા માટે તો ફકત વિચાર ભેદના કારણે પૂજ્ય માતાઓ અને બહેનોને તેમના શોભીતા સુંદર મુખોમાંથી ગાળો ભાંડે છે અને અશિલ્લ ભાષા વાપર્યા માટે ધર્મી (!) બન્યાનું અભિમાન લે છે.

નારી જીવનના વિકાસને રૂંધતા, છૂંદતા–કાપતા આ લોકમા દોઝખ ઉભા કરતા આ જાતના તમામ પુરૂષો નર્કાધિપતા પરમાધામીઓ જેવા નથી લાગતા?

સપ્તમંડળ

આ ઉપરાંત પ્રચલિત રૂઢિ સ્વરૂપે નારી જીવનને પહેરાવેલી જંજીરો તો હદ વગરનીજ છે. શાસ્ત્રોમાં અને અન્ય વ્યવહારોમાં સાત સાત વસ્તુઓની મંડળી જામી છે. સાત સાત પાતાળ, સાત સાત ગ્રહો, સાત નર્કો, જીવનના સાત વિભાગો, ત્યારે નારી જીવન ઉપર લાદેલી જંજીરોથી ઉપસ્થિત થયેલા દોઝખને આપણે શું કામ ફકત સાત ભાગમાંજ ન વહેંચી નાખીએ? એટલું તો ચાલે ચાલવું જનૈ? સપ્ત દોઝખના પ્રથમ સ્વરૂપે પુરૂષ જાતના પરાક્રમો (!) થી લદાયેલી ધૂમટાની ગોઝારી પ્રથાને ખુલ્લી પાડીએ.

(પહેલું દોઝખ આવતા અંકે)

કોન્ફરન્સમાં પસાર થયલા ઠરાવો.

(ગતાંકથી ચાલુ)

(૨૩) **સાધુ સંમેલનને ધન્યવાદ અને ભવિષ્ય માટે વિનંતિ :**—તાજેતરમાં સાધુવર્યોના સંમેલને શાસ્ત્ર, પરંપરા અને વિવેક બુધ્ધિ એ ત્રણેની મદદથી તેઓએ પોતાની અંદરના મતભેદોને ધ્યાનમાં લઇ જે પ્રસ્તાવો સર્વાનુમતિથી કરવામાં એક માસ કરતાં વધારે દિવસો ગાળી જે મહા પ્રયાસ કર્યો છે અને ધર્મના પ્રશ્નોમાં દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવની આવશ્યકતા સ્વીકારી છે તે માટે તેમજ એકતાનું સ્થાપન ને બીજાના ઉત્થાપનની કેટલીક વિષમ સ્થિતિનો સમન્વય કરી દૂર કરી છે તે માટે તે સંમેલનને આ કોન્ફરન્સ હૃદયપૂર્વક અભિનંદન આપે છે અને નમ્રતાપૂર્વક જણાવે છે કે થયેલા પ્રસ્તાવોમાં જે કાંઈ અપૂર્ણતા, અસ્પષ્ટતા, અનિશ્ચિતતા, અવ્યાપકતા રહી હોય તે આવતાં મુનિ-સંમેલનમાં દૂર કરવામાં આવે તથા નીચે જણાવેલ બાબતોનો નિર્ણય કરવામાં આવે.

(૧) દીક્ષા લેતાં પહેલા જેટલા અભ્યાસની જરૂર હોય તે.

(૨) સાધ્વીઓ માટેની દીક્ષાની વય, અભ્યાસ, પાત્રતા આદિના નિયમો.

(૩) દીક્ષા લઇ છોડનાર અને પાછી લેનાર માટેનું રહેવું જોઇતું બંધારણ.

(૪) શિથિલતા અને તે પોષક એકલ વિહાર, જુદા જુદા ગચ્છના પ્રત્યેનું વલણ, વિહાર તંત્ર, કેટલીક બાબતોમાં એક સ્થાપે બીજા ઉત્થાપે એવી વિમાસણ ને મુઝવણમાં નાખે તેવી સ્થિતિ, અમુક મુનિના માલેકીવાળા થયેલ પુસ્તક ભંડાર અને અમુક સંઘાડાનેજ ઉતરવા માટેના ખાસ ઉપાશ્રયો વગેરે સંબંધી સમયોચિત સામ્યસૂચક ઉકેલ.

(૫) દીક્ષાને અંગે સંઘ સંમતિની આવશ્યકતા.

(૨૪) **કોન્ફરન્સના બંધારણમાં ફેરફાર** કેટલીક સામાન્ય બાબતમાં કરવામાં આવ્યો છે, જેમકે કોન્ફરન્સનું જ્યાં અધિવેશન ભરાય ત્યાંથી દર પ્રતિનિધિ દીઠ રૂા. ૧૫ કોન્ફરન્સને સુકૃત ભંડારમાં આપવો, સુકૃત ભંડારનો ફાળો આપનારજ પ્રતિનિધિ આવે એમ નહિ પણ પ્રતિનિધિએ તે ફાળો આપવો જોઇએ. જ્યાંના સંઘપતિ પ્રતિનિધિઓ ન મોકલે ત્યાં જાહેર સભાદ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ માન્ય રાખવા, આ ઉપરાંત પ્રાન્તિક અને સ્થાનિક સમિતિઓ રચવા બાબત કેટલીક સૂચના કરી છે.

(૨૫) **જૈનોમાં મરણ પ્રમાણ ઘટાડવા લેવા જોઇતા ઉપાયો**–સ્વચ્છ હવાવાળી 'જૈન કોલોની' ની સ્થાપના, સુવાવડખાનું, નિશાળે જતાં છોકરાં છોકરીઓની તબીયત તપાસવા મેડીકલ કમીટી, આરોગ્યના જ્ઞાન માટે લેન્ટર્ન, લેકચર્સ અને સાહિત્યનો પ્રચાર અને એક જનરલ હોસ્પીટલની જરૂર.

(૨૬) **માંગરોળ ગૌવધ પ્રકરણ**—ગૌવધની છૂટ અપાવનાર તાજેતરના હુકમ પ્રત્યે વિરોધ અને રદ કરવા વિનંતિ.

(૨૭) **સાધુ સાધ્વીની ઉન્નતિમાં શ્રાવકોનો ફાળો**–સાધુઓ આદર્શ ત્યાગી થઇ વિદ્વાન લેખક થાય માટે તુલનાત્મક દ્રષ્ટિએ સર્વે ઉપયોગી વિષયોનું જ્ઞાન આપતી પાઠશાળામાં અભ્યાસ કરવાની જરૂર. સાધ્વીઓ માટે પણ એવી જોગવાઇની આવશ્યકતા કે જેથી તે સ્ત્રીસમાજને સુધારી શકે

(૨૮) **સ્ત્રીઓને મળવા જોઇતા વારસા હક્ક**—હિન્દુ લૉ જૈનોને લાગુ પડે છે તે આધારે પુત્રની હૈયાતીમાં પુત્રી કે સ્ત્રીને ખાસ સીધો વારસો મળતો નથી માટે પુત્રોની માફક પુત્રીઓને અમુક હિસ્સો આપવો. સંયુક્ત કુટુંબમાં જ્યાં પતિને વસીયતનામાનો હક્ક ન હોય ત્યાં તે મરણ પામતાં તેની વિધવા અને સંતાન તેના પશ્ચાત વિદ્યમાન ભાઇઓ સાથે નિયત કરેલ નિયમ પ્રમાણે હિસ્સાદાર બને. પતિ નિસંતાન મરણ પામે તો વિધવા કુલ માલિક બનવી જોઇએ.

(૨૯) **યતિ વર્ગ** અગત્યનું અંગ હોઇ પોતાનું સંમેલન ભરે અને શ્રાવકો તેમના માટે પાઠશાળા ખોલી શિક્ષણ આપે.

(૩૦) **સ્ત્રી કેળવણી**—બહેનો ઉચ્ચ કેળવણી લેતી થાય તે દિશાએ પ્રયત્નની આવશ્યકતા.

(૩૧) **કોન્ફરન્સના ઠરાવોને પુષ્ટિ**—ગત કોન્ફરન્સના ઠરાવોને પુષ્ટી આપે છે. (સંપૂર્ણ)

(છેલ્લા પેજનું ચાલુ)

વખત લગ્ન કરી શકે છે. હજુ તો સ્મશાનમાં મુડદું બળતું હોય ત્યાં નવા ચાંલ્લાની વાતો થાય, ત્યાં સ્ત્રીઓને સતી ધર્મના પાઠ ભણાવનારા નથી સમજતા કે તમોને જેટલી તૃપ્તીની લાલસા છે એથી સહેજે ઓછી સ્ત્રીઓને નથી હોતી તો શા માટે તેમને અન્યાય કરો છો?

પુરૂષો ગમે તેવી રીતે લીલાઓ કરી શકે અને સ્ત્રીઓ માટે ધાર્મિક સતીત્વમાં બાદ આવે તેવા પાઠો ભણાવવામાં આવે ત્યારે સમાજની સ્ત્રીઓ કેટલા અંશે માને તેનો વિચાર કદી કર્યો છે કે? "અફસોસ" સમાજમાં છૂપા અનાચારો, ગર્ભપાતો અને અનેક કારસ્તાનો કરે. સમાજના લાડકવાયા પુત્ર રત્નો વિધવાઓના શિયળ ખંડીત કરે તેની સમાજને કોઇ સામે વાંધો ન હોય! પણ વિધવા કોઈ એક સાથે શાંતિથી જીંદગી ગાળી પોતાના જીવનની સાર્થકતા કરે તેમાં સતી ધર્મને બાદ આવે ત્યારે આથી બીજું શું સમાજને શરમકારક હોઇ શકે?

પ્રથમના દાખલાઓ આપતાં પહેલાં પ્રથમ ઘર તપાસો, પહેલાંની પરિસ્થિતિ, પહેલાના સંજોગો, પહેલાનું ચારિત્ર, પહેલાનું સમાજનું જ્ઞાન, સમજશક્તિ છે કે? તમારાથી એક પત્ની વૃત કેટલા અંશે પળાય છે કે સ્ત્રીઓ સામું સતીત્વનું ઓહું ઉભું કરવા માગો છો? તમારા વર્તન વ્યવહારમાંજ કેટલાક અંશે દાંભિકતા છૂપાવી છે તે તપાસો અને પછી વિધવા બહેનો સામે દ્રષ્ટિ કરો તો જરૂર સમજશે. પહેલાંના દાખલા આપી નિર્દયતા રૂપી પાંજરામાં પૂરી રાખનાર મહાનુભાવો! હાલની સમાજની સ્થિતિનો વિચાર કરવાની જરૂર છે. વિધવા બહેનોના હૃદય તપાસવાની જરૂર છે, તેમની જીંદગી પશુ સમાન થઇ પડી છે, તે તરફ સહાનુભૂતિ દર્શાવવાની જરૂર છે. તેમની જીંદગીની શું શું જરૂરીઆતો છે તે તરફ લક્ષ આપી ગાડરીયા પ્રવાહની માફક ચાલી આવતી અંધ રૂઢિને પકડી બેસવાથી કંઇ નહિ વળે ઉલટું તેમાં પતનજ છે.

અત્યારે ઘણી બહેનો પોતાની અંતરની ઊર્મિઓ સમાજના ડરે અંદરને અંદર સમાવી રહી છે, અંતઃકરણથી ચીટકાર આપી રહી છે, તેમની કકળતી આંતરડી અંતરથી શાપ આપી રહી છે, અને એમના અનેક શાપોથી આપણી આ દુર્દશા થઇ છે. સમાજના વડેરાઓ ચેતી જાય કે અત્યાર સુધી વિધવાઓનો અજ્ઞાનતાનો લાભ લીધો, છૂંદવા અને અધોગતિમાં ધકેલવા મદદગાર થયા, પણ હવે સમયના પરિવર્તનની સાથે તમારા વિચારોનું પરિવર્તન કરો અને વિધવાઓના અંતરના આશીર્વાદની સાથે કોમના આશીર્વાદ મેળવો.

છાત્રાલયોનો પ્રશ્ન.

[છાત્રાલયો ઉપર રાષ્ટ્ર, ધર્મ અને સમાજના ઉત્થાનનો મોટો આધાર રહેલો છે. એ છાત્રાલયો જો નિયમિત અને આધુનિક પધ્ધતિએ વ્યવસ્થિત થઇ જાય તો સારામાં સારું ફળ આપી શકે. તેથી છાત્રાલયોને વ્યવસ્થિત અને સફળ બનાવવા હમણાં ગંભીર વિચારણાઓ તેમજ અખતરા થઇ રહ્યા છે. અને તેમાં છાત્રાલયનો પ્રશ્ન સાથેજ જેઓ જોડાએલા છે તેઓની મનોદશા સહમજવી અગત્યની છે. પાટણ ખાતેના ચતુર્થ છાત્રાલય સંમેલનના પ્રમુખ શ્રીયુત હરભાઇ ત્રિવેદીએ પ્રમુખસ્થાનેથી એ વિષયમાં ખૂબ પ્રકાશ નાંખ્યો છે, તેમાંથી આ અગત્યના ફકરાઓ છે. તંત્રી]

બે મિત્રો એકઠા મળે છે અને અંદર અંદર વાતચીત શરૂ થાય છે.

એક : "તમે ગમે તેમ કહો. મારે તો એને બોર્ડિંગમાં મોકલ્યા સિવાય છૂટકોજ નહતો. જેના ભોગ લાગ્યા હોય એની સ્ત્રી આટલી આધેડ વયે ગુજરી જાય. એની નવી મા સાથે એને એક દિ' પણ બને તેમ નથી. એની માનો વાંક નહિ હોય તેમ હું નથી કહેતો, પરંતુ છોકરો કંઇ ઓછો કંટો નથી. બોર્ડિંગમાં મૂકવાથી મારે તો ઘરમાંથી રોજનો મોટો કકળાટ ઓછો થયો. ભલું થજો એ બોર્ડિંગવાળાઓનું."

બીજો : "મારા નવીનનું તેવું નથી. ઘરમાં તો એણે જુદીજ જાતનો જંગ મચાવ્યો હતો. રોજ મારફોડ કરવી અને આખો દહાડો બસ રખડ્યાજ કરવું. એને ઠેકાણે લાવવા માટે મેં તો અનેક પ્રયત્નો કર્યા. એને માર મારવામાં પણ બાકી રાખી નહિ. છેલ્લે છેલ્લે તો પાડોશમાં ચોરી કરવા બદલ એને મેં પોલિસને પણ સોંપેલો. કોઇ રીતે નહિ ફાવવાથી મારે એને બોર્ડિંગમાં મૂકવો પડ્યો છે. એના ગૃહપતિઓની ફરિયાદ કંઈ ઓછી નથી; પણ એ તો એમને એમ ટીપાતાં ટીપાતાં ઠેકાણે આવી જશે."

બીજા બે ઓળખીતાઓ ગાડીમાં એકઠા થઇ જાય છે અને વાતવાતમાં આ પ્રમાણે વિચારોની આપ લે કરે છે.

એક : "કેમ ભાઈ, પછી તમે આપણી નવી બોર્ડિંગનો વહિવટ જોયો ?"

બીજો : "અરે એમાં જોવું' તું શું ? નાતના પૈસા નાતમાંજ વાપરવાની આ સારી એવી રીત છે. ગામડાના છોકરાઓને આગળ ભણવાની તક મળશે, ગરીબોને નાતને પૈસે આગળ ભણવાની શકાશે અને આપણી નાતની પ્રતિષ્ઠા થોડીએક વધશે."

એક : "એ તમારી વાત બરાબર છે. પરંતુ ત્યાં કેવા છોકરા ભેગા થાય છે, માસ્તર કોને રાખે છે, કેવું ખાવાનું મળે છે, છોકરાઓ ઉપર કેવી દેખરેખ રાખવામાં આવે છે, એ બધું તપાસવું તો જોઇએજ ને ?"

બીજો : "એવું તપાસનારાઓ તપાસવું હોય ત્યારે ભલે તપાસે. મેં તો મારા શાંતિને ત્યાં મોકલી દીધો છે. કોઇ કોઇ વખત એ ખાવાની ફરિયાદ કરે છે; માસ્તર વધારે પડતી છૂટ આપે છે એવા ખબર મને મળ્યા છે; મને એની બહુ પરવા નથી. બે વરસ છોકરો ત્યાં રહેશે એટલે આપોઆપ સારે ઠેકાણે એનો સંબંધ બંધાઇ જશે. પછી તો એ બોર્ડિંગમાં રહે કે ન રહે, તેનું મારે કશુંજ કામ નથી."

બે પાડોશણો કંઇક વાતો કરતી એકઠી મળે છે. બન્નેના છોકરાઓ બોર્ડિંગમાં મૂકેલા છે.

એક : "બેન, હું તો મારા બટુકને દીવાળી પછી બોર્ડિંગમાં મોકલવાની નથી. એના બાપ 'સ્કોલરશિપ મળે છે તો ભલેને ભણી લેતો' એવો આગ્રહ રાખે છે, પણ મને એ ગમતું નથી. જ્યાં રોટલામાં કાંકરા આવે, ભાતમાં ધનેડાં આવે, અને બીજા છોકરાઓ પજવ્યા કરે, ત્યાં મારા બટુકને હું નહિ જવા દઉં."

બીજી : "મને પણ કોઇ કોઇ વખત તમારા જેવાજ વિચારો આવે છે. મારો કાન્તિ બાવામાં સાદુડો થઇ ગયો છે બહારની ગમે તેવી ચીજો બાધા કરે છે. નાટક સિનેમા જોયા વિના તો રહી શકતોજ નથી. એ જોઇને મને તો લાગે છે કે બોર્ડિંગમાં સુધરવાને બદલે એ બગડી જશે; એના બાપાને બીક છે કે ઘરે રાખવાથી એ વધારે બગડશે. મને તો લાગે છે કે મા બાપની તોલે કોઇ ન આવે."

સારી યા નરસી ગમે તેવી ગણો, પરંતુ સામાન્ય સમાજમાં પોતાના છોકરાઓને બોર્ડિંગોમાં મોકલતાં માત પિતાઓની સામાન્યત: આવી મનોદશા હોય છે.

છાત્રાલયનો જેના ઉપર પૂરેપૂરો આધાર છે, તેવા છાત્રોને પણ એના યથાર્થ સ્વરૂપમાં આપણે જોઇ લેવા જોઇએ. બે છાત્રો જમી કરીને કંઇક યુક્તિ રચતા ગુપચુપ વાતો કરતા બેઠા છે.

પહેલો છાત્ર : "તું તારે હું કહું તેમ કરજેને ! બોટી બજારને નાકે ગઈ કાલે આપણે ઉભા હતા એ ઠેકાણે જઇને ઉભો રહેજે. હું પા કલાકમાં તને આવી મળીશ."

બીજો છાત્ર : "પણ પાછા આવતી વખતે શું થશે ? દરવાજો ઉઘાડવામાં તકલીફ પડશે. મોનિટર યા તો ગૃહપતિ જાગી જશે અને આપણે પકડાઇ જશું."

પહેલો છાત્ર : "તેની તું ચિંતા ન કર. મેં બધી વ્યવસ્થા કરી રાખી છે. દરવાજો ઉઘડાવવાની કશીજ જરૂર નહિ રહે. રામજીની રૂમની પાછળની બારી ખુલ્લી રહેશે. એ બારી વાટે આપણે આપણી પથારી ભેગા નિરાંતે થઈ જઇ શકશું."

બે મિત્રો મોડી રાતે ગામમાંથી છાત્રાલય તરફ ચાલ્યા આવે છે. બન્નેની વાતચીતનો પ્રકાર આ પ્રમાણે છે.

પહેલો છાત્ર : "પણ આપણા માટે થાળી રાખી હશે તેનું શું કરશું ?"

બીજો છાત્ર : "એમાં કરવું છે શું ? હું તો કહીશ કે પેટમાં દુઃખે છે એટલે ખાવુંજ નથી."

પહેલો છાત્ર : "પણ એમ કાંઇ ગૃહપતિ સમજી ગયા વિના રહેશે ? પૂછશે કે આટલા બધા વખત સુધી ક્યાં હતા ?"

બીજો છાત્ર : "તેનો જવાબ પણ મારી પાસે તૈયારજ છે. કહીશ કે પાછા ફરતાં રસ્તામાં માસા મળ્યા તે પરાણે ઘરે ઉપાડી ગયા, અને પૈસાની બાબતમાં પણ મેં તો જવાબ ઘડી રાખ્યો છે. તું કહેજે કે પૈસા ખીસામાંથી પડી ગયા અને હું કહીશ કે પેટમાં દુઃખવાને અંગે સોડા પીવી પડી."

શુભ કહો કે અશુભ કહો, હિતાવહ કહો કે નુકસાન કારક કહો, પરંતુ બોર્ડિંગમાં વસતા મોટા ભાગના વિદ્યાર્થીઓની મનોદશા આ જાતની હોય છે.

વિધવા વિષે કંઇક ઉદ્‌ગાર

લેખક :—
ભોગીલાલ પેથાપુરી

પૂર્વજોએ તેમજ આચાર્યો કોઇપણ સમાજને અમુક રીતે બંધનમાં કે નિયમમાં લાવી મૂકવાને શક્તિમાન ન હતા. જેમ જેમ સમયનો પ્રવાહ બદલાતો જાય અને જેમ જેમ નવી જરૂરીઆતો ઉભી થાય તેમ તેમ સમાજ સંરક્ષણ માટે આપોઆપજ જુદા જુદા રિવાજોને ગ્રહણ કરતી જાય છે. આચાર્યોએ તો ફક્ત તેવા વિચારોની નોંધજ રાખી છે. કેટલીક વાર એક મનુષ્ય સમાજ સંરક્ષણ માટે તત્કાલમાં ફાયદાકારક પણ લાંબે સમયે નુકસાન કરે તેવા રિવાજોને પણ સ્વીકારી લે છે. આપણા સમાજમાં વિધવા વિવાહનો પ્રતિબંધ છે, તેથી એમ ન માનવું કે આચાર્યો તેમજ પૂર્વજોએ આ કાયદો ઘડેલો છે; પણ સમાજને તેવા પ્રતિબંધની જરૂર જણાઇ હશે ત્યારેજ તે અમલમાં આવ્યો હશે. વિધવા વિવાહની બે બાબતો વિચારવા જેવી છે. એક તો હલકી કોમમાં સ્ત્રી કરતાં પુરૂષોની સંખ્યા વધુ પ્રમાણમાં હોય છે અને તે કોમમાં પુનર્લગ્ન થાય છે અને તે પ્રમાણે કરવામાં આવે તોજ દરેક પુરૂષ સ્ત્રી મેળવી શકે. બીજી બાબત એ છે કે ઉંચ વર્ગોમાં પુરૂષ કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે હોય છે એટલે દરેક કુંવારી કન્યાને એક વર મળવો મૂશ્કેલ હોય છે એટલે વિધવા વિવાહ માટે બીજો વર મેળવવો કયાંથી? આથીજ ઉંચ વર્ગોમાં કુંવારી કન્યા અવિવાહીત ન રહી જાય તે માટે વિધવા વિવાહ પ્રતિબંધક ઠીક થઇ પડે.

આતો આપણને કેવી રીતે પ્રતિબંધ મુકાયો તેનું સ્વરૂપ જણાવ્યું. પણ હાલના જમાનામાં તો ઉલટી પરિસ્થિતિ છે. આપણી નજરો આગળ જોઇ રહ્યા છીએ કે સ્ત્રીઓને વેચવા સાટવાનો અગર લાકડે માંકડુ વળગાડી દેવાનો હક્ક જાણે પરમેશ્વરે બક્ષ્યો ન હોય શું! તેમ લાગે છે. સમાજમાં બાળાઓને સમજણ આવતાં પહેલાં ગમે તેની સાથે પધરાવી દેવામાં આવે છે. ઘણા સંભાવીત ગૃહસ્થોને ત્યાં દીકરીનો જન્મ થયો કે જાણે આનંદથી ઉછળાય છે, કારણ કે તેમની લોભી દશા સંતોષાય છે, દારિદ્રતા ધૂરકીયાં કરતી નાસે છે, પોતાની દીકરી વેચી તે પૈસે તાગડધીન્ના કરવામાં પોતે આનંદ માને છે, ત્યારે કહો જોઇએ તેવે સમયે દીકરીના ભવિષ્યના સુખના વિચારો કયાંથી સૂઝે?

દીકરી વિધવા થઇ કે તેના નશીબનો વાંક કાઢે છે પણ જાણી બૂઝીને ઘરડા ખચ્ચર સાથે પરણાવવામાં આવે અને વિપરીત પરીણામ બને તેમાં દીકરીના નશીબનો દોષ કાઢે શું વળવાનું છે? જાણી બૂઝી દીવો લઇ કુવામાં પડે ત્યાં નશીબ કયાં આડું આવે છે? આવા આવા સદ્‌ગૃહસ્થોના પાપે તો સમાજમાં વિધવાઓનો રાફડો ફાટયો છે, અને જ્યારે શાંત ચિત્તે તેઓને સુખ કેમ ઉત્પન્ન થાય તેવી યોજનાઓ વિચારવામાં આવે ત્યારે રૂઢિચૂસ્તો તેવાઓને દાબી દેવા તનતોડ પ્રયાસ કરી નીંદાને પાત્ર બનાવી મૂકે છે.

વિધવાઓની પરિસ્થિતિનો અભ્યાસ કરનાર જરૂર આપણી સમાજ પ્રત્યે ઘૃણાની દૃષ્ટિએ જોયા સિવાય નહિ રહે. વિધવાબ્હેનો પ્રત્યે એવું શરમ ભરેલું વર્તન ચલાવવામાં આવે છે કે જાણે વૈધવ્યનું દુઃખ ઓછું હોયને શું? તેવી રીતે સાસુ–સસરા, સગાસંબંધી તરફથી તિરસ્કારાય છે. જે બાપના ઘેર પંદર વરસ લાડ લડી. ખાઇ–પી મોટી થએલી દીકરી જ્યારે વિધવા થતાં તેની તરફ ધિક્કારની નજરે જોવાય છે, અપશુકનીયાળ ગણાય છે, અને એને એક ગુલામડી કે ચાકરડીની માફક જીંદગી ગુજારતાં પણ રોટલાના ટુકડાના પણ સાંસા પડે છે.

પોતાની લોભદશાની તૃપ્તિ ખાતર ભોળી વિધવાઓને વૈધવ્ય દુઃખ કેટલું સહેવું પડે છે, એની કલ્પના કયાંથી હોય? વિધવાઓના અસહ્ય દુઃખની કલ્પના એ જડશુઓના મગજમાં ઠસાવવામાં આવે તો જરૂર તે બાબતમાં કંઈ કરી શકે. સમાજમાં તેઓને કેટલું અપમાન સહન કરવું પડે છે, કેટલાં મેણાંટોણાં સહન કરવા પડે છે, તે જો સાંભળવામાં આવે તો તે અંગે કંપારી આવ્યા સિવાય નહિ રહે. સમાજમાં નીચામાં નીચું સ્થાન ભોગવતી વિધવાઓની જાણે જીવનની કંઇ કિમ્મતજ ન હોય તેમ તેમની સાથે અધમતા વપરાય છે. પરમેશ્વરે તેમને સમજશક્તી આપી છે, સારા નરસાનો વિચાર કરવાની બુધ્ધિ પણ તેમને આપી છે, અને જીવનમાં સુખ કેમ ઉત્પન્ન થાય તેનું પણ તેમને જ્ઞાન હોય છે. એકંદર જેવી રીતે આપણે જીવન જીવીએ છીએ તેવા દરેક અધિકાર એક મનુષ્ય તરીકે તે ભોગવી શકે છે, ત્યારે એક સમાજના બંધન તરીકે તેમની કાયમી પશુ જીંદગી ગાળતી ન અટકાવાય ત્યારે તે હડહડતો અન્યાય નહિ તો બીજું શું? સમાજ ઉપરથી આવો બોજો ઓછો કરી વિધવાઓ શાન્તિથી પોતાનું જીવન ગાળી શકે તેવા દરેક ઉપાયો હાથ ધરવામાં આવે તો જરૂરથી સમાજમાં કંઇ નવીન વાતાવરણ પ્રેરાય.

વિધવા બ્હેનો પોતે સદાચાર પાળી ધર્મ ધ્યાનમાં મગ્ન રહી નીતિમય જીવન ગાળે તો આનંદની વાત છે, પણ હાલનો જમાનો ચંચળ છે, પોતાના મગજપર કાબુ ઘડીકમાં ગુમાવી બેસે છે, પગલે પગલે પતીત થવાનો સંભવ રહે છે, ગુંડા લોકો અને સમાજના નાયકોના લાડકવાયા પુત્રોથી વિધવાઓનું જીવન જોખમાઇ રહ્યું છે, અને ઘણી બ્હેનોએ તો આ પાપી બોજ્પરમાં પોતાનું બળીદાન પણ આપી સમાજને શાપના મુખમાં નાંખી મરણનું શરણ સ્વીકાર્યું છે.

આપણા સમાજમાં પુરૂષો ૨–૪ કે તેમને ફાવે તેટલી

(જુઓ પાનું ૬ .)

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ દુકાન નં. ૨૪, મુંબઇ નં. ૨, તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

જૈન ધર્મની અહિંસા. Reg No B. 3220.

સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

વાર્ષિક લવાજમ ૧-૮-૦ છુટક નકલ ૧ આનો.] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર [વર્ષ ૧ લું અંક ૧૩ મો રવીવાર તા. ૧-૭-૩૪

પરાણે પૂજા?

"મહારાજ સાહેબ! આ ધોળી ટોપીવાળા ભાઇ આવે છે ને તે બહુ સારી સેવા કરી રહ્યા છે." પગચંપી કરતાં એક શેઠીયે ઉચ્ચાર્યું.

"વારૂ"

"મહારાજ સાહેબ પધાર્યા એ અત્યારેજ ખબર પડી" બે હાથ જોડી નમન કરતા અને નીચે બેસતા એક યુવકે રટ્ટો કર્યો.

બે મિનિટ સુમસામ શાન્તિ છવાઇ, માત્ર પગચંપીનો સંચાર ચાલુ હતો.

"કેમ ભાઇ! દેરે રોજ સેવા-પૂજા તો કરો છો ને?" મહારાજે પ્રશ્ન કર્યો.

"નાજી, સાહેબ એ તો કાંઇ બનતું નથી." પેલા યુવકે કહ્યું.

"કેમ ના બને? બીજી અનેક સેવા કરો છો અને ધર્મની વાત આવે ત્યાં બનતું નથી."

"ખરૂં, પણ એ સંબંધની ચર્ચા તો કદાચ સવારે કરીશું, પૂજામાં કાંઇ સર્વસ્વ આવી ગયું?"

"આપણે શ્રાવક છીએ, તો પૂજા કરવી એ આવશ્યક છે."

"પણ સાહેબ, કંઇ ભાવના થવી જોઇએ. પરાણે પૂજા થાય તેનો અર્થ શું?"

"હા, હા, પરાણેજ હોય, હું તો એમ કહું છું કે અત્યારના યુવાનોને બાંધીને પૂજા કરતા શિખડાવવું જોઇએ."

"હવે એ બાબતે આપણે અરસપરસ એક બીજાને જાણ્યા વિના ચર્ચવી તે કરતાં સવારે નિરાંતે ચર્ચીશું એ ઠીક નથી?"

"અમારે સવાર શું ને અત્યાર શું? જેટલું શાસ્ત્રે કીધું તે તમો સાંભળો કે ના સાંભળો, અમારે તો એજ કહેવાનું ને? સવારે પણ એજ કહેવાનું છે."

પેલા યુવક ઉઠીને ચાલતા થયા.

"મહારાજ સાહેબ! આપ જરા ઉતાવળા થયા. આપે જરા ધીરજ ધરી હોત તો બે કામ થઇ શકત." પેલા પગચંપી કરતા ગ્રહસ્થે કહ્યું.

"અમારે કયાં કોઇની પરવા છે? અમારા બે વેણ સાંભળે તો તે તેના ભલા માટે છે." મહારાજશ્રીએ ઉચ્ચાર્યું.

"પણ એ જરા આગળ પડતો ભાગ લે છે, વળી ગાંધીજીની નવા જુની કહેત."

"હું, ત્યારેજ તો ત્રિકાળ વંદના પણ ભૂલી ગયો છે! આ ગાંધીવાળાએ લોકોને પાયમાલ કીધા છતાં તેનો કકકો બરો. ત્યારે દિક્ષા કાં નથી લઇ લેતા? મને તો બધા સફેદ ઠગારા લાગે છે."

"હોય! પાંચે આંગળી બેાડી સરખી હોય છે, પણ આ માણસ તો બહુ દયાળુ છે હો?"

"તો તેના આત્માનું કલ્યાણ થશે. પણ ધર્મની બાબતમાં તે લોકોએ એવી છેડતી કરી છે કે હવે લાંબુ ચાલવાનું નથી. એમણે ઘરમમાં હાથ નહોતો ઘાલવો. જુઓને ગાંધી હવે મંદિરની વાત લઇ બેઠા છે. કોના આપના મંદિર અને કોની વાત?"

"જુઓને આ શ્રાવકના જુવાનીયા કોઇ દેવ દર્શન નથી કરતા! તે કોઇકને ઉભા કરવાજ પડશેને? દેવને કાંઇ થોડો અપૂજ રખાશે?" શેઠે જરા રમુજ વધારી.

આટલામાં પાઠશાળાનો એક બાળક આવીને બેસે છે.

'કેમ ચંપક, પાઠશાળા પૂરી થઇ?' ગ્રહસ્થે સવાલ કર્યો.

'ના, બાપા!'

'તો પછી અહિં કેમ આવ્યો?'

'પાઠશાળે નથી ગમતું, તે અહિં આવ્યો.'

'કેમ નથી ગમતું?'

'માસ્તરનું મોહુંજ નથી ગમતું, બીજું શું?'

'પણ તારે મ્હોઢાનું કામ છે કે ભણવાનું?' મહારાજશ્રીએ પ્રશ્ન કર્યો.

'માસ્તર બીચારો આખો દિ' કામ કરીને થાકી પાકીને આવે, અને પછી ઘડી ઘડીમાં ચિડાય. વળી વાળુ કર્યા વિના ભૂખ્યો આવે એટલે બીજું શું થાય?'

'કેમ રાત્રે ભોજન કરે છે?' મહારાજશ્રીએ પ્રશ્ન કર્યો.

બ્રાહ્મણ છે, મહારાજ! અને કુંગળીના શાક વિના જમતો પણ નથી. એ તો જેવો એનો વહેવાર.'

'અરે! પણ તમે તેમને કેમ રાખો છો?'

'શું કરીએ, અમારો એ વ્યવહાર થયો.'

'દ્રષ્ટા'

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरई ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ઝઝો થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

—: તરૂણ જૈન. :—

રવીવાર તા૦ ૧-૭-૩૪

જૈન ધર્મની અહિંસા

ભારતવર્ષમાં વિશ્વબંધુત્વનું દિવ્ય સંગીત સંભળાવવામાં જૈન ધર્મનું સૌથી પહેલું સ્થાન છે, તહેણે અહિંસાનો જગતને સંદેશ આપી વૈર વિરોધ નષ્ટ કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે, એટલુંજ નહિ પરંતુ ભારત જ્યારે હતવીર્ય થઇ યજ્ઞ યાગાદિમાંજ કર્તવ્ય માનતો હતો, વેદોના શ્રવણ માત્રથીજ પોતાની મુક્તિ સમજતો હતો. સ્ત્રીઓની સ્વાધીનતાની સ્વચ્છંદપણે લૂંટ ચલાવી રહ્યો હતો, અને મૂડીવાદરૂપ ભીષણ દૈત્યના વિકરાળ પંજામાં પોતાની સલામતિ વાંચ્છતો હતો, ત્યારે જૈન ધર્મના છેલ્લા પયગંબર પ્રભુ મહાવીરે તહેની સામે રણભેરી બજાવી ભારતમાં સત્યમાર્ગની ઉષા પ્રગટાવી હતી, માર્ગ ભૂલા પંથીઓને સન્માર્ગે વાળ્યા હતા. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને ત્યાગના મહામૂલા આદર્શો જનતા સમક્ષ ધરી હિંસા અને જૂઠ, ચોરી અને વ્યભિચાર, તેમજ જરૂર ઉપરાંતના સંચય સામે જેહાદ જગાડી હતી; પણ જે હિંસાનો નિષેધ કરવામાં આવ્યો છે તે હિંસા સમજવા જેવી છે. જગતમાં કહેવત છે કે ' બળીયાના બે ભાગ ' સબળો નિર્બળોને દબાવે છે, તહેના હકકોની લૂંટ ચલાવે છે, તહેને હિંસા કહી છે; નહિ કે કોઇ તમારો અપરાધી હોય, તમારો ગુન્હો કર્યો હોય અને તમે તહેની સામે કંઇપણ પગલાં લો એ.

જૈન સમાજે અનેક લડવૈયાઓ ઉત્પન્ન કર્યા છે, ખૂદ તહેના મનાતા પયગંબરોએ સેંકડો માનવ રકતની સરિતાઓ વહાવી છે, અનેક રાજમુગુટને ધૂળચાટતા કર્યા છે, એટલુંજ નહિં, પરંતુ જહેનાં નામો ગૂજરાતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરોએ કોતરાઇ રહેલાં છે, જેમની કીર્તિની યશગાથા આજે પણ આબુ દેલવાડાના મંદિરો ગાઇ રહ્યા છે, તે વસ્તુપાળ તેજપાળ, વિમળમંત્રી, આભો અને ઉદયન વગેરેની તલ્વારોના ખણખણાટો ગૂજરાતને કાને કયાં નથી પડયા, જૈન સમાજમાં અને સમસ્ત ગૂજરાતમાં એ મહારથી ગણાતા, અનેક કુકુરાતોને તહેમણે તલ્વારના બળે ગુર્જરેશ્વરને ચરણે લોટાવી છે, અનેક માનવોનો સંહાર કર્યો છે; છતાં પરમ જૈન ધર્મી મનાયા છે; અહિંસાની વ્યાખ્યા આટલી સ્પષ્ટ હોવા છતાં, જૈન ધર્મની અહિંસાએ માયકાંગલા બનાવ્યા છે, ભિરૂ અને નિર્વીર્યતા પ્રગટાવી છે, પ્રતિકાર કરવાની શકિત છીનવી લીધી છે. એ જાતનું માનસ હજુપણ પ્રવર્તે છે એ નર્યું જૈન ધર્મ સંબંધી ગેરસમજનું પરિણામ છે.

એ ગેરસમજને અંગે અનેક લેખકોએ જૈન ધર્મ ઉપર પ્રહારો કર્યા છે, તહેની અહિંસાની જેટલી નિંદા થઇ શકે તેટલી કરી છે અને કર્યે જાય છે, ધાર્મિક અને કૌમી પેપરો કરે એતો સહમજી શકાય તહેવું છે પણ જ્યારે 'ફુલછાબ' જેવા રાષ્ટ્રીય અને માતબર પેપરમાં તેના લેખક મંડળ તરફથી તેવી જાતનો પ્રયાસ સેવાય એ તો ન માફ કરી શકાય તહેવો ગુન્હો મનાવો જોઇએ.

તા. ૧૬-૬-૩૪ ના ફુલછાબના અંકના ૬પ૭ મા પેજ ઉપર 'ગુજરાતનો વ્યાયામ વિકાસ' એ નામનો એક લેખ છપાયો છે, તહેની પાંચમી કોલમમાં કોઇ ઓડીંગના ગૃહપતિનું ઉદાહરણ આપી લેખકે જૈન ધર્મ સંબંધી જાણ્યે અજાણ્યે ખૂબ જેરસમજ ફેલાય એ જાતનું લખ્યું છે. તે કહે છે કે " જૈન ધર્મની સાથે અનેક મોટી અસરો ગુજરાતના વીરજીવન—ગુજરાતના યૌવન ઉપર ઉતરી છે. નામર્દાઇ, નમાલાપણું, સાતવાર નીચીની અપ્રતિકારવૃતિ, હતોત્સાહ. અને ઉદાસીનતા એના કૃણગા " ગુર્જર ઇતિહાસના પાને પાને જે ધર્મને માનનારા જવાંમર્દોના ખાંડાના ખેલ આલેખાયાં છે, જહેની વીરતાની ધવલ કીર્તિનાં યશોગાન ગવાયાં છે, એ ધર્મ ઉપર પ્રહાર કરનાર લેખક ગુર્જર ઇતિહાસથી બીનવાકેફ હોવો જોઇએ અથવા જૈન ધર્મ પ્રતિ તહેને ઉંડો ઉંડો રોષ હોવો જોઇએ. જૈન ધર્મની અહિંસાએ અનેક નામર્દોને મર્દ બનાવ્યા છે, અનેક માયકાંગલાઓમાં પ્રાણ પૂર્યા છે, અને છૂંદાતા માનવોના મનુષ્યત્વનું રક્ષણ કર્યું છે અને જગતના તમામ પ્રાણીઓને નિર્ભયતાના પાઠો પઢાવ્યા છે, એ અહિંસાની શકિતના અખતરા આજે પણ થઇ રહ્યા છે, આજના યુગના વંદ્ય પુરૂષ મહાત્માજી જેવા પુરૂષોત્તમો પણ જે અહિંસાને પ્રધાનપદ આપી રાષ્ટ્રીય લડતના મૂળમાં સીંચી છે; એ અહિંસાના ઉત્પાદક ઉપર ટીકા કરવામાં આવે એ તો બાલિશતાજ જણાય છે. જ્યારે સમસ્ત જગત્ માનવભક્ષી બની રહ્યું છે, એકના ભોગે બીજાને તાગડધીન્ના કરવા માટે માનવ સંહારનો ભીષણ દાવાનળ સળગી રહ્યો છે, માનવીની મહત્વાકાંક્ષાઓ માનવ રકતની સરિતા વહાવવા માટે નિરંકુશ કટિબધ્ધ થઇ રહી છે, ત્યારે જગતનું રક્ષણ તાત્વિક દ્રષ્ટિએ તપાસવામાં આવે તો માત્ર અહિંસાની ભાવનાજ કરી શકે; જેટલી અહિંસા વ્યાપક થશે તેટલી નિર્ભયતા પ્રગટશે અને એ નિર્ભયતા અડગ અને અણનમ હથિયારથી માનવી પોતાનો સંપૂર્ણ વિકાસ સાધી શકશે. જૈન ધર્મની અહિંસાનો એ બોધપાઠ છે. જગત્ જેટલું તહેને વહેલું અનુસરશે તેટલું એ નિર્ભય બનશે, અને માનવી માનવી પ્રત્યેના વિખવાદો દૂર થઇ સાચા વિકાસને પંથે પડશે.

સ્વીકાર અને સમાલોચના.

આબુ—ભાગ પહેલો લેખક શાંતમૂર્તિ મુનિરાજ શ્રી જયન્તવિજયજીમહારાજ. પ્રકાશક શ્રીવિજયધર્મસૂરિજી જૈન ગ્રંથમાળા છોટા શરાફા ઉજ્જૈન (માળવા) મૂલ્ય ૨-૮-૦ અઢી રૂપીઆ

આબુ એ જૈન સમાજમાંજ નહિ પરંતુ સમસ્ત હિન્દુ સમાજમાં યાત્રાનું તેમજ હવાખાવાનું સ્થળ મનાય છે. અનેક પ્રવાસીઓ ત્યાં જાય છે, અને જગત ભરમાં શીલ્પકળામાં અજોડ એવા દેલવાડાના મંદિરોના દર્શન કરી ઘડીભર આશ્ચર્ય મુગ્ધ બનીજાય છે. આ બધાં મંદિરો ઉપરાંત ત્યાંના ઇતિહાસની જનતાને ખૂબ આવશ્યકતા હતી અને એ આવશ્યકતાને આબુગ્રંથે પૂરીપાડી છે, આમાં પ્રત્યેક દર્શનીય સ્થળો વિગેરેના ૭૫ ફોટાઓ આપવામાં આવ્યા છે અને દેલવાડા, રીઆ, અચલગઢ, આબુ, આબુરોડ, આબુ કેંપ અણાદરા, વગેરે સ્થાળોનું બહુ અચ્છીરીતે વર્ણન આપવામાં આવ્યું છે, સાથે મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીનો ઉપોદ્દે ઘાત પણ આબુ માટે ખૂબ પ્રકાશ પાડે છે આમ દરેક રીતે આ પુસ્તક ખૂબ ઉપયોગી છે.

મુનિશ્રીએ આ ગ્રંથદ્વારા ઇતિહાસપ્રેમીઓને ખૂબ સામગ્રી પૂરી પાડી છે, એ બદલ તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે. અમે આ પુસ્તક દરેકને સંગ્રહવાની ભલામણ કરીએ છીએ.

આર્હત જીવન જ્યોતિ—સચિત્ર કિરણાવલી પહેલી. પ્રયોજક અને સંપાદક પ્રો. હીરાલાલ રસીકલાલ કાપડીઆ-એમ-એ. પ્રકાશક જીવણલાલ-પનાલાલ, નિઝામ બીલ્ડીંગ, કાલબાદેવીરોડ, મુંબઇ નં. ૨ કિંમત ૦-૫-૦ પાંચ આના. કાચી વયના વિદ્યાર્થીઓ ઉન્માર્ગે ન જતાં ત્રિકાલાબાધિત વીતરાગમાર્ગે સંચરે એવાં ઉદ્દેશથી આ પાઠય પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. બાળકો માટેનાં પાઠય પુસ્તકની કિંમત પાંચઆના વધારે પડતી જણાય છે.

મૃત્યુ કે ખૂન:—

પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી જેઠ સુદી ૧ ના રોજ સવારના ખેડાથી વિહાર કરી માતર જાય છે. ત્રણ સાધુઓ પાછળ રહે છે. તેઓ સાંજના પાંચથી સાડાપાંચ વાગે વિહાર શરૂ કરે છે. શેઠીના પૂલ સુધી ત્રણે સાથે હોય છે, પછી બે મુનિ સાંજના માતર પહોંચી જાયછે, સાથેના ત્રીજા મુનિ નિપુણવિજયજીનો મૃતદેહ ચારદિવસ પછી સાખાડાના મુખીને ખબર પડતાં માતરના ફોજદારને ખબર આપવામાં આવે છે, અને માતર નજીક જંગલમાં રસ્તાથી દૂર પડીઆંણુ જમીનમાંથી મળી આવેછે; લાશના હાથ પગના અવયવો જંગલી જનાવરોએ ફાડીખાધાં હતાં મૃત દેહમાં કીડાખદબદતાં હતાં. તેમના અંગપર હવણી, આચાર્યજી, પુસ્તક, પાતરાં વિગેરે હતાં, પાણીનો ઘડો બાજુમાં જેમનો તેમ પડયો હતો. આ સમાચાર ખૂબ વિચારણા માગે છે. ચારે બાજુ કોઇ ગામ નથી. તેવા જંગલમાંથી છૂટા પડવું. સાજે કે રાત્રે પણ તપાસ કરવાનો પ્રયત્ન ન કરવો બીજા દિવસે સવારે તેમનું પોટકુંબાદ આવે છે અને શ્રાવકોને સોંપાય છે, પણ તપાસ કરવાની જરાયે સૂચના અપાતી નથી. એટલુંજ નહિ પરંતુ તરતજ વિહાર કરી પંન્યાસજી ને બંન્ને સાધુઓમળી જાય છે અને તેમનો વિહાર આગળ થાય છે. તે સાધુના અનેક સંબંધીઓના પત્રોના સંબંધમાં મૌન સેવાય છે, અમદાવાદ તેમજ બીજા સોસયટી ભક્તોની દોડધામ, તેમજ વીરશાસનનું બચાવનામું, આ બધાની પાછળ ખૂબ આશંકાને સ્થાન છે. આ કેવળ નિપૂણવિજયજીનોજ પ્રશ્ન નથી; અનેક રીતે નસાડી ભગાડી દીક્ષા આપતા કેટલાક કહેવાતા મુનિઓ આ રીતે દિક્ષીતોને રસ્તામાં રઝળતા મૂકે, તેની સાર સંભાળ ન લે, મૃત્યુ પામવા છતાં તેનો ભાવ પણ ન પૂછાય એ સ્થિતિ અસહ્ય છે. જૈન સમાજ માટે આ ભારે કલંકની વાત છે. આ રીતે તો અનેક નિપુણવિજયોની લાશો જંગલમાં રઝળશે. સમાજના આગેવાનોએ તેમજ સ્થાનિ પોલીસને આ બાબતની પૂરતી તપાસ કરવી ઘટે છે. અમને આશા છે કે આ બાબતમાં લાગતા વળગતાઓ સાચી બીના બહાર પાડશે, અને બીજી વખત એવું ન બને તે માટેના જરૂરી પગલાં લેશે.

મુંબઇ—અત્રે જેઠ સુદિ તેરસનાદિને આચાર્યશ્રીવિજયેન્દ્રસૂરિજી મહારાજ, ન્યાયતીર્થ મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ આદિ ઠાણા ૬. તેમજ આચાર્ય શ્રી વિજયનીતિ સૂરિજી તેમજ આચાર્ય શ્રી હર્ષસૂરિજી મહારાજ આદિ ઠા ૧૫ નો પ્રવેશ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આચાર્ય શ્રી વિજયેન્દ્ર સૂરિજી આદિ ઝવેરીબજારમાં જ્યારે મહાવિર પ્રભુના મંદિરે દર્શન કરવા ગયા હતા ત્યારે આચાર્ય શ્રી નીતિ સુરિજી મહારાજ આદિનું સામૈયુ ત્યાં આવી પહોંચ્યું હતું, અહિંથી, બંન્નેઆચાર્યો સાથે ચાલ્યા હતા, એ અરસામાં કેટલાક સોસાયટી આગેવાનો ગચ્છભેદ કરી ગયા હતા, આ બાબતમાં ખૂબ ચકચાર પેદા થઇ હતી, સમસ્ત સાધુ સમાજને પૂજવાના બણગા ફૂંકનારની મનોદશા આથી ખુલ્લી પડી ગઇ હતી.

ધી કલ્યાણચંદ નવલચંદ ઝવેરી જૈન પ્રાઇઝ ઇનામ રૂા. ૧૨૭

મુંબઇ યુનિવર્સીટીની મેટ્રીકયુલેશનની પરિક્ષામાં જે જૈન વિદ્યાર્થીએ સૌથી વધારે માર્કસ મેળવ્યા હોય અને જે આગળ અભ્યાસ ચાલુ રાખવાનો હોય તેને ઉપલું ઇનામ આપવામાં આવશે.

ઉમેદવારોએ પોતાના માર્કસ, સીટ નંબર અને બીજી વિગત સાથે નીચેના સરનામે તા. ૩૧-૭-૧૯૩૪ સુધીમાં અરજીઓ મોકલી આપવી.

૧૩૪, ખારાકુવા
મુંબઇ-૨

હીરાચંદ કુલચંદ ઝવેરી
સેક્રેટરી
ધી-ક-ન-ઝવેરી જૈન પ્રાઇઝ

શ્રી જૈન મહામંડળની જનરલ સભા તા. ૨૨-૭-૩૪ ના રોજ અમદાવાદ ખાતે અમદાવાદ શ્રી જૈન યુવક સંઘના આમંત્રણને માન આપી ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે. મહામંડળમાં જોડાયેલી સંસ્થાઓને બંધારણની કલમ ૮ મુજબ પોતાના પ્રતિનીધીઓને ચૂંટી તેમના નામો મુંબઇ શ્રી જૈન યુવક મહામંડળને તેમજ અમદાવાદ શ્રી જૈન યુવક સંઘ ઠે. રતનપોળ નગરશેઠની માર્કીટમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવેછે.

લી. સેવક,
જમનાદાસ અમરચંદ ગાંધી.
મણીલાલ એમ શાહ,
મંત્રીઓ

ધર્મનું શુદ્ધિ કરણ.

લેખાંક પાંચમો.

પ્રમાણિક રોટલો નથી રળાતો, એટલેજ આજે વિશાળ જનતાની આ વિષમ સ્થિતિ છે. સરકારો અને દરબારોએજ માત્ર આપણા સમાજને ભિખારી નથી બનાવ્યા; પણ સાધુ અને આચાર્યો પણ આપણી આ કંગાલીયત અને ભિક્ષતા માટે ખૂબ જવાબદાર છે. રાજ્ય—ધર્મ પ્રત્યે આંગળી ચીંધી ચીંધીને, સમાજને ભિક્ષતા અને પામરતામાં ધસડી લઇ જવામાં સાધુ વર્ગનો ફાળો મોટો છે. આજે નહિ તો કાલે આ ઉજળા વર્ગે પોતે આત્મ નિરિક્ષણ કરી પોતાના દોષો ધોઇ કાઢવા માટે પ્રાયશ્ચિત કરવું પડશે.

વળી સાધુ અને શિક્ષક સમુદાય તો એટલે સુધી કહે છે કે 'અમે તો સંસારી વર્ગ અને સંઘ સમસ્તના કલ્યાણને અર્થે માથા મુંડાવ્યા છે અથવા સેવા આદરી છે.' આ વસ્તુ જો સાચેજ, ખરા હૃદયની જીભદ્વારા ઉચ્ચારાતી હોય તો આવકારદાયી છે. જેમ સામાન્ય જનગણે ધર્મ અને ધર્માચાર્યોને વફાદાર તેમજ અનુકૂળ થવું જોઇએ તેમજ ધર્માચાર્યોએ તો જનસમાજની વ્યકિત માત્ર પ્રત્યે જવાબદાર રહેવું જોઇએ, અને જો તેમણે સ્વેચ્છાપૂર્વક ગરીબી અને ફકીરી ધારણ કરી હોય તો તેમણે સમાજના સુખ દુઃખના સહભાગી થવું જોઇએ. સમાજના દરેક કાર્યને માટે સાધુ, આચાર્યો અને વિધાનોજ સૌથી વધુ જવાબદાર ગણી શકાય.

અલબત શિક્ષક અને વિધાનો જેઓ રીતસર વેતન લઇને વિદ્યા, સંપત્તિ, કળા અને શિક્ષણ આપે છે, તે અમુક અંશે પ્રમાણિક છે. કારણકે તેમનો હેતુ માત્ર પારમાર્થિક નથી, પણ આચાર્યો અને સાધુ મુનિવરો તો સમાજના અધિષ્ઠાતા થઇને ફરવાનું પસંદ કરે છે. પોતાની નબળાઇને બદલે ત્યાં ધર્મનું બ્હાનું બતાવી સમાજના દોષો અને કર્મો ઉપર જવાબદારી નાંખે છે અને ત્યાગી વર્ગે વ્યવહારિક વાતોમાં માથુ મારવાનો અધિકાર નથી એવી વાફપટુતા ઉચ્ચારે છે, અહીં સાધુતા બેવડો ગુન્હો કરે છે.

સાધુ કે ત્યાગી વર્ગે, અલબત સંસારમાં લુપ્ત નથી થવાનું પરંતુ સંસારીજનોના અને જનસમાજના દરેક કાર્યો વિષે પુરી માહિતી મેળવી, ઐહિક કોઇપણ સુખોથી પોતે નિર્લેપ રહી સમાજને માર્ગ દર્શક થવાનો તેમનો સ્પષ્ટ ધર્મ સમજે. જો તેઓએ સંઘ સમસ્તના કલ્યાણ અર્થે મુંડાવ્યું હોય તો પછી તેમણે સંઘ સમસ્ત માટે પ્રસંગ પડયે ફના થઇ જવાની તૈયારી બતાવવી જોઇએ; અને જો સાધુ કે ત્યાગી વર્ગે વ્યવહારની વાતોમાં તટસ્થજ રહેવાનું છે, તો તેમણે દેવદ્રવ્ય જેવી શ્રાવક વર્ગની બાબતમાં પણ શા માટે માથું મારવું જોઇએ કે ચર્ચા કરવી જોઇએ ? દેવને અને આપને કંઇ સંબંધ હોય તો હરિજનોની પેઠે દૂરથી ભાવના ભાવવાનો, દેવના ઉપર કેવા મુગટ ચડાવવા, કેવી રચના કરવી, અને પૈસા કઇ રીતે મેળવવા એ બધામાં તેઓને પડવાનો કશોય અધિકાર નથી રહેતો.

આજે નહીં તો કાલે સમાજવાદ અને સામ્યવાદ સ્થાપિત થશે, અને રશીયામાં જેમ મિલ્કતોની માલેકી વ્યક્તિગત રાખવાને બદલે પ્રજાસત્તાક સરકારને સ્વાધિન થઈ તેમ શ્રાવક વર્ગનો વિચાર થશે કે વ્યકિતગત્ દરેકના ઉપર જવાબદારી નાંખવા માટે, મંદિરોની રક્ષા કરવા માટે અને મૂર્તિઓની સ્થિતિ જાળવી રાખવા માટે દરેક જૈને મૂર્તિની વ્હેંચણી કરી લેવી જોઇશે, અને તો મૂર્તિપૂજક તરીકે આશરે દસેક લાખની વસ્તીને માથા દીઠ આઠથી દશ પ્રતિમાઓ આવે, અને જેનો સમાસ કયાં અને કેમ કરવો એ શ્રાવક વર્ગના અધિકારની વાત છે; કારણકે મંદિરો, શ્રાવક સમાજના દ્રવ્યમાંથીજ સ્થાપિત થયાં છે અને એ મંદિરોનો ઉપયોગ સમાજ હિતાર્થે ફેરવાવી શકે છે, અને મૂર્તિઓને પોતાના ગૃહમંદિરમાં સ્થાપી તેનું યોગ્ય રક્ષણ અને જતન કરી શકવાને મૂખ્યત્યાર છે.

કદાચ કોઇ મુનિ દલીલ કરશે કે મંદિરોની જગ્યામાં તમો ગમે તેમ કુકર્મ કરો અને ભગવાનની ગમે તેમ આશાતના કરો તે અમારાથી કેમ જોઇ શકાય ?

જો આમ અને આવી વેદના આપને થતી હોય તો તો આજેજ પાટેથી જરા નિચે ઉતરો, આજે તિર્થો અને મંદિરોમાં શું ચાલી રહ્યું છે ? એક યા બીજા સ્વરૂપે તિર્થ અને મંદિરની આશાતના થઇ રહી છે. ધર્મ અને ધર્માચારની અવહેલના થઇ રહી છે, શાસ્ત્ર અને શાસ્ત્રાધારની આણ તુટી રહી છે, પ્રભુ અને તેના પૂજારીઓ હૈયાત છતાં તેને માનનારાઓ ધર્મ અને અર્થથી નિચોવાઇ રહ્યા છે.

શાસ્ત્રની દલીલ કરનારાઓ આપ, આ પ્રત્યક્ષ શું નિહાળી રહયા છો ? નવી પ્રજાનો મોટો ભાગ શા માટે આપને દૂર દૂરથી નમસ્કાર કરી રહયો છે ? આપની આસપાસ કયા પ્રકારની દુર્ગંધ પ્રસરી રહી છે. જરા વિચાર કરો. આ બધા નિસ્તેજ થયેલાને પોતાના કરવા માટે કંઇક આત્મ—સમર્પણ કરવું પડશે.

લાલચંદ જયચંદ વોરા.

નારી જીવનનાં જીવતાં દોઝખ

(૧)

લાજની હીચકારી પ્રથા.

ડાહ્યાભાઇ વી. મહેતા

પુરૂષ જાતનું મહા કલંક

અબળાઓને આટલી ક્રારમી શિક્ષા શાને? શું નારીના કોમ્ળ પાપે પુરૂષજાતે સ્ત્રીઓને આવાં જીવતાં નર્કમાં ધકેલી દીધી હશે? કે પુરૂષ જાતની નફટ નામર્દાઇની કાળી ટીલી છૂપાવવા આ જીવતી જાગતી અંધારી દિવાલોનાં ચણતર કર્યાં હશે? નારી જીવનનાં સરેરાશ આયુષ્ય વર્ષો કેટલાં? જો ગણતરી ચાલીસ વર્ષ આસપાસની સમજીએ તો પૂરા અહોરાત્રિ પંદર વર્ષ એક સ્ત્રીને ધૂમટાના કાળા કારાવાસમાં જીવન વિતાવવું પડે છે એ કોનાં વાંકે?

જૈન શાસ્ત્રોનાં પાનાં કોણ ઉકલશે? શ્રી ઋષભદેવથી તે શ્રી મહાવીરના સમય સુધીમાં કોઇ વીરપુરૂષે નારીઓને લાજ—ધૂમટાથી મ્હોં ઢાંકી દેવાનું ફરમાન કાઢ્યું હોય એવું વાંચ્યુ છે? અરે! સાંભળ્યુંએ છે? પ્રભુ મહાવીર અને શ્રી ગૌતમબુધ્ધ સહેતુ જન્મ લઇ સમકાલીન બન્યા. ચારે બાજુ અજ્ઞાન અંધકારે પાપાચારમાં ફસેલાં માનવોને જ્ઞાન ચક્ષુ દઇ ધ્યેય અનુસાર દેશનાઓ દીધી. કાર્યની સફળતા અનુયાયીઓ ઉપર અવલંબતી હોઇ બન્ને વિભૂતિઓએ યુવાન ક્ષત્રિય સાવજોને જૈન ધર્મી અને બૌધ્ધ ધર્મી બનાવ્યાં. કર્મે શૂરા ક્ષત્રિયો ધર્મે શુરા બનતાં સત્ય ધર્મનો જયઘોષ થઇ રહ્યો.

સમય પરિવર્તનશીલ અને મનુષ્ય સ્વભાવ રીઘા ચીલે ચાલવાની ઇચ્છાવાળો હોઇ બન્ને માર્ગ દર્શકોના નિર્વાણ પછી ક્ષત્રિયવંશના વારસદારો જૈનત્વને ભૂલતાં વણિકોજ બનતા રહ્યા, અને ક્ષત્રિય દેશરક્ષકોની સંખ્યામાં મોટો ઘટાડો થયો. હિન્દની જાહોજલાલીએ યવનોને ખૂબ આકર્ષ્યાં અને દરેક આક્રમણે ક્ષત્રિયવટનો નાશ થતો ચાલ્યો, જીવન મોહથી બાકીના સમરાંગણથી ઘર ભણી દોડી જવા લાગ્યા ત્યારે ક્ષત્રિયાણીઓએ સાફ સંભળાવી દીધું. "એવા હેવાતન (સૌભાગ્ય) કરતાં ચાહીશ હું વિધવાપણાને" છતાં ઓસરેલાં પાણી પુરૂષોને ન ચડ્યાં, અને શૂરી ક્ષત્રિયત્વ ધરાવતી નારીઓને જાતે લડવું પડ્યું. કેસરીયાં અને છેવટે જૌહરપણ કરવાં પડ્યાં. બાકીની નારીઓએ પીછે હઠેલા નામર્દોનાં મૂખ નહી જોવાને કે પોતાનાં મૂખ નહીં બતાવાને લાજ ખેંચી—શરમના શેરડા પડતાં મૂખ ઢાંકયું. જીવતર લોલુપ પુરૂષજાતને તો આથી ફાવટ મળી. સ્ત્રીઓપરના આક્રમણો ટાઢે પાણીએ ઓછા કરવાની યુક્તિ જડી. જ્યાં જ્યાં નારી હરણનો વધુ ભય ત્યાં ત્યાં નામર્દાઇ છૂપાવવા નારીને મૂખથી તે પગની પાની સુધી ધૂમટામાં રહેવાની રૂઢિ કરી દીધી. હિંદમાં નામર્દ જનોનો સુકાળ (!) ફેલાઇ રહ્યો.

પ્રભુ મહાવીર પછી પચ્ચીસો વર્ષ વીતી ગયાં. જો એમના ઉપદેશાનુસાર સમાજ ચાલ્યો હોતતો આટલા દીર્ઘ કાળમાં એ ઉન્નતિની પરાકાષ્ટાએ પહોંચ્યો ન હોત? પણ જ્યાં જૈનત્વના ક્ષત્રિયત્વના સાચા સ્વરૂપની સમજણ વીના માત્ર રૂઢિ પાલનપરજ સ્વાર્થાંધ પુરૂષ સમાજ ભાર દેતો થાય ત્યાં અધોગતિ સિવાય બીજું શું હોય? આજેજ જૂઓને? જ્યારે મ્લેચ્છોનાં આક્રમણો હતાં ત્યારે પુરૂષે નારી જીવનપર લાજની પ્રથા લાદી; તે આજે પણ જૈન-ત્વના વિજગીપાના આદેશને સમજતો હોય તો આ જંગલી પ્રથા ટકે શાની? પણ આજે તો પુરૂષ, સમાજના સિતમો સામે થઇ શકતો નથી, એનામાં હિંમત નથી, શૌર્ય નથી અને તેથી આજના ઝડપી પ્રગતિ યુગમાં અને તે પણ જૈન સમાજમાં એ ગોઝારી પ્રથા ટકી રહી છે; અને એને ટકાવવાને બહાનાં પણ ઠીક ઠીક શોધ્યાં છે ને?

વડીલોની મર્યાદા તો સાચવવી જોઇએને? સ્ત્રીઓએ શરમ તો રાખવીજને? આ બે નિર્માલ્ય દલીલો, એ નારીનો ધર્મ છે એમ પુરૂષ જાત નારીઓને સમજાવવા પ્રયત્ન કરે છે, અને રૂઢિચુસ્તો ઉપરાંત આજના યુવાનોએ પણ એમાં ખૂબ સાથ સીધો યા આડકતરો આપ્યો છે, ત્યારે જનતવનું—મનુષ્યત્વનું લીલામ થતુંજ લાગે છે. કોલેજમાં યુવાનો આદર્શો સેવે છે, મનોરથો ઘડે છે. સ્વતંત્ર કલ્પના સુંદરીના સ્વપ્નો ખડાં કરે છે; અને જ્યારે જીવન વ્યવહાર શરૂ કરે છે ત્યારે ફકત હિંમતના અભાવે—શૌર્યના અભાવે એ પણ એજ પ્રકારની લાજની—ધૂમટાની સ્ત્રીઓ પાસે આશા રાખે છે. નારી જીવનના અગણીત દુઃખો ભૂલી જઇ એ પણ જીવન સખી સાથે રગશીયું ગાડું હાંકે છે—અને પોતે જીવે છે એમ મનાવે છે.

લાજની પ્રથામાં આજે કઇ ભાવના ઓતપ્રોત થઇ રહી હશે? કે જ્યાં જૂઓ ત્યાં પડછાયાની જેમ સાથેને સાથેજ એ બેડી નારીઓને વળગીજ રહે છે.

આપણા મંદિરો અને ઉપાશ્રયોમાં એ નારીઓને ધૂમટો ખેંચવો પડે. સારે માઠે અવસરે એમને લાજ કાઢવી પડે. રેલ્વેની મૂસાફરીમાં એમને પીઠ ફેરવી જાણે એમને જીવનરસ હોયજ નહી એમ બેસી રહેવું પડે; અને ગૃહમાં તો સૂર્યના અજવાળાંએ દેખવા મળતા હશે કે નહી એ પણ નારીઓને પૂછવું પડશે. આટલી ભયંકર શીક્ષા કોને પાપે? પુરૂષ **એ રૂઢિને ઉખેડી ફેંકી શકતો નથી એટલાજ માટેને?** કે પછી વિકારી પુરૂષોની વેધકદ્રષ્ટિમાંથી બચાવવાને વૃધ્ધની વ્યવહારૂ (!) બુધ્ધિ એ યુક્તિને ટકાવી રાખતી હશે? જો એમજ હોય તો એવી પુરૂષ જાતને ધાંચીના બેલના ડાબલા શું કામ ન ચડાવવાં? પરાયામાલની ચોરી કરનાર શિક્ષાને પાત્ર કે સંપત્તિ રાખનાર શાહુકાર? લાગણી વિવશ બની જતાં પુરૂષ જંજીરને લાયક કે સૌંદર્ય ધરાવતા બદલ નારી? અને વિકારવશ પુરૂષોથીજ બચવાનો હેતુ હોય તો **ગૃહનાં વડિલોની** સમક્ષ સ્ત્રી મૂખ શું કામ ઢાંકે? વાગ્દાન દેવાયેલી નાની બાળાઓ અને સૌંદર્ય ગૂમાવી બેઠેલી વૃધ્ધાઓ લાજ શું કામ કાઢે? શું ત્યાંએ એ સુરક્ષિત નથી? કે પુરૂષ જાતની નબળાઇ કયાંયે સમજાય તેવી નથી?

(અનુસંધાન પાને ૧૩૪)

(અનુસંધાન પાનું ૧૩૩ થી ચાલુ.)

લાજ–ધૂમટાની પ્રથાએ કૌટુમ્બિક સુખનો–સ્નેહનો આનંદનો નાશ કર્યો છે. વંધુઓ વડિલોના વિચાર જાણવા પોતાના સ્વાર્થ ભોગે પણ એમને રાજી રાખવા અનેક પ્રયત્નો કરે છે, છતાં એ ધૂમટો–ઝોલ્લો, કૌટુમ્બિક ભાવનાને જડમૂળમાંથીજ ઉખેડી દે છે. મુખ ખોલ્યા વિના હૃદય ખોલીને વાત થઇ સાંભળી છે ? હૃદય ખોલ્યા વિના હૃદય એક થયાં એમ કયાંયે બન્યું છે ? જરાક આપણી નજદિકનાં મહારાષ્ટ્રીય કુટુંબો જોયાં છે ? સ્વસુરથી માંડીને અનેક પુત્રવધુઓની આંખમાં અમીઝરતું–સ્નેહની છોળો ઉડતી જોઇ છે ? ત્યાં શું છે ? એ ભૂમિ ઉપર મહારાષ્ટ્રિય નરશાર્દુલશિવાજીએ નારી જીવન-ગૌજીવન-અને બ્રાહ્મણ જીવનને પોતાની ખડગથી સુરક્ષિત રાખ્યું છે. નારીજીવનને પુરૂષ જાતની નિર્માલ્યતા ત્યાં લાંધી ન હતી; એટલે ત્યાંએ સ્વસુર છે, વડીલો છે, અને માનવ સ્વભાવ સરખા હોય તેવા પુરૂષોય છે. છતાં ત્યાં નારીની આંખમાં શરમ છે, એ છટી ગઇ નથી, છટકેલ બની ગઇ નથી, ઉઘાડા શિરે ફરે છે છતાંયે.

નારીજીવનના કપાળે ચોંટેલા આ હીચકારા દોઝખને નામર્દ પ્રપિતામહોનાં કલંકને—યુવાન માનસજ દૂર કરી પાપનાં પ્રાયશ્ચિત કરી શકે. લગ્નનો દિવસ એજ સ્વાતંત્ર્યનો દિવસ છે. આ નર્કને એકજ ઝટકે દુર કરી લગ્ન ગ્રંથીથી નવદંપતિ જોડાય તો એમનો જીવનરાહ સાવ સ્વતંત્ર અને સરળ બને.

(બીજું દોઝખ 'સંયુકત કુટુંબમાં સાસરવાસ' આવતા અંકે.)

પાલનપુરમાં જૈન લગ્ન.
ધૂમટાને તિલાંજલી.

(અમારા ખાસ ખબરપત્રી તરફથી)

શ્રા જૈન તરૂણ સંઘના મંત્રીશ્રી ભોગીલાલ. સી. બક્ષીના, બ્હેન શ્રી કમળાવતીનાં લગ્ન ગયા શુક્રવારે તા. ૨૨ મીએ ખૂબ આનંદપૂર્વક ઉજવાયાં.

શ્રી કમળાબ્હેને, આજસુધી અહીંના વિદ્વાનો જે હીચકારી પ્રથાઓ દૂર કરતા સમાજથી કંપતા હતા, તે જાતેજ સ્વમાન સમજી દુર કરવાની જે હિંમત બતાવી છે તે ખરેખર અભિનંદનીય છે. તે બ્હેને અનેક વર્ષોથી નારીજીવન ઉપર લદાયેલી એ લાજની જંગલી પ્રથાને એકજ ફટકે ભગાવી દઇ, શુદ્ધ ખાદીના શ્વેતવસ્ત્રોમાં સજજ થઈ ભાવપૂર્વક જ્યારે પાણી ગ્રહણ કર્યું ત્યારે, જુનવાણીમાનસ કૌતુક પ્રિય બની આ દંપતીને જોવા ઉલટી પડયું હતું. એમના પિતાશ્રી શ્રી બક્ષીએ પણ રૂઢિ ગ્રસ્ત દોસ્તોની ખફગી વહોરી લઇને પણ કમળાબ્હેનની ભાવનાનુસાર લગ્ન થવા દીધું તે બદલ તેમને પણ અભિનંદન છે. નારી સ્વાતંત્ર્ય અને કૌટુમ્બિક સુખના નાશને નોતરતા આ નર્કને પાલનપુરમાંથી હાંકી કાઢવાની અસાધારણ હિમ્મત બતાવી અન્ય બ્હેનોને સ્વમાનના રાહ બતલાવવા જે પહેલ કરી છે તે માટે પાલનપુર સંઘના યુવાનો અને ઉદાર માનસવાળા સુધારકો ફરી ફરી એમને અભિનંદન આપી રહ્યા છે.

મહાત્માજી ઉપર બોમ્બ:—

પુનામાં મહાત્માજી પધારતા ત્યાંની મ્યુનીસીપાલીટી તરફથી માનપત્ર આપવાનું નકકી કરવામાં આવ્યું હતું. એ માનપત્રના મેળાવડા વખતે એક અજબ બનાવ બન્યો. મહાત્માજીના પધારવાના સમયે તેમના જેવીજ એક મોટર ઉપર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો, સદ્‌ભાગ્યે તેમાં મહાત્માજી નહોતા, મહાત્માજી ત્યારપછી સાત મીનીટે આવ્યા હતા. જે મોટર ઉપર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો બે મોટરમાં સનાતનીના લીડર ભોપટકર હતા તેમને ઇજા થઇ છે, તેમજ ત્યાં ઉભેલા પાંચ-છ બીજા ભાઇઓને પણ ઓછી વત્તી ઇજા થઇછે. જાહેર પુરૂષો ઉપર આવા અત્યાચારી હુમલાઓ અનિચ્છનીયછે. સનાતનીઓ આવા અત્યાચારથી પોતાનું ધ્યેય સિદ્ધ નહિ કરી શકે.

આર્હત્ જીવન જ્યોતિ.
એક દ્રષ્ટિપાત.

'કાચા વયના વિદ્યાર્થીઓ ઉન્માર્ગે ન જતાં નિકાલાખ્યાધિત વીતરાગ માર્ગે સંચરે' એ ઉદ્દેશથી શ્રી જીવનલાલ–પનાલાલે શ્રેણીબધ્ધ પાઠયપુસ્તકો તૈયાર કરાવવાની ઇચ્છા દર્શાવી હતી, અને તે કાર્ય શ્રીયુત્ હીરાલાલ–રસીકલાલ કાપડીઆને સોંપવામાં આવતાં તેમણે 'આર્હત્ જીવન જ્યોતિ પહેલી કીરણાવલી' નામનું પ્રથમ પુસ્તક તૈયાર કરી બહાર પાડયું છે, જેમાં બાળકોને જૈન ધર્મમાં થતી ક્રીયાઓમાં વપરાતી વસ્તુઓની સચિત્ર સમજણ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શ્રી રવિન્દ્ર અને પુલિનદત્તની પીંછીએ તૈયાર કરેલાં ચિત્રોનો ખરેખર આંખને ઉડી વળગે એવાં નૂતન યુગને અનુસરતાં ભાવવાહી છે વસ્તુને ઝીણવટથી સમજાવવાનો સુંદર પ્રયત્ન થયો છે.

આવાં પાઠયપુસ્તકોની જરૂરિયાત માટેનો ખાસ જુદો મત નથી હોતો પણ જે ઉદ્દેશાનુસાર પુસ્તકો તૈયાર કરવામાં આવે છે તે ઉદ્દેશ બરાબર સચવાય છે કે કેમ ? બાલજીવો ઉન્માર્ગે ન જાય તેમજ ભય અને અંધશ્રધ્ધામાં ન પ્રેરાય એ પણ જોવાનું છે. **'એ દેવીને પૂજવાથી આપણને જ્ઞાન મળે છે.'** તો પછી બાળક બીજી બહેનનાજ શું કામ કરે ? દેવીઓને પૂજવાજ કરેને ? કે જેથી જ્ઞાન મળ્યે જાય. બાલ્ય વયથી ઠસાવી મારવામાં આવેલી આવી ભાવનાઓ મોટેરાંને પણ ખરો મર્મ પાછળથી સમજવા દેતી નથી. દેવદેવીના પૂજનના લાભ અને અપૂજનનાં પાપ આજે જૈનોમાં એટલી અંધશ્રધ્ધા અને ભયપ્રેરી રહ્યાં છે કે નથી તો આજનો જૈન કોઇ સાહસકાર્ય કરી શકતો કે નથી તો એ સાચા જૈનત્વને પિછાનવાની તકલીફ લેતો, સિવાય 'આ થાય અને આ ન થાય' ની ઠસીગયેલી માન્યતાના અંધચીલે ચાલ્યાજ કરવું. અને જૈન દ્રષ્ટિએ દેવદેવીનાં પૂજન મિથ્યાત્વ ન કહેવાયકે ?

મુખપૃષ્ટ ઉપરનું મંદિરનું ચિત્ર કોઇ બૌધ્ધ દેવાલયં કે મઠ જેવું લાગે છે. અને આખાએ પૂસ્તકની ભાષા જે બાળ વર્ગમાટે એ તૈયાર થયું છે એ ન સમજી શકે તેટલી અઘરી છે, અને પુસ્તકનું નામતો બાળકને તરત યાદ રહી જાય તેટલું નાનું અને સહેલું છે! **"આર્હત જીવન જ્યોતિ પહેલી કિરણાવલી"** બધને કવિતાઓમાં જૈન-ત્વની દ્રષ્ટિ શું છે! કવિતાખાતર લખવામાં આવી હોય તો નાનકડી પ્રભુ પ્રાર્થના ન મૂકાય ? દરેક કિરણનું મથાળું પાઠના અક્ષરો કરતાં મોટા અક્ષર (ટાઇપ) નું રહે તો ઠીક અને સૌથી અગત્યનો પ્રશ્ન છે પુસ્તકની કિંમતનો. જે માતા–પિતાના કદી ન વીસરી શકાય એવા ઉપકારોના સ્મરણ ચિહ્ન તરીકે, અને જૈન બાળકો ઉન્માર્ગે ન જાય એવી બે દ્રષ્ટીએ પ્રસિધ્ધ થતા આ પ્રથમજ પુસ્તકની કિંમત ૦–૫–૦ હોય ત્યારે જૈન નામ ધરાવતા દરેક બાળકને એના વાંચનનો લાભ મળી શકશે ? બીજા પ્રસિધ્ધ થતા પુસ્તકોમાં સુધારો થઇ શકે તો અને કિંમત બહુજ ઓછી રાખવામાં આવે તો શ્રી જીવણભાઇનો હેતુ બર આવી શકશે.

ડાહ્યાભાઇ–વી–મહેતા.

છાત્રાલયોનો પ્રશ્ન.

[છાત્રાલયો ઉપરરાષ્ટ્ર, ધર્મ અને સમાજના ઉત્થાનનો મોટો આધાર રહેલો છે. એ છાત્રાલયો જો નિયમિત અને આધુનિક પદ્ધતિએ વ્યવસ્થિત થઈ જાય તો સારામાં સારૂં ફળ આપી શકે. તેથી છાત્રાલયોને વ્યવસ્થિત અને સફળ બનાવવા હમણાં ગંભીર વિચારણાઓ તેમજ અખતરાઓ થઇ રહ્યા છે. અને તેમાં છાત્રાલયના પ્રશ્ન સાથેજ જેઓ જોડાએલા છે તેઓની મનોદશા સમજવી અગત્યની છે. પાટણ ખાતેના ચતુર્થ છાત્રાલય સંમેલનના પ્રમુખ શ્રીયુત્ હરભાઇ ત્રિવેદીએ પ્રમુખસ્થાનેથી એ વિષયમાં ખૂબ પ્રકાશ નાંખ્યો છે, તેમાંથી આ અગત્યના ફકરાઓ છે. **તંત્રી**]

કોઇપણ બે ગૃહપતિઓ છાત્રાલયના પ્રશ્ન ઉપર ચર્ચા કરતા હોય તે સાંભળવા જેવી છે. બે ગૃહપતિઓના વિચારો એકમત થતા હોય એવું ભાગ્યેજ જોવામાં આવે છે. હા, કોઇ વખત છાત્રો ઉપર દમન કરવાની બાબતમાં અથવા તો છાત્રાલયના સંચાલકોની સાથે કામ પાડવાની બાબતમાં કયારેક તેઓના અભિપ્રાયો એક સરખા થઈ જાય છે ખરા.

એક ગૃહપતિ: "આ સ્વાતંત્ર્યના સિધ્ધાંતે મને તો ભારે મુંઝવણમાં નાંખ્યો છે. વિદ્યાર્થીઓને કંઈ કહેવાયજ નહિ, અને તેઓ જેમ કરે તેમ કરવા દેવું, એનાથી કશુંજ સારૂં પરિણામ આવે તેમ હું માનતો નથી. જો એમને કશુંજ કહેવાપણું ન હોય તો આપણું અહીં છાત્રાલયમાં કામજ શું છે?"

બીજો ગૃહપતિ: "ભલા માણસ, તમે સિધ્ધાંતને સમજ્યાજ નથી. સિધ્ધાંતતો એક આદર્શ માત્ર છે. વ્યવહારમાં તેનો પ્રયોગ કરવો પડે, ત્યારે તો આદર્શને થોડો થોડો પાતળો પણ કરવો જોઇએ; વિદ્યાર્થીઓને સમજાવવામાં હું માનું છું, પરંતુ તેઓ નજ સમજે ત્યારે તેમના ઉપર દબાણ કરવુંજ જોઇએ. સ્વાતંત્ર્ય આદર્શ તરીકે રાખીને વ્યવહારમાં બાંધછોડ કર્યા સિવાય છૂટકો નથી."

ત્રીજો ગૃહપતિ: "તમારી વાત પણ અધૂરી છે. એમ કેવળ દમદાટી કર્યે કામ સરતું નથી. જો તમારે વિદ્યાર્થીઓ પાસે અમુકજ પ્રકારનું વર્તન કરાવવું હોય તો તો કંઇક ભય બતાવ્યા વિના કે દંડ કર્યા વિના ચાલે એમજ નથી. હું તો ઘણીયે વખતે છોકરાઓને ફાઇન કરૂં છું, અથવા તો બધા છાત્રો વચ્ચે તેને ઉઘડો લઉં છું, એટલે મારૂં કામ બીજા દિવસથી સરળ બની જાય છે."

ચોથો ગૃહપતિ: "મને તો એટલેથી પણ કામ સરતું હોય તેમ નથી દેખાયું. કેટલાક છોકરાઓજ એવા અજડ આવે છે કે તેમને ચૌદમું રતન ચખાડયા સિવાય બીજો રસ્તોજ નથી દેખાતો. ચોર, ભાગેડુ, વિના કારણ તોડફોડ કરનારા એવા બધાજ છોકરાઓને સ્વાતંત્ર્ય આપીએ તો તો કેવળ અંધાધુંધીજ પેદા થાય. કોઇને સમજાવવાથી કામ સરે, કોઇને ડરાવવાથી સરે તો કોઇને શિક્ષા પણ કરવી પડે."

બીજો ગૃહપતિ: "મને હજી આમાં કશી સૂઝ નથી પડતી. વિદ્યાર્થીઓને સમજાવો તો પણ બીજે દિવસે તેઓ એટલાજ ગંદા રહે છે. એમને ભય બતાવો તો પણ બીજે દિવસે તેમનું તોફાન ઓછું થતું નથી. એમને માર મારો તો પણ તેઓ ચોરી કરતા કે નિશાળમાંથી ભાગી નીકળતા બંધ થઈ જતા નથી. મને તો લાગે છે કે આ ગૃહપતિનું કામજ કપરૂં છે. આના કરતાં છાત્રાલયો ન રહે તેજ ઠીક છે."

ત્રીજો ગૃહપતિ: તમારી વાત બરાબર નથી. છાત્રાલયો તો જોશેજ. બિલકુલ રખડેલા, હાથમાંથી ગયેલા, વધારે પડતું લાડ પામેલા, ચોરી કરવાની ટેવવાળા, વિગેરે પ્રકારના છોકરાઓને માબાપો પણ સાચવી શકવાનાં નથી. માબાપની પાસે સુધારવાની જે રીત નથી તે આપણી પાસે છે. માબાપ ખોટા પ્રેમના માર્યા જે નથી કરી શકતાં તે આપણે કરી શકીએ છીએ. છાત્રાલયો બંધ કરો તો તો પછી સમાજમાં આવા લબાડોની સંખ્યા વધવા મંડી જશે."

પહેલો ગૃહપતિ: "પણ છાત્રાલયમાં બધા આવાજ વિદ્યાર્થીઓ આવે છે તેમ કાં માની લ્યો? કેટલાય સુંદર વિદ્યાર્થીઓ મને તો મળ્યા છે. તેઓ વર્તનમાં સજ્જન હોય છે, ભણવામાં કુશળ હોય છે, સેવાના શોખીન હોય છે, અને દરેક રીતે છાત્રાલયના ભૂષણ જેવા હોય છે."

ચોથો ગૃહપતિ: એવા વિદ્યાર્થીઓ પણ છાત્રાલય જેવા મોટા શંભુ મેળામાં આવીને બગડી જાય છે, એવો મ્હારો અનુભવ છે. આ છાત્રાલય એ તો એક એવા પ્રકારની સંસ્થા છે કે જેના સંબંધે ચોક્કસ પ્રકારનો અભિપ્રાય આપી શકાતો નથી. બગડેલા ત્યાં સુધરે છે તો સુધરેલા ત્યાં બગડે છે. શહેરોમાં રહીને ગામડાના છોકરાઓ અનેક પ્રકારની શહેરી કુટેવોમાં ફસાય છે. વધારે ભણાવવાનો મોહ કોઈ છોડી શકવાના નથી; વધારે ભણાવવા માટે શહેરોમાં આવવા સિવાય બીજો રસ્તો નથી. અને શહેરોને છાત્રાલયો ઉભા કર્યા સિવાય આ પરિસ્થિતિને પહોંચી વળવાનો બીજો એકેય માર્ગ નથી. આતો બધો ગોટાળો છે. આમાં એક વખત સપડાયા પછી હવે કેમ બહાર નીકળવું તે સૂઝતું નથી. મને તો આ બધું ઝેરી ફૂંડાળું લાગે છે. આપણને કશું સૂઝતું નથી એટલે પછી ગમે તેમ થાંથોડિયાં ભરીએ છીએ. કોઈ નિયમનની વાતો કરે છે તો કોઈ સ્વાતંત્ર્યની વાતો કરે છે, કોઇ વિદ્યાર્થી સ્વરાજની વાતો કરે છે તો કોઇ ગૃહપતિની દોરવણીમાં શ્રદ્ધા રાખવા ઉપદેશે છે. આમ જ્યારે કશું સૂઝતું નથી ત્યારે અનેક પ્રકારના એક બીજાના વિરોધી વિચારપ્રવાહો છાત્રાલયની મીમાંસા કરતી વખતે સંભળાય છે. મારો પોતાનો આવો મત છે."

છાત્રાલય ચલાવવાના વ્યવહારૂ કામમાં પડેલા શિક્ષિત ગૃહપતિઓની આ પ્રકારની મન: સ્થિતિ છે. દૂર ઉભાં ઉભાં સિધ્ધાંતો અને આદર્શોની વાતો કરનારાઓ તરફ હસે છે. નિત્ય જીવનમાં એમને જે અટપટા કોયડાઓ મૂંઝવે છે તે કોયડાઓનો કોઇપણ પ્રકારે ઉકેલ લાવવાની તેમની માગણી છે. એ કેમ આવશે એની તેમને હજી ખબર નથી પડી. પરંતુ એ અમુક રીતેજ આવશે એવી તત્ત્વવિચારણા કરનારા લોકોથી તેઓ અવશ્ય થાકયા છે.

છેલ્લી ઝંખના

'બિરાદરો! તમોએ કોઈ દિવસ આવતી કાલની કલ્પના કરી છે? એના શહેરોના રસ્તાઓ ઉપર પ્રકાશનાં ધવળાપૂર ઉભરાતાં હશે. એના મકાનોના દરવાજાઓ ઉપર સુંદર વેલો વીંટળાઈ હશે. એની સ્ત્રીઓ રાષ્ટ્રની બહેનો સમી પૂજાશે. એના પુરૂષો નેક બરકતથી રળતા હશે. એના વૃધ્ધો પોતાના બાળકો ઉપર આશીષો વરસાવતા હશે. એના પ્રજાજનો સંપૂર્ણ આઝાદીથી વિચારો અને વિહારો કરી શકતા હશે. માનવી માનવીની સાથે, પુરૂષ સ્ત્રીની સાથે, પ્રજા પ્રજાની સાથે સંપૂર્ણ સમાનતાથી રહેતાં હશે.

x x x

'**એ સમાજમાં માનવીનું હૃદય યજ્ઞની વેદી જેવું** વિશુધ્ધ બન્યું હશે. એ સમાજમાં રાગ નહિ હોય, દ્વેષ નહિ હોય. કારખાનાંઓ અને શાળાઓની, સંમાન રોજગારીની અને સંમાન શિક્ષણની સાચી બિરાદરી હશે. એ સમાજમાં કીર્ત્તિ એ પુણ્યકાર્યોનો પૂરો બદલો લેખાશે, ને નામચીની પાપની પૂરતી સજા ગણાશે. એ સમાજમાં સહુને રોજગારી મળશે, સહુને અધિકારો મળશે, સહુને શાંતિ મળશે. એ સમાજમાં રક્તપાતને સ્થાન નહિ હોય. વિગ્રહખોરીનું નામોનિશાન નહિ હોય. એ સમાજમાં માતાઓ સુખી હશે. પત્નિઓ બંધનમુક્ત હશે. બાળકોને સમાન શિક્ષણ મળશે. એ સમાજ રોગમુક્ત હશે. શાંતિભરી આઝાદીનો સુરભિવાયુ લહેરાતો હશે.

x x x

'**બિરાદરો! કઇ દિશામાં** પ્રસ્થાન કરવાને માટે આપણે આજે કદમ ઉઠાવ્યાં છે? આપણે વિજ્ઞાન અને બુધ્ધિએ સ્થાપેલું રાજતંત્ર જોઇએ છીએ. એના અંતરમાં જેટલું ખમીર હોય એટલો અમલ ચલાવતો અને એટલી સજા કરતો કુદરતી કાનૂન આપણે સ્થાપવા માગીએ છીએ. આપણે પ્રજાઓનું સંગઠન કરવા માગીએ છીએ. આપણે માનવી માનવી વચ્ચે એકતા સ્થાપવા માગીએ છીએ. એ સમાજમાં કોઇ કૃત્રિમ અધિકારો ભોગવી શકશે નહિ. કોઇ કોઇને શોષી શકશે નહિ. કોઇ કોઇના પરસેવાને લૂંટી કે ચૂંથી શકશે નહિ. આપણી નેમ સ્થિતિ ઉપર સત્યનું શાસન સ્થાપવાની છે.

x x x

'**બિરાદરો! આજે આ સ્થાને** ગમે તે અંજામ આવે. આપણે જીતશું તોય ક્રાંતિ સર્જી શકીશું. જેમ આગ એક શહેર ઉપર લાલ પ્રકાશ ફેંકે છે તેમ ક્રાંતિ સમસ્ત માનવજાતને લાલ તેજથી ઝળકાવે છે. અને આપણે સર્જશું એ ક્રાંતિ કેવી થશે? એ ક્રાંતિ સત્યના આચારની ને સત્યના વિચારની ક્રાંતિ બનશે.

x x x

'**રાજકીય દૃષ્ટિએ આપણે** એકજ સિદ્ધાન્ત સ્થાપવા માગીએ છીએ. માનવી પોતાનો કુલમુખત્યાર માલીક બને. મારી જાત ઉપરની મારી આ કુલમાલીકી એજ ખરી આઝાદી છે. જ્યારે આ ત્રણ ચાર અલાહેદી આઝાદીઓ એકત્ર થાય છે ત્યારેજ રાષ્ટ્રની રચના થાય. આ સ્વતંત્ર સહકારમાં કોઇનું કોઇના ઉપર વર્ચસ્વ નહિ હોય. માત્ર દરેક માનવી પોતાની આઝાદીમાંથી થોડો થોડો ભાગ આપશે. એ ભાગોનું એકીકરણ એ સર્વ સાધારણ જન્મસિધ્ધ અધિકાર બનશે. આ જન્મસિધ્ધ અધિકારની બહોળામાં બહોળી વ્યાપકતા એજ સાચી સમાનતા લેખાશે.

x x x

'**જન્મસિદ્ધ અધિકારોનો અર્થ** એકજ હોઇ શકશે. સમાજના અંગભૂતોના તમામ અધિકારોનું પૂરેપૂરું જતન એણે કરવું જોઇશે. આ તમામ આઝાદીઓના વર્તુળો જે સ્થળે સંયોજીત થશે તેનેજ સમાજ કહેવાશે. આ સંયોજન વ્યકિતઓની આઝાદીઓનું સંગમ–સ્થાન હોવાથી ત્યાં ગાંઠ પડશે. એનેજ સામાજીક બંધન, સામાજીક નીતિ કે સામાજીક જીવનના નામથી ઓળખવામાં આવશે. એ બંધન એજ ભ્રાતૃભાવ, નૂતન સમાજ, જે હું અને તમે રચવા માગીએ છીએ તે આવી સ્વતંત્રતા, સમાનતા ને ભ્રાતૃતાના પાયાઓ ઉપરજ રચાવી જોઇશે.

x x x

'**નાગરિકત્વની દૃષ્ટિએ સર્વને** વિકસવાની પૂરેપૂરી ને સમાન તકો મળશે. રાજકીય દૃષ્ટિએ સર્વના મતનું સમાન વજન રહેશે, આર્થિક દૃષ્ટિએ દરેકને જીવવાનો સમાન અધિકાર પ્રાપ્ત થશે. સર્વને પ્રાથમિક કેળવણી ફરજીયાત મળશે. માધ્યમિક કેળવણી સર્વ કોઇ માટે સહજ સાધ્ય બનશે. સર્વને સમાન પ્રકાશ મળશે, કેમકે સર્વ કોઇ વસ્તુ પ્રકાશમાંથી સર્જાય છે, ને પ્રકાશમાંજ સમાય છે.

x x x

'**બિરાદરો એકાણુંસમી સદી** મહાન છે. પરંતુ પીસમી સદી સુખી બનશે. પુરાતન ઇતિહાસે એના જેવી કોઇ સદી જોઇ નહિ હોય એવી એ બનશે. આજની જેમ માનવીને પરાજયની, પરવશની, સત્તાશોખની, સિતમગારીની, પ્રજાઓની સશસ્ત્ર હરિફાઇની, રાજાના લગ્નથી, વારસાગત જુલમગાર સત્તાને એકાદ બાળકના જન્મથી, ભૌગોલિક સરહદના ભેદથી, સંસ્કૃતિની આગેકદમની રૂકાવટ થવાની માનવીને કોઇ દહેશત નહિ રહે. દુકાળ કે થાકનો કોઇ ભય નહિ રહે. કંગાલિયતને કારણે વેશ્યાવૃત્તિ સંભવી શકશે નહિ. રોજગારીને અભાવે ભૂખમરો સંભવી શકશે નહિ. ફાંસીના માંચડાઓ ત્યાં ઉભા થશે નહિ. તલવારોની તાલીઓ ત્યાં પડશે નહિ. યુધ્ધના કોલાહલ ત્યાં સંભળાશે નહિ. પ્રસંગોમાંથી જાગતી આકસ્મિકતાનું કોઇ આક્રમણ થઇ શકશે નહિ. હું તો એમ કહેવા માંગુ છું કે આવતી કાલના એ સમાજમાં કોઇ વિશિષ્ટ પ્રસંગોજ બનશે નહિ. આપણે સંપૂર્ણ આઝાદી ને સંપૂર્ણ સુખનો સંપૂર્ણ ઉપભોગજ કરતા હોઇશું અને કરતા રહેશું.

[ફ્રેન્ચ સાહિત્ય સમ્રાટ વિકટર હ્યુગોકૃત 'લા મિઝરેબલ' માંથી]

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨, તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

Reg. No. B. 3220.

સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

વાર્ષિક લવાજમ ૧-૮-૦ છુટક નકલ ૧ આનો.] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર [વર્ષ ૧ લું અંક ૧૪ મો. સોમવાર તા. ૧૬-૭-૩૪

આસંબીઆના અત્યાચાર સામે જનતાનો પ્રકોપ.

શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના હોલમાં તા. ૧૨-૭-૩૪ના રોજ રાત્રીના સાડા આઠ વાગે, આસંબીયામાં જૈનો ઉપર ગુજરેલા સીતમ માટે વિરોધ દર્શાવવા જૈનોની એક જાહેર સભા મળી હતી.

શ્રીયુત્ અમૃતલાલ દલપતભાઇ શેઠે સભાનું પ્રમુખસ્થાન લીધા બાદ **શ્રીયુત કૃપાળ જીવાણીએ** શરૂઆત કરતાં જણાવ્યું કે આપ સર્વે સારી રીતે જાણો છો કે આસંબીઆ (કચ્છ)ના ઠાકોરે ત્યાંના મહાજન ઉપર એક નજીવી બાબત માટે તે પણ પોતાનીજ હકીકાઇ માટે સીતમ ગુજાર્યો છે, વિગેરે વિગેરે વિવેચન કર્યું હતું. ત્યાર પછી **શ્રીયુત ગુલાબ-શંકર અમૃતલાલે** જણાવ્યું કે પોતે જૈન નથી છતાં પણ એક રાજસ્થાની કાર્યકર્તા તરીકે આ સ્થળે ઉભા થયા છે, એમ જણાવી પ્રાસંગિક વિવેચન કર્યું હતું. ત્યાર બાદ **શ્રી જૈન શ્વે. કો. ના સેક્રેટરી શ્રીયુત અમૃતલાલ કાળી-દાસ શેઠે** ઐકયતાની હાકલ પાડતાં જણાવ્યું હતું કે હું રાજસ્થાની પ્રજા નથી પરંતુ રાજસ્થ.ની બાબતોમાં મહને શ્રી. શેઠે તથા તેમના પડછાયારૂપ સૌરાષ્ટ્ર અને જન્મભૂમિએ રસ લેતો કર્યો છે. આપણે જાણીએ છીએ કે અહીં કરતાં ત્યાંની પ્રજામાં ઘણોજ કચવાટ, ઘણુંજ દુઃખ, ઘણોજ અસંતોષ છે. આપણે જો તેમને પીઠબળ આપીશું તો જરૂર તેઓ આવા જુલ્મોથી બચી શકશે.

આપણે આટલાં બધાં દુઃખો સહન કરીએ છીએ, અન્યાયો સહી લઇએ છીએ તેનું મુખ્ય કારણ તો આપણામાં **ઐકયતાનો અભાવ છે. સંગઠ્ઠનનો અભાવ છે. ઐકયતાની** આપણે વાતો ઘણી મોટી મોટી કરીએ છીએ અને તેને લગતા ઠરાવો પણ કરવા ભૂલતા નથી, પરંતુ તે બધા ઠરાવો કાગળ. ઉપરજ રહી જાય છે અને તેને લગતું કંઇપણ રચનાત્મક કાર્ય કરતાજ નથી.

ત્યાર બાદ **શ્રીયુત મનસુખલાલ હીરાલાલ લાલને** નિચેનો ઠરાવ મૂક્યો હતોઃ—

ઠરાવ ૧ લો—મુંબઇના જૈનોની જાહેર સભા આસંબીયાના ઠાકોરે અને તેના માણસોએ ત્યાંના જૈનો ઉપર કરેલા અત્યાચાર માટે સખ્ત રોષ જાહેર કરે છે. આ કીસ્સામાં જેને સહન કરવું પડયું છે તેમને તત્કાળ અને ચોકખો ન્યાય મળે એ ખાતર આ કેસ માટે સ્પેશીયલ મેજીસ્ટ્રેટ નીમવા. આ કામના ફરીયાદીઓને કાયદાની સંપૂર્ણ મદદ કચ્છમાંથી અને બહારથી મળે તેવી બધી સગવડ આપવા અને જાગીરદારો અને તેમની પ્રજા વચ્ચે આવા કિસ્સાઓ ફરીથી ન બને તે માટે હરેક પગલાં લેવાં તેઓ કચ્છના સત્તાધિકારીઓને વિનંતી કરે છે.

ઉપરના ઠરાવને ટેકો આપતાં **શ્રી. મણીલાલ** જેમલ શેઠે પ્રસંગોચિત ભાષણ કર્યું હતું અને તે ઉપરાંત અમીચંદ ખેમચંદ શાહે પણ જોરદાર વિવેચન કર્યું હતું.

ઠરાવ ૨ જો—ઉપરોકત ઠરાવ કચ્છના ના. યુવરાજને મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવે છે.

ઉપરના ઠરાવો ઉપર મત લેતાં સર્વાનુમતે તે પસાર થયા હતા અને પ્રમુખશ્રીએ પોતાનું વિવેચન શરૂ કર્યું હતું.

દરેક જગ્યાએ આ પ્રમાણેજ હોય છે કે "એક સત્તાધિશે—સત્તાધીકારીએ બીજા સત્તાહિન મનુષ્યો ઉપર અત્યાચાર ગુજાર્યો છે." આવી વસ્તુમાં જૈન શાસ્ત્ર એટલું

(અનુસંધાન પાને ૧૪૬)

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरई ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

—: તરૂણ જૈન. :—

સોમવાર તા૦ ૧૬-૭-૩૪

આસંબીઆમાં અત્યાચાર.

જૈન સમાજ એટલો નિર્બળ બન્યો છે કે તે પોતાનું રક્ષણ કરવાને પણ સમર્થ નથી. આ પરિસ્થિતિને પીછાણી સમાજ ઉપર એક પછી એક એમ ચો તરફથી હલ્લા આવતાજ જાય છે. એક બાજુ તીર્થરક્ષાનો પ્રશ્ન વિકટ બનતો જાય છે, જ્યાં જુઓ ત્યાં તીર્થો માટે ઝગડા ઉભાજ છે. ત્યારે બીજી બાજુ આંતરકલહની આગમાં આપેજ ધખે જઇએ છીએ. આથી આપણી શક્તિ ખૂબ ક્ષીણ થઇ ગઇ છે. આપણી આ નબળાઇ જોઇ બહારથી બીજી કોમ કે સમર્થ વ્યક્તિ આપણા ઉપર જુલ્મ ગુજારવામાં જરાયે બીનસલામતી માનતી નથી. આસંબીઆનો અત્યાચાર તેની સાક્ષી પૂરે છે.

"વાત એમ બની કે મહાજને પોતાના ઢોરો સીમમાં લઈ જવા માટે નવા ગોવાળને બોલાવેલો અને તેની સાથેજ ઢોરોને મોકલવાનું નક્કિ કરેલું, પરંતુ આસંબીઆના ઠાકોર સંગ્રામસિંહે પોતાના જુના ગોવાળ સાથેજ ઢોરોને મોકલવા અને નવા ગોવાળને ન મોકલવો. એ પ્રમાણે મહાજનને ફરમાવ્યું. આથી સમસ્ત મહાજને જણાવ્યું કે આપને આ બાબતમાં કોઇપણ જાતની ડખલગીરી કરવાની જરૂર છેજ નહિ. આવી રીતે બોલાચાલી થવાથી માત્ર વાર્ષિક ત્રણ હજારની આવકવાળા એ ઠાકોરે મહાજન ઉપર તથા ગોવાળો ઉપર પોતાના ભાડુતી માણસોદ્વારા હીચકારો હુમલો કરાવ્યો. આ અત્યાચાર આટલેથી ન અટક્યો પણ ત્યાં આજુબાજુ ઉભેલા અને રસ્તામાં જે હડફેટે ચઢયા તેમને પણ લાકડીઓથી નવાજ્યા, સીમમાં જઇ બેતરોમાં કામ કરતા બેડુતોને પણ ખૂબ ફટકાર્યા."

આમ આવી નજીવી બાબતમાં ત્રણ હજારની વાર્ષિક આવકવાળો ઠાકરડો મહાજન ઉપર અત્યાચાર કરે પોતાના મવાલીઓદ્વારા જૈનો ઉપર આફતોના વરસાદ વરસાવે એ બાબતજ આપણે માટે શરમાવનારી છે, આપણામાં જો સંપ હોય, વિખવાદ ન હોય, બાવડામાં બળ હોય તો કોની મગદુર છે કે આપણી સામે આંગળી પણ ચીંધી શકે ?

શ્રીયુત્ અમૃતલાલ શેઠ કહે છે કે "આજે તમે જૈનો કિચ્ચડના કીડા સમાન છો, તમો કિચ્ચડમાં જન્મ્યા છો અને કિચ્ચડમાંજ મરવાના છો. તમારી સૈકાજુની નિર્બળતા હમારાથી દુર થાય તેમ મને લાગતું નથી. પરંતુ હમે તમારી ભાવી પ્રજા માટે, તમારાં બચ્ચાંઓ માટે એ જાતનો વારસો મૂકી જાવ કે તેઓ ભવિષ્યમાં આવા સંગ્રામસિંહો કે રાજેંગારો સામે પોતે પોતાના આત્મબળથી સામનો કરી શકે, અને સાચા મનુષ્ય તરિકે જીવી શકે."

શેઠના આ શબ્દો પાછળ ખૂબ વેદના ભરી છે, આપણી આજની પરિસ્થિતિ તેમને માટે અસહ્ય છે. શા માટે આપણે આપણું રક્ષણ કરવા માટે તત્પર ન થઇએ ?

ખૂબ યાદ રાખવું જોઇએ કે દુનિયામાં નિર્બળોને જીવવાનો કશો હકકજ નથી. હમેશાં બળીયાના બે ભાગજ છે. આપણે આપણું સંગઠ્ઠન જમાવી અમોઘ બળ ઉત્પન્ન કરવું જોઇએ. વ્યાયામથી આપણા શરીરને કસવું જોઇએ. આંતરકલહને દફનાવી આગે કુચ કરવી જોઇએ. પછી સંગ્રામસિંહોની તાકાત શી છે કે આપણી સામે આંખ પણ ઉંચી કરી શકે, આપણે જો આપણા પગપર ઉભતાં શીખી જઇએ તો આપણને બીજાનું રક્ષણ માંગવાની જરૂર રહેશે નહિ.

આસંબીયાનો અત્યાચાર આપણે માટે હવે લાલ બત્તી લેખાવો જોઇએ. કાળ આપણને પોકારી રહ્યો છે કે 'હમે ચેતો ! નહિં તો આસંબીયા જેવા તો અનેક અત્યાચારો તમારા ઉપર થશે, તમારા બાળબચ્ચાં, તમારી સ્ત્રીઓ અને તમારી ખૂદની સલામતિ ભયમાં હશે એટલુંજ નહીં પણ તમારું અસ્તિત્વ કાયમને માટે મટી જશે" જ્યારે જગતના ઇતર સમાજો આજે બળવાન બની રહ્યા છે, સંગઠ્ઠન જમાવે આગે કદમ કરી રહ્યા છે. વ્યાયામથી શારીરિક સંપત્તિ મેળવી રહ્યા છે, અને પ્રતિસ્પર્ધિઓ જોડે તડજોડ કરવાની શક્તિ કેળવી રહ્યા છે ત્યારે આપણે સંગઠ્ઠનવિહોણા અને શારિરીક સંપત્તિમાં દીવાળું ફુંકી રહ્યા છીએ. પ્રતિસ્પર્ધિઓના અત્યાચારો મુંગે મોઢે સહી લેવાની ધૃષ્ટતા બતાવીએ છીએ. આ પરિસ્થિતિમાં હવે પલ્ટો આણવાની આવશ્યકતા છે. સ્થળે સ્થળે વ્યાયામશાળાઓ સ્થાપી તેમાં આબાલવૃધ્ધ સૈાએ તાલીમ લઈ પોતાનું રક્ષણ કરવાની શક્તિ મેળવવી જોઇએ. રૂઢિચુસ્તતા અને ધર્માંધતાને ધૂતકારી કાઢી નવી રોશનીનાં તેજ ઝીલી આપણું ગુમાવેલું સ્થાન આપણે પુનઃ પ્રાપ્ત કરવું જોઇએ.

આસંબીઆ જેવા બીજે સ્થળે પણ અનેક કિસ્સાઓ બન્યા છે કે જે જાહેર થયા નથી, આપણે જો જગતમાં જીવવું હોય તો આ સ્થિતિ મિટાવ્યેજ છૂટકો છે. આપણી સલામતિ આપણા બળ ઉપરજ નિર્ભર રહેવી જોઇએ. આત્મબળ ઉપર ઝૂઝવાની તાકાત કેળવવી જોઇએ. તોજ આપણે જીવી શકીશું.

નારી જીવનનાં જીવતાં દોઝખ.

(૨)

"સંયુક્ત કુટુંબ"ના સાસરવાસ.

ડાહ્યાભાઇ વી. મહેતા.

'સાસરવાસ' એટલે મીઠું, મધુરું, અનેક કોડભર્યું વનિતાઓનું વિશ્રામસ્થાન. એને દોઝખ કેમ કહેવાય? કુમારાવસ્થા ઓળંગી બાળા મુગ્ધાવસ્થામાં પ્રવેશ કરે ત્યારે ન સમજાય તેવા માનસિક ફેરફારો થાય. શરમ અને મૂંઝવણ વધી પડે, છતાં ઘડીએ ઘડીએ એ પલકાય. ભાવી સાસરવાસનાં આલ્હાદભર્યાં સ્વપ્નો આવે, ને તેને અંતરમાં શાન્તિ થાય–સુખ મળે. જેની કલ્પના માત્ર બાળાને અનેરો આનંદ આપે તેવા સાસરવાસને સ્વર્ગ શું કામ ન કહીએ?

સાચેજ સાસરવાસ તો સ્વર્ગ છેજ. બન્ને વિજાતીય હ�ૃદયના સાત્વિક જોડાણને સાચવનારૂં એજ સંગ્રહસ્થાન છે. દંપતિના દિવ્ય સ્નેહની અખંડ જ્યોત જગાવનારૂ એ આરામમંદિર છે. પણ એ સ્વર્ગ પુરૂષજાતના સ્વાર્થીય હેતુઓથી આજે નર્ક બન્યું છે. મંદિરને બદલે એ કેદખાનું થઇ બેઠું છે. મહિલાઓના સાસરવાસ ઝાઝા ભાગે "સંયુક્ત કુટુંબ"ના શંભુમેળામાં પરિણમતા હોઇ, એમના જીવનમાં નરસમાજે સુખ અને શાંતિ રહેવા દીધી નથી, સ્વાતંત્ર્ય અને આરામ તો સાથ ગુંટવીજ લીધા પછી, એમના માટે રહેવા દીધા છે, કેવળ કલહ અને કંકાસ, ગુલામી અને વિખવાદનાં ઉંડા ઉતરી ગયેલાં ઝેર. આજનો સાસરવાસ એટલે દંપતિના સર્વાંગિક વિકાસને રૂંધતો જંજીરો સહિતનો કાળો કારાવાસ.

રૂઢિનાં મુળો આપણા સમાજમાં એ કેટલાં ઉંડા ઉતર્યાં છે? એ જુનવાણી રૂઢિઓએ આપણા કયા સુખોનું સત્યાનાશ નથી વાળ્યું? ગૃહસંસારના પ્રથમ પગથિઆરૂપ આપણી લગ્નપ્રથાને પણ એ રૂઢિના ભૂતે કયાં છોડ્યું છે? આપણાં ચક્ષુ અને બુધ્ધિને અંધ અને બહાવરાં બનાવી મૂકી આપણા ગૃહસંસારની શરૂઆત કેવી કઢંગી કરી મૂકી છે? રૂઢિના સાવ ખોટા અને નિર્માલ્ય આધારો ઉપરથી ઉપજાવી કાઢેલી, નરનારીના હકોમાં ભેદભાવ પાડતી, અસમાન લગ્ન-પ્રથા, સ્ત્રીજીવનને પોલાદી એડી નીચે ચગદી નાંખવા સિવાય બીજું શું કરે છે? બાળાનો સાસરવાસ ચાર દિનના ચાંદરણા જેટલીએ ઠંડક શું કામ નથી મેળવતો?

લગ્નનો ઇજારો લગ્ન કરનાર પાસે નહિ, પણ લગ્નના સાણસામાં ફસાવનાર વ્યકિતઓ પાસે છે, એટલે માબાપ કે વડિલોના એક મનસ્વી તરંગે બાળકોના જીવનની હોડ રમાય; અને કોઇ બાળક બાળકીનાં સગપણ થયાં કહેવાય! અને પછી રૂઢિના કડક પાલને, જેની સાથે આખા જીવન સુધી અન્યોન્યનો સહવાસ—દિલ અને દેહનો—રાખવાનો છે, તેને જોવાય નહી અને મળાય નહી! લગ્ન પછીના પ્રથમ મિલને બન્ને ઓળખતાં થાય ત્યારેજ એક "વહુ" અને બીજો "વર" એક મિલકત અને બીજો માલીક છે એમ મને કે મને સમજાય અને અનેક આશાઓ ચૂર્ણ વિચૂર્ણ થયા પછી જીવનનાવ હંકારવાનું શરૂ થાય!

સંસ્કાર પામેલ ચેતનવંત કોઇ કુટુંબને અપવાદ તરિકે બાદ કરીએ તો સામાન્યતઃ સમાજમાંઆજે પુરૂષને સોળમે વર્ષે પતિ અને સ્ત્રીને ચૌદમે વર્ષે પત્ની બનવું પડે છે. સોળ વર્ષના બીનઅનુભવી પાસેથી કેટલી આશા રાખી શકાય? ન તો એની બુદ્ધિ વિકસીત થઇ હોય કે ન તો એ આર્થિક સ્વાતંત્ર્ય ભોગવતો હોય. એ બાપદાદાના જુના કુટુંબમાંજ વસતો હોય અને જુની પુરાણી ભાવનાઓમાં રાચતો હોય. એ બને છે જ્યારે જીવતા જાગતા પ્રાણીનો માલીક ત્યારે એનાં એ ચક્ષુઓ માલીકી હક પ્રાપ્તિના વિજ્યે ઉંચા કપાળે ચઢી જાય છે એની ફકત કુટુંબિઓ વશ ગુલામીપ્રિય ટુંકી બુધ્ધિ, નવી નાનકડી મિલકત ઉપર સામ્રાજ્ય ભોગવવા તલસી રહે છે, ત્યારે સાવ અજાણ્યા ગૃહમાં એકલી અટુલી ચૌદ વર્ષની સુકુમાર બાળાને નિરાધાર બની ગુલામોના ગુલામ તરીકે જીવન શરૂ કરવું પડે છે. પતિ બનેલા પુરૂષના માતા, પિતા, ભાઇભાંડુ, દાદા ને બીજા વડીલોનું બનેલું એક સંયુકત ટોળું નવવધુના–નવા ગુલામના જીવનના સુખના અણુએ અણુને ચુસી લેતું, એની આસપાસ છૂપી ચોકી કરતું–ફર્યા કરે; અને નિસ્તેજ બની જતી બાળા અંતરમાં ઉંડે ઉંડે વિભકત કુટુંબની ભાવી આશામાં દિવસો વિતાવ્યા કરે. **નારી જીવનપર અસહ્ય ત્રાસ વરસાવતું 'સંયુકત કુટુંબ' ચાંચીઆના ટોળા કરતાંએ એને વધુ ક્રુર નહીં લાગતું હોય!**

સ્વતંત્ર નહિ એવા ગૃહમાં નવવધુ, કુટુંબના બધાંએ જુના માનવો કરતાં કાંઇક ઉતરતા દરજ્જાનું પ્રાણી છે, એમ સૌ કોઇ વિચારતું થઇ જાય. સૌ કોઇ જેની જેમ ઇચ્છા આવે તેમ તેના તરફ હુકમ છોડતું ફરે. પુરૂષ વર્ગે તો હોંશીયારી વાપરી, જેમ હીરોજ હીરાને કાપે તેમ સ્ત્રિઓજ સ્ત્રિઓથી દબાય એવી યુકિતઓ વાપરી, ગૃહના હેડવોર્ડર જગદમ્બા સમી સાસુઓને નવવધુઓ ઉપર આક્રમણ સુદ્ધાં કરવાની તક આપી દીધી છે અને સાસુઓ પોતાના ઉપર પ્રથમે વિતેલી વિતકકથાઓ, આવું એકચક્રી રાજ્ય જમ્યા પછી શું કામ યાદ રાખે? ફરીથી એને વહુઆરૂ થોડુંજ બનવું છે?

સવારના પહેલા પહોરે સાસુનો ધાંટો થાય, અને થાકી–પાકી સૂતેલી પુત્ર-વધુ ઝબકીને જાગે. ઉઠતાં જરાક સમય થાય તો "એમના વખતમાં તો એ ચાર વાગે ઉઠી અડધું કામ પરવારી મૂકતી. અને આજની વહુઆરૂ તો આઠ વાગ્યા સુધી ધણીની સેાડ સાચવે"ના હીચકારા મ્હેણાંથી દિવસનું કામ રોજ શરૂ કરાવે. મુંગા પશુ જેમ બધુ સાંભળતી–સહન કરતી પુત્રવધુ કામે લાગે, પછી દિવસ દરમિયાન અનેક ટકોરો, માર્મિક શબ્દપ્રહારો, વધુના માતા–પિતાએ આપ્યા દીધાં કરકરિયાવરો વિષેના કટાક્ષો સંભળાવતી સાસુ કોઇ ભુખ્યા વરૂની જેમ બિચારી બાળાને પીંખતી જાય, અને સૌ કોઇનાં એઠા જુઠાં કામ, વાસણ, કપડાંલત્તાં અને બીજા અનેક કામકાજના ઢસરડાથી કોમળ બાળાને થકવીને

(અનુસંધાન પાનું ૧૪૨)

જૈન સાધુનું શકમંદ મરણ.

મુનીઓ અને ગુરૂ શ્રી ભક્તિવિજયની ગંભીર ગફલતી.

જૈનોની જાહેર સભાનો પોકાર.

પ્રસ્તાવના:—મુનિ નિપૂણવિજયજીના અવસાન અને ભક્તિવિજય તથા અન્ય સાધુઓની ગેરવ્યાજબી વર્તણુક સામે વિરોધ ઉઠાવનારાઓની એક સભા 'મુંબઇ જૈન યુવક સંઘ'ની આગેવાની નીચે માંગરોળ જૈન સભાના હોલમાં તા. ૧–૭–૩૪ જેઠ વદ ૪ ને રવીવારના રોજ રાત્રીના આઠ વાગે શ્રા. વીરચંદ મેળાપચંદ બાર-એટ-લોના પ્રમુખપણા નીચે મળી હતી.

આ અવસાન અંગે શ્રી. ભક્તિવીજયજી અને બીજા સાધુઓએ બતાવેલી વર્તણુકથી મુંબઇના જૈન સમાજમાં વ્યાપેલા રોષે લોકો ધસારાબંધ ઉતરી પડવાથી ઘણા ભાઇ-ઓને બહાર ઉભું રહેવું પડયું હતું.

શરૂઆતમાં યુવક સંઘના મંત્રીએ સરકયુલર વાંચી સંભ-ળાવ્યા બાદ પ્રમુખની ફરમાશથી ભાઈ **વલ્લભદાસ કુલચંદ મહેતા**એ ઠરાવ મૂકવા ઉભા થતાં જણાવ્યું કે મુનીશ્રી નિપૂણ-વિજયજી શકમંદ સંયોગમાં કાળધર્મ પામ્યા તે માટે શોક પ્રદર્શીત કરવા અને તેઓશ્રીના આત્માને શાન્તિ ઇચ્છવા એકત્ર થયા છીએ. મુનિશ્રી નિપુણવિજયજી વારંવાર તપ કરતા એટલે એક તપસ્વિ હતા, અને મરણ વખતે પણ છઠ અને આયંબીલનું તપ હતું. તેઓશ્રીનું આવા સંજોગમાં કાળધર્મ પામવાનું બને તેથી જૈન માત્રને જરૂર દુઃખ થાય એમ હું માનું છું.

જે સંજોગોમાં એટલે કે ત્રણ સાધુઓ સાથે વિહાર કરે છે, શેઢી નદીના પૂલ સુધી સાથે છે તેમ કેશવલાલભાઇ સાક્ષી પૂરે છે. અને ત્રણે સાધુ સાથે હતા તેમ મુનિ ભક્તિવિજય પોતે તેમના (નિપૂણવિજયના) સંબંધીપર જણાવે છે. ત્યારબાદ જંગલમાં રસ્તાથી દુર સરકારી પડતર જમીનમાંથી ત્રણ-ચાર દિવસ પછી નિપૂણવિજયજીની લાશ અર્ધ ખવાઇ ગયેલી અને લાશમાં કીડા બદબદતા હતા તેવી સ્થિતિમાં હાથ આવે છે તે બીના જૈન સમાજને શરમાવનારી છે. સત્ય હકિકત તપાસવાને બદલે જે જાહેરાત થાય છે તે કોકડુ વધારે ગુંચવે છે. જો અસ્વસ્થ મગજ હતું તો સાથેના મુનિવરોની બમણી ફરજ હતી કે સાચવીને ગામ ભેગા કરે. પરંતુ તેવી દશામાં જંગલમાં મૂકીને વિહાર કરી જવો તેનો અર્થ દીવાના માણસને જંગલમાં ભટકારી મૃત્યુને ભેટવા ત્યજી દેવા જેવું થાય છે, પરંતુ તેઓ દીવાના હતા તે હકિકત સત્યથી વેગળી છે. હાર્ટફેઇલ થાય તો રસ્તાપરજ હોય. અને હલ્લે જવા દૂર ગયા હોય તો આચાર્યજી, પુસ્તકો અને પાતરાં શરીરપર બાંધેલાં ન હોય. તેવા તકેદી જતા કરીએ તો પણ માતર પહોંચતાં મુનિ ભક્તિવિજયજીએ કેમ ન પુછ્યું કે એ સાધુજ કેમ આવી પહોંચ્યા! અરે! મજુરનેજ પાછો તપા-સવા કેમ ન મોકલાવ્યો? છેવટે સવારના પોટકું મૂકતી વખતે પણ તપાસ કરવાનું યાદ ન આવ્યું? આ હકિકત જાહેર તપાસ માગે છે, અને ખાસ કરીને મહારાજ શ્રી ભક્તિવિજયજીની સહીથી વિગતવાર ખુલાસો બહાર પાડવાની જરૂર છે એમ જૈન સમાજ માને છે. બીજા પણ ખુલાસા તેમણે કરવા ઘટે છે કે (પ્રથમ કલેશ હતો કે? અને તે અમદાવાદમાં પતાવવામાં આવ્યો હતો?) જેથી જૈન સમાજને સંતોષ થાય.

મારે જે ઠરાવ રજુ કરવાનો છે તે તો માત્ર મનુષ્ય-દયા પૂરતો છે. મુનિવરો માટે દરેક જૈનને જરૂર માન છે. કોઇ એક મુનિવરનો કે નિપૂણવિજયજીનો માત્ર આ સવાલ નથી. પરંતુ વૃધ્ધ કે અસ્થિર મગજમાં સાધુ જંગલમાં પાછળ રહી જાય અને ચાર ચાર દીવસ સુધી તપાસ કરવાનું પણ ન કહેવામાં આવે તો મનુષ્ય તરીકેની તે ફરજ ચૂકે છે. આવા બનાવ આખા જૈન સમાજને ખરેખર કલંકરૂપ બને છે. તેવી મનુષ્યની ફરજ બજાવવામાં ભૂલ થઇ છે તેવા વર્તન પરત્વે દુઃખની લાગણી પ્રદર્શીત કરવા એકત્ર થયા છીએ. તેમાં કોઇપણ મુનિપર આક્ષેપ કરવાનો હેતુ નથી. પરંતુ તપાસને અર્થે અને દયાર્દ્ર હૃદયને બદલે આવી રીતે બેપરવાઈ બતાવાય તેથી ઉત્પન્ન થયેલી જૈનોની લાગણી બતાવતો નીચે મુજબ ઠરાવ રજુ કરૂં છું.

ઠરાવ:—બેડા અને માતરની વચમાં મુનિશ્રી નિપૂણવિ-જયજીનું શકમંદ સંયોગોમાં મૃત્યુ થયું તે બદલ આજની સભા શોક પ્રદર્શિત કરે છે અને મહુમના આત્માને શાન્તિ ઇચ્છે છે.

અને તે પ્રસંગે તેમની સાથે વિચરતા મુનિઓએ તેમજ તેમના ગુરૂશ્રી ભક્તિવીજયજી સમીવાળાએ મુનિશ્રી નિપૂણ-વિજયની લાંબા વખત સુધી તપાસ નહિ કરવા માટે શ્રી ભક્તિવિજયજી ગુરૂ તરીકેની ફરજ બજાવતા ચૂકયા છે. એટલુંજ નહિ પરંતુ ભક્તિવિજયજી અને નિપૂણવિજયજીની સાથે વિચરતા મુનિઓ એક મનુષ્ય તરીકેની સામાન્ય ફરજ પણ ચૂકયા છે તે તરફ આજની આ સભા સખ્ત અણગમો અને રોષ જાહેર કરે છે.

ઠરાવને ટેકો આપતાં શાહ અમીચંદ ખેમચંદે જણાવ્યું કે તમારી સન્મુખ જે દરખાસ્ત મુકાઇ છે તેને ટેકો આપવા હું ઉભો થયો છું. મુનિ નિપૂણવિજયના અવસાનનો કરૂણ

પ્રસંગ જાહેર છાપાઓમાં વાંચતાંજ કોઇપણ જૈનને લાગી આવ્યા વિના નહી રહે. આ પ્રસંગ, આ શકભરેલું મૃત્યું, અને શબની ભયંકર સ્થિતિ કોની ભૂલે થઇ. કોની બેપરવાઇએ થઇ. જેઓ શિષ્યો મૂંડતી વખતે અનેક પ્રકારના સંધીયારા આપે છે તેવા ગુરૂજીની ભૂલે થઇ.

તમે તમારી સ્મરણશક્તિથી યાદ કરશો તો આવી રીતે કોઇ મુનિવરનું અવસાન સાંભળ્યું છે? ચાર ચાર દિવસ સુધી વગડામાં શબ પડ્યું રહે, જંગલી જનવરો હાથપગ છુંદી નાંખે, આખું શરીર કીડાથી ખદબદે, પાસે જતાં નાક ફાટી જાય તેવી દુર્ગંધ મારે તેથી દુરથી મૃત શરીરપર લાકડાં નાંખી અગ્નિસંસ્કાર દેવામાં આવે. આ પ્રકારની ભયંકરતા ઉભી થવામાં તેમના ગુરૂની ન સહન થઇ શકે તેવી બે પરવાઇ-ભરેલી વર્તણુંકથી આખા સમાજને શરમાવા જેવું બન્યું છે.

તમે 'આ મારા ગુરૂ છે' 'આ શેઠ છે' આ કલાણા છે માટે કેમ બોલાય. એ માન્યતામાં ઉતરવા પહેલા એટલોજ વિચાર કરજો કે આ મૃત દેહની અવદશા થવાનું કોના લીધે થયું. ત્યાંજ સીધો જવાબ મળશે કે તેમના ગુરૂ અને સાથેના સાધુઓની બેપરવાઇથી તો એ બે પરવાઇ ચલાવી લેવા માંગો છો. આજે ભક્તિવિજયે ગંભીર ગુન્હો કર્યો છે. તે કાલે બીજા ન કરે તેમ ભક્તિવિજય ફરીથી આવી વર્તણુંક ન ચલાવે તે ખાતર આપણે આપણો અવાજ રજુ કરીએ છીએ. ત્યારબાદ પ્રમુખે ઠરાવ પાસ થયેલો જાહેર કરી લગભગ અઢી કલાક નીચે મુજબ વિવેચન કર્યું હતું.

આજની સભા એવા પ્રસંગ ઉપરથી નથી મેળવવામાં આવી કે ઉત્સાહ અને ઉલ્લાસથી લાંબા ભાષણો કરી શકાય. આજે એવા પ્રસંગ માટે આ સભા મેળવવામાં આવી છે કે જેથી એક જૈનને તો શું પણ જગતમાં રહેતી કોઇપણ વ્યક્તિને પોતાને મનુષ્ય કહેવડાવવાને પણ શરમ ધરાવતી હોય તેને પણ ખેદ અને દુઃખની લાગણી ઉત્પન્ન કરાવે તેવો છે.

ખેદ અને લાગણી દર્શાવવાના પ્રસંગપર કંઇપણ કહેતા પહેલા હું પ્રથમ કોઇપણ ગેરસમજુતી ન થવા પામે તેટલા માટે હું ભારપૂર્વક એક વાર સ્પષ્ટ કરવાની જરૂર જોઉં છું અને તે એ કે આજે આ ખેદ અને દુઃખની લાગણી દર્શાવતાં અમે કોઇપણ વ્યક્તિ પ્રત્યે કે કોઇપણ સાધુ પ્રત્યે અમારો વિરોધ કે રોષ નથી દર્શાવતા પરંતુ જે કોઇ કાર્ય જૈન સમાજની અંદર થતું હોય અને તે કાર્યથી જૈન સમાજની અને જૈન ધર્મની આબરૂની હાની થતી હોય તો તે પ્રત્યે અમારો વિરોધ જાહેર કરવો તે અમારી ફરજ છે એમ અમે સમજીએ છીએ. હું એમ નથી કહેવા માંગતો કે મુનીશ્રી નિપૂણવિજયજીનું અવસાન કોઇ વ્યક્તિથી ઇરાદા-પૂર્વક થયું છે. કારણ કે હજુ એના પુરાવાઓ મ્હારી પાસે નથી.

હું જે માંગુ છું તે એ છે કે જે વખતે ત્રણ સાધુઓ સાથે વિહાર કરતા હોય તેમાંથી એક સાધુ બીજા બેની જાણમાં પાછળ પડે છે, બીજા બે સાધુ ગુરૂની પાસે પહોંચે છે. બાકીના ત્રીજા સાધુ વિહાર કરતા રસ્તામાં પાછળ પડે છે અને જ્યાં બીજા બે ગુરૂની પાસે પહોંચે છે અને પાછળ રહેલા નથી આવી પહોંચતાં છતાં તપાસની ગોઠવણ થતી નથી.

જો તપાસ કરવામાં આવી હોત અને ગુરૂએ ગુરૂ તરી-કેનો ફરજ બજાવવાનો પ્રયત્ન કીધો હોત અને સાથેના બે સાધુઓએ જો મનુષ્ય તરીકેની ફરજ બજાવવાનો પ્રયત્ન કીધો હોત તો આજે આ દુઃખદ પ્રસંગ ઉપસ્થિત નહીં થાત.

કહીએ કરી શકાય નહિં કે માન્ય રાખી શકાય પણ નહીં કે તપાસ કરવામાં આવી હોય કે આ સાથે વિચરતા સાધુ કયાં અને કેવી રીતે અને કેવા સંજોગોમાં રસ્તામાં અટકી પડયા. આ તપાસ જો થઇ હોત તો આ બીચારા સાધુનું આવું દુઃખદાયક અને કરૂણાજનક મૃત્યુ નહીં થયું હોત.

હું માનું છું કે એકેએક જૈનની જૈન તરીકે તો શું પરંતુ મનુષ્ય તરીકે પણ ફરજ છે કે આવા પ્રસંગો બનવાને માટે બેદની લાગણી પ્રદર્શીત કરવાની ફરજમાંથી ન ચૂકે.

જૈન સમાજ કાયરોનો સમાજ નથી પરંતુ વીરપુરૂષોનો બનેલો સમાજ છે. કાયરતા અને નિર્માલ્યતાને એ સમાજમાં સ્થાન હોવું નહીં જોઇએ. આપણને કોઇપણ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નથી પરંતુ જો કોઇપણ વ્યક્તિ જૈન સમાજની કે જૈન ધર્મની હાંસી થવાના પ્રસંગો ઉપસ્થિત કરે તો તેવે સમયે પછી ભલેને તે વ્યક્તિ મહાન પદવીધારી હોય કે મહાન ધનાઢય હોય તે પરત્વે જરૂર આપણે આપણો પ્રમાણિક વિરોધ દર્શાવવો જોઇએ. એમ કરતાં ચૂકવું એમાં હું નિર્માલ્યતા માનુ છું.

સાચો જૈન સાધુ જૈનોને વંદનિય છે એટલુંજ નહિં પરંતુ જગતને પણ વંદનિય છે. જૈન સાધુના કર્તવ્યો એથીજ આદર્શરૂપ હોવાં જોઇએ. જ્યારે એક સાધુ પોતાની ગુરૂ તરીકેની ફરજ ચુકે એટલુંજ નહિ પરંતુ મનુષ્ય તરીકેની ફરજ ચૂકે ત્યારે અન્ય ધર્મીઓ આગળ અને અન્ય કોમો આગળ જૈન સમાજની હાંસી થાય એ સ્વાભાવિક છે. હું ઇચ્છું છું કે આવા પ્રસંગો નહીં બને કે જેથી આપણા સમાજની અને ધર્મની હાંસી થાય.

વિલાયતના મ્હારા પ્રવાસ દરમિયાન ઘણા યુરોપીયન વિદ્વાનો કે જેઓ જૈન ધર્મની અંદર અતુલ જ્ઞાનકાર અને રસ લેનાર હતા તેઓને આપણી કોમ અને આપણા ધર્મને માટે હંમેશાં બહુજ ઉંચા વિચારો ધરાવતા મ્હેં જોયા છે. જ્યારે આવા વિદ્વાનો અગર બીજા કોઇપણ વિદ્વાનો કે જે જૈનસમાજ પરત્વે માન અને પ્રેમની લાગણીથી જુવે છે તેઓની જાણમાં જ્યારે આવા અનિચ્છીત અને દુઃખદ પ્રસંગો આવે ત્યારે તેને એ માન અને પ્રેમ કેટલો વખત ટકી રહે એ વિચારવા જેવું છે. તેથીજ ફરીને આ બનેલા દુઃખદ પ્રસંગ માટે અમારો સખ્ત વિરોધ અને સાથે સાથે ઇચ્છીએ છીએ કે મહુમના આત્માને પ્રભો શાન્તિ અર્પે.

બાદ સભાનું કામકાજ પુરૂ થતાં પ્રમુખે સભા વિસર-જન કરી હતી.

[redacted]

(૧૩૯ મા પાનાનું અનુસંધાન)

લોથ જેવી બનાવી મૂકે, અને આટલાથીજ જો એની પૂર્તિ થતી હોય તોએ સારૂં, કાં તો અભ્યાસ કરતો હોય કે કાં તો પાંચ પંદરની નોકરી કરતો હોય, કે કાં તો ઘરની હાટડીએ પડ્યા પડ્યા તરંગી વીચારો કરતો ગાદી તકીઆ ફાડતો એવો પતિ–એનો માલીક આવે ત્યારે અચાનક ગૃહ જાણે કોર્ટના રૂપમાં ન ફેરવાઇ જતું હોય ! જમવાને પાટલે બેઠેલો પતિ માબાપ અને ભાઇભાંડુને સાંભળી જેનું કોઇજ સાક્ષી નહી એવી પુત્ર-વધુના વિરૂધ્ધનો અભિપ્રાય બાંધે, અને પતિને કઇ શિક્ષા કરવી એના વિચાર વમળે ચડે, અને પતિ બચાવ કરીને પણ જાય ક્યાં ? અને બચાવ પણ કોની પાસે ચાલે ? નાદાન માવડિયો છોકરો, પતિએ કહેલી કોઇપણ વાત પેટમાં ટકાવી રાખી શકેજ નહીંને ! પુત્ર જો મોટી ઉમરનો અને કમાતો હોય તોએ એની પત્નીને તો સાસુના ત્રાસમાંથી "સંયુક્ત કુટુંબ"માં બચવાનું તો નહીંજ. "પતિને ભરમાવનારી, પતિનું રળેલું પિયરમાં ભરનારી, અને પતિની કમાણી પડયે પડયે ખાનારી"ના મ્હેણાં મારતી, છતાં દીન અને દુઃખી બની જવામા પાવરધી બુઢ્ઢી ભલભલા પુત્રોને તેમની પત્નિઓ વિરૂધ્ધ કર્યા ઓછું ભરમાવે છે ? સાસુના ત્રાસે તો કંઇક નહી સહન કરી શકતી નાજુક બ્હેનોએ માવડીયા ભરથારનો સંબંધ ત્યાગી પિયરનો રસ્તા લીધા છે; અને આકળા સ્વભાવની–કોઇનું એ સહન ન કરી શકે તેવી અબળાઓએ ખુબ શેકાઇ–રીબાઇ–તવાઇ આખરે આત્મહત્યાનું પાપ પણ વ્હોરી લઇ, આ જીવતા નર્કમાંથી છૂટવાની હિંમત કરી છે. સાસુના ત્રાસ કરતાં મૃત્યુ એને ભયસુચક નથી લાગતું એજ સાસુના સીતમોનો ખ્યાલ આપે છે. ખરેજ સાસુપદે બિરાજતી સ્ત્રી આપઘાતપ્રેરક પ્રાણી બની બેસે છે.

પતિની બ્હેનના ત્રાસ તો સાસુ કરતાંએ ઓછાં નથી. સાસુ તો કોઇ દિવસ વહુના ઉપર રીઝે, અને નમતું મુકે, પણ નણંદનું ભાભી ઉપરનું વર્ષો જુનું હાડવૈર તો ભાભીના તાણાવાણાંજ એંચી કાઢે. "સંયુક્ત કુટુંબમાં છે, અને હજી માબાપ બેઠાં છે, અને ભાભી આવી નીકળી તો કોણ જાણે માબાપના ગયા પછી ઘરની આબરૂનું શું એ કરશે ? ભાઇ તો બિચારો ભોળો છે, અને એ તો પાખંડી છે, ભાઇનું બળે એટલે બોલવું પડે નહિતર એના ઉપર થુંકે પણ કોણ ?" આ અને આવું કેટલુંયે વિશેષ એક તુંડમીજાજી નણંદના, સાવ સુશીલ, ડાહી, અને સંસ્કારી ભાભીને ઉદ્દેશીને બોલાયેલા શબ્દો.

"સંયુક્ત કુટુંબના ઓઠા તળે એ પુરૂષવર્ગે એટલે કેટલાયે પતિના પિતા, દાદા કે વડિલોએ તો નિરાધાર પુત્ર-વધુઓના ઉપર કાળો કેરજ વર્તાવ્યો છે. બીચારી અબળાઓ એ ગર્ભ બુધ્ધિવાન વડિલોની પગચંપી કરે, સેવા ઉઠાવે, અને પડ્યો બોલ ઝીલવા ખડેપગે તત્પર રહે, છતાંએ કોઈ વિકારવશ શ્વસુરે પુત્રીતુલ્ય પુત્રવધુના ઉપર અત્યાચાર કર્યા નથી ગુજર્યો ? પોતા તરફ અડગ ફરજ સમજી કોઈ પુત્ર થોડું બોલે, અને નિર્માલ્યતા સમજી પુત્રવધુ સાથે ચેડાં કરવા જતાં, શિયળરક્ષણના કટોકટી પ્રસંગે પુત્રવધુના હાથના તમાચા ખાઇ કોઇ શ્વસુરે ફજેતીના ડરે ગમ ખાધી છે એવું પણ ક્યાં નથી બન્યું ? અને વડિલો એ આશ્રિતો ઉપર અખંડ ચોકી કરવા પુત્ર અને પુત્રવધુના બાનગી સહવાસની એના વિરૂધ્ધ થતી કે વિરૂધ્ધ થતી માની લેવાતી ગુપ્ત વાતો લાજ–શરમ છોડી બારણે ઉભા રહી કાન દઈ સાંભળવા પ્રયત્નો ક્યાં નથી કર્યા ? અને કોઇ પુત્રના પરદેશગમને પુત્રવધુની નીરાધારીતાનો લાભ લઈ, પોતાની હૈયાત પત્ની છતાં અને કેટલીક જગ્યાએ તો એ પત્નીનીજ પ્રત્યક્ષ કે પરોક્ષ સહાયે પુત્રવધુની સાથે ગેરસંબંધ બાંધ્યા પછી જ્યારે કુદરતે પાપ પોકારવા માંડ્યુ ત્યારે પુત્રને ઝુરતો કરી પુત્રવધુને વિષ દેવામાં એ કોઇ હિંસક, નરપિશાચ શ્વસુરને કંપારીએ નથી છુટી. પુત્ર સ્વતંત્ર ગૃહ નહી નીભાવી શકતો હોઇ, સંયુકત કુટું-બના આશરાએ રહે ત્યારેજ પુત્રવધુઓ ઉપરના આવા છાના અત્યાચારો શકય થઇ પડે છેને ? અને પુત્ર ખૂબ રળતો હોય છતાં પણ સંયુકત કુટુંબમાં હોય તો વિકારવશ વડિ-લોથી પત્નીને બચાવવાનો એને કોઇ રાહ સુઝે તેમ છે ? વિભકત કુટુંબના સુખભર્યા માર્ગે વિહરવા સિવાય ?

"સંયુક્ત કુટુંબ"માં નારીજીવન ઉપર બીજાં પણ કેટલાંએ દુઃખો છે. પ્રતિદિન પ્રગતિ કરતા નવ-યુગના પવનમાં ફરતા પતિદેવ, પત્ની પણ સંસ્કારી બને, જુનવાણી રૂઢિને ઉખેડી મુકે અને સ્વમાનશીલ બની જીવન જીવે એમ સહજ ઇચ્છે, ત્યારે રૂઢિચુસ્ત વડિલો અને સાસુની ભેખડમાં ફસાયેલી, અને થોડાક પ્રમાણમાં પ્રગતિ માત્રને આફત સમાન લેખતી એ પુત્રવધુની સ્થિતિ તો સુડી વચ્ચે સોપારી જેવીજ થાયને ? પતિ અને પત્નીના આંતર-કલહ પણ એવા કુટુંબમાં રહેવાથીજ થાયને ?

સંયુકત કુટુંબના રિવાજો પણ વિચિત્ર અને જંગલી. પુરૂષ તો સાવ કોરો કાટ, અને સ્ત્રીનેજ બધું લાગે વળગે. નજદિકનું કે દુરના કોઇનું અવસાન થાય તો પુત્રવધુથી ઉનાળાના ખરા બપોરે કે શિયાળાની રાત્રીની કડકડતી ઠંડીમાં ચંપલ પહેરાય નહીં ! ચોમાસાની ભર વરસાદની ઝડીમાં છત્રી તો શું પણ માથે કપડું પણ રખાય નહી ! ઉંચા કુળના, અને સાસુ સસરા હૈયાત માટે અમુક કાળાં વસ્ત્રો તો પહેરવાંજ અગર નજ પહેરાય !

પુત્રવધુએ ભલે લગ્ન ટાણે છટકી જઇને લાજ–ધૂમટો ન ખેંચ્યો હોય પણ સાસુના સામ્રાજ્યમાં આવ્યા પછી એના કુટુંબની કીર્તિ સાચવવીજ જોઇએ ! પુત્રવધુએ દરેક નાના મોટાની લાજ કાઢવીજ જોઇએ ! અને સૌ કોઇ મોટાની પગચંપી કરવા તત્પર રહેવું જોઇએ ! આ એમનું કુળાભિમાન !

વળી એક આજના યુગને હાસ્યાસ્પદ લાગતી પણ ખૂબજ પ્રચલીત માન્યતા એ છે કે દરેક પુત્રવધુને લગ્ન પછી તરત બાળક થવુંજ જોઇએ. જો એમ ન થાય તો સંયુકત કુટું-બના સત્તાધીશો એને એ બદલ ગુન્હેગાર ગણે ! કોઇ અપશુકનિયાળ કહે, કોઇ અશુભપગી કહે, અને કોઇ તો એથીએ આગળ વધીને એલફેલ બકે. જો એને બાળક થાય પણ જીવતાં ન રહે તો એ કુટુંબના માણસોને એનું વર્તન વિચિત્ર લાગે, અને એને કોઇ અનેરી ઉપમા આપે. જો

(અનુસંધાન પાનું ૧૪૪)

નિપૂણવિજયજીનું ભેદભર્યું અવસાન.

સાથીદાર મુનિવર્ગનો એકરાર—તપાસ કરી નથી.

ખેડાથી માતર જતાં જંગલમાં મુનિ નિપૂણવિજયજીનું શંકાસ્પદ સંજોગોમાં અવસાન થયું. અને જૈન કોમ અને ખાસ કરીને તેમના ગુરૂ અને શિષ્યમંડળને નિચું જોવરાવે તેવી ઘટના બની છે. તપાસ કરાવી નથી તે બેદરકારી માટે દીલગીરી બતાવવાને બદલે પં. શ્રી ભક્તિવિજયજી તથા તેમના બે શિષ્યો જે રીતે હકિકત રજુ કરે છે તે અજાયબ પમાડે તેવી છે, અને ગુંચવાયેલ કોકડાને વધારે ગુંચવે છે.

લાંબા સમય સુધી મૌન સેવ્યા બાદ ભક્તિવિજયજીના સંઘાડા તરફનો ખુલાસો બહાર પડે છે તે પં. શ્રી ભક્તિવિજયજીનો છે તેમ તેમના શિષ્યો લખે છે. તે અધુરો છે તેમ પણ તેમના શિષ્યોજ લખે છે. (જે ખુલાસાના આધારે શ્રી. બાપાલાલ જુદુંજ સ્વરૂપ આપવા મિથ્યા પ્રયત્ન કરે છે.) અને તેટલા માટે અસંતોષકારક છે.

ખુલાસામાં વિરોધઃ—ગુરૂજી, મુનિ નિપૂણવિજયજીને અસ્થિર મગજના એટલે કે દિવાના કે ગાંડા ગણાવે છે. શિષ્યો તેમને સ્વતંત્ર મગજના કહે છે. (શું સ્વતંત્ર મગજના એટલે ગાંડા-દિવાના ?)

તપાસ ન કરવાના બચાવ તરિકે પાછળ રહેવાની 'ટ્રેવ' રજુ કરે છે. જુદા પડવા માટેનો બારેજા નજદીકનો દાખલો આપતાં ખરા બપોરનો સમય અને રસ્તામાં રોકાયા. તાપને લીધે વૃધ્ધ અને અશકત હોવાથી ચાલી ન શકયા હોય તે બનવાજોગ છે. પરંતુ આ બાબતમાં પાછળ રહેવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. સાડા પાંચ વાગે ખેડાથી રવાના થાય છે. દોઢ માઇલ પછી ખેડાના ગૃહસ્થ પાછા ફરે છે. ત્યારબાદ વિસામો લેવાની ફરજ પડે છે. ત્યારે માતરથી ત્રણ માઇલ દૂર હોય છે. ત્યારબાદ એકાદ માઇલ આગળ જતાં મજુર મળે છે. માતર બે માઇલ દૂર છે, સહેજે સાડાસાતનો એટલે રાત્રીનો સમય થયો છે. તે બે માઇલ વચ્ચે બીજું કોઇ ગામ આવતું નથી એટલે પાછળ રહેવાની ટેવ હોય તો પણ તે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તે ઉપરાંત રાત્રીનો સમય હોવાથી તપાસ કરવાની વધારે ફરજ થઇ પડે છે.

જુદા પડવાની હકીકત તો સર્વથી વધારે અજાયબી પમાડે તેવી છે. કારણ કે મજુર કહે છે કે "મહારાજશ્રી આગળ ગયા." એટલે એક બીજાને જોઇ શકે તેટલા નજીક ચાલતા હતા. નિપૂણવિજયજીને મજુર ટુંકો રસ્તો બતાવતો નથી. ઉલ્ટા બંન્ને સાધુઓના માર્ગ જુદા કરવા પાછળના સાધુને ટુંકો રસ્તો બતાવે છે. સડકને રસ્તે ગયા કે ટુંકે રસ્તે ગયા તેની ગોળગોળ વાતો કરે છે. આ ઘટના સંબંધી વિચાર કરતાં એમ દેખાય છે કે આ હકિકત પાછળથી ઉભી કરવામાં આવી છે અને જુદા રસ્તે ગયા છે તેમ બતાવવા મજુરને હથીઆર બનાવતા હોય તેમ દેખાય છે.

ગામમાં તપાસ કર્યા પછી તો ખાત્રી થઇ ગઇ કે રાત્રીના મોડા સમય સુધી બે માઇલ પહોંચ્યા નથી. વચ્ચે ગામ આવતું નથી માટે કાંઇ ભેદ ન હોય તો તપાસ કરવાની સર્વથી વધારે અગત્યતા ઉભી થાય છે. છતાં નિપૂણવિજયજી આવ્યા નથી તેની કલ્પના પોતાનાજ લખાણથી વિરોધી અને બેહુંદી છે. કદાચ ટુંકા રસ્તાથી બેડા ગયા હોય તેમ માની લઇએ. પરંતુ આગળ તેઓ પોતેજ લખે છે કે "માતર જવાના ટુંકા રસ્તામાં આવતો શેઢી નદીનો કાચો પુલ આગલા દિવસે કાઢી નાંખવામાં આવેલો હોવાથી અમો પાંચે પાકા પુલના રસ્તે ચાલ્યા" ત્યારે રાત્રીના સમયે તે નદી ઓળંગી કઇ રીતે બેડા પાછા જવાની કલ્પના સાચી ઠરાવવા માગે છે તે કોઇના મગજમાં ઉતરે તેવી હકીકત નથી. આવા બચાવથી તો દરકારપૂર્વક તપાસ નથી કરાવી અને વિહાર લંબાવ્યો છે તેથી માન્યતાને ટેકો મળે છે. વખતોવખત આગળ પાછળ વિહાર કરવાની મગજની સ્થિતિ. અને એકજ સ્થળે પણ સાથે ન રહેવાની ટેવપર જે રીતે ભાર મૂકવામાં આવે છે તે શું આંતરકલેશનું પરિણામ હતું ? એમજ હોય તો સહેજે કલ્પના થાય છે કે શંકાસ્પદ સંજોગમાં નિપૂણ-વિજયજી કાળધર્મ પામ્યા છે તેમ મોટા ભાગે લોકો માને છે, અને વીરશાસનનું એવું વર્ણન તેને ટેકો આપે છે.

આ ઉપરથી સમજાશે કે તપાસ કરવાને બદલે પં. શ્રી ભક્તિવિજયજી તથા સાથેના સાધુઓએ વિહાર આગળ લંબાવ્યો છે, તેની ભૂલ સ્વીકારી દીલગીરી બતાવવાને બદલે ગુરૂ અને શિષ્યોને નામે જુદાં જુદાં સ્ટેટમેન્ટો આપીને કોકડું વધારે ગુંચવ્યું છે અને કરારદાપૂર્વક બેદરકારી બતાવી છે. તો આ મરણ કયા સંજોગોમાં બન્યું છે તે ઘટનાનો વધારે વિચાર કરતાં એમ લાગે છે કે આ ઘટના વધુ જાહેર તપાસની અપેક્ષા રાખે છે. જેથી આવો ભયંકર બનાવ ફરી પણ બનવા ન પામે.

વલ્લભદાસ કુલચંદ મહેતા.

(૧ લા પાનાનું અનુસંધાન)

બધું આગળ વધેલું છે કે કોઇને જરા પણ દુઃખ થતું હોય તો તે નિવારવા બનતી મદદ કરે.

"જૈન ધર્મ એ મનુષ્ય હૃદયનું ઉંડામાં ઉંડું પ્રતિબીંબ છે. કારણ કે જૈનો આત્મામાં અનંત શકિત માને છે, માટે દરેક જૈને પોતાને અનંત શક્તિવાળો સમજી કોઇની દયા ઉપર કે કોઇના અહેશાન ઉપર નહિં નભતાં પોતાના ઉપરજ ટટ્ટાર બનવું જોઇએ. અને ત્યારેજ તે સાચો જૈન કહેવાય."

"આજે તમે જૈનો કીચડના કીડા સમાન છો. તમો કીચડમાં જન્મ્યા છો અને કીચડમાંજ મરવાના છો. તમારી બેફાજુની નિર્બળતા તમારાથી દૂર થાય તેમ મહને લાગતું નથી. પરંતુ હમે તમારી ભાવી પ્રજા માટે, તમારા બચ્ચાઓ માટે એ જાતનોવારસો મૂકી જાઓ કે તેઓ ભવિષ્યમાં આવા સંગ્રામસિંહો અને બેંગારો સામે પોતે પોતાના આત્મબળથી સામનો કરી શકે અને સાચા મનુષ્ય તરીકે જીવી શકે !

ગુરૂઓનાં કૃત્યોપર ઢાંકપીછોડો.

સવિહારી સાધુઓની ગંભીર ભુલનું દુઃખદાયક પરિણામ.

શ્રી નિપૂણવિજયના શકમંદ મૃત્યુ અંગે માંગરોળ જૈન સભાના હોલમાં જૈનોની મળેલ જાહેરસભા અંગે સોસાયટી આગેવાન બાપાલાલે "સત્ય હકિકત રજુ થઇ નથી" એ મથાળા નીચે મુંબઇ સમાચારમાં કરેલ ખુલાસો સમાજને ખોટે રસ્તે દોરનારો હોવાથી ખુલાસો કરવાની જરૂર જણાય છે.

મીટીંગની શરૂઆતમાં વલ્લભદાસ મ્હેતાના ભાષણમાં ડખલગીરી કરવાના ઇરાદાથી બાપાલાલે કહ્યું કે "જૈન"માં ભકિતવીજયનો ખુલાસો પ્રગટ થઇ ચૂકયો છે તે તમારી પાસે રજુ કરવા તૈયાર છું" એમ કહી ગજવામાંથી "જૈન" કઢાવ્યું, પરંતુ આ ખુલાસો પોલો, નામ-ઠામ વગરનો હોવાથી મંત્રીએ ખુલાસો કર્યો કે, આ ખુલાસો ભકિતવિજય કે તેમના સમૂદાય તરફનો નથી પરંતુ લોકોને ભ્રમણામાં નાખવા નામ-ઠામ વગરનો સમૂદાયમાંથી કોઇનો ખુલાસો છે. એના ઉપર આધાર રખાય નહિં. આની સામે બાપાલાલ પાસે દલીલ ન હોવાથી તેમ ચારે કોર નજર ફેંકતા પાસા અવળા પડશે તેમ લાગવાથી સભા છોડી ચાલવા માંડયું પરંતુ જેઓ તેમના માનસથી તદ્દન અજાણ હતા એવા માઈ ડાહ્યાલાલ વેલચંદ મ્હેતાએ વહેવાર પૂરતું બેસવાનું કહેતાંજ પાછા ફર્યા, અને કોઇપણ જાતની ગરબડ કે ધાંધલ વિના લગભગ દોઢ કલાક સુધી ચાલેલી મીટીંગમાં બાપાલાલ ચૂપચાપ બેસી રહ્યા.

હરાવના સંબંધમાં એ ભાઇ લખે છે કે "હરાવ ઉપર સભાનો મત લીધો નથી" જેની ચક્ષુએ પીળા ચશ્મા ચઢયા છે તે જગતને પીળુંજ દેખે છે નહીં તો એક હરાવ મૂકાય તેને ટેકો અપાય એની પૂરતીમાં લગભગ પાંત્રીસ મીનીટ વિવેચન થાય. બાદ પ્રમુખ ઉપસંહારમાં અડધો કલાક વિવેચન કરે, મીટીંગમાં કોઇ જાતની ગરબડ કે ધાંધલ હોય નહિં, બાપાલાલના મતનો તેમના સિવાય બીજો હોય નહિં, અને હરાવ વિના સભા વિખેરાઇ જાય, એવું કહેનારમાં કાં તો અણસમજ હોય કે પોતાના કહેવાતા ગુરૂઓના કૃત્યોપર ઢાંકપીછોડો કરવાની ગુલામી મનોદશા હોય. નહિં તો દિવસને રાત કહેવા જેવી બાલીશતા કેમ સેવાય.

શ્રી નિપૂણવિજય તપસ્વિ હતા, વૃધ્ધ હતા. વિરશાસન કહે છે તેમ બિમાર હતા. વિહારને દિવસે છઠ ઉપર આયંબિલ હતું. છતાં તેમની સાથેના સાધુઓએ ભર જંગલમાં તેમને એકલા છોડી જવામાં, માણસને સાથે લઇ જવામાં, ન ચલાવી શકાય તેવી ભૂલ કરી છે. અને ભકિતવિજય તપાસ ન કરાવતાં આવેલ સાધુઓ સાથે વિહાર કરી જાય છે, તે પણ ઓછી ભૂલ નથી. એ ભૂલના લીધેજ નિપૂણવિજયનું શકમંદ મૃત્યુ અને મૃત દેહની કમકમાવનાર સ્થિતિ થઇ. એ કોઇથી ના કહી શકાય તેમ નથી. છતાં એ ભૂલ સુધરાવવાને બદલે તેમનો બચાવ કરનાર વેવલાઓ પડયા છે એટલેજ આવી ભૂલ કરનારાઓ નિરંકુશ મહાલી શકે છે.

મંત્રીઓ
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

(૧૪૨ મા પાનાનું અનુસંધાન)

થાય, અને જીવે, પણ જો બાળકીઓજ હોય તો તો એનો દીજ ઉઠી ગયો.

મને કહેશો કે સમજપૂર્વક પુરૂષ સ્વતંત્ર જીવન–વિભકત કૌટુમ્બિક જીવન જીવે તો નારીજીવનને આમાનું કશુયે સહન કરવું પડે? એક ફકત એકજ એક સહેજ વિચાર કરવા દે એવી સંયુકત કુટુંબની તરફેણમાં દલીલ છે. "માંદગીના પ્રસંગે સંયુકત કુટુંબજ મદદ કરે, બહારનું કોઇ થોડું જ સેવા કરે? મનુષ્ય માત્રને ભય થરથર કંપાવી મૂકે. એ વાત ચોકકસજ છે કે મનુષ્ય મૃત્યુ પામવાનો છે એટલે માંદો એ પડવાનો છેજ, અને વધતી ઓછી, લાંબી ટુંકી બિમારી ચાલેજ. એ વખતે સારવાર કરનાર કોઇક જોઇએજને? આખા જીવન સુધી સુખ ન મળે પણ એ વખતે સારવાર કરનાર તો મળે! કદાચ પુરૂષના માટે કુટુંબીઓ સારવાર કરવા કોઇ વખત ભેગાં થતાં હશે, પણ પત્નિ સિવાય સારવાર કોઇકજ સારી કરતું હશે, પણ જો પત્નિ બિમાર હોય તો સંયુકત કુટુંબમાં તો એ રીબાઇનેજ મરી જાય. મિથ્યા કુળાભિમાનના પૂતળાને એ પત્નીની સેવા કરતાં તે ટાણે શરમ આવે. અને પત્નીની પાસે એ જઇ પણ ન શકે. અને જાય તો એવા ડરપોકને સમાજનો બાહુ નડે. વિભકત કુટુંબ હોય તો કોઇનીએ પરવા એને રહે ખરી? પતિ અને પત્ની જો ધરાછા હોય તો થોડાંક અંગત સંબંધીઓની મદદ લઈ અન્યોન્યની સેવા કુટુંબીઓની ફોજ કરતાં વધુ સારી રીતે કરી શકે.

સંયુકત કુટુંબમાં પુત્રવધુ તરિકે માવડીયા ભરથાર સાથે રહેતી કોઈ બાળા બળતો તો કરી શકેજ શાની? જેમ સાસુ સ્ત્રીજાતિ હોવા છતાં જૂનવાણી રૂઢિએ ઘડાઇ જઇ અનેક દુઃખો દેતી થાય તેમ પુત્રવધુ પણ ધીમે ધીમે નફટ થતી જાય, પણ ખુલ્લો બળવો કરવાની તો એની નસમાં વિચારણાએ કયાંથી હોય, એનું લોહી પણ ગુલામપ્રિયજ બની જતું હોયને? પણ આ યુગમાં એવું ન બને એમ પણ નથી. સ્ત્રીઓને સ્વમાન–કે અભિમાન સમજાયું નથી; પણ ઝાંખી થતાં કોઈ પુત્રવધુથી જો કંઇપણ સહસા બળવાવૃત્તિ દાખલ થાય તો એના રૂંધનના માર્ગો સંયુકત કુટુંબના એકહથ્થુ રાજ્યમાં તૈયારજ હોય છે. કોઇ સ્ત્રી એકાદ લેખ લખે કે સ્ત્રીમંડળમાં જોડાય તો શ્વસુર કહેશે કે હવે વહુ પ્રમુખ બનશે ને એ તાલીઓ પાડશે કેમ? કોઇ બ્હેન એ દુઃખો સહન નહિ થવાથી પતિને નમ્ર ભાવે કુટુંબથી છૂટા થવા સમજાવે, તો સંયુકત કુટુંબના ગીધો તૂટી પડે અને "પતિને બુધ્ધિ નથી, સ્ત્રીની આંખેજ જુએ છે, ઘર ગબેડેજ ચડશે"ના ઝેરભર્યા વાગબાણોથી નારી સ્વાતંત્ર્યની બાંગ પુકનાર પતિને પણ ડારવી સ્ત્રીનો બધોએ ઉત્સાહ થોડી પળોમાં ઓસરી લે, માબાપની સેવાની દલીલો કરનારાઓ પુત્રવધુની કકળાતી આંતરડીનો વિચાર કરે તો?

સ્ત્રીજીવનના શ્રેય અર્થે સંયુકત કુટુંબનો ત્યાગ એજ ઉત્તમ માર્ગ છે. સંયુકત કુટુંબના સાસરવાસમાં નારીજીવનનાં હાડચામ સૂકાયાં છે–ભાવનાઓના ચૂરા થઇ ગયા છે; લોહી ઉડી જતાં શારીરિક નિચોડથી અનેક દર્દોના ભોગ થઇ પડાયું છે; એટલેજ સંયુકત કુટુંબના સાસરવાસને હું કારમું દોઝખ કહું છું.

(દોઝખ ત્રીજું: "સ્ત્રીનાં શારીરિક દર્દો" આવતા અંકે)

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ઘી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, મેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨, તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

એ વહિવટી તંત્ર સુધરશે?

Reg. No. B. 3220



સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

વાર્ષિક લવાજમ ૧-૮-૦ છુટક નકલ ૧ આનો. | શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર તંત્રીઃ મણીલાલ એમ. શાહ. | વર્ષ ૧ લું અંક ૧૫ મો. બુધવાર તા. ૧-૮-૩૪

સાચા સેવકો.

કામ કરનારમાં શુધ્ધ નિઃસ્વાર્થ વૃત્તિ હોય, કીર્તિની ઝંખના ન હોય; ઉંડે ઉંડે પણ મનમાં કોઇ જાતનાં લોભ લાલચ ન હોય, પોતે ચારિત્ર્ય-શીલ હોય અને જીવન સાદું હોય, તે અતિ ઉગ્ર કે અભિમાની ન હોય, તેનામાં મહેચ્છા, શક્તિ, હિંમત, અને નિર્ભયતા સાથે ધીરજ અને નમ્રતા હોય, સૌની સાથે કામ લેવાની તેનામાં સહજ આવડત હોય, ખૂબ ઉત્સાહી અને આશાવાદી હોય અને ધ્યેય નજર સામે સ્પષ્ટ હોય તો કોઇની પણ ખોટી ખુશામત કર્યા સિવાય તેમજ કોઇને નિષ્કારણ નારાજ કર્યા વિના તે પોતાનું કાર્ય ચલાવ્યે જાય છે; તેના કાર્યમાં વિઘ્નો આવે તો પણ તેને પહોંચી વળવાને શક્તિ ધરાવતો થઇ જાય છે; અને સ્વયંસ્ફુરિત સત્ય માર્ગ સાંપડે છે.

યુવાન ઉઠ!

સ્વાર્થની પાછળ કાયા નીચોવતો યુવાન યુવાન નથી પણ પરના ભલા માટે કાયા નીચોવતો જુવાન છે! યુવાનને ભીખારીઓના ટોળા ઉપર ધિક્કાર વછુટે છે, એ તો ઢંભના પડદા ચીરવા મેદાનમાં કુદી પડે છે, નબળાઇ ને ભીરૂતાપર લાલ આંખ કરે છે.

કોડી કોડીનો હીસાબ ગણી દૂર ઉભે નફાતોટાનો દરિયો ડોળી રહેલો સાહસ ખેડી શકતો નથી, પણ યુવાનજ સાહસની સમશેર લઇ ઉછળતી આગમાં કુદી પડે છે!

અકાળે વૃદ્ધ બની બેઠેલા યુવાનો જ્યારે 'ભય' શબ્દથી કંપી ઉઠે છે; ત્યારે સાચ્ચો યુવાન એ ભયનું નિવારણ કરવા હસતે વદને ટીપે ટીપે જીવન નીચોવી આપવામાં ગૌરવ માને છે.

અરે યુવાન! સંસ્થાઓની રગશીયા ગાડા શી ચાલે! ધર્મના નામે થતા પોકળ પોકારોએ, જ્ઞાતિના વર્તુળોએ, વિધવા પ્રત્યેની ઘાતકી વર્તણુકે, સ્ત્રીઓ પ્રત્યે પુરૂષોના વલણે, અને સાધુશાહીએ તારી સમાજને પછાડી છીન્નભીન્ન કરી નાંખી છે!

એ સુકાન પડું પડું થઈ રહ્યું છે!

ઉઠ! શક્તિની જ્યોત સમા ઝળહળતા એ જુવાન! ઉઠ અને ઝળહળતી રોશનીને ફોરવ.

કે જેના પ્રકાશથી સમાજને ભરખી રહેલાં તત્ત્વો ધુવડની પેઠે અદ્રશ્ય થઈ જાય.

પ્રાસંગિક નોંધ.

અગત્યનો ખુલાસો.

તરૂણ જૈન સમિતિના આ મુખપત્રને શરૂ થયાને હજી પુરા સાત માસ થયા, ન થયા ત્યાં તો ભાઇ ચંદ્રકાન્ત સૂતરીયાએ અકસ્માત તંત્રી તરીકે છૂટા થવાનું રાજીનામું આપ્યું, સમિતિની સભા મળી, તેઓને તંત્રીપદ પર નિયત રહેવા સમજાવવા પ્રયાસ થયા, ને એમાં નિષ્ફળતા મળી; આખરે એમણે તરૂણ દ્વારા બજાવેલી સેવાની નોંધ લઇ મૂક્ત કરવા સમિતિની સભામાં નક્કી થયું. બીજી તરફ વર્ષમાં પાંચમાસ અધૂરા છે, તે અંકો પૂરા કરવા જોઇએ અને ગ્રાહકોના ઋણમાંથી મૂક્ત થવું જોઇએ, એ પ્રસંગ સોના દીલને મૂંઝવી રહ્યો હતો. સમાજમાં પગમાંડી બીજે વર્ષે ચાલવાની તરૂણજન શરૂઆત કરે. આને લગતો વિચાર થાય તે પહેલાં ચાલુ વર્ષના તંત્રી સ્થાને રહેવા લેખનકળાથી અપરીચિત મ્હારા જેવાને શીરે જવાબદારીનો ભાર લદાયો, આ ભાર કેટલે અંશે પાર પડી શકશે તે તો ભાવીનું કાર્ય કહેશે; છતાં શ્રદ્ધા છે કે મ્હારી સાથે તંત્રી મંડળમાં સહકાર આપવા નિયત થયેલા ચાર મિત્રો "તરૂણ જૈન"ને વિકસાવવામાં ખૂબ કાળો આપશે અને જવાબદારીનું આ નાવ કીનારે જરૂર પહોંચાડશે. જૈન સમાજમાં અનેક સામાજીક દર્દોના નિષ્ણાતો છે તે સૌ ધારે તો હૃદયપૂર્વક સાથ આપી શકે. તરૂણોનું આ "તરૂણ" જેથી વિકાસ કરી પ્રગતિ અને પ્રેરણાને માર્ગે જૈન જુવાનીના 'પાઇલેટ'ની ફરજ બજાવે એટલુંજ નહિ પણ તરૂણ જૈન સમિતિને એક વર્ષનો અખતરો પૂર્ણ થતાં બીજા વર્ષમાં ચાલુ રાખવાની ફરજ પડે.

એ વહીવટી તંત્ર સુધરશે?

મુંબઇમાં ચાલતી જૈન ભોજનશાળાની કાર્યવાહી સામે પ્રજાનો ખૂબ રોષ છે. આ અંગે વર્તમાનપત્રોમાં આવતા લેખોએ સમાજમાં ખૂબ ચકચાર જગાડી છે. સોળ સોળ મહીના થયા છતાં સંસ્થાનું નથી બંધારણ ઘડવામાં આવતું કે નથી તેની કાર્યવાહી સમીતી પાસે હિસાબ મૂકવામાં આવતો. એટલુંજ નહી પણ ચાલુ જમનારાઓ પાસેથી જે દસ રૂપીયા લેવામાં આવતા હતા તેના બદલ એક રૂપીયો વધારવાનું તેના મંત્રી વીરચંદભાઇ જાણે માલીકી હક્ક (!) હોય તેમ કાર્યવાહક સમિતિને અજાણ રાખી ફરમાન બહાર પાડે છે. આ સંસ્થામાં હજારોનો વહીવટ ચાલે છે, છતાં તેના મંત્રી કશી પણ મંજુરી કે જાણમાં કમિટીને રાખ્યા વગર હાંકેજ રાખ છે. આમાં શું સમજવું! અમને થોડાંક પ્રશ્નો ઉદ્ભવે છે કે વીરચંદભાઇ સેવાભાવે, વિશુદ્ધ હૃદયે કામ કરે છતાં ભેદી રમતો કેમ રમતા હશે?

ભોજનશાળાના તંત્રથી જાણ થવા ઇચ્છનારાઓને સંતોષજનક ખુલાસા આપવાને બદલે, શા માટે મનભાવતા ગોળા ચલાવતા હશે? જનતાને ભ્રમણામાં રાખી છેતરપીંડી તો કંઇ નથી કરવા માંગતાને? સેવાભાવ ત્યાં આપખુદી કેમ હોઇ શકે? જાહેર સંસ્થા માટે ગમે તે જૈન પુછી શકે તે સામાન્ય સમજનો કાનુન શું તેઓ જાણતા હોય? અમને અબર છે ત્યાં સુધી **શ્રી મુંબઇ જૈન યુવક સંઘે** આ સંસ્થાનો વહીવટ, કાર્યપધ્ધતિ, તેમજ હિસાબ બરાબર કરવા અને બતલાવવા વીરચંદભાઇને પત્રો લખ્યા હતા, છતાં એક કુનેહબાજની દ્રષ્ટે કેવળ ઉડાવનારા અને અસંતોષકારક જવાબો આપી દીવસો લંબાવ્યે જાય છે. એટલુંજ નહીં પણ સાંભળવા પ્રમાણે 'યુવક સંઘ ભોજનશાળાનું તંત્ર હાથમાં લઇ લેવા માંગે છે'નો ગોળો એમણે ગબડાવ્યો. તેમજ સમાજમાં ચાલતા મતભેદનો લાભ લેવાના ઇરાદે ઉભય પક્ષ પાસે પણ ગયા, આમ પડયંત્રો ઉભા કરવાના બદલે હજુ પણ તેઓ સમજે, અને જનતામાં જે શંકાશીલ વાતાવરણ ઉત્પન્ન થયું છે તેનો સંતોષજનક ખુલાસો કરે, નવું બંધારણ જલદી તૈયાર કરી કાર્યવાહક સમિતિની સત્તા તળે જાહેર સંસ્થાઓનાં નિયમન પ્રમાણે કાર્ય કરવાનું ચાલુ રાખે તો! સામાન્ય જનતાના હીત માટે ચાલતી ભોજનશાળાના વહીવટ માટે કોઇ ખૂબ નહિ મારે એટલું નગદ સત્ય ધ્યાનમાં લેશે?

શરૂઆત થઇ...!

મુનીસંમેલનના ઠરાવોને ટોકરે મારવાની શરૂઆત આપણા શ્રીમાન સાગરાનંદજીએ કરી દીધાના સમાચાર પેપરો અને કાગળો પૂરા પાડે છે.

કડીના રહીશ જીવણલાલ ભોગીલાલ જેઓ ધર્મે વર્ધમાન છે અને જૈન ધર્મનું જ્ઞાન કે જૈન સંસ્કારની અસર જેમનામાં નથી, જેઓને લગ્ન કરે ફક્ત બાર માસ થયા છે, તે ભાઇને દીક્ષા ફેક્ટરીના અદંગ ઉદ્યોગીરે જોઇ વદ ૫ ના રોજ જૈન ઉપાશ્રયના ત્રીજે માળે ગુપચુપ એટલે કોઇને જાણ કર્યા સિવાય પત્નિના ખર્ચનો બંદોબસ્ત કર્યા વગર, સ્થાનિક સંઘને પુરેપુરો અંધારામાં રાખીને ઓઘો, મુહપત્તી, પકડાવી દઇ ચેલામાં વધારો કર્યો.

વાત વાયરો લઇ ગયો અને ગામે જાણ્યું કે સાધુ સંમેલનના ઠરાવને ઉંચા મૂકી સાગરજીએ એક જણને મૂંડી નાખ્યો પરંતુ જ્યાં "અમારે શું" અમારા ગામમાં કલેસ ઘાલવાથી કુસંપના બી રોપાય એથી યુવાનોએ ચુપકીદી પકડી. અને તેવા કહેવાતા યુવાનોની ચુપકીદીથીજ આવાઓ સાધુ સંમેલનના ઠરાવોને ઘોળીને પી જાય છે છતાં તેને કોઇ પૂછનાર નથી. હજુ તો સંમેલનના ઠરાવોની શાહી પણ લીલી છે. ત્યાં આ પ્રમાણે ઠરાવો તોડવામાં આવે અને સ્થાનીક સંઘ કે તેના યુવાનો કલેશના બાના નીચે આવા બનાવો તેમના ગામમાં બનવા દે એ શરમાવનારૂ છે.

સાગરજીને નવો ચેલો પચવો મુશ્કેલ હતો કારણ કે તે ભાઇ કડીના અને તેમના સગા વડોદરા રાજ્યના અમલદાર હોવાથી મામલો વીકટે તેવી વસ્તુસ્થિતિ ઉભી થઇ. મુંબઇ અને મહેસાણા વચ્ચે દોડાદોડી પણ થયેલી અને આખરે જેવી ચુપકીદીથી વેશ પહેરાવેલો તેવીજ ચુપકીદીથી સંસારી વેશ પહેરાવી અષાડ સુદ ૯ નવા ચેલાને વિદાય કરી તૂટી પડનાર આફતથી બચ્યા.

અધોગતિ કોને આભારી...?

આપણા સમાજનો ભૂતકાલીન ઇતિહાસ ગૌરવ અને જાહોજલાલી ભરેલો હોવાનું માન જેવી રીતે સાધુઓને ઘટે છે તેવીજ રીતે વર્તમાન સમાજની અધોગતિનું માન (?) પણ તેઓને ઘટે છે, ભૂતકાળનાં પડ ઉકેલી રોદણાં રોવાથી કે છાતી પુલાવવાથી હાલની સ્થિતિ નહિં સુધરે, પણ અધોગતિનું મૂળ તપાસી સુધારો કરવામાં આવે, કે તે મૂળને નાબુદ કરવામાં આવે તોજ સમાજ આગળ ધપી પ્રગતિ કરી શકે.

જગતના પ્રજાજનો ઉપર ધર્મના નામે એ ધર્મના થેકેદારોએ–રખેવાળોએ–ધર્મગુરૂઓએ વ્હેમ, લાલચ, રૂઢી-બંધન, ભેદભાવ ઇત્યાદિ સમાજના અંગને પીસી નાંખનાર અનેક તૂતો ઉભાં કરીને, અથવા પોષીને. પ્રજાજનો ઉપર દોર જમાવી સત્તાનો કારડો દીઝેજ રાખતા, અને પ્રજા અંધશ્રધ્ધાથી સહી લેતી.

આખરે એ યુગ આવી પહોંચ્યો, ધર્મગુરૂઓની લીલાના પડદા ઉંચકાયા. ! રશિયા, તર્કી અને રૂપેને એ સત્તાઓને ફગાવી દઇ પ્રજાની ભારે સેવા બજાવી. ત્યારથી પ્રજાજનોમાં એ મોજાં ફરી વળ્યાં, ધર્મના થેકેદારો પ્રજાપ્રગતિને રૂંધનારા છે એટલુંજ નહિ પણ સ્વાર્થ સાધુઓ છે.

આપણી સમાજની અધોગતિના મૂળ તપાસતાં એ તપાસવું પડશે કે જૈન સમાજનો સાધુ વર્ગ એની સમાજને ઉપયોગી છે? આજના જૈન સમાજની માનસિક, ને શારિરિક સ્થિતિનો વિચાર કરશું તો તે ભારતના એકે એક સમાજની પાછળ છે! એના આગેવાનોને સમાજની કફીકે પડી નથી. આપણે ત્યાં ઇતર સમાજોના હીસાબે પ્રગતિને લગતાં સાધનો નથી એમ કહીયે તો ચાલે. જૈન સમાજ, ગરિબ કે કંજુસ છે તેવું નથી પણ સખાવતે સૌથી આગળ છે. પરંતુ એની સખાવતનું વ્હેણ નિરૂપયોગી રીતે ઉલટી દીશાએ વહી રહ્યું છે અને એનું મુખ્ય કારણ સાધુઓ છે. વર્તમાન સાધુઓ માનીને બેઠા છે કે "અમે સમાજનું ભલુ ઇચ્છી શકાએ નહિ, સમાજનું હિત થાય તેવો ઉપદેશ આપી શકાયે નહિ" એટલેજ ક્રિયા કાન્ડો, ઉજમણાં, વરઘોડા, ગુરૂમંદિરો, નવા જૈન મંદિરો, ઉપધાનો, સાધુ સાધ્વીની સેવા ચાકરી, સંઘ કઢાવવા, મહોચ્છવો, શાન્તિ સ્નાત્રો, સ્વામી વાત્સલ્યો (નોકારશીજમણ) ઇત્યાદિ બીન જરૂરી ચીજોને પોષનારા અને સેવા, સહનશીલતા, દેશ ભક્તિ, કેળવણી, મરદાનગી, શારીરિક અને આર્થિક સ્થિતિ વિગેરે સમાજ ઉપયોગી મહત્વના વિષયોનો વિરોધ કરનારાજ ઉપદેશો આપે છે. અને તેમની પાછળ પગલાં માંડનાર મૂડીદાર વર્ગ મોટાઇ ખાતર, અગર ગમે તે લાલચ ખાતર તેના હુકમને અનુસરીને નાણું ખરચે છે તેમજ સાધારણ વર્ગને તેમની પાછળ ઘસડે છે. પરિણામ એટલી હદ સુધી **પહોંચ્યું** કે એક માનવી મરતી વખતે એની મુડી દહેરાસરો, ઉપાશ્રયો, તીર્થંકરની વર્ષગાંઠનાં જમણોમાં, પોસાતી પડકમી-યાતના જમણોમાં, તીર્થોમાં, (જ્યાં લાખ્ખો પડયા છે) આયંબીલની ઓળીયોમાં, ઉજમણા અને સંઘ કઢાવવામાં પૈસો આપતો જશે પણ એનાજ પડોશમાં પડુપડુ થઇ રહેલ છાત્રાલયને, રોટી માટે ટળવળતાં પોતાનાં ભાઇબાંધુઓને કે વ્યાયામ મંદિરો યા કન્યાશાળાઓ ઉભી કરવામાં તેની કિચ્છાજ નહિ થાય. આ વિષમ સ્થિતિ એથીજ ઉત્પન્ન થઈ છે કે ધર્મના નામે ત્યાગ વૈરાગના બ્હાના નીચે ચાર દિવાલની વચ્ચમાં ઉપદેશ દેનાર થેકેદારો સમાજના માનસને જુદી દીશા તરફ વાળી સમાજને બીજે રાહે ઘસડી રહ્યા છે, ભોળા મનુષ્ય ભેખ જોઇને લટુ બની જાય છે, વ્હેમી માણસો લાલચમાં પાછળ ભટકે છે, મુડીદારો ગુરૂનો શબ્દ ઝીલવામાં લાભ જુએ છે. એટલે એ વર્ગ પ્રજાય છે. એથીજ યુવાનો તેવઓની સામે પડકાર કરી રહ્યા છે. આથી તેઓ અધર્મિ, નાસ્તિક, વિગેરે વિશેષણોથી દ્વેષીલા ઉપદેશ દ્વારા ભકતોના ટોળાં જમાવી એમની તુટતી મહેલાત ટકાવવાના પ્રયત્નો કરી રહ્યા છે. પછી ભલે! એ પ્રયત્નોથી સમાજ છીન્નભીન્ન થઇ જાય.

આજના સાધુઓના નામ પાછળ લટુ બનવા પહેલાં તેઓએ લીધેલ પ્રતિજ્ઞાઓ **તરફ નજર માંડશો** તો સમજશે કે આંગળીના ટેરવે ગણી શકાય તેટલાજ દેશકાળને ઓળખી ચારિત્ર પાળે છે, તેમ સમાજનું હિત ઇચ્છે છે. બાકીનો વર્ગ દંભી, સ્વાર્થી, મોહાન્ધ, કાવાદાવાનો ભરેલો, લીધેલ પ્રતિજ્ઞાઓને તોડનારો વર્ગ છે.

આખી વસ્તુસ્થિતિ એમ કહે છે કે આપણો સાધુ સમાજ જગતથી નોખો નથી. એથી સમાજની પીછેહઠ થવામાં એમની ઉપદેશ શ્રેણી મૂળ કારણ છે. આથી સમાજપ્રગતિનાં એમને વિચાર કરવોજ જોઇએ; અને નજર કરે તો તેમને સાફ સાફ સુણાવી દેવું જોઇએ કે "તમને સમાજની જરૂર નથી તો સમાજને તમારી જરૂર નથી" તમારી વાણી અને વર્તણુક સુધારો, નહિં તો તમારા લળાચા બાંધી ચાલતી પકડો!

જ્યાં સુધી આવાઓને સમાજ દુર નહિં કરે ત્યાં સુધી અધોગતિનાં મૂળ નથી ઉખડવાનાં.

(**આખરી રાહ** . . . . ૧૪૮ થી)

નિર્માલ્ય ખુટ્ટા સાથે? પિતા! કોને પરણાવશો? અરવિન્દાને?" એણે રંડચંડીનું સ્વરૂપ ધારણ કર્યું હતું. એની આંખમાંથી અંગારા ઝરતા હતા, સગર્વ એણે એના દેહ સામે લાંબી દૃષ્ટિ ફેંકી," આહ્હા, આ કાયાનો માલીક? અરવિન્દાના હાથનો સોદો? પિતા! બુધ્ધિનાં દ્વાર બંધ થયાં હતાં કે માદક પિણાનો નશો ચડયો હતો?"

"મહેન, ભૂલ...મારી આબ...રૂ, કીર્તિ...?"

"આબરૂ અને કીર્તિ તો ચુમાવી કયારની એ. આજે

(અનુ . . . પા. ૧૫૧)

નારી જીવનનાં જીવતાં દોઝખ.

ડાહ્યાલાલ વી. મહેતા.

(૩)

મહિલા શિરછા ને સુંદરી આરોગ્ય ગોળીઓ, વનિતા સંજીવની ને નારી સાથી, સ્ત્રી દર્દનાશક, ને અબળા શક્તિ-વર્ધકની રોજને રોજ દયાભાવે (!) ઉથલી પડતી પાને પાનાં ભરપુર જાહેર ખબરો સ્ત્રીજીવનનાં દેહમાં છૂપાં ઘર કરી બેઠેલાં દર્દોનો થોડોક ખ્યાલ પણ નથી આપતા ?

દર્દ સામાન્ય વસ્તુ છે. કુદરતના નિયમનો ભંગ કરો એટલે દર્દના ભોગ બનોજ–સ્ત્રી અને પુરૂષ બન્ને માટે એ નિયમ તો સરખોજ, પણ પુરૂષ જાતની બેદરકારીથી- કે અત્યાચારથી જાણ્યે કે અજાણ્યે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે દર્દો નારીજીવનમાં ઘૂસાડવામાં આવ્યાં છે, તેના માટે હરઘડિ સ્ત્રી જાતિને દોષ દેતી, પુરૂષ જાતજ જવાબદાર છે.

એક અનુભવીનુ વાક્ય, "ગુજરાત લડકા લડકીકી પ્રજા હૈ." જૈન સમાજને એ સુત્ર તો અક્ષરશઃ લાગુ પડે છે, એ ઉપરાંત ખૂબ વધારે પણ કહી શકાય. એક બાજુ તેર ચૌદ વર્ષનાં યુગલ માયકાંગલાં બાળકોને પેદા કરે અને બીજી બાજુ વૃદ્ધ લગ્ન ચાલુ હોઈ તેથી પેદા થતી પ્રજા કૌવતવિહોણી બને, અને યુવાની આવતાંજ શક્તિઓ ચાલી ગઇ હોય તેવાં જોડાંઓ પણ વધુ શક્તિશાળી બાલકોને ઉત્પન નજ કરી શકે, ત્યારે ચારે બાજુથી ઘસાયેલાં શરીરોથી પૂર ઝડપે આવતાં દર્દોની સામે ટક્કર પણ ઝીલી નજ શકાય. છતાં આપણા સમાજને કેમ નથી સમજાતું કે તેર ચૌદ વર્ષની બાલિકા, ભલે હિંદની આબોહવાના પરીણામે કદાચ તેની ઉમર વધુ લાગે, છતાં પરણવાના લાયક નથીજ બનતી ? શરીરનો પૂર્ણ વિકાસ એટલા ટુંક ગાળામાં નજ સંભવી શકે. જો એ જુની નજરેજ જોનારાઓ વિચારે તો એમનુંજ ઘડી કાઢેલું વાક્ય ટાંકુ "વીસે વાન," એટલે વીસ વર્ષેજ શરીરનો પૂર્ણ વિકાસ થાય, પહેલાં નહી. એ અમલમાં કેમ મુકતા નહી હોય ?

યુવાનીમાં પગરણ માંડતી, દેહમાં ઝડપી ફેરફાર બતાવતી, અંગે અંગે લાવણ્યમય બને જતી અને ખૂબ શક્તિશાળી દેખાતી, એકાદ બાળાને નાની ઉંમરે લગ્નગ્રંથીથી જોડી દીધા પછી, થોડાજ દિવસમાં એનું કૌવત અને બળ બધુંએ ચાલ્યું જાય છે. એનો વિકાસ અટકી પડે છે, અને અનેક દર્દોના ભોગ થયા પછી એ એકાદ નિઃસત્વ પ્રાણીને જન્મ આપી ન આપી પરલોક પહોંચી જાય છે. Child motherhood બાલ માતૃત્વ જ્યારે નાનકડી ઉમરે માબાપ પરણાવી દે ત્યારેજ આવેને ? અને વહેલું પરણવું તે વહેલું મરવાના માટેજ, Early to marry means early to die. કારણ ? જે શરીર વિકાસ નાની ઉંમરે બાલીકાઓનાં દેહમાં દેખાય છે, એ નક્કર નથી, પણ દુધના ઉભરા જેવો ખાલી ઉછાળો છે. જીવદયા પ્રતિપાલ ગણાતો જૈન સમાજ બાલિકાઓના વહેલા નહી પરણાવી દેવાના પ્રશ્ન ઉપર બેદરકાર રહી નારી જાતીનો ખુનીજ બની રહ્યો છે. આપણી સરેરાસ વીસ વર્ષની જૈન બહેનોનું ભયંકર મરણ–પ્રમાણ તેની સાક્ષી પૂરે છે.

કુદરત અને કર્મસત્તાને ઘડીઘડી આડે લાવનાર જૈન સમાજ નાની બાલિકાઓના મૃત્યુ માટે એમનાં કર્મનો દોષ કહાડે છે, એ કેટલુ હાસ્યજનક છે ? દેહનો વિકાસ કરતી તમામ વસ્તુઓ ઝુટવી લે, અને પછી દેહનો વિલય થાય તો વાંક દેહ ધરનારના કર્મનો કેમ કાઢી શકાય ?

'બહેનોએ ગૃહકાર્ય છોડી દીધું અને દર્દો પેઠાં,' એમ કહી પુરૂષ જાત છટકી જવા પ્રયત્ન કરે છે, પણ એ બહેનોની ગૃહકાર્ય ઉપાડી લેવાની શક્તિ હરી લેનાર તો નફટ પુરૂષ જાતજ છે ને ? નારી જીવન તરફ પુરૂષજાતના અત્યાચારોએ સ્ત્રીઓનાં દર્દોમાં વધારો કર્યો છે. જો લગ્ન પછી બાલકો મંદવાડિયાં જન્મે કે નજ જન્મે તો પુરૂષ જાત એવા કોઇ બહાના નીચે એકાદ સ્ત્રીનો ભોગ લેવા તત્પર બને, અને બન્ને સ્ત્રીઓમાં અસંતોષની જવાલાઓ પ્રકટાવે અસંતોષ એ સૌ દર્દો કરતાં વિકટ દર્દ છે, અને બીજા દર્દોની માતા છે.

આપણી જૈન બહેનોની પ્રજાજન શક્તિ કેટલી ઘટી ગઇ છે ? એકાદ બેહુત બાળા જ્યારે બેતરમાં કે જંગલમાં બાળકને જન્મ આપી અડધા કલાકમાં સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી લે, ત્યારે જૈન બહેનો જીવનદાત્રી બની રહેતી નર્સો અને દાઇઓની હુંફભરી સારવારમાંએ કેટલું કષ્ટ ભોગવે છે ? અને કેટલીક વખતતો અશક્તિથી અણઘડ દાઇઓના હાથે થતી સ્રવાવડ તેમના શરીરમાં ચાલુ, લાંબા, ચેપી રોગોજ ઘર કરાવી દે છે. પ્રદર (Leucorhoea) હીસ્ટીરીયા, અને ક્ષય એવાજ કોઇ કારણોમાંથી શરૂ થાય છે. એક બાજુ નારીજીવન દર્દોથી ઘેરાતું જાય છે, અને બીજી બાજુ અશક્તિ, અસંતોષ, અને વહેમ દર્દની સામે ઝઝવાની શક્તિ હરી લેતાં સ્ત્રીઓનો નાશ થઇ રહ્યો છે.

પુરૂષ તો "**નરભ્રમર**," ગણાયો. એને લગ્ન વખતે વફાદારીના સોગંદ લેવાના ન હોય ! પુરૂષ જાતના કલંક સમી વેશ્યા જાતીના સહવાસે એ નરભ્રમરોએ અનેક શુશીલ, સુકુમાર, નીરોગી પત્નીઓને અનેક ચેપી દર્દોનો ભોગ બનાવી છે. ગરમી, પરૂની ગાંઠ, વિશફોટક—ઉપદંશ, કે ચાંદી (Syphilis), પ્રમેહ (Gonorrhoea)ના દર્દો એ પતિરાજના પુરૂષજાતના પાપોમાંથી પત્નીઓને મળેલા લગ્નમૈત્રીના સ્મરણ ચિન્હો. વિશ્વ ઉપર સ્ત્રીઓના બની બેઠેલાએ દેવોના પાપ કઈ પત્ની પોકારે ? સામનો ન કરી શકે તેને સહન કરવાનું રહ્યું.

પુરૂષ જાતના એ પાપને સંતાડવામાં નારી જાતીનેજ ખમવું પડે છે. બહારથી પતિદેવોના મોજશોખથી આણી લાવેલા એ રોગો એકલીજ પત્નીઓને અર્પવામાં આવતા હોત તો એક પત્નીનેજ સહન કરવું પડત, પણ એ દર્દના વારસાઓ મારી પ્રજાને–બાળકોને પણ અસર કરે છે. એ પાપે પુરૂષ પત્નીને અંધ, કોઢ,ગરમીથી કે બીજા દર્દથી પિડાતા બાળકોની ભેટ આપી આખી જીંદગી સુધી સ્ત્રીને ઝુરતી કરી મૂકે છે કારણ ચાંદીના દર્દને બાળકોના ખૂની તરીકેજ

વિચારનાં વહેણ.

ખોટો રાહ છોડી દઇએ !

'સત્યની શોધ'માં વેદના વારાથી લોક ભટકે છે. કેટકેટલા ઋષી મુનિઓ દેહ ગાળીગાળીને કુતરાને મોતે મુઆ ? તપીતપીને ઘણાયે રક્ત શોષાવી દીધું. પણ હજુ સત્ય એ શી વસ્તુ છે એ નક્કર સ્વરૂપમાં ને નક્કર વાણીમાં કોઇ કહી શકતું નથી. દલને બે બાજુ હોય છે. તમામ વસ્તુને બે બાજુ હોય છે. જોનાર એના દ્રષ્ટિ કોણથી જુએ છે. એકજ ચીજને એક સાચી ને બીજો જુઠી કહે છે. બન્ને ઝઘડી મરે છે. ત્રીજો વચમાં પડે છે, ચોથો વચમાં પડે છે અને ન્યાય આપવાને બદલે દરેક પક્ષકાર બની જાય છે. આમ સત્ય અણશોધ્યું રહી જાય છે.

જગત જન્મ્યું હશે એ પ્રભાતથી આજ સુધી સત્યના અન્વેશકોની આજ દશા થઇ છે. આપણે એમનામાંથી અનુભવ મેળવીએ, સત્ય અસત્યના ઝઘડામાં પડવા જેવી એમની મુર્ખાઇનું અનુકરણ ન કરીએ અને જીવન આવતું જાય તેમ જીવ્યે જઇએ–પળે પળમાંથી રસાનંદ લૂટયાજ કરીએ તો કેટલું સરસ !

સમાજ સુધારકો શા માટે ?

આજકાલ સમાજ સુધારકો વધતા જાય છે. મને લાગે છે કે એના પર પ્રતિબંધ મૂકાવો જોઇએ. સમાજ રચના હવે જરૂરી નથી, તો પછી એના સુધારકોની તો જરૂરજ કયાં છે ?

સમાજ રચાઈ હશે ત્યારે ગામેગામનાં માનવો આટલી ઝડપે મુસાફરી કરતાં નહિ હોય. સ્થિર જગ્યાએ, સ્થિર થઇ રહેતા માનવોએ પરસ્પર ઓળખાતા એકજ ગામના, એકજ સંસ્કારના, એકજ ધંધાના માનવીઓના વર્તુળો રચ્યા હશે. એ યુગને એ બરાબર હતું. આજે ક્ષેત્ર વણસી ગયું છે, વાતાવરણ વણસી ગયું છે અને માત્ર પરણવા પુરતીજ સમાજને યાદ કરવાની રહે છે. આ યાદ પણ હવે ઝાંખી થતી જાય છે. ધીરે ધીરે એ ભુંસાઇ જશે–એટલે સમાજજ ભુંસાઇ જવાની છે ત્યારે એનાં સુધારકોની ઉત્પત્તિને અવકાશ કયાં છે ?

મૃગજળ.

આજસુધી ધર્મદ્રોહીઓએ સ્વર્ગની ભ્રમિત ભૂમિપર ભલા આદમીઓને ભટકાવી માર્યા છે. આજ કરતાં કાલ સારી આવશે, આપણાં કરતાં બીજો મઝાથી પેદા કરે છે, હું ખાઉં છું તેથી પેલો મઝાનું ખાય છે એ પામર મનોદશામાંથીજ 'અહીં કરતાં સ્વર્ગમાં વધારે મઝા પડશે' એ વસ્તુ પેદા થઇ છે. પોતાના સ્વાર્થ ખાતર એ વસ્તુ પેદા કરવામાં આવી છે.

પણ આ ભ્રમજાળ હવે ભેદી નાખવી જોઇએ. અહીં છે તેથી વધુ સુખ સ્વર્ગે મળવાનું નથી. અહીં છે તેથી વધારે દુઃખ નર્કાગારે પણ નથી. જે છે તે અહીંજ છે, સુખને દુઃખ, ઉત્સાહ અને નિરાશા, કર્મ અને ફળ, એ બધુંજ અહીં ભર્યું છે. 'કર ને જો' 'જીવ અને જીવવા દે' 'ભોગવ અને ભોગવવા દે.' સ્વર્ગમાં સુખ મેળવવાની આશાએ કર્તવ્યહિન અને ફરજહિન બનીને જીવન વેડફીશ મા, નર્કે દુઃખ મળવાનું છે એમ માનીને કમ્પીશ મા.

જીવન જીવી લે, માનવીની ફરજને બજાવતો રહ. કોઇ મૃગજળ શી વાતોમાં ફસીશ મા.

x x x

બ્રહ્મચર્ય–એ બીરૂદ નથી.

'ચોથા વૃત્તધારી,' 'બ્રહ્મચારી,' 'અખંડ બ્રહ્મચારી,' 'બાળબ્રહ્મચારી' એમ બીરૂદો લટકાવીને અલ્પાત્માઓથી માંડીને મહાત્માઓને ફરતાં આપણે જોઇએ છીએ. ગામા કે રામમૂર્તિ સાથે સરખાવવાનું પાતન આપણે ન વ્હોરીએ; પુરૂષાર્થની પ્રતિમુર્તિ બનવાને બદલે હજારે નવસો નવ્વાણું તો સાવ પામર હોય છે. છતાં સામાન્ય જનો આવા બધા બ્રહ્મચારીઓને કોઈ અપૂર્વ ભાવે પૂજે છે. મને ઘણી વેળા પ્રશ્ન થાય છે, આમ શા માટે ?

માનવી બ્રહ્મચારી હોય તો લાભ એને પોતાને છે, એના શરીરને છે. શરીર સંભાળવા માણસ ગમે તે કરે એમાં એ મહત્તાનો અધિકાર શી રીતે થાય છે એ મને સમજાતું નથી. એક માણસ એનું શરીર સંભાળે એમાં સામાન્ય માનવો એને માન આપવા દોડે એ 'વેવલા'પણું હવે દૂર કરવું જોઇએ. એ બીરૂદો સાવ અર્થ વિનાનાં છે. બ્રહ્મચર્ય એ માનવીની એછે વધતે અંશે શરીર અંગેની સામાન્ય ફરજ છે. એ માન લેવાનાં કે આપવાનાં બીરૂદો નથી.

સૌથી ભયંકર

માનવ જીવનને વિનાશની વસ્તુઓમાં **ભય**ને હું અગ્રસ્થાને મૂકું છું. ફિકર, ચિંતા, ગુસ્સો, અદેખાઇ, અને ડરપોકતા એ તમામ ભયના પ્રકાર છે. ચોગમ જણાતાં આ કલહવંટોળ, આ નિરાશા ને આ નસીબાધાર એ તમામનું મૂળ ભય છે

માનવીનાં સુખ, સ્વાસ્થ્યને શક્તિ એણે હરી લીધાં છે, ભયથી માનવી નિરાશ, અનિશ્ચીત અને ડરપોક થઈ, સાહસહિન બની ગયો છે. અને એથીજ માનવી ચેતનહિન થઈ મરવાની આળસે જીવતો જણાય છે,

ભય જેણે જાણ્યો નથી એ સંસારમાંજ સ્વર્ગ માણે છે.

તારાચંદ.

દેવદ્રવ્ય જીવાનો ખાઇ જવા માગતા નથી એનો પ્રવાહ યોગ્ય અને ઉત્તમ દીશામાં વહેવડાવવા માગે છે.

નવો ફાલ—ધ્રાંગધ્રા પ્રજાપરિષદનો રિપોર્ટ તથા હિસાબ પરિષદના મંત્રીઓ તરફથી બહાર પાડવામાં આવ્યો છે. જેમાં પ્રજા પરિષદને લગતો હેવાલ તેમજ ધ્રાંગધ્રાના રાજ્ય વહિવટ સામેનો પ્રજાનો રોષ એના પાને પાને જણાઇ આવે છે, દેશી રાજ્યોમાં કેવી કનડગતો હોય છે તેનો ચિતાર, આ અહેવાલ વાંચવાથી રહેજે રહમજી શકાય તેવો છે. મળવાનું ઠેકાણું અમદાવાદ સાંકડી શેરીમાં આવેલી પરિષદ ઓફીસ.

આખરી રાહ

"અમે તો ધારીજ ચૂકયું'તું બહેન!"

"હું તો પહેલેથીજ કહેતી'તી, બાઇ, કે એ આમજ કયાંક પટકાશે."

"તે બહેન, તમને પહેલી ખબર કેમ પડી?"

"કેમ બહેન, પડોશમાં રહીએ છીએ કે ગોંદરે? અમે તો સમજતાં'તાં કે આ બધા સુધારાવાળા બારકા ઘેરજ સુધારા કરવા નીકળી પડયા છે; બાપ અને દિકરી બધાંએ ઠીક. ધનની ગહડી જોઇને બધાંએ આંધળા બની જાય બહેન."

ના, ના, બહેન અરવિન્દાને પૂછયા વિનાજ આ થયું હશે. અરવિન્દા આવું કરેજ નહિ. એતો કુમારિકાજ રહેવાની પ્રતિજ્ઞાવાળી છે. આમાં એની સંમત્તિ હોયજ નહિ."

"ઠીક છે બહેન, જોઇએ, આપણે બધાં ભેગાજ છીએ ને? અને હવે કેટલી વાર પણ છે?"

આખુંએ નગર ખૂબ હીલોળે ચડયું હતું. નરનારીઓનાં ટોળાં અરવિન્દાના મકાન પાસે શેરબંધ ઉતરી પડતાં હતાં. જીજ્ઞાસા સમાવી નહી શકતાં હોઇ, લોકો અનેક પ્રકારના પ્રશ્નોત્તરો કરતાં, અને સત્ય હકીકત ન જાણવા છતાં સૌ કોઈ પુરેપુરા જાણકાર હોવાનો દંભ સેવીને પણ જીભે ચડેલી વાતને રસમય બનાવવાનું ચુકતા નહી. સુધારક અરવિન્દાના પિતાએ એક વૃધ્ધ વિધુર સાથે એકાએક સાંજેજ લીધેલાં ઘડિયાં લગ્ને સારાયે શહેરને ઉશ્કેરી મૂકયું હતું કયાંક જોવાનું, કંઇ કરવાનું, અને કંઇક બનવાનું છે, એમ સૌ કોઇને લાગ્યા કરતું હતું x x x x.....

અરવિન્દા સુધારક પિતાની એકની એક પુત્રી હતી. પિતા સુધારક ઓછો હતો, અને વહેમી વિશેષ હતો સ્ત્રી જાતિ ઉપર એ ખૂબ અવિશ્વાસ ધરાવતો હતો. શહેરમાં સુધારાનાં બી વાવનાર તરીકે એ પ્રથમ હતો. પણ એ અન્ય તૈયાર થતા સુધારકોનું તેજ સહન કરી શકતો ન હતો. એનો અભ્યાસ એક પક્ષિય ધાર્મિક પુસ્તકોનો હોઇએ ધર્માંધ બન્યો હતો, એની દુંકી દ્રષ્ટિએ, શહેરના જાહેર જીવનને કલુંપીત બનાવી મૂકયું હતું અને પક્ષાપક્ષી એટલી વધારી મૂકી હતી; કે એના પાછળના નવા સુધારકોને એ સ્થિતિ દુર કરી વિશ્વાસનું વાતાવરણ સર્જવવા અનહદ ભોગ આપવો પડયો હતો. એક છેક છેલ્લી એની બોલાવેલી જાહેર સભામાં જ્યારે એને એની જાતને સુધારક મટી જઇ ધર્મી બન્યાની જાહેરાત કરી, ત્યાર પહેલાં તો સૌ કોઇ માનવીએ એને સુધારક પદેથી ખસેડીજ મૂકયો હતો.

અરવિન્દા આ 'સ્થાનભ્રષ્ટ' સુધારક પિતાની પુત્રી હતી, છતાં એ યુવાન અને વિચારક હોઇ, ધર્માંધતાથી રંગાઇ ન હતી. એને ધાર્મિક પુસ્તકોએ વાંચ્યા હતાં અને દુનિયામાં રેલાતું બીજું કેટલુંયે જ્ઞાન લીધું હતું. સત્ય જાણવાની એની ધગશ હતી, અને સત્ય માટે એ મરી ફીટતી હતી. અભ્યાસે, એને સારૂં લખતી, અને સ્ત્રી સમાજમાં સુંદર બોલતી–વિચાર દર્શાવતી કરી મૂકી હતી. ઉમદા વિચારોએ એની રહેણી કરણી ઉત્તમ બનાવી હતી. એનું ચારિત્ર ફોરમ ફેલાવતું હતું.

એ હમેશાં પ્રફુલ્લ રહેતી, અને યોગ્ય વ્યાયામ લેતી. એનો દેહ જેટલો લાવણ્યમય હતો, તેટલોજ ઘાટીલો હતો. સમાન સ્નાયુબદ્ધ શરીરે એનામાં સ્ત્રીત્વની ખુમારી આણી હતી અને એણે એને ટકાવી રાખી હતી. એની પડછંદ કાયા, ઝરીરના વિકાસ પાછળ મરી મથતા ભલા ભલા અખાડીયાજ યુવકોના અભિમાન ઉતારવા પુરતી પહાડી હતી. જો એ ધારે તો હાથની એક સામાન્ય ભીડમાં એ કાચાપોચા પુરૂષના તો હાડકાંજ ખોખરાં કરીદે. અઢાર વર્ષની એ ચપળ યુવતી સ્ત્રીઓનાં જો સૈન્ય હોય તો કેપ્ટન થવાને લાયક હતી.

એનો પિતા જ્યારે સુધારક હતો ત્યારે, "પુત્રીઓ મોટી ઉમરની થાય ત્યારે એમની સમંતિ લઇનેજ લગ્ન કરવાં જોઇએ. એમ વારંવાર ગાજતો હતો. જ્યારે એને સુધારાના વિકટ સ્થાન પરથી ખસી જઇ ધર્માંધતાના સરળ રસ્તે જવાનું યોગ્ય લાગ્યું, ત્યારે પિતાની કીર્તિ ફેલાય માટે પુત્રીએ, 'દિક્ષાજ લેવી જોઇએ' એમ એનો આગ્રહ થતો હતો. એના તરફથી હરહંમેશ ગવાતાં 'મોક્ષનાં અદ્‌ભૂત શાશ્વતાં સુખ" અરવિન્દા ને એ ખેંચવા લાગ્યાં, પણ ત્યાં તો દિક્ષા ફેકટરી ખૂલ્યાના અને નસાડી, ભગાડી, સંતાડી, મોક્ષનો પરવાનો આપવાના બનાવોએ એની કાલ્પનિક સુખોની વિચારમાળા તોડી નાંખી ચેલા વધારવાની ઘેલછાએ માબાપોને રોતાં કળકળતાં મૂકી, બારકાં છોકરાંને યતિ બનાવવા નિકળેલા અંધ ભકતોના કારસ્તાનોની હકીકત સાંભળી એનું નિશ્ચયી હૃદય પણ કંપી ઉઠયું. 'પોતે દિક્ષા લેશે નહી, પણ કૌમાર્યવ્રત ધારણ કરી જનસેવા કરશે," એમ જ્યારે એને પિતાને સંભળાવ્યું, ત્યારે પિતાએ એને ગાંડી ગણી, કેટલાંયે પાડવાના પ્રયત્નો આદર્યા. ગામના એકાદ બે નિર્માલ્ય પણ કુળવાન છોકરા સાથે અરવિન્દાનો સબંધ યોજવાને એને પ્રયત્ન આદર્યા પણ એને ફાવટ મળી નહી, ત્યારે અરવિન્દાથી નાની ઉમરના બે ત્રણ તાજા વિધુરો સાથે દિકરીના ભાગ્યને અકળાવવાની હિંમત કરવાનું એ ચૂકયો નહી. પુત્રીનું લીલામ બોલાવ્યા પછીજ એ વાત કરતો ત્યારે અરવિન્દા ચુપ રહી ઉંડો વિચાર કરતી. અને પિતા, Silence is half consent પુત્રીનું મૌન અરધું સંમતિ સુચક માની લેવામાં એનો જરાયે વિરોધ સમજતો નહી. x x x x x

એજ ભુલનો પુનરાવર્તને રહી એની કાર્કિર્દીનું આજે જનસમુહમાં જાહેર વેચાણ થતુ હતું એણે, એક વાર લગ્નના હવા લીધા છતાં ફરી લાલ કુંવારા બનવા ઇચ્છનાર ધનિક સુકલકડી વૃધ્ધ વિધુર સાથે અરવિન્દાનો સબંધ યોજ્યો, અને કંઇપણ ઉહાપોહ ન થાય તે માટે એ સાંજેજ લગ્ન ક્રિયા આમ કરવાનું નક્કી કર્યું. x x x x

પિતાએ પુત્રીને સમાચાર આપ્યા, અને અરવિન્દાનું રોમેરોમ ખળુ થયું. ભ્રુકુટી ઉંચી ખેંચાઇ, અને છાતીએ શ્વાસ ઘૂંટયો; "હા, હા, હા, આ શું કહો છો પિતાજી? મારો સબંધ યોજ્યો? અને એ તમે યોજ્યો કેમ? અને એક

(અનુ..... પા. ૧૪૯)

રાજનગરમાં મળેલી મહામંડળની જનરલ સભા.

અમદાવાદ જૈન યુવકસંઘના આમંત્રણથી યુવક મહામંડળની જનરલ સભા તા. ૨૨-૭-૩૪ ના રોજ અમદાવાદ મુકામે રામરાય મુન્શીના મેડા ઉપર સવારે નવ વાગે શ્રી મણીલાલ બાલાભાઇ નાણાવટીના પ્રમુખપણા નીચે મળી હતી. જેમાં મહામંડળમાં જોડાએલ ત્રીસ મંડળોમાંથી સોળના પ્રતિનિધીઓ અને બીજા સંભાવીત ગ્રહસ્થોએ હાજરી આપી હતી.

બહેનોએ મંગળાચરણ કર્યા બાદ અમદાવાદ જૈન યુવક સંઘના મંત્રીએ યોગ્ય વિવેચન કર્યું હતું. ભાઇ મનસુખલાલ હીરાલાલ લાલનની દરખાસ્તથી અને મૂળચંદ આશારામ વૈરાટીના ટેકા બાદ પ્રમુખશ્રીએ પ્રમુખસ્થાન લઇ ટુંક વિવેચન કર્યું હતું. મહામંડળના મંત્રીએ ગઈ જનરલ સભાનો હેવાલ વાંચી સંભળાવ્યો હતો. બાદ નીચે મુજબ કામકાજ થયું હતું.

યુવક પરિષદે કરેલ ઠરાવો અનુસાર મહામંડળની વર્કીંગ કમિટીએ તમામ કાર્ય લેવાના કરેલ નિર્ણય ઉપરથી ચર્ચા શરૂ થઇ અને તે આખું કામ લેવા અંગે અરસપરસ ખૂબ ચર્ચાના અંગે પ્રમુખશ્રીએ મત લેતાં પરિષદનું બધુંજ કામ લેવાની તરફેણમાં સાત અને વિરૂદ્ધમાં આઠ મત પડ્યા, પરિષદના એક એક ઠરાવપર પૂછતાં ફરજીઆત વૈધવ્યના ઠરાવ સિવાય તમામ ઠરાવો એકમતે સ્વિકારાયા હતા અને તેપર કામ કરવા સૌએ ખાત્રી આપી હતી.

બાદ પ્રમુખશ્રીએ "વિધવા પ્રશ્ન", બાળવિવાહ, વિધવાની આર્થિક સ્થિતિ અંગે પલ્લુ. વિમો, વિ. વિધવાઓને ઉદ્યોગિક કેળવણી, બિન સંયમી વિધવા માટે લગ્ન, એ પ્રમાણે ચાર વિભાગમાં વહેંચી, ચર્ચા શરૂ કરી હતી, પરંતુ તેમાંએ ચોથા મુદ્દાપર મતભેદ પડવાથી તેને પડતો મુકવામાં આવ્યો હતો. બાદ બપોરની બેઠકમાં અમદાવાદની યુવક સંઘની દરખાસ્તથી ને ભાવનગર જૈન યુવક સંઘના ટેકાથી દરખાસ્ત મુકાઇ કે યુવક પરિષદે ફરજીઆત વૈધવ્યના સંબંધમાં જે ઠરાવ કર્યો છે તેનો પૂર્ણ રીતે વિચાર કર્યા પછી મહામંડળની આ સભા ઠરાવે છે કે આ મહામંડળની સાથે જોડાયેલી દરેક સંસ્થાએ આ રિવાજમાં જે ખામી હોય તે દુર કરવા યથાશક્તિ અને પોતાના સંજોગને અનુસરી યોગ્ય પ્રયત્ન કરવા.

મહામંડળની વર્કીંગ કમીટીએ આ સંબંધમાં વખતોવખત

ગણવામાં આવે છે, (Syphilis is called child murderer) પ્રદર, કે ધૂપણી અને છૂપા પ્રદરથી આજની લગભગ પંચાણું ટકા બહેનો પીડાય એ કેટલું શરમજનક છે? એ દર્દ ક્ષયના લાંબા જીવલેણ દર્દનું આમંત્રણ છે. અને ક્ષય થયો એટલે ડોકટર કહેશે કે ક્ષયની દવાજ નથી. No medicine for consumption. એટલે દર્દીએ થોડું કે જીવીને મરવુંજ જોઇએ. જ્યારે દર્દની શરૂઆત હોય ત્યારે પુરૂષ જાત કોઇ દિવસ સ્ત્રીઓના દર્દોની પરવા કરે નહી, કારણ કે સ્ત્રીઓ ગમતનું પુતળું છે! અને દર્દ વધતાં જ્યારે ખૂબ આરામની જરૂર હોય ત્યારે સ્ત્રીઓને કસરતની સલાહ આપે અને મૃત્યુને વહેલું આમંત્રણ મોકલે.

આ ઉપરાંત આજના બીકણ જૈન પતિરાજોએ જાતજાતના વહેમો નિર્માલ્યતાને લીધે સ્ત્રીઓમાં ઘૂસાડ્યા છે. અન્ય પુરૂષ બાહોશીથી અબળાઓનાં વહેમો દૂર કરે ત્યારે આજના આપણા જૈનોએ શું ખબર કયાંથી લાવી સ્ત્રીઓને અનેક પ્રકારના ભૂતપલીતના વહેમો અને બીજા કેટલાક વહેમોથી સ્ત્રીઓને પરાવલંબી બનાવી સાંકડા, અને બીકણ સ્વભાવની બનાવી મૂકી છે અને વહેમનું ઔષધ નથી એમ તો સૌ સ્વિકારે પણ છે. છતાં એ વહેમનાં દર્દમા કેટલીએ બહેનો આ લોક છોડી દે છે.

પુરૂષ જાતે પોતાની નબળાઇઓ સંતાડવા, પોતાની નિર્માલ્યતાને ઢાંકવા સ્ત્રીઓને સામાન્ય શિક્ષણ આપવાનો પણ વિરોધ કર્યો, ત્યારે ગુપ્ત દર્દોને સમજવા પુરતું શારીરિક જ્ઞાન તો લેવા દેજ કયાંથી? શરીરના અવયવોની સમજણ તમામ સ્ત્રીઓને આપવીજ જોઇએ-જાતિય પ્રશ્નોનું જ્ઞાન તેમને મળવુંજ જોઇએ, કે જેથી પુરૂષજાતની નરબ્રમરોની કુટેવોથી સ્ત્રીઓ ચેતતી રહે, શરીર શાસ્ત્રનું જ્ઞાન પુરૂષ કરતાં સ્ત્રીઓને વધુ જરૂરનું છે એમ જ્યારે પુરૂષ અને સ્ત્રી સમાજ સમજશે ત્યારે આ દુઃખો આ સંસારમાં-આ એમના કારમાં દોઝખમાંથી ઓછા થશે. દોઝખ ચોથું હવે પછી.

(**આખરી રાહ** .... પા. ૧૪૯ થી)

એનું નામ નિશાન ભૂસ્યું, લો જુઓ." અરવિન્દાએ ઓરડાની બારી જોસથી ઉઘાડી, ટોળે વળેલા માનવીઓ તરફ આંગળી ચીંધી, "આ તમારી આબરૂનું છડેચોક લીલામ, માનવી માત્ર આજે તમને ભરખી જવા તૈયાર છે." અરવિન્દાએ વાતચીત બંધ કરી. પિતાને અંદર પૂરી ઝડપથી બહાર નિકળી. દ્વાર બંધ કર્યાં અને પિતાને અંદર પડી રહેવા દીધો. રખે નરપિચાશ કોઇ દગો રમે. x x x x x x x x x x

"અરે, રે, મરી ગયો બાપલીયા. દગો, દગો."

"પકડો પકડો પકડો." પરણવા આવનાર વૃધ્ધના સાગરીતોએ ઘુમો પાડી, લોખંડી શરીરની. અરવિન્દાએ **આખરી રાહ** અજમાવતાં એકજ લાતે વૃધ્ધને નીચે પટકયો, અને ઘુમો મારનાર તરફ સિંહણની ત્રાડ પાડી," લે પકડ મને! તું માયકાંગલા વાણિયા મને પકડીશ?" બીજા એકને એક જોરથી તમાચ ખેંચી, ત્રીજાનું બાવડું ઝાલી હવમચાવી મૂક્યો. જાણે હમણાંજ હાથ ઉતરી પડશે. "બહેન છોડો નહી આવું! નથી પકડવાં, મને છોડો, મારશો નહી." બધા નાસી છુટેલા સાથીમાંના છેવટના શિકાર બનેલા પુરૂષે દયા યાચી. x x x x x x x x

પિતા, વૃધ્ધો અને સાથીઓને પૂરી, પટકી, મારી, અરવિન્દાએ પિતાના ગૃહનો ત્યાગ કર્યો પાંચ વર્ષ વીતી ગયાં. એક આશ્રમની અધિષ્ઠાત્રી અરવિન્દાએ સેંકડો વ્રજદેહી સેવાભાવી અરવિન્દાઓ ઘડી તૈયાર કરી હતી. દરેકનું ધ્યેય પુરૂષોના હીચકારા આક્રમણોમાંથી રીબાતી બહેનું રક્ષણ કરવાનું હતું.

અ...વ...ન...વા.

સ્થાનીક–'તરૂણ જૈન' સમિતિએ આ પત્રના ફ્રારેગ થતા તંત્રી ભાઇ ચંદ્રકાન્ત સુતરીયાએ બજાવેલી સેવા બદલ આભારજનક ઠરાવ કર્યો હતો. (૨) આ. જીનદત્ત સૂરિજીની જયંતિ આ. વિજયેંદ્રસુરિજીના પ્રેમુખપણા નીચે ઉજવાઇ હતી. (૩) અનેક ફ્રેાન્ફરન્સોના ઠરાવો છતાં જાણીતા સોલીસીટર અને ફ્રેાન્ફરન્સના એક વખતના મંત્રી મોહનલાલભાઇના પિતા ભગવાનદાસના વૃદ્ધ વયે થયેલા અવસાન સમયે જાહેરમાં રડવા કુટવાનું પ્રદર્શન બંધ થયું ન્હેતું. પછી જુની ઘરેડે ચાલનારાઓનું તો પુછવુંજ શું ? (૪) અજીતસાગરસુરીજીના શિષ્ય લલિતસાગર વેશપરિવર્તન કરી મુંબઇ આવ્યા હતા (૫) આવતી ધારાસભામાં ૧૩ મી ઓગસ્ટે મી૦ રીસાલદાર દિક્ષાનો ધારો રજુ કરવાના હોવાથી રૂઢિચુસ્તોમાં ફફડાટ શરૂ થયો છે, (૬) ફ્રોલભાટ લેનમાં રહેતા દશાશ્રીમાળી વણીક પોપટલાલ–નાગજી, એમના પત્ની અને પુત્રને પોલીસે તા. ૧૦ મીએ પકડયા હતા. તેઓ અમદાવાદના રહિશ છે, તેમની સાથે ધરપકડ વખતે એક મરાઠી બાઇ અને બે ગુજરાતિ બાઇઓને પણ પકડવામાં આવી હતી, તેમના ઉપર અનિતિના ધંધા માટે–કુટણખાનું ચલાવવા માટેનો આરોપ હોવાનું કહેવાય છે –સમાજ જીવન કઇ હદે પહોંચ્યુ ગણાય ! (૭) પાયધુની ઉપર આદેશ્વરજીની ચાલીમાં ત્રીજા મજલે અંબાજી માતાની મૂર્તિ દહેરીના રૂપે સેવકો તરફથી કરવામાં આવી છે, ટ્રસ્ટીઓ ધ્યાનમાં લેશે ?

મ્હેસાણા–કડીના રહીશ અને રાજ્યના અમલદારના સગાવ્હાલાને ત્યાં સાગરાનંદજીએ હાથ નાખ્યો હતો અને ભાઇ જીવણલાલ નામના જુવાનને મુંડી નાખ્યો. મૂનિસંમેલનના ઠરાવને અભરાઇએ ચઢાવી જમાત વધારવા ઇચ્છતા મૂનિશ્રીને આ ચેષ્ટા ન પચ્યો અને અષાડ સુદ ૯ ની રાત્રે એ ભાઇ ઓઘો, અને વેષ પડતો મૂકી સંસારમાં આવી ગયા, દિક્ષાનો કરૂણ અંત તે આનુ નામ !

વેરાવળ–જૈન કન્યાશાળાની શીક્ષિકા બ્હેન કલાવતીએ દિક્ષા લીધી. કાર્તિકમાસમાં બીજા પાંચ છ બ્હેનો દિક્ષા લેવાના છે. આ દિક્ષાઓના સાચા કારણ તો તે બ્હેનોનાં અંતર જાણે. પણ અમદાવાદને આંગણે મળેલા સંમેલનના ઠરાવ અનુસાર દિક્ષાઓ અપાશે ? બ્હેન કલાવતીની દિક્ષા પ્રસંગે સાધુ સંમેલનના ઠરાવો પળાયા નહીં હોવાથી આ બનાવે સનસનાટી ફેલાવી છે.

પાલનપુર–મૂ. સંઘે તૂટતા સગપણો માટે કડક ઠરાવો કર્યા છે. ગયા વર્ષે થયેલા એક પર બીજી પત્ની નહીં કરવાના, અને સગપણો નહીં તોડવાના થયેલા ઠરાવો તૂટયા છતાં મહાજન કશું કરી શકતું નથી ત્યારે શું ઉપરનો નવો ઠરાવ પોકળ પાયાની મહેલાત જેવો તો નહી રહેને ? બાંધ્યા કણબીએ ગામ વસ્યાં સાંભળ્યા નથી.

ઇડર–રાજ્ય તરફથી જ્ઞાતિ ત્રાસ નિવારણ ધારો જુલાઇના ગેઝેટમાં બ્હાર પાડવામાં આવ્યો છે જુના વિચારનાઓમાં ખૂબ ઉહાપોહ થઇ રહ્યો છે. પ્રગતિને નહીં ઓળખનારાઓ ભલે પુટાઢોલ પીટે !

ઝાંસીની આસપાસમાં ચંદ્રભાનજી નામના એક પ્રતિષ્ઠીત જૈનનું ગોળીબારથી ખૂન કરવામાં આવ્યું છે. ખુનીનો પત્તો નથી.

અમદાવાદ–લાગતા વળગતાઓનો વિરોધ છતાં દિક્ષા આપવામાં એક્કા બનેલા મૂનિરામવિજયે વિદ્યાશાળામાં વધવાણવાળા મણીલાલઓઘડદાસને મૂંડી જમાતમાં વધારો કર્યો છે. નથી દિક્ષીત થનારની પત્નિના ભરણપોષણનો બંદોબસ્ત કરવામાં આવ્યો કે જેને લગતી ફરીયાદ એ બાઇના સ્નેહીજનોએ જાહેર પત્રોદ્વારા કરી હતી. આમ મુનિસંમેલનના ઠરાવને અભરાઇએ ચઢાવવામાં આવ્યો છે. તેમજ રતિલાલ–પ્રેમચંદ નામના એક બીજા સખ્સને પણ ઓઘો પકડાવી દેવામાં આવ્યો છે. અમદાવાદના જૈનોમાં આ બનાવે ખૂબ ચકચાર જગાવી છે. એટલુંજ નહિં પણ સંમેલનની શાહી સૂકાઇ નથી તે પહેલાં તેને ઠોકરે મારવા તૈયાર થતા આ મુનિ સામે રોષની લાગણી ખૂબ પેદા થઇ છે. (૨) શ્રી ત્રીકમલાલ ઉગરચંદની પૂત્રિ બ્હેન વીરબાળા કર્વે યુનીવર્સીટીની બી. એની પરિક્ષામાં મુંબઇ ઇલાકામાં પહેલે નંબરે ઉત્તીર્ણ થયા છે. અત્રેના સ્થાનકવાસી સમાજમાં આ બ્હેન પહેલાજ ગ્રેજ્યુએટ છે. અમારા અભિનંદન.

સ્વીકાર–મહાવીર સ્ટુડન્ટસ યુનીયનનું વાર્ષિક પ્રકાશન 'તણખા' મળ્યું છે. વિગતે સમાલોચના હવે પછી.

સૂચના કરતા જવી. ઠરાવપર મત લેતાં દસ તરફેણમાં, પાંચ તટસ્થ ને એક વિરૂધ્ધ મતે પાસ કરવામાં આવ્યો. પરિષદના ઠરાવોને અંગે કાર્યક્ષેત્ર તૈયાર કરવા વધારવાની સત્તા સાથે નીચે મુજબ ત્રણ કમિટીઓ નીમવામાં આવી હતી. જેઓએ પોતાની યોજનાઓ તૈયાર કરી, ચાર માસની અંદર વર્કિંગ કમિટીમાં તેનો રિપોર્ટ મુકવો એમ નિર્ણય થયો હતો.

૧. કેળવણી કમિટી—ડો. કેશવલાલ મલુકચંદ પરીખ, મુળચંદ આશારામ વૈરાટી, વેલચંદ ઉ. મ્હેતા વકીલ અને શ્રી. મણીલાલ બાલાભાઇ નાણાવટી–મંત્રી.

૨. ધાર્મિક અને સાહિત્યપ્રચાર—પ્રો. કેશવલાલ હિ. કામદાર, પરમાનંદ કુંવરજી કાપડીઆ, મોહનલાલ દીપચંદ ચોકસી અને ધીરજલાલ ટોકરશી શાહ–મંત્રી.

૩. સામાજીક—મણીલાલ મોકમચંદ શાહ, સારાભાઇ મો. દલાલ, ભાયચંદભાઇ અમરચંદ શાહ વકીલ, દેવીચંદભાઇ, તથા ડો. અમીચંદ છગનલાલ શાહ–મંત્રી.

વાર્ષિક સામાન્ય સભાને ડો. અમીચંદભાઇ તરફથી આમંત્રણ થતાં સ્વિકારવામાં આવ્યું અને માગસર સુદ ૧૫ સુધીમાં બોલાવવાનો નિર્ણય થયો, પ્રમુખશ્રી તરફથી એક વરસ માટે દર મહિને રૂ. ૨૫) કામકાજ અંગે આપવાનું જાહેર થયું. 'જગદ્‌ગુરૂ સેવાસમાજ' પાલનપુરનું રાજીનામું મંજુર કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રીએ અંતીમ પ્રવચન કર્યા પછી, ઉપકાર માનવાની યોગ્ય વિધિ થયા બાદ સભા વિસર્જન થઇ હતી.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બ્રધર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

એ નાટક હતું ?

વાર્ષિક લવાજમ ૧-૮-૦] શ્રી જૈન યુથ સોંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર [વર્ષ ૧ લું અંક ૧૭ મો
છુટક નકલ ૧ આનો.] તંત્રીઃ મણીલાલ એમ. શાહ. [શનિવાર તા. ૧-૯-૩૪

એ ભગવાન અમારા ન્હોય!

સાચેસાચ શું આ જોઉં છું તે સાચ્ચું છે? આ તે મંદિર છે કે કોઈ રાજવીનો રાજભંડાર છે? અંદર વિરાજેલા વિતરાગ ગણાતા આ તિર્થંકરો છે કે પિઢનથી પ્રખ્યાત થએલા રાજવીઓ છે, કે માનવીને રમવાનાં રમકડાં છે?

મ્હેં તો વાંચ્યું હતું કે કંચન તો શું, જીવનનાં તમામ રસ-નેં પ્રલોભનો વિદારીને ઋષભદેવજીથી માંડીને ભગવાન મહાવિર સુધીના તમામ તિર્થંકરો માનવબાળોને હિતાર્થે એક અનુપમ અને ભવ્ય આદર્શની માળાના મણકા થઈ રહ્યા હતા

અહિં તો એ સાવ જુદું લાગે છે. હજારો પુસ્તકોમાંથી વિતરાગોની એ ભવ્ય પ્રતિમાઓ પ્રકટતી લાગે છે. જને બળી પ્રકાશ દેતી મિણબત્તીની જ્યમ દેહદમનથી દાર્શનિક આદર્શ પ્રકટાવતી એ વિભુતીઓ આપણાં નમન માગી લ્યે છે. એ આદર્શો આપણી નિર્બળતાને વશ થઇને વર્તનમાં મૂકાય કે નહિ પણ એ પૂજ્યભાવ પ્રેરે છે; અને શક્તિ અનુસાર એને અનુસરતાં આપણને આંહ્લાદ થાય છે.

પુસ્તકોમાંથી પ્રકટ થતી એ ભવ્યાદર્શની પ્રતિમાઓ અને મંદિરોમાંની આ મુર્તિઓઃ એમાં સાચું શું? ભગવાન વિતરાગ છે તે, કે ભગવાન આપણા કરતાંય વધુ લાલચોમાં લિપ્ત થયલા લાગે છે તે?

એક ચિત્ર માનસપટમાં દેખા દે છે; રાજ્ય કુટુંબ, પ્રિયતમા ને પુત્રો ત્યજી, વનવગડે જઈ દેહદમન કરતા, અપ્સરાઓનાં સૌંદર્યે અસ્પર્શ્ય, ઇંદ્રોના પ્રલોભનોયે અલિપ્ત, અને દેવોની અગ્નિપરિક્ષામાંય અડગ, એવા વિતરાગ દેવ.

બીજું ચિત્ર દૃષ્ટિ સમક્ષ દેખા દે છેઃ અત્તર ચોપડાવતા, સોનાના વરખ ચોંટડાવતા, આભુષણો પહેરતા, કંચન-શોખીન 'વિતરાગ દેવ'!!!

જૈનોના તિર્થંકરોને અત્તર કેમ ખપે જ્યારે જૈન બાળોને રોટલે ચોપડવા તેલ પણ સાંપડતુ નથી ત્યારે? એ અત્તર વાપરતા ભગવાન જૈનોના ન હોય!

અને આ રૂપી ઘેલછા ભગવાનને? એની સંગેમરમરની સફેત સુંવાળી ચામડીપર, સુવર્ણમય દેખાવા, સોનાના વરખ ચોંટડાવવા એને કેમ ગમે? સુવર્ણને વિષ્ટા સમજી ત્યજનારને સુવર્ણમય દેખડાવવાની પાગલતા શી? એ પાગલતાને વશ બને તે જૈન તિર્થંકર ન હોઈ શકે.

અને ઓહ પ્રભુ! આભુષણોથી મઢયો તું, અમને વૈરાગ્યનો ઉપદેશ દઈ રહ્યો છે? આ પર્યુષણો આવ્યાં ને જર જવાહર માગી આણીને પણ પહેરવા માંડયાં એવો તું, અમને કંચનનો ત્યાગ કરવાનું સુચવે છે? જીવન અને કવનની અસંગતતાથી ભારોભાર ભરેલો તું અમારો ભગવાન ન હોય!

'ભયને ત્યજ' કહેનાર તું, આ તારે મંદિરિયે ચોકી ભરતા સૈયાઓ કેમ રાખી રહ્યો છે ભલા? લુંટાવાથી ડરતો તું અમારો ભગવાન ન હોય!

'લક્ષ્મીથી લલચાઇશ મા' એમ વદનાર તું, તારે નામે આ અઢળક ધન કેમ એકત્ર કરે છે? કઈ ઇચ્છાએ તું અમ ગરીબોને રોટલામાંથી લુંટાવે છે? શ્રીમંતોના સાગરીત! તું અમારો ભગવાન ન હોય!

"પીડીતોનો ઉદ્ધારક! ગરીબોનો બેલી!" જે કહેવાય છે એ તું ન્હોય! શાસ્ત્રો જેને વિતરાગ દેવ કહે છે એ તો તું કેમ કરીને હોઇ શકે?

વિતરાગ દેવ જવાહર પહેરે? વિતરાગ દેવ અત્તર વાપરે? વિતરાગ દેવ આભુષણે મઢાય? વિતરાગ દેવ એની રક્ષા કાજે ચોકીયાત રાખે? વિતરાગ દેવ પેઢીઓ ચલાવે? મુનિમ રાખે? વિતરાગ દેવ.....

ના, ના, ના, આ મંદિરો જૈન મંદિરો ન્હોય! આ મૂર્તિઓ જૈન તિર્થંકરોની ન્હોય! આ તો લાગે છે કોઈ રાજાઓ, જ્હે મશગુલ છે એમના મોજશોખમાં. **માનવીની તમામ વાસનાઓની, તમામ અલ્પતાઓની આ પ્રતિમુર્તિઓ છે!!** બાપુ! તું જે હો તે હો. તું અમારો ભગવાન ન હોય!

પંડીત રામચંદ્રજીને અભિનંદન

લગભગ એંસી વર્ષો પર માંગરોળ રાજ્ય અને હિંદુકોમ વચ્ચે ગૌવધ ન કરવાના થયેલ કરારનો દોઢ વર્ષ પર હાલના માંગરોળ દરબારે ભંગ કરી હિંદુ કોમને દુઃખી કરવાનું કારણ આપેલું. હિંદુઓએ અનેક પ્રકારની વીનવણીઓ કરેલી છતાં કશું પરિણામ આવ્યું નહિ. આખરે એક પ્રભાતે સેવાભાવી જયપુરી યુવાન, પંડીત રામચંદ્ર શર્મા અણુધાર્યા, અણચિંતવ્યા માંગરોળમાં જઈ ચડયા, ગૌવધના ફરમાને એનું અંતર વીંધ્યું. અનેક વિચારણા પછી એ વીરને લાગ્યું કે માંગરોળનો ધર્મસંગ્રામ બળીદાન માંગી રહ્યો છે, બળીદાન વિના ગૌમાતાપર આવેલી આફત ટાળી શકાશે નહિ. આ પ્રમાણે અંતર મંથન પછી એ વીરે ભીષ્મ પ્રતિજ્ઞા કરી "મીટ જઉંગા અગર ગૌમાતાકી આફત મીટા દઉંગા" ને મરણાન્ત ઉપવાસ આદર્યા. આખરે માંગરોળ રાજ્યને ગૌવધનો હુકમ મોકૂફ રાખવો પડયો અને ગૌમાતાની રક્ષા ખાતર બળીની વેદી ઉપર અટંકી વીરની પેઠે ઉભેલા એ વીરે ત્રેવીસમા અપવાસે પારણું કર્યું આથી અમે એ વીર અને માંગરોળના સૌ જનને ધન્યવાદ આપીએ છીએ.

પ્રાસંગિક નોંધ.

આ ઉપરથી આપણે એ સમજવાનું છે કે કોઇ પણ સંગ્રામ બળીદાનની ભાવનાવિના જીતી શકાતો નથી. આપણી સમાજમાં અહિંસા, સંયમ સહન શીલતા, ને તપ માટે મશહુરબનેલા સાધુઓ છે. છતાં આપણા તીર્થોપર, સમાજપર અનેક આફતના ઓળા ઉતર્યા છે–ઉતરે છે, છતાં એમાંથી એક પણ એવો ભડવીર ધર્મ માટે બળીદાન દેવા બહાર નથી આવ્યો એ આપણા કહેવાતા ત્યાગી, વૈરાગી સંયમીઓને શરમાવનારૂં છે. જ્યારે આ દસકામાં ધર્મ ઉપર આફતો આવી છે ત્યારે મારવાડ છોડી ગુજરાતમાં ભરાઇ જવાના ફીસ્સા બન્યા છે. કોઇને પાલીતાણે જતાં કંપવા વછુટયા છે. સંયમધારીઓની–અહિંસકોની જ્યાં આ દશા હોય ત્યાં એના ભકતો માટે કહેવું જ શું?

એ નાટક હતું?

સાધુ શાહીએ દીક્ષા અને બીજા અનેક પ્રશ્નો અંગે આદરેલ તાંડવ નૃત્યથી સમાજમાં વેર ઝેરના વંટોળીયે ફરી વળી ઘેર ઘેર કલેશની હોળી સળગાવેલી. આખરે એઆહને ખુઝવવા અથવા ભારવા અમુક શ્રાવકને સાધુઓની પ્રેરણાથી અમદાવાદ મુકામે એક સાધુસંમેલન ભરાયું, અને તેને ચોત્રીસ દિવસ સુધી જુદી જુદી રીતે દેખાવો કરી 'સંઘ પટ્ટક' ના નામે ઓળખાતા અગિયાર પ્રવેશ—ઠરાવનું નાટક ભજવી હજારોનો ધુમાડો કર્યો

અમે એને નાટક એટલા માટે કહીએ છીએ કે એના ઠરાવોના રક્ષણ—પાલન માટે જે દીવાલની જરૂર હતી તે તોફ હવામાંજ રહી. કારણ કે સૌ સાચી શન્તિ માટે એકત્ર થયા હોતા, એટલે હુરિયો થવાની ધાસ્તિએ—નબળા મનોબળે અગીયાર ઠરાવો થયા, અને ઠરાવોને ચીંથરાના ટુકડા સમજી એનો છેડે ચોક ભંગ થઈ રહયો છે છતાં કોઇ પૂછી શકતું નથી.

દીક્ષાના પ્રશ્ન અંગે જેઓના નામે સમાજના ચોપડે અનેક આરોપો છે તેવા આરોપીઓ પણ આ સંમેલનમાં હાજર હતા અને સમજતા કે આ ઠરાવો કશુ કરી શકે તેમ નથી—કોઇ પૂંછી શકે તેમ નથી એટલે સૌની સાથે હાએ હા ભણી સંમત થયા અને પીછું ફેરવ્યું.

હજુ તો વર્ષનો ચોથો ભાગ પસાર થયો નથી ત્યાં બ્હેન કળાવતી, કડીવાસી ભાઈ જીવણલાલ અને રતીલાલની દીક્ષાના ફીસ્સાથી એમ સહમજાય છે કે **સાગરાનંદ** અને **રામવિજયે** સાધુ સંમેલને કરેલા ઠરાવ પર પગ મૂકી 'સંઘ પટ્ટક' ની કોડીની કીંમત આંકી છે. અમે તો ધારતાજ હતા કે જેઓ ચેલા, ચેલકીઓ માટે ગમે તેવાં કૃત્ય કરવાને તૈયાર છે તેવાઓને રોકવા જ્યાં સુધી મજબુત બંધ બાંધવામાં નહિં આવે ત્યાં સુધી એમની સાન ઠેકાણે આવવાની નથી.

આવા ધૂર્તોથી સમાજનું રક્ષણ કરવું હોય તો ઉન્મત બનેલાનું ભાન ઠેકાણે લાવવા સ્થાનિક સંઘોએ—યુવાનોએ સંગઠ્ત બનીને એ ભાન ભુલેલાઓને ફગાવી દેવા તૈયાર રહેવું જ જોઇએ જે શહેરના અગ્રેસરોએ સેંકડો સાધુ, સાધ્વીઓને ઠાઠમાઠથી એકત્ર કરી 'સંઘ પટ્ટક' ને જન્મ અપાવ્યો, તેજ શહેરમાં રામવિજય તે પટ્ટકની વિરૂદ્ધ વર્તાવ કરે છતાં સૌ મૌન સેવે ત્યારે અમારે કહેવું પડે છે કે એને કોઇ પૂછનાર છે કે નહિ? આ ઘટના દેખાડી આપે છે કે સમાજમાં ગમે તેવી સ્થીતિ ઉભી થાય છતાં એ ગધ્ધાપૂંછ છોડવું એમને ગમતું નથી. ભલે દીક્ષીતો રહે કે ભાગી જાય એમણે તો બબ્બર સોદા તરીકે એ ધંધો આદર્યો છે. એટલે આવા દગલબાજોથકી સમાજે પૂરતા ચેતતા રહેવાની જરૂર છે, અને આવા સોદાગરોનાં જ્યાં પગલાં પડે ત્યાં સમાજના ભલા ખાતર એના –ભલા ખાતર, ચડેલી ગરમીનો પારો ઉતારવા બહિષ્કૃત કરીને કે કપડાં ઉતારી લેવાં એજ માત્ર ઇલાજ છે.

અવનવા—(૧) નિપૂણવિજયજીનું અકસ્માત સંયોગોમાં અવસાન થયું હતું તેની ફરી તપાસ સત્તાવાળાઓ તરફથી છાપાઓમાં થયેલ ઉહાપોહના લીધે હાથ ધરવામાં આવી છે. કેટલીક જુબાનીઓ લેવાઈ ગઈ છે અને સાથે વિચરનારા સાધુઓની પણ લેવાશે. (૨) શ્રીયુત દેવીચંદ સાગરમલજીએ (જેઓ મારવાડ નવયુવક મંડળના મંત્રી છે તેઓએ) પોરવાડ સંમેલનના ઠરાવોનો ભંગ કરી કન્યા વિક્રય કરવાના મારવાડના ચોક્કસ પંચોએ કરેલા ઠરાવ સામે વિરોધ તરીકે ઉપવાસ શરૂ કર્યા છે. હજુ પણ જો ત્યાંના પંચો કન્યાવિક્રય કરવાના ઠરાવો નહિ ફેરવેતો મરણ પર્યંતના ઉપવાસ ભવિષ્યમાં કરનાર છે (૩) ડો. બ્રાઉને મહાવિરજૈનવિદ્યાલયમાં, પનાલાલ જૈન હાઇસ્કુલમાં કલ્પસુત્રની સ્લાઇડો સંપૂર્ણ વિવેચન સાથે બતાવી હતી (૪) વિદ્યાશાળાનો મોટો મેળાવડો શ્રી અમૃતલાલ કાળીદાસ શેઠના પ્રમુખપણા નીચે શ્રી શાન્તિનાથ દેહરાસરજીના ઉપાશ્રયમાં ઉજવવામાં આવ્યો હતો. (૫) 'જૈનયુગ' પત્ર નવિ વ્યવસ્થા ન થાય ત્યાં સુધી હાલ તુરત બંધરાખવા સ્ટેન્ડીંગ કમીટીએ ઠરાવ કર્યો છે (૬) 'સુકૃત ભંડાર' ફંડ માટે કોન્ફરન્સ તરફથી મુંબઇમાં જુદે જુદે સ્થળે સભાઓ થનાર છે. જૈન કોમના દરેક ભાઇ બ્હેનોએ પોતાનો યથા શકિત ફાળો મોકલી આપી આપણી જૈન મહાસભાના સભ્ય તુરત થઈ જવું જોઇએ (૭) વલીં ઉપર કોગ્રેસ ભરાવાની હોવાથી તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

નાનાં નવ તાં ભૂ.

ડાહ્યાલાલ વી. મહેતા

(૫)

પુરૂષ સમાજે નારી જીવનને પ્રગતિ કરતાં અટકાવવાને અનેક યુક્તિ પ્રયુક્તિઓ શોધી. અને કોઈ પુરૂષની ફળદ્રુપ બુદ્ધિથી **સામાજીક અને આર્થિક પરતંત્રતા** લાદી, સ્ત્રીજાતિને હંમેશના માટે ગુલામ અને પરાધીન માનસની કરી મૂકી. આજે તો એ પરાધિનતાના મૂળ એટલાં ઉંડાં ગયાં છે કે સ્ત્રીજાતિને પણ સ્વતંત્રતાનો વિચાર કરવો અકારો લાગે છે. ગુલામીએ એને ગૃહની દિવાલો-માંજ ભરાઇ રહેવાથી હુંફ મળે,' એમ શીખવ્યું, અને આર્થિક પરાધિનતાએ એને પુરૂષના તમામ વિષયો પોષી પેટ ભરીને જીવવાનુ યોગ્ય લાગ્યું. સ્વમાન અને આત્મભાન ખોવાયા પછી છેવટે વિચારસ્વાતંત્ર્યનોએ એને ભોગ આપવો પડ્યો.

જીવનના કલહ વધી પડતાં નિર્બળ મનુષ્યોએ કાં તો સબળના ગુલામ બનવું અગર મરવુંજ રહ્યું. એ અનુસાર પુરૂષ જાત સબળ હોઇ એણે નિર્બળ બની ગયેલી સ્ત્રીજાતિને ખરીદજ કરી લીધી. પુરૂષનું સ્ત્રી ઉપરનું આધિપત્ય સ્વિકારાયું, અને સ્ત્રીઓને પણ એ કબુલ્યા સિવાય છુટકોજ નહોતો. સામાજીક જીવનમાં પુરૂષને તમામ સ્વતંત્રતા ભોગવવાની છૂટ હોઈ એને તમામ ભોજશોખ, સગવડ સાચવવા સ્ત્રીને રસોઈનુંજ કામ સોંપી અનેકવિધ સામાજીક કાર્યોમાંથી ફગાવી દીધી, અને અર્થપ્રાપ્તિ પણ પુરૂષજ કરી શકતો હોઇ, સ્ત્રીના વારસાહકને પણ નાકબુલ કર્યો. સમાજની પડતીનો એ કાળ હતો, અને દિવસે દિવસે સમાજમાં સડો પેસતો જતો હતો, એ વખતના આચારવિચારોના પડ્યા **ધર્મ-ગુરૂઓના** મગજમાં પડ્યા, અને એમણે સ્ત્રીજાતિને હડહડતો અન્યાય કરીને પણ પુરૂષને સમાજ અને ધર્મમાં આધિપત્ય આપ્યું કોઇક શાસ્ત્રોએ તો સ્ત્રીઓને 'મોક્ષ કે સ્વર્ગ' પણ ન મળી શકે એમ ચિતરી માર્યું. એકના અનેક ઉતારા થયા અને સ્ત્રીએ સમસ્ત દેશમાંથી તમામ સામાજીક સ્વાતંત્ર્ય ગુમાવ્યું. કોઇ ગુરૂઓએ 'સપ્તપદી' જેવી ગુલામી જંજીરો રચી અને ધર્મના નામે સર્વ વસ્તુ વિના વિચાર સ્વિકાર કરવામાં આવી. આજના કાયદાઓ તમામ વિકૃત થોથાં ઉપરથી રચાયા એટલે કાયદા-કારો સ્ત્રીજાતિના વારસા હકની નાબુદીના કાયદા રચતાં કંપી ઉઠ્યા છતાં, એમ કરવાને એમને ફરજ પડી.

સામાજીક પરતંત્રતા લાદી પુરૂષે સ્ત્રીજાતિના અંગત હકકો પણ લુંટી લીધા. 'લગ્નહક' ઉપર પણ પુરૂષોજ અધિકાર ભોગવે. સ્ત્રીને કોની સાથે લગ્ન કરવું એ એના અધિકારની વસ્તુ તો નથી રાખવામાં આવી પણ પુરૂષજાત એને જે પુરૂષ સાથે લગ્નથી બાંધવા ઇચ્છે છે, તેને ઓળખવા પુરતી પણ તક ન આપે, એટલુંજ નહી પણ લગ્નની સમજણ પ્રાપ્તિ પણ ન થઇ હોય એટલી નહાની વયમાં પરણાવી સ્ત્રીને એકાદ બાળકની માતાએ બની જવાની ફરજ પાડી હોય. આજના તડો અને ધોળો પણ આજ અધિકારની, પુરૂષો વચ્ચેની લડાઇ છે—મારામારી છે. 'સ્ત્રી' નામની એક મિલકત કલ્પી લઈ, એ મિલ્કત બીજા ન લઈ જાય માટે, અને પોતાનાજ તડના માણસોને એ મતા સહેલાઇથી મળે એ સ્વાર્થવૃત્તિજ આપણા સમાજને યોગ્ય તડોમાં વહેંચી નાંખવાના કારણભુત બની છે, અને સ્ત્રી એ મિલકત છે અને પુરૂષ એનો માલિક છે એમ સ્ત્રી અને પુરૂષ વિના સંકોચે માને છે.

આ નવા જમાનામાં આ સ્થીતિ અસહ્ય બની છે, અને સ્ત્રી અને પુરૂષ સ્ત્રીઓના હકકો સમજવા લાગ્યા છે. સ્ત્રીના સગપણ અને લગ્ન હક કબુલતાં શીખ્યા છે, છતાં જુના જમાનાથી નસોમાં જે લોહી વહેતું આવ્યું છે. તે એકાએક દૂર નથી થતું. આજે ઘણાએ પિતાઓ પોતાની જુની વિચાર સરણીને લઈ એકાદ વખત પોતાનો અધિકાર સમજી પોતાની બાળકીના સગપણ સંબંધ યોજે છે; અને વખતના વહેણ સાથે પોતાની ભૂલથી બાળકીના ભાવીની ભયંકરતા સમજેપણ છે. સુધારક બનીએ સગપણ તોડીપણ નાંખે છે, અને સમજુ માતાપિતાએ બાળકીના જીવનને બરબાદ નહી કરવા તોડવું આવશ્યક છે; પણ જ્યારે એ સગપણ તોડયાપછી પણ એની પુરૂષવૃત્તિ જોર કરીનેજ બહાર આવે છે ત્યારે એ બાળકીનું જીવન નાવ પોતાના વિચારોની તુલનાથી કરતો થાય છે, અને ફરી પોતાનાજ વિચાર કે ધન સરખા કોઇ પુરૂષ જોડે એ બાળકીનું સગપણ યોજે છે, ત્યારે સુધારક વૃત્તિનો ધ્વંસજ થઇ રહે છે. બાળકીના શ્રેય અર્થે જો સંબંધ તોડવામાં આવે તો પછી બાળકીને પોતાની ઇચ્છાથીજ સંબંધ બાંધવાની છૂટ આપવી જોઇએ, પણ તેમ નથી થતું કારણ કે 'પુરૂષ' જાત હજુ સુધી એવા પ્રશ્નોમાં પોતાનું સ્ત્રીપર આધિપત્ય છે એમ સમજે છે, પછી પુરૂષ જાતમાં પિતા હોય, પતિ હોય કે પુત્ર હોય. આમ એક ગુલામીમાંથી દૂર કરી બીજી ગુલામીમાં જકડવામાં આવે છે, એક દોઝખમાંથી દૂર કરી બીજી સુડોળ દોઝખમાં સ્ત્રીને સુધારાના નામે સડતી કરી મૂકાય છે.

સ્ત્રી જાતિને સ્વતંત્રતા છેજ કયાં? આખા જીવનમાં પિતા, પતિ, અને પુત્રની ગુલામી સ્વિકારવી એમ ધર્મ શાસ્ત્રોએ ફરમાવ્યું; છતાં આજના ધર્મગુરૂઓ બહેનોને પરિગ્રહ ઓછો કરવાને કે ધન, મોહ છોડવાને રાડો પાડી ઉપદેશ દેવા નિકળી પડ્યા છે. એક ભૂખ્યા માણસને ઉપવાસની મહતા ગમે તેટલી સ્વિકાર્ય હોય છતાં બહુ ઝડપથી તે ખોરાક પ્રતિ હાથ લંબાવવાની ઇચ્છા રોકી શકતો નથી. એક ગરિબ માણસ કોઇકે ટાણે મળેલા મિષ્ટ ભોજનને તરફ ખાઉધરા વૃત્તિ દાખવવી જેમ રોકી શકતો નથી, તેમ ચારે બાજુથી જે બહેનો ડગલે ને પગલે પરાધીનતા ભોગવી રહી છે. જે ગૃહકાર્ય પાછળ શરીર નિચોવી, સેંકડોની કિમ્મત આપ્યા છતાં જે આનંદ પુરૂષ જાતને ન મળે તે વિના મૂલ્યે આપી રહી છે, તે જાતિના અથાગ પરિશ્રમનો બદલો જ્યારે પુરૂષ જાત અહંભાવે ન અર્પે ત્યારે ખાનગી ખૂબ પરિગ્રહ વધારવાની એની ઇચ્છાને એ નજ રોકી શકે એ સ્વાભાવિક છે. વળી આજે તો પુરૂષ જ્યારે સ્ત્રીને જ્યારેને ત્યારે તરછોડી મૂકી શકે છે, ત્યારે સ્ત્રી જાતિ અવિશ્વાસે ચોરી છુપીથી પણ અંગત ધન સંચય કરવાની લાલચ રોકી કેમ શકે? અને ચોરીનાં બચાવ માટે અસત્યનો આશરો તો લેવો પડેજ. આમ સ્ત્રીઓના દુષણો માટે પણ સ્ત્રીઓ નહી પણ પુરૂષોજ જબાબદાર છે.

'પુરૂષ ભરણ પોષણ કરી શકે છે,' કહી બહેનોના ગૃહઉદ્યોગથી એમને પ્રાપ્ત થતું ધન પણ પુરૂષોએ આવતું બંધ કરાવ્યું, ત્યારે માનવીનો ધન લોભ ગમે તે પ્રકારે ખુટીતો અટકે. . . . . પા. ૧૬૪

મ્હારી વિચારયાત્રા.

મ્હારી વિચારયાત્રા શરૂ થયાને અલ્પ સમયજ થયો છે. એને માટે નિર્ણીત યાત્રાસ્થળ નથી. વિચારયાત્રા અથડાતી કુટાતી જ્યાં જાય ત્યાં જવા દઉ છું. સારૂયે જગત તેના માટે ખુલ્લું પડયું છે. વિશાળ જગતના ખૂણેખૂણામાં ફરી વળવું એ તેની આંતરેચ્છા છે. મ્હારૂં હૃદયબળ અને મ્હારા માનવ પ્રયત્નો મ્હારી ઇચ્છાને પાર પાડો!!!

x x x

લોક જીવનને હું દૈવીજીવન તરીકે ચીતરવા નથી માંગતો. 'દૈવી જીવન' રજુ કરનારને કળાકાર–ચિત્રકાર–ગણવામાં આવે છે. હું એ સ્વીકારતો નથી. લોક જીવનનાં સત્ય રજુ કરવાં એનું નામજ ખરી કળા છે. જીવનની સાચી સ્થીતિપર ઢાંક પીછેડો કરી તેને શણગારીને તેની સત્યતા નાબૂદ કરીને–આદર્શ માનવ જીવન કે દાનવ જીવન રજુ કરવા માંગતો નથી પરંતુ જે સ્થીતિ આજે પ્રવર્તે છે–જે સત્ય મ્હારી નજરે પડે છે તે આમાં ઉતારવા માંગુ છું.....પછી તમને તે ગમે કે ન ગમે તેની મ્હને ચિંતા નથી.....લોક જીવનમાં ઉંડા ઉતરશો તો આ સત્યો તમારી નજરે પડશે.

x x x

લોક જીવનને કર્કશ બનાવી મૂકવામાં આવ્યું છે. નથી દીસતી તેમાં જીવનની રસમયતા કે કલા. માનવ જીવનની સઘળી શક્તિઓને બાળપણથીજ મારી નાંખવામાં આવી છે. નથી રહ્યા તેમાં આનંદ, ચૈતન્ય, કે ઉત્સાહ. પ્રગતિની પ્રેરણા પણ નથી. "ન્યાય, નીતિ અને સત્ય" નો સિદ્ધાંતોને તેમાં સ્થાન નથી. આમ લોક જીવનને–માનવ જીવનને રસવિહીન–લૂખ્ખુ સુકું–બનાવી દેવામાં આવ્યું છે. આ સદીઓનાં અણઉકેલ સત્ય આજના માનવ જગતે ઉકેલ્યાં છે. લોક જીવનની એ ઉણપો દૂર કરવા અને તેમાં નવીનતા ઉતારવા તે પ્રયાસ કરી રહ્યું છે.

x x x

જે માન્યતા, જે પ્રણાલીકા, સમૂહના હિત વિરૂધ્ધ હોય તેને અનુસરવામાં મ્હને તો મૂર્ખાઈજ લાગે છે. કદાચ એક વખત તેઓને માટે એ પ્રણાલીકાઓ સારી હશે, પરંતુ આજે સમયના વહેણની સાથે એ બધી કાળ જુની થઇ ગઇ છે. તો શું સમયને અનુરૂપ નહિ એવી એ રૂઢીઓને અનુસર્યેજ જવું? જેએ બધા વડવાઓ પોતે દોરેલી કાર્યસરણીનો–પ્રણાલિકાઓનો–ભાવીમાં ભંગ નજ થઇ શકે–તેમાં ફેરફાર નજ થઇ શકે એવું ફરમાન કાઢી ગયા હોય તો મ્હારે મન તેઓ મૂર્ખાજ છે. એક કાર્યની યોગ્યાયોગ્યતા તો જીવંત મનુષ્યોજ પીછાણી શકે. જે કાર્ય આપણે કરવાનાં છે તે નક્કિ કરવાનો હક્ક આપણને છે; જેઓ આજે જીવતાં પણ નથી એમને નહિ.

x x x

તમે પૂછો છો કે 'સમાજ આમ માનશે અને તેમ માનશે' પણ ચેતનવીહિન સમાજને માન્યતાજ ન હોઇ શકે. તમારા માટે કે તમારા કાર્ય માટે બીજાઓ શું માને છે તેનો વિચાર કરવાનો નથી. પરંતુ તમો પોતે એ માટે શું માનો છો? એજ વીચારવાનું છે.

x x x

મ્હને એ શ્રીમંતાઇ અને સુધારો દંભી દીસે છે. ભલે લોકો ન માને હું તો ઉગતા નાગરીકો સમક્ષ સત્ય રજુ કરૂં છું. જીવન વિકાસવની જરૂરીઆતો તરફ અંગુલી નિર્દેશ કરવા માગું છું. તેમનાં જીવન, આનંદ, રસીકતા અને નવીનતાની ભાવનાથી ભરાય એ જોવા માગું છું.

z x x

હું એવી એક સમાજ સંસ્થા અને તેની વ્યવસ્થામાં માનું છું કે જેની અંદર સઘળાઓ ભાતૃત્વની છાયા નીચે રહે. વડિલશાહીનો દોર ન હોય. મ્હોટા,–નાનાં, ઉંચ, નીચ કે ગરિબ–તવંગરનો ભેદ ન હોય. સમાન હક્ક, સમાન તક અને સમાન ફરજ એ જેનું ધ્યેય હોય અને સભ્યોના અંગત જીવનમાં જોહુકમી ચલાવવામાં આવતી ન હોય, પરંતુ તેમને સત્ય સમજાવીને જીવનમાં ઉતારવાનો જ્યાં પ્રયાસ થતો હોય, બળજબરીથી કોઇ વીચાર ઠસાવવામાં આવે તો માનવ બુદ્ધિ કુંઠીત થાય છે. માનવ હૃદયમાં નૂતન વિચારનો સંચાર બુદ્ધિવાન વિચાર સરણીના સંસર્ગમાં આવવાથી આપમેળેજ થાય છે.

ગરિબાઇ એ કાંઈ ગુન્હો નથી. છતાંય ગરિબ મનુષ્ય આજે સઘળે ધૃણિત થઇ રહ્યો છે. ધર્મના પુતળાં હોવાનો દાવો કરનારા, ધાર્મિક પુરૂષોથી માંડીને એકાદ ઉમરાવ સુધીનો પ્રત્યેક માણસ તેને વખોડી કાઢે છે. ગરિબાઇ એ સાંપ્રત સમાજ વ્યવસ્થાનું કારમું પરિણામ છે. ગરિબાઇમાંથી જન્મતા ગુન્હા માટે વાસ્તવીક રીતે તો સમાજ ગુન્હેગાર છે, અને સમાજે તેને માટે સહવું રહ્યું.

x x x

આજે ખૂંચવી લેવામાં આવેલું નારીનું નારીત્વ પાછું મેળવાય છે. આજની સ્ત્રી શક્તિ આગળ વધી રહી છે. પુરૂષથી ગાંજી જાય તેમ નથી. ભણી છે, ગણી છે, આપમેળે વિચાર કરતાં શીખી છે, હેને મ્હાત કરવી એ શાસ્ત્રો અને શાસ્ત્રકારોની શક્તિ બહારની વાત છે. હવે તે વધુવાર પુરૂષોનું આધિપત્ય સ્વીકારવા કોઈ રીતે તૈયાર નથી. જીવંત રહો એ અમર સ્ત્રી શક્તિ!

દરેક પોતાને માટે, પોતાના વિચારો માટે, પોતાના કાર્યો માટે થોડુંક નહિ પણ પુરેપુરૂં જાણવુંજ જોઇએ, પરંતુ ઘણા યુવાનો પાસે એ સવાલ અણ ઉકેલ્યોજ રહે છે. અને તેથી તેઓ પોતાના જીવન માટે કંઈ પણ નક્કિ કરી શકતા નથી. અયોક્કસ વિચારો અને નિર્ણયો એ માનવજાત માટે અને ખાસ કરીને 'યુવાન મગજ' માટે ભયંકર વ્યાધિ છે.

x x x

હું કોણ? એ આખાય સવાલ જગતની સામાજીક પ્રગતિ ઉપર અવલંબેલો છે. એ પ્રગતિ અટકતાંજ 'હું કોણ'ની પ્રગતિ પણ અટકી જશે. જગતની પ્રગતિ સાથે મનુષ્યના માનસની પ્રગતિ પણ થાયજ એ પ્રકૃતિ નિયમ છે. જો કે કોઇકમાં થોડો તો કોઇકમાં વધુ અંશે આ ફેરફાર અનિવાર્ય પરંતુ ઇચ્છનીય છે. આજે હું છું તેના કરતાં કાલે જુદોજ

યુવકની અભિલાષ.

લેખકઃ લાલચંદ જયચંદ વહોરા

'જૈન' તરીકે જુદા જુદા ગચ્છ ફીરકાના સંમેલન થાય છે ત્યારે એમ થાય છે કે માત્ર જૈનને નહિ, સમજી જૈનેતર સુદ્ધાને આ બાબત વિષે અભાવો થાય છે, કારણ ભારત તો શું, પણ જગત આખું એક સંયુક્ત સમાજ તરીકે જૈનને પીછાને છે, અને આપણે આ રીતે એકત્ર થઇ, અને ઘણી વેળા તો આપણી અંદર અંદરનાને કચરવા, નિંદવા કે સત્તા હસ્તગત્ કરવાના પ્રયાસો કરવામાં આપણી અપૂર્વ શક્તિને વેડફી રહ્યા હોઇએ છીએ.

જ્યારે આપણે અભંગ અને એક જૈન રાષ્ટ્ર બની, ભારતના સ્વરાજ માટે પ્રયત્ન કરવાનો છે, ત્યારે આપણે અમારા અને તમારાની હુંસાતુસીમાં 'Devide & Rule' લડાવી મારીને રાજ્ય શાસન સ્થાપવાની કુટનિતિને પોષણ આપીએ છીએ.

ભૂતકાળમાં આપણે અરસપરસ લડ્યા એ વાત ભૂલી જઇએ તો સારૂ છે. ભૂતકાળમાં આપણા આચાર્યોએ પોતાના વ્યક્તિત્વના વિકાસને અર્થે ભલે મતો અને ગચ્છો બાંધ્યા. આજ એ બધા અનર્થકારી નિવડ્યા છે. સ્થાનકવાસી, દહેરાવાસી કે દિગંબરી એ બધા આજે એક છે, બાહ્ય ક્રિયાકાંડોમાં, હોય તેટલા બધા ફેરફારોને આપણે ગૌણ માની તેના સામે ઉદાસિન વૃત્તિરાખીએ અને મુળભત વસ્તુને સ્પર્શીએ તોજ એક જૈન સમાજ તરીકે આપણે જીવી શકીશું અને વ્યક્તિગત્ તેમજ સામુદાયિક વિકાસ સાધી શકીશું.

આજે યુવક પરિષદ કે કોન્ફરન્સ પાસે વિશાળ પ્રશ્નો ઉભા છે, તેમાં અંદરની અથડામણને કયાંયે કારણ નથી. અથડામણથી ડરીને ચાલવાપણુંયે નથી, પણ જ્યારે વિશાળ અથડામણ વચ્ચે એક સમાજ તરીકે જીવવાનો અને ટકવાનો પ્રશ્ન છે, ત્યારે ગચ્છ અને ફીરકાના અંદરના જંતુઓ એટલા બધા નાના છે કે તે આપોઆપ અદૃશ્ય થઇ જવાના.

શાસ્ત્રો ચુંથવાનો કે આચાર્યો પાસે જઈ આશિર્વાદ મેળવવાનો કયાં સમય છે? આપણા બધામાં જ્યાં સરખો આત્મદેવતા છે તો પછી સ્વયં પુરૂષાર્થથીજ માર્ગ કાં ન કાપવો? અને જ્યારે જ્યારે સમાજ કે રાષ્ટ્રમાં અન્યાયો અને અધર્મો વધે છે ત્યારે વ્યક્તિ અને સમાજના વિકાસની ફકવટ થાય છે અને એ અન્યાયો અને અધર્મોનો અતિરેક થાય છે ત્યારે સમાજ અને વ્યક્તિ કોઇ બીજા માર્ગદ્વારા માનવસમાજના વિકાસ અર્થે નવું સર્જન કરે છે.

આજે આ ઇંધન અને બંધન આપણને અકળાવી દે છે અને એટલેજ બળવો કરીને પણ કંઇ નવું સર્જન કરવાને પ્રેરે છે. જડવાદી ચોકઠામાં નવો યુવાન રહી શકે તેમ નથી, ટકી શકે તેમ નથી. યુવાનની અભિલાષ તો એ એ છે કે સંસારમાર્ગ વિકટ નહિ, પણ સરલ થાય, સામર્થ્યવાન થાય.

આપણી કોન્ફરન્સ એક પીઢ સંસ્થા છે, તેણે ઘણા લાંબા સમયથી સમાજને માટે શુદ્ધ ભાવના ભાવી છે. આજે એને દેવદ્રવ્યના, બાળદિક્ષાના અને તિર્થરક્ષાના પ્રશ્નો ચર્ચવા હોય તે ચર્ચે, તેમને એ અધિકાર છે પણ સાથોસાથ યુવક પરિષદનો માર્ગ મોકળો કરી આપવો ઘટે છે; યુવકોના અંતે યુવતિઓના પુરૂષાર્થની રૂકાવટ માટે જરા પણ પ્રયત્ન કરવાનો તેને આજ અધિકાર નથી. કોન્ફરન્સ એટલે પીઢ જૈન સુત્રધારો, યુવક દળના શુભ પ્રયાસોને આશિર્વાદ આપે, બની શકે તેટલું દ્રવ્ય આપે, અને તેમ છતાં તેમનાપર માલેકીપણાની કોઇ સત્તા સ્થાપવાનો લેશ પ્રયત્ન ન કરે તેમાંજ જૈન સમાજની શોભા છે.

યુવકો વીર જવાહરલાલ જેવાને અભિનંદન આપશે, કે ગાંધીજી જેવાને વંદના કરશે, યુવકો બાળવિધવા કે બાળ દિક્ષિતોની વ્હારે ધાય કે શાસ્ત્ર અને સાધુવર્ગની ટીકા આદરે, પ્રણાલીકા ભંગ કરે કે દેવદર્શને પાઇ પૈસો ના ધરે, ગમે તે કરે તો પણ તમો તેઓના પ્રતિ અમીદૃષ્ટિ વરસાવજો અને માનજો કે 'છોરૂં કછોરૂં થાય પણ માવતર કમાવતર ન થાય,' તમારાથી રાતી આંખ આ અવસરે ન થવી જોઇએ.

યુવાનો આજે ભૂલો કરી અનુભવ શોધવા મથે છે, આજે એને પ્રાચિન ગમે તેટલી વાતો કરો, પણ તે એળે જવાની અને એમ પરાણે લાદેલી શ્રધ્ધાથી કે ગુણગાનથી કોઇપણ માણસને જે બળ, શક્તિ કે પ્રાણ મળે તે કરતાં, પોતાનાજ પ્રયત્નો અને પુરૂષાર્થથી ગમે તેવા બુધ્ધિગમ્ય અને સ્વાર્પણના પ્રયત્નો કે પ્રયોગો થાય તે અનેક દૃષ્ટિએ ઉચ્ચ કક્ષાના છે.

એટલે ગચ્છ અને ફીરકાની ભલે જરૂર હોય, પણ અત્યારે જે સ્વરૂપે છે તે હરગીજ ન હોવા જોઇએ. અત્યારનું આ વિકૃત સ્વરૂપ તો વહેલામાં વહેલી તકે નાબુદ કરવું જોઇએ અને યુવાનો, અર્થાત ઉત્સાહ અને ખંતથી ભરેલા મહત્વાકાંક્ષી યુવાનો સિવાય કોણ કરી શકે?

જગતમાં ગચ્છો કે ફીરકાઓ શા માટે હોય? વિકાસ અર્થે હોય, દુનિયામાં અનંતકાળ સુધી એવા બાહ્ય ભેદો રહેવાના પણ છે. બધા મૂર્તિપૂજક નથી થવાના. તેમ સર્વ સ્થાનકવાસી નથી થવાના. જગત ઉપર શ્વેતાંબરી અને દિગંબરી સર્વને સ્થાન છે. જેમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર અથવા હિંદુ મુસ્લીમ આદિ સર્વ જાતિઓ, અને તેની સંસ્કૃતિને સ્થાન છે અને હોવુંજ જોઇએ પણ તે બધી જાતિઓ કે બધા ફીરકાઓ એકબીજાને પોષક થાય તોજ માનવસમાજની પ્રગતિ થઇ શકે.

વળી ત્રણ કે અનેક ફીરકાઓનું સંગઠન કરી આપણે કોઇને કચરી નાખવા નથી ઇચ્છતાં. તો તો જગતમાંથી વહેલું જૈનત્વ નાબુદ થાય. આપણે સ્થુળ સ્વરૂપે શુન્ય થશું ત્યારે જૈનત્વનો જગતમાં ચમત્કાર દેખાશે.

પણ સદોષનું, પાપીનું બલિદાન ઇશ્વર નથી સ્વિકારતો. એ માટે સતત્ તૈયારી જોઇએ, સહકાર વૃત્તિ અને પુરૂષાર્થ જોઇએ. દરેક માનવીના મુખમાંથી એ વાણી ઉચ્ચરે છે કે હદ થઇ છે. ઇશ્વર જેવો કોઇ ધણી હોય તો તેણે આલોક પર ઉતરી પડવું જોઇએ અને જગતને આ અશાંતિના મોજામાંથી ઉગારવું જોઇએ.

અજર અમર આત્મામાં એટલે આપણામાંજ એવી અપૂર્વ શક્તિ ભરી છે, અને અત્યારની સમાજના ઉત્થાન માટે કરેલા કે સેવેલા પુરૂષાર્થ થકી એ આત્મા નાચી ઉઠશે.

ભદ્રંભદ્રોના દંભી જલસા!

ભદ્રં ભદ્રની જમાતના વર્ષિ ઉત્સવો ઉજવાયાના ખબરો અખબારોમાં અને એના શુક્રવારીયામાં બહાર પડયા છે. એમાં કેવળ કોન્ફરન્સ અને યુવાનોની સંસ્થાઓને ગોળો અપશબ્દોથી નવાજવા સિવાય અન્ય કશું નથી. એમની પાસે સમાજ વધુ આશા પણ શું રાખી શકે? એમની જમાવેલી જમાતના તાળીઆ દીન પ્રતિદીન ઠંડા પડતા જાય છે. શરૂઆતમાં ના૦ વડોદરા નરેશે ઠંડા પાડયા, એમની પુટા ઢોલના અવાજને સરખી ઘુમરાણો લાંબા વખત નજ નભી શકી અને આખરે દીક્ષા નીયમન થયું. આવા મન ફાવતા ગોળા ગબડાવા સંમેલનની જળ બીછાવી છતાં જનતા એમાં ન અંજાઇ, મનની મુરાદ બર ન આવી; 'સંમેલન સફળ થયું'ના જયધ્વનિ પોકરાવ્યા; ન છુટકે જેમ તેમ ભીતું સંકેલવું પડયું. મનની મનમાં રહી ગઇ; તે આજે પણ રહી રહી કબુલે છે કે 'મુનિ સંમેલનની અફળાતથી આપણે જૈન સમાજમાંથી કુસંપનું વાતાવરણ શાન્ત પાડવાની જે આશા રાખી હતી તે સફળ થઇ નથી" આમ ન છુટકે એના મંત્રી વાર્ષિક નીવેદનમાં એકરાર કરે છે. અત્યાર લગીની પ્રવૃતિઓથી જનતા એમની ધર્માન્ધતાને સમજી ગઇ હતી. એકકે ખાજુ આરો ન હતો, ત્યારે હતાશ થયા ને કોન્ફરન્સમાં આવવા અનેક પ્રયત્નો કર્યા, "ભીયા પડયા પણ તંગડી ઉંચી" એ કહેવત અનુસાર શરતોમાં શાબ્દિક યુધ્ધ ખડાંકરી જળ બીછાવી. એ જળમાં કોઈ ન ફસાયું! ને! પાછું પોત પ્રકાશી "જીવતા છેતી શરણાઇઓનાં સ્ટેટમેન્ટો નગદના જોરે બહાર પાડયાં કોન્ફરન્સ અને યુવક પરિષદની વગોવાય, નિંદાય; તેનાથી અધીક હલકાશ કરવા બાકી ન રાખ્યું. આખરે એમાંય એમની પીછે હઠ થઇ "હવે અસિત્વ ટકાવવુંજ જોઇએ નહિ તો હતા ન હતા થઇશું" ના ભયે એના કબુતરખાનામાં ફફડાટ થયો ને! ઇડરમાં યાત્રા નિમિત્તે મળ્યા, અનેક વિચારો કરી સ્નાત્રના નામે જનતાને ભેગી કરવાનું, નવું તુત ઉભું કર્યું. ઠેરઠેર જમણ અને લ્હાણીની ઓથે એમના જેવાં માનવ ટોળાં ભેગા કર્યા. હવે ઉત્સવો માટે નિવેદનો તૈયાર કરાવી જલસાઓ ઉજવવાની અજમાયશ શરૂ કરીછે. સામાન્ય જનતાને જ્ઞાતિ વાડાની હીલચાલ દ્વારા જોધવાની વાતો ઉપાડવા કમર કસવાના છે. બીજી તરફ એના શુક્રવારીયાએ કંઇક કરવું જોઇએ એટલે હવે, એની નીતિ અનુસાર 'તરૂણ' સામે અખાળા શરૂ કરવા માંડયા છે. 'યુવક સંઘમાં ગાબડા'ના હેડીંગ નીચે જનતાને ભડકાવવા શ્રી ચુતરીયા' અને શ્રી પારીના રાજીનામાના ઉંધા અર્થો ઉપજાવી પ્રજાને છેતરવાના પ્રત્યનો એણે શરૂ કર્યાં છે અરે! એટલુંજ નહિ પણ 'બીજા પણ કેટલાંક રાજીનામાં અપાવાનાં છે." એવા એવા ફોગટચંદીયા તડાકીદારોની માફક એજવાબદાર ખબરો છાપવા માંડયા છે. જૈન સમાજ યા જુવાનો એ ધારેછે તેવા મૂર્ખ નથી. ગમે તેટલા ઉત્પાતીયા જમણો કે બાબાડંબરો કરે, પણ હવે સમાજ આવાઓની જમાતને બરાબર પીછાની ગઇ છે. ધર્મના ઓઠા નીચે રૂઢીના ગુલામો સમાજને જકડી શકે તેમ નથી, મનફાવતા અર્થો ઉપજાવી કાઢવાની એઓની રીતથી કોઇ બાળ-વૃધ્ધ અજાણ રહ્યું નથી જુના જમાનાની વાતો કરતા આ આ જમાનાના દરેક જાતના લાભો ને સગવડોમાં રાચતા એ સફેદ બગલાઓને ઓળખી કાઢવા હવે મુશ્કેલ રહ્યું નથી. એટલે ગમે તેટલી હીકમતો અજમાવાય, છેતરપીંડીઓ કરાવાય, પારકા છોકરાને ભગાડી ગુરૂના નામની 'જે' બોલાવાય, સાચ્ચા ત્યાગીઓના બદલે આળસુઓની જમાત વધારી સમાજપર બોજો નાંખવાની તરકીબો રચાય છતાં સૌ દીવા જેવું સમજે છે, જુએ છે, એટલે એમના નાટકી જલ્સા કે તખ્તામાં કોઇ સમજી ફસાવાનું નથી.

> જૈન ધર્મના અને કલ્પ સુત્રના પ્રચાર અર્થે ડૉ. બાઉન મેજકલેન્ટર્નની સ્લાઇડથી કલ્પ સુત્રનાં પાનાં બતાવે છે. સાથે દરેક સ્લાઇડપર વિવેચનો કરે તેમાં રૂઢીચુસ્તોને ધર્મ રસાતાળ જતો દેખાય એટલે વાંધો લે, ધાંધલ કરે, ત્યારે બીજી બાજુ રામ વિજયના શિષ્યો મંગળવિજય મેરવિજય, માન વિજય, જબુ વિજય, ૧૯૮૫ ના ચોમાસામાં, તાજમહાલ હોટલ જોવા જાય. વડોદરા મુકામે દીક્ષા કાનુન સામે યુદ્ધ મોરચા બાંધવા ગયેલ મહામહોપાધ્યાયના પૂંછડાવાળા પ્રેમવિજયજી પંદરથી વીસ સાધુઓ સાથે ગાયકવાડી રાજસંગ્રહસ્થાન જોવાજાય, વડોદરા શહેર સુધરાઇની ફરતી રીલમ પ્રેમ વિજય અને રામવિજય જુએ. આ પ્રમાણે રૂઢીચુસ્તોના ગુરૂઓ લીલાઓ કરે તો ધર્મ રસાતાળ જાય કે ઉપર પ્રમાણો પ્રચાર કરવાથી જાય? બાકી ખરી વસ્તુ તો ડો. બાઉન શ્રી ધર્મવિજય આચાર્યના શિષ્ય એટલે આ ભાઇબંધોએ આવી રીતભાત આદરી હોય એમ લાગે છે.

નારીજીવનનાં જીવતાં દોઝખ. . . . અનુ. પા. ૧૬૩થી. નીકોજેજ. પુરૂષે સ્ત્રીની કેળવણી બંધ કરી. એ ડરથી કે સામું માથું ન ઉંચકે, એટલે માનસિક ખોરાકની સ્ત્રીઓને જે જરૂર હોય તે પુરી પાડવા એમણે ઉપયોગ કરવા માંડયો 'પરની નિંદ્રાઓમાં અને કુથલીઓમાં; પિતા કે પતિના દ્રવ્યમાં હક નહી માટે, તેમને કોઈ કાળે ખૂબ કામ આવે તે માટે ગમે તે રીતે ધન એકઠું કરવાના વિચારોમાં. સ્ત્રીઓ સ્ત્રીઓની લડાઇ અને ટંટાની મોટી વાતો કરનારાઓ સમજે કે એના ઉંડાણમાં પુરૂષના જુના ચાલી આવેલાં સત્તા શોખેજ એ નર્કને તૈયાર કર્યાં છે અને ટકાવી રાખ્યાં છે.

સ્ટોપ પ્રેસ—(૧) મનુભાઇ-વિનોદીની લગ્ન પ્રકરણના પડઘા હજુ તો શમ્યા નથી ત્યાં તો વઢવાણના રહીશ વીશા શ્રીમાળી મૂળચંદ ઉર્ફે મનુભાઇ અગાઉના પત્નિ સવિતાબ્હેનની હૈયાતી છતાં પાટિદાર કોમની વિધવા ગં. સ્વ. આનંદિબાઇ ઉર્ફે અ. સૌ. ઉર્મીલા સાથે લગ્ન કર્યાના સમાચારે ખૂબ ચકચાર ફેલાવી છે. લગ્ન કરનાર યુગલને અગાઉના પતિ અને પત્નિથી એક એક સંતાન હૈયાત છે. શરમજનક બિના તો એ છે કે આવા લગ્નોના બનાવો મુખ્યત્વે હમણાં હમણાં જૈન કોમમાંજ બન્યે જાય છે. (૨) શ્રી. હીરાભાઇ મલબારીએ ભોજનશાળાની કાર્યવાહક સમિતિનું સભ્ય તરીકેનું રાજીનામું મોકલતા જણાવ્યું છે કે "ભોજનશાળાની અત્યાર સુધીની જે પ્રકારે કાર્યવાહી ચાલે છે તે જોતાં બંધારણમાં માનનાર કોઇપણ વ્યકિત સાથ નજ આપી શકે.

બા જા રૂ સો દો!

આપણા સમાજની સડેલી મનોદશા એવી બદલો ફેલાવી રહી છે કે જૈન સમાજની નૌકા કયે સ્થળે ગરક થઇ જશે તે કહી શકાતું નથી. હાલક ડોલક નાવડું આજે ઉગ્ર ક્રાન્તિ યાચી રહ્યું છે, જૈન નવયુવાનોને એ નાવડું પડકાર કરે છે કે બદબો દૂર કરો! પવિત્ર થાઓ! બળવાને આમંત્રણ કરો! અને નકામો કચરો દુર કરી જીવનનાં રમ્ય આદર્શો જે પૂર્વે હતાં તે સ્થાપન કરો.

આજના થતા પવિત્ર લગ્નો એ લગ્નો નથી પણ લગ્નનાં લીસોટાં રહ્યા છે. લગ્નની પવિત્ર ભાવનાને ચગદી નાંખી આજે સમાજ લગ્નની વેદીપર તાંડવ નૃત્ય ખેલી રહ્યો છે. સમાજની કન્યાઓના કપાળમાં ક્રૂર વૈધવ્યનો કાળો ચાંદલો કન્યાદાનમાં અર્પણ કરી કમનશીબ કર્મનો દોષ કાઢનારા કુટુંબો પણ આજે જ્યાં ત્યાં છે. સમાજની દૃષ્ટિ આજે શ્રીમંતાઇના હાડ તરફ વળશે, ભરચક તીજોરીઓ અવલોકશે, મોટી મોટી મ્હેલાતોના પથરાઓ જોશે. કન્યાઓના માતપીતાની આંખો એ નહીં જુએ કે મ્હારી કન્યા જેને પોતાના સાથીદાર ગણી પોતાનું સમસ્ત જીવન ઝુકાવે છે તે કોણ છે? સદાચારી છે? નવયુવાન છે? તંદુરસ્ત છે? ભાવનાપ્રિય છે? કર્તવ્યશીલ છે? ચારિત્રવાન છે? ના–એ ભલે એદી રહ્યો, ભલે રોગી રહ્યો, ભલે વૃધ્ધ રહ્યો, ભલે નિષ્ક્રિય રહ્યો, ભલે નિષ્ઠુર રહ્યો, ભલે નિર્માલ્ય રહ્યો પણ શ્રીમંત તો છેજને? ફરવા હરવા માટે ગાડીઘોડા તો છેને? બસ કન્યા ત્યારે તો સુખીજ થવાની.

પત્થરપર ધોબી જે પ્રમાણે મેલાં વસ્ત્રો પટકે છે તે પ્રમાણેજ આજના માબાપો પોતાના સંતાનોને નાણાંની તીજોરીપર પટકે છે અને સંતાનની જીંદગી સદાને માટે ધોઇ નાંખે છે, પછી ભલે! વૈધવ્ય આવે ત્યારે કહીશું દોષ કર્મનો! શા માટે એવા કર્મ લઇને જન્મી? આપણે શું કરીએ? અને જ્યારે તે કન્યા કોઇને લઇને નાસી જાય અથવા અનાચાર સેવે ત્યારે પણ આપણે તો એમજ કહેવાના કે વાંક એના નશીબનો. એના કપાળમાં એવુંજ લખ્યું હશે એમાં બિચારા એના માબાપ શું કરે? માટે હે સમાજ આજની કલ્પના તને હૃદય હોય તો આજના સમાજ માટે એકાંતમાં કંઇક વિચાર કરી સાચો ધગશપૂર્વકનો નિરધાર નક્કી કરી લે.

આટલું વિચારશો?

પર્યુષણપર્વ એ આત્મશુદ્ધિની આરાધનાના દિવસો છે. તેમાં આટલું તો જરૂર વિચારો

૧. અહિંસા આપણો મુદ્રાલેખ, એટલે જે કપડાની બનાવટમાં ચરબીનો ઉપયોગ કરવામાં આવે છે. તે કપડાં પહેરનાર જૈન નથી, પછી ભલે તે સાધુ હોય કે શ્રાવક.

૨. સુપન ઉતારવાં, બોલી બોલવી, પારણાં ઝુલાવવાં એ આપણા પર્વની ઠેકડી કરવા જેવું છે.

૩ ભલે, બિચારા દુધપાકીયા દુધપાક ઉડાડે. તેણે તો તેમાં અને તેના કહેવાતા ગુરૂઓની બોલબાલામાંજ ધર્મ માન્યો છે. એટલે એ પાગલ બનશે, પણ તમારે વિચારવાની જરૂર છે કે બિહાર અને અન્યત્ર ધરતીકંપ, રેલ વિ. અનેક સંકટોના ભોગ બની દેશમાં લાખ્ખો અને કરોડો માણસો અન્ન અને વસ્ત્ર વિના ટળવળતાં હોય, સમાજ આર્થિક સ્થીતિમાં બરબાદ બની રહ્યો હોય, ત્યારે આ મહા મૂલા પવિત્ર દિવસોમાં જમણવાર, વરઘોડા, પ્રભાવના, ઉછામણી વી. પાછળ ધમાલો કરી લાખો વેડફી નાંખવાનું પાપ કરો તે પહેલાં દેશ અને સમાજ તરફ નજર કરજો.

૪. નામના, કીર્તિ, અને ધડીની બોલબાલા પાછળ ધર્મના બહાનાં નીચે જે નાણાંનો ધુમાડો કરો તે પહેલાં ખ્યાલ રાખજો કે જે આ લોહીનાં ટીપે ટીપે પાઇ પૈસો એકઠો કરે છે તેમને ધર્મના નશા ચડાવી પાયમાલીના આરે ધસડી જવાનું પાપ કરો છો.

૫. વેઠનો વારો કહાડવા, કમઅક્કલના પોષાકો ને શણગારો સજીને દેખાવો કરવા. કે લોકાનંદાના બાહુથી ગભરાઇને ઉપાશ્રયે કે મંદિરે જનારા કરતાં ઘેર બેસીને આત્માનું કલ્યાણ સાધનારા હજાર દરજ્જે સારા છે.

૬. પ્રતિક્રમણમાં સુત્રોનાં લીલામ, આ આરાધનાના દિવસોમાં પણ ડગલે ને પગલે જરની વાતમાં ચૈત્યવાસીઓની સ્વાર્થગંધ હજુ નથી સમજાતી? કયારે સમજશે?

૭. પર્વાધિરાજમાં દાન શ્રેષ્ઠ છે, પણ જેમાં દેશનું ને કોમનું કલ્યાણ હોય ત્યાંજ સદઉપયોગ થઇ શકે. લાલચુઓને ભીખારીઓ ઉત્પન્ન કરવામાં નહિ.

૮ જે ક્રિયા આત્મ સાધના અર્થે કરો તે વિચારી સમજ પૂર્વક કરો, ઘેટાના ટોળાંની માફક ન કરશો.

મહા. વિ. . પા. ૧૬૪ થી ચાલુ

હોઇશ. અજ્ઞાન મનુષ્ય આ ફેરફારને અવનતિ કહે છે, પણ હું તો તેને પ્રગતિ માનું છું. જગતના કોઇ પણ વિચારોની પાછળ કોઇને ખરાબ તો કોઇને સારી ભાવનાનાં દર્શન થાય છે. મ્હને તો બધાયની પાછળ પ્રગતિનાંજ દર્શન થાય છે.

x x x

કોઇકે ગુન્હો કરે તો તમારે એ જોવું જોઇએ કે કોણે તેને એ ગુન્હો કરવા દબાણ કર્યું. જો કે થોડે ઘણે અંશે ગુન્હો કરનાર પણ જવાબદાર હોય છે, પરંતુ મોટે ભાગે સમાજ વ્યવસ્થાજ તેને માટે જવાબદાર હોય છે તેની સામાજીક સ્થીતિ તેને એ ગુન્હો કરવા પ્રેરે છે. સમાજ અને તેની વ્યવસ્થા જ્યારે તેના માર્ગમાં કાંટારૂપ બને ત્યારે તેમને દૂર કરવા એ પ્રયાસ કરે છે.

એના ભાવનાપ્રદેશમાં મોટી લાગણીઓને સ્થાન હોતું. એ ભાવનાઓના ભોગે લાગણીઓના પૂરમાં ધસડાઈ ન ગયો. એની ભાવના સમાજના ઉત્કર્ષની ભાવના હતી. પ્રસંગ આવ્યે પોતાના હિતનો એ જરૂર ભોગ આપત પરંતુ સમાજ હિતનો ભોગ આપવા એ તૈયાર નહોતોજ. 'વ્યકિતને ખાતર સમાજનો ભોગ નજ અપાવો જોઇએ.'

Reg. No. B. 3220

તરૂણ જૈન.

નગરશેઠને માનપત્ર અપાશે? ❋ મહામંડળની પ્રેરણા ઝીલાશે?

[મિત્રો ઉપરના અંગત પત્રોમાંથી.]

પાલણપુર

બિરાદર, તા. ૨૦–૮–૩૪.

થોડા મહીનાઓથી અમારા મહાજનના આગેવાનો કંઈક કરી નાંખવાને તળે ઉપર થઇ રહેલા, આખરે તેનું પરિણામ બહાર પડી ચુકયું છે.

આબરૂ અને મહોટાઇની મ્હોકાણે માબાપો થોડીયા–બચપણમાંજ સગપણો કરી નાંખે છે. એનાં માઠાં પરિણામ યુવાન યુવતીનેજ સહન કરવાં પડે છે. આથી જેઓ લગ્ન-ગ્રંથીથી નથી જોડાયા તેવા યુવાનો પોતાના ગૃહસંસારને સુખી જોવા લગ્ન કરવાની સાફ ના પાડે છે—સગપણ તોડી નાંખે છે, એમાં અમારા મહાજનના મુત્સદ્દીઓ ભયંકર ગુન્હો જુએ છે.

બચપણમાં વિધવા બનેલ બ્હેન પોતાનાજ ગામમાં પોતાનીજ જાતમાં, સંસ્કારી યુવાન સાથે લગ્ન કરે તો અમારા મહાજનની ગરમીનો પારો ટોચે ચડી જાય છે. સમાજનું રસાતળ જતું દેખાય છે. જ્યારે કોઈ વિધવા બાનગીમાં ગર્ભપાત કરે, કોઈ પુરૂષ જાહેર રીતે વેશ્યાવાડે ભટકે કે ગમે તેવું હીણું જીવન ગુજરતા હોય છતાં બડે ઠાઠથી મૃત્યુપર તાર દેતો મહાજનમાં મહાલી શકે છે.

ભાવી માટે નક્કી કરેલો જમાઇ સ્ટ્રેથી ખુવાર થઈ એસે અથવા નાદુરસ્ત તબીયતના અંગે કન્યાનો બાપ સગપણનો ભંગ કરી પોતાની દીકરી બીજે વરાવે તેમાંપણ ગુન્હો ?

ચાંદી કે મીઠીપેશાબનો રોગીયો, પચ્ચાસની ઉમ્મરે પહોંચ્યો હોય, છતાં પૈસાની છોળે એક ગભરૂ કન્યાનો ભવ બગાડી તેને જીવતી દફનાવવાનું કૃત્ય કરવા જેવું કરે છતાં તેમાં ગુન્હો નહિ.

એક પત્નિ હૈયાત હોય! બાલબચ્ચાં હોય! છતાં કોઈ માલેતુજાર શેઠીયાંનો પુત્ર પ્રેમમાં પાગલ બની બીજી પરણે છતાં સૌ ચૂપચાપ. થોડાક દિવસોથી અમારૂં મહાજન રાતોના ઉજાગરા કરી વાણી ને સત્તાની સાહમારીના દેખાવ કરી કોઈ સગપણ તોડનારને મહાજન બહાર, કોઇને કંઈ ને કોઇને કંઈની સજાઓનો કોરડો વીંઝે છે. ત્યારે એક ઉપર બીજી કરનારની વાત આવે છે, ત્યારે આડાં અવળાં બ્હાનાં કહાડી વાત અધ્ધર ઉડાડે છે, કારણ કે તેઓ મોટા વગવશીલો ધરાવનાર અને એમ કહેવાય છે કે તેઓ શેઠો, નગરશેઠો અને નાતપટેલોના સગાંવ્હાલાં છે એટલે આગે ધકેલાય છે.

આ બધાં પરિણામો ઉપરથી સોળમી સદીમાં જીવતા અમારા શેઠો અને પટેલો એમ સમજે છે કે તેઓ એમની તુટતી દીવાલને ગાબડાં પૂરી મજબૂત કરે છે. પણ મને તો લાગે છે કે તેઓ આપણા કામને આડકતરી રીતે ટેકો આપી રહ્યા છે. તેથી મ્હેં અત્રે મ્હારા યુવાન મિત્રોમાં એવી ગોઠવણ કરવાનો વિચાર કર્યો છે કે અમારા શેઠ અને તેમના પૂંછડારૂપ પટેલોને મેલાવડા સન્મુખ એક માનપત્ર એનાયત કરવું અને માનપત્રમાં લખવું:

"મહાજનના અગ્રણીઓ! જેમ બને તેમ મહાજન બહારનો કોયડો જોરથી વીંઝયે રાખો, એટલે વગર મહેનતે, વગર માથાકુટે, તમારાજ હાથે તમારાં સડેલાં તંત્રોમાંથી અમે છુટા થઇ, સંગઠ્ઠન કરી નવસર્જન કરી શકીયે. આથી

પાટણ

ભાઇ શ્રી, તા. ૧૮–૮–૩૪.

ઘણા વખતે કાગળ લખવા કલમ હાથમાં પકડું છું. માટે માફ કરશો.

દેશ કે સમાજ જ્યારે સડાઓથી બેહાલ બને છે ત્યારે તેને ઉગારી લેવા યુવાન લોહીજ થનથનાટ કરે છે. અને થાય તે કરી છુટવાના પ્રયત્નો આદરે છે. આપણી સમાજની વિષમ સ્થીતિ અંગે યુવાનોની ચક્ષુઓ ખુલી, ને પાંચ સાત વર્ષોથી મુંબઇ તેમજ બીજા સ્થળે યુવક સંસ્થાઓ સ્થાપી. લોકમત તૈયાર કરવા બબ્બેવાર યુવક પરિષદો ભરી. છેવટે દરેક સુધારક સંસ્થાને એક સાંકળે જોડવા મહામંડળ સ્થપાયું, સમાજમાં જાગૃતિ આવીને તેના પરિણામે સાધુ સંમેલનને એકત્ર થવાની ફરજ પડી, અને દીક્ષાના પ્રશ્ન અંગે કાગળ ઉપર કાંઇક પરિણામ આવ્યું.

ચાલુ સાલમાં મુંબઇના આંગણે ભરાયલી યુવક પરિષદે કરેલા નિર્ણયો પર સમાજમાં આંદોલન કરી સડા સાફ કરવાનું કામ પરિષદે મહામંડળને સોંપ્યુ. મહામંડળે તાજેતરમાં અમદાવાદ મુકામે એની જનરલ સભા બોલાવી પરિષદે સોંપેલ જોખમદારી ઉંચકી સામાજીક સડાઓ નાબુદ કરવાના ગણેશ માંડયા. સામાજીક સડાઓમાં પુનર્લગ્ન અંગે મતભેદ હોવાથી મહામંડળે વચ્ચેનો રસ્તો કહાડી સભ્યોને સંજોગ અને શક્તિ અનુસાર કાર્ય કરવાનો હુકમ આપ્યો. બીજા ઠરાવોમાં મતભેદ જેવું છે જ નહિ. એટલે દરેક સંસ્થાએ પ્રચાર કાર્ય શરૂ કરવું જ જોઇએ.

આપણી કોન્ફરન્સે પણ જ્ઞાતિ ધોળના બંધારણ સામે આંગળી ચીંધીને સુધારાની ઇચ્છા જાહેર કરી છે. જ્યારે મધ્યસ્થ માનસવાળી સંસ્થા આ વિચારો જાહેર કરે, તમામ પ્રતિનિધિઓ ટેકા આપે ત્યારે એમ કહેવું જોઇએ કે સમાજ જ્ઞાતિ ત્રાસથી કંટાળ્યો છે.

અમને આશ્ચર્ય થાય છે કે જે યુવક સંસ્થા સુધારાના સ્વાંગ સજી સુધારક તરીકે ખપવા મહામંડળમાં જોડાય છે છતાં જ્ઞાતિ ધોળ અંગે યુવક પરિષદે કરેલા ઠરાવથી ભડકી ઉઠે છે. તેવાઓએ ભડકી ઉઠવા પહેલાં આવા અનિષ્ટ તત્ત્વોનો અભ્યાસ કરવાની જરૂર છે, અને તેમ કરશેતો તેમની ભડક એની મેળે ઓછી થશે.

મહામંડળની સ્થાપના સમાજ સડા દૂર કરવાજ થઇ છે, એના સુકાનીઓ મોટી સખ્યાને મોહમાં ન ખેંચાતા મવાલ મનોદશાવાળી સંસ્થાઓને મજબુત કરવાની મહેનત લે અને તેમના મતભેદોથી તેમને સમજાવી મજબૂત બનાવે. આ સ્થીતિ ઉભી થાય તો નબળાઓને સબળા બનવાની તક મળે. સામાજીક સડા સાફ કરવા એ સાધારણ વસ્તુ નથી. એટલે જે સંસ્થા એ મહા કાર્ય ઉપાડે, તેના જુથમાં એકજ ભાવના ને તમન્ના વાળા યુવાનો એકત્ર થાય તોજ કાંઇક પરિણામ દેખી શકાય.

લી. x x x x x x

ફરીથી જણાવીયે છીએ કે તમારો કોરડો જોરથી વીંઝો એટલે અમારામાં રહેલ નબળાઇ નાબુદ થાય."

આ પ્રમાણે માનપત્રનો વિચાર ચાલે છે ચોક્કસ થયે તમને જણાવીશ.

લી. x x x x x x

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

Reg. No. B. 3220

વાર્ષિક લવાજમ ૧-૮-૦ | શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર | વર્ષ ૧ લું અંક ૧૮ મો
છુટક નકલ ૧ આનો. | તંત્રીઃ મણીલાલ એમ. શાહ. | રવિવાર તા. ૧૬-૯-૩૪

જૈન આદર્શના જ્હેં વિશુદ્ધ સ્વરૂપને અમે પૂજીએ છીએ તે

મૂર્તિ, મંદિર અને ભક્ત.

'ગર્વોન્મત્ત માનવી! અણુનમ કાં ઉભો વિતરાગને મંદિરે?' અંતરિક્ષથી જાણે કોઇ પૂછી રહ્યું.

'એથી...એથી કે જ્હેનાં દર્શને હું આવ્યો, અહિં તે શોધ્યા સાંપડતા નથી. આવ્યો હતો વિતરાગ પૂજવા અને અહિં બેઠા છે રાજવિઓ સુવર્ણે શોભીત, લુંટ ને લોભીઆ. એમને હું કેમ નમું?'

એક ક્ષણ—કારમી ને અણુકલ્પીઃ જાણે વંટોળ વાયો, વિનાશની નૌબત ગડગડી, પ્રલયનાં ગાન ચાલ્યાં.

મુગટ ઉડયો, આભુષણો ઉછળ્યાં, પીઠ પાછળનો જરીયાન પડદો લીરા થઈ રહ્યો; સોનાના વરખ ગયા અને અત્તરની સૌરભ હવામાં ફેલી ગઇ—વંટોળનો વાયુ એ બધું ધસડી ગયો.

પ્રલયાલાપની રૂકાવટ થઇ. વાતાવરણ જરા શાંત થયું અને સામે રહેલી સફેત સંગેમરમરની સૌમ્ય મૂર્તિ ઉભી થઇ. વિરાટની ભવ્યતા અને વિતરાગની અલિપ્તતા મ્હને મુગ્ધ કરી રહી. રાગદ્વેષ રહીત એ પરમ પુરૂષનાં ચક્ષુમાં મ્હેં પ્રેમના મહાસાગર ભાળ્યા, અને.....

...**મ્હેં** એને પ્રણિપાત કર્યો. તમામ જૈન શાસ્ત્રોમાંથી જ્હેનો અક્ષરદેહ મૂર્ત થતો હતો તે વિતરાગ આજ હોઈ શકે. ફરી, ફરી, ફરીને મ્હેં એને પ્રણિપાત કર્યા.

x x x x x

એ પ્રલય પળ પછી મંદિરનાં સ્વરૂપ પણ પલટાઈ રહ્યાં.

એમાં ધ્યાનભગ્ન કરતા ઘંટારવ હોતા થતા; મ્હોટે સાદે ભાવિકતાનાં પ્રદર્શન કોઇ હોતાં કરતાં; મૂર્તિ પ્રાક્ષાલનાર્થે ઉછાણીઓ કરવા લક્ષ્મિપતિઓની સરસાઇ હોતી થતી.

ભગવાનને તાબે વલખાં મારતાં ગરીબોનું ચુસાયલું ધન ત્હાં એકત્ર હોતું થતું; ત્હાં મુનિમો હોતા; ને કેવળ એક વ્યવસ્થાપક વિના ભગવાનનો કોઈ રક્ષક હોતો.

ત્હાં કોઇ ધન મૂકતું નહિ, ભંડાર હતો નહિ, અને ભાડુતી પૂજારી પણ હોતા.

ભગવાનને અત્તરે હવડાવવાની બાલિશતા ત્હાં કોઈ કરતું નહિ, સુવર્ણ—જવાહરના રૂપર્ષ સામે ત્હાં શાસન હતાં અને ભૂતપુર્વ એવકુરીના પરિપાક શાં હતા તે મુગટ ને અલંકારો વેચી, દાન દઇ, પ્રાયશ્ચિત કરવામાં આવ્યું હતું.

કલરવતા પ્હરોડથી સુમસામ સંધ્યા અને નીરવ રાત્રી પર્યંત પ્રભુનાં દ્વાર ખુલ્લાં રહેતાં.

એને પૂજે તે, ત્હાં આવી શકતાં. એને મંદિરીયે સ્ત્રી-પુરૂષ, ઉચ્ચ-નિચ, ગરીબ-તવંગર, સ્પર્શ્યાસ્પર્શ્યનાં દ્વંદોમાં ભેદ હોતો. છાતીનાં બે ફેફસાંની માફક એ દ્વંદોમાં સામ્ય મનાતું.

એ હતું પવિત્ર ધામ. ત્હાં અમાપ શાંતિ હતી. દિલનાં શ્રમીત, કંટાળેલાં કે મુંઝાયલાં માનવબાળો એ પુણ્યપિતાને મંદિરે આરામ પામતાં, જેબના ગુંબજમાંથી આશ્વાસન મેળવતાં, પ્રાયશ્ચિતથી પ્રોત્સાહન પીતાં અને તાજાં બ તાજાં બની બ્હાર આવતાં.

x x x x x

અનુ.

પ્રાસંગિક નોંધ.

સાંવત્સરિક પ્રતિક્રમણ.

જૈન સમાજ અને ધર્મમાં સાંવત્સરિક પ્રતિક્રમણને અપૂર્વ સ્થાન અપાયું છે, વેપારીઓ જયમ નફાતોટાનો હિસાબ–સરવૈયું દિવાળીને દિવસે કાઢે છે અને બેસતા વરસથી નવેસરથી ચોપડા લખે છે ત્યમ આખા વરસમાં કોઇ વ્યક્તિ પરત્વે તડનેડ થઈ હોય, કોઇને દુઃખ લગાડયું હોય, પરિતાપ ઉપજાવ્યો હોય, વૈર વિરોધ બતાવ્યો હોય અથવા તો કોઈપણ જાતનું હિંસાજન્ય કાર્ય કર્યું હોય તો તેના પશ્ચાતાપ માટે ઉપરોક્ત પ્રસંગની નિયુક્તિ કરવામાં આવી છે, સમાજના આબાલવૃદ્ધ સૌ કોઇ વ્યક્તિ એ પ્રસંગ સહર્ષ ઉજવે છે, અને આપસના વૈર વિરોધની આપસમાં ક્ષમા યાચના કરે છે, વૈર વિરોધ ભૂલી જાય છે, અને પુનઃ સંબંધ શરૂ થાય છે, આ દૃષ્ટિથી ઉપરોક્ત પ્રસંગનું મહત્વ કંઇ જેવું તેવું નથી. એ પ્રસંગ સનાતન છે, એ દિવસે કોઇ ક્રોધ ન કરે, તકરાર ન કરે, રાગ દ્વેષ ઓછા કરે અને જયમ બને ત્યમ શાંતિમય દિવસ પસાર કરે, પણ આજે?—

સોનાને કંદોરે

ઉપરોક્ત સનાતન નિયમને ભૂલી જઈ આજે એ પ્રસંગને કોઇ વિકૃત સ્વરૂપ અપાઈ રહ્યું છે, તેનો તાજેજ દાખલો હમણાં સાંપડયો છે, ગોડીજીના ઉપાશ્રયમાં ઉપરોક્ત પ્રસંગ ઉજવવા એટલે કે સાંવત્સરિક પ્રતિક્રમણ કરવા સમાજની અનેક વ્યક્તિઓ એકત્ર થઇ હતી, સવારથી કટાસણા અને પંચીયા પાથરી જગ્યા રિઝર્વડ થઇ ગઈ હતી, સૌ કોઈ પોતપોતાની જગ્યાએ ગોઠવાઇ ગયા હતા, પરંતુ નવા આવનારાઓનું શું? કોઇએ બેઠેલી પંકિતમાં ઘુસવાનો પ્રયત્ન કર્યો અને એક સોનાના કંદોરાવાળા ભાઇ પોતાનો મીજાજ ગુમાવી બેઠા. સોનાનો કંદોરો કાઢી તેનો શસ્ત્ર તરીકે ઉપયોગ કર્યો પરિણામે ચાર પાંચ ભાઇઓને સારી પેઠે માર પડયો. આ પરિસ્થીતિ પરિવર્તન માંગે છે, સોનાનો કંદોરો એ શ્રીમંતાઇનું ચિન્હ છે, તેનો ઉપયોગ આવા પર્વાધિરાજને દિવસે થાય તે કોઇપણ રીતે ઇચ્છવાયોગ્ય નથી. કંદોરાનો આવા નજીવા કારણસર ઉપયોગ કરવો એ સારા માણસનું કાર્ય નથી, અને આપણામાં વ્યવસ્થાની ખામી છે, નવા આવનારાઓ માટે જો જગ્યા ન હોય, તો બીજા અનેક સ્થળે પ્રતિક્રમણની ક્રિયા થઇ હતી, ત્યાં કોઇપણ સ્થળે ચાલી જવું જોઇતું હતું, ગોડીજીના ઉપાશ્રયમાંજ ગમે તે ભોગે પ્રતિક્રમણ કરવું એ એક પ્રકારની ઘેલછા છે. આ ઘેલછાને દુર કરવાની અનિવાર્ય જરૂર છે, જો આપણે વ્યવસ્થામાં માનતા થઇએ તો આવા પ્રસંગ આપણે સહેલાઈથી દુર કરી શકીએ.

પ્રતિક્રમણમાં પથરાઓ.

તે સિવાય પ્રતિક્રમણની ક્રિયા જ્યારે થતી હોય છે ત્યારે કેટલાક ટિખળખોર તરફથી નાની નાની કાંકરીઓ ફેંકવામાં આવે છે આ બાબત અત્યંત ઘૃણાજનક છે, હું ગમ્મતનો વિરોધી નથી, પણ ગમ્મતથી કોઇનેયે દુઃખ ઉત્પન્ન થાય એ જાતની ગમ્મત કરવાનો કોઇનેયે અધિકાર નથી, કોઇને દુઃખ અથવા પરિતાપ ઉપજાવી આપણે ખુશ થવું એ નરી હેવાનીયત છે, અને તેમાંયે આવા ધાર્મિક વિધાનોમાં તો ખૂબ ગંભીર થવું ઘટે, ત્યાં ઠઠ્ઠા મસ્કરી કે તોફાન ઉચિત નથી, ત્યાં તો જયમ બને ત્યમ શાંતિથી ક્રિયા કરવી જોઇએ, જો આપણે એ ક્રિયામાં ન માનતા હોઇએ તો બહેત્તર છે કે ત્યાં ન જવું પણ જઇને કોઇપણ જાતનું તોફાન કરવું એ બીલકુલ ઉચિત નથી, લગભગ આદિશ્વરજીની ધર્મશાળાને છોડીને ઘણે સ્થળે આ જાતનું તોફાન થયું હતું. આ બીના શરમાવનારી છે, કોઇપણ રીતે એ ટિખળી વૃત્તિ ઉપર અંકુશ પડવાની જરૂર છે.

એમાં ધર્મ છે?

મુંબઇના લાલબાગના ઉપાશ્રયમાંથી હમણાં એક ચોંકાવનારી બીના બહાર આવી છે, વાત એમ બની છે કે એક મારવાડી કે જે લગભગ પચાશ વરસની ઉમ્મરનો હતો, અને પાંત્રીસ આયંબિલ પૂરાં કર્યાં હતાં, તે લાલબાગમાં શ્રી ક્ષમાવિજયજી પાસે પહોંચ્યો અને ચૌવિહારા પંદર ઉપવાસનું પચ્ચખાણ માગ્યું, મહારાજે એ પચ્ચખાણ આપી દીધું, પેલા ભાઇએ તે દિવસથી ચૌવિહ વ્રત ગ્રહણ કર્યાં અને ઉપાશ્રયમાંજ એટલે લાલબાગમાંજ પોતાના દિવસો વ્યતિત કરવા લાગ્યા, આમ ચૌદમા ઉપવાસે એ ભાઇએ આલોકનો ત્યાગ કરી પરલોકનો પંથ સ્વીકાર્યો એટલે કે ભાદરવા સુદિ ત્રીજના દિવસે સ્હવારના એ ભાઇએ સમાધિ લીધી. હવે એ ભાઇનું મુડદું જ્યાં સુધી ઉપાશ્રયમાં હોય ત્યાં સુધી વ્યાખ્યાનાદિ ધાર્મિક ક્રિયાઓ થાય નહિ. એટલે એ મુડદાને બીજે ખસેડવું કે જ્યાં જમણવાર કરવામાં આવે છે, આમ એક બાજુ વ્યાખ્યાન ચાલતું હતું, બીજી બાજુ મુડદું પડયું હતું અને તેની પાછળજ જમણવાર માટે કડછા ચાલતા હતા, આ રીતે દિવસના ત્રણ વાગે એ મુડદાને કાઢયું અને સીફતથી ઠેકાણે પાડયું, આ બીનાની પાછળ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧ માનવી અનાજ વગર દિવસોના દિવસો પસાર કરે છે, પરંતુ પાણી વગર ચલાવી શકાતું નથી. સાધારણ રીતે ત્રણ દિવસજ પાણી વગર ચલાવી શકાય, અને કોઈ વ્યક્તિ વિશેષ માટે આઠ દિવસ તો પાણી વગર મહા મુશીબતે પસાર થાય, આ બાબત સૌ કોઈ જાણે છે, છતાં ચૌવિહારા પંદર ઉપવાસનું પચ્ચખ્ખાણ શા માટે આપ્યું?

૨ બીજી બાબત એ છે કે એણે પાંત્રીશ આયંબિલ કર્યાં હતાં તેની જેઇ અવસ્થા હતી, એ ખ્યાલમાં હોવા છતાં પણ તેને પંદર ઉપવાસ કરવા શા માટે પ્રેરણા કરવામાં આવી?

૩ આજના યુગમાં અણસણ કરવા માટે માનવી અનધિકારી છે એમ શાસ્ત્રકારોનો સ્પષ્ટ અભિપ્રાય હોવા છતાં શા માટે લાંબા દિવસના અણસણ જેવું તેને કરાવ્યું?

૪ એક બાજુ મુડદું પડયું હોય અને બીજી બાજુ વ્યાખ્યાનની ક્રિયા ચાલુજ હોય, અને સામેજ જમણ થતું હોય. આ બાબત પણ શાસનથી ઉલ્ટી છે, સમાજને એબ લગાડનારી છે, આવી બાબતો પાછળ જે જાતની ઘેલછા છે એ ઘેલછા જો દૂર થાય તોજ આવા કિસ્સાઓ બનતા અટકે, આ પરિસ્થીતિને અંગે લાગતાવળગતાંએ એક સ્પષ્ટ નિવેદન કરવાની જરૂર છે કે જેથી જનતા સત્ય વસ્તુસ્થીતિ સમજી શકે. લાલબાગના અભિનેતાઓ એટલું કરશે કે?

આ પૂણ્ય છે?

ગરવી ગુજરાતમાં નર્મદા નદીના તીરે ભવાનપુરમાં જૈન વસ્તીના લત્તામાં આજે આ શી ધમાલ છે?

લત્તાના નાકેથી બસો કદમના છેટે આવેલા મકાન સુધી આસોપાલવના ડાળાં પાંદડાની કમાનો કરવામાં આવી છે; તોરણો ને વાવટાથી આકાશ છવાઈ રહ્યું છે. કમાનને થાંભલે થાંભલે કળા-વિહિન ચિત્રો લટકાવ્યાં છે. વીજળીના દીવાઓની રોશની ઝળહળી રહી છે. રોશની આગળ પતંગીયાઓ બત્તીઓ ઉપર ચકરાવો મારી જીવન ફના કરી રહ્યાં છે. કોઇ કોઇ સ્થળે ગોઠવેલા પ્રુવારા ઉડી રહ્યા છે. સામે છેડે રંગરોગાનથી રંગેલુ, ગોખ અને ઝરખાથી શોભતું એક ભવ્ય મકાન વીજળીના સંખ્યાબંધ દીવાથી ઝળહળી રહ્યું છે. દરવાજા ઉપર ગુરખો કીરપાણથી ને લશ્કરી લેબાસમાં સજ્જ થયેલો સૈયો ધોકાથી, પહેરો ભરી રહ્યા છે. સેંકડો પુરૂષો અને સ્ત્રીઓ એકબીજાને ધક્કાધક્કી કરી અંદર જવાની ઉતાવળ કરી રહ્યાં છે.

બાંકડા ઉપર બેઠેલો યુવાન આ ધમાધમ, રોશની, આસોપાલવના ઝાડનો સંહાર, ગુરખા અને સૈયાનો પહેરો જોઇ વિચારમાં પડી ગયો છે. ત્યાં બીજો યુવાન આવતાંજ અહો! હો! અશ્વની કયારે?

હું આજેજ આવ્યો, બેસ, બેસ, ઠીક અચાનક ભેગો થઇ ગયો.

અશ્વનિ—સુરેન્દ્ર! આ સામે શી ધમાલ છે? શું કોઇ રાજા રજવાડાના સ્વાગત છે? કે કોઇ માલેતુજાર શેઠીયાને ત્યાં લગ્ન છે?

સુરેન્દ્ર—તું પાંચ-છ વર્ષે આવેલ હોવાથી અજાણ છે. આપણા ગામના નગરશેઠ ઉમાદોશી. મુંબઇમાં સટ્ટાના મોટા વેપારી છે. રેસના બહુ શોખીન છે. જુગારમાં પણ જાણે છે. એટલે તેમાં સારો તડાકો પડવાથી આ બેડી બાંધણીનુ દહેરૂં બંધાવ્યું છે, અને મૂર્તિને પહેરાવવા ઝવેરાતનો મુગટ કરાવી આપ્યો છે. તે મુગટ સાથે ઝવેરાતની આંગી છે તેનો આ ઠાઠમાઠ છે—સમજ્યો?

અશ્વનિ—"સમજ્યો."

સુરેન્દ્ર—ખરા દેખાવો તો અંદર જોવા જેવા છે. ચાલ! ઉઠ જોઇએ.

બન્ને બાંકડો ખાલી કરી ઉમાદોશીએ બંધાવેલા બીનજરૂરી નવા મંદિરમાં પ્રવેશ કરે છે. ત્યાં સીડીએ માનવમેદનીની ઠઠ જામી છે. છતાં બન્ને જગ્યા કરતા કરતા પહેલે માળે પહોંચે છે. ત્યાં આંખોને આંજી નાખે તેવી વીજળીની બત્તીઓના પ્રકાશમાં માનવ કીડીયારાં એકઠા થયાં છે. કોઇ બેઠું છે, કોઇ ઉભું છે, વચમાં નાટકીયાના લુગડાં પહેરી તરગાળાના છોકરાઓ લોકને રીઝવવા નાચે છે, નાટકશાળામાં શોભે તેવાં સ્તવનો ગાય છે; દાંડીયે રમે છે. ગભારાની આગળ બાજોઠો ઉપર વીસેક થાળાઓમાં રાંધેલધાન ફુટ, મીઠાઇઓ વિગેરે ભરીને ગોઠવ્યા છે. એને નીરખીને બન્ને યુવાનો ગભારા આગળ પહોંચ્યા. ત્યાં તો બે સૈયા ગભારાની ચોકી કરી રહ્યા છે. ગભારામાં બે ત્રણ શ્રાવકો (જેની બનાવટમાં પ્રત્યેક વારે સાડત્રીસ હજાર જીવ મરે છે તેવાં) લાલ પીળા વસ્ત્રો પહેરીને ઝવેરાતની તપાસ રાખતા ઉભા છે.

ગભારામાં ભગવાનની આગળ પવાસન ઉપર, મયુરો ઉપર સોના ચાંદીનો બનાવેલો સુંદર માંડવો ગોઠવ્યો છે. અંદર મહાવીર સ્વામીની પાષાણમૂર્તિ ઉપર ઝવેરાતની આંગી રચવામાં આવી છે. આ મંદિરનો આજનો દેખાવ કોઈ રાજશાહી ઠાઠને શોભતો લાગે છે, કારણ કે એક બાજુ નાચ, સંગીત ચાલી રહ્યું છે. છડી અને ચામરધારીયો પોકાર કરી રહ્યા છે. અંદર મયુરાસન ઉપર ઝરઝવેરાતનો ઠઠારો કરી વિતરાગની મૂર્તિ બિરાજી છે. "આ તરણ-તારણનું સ્થાન કહેવાય?" આવા વિચારોમાં અટવાતો અશ્વનિ ગભારા લગોલગ આવ્યો. અને બારીકાઇથી નીહાળે છે ત્યાં ભગવાનના ગળામાં હીરાની પટીઓવાળો મોતીનો કોલર, કાનમાં એક હીરાની બુટ્ટી, કોટમાં મોતીની કંઠીઓ, અને ઝગમગતું લોકેટ, છાતીએ મોતીના છેડામાં ઘડીયાળ, હાથમાં હીરાની બંગડીઓ ને બ્રેસલેટ, માથે ઝવેરાતનો મુગટ, આ પ્રમાણેના ઠઠારાથી પોતાની દુઃખાયેલી લાગણીને દબાવી જૈનોના માનસને શીટકાર દેતો સુરેન્દ્રનું કાંડું પકડી સડસડાટ મંદિરમાંથી બહાર નીકળી ગયો. બન્ને મિત્રો બાંકડે ગોઠવાયા.

અશ્વનિ—સુરેન્દ્ર! આપણા ગામમાં ઝવેરાતનો ધંધો કરનાર એકય ઝવેરી નથી. છતાં આટલું બધું ઝવેરાત કયાંથી ભેગું કર્યું હશે?

સુરેન્દ્ર—ઉમાદોશી એના નામચીન ધંધામાં બે પૈસા કમાયા એટલે સાઠ વર્ષે છોકરાને ઘેર છોકરાં હોવા છતાં ચૌદ વર્ષની બાળા સાથે ગઈ સાલ પરણ્યા. એને રીઝવવા હીરાની બંગડીઓ, બ્રેસલેટો, કોલર, કંઠી, બુટ્ટીઓ, વિગેરે ઝવેરાતનો દાગીનો કરાવેલ. એ આજે આપણા મહાવીર સ્વામીને પહેરાવ્યો છે. બાકી જે લાલ, લીલાં ને વાદળી રંગનાં નંગો દેખાય છે તે તો મુંબઇથી કાચીયાં મંગાવી તેને ડાંખ મારી ગોઠવ્યાં છે. મોતી પણ ખોટું છે. બત્તિઓના ઝગઝગાટમાં ચકચકાટ થઇ રહ્યો છે. વાણીયાભાઇને કોઇ પહોંચે નહિ.

અશ્વનિ—આ રાંધેલ અનાજ ફુટ અને મીઠાઇનો શો ઉપયોગ થશે?

સુરેન્દ્ર—રાંધેલ અનાજ માલણો લઇ જશે, ખાશે. અને વધશે તેનો કાલ ઉપયોગ કરશે. ફુટ, મિઠાઇ વિગેરે પૂજારી લઇ જશે અને બટતે સ્થળે વેચી કરી પૈસો ગાંઠે બાંધશે.

અશ્વનિ—આપણે જૈનો રાત્રે ખાવામાં, વાસી રાખવામાં સખ્ત વિરોધ કરીએ છીએ ત્યારે આમાં પાપ નહિ?

સુરેન્દ્ર—આપણા ગુરૂઓ અને જી.....અ... કહેનાર આગેવાનો કહે છે કે રાંધેલ ધાન ધરવાથી મહાપૂણ્ય છે. જેમ ચમરી ગાયનું પૂંછડું 'ચામર,' કોડામાંથી બનતું રેશમી વસ્ત્ર, શાહમૃગની દુંટીમાંથી કસ્તુરી, બનાવટી કેસર, વિ. અપવિત્ર છે. છતાં વિતરાગની ભક્તિમાં એ ચીજોનો ઉપયોગ કરવામાં અનંત ધણું પૂણ્ય છે. એમાં શંકા કે દલીલ કરવી એ નાસ્તિકતા છે, અધર્મિપણું છે. જો! આ પૂજાના નિમિત્તે આવતી કાલે વરઘોડો નીકળશે. સોના ચાંદીના રથમાં ભગવાનની મૂર્તિ બિરાજશે, રથને ખેંચવા પહેલા બળદો જોડાતા. હવે એની જગ્યાએ આપણા ભાઇઓ જોડાય છે.

અશ્વનિ—શું! આપણા ભાઇઓ બળદ તરીકે જોડાય છે?

અનુ. . . . . પા. ૧૭૫

'રેખા ચિત્ર!'

અમે સૌ તેમને કાકા કહેતાં. એ અમારી દુનિયામાં આર્ય ધર્મનો પ્રાણ હતાં. આર્યધર્મ માટે તેમને બહુ લાગતું. પાછા અહિંસા ધર્મના ચુસ્ત અનુયાયી. ક્રિયાકાંડના ઉપાસક. એકેય દિવસ એવો નહીં ગયો હોય કે તેમણે પ્રભુના નામની જયમાળા ન ફેરવી હોય. પૂજાપાઠ તો તેમનો પ્રાણ. પછી કહેવું જ શું?

યુવક શબ્દની સાથેજ આજે ક્રિયાકાંડમાંથી નિવૃત્તિની અકથ્ય ગર્જના સંભળાયાજ કરે છે. અમને બધાને તેમાંથી નિવૃત્ત થઇ ગએલા જોઇ તેમને અમારાપર ધૃણા થતી. અવારનવાર તેમની ધાર્મિક વૃત્તિ બહુ છલકાઇ જતી ત્યારે આપોઆપ અમને ધર્મોપદેશ કરવા મંડી જતા...રખેને અમે સુધરીએ છીએ! પણ બીચારા ભોળા. એમને ક્યાં ખબર હતી કે છોકરાંઓ પણ તેમના મ્હોંમાં થુંકે એવા છે? એ તો અમે એવાંને એવાં—જેવાં હતાં તેવાં. ગમે તેમ તોએ અમારા કાકા! તોએ અમારા તરફ તેમની લાગણી તો ખરી. અમારામાં છોકરમત—ઉછાંછળાપણું માની પોતાને સંતોષતા. અમને ધર્મને પંથે વાળવાના તેમના પ્રયત્નો ઓછા થયા ન્હોતાં. નિષ્ફળતા એજ તેમના પ્રયત્નોનો મૂક આદર્શ હતો. છતાં અમને એક દી તેઓ સુધારી શકશે એવી આશા હતી.—ક્યાં ઝાંઝવાના જળ?

તોએ માણસ રહ્યાં. કંટાળો તો આવેજને? બોલી જવાતું 'કળી બેઠો છે. આવી રીતેજ ધર્મની અધોગતી થવાની.' 'માનવ-જીવનની આ દશા?'

ગમે તેમ હો; હતા તો આશાવાદી. 'ધર્મના પસાયે સૌ સારા વાના થશે' એમ માનીને સંતોષાતા. એમ સંતોષ રાખે કાંઇ વળે? એમણે તો લબડધક્કે ધર્મોપદેશ આદરવો શરૂ કરેલો. જ્યાં જુઓ ત્યાં બસ ધર્મની પ્રગતીનાજ પ્રયત્નો. ધર્મ પ્રત્યે શો અથાગ પ્રેમ કે માકણુનેય ધર્મોપદેશ કરવા માંડયો. બહુજ ભલું માણસ. માકણની સાથે બહુ સારી મિત્રાચારી બાંધી. ને હા—લાગણીનો પરિવાહ! ઉંઘમાં પણ માંકણને ધર્મોપદેશ કરે જાય. પરમાર્થની તો હદજ નહીં. બીચારા ભૂખ્યા માંકણને રાત્રે ઉજાણી જમાડે. અમારાપરથી તેમનો વિશ્વાસ હવે ચાલ્યો ગયો હતો.

ધર્મનો ઉદ્ધાર?...

માકણ તરફ તેમની દ્રષ્ટિ ઠરતી.

માકણમાંજ તેમની આશા અને નિરાશાનો પ્રશ્ન હતો. ઉજાણી જમાડવાનો પણ અર્થ હતો. માંકણ ખાઇ-પીને તગડા થશે, બલવત્તર થશે, ધર્મનો આદેશ બરાબર ઝીલશે ને પ્રચારકાર્ય આરંભશે. ન સાંભળનારાઓને કરડવાની પણ જહેમત ઉઠાવશે.

હવે તો એ માકણની પણ અમારા તરફ દ્રષ્ટિ ફરી. લાગ જોઇ અમને ઉપદેશ દેવા આવી પહોંચતા. એ તો અમે માથાના. આવેતેજ સિદ્ધિ દેશનીકાલની ફરમાવતા. કાકાને ખબર પડી. શું કરે બિચારા? આ જમાનામાં તેમની તતુડી ક્યાં વાગે? વધુમાં વધુ તો પોતે દુઃખી થતાં. અકાળે ધડપણ તો ખરજ ને તેમાં મોઢાપરની કરચલીઓ વધુ તીવ્ર બનતી. અનુ. . . . . પા. ૧૭૫

પ્રલય કે પુનરોદ્ધાર.

: લેખક :

ન્હાનાલાલ દોશી, બી. કોમ.

હિંસા વિ. અહિંસા.

વિશ્વ અવિરત ગતિએ જળપ્રવાહની જેમ પ્રગતિમાર્ગ કાપ્યે જાય છે. માનવજાતનો ઇતિહાસ એ એની એક રસમય કથા છે. મનુષ્ય પ્રકૃતિએ આ કથામાં પ્રાધાન્ય મેળવ્યું છે. બીજા ઉપરવટ સત્તા મેળવવી તે જેમ મનુષ્ય પ્રકૃતિનો ગુણ છે તેમ રાષ્ટ્રો પણ આ હરિફાઇમાં ઉતરી, મહાયુધ્ધોના બાદ જીત્યાં અને હાર્યાં છે. અને જ્યારે આવાં ધર્ષણો ઉદ્ભવે છે ત્યારે માનવજાતની મલીનતા, ક્રુરતા અને અમાનુષીપણું માઝા મૂકે છે, ધન અને સાધનનો અભાવ થાય એટલે ધર્ષણોનું પરિણામ એક યા બીજી બાજુ ઉતરે છે. રાષ્ટ્રોએ આ પ્રયોગો અનેકવાર અજમાવ્યા છે. ઇતિહાસે પ્રયોગ-યોજકનાં યશોગાનો ગાયાં છે. તેમની પીઠ થાબડી છે; પછી તે ધર્ષણ માનવજાતનાં કલ્યાણ સારૂ હોય કે અવદશા સારૂ. પરંતુ માનવજાત આથી એવી ટેવાઈ ગઈ છે કે હવે તમે તેને બીજો વધારે શાંતિમય, પવિત્ર પંથ દેખાડો છતાં તે તરફ તે ઉપહાસની નજરે જોશે.

મહાયુધ્ધોની અંદર અનેક માનવોનો સંહાર અને સાધનોનો નાશ થાય છે ત્યારે પ્રજામત યુદ્ધની કાયમી અવગણના માટેનો અવાજ સંભળાવે છે પરંતુ મહા અભિલાષી સેનાપતિઓ કે રાજ્યનીતિજ્ઞોની દોરવણીથી વળી યુદ્ધનાં નગારાં વાગે છે અને સંહારનો સંગ્રામ શરૂ થાય છે. આજે યુરોપ આવાં યુધ્ધ માટે ઝંખી રહ્યું છે; અને તેજ યુરોપ આજે દુનિયાને શાંતિના પાઠ શીખવવા માટે શસ્ત્રસન્યાસની પરિષદો ભરી દંભ ઢાંકી રહ્યું છે.

પરંતુ દરેક સમયે અમુક શાંતિના ફિરસ્તાઓ નીકળ્યા છે અને તેમણે રાષ્ટ્ર-રાષ્ટ્રના આ હાનિકારક યુધ્ધોને બંધ કરવા પ્રજામત ને નવી દીશા સુઝાડવા એકલે હાથે કાર્ય આદરેલ છે. આજે જગતમાં હિંદની બહાર પણ એક સારી એવી સંખ્યા છે કે જે હિંસક નીતિ ત્યજી દેવા માટે પ્રજામત કેળવી રહી છે, હિંદ પ્રથમથીજ આધ્યાત્મિક વલણવાળો દેશ હોઇ તેને આંગણે આ મંત્ર પ્રથમ ડોકાય તેમાં નવાઇ નથી. અહિંસા Mass actionમાં અકળ નીવડેલ છે તેમ કહેવાને હજી ખત લાગશે. હું તો હજીએ માનું છું કે વિરોધના શસ્ત્ર તરીકે અહિંસા પ્રબળ શસ્ત્ર છે તે અમૂક સબળ પ્રયોગો બાદ પ્રજા શીખશે. જ્યાં સુધી એક રાષ્ટ્રને બીજા રાષ્ટ્રની ભૂખ છે, સત્તાની આંધી છે ત્યાં સુધી યુધ્ધો અને રણસંગ્રામોની જંગલી પદ્ધતિ ચાલુ રહેવાની. હિંસા એ એકજ ખરો રસ્તો છે, તેમ માનનારાઓની આજે જબરી સંખ્યા છે; પરંતુ તેમ માનનારાઓ માનવજીવનની આદર્શતા, અહિંસાના પ્રયોગોની અશક્યતા અને ભાવિ પ્રજાના સંસ્કાર પ્રતિ અશ્રદ્ધાની નજરે જુએ છે તેમ હું માનું છું. આજે હિંદના લોકો શારીરિક રીતે અને સાધનોથી નબળા છે અને હિંસાનો પંથ પાલવે તેમ નથી એ દલીલ સાચી છે પરંતુ પુર્વપુરૂષો અને આજકાલ અહિંસામાં માનનારા ચુસ્ત વ્યક્તિઓ—અહિંસાના પ્રયોગ માટે સંયમ અને માનસિક શક્તિની જરૂર છે, તેમજ તે શસ્ત્ર સ્થળ કે સંજોગોની અનુકુળતા ઉપર અવલંબે છે—તેમ માને છે. તેજ અહિંસક પુરૂષ પોતાના રક્ષણ માટે શક્તિનો ઉપયોગ કરી શકે તેમ પણ તેઓ તે સાથેજ કહે છે.

આમ હિંસા, અહિંસાના બે ત્રાજવાની અંદર રાષ્ટ્રોની

દંભ.....છો.....ડો.

"મારી વિનંતિ એ છે કે આપ કૃપા કરીને ઘડીવાર ન્યાયાસન ઉપર બેસો. તમારી ન્યાત, તમારા રિવાજ, રૂઢિ અને એવું બધું ઘડીવાર ભૂલી જાઓ. જૂઓ! તમારી પાસે આ બાળા આવે છે, અણસમજુ અને ગભરૂ. સંસાર એણે જોયો નથી, લગ્ન એ સમજી નથી. ગૃહવાસ ભોગવ્યો ન ભોગવ્યો અને એ વિધવા થઇ છે. પરણાવી એના માબાપે, વિધવા બનાવી એના નશીબે, એમાં કઇ જગ્યાએ એનો દોષ અને એનો ગુન્હો છે?

વિધવાના આદર્શો એ સમજતી નથી. એ કલ્પનાની ભવ્યતા એના અંતરમાં ઉતરી નથી. સ્નેહ એ શું? એ કદાચ જાણતી નહિ હોય. છતાં સમાજ એને ગરીબ અને પરાશ્રયી બનાવે, સાદી અને વૈરાગી રહેવા ફરજ પાડે, અપશુકન અને તિરસ્કારનું પાત્ર બનાવે. એ શા માટે? હું પૂછું છું, શા માટે? કયા ગુન્હે?

પછી? ઉઘાડી રીતે ન કરી શકે તે ખાનગી રીતે કરે. અનાચારો અને ગર્ભપાતોની બસ વાત ન પૂછો. તમે એ બધું સમજો. ખરા, પણ લોકો વાતો કરે, એ કારણે તમે ચૂપચાપ બેસી રહો. કયાં સુધી? કયાં સુધી એના ઉપરનો અન્યાય અને જુલ્મ, એનો પોતાનો પાપાચાર અને આપણો દંભ આપણે નિભાવી રાખવા છે?

> વિધવા વિવાહ એ માત્ર સુધારણા કે સ્વતંત્રતાનો વિષય નથી, પરંતુ સામાજીક જરૂરિઆત અને વ્યવસ્થાનો વિષય છે.
>
> સમાજે કુળાભિમાનનું ધમંડ અને ખાનદાની ટકાવી રાખવા સ્ત્રીઓનો નિરંકુશ ભોગ લીધો છે, આજે સ્ત્રી સમાજ તેવો ફરજ્યાત ભોગ આપવા તૈયાર નથી. ન્યાયપ્રીય પુરૂષો આવા ફરજ્યાત ભોગથી કંપી ચાલ્યા છે. સ્ત્રી એટલેજ સમાજ નહી, પુરૂષ અને સ્ત્રીનું સંયોગીકરણજ સમાજરૂપે છે. માટેજ બન્નેની સમાન વ્યવસ્થાથીજ સમાજ ટકશે.
>
> પવિત્ર વૈધવ્ય ધર્મ છે. પુનઃલગ્ન નીતિ છે. અધર્મ નથી—ઉપહાસ કે તિરસ્કારને પાત્ર નથી.
>
> વિધવાને પોતાનું કહી શકાય તેવું ઘર, અને દીલ ખોલી શકાય તેવો સ્વજન આપીનેજ, તેને સુરક્ષિત બનાવી શકાશે. પરાણે ધર્મમંદિરોમાં હડસેલે કે વૃતનિયમોમાં તવાતી નાંખે કે થોડાક ચીથરાં કે રોટલાના ટુકડા આપે કંઇ નહિ બને—
>
> સતીત્વ એ અતિ ઉચ્ચ પણ ઘણોજ દુર્લભ માર્ગ છે. પતન સહેલો—અને સૌને ખેંચે તેવો કલંકમય રસ્તો છે, પુનઃલગ્ન એ સતીત્વ અને પતન વચ્ચેનો માનવંતો વ્યવહારીક માર્ગ છે. [ધા. વિ. વિ. સહા. સભા. પ.]

વાત તો એ છે ને કે લોકો વાતો કરશે? એટલેજ અમારૂ કહેવું એ છે કે વાતો ન કરે એવું કરો. તમે ઠરાવ કરો કે "ફરજિયાત વૈધવ્ય એ મુનાસબ નથી, પુનર્લગ્ન ઇચ્છશે તેને તે મળશે અને સમાજની તેમાં સહાનુભુતિ મળશે." આટલું કરશો તો વાતો બંધ થશે. અથવા થશે તો એ કોઇ સાંભળશે નહિ.

એ દંભ ઉઘાડો પાડી દઇશું—હું ફરી ફરીને કહું છું કે આ વસ્તુનો બીજો કોઈ ઉપાય નથી. એકજ ઉપાય છે અને તે એ કે એક નિખાલસ એકરાર કરી નાંખો કે આજનું વાતાવરણ વૈધવ્યના આદર્શ માટેનું નથી. એ દંભ અમે છોડી દેવા માંગીએ છીએ; જે વિધવા એ દંભ છોડશે તેના તરફ અમારી સહાનુભૂતિ છે. આમ કરશો તો તેમાં પ્રાયશ્ચિત છે, ન્યાય છે અને ધર્મ છે.

આપણા ઘણા ભાઇઓનું એ કહેવું છે અને તે તદ્દન સત્ય છે કે "પુનર્લગ્ન કરવા ઇચ્છનાર વિધવા છેજ કયાં? બાઇઓજ પુનર્લગ્ન કરવા ના કહે છે." તો આપણે કયાં કહીએ છીએ કે પુનર્લગ્ન કરોજ કરો. જેમ વૈધવ્ય ફરજિયાત ન હોય, તેમ પુનર્લગ્ન પણ ફરજીયાત નજ હોઇ શકે.

પરંતુ જ્યાં તમને એ આદર્શની ખામી જણાય, માનસિક અને શારીરિક અનાચારની સંભવના જણાય ત્યારે એ દંભ છોડનાર, અને વાસનાને મર્યાદિત કરનાર બ્હેનને પુનર્લગ્નની સલાહ આપજો અને તે તેમ કરે તો તેની નિખાલસતા, તેની બહાદુરી અને દંભત્યાગને સત્કારજો. એ તિરસ્કારનું પાત્ર નથી, પણ માન અને અભિમાનનું પાત્ર છે, એમ માની તેના તરફ વર્તજો.

આપણા ભાઇઓ પૈકી ઘણા એમ કહે છે કે તમારી વાત બધી સાચી પણ એના ઢોલ શું કામ વગાડો છો? એનું આટલું પ્રચારકામ શા માટે? અવશ્ય એ મુદ્દાનો પ્રશ્ન છે, પણ હકિકત એમ છે કે જ્યાં સુધી વાતાવરણ કેળવાય નહી ત્યાં સુધી પુરૂષ અથવા સ્ત્રી હરકોઇમાં દંભ છોડવાની તાકાત ન આવે. એ દંભ છે એ બધા જાણે, એ દંભ છોડવાની જરૂર છે, એ દંભ છોડનારનો સમાજ પણ તિરસ્કાર નથી કરતો, એ બધા જાણે, પછીજ દંભી દંભ છોડવાની ઇચ્છા કરે, માટેજ પ્રચારકામની જરૂર રહે છે."

અમૃતલાલ દ. શેઠ.

અને વિધવિધ સમાજોની વિચારસરણી વહેંચાઈ ગઇ છે. પરંતુ વારંવાર હિંસાના પ્રયોગોરૂપી રેચથી આજે પ્રજાનું શોષણ થઈ રહ્યું છે, જ્યારે આજે એક દિવસની અંદર આખા રાષ્ટ્રનું કેમ નિકંદન થઈ શકે તેને માટે શોધખોળો થઇ રહી છે, હવાઇ પ્રોગ્રામો ઉપર અખૂટ દ્રવ્ય ખર્ચાય છે ત્યારે બીજી બાજુ પ્રજાને યુધ્ધોનો તિરસ્કાર શીખવવાની અને અહિંસાના પ્રયોગની સચોટતા વિષે શ્રદ્ધા બેસાડવાની જરૂર છે. આજની અને હવેની પ્રજાની મૂડીવાદી કેળવણી ફેરવાય, એક યા બીજી પ્રજા ઉપર જોહુકમી ચલાવવા અને સામ્રાજ્યો સ્થાપવાની ગર્વિષ્ઠ શિક્ષણપદ્ધતિ બદલાય અને સાથે સાથે દરેક ગુલામ પ્રજા પોતાના દેશજનોની અંદર એવી શારીરિક અને માનસિક શક્તિઓનો સંગ્રહ કરવા પ્રયત્નો આદરે કે તેમના હકકોનો અન્ય પ્રજા પ્રતિકાર નજ કરી શકે. ત્યારેજ આજનાં કેટલાંક અનિષ્ટોનો અંત આવશે.

અહિંસા એ જેટલી વ્યક્તિજીવનના સંયમ અને ચારિત્રને જરૂરી છે, તેટલીજ તે રાષ્ટ્રોની કાયમી નીતિ તરીકે સ્વીકારાય તો આ સૃષ્ટિનું સાચું નવસર્જન થયું લેખાય.

પ્રત્યેક જુવાનોએ નહાની નહાની જ્ઞાતિઓને જમીનદોસ્ત કરી સારા જૈન સમાજમાં—રોટી, બેટી વ્યવહાર ચાલુ કરાવવા પ્રયત્નો કરવા જોઇએ.

ના જીવનાં દોષ

ડાહ્યાલાલ વી. મેડતા.

(૬)

વિશ્વવંદ્ય બાપૂજી આત્મકથામાં લખે છે: "નોકર ઉપર **વહેમ** જાય ત્યારે તે નોકરી છોડે, પુત્ર ઉપર એવું વીતે તો બાપનું ઘર છોડે. મિત્ર મિત્ર વચ્ચે **વહેમ** દાખલ થાય એટલે મિત્રતા તૂટે, સ્ત્રી પતિ ઉપર **વહેમ** લાવે તો સમસમીને બેસી રહે, પણ જો પતિ પત્નીને વિષે વહેમ લાવે તો પત્નીના તો બીચારીના ભોગજ મળ્યા; તે ક્યાં જાય? **ઉચ્ચ મનાતા વર્ણની** હિંદુ સ્ત્રી અદાલતમાં જઈ બંધાયલી ગાંઠને કપાવી પણ શકે નહિ એવો **એકપક્ષીય ન્યાય તેને સારૂ રહેલો** છે. સાબ્બી કસ્તુરબાના કંથ તરીકે મહાત્માજીના આ શબ્દો કસ્તુરબાઈ અને મોહનદાસના ગૃહસ્થાશ્રમના પ્રથમ તબક્કાના અનુભવ ઉપરથી લખાયેલા છે. આર્ય સંસ્કૃતિનાં તત્ત્વો સ્ત્રી અને પુરૂષની નૈષ્ઠિક વફાદારીને લીધે ઉચ્ચતમ ગણાય છે એટલે સ્વપતિ કે સ્વદારા સિવાયના અન્ય સ્ત્રી પુરૂષો ભાઇ બહેન જેવા લેખાય છે, અને તેથીજ ગૃહજીવનની મધુરી લહાણ આર્ય સંસ્કૃતિ આપી શકે છે.

પણ વર્ષોનાં વર્ષો થયાં સ્ત્રી ને પુરૂષની અન્યોન્ય વફાદારી ભુલાઇ જવાથી સ્ત્રીનીજ વફાદારી આજે આર્ય કહેવાતી સંસ્કૃતિને માન્ય છે, એટલે બાપૂજીના ઉપરોક્ત શબ્દો મુજબ સ્ત્રીને સમસમીને બેસી રહેવા સિવાય બીજું કશુંજ કરવાનું રહેતું નથી. પુરૂષજાત કોઇપણ પ્રસંગે એ સંસ્કૃતિ ઓથે સ્ત્રીજાતિ ઉપર વહેમ લાવી શકે છે, કલંક દઇ એના આખા જીવનને ભગ્ન અને નીરસ બનાવી દે છે. આજના જમાનામાં સ્ત્રીજાતિ ઉપર વહેમ લાવી સાવ ખોટાં આળ મૂકી, કલંક દેવાની રીત તો એક રોજીંદી પ્રવૃત્તિ સમાન થઇ પડી છે. અયોધ્યા નગરીએ મહાસતી સીતા ઉપર વહેમ લાવ્યો, અને રામ જેવા પતિરાજને પણ તેનો ત્યાગ કરતાં કમ્પારી ન છુટી. સતી સુલસાના ઉપર સાસુએ કલંક દીધું અને તેણે ખોટું નિકળ્યું, તેમ આજે પણ એ વહેમ કેટલીક ભોળી બહેનો ત્યાગ કરાવી રહ્યા છે? કેટલીક બહેનોને સહન ન થઈ શકવાથી કુવો હવાડો પૂરાવી રહ્યા છે. કલંક દેનાર, વહેમ લાવનાર પુરૂષસમાજ નથી સમજતો કે સ્ત્રીને એનું પરિણામ શું ભોગવવું પડશે એમ નથી, પણ સ્ત્રીજાતિને કાબુમાં રાખવાની જાણે એને જડેલી આ યુક્તિ છે એમ સમજી તે અવારનવાર તેનો ઉપયોગ કરે છે.

વહેમ અને **કલંક** એ સ્ત્રીજાતિના મનને જીવનભરનો ડંખ દેનારી વસ્તુ છે, તો **અત્યાચાર** અને **બલાત્કારોએ** કયાં ઓછી વિષ દેનારી વસ્તુઓ છે? નારીજીવનની નીરાધારીતાનો, અણસમજનો, ગાફેલપણાનો કે બીજા એવા અન્ય કોઇ પરવશતાના કારણનો પુરૂષજાતને મનમાન્યો ગેરલાભ લેતાં ક્યાં નથી આવડતો? કેટકેટલી વિધવા બહેનો, સ્વપતિની મિલ્કત પચાવી પડનારની અહોરાત્રી ગુલામી વેઠવા છતાં પેટને ખાતર ધનિક શાહુકાર ગુંડાઓના અત્યાચારના ભોગ બની રહી છે? કેટલીએ જીવનભરની પવિત્ર ત્યાગમૂર્તિ બહેનો એકાદ અસમજણના લીધે પુરૂષજાતે ફસાવી દીધા પછી પાછળના જીવનને વેશ્યાવૃત્તિમાંજ પૂરી કરી દેતી નથી?

સ્ત્રીજાતિનું હૃદય ઉદાર છે, અને હોવું જોઇએજ; પણ હોવું જોઇએ એ કરતાં વધુ ઉદાર છે, એજ એમના વિનાશને નોતરૂં દીએ છે. એજ એમની સંકડામણો ઉભી કરે છે. કેટલીએ વણીક બહેનો નાના મોટા શહેરોમાં, કે ગામડાઓમાં, બદમાસોની પ્રથમ નાની નાની મસ્કરીઓને નજીવી ગણી જતી કરે છે—કરવાની ફરજ પડે છે, કારણ? એક બાજુ સમાજની બેધારી તલવાર એમના શિરપર ઝુકવા તૈયાર છે, બીજી બાજુ ગુંડાના એ પછીના ભાવી અત્યાચારની આગાહી એમને હતપ્રાણ બનાવી મૂકે છે. અને સાથે એ પણ એક કારણ છે બીચારી આખા જીવન સુધી દબાયેલી બહેનો સામે થઇને પણ કરે શું? લોકનિંદાનો બાહુ એમને ભરખવા તૈયાર બેઠો છે, એટલે એ બદમાસો ધીમે ધીમે વાણિયણને નમાલી ગણી ગમે તેવી અણઘટતી છૂટ લેવાને જરાએ અચકાયજ શું કામ? **ક્યાં વાણિયા શૂરા વાણિયા તેમનું બાવડું ઝાલી શકે તેમ છે?**

બદમાસોની કથાઓ જરા આધી મૂકીએ. આ આપણા પર્વાધિરાજ પર્યુષણ હજુ ગયા કાલેજ ચાલી ગયાં. ધર્મઘેલડી બહેનો એમના બિરૂદ પ્રમાણે જરા વધારે વેવલી બની રહી હતી. એક કેડમાં બાળક હાથમાં બીજા બાળકનો હાથ, અને એક પોરીયું આગળ, એકને ધક્કા મારે અને આગળ ચાલે. જરાયે બિચારીને ભાનજ નહી કે એ શું કરે છે? મહાવીરદેવનો જન્મોત્સવ ઉજવવામાં એનો ફાળો હોવોજ જોઇએ? એટલે ધક્કામૂક્કીમાં જેમ તેમ અથડાતી કુટાતી એ સ્ત્રી સમુદાય તરફ જવાને પ્રયત્ન આદરે, પુરૂષજાતની વિટ્હળતાનું ખરૂં દૃશ્ય ત્યાંજ જોઈ શકાય, કે જ્યારે એવી બહેન પસાર થતાં કેટકેટલી વિટંબનાઓ સહન સહન કરે છે. ધડાધડ શ્રીફળ ફુટ્યાં—ફોડવામાં આવ્યાં અને એક—બે—ત્રણ, એક કાચલી, બે કાચલી—અને વિશેષ બે ચાર પાંચ બહેનોની છાતી ઉપર અથડાય. પ્રભુ! આહ! જાણે પુરૂષ સમુદાય ધૃતરાષ્ટ્ર કે સુરદાસોની ભજનમંડલી હોય તેમ કશુંજ બન્યું નથી એમ આંખ આડા કાન કરે! બહેનોના ગાફેલપણાનો આવો લાભ બીજા કયા સ્થાનમાં મળી શકે? આથી બીજા રૂડા અત્યાચાર કયા પ્રસંગે થઇ શકે?

સ્ત્રી સંસ્થાઓના માલિકો કે વહીવટદારોની પાશવી વૃત્તિઓએ નિર્દોષ, નિરાધાર પવિત્ર બહેનો ઉપર બલાત્કાર ગુજર્યાના કેટકેટલા હેવાલો વર્તમાનપત્રોમાં વારંવાર વાંચ્યાજ કરીએ છીએ? બહેનો એમના રક્ષણનો પ્રશ્ન નહી ઉકેલી શકે? નહીજ!

શારીરિક બલાત્કાર નહિ તો માનસીક બલાત્કાર કયો પુરૂષ સ્ત્રીજાતિ ઉપર નથી ગુજારતો? સગપણ અને લગ્નના વિષયથી તે માતૃપદ અને મૃત્યુના આવાગમન સુધી સ્ત્રીજાતિ બલાત્કારોજ સહન કરે છે.

તિરસ્કાર એ પણ બલાત્કાર છેને? પરવશનો તિરસ્કાર એ મહાપાપ ન સમજાય? પુરૂષને પરણ્યા પછી સ્ત્રીને તિરસ્કાર સહન કરવોજ પડે? નવો જમાનો આવ્યો, નવી ભાવનાઓ આવી, આદર્શોના મંડાણ થયા. સ્ત્રી એ ઘરરખુ નહી પણ મિત્ર છે એમ સમજાયું. પણ તેથી શું? સ્ત્રીને સમાજે થોડીજ એ ભાવનાઓ સમજવા દીધી છે કે પુરૂષ એનો મિત્ર છે? એ તો પતિ એટલે દેવ સમજે છે. નવા યુગમાં રાચતા પતિદેવ અને જુના સમાજમાં લટુ બનેલી ગૃહિણીના કલહો ભલભલા પતિને સ્ત્રીનો તિરસ્કાર કરવાના માર્ગે દોરી જાય છે. પત્નિ શું કરે? આંખમાં નીર હોય તો નદીઓ વહેવડાવે.

અહોરાત્રિ વિલાસના ઉરકેરાટભર્યા આજના વાતાવરણમાં ભમતા, અને લગ્નના કાયદેસરના હક પૂરા કરવાની માંગણી નહી પણ આજ્ઞા કરતા, અનેક પતિદેવોથી આખા દિવસમાં ઘરમાં ગદ્દાવૈતરૂં અને ઢેડી કરી થાકીને લોથ બનેલી ગભરૂ સ્ત્રીઓપર હરહમેશ આદરવામાં આવતા બલાત્કારોપર તો પડદોજ મૂકવોને?

મૂર્તિ, મંદિર અને ભક્ત—અનુ. . . . . પા. ૧૬૯ થી

દંભનાશના એ દિવસ પછી ભક્તસંખ્યા પણ ઘટી ગઇ.

લક્ષ્મીની કે મ્હોટપની સરસાઈ ત્હાં થતી નહિ તેથી, એવા શર્તશોખી કે પ્રદર્શનશોખીઓનાં વૃંદ ત્હાં જામતાં નહિ.

સ્ત્રી પુરૂષનાં લાવણ્ય ને સૌંદર્ય પ્રત્યે ત્હાં ઉદાસિનતા સેવાતી તેથી એની હરિફાઇ વાંચ્છતાં કોઇ આવતાં નહિ, કપડાં આભુષણોની વિવિધતાનાં દર્શક ને સંસ્મારી અસંસ્કારી દેહ શણગારનાં રસીયાં ત્હાં મુદ્દલ જણાતાં નહિ.

ત્રેવીસ કલાક ને ત્રેપન મીનીટ પાપાચાર કરી, પ્રભુ પગથારે સાત મીનીટ ગાળી પ્રભુને છેતરનારાં ત્હાં દેખા દેતાં નહિ.

મંદિર જવામાંજ મ્હોટપ પમાતી નહિ, નહિ જવામાં ન્હાનમ મનાતી નહિ; એટલે લોકાચારે દંભ કરવાની જરૂર હતી નહિ.

અને તેથી ત્હાં આવતાં નિર્દંભ ને ઉત્કૃષ્ટ ભાવે પ્રેરાયલાં માનવબાળો—ચિંત્વન કરવા, અંધકારમાં પથ ખોળવા અને પ્રાર્થવા—

'પ્રેમળ જ્યોતિ ત્હારેા દાખવી, સુજ જીવનપંથ ઉજાળ.'

આ પૂણ્ય છે?—અનુ. . . . . પા. ૧૭૧ થી

સુરેન્દ્ર—અરે! ભૂલ્યો! જોડાતા નથી. પણ પચ્ચીસ ત્રીસ જણ પૂજ્યના રેશમી વસ્ત્રો પહેરીને રથને ખેંચે છે. સાથે રથની આગળ દસ પંદર જણા જાહેર રસ્તાઓ ઉપર દાંડીયે રમે છે. આ બધાં દશ્યો જાહેરમાં આપણી મુર્ખાઇનું પ્રદર્શન ભરવા જેવાં છે.

અશ્વનિ—આ 'તુત' તો હમણાંજ શરૂ થયું લાગે છે, નહિ?

સુરેન્દ્ર—તું એને ભલે તુત કહે. એમાં કશું ગુમાવવાનું નથી, જો! આજે શીખંડ પુરી, ને આવતી કાલે દુધપાક ઉપર હાથ પડશે, ઉપરથી ઉમાદોશી કાલે પૂજ્યનાં રેશમી વસ્ત્રોની લ્હાણી કરશે. ગુરૂબાપજી પીળી ભભૂતિ માથે નાંખી ધર્મિનું બિરૂદ આપશે. બોલ! શું ગુમાવવાનું છે!

અશ્વનિ—આ સ્થીતિ હવે ચલાવી લેવાય તેમ નથી. ઉમાદોશીએ કરેલા કાળા કૃત્યોપર ઢાંકપીછોડો કરવા આ પ્રમાણે બોલબાલા ન બોલાવે તો એનો ભાવ કોણ પુછે? આવા જુગારી અને લંપટોને તો ખુલ્લેખુલ્લા બહાર પાડી એમની કહેવાતા ધર્મની સફેત ચાદર ઉચકાવીજ જોઇએ. દહેરાસરો અને વિતરાગની મૂર્તિઓ સાથે, ધર્મના બહાના નીચે જે રમતો રમાય છે તે સામે ઉદાસીનતા સેવવામાં સમાજનું ને ધર્મનું પતન છે. તેની સહામે મોરચા બાંધી સમાજને સાવધ કરવી એ આપણું કર્ત્તવ્ય છે. બોલ! સાદ દેતા કર્ત્તવ્યને સાથ આપવા તું તૈયાર છે?

સુરેન્દ્ર—હું તો ત્હારા જેવા સોબતીની વાટ જોઇનેજ બેઠો છું.

બીજે દિવસે અશ્વનિને ત્યાં એકત્ર થવાનું નક્કી કરી બન્ને મિત્રો એકબીજા સાથે હસ્તધુનન કરી છુટા પડયા——

'રેખાચિત્ર!'—અનુ. . . . . પા. ૧૭૨ થી

આંખો અશ્રુમીંચી થતી. શરીરમાં કમ્પકમીયાં આવતાં. પળે પળે ધાસ્તિ રહેતી—પાપનું જોર વધશે, પૃથ્વી રસાતળ થશે. બીચારા માકણે થાકયા. છતાંએ તેજ તેમની અભ્યર્થના ને આશા હતી.

x x x

ગમે તેમ તોએ હતાં પૂર્ણ સ્વાતંત્ર્યના હિમાયતી. નાની વસ્તુથી માંડી દરેક બાબતમાં સ્વતંત્રતાના હિતેચ્છુ. તેમના વાળનેય પૂર્ણ સ્વાતંત્ર્ય આપતા. વાળને તેલથી કે પોમેડથી ચીકણા કરી એક જગ્યાએ ગોંધી રાખવા તે તેમને અકારૂં લાગતું. સ્વતંત્રતાને માટે ધમપછાડા કરનારા પોતાના વાળને એક જગ્યાએ ગોંધી રાખવા તે તેમને તેઓ પોતાના સિધ્ધાંતની વિરૂધ્ધ જતાં હોય તેવું લાગતું. તેમણે વાળને માટે એક ખાદીનું નાનું સરખું ઘર પણ બનાવ્યું હતું. છતાં બધાને તે ઘરમાંજ કૂર્યા કરવું એવું કંઇ હતુંજ નહીં. હતાં તો ઘણા ઉદાર. જોને એ ખાદીના ઘરની બહાર હવામાં કુદાકુદ કરવી હોય તેને તેમ કરવા દેતાં...એકલપેટા તો જરાએ નહીં હોં. ચોપાટી ફરવા જાય ત્યારે વાળનેય ચોપાટીની હવા ખવરાવે. વાળને તો ટેવ પડી. પવનની સાથે કુદાકુદ કરવાની. તોએ કંઇ બોલતા નહીં. કોઈ કોઈ વખત વાળ બહુજ તોફાન કરવા માંડે ત્યારે તે જરા છેડાઈ જતા...ગપ દઇને બધાય ખાદીના ઘરમાં પુરી દેતા. થોડી વાર પછી એ તો એવાને એવા. વાળને છૂટથી ફરવા દેતા.

ખરેખર! એકંદરે માણસ તો બહુ ભલું. બોલીમાં ૧૮ મી સદીના. તોએ તેમનું બોલવું મ્હને તો બહુ ગમતું. કોઇની સાથે વાત કરે ત્યારેય હું તેમની સહામે જોઈ રહેતો. મનમાં કવચિત્ કવચિત્ હસતો. હજીએ સંભારૂં છું ને છાનું છાનું હસું છું.

સાચી અહિંસા—

કેટલાક માણસો એમ માને છે કે અહિંસા એટલે કીડી, મંકોડી કે કોઇ જીવને દુભવવો નહિ: ખરી રીતે આ અહિંસા તો છેજ. પણ જ્યારે કીડી, મંકોડી ન દુભવનારા પોતાના પ્રસંગમાં આવતા માણસોને ઠંડા મારથી હણી નાંખે છે, ત્યારે એમની અહિંસાની ભાવના હિંસા કરતાં પણ વધારે વધારે ભયંકર બની જાય છે. જીવનના દરેક ક્ષેત્રમાં જે માણસ પોતાનો સિદ્ધાંત ઉતારી શકતો નથી, તે ઘણું કરીને પોતાના સિધ્ધાંતથીજ પોતાનું પતન વહોરી લે છે.

શુદ્ધ અહિંસા જીવનના દરેક ક્ષેત્રમાં માનવતા માગે છે—પછી તે ક્ષેત્ર કીડીયારૂં પૂરવાનું હોય, વ્યાજ લેવાનું હોય, કાપડ વેચવાનું હોય કે કુટુંબની વિધવાને ભાગ આપવાનું હોય—ખરી અહિંસા તો એજ છે.—

બીજી બધી અહિંસાના સ્વાંગ નીચે સજેલી ઠંડી ક્રૂરતા છે.

કર્મના પ્રકાર.

શાસ્ત્રકારોએ કર્મના ત્રણ પ્રકાર બતાવ્યા છે. (૧) ક્રિયામાણ (૨) સંચિત (૩) પ્રારબ્ધ—આપણી જે સંતતિ ઉત્પન્ન થાય છે તે રોગી રહે કે નિરોગી, જીવે કે મરે તે સઘળા માતાપિતાના પ્રારબ્ધ, યાને પહેલા આદરેલા અકર્મના ફળરૂપેજ હોય છે.

ગુણકર્મ

માતાપિતા પોતાના ફળરૂપ બાળકને મેળવે છે, તે પોતાના શારિરિક વિર્ય, જે વનસ્પતિ વીગેરેના આહારમાંથી મેળવે છે, તેનું સુક્ષ્મ સ્વરૂપ જે મન છે, તેમજ પ્રાણ પણ છે. પ્રક+અન્ન=પ્રાણ. એટલે અન્નમાંથી ઉત્પન્ન થયેલ સુક્ષ્મ સ્વરૂપ તે પ્રાણ. અને તેથી જેવું અન્ન તેવું મન એમ કહેવાય છે. મનની ગતિ પ્રમાણે શારિરીક ક્રિયાઓ થાય છે. એકજ માતાપિતાના સંતાન, પોતાનીજ પ્રજા પ્રતિના ગુણ-કર્મ લઇનેજ જન્મ ધારણ કરે છે.

અકળ કળા

ઇશ્વરની અકળ લીલા કહી આપણે જેઓ પ્રજા—ભાવી પ્રજા પ્રત્યે હવે જેજવાબદાર ન રહી શકીએ.

"અણુમાં આખો વડ સંકેલ્યો,
એના મુખ ઉંધા મોરારજી
કીડીના આંતર કેમ ઘડીયા,
એવી તારી કલા અપરંપાર-જી."

કવિના આ કથનમાં સત્ય છે માટેજ આપણે આપણા પરિચયવાળા પશુ, પક્ષી કે વનસ્પતિના બીજના આરોગ્યનો, ભાવી વિકાસનો વિચાર કરીનેજ ઉત્પત્તિ થવા દઇએ છીએ; જ્યારે આપણે મહત્તર માનવસમાજ આજે વ્યવહાર અને આબરૂની આંધીમાં નબળી પ્રજા થવા દઇ આપણા પોતાના ગુન્હેગાર બનીએ છીએ, અને સમાજના દ્રોહી બનીએ છીએ.

માતાનું સ્થાન

સંસારમાં આવ્યા પછી બાળકને પ્રથમ સમાગમ માતાનો થાય છે, એટલે તેનાજ ગુણનું વિશેષ પાન કરવા લાગે છે. માતાના ગુણો સારા હોય છે તો જરૂર બાળક સારૂં નિવડવા સંભવ છે. દરેક બાળકને પ્રથમ માતાનોજ સમાગમ વધુ ફલપ્રદ થાય છે, તેથી માતાએ 'જગત જનની'નું, 'ભવાની'નું અને પ્રજાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આરોગ્ય

બાળઉછેરનો સઘળો આધાર માતા ઉપર છે. તેથી માતાએ પ્રથમ તો બાળકનો બાંધો સુધારવાની કાળજી રાખવી પડે છે, બાળકને સરખી રીતે સુવડાવવું, સરખી રીતે તેડવું, મળમુત્રથી સાફ કરી સ્વચ્છ રાખવું વીગેરે બાબત ખૂબ કાળજી કરવાની હોય છે. બાળક છ સાત માસનું થાય અને દાંત આવવાનો સમય થાય ત્યારે બાળક માંદુ સાજુ થયાં કરે છે. આ બધી વેળાએ બરોબર ધ્યાન અપાય તો ભાગ્યેજ માંદગી આવે અને અકાળે મૃત્યુ થાય. ત્યારે હિંદમાં પચાસ ટકા જેટલા બાળકો બચપણમાંજ નાશ પામે છે. આ બધી આપણી જેજવાબદારી નથી તો શું છે?

જીવન અને મૃત્યુ.

ક્ષણે ક્ષણે આગળને આગળ વધવાની મહેચ્છા હોવી, અને એ મહેચ્છાને ઉત્સાહ અને ખંતથી આચારમાં ઉતારવી એ જીવનનું સાચું લક્ષણ છે.

શું યોગ્ય અને શું અયોગ્ય? શું સાચું અને શું ખોટું? એનો વિચાર કરવો, વિચારીને નિશ્ચય કરવો, અને એ નિશ્ચયને દૃઢતાથી અમલમાં મૂકવો એ જીવનનું સાચું લક્ષણ છે.

જે ક્ષણે માણસ માને કે હવે બહુ થયું. હવે વધારે જ્ઞાનની મ્હારે જરૂર નથી, અને તેથી વધારે અભ્યાસની કે વિચાર કરવાનીયે જરૂર નથી તે ક્ષણથી તેનું મૃત્યુ થયું સમજવું. તેનો દેહ ભલે જીવતો જણાય, પણ તેનો આત્મા તો મરેલોજ હોય છે. જે ક્ષણે સાચું અને યોગ્યજ કરવાનો પુરૂષાર્થ અટકી જાય તે ક્ષણે તે મરેલોજ છે.

જીવન એટલે પ્રગતિ. અમુક હદ સુધીની નહિ પણ અનંત પ્રગતિ. આ પ્રગતિનો અવરોધ એટલેજ મૃત્યુ.

જે આગળ નથી વધતો તે પાછળ પડે છે. જે ઉંચે નથી ચઢતો તે નીચે ગબડે છે. જે જીવતો નથી તે મરેલો છે. જ્યાં પ્રગતિ નથી ત્યાં અવનતિ છે.

કાં તો ઉંચે ચઢો, કાં તો નીચે ગબડો. કાં તો જીવો કાં તો મરો. આ બેમાંથી દરેકે પસંદગી કરવાની છે. બે વચ્ચે કાંઈ જગા નથી. કુદરતનો એ અબાધિત કાનુન છે.

આપણે શું જોઇએ છે? જીવન કે મૃત્યુ? આપણાં બાળકોને શું આપવું છે? જીવન કે મૃત્યુ? —**યુવક.**

સ્ત્રી-કેળવણી

સ્ત્રી કેળવણી એટલે માત્ર અક્ષરજ્ઞાન નહી. બાળકના રક્ષણ, પોષણ અને શિક્ષણ વિષેની આ બધી કેળવણી પ્રથમની થતી માતા અગર નવોઢા સ્ત્રીએ, પોતાની માતા, અથવા સાસુ પાસેથી સવિસ્તર જાણવી જોઇએ. આ અનુભવ-જ્ઞાનના અભાવે નવોઢા સ્ત્રીઓ પોતાની સંતતિનો સંહાર આણે છે. આ બાબતમાં પુરૂષો પણ તેટલાજ દોષિત છે. યુવાન સ્ત્રી-પુરૂષોએ સંતતિ નિયમન તથા યોગ-જ્ઞાન કહો કે ભોગ-જ્ઞાન કહો. આ બધું સમજપૂર્વક શિખવું જોઇએ અને સ્ત્રીઓને સમજણ આપવી જોઇએ; તેમના વિકાસમાં મદદરૂપ થવું જોઇએ. પ્રજનન અને ઉછેરના આ વિષયમાં બેદરકાર રહેવાથી પ્રજનું જીવનધન બરબાદ જાય છે—અને આર્થિક દૃષ્ટિએ પણ પારાવાર નુકશાન થાય છે.

પોતાનુંજ પરિણામ

દરેક દુઃખ, રોગ કે શોક એ પોતાનાંજ કાર્યનું પરિણામ છે, અને તેમાંથી ઉગરવું એ સર્વના પોતાનાજ હાથમાં છે. દુઃકમાં પ્રારબ્ધપર આધાર રાખનારા માણસો પુરૂષાર્થ રહિત થાય છે અને આખરે તેઓ આલોક પરલોકને બગાડે છે, પોતાનું અને સમાજનું અહિત કરે છે.

બાળમંદિરો

કુટુંબસ્નેહની અને બાળ-વિકાસના અનેક ક્ષેત્રોની કડી સાંધવા નૂતન પ્રકારના, મોન્ટીસોરી પદ્ધતિના અને એવા બાળમંદિરો સ્થપાવા લાગ્યા છે. દરેક જાગ્રત સમાજ આ મંદિરોને નિહાળે, સંભાળે અને નિર્મળ ભાવથી ચોકી કરે એટલું ઇચ્છી અત્યારે વીરમું છું. —**લાલચંદ જયચંદ ઝવેરા.**

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ તરફથી જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

વૈધવ્ય.

Reg. No. B. 3220

તરુણ જૈન.

વાર્ષિક લવાજમ ૧-૮-૦] શ્રી જૈન યુથ સોંડીકેટ (તરુણ જૈન સભા) [વર્ષ ૧ લું અંક ૧૯ મો
છુટક નકલ ૧ આનો.] તંત્રી: મણીલાલ એમ. શાહ. [સોમવાર તા. ૧-૧૦-૩૪

હવે મારું હવે કામ નથી.

ગામેગામના ઉપાશ્રયો હું ઢુંઢી ચૂક્યો.

કૌટુંબીક પરિમિત સ્નેહ, ધન અને અયશઆરામની તમામ લાલસાવિમુક્ત માનવી તે કાળે જૈન સાધુ બની શકતો, જૈન સાધુ બનતાં માનવીની કપરી કસોટી થતી અને એ કાંટાળે માર્ગે બેજવાબદારીથી કે નાદાનીયતથી જવાની કોઈ હામ ભીડતું નહિ. અતિ મનઃસંયમી અને ઉત્કૃષ્ટ ભાવનાશાળીજ એ પથે જઈ શકતો.

જાતે બળી તેજ દેતા એ તેજઃપુંજે જગતનાં પરમ સનાતન સત્યોનો પ્રચાર કરતાં. અને એમની ચારેગમનાં માનસ પલટાવતાં બંધુત્વ, દયા, સત્ય અને ફરજનાં ભાન આણતાં.

આવા આ મહાત્માઓની અમુલ્ય એવી એકેક પળ એળે ન જાય, એમની પ્રત્યેક પળ એમના આત્મકલ્યાણાર્થે અને જનકલ્યાણાર્થે બરાબર ઉપયોગમાં આવે એ ખાર સામાન્ય જનસમુહ ભક્તભાવે એમની જરૂરીઆતો પૂરી પાડતા.

અને બીજાને એ જવાબદારી ઉપાડવાની છે એવા સદા જાગ્રત ભાને અતિ સંયમપૂર્વક એમની જરૂરિઆતો એ સાવ ઓછી કરતા, અને જહેનાથી નજ ચાલી શકે એ વિના બીજી વસ્તુઓનો ઉપયોગ કરતા નહિ.

ગામેગામના ઉપાશ્રયો હું ઢુંઢી ચૂક્યો—આવાં જૈન સાધુ સાધ્વિઓનાં દર્શન કરી—પૂનિત બનવા.....અને અતિ શ્રધ્ધાપૂર્વક ગયેલો હું અશ્રધ્ધાન્વિત બની પાછો આવ્યો.

મહેં જોયા—'ન્યાય સમ્રાટો'ને 'કળીકાલ કલ્પતરુઓ', 'સૂરિસમ્રાટો' અને 'હિઝ હોલીનેસો' અને સેંકડો આચાર્યો, ને પન્યાસો, હજારો 'એક હજાર આઠો' અને કોઇ 'મરૂધ્ધરોધ્ધારકો' 'આગમોધ્ધારકો' ને હું નિરાશ થઇ રહ્યો.

કનિષ્ટ માણસથીય પામર જીવન જીવતા હજારો સ્વાંગધર સાધુઓને કલહ પ્રચારતાં અને આચારવિહિન હું જોઈ રહ્યો. ઘેલાં, ભોળાં નરનારને આ વિલાસશોખી જાદુગરોથી છેતરાતાં જોઇ મહને દુઃખ થયું. અનેક પ્રશ્નોની પરંપરા મારી સમક્ષ વાતાવરણમાંથી ઉપસ્થિત થઈ. આ બધ્ધાં આત્મકલ્યાણ આદરે છે કે જનકલ્યાણ કરે છે? જૈન આદર્શ સાથે એમને કાંઈયે સંબંધ છે? આ બધ્ધાં જે રિતે જીવી રહ્યાં છે તે જૈનત્વને શોભારૂપ છે? જૈન સિધ્ધાંતોના એ સાચા પ્રચારકો છે? ના, ના, ના, તમામ પ્રશ્નોના પ્રત્યુત્તર સ્વરૂપે પડઘો ગાજે છે. મહને કોઇક કોઇક એમાં અંશપાંશે ઉપયોગી પણ જણાયાં છે. છતાં સંસ્થા તરીકે આ સાધુઓ જૈનોનું અહિત કરી રહ્યા છે એમાં મહને શંકા નથી.

જુના વહેમો, શ્રધ્ધા, પરલોકભાવના, સ્વર્ગની ભ્રમજાળ, નર્કની ક્રમકમાવતી કલ્પના અને તિર્થંકરોના નામ તળે એ સૌ સફાઇથી લૂંટ કરતા જણાય છે. અંગત અયશઆરામ સાધવા, સર્વોપરી સત્તા મેળવવા આ શસ્ત્રોનો સફળ ઉપયોગ કરતા,—આંખ ખોલી, જોઇએ તો,—આજના સાધુઓ જણાશે.

ઘણાં આ જોઇ શકે છે, પણ 'ધર્મની હિણના' ન થાય કરી આંખમિંચામણાં કરે છે. વિનિત માનસ ધરાવતા કોઇક કોઇક 'આદર્શ સાધુ'ની વ્યાખ્યા કરવા મંડી પડે છે; જૈનત્વના શુધ્ધ સાધુમાર્ગનો અંગુલીનિર્દેષ કરી, માર્ગભૂલ્યા સાધુઓને એ 'સિધે ચિલે' ચાલવા વિનંતી કરે છે.....પણ એ સર્વ એળે જાય છે. ચાલાક ને પટુ એવા એ સાધુરાજો કુનેહથી એ પી જાય, કહેનારપર વિષપ્રચારનું આરોપણ કરી, અંધશ્રધ્ધાળુ માનવીઓપર મુસ્તાક રહી "આડે ચિલે" ચાલ્યા જાય છે.....અને પેલા વિનિતો 'એમનાં કર્યાં એ ભોગવશે' કહી એમના કામમાં લાગી જાય છે.

આજે એ પળ આવી લાગી છે કે આંખમીંચામણાં એ પાપ ગણાય; 'આપણે શું?' એ જવાબદારી મનાય; અને જોરશોરથી, વાતાવરણ ભરતો ઘંટનાદ કરી, સ્વાંગધર સાધુઓની અનાવશ્યકતા પોકારવાની એકલી ને અનિવાર્ય ફરજ ગણાય.

આ લૂંટ હવે અટકી જવી જોઇએ—આપણે એ અટકાવવી જોઇએ. આ છેતરપીંડી હવે બંધ થવી જોઇએ—આપણે એ બંધ કરાવવી જોઇએ. સ્વાંગ ધરે તે સાધુ છે એમ માનવા મનાવવાની ભૂલ હવે વધુ વાર નહિ થવી જોઇએ.

માણસ તરીકે લાયક હોય તે ભલે માન મેળવે, પણ માત્ર ચોરપટ્ટો ને ચાદર, ઓઘો ને પાતરાંનાં પ્રદર્શનથી ઉચ્ચતાનાં આરોપણ આપણે નહિ કરવાં જોઇએ. એવાં ગમે તહે વેશ ધરે તે તમામની જરૂરીઆતો પૂરી પાડવાની આપણી ફરજ નહિ મનાવી જોઇએ. એમને ખાલી પાતરે પાછા ફેરવવા જોઇએ. એમને ખમાસણાના કે વંદનના અધિકારી નહિ ગણવા જોઇએ અને એમને વિવેકપૂર્વક કહી દેવું જોઇએ:

ઇચ્છકાર સુહરાઇ સુહદેવસી,
સુખ વિલાસ શરિર નિરાબાધ,
રાગ, અસંજમયાત્રા નિર્વહો છો?
એ દંભથી સંતોષ છેને?
તો કૃપા કરી આહારાર્થે મ્હારે ત્યહાં આવશો નહિ.

વૈધવ્ય.

જેનો વિચાર માત્ર સૌભાગ્યવતીઓનાં કાળજામાં કડકડતાં તેજ રેડી રૂંવાડાં ઉભાં કરી દે તે વૈધવ્ય જેના ઉપર આવી પડે એના દુઃખની કલ્પના કરવી એ કક્ષાં ઓછી દુષ્કર છે?

સંસારના જીવનચક્રમાં બે વિજાતિય માનવીઓ મળે, દિવસ રાત્રીઓ સાથે નિર્ગમન કરે, ગાઢ પરિચયે અન્યના આત્માઓ એકમેકને સમજતાં સમજતાં, ઉદાર બની, ભેદ ભૂલી જાય, નજદીક અને વધુ નજદીક આવતાં થાય; પળ માત્રનો વિરહ જેને આંસુડાં પડાવે,—અન્યનો સહચાર આલોકનાં સ્વર્ગ સર્જી વે, તે સમયે કરાળ કાળ એકાદ સ્નેહીને ઝડપી લે ત્યારે જીવન્ત સ્નેહીની વ્યથા કેટલી હૃદય વલોવનારી થઇ પડે એ હિંદુ વિધવા સિવાય બીજું કોણ સમજી શકે? સ્નેહીનું વિરહદુઃખ શું પુરૂષ કે શું સ્ત્રી અન્યને માટે સરખું છે, પણ પુરૂષજાત એ સ્નેહનું નિરૂપણ ફરી વાર બીજી પત્નીઓ કરી દુઃખને ભૂલી જાય છે, ત્યારે વિધવાને તો એ પછીજ દુઃખના ડુંગરોમાં આથડવાનું શરૂ થાય છે.

જેમ સડેલા માલ ઉકરડે નંખાય, તેમ વિધવા અનંતાંતી સાથેજ સ્ત્રી જાતિને ઉંડે ઉંડે અંધારે એસી જવું પડે. ઘરના બાર ખૂણામાંથી એક ખૂણો પકડી અહોરાત્રી રડવું કુટવું ચાલુ રાખવું પડે, જીવનની કુદરતી હાજતોને દબાવી દેવી પડે, અને વ્હાલસોયા પતિનાં સંસ્મરણો ભૂલી જઇ એમને એમ રૌદ્ર અને આર્તધ્યાનમાં કાળ વિતાવવો પડે. સગાંવ્હાલાઓના આધારે દ્રવ્ય હોવા છતાં નિરાધાર બની જીવવું પડે.

જ્યારે જ્યારે કોઇ 'કર્મસત્તા'ની ડખલગીરી કરાવી 'વૈધવ્ય દુઃખનાં' આગમનનું સૂચન કરે છે ત્યારે એ પ્રશ્ન થાય છે કે આ અસહ્ય વેદનાઓ આપણે ઉપસ્થિત કરી છે, આપણે ધારીએ તો મિટાવી શકીએ છીએ ત્યારે 'કર્મ' અને 'ફળ'તે આડાં શા માટે ધરીએ છીએ? અને એ 'કર્મ'ની સત્તા સ્ત્રી જાતિનેજ કેમ લાગુ પડે છે અને પુરૂષજાત કમળ જેમ નિર્લેપ રહે છે?

જ્યારથી હિંદુ જીવને વિધવાઓ ઉપર અત્યાચાર આદરવા શરૂ કર્યા છે, ત્યારથી એની પડતીના પગરણ મંડાઇ ચૂક્યા છે. આપણી સામાજીક અને ધાર્મિક રૂઢીના કેટલાક જડ ખ્યાલોથી વિધવાઓની ભરતી થતી અને થયા કરે છે, અને જ્યારથી સ્ત્રીને પુરૂષની મિલ્કત માનવામાં આવી છે, ત્યારથી એ મિલ્કત એના માલીક સાથે ખપી જવી જોઇએ, એ માન્યતાએ હિંદ જેવા ધાર્મિક હોવાનો દાવો કરતા દેશમાં સ્ત્રીઓને પતિના મૃત દેહ સાથે જીવતી સળગાવી મૂકવા છતાં એને 'સતિ' કહેવાની કયાં ઓછી દુષ્ટતા આદરવામાં આવતી હતી? અને આ ક્રિયાને ધાર્મિક ક્રિયા એટલા ચુસ્તપણે મનાંવવામાં આવતી કે જ્યારે શાહઅકબરને આ પ્રથાથી કંપારી છૂટી. એને બંધ કરવાના હુકમ છોડ્યા ત્યારે, જનતાના ધર્માંધ વિરોધથી એ કાર્ય અધુરૂંજ રહ્યું અને જ્યારે આજની સરકારે એ રિવાજ બંધ કર્યો ત્યારેએ કયાં ઓછો વિરોધ હતો?

અને એ વિરોધ કરતાંએ આજના ફરજીયાત વૈધવ્ય પળાવનારાઓનો વિરોધ કંઇ ઓછો છે? એ માનવીઓ પણ 'વૈધવ્ય' પળાવવું એ ધર્મ છે એમ કયાં નથી કહેતાં? ચક્રવર્તિના ઘોડાને ફરજીયાત બ્રહ્મચર્ય પળાવ્યું એટલે એ દેવલોક ગયા! એટલે સ્ત્રીઓને પણ ફરજીયાત વૈધવ્ય પળાવે તો એ મોક્ષમાંજ જાય, એવી એમની ધાર્મિક વક્ર માન્યતાઓ પણ કયાં ઓછી છે? પચાસ સાઠ વર્ષ સુધી પણ "દેહશાસ્ત્ર" પુરૂષને ફરી ફરી પરણવાની છુટ આપે પણ સ્ત્રીઓને તો દેહશાસ્ત્રના નિયમજ લાગુ પડવા જોઇએ!

પુનર્લગ્ન એ પાપ નથી, પુનર્લગ્ન એ કોઇ ધર્મ પણ નથી, પુનર્લગ્ન આજના સળગતા પ્રશ્નને કેટલેક અંશે ઉકેલનારી સુપ્રથા છે. દરેક માનવી સંયમ પાળી શકતા નથી, દરેક માનવી ઉચ્ચ આદર્શોને પહોંચી શકતા નથી માનવીની જીવનભુખ તરછોડી શકાતી નથી તો વિધવાએ પાસેથી આપણે એ બધી આશા કયાં રાખીએ? આદર્શોની ઉચ્ચતા હંમેશના માટે રહેવાનીજ. છતાં દરેક વિધવા આદર્શ બની શકવાની નથીજ, જે કોઇ વૈધવ્ય નહિ પાળી શકતી હોય, જે કોઇ લાંબા જીવનચક્રમાં કોઇ પળે કયાંક ફસાઇ પડશે—ફસાઈ મરે છે, ફસાઇ પડી છે, અને સમાજ તરછોડી મૂકશે એ બીકે ગુપ્ત અનાચારથી કાયાને અભડાવી મૂકે છે, એમને માટે પુનર્લગ્ન એ આશિર્વાદ છે. કેટલીએ વિધવાઓએ હિંમત રાખી પુનર્લગ્ન કરી નસમાંએ અનાચારની બદબો દાખલ નહી કરતાં સામાન્ય સ્ત્રી પુરૂષના લગ્નજીવન કરતાં વધુજ ઉત્તમ જીવન જીવ્યું છે. સમજપૂર્વક પૂજનીય વૈધવ્ય પાળતી બહેનો સમાજની સાચી મત્તા છે, જે કાળે સમાજની પુનઃઘટના થશે ત્યારે સમાજનું નાવ એમને હસ્તક રહેશે એ નિઃસંશય છે. શુદ્ધ વૈધવ્ય જીવનને પાળવુંજ છે એને ના પાડવાની હિમ્મત કયા મર્દમાં છે?

પુનર્લગ્નથી સમાજનો છૂપો સડો સાફ થશે. પુનર્લગ્નથી સમાજનું કલેવર ઉજળું થશે પણ એકલા પુનર્લગ્નથી વૈધવ્યના દોઝખનો નિવેડો નહી લાવી શકાય. પુરૂષજાતની નસમાં એવું લોહી વહે છે કે એ 'સ્ત્રીનો પોષક છે, 'પાલક' છે; એટલે જ્યાં સુધી સ્ત્રી જાતિ આર્થિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા જેટલું જ્ઞાન નહિ મેળવે ત્યાં લગી પુનર્લગ્ન પણ કંઇ સુખ આપી શકે તેમ નથી. અને જો એટલું જ્ઞાન પ્રાપ્ત કરી સ્ત્રી જાતિ પોતાનું ફોડી લેવા તત્પર થાય તો પુનર્લગ્નની વિવાદાસ્પદ ચર્ચાજ આપણે શું કામ કરવી પડે?

વૈધવ્ય પાળતી બહેનોનાં જુના ચાલી આવતાં દુઃખોમાં નવા જમાનાએ પણ કંઇ દુઃખો વધાર્યા છે. "જોઇએ છે એક વિધવા મરણવા માટે"ની જાહેર ખબરો કયા વર્તમાનપત્રમાં નથી આવતી? કેટલો તિરસ્કાર એ વાકયમાં સમાયેલો છે? જાણે કોઇ ખરીદી કરવા નિકળ્યો હોય તેમ પુરૂષનું મિથ્યાભિમાન નજરે નથી તરવરતું? અને એ જાહેર ખબરોથી કોઇ મુંઝાયેલી વિધવા એમના હસ્તક જઇ પડે તો એ બિચારીની શી દશા થાય છે? વિધવાઓ સમજે કે ઉજળું એટલે દુધ નથીજ.

હાલની એક અર્થસુચક અને મોહક શબ્દજાળ એ છે, "કન્યાઓ નથી મળતી માટે, પુનર્લગ્નની છૂટ આપો કે જેથી કુંવારાઓને સ્ત્રી વગર આખી જીંદગી મરી જવું ન પડે." સારી વ્યકિતઓ તરફથી આ વસ્તુનું સમર્થન કરતાં કારણ બતાવવામાં આવે છે કે આપણી જૈન કોમ ઘટતી જાય છે.

અનુ પા. ૧૮૪

અંધેર કારોબાર ક્યાં લગી ચાલશે?

આખાયે સમાજમાં એવાં અનેક ફંડો અને સંસ્થા હૈયાતી ધરાવે છે કે એના હિસાબ કે રિપોર્ટ બહાર પડતાં નથી. એની સમિતીઓ કે સભ્યોની જાણમાં પણ હોતા નથી. કારણ? એના (ફંડના) ઘણા ખરા પૈસા કોઇના ગજવામાં જઇ પડયા હોય છે.

થોડા વખતથી મુંબઇમાં ચાલતી ભોજનશાળા અંગે ઘણી બૂમો અને વસવસો સારીયે જૈન આલમમાં ઘર કરી રહ્યો છે. એના મંત્રી શ્રી. વીરચંદ કેવળભાઈ જાણે બ્હેરા કાન હોય તેમ વર્તન ચલાવ્યે જાય છે. કોઇને દાદ પણ આપતા નથી. એમની સામે પ્રોવીઝનલ કમિટીની સભા નહિ બોલાવવાના, એકહથ્થુ વહીવટ ચલાવવાના, કમિટીઓ કે સભાઓની મીનીટ બુક સુદ્ધાં ન લખવાના, બંધારણ ઘડી અઢાર અઢાર મહીના થયા છતાં કાર્યવાહક સમિતિ નહિ ચુંટવાના, કમિટીને જાણ કર્યા વિના જમનારાઓ પાસેથી દસ રૂપીયાને બદલે અગીયાર કરવાના, મંજુરી વિના હજારોના ખરચ કરવાના, તેમજ વહીવટી તંત્ર સંસ્થાઓના કાનુનથી ગેરરાતે ચલાવવાના આરોપો છે. છતાં અમને નવાઈ તો એ લાગે છે કે જાહેર પ્રજાના પૈસાપર નભતી આ સંસ્થા, જેમાં માસીક પાંચ–છ હજારની લેવડદેવડ થાય છતાં કમિટી સુધ્ધાંની મંજુરી નહિ લેવાનો વીરચંદભાઇનો શું આશય હશે? યા કઇ જાતનો પોતરીયો ગઢ જીતવા મનોરથો હશે કે બંધારણ વિરૂદ્ધ આપખુદ સત્તાથી વહીવટ ચલાવ્યે જાય છે.

સમાજને જો આમજ અંધારામાં રાખવામાં આવે તો! એમના તરફ તરેહતરેહની શંકાઓ લઇ જવાનાં મજબૂત કારણો મળે. એમાં કાંઇ નવાઇ નથી. બીજી તરફ પ્રોવીઝનલ કમિટીના કેટલાક સભ્યોએ જાહેર પત્રોમાં રાજીનામા આપતાં એમના બેજવાબદાર શાસન સામે કેટલાક આરોપ મૂકયા છે; છતાં શા માટે તેઓ તેઓને વિશ્વાસમાં લેતા નથી. કહેવાય છે કે એક વર્ષ માટે તેના પ્રમુખ શ્રી. માણેકચંદ જેચંદભાઇએ તેમાં આવતી ખોટ આપવાનું જાહેર મેળાવડા સન્મુખ કહ્યું હતું. ત્યારે હવેના ખોટ કે નફાના માટે કોણ જવાબ લેખાય? એનો ખુલાસો શ્રી. વીરચંદભાઇની મંડળી કરશે ખરી? સમાજમાં ચાલતી અનેક અંધાધુંધીનો અગર એ પક્ષ છે માટે કદાચ લાભ લેવા માંગતા હોય તો અમે કહીએ છીએ કે તેઓ ભૂલે છે. આવી સાર્વત્રીક સંસ્થામાં કોઈ સમજુને વાંધો નથી અને ન હોય, હજુ પણ થોડાક હાજી, હા, કરનારાઓદ્વારા ગોળા ગબડાવવાનું છોડી, વેળાસર બંધારણસરની કમિટી નીમો. પ્રોવીઝનલ કમિટી (કામચલાઉ કમીટી) દ્વારા અઢાર અઢાર મહીના લગી ન ચલાવી લેવાય સમજ્યાને સેવાભાવિ વિરચંદભાઇ! એનું પાકું બંધારણ જલદી તૈયાર કરી અત્યારની કમિટીમાં પાસ કરાવી ઓડીટ કરાવેલો હિસાબ બહાર તુરત પાડો. તેમજ જ્હેને વિગતે જોવો હોય તેને જોવા માટે ખુલ્લો રાખો. અને ત્યારેજ સમાજને સંતોષ થશે.

જેટલો વખત વધુ લંબાવો છો—પ્રજાને અંધારામાં રાખો છો તેટલા પ્રમાણમાં આ બનાવ ગંભીર રૂપ લેતો જાય છે એ રખે ભૂલતા! તમે ચોકખાજ હો, તમારામાં સેવાભાવના સાચેજ હોય તો આજેજ વ્યવસ્થિત બંધારણસરની નવી કમિટી નીમી તેને તરતજ સોંપો અને સાથે રહી તેની આજ્ઞા અનુસાર હળીમળી તંત્ર ચલાવો. કાયદેસર રીતે નવી કમીટી નીમાય તે અગાઉની જવાબદારી તમારી છે. એટલે પછી ત્યાર પહેલાનો હિસાબ સંતોષજનક ખુલાસા સહીત બહાર પાડશો. નહી તો તરેહતરેહની અટકળો લઈ જવાનું અમને, સમાજને અને પૈસા ભરનારાઓને સબળ કારણ મળશે એ નિર્વિવાદ છે. સમજ્યાને વિરચંદભાઇ! હજુ મોડું નથી. "આંખો ખુલે પછી અંધેરતા ઘણો વખત ન ભમે" એ સાદી લોક કહેવત આપના ધ્યાનમાં તો હશેજ.

> આ કથન સાવ સાચું છે, નિર્ભેળ લુંટના આંકડાઓ આજના મંદિરના ચાલકો યા આપખુદ તંત્ર ચલાવતા વહીવટદારો આપણને બતાવા નથી ઇચ્છતા, લૂંટાયેલી લૂટ માફ કરીએ તો પણ હવેથીય હિસાબ બહાર પાડવાનો ચોખ્ખો વિરોધ દર્શાવે છે. પ્રજાને માટે બે રસ્તા ખુલ્લા છે, કાં તો વહીવટી ચોપડા જોવા માંગવા એટલે કે વર્ષ આખરે રીપોર્ટ બહાર પાડવા આગ્રહ કરવો અગર તો એવાઓને આપવાથી મૂકત રહેવું.
>
> x x x x
>
> પૈસા પૈસામાંથી—ટીપે ટીપે ભરાયલા એ લક્ષ્મી આગારો કયા ધર્મ અર્થે વપરાય છે? કઇ ને કોની ઉન્નતી સધાય છે? કોઇ પુરાતત્વવાદી સંશોધન આદરે અને કોઇપણ પારખુ એ લક્ષ્મીનાં પગ ઓળખી શોધી કાઢી એનાં પરિણામ પ્રજાને જણાવે તો આખો સમાજ ચમકી ઉઠે. એક એક પૈસાથી એકઠી થયેલી એ લક્ષ્મી આપણા ઉજળા કપડાં પ્હેરી ફરતા આગેવાનોએ સાચ પચાવી દીધી છે.
>
> જૈન જુવાનો ધંધા વિના પેટે પાટા બાંધી ધંધો શોધવા રખડતા હોય ત્યારે આપણું કર્તવ્ય શું? લક્ષ્મીના એ ગંજોમાં કોઇની ઉઠાઉગીરી પોષવા પૈસા આપવા કે નામની તખતી રહે એ ખાતર મંદીરો કે ધર્મશાળા બંધાવવાં કે આ જીવતા ભાંડુઓને મૃત્યુની ખાઇમાંથી હુન્નર ઉદ્યોગ વિકસાવી, ભણવાનાં સાધન પુરા પાડી, હોસ્પીટાલો બનાવી બચાવવાં?
>
> આપણે આ ત્રિચારી લેવાનુંજ છે, આપણા દાનની દીશા આપણે નક્કી કરી લેવાની છે, કોમનું આવું દર્દ અને એનું ઔષધ આપણે શોધીજ લેવાનું છે.
>
> (પ્રબુદ્ધ જૈનમાંથી)

કોઇપણ રૂઢી અથવા રિવાજ કોઇ પ્રાચીન પુસ્તકના આધારવાળો હોય, આપણા સમાજમાં (Nation) મનાતો હોય, અને આપણે નાનપણમાંથી માનતા શીખ્યા હોઇએ, તે કારણથી તે આપણે સાચો માનવો નહિ; પણ અનેક રીતે તેની બુધ્ધિપૂર્વક તપાસ કરવી, તેનું પૃથક્કરણ કરવું, અને પછી, દરેક વ્યક્તિને તેમજ આખા સમાજને લાભકર્તા છે એવી ખાત્રી થાય તો આપણે પોતે તેના રિવાજનો અમલ કરવો અને બીજાઓ પાસે કરાવવાની તજવીજ કરવી.

—મહાત્મા બુધ્ધદેવ.

જોઇએ છે: .... પરીવર્તન.

[—જયંતિલાલ શાહ—]

આજે સારૂંયે જગત પરીવર્તન માંગે છે. સમાજના એકેએક અંગમાં પરીવર્તન જોઇએ છે. ધાર્મિક અને રાષ્ટ્રીય જીવનમાં પણ પરીવર્તન માંગે છે. વિધવાઓના આંતરનાદો અને તેમની ભડભડતી ચિતાઓ પરિવર્તન માંગે છે. આજના સૂત્રધારોએ હવે તો જોતજોતામાં પરીવર્તનના સૂરો બજવવાજ જોઇએ.

સાધુશાહીને નામે ચાલતા દંભ અને પોકળતા હવે સમાજ સાંખી શકે તેમ નથી. સાધુશાહી નામે ચાલતી અન્યાયી નીતિ હવે અમારા નવલોહીયા યુવકો સહન કરી શકે તેમ નથી. આજે અમારા યુવકોને પરીવર્તન જોઇએ છે. અમારે સાધુશાહીની દફનક્રિયા કરવીજ નથી. અમારે તો એમની નીતિમાં પરિવર્તન કરાવવું છે. દફનક્રિયા કરીશું તો કોઇ કાળે એના રજકણો કે તત્વો નીકળશે તો અમારા કાર્યમાં ખલેલ પહોંચશે એમ અમારૂં જબરૂં મંતવ્ય છે. એક કાળ એવો હતો કે જ્યારે શિષ્ય ગુરૂની શોધમાં નીકળતો, આજે તો એ બદલાઇને ગુરૂજી શિષ્યની શોધમાં નીકળે છે; અને એ કાર્ય સિધ્ધ થતાં એ ગુરૂ અનેક ધમપછાડા મારે છે. જીવનની સર્વ શક્તિઓને રૂંધી નાંખે છે. પણ આખરે તો શુન્ય મળે છે. આજે અમારા કહેવાતા સાધુઓને શિષ્યની ગતાગમ નથી. મુંડતા પણ આવડતું નથી. માત્ર બાહ્યાચારમાં સર્વસ્વ માને છે. કેવળ નિર્દોષિતાથી આ બધું સહન થાય છે. હવે એ સહન નહી થઇ શકે. હવે તો સાધુતામાં પરીવર્તન લાવીશું ત્યારેજ યુવકોનો છૂટકો થશે. દંભ અને પોકળતામાં પરીવર્તન સિધ્ધ કરવાનું છે. પ્રગતિના મોજાં હવે અમારા નવલોહીયા જુવાનોમાં ફરી વળ્યા છે- એટલે જરૂર પ્રગતિ સધાશે.

સમાજના અનિષ્ટ બંધનો, અનાચારો, જીવનની સર્વ શક્તિઓને રૂંધી રહ્યા છે. અનિષ્ટ બંધનોને દફનાવવાની જરૂર નથી. એ અનિષ્ટ બંધનોમાં પરિવર્તન જરૂરનું છે.

વિધવાઓના આંતરનાદો ભડભડતી ચિતામાં સમેટાઇ ગયા છે. એની વિશાળ ભાવના અને ઓજસ આજે ગુપ્ત સ્થાનોમાં પડયું છે. સમાજનીં ભીતરોમાં એનાં કલુપીત જીવનો ધરતીપર અશ્રુ સારે છે. એનો કોઇ આરો નથી. ભડભડતી ચિતામાંથી આપણી વિધવા બહેનોને બચાવવાનો એક સાદો અને વ્યવહારૂ ઇલાજ માત્ર એકજ છે કે સમાજના સૂત્રધારોમાં પરીવર્તન લાવો. વિધવાની જીવનદશા જુઓ અને તેના જીવનની હદ બાંધતા શીખો. એક વિધુર પાંચ પાંચ વખત પોતાની પાશવી વૃત્તિ સંતોષવા લગ્ન કરે પણ એક વિધવા બહેનને પોતાના સામાજીક દોષો અને અનિષ્ટ બંધનો દુર કરવા સમાજ મૂંઝવે. આ તે કયાંનો ન્યાય. જીવનની વિશાળ ભાવનાનો અંતજ આવ્યો કહેવાય. વિધવા આજે સમાજની પ્રચંડ બેડીમાં જકડાઇ ગઇ છે. હવે તો એને એમાંથી મૂકિત આપવી એમાં નવલોહીયા યુવકનું સ્વમાન છે. મ્હારી તો દઢ માન્યતા છે કે જેઓ વિધવાવિવાહનાં કાર્યમાં પાછા પડશે તે સ્વમાન ગુમાવશે અને ધર્મ ચુકશેજ.

આવી તો કેટકેટલીયે વિતકકથાઓ અને આંતરકલહો સમાજની ભીતરમાં મોજુદ છે. સમાજના સડા વધતા જાય છે. આજે સમાજ અનીતિ અને પાશવ વૃત્તિઓનો સંગ્રહસ્થાન બન્યો છે. વધતી જતી વિધવાઓની કરૂણ દશાની વાત કરી પણ એ વધારવાના મૂખ્ય બે સંચાલનગૃહો છે. એનો આપણે અંત લાવીશું ત્યારે આપણું કામ ફત્તેહમંદ થશે. એ બે સંચાલનગૃહો બાળલગ્ન અને વૃધ્ધલગ્નના નામથી વિખ્યાત છે. આજે આપણી બહેનો એ સંચાલનગૃહોમાં સંડોવાઇ ગઇ છે. સમાજના સુત્રધારોએ એની સહામે **આંખમીંચામણાં** કર્યાં છે. એ બધું કયારે બંધ થશે કે જ્યારે સમાજના સુત્રધારોમાં પરીવર્તન થશે. સમાજના સુત્રધારોમાં પરીવર્તન થવાની ખાસ આવશ્યકતા છે.

આજ ધાર્મિકતાને નામે ચાલી રહેલા દંભ અને પોકળતામાં હવે પરીવર્તન કરવું પડશે. જુનવાણી સિદ્ધાંતોમાં પરીવર્તન જરૂરનું છે. અમારી વિચારશ્રેણી પરીવર્તનના મોજાં માગે છે. હવે તો હાલની સાધુતામાં અને સમાજમાં પરીવર્તન જરૂર કરવાનું છે...સમાજના સડાઓ દુર કરવા પ્રયત્ન જારી રાખવો જરૂરનો છે.

દફનક્રિયા કોઇકાળે આ સમાજમાં જરૂરની નથી. એકપણ સુધારો કે સંસ્કૃતિ માટે દફનક્રિયા અનઆવશ્યક છે. દફનક્રિયાને બદલે પરીવર્તન કરવાની જરૂર રહેછે. આપણે જો સાધુતાને નામે ચાલી રહેલા દંભ અને પોકળતાનો નાશ કરીશું તો જરૂર અનિષ્ટ પરિણામ નિપજશે અને તેમાંથી જબરી હુતાશનો પ્રગટશે. મુડીવાદી અને મજુરોમાં ચાલી રહેલા ઝઘડાનું આ બધું પરીણામ છે. આપણે મુડીવાદી માનસનો નાશ કરવાનો નથી; પણ એને યોગ્ય રાહે ચલાવી પરીવર્તન કરવાનું છે. જેમ મુડીવાદી માનસમાં પરિવર્તન જરૂરનું છે. તેવુંજ આપણા સુત્રધારોના માનસમાં પરીવર્તન જરૂરનું છે.

સાધુજીવન આજે નિરસ બન્યું છે. ધર્મના નામે ચાલતા ઝઘડા જોઇ અન્યદર્શનીઓ જૈન ધર્મ પ્રત્યે અણગમો દર્શાવે એ ઘણું ખેદયુકતજ ગણાય. ગઇકાલે હમણાંજ એક સાધુએ દિક્ષા આપી. દિક્ષાનો ઉમેદવાર નાસી છૂટયો અને સંસારમાં આવી ભરાયો. બીજોજ દાખલો કોઇ એક સાધુએ કોઇની પણ સમ્મતિ વગર દિક્ષા આપી અને સમાજમાં ખળભળાટ મચાવી મૂકયો. એક સાધુ થાય છે. સાધુજીવન પાળે છે. પણ ઉપાશ્રયની ભીતરમાં જે જે કે એ સાધુને ગુરૂ તરફથી કેવા વર્તન જાણવાના મળે છે. આ બધી અધોગતીની નીશાની છે. હવે તો સમાજમાં સંગઠ્ઠન તેમજ પરીવર્તન જરૂરનું છે. અહિંસાના પુજારી થઇ શુધ્ધ સરબતી મલમલ કે વૉયલ વહોરવા આપણા સાધુઓ તૈયાર થાય છે. એ વહોરાવનારા આપણા સુત્રધારોમાં જાગૃતિ આણવી જરૂરની છે.

પૂ૦ ગાંધીજીના પ્રતાપે આજે જડવાદી અને અંધ-શ્રધ્ધાનું માનસ ખલાસ થયું છે. જડવાદનો નાશ થયો છે. પણ એના રજકણો તો આજે જગતમાં ફરી વળ્યા છે. હવે તો ચેતનવાદ જરૂરનો છે. સમાજમાં ચેતનવાદ લાવવો એ નહાની સુની વાત નથી. પ્રગતિ સાધીએ તો કાંઇ કાંઇ કરી શકીએ.

પરીવર્તન કેટલીય વાતો કરી પણ સૌથી વધારે અગત્યની વસ્તુ સાહિત્યમાં પરીવર્તન કરવાની છે. આપણું સાહિત્ય આજે છિન્ન ભિન્ન દિશાએ પડયું છે. એ પરીવર્તન તો જ્યારે આપણે જૈન સાહિત્ય સભા જેવી કોઇ એકાદ સંસ્થા સ્થાપીશું ત્યારેજ આવી શકશે. એની અંદરથી આપણે સાહિત્યકારો જન્માવીશું અને ધર્મને ઉચ્ચકક્ષાએ પહોંચા-

કેળવણી અને સ્ત્રીઓ.

સમાજ રચના—

વિદ્વાનો કહે છે "સ્ત્રી અને પુરુષ આત્માના બે રૂપ છે." જુદા થયેલા એકત્ર થઇ જાય ત્યારે એ એક અંગ બને છે. આવી અનેક વ્યક્તિઓનો આપણો સમાજ બનેલો છે. જેમ શરીરની દરેક ઇંદ્રીયોનાં કાર્યો જુદા છે તેમ સમાજમાં રહેલી વ્યક્તિઓના કાર્યો જુદાં જુદાં છે. શરીરની ઇંદ્રિયોના કાર્યોની વ્હેંચણી જુદી હોવા છતાં દરેકની કિમ્મત છે તે પ્રમાણે દરેક વ્યક્તિના કાર્યો જુદા હોવા છતાં માનવી તરીકે તે દરેકની કિમ્મત પણ સરખી છે.

કાર્યની વ્હેંચણી—

જગતના મહાવ્યાપારને વ્યવસ્થિત ગોઠવવાની જરૂર પડી હશે ત્યારે કૌટુમ્બિક સંસ્થા રચના કરવામાં આવી હશે. ઉપર કહ્યા પ્રમાણે સ્ત્રી અને પુરુષ બન્ને મળી એકઅંગ જગતમાં ગણાય છે. સંસારમાં તો બન્ને સરખાં છે. પણ વ્યવસ્થાને ખાતર કાર્યની વ્હેંચણી કરવી જ પડે. કાળે પડતાં ભાગમાં સ્ત્રીયોએ કૌટુમ્બિક ફરજ અને ગૃહવ્યવસ્થા પોતાને શીરે લીધી તેથી તે ગૃહરાણી કહેવાઈ, પુરુષોએ કુટુંબનું પોષણ કરવાની જવાબદારી લીધી તેથી કમાવાનું તેમને શીરે આવ્યું આથીજ ગાંધીજી કહે છે "પુરુષ આજીવિકા લાવનાર છે, સ્ત્રી સંગ્રહ કરનાર ને વ્યય કરનાર છે."

કેળવણીનો ભેદ—

કાર્યની દિશા જુદી હોઇ બન્નેની કેળવણીમાં પણ ફેરફાર તો રહેજ. ઓફીસમાં નોકરી કરતા ક્લાર્ક અને ખેતરમાં હળ હાંકતા ખેડુતની કેળવણી સરખી નથી. હોય તો પણ તેમના કાર્ય પ્રમાણે હોય છે. તેજ પ્રમાણે પુરુષોએ કમાવાનું હોઇ તેને વેપારને લગતી કેળવણીની વિશેષ જરૂર રહે છે. સ્ત્રીને ગૃહવ્યવસ્થા જાળવવાની હોઇ ગૃહકારભારને લગતી કેળવણીની વિશેષ જરૂર રહે છે. આનો અર્થ એમ નથી કે સ્ત્રીઓએ તે ઉપરાંત બીજી કેળવણી લેવીજ નહિ, પણ મુખ્ય કેળવણીની જરૂર ઉપર પ્રમાણે છે, તે ઉપરાંત સ્ત્રીપણ વ્યાપારિક કેળવણી લે તો ગુમાવવાનું તો નથીજ પરંતુ મુશ્કેલીના વખતે પોતાના પગ ઉપર ઉભી રહી શકે.

ભારતના કમનશીબે વખત જતાં સ્ત્રી અને પુરુષના કાર્યોની વ્હેંચણી ભુલાઇ ગઇ. સ્ત્રીઓને દબાવવાનાં પુરુષોએ કાયદા ઘડ્યા, જેના પરિણામે ભાગીદારીમાંથી મજુરણ–ઘરકામ કરનારી દાસી,–ભોગ વિલાસનું રમકડું વિગેરેની મનોવૃત્તિ પુરુષોએ કેળવી અને સ્ત્રી એટલે ગુલામડી ગણવા લાગ્યા, અને સમાજની અધોગતિ મંડાઇ.

પ્રાચિન યુગમાં સ્ત્રી કેળવણી માટે પૂરતો અવકાશ હતો. તે વખતે પુત્ર, અને પુત્રીમાં ભેદ નહોતો મનાતો, ઓછી વધતી કિમ્મત નહોતિ, બન્ને સરખાંજ હતા. એટલે પુત્રી અને પુત્રને ગુરુમંદિરે અભ્યાસ કરવા મોકલવામાં આવતાં. શરિર, મન અને બુદ્ધિનો વિકાસ થાય તેવી કેળવણી મળતી.

હર્ષવર્ધનના કાળમાં એટલે સાતમી સદીમાં ભારત કેળવણીમાં અગ્રસ્થાન ભોગવતું. તક્ષશિલા, ઉજ્જયનિ, બનારસ, અને નાલંદામાં જુદા જુદા જ્ઞાન માટે—વિષયો માટે મહા-વિદ્યાલયો હતાં, જેમાં કુમાર અને કુમારીઓને કેળવણી લેવા મોકલવામાં આવતાં. કુમારોને તેના ક્ષેત્રને લાયક અને કુમારીને તેના ક્ષેત્રને લાયક કેળવણી આપવામાં આવતી. આ ઉપરાંત કોઇ કુમારી લડાયક, દરિયાઇ, આકાશી કે વ્યાપારી કેળવણી લેવા ઇચ્છતી તો તેને પણ તે કેળવણી અપાતી. તેમ જો કોઇ કુમાર રાંધણકળા અને ગૃહવ્યવસ્થાની કેળવણી લેવા ઇચ્છતો તો તેને પણ તે કેળવણી અપાતી. આ આપણા ભૂતકાળની કેળવણીના **ઝળહળતા** ઇતિહાસની પૂર્તિ માટે થોડાંક દૃષ્ટાંતો જોઇએ.

ગાર્ગી

ભારતવર્ષમાં ગાર્ગી વિદુષી અને જ્ઞાનવતી સ્ત્રી ગણાય છે. મિથીલાના રાજા જનકની સભામાં બ્રહ્મજ્ઞાનની ચર્ચા માટે સભા ભરાતી. માત્ર પુરુષોજ સામેલ થતા એમ નહી; સ્ત્રીઓને પણ તેવી સભામાં હાજર થવાની અને વાદવિવાદ કરવાની છૂટ હતી. ગાર્ગીએ એવી એક સભામાં યાજ્ઞવલ્ક્ય મુનિને પ્રશ્નો પૂછી તે 'બ્રહ્મજ્ઞ' છે, તેમ આખી સભાને સાબિત કરી આપ્યું હતું. આવી અનેક સભામાં ગાર્ગી જતી અને જે વિષયની ઋષિ મુનિઓ સાથે વાદવિવાદ કરતી, તે વિષયમાં ઋષિઓ કરતાં ગાર્ગીનું જ્ઞાન વધારે સારૂં સાબીત થતું.

મૈત્રેયી

આ સન્નારી યાજ્ઞવલ્ક્ય મુનિનાં પત્નિ હતાં. તેમણે પણ ધાર્મિક અને તત્વજ્ઞાન મેળવ્યું હતું. યાજ્ઞવલ્ક્યે વાનપ્રસ્થા-શ્રમ ગ્રહણ કર્યો ત્યાર પછીનું જીવન મૈત્રેયીએ તત્વજ્ઞાનની ચર્ચામાં અને નિત્ય નિયમિત સાધનામાં પોતાનું જીવન ગાળ્યું હતું. પોતાના પિતા મિત્રમુનિનાં વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે કામ કરીને પોતાના જ્ઞાનનો લાભ બીજાઓને પણ આપ્યો હતો.

સરસ્વતી

શંકરાચાર્ય અને મંડનમિશ્રનો સંવાદ થયો ત્યારે તેનો ન્યાય કરવા માટે સરસ્વતિને (તે મંડનમિશ્રની સ્ત્રી હોવા છતાં) ન્યાયાધિશ બનાવી હતી. તેણે યોગ્ય ન્યાય આપ્યો હતો.

લીલાવતી

ભાસ્કરાચાર્યની એ કન્યા હતી. નાની વયમાં વિધવા થવાથી તેના પિતાએ તેને ગણિત અને જ્યોતિષશાસ્ત્રનું શિક્ષણ આપ્યું હતું. અંકગણિત અને બીજગણિતમાં તેણે ઘણી પ્રવીણતા મેળવી હતી.

અન્ય દેશોની પ્રજા કે જે આજે સુધરેલા અને [illegible]

ડીશું; પછી તાકાત નથી ગૂજરાતના કોઈ લેખકની કે જૈન ધર્મના પાત્રોને ચીરી નાંખે. હવે તો આપણે વિકાસક્રમમાં આગળ વધવાનું છે.

સમાજના અનિષ્ટ બંધનો, વિધવાના આંતરનાદો, સાધુ જીવન, અને સાહિત્ય વિ. ના પરિવર્તનોની વાત કરી પણ એ પરીવર્તન કેમ થઇ શકે એ જરૂરનું છે. જેમ આપણે દરેક બાબતમાં છૂટ મૂકતા જઇએ છીએ તેમતેમ વધારે સ્વચ્છંદતા લેતા જઇએ છીએ. પરીવર્તન માટે આપણે આત્મ બલીદાનની શકિત કેળવવી પડશે. અને એમાં જો કૃતનિશ્ચયી થઇશું તો જરૂર પ્રગતિ સાધીશું. સમાજના સુત્રધારો અને સાધુઓમાં પરીવર્તનની પ્રગતિ જોશભેર વધે એ આશાએ આ મહારો ટુંકો લેખ બંધ કરૂં છું.

સત્તાક રાજ્ય માટે મગરૂબી લે છે. તેઓ જ્યારે પ્રાથમિક અવસ્થામાં હતા ત્યારે આપણા ભારતવર્ષમાં લીચ્છવી રાજ્યે પ્રજાસત્તાક રાજ્ય સ્થાપી તેના પ્રમુખ તરીકે એક સ્ત્રીની પસંદગી કરી હતી. મુસ્લિમોનાં આવવા સાથે અનેક પ્રકારનાં જુલ્મોથી સ્ત્રી રક્ષા માટે બાળલગ્ન, ઓઝલ પડદા, અને ધર્મને નામે સતી થવાના ફરિવાજો હિન્દુ જાતીમાં પેઠા. તેણે સ્ત્રી કેળવણીને રૂંધી—સ્ત્રી પ્રગતીને અટકાવી...સગવડતા ખાતર દાખલ કરેલા રિવાજો હંમેશને માટે રૂઢ બન્યા અને સ્ત્રી કેળવણી બંધ થઇ—નામની પણ ન રહી.

પ્રગતિને પગલે—

રાજા રામમોહન રૉય ઇ. સ. ૧૭૭૨ ના મે માસની ૨૨ મી તારીખે બંગાળ ઇલાકાના રાધાનગર ગામમાં જન્મ્યા હતા. સ્ત્રીઓની આઝાદી માટે પોતાનાં જીવનમાં એ વીર ઝુઝયા. સતી થવાનાં ઘાતકી રીવાજને બંધ કરાવવામાં ફક્ત-તેહમંદ થયા એટલુંજ નહિ પણ સ્ત્રી પ્રગતિ માટે ઝુંબેશ ઉઠાવનાર તે જમાનામાં તે આદ્ય પુરૂષ હતા, ત્યાર બાદ કેશવચન્દ્ર સેન, સ્વામી દયાનન્દ સરસ્વતિ, સ્વામિ વિવેકાનંદ વગેરે સુધારકોએ સ્ત્રી કેળવણી માટે નંખાયેલા બીને સિંચ્યું. વખત જતાં સ્ત્રી પ્રગતિ—સ્ત્રી કેળવણી માટે વધારેને વધારે પ્રયાસો થતા ગયા.

વર્તમાન સ્ત્રી કેળવણીથી થતાં ફાયદા—

મધ્ય યુગમાં સ્ત્રીઓની પડતી અને સામાજીક રીવાજોની રૂઢતાએ ધારેલી જડતાથી જે આપણો પ્રાચીન યુગ ભૂલાઇ ગયો હતો તે બધા માટે **બુઝાએલા આત્મામાં ફરી જ્યોત પ્રકટાવવાનું પગથીયું** આ કેળવણીએ દેખાડયું છે. સ્ત્રીઓ માટે પુરૂષોએ કરેલા નિર્દય કાયદા સામે બળવો કરી પોતાનું સ્થાન લેવાજ હિમ્મત સ્ત્રીઓમાં આવી છે.

અક્ષરજ્ઞાન વધવાથી વાંચન વધે છે, લખતાં વાંચતાં આવડે છે. સ્ત્રીઓ લેખક અને ભાષણકર્ત્તા બની શકે છે. આને અંગે સ્ત્રીઓ રાજકારણમાં અને સમાજજીવનમાં પુરૂષોના જેટલોજ ભાગ લઇ શકે છે. પોતાના વિચારો સ્પષ્ટપણે બહાર રજુ કરી શકે છે. રાજકારણમાં અને સમાજમાં પોતાના હકકની માંગણીનો સામનો કરે છે. દેશ સેવા અને સ્વદેશીની ભાવના જાગૃત થવા લાગી છે.

કોલેજોમાં સહકેળવણી મળે છે તેથી સ્ત્રી પુરૂષનો ભેદભાવ ભૂલી જઇ એક બીજા માટે સમાન ભાવના અને માનવૃત્તિ જાગૃત થાય છે. પુરૂષોથી ખોટી રીતે શરમાવાની ભાવના અને બીક ચાલી જાય છે.

પુત્ર અને પુત્રી વચ્ચેનો ભેદભાવ ભૂલાઇ જાય છે. બન્નેને સરખી કેળવણી આપવાનાં વિચારો ફેલાયાં છે.

ખોટા વ્હેમો, પરનિંદા વિગેરે સ્ત્રીઓમાં ગણાતાં દુષણો ચાલ્યા જાય છે. બાળલગ્ન, વૃધ્ધલગ્ન, રડવા કુટવાના રિવાજો, ન્યાતવરા, અસ્પૃશ્યતા અને ધર્માંધતા, કે જે મધ્યયુગથી પ્રગતિને રૂંધી બેઠા છે તેની સહામે થવાનું બળ પાછું સ્ત્રીઓમાં આવ્યું છે.

કેળવાયેલી સ્ત્રીઓ, વહુ અને પુત્રીને પણ સમાન ગણે છે. તેના પરિણામે વહુ પણ સાસરામાં પીયરના જેટલીજ સ્વતંત્રતા ભોગવી શકે છે.

સ્ત્રી કેળવણીની જરૂર

હજી પણ ઘણે ઠેકાણે "સ્ત્રીઓએ ભણીને શું કરવું છે?" એ પ્રશ્ન સંભળાય છે. ભણવાની જરૂર કમાવા માટેજ છે તેવી માન્યતા લોકમત માનતા આવ્યા છે, અને તે અજ્ઞાનતાજ તેમને આ પ્રશ્ન પૂછવા પ્રેરે છે. અને કહે છે કે સ્ત્રીઓને કયાં કમાવા જવું છે તે વળી ભણવાની જરૂર પડે? જીવનમાં મનુષ્ય તરીકે જીવવા માટે કેળવણીની જરૂર તો જેટલી પુરૂષોને છે તેટલીજ સ્ત્રીને પણ છે.

ઉગતા જમાનાના બાળકો ઇશ્વરે સ્ત્રીને સોંપ્યા છે, તેથી તેને કેળવવા માટે દરેક પ્રકારની કેળવણી સ્ત્રીઓને આપવાની જરૂર છે. બાળકની પ્રથમ શિક્ષિકા માતા છે, એટલેથી અટકવાનું નથી, પણ નિશાળમાં ગયા પછી પણ બાળકોનાં ઘણાં પ્રશ્નોના જવાબની તૈયારી શિક્ષક તરીકે માતામાં હોવી જોઇએ.

સ્ત્રી કેળવણી માટે આજે પણ એ મત છે. ઘણાં એમ પણ કહે છે કે સ્ત્રી કેળવણી અને પુરૂષ કેળવણી એમ ભેદ શાને? સ્ત્રીઓને ગૃહકાર્યના જીવનમાંજ જીવાડવી તે વિચાર સંકુચિત અને એકપક્ષી છે. સ્ત્રીઓને પણ પુરૂષોના જેટલાજ જીવનનાં દરેક ક્ષેત્રને લાયક કેળવણી આપવી જોઇએ. સ્ત્રી સ્વાતંત્ર્ય પણ આર્થિક સ્વતંત્રતાપર વધારે આધાર રાખે છે. સ્ત્રી જો કમાવામાં અશકત હોય તો તે પતિપર આધાર રાખે છે. તેથી પરાધીન બને છે. સ્ત્રી અને પુરૂષનું મિલન સંપૂર્ણ સ્વતંત્રતા અને મિત્રભાવે હોવું જોઇએ. આ પ્રમાણે ઘણાંની દલીલ છે.

જો સ્ત્રી પુરૂષની ભાવનાજ મિત્રભાવે હોય અને એકબીજાને ઉંચા નીચા ન માને ત્યાં સ્ત્રી પરાધીન છે તે ભાવનાજ ન ઉદ્ભવે. જ્યાં આદર્શ ગૃહજીવન જીવાતું હોય ત્યાં એ પ્રશ્નજ ન રહે. સ્ત્રીઓ માત્ર ગૃહકાર્યમાંજ જીવે એ હેતુ તો નજ હોવો જોઇએ. પોતાનું કર્ત્તવ્ય બજાવતાં ફાજલ પડતા વખતમાં બીજા અનેક કાર્યોમાં પણ સ્ત્રીઓ જરૂર ભાગ લઇ શકે.

કોઇ સ્ત્રીનું માનસ કમાવાના ક્ષેત્રની તરફ વળે તો તેને માટે પ્રતિબંધ ન હોવો જોઇએ. હવેના જમાનામાં તો સ્ત્રીઓને સામાજીક અને રાજકિય કાર્યોમાં પણ ભાગ લેવાનો રહે છે. સ્ત્રીઓનાં સાથ વગર સમાજ સુધારા એકલા પુરૂષોથી થવા અસંભવિત છે. તેથી સ્ત્રી અજ્ઞાન હોય તો સાથ આપવામાં નબળી નીવડે. તેજ પ્રમાણે રાજકારણમાં પુરૂષો એકલા કશું કરી શકે નહિ. આ હિસાબે સમાજમાં પોતાના સ્થાનને દીપાવવા માટે સ્ત્રી કેળવણી ઉત્તમ પ્રકારની હોવી જોઇએ.

"મોટીબ્હેન."

જૈનોએ પરદેશી યા મીલના કાપડ કરતાં ખાદીને ઉ-તેજન આપવું જોઇએ, ખાદીથી દેશનો પૈસો જળવાય છે ધાર્મિક આચાર પાળી શકાય છે. અને એની કીંમતનો મોટો ભાગ ગરીબ ભાઇબ્હેનોને અન્નવસ્ત્ર પૂરાં પાડે છે. માટે ગાંધી જયન્તીમાં ખાદી વાપરવાનું ચૂકતા!

૧૮૫૧ માં ભારતવર્ષની વસ્તી લગભગ ૧૮ કરોડ હતી. ૧૯૩૧ માં ૩૧ કરોડ થઇ. અર્થાત્ ૧૮૫૧ થી જોતાં ભારતની વસ્તી ૮૫ વર્ષમાં બમણી થશે.

વસ્તી દર ૨૫ મે વર્ષે બમણી થાય છે, પણ અન્ન વિગેરે ખાવાના પદાર્થોની ઉપજ એટલી ઝડપથી નથી વધતી.

"છોકરીએ ઘસીને કાઢ્યું."

લે.–"સુધાકર"

"……એ તો એમ છે, કે દુનિયા દેખે તેવું બોલે. જગતની કે જીભ ઝલાય છે."

શહેરના મોટા રસ્તાપરથી પસાર થઇ એક વિશાળ પોળના દરવાજા પાસે ઉભી રહી બે વૃદ્ધ સ્ત્રીઓ વાતો કરી રહી છે:

"……અને તારી બ્હેનની પદ્મા એકલીજ કે થોડી આપણી ન્યાતમાં રાંડેલી છે! પણ સૌ રીતે શોભે! એને…"

"તમારૂં કહેવું સાચું છે. હું ક્યાં નથી જાણતી! હું તો રોજ મારી બ્હેનને સારડી માફક સારૂં છું. પણ મારાં બ્હેન બનેવીનું ચાલે છેજ શું? પેલો અમારો નવનીતીઓ મોટો સુધારક થઇ બેઠો છે. તે કોઇનુંય માને ત્યારેને?—શું કહું તમને? મારી બ્હેન તો બિચારી શરમની મારી બારું બહારજ નીકળતી નથી. અને…"

એટલામાં થોડે દુર કોઇ આવતું જણાય છે. ધીમા અવાજે ચાલતી વાત બંધ રહે છે.

"કેમ માસીજી! પ્રતિક્રમણ કરી આવ્યાં" આવનારે પૂછ્યું.

"હા…કોણ કમળા વહુ?…તું અત્યારે ક્યાંથી?"

"મારી બા અમદાવાદથી સાંજની ગાડીએ આવ્યાં છે. તેમને મળવા ગઇ હતી"

"સારૂં કર્યું…અમદાવાદ બધા ખુશીમાં છેને?" એમ પૂછી માસીજી વાત ફેરવે છે;

"કોઇ દહાડો માસીજીની ખબર કાઢવી છે? રસ્તામાં મળ્યા એટલે મોઢાની મીઠાસ બતાવી દીધી! મારી બ્હેનને આઠમ હોય કે ચૌદસ હોય ઘરનો ઉંબરો છોડવો નહિ અને અપાસરાનો ઓટલો ચઢવો નહિ."

બસ, માસીજી આવુંજ બોલશો કે? બારીમાં આવી હોઉં તો મળ્યા વગર કોઇ દિવસ ગઇ છું? અને મારાં સાસુજી તો પદ્મબ્હેન રહ્યા પછી બારું બહાર જાય છેજ ક્યારે?" કમળાવહુએ હસતાં હસતાં પ્રત્યુત્તર વાળ્યો.

"ના, ના, ગાંડી એ તો જરા હું હસું છું. અને તેય તારો સ્વભાવ હું જાણું છું તેથી." એમ કહી માસીજી કમળાવહુને પાસેના ઓટલા તરફ ખેંચી જાય છે. અને—"જરા બેસ તો ખરી પગ દુખશે!" એમ કહી બેસવાનો આગ્રહ કરે છે. કમળા બ્હેનને તેનાં માસીજી ઓટલાપર બેસે છે. એટલે બીજી વૃદ્ધા "બેસો ત્યારે હું જઇશ" એમ કહી ચાલવા માંડે છે. વૃધ્ધા જાય છે એટલે માસીજીની જીભ પણ ચાલવા માંડે છે.

"જોતે, કમળાવહુ! હવે તો મારી બ્હેનના ઘરની આબરૂ તારે હાથ છે; લોકોની જીભે બહુ ચઢવું સારૂં નથી હોં! હવે તો લોકો દહેરેને અપાસરે, જમણવારમાં કે કાણ મહોકાણમાં પદ્મનીજ વાતો કરે છે. મારાથી તો હવે નથી સંભળાતું બ્હેન!" પછી માસીજી જરા રોષમાં આવી જાય છે:

"—એ પદ્મા જો મરી ગઇ હોતને તો મારી બ્હેનને હું મન વાળવાને કે દીકરી હતીજ નહીં. પ્રભુ આ અઢાર વર્ષની દીકરી રાંડી એ તો જીવતા સુધીનો બળાપો. મારાં બ્હેન બ્હનેવી બન્નેને એ "હૈયા સગડી" જોવાની અને બિચારીને દાઝવાનું. અરેરે! એમને દરવા વારોજ ન આવ્યો" માસીજી આંખમાં આવેલું એકાદ આંસુ સાડલાના છેડે લ્હોઇ નાંખે છે: આવતા—ડસકાને પ્રયત્ને પાછું વાળે છે: અને દીલની વાત ચાલુ કરે છે: "ખરૂં કહું?…તમને ખોટું લાગશેજ પણ કમળાવહુ! બધો વાંક મારા ભાણેજનો છે, તે દરેક વાતમાં મોટો સુધારક બની જાય છે. એ બ્હને જરાય ગમતું નથી. પદ્મા તેર વર્ષની થઇ ત્યારેજ મેં ચાર ઠેકાણાં બતાવેલાં પણ એને એકેય ન ગમ્યું. કહી કહીને મારી જીભ કુચો વળી ગઈ પણ નિશાળ ન છોડાવી. અને બ્હેને પરણવાની 'હા' કહી ત્યારેજ સત્તરમે વર્ષે પરણાવી……. પુરૂં વર્ષ પણ પરણ્યે ન થયું ત્યાં રાંડી. સંસારનું સુખ એણે શું દીઠું?……બ્હેન, એ તો પાંચ વરસ સંસાર માંડ્યો હોય તો અત્યારે બે છોકરાંની મા હોય! છોકરાંની આળપંપાળમાંથી નવરીજ ન થાય એટલે તમને પણ આકરૂં ન લાગે, આ તો શું કહું……હવેનો વખત બહુ ખરાબ આવ્યો છે. છોકરી ભણી ગણી છાપાં વાંચે. પુસ્તકો વાંચે, છુટથી હરે ફરે, બોલે ચાલે તેનાં ફળ સારાં નહીંજ આવવાનાં. અને તેય રાંડી દીકરીને આવી છૂટ આપો એતો સત્યાનાશનોજ રસ્તો. બીજું શું?"

માસીજી આટલા બધા પ્રવચન બાદ જરા અટકે છે. છીકણીનો સડાકો મારે છે; અને પાછાં ભાણેજવહુને શીખામણના બે બોલ સંભળાવે છે:

"વહુ! લોકો પાછળ બોલે, મારા જેવીને પેટમાં બળે તે મોઢે કહે. માટે હવે જરા સહમજો તો સારૂં."

"હાસ્તો, જેના પેટપર સાપ પડ્યો હોય તે ઉછાળે" માસીજીના લાંબા પ્રવચનનો જવાબ ઉપલી કહેવતદ્વારા આપી કમળા મૌન રહે છે:

"વાત ખરી છે. પણ—" માસીજીની જીભ પાછી ચાલવા માંડે છે.

"મ્હારૂં કહેવું એમ છે, કે તુ મ્હારા ભાણેજને જરા દુનિયામાં લાવે તો સારૂં. અને એ 'હૈયાસગડી' ઉપર દાબ રાખી તેને જરા ધર્મધ્યાન તરફ વાળે તો સારૂં. આ આપણા કમળાશ્રી જેવાં સ્ત્રી મ્હારી જીંદગીમાં મ્હેં જોયાંજ નથી. જરા હેમની પાસે જાય, આવે હોય કેટલું સારૂં. અને—અને એ કન્યાશાળાની છોકરીઓ નહી ભણે તો પડશે ચૂલામાં. આપણે શું? આપણું નાક ન કપાય તે પહેલું જોવાનું સહમજી!……અમે તો ઘરડાં થયાં. તમે અમને ગણો નહિં પણ જીવ ન રહે એટલે કહી છૂટીએ. અમારૂં કે જોર છે, બા." એમ કહી માસીજી શ્વાસ લે છે. માસીજીના પ્રવચન છેડે વિરામ ચિન્હ ક્યારે મૂકાશે તેની રાહ જોતી કમળા તરતજ ઉભી થાય છે અને માસીજીની રજા લ્યે છે.

"ઠીક ત્યારે માસીજી હું તો જઇશ. બહુ મોડું થયું છે.

"હા, બા, જા." માસીજી પણ ઉભાં થાય છે. કમળા ચાલવા માંડે છે. કશોય સંતોષકારક જવાબ ન આપતાં કમળા ચાલવા માંડે છે, તે જોઇ નિરાશ થયેલાં વૃધ્ધ અને ધર્મી જીભ ગણાતાં માસીજી ઉઠીને ઘર તરફ પ્રથમ પગલું માંડતાં આશ્વાસન અર્થે ઉચ્ચારે છે, "અરિહંત!"

શ્રી પાટણ જૈન મંડળ બોર્ડિંગ અંગે ખુલાસો.

[સેક્રેટરીઓ તરફથી આવેલા પત્રના ખુલાસામાંથી]

તા. ૧–૯–૩૪ ના "જૈન જ્યોતિ"માં "બોર્ડિંગના અસંતોષની ચર્ચા" એ શિર્ષક હેઠળ શ્રાવણ સુદી ૧૪ ના સાંજના ઉપાશ્રયે વ્યાખ્યાન વખતે એક ભાઇ તરફથી જે ચર્ચા ઉપસ્થિત કરવામાં આવી હતી, તેનો હવાલ પ્રગટ કરવામાં આવ્યો છે.

જે ભાઇએ વ્યાખ્યાનમાં ચર્ચા ઉપસ્થિત કરેલી તે ભાઇએ સંસ્થાની વ્યવસ્થા અંગે અમને એક પણ પત્ર લખી કોઇપણ જાતની સૂચનાઓ કે ફરીયાદો કરી નથી, પરંતુ તે ભાઇનો પત્રવ્યવહાર તેમની અંગત બાબતનો હોવાથી પ્રસ્તુત ચર્ચા ઉત્પન્ન કરવામાં તેઓ ખરેખર સંસ્થાનું અહિત કરી રહ્યા છે. સંસ્થાની વ્યવસ્થા અંગે બે પત્રો મુંબઇ આવ્યા બાદ અમે અમારી કાર્યવાહક સમીતિની મીટીંગમાં રજુ કરી યોગ્ય ખુલાસો કર્યો હતો. અને અમારા ખુલાસાથી સંતોષ પામી અમારી કાર્યવાહક સમીતિએ તે બે ભાઇઓને નીચે મુજબ જવાબ આપવા સર્વાનુમતે ઠરાવ કર્યો છે કે "આ બાબતમાં કાર્યવાહકોએ યોગ્ય તપાસ કરી છે; અને તે સંબંધી બોર્ડીંગના સુપ્રીન્ટેન્ડેન્ટને ઘટતી તાકીદ તથા સુચનાઓ આપવામાં આવી છે. જેથી વાકેફ થશો.

આથી એ જોઇ શકાય છે કે સુચનાઓ આપનાર ભાઇઓ તરફથી આ ચર્ચા ઉપસ્થિત કરવામાં આવીજ નથી. પરંતુ એક ત્રીજીજ વ્યક્તિ પોતાના અંગત કારણને અંગે આ ચર્ચા ઉપસ્થિત કરી સંસ્થાદ્વારા સમાજના હિતને નુકશાન કરી રહી છે.

આવી રીતે નિરર્થક ચર્ચાઓ ઉત્પન્ન કરવા કરતાં સંસ્થાના વહીવટ કે વ્યવસ્થા અંગે જે કોઇને કાંઇપણ યોગ્ય ફરીયાદ કે સૂચના કરવાની હોય તે ખુશીથી અમને કરી શકે છે. અને તે અંગે યોગ્ય ને ઘટતું કરવાની અમે અમારી ફરજ સમજીએ છીએ. તો આશા છે કે આવી વજુદ વિનાની ચર્ચાઓ ઉપસ્થિત કરી જનતામાં ગેરસમજ ઉત્પન્ન કરવી એ કોઇપણ સુજ્ઞ જનો માટે શોભાસ્પદ નથી.

અમને દુઃખ થાય છે કે—ગુજરાતમાં ગણી ગાંઠી સંસ્થાઓ પૈકી પાટણના ભુષણ સમાન આ સંસ્થાને ઉતારી પાડવામાં સમાજના હિતને નુકશાન થઇ રહ્યું છે. સમાજના હિત પરત્વે પોતાની સેવા આપતી આવી સંસ્થાઓને પગભર કરવામાંજ પોતાની શક્તિ અને બુદ્ધિનો ખર્ચ કરે, એજ અભ્યર્થના.

શ્રદ્ધા અને બુદ્ધિ.

શંકા એ તો સર્વે દર્શનશાસ્ત્રની માતા છે, શંકા થઇ એટલે જાણો કે દર્શનશાસ્ત્રનાં દ્વાર ઉઘડ્યા. બાકી નરી શ્રદ્ધા એ તો જડતા છે. જેમ નર્યો વિનય–અતિ વિનય ભિરૂતા છે એમ. બુદ્ધિનાં દ્વાર જ્યાં બંધ થાય છે, ત્યાંથીજ શ્રદ્ધાનાં એટલે જડતાના અંધારા ખંડમાં માણસ પગલાં ભરવા માંડે છે. અંધારામાં સર્વ પ્રકારના ભય છે. અજાણ્યા પાણીમાં માત્ર શ્રદ્ધાથી તો કોઇ પગ ન મૂકે. જે પ્રજા નરી શ્રદ્ધા રાખીને પોતાના બુદ્ધિક્ષેત્રનો પ્રદેશ ધર્મગુરૂને, સમાજગુરૂને અને રાજગુરૂને સોંપી સંધ્યાકાળે નિરાંતે સૂએ છે, તે સવારમાં કદી જાગતીજ નથી કે જાગે છે તો પોતાને મરણપથારીએ સૂતેલી જૂએ છે. માટે જ્હેને તેને ઉન્નતિની અપેક્ષા છે તે સૌએ બુદ્ધિ ચલાવવીજ જોઇશે. ભયંકર દેખાતી પણ બુદ્ધિ–પ્રચંડ બુદ્ધિ ચલાવવીજ જોઇશે હિતને કારણે. ભલે તમારૂં આખું શરિર પાણીમાં ડૂબ્યું રહે; પણ માથું તો પાણી ઉપર તારવવું જ જોઇશે; જો તમારે જીવવું હશે તો, નિરંકુશ અનિરૂદ્ધ બુદ્ધિ ચલાવવી જોઇશે. સમાજ તમને બંડખોર કહેશે. પણ સમાજને એ બંડખોરોએજ ધકેલીને આગળ ખસેડ્યો છે, એ વાતની સાખ જગતનો ઇતિહાસ પૂરશે.

x x x x

બુદ્ધિ શંકા ઉઠાવી જ્ઞાનને બળે ધર્મ ઉપર વિજય મેળવે, મહાબળથી તેને ત્યાંથી હડસેલીને જરા દુર કરે ને તે પ્રદેશ ઉપર પોતાનો અધિકાર સ્થાપે. આમ કરતે કરતે બુદ્ધિજ્ઞાન આજે શ્રદ્ધાધર્મને એક સાંકડા પ્રદેશમાં લાવી મૂકાને પોતે વિશાળ પ્રદેશમાં પોતાનું રાજ્ય ચલાવે છે. દિલ્હીની મોગલાઇ જ્યારે ભાગવા લાગી ત્યારે બીજા નાના ગણાતા રાજાઓ, સમ્રાટ ગણાતા મોગલના આસપાસના સર્વે પ્રદેશોને દબાવી બેઠા; મોગલ બાદશાહ પાસે તો પાટનગર દિલ્હી અને તેની આસપાસનો સાંકડોજ પ્રદેશ રહ્યો. આજે ધર્મની પણ એવીજ અવદશા થઇ પડી છે. ઇશ્વર, આત્મા, પૂણ્ય–પાપ, સ્વર્ગ–નરક વગેરે થોડાજ પ્રદેશો તેની પાસે રહ્યા છે; બાકી સમસ્ત વિશ્વની વૈજ્ઞાનિક ઘટનાના સમસ્ત વિષય બુદ્ધિજ્ઞાને પડાવી લીધા છે. ગ્રહણ કયા કારણોથી થાય છે, ભૂગર્ભમાંનાં અમૂક પડ કયારે, કયે ક્રમે અને કયાં કારણોએ બંધાએલાં, જ્વાળામૂખી શાથી ફાટે છે અને ધરતીકંપ શાથી થાય છે, એ પ્રશ્નના ઉત્તરો આપવાનો અધિકાર હવે ધર્મને નથી રહ્યા.

—નરસિંહભાઇ ઇ. પટેલ.

વૈધવ્ય—અનુ. . . પા. ૧૭૮ થી માટે પણ પૂનર્લગ્નની જરૂરીયાત છે." હું કહું છું કે જો આટલીજ ખાતર પૂનર્લગ્ન કરવાને જ્હેનોને ઉત્તેજન આપવાનો વિચાર હોય તો ભલેને આખી કોમ નાશ પામે, પણ વૈધવ્ય પાળતી જ્હેનોને આ માટે પરણવાનું કહી સ્ત્રીજાતિનું હડહડતું અપમાન નજ કરવું જોઇએ. સ્ત્રીજાતિ શુધ્ધ બ્રહ્મચર્ય પાળવા તૈયાર હોય તો દુનિયાનો નાશ પણ ભલે થાય, પુરૂષને કન્યા ન મળે માટે વિધવાએ પરણી લેવું જોઇએ, અને સંતાનોત્પત્તિ કરવીજ જોઇએ? પુરૂષ જાતનું માનસિક અધઃપતન પણ કયાં ઓછું છે? પૂનર્લગ્ન એ પ્રશ્ન જ્હેનોનોજ છે. એમની સ્વેચ્છાજ એ લગ્ન કરે, એમની ઇચ્છાએ વૈધવ્ય પણ ખૂબ અનંદથી ભલે પાળે પૂનર્લગ્ન ઇચ્છતી જ્હેને સમાજ હડધૂત ન કરે એટલુંજ જોવાનું છે.

વિધવાની સ્થીતિ 'સુડી વચ્ચે સોપારી' જેવી છે એ સમાજમાં એ સૂરક્ષિત નથી અને એ નથી ધર્માલયોમાંએ. એક બાજુ વિકારી સમાજ માનવો અને બીજી બાજુ વિકારી વૈરાગીઓ. વિધવાની સ્થીતિ વિધવાએજ સમજવાની જરૂર છે. વિધવાશ્રમો સ્થાપે જેને લગ્ન કરવું હોય તો તે કરવા દે, જેને સમાજની દયાની દેવીઓ બનવું હોય તેને તેમ કરવાની છુટ આપે જૂના ચીલાચોડી નવાની ખોડો દાખલ કરવા દે એવા કોઇ મહાવીર, સ્ત્રીજીવનના દોઝખનો અંત લાવે તો આપણે ગાયાજ કરીએ "**સાતે નર્કે થયાંરે અજવાળાં.**"

નારી જીવનનાં જીવતાં દોઝખની આ લેખમાળા અહીં પૂરી થાય છે. **ડાહ્યાલાલ વી. પટેલ.**

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ "તરૂણ જૈન" ઓફીસમાંથી પ્રગટ કર્યું.

સમિતિના સભ્યોને. Reg.No. B.3220

વાર્ષિક લવાજમ ૧-૮-૦ છુટક નકલ ૧ આનો. | શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર | વર્ષ ૧ લું અંક ૨૦ મો. મંગળવાર તા. ૧૬-૧૦-૩૪
તંત્રીઃ મણીલાલ એમ. શાહ.

સડેલાં કલેવર.

એક પ્રભાતે શરીરે ફોડકી દેખા દે છે. બેદરકારીથી ત્રીજે ચોથે પ્રભાતે એ ગૂમડામાં પરિવર્તન પામેછે. એ પાકે છે, સડે છે, એમાં પરૂ થાય છે અને વેદના વધતી જાય છે.

ડોકટર આવે છે. ગૂમડું જુએ છે. ગૂમડાને સ્પર્શે છે ને દર્દી ચિસો નાખેછે. એની ચામડી એટલી નાજુક બનીગઇ હોય છે કે કાનનો સુંવાળો સ્પર્શ પણ એને સોયા ભોંકતો હોય એટલો જીવલેણ જણાયછે.

એ તરફડીયાં મારેછે, એ રાડો પાડેછે, ચક્ષુ વિંચે છે, એ ગુસ્સે પણ થાયછે- - - પણ ડોકટરનું કાર્ય ચાલુજ રહેછે—એ ગૂમડાપરની ચામડી તિક્ષ્ણ ધારે કાપેછે, દબાવી દબાવી એ પરૂ બહાર કાઢેછે, હંમેશની ટેવથી જરાક કઠોરતાપુર્વક રૂ દાબી એ લુંછેછે, ઉકળતું ગરમ જળ રેડી એ ગૂમડું ધુએછે.

ચીસ, ગુસ્સો, તરફડાટ ડોકટરને સ્પર્શતાં નથી—કારણકે એને એની ફરજ બજાવવાની હોયછે. એની ભાવના વધુ સડાને રોધવાની છે. હૃદયહિન લાગતો હોયે એનો માર્ગ કૃપાનો છે.

ગૂમડાંના દર્દીની દશા કરતાં આપણા સ્થીતિચુસ્તોની દશા સારી નથી. બંધિયાર હવામાં રહી રહીને, એમનાં કલેવર સડવા માંડયાછે. અને જ્યારે સડો લાગે છે, પાકવા આવે છે ત્યારે સાવ સ્વાભાવિક રીતે સુંવાળપ પણ પ્રવેશે છે.

એટલેજ સડા વિકાસના વિરોધક એમને દુશ્મન લાગે છે. બંધિયાર કિલ્લામાં બંધાઇ વિદારી સૂર્ય પ્રકાશને આવકારનાર એમને શ્રધ્ધાહિન લાગેછે. અનાચાર સ્હામે રોષ રેડી વિશુધ્ધિ આદરનાર એમને પાપી લાગેછે. માનવ જીવનના વિકાસને વિચારનાર એમને 'શાસનદ્રોહિ' લાગેછે. બચાવને સારૂં એ તરફડીયાં મારેછે. જોઈ ન શકાય તે સારૂ એ આંખો મિંચે છે, ગુસ્સામાં ભાન ભૂલે છે અને આમ ભાન ભૂલેલા એ ગાળો પણ દે છે. *

એ બંધિયાર કિલ્લાના કેટલાક કોટવાળો પણ છે. એ આજ્ઞા કરે છે, 'જ્યોતિ' પ્રવેશે નહિ માટે ચક્ષુ વિંચો, 'તરૂણ' વેગમાં ખેંચી જાય નહિ માટે શરીર બાંધી રાખો;- - - અને બુધ્ધિના માર્ગ બંધ કરી દો'.†

ચીસ, ગુસ્સો, તરફડાટ ને કકળાટ એ એમના સ્વાભાવિક લક્ષણો છે, એથી ત્રાસીને, એથી કંટાળીને ચાલ્યા જવાનું સુધારક ને લાજમ નથી એમ ચાલ્યા જનાર પર કુદરતનો અભીશાપ ઉતરે. એમ ચાલ્યો જનાર એનો માર્ગ ભૂલ્યો ગણાય.

મક્કમ હાથે વજ્ર હૈયે દર્દિનાં દર્દ એને નિવારવાનાંજ છે. આ સ્થીતિચુસ્તતા મિટાવવાનીજ છે. અંધારે ગોંધાયલા આપણાં બાંધવ-ભગિનીઓને પ્રકાશમાં ફરતાં કરી દેવાનાંજ છે.

પ્રેમની મશાલ, દયાની ઢાલ, અને મક્કમતાની કુહાડી લઇ બંધિયાર કિલ્લાનાં ખુણેખુણાએ એને ઢુંઢી વળવાનું છે. દયાની ઢાલ એને અનિષ્ટ વાકપ્રહારથી રક્ષશે, પ્રેમની મશાલનાં તેજથી ભાનભૂલ્યાં બાંધવોનાં હૃદયને સ્પર્શવાનું સુગમ થશે, અને મક્કમતાની કુહાડી કિલ્લાના કોટવાળોને ડારતી, જંજીરોના બંધનોને કાપતી એનો માર્ગ મોકળો કરશે.

- - - -અને ત્યારે સડેલાં કલેવર પણ સુધરી ગયાં હશે. એ દીન જૈનોના પુનર્જીવનનો હશે.

---

*'વિરશાસન'નાં પાનાં જુઓ.

† ભાઇ રામવિજયે 'જૈન જ્યોતિ' અને એનાં પ્રકાશનો નહિ વાંચવાની કેટલાક ભલાં માનવીને હમણાંજ બાધા દીધી છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)

તરૂણ જૈન.

મંગળવાર, તા. ૧૬-૧૦-૩૪.

સમિતિના સભ્યોને—

જૈન સમાજના ઉપયોગી ખાતાઓમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય અગ્રસ્થાન ભોગવે છે. સમાજને કેળવણીમાં ઉંચે સ્થાને લઇ જવામાં તેની કીમતી સેવાઓ છે. અમને તે સંસ્થામાટે સંપૂર્ણ માન છે અને લાગણી છે. હમણાં એના ધારા ધોરણની કલમ ૧૨ તેમ તેની પૂરતીમાં તા. ૨૭-૫-૧૯૩૪ ના રોજ તેની સામાન્ય સભાએ કરેલ ફેરાવના અમલ અંગે શ્રી. મ. જૈ. વિ. ની કાર્યવાહી સમિતિમાં મતભેદ જાગવાથી સામાન્ય સભા બોલાવી તેનો નિર્ણય કરવાનું નક્કી કર્યું છે. આથી શ્રી. મ. જૈ. વિ. ની સામાન્ય સભાના સભ્યો એ પ્રકરણથી વધુ માહેતી મેળવે અને બંધારણનો અમલ કરવાને પ્રયાસ કરે એ જોવા અમે આતુર છીએ. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ધારા ધોરણની બારમી કલમ આ રહી.

૧ "દશ વર્ષ સુધી દર વર્ષે ઓછામાં ઓછી રૂપીઆ એકાવન ની રકમ આપવાનું વચન આપનાર તે પ્રમાણે આપ્યે જશે ત્યાં સુધી તેને સામાન્ય સમિતિના સભ્ય ગણવામાં આવશે. અને તે પ્રમાણે દશ વર્ષ સુધી સહાય આપી દેનાર આ જીવન સભ્ય ગણાશે."

૨ "આ સંસ્થાના સામાન્ય ભંડોળમાં એક સાથે રૂપીઆ પાંચસે એક અથવા તેથી વધારે રકમની એકી સાથે સહાય કરનાર આ સંસ્થાની સામાન્ય સમિતિના આ જીવન સભ્ય ગણાશે."

તા. ૨૭-૫-૩૪ ના રોજ મળેલી સામાન્ય સભાએ કલમ બાર અંગે ચોખવટ કરનારો ખુલાસો નીચે મુજબ છે:—

"સામાન્ય સમિતિના સભ્ય પોતાના મેંબર તરીકેના હકક પોતાના સંયુક્ત અને અવિભક્ત કુટુંબના કોઇ સભ્યના નામે કરવા જણાવે તો તત્પરત્વે કલમ ૧૨ નો અર્થ શું કરવો તે બાબત રજુ થતાં ચર્ચા અને વિચારણાને અંતે ઠરાવ્યું કે જેના નામે પૈસા ભરવામાં આવ્યા હોય તે જીવે ત્યાં સુધી તે પોતે સભ્ય તરીકેના હકક ભોગવે અથવા જેનું નામ તે લખી મોકલે તે હકક ભોગવે."

ઉપર મુજબ સભ્યને લગતી કલમો વાંચ્યા પછી દરેક સભ્ય કબુલ કરશે કે જેના નામે પૈસા ભરવામાં આવ્યા હોય તે ત્યાં સુધી તે પોતે સભ્ય તરીકેના હકક ભોગવે અથવા જેનું નામ તે લખી મોકલે તે હકક ભોગવે.

પૈસા ભરનાર જીવે ત્યાં સુધીજ સભ્ય તરીકેના હકક ભોગવે એટલે તેણે જેનું નામ લખી મોકલ્યું હોય તે પણ પૈસા ભરનારની હૈયાતી પછી હકક ભોગવી શકેજ નહી એમ સ્પષ્ટ અર્થ થાય છે. છતાં પૈસા ભરનાર સભ્ય ગુજરી જવા છતાં તેમના તરફથી એક ભાઇ વિદ્યાલયની કાર્યવાહી સમિતિમાં પ્રતિનિધી તરીકે બેસેછે. અને જવાબદારી ભર્યો ઓધ્ધો ભોગવે છે તે બરાબર નથી અને નિયમ વિરૂદ્ધ છે. એ મુદ્દાની એક અરજી શ્રી મ. જૈ. વિ. ના એક સભ્ય મુંબઇ જૈન યુવક સંઘે તેના મંત્રીઓની સહીથી મોકલાવેલી. તે અંગે વિચાર કરવા કાર્યવાહી સમિતિ એકઠી થઈ ખૂબ ચર્ચા થઇ. આખરે સામાન્ય સભા ઉપર વાત છોડી છે. અમને નવાઇ તો એજ લાગે છે કે ઉપરોકત કાનુન એટલો સ્પષ્ટ છે છતાં આ મુંઝવણ શા માટે છે? સત્ય કહેતાં સમિતિના સભ્યો—ગભરાય છે? કે એ કલમની ચોખવટમાં મતભેદ છે? ગમે તે હો.

કોઇની શેહમાં કે લાગવગમાં આવ્યા સિવાય ચોખ્ખે-ચોખ્ખું કલમનું પાલન કરવાની અને કરાવવાની જરૂર છે. દુધ દહીંની મનોદશા રાખવાની ટેવ રહેશે, સાચું કહેતાં જીભ થોથવાઇ જશે ત્યાં સુધી આપણી પ્રગતી દુર છે.

ખુશામતીઆઓ. વાતોડીઆઓ ને ખુરસીતોડુઓને ભલે અળખામણા લાગો પરંતુ સાચું કહેવામાં પાછાં ડગ ન ભરતા.

સાવ સાદી સમજ પ્રમાણે પણ સભ્યની કલમનો અર્થ સાવ ચોખ્ખો છે. પૈસા ભરનારની હૈયાતી પછી તેના પ્રતિ-નિધિને સભ્ય તરીકે ચાલુ રહેવાનો અધિકાર રહેતો નથી એટલે એ અધિકારપરથી એમણે ફારેગ થવું જોઇએ—સભ્યોએ એમને ફારેગ કરવા ઘટે.

નોંધ.

લુગડાં ખુંચવી લ્યો.

સાધુસંસ્થામાં પેઠેલા સડા પ્રત્યે સાધુ સંમેલને કરેલ આંખમીંચામણાના પરીણામેજ સાધુઓ ઇચ્છાનુસાર વર્તી શકે છે. ફાવે તેવાં કુકર્મો કરી શકે છે. છતાં વેવલા ભગતો શાસનહેલનાના બ્હાના નીચે તેવાઓને પોષે છે. એટલેજ છડેચોક તેવા નફટો મહાલી શકે છે.

સંવત્સરી જેવા પવિત્ર દિવસની રાત્રીએ પુષ્પવિજય નામનો સાધુ સ્ત્રી સાથે ઝારકર્મ કરે, મુદ્દા પૂરાવા સાથે પકડાય, તેવાજ કુકર્મ માટે પુષ્પવિજય સાથે રહેતો ઉદયસાગર પણ તેવીજ રીતે પકડાય. શ્રાવકો વેશ ખેંચી લેવાની તૈયારી કરે, ત્યારે યોગીરાજ શાન્તિવિજયજી 'શાસનહેલના'ના ઓઠા તળે એવા વ્યભિચારીઓની રક્ષા કરે—બચાવ કરે, એ તો સડાને પોષવા જેવું ગણાય.

સાધુસંસ્થાના સડાએ ગંભીર રૂપ પકડયું છે, તે ઓપરેશન માગે છે. છતાં તે સંસ્થાના મોવડીઓને કશી પડી નથી. જો તેમને શુદ્ધ અને ચારિત્રવાન સાધુસંસ્થાની જરૂર હોય તો જ્યાં જ્યાં સડો હોય એટલે સડેલાઓના વાસ હોય ત્યાંથી તેમને ઉંચકી સડો સાફ કરે અને એને ઉંચકવામાં એના કર્ણધારો મુંઝાતા હોય તો શ્રાવક સમુદાય લગાર પણ દયા દાખવ્યા સિવાય એ લંપટોના લુગડાં ખુંચવીજ લે તેમાંજ સમાજની શોભા છે.

સાગરજી સાવધાન!

સાધુસંસ્થામાં સાગરજી હઠાગ્રહી તરીકે—દુરાગ્રહી તરીકે પ્રખ્યાત છે. કોઇપણ મનુષ્ય સિધ્ધાંતને ખાતર હઠ પકડે

એટલે લગાર પણ નમતું ન આપે તો સમજી શકાય તેવી વાત છે; પણ ચારિત્રનું પતન કરનાર સાથીઓના સાથ માટે હઠાગ્રહી થાય તો એને સાધુ કહેવાય? માથું નમાવાય? આનંદવિજયના સાથ પછી સાગરજીની લીલાઓની જગતમાં બહુ જાહેરાત થઇ. ભક્તોએ અને બીજાઓએ તેનો સાથ છોડવા ઘણી વીનવણીઓ કરી. તે ધ્યાનપર ન લેતાં દસ વર્ષ માટે ગુજરાતમાંથી દેશવટો લીધો. પણ એ ઉખડેલ સાધુની સોબત નજ છોડી. આખરે એજ છુટો પડયો. અને એને પણ વટલાવે તેવો ગુણસાગર નામનો સાધુ સાંપડયો. ગુણસાગરના કુકર્મો જાહેરમાં આવતાં આત્માર્થી સાધુઓ (સાગરજીના શીષ્યો) સાગરજીને છોડી ચાલ્યા ગયા. છતાં સાગરજી ગુણસાગરનો પલ્લો પકડીને કેમ બેઠા છે?

ગુણસાગર માટે કશું કહેવાપણું નથી. તે દરેક રીતે બૂરો છે. તેના પાંચે મહાવ્રત ખંડીત છે. લોફરમાં લોફર સાધુ છે. છતાં સાગરજીને વહુ પેઠે એટલો તો વહાલો છે કે એના નચાવ્યા એ નાચે છે. છતાં મહેસાણાના યુવાનો કેમ નભાવ્યે જાય છે? શું તેઓ આવાં સડેલા સેતાનોને પોષવા માંગે છે? કે એમનેય શાસનહેલનાનું ભૂત વળગ્યું છે?

સાગરજી! પાકે કાંઠે આવી પહોંચ્યા છો. છતાં આવા લોફરોને સાથે રાખી પાછલી જીંદગી શું કરવા ધૂળમાં મેળવો છો? સમજો! નહિં સમજો તો આજનો યુવાન લગારે નહિ નભાવીલ્યે.

તંત્ર સુધારો.

સારાયે જગતમાં કોઇ પણ માનવી પ્રભુ મહાવીરનો ભક્ત બની શકે છે—જૈન બની શકે છે. પરંતુ જ્યારથી વણીક જૈનો અને વણીક સાધુઓના હાથમાં શાસનનું સુકાન આવ્યું ત્યારથી જૈન વાણીયા સિવાય એનાં દ્વાર બંધ થયાં છે. ગમે તેવા અન્ય ઉપાસકો અને ઉપાસિકાઓ હોય તેમાંય હરીજન હોય તો તો મંદિરના દ્વારને એનાથી અડાયજ નહિ. અને અમારા ગૌતમા (?) અવતારો વાણીયાની હાએ હા ભણે જાય. જેના શાસનના એ રખેવાળો કહેવાય છે તેમને એટલુંએ જ્ઞાન નહિ હોય કે પ્રભુના શાસનમાં ભેદભાવ જેવું છેજ નહિ. પણ એજ બિચારા ભેદભાવથી દુખી રહ્યા છે ત્યાં એને આ વિશાળ રાહ શાને સુઝે.

કલોલથી સાત ગાઉ દુર આવેલ ગામની એક હરિજન ભાઇ નામે માણેકભાઇ ત્રણ વર્ષથી દર પર્યુષણે અઠ્ઠાઇ કરે છે. હંમેશાં જૈન મંદિર બહાર ઉભી રહી વિતરાગનું ધ્યાન ધરે છે. ઘેર પણ જિનેશ્વરની છબી રાખે છે. જપ, ધ્યાન અને પૂજામાં મસ્ત રહે છે. અઠમ, અગીઆરસ નિયમિત ઉપવાસ કરે છે, ખાવાપીવામાં જૈન તરીકેના આચાર પાળે છે. એટલે જૈનજ કહેવાય છતાં જિનેશ્વરના મંદિરમાં દર્શને જવાની છુટ નહિ. આવી આપણી વર્તણુંકથી અન્ય કુટુંબો જૈન ધર્મ પાળતા બંધ થયાં છે. અરે કોઇ પોતાની સમાજમાંથી છુટા પડી જૈન સંઘમાં તેમ જ્ઞાતિઓમાં ભળવા આવ્યા છે ત્યારે તે વાડાઓના અગ્રણીઓએ ના પાડયાના અનેક દાખલાઓ જડશે. આથી તેઓને નછુટકે વિતરાગનો ધર્મ છોડી એની સમાજમાં ભળવું પડયું છે. સમાજની આ ભયંકર સ્થીતિ ઉભી કરવામાં સાધુશાહી અને પટેલશાહી જવાબદાર છે. એની સહામે મોરચા બાંધ્યા વિના આ સડેલ તંત્ર સુધરવું કઠીન છે.

ઇન્સાફ આપો.

સુથરી સંઘની પટેલશાહીએ એની સત્તાની હદ કુદાવી છે. એને એની સત્તાનો કેફ ચડયો છે એટલે એનો દુરૂપયોગ કરી સુથરી સંઘને કલંકીત કરી રહી છે. એટલે યુવાનોએ વેળાસર ચેતી જવાની જરૂર છે.

એક જૈન બંધુ હરિજન બાળકોને જ્ઞાન રૂપી પરબનું પાન કરાવે, હરિજનોની સેવા કરે એ જોઇ એ સંઘના મોવડીયોના નાકના ટેરવાં ચડી જાય છે. અરે! ધર્મ રસાતાળ જતો દેખે છે. એટલે એ બંધુ-ભાઇ ખંડોળને મંદિરમાં આવતા અટકાવે છે. અને તે, વિતરાગના દર્શનનો આગ્રહ કરે છે તો ગુંડાઓની પેઠે તેના ઉપર લાકીઓની પીટ પડે છે. તે પણ જનસમાજના કલ્યાણ રૂપ અરીહંત દેવની મૂર્તિના દ્વારે!

આજ ત્રણ ત્રણ વર્ષથી ભાઇ ખંડોળને મંદિરમાં દાખલ થવા દેવામાં નથી આવતા જ્યારે જેઓ દારૂ પીએ છે, વેશ્યાવાડે ભટકે છે, વિધવાઓનાં શિયળ લૂંટે છે, ગર્ભપાત કરાવે છે, અને ન કરવાનાં હિણાં કૃત્યો કરે છે તેવાઓ મંદિરમાં મોજથી જઇ શકે છે. તેની કોઈ રૂકાવટ કરી શકતું નથી—કરવાની કોઇની તાકાત નથી. ત્યારે હરીજન બાળકોની સેવા કરનાર ભાઇની સામે વીસમી સદીમાં એ સંઘના મોવડીઓ ઔરંગઝેબી ચલાવે એ એ સંઘના યુવાનોને કાળી ટીલી સમાન નથી?

ત્રણ ત્રણ વર્ષથી ભાઇ ખંડોલને જે ગેરઇન્સાફ થઇ રહ્યો છે તે ઇન્સાફ અપાવવા. સુથરીના યુવાનોએ ભાઇ ખંડોલના પડખે ઉભવુંજ જોઇએ.

છેવટે એ સંઘના મોવડીઓને કહીએ છીએ કે આ તમારી મુર્ખાઇભરેલી વર્તણુંક છોડી દઇ ભાઇ ખંડોલને ઇન્સાફ આપો. અને એમને માટે સુથરી જૈન મંદિરના દ્વાર ખોલો. એમાં તમારી અને તમારા સંઘની શોભા છે.

શરમકથા—અનુ. . . . . પા. ૧૬૦ થી.

કેટલાકો મૌન રહ્યા. અરે! એવાઓએ વાત દાબી દેવા ખૂબ પ્રયત્નો કર્યા. આખરે પણ વાત વાયરાની માફક હદ ઉપરાંતની વધી ગઇ અને સુરીજીને! મરૂભૂમિની કમાણી છોડી પાછું ગુજરાતમાં આવવું પડયું. ઘણા વખતે કનકપુરમાં પધારતા હોઇ જબ્બર સામૈયું થયું. મહારાજશ્રીએ બબ્બે વર્ષે ચોમાસાં બદલવાનો નિયમ કર્યો. યેન કેન પ્રકારે શાસનની ધ્વજા ફરકાવવાનું બીડું ઝડપ્યું. ધર્મના ઓઠા તળે ખર્ચ મળી રહેવા લાગ્યું. જો કે કેટલાક ચોક્કસ કામો માટે યા ખાનગી જરૂરીયાતો માટે કોઇકવાર પેલી રકમમાંથી થોડીક નછુટકે મંગાવવાનું રાખ્યું હતું. આમ થોડા વર્ષ ચાલ્યું ત્યાં તો જેના ઘેર રકમ જમા કરાવી હતી તેની દાનત બગડી અને એણે મહારાજશ્રીને રકમ માટે ના પાડી. તે ઉપરથી કહેવા લાગ્યો કે પૈસા શાના? અને વાત શી! સુરીજીએ અનેક તરકીબો અજમાવી જોઇ એમાં ન ફાવ્યા. શ્રદ્ધાવાળા માણસોદ્વારા ધાર્મિક પૈસા ન રખાય એ તો ઘરમાદા રકમ છે વિગેરે વિગેરે વાતોનાં કહેણ મોકલ્યા પણ પેલા બિરાદરે દાદ નજ આપી. અને વધુમાં કહેવા લાગ્યો કે મહારાજ જો વધારે ગરબડ કરશે તો આખેયે ઇતિહાસ જૈનોની જાણમાં મૂકી દઇશ! સુરીજીને પણ આબરૂ માટે ફરજીયાત મૌન સેવવું પડયું અને દોલતની મુસીબતો વેઠી એકઠા કરેલા ગંજ પલકારાની માફક હતા ન હતા થઇ ગયા. આમ સુરીજીની મનની મુરાદો મનમાંજ રહી જવા પામી. કારણ કે આવી શરમકથા કોને કહેવી. એ મુંઝવણ સાલે છે.

"છોકરીએ ઘર સીને કાપ્યું."

લે. 'સુધાકર.'

[ગતાંક પાને ૧૮૩ થી ચાલુ]

નવનીતલાલ કેળવણી ખાતાના મુખ્ય અધિકારી હતા. વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી ચૂકેલાં તેમના માતા પીતા પુત્રની છાયા નીચે સંતોષથી જીવન વ્યતિત કરતાં હતાં કારણ કે 'કમળાવહુ' નવનીતલાલની ધર્મપત્નિ—એ પરણીને સાસરે આવતાંજ પિયેરમાં મળેલા ઉચ્ચસંસ્કાર, કેળવણી, અને સ્વ-બુધ્ધિથી ઘરનો બધો ભાર ઉપાડી લીધો હતો. નવનીતલાલની નાની બ્હેન પદ્મા હાઇસ્કુલમાં ભણતી હતી. કમળાવહુના સંતોષકારક કારભારથી ઘરમાં સંપ અને શાન્તિનું સામ્રાજ્ય હતું.

x x x

નવનીતલાલે પોતાની બ્હેન પદ્માને કેળવણી આપવામાં ખૂબ કાળજી રાખી હતી, પદ્માએ હાઇસ્કુલમાં અંગ્રેજી છઠું ધોરણ પાસ કર્યાબાદ સગાંવ્હાલાની ટોકણી, વૃધ્ધ માતાપિતાનો અતી આગ્રહ અને અન્ય લોકોની નિન્દાથી અકળાઇ—પદ્માની ઇચ્છા મેટ્રીક પાસ કરી કોલેજમાં જવાની હોવા છતાં—અનિ-ચ્છાએ મદનલાલે તેનું લગ્ન પોતાનીજ જ્ઞાતિના મુંબઇમાં ધંધાર્થે વસતા એક શ્રીમંતના પુત્ર સાથે કર્યું. પદ્માનો પતિ ભણેલો ગણેલો અને પિતાના ધંધામાં પારંગત હતો. પરંતુ ઘણા પ્રસંગોમાં બને છે તેમ શ્રીમંતાઇ સાથેજ જન્મેલા કેટલાક દુર્ગુણોથી તેનું જીવન મુકત ન હતું. અને એ દુર્ગુણોના પ્રતાપેજ કોઇ છુપા રોગ શત્રુએ તેના દેહ—કિલ્લાનો કબજો મેળવેલો છે એ હકીકતથી નવનીતલાલ અજાણ હતો.

પદ્મા પરણી સાસરે ગઇ. સ્વામીના સહવાસમાં આવતાં પ્રકાર પદ્મા કેટલીક વાતો પામી ગઇ. તેના હૃદયને આઘાત લાગ્યો. 'હવે શું કરવું?' એ વિચારમાંને વિચારમાં છએક માસ વિતી ગયા. પદ્મા પિયેરમાં પાછી આવી. એકાદ મહીનો રહી પાછી મુંબઇ ગઇ. અને ત્રણેક મહિના વીત્યા ત્યાં પદ્માનો પતિ પરલોક સીધાવ્યો પદ્મા વિધવા બની. આખું કુટુંબ શોકમાં ડૂબ્યું.

થોડો સમય વિત્યાબાદ નવનીતલાલ પદ્માને દિલાસો આપવા અને જો તેના શ્વસુર પક્ષના માણસો રજા આપે તો પદ્માને તેડી લાવવા મુંબઇ ગયા. થોડા દિવસ રહી પદ્માને તેડી ઘેર આવ્યા.

પદ્માને વિધવા બન્યે છ એક માસ વિત્યા. તેનું દુઃખ કૈંક વિસારે પડયું. એટલે નવનીતલાલે તેનો અધુરો અભ્યાસ ઘેર ચાલુ કરાવ્યો. પદ્માનું ચિત્ત જ્ઞાનની ઉપાસનામાં લાગવાથી તેને પણ કૈંક શાન્તિમળી. એકાદ વર્ષ આમ અભ્યાસ કરાવી શહેરની કન્યાશાળામાં હેડ મિસ્ટ્રેસની જગ્યા ખાલી પડતાં પોતાની લાગવગથી નવનીતલાલે તે જગ્યાએ પદ્માને નિયુકત કરાવી.

પદ્મા નિયમસર કન્યાશાળામાં જતી આવતી. પોતાના હોદ્દાની રૂએ જેટલી છુટ તેને અન્યની સાથે લેવી પડે તેટલી તે લેતી. સાદાં સફેદ વસ્ત્રોમાં ફરતી પદ્માનો નિર્મળ જીવન પ્રવાહ અખંડિત વહ્યે જતો હતો.

x x x

પદ્મા કમાય તોજ તેની જીંદગી નભે એમ તો હતુંજ નહિ. પણ નવનીતલાલે એ મુદ્દા ધ્યાનમાં રાખી પદ્માને આ માર્ગે દોરી હતી. પ્રથમ મુદ્દો: વિધવા જો મરજીઆત વૈધવ્ય પાળવાંજ માંગતી હોયતો તેને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવીજ જોઇએ. બીજો મુદ્દો: પોતાને પ્રિય એવી પ્રવૃત્તિમાં જીવન સમર્પણ કરવું એપણ જીવનને નિર્મળ રાખવાનો એક માર્ગ છે. અલબત એમાં પણ ભયસ્થાનો રહેલાં છે. એ તેની ધ્યાન બ્હાર નહતું. પરંતુ તેને પદ્માના નૈતિક જીવનમાં વિશ્વાસ હતો.

નવનીતલાલ આમ નિર્ભય હતો. પણ લોક અભિપ્રાય નિર્ભય ન હતો. પદ્માની પ્રત્યેક પ્રવૃત્તિમાં, પ્રત્યેક હલન્ ચલનૂમાં તેને શંકા આવવા લાગી. અલબત્ ચાલી આવતી રૂઢીના ચિલામાંથી માર્ગ બદલનારને જગતની ટીકાને પાત્ર થવુંજ પડે છે. પરંતુ આ કિસ્સામાં તો પુરૂષ જાતની વિષ દૃષ્ટિએ તેમાં કલંક શોધી કાઢયું. અને પદ્માની વાતો ચાલવા માંડી. પ્રથમ નજીવી લાગતી વાતો નિંદા પુરાણમાં ફેરવાઇ ગઇ. અને જ્યાંને ત્યાં પદ્મા ચર્ચાનો વિષય થઇ પડી. નવનીતલાલ અને તેના કુટુંબ કરતાં તેનાં સગાં વ્હાલાં અને ન્યાતીલાઓને કયારેક 'નાક કપાવા' નો ભય લાગવા માંડયો અને એ બીકને લીધેજ તેઓ પદ્માની આટલી ચિંતા રાખે છે એમ છડે ચોક કહેતા? પોતાનાંજ પાપ પરખી ન શકનાર બીજાને ઉપદેશ આપનારા પરોપકારી પંડિતોનો હતભાગ્ય હિન્દુ સંસારમાં કયારેય કયાં તોટો પડયો છે?

આ નિંદાપુરાણ પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બન્ને રીતે પદ્માના જાણવામાં આવી ગયું. તે અકળાઇ, મુંઝાઇ, ઘડીભર શરમની મારી ઘરના ખૂણે પેસવા પણ તૈયાર થઈ, પણ નવનીત લાલના પ્રોત્સાહન અને પ્રેરણાને બળે પદ્મા અણનમ રહી.

પદ્માના શ્વસુરપક્ષમાં સાસુ, સસરા, એક વિધુર જેઠ અને એક નણંદ એટલાં હતાં. પદ્મા રાંડયા પછી તેને સાસરે મોકલવાનો પ્રયત્ન થયેલો પણ પરણતાંજ પોતાના પુત્રને ભરખી જનાર ચૂડેલને સંઘરવા શ્વસુર પક્ષ તૈયાર ન હતો. એટલે લાચારીએ પદ્માએ ભાઇનું શરણ સ્વીકાર્યું હતું. પણ પદ્માના જેઠ એવા નિર્માલ્ય ન હતા કે તેઓ લોક નિન્દાનો ચઢતો જુવાળ જોઇ રહે! તેમણે આડકતરી રીતે બીજાઓ મારફતે મોટાની નોટીસો પણ મોકલાવી હતી. છેલ્લે વાત વધી પડતાં એક પ્રસંગે મુંબઇથી આવેલાં ત્યારે જાતે આવી નવનીતને એમ પણ કહી ગયેલા કે—"જો તમે કાયમ ન રાખી શકતા હોય તો મોકલી દ્યો મારે ત્યાં.....અને હવેથી જો સીધી નહી ચાલે તો હું જેઠ છું પણ કાંહુ ઝાલીને ઘસડી જવાતો એ ખચીત માનજો!"

નવનીતલાલે આ ધમકીને ન ગણકારી, અને છેલ્લે ઉપાશ્રયને ઓટલે પ્રતિક્રમણ કર્યા બાદ નિત્ય ભરાતી સ્ત્રી પાર્લામેન્ટમાં કેટલાય દિવસથી ચાલતી ચર્ચાથી અકળાએલાં પદ્માના માસીબાને અચાનક કમળા—નવનીતની વહુ—રસ્તામાં મળી ગઇ. અને તેમણે પોતાનો ઉભરો ઠાલવ્યો.

અપૂર્ણ.

पीछेसें चली आती हे.

એક વખત બાદશાહ પોતાના અમીરો અને બીજાઓ સાથે મસ્જીદમાં નીચા નમીને નમાજ પઢતા હતા તે વખતે છેલ્લો જે માણસ હતો તેની આગળી આગલા માણસના કુલાને અડી ગઇ એટલે બીજાએ જાણ્યું કે આ પણ નમાજની ક્રીયા હશે. બીજાએ ત્રીજાને અડાડી ત્રીજાએ ચોથાને એમ છેવટ બાદશાહને જ્યારે અડાડી ત્યારે બાદશાહે વજીરને પૂછ્યું "ये क्या?" વજીરે તેની પાછળના માણસને પૂછ્યું એટલે તેણે કહ્યું કે पीछेसें चली आती हे. છેવટ જ્યારે એનો નિર્ણય થયો ત્યારે ખાત્રી થઇ કે છેલ્લા માણસની આંગળી અકસ્માત ભૂલમાં અડી ગયેલી.

આવી રીતે ગતાનુગતિકત્વ કેટલુંક ધર્મોમાં દાખલ થઇ ગયું છે. જ્યારે પૂછીએ છીએ કે આ શા હેતુથી કરવામાં આવે છે અને આમ કરવાનું કયા શાસ્ત્રમાં લખ્યું છે ત્યારે તેના ઉત્તરમાં કહે છે "એતો પરંપરા છે. ઘણાકાળથી એમ કરતા આવ્યા છે માટે કરીએ છીએ." એ ઉત્તર દેવામાં આવે છે. ઘણીવાર કેટલીક પ્રવૃત્તિ કેટલાક સ્વાર્થીઓએ ચલાવેલી હોય છે અને કેટલીક પ્રવૃત્તિમાં બીજાનું અનુકરણ હોય છે પણ વર્તમાન કાળમાં તેની જરૂર છે કે નહિ તેનો વિચાર કરવામાં આવતો નથી.

જૈન ધર્મનું કોઇ નાટક કરે કે વેષકાઢે તો તેને આપણે આપણા ધર્મનું અપમાન માનીએ છીએ પણ આપણે પોતેજ તેવાં અનેક નાટકો કરી રહ્યા છીએ, તેને આપણે ધર્મ માનીએ છીએ, દાખલા તરીકે કેટલીક બાઇઓ ચંદનબાળાનું અકૃમ કરે છે અને પગમાં હાથમાં સૂતરની અને રેશમની આંટીનાખ્મી પગમાં બેડી અને હાથમાં હાથકડી પહેરવાનો દેખાવ કરે છે. વળી સૂપડામાં અડદના બાકુલા લઇ એક પગ ઉંબરામાં અને એક ઉંબરા બહાર રાખીને ઉભી રહે છે. સાધુ મહારાજ વહોરવા આવે છે, તેને મહાવીર માની બાકુલા વહોરાવે છે સાથે સાથે રૂપાનાણું પણ વહોરાવી દે છે. આ ચંદનબાળાનું નાટક નહિ તો બીજુ શું? કયાં ચંદનબાળા અને કયાં આજની અકૃમ કરનારી નારીઓ. કયાં પ્રભુ મહાવીર અને કયાં આજના સાધુઓ, છતાં એક વાત અધુરી રહી જાય છે, ચંદનબાળાનું મસ્તક મુંડેલું છતાં આજની ચંદનબાળાઓ માથું મુંડાવતી નથી. આ નાટકની શરૂઆત યતીઓથી થયેલી, કેમકે રૂપાનાણું અને હાથ પગની આંટીઓ યતીઓ લઇ જતા પણ તે રૂઢિ હાલ પણ તેવીને તેવી ચાલી રહી છે. અને વર્તમાન કાળના ગુરૂઓ તેને ચલાવી રહ્યા છે. જ્યારે પૂછીએ છીએ ત્યારે કહે છે કે पीछेसे चली आती हे. ચંદનબાળાનું અકૃમ કરો કે પારણે અડદના બાકળા સૂપાત્રે વહોરાવી પારણું કરો તેમાં વાંધો નથી પણ સૂપડામાં બાકળા રાખવા, હાથ પગમાં આંટીઓ મારવી, ઉંબરામાં ઉભું રહેવું, આ બધા ઢોંગનો અવશ્ય ત્યાગ થવોજ જોઇએ. આ રીતે હેતુ પુરસ્સર પણ નથી તેમ શાસ્ત્રસંમત પણ નથી.

પ્રભુની પૂજા એકવીસ પ્રકારી સત્તર પ્રકારી અને અષ્ટપ્રકારી છે. બાકી દરેક પૂજાઓનો સમાવેશ આ ત્રણ પ્રકારમાં થઇ જાય છે. સત્તર ભેદી પૂજામાં અને એકવીશ પ્રકારી પૂજામાં આભરણ પૂજા છે એટલે પ્રભુને તે પૂજા વખતે આભરણ પહેરાવવાં જોઇએ, એ સિવાય અલંકાર પહેરાવવાનું કોઇ પૂજામાં નથી. ફકત રાજ્યાભિષેકની ભાવના કોઇને ભાવવી હોયતો તેટલા કાળ પૂરતાં મુકુટ, કુંડળાદિ પહેરાવવાં જોઇએ પણ જે કેટલોક વખત થયા મુકુટ, કુંડળ બાજુબંધ, કડા, કંદોરા વિગેરે અલંકારો ચોવીસે ચોવીસ કલાક પ્રભુના શરીર પર રહેછે એ કોઇરીતે શાસ્ત્ર સંમત કે યુકિત યુકત નથી. માત્ર ચૈત્ય વાસીઓએ ચલાવેલી પદ્ધતિનું, આ અનુકરણ છે. કેટલાંક અનુકરણ વૈષ્ણવ સંપ્રદાયનાં પણ દાખલ થઇ ગયાં છે. હાલમાં તો જર્કીટ, કોટ, પાટલુન, ઘડીયાળો રાખવા સુધીની આંગીની રચનાઓ થવા માંડીછે. એ વીતરાગની પ્રતિમાને અણછાજતું છે. મુકુટ, કુંડળ રૂપાના, સોનાના અને છેવટ હીરા માણેકનાં પણ પહેરાવવાનો રિવાજ કેટલોક સમય થયા શરૂ થયો છે અને આ રિવાજને આચાર્ય, પન્યાસો, ઉપાધ્યાયો અને સાધુઓ ઉત્તેજન આપી રહ્યા છે. પણ એઓનેજ જ્યારે પૂછીએ છીએ કે મુકુટ, કુંડળ, હાંસળી, બાજુબંધ, કડાં કંદોરા ચોવીસે ચોવીસ કલાક જિન પ્રતિમાના શરીર ઉપર રહે છે તેનું શું કારણ? આ કઇ જાતની પૂજા સમજવી અને આનાથી કઇ જાતની ભાવના ભાવવી? અને આ રિવાજ કયારથી શરૂ થયો છે? તેની જરૂરિયાત ખરી કે? વગેરે પ્રશ્નોના ઉત્તર કોઇ આપતું નથી. દિગંબરીઓએ તદ્દન નગ્ન રાખ્યા ત્યારે શ્વેતાંબરીઓએ દાગીનાંથી પ્રતિમાનું શરીર ભરી દીધું. આ તો હિંદુઓએ ચોટલી રાખી ત્યારે મુસલમાનોએ દાઢી રાખી તેના જેવું છે, એનું પરિણામ એ આવ્યું છે કે ઠેકાણે ઠેકાણે જૈન દેરાસરોમાંથી ચોરી થયાના સમાચારો જાહેરમાં આવતાં જાય છે. આ અત્યાચાર આટલાથી અટકવાનો નથી. ચોરીને તમો ચોકીદાર રાખી અટકાવી શકશો પણ એક દિવસ ધનની લાલચે દેહેરા સરો ઉપર ધાડું પડશે અને પરિણામે ખૂન ખરાબી થશે. માટે અગાઉથી ચેતી જઇ જૈનો પ્રભુ પ્રતિમાને વિતરાગ દશામાં રાખતાં શીખે તો વધારે સારૂં. અલંકારો પહેરાવવાનો રિવાજ બંધ કરવો જોઇએ, કેમકે આ રિવાજ અમોને સહેતુક લાગતો નથી પણ પીછેસે चली आती જેવો છે. પૂર્વ કાળમાં ઘણા જૈન દહેરાસરો જંગલમાં, વન ખંડોમાં હતાં. જેનાં દ્વાર સદા ઉઘાડા રહેતા હતા. તેવા દાખલાઓ અનેક રાસોમાંથી મળી આવે છે. વીરવિજયજી મહારાજની કરેલી પંચ કલ્યાણકની પૂજામાં કહ્યું છે કે "રાણી સાથ વસંતમાં વનભીતર પેઠે" પ્રાસાદ સુંદર દેખ કે "ઉંહા જાકર બેઠે" રાજેમતી કું છોડ કે "નેમસંયમ લીના". ચિન્તામણ જિન જોવતાં "વૈરાગ્યે ભીના."

અપૂર્ણ.

—"समय धर्म"માંથી.

ભગવાન! યુદ્ધ કેવી ભયંકર વિપત્તિ છે? અને સમય સમય પર કેમ ફાટી નીકળે છે? ૧૫૦ લાખ (દોઢ કરોડ) સેના યુરોપીય મહાયુદ્ધમાં શા માટે એકત્રિત થઇ? દરરોજ ૧૮ કરોડ રૂપીયાનો ખર્ચ કેટલા સમય સુધી અને શા માટે સ્વાહા કરવામાં આવ્યો? આ વીસમી સદીમાં જેવી લોહીની નદીઓ વહેવડાવવામાં આવી તેવી તો સિકન્દર, તૈમુર, જંગીસ, ઝર્કસીસ, હનીબલ, સીઝર, સુલાદીન અને નેપોલીયન વગેરેએ મળીને પણ નથી વહેવડાવી.!

શરમકથા.

(કલ્પનાના રંગે રંગાયેલી છતાં આ કથની વાંચક મિત્રોને રહેજે બની ગયા જેવી લાગ્યા વિના નહિ રહે....**લેખક.**)

સુરીજી મુખ્યત્વે ગુજરાતના શહેરોમાંજ ચોમાસા કરતા, એઓ મોટા શહેરોમાં રહેવાનું એટલા માટે પસંદ કરતા કે ત્યાં દુઃખથી, દેવાથી, રોગથી કચડાયેલાઓ તેમજ જીવનભર બ્રહ્મચારી રહેવા સરજાયેલા આત્માઓમાંથી સહેજે મુંડવા માટે મળી રહેતા. આમ એઓ શ્રીમાનને ધીમે ધીમે પચીસ શિષ્યોનું ઝુંડ મળી ગયું હતું. આ પચીસમાં અપવાદજનક આત્માર્થે દીક્ષા લીધેલ શિષ્યો પણ હતા. આજ લગી ચોમાસા અંગે સુરીજીનો જ્યાં પડાવ નંખાતો ત્યાંના શ્રાવકો એમની જરૂરીઆતો શક્ય રીતે પુરી પાડતા. પણ કેટલાક વિલાસી ચેલકાઓને થોકબંધ ટપાલ લખવાનું, પેનો, કેમેરા, ઘડીઆળો, નવનવી ફેશનનાં ચશ્માંઓ; મુલાયમ ઉન, રેશમનાં વસ્ત્રો વિગેરે પૂરતા પ્રમાણમાં નહોતાં મળી શકતાં, વળી સુરીજીને પણ ઘણી વખત હેન્ડબીલોના જવાબો આપવાના ખર્ચની તકલીફ રહેતી. ઉપરાંત છાપું કાઢવાની ખાસ આ કળજુગમાં જરૂરત લાગતી એટલે ન છૂટકે મરૂભૂમિમાં વિચરવા વિચાર એઓશ્રીએ નિર્ણીત કર્યો. સમુદાયની સગવડોને પહોંચી વળવાની તયારી માટે સૌએ હિમ્મતભેર પુલકાં ને ઓસામણના રસવંતા સ્વાદ છોડયાં અને જાડી રોટી, દાળ અણગમતા મને સ્વીકારવાનું સાહસ ખેડયું હતું. મરૂદેશમાં પાંચેક વર્ષ રહ્યા વિના ધ્યેયસિદ્ધિ સરે તેમ નહોતું. પહેલું ચોમાસું સંતપુરમાં થયું. અહિંના સોળા ભદ્રીક જીવો ઘણા વર્ષે મુનીરાજોનાં પગલાં પોતાના ગામમાં થવાથી હર્ષઘેલા બની ગયાં હતાં. એટલુંજ નહિ, પણ મુનીઓનો પડયો બોલ ઝીલતા; ધર્મના નામે મરી ફીટતા. બોલી, ઉછાણી, નોકારસી, ઉત્સવ, ઉજમણાં વિગેરેમાં શક્તિ ઉપરાંત ધનવ્યય કરતા હતા અને આથી શ્રધ્ધાળુઓમાં ચોથો આરો વરતી રહ્યાનું મોલાઇ રહ્યું હતું.

વ્યાજ વટાવના ધંધામાં હદ ઉપરાંતની કરકસરથી એકઠી થયેલી લક્ષ્મીની છોળ સુરીજીના શબ્દોપર આમ ઉડી રહી હતી. ગામના પરદેશ ધંધાર્થે રહેનારાઓના છોકરાઓ ઠીકઠીક ભણ્યા હતા બહારના જગતનો પવન એમણે ઝીલ્યો હતો. તેઓ ઘણી વખત કહેતા કે આ મહારાજ ગામમાં આવી ભોળવી જાય છે નકામી ઉડાવગીરી કરી ધર્મના નામે જનતાને છેતરે છે એના કરતાં કોઇ એકાદ બોર્ડીંગ, સ્કુલ જેવી સંસ્થા માટે રકમો કઢાવી મરૂભૂમિના બાળકોને વિદ્યાદાન અપાવે તો! ધીમે ધીમે વાત પવન વેગે ઉડી: સૌ કોઇ આ સમયધર્મી જુવાનીઆઓને ધીટકારતું. અને કહેતું કે એ તો ચરી ગયા છે. હજુ વેંતભરનાઓને 'ધરમ શું'ની ખબર નથી. બીજી તરફ વ્યાખ્યાનમાં મહારાજશ્રી પણ કેળવણી તરફ અણગમો બતાવે રાખતા. કારણ કે એ સિવાય ધ્યેયપ્રાપ્તિ નહોતી. અવારનવાર વ્યાખ્યાનમાં કહેતા કે હે ભવીજીવો! "આ માનવદેહ અને લક્ષ્મી, ધર્મપસાયે પામ્યા છો તો ગુરૂ કહે તેમ સદવ્યય કરતા રહેવું. લક્ષ્મી મળશે પણ ફરી ફરી ટાણું નહીં મળે. સદગુરૂ, સદધર્મ, મનખો દેહ બધું એક સાથે પુરા પુન્યેજ મળી રહે છે. માટે મોહ છોડી ભક્તી કરો જેથી આ ભવ અને પરભવનું ભાથું બંધાય. આમ સુરીજીની મર્મસાધક વાણી પાછળ કેટલાકો તો જલ્પાએ ભાવક પૂર્ણ ભક્ત બની ચુક્યા હતા. અને મહારાજશ્રીના માનીતા પોતે છે એવો બીજાઓ સન્મુખ દેખાવ કરતા. બપોરે, રાત્રીના એકલદોકલ ભલાં નરનારીઓ અવરજવર કરતાં. સૌ જુદા જુદા મુનીઓનાં માનીતાં હોઇ પોતાના મુનિની પાસે મુખ્યત્વે જઇ બેસતા, ત્યાં કોઇ ટોળટપ્પાં લગાવતાં. કોક ગાથા લેવાનો દેખાવ કરતું, કોઇ દોરા ધાગા બનાવતું તો કોઇ પોતાના મહારાજ કને તેજી મંદીની રૂખ કઢાવતું. ત્યારે કોઇ નિર્દોષ આત્માર્થી આત્મકલ્યાણ સાધવા આવી બેસતો.

બીજી તરફ સુરીજી ખાસ રૂમમાં પોતાના માનીતા બે શિષ્યોને અધ્યયન કરાવવાના ઓઠા તળે ગહડી એકત્ર કરવાની યોજના અમલમાં મૂકવાની ધૂનમાંજ વિચારમગ્ન રહેતા. અને આવતા જતા ભરીજીવોને ચોક્કસ ગામના પુસ્તકોનો જીર્ણોદ્ધાર કરાવવાનો છે કેલાણું પુસ્તક છપાવવાનું વિગેરે વિગેરે માટે રકમો યા જેની કને જે હોય તે આપવા આગ્રહ કરતા. પછી ભક્તજનો શક્તિ અનુસાર આપવા જણાવતા. ત્યારે સુરિજી કહેતા કે પેલા ગોખલામાંથી ચાવી લઇ પેલાં હાટડામાં મૂકી ચાવી હતી ત્યાં મૂકી દો. સુરજરામ આવશે એટલે ઠેકાણાસર મોકલી દેશે. ભદ્રીકો સમજતા કે મુનીરાજ કંચનને અડકે નહી એમને શું જરૂર? એ શ્રધ્ધાના તારે હાટડામાં પૈસાના ગંજ જમા થવા માંડતા. મૂકનાર જાય કે આડી અવળી નજર કરી મહારાજશ્રી નોટોની વ્યવસ્થા કરતા. અને દાગીના હોય તો પેલાં અજૈનદ્વારા ગળાવી વેચાવી નાંખતા. એથી એનેય લાભ થતો ને મહારાજશ્રીનું કામ સરતું. આ એકઠા થતા દ્રવ્યમાં મોટો ભાગ શ્રાવિકાઓનો હતો. પતિથી, સગાંથી છાનાં, પૂન્ય થશે એ આશાએ: 'બાપજી'એ કહ્યું માટે આપી જતી. કેટલીએ વિધવાઓ ઘરના ત્રાસથી કંટાળી સ્મશાની વૈરાગ્યે પહોંચતી હતી. તે પુરૂં ખાની નહીં, થીગડાં લગાડી અંગ ઢાંકતી પણ ભોળપણમાં મૃત પતિ મૂકી ગયેલ કમાણીમાંથી મહાવીરના એ ભેખધારીના વચનપર 'પૂન્ય થશે'ના હીસાબે આપી આવતી. આવી રીતે મારવાડમાંથી મહારાજશ્રીએ જુદી જુદી જગ્યાઓના ચોમાસાઓમાં ચાલીસેક હજાર એકઠા કર્યા હતા. આ બધાં પૈસા જૈનને ત્યાં તો રખાય નહિ કોઇ જાણી જાય તો! ફજેતો થાય. એ ધાકથી સુરીજીએ સંસારીપણાના અજૈન દોસ્તદારને ત્યાં ખાતું પડાવી જમે કરાવાનું રાખ્યું હતું. પેલા અજૈન ભાઇ પણ મલકાતા કે, વગર વ્યાજે આવડી મોટી રકમ છે તો ધંધો આપણો થશે. અને જ્યાં લગી રકમ આવતી ત્યાં લગી એની દાનત સાફ છેના ખાત્રી પુરાવા સુરીજી જ્યાં હોય ત્યાં એક બે વખત મળી પણ જતો. બીજી તરફ આત્માર્થે વેશ પરિધાન કરેલા મુનિવરો શયન કરતા ત્યારે કેટલાક લેભાગુ મુનિઓ હલ્લાના નિમિત્તે અવારનવાર બહાર જતા, તે પાછા ચુપચુપ અપાસરામાં આવી સુઇ રહેતા. એક દિવસ ત્રણેક મુનિઓ અવળા રસ્તે જતા પકડાયા ને જનતાએ મેથીપાક ખવડાવ્યો અને એકનાં તો કપડાં સુદ્ધાં ખૂંચવી લીધાં. ગામમાં હોહા ખૂબ થઇ, વાત વકરોળે ચડી, ધર્મની હેલના થાય માટે અને. . . . . પા. ૧૮૭

ફરેબી જાળ

આજની સમાજરચના એ ફરેબી જાળ છે.....xxx.....

સૃષ્ટિની શાંત અને માધુર્યભરી ગોદમાં સુંદર જળાશય હતું. એની ચારે બાજુ લીલાં લીલાં ફળફળાદિથી રંગબેરંગી પુષ્પોથી, વૃક્ષો લચી રહ્યાં હતાં. હીમઝરણાં, સમ શિતલ પાણીની નીકો ધીમી ધીમી લહરીઓ ફેરવી રહી હતી. છલાં છલાં થતા એ જળાશયે કલરવ કરતું પ્હોરાડ ફાટતું. અને ધીમે ધીમે પાછળ રવિરાજ એકાદ કિરણ ફેંકી વિશ્વસૌંદર્યના એનમુન આદર્શને ત્યાં રજુ કરતો. દિને રવી અને નિશાએ શશી એ પ્રતિભાને અખંડિત જળવીજ રાખતા.

એવા એ સ્થળે સિવાય કો કમભાગી શા કાજે માનવી એ વિશ્વવાત્સલ્ય ન માણે? સાવ નિર્દોષ; ઘેલાં ઘેલાં બની, નરનારો ત્યાં ભેગાં મળતાં અને મેળવી શકાય તેટલો આનંદ ત્યાં મેળવતા.

સમય પલટયો, દિન પલટયો, અને ઘડીઓ પલટી; એજ ભેળાં નરમાનવોમાંથી એક માનવ એક દિન જુદા સ્વરૂપે દેખાયો. તેના બાહુમાં એક જબરદસ્ત **જાળ** હતી, બગલથેલામાં કૈંક ખાદ્ય પદાર્થ હતો. તેનું મગજ અસ્થિર હતું. કોઇ ભયંકર, કમકમાવતી કલ્પના—વ્યુહરચના એના મનને હચમચાવી મૂકતી હતી.

પળવાર પછી એ આ એનમુન સૌંદર્યના નાશને નોતરવાનો હતો.

એ માનવી ભૂંડો જતો હતો.
એ પારધી બની રહ્યો હતો.

જે પળથી એણે પાળપર પગ મૂક્યો તે પળથી એ ભૂમિ અપવિત્ર બની; એણે ખાદ્ય પદાર્થ પાણીના અંદર વેર્યો અને એક નહી પણ અનેક સોનેરી રૂપેરી જળચરો, હંમેશના વિશ્વાસનીય ભાવે ભક્ષ લેવા દોડી આવ્યા. હંમેશના નિર્દોષ મિત્રોની એ **મહારાક્ષસને** દયા ન આવતાં, નિર્દય હૃદયે એણે જાળ નાંખી, અને ખેંચી. ભોળા જળચરોના ઉડી જતા અગણિત આત્માઓ આકાશે ખીચોખીચ ભરાઇ જવાથી અંધારૂં છવાયું; વાદળ આવ્યું:

એ દિવસથી એ ધામ શિકારીઓના શિકારધામ તરીકેજ ચાલુ રહ્યું છે: કયાં ઓછું સામ્ય છે એ કથાને આજની આપણી સમાજકથા સાથે?

પિતા મહાવીરને અગણીત માનવીના સમુહવાળો છતાં અવીભક્ત જૈન સમાજ કયાં, અને નામમાત્રના બાર લાખ માનવોની હસ્તી ધરાવતો, છતાં અનેક તડો, ઘોળો, વાડાવાડીઓ, ગાંડીઓ, પેટાજાતીઓમાં સડી મરતો સમાજ કયાં? કયા કારણે આવી આ **ફરેબી જાળોમાં** ભોળા નરનારો ફસાઈ પડયાં છે? અને એ જાળો છે શું?

હીમઝરણા, શાંત અને એનમુન જળાશય કરતાંએ અધિક શાંત્વન અર્પતો એ જૈન સમાજ હતો. પ્રભુ મહાવીરનું એક તેજરશ્મિ એની ગૌરવશાળી પ્રતિભામાં અહોનીશ વધારો કરતું. એ સ્થળે પ્રાણીમાત્રને સાચી શાન્તિ મળતી. જન્મે ઉચ્ચ નીચના ભેદ ન્હોતા. માનવીની ઉચ્ચતા ગુણોના સમુહથી સરખાવવામાં આવતી.

એ સમય પલટયો, ઘણો કાળ વિત્યો, સુગંધી પુષ્પની સુવાસ એકાએક થોડીજ નાશ થાય છે? પણ પછી તો સમાજની અવદશાના ચિન્હો સ્પષ્ટ દેખાયાં. સૌથી પ્રથમ ધર્માચાર્યોએ સમાજમાં વિખવાદ દાખલ કર્યો અને પક્ષ પડયા.—શ્વેતાંબર અને દિગમ્બર. ભાગલા પાડવામાં કુશળ ધર્માચાર્યોએ માનવીઓમાં એ વૃત્તિનાં બીજ દાખલ કરાવ્યાં. ધર્માચાર્યોએ પોતાનાજ મતના સમર્થન અર્થે ભોળા નરનારોને પક્ષાપક્ષી સમજાવી. એ વખતના ધર્માચાર્યો પેલા પારધીથી વિશેષ હૃદયહીન બન્યા. અને ધર્મઘેલછાની ફરેબી જાળમાં સમાજનાં ભલાં માનવીઓને સપડાવતા ગયા.

ધર્માચાર્યોના કલહો ખૂબ વધ્યા. અને ત્યારે લોકોની આંખ ખૂલી. એ કલહોને ઝાઝું મહત્વ આપવાની જરૂર ન જણાઇ. પણ જે વિષ શરીરમાં ઉતારવામાં આવ્યું હોય તેની અસર થયા વગર રહે? ધર્માચાર્યોની પાછળ સમાજનો ધનિક વર્ગ એમની અંદરોઅંદરના કંકાસને સામાજીક પ્રશ્નો સાથે અથડાવતો ગયો અને એ જળમાં એ લોહિ ફસાયા. અને તડો વધ્યા. (દરેક તડ, ઘોળ, જ્ઞાતિ પાછળ લાંબી કલહકથા સમાયેલી છે એ કોણ વિચારે?)

પછી તો સામાન્ય જનસમુહે પણ પોતાના "હકકો" સાચવવાના બહાને ખુબ નાની જ્ઞાતિઓ વધારી મૂકી. x x x

આજની પરિષદોને આ જ્ઞાતિબંધનો તોડી નાંખવાની માન્યતા ધરાવવાનો હક છે. અને આજની કોન્ફરન્સને 'લગ્નક્ષેત્ર' વિસ્તૃત કરવાની 'ભલામણો' કરવાનોએ હક્ક છે. પણ એ પાછળ કોઇ પ્રયત્નની જરૂર ખરી? એ ફરેબી જાળોનાં રહસ્યો સમજવાની જરૂર ખરી?

શા માટે જ્ઞાતિબંધનો તોડવાં? શા માટે લગ્નક્ષેત્ર વિસ્તૃત કરવાં?

ધનિકો પોતાને ધનના જોરથી મનફાવતી કન્યાઓ મેળવી શકે માટે? ધનીકો પોતાની પુત્રીઓને મનમાન્યા ધનિકને ત્યાં આપી શકે માટે? ધનિકો તરફથી જ્ઞાતિઓ તોડવાના થતા પ્રયત્નો આજ કારણોસર કરવામાં આવે છે એમાં મને મુદલ શંકા નથી. (અને એટલાજ કારણસર યુવાનોએ એમની પાછળ દોરવાઈ જવું નહિંજ જોઇએ.)

સિંહણસૂતોને વળી બંધન શાં? માનવીના 'લગ્નહક્ક' ઉપર સમાજની ત્રાપ કેવી? પણ કોઇપણ જ્ઞાતિનો પુરૂષ કોઇપણ જ્ઞાતિનીકન્યા કયાં નથી લાવી શકતો? એને બંધન છેજ કયાં? ફકત એ ફરેબી જાળ તો 'સ્ત્રીજીવન'નેજ સપડાવવાને માટે છે. જ્ઞાતિની કન્યાને જ્ઞાતિએ એની મિલ્કત માની છે. રખે કોઇ બીજી જ્ઞાતિનો પુરૂષ એ લૂંટી જાય એવી એને બીક છે. ત્યારે જો જ્ઞાતિબંધનો તોડી નાંખવાની માન્યતાઓ સેવાય કે 'લગ્નક્ષેત્ર' વિસ્તૃત કરવાની ભાવનાઓ ઉપસ્થિત થાય તો તો આપણે સમજવું જ રહ્યું કે જેનો 'હક' ડુબી ગયો છે, તેનાજ હકના પ્રતિપાદન અર્થે જો જહેમત થાય તોજ એ પ્રવૃત્તિ નિઃસ્વાર્થીય કહેવાય. બાકી તો વિસ્તૃત કરીને પણ સ્ત્રી જાતિને લગ્નનાં 'બંધન' રહે તો એ વિસ્તૃત કરવાના લાભ શું? સ્ત્રી જાતિ બીજી જ્ઞાતિમાં લગ્ન ન કરી શકે એવી અને **ધનિક શિકારીઓના શિકાર તરીકેજ** રહે એવી, આજની સમાજરચના છે, એથીજ એને હું ફરેબી જાળ કહું છું.

ડાહ્યાલાલ વી. મહેતા.

બાળકોનું ચાંચલ્ય.



સ્વાભાવિક રીતે બાળક ચંચળ હોય છે. આ એમની ચંચળતા, તનમનાટ અને કિલકિલાટ અબાધિક રાખી-નેજ માબાપોએ આગળ ચાલવું જોઇએ. બાળક જો નિરોગી હોય તો એ ચંચળ હોવું જ જોઇએ. ચંચળતા એ અંદરનું હીર છે, કલ્યાણકારી તત્વ છે, એ તત્વનો સારામાં સારો ઉપયોગ કરવો હોય તો ધીરજપૂર્વક એનું અવલોકન કરવું જોઇએ. આપણે અધીરાઇ અને અજ્ઞાન વડે આવા બાળકને ખટપટીયા, તોફાની કે કજીયાળાં કહીએ છીએ પણ એ બધા આપણી ઝંઝાળો અને ઝંઝાવાતોને લઇ ઉતાવળે આપેલ અભિપ્રાય છે. બાળકના અંદરના હીરની સાચી ઉગમણ થવા દેવી હોય, તેમની ચંચળતાનો ખરો વિકાસ સાધવો હોય તો એમની આસપાસના ઘોંઘાટભર્યા અને કલુષિત વાતાવરણને દુર કરો. એને કશુંજ શીખવવાનો પ્રયત્ન ના કરો. તેની ચંચળતાને—ચપળતાને અને ઉત્સાહને કોઇપણ રીતે કે યુકિત પ્રયુકિત વડે દાબવાનો પ્રયત્ન સરખો ના કરો.

જીજ્ઞાસા જાગવા દો.

અને જ્યાં સુધી બાળકની જીજ્ઞાસા આપમેળે, સ્વપ્રયત્નથી ન જાગે, સ્વાભાવિક ઇચ્છાથી એ પૃચ્છપરછ ન કરે ત્યાં સુધી એમને ધરાઇ ધરાઇને જે ક્રિયા કરવી હોય તે કરવા દો! કોઇપણ તેના શરીર કે મનને અનર્થકારી ન હોય એવી ક્રિયા એમને પુરેપુરી શાંતિથી કરી શકે, પોતાના રમકડા કે ઘરની કોઇપણ વસ્તુ વિષે એમને જેટલો પરિચય કરવો હોય તેટલો કરી લેવા દો. આપણા અત્યારના વાતાવરણથી એ જલ્દી જલ્દી પૂછે કે આમ કેમ, ને તેમ કેમ? તો એ ચાર વેળા ધ્યાન બહાર કાઢી નાંખો. પાસેથી ખસી જાઓ અને તમે જૂઓ, તમે કહો "તમે જાણો અને એ તમારાથી થઇ શકે તેવું છે" એમજ ટુંકમાં જણાવી દો, અને જ્યારે એની કોઇ કારગત લાગે તેવું નથી, તેમની જાણવાની વ્યાકુળતા વધી છે, સાચી છે એમ જણાય ત્યારે ઘણીજ ધીરજથી એ ક્રિયા બતાવો અને ટુંકામાં પણ સ્પષ્ટતાથી બતાવો.

સ્વાવલંબન.

આથી બાળકમાં સ્વાવલંબનવૃત્તિ અને આત્મવિશ્વાસ પ્રગટ થશે. જે ગુણતત્વ આપણી પ્રજામાંથી ઓસરી ગયું છે, તેને વિકસાવવા આપણે મૂળમાંથી આ પ્રયત્ન આદરવો પડશે. જેમ આજે આપણામાંના ઘણાને અંગ્રેજોની વ્યવસ્થાશકિત, નિયમિતતા અને શીસ્ત વિષે માન છે, તેમ તે વિશ્વાસ આપણામાં પ્રગટતો નથી આપણામાં એવા વિચારો બંધાઇ ગયા છે કે આપણાથી એ બનીજ ન શકે. લાંબા વખતના આપણા આ સંસ્કારોએ આપણામા પરાવલંબનની પરંપરા ઉભી કરી છે અને એ આપણો દોષ 'છોકરાથી છાશ ન પીવાય' એમ કહેવત છાપીને બેવડયો છે. બચપણથીજ જો આમ રવાશ્રય અને સહકાર માટે યોગ્ય અનુકુળતા આપવામાં આવે તો બાળક ત્વરાએ દીપી નીકળે.

ફરીયાદ કયાં કરવી?

પણ બાળકોની ફરીયાદ કરવાનું જે મૂખ્ય સ્થાન છે તે તો માતા પાસે છે. અને એ તો પડદે ગોંધાએલી 'બીચારી' છે. આ બધું વાંચનારો મોટો ભાગ પુરૂષ છે, તેની પાસે બેસીને કોણ વાંચે? એટલી પુરસદ કોને હોય? એ 'બીચારી' એક વેળા પારકી થાપણ એટલે એને શિક્ષણ આપવાની કોને દરકાર હતી? આજે એને વાંચવાની પુરસદ કે હોંશ કયાં છે?

પ્રદર્શનો.

એટલે કાં તો સમજુ લોકોએ મંદિર અને ઉપાશ્રયોમાં બાળ આરોગ્યના પ્રદર્શનો ગોઠવવા જોઇએ. કાં તો બાળમંદિરો બોલાવવા જોઇએ. અત્યારે સમાજ પોતાના શોખ પૂરા કરવા માટે અવનવા અને કૃત્રિમ જલસાઓ, વરઘોડાઓ અને આડંબરો ઉભા કરે છે તે કરતાં નિર્દોષ બાળ-સ્વરૂપના આરોગ્ય પ્રદર્શનો થાય, ચિત્રપટો ગોઠવાય, તો અનેક જોનારો પોતાની આંખો થકી રસપૂર્વક વાંચે અને બાળકો વિષે જાણે, અને એવા જીવંત સાહિત્યો કોને ન ગમે?

"વિકારની નહીં રેખ વદનપર
સ્વચ્છ નિખાલસ સુરખી રમે
અંતરની અભિશુદ્ધ પ્રતિમા
કહો કહો, કોને ન ગમે?"

ઇશ્વર પણ થાયે તદ્રુપ, નમું નમું હો બાળ સ્વરૂપ.

અસ્તુ!

—લાલચંદ જયચંદ વ્હોરા.

અનાચાર.

બ્રાહ્મણવાડામાં સંવત્સરીની રાત્રીએ પુષ્પવિજય નામના સાધુએ એક સ્ત્રી સાથે ચોથા વ્રતનું ખંડન કરી અનાચાર કર્યો.

એજ ગામે ઉદયસાગર નામના સાધુએ એક સ્ત્રીની સાથે અનાચાર કરી ચોથું વ્રત ખંડીત કર્યું.

શ્રાવકોને ખબર પડતાં બંને મહાત્માઓ (?) ને મેથીપાક જમાડી ઓઘો ચોરપટો છીનવી લેતાં **હીઝ હોલીનેસ શાન્તી-સૂરીએ** શાસનહેલના થવાના નીમી-ત્તે શ્રાવકોને અટકાવ્યા અને પેલા ભ્રષ્ટાચારીઓને જતા કરી શાસનનીહેલના થતી બચાવી. બુધ્ધિ છે કોઇના બાપની. **રંગ છે હીઝ હોલીનેસ.**

સને ૧૯૦૦ માં આપણા દેશની પશુગણના કરેલી તે વખતે બંગાળાનો હિસાબ તૈયાર હતો નહીં, માટે બંગાળા સિવાયના આખા ભારતમાં પાળેલાં પશુની સંખ્યા ૯૦૭ લાખ હતી. ઓસ્ટ્રેલીયાની વસ્તી કુલ ૪૦ લાખ મનુષ્યનીછે; પણ એજ વર્ષમાં ત્યાં ૧૭૧૩૫ લાખ પાળેલાં પશુ હતાં.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સ્ટીડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

Reg No. B 3220

વાર્ષિક લવાજમ ૧-૮-૦] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર [વર્ષ ૧ લું અંક ૨૧ મો.
છુટક નકલ ૧ આનો.] તંત્રીઃ મણીલાલ એમ. શાહ. [ગુરૂવાર તા. ૧-૧૧-૩૪

મહાસભામાંથી.....

સંગ્રામક્ષેત્રે લડવૈયાઓને જાણે ગોઠવવામાં ન આવ્યા હોય તેવા ઉત્સાહભર્યા નરનારોથી વિશાળ મંડપ ચિકાર થઇ રહ્યા હતો.

છતાં સુવ્યવસ્થાએ શાન્તિનું વાતાવરણ ફેલાવી દીધું હતું. હૃદયના ધબકારાએ સ્પષ્ટ સંભળાતા હતા.

દુરદુરથી આવાગમનની આગાહી અર્પતો અવાજ સંભળાયો, અને ધીમે ધીમે નજદિક આવતો ગયો.

પરિચિત છતાં વિસ્મરણ થઇ રહેલો એ સૂર હતો. શાન્ત માનવોએ આજ્ઞાભંગ કરી આલાપ ઝીલ્યોઃ—

"ભારતકા ડંકા આલમમેં બજવાયા વીર જવાહરને,
સોતે હુએ.....શીખલાયા વીર જવાહરને."

x x x x

ઓહો! એ **જૈન સ્વયંસેવક મંડળનું** બેન્ડ! ભારતવર્ષના પનોતા પુત્રોનું સ્વાગત કરતું આવે છેને? લાખો નિરાશામાં અમર આશા છૂપાયેલી છે! જૈન સ્વયંસેવકોએ રાષ્ટ્રની સેવામાં ખડે પગે ઉભા રહેવાનું નક્કી કર્યું? વાડા વાડીઓમાંથી યુવાનોએ બહાર નજર દોડાવી? x x x x x

અસંખ્ય માનવીના નમસ્કાર ઝીલતા રાષ્ટ્રનેતાઓને સગર્વ એ મંચ સુધી દોરી લાવ્યું; અને લશ્કરી ઢબે કવાયત કરેલી દઇ સ્વયંસેવકો સભાની વ્યવસ્થાના કાર્યમાં ઓતપ્રોત થઇ ગયા. x x x x x

"મહાત્મા ગાંધીજીકી જે; રાષ્ટ્રપતિકી જે,"ના ગગનભેદી સ્વરોની વચ્ચેથી પ્રેરણાના પયગામ દેતા એ મહારથીઓએ આસન જમાવ્યું; અને સભાનો તમામ હોંકાર રતબ્ધ થઇ રહ્યા. x x x x x

એ સુકલકડી પુરૂષના કયા તેજરશ્મિએ આ વિરાટ સભા અંજાતી હશે? કયા મધુર સ્વરે સભાજનોના કાન તિવ્રતા ધારણ કરી રહ્યા હશે? કયા સ્વરૂપને જોવા આંખો તલસી રહી હશે?

સભાજનોએ વિરાટ સભાને ઇન્દ્રસભાનાં ઉપનામ આપ્યાં. જો ઇન્દ્ર હોય તો એને " માનવલોકને મુગ્ધ કરતા એ ભારતના જ્યોતિર્ધરની ઇર્ષા જ આવે! શક્તિના મહાપૂંજ સમા એ હિંદના માર્ગદર્શકની આ બધી લીલા છે કે મહાસભાની આ રચના છે!

મહાસભાની સંસ્થા તરીકેની પ્રતિષ્ઠાએ અનેક મહાનરોને મેળવી આપ્યા છે. તો એ મહાત્માએ એના વ્યક્તિત્વથી કયાં ઓછી વ્યક્તિઓને આકર્ષણ કર્યું છે?

બાપુ! આ ગુજરાત! વણિક દિશામાં મુંબઇમાં વિહરતું મહાગુજરાત તે આ? કયા આત્મઆજ્ઞાદીના પયગામે પલટાઇ પડયું? કયા ગુલામી બંધનોને તોડવા એક પગે ખડું થઈ ગયું? માનવીની આટલી શક્તિ અને તેને પ્રગટ કરનાર મહાશક્તિ—શક્તિમંદિર તે આજના યુગના પ્રવર્ત્તક ગાંધીજી...

આ તેજસ્વી પુરૂષ આજે મહાસભા ત્યજીને અન્ય ક્યાંય મહાભિનીષ્ક્રમણે ઉપડે છે? ઓછી શક્તિ છે કે શક્તિ ઓછી થઇ ગઇ છે તે આ મહામાનવ આજે મહાસભામાંથી ભાગી છૂટયો છે? માનવી અલૌકિક છે, સમજવો, કળવો, મહા મુશ્કેલ છે. ભારતની આઝાદીને વહેલામાં વહેલી તકે પ્રાપ્ત કરવી એજ વિચારણાએ એ મહાત્મા મહાસભા છોડે છે છતાં નથી છોડતો!

અને ઓ મહાત્મન્! પુરૂષજાતનાં અસહ્ય ત્રાસે કચડાઇ મરતી, રહીના જડ બંધનોએ છુંદાઇ રહેલી, અને ધર્માંધતામાં શુષ્ક જીવન વિતાવી રહેલી આ સ્ત્રીશક્તિને જીવનની સાફલ્યતાનાં સુત્રો કોણે સૂણાવ્યાં? પુરૂષજાતનાં અભિમાન ઉતરાવી મુકતી આ નારીઓ—આ દેશસેવિકાઓ સેવા એજ ધર્મનો આદેશથી અનુ. . . . . પા. ૨૦૦

શ્રી ભારત જૈન કન્યા ગુરૂકુળ.

લેખકઃ— [એક યોજના.] શ્રી. કુલચંદ હરીચંદ દોશી.

જ્યાં સુધી કન્યા કેળવણી આગળ નહિં વધે ત્યાં સુધી સમાજ પ્રગતિ કરી શકવાનો નથી; એટલે ભાઇ શ્રી. કુલચંદભાઇએ કન્યા કેળવણી અંગે "ભારત જૈન કન્યા ગુરૂકુળ"ની એક યોજના અમારા ઉપર મોકલેલી તે સહર્ષ છાપીએ છીએ અને સમાજના વિચારક ભાઇબ્હેનોને કન્યા ગુરૂકુળ અંગે વિચાર કરવા વિજ્ઞપ્તિ કરીએ છીએ

વર્તમાન સમયમાં પ્રાથમિક શિક્ષણ આપતી કન્યાશાળાઓથી કન્યા કેળવણી આગળ નહિ વધે પરંતુ કન્યા ગુરૂકુળ જેવી સંસ્થાથીજ સાચી કન્યા કેળવણી આગળ વધશે. —તંત્રી.

સ્ત્રી. ગૃહની દેવી છે, ગૃહરાજ્યનો પ્રધાન છે, અને ગૃહસંસ્થાનો વ્યવસ્થાપક છે.

જનેતાના શિક્ષણ–વિકાસને માટે શું શું કરવું જોઇએ, શું શું કરી શકાય તેનો વિચાર જૈન સમાજે હજુ સુધી કર્યો નથી.

પ્રજા સમાજ–ધર્મ અને રાષ્ટ્રનું ઉત્થાન સ્ત્રીશક્તિના સર્વાંગ–પૂર્ણ વિકાસ વિના સંભવિત નથી.

આજના કૌટુંબિક કલેશો, સ્ત્રી પુરૂષની અસમાનતા, સામાજીક બદીઓ અને કુરિવાજો, ગૃહજીવનની શુષ્કતા અને કલુષિતતા, સમાજની અવ્યવસ્થા અને છિન્નભિન્નતા, બાળકોની અસંસ્કારિતા, સ્ત્રી સમાજની અજ્ઞાનતાને આભારી .

આપણી કન્યાઓ અશિક્ષિત ન રહે તે સૌ કોઇ સમજી શકે છે. અજ્ઞાન સ્ત્રી, અજ્ઞાન માતા કે અજ્ઞાન ગૃહિણી, કુટુંબજીવન અને સમાજજીવનને વિકાસને બદલે વિનાશને પંથે ધસડી જાય છે. કન્યાઓને શિક્ષણ ન આપવાના જૂના વિચારો આજે નભી શકે તેમ નથી, પણ માત્ર બે ચાર ચોપડી ભણાવ્યાથી આપણે સંતોષ માની બેસી રહીએ કે ઘરનું કામકાજ, સમાજની ખોટી બીક, ઉંચા કુળની ખોટી પ્રતિષ્ઠા કે માન્યતાઓના કારણે કન્યાઓને આગળ અભ્યાસ કરતી અટકાવીએ તે પણ હવે નહિં ચાલી શકે.

જમાનો એવો આવે છે કે સ્ત્રીઓએ ગૃહવ્યવસ્થા, કુટુંબપાલન, બાળઉછેરની સાથે સમાજહિત, બાળવિકાસ, સામાજીક સુધાર, સ્ત્રીઓની ઉન્નતિ અને દેશના પ્રશ્નો હાથ ધરવા પડશે. સમાજ, કોમ, નગર અને દેશના અભ્યુદયમાં પોતાનો યથાશક્તિ ફાળો આપવા પુરૂષોને સાથ આપવો પડશે. એટલે બની શકે તેટલું વિશાળ દ્રષ્ટિએ શિક્ષણ લીધા સિવાય ચાલશે નહિં.

કન્યાઓને પુરૂષના જેટલા ઉંચા વિષયોમાં નિપુણતા મેળવી હરીફાઇ કરવાનો વિચાર આપણે બાજુએ મુકીએ એટલે કે પુરૂષોને મળતા વિધવિધ વિષયોના શિક્ષણની સ્ત્રીઓને પોતાના ઉત્કર્ષ માટે જરૂર નથી પણ ભાષાજ્ઞાન, ગૃહવ્યવસ્થા, બાળઉછેર, આરોગ્યતા, ગૃહઉદ્યોગ ગૃહિણી ધર્મ, શરીરશાસ્ત્ર તથા સમાજસેવા વગેરે વિષયોનું જ્ઞાન અવશ્ય મળવું જોઇએ.

સ્ત્રી શિક્ષણ માટે આજ સુધી આપણે જે કાંઈ કર્યું છે તે કોઇપણ રીતે સંતોષપ્રદ નથી. મોટા શહેરોમાં કન્યાશાળાઓ છે, પણ તેની સંખ્યા અલ્પ છે—પણ જે શિક્ષણ અપાય છે તે લગભગ પુરૂષ શિક્ષણને મળતું અપાય છે. તેમાં મામુલી ફેરફાર કરવામાં આવ્યા છે પણ સ્ત્રી શિક્ષણની દ્રષ્ટિએ તેમાં ભારે પરિવર્તનની જરૂર છે.

કન્યાશાળાના ૫–૬ વર્ષમાં જોઇએ તેટલું જ્ઞાન આપી શકાય નહિ, જ્યાં કન્યાઓને ઘરકામમાં રોકી રાખવામાં આવે, ભાઇબ્હેનોને સંભાળવાનો ભાર તેનાપર હોય, રસોઇ, પાણી, વાસણ, કપડાં વગેરેનો બોજો અભ્યાસી અવસ્થામાં નાંખવામાં આવે અને તે પણ અભ્યાસના ભોગે. તેવી સ્થીતિમાં માબાપો કન્યાના શિક્ષણ અને વિકાસ માટે બહુજ કાળજીવાળાં નથી તેમ આપણે જોઇએ છીએ.

કન્યાશાળાઓ તો ચાલશેજ. ચાલવી જોઇએ, પણ તેના શિક્ષણક્રમમાં પરિવર્તનની જરૂર છે; પણ આજે જૈન સમાજને સૌથી પ્રથમ જરૂર એક કન્યા ગુરૂકુળની છે.

ઉદ્દેશ.

૧ જૈન કન્યાઓનો સર્વદેશીય વિકાસ સાધનાની દ્રષ્ટિએ વ્યવહારિક, શારીરિક અને ધાર્મિક કેળવણી આપવી, ગૃહવિજ્ઞાન, આવશ્યક ગૃહઉદ્યોગ તથા લલિતકળાનું શિક્ષણ આપવા પ્રબંધ કરવો. કન્યાઓમાં નિર્ભયતા, સબળતા જાગૃત કરવી અને તે દ્વારા જૈન કન્યાઓને ગૃહ, સમાજ, ધર્મ અને દેશ પ્રતિના કર્તવ્ય તરફ માર્ગદર્શન કરાવવા યથાશક્તિ પ્રયત્ન કરવા.

કાર્યનો યોજના.

૧ ગુજરાતના સુંદર કેન્દ્ર સ્થળે એક કન્યા ગુરૂકુળ ખોલવું. (જે શહેર કન્યા ગુરૂકુળને અપનાવે, તન–મન–ધનથી સેવા આપે, ગુરૂકુળના વિકાસ–વર્ધનમાં ફાળો આપે અને સ્ત્રી કેળવણીના પ્રચાર માટે થતા નવીન પ્રયોગોને વધાવી લેવા તૈયાર હોય તે શહેરમાં કન્યા ગુરૂકુળ ખોલવું ઇષ્ટ ગણાય.)

૨ બાળમંદિરથી માંડીને મેટ્રીક સુધીના શિક્ષણનો પ્રબંધ સાધનો પ્રમાણે કરવો. (હાલ કર્વે વિદ્યાપીઠના મેટ્રીકની વ્યવસ્થા થઇ શકે. કેટલાક જરૂરી વિષયોનું શિક્ષણ વિશેષ અપાય.)

૩ સ્ત્રી કેળવણી વિષે નવીન પ્રયોગો કરવા અને સમાજમાં લોકમત કેળવવો.

૪ શિક્ષણ નવીન પધ્ધતિએ આપવા પ્રયત્ન કરવો. ભય–લાલચ, ઇનામ–હરિફાઇ, શિક્ષા–દંડની પ્રથા બંધ કરવી. ધર્મશિક્ષણ નવીન દ્રષ્ટિએ ઉદારતાથી આપવા પ્રયોગ કરવો.

૫ ભારતના કોઇપણ પ્રાંતની જૈન ધર્મ પાળતી કન્યાઓને સ્થાન આપવું.

૬ કન્યાઓ સંસ્કારી માતાઓ, સુશીલ ગૃહિણીઓ, આદર્શ સેવિકાઓ બને તેવી સર્વાંગસુંદર કેળવણી આપવાનો પ્રબંધ કરવો.

અનુ. . . . . પા. ૧૯૯

જુદા જુદા પ્રસંગોમાંથી ઉપજતા વિચારો ને સંસ્મરણો.

"૪૮"મી ઐતિહાસીક મહાસભા.

વરલીના તીરે દેવનગરી સમ દીપતું અબ્દુલ ગફાર નગર.

જીવનની એ અજબ ઘડી હતી, ઐતિહાસિક સ્મરણ કાર્ય હતું. રાતદિવસ ખડે પગે એ કામ એમને કરવું પડતું હતું કે જ્યારે વરલીના સાગરતટે અલબેલી મુંબાનગરીમાં હતું. મહાસભાના સૈનિકોની ડીસીપ્લીન અને શીસ્ત, મીલીટરી ૪૮ મી મહાસભા માટે અબ્દુલગફાર નગર ખડું કરવામાં આવ્યું હતું, એની ભવ્ય રચના અને ચારે ગમ ગોઠવેલી દીપમાળા જોતાં ઘડીભર માનવ થંભી જતો. ક્યાં એક વખતનું જંગલ અને ક્યાં આજે દેવનગરીશી દીપતી એની શોભા! થોડી ક્ષણ એ મુંઝાતો અને પોતે કોઈ સ્વપ્નની જાળમાં તો નથીના! એમ પોતાને પ્રશ્ન કરતો.

> અમારૂં યુદ્ધ ખુની નહિ હોય, અમારૂં યુદ્ધ અહિંસક છે અને રહેશે. અમે કુરબાની કરીને સ્વતંત્રતા લેવા માગીએ છીએ.
>
> અમે તલવારની તાકાત લેવા નથી માગતા પણ બરફ જેવી ઠંડી તાકાત લેવા માંગીએ છીએ જે છેલ્લા રાષ્ટ્રયુદ્ધ વખતે પઠાણથી માંડી નહાનાં નહાનાં છોકરાં છોકરી જેવાઓએ આ તાકાત મેળવવામાં લાગ લીધો હતો.
>
> x x x
>
> અંગ્રેજોનાં ખૂન કે તેમને ગાળો આપીને નહિં પણ અહિંસક બની અમારૂં લોહી વહાવી સ્વરાજ લેવા માંગીએ છીએ.
>
> 'ગાંધીજી'
>
> x x x
>
> મૌલવીઓ અને પંડીતોએજ કોમી સવાલ બગાડયો છે. કોમ્યુનલ એવૉર્ડ દેશના ટુકડા માટેજ બનાવ્યો છે. મતભેદ માત્ર એટલોજ છે કે માલવીયાજી મહારાજ કહે છે 'એનો વિરોધ કરો.' અમારૂં માનવું છે કે 'એકે બાજુ મત ન આપવો.'
>
> 'વલ્લભભાઇ'

વર્લીના એ સાગરતીરે ૪૮ મી રાષ્ટ્રીય મહાસભા માટે જોતજોતામાં ઉપરોક્ત દેવનગરી ખડી કરી દીધી હતી. દેશની એકની એક મહાસંસ્થા માટે **બીહારના બેલી રાજેન્દ્રબાબુની** પ્રમુખ તરીકે વરણી થઇ હતી. તેઓશ્રીની પધરામણી જ્યારે થઇ ત્યારે જનતાનો ઉત્સાહ કોઇ અજબજ હતો. એમનું સ્વાગત મુંબઇવાસીઓએ અબ્દેડ અને આજ લગી કોઇને ન આપ્યું હોય એવું માન આપ્યું હતું. વર્ષોના અનુભવીઓ કહેતા કે અમારી જીંદગીમાં મુંબઇએ કોઇને આવો હર્ષભર્યો આવકાર આપ્યો નથી. આ વિરાટ સ્વાગતયાત્રા દેવોને દુર્લભ એવી હતી બલકે કોંગ્રેસ તેમજ બાબુજી પ્રત્યે જનતાના હૃદયમાં શું છે એ દુશ્મનો સહમજી શકે એવું એ માપ હતું.

સ્વાગતના સન્માન વખતે કોંગ્રેસ બેન્ડ એટલા સુંદર સરોદો વગાડતું અને તે સાથે તે લશ્કરી બેન્ડ જેવું પણ હતું કે અત્રેના ડેપ્યુટી કમીશ્નર પણ એની પ્રશંસા કરવામાંથી નહોતા ચૂકયા. આ બેન્ડ ટુકડીમાં અધીંથી અધીક જૈન વોલન્ટીયર કોરના ભાઇઓ હતા. મહાસભાના સૈનિક દળમાં પણ એ મંડળના લગભગ પોણોસો સભ્યો જોડાયા હતા કે જેથી જૈન સમાજને તે માટે મગરૂર થવા જેવું છે. આવી સેવાભાવી સંસ્થા મણીભાઇશેઠ જેવા મુંગા કાર્યકરની આગેવાની તળે વ્યવસ્થીત રીતે ચાલે છે. મી. શેઠ એના પ્રાણ છે, દેશ ખાતર અનેક વખત જેલ જઇ આવેલા જાણીતા આગેવાન છે. એમના હાથમાં સૈનિક વિભાગને લગતાં ચાર મુખ્ય ખાતાઓમાંનું "ક્વાર્ટર માસ્તર"નું જવાબદારીવાળું કાર્ય હતું. રાતદિવસ ખડે પગે એ કામ એમને કરવું પડતું હતું. મહાસભાના સૈનિકોની ડીસીપ્લીન અને શીસ્ત, મીલીટરી ઢબપર જનરલ કમાન્ડરી શ્રી મહેરઅલીના હાથ તળે હતી. સેવિકા બહેનોની ટુકડી જોતાં સહેજે લાગી આવતું કે એઓ અબળામાંથી સબળા બની ચૂકયાં છે. તાઢ અને તડકાની પરવા કર્યા વિના ખડે પગે કેસરીયાં કરી મહાસભાની સેવા બજાવે છે. એમાં પણ જૈન બહેનોનો ફાળો ઠીક ઠીક હતો.

સબ્જેક્ટ કમિટી.

વિષય વિચારીણી સમિતિનો મંડપ એવી ઢબપર અને સુંદર રીતે રાષ્ટ્રીય ધ્વજાઓ અને તોરણોથી શણગારવામાં આવ્યો હતો કે એના ત્રીરંગી તોરણો આઝાદીનું ભાન કરાવતાં. વ્યાસપીઠપર પૂ. મહાત્માજી, રાષ્ટ્રપતિ અને અન્ય આગેવાનો હતા. તે સન્મુખ દેશના પ્રાંતેપ્રાંતમાંથી ચુંટાઇ આવેલા એ આઇ. સી. સી. ના સભ્યો હતા. આજુબાજુ છાપાના પ્રતિનીધીઓ બેસતા અને એ ઉપરાંત વિઝીટરો પણ હતા. આ સમિતીનું કામકાજ એવી સરસ ઢબસર ચાલતું કે કોઇપણ સભ્ય છુટથી પોતાના વિચારો આપી શકતો. ખુદ માલવીયાજી કે ગાંધીજીની વિરૂધ્ધ બોલનાર પણ બેધડક પોતાનું વક્તવ્ય સભ્ય રીતે રજુ કરી શકતો, પ્રમુખશ્રી એને રોકતા નહીં પણ પૂરતી તક આપતા. લોકવાદી નીતિ અનુસાર દરેક કામકાજ બંધારણસર સભાને અનુસરીને ચલાવતા. પ્રમુખ તરીકે રાજેન્દ્રબાબુની કુનેહ અબ્બેડ હતી. બંધારણસર કાર્ય ચલાવવાની પધ્ધતિ જોતાં આપણને સહેજે થઈ આવે કે કયાં, આપણી કોન્ફરન્સોના રીસામણાં-મનામણાં કરતાં અને મરજી પ્રમાણે શાસન ચલાવતા પ્રમુખો ને કયાં આજના રાષ્ટ્રપતિ. આપણી કોમની સબ્જેક્ટ કમીટિમાં જુવાનો સહામે જે દમદાટી અને આપખુદીથી કામ લેવાતું, મૂડીવાદના જોરે, ટુટી જવાના ભયપર અને બૅક ડૉર અને ફ્રન્ટ ડૉરની નકામી ડખલો ઉભી કરી જુવાન આલમને દબાવવાના પ્રયત્નો કરાતા ત્યારે અહીં સમાજવાદીઓને શાન્તિસર પુરેપુરા સાંભળવામાં આવતા. બલકે છૂટથી એમના અનુ. . . . . પા: ૧૯૮

"છોકરીએ ઘસીને કા.પ્યું."

[ગતાંક . . . . . પાને ૧૮૮ થી ચાલુ]

થોડા માસ વીતી ગયા.

એક સાંજે પદ્મા ઘેર પાછી ન ફરી. ઘરમાં ફડફડાટ વ્યાપ્યો. પદ્માનાં માબાપ ગભરાઇ ગયાં: કમળા પણ 'નહાની બ્હેન ક્યાં હશે?' એ પ્રશ્નનો ઉત્તર શોધતી આમ તેમ ફરી રહી હતી. નવનીતલાલ ઘરના નોકરોને એકથી બીજે સ્થળે પદ્માની શોધમાં દોડાવી ચૂકયા. પત્તો ન લાગ્યો. જાતે શોધમાં નીકળ્યા. કંટાળી થાકી મોડેથી ઘેર પાછા ફર્યા: માત્ર સ્ટેશનપર એટલા સમાચાર મળ્યા કે: 'પદ્માને સવારે દસ વાગ્યે સ્ટેશનપર જોઇ હતી.' પણ પછી શું? એ પ્રશ્ન અણઉકેલ રહ્યો.

નવનીતલાલને અને તેના કુટુંબને જે પ્રશ્ન અણઉકેલ્યો હતો તેનો ઉકેલ લોકની જીભે શોધી કાઢયો: 'બીજું શું?... નાસી ગઈ! અને વાત વાયરે ચઢી આખા ગામમાં ફેલાઇ ગઇ.

જેમની શીખામણ નવનીતલાલે નહી માનેલી તેવા દરેક જણ 'શું થયું' એ પ્રશ્ન પુછવા આવી ગયા અને દાઝયા ઉપર ડામ દેતા ગયા. નવનીતલાલે અને તેના કુટુંબે આ પ્રસંગે ખૂબ ખામોશ રાખી. મોડી રાત્રે સૌ શાન્ત પડયું.

x x x

બીજે દિવસ ઉગ્યો અને અસ્ત થયો. ત્રીજા દિવસનું પ્રભાત ઉઘડયું. પણ નવનીતલાલના ઘરમાં અંધકાર હતો. તે દિવસે ચૌદશ હતી એટલે નવનીતલાલના માસીબા ઉપાશ્રયેથી આવી 'એકાસણું' કરી નિરાંતે બપોરના બેન બનેવીને આશ્વાસન અને 'દાઝ'ના બે બોલ કહેવા આવી પહોંચ્યાં. આવતાંજ તડુકયાં;

"કયાં ગઇ પેલી વેવલી. જો મ્હારૂં કહેવું સાચું પડયુંને. અન્તે એ રાંડે તમારૂં....."

માસીબા આગળ બોલે તે પહેલાંજ ટપાલમાં પદ્માનો પત્ર હોય તો તેની તપાસ કરવા ગયેલા નવનીતલાલ હાથમાં પત્ર સાથે આવી પહોંચ્યા. અને ભારે હૈયે સૌને સમાચાર આપ્યા કે: 'પદ્માનો વડોદરાથી પત્ર આવ્યો છે.'

"વાંચ તો નવનીત, શું લખ્યું છે." માસીબાએ હુકમ ફરમાવ્યો.

"માસી, કાગળમાં તમને ન રૂચે એવું ઘણું છે. પણ તમે શાન્તિથી સાંભળો તો વાંચું." એમ કહી નવનીત માસી સ્હામે જોઈ રહ્યો.

"હવે જે હોય તે વાંચને, સાંભળવુંજ પડશેને." માસીબા જરા નરમ થયાં. નવનીતે પત્ર વાંચવા માંડયો:

વડોદરા, તા.,.....

મુરબ્બી મોટાભાઈની સેવામાં,

મુ.....

ભાઇશ્રી,

પૂજ્ય માતાપિતાને અને કદાચ તમનેય અપ્રિય થઇ પડું તેવું પગલું હું ભરી ચુકી છું. ખેર, મ્હેં જે પગલું ભર્યું છે તેને માટે મ્હને જરાય અફસોસ કે દીલગીરી નથી થતી. પણ મેં અચાનક આ નિર્ણય કેમ કરી નાંખ્યો તે તમને જણાવવાની મ્હારી ફરજ છે.

મ્હારા સંબંધમાં ઉચ્ચારવામાં આવતો પ્રત્યેક શબ્દ સીધી યા આડકતરી રીતે મારા કાનપર અથડાતો હતોજ. છતાં મને મળેલી કેળવણી, સંસ્કાર અને તમારા પ્રોત્સાહનના બળે તે હું સહન કરી રહી હતી. વળી આપણા સમાજમાં વિધવાનું સ્થાન ગમે તેટલું નીચું હોય તે સ્હામે મ્હને ઝાઝો વાંધો નહતો. પરંતુ વિધવા આટલી વૃણાસ્પદ છે એ જાણ્યા પછી મ્હારા હૃદયને જે આઘાત લાગ્યો તે અકથનીય છે.

મારી ટીકા કરનારા, મને શીખામણ આપનારા, મારી ગમે તેવી અર્થહીન વાતો ઉડાવનારાઓમાંથી—પછી તે સ્ત્રી હોય યા પુરૂષ—કેટલાની મારા જેવી આકરી કસોટી થયેલી છે તે હું નથી જાણતી. તેમની જો કસોટી થાય તો આટલી ધીરજ તેઓ રાખી શકે કે કેમ? એ એક પ્રશ્ન છે. પરંતુ તેઓ સ્વેચ્છા મુજબ 'ગુલબાનો' ઉડાવતા: હું સહન કરતી. એ સત્ય હકિકત છે. અને મને ખાત્રી છે કે: મેં વડોદરા જવા—તમને અજાણ રાખીને—ઘર છોડયું ત્યાં સુધીના મ્હારા નિષ્કલંક જીવન માટે તમને સંપૂર્ણ વિશ્વાસ હોવોજ જોઇએ.

ત્યારે પ્રશ્ન એ છે, કે: "મ્હારે આમ શાથી કરવું પડયું?" તેનો ઉત્તર આ રહ્યો:

તમે જાણો છો કે મારા જેઠ હજુ ત્યાંજ છે. તેઓ તમને છેલ્લી ધમકી આપીને ગયા બાદ થોડા દિવસ પછી દરરોજ જતાં આવતાં કોઇ ને કોઇ ઠેકાણે મારી માર્ગપ્રતિક્ષા કરતા મારી નજરે પડતા. આ બાબત થોડા દિવસ રાહ જોયા બાદ બંદોબસ્ત કરવા હું તમને કહેવાનીજ હતી ત્યાં એક દિવસ નીચેનો બનાવ બન્યો.

માસ્તર નંદલાલ—જેઓ કસરતના શિક્ષક છે, અને તમે તેમને ઓળખો છો. તે અને હું બન્ને એક દિવસ કન્યાશાળામાંથી સાથે ઘર તરફ આવતાં હતા. માસ્તરના ઘરથી થોડા ડગલાં દુર મારા જેઠ ઉભા હતા. મેં તેમને જોયા. તેમની આંખના દેખાવપરથી મને બીક લાગી. પણ એ બીકને અવગણી હું માસ્તરથી છુટી પડી, ઘર તરફ ચાલવા લાગી. અચાનક મારા જેઠ મારા ઉપર ધસી આવ્યા. મને કેટલીક ગાળો દીધી. મારી અને માસ્તર સાથેના સંબંધ સંબંધી કેટલુંય બકી નાંખ્યું. મેં તેમને ચૂપ રહેવા સૂચના આપી. અને "ઝાઝી ધમાલ કરશો તો પોલીસને સ્વાધીન કરીશ" એમ ધમકી પણ દીધી. પણ તે નિષ્ફળ ગયું, અને તેમણે મારો હાથ ઝાલી મને ઘસડવાનો પ્રયત્ન કર્યો. મેં સામનો કર્યો. પણ હું ન ફાવી. મેં બૂમ પાડી. માસ્તરે સાંભળ્યું. તેઓ દોડતા આવી પહોંચ્યા. તેમણે મારા જેઠને દુર કર્યા. મારા જેઠે માસ્તરને અપશબ્દો અને ગાળો આપવા માંડી. હું માસ્તરની મદદથી ઘેર આવી. મેં તમને બધી બાબતથી વાકેફ કર્યા પણ તમારા દીલમાં મારી 'પવીત્રતા' માટે આશંકા હોવાનો તમારા હાવભાવથી મ્હને ભાસ થયો!

पीछेसें चली आती हे.

[ગતાંક . . . પાને ૧૮૬ થી ચાલુ]

પાર્શ્વનાથ પ્રભુ રાણી સાથે જંગલમાં ગયા છે, ત્યાં એક વન આવે છે. એ વનમાં પોતે દાખલ થાય છે, ત્યાં દેરાસર જોવામાં આવે છે. એ દેરાસરમાં જઇ પોતે એસે છે ત્યાં રાજુલને ત્યાગીને નેમનાથ દીક્ષા લે છે, એવું ચિત્રામણ દેરાસરની ભીંત ઉપર જોઇ પોતાને વૈરાગ્ય થાય છે વગેરે. તેમજ અષ્ટપ્રકારી પૂજામાં, અક્ષતની પૂજના ફળના સંબંધમાં ક્ષીરયુગલ એટલે પોપટ–નરમાદા એક ઝાડ ઉપર બેઠા છે. ત્યાં કેટલાક વિદ્યાધરો આકાશમાર્ગથી ત્યાં આવે છે અને પ્રભુની અક્ષતપૂજા કરે છે, તે વખતે અક્ષતપૂજા કરતા જોઇને ક્ષીરયુગલને ભાવ ઉત્પન્ન થાય છે, તેથી દરરોજ ચાંચમાં કમોદ લાવી પ્રભુ આગળ મૂકી રાજી થાય છે. આથી છેવટ તેઓ મરીને દેવલોકમાં જાય છે. તેથીજ વીરવિજયજી મહારાજ "ક્ષીરયુગલ ત્રીહી ચંચુમેં ધરતે, જિન પૂજત ભયે દેવ." આવા જંગલમાં સેંકડો દેરાસરો–પ્રાસાદો હતા. ભય માયાને છે. તે માયાથી રહિત વીતરાગની પ્રતિમા હોવાથી જંગલમાં રહેતા દેરાસરોને અને જિનબિંબોને કોઇ જાતનો ભય નહતો.

લાહમાં સેંકડો શંકરોના મંદિરો જંગલમાં આપણે જોઇએ છીએ. ગંગા નદીને કાંઠે અને નર્મદાને કાંઠે મોટા મોટા શિખરબંધ શિવમંદિરો ઉભાં છે. ત્યાં નથી બારી–બારણા બંધ કરવાની દરકાર કે નથી ચોકીદારની પરવા. કેમકે કોઇ જાતનો અલંકાર ન હોવાથી ચોર–લુંટારાનો ભય હોતો નથી.

જિનપ્રતિમાને વાળાકુંચી ઘસતાં કે જ્યાં અંગલુણાં કરતાં જોઇએ છીએ ત્યારે આશાતનાના નામે મોટો કોલાહલ કરી મૂકીએ છીએ. જેલમાં કેદીને જે કોટડીમાં પૂરવામાં આવે છે, તે કોટડીને તો જાળી પણ હોય છે. પણ પ્રભુને તો મજબુત બે બે ત્રણ ત્રણ બાર બંધ કરી મોટાં તાળાં દઇ પૂરવામાં આવે છે, આથી શું અજ્ઞાનતા નથી થતી. જે વીતરાગ સર્વસંગ પરિત્યાગ કરીને પૂર્ણત્યાગ દશામાં રહી કેવળજ્ઞાન મેળવી મોક્ષે ગયા છે, તેજ વીતરાગની પ્રતિમાને શણગાર પહેરાવી વરરાજા જેવો દેખાવ કરવામાં આવે છે એ ખરેખર વીતરાગ દશાની આશાતનાજ કરવામાં આવે છે. એટલુંજ નહી પણ ચોર–લુંટારા, મલીન વસ્ત્રોવાળા, હલકા વર્ણના દાગીનાના લોભે પ્રભુ પ્રતિમાનો સ્પર્શ કરે છે. આવાં નીચ માણસો જોડાં ઉતારીને કંઇ દહેરાસરોમાં ગરતા નહિ હોય, માટે આથી કેટલી આશાતના થાય છે, એ વિચારકોએ વિચારવાની જરૂર છે.

અમો પરમપૂજ્ય આચાર્ય, ઉપાધ્યાય, પન્યાસોને અને પંડિત મુનિવરોને આટલીજ વિનંતી કરીએ છીએ કે આ પ્રભુ પ્રતિમા ઉપર દાગીનાઓ લાદવાની પ્રથા કયારથી શરૂ થઇ? અને તે શા કારણથી શરૂ થઇ છે? તેમજ તેની જરૂરિયાત છે કે કેમ? અને તે શાસ્ત્રસંમત સહેતુક છે? વગેરેના ખુલાસા જૈન જનતાની જાણ માટે બહાર પાડવા કૃપા કરશે અને જો તે નિર્હેતુક ગતાનુગતિક હોય તો આવી પ્રથા બંધ કરવા આપ આપનાથી બનતું કરશો. તેમજ જાહેર પેપરોદ્વારા આપના વિચારો સ્પષ્ટ જણાવવા કૃપા કરશો.

અમો ઘણા વખતથી જોતા આવ્યા છીએ કે આવા વિષયો ચર્ચવાને તેમજ સત્ય શું છે તે જૈન જનતાને જણાવવાનો અવકાશ મળતો નથી. પણ પોતા ઉપર કે પોતાના વર્તન ઉપર જરા પણ આક્ષેપ કોઈ પેપરમાં કરવામાં આવ્યો હોય તો તેને માટે પેપરોની કટારોની કટારો પોતા તરફથી અને પોતાના સેવકો તરફથી ભરી દેવામાં આવે છે.

જ્યારે આવા જરૂરી પ્રશ્નોના ખુલાસાની માંગણી કરવામાં આવે છે ત્યારે મૌન સેવવામાં આવે છે. એમ આ સંબંધમાં ન બને એમ પુનઃ પુનઃ બે હાથ જોડી વિનંતી કરીએ છીએ.

હું મુંઝાઈ. ત્યાર પછી મેં બહુ હૃદયમંથન કર્યું; અને મેં નિર્ણય કર્યો કે:—

"વિધવા હોવું એ દુર્ભાગ્ય છે."

અને માસીબાની સલાહ માની અને સાધ્વીઓના ચર્યું જીવન સમર્પણ કરવું એ એથીય મોટું દુર્ભાગ્ય છે.

મરજીઆત વૈધવ્ય પાળવા માટે આર્થિક રીતે સ્વતંત્ર બની જીવન ગુજારવું એ સમાજના અત્યારના માનસને અનુકુળ નથી. સમાજનું માનસ આ દિશામાં જબ્બર પલટો માગે છે.

એક નાનો સરખો આકસ્મિક પ્રસંગ પણ વિધવાના દુધ સરખા ઉજ્જવળ જીવનમાં સોમલની ગરજ સારે છે.

વિધવાએ સાસરામાં રહી તે પક્ષના માણસો જે પ્રકારનું અધઃપતન માગે તે મંજુર રાખ્યા સિવાય ત્યાં તેનું સ્થાન છેજ નહી. અપવાદ હોય તો કોણ જાણે!!

જે જીવન વિધવા વિસરવા માગતી હોય તે જીવનની યાદ આપનારા શબ્દો, શિખામણો પુનઃ પુનઃ તેને શ્રવણ કરવાની ફરજ પાડનારો સમાજ ગમે તેવા નિર્દોષ હૃદયને સદોષ બનવાની ફરજ પાડવાની ગરજ સારે છે.

જે 'વિચાર'ને મુળમાંથી કાઢી નાંખવાનો પ્રયત્ન કરતાં પંડિતો પણ હારી જાય છે ત્યાં એક સંસારના કાવાદાવાથી અજાણ એવી નિર્દોષ અબળાના હૃદયમાં એ 'વિચાર' ઉદ્ભવતાં જીવન કેવું હિલોળે ચઢે છે તે માત્ર અનુભવથીજ જાણી શકે છે

એટલે બીજાઓ માટે ગમે તેમ હોય પણ મારે તો ફરજીઆત કે મરજીઆત ગમે તેવા વૈભવને લાત મારવી તેજ ઉચિત છે."

મેં મારો આ નિર્ણય માસ્તર નંદલાલ સમક્ષ રજુ કર્યો. તેઓ સંમત થયા. મેં તેમની સક્રિય મદદ માગી. તેમણે મારી માંગણીનો ખુશીથી સ્વીકાર કર્યો અને તમને અજાણ રાખી અમે ગઈ કાલે સહવારની ગાડીએ વડોદરા આવ્યા છીએ અને વૈદિક વિધિએ અમે લગ્નગ્રંથીથી જોડાયાં છીએ. કારણ કે 'જૈનાદર્શ' તો કુમારીકાને પણ સંસારમાં પડવાની સલાહ નહી આપતો હોવાથી' મારા જેવી વિધવાનું પુનર્લગ્ન એ વિધિએ થાય તો કદાચ એ વિધિ અભડાઇ જાય—જૈનોને અસ્પૃશ્ય થઈ પડે!

તમારી મમતા અને લાગણીભરી કાળજીનો આ બદલો જરૂર તમને આઘાત આપશે. પણ મારી દૃષ્ટિએ મારા માટે બીજો માર્ગ નહતો. જે માર્ગ મને સૂઝયો તે મેં લીધો છે. મને ક્ષમા આપશો?! અસ્તુ! લી. અવગુણી

પદ્માના પ્રણામ.

નવનીતલાલે પત્ર પૂરો કર્યો અને મુંઝવાઇ રહેલાં માસીબા તાડુકી ઉઠ્યાં:

'ઓ! કુટો કપાળ. છોકરીએ ઘરીને કાપ્યું."

સંપૂર્ણ.

'૪૮'મી ઐતિહાસિક મહાસભા—અનુ. . . પા. ૧૬૫ થી

ઠરાવો, એમેન્ડમેન્ટો લેવાતા, ચર્ચાઓ થતી અને બહુમતીથી કામ લેવાતું. આ બધું જોતાં એમ લાગે છે કે આપણે પૈસાદાર જોઇને લવાતા પ્રમુખોની પ્રથા હવે મીટાવવીજ જોઇએ; એટલુંજ નહિ, અરે! આપણે ત્યાંના પ્રમુખો રૂલીંગો આપે તે પણ બાજુના માણસની સલાહથી. આજના પ્રગતિવાન યુગમાં આ બધું મીટાવવુંજ જોઇએ. સભાના કાનુનો ન સમજતા અણઘડોને આગેવાની આપવા કરતાં સમજદાર અને જાણકારોને આગેવાની આપવી જોઇએ. આપણે ત્યાં (ચોકકસ નામો આ સ્થળે નિર્દેષ નથી કરાતા) અમુક મુડીવાદીઓ તેમજ સભાના થઇ બેઠેલા ઠેકેદારો સભાઓના કાનુન વિરૂધ્ધ બોલે, છતાં બિચારા પ્રમુખ શાન્ત બેસે અને કશું નજ કહી શકે ત્યારે અહીં તદ્દન જુદુંજ હતું. રાજેન્દ્રબાબુ, પોઇન્ટ ઓફ ઓર્ડરનો પ્રસંગ આવતો કે બીજા એવા પ્રસંગો આવતા તો ખુદ રાજગોપાલાચારી કે માલવીયાજી જેવા મહારથીઓ વિરૂધ્ધ પણ રૂલીંગ આપતા. આવા તો અનેક પ્રસંગો છે. આથી આપણા સમાજના આગેવાનો ધડો લે તો!

ભોજનાલયની વ્યવસ્થા.

ગફારનગરના ભોજનાલય તરફ દૃષ્ટિ નાંખશું તો જણાશે કે આટઆટલા માનવોને જમવાની કેટલી સુંદર વ્યવસ્થા છે. એમાં જમવા આવનારાઓના ઘુટ, ચંપલ વ્યવસ્થીત રહે એ માટે પણ કાર્યવાહકોએ સરસ ગોઠવણ કરી હતી. જમનાર જમી ઉઠે ત્યારે નહોતી ગંદકી કે શાકને કઢીની ઝુમો ને બરાડા. સૌને નિયમીત રીતે બધું મળી રહેતું. એકી સાથે ચાર હજાર માણસ જમી શકે તેવી રીતે સીમેન્ટના પાટલા ભાણું મૂકવા માટે અને બાજુમાં લાકડાના પાટલાની વ્યવસ્થા હતી. આખી લાઇન લગભગ એક સાથે ઉઠતી પછી સાફ થાય, સુકાય, બાદ બીજા એ લાઇનપર બેસતા. જૈન કોમમાં આટઆટલાં જમણો થાય છે છતાં કોઇ ઠેકાણે એને માટે યોજનાસરની પંગતો નથી બેસતી. બલકે ગંદકી અને એઠવાડની ગંદકી એટલી હોય છે કે ઘણા માણસો એની ગંદકી જોઇનેજ જમવા નથી આવતા, મહાસભાના રસોડે દસ હજાર માનવવૃંદ જમતું છતાં જરાય ગંદકી કે એઠવાડ બીલકુલ નહોતો પડતો. દરેક કોમનાં સ્ત્રી-પુરૂષો બધાં સાથે બેસતાં એ દ્રશ્ય અવર્ણનીય લાગતું. અહિંની સ્વચ્છતા, નિયમન અને વ્યવસ્થાશકિત જોતાં આપણા જૈન સમાજને એમાંથી ઘડો લેવા જેવું ઘણું હતું. હાથ ધોવા માટે પણ નળની ગોઠવણ ઠેકઠેકાણે કરવામાં આવી હતી. આપણી કોમ શીક્ષિત કહેવાય છતાં આ બધું જોયા પછી લાગ્યા વિના નહિં રહે કે આપણે ત્યાં આવડતનો અભાવ છે. બલકે ખાતાં કે ખવડાવતાં સમાજમાં કોઇને આવડતુંજ નથી.

મહાસભાની બેઠક.

આખો મંડપ વિશાળ હતો અને કાંગરે કાંગરે દીપમાળા પ્રગટતી હતી. આજુબાજુ સર્ચલાઇટ હતી. તે સાગરની લહેરીયોની જોથે બેશી હજાર માનવોએ ખુલ્લી બેઠકમાં ભાગ લીધો હતો. દેશના મહારથીઓએ સ્ટેજપર પોતાનું આસન લીધું હતું. પહેલા દિવસે પ્રમુખનું તેમના ઉતારેથી તે મંડપ સુધીનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. જે વખતનો દેખાવ ઇન્દ્રસ્વારી જેવો અનુપમ લાગતો હતો. પડઘમના સૂર અને સૈનિકોની ગાર્ડ ઓફ ઓનરની સલામી કોઇ આજ્ઞાદીનું અનેરૂં ચીત્ર બહુ કરતાં હતાં. પંડિત ઓમકારનાથજીએ વંદેમાતરમ્નું ગીત ગાયું. એ ધ્વની અને સૂર અજબ આકર્ષક હતા—એના પડઘા હજુ પણ જાણે ગાજી રહ્યા ના હોય! બીજા દીવસે મહારાષ્ટ્રીય બહેનોનું સંગીત પણ સુંદર હતું. આખી બેઠકનું કામકાજ ખુબ કુનેહપૂર્વક, વ્યવસ્થીત રીતે રાષ્ટ્રપતિએ ચલાવ્યું હતું. ફકત આ વર્ષે કોંગ્રેસમાંથી મહાત્માજીની વિદાય સૌને સાલતી હતી. દરેકના મુખપર આ પ્રશ્ન વખતે ઘેરી છાંયા હતી. મહાસભા વખતે જનતાની પડાપડી, મોટરો અને ગાડીઓની દોડાદોડ, નગર બહાર ઝંડા ચોકમાં પણ લાખો માનવવૃંદની ગીરદી, વિગેરે જોનારને કોંગ્રેસ માટે જનતાના હૃદયમાં કેટકેટલું માન છે એ બતાવી આપતાં હતાં. પ્રથમ દિવસે બન્ને પ્રમુખોના (પ્ર. શ્રી. રાજેન્દ્રબાબુ અને સ્વા. પ્ર. શ્રી. નરિમાનના) ભાષણ પછી પહેલા ઠરાવપર સુધારો મુકતાં કોમ્યુનલ એવોર્ડપર ખુબ ચર્ચા ચાલી હતી. આ ઠરાવપર પ્ર. માલવીયાજી લગભગ દોઢ કલાક બોલ્યા હતા.

બીજા દિવસે આ વિષયપર સંખ્યાબંધ નેતાઓ બોલ્યા હતા છેવટે મત લેવાતાં નેશનાલીસ્ટ પાર્ટીની હાર થઇ હતી. બાદ પાર્લામેન્ટરી બોર્ડ, ગ્રામ્યસુધારણા, મીસીસ જવાહરલાલજીની માંદગી અંગે પ્રજાની હમદર્દી વિગેરે કામકાજ થયું હતું. ત્રીજા દિવસે મહાત્માજીએ બંધારણ અંગે ફેરફારોનો ઠરાવ મુકયો હતો જે અનેક સુધારણાઓને ઉડાવી પાસ થયો હતો. બાદ મી. સીંઘવાનો મહાત્માજીમાં વિશ્વાસ જાહેર કરતો ઠરાવ પાસ થયો હતો. સરોજનીદેવીએ મુકેલો 'છેલ્લી લડતમાં ભોગ આપનારાઓના અભિનંદનને લગતો તેમજ અહિંસક યુદ્ધમાં મદદને લગતો ઠરાવ મુકયો હતો તે હર્ષભેર પસાર થયો હતો.

આમ જુદા જુદા દસ ઠરાવો કરી મહાસભાનું કાર્ય પુરૂં થતાં આવતી શેસન માટે યુ. પી.નું આમંત્રણ સ્વીકારવામાં આવ્યું હતું.

યુવાન નેતા જવાહીરલાલજીની ગેરહાજરી ખાસ જણાઇ આવતી હતી અને સૌને મન એ દુઃખદ પ્રસંગ હતો. અધિવેશનના કામકાજ માં સાડાત્રણસો જેટલા છાપાનાં મુંબઇ અને દેશપરદેશના આવેલા પ્રતિનિધિઓ પ્રેસ ગેલેરીમાં જણાતા હતા.

પ્રદર્શન.

આ મહાસભા વખતે ખાદીનું જબરજસ્ત એકઝીબીશન ભરવામાં આવ્યું હતું. જ્યાં હિન્દના ખૂણેખૂણામાંથી ખાદી વેચનારાઓના સ્ટોલ હતા. પ્રદર્શન જોવાથી ખાદીએ દસ વર્ષમાં કેટલી પ્રગતિ કરી છે, કેટકેટલી જાતો આજે તૈયાર થાય છે એ જોવાથી જણાઇ આવતું હતું. આજ લગી ખાદીથી ઓલ ઇન્ડીયા સ્પીનર્સ એસોસીએશનદ્વારા અઢી લાખ માનવોને રોટી મળતી શરૂ થઇ છે. જેમ જેમ વધુ ઉત્તેજન મળતું જશે તેમ તેમ વધુ ગરીબ ભાઇબહેનોને રોટી મળશે એ નિર્વિવાદ છે. આપણી અહિંસક કોમે ખાસ કરીને ખાદી વાપરવીજ જોઇએ. જેથી દેશને ફાયદો થાય અને ધર્મ સચવાય. જૈન જુવાનો આટલું કાર્ય ઉપાડી લે તોએ ઘણું કહેવાય.

શ્રી ભારત જૈન કન્યા ગુરૂકુળ—અનુ. . . . . પા. ૧૯૪ થી

અભ્યાસક્રમ:—

૧ પ્રાથમિક ચાર વર્ષ અને માધ્યમિક ૭ વર્ષનો રાખવો. પ્રાથમિક શિક્ષણ બની શકે તો મોન્ટીસોરી પધ્ધતીએ આપવા પ્રયત્ન કરવો.

(પ્રાથમિક વર્ગો માટે સ્થાનિક બાળકોને લેવાને પ્રયોગ કરવો)

૨ ગુરૂકુળમાં ગુજરાતિ કે હિંદી, ત્રણ કે ચાર ધોરણ પાસ થયેલી કન્યાને દાખલ કરવી.

૩ હાલ તુરત કર્વે વિદ્યાપીઠનું ધ્યેય રાખવું. તેમાં જરૂર પડયે પરિવર્તન થઇ શકે. બીજા જરૂરી વિષયોનું શિક્ષણ આપવું. (જરૂર પડે તો એકાદ વર્ષનો અભ્યાસક્રમ વધારવો)

પહેલા ચાર વર્ષમાં—ગુજરાતિ, ગણિત, ઇતિહાસ–ભૂગોળ, સામાન્ય જ્ઞાન, ગૃહવિજ્ઞાન, અંગ્રેજી તથા હિંદી, શીવણ–સંગીત–ચિત્રકળા–ભરત–ગુંથણ–પાકશાસ્ત્ર.

ધર્મશિક્ષણ:—

છેલ્લા બે વર્ષમાં:—ગુજરાતિ (વિશિષ્ટ) ઇતિહાસ ગૃહ-વિજ્ઞાન (વિશિષ્ટ) અંગ્રેજી, ધાર્મિક તથા નીચેના વિષયોમાંથી એનું સરસ જ્ઞાન: સંસ્કૃત, ગણીત–નામું, ભૂગોળ, શીવણ (વિશિષ્ટ) સંગિત, હિન્દી, ચિત્રકામ (વિશિષ્ટ), કેળવણી શાસ્ત્ર. આ ઉપરાંત પદ્ધતિસર વ્યાયામની યોજના કરવી. કર્વેની મેટ્રીકની પરીક્ષા અપાવવા પ્રબંધ કરવો.

અધ્યાપકો:—

ચારિત્રશીલ, સેવાભાવી. અનુભવી, સ્ત્રી શિક્ષણના અભ્યાસી દંપતિઓ, બ્હેનો અને વિદ્વાનો રાખવાનો પ્રબંધ કરવો—અધ્યાપકોમાં બે ચાર આજીવન સેવકો હોવા જોઇએ.

આ ઉપરાંત શિક્ષણશાસ્ત્રમાં નિષ્ણાત વિદ્વાનો અને ઉત્સાહી બ્હેનોના માર્ગદર્શન માટે પ્રબંધ કરવો.

વ્યવસ્થા:—

પૈસાની વ્યવસ્થા કરનાર એક ટ્રસ્ટીમંડળ, પ્રબંધ માટે સલાહ આપનાર એક સલાહકારક કમીટી, આંતરવ્યવસ્થા માટે અધ્યાપકો તથા વિદ્વાન ભાઇબ્હેનોની કાર્યકારિણી સમિતિ અને શિક્ષણ યોજના, પાઠયક્રમ, નિયમો વગેરે માટે શિક્ષણ સમિતિ નીમવી જોઇએ.

સામાન્ય નિયમો:—

ગુજરાતિ ત્રણ કે ચાર ચોપડી પાસ કરેલ બ્હેનને દાખલ કરવામાં આવશે. (૨) શરૂઆતમાં પૂરી ફી લઇને દાખલ કરવામાં આવશે. જગ્યાના પ્રમાણમાં અર્ધ માફી કે માફી અપાશે. (૩) પૂરી ફીના રૂા. ૧૦) લેવામાં આવશે. (૪) વર્ષમાં બે રજાઓ રાખવામાં આવશે (૫) રજાઓમાં પ્રવાસ યાત્રા માટે પ્રબંધ થશે (૬) કપડાં, બીસ્ત્રો, થાળી, વાટકો, લોટો, પવાલું, બાલ્ટી, પુસ્તકો, સ્ટેશનરી તથા મુસા-ફરી ખર્ચ કન્યાને પોતાનું સમજવું. (૭) ખાસ કારણ સિવાય રજા આપવામાં આવશે નહિં. (૮) કોઇ વિવાહિત કે વિધવા બ્હેનોને દાખલ થઈ અભ્યાસ કરવો હશે તો કાર્યકારિણી સમિતિની મંજુરી મેળવવી પડશે. (૯) સંસ્થાના નિયમોનું પાલન અતિ આવશ્યક ગણાશે.

વિશેષ:—

પુસ્તકાલય, વાંચનાલય, ઉદ્યોગગૃહ, લલિતકલાગૃહ, વ્યાયામગૃહની વ્યવસ્થા કરવામાં આવશે. કન્યાઓની પ્રત્યેક રીતે ખૂબ સંભાળ લેવાય, પ્રત્યેક જાતની સભ્યતા–શિષ્ટતા જળવાય તેનો પૂરો પ્રબંધ રહેશે.

ખોટી ફેશન–આછકલાઇ, સ્વચ્છંદતા ન આવી જાય તેની પૂર્ણ કાળજી રાખવા વ્યવસ્થા થશે. કન્યાઓને અનુભવી અધિષ્ઠાત્રીની સંભાળ નીચે રાખવામાં આવશે. સમય પત્રક,—ભોજન પત્રક, તહેવારો, ઉત્સવો, જયંતિઓ, ચર્ચામંડળો, આંતરવ્યવસ્થા વગેરેમાં બ્હેનો પોતે સક્રિય ફાળો આપી પોતાનો વિકાસ સાધે તેવા પ્રયત્નો કરવામાં આવશે.

ખર્ચનું અંદાજ રૂા. ૩૫,૦૦૦ થી ૪૦,૦૦૦ મકાનો માટે જોઇએ. શરૂઆતમાં ભાડાના મકાનથી ચલાવી લેવાય. તેમાં વિદ્યાલય, નિવાસગૃહ, પુસ્તકાલય, સ્નાનની વ્યવસ્થા, ભોજનાલય, ઉદ્યોગગૃહ, વ્યાયામગૃહ, દહેરાસર વગેરેની વ્યવસ્થા થઇ શકે.

આખા ગુરૂ કુળનો ખર્ચ રૂા. ૧,૦૦૦) માસીક થાય. તેમાં ૫૦ કન્યાઓના લવાજમના રૂા. ૫૦૦) બાદ કરીએ તો રૂા. ૫૦૦) આવે.

સર સામાન, ફરનીચર, વાસણો, પુસ્તકો વિગેરે પ્રાથમિક ખર્ચના રૂા. ૨,૦૦૦) થાય.

ભાવના:—

૫૦–૧૦૦ કન્યાઓ પ્રકાશવાળા સુરમ્ય, સાદા મકાનમાં કલ્લોલતી હોય, પોતાનાં ને ગુરૂકુળના કામો હોંશે હોંશે કરતી હોય, પરીક્ષાના બોજાથી મુકત, નિર્ભયતા અને સ્વતંત્રતાના વાતાવરણમાં ઝાડોની તાજી હવામાં શિક્ષણ લેતી હોય, વિવિધ હુન્નર ઉદ્યોગનાં કામો શીખતી હોય, વ્યાયામ–સંગિતમાં આગળ ધપતી હોય, શાંતિથી ભોજન કરતી હોય, વાંચનાલય બાળાઓથી મઘમઘી રહ્યું હોય, શાંત-સૌમ્ય-પવિત્ર વાતાવરણમાં ગુંજારવ કરતી બાલિકાઓ–સંસ્કારિતા–ઉચ્ચ જીવન–ભાવના, માધુર્ય, સ્વાશ્રય અને સાદગીના પદાર્થ પાઠો મેળવતી હોય.

આવું કન્યા ગુરૂકુળ ભલે આજે નાના પાયે શરૂ થાય પણ દસ વર્ષમાં સ્ત્રી કેળવણીના આખા પ્રશ્નને ઉકેલીને સમાજ પાસે સુશીલ ગૃહિણીઓ–સાચી સેવિકાઓ, સંસ્કારી શિક્ષીકાઓ ધરી શકે.

તે દ્વારા સમાજના અનેક રોગો, વહેમો, અજ્ઞાનતા, સડાઓ અને રૂઢીઓનો નાશ થશે.

જે નવજીવન–નવચેતન સમાજમાં જોવા આપણે તલ-સીએ છીએ તેની એક દિશામાં પ્રભાતના કિરણો પહોંચી ગયાં હશે. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થઇ પ્રકાશ–પ્રકાશ દેખાશે.

આજ સુધીમાં કુમારો માટે આલીશાન મકાનો, લાખોના દાનો, સ્કોલરશીપો, સંસ્થાઓ, જૈન સમાજના દાનવીરોએ સ્થાપીને ઉજ્જવળ કાર્ય કર્યું છે. હવે ગૃહસૂત્રના સૂત્રધાર સમી કન્યાઓના શિક્ષણ માટે એકજ ગુરૂકુળ થવું શું મુશ્કેલ છે?!

ભારતમાં એક લાખમાંથી એક પુરૂષ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે, અને દસ લાખ પુરૂષોમાંથી એકને વિજ્ઞાન (સાયન્સનું) શિક્ષણ આપવામાં આવે છે.

અ.....વ.....ન.....વા.

અમદાવાદઃ—અમદાવાદ છાત્રાલય મંડળના મંત્રીઓ જણાવે છે કે રવિવાર તા. ૧૪મી ઓકટોબરે બપોરે જૈન વિદ્યાર્થી મંદિરમાં અમદાવાદના જુદા જુદા નવ છાત્રાલયના ગૃહપતિઓની સભા શ્રી અહેમદભાઈ ફારૂકીના પ્રમુખપદે મળી હતી. સભાની શરૂઆતમાં પ્રથમ એમ નક્કી થયું હતું કે અમદાવાદનાં બધાં છાત્રાલયોના ગૃહપતિઓ અને વિદ્યાર્થીઓનું સંગઠ્ઠન કરવા માટે સૌએ પ્રયત્ન કરવો. અને એ સંગઠ્ઠનથી સહકાર કેળવાય એ દ્રષ્ટિએ અમદાવાદ છાત્રાલય મંડળ તરફથી વર્ષમાં બે વખત સ્નેહ સંમેલન કરવાં તેવું પ્રથમ સંમેલન આવતા ડિસેમ્બર માસની ૨જી તારીખે કરવાનું સર્વાનુમતે ઠરાવ્યું હતું અને તેને અંગેની બધી વ્યવસ્થાનું કાર્ય કરવા માટે એક કાર્યવાહક સમિતિની નિમણુંક થઇ હતી.

એક કન્યાનું વેચાણઃ—રાંધનપુરથી ઉત્તરે ૨૭ માઇલ ઉપર આવેલ એટા ગામના જૈન વાણિયા (વિશાશ્રીમાળી) સાંકળચંદ ગુલાબચંદે પોતાની દીકરીનું સગપણ રામપરાના એક વણિક સાથે રૂા. ૨૦૦૦) બેહજાર લઇને કર્યું છે, એવા સમાચાર એક ખબરપત્રી આપે છે.

શ્રી જૈન ગુરૂકુળ બ્યાવરઃ—જૈન ગુરૂકુળ, બ્યાવરનો મહોત્સવ વિજયાદસમી ઉપર ખૂબ સાનંદ સફળતાપૂર્વક ઉજવાયો. બહારથી મોટી સંખ્યામાં શ્રીમંતો વિદ્વાનો અને શિક્ષણ સંસ્થાઓની ઉપસ્થિતિ હતી. આસપાસથી અને દૂરથી અન્ય મ્હેમાનો પણ પધાર્યા હતા.

ગુરૂકુલોત્સવ પ્રસંગે શિક્ષણ પરિષદ પણ મળી હતી. આ પરિષદે પ્રસિધ્ધ પં. બેચરદાસજી દોશીની અધ્યક્ષતામાં રચનાત્મક કાર્યની રૂપરેખા ઘડી છે. અને પરિષદને સ્થાયી રૂપ આપ્યું છે.

બોટાદઃ—અત્રે ચાતુર્માસ રહેલા બે સાધુમાંથી એક સાધુને માથે કુદરત વિરૂધ્ધ કર્મ સેવનનો આરોપ આવ્યો છે. જનતામાં જબરો કોલાહલ છે.

શ્રી મલાડ જૈન મંદીરની વાડીમાં બનેલો અપુર્વ બનાવ.

સર્વે જૈન ભાઇઓને જણાવતાં ખુશાલી ઉપજે છે કે મલાડના દાનવીર શેઠ દેવકરણ મુળજીભાઇના મંદીરની વાડીમાં શેઠની આખરી બીમારીનો લાભ લઇ તેમના મેતાજી ભાઇશંકર પ્રભાશંકરે શેઠની રજા વગર તેમના વિશ્વાસનો ભંગ કરી વાડીની જગ્યામાં શંકરની દહેરી ઉભી કરેલ છેવટે શેઠે પોતાના છેલ્લા વીલની કલમ ૧૪ મુજબ શંકરની દહેરી કાઢી નાખવાનું જણાવેલ છતાં વીલને પાંચ પાંચ વરસ વીતી ગયા તોપણ ટ્રસ્ટી સાહેબોની આંખ ઉઘડી નહીં અને મેતાજીનેજ વાડીની દેખરેખમાં રાખેલ એટલે ફરીથી દહેરીને રીપેરીંગ કરાવી નાંખી. અને અત્રેના સંઘે ફરીથી ટ્રસ્ટી સાહેબોને તે બીનાથી વાકેફ કરેલ છતાં પણ ધ્યાનમાં ન લેતાં આંખમીચામણાં કરેલ છેવટે સંઘને ટ્રસ્ટી સાહેબો સાથે પત્રવહેવારમાં ઉતરવાની ફરજ પડી જેથી ટ્રસ્ટી સાહેબોએ મેતાજીને વાડીમાં આવતો બંધ કર્યો. તે પછી બાબુરાવ નામનો બ્રાહ્મણ અત્રે આવી અત્રેના વસ્તા હીન્દુઓની દહેરી બાબત અરજી ઉપર સહીઓ કરાવી ઉશ્કેરવા પ્રયત્ન કરતો વાડીમાં આવ્યો પરંતુ, અજાણ્યો માણસ જાણી ત્યાં વસતા લોકોએ ખુબો પાડી એટલે તે સહીઓ કરાવેલી અરજીવાળો કાગળ ત્યાં ફેંકી ભાગી ગયો તેમાં કોનો હાથ હશે?

છેવટે શીવરાત્રીને દીવસે તોફાન થશે એમ લાગવાથી ટ્રસ્ટીસાહેબોને તે બીનાથી વાકેફ કરેલ અને જેથી શીખતથા પોલીસનો બંદોબસ્ત ટ્રસ્ટી સાહેબોએ કરી આપેલ. શીવરાત્રીને દીવસે ધારવા પ્રમાણેજ બન્યું. કેટલાક બાવાઓ, અને બીજાઓ શીવની પુજા કરવા આવ્યા પરંતુ પોલીસનો બંદોબસ્ત સારો હોવાથી વધુ ધાંધલ થતું અટકયું, અને ત્રણ મહીના સુધી શીખ પહેરેગીરને ભવીષ્યમાં તોફાનની ધાસ્તીને લીધે રાખવો પડયો છેવટે વાંદરા પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ સાહેબે ટ્રસ્ટી સાહેબોને ફરજ પાડી કે આટલું ધાંધલ થાય છે અને વીલમાં દહેરી કાઢી નાખવાનું જણાવેલ છે છતાં કેમ કઢાવતા નથી તમોને જોઇતી મદદ આપીશું. ત્યારે ટ્રસ્ટી સાહેબોએ અત્રેના સંઘની મદદથી દહેરી કઢાવી નાખી મેહતાજીને રાજીરાખવાની ખાતર શેઠની મુલુંડમાં જે જગ્યા હતી તેમાંથી આઠશો વારને આસરે દહેરી બંધાવવા જગ્યા આપી. ટ્રસ્ટી સાહેબોએ તે જગ્યા કેટલા રૂપીઆમાં વેચાણ આપી અને તે રૂપીઆ વસુલ લઇ ટ્રસ્ટ ખાતામાં જમે કરાવ્યા છે? એનો ખુલાસો ટ્રસ્ટી સાહેબો જનતાની જાણ ખાતર જણાવશે.

ઉપર પ્રમાણે મેતાજીએ ગેરવર્તણુંક જણાવ્યા છતાં ટ્રસ્ટી સાહેબો કેમ ચલાવી લે છે અને તેજ મેતાજીને ફરીવાર મલાડના મંદીરની વાડીનું કામકાજ સોંપવા માંગે છે તેવું તેના સોલીસીટરો મારફત નોટીસથી જણાવે છે તેમાં તેમનો શું હેતુ સમાયેલો હશે? (પહેલાની માફક તોફાન કરાવી અશાંત વાતાવરણ ઉભું કરાવવા માંગે છે?)

મહાસભામાંથી.....અનુ. . . . પા. ૧૯૩ થી

તો પશ્ચિમ કયારે કયારેક અકળાઇ મરશે. નિષ્ફળ વહી જતી શકિતનો આ કર્મયુગમાં સંચય કઇ રીતે થઇ શકે તે માર્ગ દાખવી ભલભલા મહારથીઓને કર્મયોગી બનાવનાર કેટલો આદર્શ પુરૂષ હશે,

તમામ સારી સંસ્થાઓ સહામે બખાળા પાડવાની આદત પડી ગયેલી છે તેવા માનવીઓએ મહાસભા સામે એ ગંદું પ્રચારકાર્ય કરવા માંડયું. પણ શી તાકાત છે માનવીની, એકાદ પક્ષની કે જ્યાં સુધી **જીવનયોગીઓથી** એ સમૃદ્ધ છે, સેવા જેનો મંત્ર છે. એવા એના સુત્ર સંચાલકો છે, ત્યાગ જેનો આનંદ છે, કુરબાની જેની જીવનની તાલાવેલી છે, સત્ય અને અહિંસા જેના વિજય સૂત્રો છે, ત્યાં સુધી એને આંચપણ દઇ શકે?

મતભેદે લડી મરવાનું તો અંદર હોય, છતાં કોઇ મહારથી માર્ગ ભૂલે, થોડાક કાળ માટે મોરચા માંડે તોએ મહાસભાને તોડી પાડવાની ઇચ્છા કરનારાઓ એમ ન સમજે કે તેમનો એ તમને ટેકો છે.

ગમે તેટલું તોયે એ માડી જાયા બાંધવ છે. આજે નહીં તો કાલે એજ હાથ મિલાવવાના છે. ભારત માતાનો એક સાદ આવશે ત્યારે બન્ને દિશામાંથી એકજ ખોળામાં એ દોડી આવી બેસી જવાના છે. (અપૂર્ણ.)

ડાહ્યાલાલ વી. મહેતા.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ તરફ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

કન્યા ગુરૂકુળ. Reg.No. B. 3220

વાર્ષિક લવાજમ ૧-૮-૦] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર [વર્ષ ૧ લું અંક ૨૨ મો.
છુટક નકલ ૧ આનો.] તંત્રીઃ મણીલાલ એમ. શાહ. [શુક્રવાર તા. ૧૬-૧૧-૩૪.

ભલે આવો.

સડેલાં અંગ સુધારવા ડૉક્ટર આવે છે. પરૂએ દુર્ગંધિત અંગ એ કાપવા સુચવે છે, ત્યારે કોઇ અતિ ડાહ્યા સુચવેઃ 'કાપતાં પહેલાં નવું અંગ ઉભું કરી આપો.' સુચવનારની મુર્ખાઇ વિષે શું કહેવું?

દુર્ગંધ મારતો કચરાનો ગંજ બાળીને વિનાશ કરવાનો હોય છે. બળે ત્યારે ધુમાડો સંભવેજ. કોઇ કહેઃ 'ધુમાડો કરતાં પહેલાં સુગંધ પ્રસરાવો.' એની બાલિશતા વિષે શું કહેવું?

વિકૃતિ અટકાવો, વિકૃતિ સુધારો અને બાકીનું બધું કુદરત સંભાળી લેશે. શરિરનું સડેલું લોહિ નીકાળી દો—નવું લોહી આશ્ચર્યભરી રિતે ભરાઇ જશે. દુર્ગંધ મિટાવો—જગતના ગમે તે ખુણાથી સુગંધ આવી પ્રસરી જશે. એ કાર્ય કુદરતનું છે—અને જગતની એ નિયંત્રીત શક્તિ અવિરત કાર્ય કર્યેજ જાય છે.

સમાજની સડેલી મનોદશા સુધારવા 'શિરસાટે', પ્રતિષ્ઠામાં પુજો મૂકીને જુવાનો મથી રહ્યા છે—બીજી ગમ અંધશ્રદ્ધાળુઓ વધે એમાં સ્થાપિત હિત ભાળનારાઓ કમકમી ઉઠ્યા છે.

એમને પક્ષે બુદ્ધિ રૂંધાઇ રહી છે, ભાવના નથી, દલિલ નથી એટલે ગાળો દેવા સિવાય બીજો માર્ગ બાકી નથી. અને એ એક માર્ગનો એ બરાબર ઉપયોગ કરી રહ્યા છે.

એ કહે છેઃ 'તરૂણ જૈનો ધર્મના દુશ્મનો છે. વિનાશ વિના વાત કરતા નથી.'

બરાબર છે. પરૂમાંનાં જંતુઓ—જ્યારે સમાજ શરીર ભરખીને આલોકનું કલ્યાણ મેળવે છે ત્યારે—પરૂનો ધોનાર—સમાજ શરીર નવપલ્લવિત કરનાર દુશ્મન લાગે એ સાવ સ્વાભાવિક છે.

અમે એમને સમજી શકીએ છીએ. નવપલ્લવિત સમાજ થતાંજ એમનું મૃત્યુ એ જોઇ શકે છે; નવવિચારના પ્રચાર સાથેજ જૂનાં મુલ્યથી ટગી શકાશે નહિ એ એ સૌ સમજી ગયા છે. અને એથી નવા વિચાર સ્પર્શે શકય તેટલા બંધ બાંધવા એ પ્રયત્ન કરી રહ્યા છે. અમારી એમના પ્રત્યે ખૂબ ખૂબ દિલસોજી છે. અમે દિલગીર છીએ કે એમના—એમના માનસના—વિનાશમાંજ સમાજનું સ્પષ્ટ કલ્યાણ અમે ભાળીએ છીએ.

સમયગ્રહેણ જૂનવાણીને ભક્ષતાં સરરર સુસવાટો દેતાં વહ્યાંજ જાય છે. થંડીથી થીજીને, ત્વરિત વેગમાં ધસડી જઇને એ બુદ્ધિહિન આચારવિચારોનો—ભલે એ શાસ્ત્રો સંમત હોય તો પણ—સત્વર વિનાશ આદરે છે.

જ્યેનામાં ઉત્સાહ ને પ્રાણ છે એ આ નવા કાળનો ધ્વનિ પારખે છે. એ કાળનાં સાધન બને છે અને મૂળ કલેવરપર બાઝેલાં અંધશ્રદ્ધાના પોપડાં સામર્થ્ય સમેત ઉખેડવા યત્ન કરે છે.

એ માને છે કે જ્યે પોપડાએ પ્રકાશ રૂંધ્યો, વિકાસ રોધ્યો અને પરલોકની પાગલ માન્યતા પ્રસારી આલોક બગાડ્યો, જ્યેણે આજીવન રસહિન કરી દીધું એ પોપડા ઉખેડીજ નાંખવા રહ્યા. શરીરની લગોલગ એ ચોંટેલા હોય, એને ઉખેડતાં સહજ ચામડી છોલાતી પણ હોય—હોય એ વેદના સહી લઇને પણ એ પોપડા ઉખેડવાજ જોઇએ.

અનુ. પા. ૨૦૭

તરૂણ જૈન.

શુક્રવાર, તા. ૧૬-૧૧-૩૪.

કન્યા ગુરૂકુળ.

ગઇ કાલ આથમી ચૂકી છે. અને એ ગઈ કાલના રંગો પલટાતા ચાલ્યા છે. નવી ભાવના, નવાં બળો પ્રચંડતાથી સંસ્કાર પલટાવતા ને પ્રસારતા જીવનનાં તમામ ક્ષેમે વિસ્તરી રહ્યાં છે.

ગઇ કાલની પાંચીકુંકે રમતી ને ફેરપુદડી શિખી ઘરના અંધારખૂણે રસોઇ, વાસણ ને કપડામાં ગોંધાઇ રહેતી કુમારિકા 'કેસરીઆ વાધા સજી' મયદાનમાં ઉભાં રહેતાં શીખી છે.

ખૂબ હિમ્મત અને અથાક જહેમત છતાં કોણ જાણે કયમ આપણી કુમારિકાઓ નબળી—ખૂબ નબળી લાગે છે. શારીરિક તંદુરસ્તી કરતાંય માનસિક વિકાસની ખુબ ઉણપ જણાઇ આવે છે. અને એક સમાજ તરીકે આપણે એના તરફની ફરજ ભૂલ્યા છીએ—જીવનરથનું એક પૈડું આપણે સાવ નકામું જ રહેવા દીધું છે એમ જણાઇ આવ્યા વિના રહેતું નથી.

શિક્ષણ અર્થે આપણે ત્યાં કન્યાશાળાઓ છૂટીછવાઇ છે ખરી, પણ એ શાળાઓ અને એનું શિક્ષણ સાવ પ્રાથમિક અવસ્થા પુરતું જ છે. એથી પુરતો વિકાસ સંભવી શકે નહિ, અને એવી શાળાઓને તમામ વિકાસનું સાધન માની ફરજની અપૂર્ણતા સ્વિકારી લેવાની ભૂલ આપણે નહિ કરવી જોઇએ.

આ દ્રષ્ટિબિંદુઓથી તપાસીને શ્રી. પુલચંદ દોશીની યોજનાને અમે ગતાંકમાં પ્રસિધ્ધ કરી છે. કન્યા ગુરૂકુળની આ તબકકે અમે અત્યંત આવશ્યકતા સ્વીકારીએ છીએ.

એ યોજના અપનાવવાની તમામ શકિતપૂર્વક અમે જૈન સમાજને વિનંતી કરીએ છીએ.

જોયું નથી એવા સ્વર્ગે જવા આપણે ખુબ પૈસા વેડફીએ છીએ. જાહોજલાલીના પ્રદર્શનાર્થે આપણે આપણી તાકાતથીય વધુ દ્રવ્યો ખર્ચીએ છીએ. ભોજનસમારંભોમાંય આપણા વ્યયને સિમા નથી. આજે વિવાદાસ્પદ વસ્તુઓ સ્હામે અમ્હે અંગુલીનિર્દેષ નથી કરવા ચાહતા પણ અનેક માર્ગોએ આપણે દ્રવ્યનો દુરૂપયોગ કરી રહ્યા છીએ.

ઘણા આ સ્હમજે છે અને પૈસા કેમ વાપરવા, એનો સદુપયોગ લક્ષ્યમાં રાખીને ઉપયોગી એવાં ક્ષેત્રો શોધે છે. એવા તમામને આ યોજના વધાવી લેવા અમે અનુરોધ કરીએ છીએ.

અંગત વાતચીત દરમ્યાન આ યોજના પાછળ શકિત ખર્ચનારાં, એની પાછળ ભેખ લેનારાં માણસો છે એમ અમને જણાયું છે. ભેખ લેનાર છે તો ભેખધારીની ઝોળી જૈન સમાજે ભરીજ દેવી જોઇએ. કાર્ય કરનારને આર્થિક ચિંતાથી મુકત કરી દેવાની જૈન સમાજની સ્પષ્ટ ફરજ છે. અને એ ફરજ સહજ પણ આનાકાની વિના સહર્ષ જૈન સમાજ બજાવશે એમાં અમને લેશ માત્ર શંકા નથી.

શ્રી. પુલચંદ દોશી એમની યોજનાને મુર્ત સ્વરૂપ આપે એ દિવસની અમે ઝંખના કરી રહ્યા છીએ. ભાવિના એ ગર્ભમાં રહેલા દિવસને અમે આવકાર આપીએ છીએ.

મૂર્તિવાદ.

શાસ્ત્રોના નામે ખપતાં પુસ્તકો તરફ નજર ન કરતાં, સીધી ને સરળ વાત આપણે વિચારીશું તો સમજાશે કે જગત્પર માનવી આવ્યો ત્યારે મૂર્તિવાદ, ઇશ્વરવાદ કે ધર્મવાદ જેવું કશું નહોતું. એ માનવીઓ જંગલમાં રહેતાં, ફળફળાદીપર જીવન ચલાવતાં અને લહેર કરતાં.

અનેક વર્ષો બાદ એ રખડતાં માનવીનાં ટોળાંઓ સંગઠિત થઇ જુદે જુદે સ્થળે વસવા લાગ્યાં—વસ્યાં અને તે શહેર કે ગામડાથી ઓળખાયા; વિચારશકિત ખીલવાથી ખેતીની શરૂઆત થઇ, નાના મોટાની, માલીક નોકરની, રાજા પ્રજાની શરૂઆત થઇ. સાથેજ પાપ પુણ્ય, સ્વર્ગ નર્ક, ધર્મ અધર્મની જડ નખાઇ. એટલે બ્રાહ્મણોએ—ઋષિઓએ વેદની સ્મૃતિઓ રચી. વેદકાળ સુધી કોઇ સ્થળે મૂર્તિપૂજાના દર્શન થતાં નથી, પરંતું સ્તુતિ–પ્રાર્થના જણાય છે અને તે પણ વરૂણ, વાયુ, અગ્નિ, પહાડ, પર્વત, સમુદ્ર, નદિઓ, આકાશ, સૂર્ય ઇત્યાદિની સ્તુતિઓ રચાઇ.

વિદ્વાનો વેદને લગભગ ૭ હજાર વર્ષનું અંતર કહે છે એ ૭ હજાર વર્ષપર સ્તુતિ ને પ્રાર્થના કરતા, છતાં અગ્નિ, વાયુ, ઇત્યાદિ ઉપદ્રવો ચાલુજ હતા, એટલે તેને રીઝવવા નિર્દોષ પશુ પક્ષીઓ ચઢાવવાની માન્યતા ગ્રીસ, રોમ, મીસર, તાતાર, ભારત, ઇત્યાદિ દેશોમાં શરૂ થઇ, ત્યારથી પ્રેત ને પશુ પૂજા દેખા દે છે. તે પણ વ્યસન તરીકે નહિં પરંતુ વર્ષમાં એક બે દિવસજ તેની પૂજા થતી.

આજથી પચીસો વર્ષપર મૂર્તિપૂજા કે મંદિરો નહોતાં એમ શોધકો ને પંડીતો કહે છે.

આર્ય સમાજના સ્થાપક દયાનંદ સરસ્વતિ કહે છે કે "મૂર્તિપૂજાની શરૂઆત જૈનોએ વિક્રમ સંવતની શરૂઆતથી કરી છે."

પંડિત બ્હેચરદાસ કહે છે કે "બુધ્ધ અને મહાવીરના નિર્વાણકાળ બાદ છસો વર્ષ પછી મૂર્તિપૂજાની શરૂઆત થઇ."

સરસ્વતી ૧૯૧૯ જુલાઇ, દેવોત્તરકા ઇતિહાસ પૃ. ૭૨૦ લેખમાં એક વિદ્વાન જણાવે છે કે:

મૂર્તિપૂજાકી ઉત્પત્તિ યા તો યહીંકી બસી હુઇ જંગલી જાતિઓંકી નકલ કરકે હુઇ હોગી, યા ઉસ સમયકી બાહરસે ધાવા કરનેવાલી જાતિયોંકી દેખાદેખી સીખી ગઇ હોગી. બુદ્ધકે જીવનમેં શાયદ ઉનકે લીયે કોઇ મંદિર નહીં બના થા. પરંતું ઉનકી મૃત્યુકે ઉપરાંત બહુતસે મંદિર બન ગયે. જીનમેં ઉનકી મૂર્તિયાં રકખી ગઇ. જબ તાંત્રિક બૌધ્ધ મતકા પ્રચાર બઢા તબ બહુતસે મંદિર બનાયે જાને લગે. તાંત્રિક મતકે અનુસાર બૌધ્ધ, વૈષ્ણવ ઔર શિવ મતોંકા મેલ હોકર ઐસા ધર્મ નિકલા જીનમેં દેવતા ઔર દેવીકી પૂજા સાથ અનુ. . . . . પા. ૨૦૭

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ખુલ્લો પત્ર.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદાર
પ્રતિનિધિઓની સેવામાં,
મુ. અમદાવાદ.

પાલીતાણા ઉપર શ્રી આદીશ્વર ભગવાનના દહેરાસરમાં થતાં જીર્ણોદ્ધાર અને પ્રતિમાઓના ઉત્થાપનથી વર્તમાનપત્રોમાં થયેલા ઉહાપોહ સંબંધી તથા બે વરસથી હીંદુસ્થાનના સ્થાનિક પ્રતિનિધિઓની સભા નહી મળવા બાબત આપને તા. ૩-૧૧-૩૪ ના રોજ પત્ર લખી ખુલાસો માગેલો તેનો જવાબ જાવક નંબર ૩૮૨૨ તા. ૭-૧૧-૩૪ નો મને મળ્યો છે. તે પહેલાં સભા મળવાની આમંત્રણ પત્રિકા મને મળવાથી આપને ઉપરની હકીકત સંબંધી ટુંકામાં પત્ર લખી તથા તે સાથે તા. ૭-૧૧-૩૪ નું "જન્મભૂમિ" પત્ર બીડી ખુલાસો માગેલો છે. પરંતુ તે પછી આપનો સદર જવાબ મળ્યો. તેમાં કેટલીક હકીકતો સંબંધી તા. ૭-૧૧-૩૪ નું જન્મભૂમિ પત્ર વાંચતાં વિશેષ શંકાઓ ઉપસ્થિત થવાથી અને કેટલીક બાબતોનો ટેકો મળવાથી આપની પાસે નીચેની બાબતોનો ખુલાસો મેળવવા રજા લઉં છું તો તે આપવા કૃપા કરશો.

આપ જવાબમાં જણાવો છો કે "શ્રી પવિત્ર શત્રુંજય ઉપર શ્રી આદીશ્વર ભગવાનના મોટા દેરાસરમાં કેટલુંક આરસકામ કોન્ટ્રાકટર મારફત કરાવવામાં આવે છે." તો આપને પુછવાનું કે (૧) કોન્ટ્રાકટર મારફત થતા કામનો કોન્ટ્રાકટ કેવી શરતે આપેલો છે? (૨) શું થાંભલા કોચીને શોભાની ખાતર આરસ બેસાડવાનું ઠરાવેલું છે? જો તેમ હોય તો તેમાં કોઇ એનજીનીયર કે સારા અનુભવી જાણકાર કારીગરની સલાહ લીધેલી છે? (૪) તે કામનું એસ્ટીમેટ કેવી રીતે કરેલું છે? અને (૫) તે કામ ઉપર કોની દેખરેખ રહે છે?

"જન્મભૂમિ" પત્ર લખે છે કે "પ્રતિનિધિ સાહેબો આટલું કરતા ગયા કે કોન્ટ્રાકટરના કામપર પેઢીના મુનીમની દેખરેખ નહોતી તે આપતા ગયા છે. પેઢીનાજ મીસ્ત્રીને કંટ્રાકટરના કામપર દેખરેખ રાખવાની મનાઈ હતી તે દુર કરી." આ ઉપરથી ખ્યાલ આવે છે કે પ્રતિનિધિઓ જોઈ ગયા ત્યાં સુધી કોન્ટ્રાકટર ઉપર કોઇની પણ દેખરેખ નહોતી. માટે તે સંબંધી ખુલાસો થવાની આવશ્યકતા છે.

વળી જન્મભૂમિ પત્ર લખે છે કે "પ્રાચીન થાંભલાને કોચી ચોડેલ આરસનું કામ કેવું મજબુત થયું છે તે જોવા એક થાંભલાપર ટાંકણું મરાયું. આરસની એક લાદી ઉખેડવામાંજ આવતાં પાછળ પોલ જેવું જણાયું. વધુ ખાત્રી કરવા સળી કે એવું કાંઇ એક પોલાણમાં ઘોંચવામાં આવ્યું. તો તે અંદર પેસવા માંડયું. આ પછી અતિ પ્રાચિનતમ એક થાંભલો હાથ લેવાયો. એની મજબુતીની ખાત્રી કરવા ટાંકણાપર હથોડો પડે, ટાંકણાની અણી છુંદાઇ જાય, તણખા ઝરે ત્યારે માંડ કાંકરી ખરે. પ્રાચીન વખતના કામની આટલી હદે મજબુતી જોઇ કેટલાક તો દીંગ થઇ ગયા. સમજદાર મનુષ્યને તો જરૂર એમજ થઇ આવે કે ધરતીકંપ સામે ટક્કર ઝીલે એવી આ પ્રાચીન કળા અને સ્થાપત્યને અર્વાચીન રંગ અને તકલાદીપણું કેમ આપવામાં આવ્યું હશે?"

એ પ્રમાણે જન્મભૂમિ લખે છે તો તેનો આપ શો ખુલાસો આપો છો? થાંભલા કોચવાથી કમતાકાદ બને છે તે સૌ કોઇ જાણે છે. ટાંકણાથી કોચી આરસના રંગીબેરંગી કકડા ચોડવા તે તો બહારની શોભા છે પણ ભીતરની કમજોરી છે. દેવાલયનું આયુષ્ય ઓછું કરનાર છે. આ બહુજ ગંભીર પ્રશ્ન છે.

આપ લખો છો કે "દેરાસરમાં ગોખલાનું કામ કરતાં અનિવાર્ય જણાતાં નાની સત્તર પ્રતિમાજીઓને ઉત્થાપન કરવાની જરૂર પડી હતી ને તેને ઉપાડીને સુરક્ષિત રાખવામાં આવી હતી. પણ ત્યાં હાલ કેટલાક કારણસર કેટલીક આંતરીક ખટપટ ચાલ્યા કરે છે તેથી આવી નાની બાબતને મોટું રૂપ આપવાને નાહકનો ઉહાપોહ કરવામાં આવ્યો હતો. આ બાબતના સમાચાર અત્રે મળતાં અત્રેથી તરતજ વહીવટદાર પ્રતિનિધિઓ શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઇ, શેઠ ભગુભાઇ સુનિલાલ, શેઠ ચીમનલાલ લાલભાઇ તથા શેઠ મયાભાઇ સાંકળચંદ ગયા હતા. ત્યાં જઇને ત્યાંના સ્થાનિક ગૃહસ્થોને લઇ જઇને ઉપરનું તમામ કામ તેમને બતાવ્યું હતું ને પ્રતિમાજી ઉત્થાપન સંબંધમાં ખુલાસો કરીને તેઓને સંપૂર્ણ સંતોષ થાય તે પ્રમાણે કર્યું હતું."

આ આપના લખાણ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે કોન્ટ્રાકટરે પ્રતિમાઓનું ઉત્થાપન કર્યું છે એ વાત તો નિર્વીવાદ છે. તો હવે તે સંબંધી આપને પુછું છું કે (૧) કોન્ટ્રાકટરને પ્રતિમાઓ ઉત્થાપન કરવાનું અનિવાર્ય જણાયું ત્યારે તેણે તમને તે બાબતની ખબર આપી હતી? (૨) ઉત્થાપન કરવાને એવું શું અનિવાર્ય કારણ કોન્ટ્રાકટરને જણાઇ આવ્યું? (૩) આપની સંમતિ લીધા બાદ પ્રતિમાઓ ઉત્થાપન કરી હતી કે કોન્ટ્રાકટરે મનસ્વીપણે? (૪) ઉત્થાપન કરવાની જરૂર પડી હતી તો તેમને પાછી સ્થાપીત કરવા આપની સંમતિ અનુસાર શાસ્ત્રોક્ત વિધિ કરવામાં આવી હતી કે બધું કામ બહારોબહાર કોન્ટ્રાકટરે પતાવી દીધું હતું? (૫) સ્થાપિત કરી તો તે કયા દિવસે કરી?

મજબુત થાંભલા કે જેના આધારે દેવાલય ટકેલું છે તેને કોચી કમતાકાદ કરવા અને પ્રતિમાજીઓને ઉત્થાપન કરવી એવી મોટી અને ગંભીર બાબતોને આપ નાની ગણો છો તે આશ્ચર્યની વાત છે. આવી ગંભીર અને મોટા સ્વરૂપની બાબતોને ત્યાંના સંઘના કેટલાક માણસો પ્રકાશમાં લાવે તેને ઉશ્કેરાટ શી રીતે ગણી શકાય? ખરૂં કહેવડાવો તો જૈન જનતાએ તેવા માણસોનો ઉપકાર માનવો જોઇએ કે આવી ગંભીર બાબતો પ્રકાશમાં લાવી જૈન જનતાને વાકેફગાર કરી. પાલીતાણાના સંઘને સંતોષ થયાનું જણાવો છો પરંતુ જન્મભૂમિ પત્રમાં તો મહાજનનો કચવાટ કાયમ છે. ભલે તે ગમે તેમ હોય, પરંતુ જાહેર જનતાને જે અસંતોષ થયો છે તે દુર કરવા આપ શાં પગલાં ભરવા માંગો છો? આશા છે કે ઉપરના બધા પ્રશ્નોનો ખુલાસાવાર જવાબ આપવા મહેરબાની કરશો. ભારતવર્ષના જૈન સંઘને સંતોષ આપવાની જરૂર છે.

અનુ. . . . . પા. ૨૦૬

.....લોહીનાં વેચાણ.....

[એક દુઃખી વાર્તા]

લેખકઃ લાગીલાલ પેથાપુરી.

સમી સાંજનો વખત છે. ઘર આંગણે માણસોની ઠઠ જામી છે, રોશની પૂર બહારમાં પ્રગટાવવામાં આવી છે. શરણાઇના સૂર આગળ એકબીજાના શબ્દ પણ કાને અથડાતા નથી. કોઇ ગીત ગાઈ રહ્યું છે તો કોઇ નવલશા હીરજીની માફક આમતેમ આંટા મારી રહ્યા છે. તેવામાં તેજ ગામનો ઉચ્ચ કુટુંબમાં ઉછરેલ નરહરી નામનો યુવક ફરતો ફરતો ત્યાં આવ્યો, અહિંઆ શાની ધમાલ છે એ જાણવાની ઉત્કંઠાથી ત્યાં ઉભો રહ્યો. નરહરી બી. એ. (ઓનર્સ) હતો, પોતાના વિચારો ગામની દ્રષ્ટિએ ઘણા આગળ પડતા અને ગામના લોકો તેને ઉદ્ધત તરીકે સંબોધતા. ખરી રીતે તેનામાં એવું એકેય લક્ષણ ઉધ્ધતાઇનું નહોતું, પણ પોતાના સુધારક વિચારો અઢારમી સદીના એ જીવંત પૂતળાઓને ઉધ્ધતાઇભરેલાં લાગતા. ગામમાં ધંધા રોજગારના નામે મીંડું હોવાથી ઘણો ભાગ બહારગામ રહેતો હતો. હમણાંજ નરહરી પોતાના વતન આવેલો—પોતાના વતનમાં વ્યાપેલી અંધ રૂઢી—અજ્ઞાનતા કેમ નાશ થઇ સત્ય માર્ગે વળે તેજ ઝંખનામાં અહોનીશ—કોઇના રૂબરૂ તો કોઇ વખત વર્તમાનપત્રોદ્વારાએ પોતાના વિચારો જણાવવાની તક લેતો. અહીંઆ આ પૂર બહાર રોશની, ધમાલ, પૈસાનું પાણી થતું જોઇ તે કલ્પી શકયો કે કોઇનો લગ્નપ્રસંગ ઉજવાય છે, પરંતુ એ કુળાભિમાન અને આડંબરની પાછળ આટલા પૈસાનો ચૂરેરો કરવો તેના કરતાં જ્ઞાતિના હજારો બદકે લાખો ભાઇઓ ભૂખે દિવસો ગુજારે છે અને નોકરી માટે અહીં તહીં ભટકી ભીખ માંગી જીવન પૂરૂં કરે છે તેવાઓને સીધી લાઇનપર લાવી તેમનાં જીવનનાં પલટા માટે ખરચવામાં આવે તો જરૂર આપણી કોમ એક આદર્શ કોમ તરીકે જગતમાં જીવી જાણે—તેટલામાં તો એ વિચારમાળા તૂટી અને ખભાપર જોરથી હાથ પડતાં ચમકયો. પાછળ જોતાં ઘણા જુના વખતનો મિત્ર રસીક તેની પાસે ઉભેલો જોતાં પૂછયું: રસીક તું કયાંથી?

રસીક—તું મને ઉલ્ટો પૂછે છે કે તું કયાંથી? સફેદ કપડામાં હંસ દેખાય છે, લાંબા લાંબા લેખો લખે છે, ભાષણો આપે છે અને આવા આડંબરી ઉત્સવોમાં પડદા પાછળ ભાગ લે છે;! આ તારા માટે શોભા આપનારૂં નથી.

નરહરી—પ્રથમ એ તો જણાવ કે આ બધી શેની ધાંધલ છે. તું એમ ન માની શકે કે હું આની અંદર ભાગ લેવા આવ્યો છું. રસ્તેથી જતો હતો, આ ધમાલ જોતાં લાગ્યું કે શું છે તે તપાસ કરતો જાઉં.

રસીક—નરહરી! તું આ હકીકત નજ સાંભળે તેમાંજ મઝા છે. તને સાંભળવાથી જરૂર દુઃખ થશે. મારી માસીનું આ ઘર છે અને તેમાં મારે ભાગ લીધા સિવાય છૂટકોજ નથી.

નરહરી—પણ છે શું? તે તો જણાવીશને?

રસીક—મારી માસીને ત્યાં દીકરીના લગ્ન છે, ને પેલા સ્વાર્થદાસ જે વચમાં આંટા મારે છે તે મારા માસા થાય છે. માંડવગઢથી જાન આવી છે. રાતના લગ્ન છે.

નરહરી—મને અફસોસ થાય છે કે તારી આટલી બધી નબળાઇ! કુળના અભીમાનની ખાતર હજારો રૂપીયાનું પાણી કરતાં તેમને કોઈ સમજાવનારૂં ન મળ્યું? આ પૈસાનો વ્યય જ્ઞાતિના ગરીબ વર્ગ માટે કરાવવા તારાથી તારા માસાને સમજાવવાનું અશકય બન્યું? સમાજસેવા કરવા બહાર પડવું છે અને પગપર કુહાડો આવતાં પગ બેસવી લેવો છે તે કયાંનો ન્યાય? સમાજસેવાનો માર્ગ ઘણો કાંટાળો હોય છે. તેમાં ડગલે પગલે એવાં પ્રસંગો આવે છે કે જો તેમાંથી નાસીપાસ થઓ તો તમો સમાજના સાચા સેવક નથી પણ દુશ્મન છો. સમાજ તમારાપર જ્યારે વિશ્વાસ મૂકે ત્યારે પડદા પાછળ તમારે રમત રમવી એ સમાજસુધારકના નામને લાંછન લગાડનારૂં છે. તમારામાં જાહેર હિંમત ન હોય તો સમાજસેવાનો પોકળ ડોળ ન રાખો. સમાજને છેતરવાના તમારા પ્રયાસો તમારા જેવા ઢગ સુધારકોમાંથી જ્યારે નાશ પામશે અને સમાજસેવક જ્યારે કાર્ય કરવા લાગી જશે તે વખતે આવા માસા-માસીના લગ્નમાં જરૂર વિઘ્ન નાખ્યા સિવાય નહિં રહે.

રસીક—હું સમજું છું કે મારી એ નબળાઇ છે. હું એટલી જાહેર હીમ્મત કેળવી શકયો નથી. છતાં જો તમો આ બાબતમાં કંઇ પગલાં લઇ શકો તેમ હો તો જરૂરથી હું ભાગ લઇશ.

નરહરી—આવા ખોટા આડંબર પાછળ જ્ઞાતિનું નિકંદન નીકળવા બેઠું છે, ખોટા ખોટા ભપકાથી અને ધમાલથી તીજોરીનાં તળીયાં ખાલી થઇ ગયાં છે; બાપદાદાની ખોટી મર્યાદિત આબરૂ સાચવવા ખાતર બાપના કુવામાં કુદી મરનાર એ ખાનદાનોના અંદરખાનેથી રકત ચૂસાઇ ગયાં છે, છતાં આવા આડંબરો તરફ જરાયે ધૃણાની નજરે નથી જોતાં એજ દુઃખજનક છે.

રસીક—હું સમજું છું કે આવા ઘણા કુટુંબો ખાનદાનીની પાછળ નાશને નોતરી રહ્યા છે. આપણી નજરો આગળ આપણી જ્ઞાતિના કેટલાય ખાનદાનો આજે એક ટંકનું પૂરૂં ભોજન પણ મેળવી શકતા નથી, સમાજની ખાનદાનીના ઓઠા નીચે, રોઇને, કેટલાંયે કુટુંબો હવે ગત્ વખત સંભાળે છે. મારા માસાએ એવું નીચ કૃત્ય કર્યું છે કે તે કહેતાં મારાં રૂવાં ઉભાં થાય છે, જે કન્યાના આજે લગ્ન થનાર છે તેની ઉમ્મર તેર વર્ષની છે. જ્યારે મુરતીયાની ઉમ્મર સોમાં પચ્ચીસજ ઓછાં છે. મુખમાં એક પણ દાંત દેખાતો નથી. વાળ મીલની પૂણી સમાન દેખાય છે. મુરતીયો શ્રીમંત હોઇ તેનું (છોકરીનું) સાટું ૭૦૦૦ માં કરવામાં આવ્યું છે. આ વાત સગાંવ્હાલાંથી છૂપી હતી છતાં જ્યારે કાનપર આવી ત્યારે મારી બા તથા બીજાં સગાંવ્હાલાં વિરૂધ્ધ પડયાં. પણ તેની સ્વાર્થબુદ્ધિ આગળ બધું વ્યર્થ ગયું.

નરહરી—ખરેખર સ્વાર્થબુદ્ધિ આંધળી છે, સ્વાર્થીમાણસો સગાભાઇને ગળે છૂરી ફેરવતાં પાછી પાની નથી કરતા—દીકરી સુખી થશે કે દુઃખી તેના વિચારો એવા સ્વાર્થી

ભારતની પ્રાચીન નારીવિભૂતિ.

લે. ન્યાયવિજયજી.

જે કૈકેયીએ સમરાંગણમાં 'દશરથ' રાજાના રથની ધરી એકાએક તૂટી જતાં પોતાની આંગળીને તે ધરીની જગ્યાએ ગોઠવીને પોતાના સ્વામિનાથને નિરાશામાંથી ઉગારી લીધા હતા; જે સીતા, રાવણ જેવા ભયંકર મદોન્મત્ત રાક્ષસથી પણ જરાય ભયભીત નહોતી થઇ; અને જે દ્રૌપદીએ 'જયદ્રથ' રાજાને ધક્કો મારી નીચે પાડી દીધો હતો તેમનાં પરાક્રમ કેવાં હશે!

બહેનો! તમે પણ એજ માતાઓની પુત્રીઓ છો. પછી તમારામાં નબળાઇ કાં? એ ચારિત્રવતી માતાઓનું આત્મતેજ તમારી અંદર પણ ભર્યું છે. ફકત ઉત્સાહ અને હિમ્મત જે તમારામાં મૃતપ્રાય બની ગયાં છે તેનેજ પુનઃ સજીવન કરવાની જરૂર છે. ઉઠો! અને તમારી ફરજ વિચારો! એ મહાન મહિલાઓના પુનિત પંથે ચાલી તમે દેશનું અને ધર્મનું ગૈારવ વધારી શકો છો. એવી વિરાંગનાઓ આજે પણ કેમ ન પ્રગટે? અને ત્યારેજ એમની ઓલાદ પણ શકિતશાળી નિકળશે. ઉંદરો તો ઉંદરડીઓમાંથી અને ગુલામો ગુલામડીઓમાંથી પેદા થાય.

બહાદુર નેપોલિયન કહે છે કે મહને વીરતાનો પાઠ ભણાવનાર મારી માતા છે. ખરૂં કહું છું કે જ્યારે જ્યારે કોઇ દેશની ઉન્નતિ થઈ છે તેમાં આદિ કારણ તરીકે નારીશકિતના પ્રભાવે કામ બજાવ્યું છે. નારી જગતનું પરાક્રમ એક અપેક્ષાએ પુરૂષ કરતાં પણ આગળ નીકળી જાય છે. હિન્દુ ધર્મમાં 'ગાર્ગી', 'ગાન્ધારી' વિગેરે મહાત્મનીઓનાં નામ પ્રખ્યાત છે. જે યાજ્ઞવલ્કય જેવા ઋષિને શાસ્ત્રાર્થમાં હાર ખવરાવે છે તે બાલ-બ્રહ્મચારિણી 'ગાર્ગી'નું સ્ત્રીજીવન જ્ઞાનાલોકથી કેટલું ઝગમગતું હશે. 'ગાન્ધારી' રાજસભામાં આવી 'મહાભારત' યુધ્ધ માંડવું કે કેમ? એ પ્રશ્નની ચર્ચા પ્રસંગે પોલિટિકલ મેટરમાં ભાગ લે છે અને પોતાના પુત્ર 'દુર્યોધન'ને યુદ્ધ ન કરવા માટે ઉપદેશ આપે છે. 'સ્થૂલભદ્ર' મહાત્માની બહેનો યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા અને રેણા એવી બુદ્ધિશાલિની અને વિદ્યાભ્યાસસંપન્ન હતી કે પહેલીને એક વાર સાંભળતાં, બીજીને બે વાર, ત્રીજીને ત્રણ વાર, એમ છેલ્લીને સાત વાર સાંભળતાં સંખ્યાબંધ શ્લોકો યાદ રહી જતા હતા. આજે સ્ત્રીનું જીવન કેટલું દીન-હીન છે! તેને તુચ્છ, અજ્ઞાન, દુર્બળ અને એક પ્રકારનું "મશીન" સમજી તેની જે અવગણના થતી આવી છે તેનુંજ એ પરિણામ છે કે "શકિત માતા"નો કોપ દેશ ઉપર ઉતરી આવ્યો છે, અને દેશની દીન દશા સુધાર્યે સુધરતી નથી. જો કે છેલ્લા રાષ્ટ્રીય યુધ્ધમાં મહિલાઓએ પોતાની શકિતનો સરસ પરિચય દેખાડયો છે; અને તેમના ત્યાગ, તેમની સેવા, તેમની હિમ્મત અને તેમની સહિષ્ણુતાએ દેશની રાષ્ટ્રીય હિલચાલમાં સુન્દર રંગ પૂર્યો છે. છતાંય પોતાને અબળા માનનારી, સમજનારી વ્યકિતઓ દેશના ચારે ખૂણામાં બહુ મ્હોટી સંખ્યામાં છે. જ્ઞાન, શિક્ષણ, વિવેક અને હિમ્મતથી તે વર્ગનો બહુ મ્હોટો ભાગ ખાલી છે. બહુ મોટી સંખ્યા અજ્ઞાનના ઘોર અન્ધકારમાં સબડી રહી છે. અને, જ્યાં "પડદા"નો ખાસ રિવાજ છે ત્યાંની અબળાઓની દુર્દશાનું તો પૂછવુંજ શું? એ સંબન્ધમાં મને એક કિસ્સો યાદ આવે છે તે પણ કહી દઉં.

એક ગૃહસ્થ સ્ટેશનપર એક પોતાના ઓળખીતા ભાઇને કહે છે કે, "ભાઇ, આ પાંચ ટ્રંક છે, જરા ધ્યાન રાખજો, હું ટીકીટ લઈ આવું." ત્યારે પેલા ભાઇ કહે છે કે, "મહેરબાન, પાંચ કયાં છે, આ તો ચાર છે!" ત્યારે એ ગૃહસ્થ મ્હોં મલકાવી બોલ્યા: "ચાર ટ્રંક આ, અને પાંચમો ટ્રંક આ અમારી ઔરત!" હાય! સ્ત્રીને પણ એક ટ્રંકની જેમ સાચવવી પડે એ કઇ હદની દુર્બળતા! એને ઢીંગલી સમજવી કે પુતળી!

મતલબ કે ભારતનું વર્તમાનનારીજીવન અધિકાંશ અસંસ્કૃત દશામાં છે. અને એ દેશની મ્હોટામાં મ્હોટી કમનશીબી છે. એ વર્ગના ઉદ્ધાર વગર દેશનો ઉદ્ધાર સર્વથા અસંભવ છે. એના જીવનમાં જ્યોત ન પ્રગટે ત્યાં સુધી દેશનો અન્ધકાર નાબૂદ થવો અશકય છે. છોકરાઓની કેળવણી માટે પણ પૂરતું ધ્યાન અપાતું નથી, ત્યાં કન્યાઓની કેળવણીની શી દશા હોય તે સમજી શકાય છે. પરન્તુ કન્યા-કેળવણીની કેટલી જરૂર છે? દેશ, સમાજ અને ધર્મના વિકાસ-સાધનમાં કન્યાવર્ગનું સુશિક્ષિત અને સંસ્કારી જીવન કેટલો અસાધારણ ફાળો આપી શકે છે? તે ખાસ વિચારવાનું છે. આર્યસમાજીઓનાં કન્યા વિદ્યાલયો જુઓ! તમે ખરેખર દંગ થઇ જશો. એ સંસ્થાઓમાં શિક્ષણ લેતી કન્યાઓના મુખપર કેટલું તેજ ચમકે છે, શિક્ષણ અને સંસ્કારમાં તેઓ કેટલી આગળ વધે છે. વ્યાયામ અને બલપ્રયોગ તેમના જેમણે જોયા હશે તેમને ખબર હશે કે તેઓનો શારીરિક વિકાસ કેટલો આશ્ચર્યકારક ખિલવવામાં આવે છે. બિલ્કુલ નિશ્ચિત વાત છે કે નારીવિભૂતિ એ દેશની વિભૂતિનો પાયો છે; અને દેશની ઉન્નતિનાં મંડાણ એના ઉત્કર્ષપર અવલમ્બિત છે. નિઃસન્દેહ, એની આત્મસત્તામાં એક એવી વિલક્ષણ શક્તિ છુપાયલી છે કે જેનો સમુચિત વિકાસ થાય તો તેના આધારપર આખા રાષ્ટ્રનું ઉત્થાન થઈ શકે. એક વિદ્વાનના શબ્દો છે:—

"The hand that rocks the cradle rules the world,"

અર્થાત્—જે સુકુમાર હાથ પાલણામાં બચ્ચાંને ઝુલાવે તેમાં જગતનું શાસન કરવાની શક્તિ પણ મોજૂદ છે.

માણસોને કયાંથી આવે? જે દીકરીને તેરવર્ષ સુધી પાળીપોષી મોટી કરી તેની કીંમત રૂ. ૭૦૦૦ ની આંકી. ઘરડા બચ્ચર સાથે પરણાવતાં એ મનુષ્યને જરાયે અરેરાટી ન ઉત્પન્ન થઇ. તો હું માનું છું કે એવા માણસો મનુષ્ય રૂપમાં પણ રાક્ષસ છે. કુમળી બાળાઓના લોહી પીનાર માતાપીતાની રાક્ષસી ભાવનાઓ આગળ કેટલી બાળાઓના જીવન છુંદાઈ જતાં હશે? યુવાનીના આંગણે પગ મૂકતાં એ આશાભરી કેટલી અનુ. . . . . પા. ૨૦૮

મહાસભામાંથી.....

ડાહ્યાલાલ વી. મહેતા.

.સાંજ પડી ચૂકી હતી. વર્લીની ગટરોના મુખ ખુલતાં ચારે ગમ દુર્ગંધ દુર્ગંધ પ્રસરી રહી હતી. વિષયવિચારીણી સભાના મંડપમાં કોમી ચુકાદાની ગંદી વિગતોની માલવીયાજી ઝાટકણી કાઢી રહ્યા હતા.

મહાત્માની નિવૃત્તિનો પ્રશ્ન હજુ અદ્ધરજ લટકી રહ્યો હતો.

"પ્રેસિડન્ટ સહાબ! મારે બોલવું નથી પણ જરીક જરીક....." કોઇ સભાજને ચલાવ્યું, "ઓ મહાત્મન, ઓ માલવિયાજી મહારાજ આપ બન્ને બહુમતિએ કાર્યપ્રણાલીકા આદરવી જોઇએ એમ માનો છોને?"

માલવિયાજીને વચમાં જવાબ આપવા થોભી જવું પડ્યું "હા. જરૂર."

"તો મહારાજ, આપ અને મહાત્માજી બન્ને આ સભાના નિર્ણય પ્રમાણેજ કોમી ચુકાદાનો વિરોધ અને નિવૃત્તિના પ્રશ્ન છોડી દે'. સભાનું માનસ એવું છે એમ આપ ચોક્કસ માનતાજ હશો." જરીક બોલવાની રજા માગનારે તો ચલાવ્યેજ રાખ્યું.

"કોણ! એ; છે કોઇ **ગુજરાતનો વાણિયો.**" મહાત્માએ મજાકમાં સભાને ગુજરાતની વણિક બુદ્ધિની સચોટતા બતાવી, વાતને ઉડાવી મૂકી. એ પણ વણિક બુદ્ધિજને?

અને સભાનું કામકાજ આગળ ચાલ્યું. અને ફરીને હિંદના એ જ્યોતિર્ધરને લાગણીપૂર્વક શરૂ કરવું પડ્યું. "મિત્રો, આપ જે કોઇ ઠરાવ પસાર કરો તે તમારા આત્માની સાક્ષીએ વિચારીને પસાર કરશો, અને મારી ખાતર કરવાને આપ જરીકે લલચાશો પણ નહી. કારણ કે એ પ્રમાણે કરવામાં આવેલી વસ્તુ મારી ગેરહાજરીમાં તમને બોજારૂપ બનતાં મુઝવણમાં નાંખી દેશે; અને મારે માટે ફકત એકજ રાહ એજ રહેશે કે એવી રીતે થએલી વસ્તુ મારે ત્યાજ્ય ગણવી પડશે."

કેટલો સરસ આદર્શ! જૈન આદર્શ એવુંજ કંઇક કહે છેને? ભોજનાર્થે વિહરતા સાધુઓએ એમના માટે તૈયાર થએલી રસોઇ વહોરવી નજ જોઇએ, એમ જૈન શાસ્ત્રોનાં પાનામાં ઉલ્લેખ છે. કારણ કે એ વસ્તુ એમણે ત્યાજ્ય ગણવી જોઇએ. (રસોઇ ત્યાગનો આદર્શ હોય તો પણ રસોડા સાથે રાખવાનો વાંધો નહીજને?) અને આની અસર એટલી સરસ થઇ કે પહેલીજ વખતે કાર્યવાહી સમીતીના ઠરાવને સભાએ ઉડાડી મુક્યો.

સંપૂર્ણ.

> પયગમ્બરોએ તો ભાગી નહી છૂટવુંજ જોઇએ. ભાગી જવાથી કશુંજ થતું નથી. પયગમ્બરોએ જોવું જોઇએ કે પ્રગતિ થાય છે કે નહી. પયગામ દેનારાઓનો દીધેજ છૂટકો છે. —**મી. સિધવા.**
>
> હું તો બહાર હોઉં કે અંદર હોઉં પણ એનો એજ, ફકત બહાર રહી અન્ય કોઇ શકિતની શોધમાં વિહરૂં એજ ઉદ્દેશ. —**ગાંધીજી.**
>
> x x x x
>
> મશીનરીના આપણે દુશ્મન નથી. મશીનરી ચાહનાર તો છીએજ. મશીનરીના આપણે ગુલામ બનવાનું નથી. પણ મશીનરીને આપણે ગુલામ બનાવવાની છે. —**ગાંધીજી.**
>
> x x x x
>
> (મારૂં Socialism) મારો સમાજવાદ એજ કે માણસ જાતે સ્વાશ્રયી બને, અને હું ગરીબોને સ્વાશ્રયી બનાવવા મારૂં તમામ જ્ઞાન અર્પું. —**ગાંધીજી.**

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ખુલ્લો પત્ર.

અનુ. . . પા. ૨૦૩ થી

સભા ભરવાની બાબતમાં આપ જણાવો છો કે "તા. ૧લી તથા ૨જી ડીસેમ્બરે મીટીંગ રાખવામાં આવી છે. સંવત ૧૯૮૮ તથા ૧૯૮૯ ની સાલના ચોપડા અનુક્રમે ૧૯૮૯ તથા ૧૯૯૦ મી સાલમાં ઓડીટ થઈ ગયા છે. શેઠ કસ્તુરભાઈ લાલભાઈ વીલાયતથી આવતાં તરત મીટીંગ ભરવા વિચાર હતો પણ કેટલાક અનિવાર્ય કારણોને લઇ જલ્દી નહીં બની શકવાથી ઉપરની તારીખે મીટીંગ ભરવાનું નક્કી થયું છે."

એ પ્રમાણે લખો છો તો આપને જણાવવાનું કે સભા ભરવા બાબત મેં આપને તા. ૨૯-૭-૩૪ ના રોજ પત્ર લખેલો ત્યારે આપે જણાવેલું કે "સંવત ૧૯૮૯ ના ચોપડા હજુ ઓડીટરો તપાસે છે." આ અને આ સાલના આમંત્રણપત્ર ઉપરથી જણાય છે કે સંવત ૧૯૮૮ ની સાલના તો ઓડીટ થઇ ગયા હતા. મીટીંગ લંબાવ્યાથી મંજુરીની શરતે સંવત ૧૯૮૯ ના ઓડીટ કરાવ્યા. તો જણાવવાનું કે સંવત ૧૯૮૭ ના ઓડીટ થયા હતા તો ગઇ સાલ મીટીંગ નહીં ભરતાં બે વરસ સુધી મીટીંગ લંબાવવાનું શું પ્રયોજન તે જણાવવા કૃપા કરશો. પાલીતાણા ઉપર એવાં કામ થાય અને બે વરસ સુધી સભા મળે નહી ત્યારે જૈન જનતામાં અસંતોષ ફેલાય એ સ્વાભાવિક છે. તો દરેક ખુલાસો આપવા તસ્દી લેશો.

લી. **મહાસુખભાઇ ચુનીલાલ**
સ્થાનીક પ્રતિનિધિ–વીસનગર.

પાલણપુર મૂર્તિપૂજક સમાજના દફ્તરે જ્ઞાતિ બહારની શીક્ષામાં શ્રી નાથાલાલ–પ્રભાવતીનાં નામ ચડી ચુક્યાં છે. શ્રી. નાથાલાલ–પ્રભાવતી લગ્નની મિમાંસા, સમાજરચના, સમાજ આદર્શની ચર્ચા કરતો અને યુવાનોના વિકૃત માનસની ઝાટકણી કાઢતો **શ્રી. ડાહ્યાભાઈ વી. મહેતાનો એક લેખ તરૂણ પાલણપુરના** અનિશ્ચિત પ્રકાશનને લીધે આવતા અંકે આ પત્રમાંજ પ્રગટ થશે.

વિદ્યાલયની કા. સ. ની ચુંટણી.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો ચાલુ સાલનો વહીવટ કરવા ઓધ્ધેદારો સહ કાર્યવાહી સમિતિની વરણી તા. ૧૮-૧૧-૩૪ ના રોજ શ્રીયુત રણછોડભાઇ રાયચંદના પ્રમુખપણા નીચે મળેલ સામાન્ય સભામાં નીચે મુજબ થઇ હતી:—

ટ્રસ્ટીઓ.

શેઠ મોતીચંદ ગીરધર કાપડીયા
,, રણછોડભાઈ રાયચંદ ઝવેરી
,, મણીલાલ મોતીલાલ મુળજી
,, અમૃતલાલ કાળીદાશ શેઠ
,, ચંદુલાલ સારાભાઇ મોદી

કાર્યવાહકે સમિતિ.

શ્રી. મોતીચંદ ગીરધર કાપડીયા	મંત્રી
,, ચંદુલાલ સારાભાઈ મોદી	,,
,, રણછોડભાઇ રાયચંદ શેઠ	ખજાનચી
,, ડો. નાનચંદ કે. મોદી	સભ્ય
,, પરમાનંદ કુંવરજી કાપડીયા	,,
,, સીમનલાલ મોતીલાલ પરીખ	,,
,, અબલચંદ કેશવલાલ મોદી	,,
,, ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ	,,
,, લલ્લુભાઇ કરમચંદ દલાલ	,,
,, મોહનલાલ દલીચંદ દેસાઇ	,,
,, ડો. મોહનલાલ હેમચંદ	,,
,, મણીલાલ મોહોકમચંદ શાહ	,,
,, જમનાદાસ અમરચંદ ગાંધી	,,
,, હીરાલાલ મંછાચંદ સોલીસીટર	,,
,, પ્રસન્નમુખ સુરચંદ બદામી	,,

આ રીતે થયેલ વરણીમાં જુના સભ્ય શ્રીયુત મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર અને શ્રીયુત મગનલાલ મુલચંદ ચુંટાયા નથી. પરંતુ અમને લખતાં હર્ષ થાય છે કે ઉત્સાહી અને યુવાન ભાઇઓ દાખલ થયા છે. તેમાંયે મંત્રીમાં ભાઇ ચંદુલાલની વરણીથી વધારે હર્ષીત થયા છીએ અને આશા રાખીયે છીયે કે વિદ્યાલયને વધુ મજબુત કરવા તેમ જૈન સમાજમાં કેળવણીનો ફેલાવો કરવા દરેક પ્રકારે ભોગ આપશે.

મૂર્તિપૂજા—અનુ. . . . . પા. ૨૦૨ થી

સાથ હોને લગી! શકિત યા પ્રકૃતિકી પૂજા પાંચવી યા છઠ્ઠી શતાબ્દીસે શુરૂ હુઈ! તાંત્રીક મત હીકે બાદસે મૂર્તિપૂજનને જોરે પકડા."

આ ઉપરથી એમ લાગે છે કે બુદ્ધ ને મહાવીરના જમાનામાં મૂર્તિપૂજા ન્હોતી, છતાં દરેક ધર્મના ઠેકેદારો મૂર્તિવાદને અનાદીકાળનો ઠરાવવાનાં બણગાં ફુંકે છે.

જૈન મહાત્મા દેવર્ધ્ધી ક્ષમાશ્રમણે જૈન આગમને પુસ્તકારૂઢ વીક્રમ ૫૧૦ કર્યું. જે આગમના નામથી ઓળખાય છે તેમાં પણ પૂજાવિધાન મૂર્તિ કે મંદિર અંગે કશું નથી. એટલે મૂર્તિવાદ અનાદિ કહેનારા 'આપ્તા વાક્યં પ્રમાણું" સિવાય કશું સાધન રજુ કરી શકે તેમ નથી.

મૂર્તિવાદની શરૂઆત—બુદ્ધના નિર્વાણ પછી તેના અવશેષોપર, રાજાઓ ને લક્ષ્મીનંદનો તરફથી ચૈત્યો સ્મારક સ્વરૂપે ઉભાં કરવામાં આવ્યાં, અને તે પણ શહેરો કે ગામડાઓમાં નહિ પણ પર્વતોપર, ગુફાઓમાં. જેવાં કે કેનેરી, એલીફન્ટા, કાર્લા નાસીક ઇત્યાદિ. તેમાં બુધ્ધ સાધુઓ રહેતા અને સમાજસેવા તેમ આત્મકલ્યાણ સાધતા. આ રીતે બુધ્ધ નિર્વાણ બાદ ચૈત્યની પ્રથમ શરૂઆત થઇ. તેમાં અશોકે અનેક સ્થળે સ્તુપો ઉભાં કર્યા એટલે લોક ભક્તિભાવથી તે તરફ ખેંચાયું.

વીરના ભકતો પણ એ દિશા તરફ ખેંચાયા અને ચૈત્યની શરૂઆત કરી. ચૈત્યવાદ એટલે મૂર્તિવાદ નહિ. તે પૂજવા માટે નહિ પણ યાદિ માટેની એક નિશાની. તેમાં સાધુઓ રહેતા અને ઉપદેશ દેતા. લગભગ પ્રભુ મહાવીરના નિર્વાણથી આઠસો વર્ષે એના શિષ્યો જંગલના ખુલ્લા વસવાટ છોડીને ચૈત્યમાં એટલે મઠોમાં વાસ કરવા લાગ્યા. ત્યારથી તેઓ પણ ચૈત્યવાસીઓ કહેવાયા.

ચૈત્યો સ્મારક તરીકે ઉભાં થયેલાં તેમાં પાદુકાઓની પધરામણી થઇ અને પછીથી મૂર્તિની પધરામણી થઇ. એટલે તેને માટે કાયદાની કલમો જેવાં શાસ્ત્રો રચાયાં, લોભ પ્રલોભની લાલચો અપાઇ, નરક સ્વર્ગની ધમકીઓ અપાઇ, રાજાઓ અને ભકતોદ્વારા છૂટે હાથે નાણાં ખરચાયાં અને ચૈત્યો મંદિરોના રૂપમાં ફર્યાં જે અત્યારે કરોડોની મુડી ધરાવે છે.

સ્ત્રીજાતિની અધોગતિ પાંચ પ્રકારે થાય છે:—(૧) સ્ત્રીઓને અવિવાહિત રહેવાનો નિષેધ કરવાથી. (૨) તેઓના માનસિક, આત્મિક અને શારીરિક હકકો છીનવી લેવાથી. (૩) બાલ્યાવસ્થામાંજ પોતાની પુત્રીઓના વિવાહ નહીં કરી દેવામાં આવે તો નરકમાં પડવાનો વારો આવે છે; એવું માતાપિતાને ધર્મગ્રંથો અથવા ભાષણોદ્વારા સમજાવવામાં આવે છે તેથી. (૪) સ્વાર્થસિદ્ધિને માટે નવા નવા શ્લોકો રચીને ધર્મગ્રંથોમાં ભેળી દેવાથી. અને (૫) સ્ત્રીઓને માટે શુદ્રાદિ નિંદાસૂચક શબ્દોનો પ્રયોગ કરવાથી.

ભલે આવો—અનુ. . . . . પા. ૨૦૧ થી

ધર્મ પ્રકાશ પાથરે છે—ધર્માંધતા ગાંડા પેદા કરે છે. ધર્મ સતત્ જાગૃત ભાન આણે છે—ધર્માંધતા ભાન ગુમાવતી ગુંડાશાહી પેદા કરે છે. ધર્મ પોતાનું બીજાને આપવાનું સુચવે છે—ધર્માંધતા દિક્ષાના નામ તળે બીજાનાં બચ્ચાં પડાવી લેવાની અધમ બુદ્ધિ ઉત્પન્ન કરે છે. ધર્મ ભાષા, વિવેક સુચવે છે—ધર્માંધતા "સવિજીવ કરૂં શાસનરસી" * એમ ભાખતાં છતાં ગાળોનો 'શબ્દકોષ' નિપજાવે છે.

ધર્મ અને ધર્માંધતાના આ ભેદ પારખી લીધા પછી, કયો યુવાન ધર્માંધતાના પોપડા ઉખેડવા કામે નહિ લાગે?

નાશની નૌબત ગડગડે છે. ધર્માંધતાના વર્ષો જૂના કિલ્લામાં ગાબડાં પડયાં છે. અને એ ઘડી દુર નથી જ્યારે એ કિલ્લો જમીનદોસ્ત થઇ ચૂકયો હશે. ભલે આવો એ ઘડી! તરૂણ જૈન એને આવકાર આપે છે.

* 'વિર શાસન'નું સૂત્ર અને એનાં પાનાં જુઓ.

જગતને જીવવું છે.

(લેખાંક ત્રીજો)

માટેજ આપણે આપણા બાળકોનાવિષે વિચાર કરતાં થયા છીએ અને એ જગતની અંદર આપણે ટકવું છે. જીજીવિષા એ પ્રાણિમાત્રને સ્વાભાવિક છે. એટલે મનુષ્ય માત્ર પોતાના આત્મરક્ષણ અને સંવર્ધન માટે પ્રયત્ન શીલ છે, પણ એ પ્રયત્ન જ્યારે આત્મલક્ષી મટીને દેહલક્ષી થાય છે ત્યારે જગતમાં અનાચાર–દુરાચાર વધે છે અને આ બધા અનિષ્ટો વધ્યા એટલે સમાજના નિયમોનો—સામાજીક નીતિનો, સહકારના ધોરણનો ભંગ થયો એટલે સર્વને અનેક પ્રકારની અશાંતી–આ અશાંત–અવ્યવસ્થા ને પાછી શાંતિ અને સુવ્યવસ્થામાં મૂકવાનો પુરૂષાર્થ શરૂ થાય છે ત્યાં મનુષ્યત્વ ખીલે છે.

ધર્મનો પ્રચાર.

એટલે અત્યારે જે રીતે ધર્મને ટકાવી રાખવાનો, અને જુની પ્રણાલિકા મુજબ પ્રચાર કરવામાં આવે છે તે અત્યારનાં યુગમાં વાસ્તવિક ધર્મ નથી. એ ધર્મના સ્વરૂપનું વિકૃત થયું છે કારણ કે તેની આખી ઇમારત ભય ઉપર, લાલચ ઉપર રચવામાં આવી છે, જુની પ્રણાલીકા અને પ્રચાર કરવાની રીતે તો મોતનો ભય બતાવવામાં આવે છે, સ્વર્ગની લાલચો આપવામાં આવે છે અને એમ કરીને સમાજની અવ્યવસ્થા–અશાંતિ વધારવામાં આવે છે અને જે સમાજના હિતનો, વ્યવસ્થા અને શાંતિનો ભંગ કરે તેને ધર્મ કેમ કહેવાય? એટલે સમાજહિત એ આત્મ–હિત સમજાય તોજ ધર્મ પ્રચાર સંભવી શકે.

વર્તનની કેળવણી.

એટલે અત્યારે આપણા આચારવિચારમાં પરિવર્તન થવું જોઇએ. સમાજ હવે વર્તનની કેળવણી માગે છે એટલેજ કોઇપણ વસ્તુ સમાજહિતને અનુલક્ષીને પ્રવર્તાવવી હોય તો તેને માટે વાણી કે બુધ્ધિપ્રયોગના જાદુ કામ લાગે તેમ નથી. સમાજ પાસે ક્રિયાત્મક સ્વરૂપ રજુ કરવું જોઇએ. અને એટલા માટે આરોગ્યના પ્રદર્શનો, સ્વદેશી પ્રદર્શનો, ઔદ્યોગિક પ્રદર્શનો પ્રજાને ખાસ કરી નિરક્ષર પ્રજાને બતાવવા જોઇએ, અને આવા પ્રદર્શનો શાળાઓમાંથી ઉભા થાય તો વધારે સુયોગ્ય છે.

આવી શાળાઓ ક્યાં છે?

ગુરૂકુળો અને બોર્ડિંગો એ આપણી શાળાઓ છે પુસ્તકાલયો અને આત્માનંદ સભાઓ એ બધું શું છે? ધર્મશાળા અને ઉપાશ્રયો પ્રજાકિય શાળાઓ નથી? આવી તો અનેકવિધ ખાનગી સંસ્થાઓ એક પલકવારમાં પ્રજાકિય શાળા બની શકે. અત્યારની સરકારી અને ગુલામીના કારખાનારૂપ કારકુનીયા કેળવણીની શાળાઓનો પુનરૂધ્ધાર અશકય છે, એ માટે તો પ્રજાના પૈસા અને સાધનોથી તેમજ પ્રજાકિય ભાવનાથી રંગાયેલા માણસોથીજ શાળાઓ શરૂ થવી જોઇએ અને તોજ આ પ્રદર્શનો વિદેશી સાધનો સામે સ્વદેશી ભાવના કેળવી શકે, અને છેવહેલે મોડે પણ કેળવણીના હરેક પ્રયોગો સુખી અને વિદ્વાનોને સાથે લઇને સામાન્ય પ્રજાએજ કરવાના છે.

આ બધું કયારે થાય?

એમ લાગે છે કે આપણે વ્યકિતગત પ્રયત્ન આદરશું તોજ થઇ શકે. કોઇ કોઇની રાહ જોવાથી અથવા અમુક સમાજ કે જ્ઞાતિ હરાવ કરશે અથવા એની સાથે હજારો કે લાખો કરે તોજ 'સફળ' થઈ શકાય, એવી નીતિથી કોઇ પ્રજા કે સમાજનો ઉધ્ધાર શકય નથી. મારૂં જીવન એ સમાજનું છે મારી માલીકીપણાનો દાવો હું છોડી દઉં તો સહેજે મ્હને મ્હારી જવાબદારીનું ભાન આવે અને મ્હારૂં કોમીપણું અદશ્ય થાય. આ બધી વિચારણાઓની આડે, 'મારૂં' એટલું બધું આડે આવવાનું, પણ મ્હારો અમુક ધર્મ, અને મ્હારૂં અમુક ગોત્ર, અને હું કલાણી જ્ઞાતિનો એ બધું ભૂલી જવું જોઇએ. હું માણસ છું અને મ્હારૂં મનુષ્યત્વ તોજ છાજે, જો હું માનવસમાજને સરખી આંખે નિહાળું.

—લાલચંદ જયચંદ વોરા.

સન ૧૮૫૦ માં પ્રત્યેક ભારતવાસીની આવક દરરોજ ૮ પસાની હતી. સન ૧૮૮૨ ના સરકારી રીપોર્ટ પ્રમાણે આપણી આવક દર મણુસ દીઠ ૬ પૈસાની ગણાઈ હતી; અને સને ૧૯૦૦ માં મી. ડીગ્બીના હિસાબ પ્રમાણે તે આવક ઘટીને માત્ર ૩ પૈસા થઇ ગઇ છે.

લોહીનાં વેચાણ—અનુ. . . પા. ૨૦૫થી

બાળાઓના જીવન ઘૂળમાં રગદોળાતાં હશે? આશાભર્યાં એ કુમળાં પુલ લોહીના પૈસે તાગડધીના કરનાર એ નરપીશાચોના પાપે અગ્નીમાં હોમાતાં હશે તે તો પ્રભુ જાણે—રસીક! આજનું લગ્ન અટકાવી શકાય તેમ નથી—ગમે તે ભોગે આ લગ્ન અત્યારે અટકાવાય તો પછી તો સૌ સારાં વાનાં થશે.

રસીક—વચમાં ચારજ કલાકનો વખત છે. ઉઘાડો એ કાર્યમાં હું ભાગ લઇ શકું તેટલી હીંમત મ્હારી નથી પરંતુ અંદરખાનેથી જે મદદ જોઇએ તે આપવા ખુશી છું. કોઇ રીતે અગ્નીમાં હોમાતી બાળાને બચાવી શકાતી હોય તો આપણે અત્યારેજ પગલાં લેવા જોઇએ.

નરહરી—બાજી હાથથી ગયેલી છે. જાન પણ આવી ગઇ છે. કુંક વખતમાં વરરાજા પરણવા પણ આવશે. આપણી પાછળ પીઠબળ પણ નથી. મ્હારો ગામ સાથે એટલો બધો પરીચય પણ નથી. છતાં જો પ્રથમ મને આથી વાકેફ કર્યો હોત તો જરૂર તેના ઉપાયો યોજી શકત્ હવે બીજી ધમાલ થઇ શકે તેમ નથી. છતાં આપણે ત્હારા માસા પાસે જઇ બે અક્ષર કહીએ અને સમજાવીએ અને કોઇપણ બ્હાને લગ્ન મૂલતવી રખાય તો પાછળથી બધી વ્યવસ્થા કરી શકાશે.

અપૂર્ણ.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

બુદ્ધિનો ઉપયોગ કરો. Reg.No. B. 3220



વાર્ષિક લવાજમ ૧-૮-૦ છુટક નકલ ૧ આનો. | શ્રી જૈન યુથ સોસાયટી (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર તંત્રીઃ મણિલાલ એમ. શાહ. | વર્ષ ૧ લું અંક ૨૩ મો. શનીવાર તા. ૧-૧૨-૩૪

ગાડરોત્પાદક કારખાનાં.

ગાડરીયા વૃત્તિ એ કુદરતી નથી અને એથી કંઈપણ કરતાં પહેલાં બાળકો કારણ જાણવા માંગે છે. જીજ્ઞાસા વૃત્તિ બાળકોમાં સભર ભરી હોય છે.

સંસારનું નિયમન છે, પ્રતિરોજ પ્રત્યેક બાળકે મૂર્તિ પૂજવી સ્વભાવિક જીજ્ઞાસાથી બાળક મૂર્તિ પૂજવાના લાભ જાણવા ચાહે છે. મન મારીને ગાંભિર્યથી આપણે કહીએ 'એથી કલ્યાણ થાય.' જીજ્ઞાસા આગળ વધે, 'પૂજા ન કરીએ તો અકલ્યાણ થાય?' અને ઘણા બાળકો પૂજા કરવા માટે અખાડા કરે છે.

પ્રમાણિકતા પોકારે છે સ્પષ્ટ કહી દેવા 'બાપુ! આ પૂજા તો તમારે કેવળ સંસ્થા નિભાવનારાઓને રાજી રાખવાજ કરવાની છે. બાકી પ્રભુ તો એટલો દયાળુ છે કે પૂજા કરનાર અને નહિ કરનાર બન્નેપર અમાપ અમીધાર રેડતોજ રહે છે. એ તમામનું કલ્યાણજ કરે છે.'

જરાક ઉમ્મરે પહોંચેલા વિદ્યાર્થીઓ ફરજીઆત સામયીક અને ફરજીઆત પ્રતિક્રમણના કાનુનોપર બુદ્ધિના હથોડા ઠોકે છે—એટલા જોષપૂર્વક કે કાનુનની કડીઓ તૂટી જાય છે.

એ કહે છે 'આ રોજેરોજની ક્ષમાપના શી? રૂઢીએ રહી પ્રતિદિન પશ્ચાતાપનાં સુત્રો શા સારૂ, જે બીજા દિવસે એજ આચરણ આચર્યેજ જવાના છીએ તો? પાપ કરવાના છીએ, કાલે અને જીવનાનંત કાલો સુધી, તો મનને છેતરવાના આ પ્રયત્નો શા કામના?' અને અંગુલી નિર્દેષી ધર્મી મનાતા માનવોની દંભની જવનિકા ચીરી એ યુવાનને સહજ એવી નિડર સ્પષ્ટતાથી સાચું જીવન બતાવે છે.

પશ્ચાતાપમાં એને શ્રધ્ધા નથી એમ નથી પરંતુ એ માને છે કે પશ્ચાતાપ થયા વિના—પાપ આચરવાની પૂરી તૈયારી સાથે—પુણ્યાત્મા બની બેસવું એમાં અધમતાની અવધી છે. અને એની વાત બરાબર લાગે છે.

રૂઢીમાં પાડી દઇને, વિચારદ્વાર બંધ કરી દઇને, 'કહમજ્જે ન કહમજ્જે પરંતુ તમારે પ્રતિમા પૂજવીજ જોઇશે, તમારે સામયીક પ્રતિક્રમણાદિ કરવાંજ રહેશે.' એ પ્રકારની જડ શૃંખલા હવે તૂટવીજ જોઇશે.

હું તો જોઇ રહ્યો છું જ્હે જ્હે સંસ્થામાં ધર્મને નામે બાળકોપર આ પ્રકારનો અત્યાચાર ગુજરે છે એ સંસ્થા બાળકોની સ્વાભાવીક વૃત્તિઓ કચડીને એમને ગાડરીયા, દંભી ને પાખંડી બનાવી રહી છે.

પણ ધર્મને નામે પૈસા દેનારાઓની મનોવૃત્તિ આ વિના બીજી નથી 'બીજું ગમે તેમ હો ધર્મના નિયમો અમૂક પળાવાજ જોઇએ.'

અને એ મનોદશામાં ઉત્પન્ન થએલી ગુલામી એનું કર્ત્તવ્ય અદા કરે છે. આ રીતે કેસરખરડી આંગળી મૂર્તિને લગાવી દેવી; સામયીક, પ્રતિક્રમણમાં ગપ્પાં મારવાં ને તોફાન આદરવાં—અને દુધ, ઘીનો દંડ થતો બચાવવો.

આવી મનોદશામાંથી ઘડાતા આપણાં જૈન છાત્રાલયોનાં બાળકો જુઓ. સ્વતંત્રતા વિનાના એ સૌ આપણને માનવદેહધારી ગાડરો જણાશે. અને આપણો બાળક એમાં હશે તો પહેલી તકે આપણે એને ઘેર લઇ જઇશું, અને ધરાઇશું કે ગાડરોત્પાદક કારખાનાં જલ્દી બંધ થાઓ. એમાંજ સમાજનું કલ્યાણ છે એમ આપણને લાગ્યા વિના રહેશે નહિ.

તરૂણ જૈન

શનીવાર, તા. ૧-૧૨-૩૪.

બુદ્ધિનો

ઉપયોગ કરો.

કયા બાગમાંથી એ સુગંધ આવે છે? કયા પુષ્પની એ મીઠી ખુશબો છે? કયું અત્તર મ્હેકે છે તે આપણે નથી જાણતા; પરંતુ સૌરભની મજા ભોગવી શકીએ છીએ એ વાત એટલેથીજ પતાવી આગળ શોધ કરવાનો પ્રમાદ સેવીએ છીએ.

પરમાત્માની સેવા, પૂજા કે ભક્તિ ભાવનો આનંદ એથી જુદા પ્રકારનો છે. એ આનંદને સેવાના રૂપમાં પાછો વાળવો પડે છે, પરંતુ ટેકાણાની જો બરાબર ખબર ન હોય તો એ સેવા પ્રાપ્તિ કરવાને બદલે ગેર વલ્લે જાય. આનંદ કયાંથી મળે છે, એ ન જાણવાથી નુકશાન નથી, પણ આનંદનો બદલો પાછો વાળવામાં જો સ્થળની ભૂલ થાય—બુદ્ધિનો ઉપયોગ ન થાય તો નુકશાન વેઠવું પડે.

પરમાત્માને તમે નૈવેદ્ય ધરોછો, એમના અંગની આસ-પાસ હીરા, માણેક, મોતી ને સોના ચાંદીના આભૂષણો ગોઠવો છો. એમને કસ્તુરી, બરાસ, ચંદન ને કેસર જેવી સુગંધી વસ્તુઓના લેપ કરો છો, નિર્મળ જળ, ને દુધથી સ્નાન કરાવો છો, પણ એ નૈવેદ્ય થી લાખ્ખો ભૂખ્યા માણસોના પેટમાં એક ટુકડો પહોંચતો હશે ખરો? તમે જર અને જવેરાત ઓઢાડો છો પણ વસ્ત્ર વિના ચિંથરેહાલ ફરનાર, પૈસા માટે કાળી મજુરી કરનાર, ગરીબાઇને લીધે પાયમાલ થનાર, કેળવણીના સાધનોના અભાવે અજ્ઞાન રહેનાર અનેક કુટુંબોને એક કોડીનો પણ લાભ મળશે ખરો?

ભગવાન ભક્તિ જગતના કલ્યાણ માટે છે; છતાં એ ભક્તિનું એવું પરિણામ ન આવતું હોય અને વિપરિત પરિણામ આવતું હોય તો એ ભક્તિ નો કાંઈ વિચાર કરો છો કે વિચાર બુદ્ધિને બાજુએ મૂકી ગાડરીઆ ટોળાની પેઠે હાંકયે રાખો છો! બુદ્ધિ શાળીનો દાવો કરનાર વણીક કોમ બુદ્ધિનો ઉપયોગ ન કરે તો એ વણીક કહેવાય? મેવા, પૂજા કે ભક્તિનો અર્થ એ નથી થતો કે આપણે આપણી જાતને છેતરી સમાજમાં વાહવાહ કહેવરાવવા મોટા ભા બનવા, ધર્માત્મામાં ખપવા દંભ કરવો.

જેણે ત્યાગનો મહામંત્ર સુણાવ્યો હોય, જેણે ત્યાગ માટે અનેક પરિશ્રમો વેઠયા હોય તેનાજ મંદીરીએ જરઝવેરાતના ઠઠેરાથી એમના ઉપદેશની વિરૂદ્ધ કર્તવ્ય નથી લાગતું?

તમે કહો છો કે "ભગવાનની પૂજા અને જીવદયા એ બંને અમારી આરાધનાનાં અંગ છે." આ તમારી વાત કબુલ રાખીએ છતાં તમે એટલો તો વિચાર કરી જુઓ કે તમે દુકાનદારીને રીતે જે ભક્તિ પૂજા કરો છો તે જગતના દુઃખ નિવારણમાં ઉપયોગી થાય છે કે વધારો કરે છે.

તમે માની લીધું કે જનસેવા કરતાં ભગવાનની મૂર્તિની સેવા મુખ્ય છે. એટલેજ જનસેવાની ચિન્તા ઉંચી મૂકી ખરૂં કર્ત્તવ્ય છોડી દઇ મૂર્તિમાટે જરઝવેરાતની આંગી કરાવવી, નૈવેદ્ય ધરવું, લાખ્ખો ખરચવા, ભગવાનની નામે દુકાનદારી કરવામાંજ ધર્મમાની મ્હોટામાં મ્હોટું કામ પૈસાના જોરે સહેલાઇથી પતાવી નાંખી જનસેવાનું કામ ઉંચે મૂકયું.

આપણી સમાજમાં મનુષ્યોને કેટલી વિટંબણા થાય છે? જેને શાસ્ત્રો કહેવામાં આવે છે તેના શ્લોકોમાં મનુષ્યત્વની મહત્તા છે, તેને ગાવી ને સાંભળવી ગમે છે, પણ આજના ગાનાર ને સાંભળનારનું આચરણ જોતાં એમ કહેવું પડશે કે આચારમાં મોટું મીંડું મૂકાય છે, કારણ કે ધર્મ સાધનામાં મનુષ્ય સેવાને આપણે ગૌણ બનાવી મૂર્તિ, મંદીરો, આંગી, ઓલી વિગેરે પાછળ આપણે પાગલ બન્યા એટલેજ આ સ્થિતિ ઉત્પન્ન થઈ.

ધર્મના ઠેકેદારોના હાથે આપણે ઘણો માર ખાધો. મૂંગે મોઢે સહન કરતા આવ્યા. આપખૂદીના પરવાના પાકા થતા ગયા. અજ્ઞાનમાં સમાજને દીનતા, વ્હેમ, ને અજ્ઞાનતાનો વારસો મળ્યો. પુરૂષાર્થને બુદ્ધિ બાજુએ મૂકાઈ. બે હાથ કપાળે મૂકી દૈવ સામે તાકીને બેસી રહેવાનું સુઝયું એ દુર્દશા નહી તો બીજુ છે શું?

મનુજમાળના કલ્યાણ માટે જે રાતદિવસ મથ્યા રહે છે—સેવા કરે છે, ત્યાગ પાળે છે, તે શું ભગવાનનો ઓછો ભક્ત છે? વાતે વાતે જે વાતોડીયાઓ શાસ્ત્રના હવાલા આપે છે, વિધિ-વિધાનના નવાં નવાં વર્તુલો રચે છે, પોતાનેજ પરમ ધાર્મિક અને શ્રદ્ધાળુ માને—મનાવે છે, એવા અહમભાવીઓ કરતાં પ્રાણીમાત્રના સુખ, કલ્યાણ અને શાન્તિ માટે કાયા નિચોવી નાખનાર મહારથીઓ સાચું આત્મકલ્યાણ કરી રહ્યા છે. તેજ સાચા સાધુઓ છે તેજ જગતવંદ્ય મહાપુરૂષો છે.

લગાર એટલું તો વિચારો કે જેના પસીનાથી તમે માલદાર બન્યા છો, તેની સેવાની,—મનુષ્યસેવાની ઉપેક્ષા સેવી મંદિરો અને કહેવાતાસાધુઓ પાછળ લાખો ને કરોડો ખરચો છો તેમાં કલ્યાણ છે? તેમાં સેવા છે? તેમાં ભૂખ્યાને રોટી છે? તેમાં ચીંથરેહાલને એક તાંતણો પણ છે? બીજાની બુદ્ધિએ દોરવા સાથે તમારી બુદ્ધિનો ઉપયોગ કરશો તોજ સીધો રાહ સૂઝશે, એટલે પુરૂષાર્થ સાધી શકશો, સત્ય સાધી શકશો, ત્યાગી બની શકશો, ધર્મસાધના વિકૃત બનતી અટકાવી શકશો અને તમારૂં તેમ અન્યનું કલ્યાણ કરી શકશો.

ધર્મનું શુદ્ધિકરણ.

લેખાંક છઠ્ઠો.

[છેલ્લા લેખ માટે જુઓ તા. ૧-૭-૩૪ નો અંક]

ધર્મનું શુદ્ધિકરણ વાંછનારાઓએ નિરવેજ થયેલાઓ અર્થે કંઇક આત્મસમર્પણ કરવું પડશે એ વાત નિઃસંશય છે.

ધર્માચાર્યો તો કહે છે કે દુબળા અને અજ્ઞાન લોકો તો પૂર્વે 'પાપ' કરીને અવતર્યા છે, એમના એ ભોગવે. હવે એ માટે આપણાથી શું થાય?

આ નિર્માલ્ય મનોદશા વચ્ચે આધુનિક ધર્માચાર્યો પાસેથી વધુ આશા ન રાખી શકાય, કોઇપણ પુરૂષાર્થવાદીએ ન રાખવી જોઇએ.

અને દુબળા કે અજ્ઞાન હરિજનો, સ્ત્રીઓ, બેહુનો અને એવા પછાત લોકોનો ઉધ્ધાર પૈસાથી કે એવા પાર્થિવ સુખો વડે થોડોજ થવાનો છે?

જો આ વર્ગનો ઉધ્ધાર થવાનો હોય તો આપણે પાટે ચડી બેઠેલા વિદ્વાન, કેળવણી પામેલાઓ અને શિક્ષિત સમુદાયના દીલપલટાથી થવાનો છે. ધર્મનું શુધ્ધિકરણ નવીજ રીતે થવા સરજાયું છે. જ્યારે આજના વિદ્વાનો અને રાજદ્વારીઓ નિરાભીમાની થઇને પોતાના ઐશ્વર્ય, વૈભવ અને સંપતિનો ત્યાગ કરી લોકસેવા સ્વિકારશે, ઉચ્ચ નીચના ભેદોને લાત મારશે, અને ગરીબાઇના વ્રત લેશે ત્યારે દુબળા જનોને કંઇક રાહત મળશે.

આપણે આગલો પાછલો ઇતિહાસ તપાસીશું તો માલુમ પડશે કે મહારથી જેવાઓ વિજયનો સ્વાદ ચાખવા શોભવાને બદલે તેઓ રાજદ્વારી સન્યાસીઓ થયા છે. રાજનિષ્ઠ અને રાજદ્વારી કહેવાતા આગેવાનોએ સન્યાસ સ્વિકારવો પડશે.

મહા મંડળ
ની
જનરલ સભા
નાતાલમાં
સુરત મુકામે
મળશે.
જોડાયેલી દરેક સંસ્થાને
પોતાના
પ્રતિનીધી
મોકલવા વિનંતિ
કરવામાં
આવે
છે.

અત્યારે ધર્મની વાતો પાછળ નૈતિક તત્વનો અંશ પણ કયાં છે? ધર્મને નામે જૈનો કોઈ આર્થિક અને સામાજીક વ્યવહારનીજ સગવડો શોધે છે. એટલાજ ધર્મ માટે શુધ્ધિકરણ માગે છે. ધર્મની સળંગ કાયા પલટી નાખવાની જરૂર છે.

ધર્મ તો સનાતન અને અવિચળ છે. તેના મુળ તત્વોમાં કોઈ ઠેકાણે વિરોધ નથી, બાહ્યાચારમાં હંમેશાં પલટો લીધો છે અને રહ્યાજ કરવાનો.

ધર્મનો અંચળો ગમે તેવો સફેદ હોય કે ના હોય તેનું સ્વરૂપ પ્રેમમય હોવું જોઇએ. આજે એ ધર્મને સ્થાને ખુલ્લો દંભ દેખાય છે.

આવો ધર્મ અમારે ના જોઇએ એમ પોકાર કરીને આપણે કહેવું જોઇએ, જે ધર્મ થકી અમને સુખ અને શાંતિ સાંપડવા જોઇએ, એ ધર્મ આજે લગ્ન-વ્યવહારની કે ધર્મના ક્રિયાકાંડોની અમુક પ્રણાલિકામાંજ સમાઇ જાય છે.

ધર્મના આ વિકૃત અને સંકુચિત સ્વરૂપમાં પરિવર્તન લાવવાની અગત્ય છે. સાધુ આચાર્યોના વાડા વાડીઓને તોડવા જોઇએ, શ્રીમંતો અને આગેવાનોની સગવડરૂપ ન્યાતોની ગઢ તોડવી જોઇએ, જુલ્મી રાજાઓના 'કાયદા અને વ્યવસ્થા ભાંગવા જોઇએ.

ધર્મના શુધ્ધિકરણ માટે આત્મસમર્પણની જરૂર છે.

—લાલચંદ જયચંદ વોરા.

શ્રી. પ્રભાવતી-નાથાલાલ સમાજ—રચના આદર્શ અને યુવાન માનસ.

લગ્નમિમાંસા:—

લઘાભાઇ વી. મહેતા.

પાલણપુર મૂર્તિપૂજક સમાજની એ કથા છે.

સમાજ માનવીઓ પોતાની કન્યાઓનાં વૈભવશાળી સ્વપ્નાંઓ જોવાને જે કુટુંબ તરફ એકી ટશે મીટ માંડવાની હરીફાઇ આદરી શકે છે, એટલું સાધનસંપન્ન એ **પરીખ કુટુંબ** છે. તે કુટુંબના આજદિન સુધીના સમાજ સૂત્રધારોમાંના એક આગેવાન પિતાના શ્રી. નાથાલાલ પુત્ર છે.

એમણે ખૂબ વાંચ્યું છે; વાંચનની અસર પણ એમના ઉપર ખૂબ થઈ છેઃ જાતે સશક્ત દેહધારી યુવાન છે. સ્વભાવે લહેરી અને મોજીલા છે. હમણાં હમણાં વધુ સમય વિલાયતમાં એ ગાળે છે, અને ત્યાંના સંસ્કારને જીવનમાં પચાવે પણ છે.

x x x

કદાચ લાંબા સમય ઉપર વિખુટું પડયું હશે એવું એ **પરીખ કુટુંબનું** ભાયાત **કોઠારી કુટુંબ** છે. સમાજના જુનવાણી કલેવરો જેના એક એક કાર્યે દાઝી ઉઠે એવું એ સુધારક કુટુંબ છે. સમાજનું સુધારક માનસ પણ જેને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ વખોડી કહાડે એવી એ સુધારક કુટુંબની ખૂબીઓ છે. પરીખ કુટુંબ પોતાની કન્યાને કે પુત્રને મટી ગયેલા ભાયાત કુટુંબ સાથે પરણાવવામાં વાંધો ગણતા નથી. બલકે મોટપ મહાણે છે. કદાચ કોઠારી કુટુંબ સુધારક તરીકે પાછળથી ગણાયું હશે

x x x

બન્ને કુટુંબે સમાજને સમયાનુસાર અનેક આગેવાનો આપ્યાં છે, એવા એક સમાજનેતા કોઠારી પુત્ર પિતાનાં, અને પરીખ પુત્રી માતાનાં શ્રી. પ્રભાવતી પુત્રી છે, કોઠારી અને પરીખ કુટુંબનું લોહી એમની નસોમાં ઉતરી આવેલું છે.

x x x

શ્રી. નાથાલાલ નાની ઉંમરે માતાપિતાએ કરેલા સગપણ સંબંધને માન્ય રાખીને લગ્નગ્રંથીથી જોડાયા હતા. સમાજ માનવીઓની દ્રષ્ટિએ તેમનાં પ્રથમ પત્ની શ્રી. જાસુદબેન એક સંસ્કારી, સુશીલ અને ઘરરખુ ગૃહીણી છે; ત્યારે શ્રી. નાથાલાલની દ્રષ્ટિએ એ નુતન દ્રષ્ટિને નહી સમજનાર; જડ અને અસંસ્કાર સ્વામીની છે; પોતાના જીવનને અનુકુળ થઇ શકે, પોતાના જીવનને સમજી શકે, પોતાના મિત્ર બની શકે એટલી શક્તિ વગરનાં એ છે. x x x x x

લોકમત અને શ્રી. નાથાલાલ બન્ને સાચા છે. સ્ત્રીજીવનની ગઇ કાલ સુધીની નક્કી થયેલી કાર્યપ્રણાલીકા પ્રમાણે શ્રી. જાસુદબહેન સારાં, ડાહ્યાં ઘરરખ્યુ (House woman) બાઇ તરીકે ગણાય, અને શ્રી. નાથાલાલના મત પ્રમાણે એ ફક્ત ઘરરખુજ છે, આજના યુગમાં એમના વિચારોને સમજી શકે; એમના કાર્યને પ્રોત્સાહન અર્પી શકે, અને સહકારના ધોરણે આગળ વધી શકે તેવું નથી. જેને આપણે **વિચારતાં કમોડાં** કહીએ તેવુંએ જરૂર છેજ.

અને તેથીજ શ્રી. નાથાલાલે માનસીક સંતોષ આપી શકે તેવી; વિચારોને ઝીલી પ્રેરણા અર્પી શકે તેવી, કર્વે યુનિવર્સીટીનાં વિદ્યાર્થીની શ્રી. પ્રભાવતી સાથે સહવાસ અને ખૂબ પરિચય પછી લગ્ન કર્યાં: અને શ્રી. જાસુદબહેનને તમામ પતિહક જતા કરવા પડયા. x x x x x

સમાજના માનવીઓ શ્રી. નાથાલાલને દોષિત ગણે છે. સમાજના અસંતોષી યુવાનો શ્રી. જાસુદબહેનને કારણભૂત ગણે છે. વિચાર વગરના શ્રી. પ્રભાવતીના માથે તમામ દોષનો ટોપલો મૂકવા ફાંફાં મારે છે. કોઇ ધનના તો કોઇ વિદ્યાભ્યાસનાં વાંક કહાડે છે; કોઇને કોઇ કારણથી બોલવું પડે છે, કોઇ બીજા કારણે બીજીજ રીતે બીજે મહોડે બોલ્યા કરે છે. x x x x x

તમામની અસર આઠ દસ માસ વિત્યે પાલણપુરના મૂર્તિપૂજક સમાજ ઉપર બીજી રીતે થાય છે. કેટલાક કોઇ કોઇ કારણે "જ્ઞાતિબહાર"ના સૂરના પડઘા પાડે છે, અને સમૂહબળ સમાજના દફ્તરમાં શ્રી. નાથાલાલ-પ્રભાવતીને 'જ્ઞાતિબહાર'ના માનચાંદની લહાણીની નોંધ કરવાની ફરજ પાડે છે. એટલે શ્રી. નાથાલાલ-પ્રભાવતીનાં પુત્રોને એ સમાજના માનવીઓની કન્યા નહી મળી શકવાની શિક્ષા થાય છે! x x x x

શ્રી. નાથાલાલ-જાસુદબહેન-પ્રભાવતી ત્રણેએ વધતે ઓછે અંશે દોષિત તો છેજ. શ્રી. નાથાલાલ જેવા સાધનસંપન્ન યુવાન થોડાક ધનના વધુ ભોગે શ્રી. જાસુદબહેનને પોતાને મળતા વિચારોનાં બનાવી શકત. કદાચ થોડી ઘણી ખામી રહી જાય તો પોતે આત્મભોગ આપીને પણ એ વસ્તુ પ્રાપ્ત કરી શકત, અને છતાંએ કંઇક કંઇક અંતરનો ઉદ્વેગ રહત તો પોતે એક યુવાન વિચારકને છાજતા સહનશક્તિના—નિભાવી લેવાના—પાઠ સમાજને આપી શકત. પણ એટલી સહનશક્તિના અભાવે, એ પ્રકારના આદર્શે પહોંચવાના પ્રયત્ન ન કરતાં માનવસુલભ પ્રકૃતિએ એમણે શ્રી. પ્રભાવતી સાથેના લગ્નથી શ્રી જાસુદબહેનને જીવન્ત વૈધવ્યમાં મૂકી દીધાં. હિન્દુ સમાજના—હિન્દુ કાયદાના મળતા લાભ હક એમણે સ્વિકારી લીધાં અને એમનાં પત્નીની સ્થીતિ એક સુધારક-વિચારકને એબ લગાડે એવી કરી મૂકી. x x x x

શ્રી. જાસુદબહેનનો પણ દોષ ઓછો તો નથીજ. શ્રી. નાથાલાલે જ્યારથી નૂતન વિચારનાં પીણાં પીવા માંડયા, ત્યારે એમણે એમના જીવન-સંગાથી તરીકે જીવવાને, એમના પતિની ભાવનાઓને પોષવાને, એમના વિચાર ઝીલવાને, અને કાર્યપ્રદેશ સમજવાને માટે પ્રયત્ન કરવાની ખૂબ જરૂર હતી. શ્રી. નાથાલાલની ખામીઓને સમજીને ઘોળીને પી જવાની; હિંદુ સંસારની અબળાની નિરાધારીતા સમજીને નમ્ર ભાવે એમને વિનવવાની, સમજાવવાની જરૂર હતી. શ્રી. નાથાલાલે એમણે વિદ્યાવ્યવસાયી બનાવવાને કરેલા તમામ પ્રયત્નોને આવકાર આપીને પોતાની જાતને નવયુગ પ્રમાણે તૈયાર કરવાની જરૂર હતી. એમણે કરેલા નિષ્ફળ પ્રયત્નોમાંથી ઉપજેલા પ્રત્યાઘાતે શ્રી. નાથાલાલને બીજા લગ્ન માટે—અન્ય સુખ માટે વિચારતા કર્યા તે પહેલાં જે લાંબો સમય—સુલેહકાળ—તરીકે ગણાયો હતો તેટલા સમયમાં ભાવી સ્થીતિની કલ્પના કરીને પણ એમણે એમની જાતને તૈયાર કરવી જોઇતી હતી. પણ એ સ્વપ્રયત્નથી મળતા લાભો જતા કરીને એમણે

નારીની નીરાધારીતાથી પાલણપુરના મૂર્તિપૂજક સમાજ પાસે 'પુરૂષ એક ઉપર બીજી સ્ત્રી કરી શકે નહીં'ના કાયદાથી શ્રી. નાથાલાલ સામે સમાજના તુચ્છ બંધનો મૂકવાની ધમાલ આદરી.

નારીજીવનપરની સહીતૃષ્ણુતા દાખવીને નહી પણ ઉત્સાહના આવેગમાં શ્રી. જસુદબહેનના બહોળા સગાવ્હાલાઓની અને યુવાનોની ધમાલના લીધે, સમાજે કાયદો કર્યો. શ્રી. નાથાલાલના દીલમાં રહીસહી પુરૂષજાતની દયાનો અંશ પણ ચાલ્યો ગયો. શ્રી. જસુદબહેને પોતાનાજ હાથે પોતાના દુઃખમય ભાવીને પરોક્ષ રીતે આવકાર આપ્યો.

શ્રી. પ્રભાવતીએ પણ જો શ્રી. નાથાલાલ અને જસુદબહેનના જીવન-કલહને ઓછો કરવા પ્રયત્ન કર્યો હોત તો એ વધારે સફળતા પ્રાપ્ત કરી શકત. શ્રી. જસુદબહેન અને શ્રી. નાથાલાલના વિચારોની ભિન્નતા સમજી કંઈ રાહ દર્શાવી શકત, પણ એ સ્ત્રી પુરૂષના વિચારોને ફેરવવાને ખૂબ લાંબા સમયની જરૂર પડત કે જે પાલણપુરના સમાજની આંખમાં કણની માફક ખુંચી જાત.

ત્રિપુટીના આટલા દોષ કરતાં સમાજરચનાનો દોષ એથી ભયંકર છે. સમાજને એકેય ધ્યેય નથી, સમાજને સ્ત્રી પુરૂષની સમાનતા માન્ય નથી, સમાજરચના સ્ત્રી અને પુરૂષને જીવતા નર્કોમાં ધકેલી મુકવાનુંજ કાર્ય કરે છે. એ માનવીઓને જીવતાં સડાવી મારે છે. સમાજની માન્યતાઓ ઉંધી છે. સમાજની સમજણ અવિશ્વાસના વાતાવરણપર સરજાઈ છે. સમાજ માનવીને ભીરૂ બનાવે છે. મનુષ્યને નિર્માલ્ય કરી મુકે છે.

એની એ સમાજરચનાથી સમાજના માનવીઓ બિચારાં થરથર કંપે છે, અને મૂંગે મોઢે સહન કરી લે છે, કેટલાક સીફતથી સમાજને છેતરે છે, કેટલાક સમાજને બનાવે છે. એથી સમાજ ધાર્યા કરતા ઉંધુંજ પરીણામ નિહાળે છે. સમાજ સ્ત્રીજાતીને ગાયની ઉપમા આપી ગમે ત્યાં વળગાડી દે અને અત્યાર સુધીની તમામ કન્યાઓ એ પ્રમાણે માતાપિતાની કુલીનશાહીના ખપ્પરમાં ભોગ બનતી આવી છે. આજની સમાજરચનામાં કોઇ પિતા વિક્રય કરે છે ત્યારે બધાજ પિતા અદલોબદલો કરે છે. (Some cash girls while all exchange girls.) શ્રી. પ્રભાવતી સંસ્કારી. અભ્યાસી અને વિચારક હોઇ સમાજના એવાં બંધનોના પુર્ચા ઉડાવી દેવા પ્રયત્ન કરે એ સ્વાભાવિકજ હતું; પણ સમાજરચના કુમાર અને કુમારિકાના સહવાસ અને પરિચયપર અવિશ્વાસ રાખતું હોઇ—સ્ત્રીજીવનને ફોલી ખાતું હોઇ, સ્ત્રીજાતિની નિર્બળતાને વશ થઇ શ્રી. પ્રભાવતીએ અન્ય કોઈ કુમાર સાથે સહવાસ ન રાખતાં, જેની સાથે પત્નીની આઠ હોય તેવા શ્રી, નાથાલાલ સાથે પરિચય વધાર્યો; પ્રથમ લગ્નજીવનની તપશ્ચર્યામાં નિરાશ થયેલા શ્રી. નાથાલાલને જીવનમાં શાન્તિ અર્થે શ્રી. પ્રભાવતીનો સહવાસ—સહકાર ખૂબ જરૂરીયાતનો લાગ્યો, અને અન્તે એમનો ગાઢ પરિચય લગ્ન-જીવનમાં પરિણમવા પામ્યો.

જે લગ્ન અટકાવવાને યુવાનોએ સાચી વસ્તુસ્થીતિ રજુ કરી હતી, જે લગ્ન અટકાવવાને સમાજના વૃધ્ધો સાથે યુવાનોએ સાથ દીધો હતો તે કાયદો આમ બેધડક શ્રી. નાથાલાલે ઉડાવી દીધો, અને સમાજના બની બેઠેલા અગ્રેસરોનો સાચો કસોટીકાળ પાસે આવ્યો. x x x x

એક બાજુ કોહારી કુટુંબની લાગવગ મોટી, અને એક બાજુ પરીખ કુટુંબનો સંબંધ—સ્નેહી પરિવાર—મ્હોટો. વળી લગ્ન પૂર્વે તરતજ પૂર્ણ થયેલા ઉત્સવમાં પાલણપુર સમાજના અગ્રગણ્ય ચળવળીઆઓને માનપાન મળેલા હોઇ તેમનાં મૂખ બંધ થઇ ગયેલાં. મુંબઇમાં પાલણપુરની બહેનોની એક સભાએ શ્રી. જસુદબહેન તરફ હમદર્દી બતાવી, અને નારીની નિરાધારીતાથી પાલણપુરના મૂર્તિપૂજક સમાજને યોગ્ય પગલાં લેવા વિનવણી કરી; પણ સૈાની અજ્ઞયથી વચ્ચે એ સમાજે કાન બહેરા કરી ચુપકીદી પકડી.

આ ચુપકીદી એ કોઇ સામાજીક ક્રાન્તિનો કાળ ન હતો. એ ચુપકીદી સમાજ માનવીઓને વધુ હેરાન નહી કરવાના ઉદ્દેશવાળી નહતી, એ ચુપકીદી 'જ્ઞાતિબહાર'ની શિક્ષા જંગલી છે એમ માનીને કરવામાં નહોતી આવી, પણ એ ચુપકીદી નારીજીવન તરફ ઉપેક્ષા કરતી, નારીજીવનને તુચ્છ ગણતી વૃત્તિવાળી હતી, કારણ કે સમાજના એ અગ્રગણ્યોએ એ કાયદો કોઇ સુધારક વૃત્તિને લઇને કર્યો નહતો. સ્ત્રીજીવનપર 'શોકય' આફતરૂપ છે એમ માનીને કર્યો નહતો, સ્ત્રીજીવનને એમાંથી બચાવી લેવાને હમદર્દી માટે કરવામાં નહોતો આવ્યો, પણ લાગતાવળગતાની ધમાલે—એ લગ્ન કાયદાના ડરથી અટકી પડશે એ આશાએ કરવામાં આવ્યો હતો. આશાનાં ચૂર્ણ થઇ ગયાં, છતાં સમાજના માનવીઓને શ્રી. જસુદબહેન તરફ હમદર્દી બતાવવાની પણ પુરસદ નહતી. પણ કોઇ વ્યુહરચના ગોઠવાતી હોય, એમ લાગ્યા કરતું હતું. x x x દિવસો પસાર થતા હતા અને એના ઉપર પડદો પડવાની તૈયારી હતી. "બીજાને શિક્ષા કરવામાં પાવરધો સમાજ અને અગ્રેસર ગણાતા પુરૂષો શા માટે આ પ્રસંગે ચૂપ છે?" કેટલાક યુવકો। હમદર્દી પૂરતો એ લખવા બોલવાનો પ્રશ્ન ફક્ત એક ગાજી રહ્યા હતો. x x x x x

એકાએક વાતાવરણ ફેરવાઈ ગયું. પાલણપુરના મૂર્તિપૂજક સમાજમાં સબળ કારણોએ એકાદ બે પિતાઓએ પુત્રીનાં અને પુત્રનાં સગપણ ફોક કર્યાં; અને બીજાં કેટલાક એ માર્ગે વિહરવાને તૈયાર થઈ રહ્યા હતા. જેને આથી ખમવું પડતું હતું તેમની ધમાલે સમાજને સચેત કર્યો અને એક પછી એક ઢિલાશ બનેલા બંધનને મજબૂત કરવામાં આવ્યાં.

સગપણ તોડનારને શિક્ષા ફરમાવવાનું કાર્ય ખતમ થયું, અને ફરીને સૂતેલો એ પ્રશ્ન જગાડવામાં આવ્યો. જ્ઞાતિનાં બંધનોને નિર્માલ્ય ગણતા યુવકોએ પણ **'તરૂણ પાલણપુર'** અને અન્ય જૈન પત્રોમાં શ્રી. નાથાલાલને શિક્ષા કરવાને લખવા માંડયું. (સમાજના યુવકોને નાથાલાલ માટે એ શિક્ષા ખૂબ આકરી સમજાઈ હશે?) આ સમયમાં શ્રી. નાથાલાલ—પ્રભાવતી સહામે પુરતું પ્રચારકાર્ય થઇ ચુકયું હતું અને તેમનાં નામ પણ તડ બહારની શિક્ષા પામેલાઓની, નામાવલીમાં ચઢી ચુકયાં.

(અપૂર્ણ)

લોહીનાં વેચાણ

લેખક:—ભોગીલાલ પેથાપુરી.

[ગતાંક. . . . . પાને ૨૦૮ થી ચાલુ]

[સ્વાર્થદાસ આમતેમ આંટા મારી રહ્યા છે. ઘડીકમાં નોકરોને ધમકી આપે છે તો ઘડીકમાં ગોરમહારાજને ઉતાવળ કરવાની સૂચના આપે છે. ઘડીકમાં વાજાવાળાને વગાડવાનું ફરમાન કાઢે છે તો સ્ત્રીઓને પણ ગાવાનું જણાવે છે. એટલામાં નરહરી અને રસીક આવે છે. ત્યાં સ્વાર્થદાસ તડુક્યા—"અલ્યા રસીક"—તું આવા શુભ અવસરે ક્યાં રખડે છે? તારે તો અહીંઆં આવી કામ કરવાનું હોય કે રખડવાનું હોય! આટલો પચીસ વર્ષનો ગધેડો થયો છતાં છાંટોયે અક્કલ ન આવી—]

રસીક—'માસા—તમારી સાથે ઘડીક ખાનગીમાં વાત કરવી છે. આપણે ઉપર ઓરડામાં એકાંતે બેસીયે, મારી માસીની પણ જરૂર છે. હું મારી માસીને બોલાવી લાવું છું.'

સ્વાર્થદાસ—પણ અહીંઆ ભસીમરને, શું કામ છે? ખાનગીફાનગી શેની આવી છે. બોલ જલદી, શું કામ છે?

"તમારા લાભની વાત છે. નીરાંતે બેસીને કરવાની છે. ડરતાં ડરતાં રસીકે કહ્યું."

જ્યાં લાભની વાત કહી ત્યાં તુરત સ્વાર્થદાસ ઉપર ઓરડામાં નરહરીને લઇ ગયા, સ્વાર્થી મનુષ્યોને પોતાનો લાભ ઘણોજ પ્યારો હોય છે. અનેક અટકળો બાંધે છે કે કેમ કોઇ, છોકરીના દસહજાર આપવાની વાત કરવાનો નથી આવ્યો? જો પંદરહજાર રૂપીઆ આપે તો કંઈ બ્હાનું કાઢી લગ્ન બંધ રખાવું. આવા તરંગો બાંધતાં રસીક અને તેની માસી આવી પહોંચતાં 'બોલ રસીક શું કામ હતું?"

"માસા...આપે સરલાબેનના વરને આંખેથી જોયા તો હશે? મુખમાં એક પણ દાંત નથી. લગભગ પંચોતેર વર્ષ થવા આવ્યા છે, આવા ઘરડા બુઢ્ઢાની સાથે લગ્ન કરી શા માટે સરલાબેનને દુઃખી કરવાને તૈયાર થયા છો?" ઠંડા કલેજે રસીકે ટકોર મારી."

"તારા કરતાં મેં ઘણાં ચોમાસાં ગાળ્યાં છે. તડકા ઘણો વેઠ્યો છે, તારા કરતાં મારામાં કંઇ વધુ અક્કલ હશે. મેં જે કરેલું છે તે પુરો વિચાર કરીનેજ કર્યું છે. તેમાં તારે વકીલાત કરવાની જરૂર નથી. તારી સાથે કોણ માણસ છે!" સ્વાર્થદાસે ક્રોધાગ્નીમાં જવાબ આપ્યો.

"મારી સાથે, આ મારો મીત્ર છે, તેનું નામ નરહરી છે, સારો ભણેલો છે. સરલાબેનના લગ્ને ગામમાં હાહાકાર વર્તાવ્યો છે એથી અમો આપને કહેવા આવ્યા છીએ, કે આપ લગ્ન અટકાવી આગળ ઉપર મુલ્તવી રાખો—અને કોઇ યુવાન કેળવાયલા સાથે લગ્ન કરી દીકરીને સુખી કરો. જાણીબ્રુઝીને જો આ કાર્ય થયું હોય તો તેમાં ખરેખર ગોથું ખાધું છે, અને બીજાપર ભરોસો રાખતાં આ કાર્ય બન્યું હોય તો. તે આપણે કબુલ કરવા બંધાયેલા નથી." રસીકે જણાવ્યું.

"શું! લગ્ન અટકાવવાની સલાહ આપવા આવ્યો છે, અને તે પણ મારે ત્યાં! કોઇ કાળે એ નહિં બને. આટલાં વર્ષે પળીઆમાં ધૂળ ધાલવા તૈયાર થઉં! બાપદાદાની આબરૂ પર પાણી ફેરવું, અને લગ્ન અટકાવવાની જરૂર પણ શું છે? માંડવગઢમાં લાખો રૂપીયાની માલીકી ધરાવે છે. મોટર વાડી—ગાડી રહેવાને બંગલો છે. દીકરી કેટલી સુખમાં નાંખી છે. તેનો વિચાર તમોને ક્યાંથી આવે? પૈસાને માન છે આજકાલ. દીકરી પુલે પૂજાશે. શેઠનાં આ છઠ્ઠી વારનાં લગ્ન છે. દીકરી કેટલું માનપાન પામશે તેનો વિચાર કર્યો."

"કાકા, એ વાત તદ્દન સાચી છે પણ લક્ષ્મી ચંચળ છે કાયમની ટકીરહી નથી. ટકી રહેવાની નથી. દીકરીને જેની સાથે સંસાર ભોગવવાનો છે તેનો પ્રથમ વિચાર કરવાનો, પછી લક્ષ્મીનો વિચાર કરવાનો. આપણા ગામના કેટલાક દાખલાઓ છે કે ઘણા ધનવંતરીઓ ભીખારી થઇ ગયા. બંગલા, વાડી ગાડી એ બધાં હતાં નહતાં થઈ ગયાં અને માનપાન, પૈસા જતાની સાથે અદ્રશ્ય થઈ ગયાં, દુનીયા પૈસાની પૂજારી છે. મનુષ્યની નથી. પણ આ દાખલો પૈસા સાથે બંધ બેસતો નથી, પ્રથમ જમાઇની ઉમ્મરની તપાસ કરો, લગભગ પોણોસો વરસ થવા આવ્યા, ઘણાક કાઢે તો પાંચ દસ વર્ષ કાઢે. માણસનો ભરોસો નથી—તે વાત સાચી. પણ જાણીબુઝી હાથમાં દીવો લઇ કુવામાં પડવું તે શું આપના જેવાને ઉચીત છે? પૈસો અને માનમરતબો માણસ ગયા પછી તેની કોડીની કીમ્મત નથી થતી. આજે પૈસાના તોરપર લગ્ન કરનાર બુઢ્ઢા બબુચકો કુમળી બાળાઓ સાથે લગ્ન કરી યૌવનમાં આવતાં પહેલાં સ્વર્ગનો રસ્તો લે છે. અને અણભોગવ્યા સુખોની લાલસાએ યુવાન વીધવા છૂપા કૃત્યો કરી બાળહત્યાઓ કરે છે. એ આપનાથી ક્યાં અજાણ્યું છે?" નરહરીએ ધીરે ધીરે વાત જમાવવા માંડી.

પણ સ્વાર્થદાસને ક્યાં હૃદયપર જરાએ અસર થવાની હતી! પૈસાનો પુજારી સ્વાર્થદાસ તડુક્યો. "મારે તમારી કોઇની સલાહની જરૂર નથી મારા કામની અંદર તમારે વચમાં આવવાનો કે દખલ કરવાનો અધીકાર નથી.

હું દીકરીનો પીતા છું, હું મારી મરજી આવશે ત્યાં નાખીશ; દીકરીના સુખદુઃખનો વિચાર મારે કરવાનો છે. જાઓ એક અક્ષર પણ વધુ બોલશો તો ભૈયાને સ્વાધીન કરીશ. સમજ્યા."

"મારા રોયા ભણ્યા એટલે કોઇની શરમ રાખે છે! આવો પૈસાવાળો જમાઇ મળ્યો છે અને રોયા ફાટ્યું ફાટ્યું બોલે છે જોને! અલ્યા રસીકડા છોડી સુખમાં જાય છે તે આંખે ખમાતું નથી કેમ? મરચાં ભરો મરચાં. 'પાંચ દસ વરસ કાઢશે.' તમારી જીભે કાંટા કેમ નથી વાગતા.! આવું બોલતાં. હજુ મારી કુમળી કળીને તેરમું વર્ષ જાય છે. તેના નશીબમાં સુખ હશે તો સુખ રહેશે. અને દુઃખ હશે તો દુઃખ આવશે. એમાં માબાપ શું કરવાનાં હતાં તેઓ તો સારું રૂપાળું પૈસાદાર ઘર જોઇને દીકરી નાંખે અને પછી તો. નશીબ એનાં. ચાલો ઉઠો. જમાઇરાજ માંડવે આવ્યા છે. ગોરમહારાજ રાહ જોતા હશે. સ્વાર્થદાસની ઘણીઆણીએ સૂરપૂરાવ્યો."

"થયું ભાવી બનવાકાળ હતું તે બન્યું. લગ્ન થયું દીકરીને આસરે વળાવી. સાત દીવસમાં તારઆવ્યો કે શેઠ દમના

દરદથી દેવલોક પામ્યા. બધે રોકકળ થઇ સમાજમાં જેને વિધવા કહે છે તેની ગણત્રીમાં સરલા આવી. હજુ તેરમું વર્ષ પુરૂં થશે. શેઠની મરણતીથીને પંદર દિવસ બાદ લેણદારોનો તગાદો થયો. મોટર, વાડી, બંગલો લેણદારોએ જપ્તીમાં લીધું. સરલાને પીયરમાં આવવાની ફરજ પડી. હજુ પુરૂં જ્ઞાન પણ આવ્યું નથી. સારા નરસાનો વિચાર કરવાની શકતી પણ કેળવી નથી. તેટલામાંજ વૈધવ્યનું દુઃખ કપાળે લદાયું. શ્વસુરગૃહેથી ત્યજાએલી એ તેર વર્ષની બાળા–સરલા પીતાને ઘેર રહેવા લાગી–પારકીજણી જેવી સ્થીતિ થઈ.

તેના રહેવાથી માતાપિતાને એક કંટક સમાન ભાસવા લાગી. ઘરમાં ફકત ૨૪ કલાક મહેનત મજુરી કરી એંઠું જુઠું પુરૂં અનપણ મેળવવા માટે પંચાત પડવા લાગી. ચોધાર આંસુએ રડતી એ બાળા માતાપીતાને અનેક આપો આપવા લાગી. "ઓ હિંદુ સમાજ" તારા પાપે આવી સીતમની ચક્કીમાં કેટલી બાળાઓનાં બળીદાન અપાતાં હશે ? પોતાની લોભદશાની ખાતર દીકરીના શું હાલ થાય છે તે તપાસવાની કયાં સમાજને ફુરસદ છે ? લગ્ન વખતે મોજથી લાડવા ઉડાવનાર સમાજના નાયકો ગરીબડી બીચારી વીધવાની કથની સાંભળવા પણ રાજી નથી હોતા, ઓ હિંદુ સમાજ ! જે પુત્રીના પૈસે સમાજમાં અત્યાર સુધી શ્રીમંતાઈ ભોગવી. જે લોહીના વેચાણે સમાજમાં પ્રતિષ્ઠીત ગણાવ્યા. તે દીકરીને વીધવા થતાં પાળવી પણ મુશ્કેલ પડે છે ? પોતાનાજ વીર્યથી ઉત્પન્ન થયેલ પુત્રીના સાટા તાં તીજોરી ભરી અગર પુત્રવધુ આણી વંશવેલો વધારનાર માબાપોને કેટલો ધીક્કાર આપવો ? શ્વસુરગૃહેથી ત્યજાએલી, માબાપની કરડી નજરમાં આવેલી, સગાસંબંધીથી વિખુટી પડેલી યુવાન વિધવાને જ્યારે સમાજ તેના તરફ પ્રેમભરી દષ્ટીથી ન જુએ ત્યારે તે કયાં જાય ? 'મુંઝાય' 'અકળાય' ત્યારે શું કરે; પતીત થાય !

ઓ હિંદુ સમાજ તમો સન્નારીઓ–જગતની માતાની કેવી કીંમત આંકો છો ? એક બે ટંક રોટલાની તે પણ ઓંહા જુઠાની ? સમાજના પોલાદી પંજા નીચે જકડાઇ કુળની અમર્યાદિત લાજના ભયંકર ઓઝલ પાછળ દુઃખી જીવન ગાળે છે. તેમની અશ્રુભીની આંખે, ચીરાતા હૃદયે અંતરથી અનેક ચીત્કાર આપી રહી છે. અનેક જુલ્મો સહન કરી રહી છે, તે તરફ નજર કરો. સમાજમાં તમારા પાપે એવી કેટલીક ગભરૂ બાળાઓ અગ્નીમાં બળી ખાખ થતી હશે તે તરફ ડોકીયું કરો. નારી વિકાસને ભોંય તળીયે ઘુંદનાર મનુષ્યોએ સભ્યતાના ગુપ્ત પડદા પાછળ એવા કેટલા ખેલો ખેલ્યા—અજ્ઞાન દશાનો લાભ લીધો–પણ હવે અજ્ઞાનતા એઓને સાલવા લાગી છે.

હમણાં હમણાં ઘણી બાબતો ચર્ચાવા લાગી છે. 'તેમની જીંદગીની શી શી જરૂરીયાતો, તે પર વિચારણા ચાલી રહી છે.' સમાજમાં વિધવાઓનું સ્થાન, અપમાનીત જીંદગી; વિગેરેનો વિચાર કરતો. વિધવાઓમાં સ્વમાન જેવું કશું લાગતું નથી. સ્વમાનની લાગણી દરેકમાં હોય છે, પુરૂષ અગર સ્ત્રી, અરે પશુમાં પણ હોય છે, આમ હોવા છતાં પણ સ્વમાનની લાગણી ચુમાવવાનું બળજબરીથી વિધવાઓના કપાળે લાદવા માગીએ છીએ એજ આપણા માટે અધોગતિની નીશાની છે—

આજનો સમાજ "વિધવા શબ્દથી" ભડકે છે. જેના મોઢાના શબ્દો સમાજ તો શું પણ ખુદ માતાપીતા સાંભળવા રાજી નથી હોતાં. ત્યાં બે ટંક ભોજનપણ સુખેથી તેમને કોણ આપે ? તેમની તરફ સહાનુભૂતિ કે દિલસોજીથી કોણ જુએ છે ? સમાજ તેમના માટે બેદરકાર છે. બીજા કોમમાં પોતાના ભવીષ્યના સુખદુઃખની પાળ બાંધી આનંદમાં જીવન વ્યતીત કરી રહી છે. ત્યારે શું આપણાથી આપણી વીધવા બ્હેનોની જીંદગી આનંદમાં રહી નવજીવન પ્રાપ્ત કરે તેવી ગોઠવણ ન થઇ શકે ?

આ વિષય જે ખૂણે ખૂણામાં પહોંચાડવામાં આવે તો આ કાર્ય એટલું દુષ્કર નથી કે તે ન બની શકે. માત્ર દુઃખનો વિષય એટલો છે કે હજુ સમાજના થોડાઘણા સીતમગારોની રાક્ષસી તરસ છીપી નથી. છતાં એટલું તો ધ્યાનમાં રાખી લેજો કે આ અઢારમી સદી નથી. વીસમી સદી અને નવયુવકોનો જમાનો પૂરબહારમાં રંગાતો ચાલ્યો છે. વિધવા હોય કે સધવા હોય, બાળક હોય કે વૃદ્ધ હોય, છતાં તમારા જાલીમ સમાજના કુરિવાજો, કુનીતિને પૂર્ણપણે જાણી ચૂકયા છે, સમાજના અધ્રીત બંધનોને દફનાવવા હૃદય તત્પરતા દાખવી રહ્યા છે, થોડાઘણા અંશે નારી વર્ગમાં પણ બહાદુરી, હિમ્મત અને વિચારશકતી ઉત્પન્ન થઈ છે, તેમણે વાપરેલી ઉદારતા અને અજ્ઞાનતા હવે તેઓને સાલે છે, ધર્મના ઓઠા નીચે ચાલનારી સમાજને માંગી ભીક્ષા કરવાની તૈયારીઓ થઈ રહી છે, યુવાનવર્ગ પણ તેમને પૂર્ણ સહાનુભૂતિ આપી રહ્યો છે. વિધવાઓના શીરપર બાપદાદાના આબરૂ કીંવા કુળના બાનદાનીના હથોડા મારવામાં આવે છે તે ફકત વિધવાઓની કેળવણી અને સંગઠનના અભાવેજ. પરંતુ આ નવજીવન પ્રેરીત નવયુગમાં એ દરેક દરીયામાં પધરાવવાની જરૂર પડશે. ઓ યુવાન બંધુ ભગીનીઓ.–" સમાજના સડેલા કુરિવાજોને જલાવો ! આપણે એ કબ્રસ્થાનની શાન્તિમાં જીવનારના દીલમા હોળી પ્રગટાવો–ગાડરીયા પ્રવાહની માફક અંધ રૂઢીના ચીલામાં આંખે પાટા બાંધી ચાલી જનારાના આંખના પડદા ચીરો–જે બહેનોને ન ધણીઆતી કહી સમાજ ઠોકરે મારે છે તેને સૈભાગ્યવતી ધર્મપત્નિઓ બનાવો–અને એઓને દેખાડી આપો કે રંગરીયું ગાડું હવે આ માર્ગમાં નહિ ચાલે અને જ્યારે એવા પડકારો કરવામાં આવશે ત્યારેજ હવે લોભીઓ રસ્તામાંથી ખસી જઇ માર્ગ મોકળો કરી આપશે—

આપણામાં ઉછળતું ખમીર વહેતું હોય, વિધવા બ્હેનો પ્રત્યે જરાપણ કળકળ હોય તો આપણે તન મન અને ધનથી જરૂર ફાળો આપવો જોઇએ, આટલુંજ યુવાનવર્ગ માટે બસ થઈ પડશે. **અસ્તુ.**

સંપૂર્ણ.

નજીવી છતાં જીવલેણ—ઉત્તર અમેરીકામાં, એમેઝોન નદીમાં જોવામાં આવતી એક જાતની મનુષ્યભક્ષી માછલીઓનું કદ તેની ભયંકરતા જોતાં આશ્ચર્ય પમાડનારૂં છે. તેનું કદ નાકથી તે પુંછડી લગીની લંબાઇ માત્ર દોઢ ઇંચજ છે; છતાં તે દુનિયામાં સૌથી વધારે ભયંકર પ્રકારની માછલી ગણાય છે. તે તરનારાઓ ઉપર એકદમ હુમલો કરીને મારી નાંખે છે. પછી તે તારાની લાશ પણ નજરે ચઢતી નથી.

ચા.....બુ.....ક

અમને એની જાણ નહતી, નહિ તો કૃષ્ણપક્ષી કાર્તિકી ચોથને 'ધર્મરક્ષા દિન' ઉજવવાની વિનંતીમાં અમેય અમારો સુર પૂરત. ગયા વર્ષના એ ઐતિહાસિક દિને સર સયાજીરાવે દિક્ષા-પ્રતિબંધક કાનુન કરી દિક્ષા ઓથે ભાગેડુ ને લુટેરૂ બનેલા સાધુઓથી ગુજરાતના જૈન સમાજને ઉગાર્યો.

x x x x x

'ધર્મરક્ષા ઉત્તેજક ઉત્સવ'ના મંત્રી રા. કડીઆને એમનું નિવેદન વાંચતા સાંભળી એક ભાઇને દર્પણ ભેટ ધરવાનું મન થયું હતું—એથી કે એમાં રા. કડીઆ એમનું જીવન બરાબર જોઇ શકે. સમાચાર અપૂર્ણ છે.....દર્પણની ભેટ ધરાઇ કે નહિ એની માહિતિ હજુ મળી નથી.

x x x x x

બેહદ બોલતો આદમી બકે છે એમ વ્યવહારમાં મનાયું છે. બકતો આદમી ઘણી વાર અંતરમાં છુપાયલું સત્ય બોલી જાય છે. બિરાદર રામવિજય 'તુતન વર્ષની ભાવના' ભાવતા યંગમેન્સ જૈન સોસાયટીનો મર્મ નીચે મુજબ ખોલી નાંખે છે:

"પેટ ભરવા ખાતરજ દેવ–ગુરૂ–ધર્મની નિંદા કરતા હોય, પૈસા આપવાથી સુધરે તેવા હોય, તેઓને પૈસા આપીને, તેમનાં પેટ ભરીને પણ દેવ–ધર્મ–ગુરૂની નિંદા કરતા અટકાવવા જોઇએ." અને ભક્તજનોને ઉદ્દેશીને એ ભાઈ આગળ વધે છે: "તમારી લક્ષ્મીથી જો દેવ–ગુરૂ–ધર્મના નિંદકો નિંદા કરતા અટકી જતા હોય, તો એ લક્ષ્મીનો જેવો તેવો સદુપયોગ નથી!

આ વાંચ્યા પછી યંગમેન્સ જૈન સોસાયટીનાં દુધપાક પુરીનાં જમણો શી ભાવનાએ થાય છે એ વિષે અમને શંકા નથી રહી! દુધપાક પુરી જીન્દાબાદ! યંગમેન્સ સોસાયટી જીન્દાબાદ! અને જહેની ઓથે આ થઇ રહ્યું છે તે ધર્મના ઝંડા! તું અજર અમર થજે! હીપ્, હીપ્, હુરરરે!

x x x x x

રામવિજયે કહેલું આ વાક્ય કેટલું સાચું છે?

આજે ગુણોનો આડંબર કરનાર દંભીઓ દુનિયાને પાયમાલ કરવાનો ધંધો લઇ બેઠા છે.'

હજુય સહમજશો? કે માત્ર સ્વાંગ છે તેથીજ રામવિજયને રામવિજયોને ખમાસણાં દીધેજ જશો!

x x x x x

પુનર્લગ્નના હિમાયતીઓને પડકારતાં શ્રી. નારંગીબ્હેન વાસના અને વિકારોને બાળી દેવાની 'બડી બડી બાતો' અમદાવાદની વિસાશ્રીમાળીની વાડીમાંથી કરે છે.

બરાબર છે બ્હેન! હયાત પતિએ આવી વાતો કરવી મુશ્કેલ નથી!

x x x x x

કુમારી કાન્તાબ્હેન મણીલાલ એજ સ્થળેથી ઉચ્ચારે છે:

'આપણાંજ સંતાનોમાંથી કેટલાંક ધર્મનો દ્રોહ કરી રહ્યા છે, **આપણા પતિવૃત્ત** ધર્મ સહામે ઝુંબેશ ઉઠાવી રહ્યા છે....."

સસુર! સસુર! બાનુ! આપ તો કુમારીકા છોને?

x x x x x

ગં. સ્વ. ડાહીબ્હેન વાદી વિવેચન કરતાં પૂછે છે: 'શું કામ સ્ત્રીઓને નામે તેમની વિષયવાસનાની વાતો કરો છો?

જાહેરમાં આવો પ્રશ્ન આ રીતે છેડવા બદલ ડાહીબ્હેન! તમને અભિનંદન! પણ બ્હેન! માફ કરજો. કાં તો તમે બ્હેરાં છો યા તો જડ છો. નહિં તો પુરૂષોજ આવી વાતો કરે છે એમ કહેવાની તમે ધૃષ્ટતા નજ કરી હોત! સ્ત્રીઓનાં એવાં કથન તમે નહિ સાંભળ્યા હોય, એ ૧૯૩૪માં તો સાવ અસંભવીત છે—સિવાય કે તમે બ્હેરાં હો! x x x x x

'ભીખ માંગવી એ હલકટતા છે' રામવિજય કહે છે.....અને એમણે હવેથી જાતે કમાઇ, પેટ ભરી, ધર્મોધ્ધાર કરવાનું નક્કી કર્યું છે!!!

x x x x x

ધર્મપર આક્રમણ કરનાર સહામે વધુ વાર ઉંધા વિના કમ્મર કસવાની, અને ધર્મના રક્ષણાર્થે 'કમ્મરે તલવાર લટકતી રાખવાની મુનિ મહારાજ એક હજ્જાર આઠ શ્રી શ્રી શ્રી રામવિજયજી મહારાજની ઉશ્કેરણી મળ્યા પછી, અમદાવાદના સોસાયટી ભકતો એમના વડદાદાની, મહમદ બેગડાના યુગની કટાયલી તલવારોને ગ્યાસતેલથી સાફ કરવા મંડી પડયા છે.

.....અને એ હકિકત જાણ્યા પછી, અમદાવાદના કલેકટરને સુલેહશાંતિનો ભંગ ન થાય તે સારૂ ચાંપતા ઉપાયો યોજવા પડયા છે.

.....અને ગામેગામના જૈન યુવક સંઘો આ 'ધર્મરક્ષા ઉત્તેજક સેનાના હલ્લાની હરઘડીએ રાહ જોઈ રહ્યા છે.

'દેમાર' 'દેમાર' હવામાંના રામવિજયના દેકારા સંભળાય છે અને એની હાંસી કરતા સમયદેવના પડઘા ચોમેરનાં વાતાવરણ કંપાવી રહ્યા છે.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

વાંચકોને.

Reg. No. B. 3220

વાર્ષિક લવાજમ ૧-૮-૦] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર [વર્ષ ૧ લું અંક ૨૪ મો
છુટક નકલ ૧ આનો.] તંત્રીઃ મણીલાલ એમ. શાહ. [ગુરૂવાર તા. ૨૦-૧૨-૩૪

ગુંગળાતો ધર્મ.

ગરીબ લોકો ઘરમાંથી નકામુ રાચરચીલું ફેંકી દેવાની જેમ હિંમત નથી કરતા અને એને લીધે અનેક જાતની અગવડો વેઠે છે, તેમ ધર્મમાં રૂઢિઓ અને વહેમોનું છે. બીકણ અને લાલચુ લોકો દાંડ કે જબરજસ્ત માણસ આગળ જેમ વર્તે છે. તેમજ પ્રાકૃત માણસ દેવ દેવીઓ અને ધાર્મિક રિવાજો વિષે વર્તે છે. કશું તોડવાની કે કહાડી નાખવાની હિંમત થાયજ નહિ. કાંઇ કરતાં કાંઇક થઇ જાય, એ આંધળી બીક દરેકના મનમાં, એટલે જૂનું તો બધું રહેવાનુંજ, અને એમાં જો કોઇને બીક અને લાલચ ઉપરજ રચાયેલું કોઈ નવું તુત ઉભેરવાનું સુઝે તો એની સામે થવાની પણ સમાજની હિંમત નહિ. 'સંધર્યો સાપ કામનો' એમ કહીને, દરેક વસ્તુને આવકાર આપ્યેજ છુટકો.

મારૂં નાનપણ ઘરના બધા રિવાજો, વ્રતો અને ઉત્સવો, વહેમો, માન્યતાઓ અને લાગાઓ શ્રદ્ધાપૂર્વક પાળવામાં ગયેલું. આવી રૂઢિ નિષ્ઠામાંથી ભોળી ભક્તિ ફળવાઇ. ભક્તિસામે તાર્કિકતા જાગૃત થતાં શંકાશીલતા વધી. શંકાશીલતાએ અને ઉન્મત્ત જુવાનીએ થોડા દિવસ માટે નાસ્તિકતાનું રૂપ પકડ્યું. આ નાસ્તિકતામાંથી શુધ્ધ જીજ્ઞાસા પ્રગટ થઇ અને હું કેવળ બુધ્ધિવાદી બન્યો. બુધ્ધિવાદનાં છેડાનું દર્શન થયા પછી વૃત્તિ પાછી વળી અને શ્રધ્ધા ક્ષેત્રની ઝાંખી થઇ. પરિણામે ધર્મના શુધ્ધ, ઉજ્જવળ, સનાતન સ્વરૂપનો કાંઇક સાક્ષાત્કાર થયો. આમ બધી વૃત્તિઓ તે તે કાળે અને ક્રમે કેળવેલી હોવાથી ધર્મજીવનની બધી બાજુઓ તપાસવાની મને તક મળી છે.

જૂનામાં રહેલાં સંસ્કારસમૃદ્ધિ, કલારસિકતા અને સાર્વત્રિક સમાધાન, ત્રણે વસ્તુઓ મેં અનુભવી છે. છતાં મને લાગે છે કે, જેમ દેવતા ઉપરની રાખ ખંખેરવાની હોય છે અથવા ઘરમાંથી નકામું રાચરચીલું અને 'લંબર' કાઢી નાખવાની જરૂર હોય છે. તેમજ ધર્મવૃક્ષને પણ વખતોવખત ખંખેરવાની જરૂર હોય છે. લોકવાર્તાના વાણિયાએ સાપ સંધર્યો હતો ખરો, પણ તે મરી ગયેલો અને છાપરાપર ચડી સુકાતો હતો. એ જીવતો કે કહેવાઇને ઝેર ફેલાવતો નહતો. આપણે પરંપરાગત સનાતન ધર્મને નામે રત્નો પણ સંધરીએ છીએ. અને કાંકરા પણ સંધરીએ છીએ, હળાહળ પણ સંધરીએ છીએ, અને અમૃત પણ સંધરીએ છીએ, આપણા સંધરેલા સાપોમાંથી કેટલાક જીવતા અને ઝેરીલા છે અને કેટલાક કહેવાઇને મરકી ફેલાવે છે, અને તેથી આપણો શુદ્ધ, ઉદાત્ત, સનાતન આર્યધર્મ ગૂંગળાઈ ગયેલો છે. નીંદામણ વગર ધર્મક્ષેત્રમાંથી સારો ફાલ મળે નહિ.

કાકા કાલેલકર.

પ્રાસંગિક નોંધ.

વાંચકોને—

જૈન સમાજમાં અનેક પ્રકારની રૂઢીઓ, વ્હેમો અને ધર્મના નામે ચાલતાં ધતીંગોથી સમાજનું નાવ ઠોકાં ખાઇ રહ્યું હોય. સાથે પરમાત્માના નામે પરમાત્માની મૂર્તિનીજ હાજરીમાં દુકાનદારી ચાલી રહી હોય, સાધુશાહી તાંડવનૃત્ય ખેલી રહી હોય, સ્વેચ્છાચાર ને સ્વછંદતા વધી પડયાં હોય, તે વખતે લોકમતને સાચા રસ્તે વાળવો એ દરેક જૈનનું કર્તવ્ય છે.

એ ફરજ બજાવવા યુવાનોએ એકત્ર થઇ યુવકસંઘ સ્થાપ્યો અને અંધશ્રધ્ધાને નિવારવા, ધર્માન્ધતાના નામે જકડાયેલી જંજીરો તોડવા યુવકસંઘ પત્રિકાને જન્મ આપ્યો. થોડા વર્ષ પછી આદ્ય એને "પ્રબુધ્ધ જૈન"માં ફેરવવામાં આવ્યું. અને કોઇની શેહમાં આવ્યા સિવાય નિડરતાથી એનું કામ એણે ચાલુ રાખ્યું. ત્યાં તો અણધારી ને અણકલ્પેલી મુશીબત ઉભી થઇ એટલે એને સમાજસેવા કરતાં ફરજીયાત બંધ થવું પડયું.

સમાજને કોરી ખાતા સડાઓ ને રૂઢીઓથી સમાજને બચાવવાના અનેક પ્રયાસોમાં પત્ર એ મુખ્ય સાધન ગણાય. એટલે થોડાજ વખતમાં જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ) સ્થપાઇ અને 'તરૂણ જૈન' નામનું સાપ્તાહીક ભાઇશ્રી ચંન્દ્રકાન્ત સુતરીયાના તંત્રીપણા નીચે શરૂ કરવામાં આવ્યું તેમણે લગભગ આઠ માસ સુધી જોરદાર કલમથી સમાજસેવા કરીને અનીવાર્ય સંજોગોમાં રાજીનામું આપ્યું.

તરૂણ જૈને પ્રથમ બાર માસમાં સમાજના સળગતા પ્રશ્નો, સાધુશાહીનું સમાજ કચડતું તાંડવનૃત્ય ખુલ્લું પાડવામાં સાધ સંમેલન અંગે સાચો રાહ દાખવવામાં, વિતરાગના મંદિરોમાં ખુદ વિતરાગ દેવનીજ હાજરીમાં તેમનાજ સિધ્ધાન્ત વિરૂધ્ધ ચાલતી દુકાનદારી અંગે, કન્યાકેળવણી, શ્રા યુવક પરિષદ, શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, ઇત્યાદિ અનેક પ્રશ્નો અંગે લોકમત કેળવવામાં કંઇક કર્યું છે અને ઘણું કરવાનું બાકી છે કારણ કે જ્યારે સમાજ માનસ ગુંગળાઈ રહેલું હોય, તેના ચક્ષુપર અજ્ઞાનના થર બાઝયા હોય ત્યારે તેને નિવારવા અનેક પ્રયત્નોની જરૂર છે એમ લખવું—કહેવું સહરાગતભરેલું નહિ ગણાય.

આવતા અંકથી તરૂણ જૈન બીજા વર્ષમાં પ્રવેશ કરી સમાજની સુંદર સેવા બજાવવા વધારે મજબુત બને તે ખાતર અનેક વિચારણાઓ અને પ્રયાસો ચાલી રહ્યા છે. એટલે કદાચ આવતો અંક ગ્રાહકોના હાથમાં થોડા દિવસ મોડો મળે તો તેઓ દરગુજર કરશે અને જે ઉત્સાહથી ટેકો આપી રહ્યા છે તેમાં વધારો કરી 'તરૂણ જૈન'ને મજબુત બનાવવા અનતા પ્રયત્ન કરશે એવી અમે 'તરૂણ'ના સૌ હિતેચ્છુઓ પાસે આશા રાખીએ છીએ.

પંદર લાખનું પાણી.

જ્યારે જગતમાં રેલગાડી, તાર ને ટપાલ જેવાં ઝડપી સાધનોનો અભાવ હતો ત્યારે દુરદુરના તીર્થધામોએ યાત્રા કરવાની માનવીયોને ઇચ્છા થતી. પરંતુ સલામત સાધનોના અભાવે એકલદુકલ માનવીઓ જઇ શકતા નહિ. આથી વગવસીલાવાળા ભાઇઓ સમુહને એકત્ર કરી અનેક સગવડો સાથે એક જણની આગેવાની નીચે યાત્રાએ નીકળતા, એને સંઘ કહેતા, આગેવાનને સંઘવી કહેતા.

સાધુ સાધ્વી સમુદાયની સગવડ ને સંભાળ મુખ્ય રહેતી. શ્રાવક સમુદાયની ગૌણ રહેતી. તેમ સંઘવી (આગેવાન)ના અંતરમાં, વર્તણુકમાં પરોપકારવૃત્તિ અને સેવા વસેલાં હતાં, આથી સંઘ કહાડનારની મહત્તા એટલી હદ સુધી ગણાતી કે "સંઘ કહાડનાર તીર્થંકરગોત્ર બાંધે છે." આ ભૂતકાળની વાત થઇ.

ચાલુ જમાનામાં રેલ્વે, તાર, ટપાલ, વાયરલેસ ને મોટર જેવાં ઝડપી સાધનો, એટલે સાધારણમાં સાધારણ માણસ જીજ ખર્ચે, બીન ધાસ્તીએ યાત્રાઓ કરી શકે છે. છતાં એક ધનીક વાહવાહની ખાતર નામના સંઘવી થવા ખાતર સંઘ કહાડી પાંચ સાત લાખ વેડફી નાખે સાથે ખરા પસીનાથી પેદા કરેલ સાધારણ વર્ગ પાંચ સાત લાખ વેડફી નાંખે એ વસ્તુ અસહ્ય છે.

આજે સમાજ, કેળવણીના અભાવે અજ્ઞાનતામાં ડૂબી રહી છે, જૈન સહાયક (પંચાત) ફંડના અભાવે બેકારીમાં વધારો થઇ રહ્યો છે, વિધવાઓ માટે આશ્રમોના સાધન નથી. સેનેટોરીયમના અભાવે બીજાના બારણે ચડઉતર કરવી પડે છે, ગામડાઓમાં વસતા જૈનોમાં અનેક કંગાલમાં કંગાલ દશા ભોગવી રહ્યા છે. જ્યારે શહેરોમાં ધંધાના અભાવે ગટર જેવી ગંધાતી અંધાર ઓરડીઓમાં આપણા ભાઇભાંડુઓ જીવન વીતાવી રહ્યા છે આવા કપરા સંજોગોમાં જૈન સમાજના ધનીકોમાંના એક શેઠ માકુભાઇ ઘડીની ઝોલબાત્રા ખાતર જે જમાનામાં જે ચીજની જરૂર નથી તેની પાછળ નાણું ખરચી નાખે તેના કરતાં જ્ઞાનની પરબો માંડવામાં, નિરાશ્રીતોને ધંધે વળગાડવામાં, સસ્તા ભાડાની ચાલીઓ ચૂરી પાડવામાં, અરે! પોતાનેજ આંગણે કાળી મજુરી કરનાર મજુરો પાછલ લાખો ખરચી સાચા સંઘવી બને એમ અમે ઇચ્છીયે છીયે.

આવા સંઘો કહાડવા પાછળ સમાજના ખરચાતા લાખો રૂપીયાથી લાભના બદલે અમે તો નુકશાનજ જોઇએ છીએ. આ સંઘોથી અબુજ વર્ગ બે ચાર માસ માટે જૈન સમાજની ઝોલબાલા બોલે છે જ્યારે સમજુ વર્ગ હાંસી કરે છે. છતાં સમાજનો અમુક વર્ગ એક ધનીકની પાછળ લાગવગથી, લાગણીથી, ગાડરીયા પ્રવાહમાં ઘસડાઇ સમાજમાં ખોટો દાખલો બેસાડી, સમાજ ઉન્નતિના કાર્યમાં આડકતરી રીતે કટકો મારે છે. આથી દરેક વિચારક જૈન ભાઇબ્હેનોને અમારી અપીલ છે કે તેઓ હાલના જમાનામાં નીકળતા સંઘો અંગે જબ્બર આંદોલન બદરે અને સમાજ માનસને કેળવે. જો સમાજ માનસ તૈયાર થશે અને સાથ નહિ આપે તો એ ધનીકો આવા બીનજરૂરી માર્ગે નાણું નહિ ખરચતાં જરૂરી માર્ગેજ નાણાં ખરચશે.

આ સાથે ગામેગામના નવજુવાનોને પણ અમે અરજ કરવાની અમારી ફરજ સમજીએ છીએ કે એમના ગામે સંઘ આવે તો 'આ જાતના સંઘો હવે નહિ કઢાવા જોઇએ, એમ એમનું વલણ સ્પષ્ટ કરી બતાવે. વિરોધના નમ્ર પ્રદર્શનથી એ પ્રકારનું વલણ સ્પષ્ટ થઈ શકે.

માકુભાઇને સુઝયું હોત તો એટલી રકમમાંથી એક જૈન યુનિવર્સિટી આસાનીથી ઉભી કરી શકાઇ હોત.

જૈન મહામંડળ—સુકાન સાચવશે?

કોઇ સુભગ ઘડીએ રામવિજયાદિ સાધુઓને ચેલાઓની ચેલછા લાગી, સમાજના સુંદર જુવાનો બીછાવેલી ધર્મજાળમાં સપડાઇ ગૃહ, પત્નિ, પિતા ને પુત્રો ત્યાગી ભાગી નિકળવા માંડયા. અરેરાટ, સમભાવ સૌના દિલમાં પ્રગટી નિકળ્યો. સુતેલા સમાજમાં ચેતન આવ્યું. એ ચેતનાની ચિણગારીઓ, તે ગામે ગામના જૈન યુવક સંઘો.

નહાન નહાની દિવડીઓ નિજ નિજના કોડીયામાં ચમકયા કરે એના કરતાં એ સૌ એકમ બની, જ્યોત બળી, સામટો પ્રકાશ પાડે, શકય હેટલો સામાજીક અંધકાર વિદારે એ દૃષ્ટિએ છુટા છવાયા યુવક સંઘો આજથી બરાબર પંદર માસ પૂર્વે 'જૈન યુવક મહામંડળ" સ્વરૂપે એકત્ર થયા.

યુવક સંઘોના ઉત્પાદનનું કારણ હતું તે 'બાળદિક્ષા' ની જાળના તાંતણે તાંતણા તો વીંખી નાખ્યા સર સયાજીરાવે, વડોદરા સ્વસ્થાનમાં કાનુન કરીને. એટલે જ્હે એક માર્ગે પ્રવૃત્તિ હતી તે હવે અન્ય માર્ગોએ પણ કરવાની રહી.

જાગતા જુવાનોએ સમાજમાં પડેલાં અજ્ઞાન ને અંધકાર ને વિકાસ વિરોધક રૂઢી પૂજન તરફ હવે એમનાં નિશાન તાકવાં જોઇશે.

આને અંગે ગઇ યુવક પરિષદે આજની કાર્યદિશા ઠરાવો કરીને રજુ કરી છે. મહામંડળે એ ઠરાવો અપનાવ્યા છે અને એને અંગે વિચારણા પણ શરૂ કરી દીધી છે એ આનંદ જનક વાત છે.

હવામાં, વાતાવરણમાં, વિચારણામાં કે કલ્પના પ્રદેશમાં એ ઠરાવો ન રહે અને વ્યવસ્થિત રીતે અમલમાં મૂકાય એ સારૂ મહામંડળે એટલે કે એની કાર્યવાહક સમીતિએ પૂરતા પ્રયાસો કરવા જોઇશે.

સ્ત્રીઓના વારસા હકક અંગે, જૈન સાધુઓના પુસ્તક પરિગ્રહ અંગે, વધારે પડતા નવા જીનમંદિરો અંગે, ગુરૂમંદિરો અને ગુરૂપ્રતિમા અંગેના ઠરાવોની દિશામાં તો હાલ તુરત લોકમાનસ કેળવવા પૂરતા પ્રચાર સિવાય બીજું કૈં રચનાત્મક રીતે કરી શકાય તેમ નથી.

એ સિવાય કેટલાક ઠરાવો તો અભિપ્રાય દર્શક છે અને કેટલાક વિષે આપણે સૌ એક સુરે સહમત ન થઇ શકીયે એવા છે.

એટલે જ્હેને વિષે સત્વર કાર્ય થઇ શકે તેવા ઠરાવો તો છે દેવ દ્રવ્ય, જમણુવાર, કન્યા લેવડ દેવડ, સામાજીક પ્રતિજ્ઞા અને હાનીકારક પ્રથાઓના.

દેવ દ્રવ્ય અંગે ગામેગામમાં ત્યાં ત્યાંના યુવકસંઘોએ આપણા ઠરાવ પ્રમાણે ઉપયોગ કરાવવા મક્કમ હાથે પ્રયાસો કરવા જોઇએ. અને જ્યાં સુધી એ દ્રવ્યનો એમ ઉપયોગ ના થાય ત્યાં લગી મંદિરોમાં દ્રવ્ય નહિ મૂકવાનો નિર્ધાર કરવો અને કરાવવો ઘટે છે. બુદ્ધિપુરઃસર સમજાવવામાં આવે તો ભાગ્યેજ કોઇને આપણા એ ઠરાવ વિષે કાંઈ કહેવાનું રહે.

જમણુવાર, સામાજીક પ્રતિજ્ઞા, અને હાનિકારક પ્રથાઓના ઠરાવો અંગે ખાસ કહેવાનું રહેતું નથી. ચેતનાભર્યા દરેક યુવકની એ તો પ્રતિજ્ઞાજ હોવી જોઇએ. જ્હે એટલુંય ન કરી શકે તે યુવાનીને કલંકરૂપ ગણાય—એવાં મંડળો હોય ન હોય એમાં લાભહાની નથી. એકેએક યુવકસંઘનો એકેએક સભ્ય એટલી પ્રતિજ્ઞાથી વિમુક્ત ન હોઇ શકે—ન હોવો જોઇએ. અને એમ સૌ પ્રતિજ્ઞાબદ્ધ હોય તો એમની આપાસના વાતાવરણમાંથી આ અનર્થકારી પ્રણાલિકાઓ નાબુદ કરતાં વાર લાગશે નહિ.

હવે રહે છે કન્યા લેવડદેવડનો ઠરાવ. કન્યા લેવડદેવડ એ શબ્દપ્રયોગજ શરમજનક છે. કન્યા એ દ્રવ્ય નથી. એની લેવડદેવડના પ્રશ્ન છણવા પડે એ આપણું દુર્ભાગ્ય છે. કુમારની લેવડદેવડનો જ્હેમ આપણે વિચાર કરતા નથી તેમ કુમારિકાની લેવડદેવડનો સમુહગત વિચાર કરવાની હવે પછીના યુગમાં કાંઇ જરૂર રહેશે નહિ.

પણ હાલ તુરત જૈન જનતાને જકડી રહેલા સામાજીક બંધનોનાં મુળીયાંનું કેન્દ્ર કુમારીકાઓના પ્રશ્નપર. લગ્નનો પ્રશ્ન વાડાવાડીનો ઉત્પાદક છે; વિશાળતાને બદલે સંકુચિતતા આપણામાં એજ પ્રશ્ન પાછળ પ્રવેશી છે. એટલે આજે તો એનો ઉકેલ કરવોજ રહ્યો છે.

એ ઠરાવને અંગે ડો. અમીચંદ શાહે એક યોજના ઘડી છે. અમે એ સંભાળપૂર્વક જોઇ ગયા છીએ. એમાં ખુબ સુધારાવધારાને અવકાશ છે. પણ એક વાર એ યોજના સુધારી વધારી અસ્તિત્વમાં લાવવાનો પ્રયોગ કરવો જોઇએ એમ અમે માનીએ છીએ. અલબત્ત પ્રયોગશાળામાં કરેલા તમામ પ્રયોગો સફળ થવાજ જોઇએ એમ અમે માનતા નથી; પણ નહાના નહાના એવા કેટલાક પ્રયોગો ઉપરજ આવતી કાલના સફળ પ્રયોગો રચાયા હોય છે એ સત્ય દૃષ્ટિ સમક્ષ રાખીને ડો. અમીચંદની યોજના અજમાવવી જોઇએ.

કુવામાંથી જળ સીંચી ખેડુત નિકા વાટે પ્રસારે છે, અને બીયાં વાવેલી જમીન લીલમલીલી બની રહે છે. મહામંડળે પ્રેરણાનો કુપ બની યુવકસંઘની એની નિકાદ્વારા જૈન સમાજને નવપલ્લવિત કરવાનો છે.

રામવિજયના હાથ હવે હેઠા પડયા છે એ સાથેજ આવેલી જાગૃતિ હેઠી ન પડે એ મહામંડળે સંભાળવાનું છે, નહિ તો જાગૃતિનાં ઓસરેલાં પૂર પુનઃ આવતાં વર્ષો વિતશે.

મહામંડળ જૈન સમાજનું સુકાન સાચવશે? અમે એનો સ્પષ્ટ ને સીધો જવાબ માગીએ છીએ. મહામંડળની આગામી સભા એનો જવાબ આપે એમ અમે ઇચ્છીએ છીએ.

શ્રી. પ્રભાવતી-નાથાલાલ લગ્નમિમાંસા:—

સમાજ—રચના આદર્શ અને યુવાન માનસ

ડાહ્યાભાઇ વી. મહેતા.

(ગતાંક પાને ૨૧૨ થી ચાલુ)

કોઇ એમ ન સમજે કે પ્રચાર કાર્ય કરનાર સ્ત્રી-જીવન કફોડી હાલત સમજનારા હશે, એઓ આવા લગ્નોને ધીક્કારી કાઢનારા હશે, એમને એક ઉપર બીજી પત્ની માન્ય નહી હોય, અને આદર્શ ભાવનાવાળાઓ સમાજના સાચા સુધારકો હશે. એમને સ્ત્રી જાતીને થતા અન્યાયો માટે હાડોહાડ લાગી આવતું હશે એવા હશે. એઓ સમાજના સાચા આશ્રય સ્થાનરૂપ હશે. અંગત દ્વેષથી પ્રેરાયેલાતું જ એ પ્રચારકાર્ય હતું; એમાં કોઈ હતા, અર્ધદગ્ધ જ્ઞાન વિહીન યુવાનો, કેટલાક હતા કુમળી નાનકડી બાળાઓનાં જીવનને છુંદીનેપણ વૃદ્ધ વયે પરણનારાઓ, કેટલાક હતા હાજી હા કરનારાઓ, કેટલાક હતા શ્રી નાથાલાલના ધંધાદારી હરીફોના આશ્રીતો. આખાએ પ્રકરણ પાછળ અંગત સ્વાર્થ, લોલુપતા સિવાય કશું જ નજરે દિસે તેવું હતું નહી.

દુઃખની વાતતો એ છે કે સમાજના સાચા યુવાનોએ એમાં પરોક્ષ રીતે સહાય કરી જ્ઞાતિનાં બંધનોને કઠીન બનાવવામાં સાથ આપી પ્રગતિને પીછેહઠ કરાવી. સમય એવો છે કે જ્યારે જ્ઞાતિનું એક એક દુષ્ટ બંધન ઉડાવી દઈ રીબાઇ જતાં, સ્ત્રી પુરૂષોને મૂકિત આપવાની જરૂર છે ત્યારે યુવાનો સમજણ વગર વૃધ્ધો સાથે હાએ હા ભણી જ્ઞાતિનાં-સમાજનાં બંધનોને વધારી મૂકે છે. કાંતો એમની સમાજ વ્યવસ્થાની વ્યાખ્યા અધુરી છે કે કાંતો એમનો સમાજ-આદર્શનો ખ્યાલ દુંકો છે.

એક વખતે તેઓ આવા એકાદ પુરૂષને જ્ઞાતિબહાર કરવાની સમાજને સુચના કરી સમાજના બંધનને મહત્વ આપે છે, એની કીંમત આંકે છે, અને બીજી પળે જે બંધનમાં એ નથી માનતા તેવા માટે જ્ઞાતિ બહારની શીક્ષાને નમાલી ગણે છે. આજના યુગમાં એની અસર કશીજ નથી એમ પોકાર કરે છે.

એક સમયે યુવક સ્ત્રીપુરૂષની સમાનતાની બડી બડી વાતો કરે છે, અને બીજી બાજુ સ્ત્રી-જાતિ ઉપરનાં તમામ બંધનો વધારી મૂકવા સીધો સાથ આપે છે. એટલે સમાજના આદર્શને એમણે પુરો વિચાર્યો નથી એ સ્પષ્ટ દેખાય છે.

સમાજ આદર્શ.

કુદરતના ખોળે માનવી-સ્ત્રી અને પુરૂષ-જ્યારથી જન્મ લેછે, ત્યારે એને કુદરતના અર્ધા સુખ દુઃખ ભોગવવાનાં હોય છેજ. રોગ, વિયોગ અને મૃત્યુનાં મહાન દુઃખોમાંથી એને પસાર થવું પડે છે. પોતાના મૃત્યુ સુધી કુદરતના આ દુઃખદ તત્વો સામે માનવીને જ્યારે સામનો કરવાની જરૂર પડી ત્યારે એમને અન્યોન્યનો સહકાર સાધ્યો. સ્ત્રી અને પુરૂષ-કુટુંબ, સમાજ-સંઘ વિ. અને ધીમે ધીમે સુખની શોધમાં એમને સમાજની સ્થાપના કરી કે જેથી સૌનાં સુખમાં સૌનો હિસ્સો રહે, અને કોઇના દુઃખમાં સમાજ આખાનો ભાગ પડે-એટલે દુઃખી જનનું દુઃખ ખૂબ હળવું થઇ જાય. આવો સુંદર સમાજ નિભાવવાને માટે લોકો ખૂબ ભોગ આપતા, અને સુખમાં રહેતા.

માનવી માત્ર અંગત સ્વાતંત્ર્ય ભોગવતો. શું સ્ત્રી કે શું પુરૂષ કોઇપણ સ્થાને લગ્ન કરી શકતો. એને ધર્મનો કે સમાજનો એથી જરીએ બાદ નહતો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રની કન્યા ગમે ત્યાં સ્વતંત્ર રીતે લગ્ન કરી શકતી.

આવી સુવ્યવસ્થામાં ધર્મની લાગણી અને ધનિકોએ જોર પકડયું, અને અંગત સ્વાર્થ પરાયણ બની એમણે ભલા ભોળાં સામાન્ય મનુષ્યોને સમજાવી નાના નાના સમાજ, વાડા, વાડીઓ, તડ, ધોળ, જ્ઞાતિઓ વધારી મૂકી, અને એક એક ધનિક એ વાડાનો સરમૂખત્યાર બની બેઠો. એ ધનિકોની હવસ વૃત્તિએ જોર કર્યું અને સ્ત્રીઓના સ્વતંત્ર લગ્ન હકક ઉપર ત્રાપ મારી. એક કરતાં વધુ પરણી શકે માટે સાધારણ પુરૂષોને પણ કન્યા મળે, એ બહાને સ્ત્રીઓને એજ વાડામાં મને કમનેપણ લગ્ન કરવું જોઇએના કાયદા કરી મૂકયા; અને ફરી સ્ત્રીઓ માથું ન ઉંચકે એટલે એમની કેળવણી બંધ કરી, આર્થિક સ્વાતંત્ર્ય ઝડપી લઇ પુરૂષ જાત ઉપર પરાવલંબી બનાવી. સ્ત્રીઓના વ્યકિત સ્વાતંત્ર્યનો, જ્ઞાનનો, ઉદયનો, અંત આવ્યો.

ત્યારપછી આજ વાતાવરણમાં ઉછરેલા વૃધ્ધો અને આજના યુવાનોને પણ જરીકે તકલીફ વગર કન્યા છૂટે હાથે મળવા માંડી. એટલે એમને સમાજની સાચી સ્થીતિને ફરીથી તપાસવાની જરૂર ન લાગી.

એ સમય ફરી લાવવાને આજની તમામ જ્ઞાતિઓનો નાશ થવો ઘટે. સ્ત્રીઓને એમના હકક મળવા જોઇએ. એમની કેળવણી પૂર જોશથી ખીલી નીકળવી જોઇએ વ્યકિત સ્વાતંત્ર્યના હકક અજમાવતાં સ્ત્રી અને પુરૂષને જ્ઞાતિ બહારની જંગલી શિક્ષા થાયતો એને યુવાનોએ ખૂબ વખોડી કાઢવી જોઇએ. **કુદરતે આપેલાં સગાં-સ્નેહિ-સંબંધી-માતાપિતા-કુટુંબ પરિવારના લોહીના સંબંધોથી કોઇપણ સમાજને મનુષ્યને છુટા પાડવાનો હક નથી. જૈનત્વનું અને માનવતાનું એમાં લીલામ થાય છે.** ભલાભોળા યુવાન બંધુઓ પ્રશ્ન કરે છે કે આપણા સમાજને વ્યવસ્થિત રાખવા માટે પણ કંઇ બંધન તો જોઇએજને? અને આપણી પાસે જે સત્તા એટલે કે આપણા સમાજની કન્યા-(મિલકત) આપણે એને ન આપીને એ શિક્ષા કરી શકીએ. એટલે એ યુવકો હજુ સુંધી, કન્યાઓના વ્યકિત હકકનો સ્વીકાર નથી કરતા નહીં તો એ રીતે શિક્ષા કરવાનું એમનું દીલ ન થાત. એમનો ડર એટલો સકારણ છે. એ એમ માને છે કે એમ જો કન્યાઓને ગમે ત્યાં પરણી જવાની છૂટ મળે તો સમાજ ટકે નહી. (એટલે ગમે તેવા આદમીને પણ કન્યા આપી, બાળકો પેદા કરાવી સમાજ વધવો જોઇએ એ વધે નહી).

આ પણ એમની ભ્રમણા છે. દરેક સમાજમાં આજે કેટલાએ સારા યુવકો છે. કેટલાએ સારા માણસો છે કે જે ધન વગર એમના સમાજની કન્યાનો લાભ કે ગેર લાભ-પણ નથી મેળવી શકતા. જ્ઞાતિ બહાર કન્યા ન જાય, તો પણ તેમને માટે આ રીતે પણ સ્ત્રી મેળવવાની તક નથીજ.

શ્રી નાથાલાલ પ્રભાવતી લગ્ન જેવા કેસમાં શ્રી જાસુદ બહેનને ખમવું પડયું છે. માટે એમની તરફ હમદર્દી પૂરતી પણ જ્ઞાતિ બહારની શીક્ષા ફરમાવવામાં યુવકોનો સાથ હોવોજ જોઇએને?

અનુ. . . . . પા. ૨૨૩.

એ દુકાનદારી બંધ કરો.

હિન્દુ જાતીમાં પણ એજ અરસામાં એટલે વિક્રમ સંવતના છઠ્ઠા સૈકાથી મૂર્તિવાદની શરૂઆત થઇ. તે પછીના બે ત્રણ સૈકામાં મૂર્તિ અને મંદિરોને જંગલો ને પર્વતોપરથી શહેર અને ગામડામાં દાખલ કરવામાં આવ્યાં. સાથે માનવીઓનું દરેક લક્ષ મૂર્તિ અને મંદિરો પાછળજ ખેંચાય તેવી અનેક તરકીબો રચવામાં આવી તેની મીલકતના કાયમી રક્ષણ માટે શાસ્ત્રના નામે અનેક કલમો ઘડવામાં આવી. જેના પરિણામે મૂર્તિવાદ એક વડવૃક્ષની પેઠે ફૂલ્યો અને ફાલ્યો.

વડવૃક્ષની પેઠે ફૂલ્યા ફાલ્યા મૂર્તિવાદને લગારે અલવલ પહોંચાડવા માગતાજ નથી. એ અરિહંત દેવની મૂર્તિને આત્મકલ્યાણની સાધના માટે—પ્રથમ જરૂરી માનીયે છીયે—સ્વિકારીયે છીયે અંતરના ઉમળકાથી મસ્તક નમાવીયે છીયે ને આરાધના કરીયે છીયે. એનો ઉપયોગ આત્મકલ્યાણ અર્થે—જગતના કલ્યાણ અર્થે થવો જોઇએ. ત્યારે અત્યારે એ અરીહંત દેવની મૂર્ત્તિનો ઉપયોગ ધન ભેગું કરી પ્રભુના નામે પેઢીઓ ચલાવવામાં થઇ રહ્યો છે. એ દુકાનદારી સામે અમારો વાંધો છે. એ દુકાનદારીને શાસ્ત્રોમાં કોઇ સ્થળે સ્થાન નથી. અરે? મૂળ શાસ્ત્રોમાં મૂર્તિ કે મંદિર માટે એક શબ્દ નથી પછી મૂર્તિ ને મંદિર માટે દ્રવ્યની વાતજ કયાં રહી. છતાં મૂળ શાસ્ત્રોમાં કોઇ ઠેકાણે હોય તો પંડીત બેચરદાસ જેવા સમર્થ વિદ્વાન તેમના "જૈન સાહીત્યમાં થયેલ વિકાસ" નામના પુસ્તકમાં પાને ૧૨૭ મે લખે છે કે "હુ હિમતપૂર્વક કરી શકુ છઉં કે મે સાધુઓ તેમ શ્રાવકો માટે દેવ-દર્શન કે દેવ પૂજનનું વિધાન કોઇ અંગ સૂત્રોમાં જોયું નથી-વાચ્યુ નથી. એટલુંજ નહિ પણ ભગવતી સૂત્રોમાં કેટલાક શ્રાવક વિગેરેની કથાઓ આવે છે. તેમાં તેઓની ચર્ચાની પણ નોંધ છે. પરંતુ તેમાં એક પણ શબ્દ એવો જણાતો નથી કે ઉપરથી આપણે આપણી ઉભી કરેલી દેવ પૂજનની અને તદાશ્રિત્ત દેવદ્રવ્યની માન્યતાને ટકાવી શકીએ.

આ ચેલેન્જ પંડીતશ્રીએ વર્ષોથી ફેંકી છે. જૈન સાધુ સમાજમાં આગમ ઉધ્ધારકો, કરીકળી કીરીટો, શકલ શાસ્ત્ર ગામીઓ, પ્રખર વકતાઓ, વિગેરે વિગેરે અનેક શિરદ્ધારીઓ પડયા છે. પંડીતાઇનો ધમંડ કરે છે, છતાં પંડીત બેચરદાસને મૂળ શાસ્ત્રોના આધારે એકપણ જવાબ આપવાને શક્તિશાળી થયા નથી. પણ ગાળગલીચ ને ધાકધમકી આપીને વધુમાં નરકનો પરમાણો ફાડીને શાન્ત રહ્યાં છે. એ દલીલનો અભાવ નહિ તો બીજુ શુ?

આ ઉપરથી આપણે કબુલ કરવું પડશે કે આજના આપણા મંદિરોમાં ચાલતી દુકાનદારીને સ્થાન નથી પણ ઉભી કરેલી પ્રથા-રૂઢી છે. એ પ્રથાએ એવી સ્થિતિ ઉભી કરી છે કે આપણાં જૈન મંદિરો ત્યાગ અને વૈરાગ્યના સ્થાને કોઇ રાજશાહી ને મૂડીશાહીના દર્શન કરાવે છે. આ પવિત્ર સ્થળની આ સ્થિતિ હોય?

પચ્ચીસો વર્ષ પર થયેલ ભગવાન બુધ્ધ ને ભગવાન વર્ધમાન સ્વામીના ચરિત્રનો અભ્યાસ કરતાં તટસ્થ વૃત્તિથી એમ કબુલ કરવું પડશે. કે ભગવાન વર્ધમાન (શ્રી મહાવીર) નો ત્યાગ, વરાગ્ય, ને અહિંસા ઉંચ કોટીના હતાં, એમના ત્યાગે ને વૈરાગે. જગતને મુગ્ધ કર્યું હતું. એમના ત્યાગને વૈરાગ્ય, જીવમાત્રનું કલ્યાણ કરવાની તમન્ના, ને મનુષ્યમાત્રને સરખા હકની ઉદ્ઘોશણા કરનાર એ સર્વોત્તમ પુરૂષનું ચરિત્ર વાંચતાં જૈન તો શું પણ જૈનેતરનું મસ્તક નમે ત્યારે એના વર્તમાન મંદિરોમાં એ મહાપુરૂષના સિધ્ધાન્તોનું પાલન થાય છે? જે સ્થળો આત્મકલ્યાણ સાધવાના સાધનો છે. એ જગત ઉપકારી મહાપુરૂષના દર્શને જવાનો સૌને અધિકાર છે. એ મંદિરોની વિપરીત દશા જોઇ કયા જૈનના અંતરમાં દુઃખ નહિ થતુ હોય?

એ મહાપુરૂષે દેખાડેલા રસ્તે પહોંચવામાં જેટલી મજલ કપાય તેટલું ઉતમ છે. પરંતુ નબળાઇના લીધે કદાચ તે મજલ ન કપાય તો પરવા નહિ. કોકદિ શકિત આવશે, પરંતુ ભગવાને દાખવેલા ત્યાગ ને વૈરાગ્યથી ઉલ્ટી દિશાએ જઇ, એમનેજ નિમિત બનાવી એમનાજ ધામમાં, એમનીજ હાજરીમાં દુકાનદારી ચાલે. એ ત્યાગની મશ્કરી કરવા જેવું નથી?

જગતમાં જ્યારે વર્ણાશ્રમથી નીચ ઉંચના ભેદભાવે ભયંકર રૂપ લીધું ત્યારે તેને મીટાવવા એ મહાપુરૂષે અનેક દુઃખો સહન કરીને સર્વને સરખા હકની ઉદ્ઘોષણા કરી અમલમાં મૂકી. એ પ્રભુ મહાવીરના મંદિરે ચોકી ને પાટીયાં એમના મહાપ્રયાસની મજાક કરવા જેવું નથી?

જે વિતરાગને મ્હારા તહારા જેવું કશુંએ નહોતું. ને નથી. તેના ભકતો આ મૂર્તિ મ્હારી ને ત્હારીની તકરાર ખાતર પરદેશ સુધી એટલે લંડન સુધી દોડી જઇ, કોર્ટ દરબાર ચડી લાખોના પાણી કરે છે? ના, એ મૂર્તિની તકરાર માટે નહિ, મંદિરની તકરાર માટે નહિ, કુંગરની તકરાર માટે નહિ, ધર્મશાળાની તકરાર માટે નહિ, અને કદાચ હોય તો એ તો નિમિત છે. બાકી સાચી તકરાર તો જે વીતરાગે પીળી માટીને પત જાણી ફગાવી દીધી તેજ પીળી માટીનો ભગવાનના નામે સંગ્રહ થયો એટલે આ અધડાખોરી ઉભી થઇ અને લાખોના ધુમાડા થવા લાગ્યા. આમાંથી સમાજને ઉગારી લેવી હોય તો જે મંદિરમાં પીળી માટી પડી છે, તેને જીર્ણોદ્ધારમાં, દેશહિતમાં, પરાપકાર અર્થે ખરચી નાખી, દુકાનદારી બંધ કરો, પહેડીઓ વિખેરી નાખો, ચોકીદારોને રજા આપો, ભગવાનની મૂર્તિઓને તાળાકુંચીમાંથી છુટી કરો. પાટીયાં ઉતારી નાખો, એટલે એ અધડાખોરી એની મેળે બંધ થશે. સમાજનું નાણું સમાજના હાથમાં રહેશે અનો સમાજ ઉપયોગી ખાતાં આપમેળે ઉભાં થશે. એક બે દશકામાં સમાજની સુરત બદલાઇ જશે. એને કોઇના મ્હોં સામું વકાસીને જોવાનો પ્રસંગ નહિ આવે.

એ મંદિરો અને મુર્તિઓ અંગે ચાલતી દુકાનદારીથી દરદાગીના, જરઝવેરાત, પૂજાઓ, જમણવારો, વરઘોડા, ઇત્યાદિ અનેક જ્હાને પ્રભુના ઉપદેશની ઉપરવટ થઇને વાહવાહની ખાતર, બોલબાલાની ખાતર લાખો ખરચાય છે, સંગ્રહ થાય છે. એ અંગે સાફ સાફ સાચી વાતો કહેતાં જુના ચીલે ટેવાયેલા, નવાના નામે ભડકતા રૂઢીચુસ્તો જેમ આવે તેમ વરાળ કહાડશે, અનેક પ્રકારનાં ઉહાં ભણાવશે. છતાં તેની લગારે પરવા કર્યા સિવાય એ દુકાનદારી બંધ કરાવવા વિતરાગના સાચા ભકતોએ પ્રયાસ ચાલુજ રાખ્યેજ છુટકો.

જો પ્રભુને વાચા હોત તો.

તંત્રીશ્રી 'જન્મભુમી',

સાહેબ, અમદાવાદના અતી ધનવાન શેઠીયાઓમાંના એક શ્રીમાન માકુભાઇ શેઠ અપુર્વ સંઘ કાઢી જૈન જનતામાં અજોડ દાખલો બેસાડવાના છે એવું તા. ૮–૧૨–૩૪ ના આપના જન્મભુમીમાં વાંચ્યું. લાખો રૂપીઆની રકમ એમાં ખર્ચાશે એવો અંદાજ છે. આટલી મોટી રકમ ખર્ચી નાંખવાની છાતી ચલાવનારને અભીનંદન તો જરૂર મળવાં જોઇયે, તે સાથે એનાથી સીદ્ધ થનારી વસ્તુનું મુલ્ય આંકતા કેવી તુચ્છ લાલસા પાછળ તેઓ પૈસાની બરબાદી કરનાર છે એનો વિચાર પણ કમકમા ઉપજાવે છે. પૈસા પેદા કરવા શું કરવું પડે છે એનો એમને કયાં અનુભવ નથી? તેઓ પોતે એક મોટા મીલ-માલેક છે. કંઇ નહી તોયે પંદરસોથી બે હજાર મજુરીઓની મારફતે તેઓ કમાણી કરે છે. આજની વેપારની મંદીના વખતમાં સખત હરીફાઇના જમાનામાં નફો કરવો સહેલો નથી. દીનભર લોહીનું પાણી કરી પરસેવે ભીંજનાર પોતાના મીલમજુરોની માંડ પુરૂં કરતી રોજમાંથીયે નફો કરવા કાપ મુકી તેમની હાય-વરાળો લેવી પડે છે. ચાર જણનું કામ ત્રણથી અથવા એથી ચલાવવાનાં શાહી ફરમાનો કાઢી માણસ જાતેજ નીચોવવી પડે છે. આ અને એવાં કેટલાંયે હૃદય ધ્રૂજી ઉઠે તેવાં કડક પગલાં પોતાની આવકમાં વધારો કરવા લેવા પડે છે. એ પૈસા પેદા કરવા ઘણીયે વખત 'અહિંસા પરમોધર્મ' અને જીવદયાને જૈન ધર્મનો મહાન અને મુખ્ય સીદ્ધાંત વેગળો મુકી કામ કરવું પડે છે.

આવી રીતે ઉપાર્જીત કરેલું ધન મહાવીરના સાચા જીવતા જાગતા બાળકો, શ્રમજીવીઓ—મજુરી કરી પેટ ભરનાર માનવીઓને—રાહત આપવામાં તેમની દુર્દશા ટાળવાના ઉપાયો લેવામાં ખરચવાને બદલે સંઘપતીની મહાન પદવી મેળવવા પાછળ ગણ્યા ગાંઠ્યા દીવસોમાંજ વાપરી નાંખવા તૈયાર થવું એ ઇચ્છવાયોગ્ય ગણાશે ખરૂં? દેવોને નામે લાખલુટ ખર્ચ અત્યાર સુધીમાં થઇ ગયા છે. હિંદુસ્તાનને અને તેની પ્રજાને હવે એમાં એથી વીશેષ ખર્ચ કરવો પાલવે એમ નથી, અત્યારે છે તેટલા દેવમંદીરો અને પ્રભુજીઓને માટે છે તેટલાં આભુષણો ઓછાં નથી. પ્રભુની મુર્તીની બાહ્ય શોભા વધારવાને બદલે એના ભવ્ય આદેશ પ્રમાણે તેમના પગલે ચાલવાની અને એ રીતે ચાલતાં આવે ને ફનાગીરી સ્વીકારીને ચાલવાના દ્રઢ સંકલ્પવાળું જીવન જીવવું જોઇએ. અને એજ ખરી—જીવનકલ્યાણ કરનારી સેવા-ભક્તી છે. આવો પરમ સેવાનો માર્ગ તજી પેદા કરેલી પુંજી-માંથી નજીવો ભાગ—પાર્થીવ વસ્તુ—પ્રભુજીને નામે ખેરાત કરવા નીકળનાર માકુભાઇ શેઠ? આપનો પ્રભુ એ કેવા પ્રેમભાવથી સ્વીકાર કરશે?

પ્રભુને વાચા હોત તો જરૂર કહેત કે "બાપુ મારે નામે જગતમાં નામના કરવા ખાતર લાખોનું આંધણ મુક-વાને બદલે તારે આશરે જીવતા તારા બાલુડાં સમા સેંકડો એનો લાભ આપ. એમનાં જીવનસુધાર માટે એનો ઉપ-યોગ કર. દેશનાં સેંકડો નીરા-ધાર નાગાં ભુખ્યા ભીખી મરે છે તેમનું દુઃખ ઓછું કરવામાં નીમીત્તરૂપ થા. સંઘમાં આવ-નાર બધાયે ગરીબ નહી હોય. ધારીશ તો એટલાંને એકાદ લાખ રૂપીયાના વ્યાજમાંથી પ્રતીવર્ષે પાલીતાણાની મારી પ્રતીમાની યાત્રા કરાવી શકીશ. બાકીની રકમના વ્યાજમાંથી તારા મીલમજુરો, તારા નોકર ચાકરોને બોનસ કે મજુરીનો વધારો આપીને આનંદ કરાવી આશીર્વાદ મેળવી શકીશ. બીજાને નહી તો તારી પોતાની કોમના મદદની જરૂરવાળા માણસોની ભીડ ભાંગી શકીશ. ગમે તેવું પણ એકાદ કાયમી સ્મારક—સદાવ્રત બાંધી શકીશ."

અનુ. . . . . પા. ૨૨૩

લીલવણી–સુકવણી.

લીલવણી–સુકવણીના સંબંધમાં બહેનોમાં અવિવેક પ્રવર્તતો હોય તેમ જણાય છે. સાધારણ રીતે એવી માન્યતા પ્રચલિત છે કે તિથિએ લીલવણી ખાવામાં દોષ, પણ તેને સુકવીને ખાવામાં દોષ નહિ. પણ આ માન્યતા બહુ ગેરસમજ વાળી છે. લીલોતરી ખાવામાં જો દોષ હોય તો તેને સુકવીને ખાવાથી દોષ કયાં ઉડી જવાનો હતો? આ તો સાદી અકકલનો માણસ પણ સમજી શકે તેવું છે. આઠમ ચૌદશ આદિ તિથિઓએ લીલોતરી ન ખવાય માટે તેને સુકવી ભરી રાખો, એટલે તિથિએ ખાઇ શકાશે–આવી ભાવના કેટલી બેહુદી છે. તિથિએ લીલોતરી ખાનારને દોષ લાગે અને તેની સુકવણી ખાનારને વાંધો નહિ આવું જે કોઇ માનતા હોય તેણે પોતાનો એ ભ્રમ કાઢી નાખવો જોઇએ. લીલવણીની રસવૃત્તિ પોષવાનો પ્રયત્ન કરાય છે આમાં કયાં રહી અહિંસા અને કયાં રહ્યો સ્વાદસંયમ જો તિથિએ લીલોતરી ત્યાજ્ય હોય તો એથી ઔર વધારે ત્યાજ્ય હરે છે એ સમજી રાખવું જોઇએ. એક વ્યકિત એ છે કે, બપ પુરતી તાજી લીલોતરી લાવી, આરોગીને પતાવી દે છે અને બીજી વ્યકિત એ છે કે, લીલોતરી લાવી, સુકવી, ભરી રાખે છે અને જીવ-જન્તુઓનું "અધિકરણ શસ્ત્ર" બનાવે છે. કહો? આ બેમાં વધારે આરંભી અને સંગ્રહશીલ કોણ? આમ, લીલોતરીની મોહ-મૂરર્છા પોષવા સારૂ સુકવણી ભરી રાખી તિથિએ આરોગવામાં પોતાને લીલોતરીના ત્યાગી અને દયાધર્મી કહેવડાવવા બહાર પડવું એતો નરી અજ્ઞાન-દશાજ છે. એક માણસ રોજ બપપુરતી પાશેર લીલવણી લાવી આરોગે છે ત્યારે તેને એક મહીનામાં સાડી સાત શેર લીલોતરીની વિરાધના થાય છે; અને બીજો જે સુકવણીનો પૂજારી છે, તેને પણ રોજ એટલુંજ શાક જોઇએ છે. એટલે તો એક મહીનામાં સાડી સાત શેર સુકવણી આરોગવા માટે એથી ત્રણ ચાર ગણી વધારે લીલોતરીનો ઉપયોગ કરવો પડે છે. કહો, આ બન્નેમાં વધારે વિરાધક કોણ બને છે? લીલોતરી ખાનાર કે સુકવણી ખાનાર? ખુલ્લું છે કે લીલોતરી ખાનારના કરતાં સુકવણી ખાનારજ વધારે વિરાધક થાય છે.

શ્રી ન્યાયવિજયજી.

અ.....વ.....ન.....વા

દીક્ષાની વેદીપર

એક બહેનનું બળીદાન.

મોરબી કાઠીયાવાડની અંદર છ સાત વર્ષપર બહેન જયા લગ્ન કરી કુંકુમ પગલે શ્વસુર આવી ત્યારીથી એના અંતરને એક ફાડો ફોરી ખાતો. 'મહારા પતિદેવને દીક્ષા લેવાના કોડ છે,' છતાં મન મનાવતી અને ઘરસંસાર ચલાવતાં ત્રણ બાળકોની માતા થઇ, છતાં પતિદેવ તો દીક્ષાની ભાવનામાં મસ્ત હતા, લોક અનેક વાત ઉડાડતુ છતાં દ્રઢ મને જયા સૌ વાતના ઘુંટડા ગળતી અને મન મનાવતી કે આ ત્રણ ત્રણ ફુલ જેવાં બાળકોને ત્રણ નહાના દીયરને રઝળતાં મુકી નહિ ચાલ્યા જાય. એકદી વાવડ આવ્યા કે કોઇ મુખ્ય સાધુએ પતિની સંમતિ સિવાય એના પતિને ચોથા વરતની બાધા આપી ને પતિદેવે લીધી. આ સમાચારથી જયાના અંતરમાં ઉકલાટ થયો. અનેક તર્કવિતર્કો થયા. જરૂર દીક્ષા લેશે અને અમે રઝળી પડીશું—

આખરે એ સુકુમાર નવયૌવના જયાબ્હેન પોતાના સુકોમળ શરીરને ધાસલેટ છાંટીને દીક્ષાના બ્હપરમાં તા. ૨૫-૧૧-૩૪ ના રોજ બલીદાન આપી આ સંસાર છોડી ચાલી ગયાં.

દીક્ષા આપનારાઓના કપાળે ચોંટતાં કલંકોમાંનું આ એક ભયંકર કલંક છે.

આચાર્ય બનશે?

રાધનપુરમાં રામવિજયને આચાર્ય પદવી આપવાના ભણકારા સંભળાય છે. રાધનપુરી યુવાનો સાવધાન

પુનર્લગ્ન

કપડવંજના જૈન શાહ. રતીલાલ બકોરદાસ તેમનીજ જ્ઞાતીના બાઇ ચંદન જેઓ બેવર્ષથી વિધવા થયેલ છે તેમની સાથે તા. ૧૬-૧૨ ૩૪ રવિવારે કપડવંજમાં પુનર્લગ્ન કર્યું છે.

સખાવત.

કચ્છ ભારપરમાં આંખની હરપીતાલ બાંધવા ત્યાંના રહીશ શેઠ હાજીભાઇ મેઘજીભાઇએ એક લાખની સખાવત કરી કચ્છને આંખની સાર્વજનીક હરપીતાલ પૂરી પાડી સાચા સંઘપતિનું બીરૂદ મેળવ્યું છે.

અયોગ્ય દીક્ષા.

સગીરો, લાયક નાલાયક જે આવ્યો તેને મુંડી નાખવાનો ધંધો લઇ બેઠેલાનો ધંધો ચોમાસુ ઉતરતાં ખુલ્લો થયો છે એટલે સગીરોને મુંડવામાં જાણીતા શ્રી સાગરા નંદજીએ વડોદરા રાજ્યના બે સગીર બાળકોને વડોદરા રાજ્યમાં આવેલ મહેસાણા પ્રાંતના પાનસર ગામમાં શ્રી મહાવીર સ્વામીના દહેરાસરમાં મુડી નાખી ધાડપાડુની પેઠે બે બાળકોસહ વડોદરા રાજ્યની હદમાંથી ગચ્છંદી કરી ગયા છે. ચોર ડાકુઓથી પ્રજાને રક્ષવા જેવી રીતે કાયદા છે, તેવીજ રીતે સગીર બાળકોને રક્ષવા ગઇસાલજ વડોદરા રાજ્યે એક કાનુન પસાર કર્યો છે. પેપરોમાં આવેલા સમાચાર સત્ય હોય તો સાગરજીએ રાજ્યના કાયદા ઉપર પગ મૂકવાનું કૃત્ય કર્યું છે. એટલે વડોદરા રાજ્યના સુધારકો તેમજ પોલીસ ખાતાએ સગીરોના રક્ષણ ખાતર આ ધાડપાડુના હાથમાંથી બે બાળકોને બચાવવા યોગ્ય પગલાં લેવાની બનતી ઉતાવળે જરૂર જણાય છે. આ અંગે લાગતા વળગતા યોગ્ય પગલાં લેશે?

નાથાલાલ-પ્રભાવતી લગ્નમિમાંસા—અનુ. પા. ૨૨૦ થી

એટલે જો સમાજના એ યુવકો સ્વબળ ઉપર ઝુંઝી, જાતે તૈયાર થઇ જાય તો સમાજનું ફલેવર બહુજ સુંદર બને, સમાજ સુદ્રઢ બની જાય, અને પોતે વિશાળ થએલા સમાજની એકાદ કન્યાની મૈત્રી જરૂર સાધી શકે. ધન નહી પણ લાયકાતનું ધોરણ પસંદગી પામે અને સમાજ ઉચ્ચ કક્ષાએ પહોંચે.

જે યુવાનોને એ લગ્ન વખતે સ્ત્રીઓની સભા તરફથી એમની ચુપકીદી માટે તીણાં મેણા મારવામાં આવ્યા હતાં છતાં જેઓ એ પોતાનો વિરોધ બતાવવાની પણ તસ્દી ન લીધી ન હતી તે યુવકોને શ્રી જાસુદ બહેન તરફની ખોટી-ઠગારી દયા ખાવાનો કશોજ અધીકાર નથી. જો એમને સાચીજ સ્ત્રી-જીવનના આદર્શ માટે લાગણી હોય તો એમણે સમાજ પાસે દોડી જઇ જ્ઞાતિ બહાર શિક્ષા કરાવવાને કશીજ જરૂર ન હતી, પણ જે હિંદુ-કાયદો સ્ત્રીઓને આટ આટલા અપમાન આપી શકયો છે તે ફેરવવાને માટે-તે કાયદામાં પુરૂષ એક ઉપર બીજી પત્ની ના કરી શકે-તેવી કલમો નાંખવાને પ્રયત્ન કરવાની જરૂર છે. હિંદભરમાં એ ચળવળ ચાલે છે એમાં ટેકો આપવાની જરૂર છે (હમણાંજ એક પારસી ગૃહસ્થને) કાયદાની રૂએ એક ઉપર બીજી કરવાને માટે એકાદ વર્ષની જેટલી સજા થઇ) જ્ઞાતિનાં નાશ થતા બંધનોને ટકાવી રાખવાની કોઇજ જરૂર નથી અને એ યુવકો એમ ન માને કે એમના ઉહાપોહથીજ ફક્ત આ કરવામાં આવ્યું છે એની પાછળ અંગત દ્વેષપ્રેરીત કેટલાક માનવીઓની ધાક ધમકીથીજ એ વસ્તુ થઇ છે.

યુવકો જોઇ શકશે કે એ શિક્ષાએ શ્રી જાસુદ બ્હેન અને તેમનાં બાળકોનો શ્રી નાથાલાલ અને પ્રભાવતી સાથે નો સંબંધ દૂર દૂર કરીને પરોક્ષ રીતે ખૂબ નૂકશાનજ કર્યું છે.

સ્ત્રી અને પુરૂષની સમાનતા સ્વીકારતા યુવાનો સમજે તો જીનવાણી સમાજ કાલે ફરી જશે એ નક્કી છે યુવાનો એ તાકાદ બીલવવાની છે. સમાજનું તળીયું સાવ ધસાઇ રહ્યું છે તેમના શૌર્યના ધર્ષણથી એ પુરી જવાની રાહ જોઇ રહ્યું છે.

જો પ્રભુને વાચા હોત તો.—અનુ. . . . પા. ૨૨૨ થી

પણ આપણા માનેલા પ્રભુઓએને વાચા નથી. દુઃખ મુઠ્ઠીના અંધશ્રદ્ધાળુ માનવીઓને પ્રભુની ઇચ્છા સમજવાને શકતી નથી, અને આપણે લોકો ગમે તેમ કરી પૈસા પેદા કરી એમાંથી અમુક ભાગ લઇ ઇશ્વરને નામે ખરચી પોતાની જાતને કૃતકૃત્ય માનીએ છીએ. કેટલી ઘેલછા? ઇશ્વરનું સાનીધ્ય આવી રીતે નહી પણ ઇશ્વર આદેશ અનુસાર ચાલીને—જીવનમાત્રના સંહારક નહી પણ પોષક બનીને પામી શકાવાનુ છે. શેઠશ્રી માકુભાઇ આ બધું સમજશે? અને મુકવા ધારેલું લાખો રૂપીયાનું આંધણ જેમાંથી ઘણુંજ લોકોપયોગી અને કાયમી સ્મારક કરાવી શકાય તે રોકી રાખે. ઇશ્વર નારાજ નહી થાય.

'શ્રમજીવી.'
જન્મભૂમિમાંથી.

સમયઃ

તા. ૨૭ સવારના નવ વાગે વર્કીંગ કમી-ટીની બેઠક મળશે.

સમયઃ

તા. ૨૭ સવારના દસ વાગેથી જનરલ વાર્ષિક સભાની બેઠક શરૂ થશે.

શ્રી જૈન યુવક મહામંડળ.

જનરલ વાર્ષિક સભા.

૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ તા. ૧૨-૧૨-૩૪.

શ્રી. સેક્રેટરી,

મુ૦

સુજ્ઞ બંધુશ્રી,

આપને તા. ૧-૧૨-૩૪ ના કાગળમાં જણાવવા મુજબ મહામંડળની જનરલ વાર્ષિક સભા તા ૨૭-૧૨-૩૪ માગસર વદી ૬ ગુરૂવારે સુરત ખાતે ડૉ. અમીચંદ છગનલાલના આમંત્રણથી બોલાવવામાં આવી છે. તે વખતે નીચે મુજબ કાર્ય રાખવામાં આવ્યું છે.

(૧) ગયા વરસનો ઓડીટ થયેલો આવક જાવકનો હિસાબ અને વર્કીંગ કમિટીએ કરેલા કામકાજનો રિપોર્ટ પાસ કરવા માટે રજુ કરવામાં આવશે.

(૨) નવા વરસ માટે ઓધ્ધેદારો તથા વર્કીંગ કમિટીની ચુંટણી કરવામાં આવશે તથા ઓડીટરોની નિમણુંક કરવામાં આવશે.

(૩) નવા વરસ માટે કાર્યક્રમ તૈયાર કરી તેના અમલ માટે પ્રચારકાર્યનું પ્રોગ્રામ ઘડી કાઢી તે પ્રસાર કરવામાં આવશે.

(૪) મંત્રીઓ રજુ કરે તે.

આ વખતનું કામ ઘણું અગત્યનું હોઇ મહામંડળની ઉન્નતિ માટે જરૂરનું છે. માટે આપ આપના પ્રતિનિધિને બંધારણ કલમ ૮, અનુસાર ચુંટીને મોકલી આપશોજી.

આપના પ્રતિનિધિના નામો **અમોને અત્રે** તેમજ સુરત ખાતે ડૉ. અમીચંદ છગનલાલ ફેા૦ ગાર્ડન ફેક્ટરી, રામપુરાને જણાવશો. તથા પ્રતિનિધિ સાહેબ સુરત કઇ ટ્રેનમાં આવશે તે પણ ડૉ. અમીચંદભાઇને તેમના ફેકાણે જણાવશો, જેથી સ્ટેશન ઉપર યોગ્ય ગોઠવણ તેઓ સાહેબ કરી શકે.

પ્રતિનિધિ ભાઇઓ બધા સાથેજ ઉતરી શકે તેટલા માટે ખપાટીઆ ચકલામાં **ચંદાવાડી** સામે જીવન નિવાસમાં તેઓ તરફથી ગોઠવણ કરવામાં આવી છે.

શીયાળાની ઋતુ છે માટે બિછાનું સાથે લાવવા સુચના કરીએ છીએ.

બંધારણની કલમ ૮, નીચે મુજબ છે.

(૮) પ્રતિનિધી.

(૧) જનરલ સભામાં જોડાયેલ સભ્યો (સંસ્થાઓ) પોતામાંથી નીચે મુજબ પ્રતિનિધિઓ મોકલશે.

(૨) જે સંસ્થામાં સભ્યોની સંખ્યા પચાસની અંદર હશે તેઓ બે, અને પચાશ ઉપરના સભ્યોવાળી સંસ્થા પચાશે બે લેખે વધુ સભ્યો મોકલશે.

(૩) કોઇ પણ સસ્થા પાંચથી વધુ પ્રતિનિધી મોકલી શકશે નહી.

(૪) પ્રતિનિધિ અઢાર વર્ષની ઉમર ઉપરનો હોવો જોઇએ.

આપ આપની સંસ્થાની સભા બોલાવી તુરતમાંજ જવાબ આપશો એવી આશા છે.

લી૦ આપના સેવકો,

જમનાદાસ અમરચંદ ગાંધી

મણીલાલ એમ. શાહ

મા. મંત્રીઓ.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બ્લન્દર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.